ચોથી શ્રેણી

પુસ્તક–૮૧

તા. ૨૩મી માર્ચ, ૨૦૨૧
ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે
થી
તા.૨૫મી માર્ચ, ૨૦૨૧ ચૈત્ર
૪, ૧૯૪૩ શાકે

# ગુજરાત વિધાનસભા

## ચર્ચાઓ

## સત્તાવાર અહેવાલ
## ચૌદમી ગુજરાત વિધાનસભા
## આઠમું અધિવેશન

ગુજરાત વિધાનસભાના અધિકાર હેઠળ પ્રકાશિત
ગુજરાત વિધાનસભા સચિવાલય
ગાંધીનગર

પુસ્તક–૮૧ **અ નુ ક્ર મ ણિ કા** **ચોથી શ્રેણી**

| વિષય | પાના નંબર | |
|---|---|---|
| **તા. ૨૩મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે( પહેલી બેઠક)** | | |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ) | ૧ | ૪૦ |
| **તા. ૨૩મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે( બીજી બેઠક)** | | |
| તારાંકિત પ્રશ્નો | ૪૧ | ૫૪ |
| અતારાંકિત પ્રશ્નો | ૫૫ | ૧૪૫ |
| સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો | ૧૪૬ | ૧૪૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ) | ૧૪૮ | ૧૬૦ |
| કોરોના સંક્રમણ અટકાવવા વિધાનસભામાં પ્રવેશ નિયંત્રણ | ૧૬૧ | ૧૬૨ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)(ક્રમશઃ) | ૧૬૩ | ૧૭૭ |
| **તા. ૨૪મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૩, ૧૯૪૩ શાકે** | | |
| તારાંકિત પ્રશ્નો | ૧૭૮ | ૧૮૮ |
| અતારાંકિત પ્રશ્નો | ૧૮૯ | ૨૮૧ |
| અતારાંકિત પ્રશ્નોની યાદી | ૨૮૨ | ૩૭૭ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(નવમો દિવસ) | ૩૭૮ | ૪૧૫ |
| **તા. ૨૫મી માર્ચ ૨૦૨૧ ચૈત્ર ૪, ૧૯૪૩ શાકે** | | |
| ટૂંકી મુદતનો પ્રશ્ન | ૪૧૬ | ૪૧૭ |
| તારાંકિત પ્રશ્નો | ૪૧૮ | ૪૨૬ |
| અતારાંકિત પ્રશ્નો | ૪૨૭ | ૫૩૪ |
| અધ્યક્ષશ્રીનો નિર્ણય (વીર સાવરકર અંગે ઠપકો આપવા બાબત) | ૫૩૫ | ૫૩૫ |
| પોઈન્ટ ઓફ ઓર્ડર(ટૂંકી મુદતના પ્રશ્ન માટે અલગ સમય ફાળવવા અંગે | ૫૩૬ | ૫૩૮ |
| માગણીઓ પર ચર્ચા અને મતદાન(દસમો દિવસ) | ૫૩૯ | ૫૫૪ |
| બિન સરકારી સંકલ્પો | ૫૫૫ | ૫૬૯ |
| જીવન જરૂરી વસ્તુઓના ભાવોને અંકુશમાં લાવવા અંગે | ૫૫૫ | ૫૬૧ |
| શિક્ષિત અને અર્ધ શિક્ષિત બેરોજગારો અને રોજગારવાંચ્છુંઓને રોજગારી મળવા અંગે | ૫૬૨ | ૫૬૯ |

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા. ૨૩મી માર્ચ, ૨૦૨૧**
**ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે**
**પહેલી બેઠક**
**સભાગૃહ સવારના ૧૦-૦૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)**

કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

**કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**

**માગણી ક્રમાંક- ૨**

**શ્રી આર.સી.ફળદુ ( કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૪૦,૨૩,૯૬,૫૧,૦૦૦ /-અને મૂડી ખર્ચ માટેની રૂ. ૬૦,૦૦,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૨ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૨ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨ રજૂ કરવામાં આવી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૩ રજૂ કરવામાં આવી.

શ્રી અનંતકુમાર હ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરવામાં આવી.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, હું  કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ  મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૬ રજૂ કરવામાં આવી.

**માગણી નં. ૩**

**શ્રી આર.સી.ફળદુ ( કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૯,૫૩,૧૨,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૩,૦૦૦/-ની   માગણી ક્રમાંક- ૩ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૩ રજૂ કરવામાં આવી.**

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરવામાં આવી.

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૦ રજૂ કરવામાં આવી.

**માગણી નં. ૪**

તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા ( પશુ પાલન મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પશુપાલન અને ડેરી વિકાસને લગતી સેવા અંગેની કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૬,૫૦,૩૧,૫૮,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૪ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૨ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૨૩ રજૂ કરવામાં આવી.

**નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**

**માગણી નં. ૬૭**

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા ( પાણી પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પાણી પુરવઠાને લગતી સેવા અંગેની નર્મદા, જળસંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૧૮,૯૨,૦૦,૦૦૦/- અને મૂડી ખર્ચ માટેની રૂ. ૨૬,૭૯,૬૭,૦૦,૦૦૦/-ની માગણી ક્રમાંક : ૬૭ રજૂ કરું છું

**માગણી ક્રમાંક-૬૭ રજૂ કરવામાં આવી.**

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૧ રજૂ કરવામાં આવી.

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૩ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૫ રજૂ કરવામાં આવી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૮ રજૂ કરવામાં આવી.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૩૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૧ રજૂ કરવામાં આવી.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૨ રજૂ કરવામાં આવી.

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ**

**માગણી ક્રમાંક- ૭૧**

શ્રી આર.સી.ફળદુ ( ગ્રામ ગૃહનિર્માણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ સેવાને લગતી પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨૪,૬૮,૫૩,૨૯,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૧,૧૪,૬૭,૦૦૦/-ની માગણી ક્રમાંક- ૭૧ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક – ૭૧ રજૂ કરવામાં આવી**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૬ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૮ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪૯ રજૂ કરવામાં આવી.

શ્રી બળદેવજી ચં. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૦ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૨ રજૂ કરવામાં આવી.

**બંદરો અને વાહન વ્યવહાર વિભાગ**

**માગણી ક્રમાંક- ૭૪**

ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી આર.સી.ફળદુ ( વાહન વ્યવહાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું વાહન વ્યવહાર સેવાને લગતી બંદરો અને વાહન વ્યવહાર વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૭,૨૭,૫૯,૧૧,૦૦૦/-ની અને મૂડી ખર્ચ માટેની રૂ.૫,૦૧,૭૨,૫૦,૦૦૦/- ની માગણી ક્રમાંક- ૭૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૭૪ રજૂ કરવામાં આવી**

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૪ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૫ રજૂ કરવામાં આવી.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૭ રજૂ કરવામાં આવી.

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૫૯ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૧ રજૂ કરવામાં આવી.

શ્રી પુનાભાઇ ઢે. ગામિત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૨ રજૂ કરવામાં આવી.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૩ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૪ રજૂ કરવામાં આવી.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૬ રજૂ કરવામાં આવી.

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬૭ રજૂ કરવામાં આવી.

**કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારીસભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ**<br>**માગણીનં. ૨** | | |
| *૧ | ૨૪૦૧- પાક...વ્યવસ્થા<br>૦૦૧- નિર્દેશ અને વહીવટ<br>૦૧-કૃષિ...મહેકમ<br>રૂ. ૧૩,૯૫,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાનાનં. ૧૪અને૧૫ | ૧૦૦ | ખેડૂતોને ખેત ધિરાણ મેળવવામાં પડતી હાડમારીઓનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| ૨ | _ _ " _ _ | ૧૦૦ | માર્કેટ યાર્ડોમાં ખેત પેદાશોમાં ખેડૂતો પાસેથી ઉઘાડી લૂંટની ફરિયાદોની તપાસ કરી જવાબદાર સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ |
| ૩ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોના ઉભા પાકને નુકસાન ન થાય તે માટે આગોતરુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |
| *૪ | _ _ " _ _ | ૧૦૦ | ખેત પેદાશોના પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે આગોતરું આયોજન કરી તેની ખરીદી વહેલી શરૂ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપુંજાભાઈ વંશ |

| | | | | |
|---|---|---|---|---|
| *૫ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂત ગ્રાહક બજાર માટેની વ્યાપક વ્યવસ્થાઓ ઉભી કરી ખેડૂતોને સારું આર્થિક વળતર મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| ૬ | _ _ " _ _ | ૧૦૦ | નકલી બિયારણનું વેચાણ કરનારાઓ સામે સખ્તાઈથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| *૭ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોને અતિવૃષ્ટીથી થતા નુકસાન અંતર્ગત વળતર–સહાય ચૂકવવાના હાલના ધારાધોરણમાં ફેરફાર કરી ખેડૂતોને યોગ્ય વળતર મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| *૮ | ૨૪૦૧– પાક...વ્યવસ્થા<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–કૃષિ...મહેકમ<br>રૂ. ૧૩,૯૫,૬૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાનાનં. ૧૪અને ૧૫ | ૧૦૦ | ક્રોપ કટીંગ માટેની વિગતો ખેડૂતોને આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૯ | _ _ " _ _ | ૧૦૦ | સમગ્ર દેશમાં કૃષિક્ષેત્રે રાજ્યના ખેત મજૂરોને સૌથી ઓછાં ચૂકવાતાં વેતનમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| ૧૦ | _ _ " _ _ | ૧૦૦ | પ્રધાનમંત્રી કિસાન યોજનામાં ખેડૂતોના નામે થયેલ ગેરરીતિની તપાસ કરી અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| *૧૧ | _ _ " _ _ | ૧૦૦ | તીડોના આક્રમણથી ખેડૂતોના ઉભા પાકને થયેલ નુકસાનનું વળતર ચૂકવવામાં થતો વિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| ૧૨ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોની આવક બમણી થાય તે માટેના નવા સ્ત્રોતો શોધવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૧૩ | _ _ " _ _ | ૧૦૦ | કૃષિ પાકોની સાચવણી માટે અદ્યતન વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૧૪ | _ _ " _ _ | ૧૦૦ | ખેડૂતોને અતિવૃષ્ટિથી થયેલ નુકસાનીના વળતરની સહાય સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| *૧૫ | ૨૪૦૧– પાક...વ્યવસ્થા<br>૧૧૦– પાક વીમો<br>૦૧–ગુજરાત..યોજના<br>રૂ. ૩૦,૩૬,૦૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાનાનં. ૪૧ | ૧૦૦ | છેલ્લા ચાર વર્ષના પાક વીમાના આંકડાઓ જાહેર કરવામાં તેમજ ખેડૂતોને સમયસર પાક વીમો ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૧૬ | _ _ " _ _ | ૧૦૦ | રાજ્ય સરકારે પાક વીમાનું પ્રિમિયમ વીમા કંપનીઓને ચૂકવ્યા પછી જે તે કંપનીઓ ખેડૂતોને પાક વીમો ચૂકવતી નથી આવી વીમા કંપનીઓને તાકીદે બ્લેક લિસ્ટ કરી સરકારે ભરેલ પ્રિમિયમ પરત લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| | | **માગણી નં. ૩** | | |
| *૧૭ | ૨૪૦૨– ભૂમિ...સંરક્ષણ<br>૧૦૧– ભૂમિ...ચકાસણી | ૧૦૦ | ભૂમિ સંરક્ષણ માટે કચેરીઓમાં પૂરતુ મહેકમ ન હોવાથી પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની | શ્રી નૌશાદ સોલંકી |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૧–ભૂમિ...મહેકમ<br>રૂ. ૨૦,૬૯,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાનાનં. ૬૨ | | નિષ્ફળતા. | |
| ૧૮ | ૨૪૦૨– ભૂમિ...સંરક્ષણ<br>૧૦૧– ભૂમિ...ચકાસણી<br>૦૧–ભૂમિ...મહેકમ<br>રૂ. ૨૦,૬૯,૫૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાનાનં. ૬૨ | ૧૦૦ | રાજ્યના દરેક જિલ્લા–તાલુકામાં ખારાશ અટકાવવાનો સર્વે કરાવી તે માટે બજેટમાં જરૂરી રકમ ફાળવી કામો સમયસર પૂર્ણ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| ૧૯ | – – " – – | **૧૦૦** | ગ્રામજનોની વારંવારની રજૂઆતો છતા બંધારા ન બંધાતા વધતી જતી ખારાશ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૨૦ | – – " – – | **૧૦૦** | દરિયાઇ વિસ્તારોની કેટલી જમીનોમાંથી ક્ષારનું પ્રમાણ ઓછું થયું અને તેની પાછળ થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમોહનસિંહરાઠવા |
| | | **માગણી નં. ૪** | | |
| *૨૧ | ૨૪૦૩– પશુપાલન<br>૦૦૧–નિર્દેશઅનેવહીવટ<br>૦૧– ANH-1પશુપાલન...વિસ્તરણ<br>રૂ.૨૭,૩૫,૭૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૬૫ અને ૬૬ | ૧૦૦ | પશુપાલકોને થતાં ખર્ચ સામે દૂધના પોષણક્ષમ ભાવો મળી રહે તેવુ આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીવજેસિંગભાઈ પણદા |
| ૨૨ | – – " – – | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં પશુ દવાખાનાઓનો વ્યાપ વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૨૩ | – – " – – | ૧૦૦ | પશુઓમાં થતા રોગોને સત્વરે અટકાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રીકાન્તિભાઈ પરમાર |
| *૨૪ | – – " – – | ૧૦૦ | મરઘા–બતકાઓમાં ફેલાયેલ બર્ડ ફ્લ્યુને તાકીદે અટકાવવા તેમજ આવા રોગોની ચકાસણી માટે રાજ્યમાં જ અદ્યતન લેબોરેટરી સ્થાપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીગ્યાસુદ્દીન શેખ |
| *૨૫ | – – " – – | ૧૦૦ | પશુ દવાખાનાઓમાં પૂરતા સ્ટાફના અભાવે પશુઓનીસારવાર માટે પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઅંબરીષભાઇભાઈ ડેર |
| *૨૬ | – – " – – | ૧૦૦ | ફરતા પશુ દવાખાનાઓનો વ્યાપ વધારવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| *૨૭ | ૨૪૦૩– પશુપાલન<br>૧૦૪–ઘેંટા...વિકાસ<br>૦૧– ANH-12<br>ઘેંટા...કાર્યક્રમો<br>રૂ.૧૫,૮૧,૨૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પેજ નં. ૭૯ | ૧૦૦ | ઘેટા–બકરા વિકાસ સંગ્રહના કામો માટે થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૮ | _ _ " _ _ | ૧૦૦ | ઘેટા–બકરા સાથે વિચરતી જીંદગી જીવતા પશુપાલકોને પૂરતી સુવિધાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ<br>માગણી નં.૬૭ | | | | |
| *૨૯ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા<br>૦૧–પાણી પુરવઠો<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧,૦૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧)<br>પાના નં. ૧૨ | ૧૦૦ | વોટર મેનેજમેન્ટ અને વોટર ડીસ્ટ્રીબ્યુશનની અસરકારક કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીશૈલેષ પરમાર |
| *૩૦ | --,,-- | ૧૦૦ | રાજ્યમાં વોટર પોલિસીનો યોગ્ય અમલ થાય તેવું આયોજન કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીરાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૩૧ | --''-- | ૧૦૦ | લાંબા સમયથી સરકારમાંથી પાણી લેતા અને તેની સામે ભરવાપાત્ર રકમ ન ભરતા ઉદ્યોગો માટે કલેક્ટરોને સૂચના આપી તે રકમનો બોજ ૭/૧૨ના ઉતારામાં દર્શાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીહર્ષદકુમાર રીબડીયા |
| *૩૨ | --,,-- | ૧૦૦ | નગરપાલિકાઓ દ્વારા વસૂલવામાં આવતો પાણી વેરો સરકારમાં સમયસર જમા ન કરાવતા જવાબદારો સામે પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઈમરાન ખેડાવાલા |
| ૩૩ | --,,-- | ૧૦૦ | મોટી રકમોના પાણી વેરાની વસૂલાત લાંબા સમયથી ન થતા તેનો બોજ આમજનતા પાસેથી લેવામાં આવતા પાણી વેરા પર નંખાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમહમદજાવીદ પીરઝાદા |
| *૩૪ | --,,-- | ૧૦૦ | પીવાનું પાણી સમયસર અને પૂરતા પ્રમાણમાં મળી રહે અને મહિલાઓને માટલા પ્રદર્શનો કરવા ન પડે તેવી વ્યવસ્થા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીજશપાલસિંહ પઢિયાર |
| ૩૫ | --,,-- | ૧૦૦ | સૌરાષ્ટ્રના ગામડાઓ સહિત મોટા શહેરોમાં નિયમિત પાણી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| *૩૬ | --,,-- | ૧૦૦ | ડેમોમાં પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં હોવા છતાં પીવાના પાણીની સમસ્યા હલ કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રીકાન્તીભાઈ ખરાડી |
| *૩૭ | --,,-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડ હસ્તકની જિલ્લાઓની કચેરીઓના કથળેલા વહીવટને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીકનુભાઈ બારૈયા |
| ૩૮ | --,,-- | ૧૦૦ | ગુજરાત પાણી પુરવઠા બોર્ડમાં અનુભવી ટેકનીકલ અધિકારીઓના અભાવે ગામડાઓમાં ઉભી થતી પાણી પુરવઠાની સમસ્યાઓનો ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. અનિલ જોષિયારા |
| ૩૯ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા<br>૦૧–પાણી પુરવઠો<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ.૧,૦૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૮(ભાગ–૧) | ૧૦૦ | ઘર ઘર પાણીની યોજના અંતર્ગત ડુંગરાળ અને ઢોળાવવાળા વિસ્તારોમાં યોજનાનો લાભ કઈ રીતે અપાશે તેની વિગતો પ્રસિધ્ધ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૧૨ | | | |
| *૪૦ | --,,-- | ૧૦૦ | વરસો જૂની પાણીની પાઈપલાઈનો સત્વરે બદલી નવી પાઈપલાઈનો નાંખવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૪૧ | --,,-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડમાં પાઈપોની ખરીદીમાં થતી ગેરરીતિઓની તપાસ કરી જરૂરી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| ૪૨ | --,,-- | ૧૦૦ | જર્જરિત તેમજ લીકેજ થતા પાણીના ટાંકાઓનો સર્વે કરી સત્વરે નવા ટાંકાઓ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| *૪૩ | --,,-- | ૧૦૦ | પાણી પુરવઠા બોર્ડની ભરતીઓમાં થતી ગેરરીતિઓની તપાસ કરાવી જવાબદારો સામે પગલા ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| *૪૪ | --,,-- | ૧૦૦ | "મુખ્યમંત્રી મહિલા પાણી સમિતિ પ્રોત્સાહન યોજના" અંતર્ગત રાજ્યની પાણી સમિતિઓને આપેલાં પ્રોત્સાહનો અને તે સંદર્ભે કરેલ કામગીરીની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ<br>માગણી નં. ૭૧ | | | | |
| *૪૫ | ૨૫૦૫- ગ્રામીણ રોજગાર<br>૦૨-ગ્રામ્ય...યોજનાઓ<br>૧૦૧- રાષ્ટ્રીય...યોજના<br>રૂ. ૫,૩૯,૨૩,૦૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાનાનં. ૩૯ અને ૪૦ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજનામાં વધતી જતી ગેરરીતિઓને કારણે લાભાર્થીઓને પૂરતો લાભ મળતો નથી તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીનૌશાદ સોલંકી |
| ૪૬ | _ _ " _ _ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજનાના લાભાર્થીઓને અપાયેલ કાર્ડ અંતર્ગત દરેકને રોજગારી આપવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી. જે. ચાવડા |
| *૪૭ | _ _ " _ _ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજનાના દરેક લાભાર્થીને વધુમાં વધુ રોજગારી મળે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઅમિત ચાવડા |
| ૪૮ | _ _ " _ _ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજનામાં ગ્રામ્ય વિસ્તારના લાભાર્થીઓને વધુ લાભ મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપુનાભાઈ ગામીત |
| ૪૯ | ૨૫૦૫- ગ્રામીણ રોજગાર<br>૦૨-ગ્રામ્ય...યોજનાઓ<br>૧૦૧- રાષ્ટ્રીય...યોજના<br>રૂ. ૫,૩૯,૨૩,૦૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાનાનં. ૩૯અને૪૦ | ૧૦૦ | રોજગાર ગેરંટી યોજનામાં કેન્દ્ર તરફથી અપાતી રકમનો પૂરેપૂરો ઉપયોગ ન કરતાં રકમ વણવપરાયેલ પડી રહે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઆનંદભાઈ ચૌધરી |
| ૫૦ | ૨૨૧૬- આવાસન<br>૦૩- ગ્રામ ગૃહ નિર્માણ<br>૧૦૩- આવાસન...સહાય<br>રૂ. ૧,૭૭,૫૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯ | ૧૦૦ | ગ્રામ ગૃહ નિર્માણમાં મકાન ટ્રાન્સફર-વારસાઈના કામો અંગે સમયાંતરે મિટિંગોનું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીબળદેવજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | પાના નં. ૧૯ થી ૨૧ | | | |
| *૫૧ | _ _ " _ _ | ૧૦૦ | ગ્રામ ગૃહ નિર્માણ બોર્ડે તેના ભંડોળમાંથી છેલ્લા બે વર્ષમાં કરેલ કામોની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીઅંબરીષભાઈભાઈ ડેર |
| ૫૨ | ૨૨૧૬– આવાસન<br>૦૩– ગ્રામ ગૃહનિર્માણ<br>૧૦૫– ઈન્દીરા..યોજના<br>રૂ. ૮,૯૮,૭૬,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૧૯ થી ૨૨ | ૧૦૦ | ઈન્દીરા આવાસયોજનાના લાભાર્થીઓના વર્ષો જૂના જર્જરિત આવાસોને દૂરસ્ત કરવા માટે સહાય આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીબાબુભાઈ વાજા |
| | **બંદરો અને વાહનવ્યવહાર વિભાગ**<br>**માગણી નં. ૭૪** | | | |
| *૫૩ | ૨૦૪૧–વાહનો...કર<br>૧૦૨–મોટર...નિરીક્ષણ<br>૦૧–મોટર...નિરીક્ષણ<br>રૂ.૨,૪૩,૮૨,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાનાનં. ૬ અને ૭ | ૧૦૦ | આર.ટી.ઓ.માં ડ્રાઈવીંગ લાયસન્સ આપવામાં થતી ગેરરીતિઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીવિક્રમભાઈ માડમ |
| ૫૪ | --,,-- | ૧૦૦ | તહેવારોમાં તથા અસાધારણ સંજોગોમાં ખાનગી બસો દ્વારા મુસાફરીના ખૂબ ઉંચા ભાડા વસૂલવામાં આવે છે તે સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીરઘુભાઈ દેસાઈ |
| ૫૫ | --''-- | ૧૦૦ | આર.ટી.ઓ.માં થતી ગેરરીતિની પોલીસ ફરિયાદોના અસરકારક અમલ માટે તેની એક નકલ ગૃહ વિભાગને મોકલી ગેરરીતિઓ થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીનથાભાઈ પટેલ |
| *૫૬ | --,,-- | ૧૦૦ | આર.ટી.ઓ.ના અધિકારી–કર્મચારીઓના વાર્ષિક આવક–સંપત્તિના પત્રકો ભરાવી અનધિકૃત જણાતી આવકો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીનિરંજનપટેલ |
| ૫૭ | ૨૦૪૧–વાહનો...કર<br>૧૦૨–મોટર...નિરીક્ષણ<br>૦૧–મોટર...નિરીક્ષણ<br>રૂ.૨,૪૩,૮૨,૧૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાનાનં. ૬ અને ૭ | ૧૦૦ | આર.ટી.ઓ.માં વારંવાર સર્વર ખોરવાતા ઓનલાઈન થતાં કામો પર પડતી વિપરીત અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઈ ભરવાડ |
| *૫૮ | --,,-- | ૧૦૦ | આર.ટી.ઓ.માં એજન્ટ પ્રથા બંધ હોવા છતાં ઘણાંખરાં કામો એજન્ટો દ્વારા જ થઈ રહ્યા છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| ૫૯ | --,,-- | ૧૦૦ | રાજ્યની તમામ આર.ટી.ઓ કચેરીઓમાં અચાનક ચેકીંગ કરી ગેરરીતિ આચરનારાઓની તપાસ કરી તેમની સામે કડક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| *૬૦ | ૩૦૫૫– માર્ગ પરિવહન<br>૧૯૦– જાહેરક્ષેત્ર..સહાય | ૧૦૦ | સરકારી કાર્યક્રમોમાં મોટાભાગની બસો એક સાથે ફાળવતા ઘણાં ખરાં રૂટોનાં મુસાફરોને | શ્રીલલીતભાઈ કગથરા |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૪,૭૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાનાનં. ૧૪ | | વેઠવી પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૬૧ | --,,-- | ૧૦૦ | એસ.ટી. કર્મચારીઓના મોંઘવારી ભથ્થા તેમજ પગાર પંચના એરીયર્સની બાકી રકમો સમયસર ચૂકવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૬૨ | --,,-- | ૧૦૦ | એસ.ટી.ના પ્રશ્નો અંગે ધારાસભ્યો કે આમજનતાએ કરેલી રજૂઆતો પર પૂરતું ધ્યાન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીપુનાભાઈ ગામીત |
| ૬૩ | --,,-- | ૧૦૦ | એસ.ટી.ના ડેપો મેનેજર તથા ડ્યુટી લીસ્ટ અધિકારીઓની રહેમ નજર નીચે પોતાના મનપસંદ ડ્રાયવર-કંડક્ટરોને મનપસંદ ડ્યુટી અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીચંદનજી ઠાકોર |
| ૬૪ | --,,-- | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં એસ. ટી. ના રુટો ઓછા હોવાથી આમજનતાને ખાનગી વાહનોમાં મજબૂરીથી મુસાફરી કરવી પડે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| *૬૫ | --,,-- | ૧૦૦ | એસ.ટી.ના માલ સામાનની ખરીદીમાં થતી વ્યાપક ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૬૬ | --,,-- | ૧૦૦ | એસ.ટી. રુટના ટાઇમટેબલો ખાનગી બસ ઓપરેટરોને ફાયદો થાય તેવી રીતે ગોઠવવામાં આવે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૬૭ | ૩૦૫૫- માર્ગ પરિવહન<br>૧૯૦- જાહેર ક્ષેત્ર....સહાય<br>રૂ. ૪,૭૫,૦૦,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૦<br>પાના નં. ૧૪ | ૧૦૦ | એસ.ટી.ની સતત ઘટતી આવકનું તારણ મેળવી આવક વધે તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. સી.જે. ચાવડા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલ કાપ દરખાસ્તો ઉપર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને ખેતી માટે સૌથી અગત્યનું હોય તો ખાતર છે. સરકારે હમણાં એવું વિચાર્યું છે કે DBT - Direct benefit transfer થી ખાતરની સબસિડી સીધી ખેડૂતના ખાતામાં બાટલાની જેમ આવી જશે. આમાં ડી.એ.ટી. ખાતરમાં સબસિડી ૫૧૧.૫૫ પૈસા છે. એન.પી.કે. ૧૨૩૨૧૬માં ૪૫૫.૮૫ પૈસા છે. વર્ષ ૨૦૧૩માં ૩૫૨.૨૦ પૈસા છે. યુરિયા ખાતરમાં ૭૧૭ રૂપિયા સબસિડી છે તો જો આ ડી.બી.ટી. પ્રમાણે ગોઠવાશે તો સબસિડી અત્યારે ડાયરેકટ મળે છે ખેડૂતને એની બદલે એના ખાતામાં આવશે. યુરિયા સિવાયના તમામ ખાતરો ડીકન્ટ્રોલ થઇ ગયા છે અને કંપની ગમે ત્યારે ભાવ વધારી શકે છે એટલે કંપનીઓ ભાવ ન વધારે એનું પણ સરકારશ્રી અને કૃષિ મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું એમાં પણ આપે થોડું ધ્યાન રાખવું પડશે. છેલ્લા ૩ વર્ષથી પી.ઓ.એસ. મશીનથી ખાતરનું વેચાલ ચાલુ છે. એમાં ફીંગર આપવાની હોય છે. અત્યારે સિસ્ટમ કેવી છે કે કોઇ રિક્ષાવાળો ખેડૂત હોય તો એ રિક્ષાવાળાને કહે અને પૈસા આપે કે મારું ખાતર તું લઇ આવજે. એમાં આધાર કાર્ડ ફરજિયાત હોય છે. રિક્ષાવાળો પોતાનું આધાર કાર્ડ લઇ ફીંગર આપી અને અત્યારે ખાતર લઇ આવે છે. હવે પછીની સિસ્ટમમાં એવું થશે કે આમાં ખાતેદાર ખેડૂતની ફીંગર ફરજિયાત થશે. કારણ કે સબસિડી એના ખાતામાં આવે છે. પહેલા રિક્ષવાળો જતો હતો હવે, રિક્ષાવાળાના ખાતામાં તો સબસિડી ન આવે, ખેડૂતના ખાતામાં સબસિડી આવે. ખેડૂતને ફીંગર દેવા જવું જોઇશે. પી.ઓ.એસ. મશીનમાં એનું આધાર કાર્ડ એનું લીંક કરશે. આમાં પ્રોબ્લેમ એ થશે કે ખેડૂત ખાતેદાર છે એ ઘણા મોટી ઉંમરના હોય છે, વડીલો હોય છે. બાપા ખાટલામાં હોય તો ખાટલા સાથે એને ફીંગર દેવા લઇ જવા? આ ખેડૂતનો બહુ ચિંતાનો વિષય છે. ખેતીવાડી વિભાગના માર્ગદર્શન નીચે કેટલું ખાતર જોઇએ છે એ ખેતીવાડી વિભાગ નકકી કરશે. દા.ત. ઘઉં વાવ્યા એમાં પાયાનું બી.એ.પી. કેટલું જોઇએ? પાળામાં કેટલું યુરિયા જોઇએ? નીંગલે ત્યારે કેટલું ખાતર જોઇએ? એની મર્યાદા

નક્કી કરશે ખેતીવાડી વિભાગ પછી ખેડૂતે વધારાનું ખાતર સબસિડીમાં જોઇતું હોય તો એણે ઓનમાં લેવાનું થશે. આમાં વિચારો કે ખેડૂત કયાં ઓનમાં લેવા જશે? આ બહુ મોટો પ્રોબ્લેમ છે એટલે ખેતીમાં ખાતરમાં સરકાર ધ્યાન દે નહીંતર ખેડૂતોને બહુ મોટું નુકસાન થશે કારણ કે ખેતીવાડી વિભાગ તો આપણને ખબર છે કે ખાતર લિમિટમાં અત્યારે દેશી ખાતર નથી એટલે રાસાયણિક ખાતર ખેડૂતો વધારે રાખતા હોય છે અને ખેતીવાડી વિભાગ ઓછું નક્કી કરશે. આમાં ખેડૂતને બહુ મોટી નુકસાની જવાની છે તો આમાં પણ સરકાર કાંઇક વિચારે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂતનું સૌથી મોટું હૃદય હોય તો સહકાર વિભાગ છે, સહકારી ક્ષેત્ર. સહકારી ક્ષેત્રમાં બોગસ મંડળીઓ નાખવામાં આવી છે. આનાથી ખૂબ મોટી નુકસાની સહકારી ક્ષેત્ર અને ખેડૂતોને છે. અમારા જૂનાગઢ જિલ્લામાં ૧૩૦થી ૧૩૫ જેવી મંડળીઓ બોગસ નાખવામાં આવી. આ મંડળીઓની અંદર મારી પાસે એવી વાત આવી છે અને મારી પાસે પુરાવા છે કે બોગસ મંડળીઓ એટલી હદે નાખવામાં આવી જે લોકો વર્ષો પહેલા મૃત્યુ પામ્યા હોય એ મૃત્યુ પામેલા સભાસદો અને જે મંત્રી તલાટી મંત્રીના બોગસ સહી સિક્કા કરી અને મંડળીઓ ઉભી કરવામાં આવે. એક એક ગામની અંદર ત્રણત્રણ, ચાર–ચાર મંડળીઓ. મેં આની અંદર તપાસ કરી. જે લોકો મૃત્યુ પામ્યા હતા એના વારસદારોએ મને સોગંદનામા કરી દીધા કે અમારા બાપા તો ૧૦ વર્ષ પહેલા મૃત્યુ પામ્યા છે પણ અમારા સભ્યમાં કેવી રીતે આવ્યા? તલાટી મંત્રીઓના બોગસ સહીસિક્કા, એમણે સોગંદનામા કરી દીધા. તલાટી મંત્રી કહે સહી સિક્કા અમારા કરેલા જ નથી તો આ કોણ કરી ગયું? આમાં બહુ મોટું કૌભાંડ થયું છે. એક જ ઓફિસમાં બેસીને રાજકીય લોકો તમારી જ પાર્ટીના તમે તપાસ કરો. કોંગ્રેસના હોય તો એને પણ જેલ ભેગા કરો. એક જ ઓફિસમાં બેસીને તમામ આવી મંડળીઓ ઉભી કરી છે. આ સહકારી ક્ષેત્રને ખૂબ મોટું નુકસાન થયું છે. આની અંદર ગુનો દાખલ થાય. સરકારમાં હિંમત હોય તો ગુનો દાખલ કરે અને ખેડૂતોને ન્યાય આપે. જે લોકોએ મંડળીઓ ખોટી બનાવી છે, જે લોકો આમાં સંડોવાયેલા છે, કોની ઓફિસમાં બેસીને આ મંડળીઓ થઇ છે? આની સામે આજથી જ સરકાર અત્યારથી જ નિર્ણય લે અને એની સામે ગુનો દાખલ કરે અને એને જેલ ભેગા કરો. આ તમામ મંડળીઓ રદ થવી જોઇએ. જો આવી મંડળીઓ રદ નહીં થાય તો સ્વાર્થી લોકો સહકાર ક્ષેત્રમાં આવશે. માર્કેટીંગ યાર્ડમાં ચેરમેનો વધી જશે. બેંકો લૂંટશે. આ બહુ મોટી નુકસાની છે. મને ખબર છે અગાઉ મગફળી કૌભાંડ બધી મંડળીઓમાં થયા હતા. આપણે જોયું તુવેર કૌભાંડ, ચણા કૌભાંડ આ બોગસ મંડળીઓ, જેના ઓડિટ નથી થતા એવી મંડળીઓએ ખરીદી કરી અને ખેડૂતોને લૂંટવાના ધંધા બંધ કરે અને સરકાર તાત્કાલિક નિર્ણય લે. જે લોકો આમાં સંડોવાયેલા છે તેની સામે પગલાં લે અને તમામ મંડળીઓ રદ થાય તેવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આમાં રાજકીય લોકો તેઓ પોતાના સ્વાર્થ માટે મંડળી બનાવતા હોય છે. એ.પી.એમ.સી. એક્ટનો જેમ કાયદો લાવ્યા એવો કાયદો લાવવો જોઇએ અને કોઇ રાજનીતિના આવા માણસો સહકાર ક્ષેત્રમાં ન આવવા જોઇએ. સહકાર ક્ષેત્રમાં બીન રાજકીય માણસો હોવા જોઇએ. તો ખેડૂતોને ન્યાય મળી શકશે. તો જ સહકાર ક્ષેત્ર ચાલી શકશે. ધારાસભ્ય ચૂંટણી લડવા માગતો હોય તો સહકાર ક્ષેત્રે નહિ એવો કાયદો લાવવો જરૂરી છે. મારી કૃષિ મંત્રીશ્રીને વિનંતી છે કે આપણા વિભાગને બીજો કોઇ વિભાગ નુકસાન નથી કરતો એ ખાસ ધ્યાન રાખવું પડે. આપણા વિભાગને નુકસાન કોણ કરી ગયું? ખેડૂતોના પાક રક્ષણ માટે માચડો, મેળા આપવામાં આવ્યા. ખેડૂતોને રાત્રે દીપડા, સિંહ, રીંછનો રંઝાડ હોય છે અને તે માટે મેળા આપવામાં આવ્યા. આ મેળાની અંદર ૧૪૩ કિલો સરકારે વજન નક્કી કર્યું. સરકાર રાઇટ છે. પણ ચોર લોકો છે એ આ વજન ખાઇ ગયા. ૧૪૩ કિલો વજનના બદલે મેળા ૧૦૭ કિલોના આપ્યા. ૩૬ કિલો મેળામાં વજન ઓછું આવ્યું. પાછળથી વજન ઘટતું હતું તો વજનિયા ચડાવ્યા. અમારા જેવા આગેવાનો ગયા કે આ કેમ વજન ઘટે છે? વજનિયા ચડાવ્યા. એમાં ૧૬ કિલો વજન ઘટે છે. આટલી બધી રજૂઆત કરીએ. જે લોકો કૌભાંડિયો છે. આમાં સરકારનો વાંક નથી. જે ફોરેસ્ટના અધિકારીઓ છે એને જેલ ભેગા કરવા જોઇએ. ખેડૂતોને નબળા પ્રકારના મેળા આપ્યા છે. ખેડૂત અંદર બેસે તો ડોલે છે. હિંચકે છે. પાઇપ નબળી, બધું નબળું. એમાં ૩૬ કિલો વજન ઓછું છે. મારી માગણી છે આની તપાસ કરો. જે લોકો આની અંદર સંડોવાયેલા છે એમને જેલ ભેગા કરો. ખેડૂતોના નામે મેળાનું ૩૬ કિલો વજન ખાઇ ગયા છે. આની સામે પગલાં લેવાં જોઇએ. આપણે માનનીય કૃષિમંત્રીશ્રી થોડું જંગલ ખાતાનું ધ્યાન રાખો. આપણો વિભાગ છે. એમાં ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટ આવી જાય છે. હમણાં હું ટીવીમાં જોતો હતો. એક નિર્ણય લીધો. સરકારે ગાંધીનગરના રોઝડા અમારે ત્યાં રેવન્યુમાં મૂકવા આવવા છે. અહીથી રોઝડા મૂકવામાં આવે તો ખેડૂતોને ઓલ રેડી રોઝડા અને ભૂંડોનો ત્રાસ છે. તો ગાંધીનગરથી અહીંયા મૂકવા આવવા એ વ્યાજબી નથી. હું આનો વિરોધ કરું છું અને આ રોઝડા ગાંધીનગરથી, ઉત્તર ગુજરાતથી અમારા ગીર વિસ્તારમાં બોર્ડરમાં મૂકવામાં આવશે તો અમે આંદોલન કરીશું. તમને ચેલેન્જ છે કે એક પણ ત્યાંનું રોઝડું અમારા વિસ્તારમાં મૂકવા આવવાનું થતું નથી. આનાથી અમને ખૂબ મોટું નુકસાન જશે. આજે હું છેલ્લાં ૨૦ વર્ષથી જોઉં છું. ઘઉંના ભાવ રૂપિયા ૩૦૦ના ૩૦૦ જ રહ્યા. કોઇ દિવસ રૂપિયા ૪૦૦ થયા નથી.

અધ્યક્ષશ્રી : ચેલેન્જ ફેકવાનું ક્યારથી શરૂ થઇ ગયું?

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : રોઝડા ત્યાંથી અહીયા મૂકવામાં આવે તો અમારે ચેલેન્જ કરવી પડે.

અધ્યક્ષશ્રી : રોઝડા મૂકવા આવો તો ખરા અમે જોઇશું એમ કહો.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : રોઝડાને ચેલેન્જ કરી છે કે એ ન આવવા જોઇએ. ૨૦ વર્ષથી ઘઉંના ૩૦૦ રૂપિયા ભાવ છે. બે ટાઇપના ખેડૂતો છેઃ એક ખેડૂત સરકારની સિંચાઇથી ઘઉં પકવે છે અને બીજો ખેડૂત પોતાના બોર આધારિત સિંચાઇથી ઘઉં પકવે છે. સરકારની સિંચાઇથી ઘઉં પકવે છે એ ૩૦૦ રૂપિયામાં વેચે છે અને પોતાના બોર આધારિત સિંચાઇથી ઘઉં પકવતો ખેડૂત પણ ૩૦૦ રૂપિયામાં જ વેચે છે. જે પોતાના બોર આધારિત ખેતી કરીને ઘઉં પકવે છે એને ખૂબ મોંઘા ઘઉં પડે છે. એમાં સબમર્સીબલ મોટર, એનું મેઇન્ટેનન્સ, વીજ બિલ આવે. આ અન્યાય કરવા જેવું છે. એકને સસ્તામાં, ફ્રીમાં ઘઉં પાકે છે અને એકને ખૂબ મોટો ખર્ચો થાય છે. મોટર બગડતી હોય, બોરમાં ઉતારવાની હોય, પાવર બિલ આવે, પાવર ચોરીનો દંડ ખોટો કરવામાં આવે. એટલે ખેડૂતોને ન્યાય સરખો આપવો હોય તો ખેડૂતોને વીજળી ફ્રી કરી દે એવી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, તો બધા ખેડૂતોને ૩૦૦ રૂપિયામાં ઘઉં પોષાય અને બિનસિંચાઇવાળા ખેડૂતોને પણ પોષાય. આજે પોષણક્ષમ ભાવ ખેડૂતોને મળતા નથી. મારું તો એ કહેવાનું છે કે, આપણે ટેકાના ભાવે ખરીદી કરીએ છીએ તેમાં રૂપિયા ૧૦૫૫માં ખેડૂતની મગફળી આપણે ખરીદીએ છીએ. હમણાં જ ખેડૂત તે જ મગફળી બિયારણ માટે લેવા જશે ત્યારે સરકાર ૧૬૦૦–૧૭૦૦ રૂપિયે વેચવાની છે. આમાં ખેડૂતને કયાં ન્યાય મળ્યો? સરકાર આમાંથી નફો કરે, ખેડૂતો કહો કે આ તમારી મગફળી અમે જે ખરીદી છે તે અમે પાછી ૧૦૫૫ રૂપિયામાં આપીશું. એના એ જ ભાવે અમે બિયારણમાં આપીશું. આ રીતે ખેડૂતની વાત કરો. ડીઝલમાં પણ તમે ખેડૂતને સબસિડી આપો. ડીઝલમાં મેં કાલે વાંચ્યું તો તેમાં ૩૦થી ૩૫ રૂપિયા સરકાર નફો કરે છે. તેમાં મન મોટું રાખીને નફો નથી કરવો અને આ જે ૩૦થી ૩૫ રૂપિયા નફો છે તે સબસિડી તરીકે આપીએ. આ મારી વાત છે. બીજી પાક વીમા યોજનાની વાત છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરું થાય છે. મારા હાથમાં કશું જ નથી. બધુ ઘડિયાળના હાથમાં છે. માનનીય બાબુભાઇ બોખીરીયા.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણે સૌ લોકશાહીને માણી શકીએ છીએ. અહીં આ સરસ મજાના વાતાવરણમાં આ જે વિધાનસભા મળી છે તે ત્યારે જ શક્ય બન્યું છે કે, અનેક લોકોએ આ દેશ માટે શહીદી વ્હોરી હતી. આજે આ શહીદ દિન છે, આજે આપણે ભગતસિંહજી, રાજગુરુ તથા સુખદેવને જે ફાંસી આપવામાં આવેલી તેને યાદ કરીએ અને શ્રદ્ધાંજલિ આપીએ. આજે દેશમાં ૧૩૦ કરોડની જનતા જે લોકશાહીના ફળો ભોગવી રહી છે તે આવા શહીદોની શહાદતને લીધે ભોગવી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રીશ્રી આજે કૃષિ વિભાગની માગણી નં.ર લઇને આવ્યા છે તેમાં હું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું. આજથી લગભગ એકાદ વર્ષ પહેલાં મનુષ્ય એમ માનતો હતો કે, હું સર્વશક્તિમાન છું. સાયન્સ અને ટેકનોલોજીની અનેક શોધો, મેડિકલ સાયન્સની શોધો, અવકાશ વિજ્ઞાન અને આર્ટીફીશિયલ ઇન્ટેલીજન્સમાં મનુષ્યને એમ હતું કે આ વિશ્વની અંદર હું સર્વશક્તિમાન છું. હું ધારું તે કરી શકું તેમ છું. ૨૫ ડિસેમ્બર ૨૦૧૯ એટલે કે ૨૦૧૯ના વર્ષના અંતમાં જયારે ચાઇનાના વુહાનની અંદરથી કોરોના નામનો વાયરસ આખા વિશ્વની અંદર ફેલાયો અને તેના લીધે આખા વિશ્વની ઇકોનોમી તહસનહસ થઇ ગઇ છે. આજે એક વર્ષ થવા આવ્યું તો પણ તેની ખબર નથી પડતી કે, આના માટે ઉપાય શું શોધવો? ઉપાય આપણે શોધીએ છીએ પણ તે કારગત નિવડશે કે નહીં નિવડે. એટલે પ્રકૃતિએ આપણી સૌ માનવજાતને બતાવ્યું છે કે, જો તમે મારી જાળવણી બરાબર નહીં કરો તો તમે સર્વશક્તિમાન નથી. સર્વશક્તિમાન પ્રકૃતિ અને ઇશ્વર છે. તે તેના તમને ફળ આપે છે. કોરોનાની જે અસર થઇ છે તેમાં ૧૧ માર્ચ ૨૦૨૦ના રોજ તેને વૈશ્વિક મહામારી તરીકે જાહેર કરવામાં આવી. તેના પછી આજે એક વર્ષ થઇ ગયું છે એટલે કે ૨૪ માર્ચ ૨૦૨૦ના રોજ આપણા દેશના વડાપ્રધાને સમગ્ર દેશની અંદર લોકડાઉન દાખલ કર્યું. આજે ઘણા લોકો એમ કહે છે કે, લોકડાઉન દાખલ કર્યું તેનાથી ફાયદો શું થયો?

માનનીય અધ્યક્ષશ્રી, હું કૃષિ વિભાગ પણ જતાં પહેલાં મારી બે–ચાર વાતો કરવા માગું છું. વિશ્વમાં અત્યાર સુધીમાં ૧૧ કરોડ ૮૬ લાખ લોકો કોરોનાથી સંક્રમિત થયા છે અને તેમાં ૨૬ લાખથી વધુ લોકોના મૃત્યુ થયા છે. આપણા દેશમાં જે લોકડાઉન થયું તેની વાત કરું અને સરખામણી કરું તો ઇટલી દેશની વસતિ ૬ કરોડ જેટલી છે. તેમાં ૩૧ લાખ ૨૩ હજાર કરતાં વધારે લોકો સંક્રમિત થયા છે અને ૧ લાખ કરતાં વધારે લોકોના મૃત્યુ થયા છે. જયારે ભારત દેશની વસતિ ૧૩૦ કરોડ જેટલી છે છતાં આપણા દેશમાં સંક્રમિતોની સંખ્યા ૧ કરોડ ૧૨ લાખ ૮૪ હજાર જેટલી છે અને તેની સામે મૃત્યુ ૧ લાખ ૫૮ હજાર થયા છે. ૧૩૦ કરોડની વસતિ અને ૬ કરોડની વસતિની સરખામણી કરીએ તો તેમાં આદરણીય વડાપ્રધાનશ્રીએ લોકડાઉન ન કર્યું હોત તો આજે આપણા દેશમાં મૃત્યુની સંખ્યા વધી હોત. આ જે લોકડાઉન થયું અને મેં હમણાં જ અગાઉ કહ્યું કે તેમાં આખા વિશ્વનું અર્થતંત્ર તહસનહસ થઇ ગયું હતું. તે જ રીતે આપણા દેશના અર્થતંત્ર ઉપર જે અસર થઇ તેમાંથી બહાર નીકળવા માટે આપણા લોકલાડીલા પ્રધાનમંત્રીએ આત્મનિર્ભર ભારતનું આહવાન કર્યું. એના દ્વારા આપણું રાષ્ટ્ર ફરીથી ધબકતું થાય અને રાષ્ટ્ર આફતના સમયમાંથી બહાર આવે એના માટે વિવિધ યોજનાઓ અને કાર્યક્રમોની માનનીય વડાપ્રધાનશ્રીએ જે જાહેરાત કરી એમાં રાજયોને પણ સહભાગી થવા માટે થઇને માનનીય વડાપ્રધાનશ્રીએ જે આહવાહન કર્યું હતું એને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ ખેડૂતોની ખેતી ઉપર જે અસર થઇ હતી એમાં એને રાહત મળે એના માટે સાત પગલાં ખેડૂત કલ્યાણના જે જાહેર કરેલા છે એને લીધે ખેડૂત વધુને વધુ આત્મનિર્ભર થાય એવો નિર્ણય કરવામાં આવ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, આ સાત પગલાંની પહેલી બાબત માનનીય મુખ્યમંત્રીશ્રીએ કહેલી એમાં ખેડૂતોનો પાક તૈયાર થાય પણ પાક તૈયાર થયા પછી બધા ખેડૂતો પાસે એનો સંગ્રહ કરવા માટે ગોડાઉનો નથી તો આ જે પોતાનો પાક તૈયાર થાય એનો તે

પોતે સંગ્રહ કરી શકે એના માટે મુખ્યમંત્રી પાક સંગ્રાહ યોજનાની જે જાહેરાત કરી એને લીધે ખેડૂતોને ફાયદો શું થશે કે પોતે પોતાનું ગોડાઉન બનાવી પોતાનો પાક ગોડાઉનમાં રાખીને વાવાઝોડું, વરસાદ, કમોસમી વરસાદ, બીજી કુદરતી આફત કે જીવજંતુ વગેરેથી પોતાના પાકને થતું નુકસાન બચાવી શકશે અને બજારમાં ભાવ ઓછા હોય તો માલ જે ખેતરમાં ખુલ્લો રાખવો પડતો હોય છે એને બદલે એ ગોડાઉન બનાવીને પોતાનો માલ સંગ્રહ કરી શકશે એને કારણે માલનો બગાડ ઓછો થશે એટલે જથ્થો એમનમ જળવાઇ રહેશે, સાથે સાથે યોગ્ય સમયે બજારમાં જયારે પૂરતો ભાવ હોય ત્યારે બજારમાં વેચી વધારે ભાવ મેળવી શકશે એને લીધે ખેડૂતની આવકમાં વધારો થશે. આ માટે આ વર્ષના બજેટમાં રૂપિયા ૩૫૦ કરોડની જોગવાઇ કરેલી છે. આ જે સ્ટ્રક્ચર ખેડૂતો બનાવશે એમાં કુલ ખર્ચના ૩૦ ટકા અથવા તો રૂપિયા ૩૦ હજાર જેવી માતબર સહાય રાજય તરફથી સબસિડી તરીકે આપવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ બીજી યોજના છે એ કિસાન પરિવહન યોજના. આજે ખેડૂતો પોતાનો પાક તૈયાર કરે છે એને જયારે એ વેચવા માટે બજારમાં લઇ જવો હોય તો એની પાસે કોઇ વ્યવસ્થા હોતી નથી. બીજી બધી ખેતીને લગતી ઘણી બધી યોજનાઓ હતી પણ આ માલ પરિવહન માટેની કોઇ યોજના ન હતી ત્યારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ આ યોજનાની એટલા માટે જાહેરાત કરેલી છે કે, ખેડૂતો પોતાનો માલ બજારમાં વેચવા લઇ જઇ શકશે અને એના સિવાય જયારે પોતાનો માલ ન હોય ત્યારે પણ અન્ય ખેડૂતોના માલનું પરિવહન કરી શકશે, ટ્રાન્સપોર્ટેશન કરી શકશે અને એ રીતે ખેડૂત પોતાની આવક વધારી શકશે. આની અંદર નાના અને સીમાંત ખેડૂતો, મહિલા ખેડૂતો, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને ૩૫ ટકા અથવા તો રૂપિયા ૭૬ હજાર જેવી માતબર રકમની સહાય આપવામાં આવશે અને સામાન્ય ખેડૂત હોય તો એને ૨૫ ટકા અથવા તો રૂપિયા ૫૦ હજાર જેવી માતબર સહાય આપવામાં આવશે. આ સિવાય મોટી વાત એ છે કે બહોળા પ્રમાણમાં પસંદગી મળી રહે એટલા માટે રાજય સરકારે ચાર કંપનીના ૪૫ વાહનોને નક્કી કરેલ છે એમાંથી એ પોતાની પસંદગીનું વાહન લઇ શકશે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જે રાસાયણિક ખાતરો વાપરતા થયા એની પહેલા અને પેસ્ટીસાઇઝ દવાઓ વાપરતા થયા એના પહેલા એટલે કે લગભગ ૧૯૮૦ના દાયકામાં આપણી ખેતી ગાય આધારીત અથવા પશુ આધારીત હતી અને ત્યારે વપરાશ ઓછો હતો અને એને લીધે પાકનું ઉત્પાદન થતું હતું એમાં પેસ્ટીસાઇઝનું પ્રમાણ ન હોવાથી લોકોમાં રોગો પણ ઓછા થતા હતા. એ આપણી પ્રાકૃતિક ખેતી હતી એ પ્રાકૃતિક ખેતી તરફ ફરીથી જવા માટે માનનીય મુખ્યમંત્રીશ્રીએ દેશી ગાય આધારીત સપૂર્ણ પ્રાકૃતિક ખેતી કરવા ખેડૂતોને ગાયના નિભાવ ખર્ચ માટે રાહત આપવાની વાત કરી છે એ પણ ખૂબ જ સારી વાત છે.

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ(વિરમગામ) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ અને પશુપાલનની માગણીઓ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેના પર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ કૃષિ પ્રધાન દેશ છે, આપણું અર્થતંત્ર પણ ખેતી આધારીત છે. આપણો દેશ અને ગુજરાત ગામડાઓનો બનેલો છે ત્યારે ખેતી આબાદ તો ખેડૂત આબાદ અને ખેડૂત આબાદ તો ગામડાઓ આબાદ. ખેતી અને ખેડૂત સમૃદ્ધ હોવો તે કોઇ પણ સરકારની પ્રાથમિક જવાબદારી છે. સરકાર દ્વારા દર વર્ષે ખેતીની વિવિધ જણસોના ટેકાના ભાવો નક્કી કરવામાં આવે છે પરંતુ જિલ્લા અને તાલુકા કક્ષાએ સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદીની જે વ્યવસ્થા કરવામાં આવી છે એના પૂરતા આયોજનના અભાવે ખેડૂતોને પોતાનો પાક વેચવામાં ખૂબ મુશ્કેલી પડે છે. હમણાં પણ ચણાની ખરીદી ટેકાના ભાવે કરવામાં આવે છે તેમાં માત્ર ૫૦ મણ ટેકાના ભાવે ખરીદી કરવાનો સરકારનો જે નિર્ણય છે તે વાજબી નથી, ખેડૂતો જે કંઇ પાક પકવે તેની સંપૂર્ણ ખરીદી ખેડૂતોના હિતમાં ટેકાના ભાવે કરવી જોઇએ એવી મારી માગણી પણ છે. આજે પણ દિવેલા પકવતા એટલે કે એરંડા પકવતા ખેડૂતોના એરંડાની ખરીદી ટેકાના ભાવે સરકારશ્રી દ્વારા કરવામાં આવતી નથી તો તેવી ખરીદી સરકારે ખરેખર કરવી જોઇએ. જેથી સમયસર ખેડૂતો માર્કેટયાર્ડમાં પોતાનો પાક વેચી શકે, ખાસ કરીને ટેકાના ભાવે ખરીદીની જે વ્યવસ્થા છે એ વ્યવસ્થામાં ક્યાંકને ક્યાંક ઉણપ દેખાય છે અને ખેડૂતોને બહુ મોટી હેરાનગતિ થાય છે ત્યારે એ વ્યવસ્થામાં ચોક્કસ ફેરફાર લાવીને ખેડૂતોને મદદ કરવી જોઇએ અને ટેકાના ભાવે ખેડૂતો પોતાનો માલ વેચી શકે એવી વ્યવસ્થા કરવી જોઇએ. થોડાં સમય પહેલાં ડાંગરની ખરીદી માટે ઓનલાઇન રજિસ્ટ્રેશન કરવામાં આવતું હતું, પરંતુ દિવસો વીતી જવા છતાં ખેડૂતોને બોલાવવામાં આવતા નહોતા અને અમારું વિરમગામનું ખરીદ કેન્દ્ર હોય કે સાણંદનું ખરીદ કેન્દ્ર હોય કે ગુજરાતના તાલુકા મથકના જે કંઇ ખરીદ કેન્દ્રો હતા ત્યાં આગળ ખેડૂતોને જલ્દી નહિ બોલાવવાના કારણે ખેડૂતો પોતાની ડાંગર લઇને સામેથી જ ટ્રેકટરો ભરીને આવી જતા હતા અને દિવસોના દિવસો સુધી લાઇનમાં ઉભા રહેવું પડતું હતું ત્યારે અમે જયારે રજૂઆત કરવા જઇએ તો એમ કહેતા કે બારદાનની કમી છે, બારદાન નથી આવ્યાં એવું પણ અમને ત્યાંથી કંઇક જણાવવામાં આવતું હતું. ખેડૂતોને ઘણા ટાઇમ સુધી પોતાનો માલ વેચવા માટે ઉભા રહેવું પડતું હતું. કોંગ્રેસની ભૂતકાળની સરકારોમાં ખેડૂતોના હિતમાં ખેડૂતોને  હોર્સ પાવર આધારિત વીજળી આપવામાં આવતી હતી, પરંતુ હાલની ભારતીય જનતા પાર્ટીની સરકારે તેમાં ફેરફાર કરીને ખેડૂતોમાં મિટર આધારિત પ્રથા દાખલ કરીને ખેડૂતો ઉપર આર્થિક બોજ વધાર્યો છે ત્યારે મારી તો એવી માગણી છે કે જેમ શ્રી હર્ષદભાઇએ કહ્યું કે ખેડૂતોને મફતમાં વીજળી આપવામાં આવે તો એના જેવું તો કોઇ ઐતિહાસિક પગલું આ સરકારનું નહિ હોય. પણ જો આપણે મફત નથી આપી શકતા તો ભૂતકાળમાં કોંગ્રેસના શાસનમાં જેમ હોર્સ પાવર ઉપર વીજળી આપવામાં આવતી હતી એ જ રીતે હોર્સ પાવર ઉપર ખેડૂતોને વીજળી આપવાનો નિર્ણય ફરીથી

સરકાર દ્વારા કરવો જોઇએ અને એ રીતે જો નિર્ણય કરવામાં આવે તો એ કદાચ ઐતિહાસિક નિર્ણય હશે. ખેડૂતોને અત્યારે દિવસ દરમિયાન આઠ કલાક જ વીજળી આપવામાં આવે છે તેમાં ખેડૂતોને ખેતી માટે ઓછામાં ઓછી દરરોજ દસ થી બાર કલાક નિયમીત વીજળી મળે એવી પણ આ ગૃહ સમક્ષ અને આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને ખેડૂતો વતી મારી માગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજનામાં દર વરસે ૬ હજાર રૂપિયા ખેડૂતોને બે હેક્ટરની જમીનની મર્યાદામાં ચૂકવવાની જાહેરાત થયેલી છે. તે મુજબ દર ચાર મહિને બે હજાર રૂપિયાનો હપ્તો ખેડૂતોના ખાતામાં જમા કરાવવાનું ધોરણ નક્કી થયેલ છે. પરંતુ આ રકમ ખેડૂતોના ખાતામાં સમયસર જમા થતી નથી અને તંત્ર પાસે આની વિગતો માગવામાં આવે તો વિગતો પણ પૂરી પાડવામાં આવતી નથી. ઘણા કિસ્સાઓમાં રૂપિયા ૨,૦૦૦ની રકમ ખોટા ખાતાઓમાં પણ આ રકમ જમા થઇ જાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિસ્તારમાં પશુ દવાખાનાઓ નહિ હોવાના કારણે પશુઓની ગંભીર માંદગીના કારણોસર સમયસર સારવાર થઇ શકતી નથી. તાલુકા કક્ષાએ પૂરતા પ્રમાણમાં પશુ દવાખાનાઓ હોવા જોઇએ. હરતા ફરતા પશુ દવાખાના છે પરંતુ આવી મોબાઇલવાન અપૂરતી હોવાના કારણે સમયસર યોગ્ય જગ્યાએ પહોંચી શકતી નથી. તાજેતરમાં બર્ડફ્લુનો રોગ મરઘાં અને બતકમાં ફેલાયો છે, રોગ ચકાસણી માટે અદ્યતન લેબોરેટરી પણ નથી. ઘેટાં બકરાં જેવા અન્ય પશુઓ સાથે વિચરતી જાતિની સાથે જિંદગી જીવતા પશુપાલકો જે સરકારની સુવિધાઓથી વંચિત રહે છે જેથી તેઓનો પણ તંત્ર મારફતે સરવે કરાવીને તેઓને સરકારની સુવિધાનો લાભ મળે તેવી કાર્યવાહી થવી જોઇએ. જેમનો વ્યવસાય પશુપાલનનો છે તેવા માલધારી સમાજને ખેડૂતની વ્યાખ્યામાં ગણીને ખેતીની જમીન ખરીદી શકે તે માટે કાયદામાં સુધારો કરીને માલધારીઓને ખેડૂતની વ્યાખ્યામાં સમાવવા માટે મારી માગણી છે. કારણ કે ખેતી અને પશુપાલન એકબીજાના પૂરક વ્યવસાય છે. પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવો મળતા નથી તો પશુપાલકોને દૂધના પોષણક્ષમ ભાવો મળે તેનું આયોજન પણ થવું જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય સભાગૃહમાં લગભગ પત્રકાર મિત્રો સહિત ૫૦ જણાંએ માસ્ક પહેર્યાં નથી, કાં પછી નાકથી નીચે પહેરેલાં છે. જેમને બોલવાનું છે તે ભલે ઉતારે, બાકી જેમને નથી જ બોલવાનું, તેઓ માસ્ક સારી રીતે પહેરે. શ્રી મુસડીયાજી, આપ પણ. પ્લીઝ.

શ્રી નરેશભાઇ મ. પટેલ(ગણદેવી) : માનનીય અધ્યક્ષશ્રી, આજે અમારા કૃષિ મંત્રીશ્રી આદરણીય આર.સી.ફળદુ સાહેબ માગણી નંબર–૨,૩ અને ૪ લઇને આવ્યા છે તેને સમર્થન આપી મારા વિચારો રજૂ કરવા માટે હું ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે શહીદ દિન તરીકે આપણે ઉજવીએ છીએ અથવા ઓળખીએ છીએ. ભગતસિંહ, સુખદેવ અને રાજગુરુ જેવા મહાનુભાવોએ આ દેશ માટે જે યોગદાન આપ્યુ છે તેને પણ ભૂલી નહીં શકાય તેને નમન કરીને હું મારી વાતની શરૂઆત કરું છું. આપણાં રાજયની અંદર જયારે આજે કૃષિ ઉપર હું વાત કરવા જઇ રહ્યો છું ત્યારે સૌરાષ્ટ્ર હોય, મધ્ય ગુજરાત હોય, ઉત્તર ગુજરાત હોય કે દક્ષિણ ગુજરાત હોય પરંતુ ખેડૂતોનો જે પાક છે, પાક પકવવાની તેમની જે રીતભાત છે તે દરેકની અલગ અલગ છે. દક્ષિણ ગુજરાતમાં અલગ છે, ઉત્તર ગુજરાતમાં અલગ છે, સૌરાષ્ટ્રમાં પણ અલગ છે પરંતુ જયારે આ ખેડૂતો એક ચીલાચાલુ પદ્ધતિમાંથી બહાર આવે અને અદ્યતન ટેકનોલોજીને અપનાવીને સમય સાથે કદમ મિલાવે તે દિશામાં આપણી સરકારને મને લાગે છે ત્યાં સુધી આદરણીય નરેન્દ્રભાઇએ વર્ષ ૨૦૦૫માં જે કૃષિ મહોત્સવની શરૂઆત કરી અને કૃષિ મહોત્સવની શરૂઆત કરીને ખેડૂતને તાલીમ મળે, ખેડૂતને શિક્ષણ મળે, માર્ગદર્શન મળે એ દરેક પ્રકારની વ્યવસ્થાઓ ગોઠવીને ખેડૂતના કૃષિ ઉત્પાદનમાં વધારો કરીને એ સમૃદ્ધ બને તે દિશામાં આપણી રાજય સરકારે ખૂબ પ્રયત્નો કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતી આધારિત જયારે મજૂર પણ તેના ઉપર આધારિત છે ખેડૂત અને મજૂર આ બન્નેની આજીવિકા તે ખેતી છે. જયારે આજીવિકા તરીકે આપણે ઓળખીએ છીએ ત્યારે આ ખેડૂત માટે ફકત ખેડૂતની જમીન ભલે હોય હું મારા દક્ષિણ ગુજરાતની વાત કરું તો એની એ જમીન છે આજે ત્રીજી, ચોથી પેઢીમાં જમીનમાં કોઇ વધારો નથી પરંતુ ઓછી જમીનમાં પણ વધુ ઉત્પાદન કઇ રીતે લઇ શકાય તે દિશામાં પણ અનેક પ્રકારના બિયારણોનાં સંશોધનો થયા અને તે થયા પછી વૈજ્ઞાનિકોના માર્ગદર્શનના આધારે ખેડૂત તેનો પાક પકવતો થયો. આદિવાસી વિસ્તારમાં અમારે કંઇ વધારે જમીન નથી પણ ઓછી જમીનમાં વધુ ઉત્પાદન આજે ખેડૂતો અમારે ત્યાં લઇ રહ્યાં છે. આવા સમયે ઉર્જા વિભાગ હોય, જળસંચય વિભાગ હોય કે માર્ગ મકાન વિભાગ હોય તેમનુ પણ ખૂબ મોટું યોગદાન રહ્યું છે. જયારે ખેતી એક બારમાસી રસ્તા પણ તેને મળવા જોઇએ, પાવર પૂરતો મળવો જોઇએ, પૂરા વોલ્ટેજવાળો પાવર મળવો જોઇએ અને જળસંચયનું પણ કામ એવુ છે કે તેને સમયસર પાણી મળવું જોઇએ તો જ ખેડૂત સારી ખેતી કરી શકે અને ઉત્પાદન લઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ખેડૂતને અનેક રીતે પ્રોત્સાહિત કરીએ છીએ. એક જમાનો હતો કે ખેડૂત પાસે વાડ કરવાના તેમની પાસે પૈસા ન હતા કોઇ ખેતરને લેવલીંગ કરવું હોય, સરખું કરવું હોય તો પણ મુશ્કેલી હતી. કોઇને જમીન ભાગમાં આપી દેતા હતા. પરંતુ મારે આજે સરકારને અભિનંદન આપવા છે કે આપણે દરેક રીતે ખેડૂતને પ્રોત્સાહિત કરી અનેક પ્રકારની એ ખેતી કરતો થયો છે તેના કારણે એક જમાનો હતો કે તેને સામાન્ય સબસિડી આપતા, સામાન્ય રીતે તેને મદદ કરતા પરંતુ આજે મને કહેતા આનંદ થાય છે કે, અત્યારે મારા મિત્ર કહેતા હતા કે પ્રધાનમંત્રી કિસાન નિધિ હું જયારે ખેડૂતો ઉપર બોલવાનો હતો ત્યારે ગઇકાલે તેનો અભ્યાસ કરતો હતો કે એક જમાનો હતો કે સામાન્ય બળદગાડું, કોઇ બળદ ઉપર

આપણે સબસિડી આપતા હતા. આજે મેં જ્યારે જોયું તો મારા જિલ્લામાં જ્યારે મોટા ટ્રેક્ટર ઉપર તેને રૂપિયા ૪૫થી ૬૦ હજાર સુધીની આપણે સબસિડી આપીએ છીએ અને ગયા વર્ષે મારા જિલ્લામાં ૧૦૪ જેટલા ટ્રેક્ટર ખેડૂતોને આપ્યા છે. ૧૦૨ પાવર ટીલર આજે હળ અને બળદ આપણે ભૂલતાં ગયા છીએ અને આધુનિકતા તરફ આપણે આગળ વધ્યાં છીએ. ૧૦૨ પાવર ટીલર ઉપર આપણે તેને કેટલી સબસિડી આપીએ છીએ. રૂપિયા ૪૫થી ૭૦ હજાર સુધી આપણે આવા પાવર ટીલર ઉપર સબસિડી આપીએ છીએ. કલ્ટીવેટર હોય, અન્ય કોઈ પણ ઓજારો ઉપર આપણે અનેક પ્રકારની સબસિડી આપીએ છીએ. હું આદિવાસી સમાજમાંથી આવું છું. ખેડૂત કોઈ પણ સહાય લે તો ભાગીદારની સહી લેવી પડે. અમારા આદિવાસી સમાજમાં ૭/૧૨માં ૫૦–૬૦ નામો હોય છે. મારે આદરણીય મોદી સાહેબને અભિનંદન આપવા છે કે પ્રધાનમંત્રી કિસાન નિધિ યોજના દ્વારા જેટલાં પણ નામો ૭/૧૨માં હોય તેને રૂપિયા ૨૦૦૦ આપીને વાર્ષિક રૂપિયા ૬૦૦૦નો હપ્તો ચૂકવીને મદદ કરી છે. કોઈની સહમતિ લીધી નથી. મારા જિલ્લામાં ૧,૧૪,૬૬૫ ખેડૂતોને ૬૦૦૦ રૂપિયા લેખે રૂપિયા ૬૮ કરોડ ૭૭ લાખ રૂપિયાની મદદ કરી છે. આ રીતે આપણે અનેક પ્રકારની સહાય કરીએ છીએ. આજે ખેડૂત ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય પણ અપનાવે છે. મને લાગે છે ત્યાં સુધી આજે આપણુ ગુજરાત દૂધ ઉત્પાદનમાં આખા દેશમાં પ્રથમ સ્થાને છે. અમારો આદિવાસી ખેડૂત પશુપાલન અને દૂધ ઉપર અત્યારે જીવી રહ્યો છે અને એના માટે પણ આ વખતે જ્યારે દેશી ગાય આધારિત કોઈ ખેતી કરે એને દર મહિને ૯૯૦૦ રૂપિયા આપવાની જે યોજના બનાવી છે એના માટે મારે સરકારને અભિનંદન આપવા જોઈએ. કારણ કે ખેડૂતો પ્રાકૃતિક ખેતી કરવાની દિશામાં પ્રયત્ન કરી રહ્યાં છે. જ્યારે ખેડૂતો માટે અનેક પ્રકારની વાત કરી ત્યારે હું માનનીય ફળદુ સાહેબને મારી વિનંતી છે કે અમારે ત્યાં ટુકડે ટુકડે જમીન છે. અમારા એક પણ ખેડૂત પાસે ચાર કે પાંચ હેક્ટર જમીન નથી.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિમંત્રી, નર્મદા જળસંપતિ પાણી પુરવઠા મંત્રી, પંચાયત મંત્રી અને વાહન વ્યવહાર મંત્રી પોતાના વિભાગની માગણીઓ લઈને આવ્યા છે ત્યારે એક ખેડૂતના દીકરા તરીકે, આ ગૃહના ધારાસભ્ય તરીકે, એક સહકારી કાર્યકર્તા તરીકે ગુજરાતના ખેડૂતોના હિતમાં આપના મારફતે મારી વાતો કહેવા માટે ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, જે રાજ્યમાં શ્વેતક્રાંતિ લાવવા માટેનું ઐતિહાસિક કાર્ય થયું હોય તો અમુલને દુનિયામાં યાદ કરતું આ ગુજરાત રાજ્ય છે. મારા શ્રી બાબુભાઈ બોલતાં ભૂલી ગયાં. ઉદયભાણસિંહ પનોતા પુત્ર એ સ્થાપેલી ઈફ્કો, ક્રિભકો જેવી સહકારી સંસ્થાના લીધે ગુજરાતના ખેડૂતે આજે ખૂબ જ પ્રગતિ કરી છે ત્યારે ભૂતકાળને પણ યાદ કરવાની જરૂર હતી. મારા શ્રી નરેશભાઈએ પણ ટ્રેક્ટરને સબસિડી આપવાની વાત કરી છે અને ખેડૂતોની આ બાબતમાં સારી વાત થઈ છે. શ્રી નરેશભાઈએ થોડોક વધારે અભ્યાસ કર્યો હોત તો મને આનંદ થાત. કેન્દ્ર સરકાર આધારિત આ યોજના દાખલ કરવા માટે ક્યારે નિર્ણય થયો અને કેન્દ્ર સરકાર પુરસ્કૃત આ યોજનાનો ખેડૂતો લાભ લઈ રહ્યાં છે. શ્વેતક્રાંતિના પ્રણેતા ડો. કુરિયનને પણ મારે યાદ કરવા છે. આજે કૃષિ અને સહકારના કારણે ગુજરાત રાજ્ય દેશમાં આગળ આવ્યું છે. ગુજરાત અને મહારાષ્ટ્ર અને બીજા રાજ્યોને બાદ કરતાં સહકારી પ્રવૃત્તિઓનો જો ક્યાંય વ્યાપ વધ્યો હોય તો ગુજરાતમાં વધ્યો છે. ભૂતકાળની સરકાર પણ એમાં સહભાગી બની છે. એના કારણે ખેડૂતો આજે બોલતાં થયા છે. હું સાંસદ રહી ચૂક્યો છું. તે વખતની યુ.પી.એ. સરકારે ખેડૂતોને ૭ ટકા ધિરાણ આપવાની યોજના દાખલ કરી હતી. ૩ ટકા નાબાર્ડ તરફથી વ્યાજ રાહત આપવાની અને ૪ ટકા રાજ્ય સરકારે પણ એમાં ફાળો આપવાની શરૂઆત કરી હતી. હું રાજ્ય સરકારને ખેડૂતોવતી કહું છું કે આ યોજના દાખલ કરી છે એમાં હું ખૂબ આનંદ અનુભવી રહ્યો છું. ઝીરો ટકા વ્યાજે ખેડૂતોને કોઈ ધિરાણ મળતું હોય તો એ ગુજરાતના ખેડૂતોને મળે છે. એ પૈકી મારે કહેવું છે કે નાબાર્ડ તરફથી છેલ્લાં ૨૦૨૦–૨૧ના વર્ષમાં ટૂંકી મુદતનું ધિરાણ રૂપિયા ૫૮ હજાર ૧૧૨ અને ૮૬ કરોડ ખેડૂતોના ખાતામાં મળ્યું છે. આ વર્ષે એટલે ચાલુ વર્ષે માર્ચ મહીના પૂરો થાય છે ત્યારે મારે કૃષિ મંત્રીશ્રીને આંકડા આપવા છે. ૬૩૪૬૪.૫૯ કરોડ રૂપિયા ટૂંકી મુદતનું ૦ ટકા વ્યાજે આપવા માટેનો કેન્દ્ર સરકારના ઐતિહાસિક નિર્ણયે આ ધિરાણ મળ્યું છે. તે પૈકી માનનીય મંત્રીશ્રી આંકડા નોંધે. સહકારી માળખા મારફત, જિલ્લા બેંકો મારફતે ટૂંકી મુદતનું ધિરાણ ગયા વર્ષે રૂપિયા ૧૩ હજાર કરોડનું થયું હતું અને આ વર્ષે રૂપિયા ૧૩,૭૦૦ કરોડ થયું છે, શ્રી જયેશભાઇ સહકારી પ્રવૃતિ સાથે જોડાયેલ છે એમને ખબર છે એમની રાજકોટ બેંક મારફતે મોટું ધિરાણ થાય છે. માત્ર સહકારી માળખા મારફત જેને ધિરાણ મળ્યું છે, એ ખેડૂતોને ૭ ટકાથી ૦ ટકા વ્યાજથી લોન મળી છે કોમર્શિયલ બેંકોમાં નહીં. કોમર્શિયલ બેંકોનો કેટલો મોટો ફાળો છે, નાબાર્ડના આંકડા મારી પાસે ઉપલબ્ધ છે. ૯.૨૧ ટકા વ્યાજ ખેડૂતો આજે કોમર્શિયલ બેંકમાંથી ટૂંકી મુદતનું મેળવે છે અને ભરે છે અને આપણે રોજ કહીએ છીએ, ૦ ટકાનો ઐતિહાસિક નિર્ણય, કૃષિ મંત્રીશ્રી આંકડા તો જૂઓ? આ રાજયના ખેડૂતો ૭૦ ટકા જો ખેડૂતોની વસતી ગણીએ તો, ખેતી કરનારા ખેડૂતો લગભગ રૂપિયા ૨ કરોડ જેવા થાય છે. ધિરાણ મેળવતાં ખેડૂતો કદાચ રૂપિયા ૨ કરોડ થઇ શકે, તે પૈકીના માત્ર ૯૦ લાખ ખેડૂતોને જ આ ૦ ટકાનો લાભ મળે છે. માનનીય કૃષિ મંત્રીશ્રી જયેશભાઇ, આપના પૂજ્ય પિતાશ્રી પણ આ બાબતમાં ચિંતા કરી ચૂક્યા છે ત્યારે આપણે માત્ર ૦ ટકાની વાત કરીએ છીએ. ૧ કરોડથી વધારે ખેડૂતોને ૯.૨૧ ટકા વ્યાજે આ ટૂંકી મુદતનું ૦ ટકા ધિરાણ મેળવવા માટેની જે વાતો છે, એ વાતો આપણે કરીએ છીએ અને ખેડૂતોને લાભ મળતો નથી, સરકારની સીધી જ જવાબદારી થાય છે. કોમર્શિયલ બેંકો બીજા રાજયોમાંથી આવી પોતાની સંસ્થાઓ સ્થાપે છે. ઈન્સ્પેકશન ચાર્જના નામે ૩ ટકા વ્યાજ વસૂલ લેવામાં આવે છે. કોમર્શિયલ બેંકનો એક મેનેજર અમારી ખેતી ઉપર

આવીને કયારેય જો ઇન્સ્પેકશન કર્યું હોય તો ધારાસભ્ય તરીકે ધારાસભ્ય પદ છોડવા હું તૈયાર છું. મને દેખાડે. માત્ર ચાર્જ, માત્ર ત્રણ ત્રણ ટકા ચાર્જ, ચાર ચાર ટકા ઇન્સ્પેકશન ચાર્જ..

અધ્યક્ષશ્રી : હું મંજૂર કરુ તો જ ધારાસભ્ય પદ છોડજો.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : તો સાહેબ, આપનો આભાર. મંજૂર કરતાં પહેલા મને પૂછજો.

અધ્યક્ષશ્રી : હું નહી મંજૂર કરું, હવે કોઇના મંજૂર નહીં થાય.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : નહીં થાય, થેંક યુ સાહેબ. પણ માનનીય અધ્યક્ષશ્રી, હું ખેડૂતો માટેની ચિંતા કરૂ છું, ખેડૂતોનો પ્રતિનિધિ છું, એક સહકારી આગેવાન છું ત્યારે કહેવા માગું છું કે, આપણે ખેડૂતો માટેની આટલી બધી વાત કરી છે, શ્રી ભૂપેન્દ્રસિંહ બાપુ, આપ પણ ખેડૂતોની ચિંતા કરો છો. ઘણા બધા ખેડૂતોની વાતો કરે છે. શ્રી નરેશભાઇ, આપ પણ અત્યારે ખેડૂતોની વાત કરતા હતા, શ્રી બાબુભાઇ, આપ તો સહકાર મંત્રી રહી ચૂક્યા છો. આપ પણ ખેડૂતોની વાતો કરો છો ત્યારે ૧ કરોડથી વધારે ખેડૂતો પોતાનું ધિરાણ ૦ ટકા વ્યાજ માત્ર લખાય છે, મેળવતા નથી, તેની પણ આપણે ચિંતા કરવી પડશે. મારે મારા શ્રી અરૂણસિંહ બોલવા મંડ્યા, એમની બેંક આપે છે, એમને અભિનંદન આપીએ, એમની બેંક આપે છે. પરંતુ તમારે સમજ્યા વગર પણ ટપાટપી કરવાને બદલે ખેડૂતોના હીત માટે આપણા બધાનો સંયુકત નિર્ણય લેવો પડશે અને આ નિર્ણય લેવા માટેની બધાએ સંયુકત વાત કરવી પડશે, એ વાત થતી નથી એના કારણે...

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : ખેડૂત આજે ટૂંકી મુદતના નામે લૂંટાઇ રહ્યો છે તે બંધ કરવાની જરૂર છે. ચણાની ખરીદી માટે આપે કરેલો નિર્ણય, ૧ હેકટરથી વધારે વાવેતર હશે તો આટલા ચણા ખરીદવામાં આવશે, ૫૦ મણ ચણા ખરીદાય છે. એસ.એમ.એસ. અપાય છે. હું આ વખતે શનિવાર–રવિવારે મારા વિસ્તારમાં ગયો, અનેક ખેડૂતો મારી પાસે આવ્યા કે શ્રી વિરજીભાઇ, અમારા પછીના લોકોએ જે ઓનલાઇન કર્યા છે, એના ચણા ખરીદાય છે અને અમારા ચણા ખરીદાતા નથી. મને મોબાઇલ દેખાડ્યો, એસ.એમ.એસ. આવ્યા નથી. એસ.એમ.એસ. આવ્યા નથી એવા કોઇ ખેડૂતોને હવે ફરી વખત ચણા નહી ખરીદાય એવું અધિકારી કહે છે. મારે કૃષિ મંત્રીને વિનંતી કરવી છે કે, તમે ૫૦ મણ ચણા ખરીદવાનો નિર્ણય કર્યો છે, કદાચ કોઇ ટેકનીકલ ખામીના કારણે, ખેડૂતના દીકરા પાસે તો નાનો મોબાઇલ છે, ચાઇનાનો ખરીદાયેલો મોબાઇલ માંડ માંડ વાપરી શકે, એમાં એસ.એમ.એસ. આવે ભૂંસાઇ પણ જાય, ઢાળિયામાં પાણીમાં પડી ગયો હોય એની સ્ક્રીન પણ ખરાબ થઇ ગઇ હોય વાંચી પણ ન શકે, ઇંગ્લિસ વાંચી પણ નથી શકતા. આવા ખેડૂતોને જેને એસ.એમ.એસ. ન મળ્યા હોય એના માટે બહુ વિનંતી કરવી છે, ગૃહને વિનંતી કરવી છે, આગ્રહભરી વિનંતી કરવી છે કે, એસ.એમ.એસ. ન મળ્યા હોય તો પણ જેને ઓનલાઇન કર્યું હોય તે તમામ ખેડૂતોના ચણા ખરીદવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા અને પંચાયત માટેની માંગણી આવી છે ત્યારે મારે પંચાયત ગૃહ નિર્માણ ગ્રામ વિકાસ વિભાગે વર્ષ ૨૦૦૯માં પરિપત્ર કર્યો છે. પરિપત્ર કરીને ૧૦ હજારથી વધારે વસ્તી ધરાવતા ગામડાઓને, એક મિનિટ વધારે લઇશ. મારા કોઇનામાંથી લઇ લેજો.

અધ્યક્ષશ્રી : બે મિનિટ છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : રૂર્બન એરિયા ૧૦ હજારથી વધુ વસતિ ધરાવતા ગામડાઓને રૂર્બન એરિયામાં દાખલ કરવામાં આવશે અને ઘટતી વ્યવસ્થા કરવામાં આવશે. તત્કાલિન મૂખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૧૨–૧૩માં જાહેર કર્યું હતું , આ જાહેર કર્યા પછી ૨૫૫ ગામડાંઓ એવા છે કે ૧૦૦૦૦ની વસતિ ધરાવે છે અને પરિપત્રમાં લખ્યું છે, આદિવાસી ગામડાંઓ હશે તો એમની સાત હજારની વસતિ, તાલુકા મથક હશે તો અને ૧૦ હજારની વસતિથી ઓછી હશે તો પણ એને દાખલ કરવામાં આવશે. તાલુકા મથકવાળાં ૫૧ ગામડાં છે, તાલુકા મથક સિવાયના ૩૧ ગામડાં છે, ટોટલ ૧૧૮ ગામડાં છે અને ટોટલ ૨૫૫ ગામડાં એવાં છે કે જે આ રૂર્બન એરિયામાં દાખલ થાય છે. આ રૂર્બન યોજના દાખલ કરવામાં આવી એના કામો થઇ ગયાં પણ એ કામો જે ગ્રામ પંચાયત ૧૦ હજારથી વસતિ વધારે ધરાવતી હોય તેમને સ્વીકાર્યા નહીં. ૭૦ ટકા ગામોમાં ત્રણ હજાર કરોડ એવો ખર્ચ કરીને આ યોજનાઓ આજે ઠપ થયેલી પડી છે. આ યોજનાની કામગીરી થઇ શકતી નથી. કારણ શું છે કે એમને જે જેટીંગ મશીન આપવામાં આવ્યાં નથી, તેના કારણે આ કામગીરી થઇ શકે તેમ નથી. ગ્રામ પંચાયતને પાંચ લાખ રૂપિયા આપવામાં આવે છે, પાંચ લાખ રૂપિયામાં આ કામગીરી થઇ શકે તેમ નથી. નગરપાલિકામાં આ યોજના દાખલ કરી છે ત્યાં આ ગામડાંઓમાં કામગીરી થાય છે. કારણ કે એમને ૨૦ લાખ રૂપિયા આપવામાં આવે છે અને ૧૦ હજાર સુધીના વસતિવાળા ગામડા છે એને ૫ લાખ રૂપિયા આપવામાં આવે છે. આવા ૭૯ ગામડાઓમાં રૂર્બન એરિયાની કામગીરી થઇ છે. સરકારે પોતે હજાર કરોડ રૂપિયાનું રોકાણ કર્યું છે, એનું વળતર મળતું નથી. આપણે લોન લઇને બેઠા છીએ. ૨૫૫ પૈકીના બીજા ગામડાંઓને સરકાર આ યોજનામાં સમાવેશ કરી શકતી નથી, કામગીરી આગળ વધારી શકતી નથી. આ યોજના પંચાયત અને પાણી પુરવઠા વિભાગને લગતી છે. એની વિચારણા કરીને (અંતરાય) સાહેબ, એક જ મિનિટ. નિભાવણી માટેના જે એક ફોર્મ માગ્યા છે. હજી પાંચ વર્ષ થતા નથી એનો તાત્કાલિક નિર્ણય કરવામાં આવે તેવી મારી માગણી છે.

અધ્યક્ષશ્રી : માનનીય વિરજીભાઇ, આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય હર્ષદભાઇ રિબડીયા અને શ્રી વિરજીભાઇ ઠુમ્મરને સાંભળવાનું બહુ ગમે છે. તમે બેઉ જણા બહુ સારું બોલો છો. મને ગમે છે, પણ શું કરું? ઘડિયાળ આ કમબખ્ત છે, આપનો સમય પૂરો થઇ ગયો છે. ડો. આશાબેન પટેલ. માનનીય આશાબેન.

તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

ડો. આશાબેન પટેલ(ઊંઝા) : **आजादी के लिये हस्ते हस्ते फॉसी के फंदे को चुमनेवाले अमर शहीदों को शहीद दिन के दिन शत शत नमन करती हूं।**

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પશુપાલન મંત્રીશ્રી પશુપાલન અને ડેરી વિકાસની માગણી નંબરઃ ૪ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું.

આપણે જાણીએ છીએ તેમ ગુજરાત રાજયમાં પશુપાલન અને ખેતી એક સિક્કાની બે બાજુઓ છે ત્યારે ડેરી ઉદ્યોગ અને પશુપાલન એ ગ્રામીણ અર્થતંત્રને ધબકતું રાખે છે. આ પશુપાલન અને ડેરીમાં મહિલાઓનો ખૂબ મોટો ફાળો રહેલો છે. આના કારણે ગુજરાતમાં પશુપાલની વાત કરીએ તો ગીર ગાય, કાંકરેજી ગાય, જાફરાબાદી ભેંસ હોય કે પછી મહેસાણી ભેંસ હોય આ બધાનું દૂધ ઉત્પાદનમાં ખૂબ સવિશેષ ફાળો છે. રાજયમાં ગાયોની વાત કરીએ તો એની સંખ્યા લગભગ ૯૬.૩૩ લાખ, ભેંસોની સંખ્યા ૧૦૫.૪૩ લાખ છે. રાજયમાં દૂધ ઉત્પાદન અને પ્રોસેસની વાત કરીએ તો એની કામગીરી સહકારી માળખા દ્વારા થાય છે. હાલમાં રાજયનું કુલ દૂધ ઉત્પાદન ૧૫૨.૯૨ લાખ મેટ્રિક ટન છે અને જેમાં વાર્ષિક દર વર્ષ ૭.૨૮ ટકાના દરે વધારો થાય છે. એટલા માટે જ આપણું ગુજરાતનું ડેરી ઉદ્યોગ એ આદર્શ મોડલ તરીકે પ્રસ્થાપિત થયેલ છે. ૨૨ જેટલા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘો ગુજરાત રાજયની અંદર છે. જયારે ૧૯,૫૨૨ સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ અને ૪૪૨૦ મહિલા સંચાલિત ગ્રામ્ય સહકારી દૂધ ઉત્પાદક મંડળીઓ એ પણ આપણા ગુજરાત રાજયમાં છે. આ ઉપરાંત ૩૬.૫૪ પશુપાલક સભાસદો, તેમજ ૧૩ પશુદાણ ફેકટરીઓ અને ૯૯ ચિલીંગ સેન્ટરો પણ આ વિશાળ માળખું ધરાવતું ડેરી ઉદ્યોગ એ આપણા ગુજરાત રાજયની અંદર છે.

માનનીય અધ્યક્ષશ્રી, માલિક વિહોણા હોય કે અબોલા હોય એવા પશુઓ પક્ષીઓની સારવાર માટે આપણી ગુજરાત સરકારે ૩૭ કરૂણા એમબ્યુલન્સ કાર્યરત કરવામાં આવી છે. ૧૯૬૨ નંબર ડાયલ કરવામાં આવે તો ત્યારે વિના મૂલ્યે સેવા પૂરી પાડવામાં આવે છે. આ ઉપરાંત રાજયમાં ૧૦ ગામ દીઠ એક મોબાઇલ પશુ દવાખાના યોજના હેઠળ કુલ ૪૧૦ મોબાઇલ પશુ દવાખાના ચાલુ કરવામાં આવ્યાં છે. આ યોજનાથી રાજયના ૪૧૦૦થી વધુ ગામોમાં ઘેર બેઠાં પશુ સારવાર ઉપલબ્ધ કરાવવામાં આવે છે. જેથી પશુઓને લઇને જે તે દવાખાને લઇને જવું પડતું નથી. પશુઓના દૂધ ઉત્પાદન ઉપર અસરકર્તા રોગોની સંપૂર્ણ નાબૂદી અને એના થકી પશુઓમાં આવતા ખરવા મોવાસા જેવા રોગની વાત કરીએ તો નેશનલ એનિમલ ડિસીસ ઓફ કન્ટ્રોલ પોગ્રામ ભારત સરકારે સમગ્ર દેશમાં અમલમાં મૂકેલ છે એના કારણે આપણે વર્ષ ૨૦૨૦-૨૧માં જે રસીકરણ અભિયાન કરેલું. એ અભિયાનની અંદર ૧૭૧ લાખથી વધારે પશુઓને સારવાર આપેલ હતી અને એમાં સૌથી વધારે લાભ એ કચ્છના વાગડ ક્ષેત્રના ઘેટાના ટોળાઓ સાથે ફરતા માલધારી સમાજના ભાઇઓને થયેલો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજયમાં પશુ સંવર્ધનની ઉત્તમ સગવડ મળી રહે એ માટે ગુજરાત લાઇવ સ્ટોક ડેવલપમેન્ટ બોર્ડ હેઠળ આધુનિક સુવિધાઓ સાથેનું ફ્રોઝન સીમેન પ્રોડકશન અને ટ્રેનિંગ ઇન્સ્ટિટયૂટ પાટણ ખાતે કાર્યરત છે. આ કેન્દ્રમાં ઉત્તમ ઓલાદના સાંઢ અને પાડાનો વૈજ્ઞાનિક ઢબે ઉછેર કરીને ઉચ્ચ કોટીના સિમેન ડોઝનું ઉત્પાદન કરવામાં આવે છે. આ કેન્દ્રની સુવિધાઓને કેન્દ્ર તરફથી નીમાયેલ સંસ્થા દ્વારા એ ગ્રેડ આપવામાં આવ્યો છે જે ગુજરાતની અંદર શકય બન્યું છે. ગુજરાત રાજયના પશુધનમાં વધુ પ્રમાણમાં વાછરડીઓનું, પાડીઓનું ઉત્પાદન થાય અને પશુપાલન વધુ નફાકારક બને તે માટે ભારત સરકારના રાષ્ટ્રીય ગોકુલ મિશન હેઠળની સહાયથી પાટણ ખાતે સેકસ સીમેન લેબૉરેટરીનું પણ નિર્માણ થયેલું છે. માનનીય સભ્યશ્રી લાખાભાઇએ પોતાના પ્રવચનમાં જણાવ્યું હતું કે ગુજરાતમાં આવી કોઇ લેબૉરેટરી નથી પરંતુ પાટણ ખાતે કાર્યરત છે. આ પ્રોજેકટ હેઠળ ઉત્પન્ન થનાર સીમેન ડોઝના ઉપયોગથી ૮૦થી ૯૦ ટકા વાછરડીઓ અને પાડીઓ જન્મશે અને જેના થકી પશુપાલકોને ખૂબ ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ગ્રામીણ વિસ્તારોમાં રોજગારીની તકો ઉભી કરવા સરકારે વિવિધ કલ્યાણકારી યોજનાઓ અમલમાં મૂકી છે. જેમાં વર્ષ ૨૦૨૧-૨૨માં દૂધાળા પશુઓને ૧૨ જેટલા ડેરી ફાર્મ સ્થાપના માટે આ સંવેદનશીલ સરકારશ્રીએ રૂપિયા ૮૧ કરોડની જોગવાઇ બજેટની અંદર કરેલ છે. ૧૦ ગામદીઠ એક ફરતા પશુ દવાખાનાની સેવા માટ રૂપિયા ૪૩ કરોડની જોગવાઇ કરેલ છે. રાજયમાં આવેલી ગૌશાળાઓ અને પાંજરાપોળો માટે ગૌચર સુધારણા જેવી વિવિધ યોજનાઓ માટે રૂપિયા ૨૫ કરોડની પણ જોગવાઇ કરેલી છે. પશુદાણ ખરીદવા માટે સહાય પેટે રૂપિયા ૨૦ કરોડની જોગવાઇ કરેલ છે જે તમામ સન ૨૦૨૧-૨૨ના બજેટમાં કરેલી જોગવાઇને હું આવકારું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત મારે થોડાક સૂચનો પણ કરવા છે કે ડેરીઓમાં પાવર પ્લાન્ટ બનાવવા સબસિડી ઉપરાંત સસ્તા વ્યાજે લોન આપવામાં આવે તેવુ મારું એક સૂચન છે. પશુપાલકોને સરકારશ્રીની યોજના મારફત સારા ઘાસચારાનું સબસિડીયુકત બિયારણ મળે તેવી પણ મારી એક માગણી છે. ડેરી દ્વારા પશુપાલકોને પશુ સારવારમાં સહાય આપવામાં આવે તેવી મારી લાગણી અને માગણી છે. આ ઉપરાંત આઇ-કિશાન પોર્ટલ ઉપર સરકારશ્રી દ્વારા ૧૨ દૂધાળા પશુની યોજના કરી છે એમાં વધારો કરીને ૨૫ જેટલા કરવામાં આવે તેવી પણ મારી લાગણી અને માગણી છે. આમ, આપણું ખેતી સાથે પશુપાલન એ એક બીજાના પરસ્પર હોય પશુપાલન અને ડેરી ગુજરાત રાજયની અંદર વધારે વિકસે એ માટે મારા સૂચનો સ્વીકારે તેવી મારી મંત્રીશ્રીને ખૂબ ખૂબ નમ્ર વિનંતી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

અધ્યક્ષશ્રી : માનનીય પિયુષભાઇ, આપ કયારના શ્રી આર.સી.પટેલ સાથે બેઠા છો તો આપ આપની જગ્યાએ સ્થાન લેશો. કારણે કે ત્યાં નજીકમાં જ માનનીય ધર્મેન્દ્રસિંહ હમણાં જ હોસ્પિટલ ગયા છે, એટલે આપણે બધા જ કાળજી લઇએ.

શ્રી નથાભાઇ હે. પટેલ(ધાનેરા) : માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧–૨૨ના વર્ષની માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૨,૩,૪, ૬૭,૭૧ અને ૭૪ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારત દેશ એ ખેતી પ્રધાન દેશ હોવાને કારણે મોટા ભાગની ગ્રામ્ય વિસ્તારની પ્રજા ખેતી આધારિત છે અને ખેતી આધારિત હોવાને લીધે બજેટમાં પણ વધારેમાં વધારે એટલે કે શકય હોય તેટલી ખેડૂતો માટે કરવી જોઇએ તેવી મારી સરકારશ્રીને વિનંતી છે. બીજું, બનાસકાંઠા જિલ્લામાં રી–સરવેનું કામ સરકારશ્રીની નવી યોજના મુજબ ચાલુ છે. રી–સરવે કરવામાં અંદાજે ૨૫થી ૩૦ હજાર જેટલી અરજીઓ અમારા જિલ્લામાં હતી તે પૈકી અત્યારે ૧૨ હજાર જેટલી અરજીઓ પેન્ડીંગ છે. તો તે પેન્ડીંગ અરજીઓનો જેમ બને તેમ ઝડપી નિકાલ થાય. મારી કોઠાસૂઝ પ્રમાણે જ્યાં સરવે કરવા જાય ત્યારે ખેડૂતને સાથે રાખીને સરવે કરે તો પ્રશ્ન વધારે હળવો થઇ જાય એવી મારી વિનંતી છે. બીજી એક વાત કહેવા માગું છું કે જૂના જમાનાના જે કંઇ નકશાઓ બોલે છે તેમાં રસ્તા કાપવામાં આવેલા છે. હાલમાં જે રી–સરવે થાય છે તેમાં રસ્તા બતાવવામાં આવતા નથી. જે રસ્તા સરવેમાં બોલતા હોય એ રસ્તા પણ બતાવવામાં આવતા નથી. તેના કારણે ભવિષ્યમાં ભાઇ–ભાઇઓના ઝઘડા–વિવાદ વધશે અને કોર્ટ કચેરીના મામલા ઉભા થશે. તો આપના લેવલે વિચારીને રસ્તા બતાવવામાં આવે એવી મારી સરકારશ્રીને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે અમારા વિસ્તારમાં વર્ષ ૨૦૧૮–૧૯માં ટેકાના ભાવે રાયડા અને મગફળીની ખરીદી કરી હતી. આજ દિન સુધી ૧૮થી ૨૦ જેટલા ખેડૂતોને રાયડા કે મગફળીના પૈસા મળ્યા નથી. હું બે દિવસ પહેલાં રાદડીયા સાહેબને મળ્યો હતો. તેમણે મને કહ્યું કે અમે બને એટલા ઝડપથી પૈસા આપીશું. ગઇ સાલ શ્રી શીવાભાઇએ પણ એ વાત મૂકી હતી પણ બનાસકાંઠાના આ પ્રશ્નનો ઉકેલ આવ્યો નથી. ભલે ગમે તેની ભૂલ હોય પણ મગફળી કે રાયડો તો સરકારે ખરીદ્યો છે અને આપના મારફત ખરીદ્યો છે. નાબાર્ડની ટેક્નિકલ ભૂલ હોય કે આપની ટેક્નિકલ ભૂલ હોય પણ ખેડૂતનો માલ અને પૈસા બન્ને આપની પાસે છે. તો કાયદાકીય રીતે જે કંઇ નિકાલ કરવાનો થતો હોય એ રીતે નિકાલ કરી અને ખેડૂતોને મદદરૂપ થવા માટે મારી આપને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લામાં પાણી ન હોવાના કારણે ફુવારા પદ્ધતિનું ખેડૂતોએ અમલીકરણ કર્યું છે. બીજા જિલ્લાઓની સરખામણીમાં બનાસકાંઠા ફુવારા પદ્ધતિમાં આગળ રહ્યું છે. જેમ સમય પ્રમાણે ટેક્નોલોજી બદલાઇ તેમ પહેલાં મોટા ફુવારા હતા, પછી નાના ફુવારા થયા, સૂક્ષ્મ ફુવારા થયા, તેના પછી ટપક પદ્ધતિ આવી. તો આ પરિવર્તન આવવાના કારણે ખેડૂતોની સબસિડી છે એ સબસિડીની સહાયમાં બીજી વખત લેવા જાય ત્યારે પ્રશ્નો ઉભા થાય છે અને ઓછી સબસિડી આપવાની વાતો થાય છે. સબસિડી મળતી પણ નથી. તો મારી દૃષ્ટિએ આપણે પાણીની બચત કરવી હશે તો આ કંઇ મોટી બાબત નથી. તો આ લાભ બધા ખેડૂતોને મળતો રહે એવી મારી વિનંતી છે અને બજેટમાં થોડી વધારે જોગવાઇ કરે.

માનનીય અધ્યક્ષશ્રી, દાંતીવાડા તાલુકામાં કૃષિ યુનિવર્સિટી આવેલી છે. એ જૂના સમયથી ચાલે છે. ત્યાંની ઓળખ તરીકે ગણવામાં આવે તો જે એરંડાનો પાક છે એ તેની ઓળખ છે. એરંડા નં.૭ અને ૮ એ આખા દેશમાં પ્રખ્યાત છે. તેની કોઇ હરિફાઇ કરી શક્યું નથી. આવા એરંડાની જાતને વિકસાવવા માટે સૂકા એરિયામાં આ પાક છે ત્યારે એરંડા સિવાય બીજાં સૂકા એરિયાના ક્રોપ હોય તેને ડેવલપ કરવા માટે વૈજ્ઞાનિકોને પ્રોત્સાહિત કરવામાં આવે એવી મારી સરકારશ્રીને વિનંતી છે. દાંતીવાડા યુનિવર્સિટી જૂની છે. ત્યાં જે કંઇ ફેકલ્ટીઓ હતી તે લુપ્ત થતી જાય છે. મારી સરકારશ્રીને વિનંતી છે કે ઉત્તર ગુજરાતની બોર્ડર ઉપર આવેલી આ યુનિવર્સિટી છે. પછી તો રાજસ્થાન જ આવી જાય છે. તો આ યુનિવર્સિટીમાં જે ફેકલ્ટીઓ ચાલુ છે. આ વિસ્તાર પછાત છે. તો એ પછાત વિસ્તારને ગણીને આ ફેકલ્ટીઓને ચાલુ રાખવી જોઇએ અને તેને મદદરૂપ થવા માટે પ્રયત્ન કરવો જોઇએ. એવી મારી સરકારશ્રીને વિનંતી છે. લોડ વધારવાની બાબતમાં હું સાહેબને મળ્યો હતો.

અધ્યક્ષશ્રી : આપનું વક્તવ્ય પૂરું થાય છે.

શ્રી નથાભાઇ હે. પટેલ : કેટલી મિનિટ થઇ સાહેબ?

અધ્યક્ષશ્રી : બરાબર ચાર મિનિટ પાકી આપી છે. ૧૦–૫૯થી ૧૧–૦૪. જોઇ લો તમે.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા(કામરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા ક્ષેત્રે માગણી ક્રમાંક–૬૭ પર હું મારા વિચારો ગૃહ સમક્ષ રજૂ કરું છું. પાણી પુરવઠા વિભાગની ચર્ચામાં ભાગ લેતા હું ગર્વની લાગણી અનુભવી રહ્યો છું. સાહેબ, ગર્વ એટલે થાય છે.

અધ્યક્ષશ્રી : કોઇને કંઇ પણ કહેવું હોય તો ઘડિયાળને દોષ આપજો, મને નહીં.

શ્રી વી.ડી. ઝાલાવાડિયા : હું એ સરકારનો હિસ્સો છું. એ સરકારમાં પ્રતિનિધિત્વ કરી રહ્યો છું કે જે સરકાર માટે પ્રજા એ જ સૌ પ્રથમ પ્રાયોરિટી છે. આ વર્ષે બજેટના લગભગ ૨૮ ટકા જેટલી એટલે કે રૂ. ૩૯૭૪ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની જોગવાઇ પાણી પુરવઠા પ્રભાગ માટે કરીને ખરેખર આપણાં મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ બતાવી દીધું છે કે આ સરકાર પાણીદાર સરકાર છે. ગુજરાતના ૧૩હજાર કરતા વધુ ગામો અને ૨૦૦ કરતા વધારે શહેરોની પ્રજાના હિતાર્થે આ સરકારે સવા લાખ કરતા વધુ કિલોમિટર જેટલી પુરવઠા ગ્રીડનું નિર્માણ કર્યું છે એ સરાહનીય છે. સૌરાષ્ટ્રની વર્ષો જૂની પાણીની

જરૂરિયાતને પહોંચી વળવા નાવડાથી સાવંડ અને બુંધેલથી બોરડા સુધીની ૧૪૩ કિલોમિટરની બલ્ક પાઇપ લાઇનની જોગવાઇ માટે રૂ.૬૭૫ કરોડની જોગવાઇ કરેલ છે તેમને હું અભિનંદન આપું છું. અમરેલી જિલ્લાના સાવરકુંડલા તાલુકાના ભુવા ગામનો હું વતની છું. વર્ષો પહેલા અમારે ત્યાં ખારું પાણી હોવાને કારણે અમારા વડવાઓ ખારું પાણી પી પીને જતા રહ્યા છે અને ઘણા ગામડાની અંદર આ ખારું પાણી હોવાને હિસાબે માણસ એના ખાટલામાંથી ઉભો ન થઇ શકે એના માટે ઉપર દોરડા બાંધવા પડે આ પરિસ્થિતિની અંદર જો ખરેખર આગળની સરકારોએ જો આ પાણીનું કામ કર્યું હોત તો અમારા વડવાઓ ખારું પાણી પીને ન ગયા હોત. રાજ્ય સરકાર દ્વારા ફળીયાઓને જૂથ યોજના સાથે જોડવા માટે આયોજન કરેલ છે. જેમાં સરકારની યોજના ૧૭૦૦ કરતાં વધુ ફળીયાઓને જોડવાની છે તે અંતર્ગત ૧૨૨૮ ફળિયાઓની યોજના પ્રગતિ હેઠળ છે અને ૪ હજારથી વધુ ફળિયાના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે. સુરત જિલ્લાની વાત કરીએ તો સુરત જિલ્લાના ૭૪ ગામો માટે અંદાજિત કિંમત રૂપિયા ૧૮૨ કરોડની યોજના મંજૂર કરેલ છે. અમારી આ સરકારે એક માનવતાવાદી અને અસરકારક યોજના '' નલ સે જલ તક'' અમલમાં મૂકી છે કે જેના માટે રૂ. ૩૦૦ કરોડ જેટલી માતબર રકમ ફાળવી અને અત્યાર સુધી યોજના ૮૨ ટકા ઘરો સુધી પહોંચાડી દીધેલ છે જેનું ગૌરવ થાય છે. સ્વાભાવિક છે કે આટલા આટલા સંઘર્ષ પછી નર્મદા યોજના આપણે સાકાર કરી છે. પહેલા નર્મદા નહાવા ભરૂચ જવું પડતું હતું. અત્યારે ખુદ નર્મદા માતા દરરોજ આપણા ઘરે પધારી આપણને પવિત્ર કરે છે. તે માટે આપણે સરદાર વલ્લભભાઇ પટેલ, આપણા લોકલાડીયા પ્રધાનમંત્રી અને અનેક મહાનુભાવોનું યોગદાન બિરદાવવું જ રહ્યું. આદિજાતિ વિસ્તાર માટેની પાણી પુરવઠા યોજના માટે એક હજાર કરોડની જોગવાઇ કરી આદિવાસી પ્રજા માટે શુદ્ધ પાણી પહોંચાડી આદિવાસી પ્રજાની સેવા કરી એ બદલ પણ હું સરકારને અભિનંદન આપું છું. દરિયાકાંઠાના ગામોમાં શુદ્ધ જળ સલામતિ માટે આ બજેટમાં રૂ. ૩૦૦ કરોડની જોગવાઇ કરી છે. આ દરિયાકાંઠાના માનવીઓ માટે આપણા નાણામંત્રીશ્રીની દરિયાદિલી છે. ઔદ્યોગિક ગંદા પાણીના વહન માટે રૂ.૨૨૭૫ કરોડની યોજના અમલીકરણ હેઠળ છે. સને ૨૦૧૮થી શરૂ થયેલી સુજલામ સુફલામ યોજના અંતર્ગત ગામોમાં જળ સંચય ક્ષેત્રમાં મોટી કામગીરી કરેલ છે. આમ, આપણે એક સમયે પાણી માટે તરસતું ગુજરાત આજે પાણીથી છલોછલ છે. પાણીનું વિતરણ, પાણીનો વપરાશ શિસ્તબદ્ધ થયો છે અને આને આયોજનનું ઉત્તમ ઉદાહરણ કહેવાય એટલે આ માગણીઓને મારું સમર્થન આપું છું.

અધ્યક્ષશ્રી : માનનીય શીવાભાઇ ભૂરીયા, આપને અભિનંદન. આપ આખો સમય હાજર રહો છો અને ખૂબ ધ્યાનથી બધાને સાંભળો પણ છો.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા(દિઓદર) : આભાર. માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે કૃષિ મંત્રીશ્રી કૃષિને લગતી માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, બનાસકાંઠા જિલ્લો એ પૂર્વ અને પશ્ચિમ એમ ખૂબ લાંબો જિલ્લો છે. બનાસકાંઠા જિલ્લો એવો છે કે ખેતી સિવાય કોઇપણ પ્રકારનો ધંધો ત્યાં નથી. ફક્ત અને ફક્ત ખેતી અને પશુપાલન આ બે ધંધા ઉપર જ આખો વિસ્તાર નભે છે. બનાસકાંઠા જિલ્લામાં નર્મદાનું પાણી સાડા ત્રણ કે ચાર તાલુકાને મળે છે. એ સિવાય બાકીના તાલુકાઓને નર્મદાનો લાભ મળતો નથી. શુક્રવારે નાયબ મુખ્યમંત્રીશ્રીએ એવું કહ્યું હતું કે, દાંતીવાડા ડેમમાં નર્મદા કેનાલનું પાણી જાય છે. જ્યારે પાઇપ લાઇન નાખી અને શ્રીમતી આનંદીબેન પટેલે ઉદઘાટન કર્યું એ વખતે એક કે બે દિવસ પાણી ગયું હતું. ઉદ્‌ઘાટન કરીને શ્રીમતી આનંદીબેન ચાલ્યા ગયાં અને પાણીનો રેલો બંધ થઇ ગયો એના સાક્ષી આ શ્રી કિર્તીસિંહ અને શ્રી શશીકાંતભાઇ બન્ને છે. ત્યારબાદ વર્ષ ૨૦૧૮માં મેં પ્રશ્ન ઉપસ્થિત કર્યો કે દાંતીવાડા ડેમમાં પાણી જતું નથી? એટલે શ્રાવણ મહિનામાં પાણી ચાલુ કર્યું અને એક દિવસ દાંતીવાડા ડેમમાં પાણી ગયું અને અમારે શ્રી પરબતભાઇ અને શ્રી કેશાજી એ બન્નેએ ત્યાં કુલો નાંખ્યા અને નીચે ઉતર્યા કે પાણીનો રેલો બંધ થઇ ગયો. મારી વારંવાર રજૂઆત એવી હોય છે, હું આક્ષેપ કરતો નથી પણ જેનો આપણે ખર્ચ કરીએ, સરસ્વતિ નદીમાં ડેમ બનાવ્યો અને શ્રી મોદી સાહેબે ઉદ્‌ઘાટન કર્યું એ પછી આજ દિવસ સુધી પાણી મળ્યું નથી. બનાસકાંઠા જિલ્લામાં વધારેમાં વધારે તાતી જરૂરિયાત પાણી માટેની છે. પૂર્વના તાલુકામાં કોઇપણ પ્રકારના પાણીના સોર્સ ન હોવાથી ૧ હજારથી ૧૨૦૦ ફૂટના બોર કરવા પડે છે. પાણી વગર પશુપાલન થવાનું નથી. નર્મદા કેનાલમાંથી પાણી નાખીને પૂર્વ બાજુના તળાવો ભરો અને સુજલામ-સુફલામ યોજનાનું પાણી ૨૪ કલાક ચાલુ રહે તો એના કારણે પાણીના લેવલ જળવાઇ રહે તો ખેડૂતો દુઃખી થાય નહીં. જો આ રીતે પાણીના તળ નીચા જતા રહેશે તો બનાસકાંઠા જિલ્લાના લોકોને હિજરત કરવી પડે એવી સ્થિતિ આવશે. કારણ કે બીજો કોઇ આધાર જ નથી. મારી સરકારશ્રીને વિનંતી છે કે તાત્કાલિક આનો નિર્ણય કરે. એમ કહેતા હોય કે ભાખરમાં અમે લિફ્ટથી પાણી ચડાવીએ છીએ તો બનાસકાંઠામાં પણ લિફ્ટથી પાણી ચડાવીને પાઇપ લાઇનથી બધા તળાવો ભરવામાં આવે એવી વિનંતી છે અને સુજલામ-સુફલામ કેનાલમાં કાયમી પાણી ચાલુ રહે એવી મારી વિનંતી છે. બીજી વાત કે સમગ્ર ગુજરાતમાં અગાઉની સરકારે મિટરવાળા કનેકશન આપ્યા હતા. ખેડૂતોને મિટરવાળા કનેકશનો પોસાતા ન હતા એટલે ખેડૂતોએ આંદોલન કર્યું અને એમાં મોટાભાગના સત્તાપક્ષમાં બેઠેલા હતા અને અમે પણ ભેગા હતા. કારણ કે અમે ખેડૂત હતા. અત્યારે ૪ ટકાથી વધારે મિટરવાળા કનેકશન છે. અત્યારે ખેડૂત મિટર વાપરે કે ન વાપરે પ્રત્યેક ખેડૂત પાસેથી મહિને ૨૦૦ રૂપિયા અને બાર મહિને ૧૨-૧૩ હજાર રૂપિયા બોર્ડ વસૂલ કરે છે. બે વર્ષ પહેલાં મેં રજૂઆત કરી અને સરકારે નિર્ણય કર્યો હતો કે કોઇપણ ખેડૂત એક મહિનાની અંદર પોતાનો લોડ રેગ્યુલર કરાવશે તો દંડ આપવામાં આવશે નહીં. પણ બોર્ડ વારંવાર પરિપત્રો કરતા રહે અને અત્યારે ફરી ચાલુ કર્યું છે અને એક લાખ રૂપિયા દંડ આપે અને ૫૦ હજાર

રૂપિયા વસૂલ કરે છે. કોઇપણ નીતિ નક્કી હોવી જોઇએ. આવી રીતે નવા નવા પરિપત્રો ન થવા જોઇએ. કોઇપણ એક નીતિ ખેડૂતો માટે નક્કી હોવી જોઇએ કે એક મહિનામાં ખેડૂત આમ નહીં કરે તો આમ થશે તો ખેડૂત સાવચેત રહે. ખેડૂતો બધાં અભણ છે અને ખેડૂતના ઘરમાં પૈસા ક્યાંથી હોય? આ તો બધા વાતો કરે છે કે ખેડૂત સમૃદ્ધ અને સુખી છે પણ જો સરવે કરવામાં આવે તો ખબર પડે કે ખેડૂતો કેટલા સમૃદ્ધ છે. ૧૦ ટકા ખેડૂતો સમૃદ્ધ હશે પણ ૯૦ ટકા એવા છે કે ૧૨ મહિને માંડ માંડ એમનું ખાવાનું પૂરું કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલે આવા કોઇ પણ પરિપત્રથી નીતિ નક્કી થાવી જોઇએ. અગાઉ મિટરવાળા કનેકશન મૂક્યા હતા. હું તો એમ માનું છું કે મિટર હોવા જ ન જોઇએ. ખેડૂતોને મફત વિજળી આપે તો ઘણું સારું એવી મારી લાગણી છે.

અધ્યક્ષશ્રી : માનનીય શીવાભાઇ, બેસી જાવ. આપનું પ્રવચન પૂરું થાય છે. મેં આપને એક મિનિટ વધારે આપી. માનનીય કીર્તીસિંહ વાઘેલા.

શ્રી કિર્તીસિંહ પ્ર. વાઘેલા(કાંકરેજ) : માનનીય અધ્યક્ષશ્રી, સને ૨૦૨૧-૨૨ના વર્ષના અનુદાનો માટેની માગણી ક્રમાંક ૭૧ માનનીય મંત્રીશ્રી આર.સી. ફળદુ સાહેબ લઇને આવ્યા છે, જેમાં મારા વિચારો રજૂ કરું છું અને અનુમોદન આપું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૩મી માર્ચ જેને શહીદ દિન તરીકે ઊજવીએ છીએ. આજના દિવસે મા-ભારતીના મહાન સપૂત ભગતસિંહ, સૂખદેવ અને રાજગુરુને વિદેશી અંગ્રેજોની સલ્તનતે ફાંસી આપી હતી. હું શહીદ વીરોને નતમસ્તક વંદન કરીને વીરાંજલિ અને શ્રદ્ધાજલિ આપું છું. મહાત્મા ગાંધીજીએ કહ્યું હતું કે ભારતનો આત્મા ગામડાનો છે. ભારતનો વિકાસ કરવો હોય તો ગામડાનો વિકાસ કરવો જોઇએ પણ ગાંધીજીના કહેવાતા અનુયાયી કોંગ્રેસીઓએ ગાંધીજીની સલાહની અવગણના કરી જેથી ગામડાઓ વિકાસથી વંચિત રહી ગયા. ગુજરાતમાં વર્ષ ૧૯૯૫માં અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર બની અને ગ્રામ વિકાસની શરૂઆત ગોકુળિયું ગામ યોજનાથી થઇ. દેશના પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે ગામડેથી ભારત કુદેનો સંકલ્પ કર્યો છે જેમાં આત્મા ગામડાનો અને સુવિધાઓ શહેર જેવી એવી ગ્રામ વિકાસની શરૂઆત અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં વસવાટ કરતા લોકોની આર્થિક ઉન્નતિ તેમજ જીવન ધોરણની ગુણવત્તા સુધારણા માટે આજીવિકા, કૌશલ્ય વિકાસ, સામાજિક સુરક્ષા અને માળખાકિય સુવિધાના કાર્યક્રમો અને આત્મનિર્ભરના અભિગમ સાથે ગ્રામ વિકાસ મંત્રાલય તથા સંલગ્ન વિભાગ સાથે મળીને ગુજરાત સરકાર ગ્રામ જીવન સ્તરને ઉત્તમથી સર્વોત્તમ તરફ બનાવવા આગળ વધી રહી છે જે બદલ રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને અભિનંદન આપું છું. ગુજરાતના સંવેદનશીલ મુખ્યમંત્રી માનનીય વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબની સરકાર ગુજરાતના દરેક ગામડાના વિકાસલક્ષી માળખાકીય સુવિધાઓ માટે ગ્રામ વિકાસ વિભાગને મહત્તમ બજેટની ફાળવણી કરી છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં સૌને આવાસના ઉદ્દેશ સાથે અમલમાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણ હેઠળ એક લાખ આવાસો પાકા બાંધવામાં આવશે. જેના માટે ૧૨૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ, સ્વચ્છતા ભારત મિશન ગ્રામીણ અંતર્ગત ૮૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ, મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ યોજના અંતર્ગત ૫૬૪ કરોડ રૂપિયાની જોગવાઇ, મહિલાઓના સશક્તિકરણ અને આર્થિક વિકાસ માટે નેશનલ રૂરલ લાઇવ્લી હૂડ મિશન આજીવિકા અંતર્ગત ૩૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના માટે ૧૨૪ કરોડ રૂપિયાની જોગવાઇ, સ્થાનિક આર્થિક વિકાસને ઉત્તજન આપવા અને મૂળભૂત સેવાઓનો વ્યાપ વધારવા ડો.શ્યામાપ્રસાદ મુખરજી રૂર્બન મિશન હેઠળ રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ, મનરેગા હેઠળ ગ્રામ વિસ્તાર ઉપયોગી અસ્કયામતો ઊભી કરવી જરૂરી હોવાથી જૂથ કૂવા, બાગાયત નર્સરી, ગ્રામ પંચાયત ભવન, આંગણવાડી કેન્દ્રો, સેગ્રીગેશન શેડ, અનાજ સંગ્રહ માટેના ગોડાઉન, સ્વસહાય જૂથ સંચાલિત લઘુદ્યોગો માટે વર્કશેડ, કેટલ શેડના કામો માટે રાજ્ય સરકાર દ્વારા ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ, નવા મંજૂર આવાસોની સાથે બાથરૂમની સુવિધા ઉભી કરવા માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ, ગામમાં પ્રવાહી કચરાના વ્યવસ્થાપન માટે ગ્રે વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ નાંખવા અંતર્ગત રૂપિયા ૩૪ કરોડની જોગવાઇ, મહિલાઓના ઉત્કર્ષ યોજનાના લાભાર્થીઓને આર્થિક ઉપાર્જનની કાયમી વ્યવસ્થા મળે તે હેતુથી મનરેગા યોજના અંતર્ગત બોરવેલ અને સોલાર પંપ આપવા માટે ૨૫ કરોડની જોગવાઇ, ગ્રામ વિસ્તારના પ્લોટ વિહોણા લાભાર્થીઓ માટે જયારે પર્યાપ્ત ગામતળ ઉપલબ્ધ ન હોય ત્યારે ૧૦૦૦૦થી વધુ વસ્તી ધરાવતા મોટા ગામોમાં મર્યાદિત જમીનનો ઉપયોગ કરી ત્રણ માળના મકાનોની યોજનાથી આવાસોનો લાભ આપી શકાય તે માટે મુખ્યમંત્રીશ્રી સામુદાયિક આવાસ યોજના અંતર્ગત ૨૧ કરોડની જોગવાઇ, મહિલા સ્વસહાય જૂથોને શૂન્ય વ્યાજ દરે ધિરાણ મળી રહે તે હેતુથી વ્યાજ સહાય માટે રૂપિયા ૧૮ કરોડની જોગવાઇ. ગ્રામ વિકાસ વિભાગને મહત્તમ બજેટ ફાળવવા માટે હું સરકારશ્રીને અભિનંદન આપું છું.

શ્રી મોહનસિંહ છો. રાઠવા(છોટાઉદેપુર) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણી નં.૨ માનનીય મંત્રીશ્રી લઇને આવ્યા છે તેના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પૈસા તો એટલા બધા આપણે આપીએ છીએ કે જે માગણી નં.૨ માનનીય મંત્રીશ્રી લઇને પધાર્યા છે એમાં ૧૨૫૦ કરોડ, ૮૦૦ કરોડ, ૫૬૪ કરોડ, ૩૦૦ કરોડ, ૧૨૪ કરોડ, ૧૦૦ કરોડ, ૧૦૦ કરોડ, ૫૦ કરોડ, ૩૪ કરોડ, ૨૫ કરોડ, ૨૧ કરોડ અને ૧૮ કરોડ એમ ૩૩૮૬ કરોડ રૂપિયાની માગણી લઇને માનનીય મંત્રીશ્રી પધાર્યા છે. પૈસા તો એટલા બધા ભારત સરકાર તરફથી અને ગુજરાત સરકાર તરફથી મળે છે પણ જે ખેડૂતોને આ પૈસા મળવા જોઇએ એ ખેડૂતોને આ પૈસા મળતા નથી અને બીજા વચેટીયા લોકો આ પૈસા બધા ચરી જાય છે. આટલા કામો થઇ જાય તો ગુજરાત ફાલંફુલા અને

તુંબંતુંબા થઇ જાય પણ પરિસ્થિતિ એવી છે કે ચરી જનારા આખલાઓની સંખ્યા વધતી જાય છે તેના કારણે જે યોજનાઓ બનવી જોઇએ એ યોજનાઓ પૂરી બનતી નથી. અત્યારે મનરેગાના જે કામો ચાલે છે તાલુકાવાર તો બધાને એમ કહે છે કે આટલા લાભાર્થીઓએ લાભ લીધો છે અને જોબકાર્ડ ધારકોને કેટલી રકમ ચૂકવાઇ તો કોઇ આપણને એમ નહીં કહે કે જોબકાર્ડધારકોને આટલી રકમ ચૂકવાઇ એટલે મનરેગા યોજના હેઠળ જેટલા કામો થાય છે એ કામો માટે અમારી અનેક રજૂઆતો હતી કે માની લો કે છોટા ઉદેપુર જિલ્લો, જેતપુર–પાવી તાલુકો અને કોલીચારી ગ્રામ પંચાયતમાં અનેક મારી રજૂઆતો હતી કે આટલા બોગસ પૈસા લઇ લીધા. તળાવ બનાવ્યા વગર ૧૯ લાખ રૂપિયા લઇ લીધા. હવે ૧૯ લાખ રૂપિયા લઇ લીધા એમાં ૧૦ લાખ રૂપિયા બચત હતી, રૂપિયા ૧૦ લાખ તો સરપંચે લઇ લીધા. એવી રીતે કમ્પાઉન્ડ વોલ, સંરક્ષણ દિવાલ બનાવવા માટે પણ ૧૮ લાખ રૂપિયા હતા એ ૧૮ લાખ રૂપિયા લઇ લીધા. સંરક્ષણ દિવાલ ન બની. એવી રીતે ૮–૯ જણા નોકરી કરે અત્યારે ગુજરાત સરકારમાં જ આ લોકો નોકરી કરે અને આ જોબકાર્ડ મળે બધાને અને જોબ કાર્ડથી આ લોકો દર મહિને કે અમે આટલા દિવસ કામ કર્યું એટલે અમને આટલી રોજી આપો. એ પૈસા પણ લે. એક બાજુ કાયદા કરીએ કે ૧૧ વર્ષના, ૧૨ વર્ષના છોકરાઓને કોઇ મનરેગા યોજના હેઠળ કામ નહિ મળે. કામ ઉપર લેવાય નહીં અને આવા છોકરાઓને નોકરી ઉપર રાખીને કોઇને ૧૨,૦૦૦ રૂપિયા કોઇને ૮,૦૦૦ રૂપિયા તો કોઇને ૨,૦૦૦ રૂપિયા એવા પૈસા ચૂકવવામાં આવે છે. એવી કાર્યવાહી થઇ અને એની તપાસ કરવા માટે મેં માનનીય મુખ્યમંત્રી સાહેબને ૭ પત્રો લખ્યા અને માનનીય મુખ્યમંત્રી સાહેબે ૭ પત્રોના આધારે સ્પેશિયલ તપાસ સોંપી અને એ પકડાયા. ૬–૬ જણાને નોકરીમાંથી કાઢી મૂક્યા અને ૧૯ લાખ રૂપિયામાં ૧૦ લાખ રૂપિયા તળાવના હતા એ પણ સરકારે પાછા લઇ લીધા. એટલે આટલા તો બચી ગયા. આવાં એક કામ નથી. આવાં તો ૭ કામો માટે મેં પત્રો લખ લખ કર્યા છે. મુખ્યમંત્રી સાહેબને મારા ૭ કાગળો છે. મહામહિમ લોકાયુક્ત સાહેબને, વિજયભાઇ રૂપાણી સાહેબને, મહેરબાન સચિવ કમિશનર ગ્રામ વિકાસ વિભાગને, બ્લોક નં. ૮ સચિવાલય ગાંધીનગર અધિક વિકાસ કમિશનરશ્રીને, નિયામકને બધાને પત્રો લખ્યા, પણ આજ સુધી આ એક જ કામ થયું અને આ કામ થયું એટલે ૧૦ લાખ રૂપિયા સરકારને પરત મળી ગયા.

માનનીય અધ્યક્ષશ્રી, મસ્ટર નં. ૨૮૩૦ રાઠવા ભુલાભાઇ કુલાભાઇના નામે ૧૧૨૦ રૂપિયા ચૂકવાયેલા છે. સદર ઇસમ છેલ્લાં ૫ વર્ષથી મૈયત છે. આવા મૈયત થયેલા ૧૦–૧૫ જણા છે. મૈયત થયેલા લોકોના મસ્ટરો ઉપર નામ ચાલે છે. આ પૈસા કોણ લઇ જાય છે તેની તો તપાસ કરો? તપાસ હજુ સુધી થતી નથી. આ હુકમમાં લખેલ છે કે તાલુકા વિકાસ અધિકારીએ પોલીસ ફરિયાદ કરવી જોઇએ, પણ હજુ પોલીસ ફરિયાદ કરી નથી. તો આવા અનેક ગામોમાં મૈયત થયેલા લોકોના મસ્ટર ઉપર નામ હોય છે અને તેમને પગાર મળે છે. કુલિયારી ગ્રામ પંચાયત મસ્ટર નં. ૨૮૩૧ નારણભાઇ વેચાતભાઇના નામે ૧૧૨૦ રૂપિયા ચૂકવાયેલ છે. સદર ઇસમ એસ.આર.પી.માં નોકરી કરે છે. આજે પણ નોકરી ચાલુ છે. મસ્ટર નં. ૨૮૩૧ રાઠવા રણજિતભાઇ અરસીંગભાઇના નામે ૧૧૨૦ રૂપિયા ચૂકવાયેલ છે. સદર ઇસમ પ્રાથમિક શાળા ઉચાપાનમાં શિક્ષક તરીકે ફરજ બજાવે છે. શિક્ષક તરીકે ફરજ બજાવે અને મસ્ટર ઉપર એક મજૂર તરીકે કામ કરે અને તેને રૂપિયા ૬,૦૦૦, ૧૨૦૦૦નો પગાર મળે, એ પગાર પણ તે લે. મસ્ટર નં. ૨૮૩૨ રાઠવા ઉર્વશીબેનન રણજિતભાઇના નામે ૧૧૨૦ રૂપિયા ચૂકવાયેલ છે. સદર વ્યક્તિ ૧૫ વર્ષનો બાળ મજૂર છે અને ગામના શિક્ષકની પુત્રી છે. મસ્ટર નં. ૨૮૩૨ દિવ્યાબેન સુભાષભાઇ રાઠવાને ૧૧૨૦ રૂપિયા ચૂકવાયેલા છે. ૧૫ વર્ષનો બાળ મજૂર છે. મસ્ટર નં. ૨૮૩૩ રાઠવા અશ્વિનભાઇ આપસીંગભાઇને ૧૧૨૦ રૂપિયા ચૂકવાયેલ છે અને વડોદરા જી.ઇ.બી.માં હેલ્પર તરીકે નોકરી કરે છે. મસ્ટર નં. ૩૨૯૪ નાયકા ભાયચંદભાઇ નારસીંગભાઇના નામે ૨૨૪૦ રૂપિયા ચૂકવાયેલ છે. વડોદરામાં રેલ્વેમાં નોકરી કરે છે. એટલે એસ.આર.પી. હોય, જી.ઇ.બી. હોય આ તમામ જગ્યાએ પ્રાથમિક શાળાના શિક્ષકો, જંગલ ખાતાના બીટગાર્ડ આવા લોકો નોકરી કરે અને મજૂર તરીકે એને આ પૈસા મનરેગા યોજનામાંથી મળે.

માનનીય અધ્યક્ષશ્રી, આવા બાળ મજૂરો માટે આપણે વિધાનસભામાં બિલ લાવ્યા અને એક લાખ રૂપિયાનો દંડ કરવાનું નક્કી કર્યું. અહીં તો બધા ૧૨, ૧૩ અને ૧૧ વર્ષના છોકરાંઓના નામો મજૂર તરીકે બોલે છે અને તેમના પૈસા કોણ લે છે તેટલી તો તપાસ કરાવો. મારી લાગણી એટલી છે કે, આવી કંઇક તપાસ કરીએ અને બે–ત્રણ લોકો સસ્પેન્ડ થાય તો આ જે ચોરી કરનારા લોકો આવી અનેક પ્રકારની ચોરી કરે છે અને કેટલીક ગ્રામ પંચાયતના સરપંચ કેટલીક જગ્યાએ કોઇપણ કામ કર્યા વગર આવું કરે છે. ચુંડેલી ગ્રામ પંચાયતના સરપંચે જે ચોરી કરી છે તેમાં પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે જોબકાર્ડ કઢાવીને...

અધ્યક્ષશ્રી : આપની પાસે એક મિનિટ છે.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, પ્રાથમિક શાળાના શિક્ષક તરીકે જોબકાર્ડ કઢાવીને કોઇપણ કામ કર્યા વગર તેને પૈસા મળે છે. આ ચુંડેલી ગ્રામ પંચાયત બોડેલી તાલુકાનું છે. સરપંચે પોતાના નામનું જોબકાર્ડ કઢાવેલ છે અને તેમના નામે નાણાં જમા થાય છે. ચુંડેલી ગામમાં હરફલી ફળીયું આવેલું નથી છતાં ત્યાં પેવર બ્લોકનું કામ બતાવી ૨(બે) લાખ ૯૨ હજાર રૂપિયાનો ખર્ચ પાડી આ પૈસા લઇ લીધેલ છે. માટી–મેટલના જે રસ્તા બનાવેલ છે તેમાં આવા રસ્તાઓ ઉપર આર.સી.સી. પણ થઇ ગયેલ છે તેવા રસ્તા ઉપર માટી–મોરમનો ખર્ચ પાડેલો છે. ચુંડેલી ગામે માટી–મોરમના રસ્તા બનેલા છે તે રસ્તા પ્લાન એસ્ટીમેટ પ્રમાણે પૂરેપૂરા બનેલા નથી. આવો જ એક ધનપુર ગ્રામ પંચાયતમાં સુખી સિંચાઇ યોજનાનો કેસ છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. (માનનીય અશ્વિનભાઇ કોટવાલે સમય આપવા માટે બેઠાંબેઠાં ઇશારો કરતાં) ઓ કે, આપને બીજો સમય કોંગ્રેસ આપે છે. હું બીજામાંથી સમય કાપી લઇશ. આપ બોલો.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, થેન્ક યુ. સુખી સિંચાઇ યોજનાના જે ૩૦ ગામો સંપૂર્ણ ડૂબાણમાં ગયા હતા તેમાંથી ચાર ગામો ધનપુર ગ્રામ પંચાયતમાં રિહેબીલેટ થયા છે તે લોકોના જે રસ્તાઓ મંજૂર થયેલા છે તે રસ્તાઓના કોઇ કામો થયા નથી તેમ છતાં ત્રણ-ત્રણ લાખ રૂપિયા લઇ લીધા છે. હું સરકારને એટલું કહું છું કે, વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૯ના આ ખર્ચ પડેલા છે. તેમાં એકપણ રૂપિયાની રકમ વપરાઇ નથી તો તેની તો તપાસ કરાવો. જેથી કરીને ખબર પડે કે આવી રીતે કરોડો રૂપિયા જતા રહે છે. જે પ્રજાનું કામ થવું જોઇએ તે કામ થતા નથી. મારી માનનીય સરકારશ્રીને એટલી જ નમ્ર વિનંતી છે કે, અમે જે લખીને આપીએ તે અમારી જવાબદારી છે. અમે લખીએ એટલે અમારી જવાબદારીથી લખીએ છીએ એટલે તમે તેની એટલી તપાસ કરાવો, સ્થળ ઉપર કામ ન થયું હોય, તપાસ કરાવો તો લોકોને રસ્તા મળે તથા ત્રણ-ત્રણ, ચાર-ચાર લાખ રૂપિયા જે ચવાઇ જાય છે તે રકમ ચવાય નહીં એટલું કરવા મારી સરકારને વિનંતી છે.

અધ્યક્ષશ્રી : માનનીય ભરતભાઇ પટેલ. એક મિનિટ, માનનીય મંત્રીશ્રી.

શ્રી આર.સી.ફળદુ : (બેઠાંબેઠાં) તમારી ફરિયાદ મને આપી દેજો.

શ્રી મોહનસિંહ છો. રાઠવા : હા જી.

અધ્યક્ષશ્રી : આભાર, માનનીય ભરતભાઇ પટેલ.

શ્રી ભરતભાઇ કી. પટેલ(વલસાડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ફળદુ સાહેબ વાહન વ્યવહાર વિભાગની માગણી ક્રમાંક-૭૪ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન આપું છું અને મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ શરૂઆતથી જ વન-ડે ગવર્નન્સ અમલમાં મૂકતો વિભાગ છે. ચાલુ વર્ષે કોવિડ-૧૯ નામના રોગની વૈશ્વિક મહામારીમાં આ વિભાગ દ્વારા લોકોની સલામતિ અને સેવા માટે મહત્ત્વની કામગીરી કરવામાં આવેલ છે. કોવિડ-૧૯ મહામારીના સમય દરમ્યાન વાહન વ્યવહાર વિભાગ દ્વારા સ્થાનિક વહીવટી તંત્ર સાથે લોકડાઉનના સમય દરમ્યાન આવશ્યક ચીજવસ્તુઓની હેરાફેરી, વિતરણ વ્યવસ્થા, કરફ્યુના માહોલ વચ્ચે રાજ્ય, આંતર રાજ્યના મુસાફરો, વતનીઓને તેમના મૂળ વતનમાં પહોંચાડવા માટેની ઉત્તમ કામગીરી બજાવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને વાહન વ્યવહાર મંત્રીશ્રી આર. સી. ફળદુ સાહેબ અને આમારી આ સંવેદનશીલ સરકાર દ્વારા અસરગ્રસ્ત સેકટરને બેઠું કરવા માટે ધંધા માલીકો અને સ્ટોક હોલ્ડરમાં આત્મવશ્વાસ અને ધબકારા પૂરાં પાડવા માટે આત્મનિર્ભર ગુજરાત પેકેજ વાહન વ્યવહાર સેકટર માટે સરકારે જાહેર કરેલ છે. આત્મનિર્ભર ગુજરાત અભિયાન હેઠળ ખાનગી લકઝરી બસો, ભાડૂતી વાહનો વગેરે ધંધાને લોકડાઉનને કારણે માઠી અસર થયેલ હોવાથી ૧લી એપ્રિલ, ૨૦૨૦થી ૩૦ સપ્ટેબર ૨૦૨૦ સુધી એટલે કે ૬ મહિના સુધી દરેકને વ્હિકલ ટેક્સ, રોડ ટેક્સ ભરવામાંથી સરકારે સંપૂર્ણ માફી આપેલ છે અને આ જાહેરાતથી કુલ ૧,૨૧,૦૭૫ લાભાર્થીઓને રૂપિયા ૨૩૨.૭૦ કરોડની નાણાકીય સહાય આપેલ છે. જાન્યુઆરી ૨૦૨૦થી ૨૦૨૧ સુધીમાં રૂપિયા ૨૨૦૪ કરોડની આવક આ વિભાગ દ્વારા થયેલ છે અને એપ્રિલ ૨૦૨૦થી જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં ૮.૨૧ લાખ વાહનોની નોંધણી થયેલ છે. આ કામગીરીમાં એપ્રિલ ૨૦૨૦થી જાન્યુઆરી ૨૦૨૧ સુધીમાં ૧૮.૫૪ લાખ આર.સી.બૂકનું ડોર ટુ ડોર વિતરણ કરવામાં આવેલ છે. સરકાર દ્વારા ૯૬ બસ સ્ટેન્ડ તેમજ સેન્ટ્રલ ઓફિસોને સી.સી.ટી.વી.કેમેરાની સિસ્ટમથી સજ્જ કરવામાં આવેલ છે. માનનીય મંત્રીશ્રીને આપના માધ્યમથી એક વિનંતી કરવા માગુ છું કે, વલસાડમાં પણ અદ્યતન બસ સ્ટેન્ડ સુવિધા બનાવવામાં આવેલ છે પણ ત્યાં થોડી કામગીરી એજન્સી દ્વારા બાકી છે એ કામગીરી એજન્સી દ્વારા સત્વેરી પૂરી કરવામાં આવે એવી મારી વિનંતી છે. જન-સુખાકારી નિગમ દ્વારા જે વિવિધ યોજનાઓ છે તેમાં અગત્યની યોજનામાં વિદ્યાર્થીઓને પાસમાં ૮૨.૫૦ ટકાની રાહત આપવામાં આવેલ છે, ગ્રામ્ય વિદ્યાર્થીઓને મુસાફરી માટે ૧૦૦ ટકા રાહત આપવામાં આવેલ છે, અંધજન વ્યક્તિઓને મુસાફરી માટે ૧૦૦ ટકા રાહત આપવામાં આવેલ છે, મુસાફરી પાસ ત્રિમાસિક માટે ૫૦ ટકા રાહત આપવામાં આવેલ છે, રાજ્યના પારિતોષિક વિજેતા શિક્ષકો તેમજ સ્વાતંત્ર્ય સેનાનીઓ અને તેમની વિધવાઓને બસ સુવિધા માટે સેવાનો લાભ આપેલ છે અને પ્રેસ મિડિયા રેડિયો-ટીવી વગેરે રિપોર્ટર્સને ૧૦૦ ટકાની સહાય આપેલ છે, ગુજરાતના વિદ્યાર્થીઓને શૈક્ષણિક પ્રવાસમાં ૨૫ ટકા રાહત આપવામાં આવેલ છે. રાજ્ય સરકાર દ્વારા ઉજવવામાં આવતા રમત-ઉત્સવોમાં ભાગ લેતા વિદ્યાર્થીઓને પણ ૫૦ ટકા રાહત આપવામાં આવેલ છે તેમજ સિનિયર સિટિઝનો માટે ધાર્મિક પ્રવાસ અર્થે શ્રવણ તિર્થ દર્શન યોજના અંતર્ગત ૫૦ ટકા રાહત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ છે. વિદ્યાર્થીઓને શાળા-કોલેજમાં કમ્પ્યુટરાઇઝ્ડ પાસની સુવિધા કરવામાં આવેલ છે. કેન્સર, થેલેસેમિયા દર્દીઓને ૫૦ ટકા રાહત આપવામાં આવેલ છે. દિવાળીના તહોવારોના સમયમાં સુરત તથા અન્ય જિલ્લાના રત્ન કલાકારોને માદરે વતન જવા માટે એકસ્ટ્રા બસોની સુવિધા સુરતથી સૌરાષ્ટ્ર તરફ આ વિભાગ દ્વારા કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિવિધ તહેવારોમાં શ્રમિકોને અને અન્ય પ્રાન્તના રહીશોને પણ વતનમાં પહોંચાડવા માટે આ વિભાગ દ્વારા બસ સુવિધા કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારીમાં એસ.ટી. નિગમ દ્વારા મહત્ત્વની કામગીરીમાં રાજ્યના અલગ અલગ જિલ્લાઓમાંથી ૫૭,૫૪૨ શ્રમિકોને ૯૭૬ બસ ટ્રીપ દ્વારા વતન તરફ જવા માટે સગવડ કરી આપવામાં આવેલ છે. ઉત્તરાખંડમાં ફસાયેલા યાત્રાળુઓ તેમજ કોટા રાજસ્થાન ખાતે અભ્યાસ અર્થે ગયેલ વિદ્યાર્થીઓને તેમજ

તેમના પરિવારજનોને મળી કુલ ૨૯૯૮ લોકોને ૧૦૩ બસ દ્વારા સુરક્ષિત પોતાના વતન સુધી પહોંચાડવાની સગવડ કરવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, વાહન વિભાગ દ્વારા, નિગમ દ્વારા કરવામાં આવેલી આ કામગીરીની માનનીય હાઇકોર્ટ દ્વારા પ્રસંશા કરવામાં આવી છે અને એસ.ટી. નિગમને વિવિધ એવોર્ડ પણ આપવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, રીસ્પોન્સ ટુ કોવિડ–૧૯ અંતર્ગત કોરોના મહામારી દરમ્યાન નિગમ દ્વારા કરેલ વિશિષ્ટ કામગીરીને પ્રતિષ્ઠિત સિલ્વર કોચ એવોર્ડ ૨૦૨૦ આપવામાં આવેલ છે. માનનીય મંત્રીશ્રી આર.સી. ફળદુ સાહેબના અધ્યક્ષ સ્થાને ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી અને સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સિલની બેઠકો નિયમિત કરવામાં આવે છે. આમ, વાહન વ્યવહાર વિભાગ દ્વારા કોવિડ–૧૯ના સંકટ સમયે જે કામગીરી કરેલ છે એ લોકોએ ખૂબ જ વખાણી છે અને સરકારને ખૂબ ખૂબ ધન્યવાદ આપું છું, આભાર.

શ્રી રઘુભાઇ મે. દેસાઇ(રાધનપુર) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, પશુપાલન અને ડેરી વિકાસની માગણી નંબર–૨ અને ૪ ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ખેતી અને પશુપાલન ધરતી માતાના બે દીકરા છે એક ખેડૂત અને બીજો માલધારી. ખેડૂત અન્ન પકવી પોતાનું ભરણપોષણ કરે છે અને જગતનું પણ ભરણપોષણ કરે છે એટલે એને જગતનો તાત્ પણ કહેવામાં આવે છે. એ જ રીતે માલધારી પશુધનના પોષણક્ષમ ઉત્પાદન કરી અમૃત સમાન દૂધ જગતને પૂરું પાડે છે અને પર્યાવરણ વિસ્તારકનો રક્ષક છે. દેશમાં ત્રણ  વડાપ્રધાનોને આપણે યાદ કરવા પડે, પંડિત જવાહરલાલ નહેરુ, લાલબહાદૂર શાસ્ત્રી અને માનનીય ઇન્દિરા ગાંધીજી. જેઓ આ દેશમાં શ્વેત ક્રાંતિ અને હરિત ક્રાંતિ લાવ્યા. એ સમયે ખૂબ લાંબી દૃષ્ટિથી વિચારીને દૂધ ઉત્પાદક સંઘોની રચના કરવામાં આવી અને આજે આપણે જેને ટેસ્ટ ઓફ ઇન્ડિયા, અમુલ જેને કહીએ છીએ એ ૧૪ સંઘોની રચના કરી અને એક બ્રાન્ડ કરી જેનાથી દેશ અને દુનિયામાં ગુજરાતનું નામ રોશન કર્યું છે. ત્યારે મારે ખાસ કહેવું છે કે ડેરીનો વિકાસ ક્યારે થાય? જ્યારે પશુઓને સારો ચારો મળી રહે, સારું દાણ મળી રહે, સારી વ્યવસ્થાઓ, સારી દવાઓ, સારી સારવાર મળી રહે તો જ દૂધનું સારું ઉત્પાદન થાય અને ડેરીનો વિકાસ થાય. સાથે સાથે દૂધ ઉત્પાદકોને સારા ભાવ મળે. આજે ગામડાઓમાં ખેતી સાથે પશુપાલન એ સૌથી મોટો વ્યવસાય બન્યો છે. જો ખેતી એકજ હોત અને સાથે ડેરીઓનો વિકાસ થયો ન હોત તો આજે ગામડાઓમાં હિજરત થઇ ગઇ હોત. આજે ગુજરાતના ૬૨થી ૬૫ ટકા લોકો જે ગામડાઓમાં વસે છે એનું કારણ એ છે કે દર અઠવાડિયે કે દસ દિવસે ડેરીઓમાંથી એમને પગાર મળે છે અને આજે જે ગામડા ટકી રહ્યા છે એનું કારણ ડેરીનો વિકાસ છે અને આ દૂધ ઉત્પાદક સંઘો છે. ત્યારે દૂધ ઉત્પાદક સંઘોમાં આજે રાજકીય અખાડા કરી કિન્નાખોરી રાખી શાસન ચાલી રહ્યું છે તેના તરફ પણ સરકારે જોવાની જરૂર છે.

ગઇકાલે મહેસૂલ મંત્રીશ્રી એવો આંકડો આપતા હતા કે ગુજરાતમાં એક મીટર જમીન પણ ગૌચરની વેચાઇ નથી. આપના દ્વારા હું કહેવા માગું છું કે, ગુજરાતમાં ૨૭,૬૭,૯૩૬ ચોરસમીટર ખેતીની જમીન ઔદ્યોગિક હેતુ માટે આપવામાં આવી છે. સાથે સાથે ગુજરાતમાં અને આ દેશમાં પણ ૧૦૦ પશુ દીઠ ૪૦ એકર ગૌચરની જમીન આપવાનો ઠરાવ થયેલો છે. માનનીય સુપ્રીમ કોર્ટે એ.ટી.આર. વર્ષ ૨૦૧૧માં અને ૧૧૨૩ તારીખ ૧–૯–૨૦૦૫માં પણ નામદાર ગુજરાત હાઇકોર્ટે પણ ઠરાવ્યું છે કે, જેટલી ભૂમિ ઔદ્યોગિક હેતુ માટે કે સરકાર પોતાના હેતુ માટે આપે એટલી જ જમીન નીમ કરવી જોઇએ. આવો સ્પષ્ટ આદેશ હોવા છતાં આ ભૂમિ નીમ કરવામાં આવતી નથી. સાથે સાથે ગૌચરોની સાથે વાડાઓ જેના હોય એના નામે કરવાની વાતો અહીંયા માનનીય મહેસૂલ મંત્રીશ્રી અને સરકાર દ્વારા વારંવાર કરવામાં આવે છે. પરંતુ આજ સુધી એ વાડાઓ નામે થઇ રહ્યા નથી. ત્યારબાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં પણ મનફાવે તેમ દંડ લેવાય છે જેના લીધે પશુપાલકો દંડાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું વિનંતી કરું છું કે ભૂમિહીન માલધારીઓ માટે ૧૯૫૭માં જ્યારે સૌરાષ્ટ્ર સરકાર હતી અને આપણે ત્યાં મુંબઇ સરકાર હતી ત્યારે સૌરાષ્ટ્રની સરકારે એક ઠરાવ કર્યો હતો કે જે લોકો પશુપાલનનો વ્યવસાય કરે છે એમને ખેડૂતની વ્યાખ્યામાં ગણવા જોઇએ અને પાંચ એકર સુધીની જમીન એ લઇ શકે એટલે ગુજરાતની સરકારે પણ આ ભૂમિહીન માલધારીઓ, પશુપાલકો પાંચ એકર ખેતીની જમીન ધારણ કરી શકે એવું કરવું જોઇએ કેમકે પશુઓનું પાલન એ ખેતી આધારિત છે અને આ વ્યવસાયને પણ ખેતી સાથે જોડીને એને ખેડૂત તરીકે ગણવો જોઇએ તેવી પણ મારી માગણી છે. રાજ્ય સરકાર દ્વારા ગૌચર સુધારણા ગ્રાન્ટ આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૭–૧૮ સુધીમાં ૫૦ જેટલા ગામોમાં અપાયેલ રકમોનો ઉપયોગ કરાયેલ નથી. સાથે સાથે ગૌચર ભૂમિ ઉપર જે પણ દબાણો થાય છે વારંવાર સરકાર વાત કરે છે, રજૂઆત થાય છે, અહીંયા વિધાનસભામાં પણ એની ખાતરી આપવામાં આવતી હોવા છતાં, વારંવાર કહેવા છતાં પણ આ દબાણો દૂર થતા નથી ત્યારે મને એવું લાગે છે કે, ખેડૂત ખામોશ છે, માલધારી મુંઝવણમાં અને બેરોજગારી દૂર થતી નથી માટે માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું સમર્થન આપતો નથી.

શ્રી દેવાભાઇ પું. માલમ(કેશોદ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી આર.સી.ફળદુ સાહેબ કૃષિ અને ખેડૂત કલ્યાણની માગણી નંબર–૨ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપી અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગૃહને માહિતગાર કરવા માગુ છું કે, ગુજરાત રાજ્યમાં ભારત સરકારના ટેકાના ભાવની યોજનાનો અમલ ખૂબ સારી રીતે કરવામાં આવી રહ્યો છે. જે અંતર્ગત કેન્દ્ર સરકારની ટેકના ભાવની યોજનામાં ભારત સરકારશ્રીનું કૃષિ ખર્ચ અને ભાવ પંચ, નવી દિલ્હી સીએસીપી દર વર્ષે વિવિધ રાજ્ય સરકારો તથા સ્વાયત સંસ્થાઓ દ્વારા જમીનની તૈયારીથી લઇને ખેત પેદાશોના વેચાણ સુધીની ખેતીની તમામ પ્રક્રિયામાં વપરાતી સાધન સામગ્રી જેવી કે

બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ, મજૂરી, વિજળી, ડિઝલ વગેરે તમામના ખર્ચાઓને આવરી લઇ વૈજ્ઞાનિક પદ્ધતિથી અંદાજવામાં આવેલ પાક ઉત્પાદન ખર્ચ મેળવે છે. આમ, મેળવવામાં આવેલ પાક ઉત્પાદન ખર્ચ ઉપરાંતની બાબતો જેવી કે, આગામી વર્ષના ભાવોમાં સંભવિત ભાવ વધારો તથા કુદરતી આફતોથી નુકસાન તેમજ અન્ય બાબતોને ધ્યાનમાં લઇ પંચ દ્વારા ટેકાના ભાવની ભલામણો ભારત સરકારને મોકલવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકારશ્રી દ્વારા લઘુત્તમ ટેકાના ભાવ નીતિમાં સમાવિષ્ટ કુલ ૨૩ જણસીઓના દર વર્ષે ટેકાના ભાવો જાહેર કરવામાં આવે છે. આ યોજનામાં રાજયના મુખ્ય પાકો જેવા કે બાજરી, જુવાર, મકાઇ, ડાંગર, કપાસ, તુવેર, મગ, અડધ, મગફળી, સોયાબિન, તલ,ઘઉં, ચણા, રાઇ અને શેરડી જેવા પાકોનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર દ્વારા ૨૦૧૮થી પ્રધાનમંત્રી અન્નદાતા આરક્ષણ અભિયાન પીએમ આશા છત્ર અંતર્ગત પી.એસ.એસ. હેઠળ ભારત સરકારશ્રીના લઘુત્તમ ટેકાના ભાવ નીતિમાં કઠોળ, તેલીબિયાં પાકો જેવા કે, મગફળી, મગ, અડધ, તુવેર, સોયાબિન, ચણા અને રાયડા જેવા પાકો પૈકી જે પાકના બજાર ભાવો જયારે ભારત સરકારશ્રી દ્વારા જાહેર કરવામાં આવેલ ટેકાના ભાવો કરતા નીચા જાય ત્યારે રાજય સરકારશ્રી દ્વારા ભારત સરકારને આવા પાકની ટેકાના ભાવે ખરીદી માટે રાજયમાં પ્રાઇઝ સપોર્ટ સ્કીમ પીએસએસ લાગુ કરવા દરખાસ્ત કરવામાં આવે છે અને ભારત સરકારશ્રી સેન્ટ્રલ નોડલ એજન્સી નાફેડ એફસીઆઇ ટેકાના ભાવે ખરીદી કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સેન્ટ્રલ નોડલ એજન્સી રાજય નોડલ એજન્સી સાથે કરાર કરી રાજય નોડલ એજન્સી મારફત ટેકના ભાવે ખરીદી કરે છે. છેલ્લાં પાંચ વર્ષમાં રાજયમાં જે જણસીઓની ટેકાના ભાવે ખરીદી થયેલ છે તેની વિગતો આપું તો વર્ષ ૨૦૧૬–૧૭, ૨૦૧૭–૧૮, ૨૦૧૮–૧૯, ૨૦૧૯–૨૦, ૨૦૨૦–૨૧માં ભારત સરકારશ્રીએ જાહેર કરેલ ટેકાના ભાવ ઉપરાંત રાજય સરકારશ્રીએ જણસીઓમાં જાહેર કરેલ બોનસ સહિત નક્કી કરેલ રાજય નોડલ એજન્સી, કેન્દ્રીય નોડલ એજન્સી મારફત મગફળી, અડદ, તુવેર,મગ, અર્ધ શિયાળુ મગ, ચણા, રાયડો અને કપાસની કુલ અંદાજિત રૂપિયા ૧૮૨૭૦ કરોડના મૂલ્યની કુલ અંદાજીત ૩૬.૯૨ લાખ મે.ટનની ખરીદી કરવામાં આવેલ, જેનો રાજયના કુલ અંદાજીત ૧૯.૦૪ લાખ ખેડૂતોએ લાભ લીધેલ છે. સાથે સાથે પ્રાઇઝ સ્પોર્ટ સ્કીમ અંતર્ગત વર્ષ ૨૦૨૦–૨૧ દરમિયાન થયેલ ટેકાના ભાવે ખરીદીની વિગતો આપું છું. વર્ષ ૨૦૨૦–૨૧માં મગફળીના ટેકાના ભાવ રૂ.૫૨૭૫/– પ્રતિ કિવન્ટલથી રાજય નોડલ એજન્સી ગુજરાત રાજય અન્ન નાગરિક પુરવઠા લિમિટેડ, ગાંધીનગર દ્વારા કુલ અંદાજિત રૂ.૧૦૬૮.૬૭ કરોડના મૂલ્યની ખરીદી કરવામાં આવેલ.

શ્રી અમરીષભાઇ જી. ડેર(રાજુલા) : માનનીય અધ્યક્ષશ્રી, બજેટ ઉપર માનનીય મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. આ દેશની મહામૂલી આઝાદીમાં જેણે ખૂબ મોટું યોગદાન આપ્યું છે એવા આદરણીય ભગતસિંહજી, સુખદેવજી, રાજગુરુજી સહિતના અસંખ્ય નામી અનામી યોધ્ધાઓ કે કદાચ એના નામો પણ આજે લોકજીભે ન આવ્યા હોય એ તમામ મહાપુરૂષોના ચરણોમાં આજના દિવસે કોટિ કોટિ વંદન સાથે મારી વાતની શરૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું નાની સિંચાઇ યોજના બાબતમાં માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા ઈચ્છું છું. ૧૭ માર્ચના રોજ તારાંકિત પ્રશ્નમાં મારો ૧૨૯મો પ્રશ્ન હતો કે, મારા વિસ્તારમાં નાની અને મોટી કેટલી સિંચાઈ યોજના ચાલુ છે? એ સંદર્ભે મને જે જવાબ મળ્યો છે તેમાં જાફરાબાદમાં એભલવડ સિંચાઈ યોજના, રાજુલામાં ધાતરવડી–૧, ધાતરવડી–૨ અને જોલાપરી એમ ત્રણ સિંચાઈ યોજના, ખાંભા વિસ્તારામાં રાયડી સિંચાઈ યોજના, કંટાળા સિંચાઈ યોજના, મોભનેસ સિંચાઈ યોજના, કોદિયા સિંચાઇ યોજના અને સરાકડીયા સિંચાઈ યોજના. વર્ષ ૧૯૫૦થી લઈ અને છેલ્લે વર્ષ ૧૯૮૧ સુધીમાં આ બધી નાની સિંચાઈ યોજના બનેલી. માનનીય સરકારશ્રી દ્વારા અને માનનીય મંત્રીશ્રીના વિભાગ દ્વારા જે જવાબ આપવાવમાં આવ્યો છે એ બહુ દુઃખદાયક છે. મેં એમ પૂછ્યું કે આ સિંચાઈ યોજનાઓ કેટલા સમયથી ક્યા કારણોસર બંધ છે અને કયારે શરૂ કરવામાં આવશે? મને જવાબ આપવામાં આવ્યો છે કે, ખેડૂતો સિંચાઈ માટે પાણીની માગણી કરતાં નથી. સાહેબ મને સમજાતું નથી કે જેને ખેતી કરવી છે એ શા માટે પાણીની માગણી ન કરે. હા, ચોક્કસ એ વાત ખરી કે, વર્ષો સુધી સિંચાઈ માટે પાણીની માગણી કરી હોય અને સરકારે ધ્યાન ન આપ્યું એટલે કદાચ કંટાળીને છેલ્લાં બે–પાંચ કે દશ વર્ષથી માગણી નહિ કરતાં હોય એવું બની શકે પણ જેને ખેતી કરવી છે એને સિંચાઈ માટે પાણી ન મળે એ મને વ્યાજબી દેખાતું નથી. માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરું છું કે, રાજુલા, જાફરાબાદ અને ખાંભાની જેટલી નાની–મોટી સિંચાઈ યોજનાઓ છે તેને જેમ બને તેમ ઝડપથી શરૂ કરે. એક બાજુ સુજલામ્ સુફલામના નામે આપણે ઘણા બધા તળાવો ઊંડા કર્યા છે તો આવી યોજનાઓ પુનઃ શરૂ થાય એના માટે માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું. કૃષિ વિભાગની માગણીઓમાં મારે માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે અને ગઈ કાલે પણ હું તેમને રૂબરૂ મળ્યો ત્યારે ખૂબ સકારાત્મક જવાબ મને મળ્યો. વર્ષ ૨૦૧૯માં પોસ્ટ હાર્વેસ્ટનો વીમો આજદિન સુધી આખા ગુજરાતમાં વીમા કંપનીએ ચૂકવ્યો નથી. આ વીમો ન ચૂકવાયા પછી અંદાજે ૧૧૦ જેટલા ખેડૂતો નામદાર હાઈકોર્ટમાં ગયા છે. મને એક વાત સમજાતી નથી કે, આ વીમા કંપનીઓ એટલી બધી શું શક્તિશાળી છે કે જે સરકારની બાબતોની પણ અવગણના કરે છે. માનનીય મંત્રીશ્રી આ લોકોને યોગ્ય રીતે સૂચનાઓ આપે અને ખેડૂતો હેરાન ન થાય એ માટે આ પોસ્ટ હાર્વેસ્ટ વીમો દરેક જિલ્લામાં ચૂકવાય અને તેના ઉપર સરકાર થોડી કડક થાય.

માનનીય અધ્યક્ષશ્રી, આર્થિક રીતે નબળા વર્ગના આવાસ (EWS) મારા રાજુલા, જાફરાબાદ સહિત આખા ગુજરાતમાં છે. એમના પ્રશ્ન પણ ઘણા બધાં છે. મુખ્યત્વે એમના પ્રશ્નો એવાં છે કે, એક વખત એ પ્લોટ એમને ફાળવ્યા પછી

પૈસા નથી ભરી શક્યા તો એના દંડની રકમ માફ કરવામાં આવે અને સંજોગોવશાત્ એવા પ્લોટ કોઈકને વેચ્યા હોય તો એના નામ તબદીલ કરી આપવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને હું વિનંતી કરુ છું કે, કદાચ એવા લોકો મારા અને તમારા સુધી પહોંચી શકતા નથી, કારણ કે સવારથી સાંજ સુધીને મહેનત કરીને, સવારથી સાંજ સુધી મજૂરી કરીને માંડ પોતાના ઘરનું ગુજરાન ચલાવે છે, એ મારી અને તમારી પાસે લાઇનમાં આવવા માટે કદાચ તૈયાર નથી, એટલા માટે સામેથી જો સરકાર એના દ્વારે જશે તો ચોકકસ પણે આવા નાના ઇડબલ્યુએસ કક્ષાના જે આવાસો ધરાવે છે, એના નામ તબદીલ થશે એમના વ્યાજની રકમની માફી મળશે તો આવા લોકો માટે પણ આજના સમયમાં સરકારે અને મેં અને તમે કંઇક કર્યું કહેવાશે. વધુ સમય નહી લેતાં, ફરી વખત સર્વે આ રાજયના અને આ દેશના ઘણા બધા યુવાનો છે કે જેને ભૂતકાળની અંદર આપણી આઝાદી માટે, મહામૂલ્ય આઝાદી માટે, જેના પ્રાણ ન્યોચ્છાવર કર્યા છે એમના સૌના આત્માને શાંતિ મળે એવી પ્રાર્થના સાથે આપ સૌને મારા જય હિન્દ.

અધ્યક્ષશ્રી : ખૂબ સરસ, માનનીય માલતીબેન મહેશ્વરી.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી(ગાંધીધામ) : માનનીય અધ્યક્ષશ્રી, આજ રોજ માતૃભૂમિ માટે શહીદી વહોરનાર ક્રાંતિકારી વીર ભગતસિંહ, વીર રાજગુરૂ અને વીર સુખદેવને વંદન કરી હું મારી શ્રધ્ધાંજલિ એમને અર્પિત કરું છું. માનનીય અધ્યક્ષશ્રી, પાણી પુરવઠા ક્ષેત્રે માનનીય મંત્રીશ્રી જે માંગણી ક્રમાંક–૬૭ લઇને આવ્યા છે તેમાં હું મારું સમર્થન આપી આપની સમક્ષ મારા વિચારો રજૂ કરું છું. જયારે પાણીની વાત થાય છે ત્યારે

જલ જીવન કે લીયે બહુત હી આવશ્યક હે તત્વ,
પંચમહાભૂતોમે ઇસકા સબસે અધિક મહત્ત્વ,
અગર નહીં હોતા જલ જગમે, કહીં ન હોતે જીવ,
હરીયાલીકી પર્ણ પાતી, ઇસ વસુંધરા પર નીર,
નહી રહેગા જલ તો, સારે સુખે હોગે ખેત,
ધૂલ પડેગી ધરતી ઉપર યા, ફીર હોગી રેત

માનનીય અધ્યક્ષશ્રી, હું કચ્છમાંથી આવું છું અને કચ્છ એ પહેલાના વખતમાં એક એવો વિસ્તાર, સૂકો વિસ્તાર ગણાતો, પરંતુ આજે એ જ વિસ્તાર એ જ કચ્છ, ઔદ્યોગિક ક્ષેત્ર હોય, પ્રવાસન ક્ષેત્ર હોય કે વિકાસની કોઇપણ દષ્ટિએ અગ્રેસર છે. કારણ કે એ બધુ શકય થયું છે તો ફકત અને ફકત આપણા ગુજરાતનું ગૌરવ, આ ગૃહના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી અને હાલના આપણા વડાપ્રધાનશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીજીના કારણે, જેમણે નર્મદાના નીર, પીવાનું પાણી એ કચ્છના છેવાડાના વિસ્તાર સુધી પહોંચાડ્યું છે. આજે કચ્છ જિલ્લામાં કુલ ૮૭૫ ગામો અને ૬ શહેરો આવેલા છે અને તમામે તમામ એ નર્મદાના નીર સાથે સંકળાયેલ છે. કચ્છ જિલ્લામાં નર્મદા યોજના દ્વારા કુલ ૩૭ કરોડ લીટર દૈનિક પાણી પૂરુ પાડવામાં આવે છે. કચ્છમાં આજના દિવસોમાં પાણીની જરૂરિયાતને પૂરી પાડવા માટે માનનીય આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ અને આદરણીય પાણી પુરવઠા મંત્રીશ્રી, શ્રી કુંવરજીભાઇ બાવળીયા સાહેબ દ્વારા આજે પણ એ વિકાસની ગાથાને આગળ ધપાવી રહ્યા છે. આજે કચ્છ જિલ્લામાં ટપ્પર ડેમથી વિશાળ જળરાશીનો ઉપયોગ કરવા હેતુ ટપ્પર ડેમથી અંજાર બસ લાઇન પંપીગ સ્ટેશન સુધી ૧૫૦ એમ.એલ.ટી. ક્ષમતાની રૂ.૧૪૩ કરોડની અંદાજિત રકમની ૨૧ કિ.મી.ની પાઇપ લાઇનની કામગીરી કચ્છ માટે ખાસ મંજૂર કરવામાં આવેલી છે અને આ કામગીરી હાલ પૂર્ણતાના આરે છે. આ યોજનાથી ટપ્પર ડેમમાંથી વધારાનું ૧૫૦ એમ.એલ.ટી. પાણી કચ્છના જિલ્લાને મળશે અને નર્મદા ઉપરનું પાણીનું ભારણ એ ઘટશે. કચ્છ જિલ્લામાં માંડવી ખાતે ૧૦૦ એમ.એલ.ડી. ક્ષમતાનો ડીસેલીનેશન પ્લાન્ટ અંદાજિત કિંમત રૂ.૮૦૦ કરોડની યોજના હાથ ઉપર લીધેલ છે અને આ ડીસેલીનેશન પ્લાન્ટ દ્વારા પશ્ચિમ કચ્છના ૩૩૧ ગામો અને માંડવી શહેર એમ ૮ લાખથી વધારે લોકોને પીવાનું શુધ્ધ પાણી પૂરુ પાડવામાં આવશે. એ જે રીતે ફતેગઢ અને સુવઇ આધારિત રૂપિયા ૭૭ કરોડની જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પણ પ્રગતિ હેઠળ છે અને એ યોજના થકી ૩૧ ગામોને લાભ મળશે અને ભુજ, અબડાસા માટે અંદાજિત કિંમત રૂપિયા ૧૨૬ કરોડની ચાર જૂથ યોજનાઓ આયોજન હેઠળ છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીજીએ સમગ્ર દેશના નાગરિકોને ઘરે ઘરે નળથી શુધ્ધ પીવાનું પાણી પૂરું પાડવા, નળ સે જળ યોજના અમલમા મૂકેલ છે. મને જણાવતાં આનંદ થાય છે કે, આપણી અડીખમ ભારતીય જનતા પાર્ટીની આ સરકારે ગુજરાત રાજયમાં ૮૨ ટકા ઘરો સુધી પાઇપ લાઇનથી પાણી પહોંચાડવાનું કામ પૂર્ણ કરેલ છે અને બાકીનું કામ વર્ષ ૨૦૨૨ સુધીમાં પૂર્ણ કરવામાં આવશે.

અધ્યક્ષશ્રી : ગૃહના વિરામનો સમય થયો છે, વિરામ બાદ ગૃહ ૧૨–૩૦ કલાકે ફરી મળશે, સભ્યશ્રીનું પ્રવચન ચાલુ રહેશે.

**(વિરામ બપોરના ૧૨–૦૦થી ૧૨–૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : (ક્રમશઃ) માનનીય અધ્યક્ષશ્રી, હું વાત કરી રહી હતી, નલ સે જલ યોજનાની. રાજયમાં આજે કોઇ પણ ઇલેકશન હોય લોકસભા, વિધાનસભા કે સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓના ઇલેકશન હોય ભારતીય જનતા

પાર્ટીને સ્પષ્ટ મેન્ડેટ મળે છે એનું પાયાનું એક કારણ એ પાણીની વ્યવસ્થા પણ છે. કારણ કે પહેલાના વખતમાં જે મહિલાઓને ગામના પાદરે પાણી ભરવા જવું પડતું હતું એ મહિલાઓ ભૂલી નથી. આ યોજનાને સાર્થક કરવા માટે રાજય સરકાર દ્વારા લોકભાગીદારી આધારિત આંતરિક પાણી પુરવઠા યોજના અમલીકરણ સરકારની ૯૦ ટકા સહાય અને ૧૦ ટકા લોક ફાળા થકી થાય છે. એ અંતર્ગત ૧૯૫૧૭ યોજનાઓ પૂર્ણ કરવામાં આવેલ છે. ૭૨૩૦ યોજનઓ પ્રગતિ હેઠળ છે. વધુ ને વધુ યોજનાઓ પૂર્ણ કરવાનો રાજય સરકારે નિર્ધાર કરેલ છે. સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં કુલ ૨૪.૯૩લાખ ૯૩ ઘરો આવેલાં છે, જે પૈકી ૨૨.૯૦ લાખ ઘરોને નળ જોડાણની સુવિધાથી આવરી લેવામાં આવ્યાં છે. બાકી રહેલા ૨.૩ લાખ ઘરો પૈકી ૫૩ હજાર ઘરોની યોજનાઓના કામો પ્રગતિ હેઠળ છે, ૫૮ હજાર ઘરોના કામો ટેન્ડર પ્રક્રિયા હેઠળ છે અને બાકી રહેલ ૯૧ હજાર ઘરોની યોજનાઓ આયોજન હેઠળ છે. ગુજરાત રાજય દ્વારા તા.૨૮.૫.૨૦૧૮ના રોજ ગટરના શુદ્ધિકરણ કરાયેલા પાણીનો પુનઃ ઉપયોગ માટેની નીતિ જાહેર કરવામાં આવેલી છે. આ નીતિનું ધ્યેય ડ્રેનેજનું ગંદા પાણીનું મહત્તમ એકત્રિકરણ કરી એનું શુદ્ધિકરણ કરી પીવાના પાણી સિવાય અન્ય જગ્યાએ જેમકે ઔધોગિક એકમો માટે, બાગ-બગીચાઓ માટે કે બાંધકામ માટે એનો ઉપયોગ કરી શકાય.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય મોહનભાઇ વાળા.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ. આ યોજના અંતર્ગત આ યોજનાની નીતિના કારણે સુરત, અમદાવાદ, ભાવનગર અને ગાંધીનગર મહાનગરપાલિકાઓમાં તેમજ અંજાર અને મારા મત વિસ્તારમાં ગાંધીધામ નગરપાલિકામાં કુલ અંદાજે ૬૪૩.૬૮ એમએલટી ગટરના શુદ્ધિકરણ કરાયેલા પાણીનો એટલે કે રાજયના વપરાશના કુલ પાણીના અંદાજે ૧૮ ટકા જેટલું પાણીનું શુદ્ધિકરણ કરી એનો પુન: ઉપયોગ કરવામાં આવે છે.

અધ્યક્ષશ્રી : માનનીય મોહનભાઇ વાળા.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) :માનનીય અધ્યક્ષશ્રી, નાણા મંત્રીશ્રી જે બજેટ લઇને આવ્યા છે, આ બજેટના અનુસંધાને કૃષિ ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની જે માગણીઓ આવી છે, એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

બજેટમાં કૃષિ સંશોધન અને શિક્ષણના કાર્યક્રમોને વેગ આપવા માટે રૂપિયા ૬૯૮ કરોડની જોગવાઇ કરી છે, પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, છેલ્લા પાંચ વર્ષથી ગ્રામસેવકની ભરતી કરવામાં આવી નથી. ૫૦૦થી ૧૦૦૦ ખેડૂતોએ એક ગ્રામ સેવકની ભરતી કરવી જોઇએ, એના બદલે ગ્રામ સેવકની ભરતી કરવામાં નથી આવી. વર્ષ ૨૦૧૮માં માનનીય નાણામંત્રીશ્રીએ ૨૭૩૧ કૃષિ ક્ષેત્રની ભરતી કરવા માટેની વાત બજેટમાં પણ કરી હતી. કૃષિ વિદ્યાર્થીઓ દ્વારા વર્ષ ૨૦૨૦માં એકતા સંગઠન દ્વારા ૫૦૦થી વધુ પત્રો લખ્યા છે અને ૪૦થી વધુ આવેદનપત્રો આપવામાં આવ્યાં છે, છતાં આજે કૃષિ વિભાગમાં અધિક ખેતી નિયામક, સંયુકત ખેતી નિયામક, નાયબ નિયામક, મદદનીશ નિયામક, ખેતી અધિકારી વગેરે જેવી પોસ્ટની ભરતી નથી થઇ. એક તો એટલી બેરોજગારી છે અને બેરોજગારીમાં વિદ્યાર્થીઓ જે ભણીને તૈયાર થાય છે એમને રોજગારી નથી મળતી. રોજગારી ન મળે અને જગ્યાઓ ખાલી રહે તેના કારણે ખેડૂતોના જે કામ થવાં જોઇએ, જે ગતિથી કામ થવાં જોઇએ એ ગતિથી કામ થતાં નથી.

સાહેબ, મારે કહેવું છે કે મારા મત વિસ્તારના ગીર-ગઢડા તાલુકામાં એક નાની સિંચાઇ યોજના આવી છે, પિછવી તળાવ. ગત વર્ષે પણ મેં વાત કરી હતી. કે આ જમીન રાજાશાહી વખતની છે. બે હજાર એકરમાં આ તળાવ પથરાયેલ છે તેના પાણીનો ઉપયોગ થતો નથી માત્ર મત્સ્ય ઉદ્યોગ માટે થાય છે. અગાઉ આ નાની સિંચાઇ યોજના તરીકે એનો ઉપયોગ થતો હતો અને આજુબાજુના ૨૩ જેટલા ગામોના લોકો સિંચાઇ માટે આનો ઉપયોગ કરતા હતા. પરંતુ સંજોગોવશાત એની કેનાલો છે એ પૂરાતી ગઇ એમાં સરકારે ઘ્યાન ન આપ્યું એટલે ખેડૂતોને પણ એનો લાભ ન મળ્યો જેના લીધે નાના અને ગરીબ માણસો ખેતી ઉપર નભતા હતા જે કૂવા કરી શકે તેમ નહોતા એ ખેડૂતો આ પાણીનો ઉપયોગ કરીને રવિ પાક લેતા હતા અને આની ઉપર પોતે નભતા હતા એ બંધ થઇ ગયેલ છે એટલે સરકાર ફરી આ યોજના કાર્યાન્વિત કરે તો ઘણા બધા નાના અને ગરીબ ખેડૂતોને આનો લાભ મળે તેમ છે.

અનુસૂચિત જાતિના લોકોને નરેગા યોજના નીચે કૂવા તથા જમીન સુધારણાના કામો આપવા જોઇએ એવી કાયદામાં પણ જોગવાઇ છે. પરંતુ મારે દુઃખ સાથે કહેવું પડે છે કે આજની સરકાર કોઇપણ તાલુકા પંચાયત કે જિલ્લા પંચાયત આવા કામોને મંજૂરી આપતી નથી. તેથી અનુસૂચિત જાતિના લોકોના કૂવા અને જમીન સુધારણાના કામો થતા નથી. મારી પહેલાના વકતા માનનીય મોહનસિંહભાઇએ કહ્યું તેમ ભ્રષ્ટાચાર ખૂબ મોટા પ્રમાણમાં થાય છે. જે જરૂરિયાતના કામો હતા એસ.સી., એસ.ટી.ના લોકોને આનો લાભ મળી શકે તેમ છે. સરકાર આ રીતે સારી જગ્યાએ પૈસા વાપરી શકે તેમ છે પરંતુ એ જગ્યાએ ન વાપરવાને બદલે ભ્રષ્ટાચારમાં પૈસા જતાં રહે છે. અનુસૂચિત જાતિ કે જનજાતિના લોકોને કૂવા કે જમીન સુધારણા માટે પૈસા મળતા નથી એટલે એ લોકો જમીન સુધારણા કરી શકતા નથી અને એના લીધે એમની આર્થિક પરિસ્થિતિ સુધારી શકતા નથી.

ભૂમિ સંરક્ષણમાં કોંગ્રેસની સરકાર હતી ત્યારે ખૂબ સારા કામો થયા છે. પોરબંદરથી લઇને ભાવનગર સુધી દરિયાનું ખારુ પાણી આગળ ન વધે એના માટે બંધારા બાંધવામાં આવતા હતા તથા ભરતી નિયંત્રણ વગેરે કામો કરવામાં આવતા હતા. ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી એ લીંક કેનાલો મારફત આગળ વધારીને કામો કરતી હતી પરંતુ જે ઉદ્યોગો આવ્યા એના

લીધે વિક્ષેપિત થયા એના લીધે લીંક કેનાલના કામો અટકાવી દીધા છે એટલે ખેડૂતોની પરિસ્થિતિ એવી થઇ છે કે લીંક કેનાલ માટે ખેતીની જમીન સંપદિત થઇ ગઇ છે.

શ્રી અરવિંદ છો. પટેલ(ધરમપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ મંત્રીશ્રી આર. સી. ફળદુ સાહેબ કૃષિ, ખેડૂત કલ્યાણ અને વાહન વ્યવહાર વિભાગની માગણી નંબર–૩ નાની સિંચાઇ, ભૂમિ સંરક્ષણ અને વિસ્તાર વિકાસ માટે વર્ષ ૨૦૨૧–૨૨ની અનુદાન માટેની માગણી લઇને આવ્યા છે ત્યારે એને સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

સુક્ષ્મ સિંચાઇ યોજનાના અમલીકરણ માટે મે, ૨૦૦૫માં ગ્રીન રીવોલ્યુએશન કંપનીની સ્થાપના કરવામાં આવી હતી. સરકાર આ કંપની દ્વારા ડ્રીપ ઈરીગેશન સિસ્ટમ નાખીને વિવિધ વર્ગના ખેડૂતોને ૭૦થી ૯૦ ટકા જેટલી સબસિડી આપવામાં આવે છે. આ ડ્રીપ ઈરીગેશનનો લાભ અત્યાર સુધીમાં ૧૯ લાખ ૬૭ હજાર હેકટર જમીનમાં સુક્ષ્મ સિંચાઇની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. સુક્ષ્મ સિંચાઇનો અમલ કરવામાં ગુજરાત રાજ્યમાં દેશમાં પહેલા નંબર પર છે. આગામી વર્ષે વધુ ૧ લાખ ૨૭ હજાર હેકટરમાં સુક્ષ્મ સિંચાઇની સુવિધાથી આવરી લેવા માટે આ વર્ષના બેજેટમાં ૬૬૯ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલ છે. સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિના ફાયદા માટે વૈજ્ઞાનિક ઢબે ખેતીનું મૂલ્યાંકન આઇ.આઇ.એમ. અમદાવાદ દ્વારા કરવામાં આવેલ છે. એનું ખેડૂતો પાસેથી મૂલ્યાંકન કરીને વર્ષ ૨૦૧૬–૧૭ના રિપોર્ટ પ્રમાણે સુક્ષ્મ સિંચાઇ પદ્ધતિથી ઘણો ફાયદો જોવા મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ઉત્પાદનમાં ૨૫થી ૩૦ ટકા વધારો થયો છે. પાણીની બચત ૩૩થી ૫૦ ટકા થઇ છે. વીજળીની બચત ૯૪૭ કિલોવોટ પર હેક્ટર થઇ છે. ખાતરની બચત અને કાર્યક્ષમતામાં વધારો થયો છે. મજૂરી ખર્ચમાં ૩૫થી ૪૦ ટકા જેટલો ઘટાડો થયો છે. આ ઉપરાંત પાક ઉત્પાદનમાં ગુણવત્તાસભર સુધારો પણ થયો છે. આ બે પાક સીઝનમાં ખેડૂતોને સૂક્ષ્મ સિંચાઇ પદ્ધતિ માટે કરેલું રોકાણ પરત મળે છે. કૃષિ ક્ષેત્રમાં દેશ અને પ્રદેશને આત્મનિર્ભર બનાવવા માટે પ્રાકૃતિક ખેતી એ સૌથી ઉત્તમ વિકલ્પ છે. આ ખેતી પદ્ધતિને અપનાવવાથી ખેડૂતોનો ઉત્પાદન ખર્ચ ઘટે છે અને આવકમાં ક્રમશઃ વધારો થાય છે. આ પ્રાકૃતિક ખેતી દ્વારા ઝેરમુક્ત અને પોષણયુક્ત ખોરાક માટે મોટા પાટે પ્રાકૃતિક ખેતીને અપનાવવામાં આવે એવી આપણાં બધાની કોશિશ રહેવી જોઇએ. આનંદની વાત તો એ છે કે ગુજરાત રાજ્યના મહામહિમ્ રાજ્યપાલશ્રી દ્વારા ગુજરાતના ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ પ્રેરવા માટે અંગત રસ દાખવવામાં આવેલ છે. સન–૨૦૨૧ના વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા બે યોજના અમલમાં મૂકેલી છે. આ દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરતા ખેડૂત કુટુંબને એક ગાય નિભાવ ખર્ચમાં સહાય આપવા માટે બજેટમાં રૂપિયા ૬૬.૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે અને ચાલુ વર્ષે ૧,૦૫,૦૦૦ ખેડૂતો માટે રૂ. ૪૮.૦૯ કરોડની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા જીવામૃત બનાવવા માટે લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિ કીટ માટે ૭૫ ટકા સહાય, રૂપિયા ૧૩.૫૦ કરોડની યોજના અમલમાં મૂકેલ છે. ચાલુ વર્ષે પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ દ્વારા માટે જીવામૃત બનાવવા માટે લાભાર્થીઓને પ્રાકૃતિક કૃષિ કીટમાં ૭૫ ટકા સહાય માટે ૨૦૦ લિટરનું ઢાંકણ વિનાનું ડ્રમ, ૧૫ લિટરના બે પ્લાસ્ટીકના ટબ અને ૧૦ લિટરની એક પ્લાસ્ટીકની ડોલ આપવામાં આવે છે. સતત રાસાયણિક ખાતર અને કેમિકલના બહોળા ઉપયોગના કારણે દિવસે દિવસે જમીનની ફળદ્રુપતા પર વિપરિત અસર થઇ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. મારી વિનંતી છે કે હવે પછી આપ જે લખેલું પ્રવચન લાવો છો એ પ્રવચન જ વાંચવાના હો તો અહીં જમા કરાવી દેજો. અમે અહીં ટાઇપ કરાવી દઇશું. (અંતરાય) એમાં પાટલી થપથપાવવાની કોઇ જરૂર નથી. માનનીય સભ્યશ્રીઓ નવા આવ્યા, એને પણ ત્રણ વર્ષ થઇ ગયા છે. એટલે મુદ્દા ભલે લખેલા હોય, પણ હું હવે વાંચવા દઇશ નહીં.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા(કાલાવડ) : માનનીય અધ્યક્ષશ્રી, ગામડાંની સંસ્થા, પંચાયત અને ગામડાંમાં ગરીબ માણસોના મકાનનું નિર્માણ અને ગામડાંના વિકાસની વાત એ માગણી ક્રમાંક–૭૧ પર હું મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ ગૃહનિર્માણ વિભાગ છે એ ગામડાંના ગરીબ, વંચિત લોકોની ચિંતા કરવાવાળો વિભાગ છે. ગામડાંમાં જે લોકોને પોતાનું મકાન નથી. આપણે જોઇએ છીએ કે પંખીઓને પણ રહેવા માટે માળાની જરૂર હોય છે. મનુષ્ય બુદ્ધિજીવી પ્રાણી છે. તેને ટાઢ અને તડકાથી બચવા માટે, પોતાના બાળકોના રક્ષણ માટે ઘરનું ઘર જોઇએ. એ વાતની ચિંતા આ સરકારે કરી છે એ સરાહનીય બાબત છે. અભિનંદનને પાત્ર છે. પણ મકાન આ મકાન કયારે મળે? એની પ્રાથમિક શરત કઇ છે? ગામડાનો માણસ છે એની પાસે માલિકીનો પ્લોટ હોવો જોઇએ, જમીન હોવી જોઇએ અને માલિકીના પ્લોટ માટે આપણી પાસે જે મફત પ્લોટની યોજના છે એની પ્રોસીઝર એટલી બધી અઘરી છે કે ગામડાના ગરીબ માણસોને પ્લોટ મળતા નથી. પ્લોટ વગર આપણે એને કયારે મકાન બનાવવાની સહાય ચૂકવી શકવાના નથી તો પહેલી પ્રાથમિક ફરજ છે કે ગામડામાં ગામતળ હોવા જોઇએ, આજે ગામડામાં ગામતળ નીમ થતા નથી, ખરાબાઓ ઉપર દબાણ છે અને દબાણમાં પણ કયાંક કયાંક સરકાર જવાબદાર છે. એક સમયે કોંગ્રેસની સરકાર હતી, મને યાદ છે કે પહેલાના સમયમાં એક ગરીબ મા–બાપનો દીકરો લગ્ન કરી અને એને અલગ વ્યવસ્થાની જરૂર પડે તો તાત્કાલિક ધોરણે બી.પી.એલ. યાદીમાં નામ પણ હોય અને એની વ્યવસ્થા એને જયારે એના સમયે જરૂર પડે ત્યારે થઇ જતી હતી. આજે આપ સમજી શકો છો કે એક માણસને જો આજે મકાનની જરૂર

હોય અને એને તમે દસ વર્ષ પછી મકાન આપો તો એ શકય નથી. એ વ્યકિત દબાણ કરવા પ્રેરાશે અને એના કારણે જમીન ઉપર પછી પેશકદમી થશે અને એના પછી આપણે કેવા નિર્ણયો લઇએ છીએ? એમાં આપણે ડીમોલેશન કરીએ છીએ. મારી પાસે સમય ખૂબ ઓછો છે પણ આના માટે જે SSC ડેટાની જે વાત છે એમાં જામનગરમાં ૪,૬૧૩ છેલ્લા દસ વર્ષમાં માત્ર એટલા SSC ડેટાના નામમાં સમાવેશ કરવામાં આવેલ છે. આના આધારે પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આપણે એને સહાય આપી શકવાના છીએ અને ખાસ મારે એ વાત કરવી છે કે પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગામડામાં દા.ત. મારા કાલાવાડની બાજુમાં સરવાણીયા ગામ છે ત્યાં માત્ર પાંચ કિલોમિટરના અંતરથી પ્રધાનમંત્રી આવાસ યોજનામાં ગામડાના માણસને એક લાખ અને વીસ હજાર મકાન બનાવવાની સહાય પેટે ચૂકવવામાં આવે છે જયારે કાલાવાડમાં એટલે કે નગરપંચાલતમાં ત્રણ લાખ અને પચાસ હજાર ચૂકવવામાં આવે છે તો આટલો બધો ડીફરન્સ શા માટે? એને કઇ વસ્તુ કયાં મોંઘી પડે છે? કઇ ચીજવસ્તુમાં ફેરફાર થાય છે? ગામડાના ગરીબ લોકોને *(xxx) ન્યાય કરવામાં આવતો નથી, હું નથી કહેતો કે શહેરોને ન આપવું જોઇએ. ૩૨૦ સ્કવેર ફીટની અંદર માત્ર બાંધકામ કરવાની આ યોજના શહેરોમાં પણ પર્યાપ્ત નથી. ઓછામાં ઓછું માણસને જીવન બસર કરવા માટે ૬૦૦ સ્કવેર ફીટનું મકાન જોઇએ અને એના માટે ૫ લાખ રૂપિયા મિનિમમ..

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. *(xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે. માનનીય મુસડીયાજી, એક મિનિટ વધારે કોંગ્રેસ પક્ષ તરફથી આપને આપી છે. કોઇકનામાંથી મિનિટ કપાઇ જશે. આપ પ્રવચન કરો. કંઇક કહેવું હોય તો હજી એક મિનિટ આપની પાસે છે.

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, એટલે આ જે ડીફરન્સ છે કે ગામડાના લોકોને પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રૂપિયા ૧ લાખ અને ૨૦ હજાર અને જે નગરપાલિકા કે નગરપંચાયતના લોકો છે એમને રૂપિયા ૩ લાખ અને ૫૦ હજાર. એટલે આ લોકોને બધાને એમાં સમાન સહાય ચૂકવવી જોઇએ. આ પહેલી મારી વાત છે અને બીજી મારી વાત કે SSC ડેટાના આધારે જો આ લોકો સરવે કરતા હોય તો જામનગર જિલ્લામાં છેલ્લા ૪ હજાર નામો સમાવેશ કર્યા છે એ પૂરતા નથી અને આના આધારે જ આપણે સહાય ચૂકવવાના છીએ. આંબેડકર આવાસ યોજનાની હું વાત કરું તો એમાં પણ રૂપિયા ૧ લાખ અને ૨૦હજાર જ ચૂકવાય છે એટલે એ પણ પર્યાપ્ત નથી. આ બજેટમાં હમણાં મુખ્યમંત્રી સામૂદાયિક આવાસ યોજના કે જયાં ૧૦હજારની વસ્તી હોય તો એમાં આ જે ત્રણ માળીયા મકાન બનાવીને આપણે ગરીબોને રહેવા માટેની સગવડતા ઉભી કરવાની વાત લઇને આવ્યા છીએ પણ ગામડાનો માણસ સ્વતંત્ર રહેવા ટેવાયેલો હશે. અડધી જ મિનિટ લઇશ. જેમ ઓશો રજનીશે કીધું...

અધ્યક્ષશ્રી : હવે, આપનો હવે સમય પૂરો થાય છે. આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી અજમલજી વ. ઠાકોર(ખેરાલુ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આઝાદીના વીર શહીદ વીર ભગતસિંહ, વીર સુખદેવસિંહ અને વીર રાજગુરુને હું હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ આપું છું. ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગની માગણી નં-૪ પશુપાલન અને ડેરી વિકાસ લઇને માનનીય મંત્રીશ્રી આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણો ભારતદેશ ખેતીપ્રધાન દેશ છે. આની અંદર ખેડૂત અને પશુપાલન આ બંન્ને સંકળાયેલા છે. સાથે સાથે આ દેશની અંદર કોઇને છાતી કાઢીને ચાલવાનો હક્ક હોય તો ફક્ત ખેડૂતોને જ છે. આ દેશની સાચી સંપતિ ટંકશાળમાં નથી પણ ભૂમાતામાં છે. પશુપાલન અને ખેડૂત એ દેશની બે આંખો છે. આપણે સુખ, સમૃદ્ધિ અને પ્રસન્ન રહેવું હોય તો આ બન્નેની એકીસાથે દેખભાળ કરવી પડશે. આના માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇની કેન્દ્રની સરકાર અને માનનીય વિજયભાઇ અને શ્રી નીતિનભાઇની રાજ્ય સરકારે આ બન્નેની દેખભાળ માટે પશુપાલનમાં સર્વાંગી હિતોના અનેકવિધ પગલાં ભર્યા છે. જેના કારણે રાજયના પશુપાલકોને આત્મનિર્ભર બનાવવાનું લક્ષ સિદ્ધ કરવાની દિશામાં માનનીય વિજયભાઇ રૂપાણીના નેતૃત્વમાં પ્રગતિશીલ ગુજરાતે દેશના અન્ય રાજ્યોને રાહ ચીંધવાની નેમ સાથે અનેકવિધ પગલાં લીધાં છે. નવા કાર્યક્રમોની પહેલ કરી મક્કમતાથી આગળ વધી રહ્યા છે. શ્વેતક્રાંતિ માટે પશુ અને ડેરીના વિકાસ માટે પશુ સંવર્ધન, ચેપી રોગચાળાના નિયંત્રણ માટે, શુદ્ધ ઓલાદની જાળવણી માટે, દૂધ ઉત્પાદનમાં અભૂતપૂર્વ વધારા સાથે રાજ્ય સરકારના અથાગ પ્રયત્નોથી ગુજરાત રાજ્યે શ્વેતક્રાંતિ માટે સમગ્ર દેશમાં ખૂબ જ મોટી નામના મેળવી છે. એ બદલ હું ભારતીય જનતા પાર્ટીની સરકારને ખૂબ ખૂબ અભિનંદન આપું છું. આજ સુધી આપણે સૌએ ફિલ્મોના કલાકારોને પુરસ્કાર લેતા જોયા હશે. પરંતુ રાજ્યમાં સૌપ્રથમ આપણી રાજ્ય સરકાર દ્વારા શ્રેષ્ઠ પશુપાલકને મુખ્યમંત્રીના હસ્તે પુરસ્કારોથી નવાજવામાં આવી રહ્યા છે. પશુપાલકોને જિલ્લા અને તાલુકા કક્ષાએ શ્રેષ્ઠ પશુપાલન પુરસ્કાર આપવાની યોજના વર્ષ ૨૦૧૪-૧૫માં અમલમાં મૂકવામાં આવી હતી. જે અંતર્ગત તા. ૨૫-૧૨-૨૦૨૦ના રોજ સુશાસન દિવસની ઉજવણી પ્રસંગે કુલ ૫૬૬ શ્રેષ્ઠ પશુપાલકોને રૂપિયા ૪૬.૬૫ લાખના પુરસ્કારો આપવામાં આવ્યા છે. આ જ પ્રકારે પુરસ્કાર માટે વર્ષ ૨૦૨૧ માટે રૂપિયા ૫૫.૭૮ લાખની અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવી છે તેને હું સમર્થન આપું છું. રાજયની દેશી ગાયો જેમ કે કાંકરેજ, ડોંગી, ગીર ઓલાદની વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં કૃત્રિમ બીજદાનથી જન્મતી વાછરડી અને પશુપાલકો માટે પ્રોત્સાહન યોજના માટે રૂપિયા ૧.૨૦ કરોડની દરખાસ્ત કરેલ છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

# તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર(મહુધા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે મંત્રીશ્રીઓ પશુપાલન, પાણી પુરવઠા, ગ્રામ ગૃહ નિર્માણ, વાહન વ્યવહારની જે માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ખેડા જિલ્લામાં પાણી પુરવઠા મંત્રીશ્રીને નમ્ર અરજ છે કે જે ગામો સ્વજલધારા યોજનામાં છે, જે યોજના મંજૂર થયેલ છે એ યોજનામાં જે તે ગ્રામ પંચાયતો આર્થિક રીતે સદ્ધર નથી હોતી અને એ પૈસા ભરી શકે એમ નથી. એવી ગ્રામ પંચાયતોને સરકારશ્રી ૧૦૦ ટકા યોજનામાં સમાવેશ કરી દે તો પાણી પુરવઠાની જે કાંઇ પાઇપ લાઇનો નાખવામાં આવે છે એમાં સરળતા રહે. ઉનાળામાં હેન્ડપંપો કરેલા છે એમાં ૧૫ ટકા એમ.પી., એમ.એલ.એ., ૧૪મું નાણાપંચ, એ.ટી.વી.ટી. દરેક હેન્ડપંપોના પાણીના તળ ઉનાળામાં નીચા જાય છે તો પાણી પુરવઠા બોર્ડ દ્વારા પંપો રિપેર કરવાના છે અને અન્ય યોજનાના પંપો પણ રિપેર કરવાના છે એ પાણી પુરવઠાને સોંપવામાં આવે તો જલ્દી રિપેર થાય. ગુજરાતના ગામોમાં આવેલી જર્જરિત ટાંકીઓ ઉતારી લેવામાં આવે તો જાનહાની થતી અટકે. મારી વિનંતી છે કે મારા મહુધા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના હેઠળ જે ગટરો બનાવી છે એના ફાઇનલ બિલ ચૂકવી દેવામાં આવેલ છે પણ ગટરો ચાલુ થઇ નથી. મેં વારંવાર સરકારને પત્રો લખ્યા છે પણ કોઇ પગલા ભરાયા નથી. વહેલી તકે ચાલુ કરી એ પંચાયતને સોંપે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, મારા અલીણા પંચાયતમાં રૂર્બન અર્બન યોજનામાં ત્યાં સરકારશ્રીએ કોઇ એજન્સીને મોકલીને એસ્ટેમેન્ટ કરાવ્યું પણ આજ દિન સુધી ત્યાં ગટર થઇ નથી એ મારી એક માગણી છે. બીજી મારી માગણી છે કે વસોમાં તાલુકા પંચાયત છૂટી પડી છે પણ આજ દિન સુધી ત્યાં બજાર સમિતિ બની નથી તો સરકારશ્રી ત્યાં જમીન સંપાદન કરીને નવી એ.પી.એમ.સી. આપે. બીજું, મહુધા તાલુકામાં કૃષિ યુનિવર્સિટી જે પશુ સંશોધન કેન્દ્ર છે એને વિકસાવવામાં આવે તો ત્યાં પણ બેરોજગારોને રોજગારી મળી રહે. નડિયાદ અને મહુધા તાલુકામાં શાકભાજી મંડળીઓ બનાવવામાં આવેલી છે તે એકદમ બોગસ છે એની તપાસ કરવામાં આવે અને બોગસ મંડળીઓને રદ કરવામાં આવે તો પણ સારી વાત છે. બીજું, ખેડા જિલ્લામાં સિંચાઇ દ્વારા કેનાલના ગેટ ઉપર જે ઓપરેટરો રાખવામાં આવે છે એ ઓન લાઇન ટેન્ડર પ્રક્રિયા દ્વારા એજન્સીઓને કામ આપવામાં આવે છે ત્યારે જે તે એજન્સી ટેન્ડરોની શરતોનું પાલન નથી કરતી અને ઓપરેટરોનું શોષણ થાય છે એ ન થવું જોઇએ એવી મારી સરકારને વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારી માગણીઓ છે કે સરકારશ્રી જે ખેડા જિલ્લા પંચાયતમાં કેનાલની વાત કરીએ તો ત્યાં કેનાલો પણ ઘણી જર્જરિત છે. મારા નદી ઉપરના જે પણ ગામો છે એ ગામો માટે પૂર સંરક્ષણ દીવાલ માટે મેં વારંવાર પત્રો લખ્યા છે પણ આજ દિન સુધીમાં એ પૂર સંરક્ષણ દીવાલો નથી થઇ અને ગામોનું ધોવાણ થાય છે તો જે ગામ નદી કિનારે આવેલા છે તેનું સત્વરે એસ્ટીમેન્ટ બનાવીને સરકારશ્રી એ બાબત આગળ વધે એવી મારી માગણી છે, આભાર.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, આજે ૨૩મી માર્ચ શહીદ દિવસ છે ત્યારે આપના માધ્યમથી વીર ભગતસિંહ અને બોર્ડર ઉપર જે જવાનો શહીદ થયા તેમને શ્રદ્ધાંજલિ આપું છું. ભારતીય જનતા પાર્ટી પંચાયતથી શરૂ કરીને પાર્લામેન્ટ સુધી અત્યારે સત્તા પર છે ત્યારે માનનીય મંત્રીશ્રી માગણી નંબર ૨, ૩, ૪, ૬૭ અને ૭૧ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતીય જનતા પાર્ટીની પહેચાન ગ્રામ્ય વિસ્તારની અંદર જ્યારે લોકો આવતા હોય ત્યારે એનું ઉપનામ એટલે *(xxx) ઘણા વર્ષો પહેલા બનાસકાંઠાની અંદર રાજ્યના માજી મુખ્યમંત્રીશ્રી આવ્યાં અને ડીસાની જાહેર સભામાં એમણે ખેડૂતોને એવી ખાતરી આપી હતી કે અમારી સરકાર આવશે તો પાકિસ્તાનમાંથી સિન્ધુ નદીનું પાણી બનાસકાંઠામાં લાવીશું અને ડીસાના ખેડૂતોને એટલા માલામાલ કરી દઇશું કે ડીસાના ખેડૂતો જે બટાકાનું ઉત્પાદન કરે છે એ સોનાનું બટાકું થઇ જશે. આ બાજુ મહેસાણાના ખેડૂતોને એવું કહેવામાં આવતું હતું કે નળ ચાલુ કરશો તો નળમાંથી તેલ નીકળશે. સોનાના બટાકા ના થયા, નળમાંથી તેલ ના નીકળ્યું (અંતરાય) ...

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ, શ્રી શશીકાંત પંડ્યા, શ્રી રાકેશભાઇ, શ્રીમતી સંગીતાબેન, શાંતિથી સાંભળો, તમને જવાબ આપવાની તક છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : બનાસકાંઠાના ખેડૂતોને આજે બટાકાના ભાવ નથી મળતા એટલા માટે રોડ ઉપર નાંખવાનો વારો આવ્યો છે. આમ તો આ વાત પ્રતિનિધિ તરીકે શ્રી શશીકાંત પંડ્યાએ મૂકવી જોઇએ. પણ સરકાર બટાકાના ટેકાના ભાવ જાહેર કરીને ખેડૂતોને પોષણક્ષમ ભાવ આપે એવી પણ મારી વિનંતી છે. બનાસકાંઠા અને ઉત્તર ગુજરાતના ખેડૂતો બાગાયતી પાકોનું વાવેતર કરે છે. રણ વિસ્તારની અંદર જેમાં કચ્છ, બનાસકાંઠા કે અમારા વિસ્તારના ખેડૂતો ખારેકના રોપાનું વાવેતર બાગાયતી પાકોનું મોટા પ્રમાણમાં કરે છે. રાજસ્થાનની સરકાર આવા ખેડૂતોને ૮૦ ટકા રોપામાં સબસિડી આપે છે. આપણે ગુજરાતની અંદર એક હેકટરની મર્યાદા અને ૧૨૫૦ રૂપિયા જ એક રોપાની સબસિડી આપવામાં આવે છે તો ૧૦ હેકટરની મર્યાદા અને ખેડૂતોને સબસિડીમાં વધારો કરે અને ખાસ કરીને આઉટ ઓફ સ્ટેટમાંથી આ રોપાઓ લેવામાં આવે છે. એના બદલે આપણી ઝોનવાઇઝ જે યુનિવર્સિટીઓ છે એના માધ્યમથી ખેડૂતોને આ રોપા આપવામાં આવે એવી મારી વિનંતી છે. જે કાંઇ સિંચાઇની વાત કરું તો મારા બનાસકાંઠાની અંદર કેબીસી કેનાલ છે અત્યારે પંચાયતથી પાર્લામેન્ટ સુધી આપની

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સરકાર છે અને ખેડૂતોએ ખૂબ વોટ પણ આપ્યા છે ત્યારે આ સરકાર પાસે આપના માધ્યમથી એક જ અપેક્ષા છે કે ત્યાં બનાસકાંઠાના છેવાડાના ખેડૂતોને નર્મદાનું સિંચાઇનું પાણી મળે એટલા માટે જજામથી અસારા અલગ બ્રાન્ચ કેનાલ બનાવીને સોઇ ગામ તાલુકાના ૧૪ તાલુકાને સિંચાઇનું પાણી મળે એવું કાંઇક સરકાર વિચારે તો હું જાહેર સભાની અંદર કેન્દ્ર સરકાર અને રાજય સરકાર બંનેનો કોંગ્રેસની સભામાં આભાર માનીશ. પણ કાંઇક આવું કરે તો. સ્વસહાય જૂથોની અંદર મહિલાઓ આર્થિક સદ્ધર બને, પગભર બને એટલા માટે જે સ્વસહાય જૂથોને લોન આપવામાં આવે છે એ લોન માત્ર કાગળ ઉપર હોય છે. ગરીબ સમાજમાંથી આ મહિલાઓ આવે છે એમની પાસે જમીન કે બીજી કોઇ મિલકત હોતી નથી એટલે બેંકો કોઇ લોન આ સ્વસહાય જૂથોને આપતી નથી તો આના માટે સરકાર પોતે જામીન થઇને આવા સ્વસહાય જૂથોને લોન આપે એવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય બાબુભાઇ વાજા, ત્રણ મિનિટ છે. (અંતરાય) સમય તમારામાંથી કપાશે બોલો. શ્રી બાબુભાઇ, બેસી જાવ.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. મારે ચોખવટ કરવી પડે છે. બટાકાના ભાવ આજ દિન સુધી ઇતિહાસમાં નથી આવ્યા એટલા આ વખતે આવ્યા છે અને હાલ વર્તમાન સ્થિતિ એટલે થોડો સમય થયો, એક મહિનો હજુ નથી થયો. ૧૫ દિવસ એના જે ભાવ ઘટયા છે ઉત્પાદન વધ્યું છે માટે ખેડૂતો ખુશખુશાલ છે. આ છેલ્લા છ મહિનામાં જે ભાવ આવ્યા છે, મને ખબર છે અમારે ત્યાં ડીસામાં રોજના ૨૦૦ કરોડ રૂપિયાની આવક થાય છે. એટલે મારે ખુલાસો કરવો પડયો.

અધ્યક્ષશ્રી : પોઇન્ટ ઓફ ઓર્ડર ન કહેવાય. પોઇન્ટ ઓફ ઇન્ફર્મેશન કહેવાય. બેસી જાવ. આપની વાત રેકર્ડ ઉપર આવી ગઇ. માનનીય બાબુભાઇ,

શ્રી બાબુભાઇ કા. વાજા(માંગરોળ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત કૃષિ મંત્રી જે માગણી લઇને આવ્યા એમાં મારા વિચારો રજૂ કરું છું. પોષણક્ષમ ભાવ છે એનાથી આ સરકાર સંતોષ માની લે, સંતોષ નહીં પણ આત્મસંતોષ માની લે અને એને હિસાબે ખેડૂતોને જે નુકસાન થાય અને એ નુકસાન ભોગવવાનો વારો જો વધારેમાં વધારે આવતો હોય તો ખેડૂતોને છે. પોષણક્ષમ ભાવ કહે, પછી ગોડાઉન બનાવવાની વાત કરે કે તમને સહાય આપીશું પણ ખેડૂત પાસે પૈસા જ નથી અને વધારાના પૈસા વાપરવાના થાય. તમે સહાય આપો તો સહાયથી ગોડાઉન બની નથી જતું પણ સરકારે આ માટે એ વિચારવું જોઇએ કે ખેડૂતોને સહાય તો આપો એની સાથે સાથે જે ખેડૂતને એના પ્રમાણમાં સંગ્રહ કરવા માટે જે ગોડાઉન બનાવે એના માટે લોન પણ આપવી જોઇએ અને લોન આપ્યા પછી ખેડૂતને જયારે તાત્કાલિક જરૂરિયાત પડે અને એને વેચાણ ન કરવું પડે એના માટે વેપારીને લોન આપવામાં આવે. એવી જ રીતે એના માલ ઉપર જે એના ગોડાઉનમાં સંગ્રહ કરેલો હોય એના પ્રમાણમાં ૭૫ ટકા જો લોન આપવામાં આવે તો ખરેખર આ ખેડૂતોની સંગ્રહશક્તિ છે એ વધે. નહીંતર આપણે એમ કહીએ કે ગોડાઉન બનાવી દો અને તમારે સંગ્રહશક્તિ કરવાની તો એ સંગ્રહશક્તિ એનામાં તો છે જ નહીં. દિવાળીના સમયે એનું ઉત્પાદન થાય ત્યારે એની ખેતીની જમીન હોય અને એમાંથી જે ઉત્પાદન થયેલું હોય તો દિવાળી ઉપર જે લોન લીધેલી હોય, કોઇ પાસેથી પૈસા લીધેલા હોય એ ટાઇમે એને આપવા પડે તો આ તાત્કાલિક પૈસા એને ન આપવા પડે અને આપવા પડે છે એના માટે લોનનું કાંઇક વિચારે તો પણ તો પણ સરકારે ખેડૂતોને સહાય કરી અને મદદ કરી ગણાશે. નહીંતર આત્મસંતોષ માનવો તો આત્મસંતોષમાં સો એ સો ટકા તો માલ નથી લેતા. ડુંગળી અને બટાકા એ બટાકાની આપણે વાત કરી. આ બે વસ્તુનો સંગ્રહ પણ નથી થઇ શકતો. કેમ કે એના મર્યાદિત ગોડાઉનો છે. આ બે વસ્તુ છે. એની વિદેશમાં નિકાસ કરો તો ખેડૂતોને પૂરેપૂરો લાભ મળે એમાં સરકાર કઇક વિચારે. અસ્તુ, જયહિંદ, જય ભારત.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પશુપાલન, પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આજનો દિવસ એટલે ૨૩મી માર્ચ. આપણે જેને શહીદ દિવસ તરીકે ઊજવીએ છીએ. આઝાદી માટે જેમણે બલિદાનો આપ્યા છે. જેમણે શહાદત વ્હોરી છે. એવા વીર ભગતસિંહ, શ્રી સુખદેવ, શ્રી રાજગુરુ જેવા અનેક વીર સપૂતોને હું શ્રદ્ધાંજલિ અર્પું છું. એમના ચરણોમાં વંદન કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રથમ માગણી નં. ૪ પશુપાલન, ડેરી વિકાસ અંગે જે સદસ્યશ્રીઓએ ભાગ લીધો છે. એવા ૬ સદસ્યો જેમણે પશુપાલન વિભાગની અંદર જુદા જુદા પોતાના વિસ્તારના, પોતાના વિભાગને લગતાં સૂચનો મૂક્યાં છે. આ ૬–૬ સદસ્યોએ ભાગ લીધો છે. એમના હકારાત્મક અને મહત્ત્વનાં સૂચનોની મેં નોંધ લીધી છે. અને આ બાબતે ચાલુ બજેટમાં પણ જોગવાઇઓ કરવામાં આવી છે. આગામી દિવસોમાં જે કાંઇ સૂચનો સ્વીકાર્ય હશે એને ધ્યાનમાં રાખીને પશુપાલન વિભાગ આ ક્ષેત્રે ખૂબ આગળ વધે એ માટે પૂરતી કાળજી લેવા માટે સભ્યશ્રીઓને આશ્વાસન આપું છું, એટલા માટે જેમણે જે સૂચનો મૂક્યાં છે, તે એટલાં બધા મહત્ત્વનાં, અગત્યનાં છે, જેનાથી આવતા દિવસોમાં પશુપાલન ક્ષેત્રે વ્યવસાય ખૂબ સારો અને મહત્ત્વનો બની રહે. પૂરક વ્યવસાય તરીકે નહિ, સ્વતંત્ર વ્યવસાય તરીકે આગળ ઉભરી રહ્યો છે, ત્યારે આગામી દિવસોમાં પશુપાલન ખૂબ આર્થિક સદ્ધર બને તે માટે અમારા વિભાગ તરફથી ચોક્કસ પગલાં લેવાશે. જયારે મહત્ત્વની જે યોજનાઓ છે, જે રાજ્યના મુખ્યમંત્રી અને આદરણીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ આ પશુપાલન વિભાગની મહત્ત્વની જેને કહી શકાય તેવી નાણાકીય જોગવાઇ કરીને પશુપાલન ક્ષેત્રે આગળ ખૂબ મદદરૂપ થઇ શકે તેવી જોગવાઇ આપી છે. મુખ્યમંત્રી નિઃશુલ્ક પશુ સારવાર યોજનાઓ જેની અંદર રૂપિયા ૨૦ કરોડ જેવી જોગવાઇઓ કરીને પશુપાલકોને પોતાના ઘર સુધી સારવાર મળી રહે અને મફતમાં મળી રહે એ માટેની આ વખતના બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. ખાસ કરીને આગળના વર્ષ ૨૦૨૦–૨૧માં ૧૦

ગામદીઠ ૧ મોબાઇલ પશુ દવાખાનાની યોજના દાખલ કરી છે. જેના કારણે આજે રાજ્યમાં લગભગ ૪૧૦ જેવા મોબાઇલ પશુ દવાખાનાઓ સારવાર આપી રહ્યા છે. આગામી દિવસોમાં બાકી રહેતા ગામોમાં પશુ દવાખાના ન હોય તેવા વિસ્તારોને સાંકળીને તેવા ગામડામાં મોબાઇલ પશુ દવાખાના મારફત સારવાર મળી રહે તે માટેનું અમારું આયોજન છે. આજે લગભગ ૪૧૦૦ ગામડાઓ જેમાં આ મોબાઇલ પશુ દવાખાના મારફત સારવાર અપાઇ રહી છે. આવતા દિવસોમાં આ પશુપાલન વ્યવસાય તેના સંવર્ધન, વિસ્તરણ અને વિકાસ એનો વ્યવસાય વધુ નફાકારક બને એ માટે અનેકવિધ રીતે પશુપાલન વિભાગ તરફથી પગલાં લેવાઇ રહ્યાં છે. ૧૦ ગામદીઠ આ મોબાઇલ પશુ દવાખાનાની યોજનાને ચાલુ વર્ષમાં વિસ્તૃત કરવા માટે વધારે જોગવાઇ કરવા માટે વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં કુલ લગભગ રૂપિયા ૪૩ કરોડ જેટલી વધારાની રકમની જોગવાઇ કરવામાં આવી છે. અહીંથી વાત થઇ હતી તેમ પશુઓના આરોગ્યની પૂરતી કાળજી લેવામાં આવે છે. જેમાં નિઃશુલ્ક દવાઓ પૂરી પાડવામાં આવે છે. પશુ સારવાર કરવામાં આવે છે. એ રીતે છેલ્લાં ૩ વર્ષમાં ૧૩,૫૦૦ જેટલા આરોગ્ય મેળાઓનું આયોજન કરીને એના માધ્યમથી પશુપાલકોમાં જાગૃતતા આવે અને પશુ મેળામાં ભાગ લે એટલા માટે વધુ સારવાર મળી રહે અને તેનું સંવર્ધન અને વિસ્તરણ થઇ શકે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને આગામી દિવસોમાં પશુ આરોગ્ય મેળાઓનું આયોજન કરવા માટે ચાલુ વર્ષના બજેટમાં રૂપિયા ૩ કરોડ ૪૫ લાખ જેટલી રકમની જોગવાઇ કરવામાં આવી છે. ખાસ કરીને દસ ગામદીઠ એક ફરતું પશુ દવાખાનું તેમાં ટોલ ફ્રી નંબર-૧૯૬૨થી સારવાર આપવા માટે જઇ રહ્યા છીએ. તેવી જ રીતે કોઇ પશુને અકસ્માત થાય અથવા તો માલિક વિહોણું પશુ હોય તેને કોઇ અકસ્માત થયો હોય તેવા પશુઓની આ રાજ્ય સરકારે અને પશુપાલન વિભાગે ચિંતા કરી છે. તેના માટે ૩૭ જેટલી કરુણા એનિમલ એમ્બ્યુલન્સ આજે કાર્યરત છે. માનનીય મુખ્યમંત્રી હંમેશાં સંવેદનશીલ છે તેમણે કરુણા અભિયાન શરૂ કર્યું છે અને જે દર વર્ષે આપણે ચલાવીએ છીએ. તેમાં મકરસંક્રાંતિના પર્વ નિમિત્તે એક અઠવાડિયા સુધી આ કરુણા અભિયાન ચલાવવામાં આવે છે. સમગ્ર રાજ્યમાં આ કરુણા અભિયાન હેઠળ લગભગ ૨૩ હજારથી વધુ પક્ષીઓને સારવાર આ સમય દરમ્યાન આપવામાં આવી રહી છે. કરુણા એનિમલ એમ્બ્યુલન્સનું વિસ્તૃતીકરણ કરવા માટે રૂપિયા ૩૭ કરોડથી વધારે રકમની આ બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પશુ દવાખાનાના નવા મકાન બને, મકાનોનું વિસ્તૃતીકરણ થાય તેના માટે લગભગ ૧૦૯ જેટલા નવા બાંધકામો માટે થઇને રૂપિયા ૨૩ કરોડ ૯૬ લાખની જોગવાઇ આ બજેટમાં અમે લઇને આવ્યા છીએ. હમણાં પશુઓના આરોગ્યની વાત થઇ હતી તો તેના માટે છેલ્લા ત્રણ વર્ષમાં ૧૫ કરોડ ૫૦ લાખથી વધુ પશુઓને રસીકરણની કાર્યવાહી કરવામાં આવી છે. પશુઓમાં ૨ કરોડ ૩૭ લાખ જેટલા પશુઓનું કૃત્રિમ બીજદાન કરવા માટેની જોગવાઇ અમારા પશુપાલન વિભાગ તરફથી કરવામાં આવેલ છે. જે દેશી ઓલાદો હોય તેનું સંવર્ધન અને વિસ્તૃતીકરણ કરવા માટે તથા કૃત્રિમ બીજદાનની સેવાઓનો વ્યાપ વધારવા માટે ૩૪૦ ખાનગી કૃત્રિમ બીજદાન કેન્દ્રોની સ્થાપના કરવામાં આવેલી છે. જે પૈકીના આ પ્રથમ વર્ષે એટલે કે ચાલુ વર્ષે ૧૨૫ ખાનગી કૃત્રિમ બીજદાન કેન્દ્રોની સ્થાપના માટે રૂપિયા ૨(બે) કરોડ ૫૯ લાખની જોગવાઇ અમે કરી છે. પશુપાલન વ્યવસાય વધુ નફાકારક બને અને તેનું વિસ્તૃતીકરણ થાય તેના માટે જાતિ આરોગ્ય મેળાના કેમ્પ કરવામાં આવે છે. જેમાં અત્યાર સુધીમાં ૧૧.૪૧ લાખ જેટલા જાતિ આરોગ્ય મેળા કરવામાં આવ્યા છે. તેના માટે આગામી બજેટમાં ૨(બે) કરોડ ૮ લાખની જોગવાઇ કરવામાં આવી છે. ખાસ કરીને હમણાં અહીંથી વાત થઇ અને ઘણી વખત આપણે જ્યારે ગામડામાં જતા હોઇએ છીએ ત્યારે ઘણી જગ્યાએથી રજૂઆતો અને ફરિયાદો આવે છે કે ઘણા બધા આખલાઓ ફરતા હોય છે તેના કારણે ખૂબ મુશ્કેલીઓ ઉભી થતી હોય છે. તેના માટે પશુપાલન વિભાગે અને રાજ્ય સરકારે ચિંતા કરી છે. તેમાં આગામી દિવસોમાં આવા આખલાઓની સંખ્યા ઘટે અને ગાય-ભેંસનું જે વિયાણ થાય તેમાં વધારે સંખ્યામાં વાછરડી અને પાડીઓ જન્મે તેના માટે આ કૃત્રિમ બીજદાનના માધ્યમથી અને સંશોધનથી આગળ વધી રહ્યા છીએ અને તેના માટે આ બજેટમાં જોગવાઇ કરી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ફ્રોઝન સિમેન સ્ટેશન પાટણ ખાતે કુલ ૬૮ લાખથી વધુ ફ્રોઝન સિમેન ડોઝ ઉત્પન્ન કરવામાં આવ્યા છે. આગામી દિવસોમાં વાછરડીઓ અને પાડીઓ જન્મે તથા પશુપાલનનો વ્યવસાય વધુ નફાકારક બને તે હેતુથી કેન્દ્ર સરકારની રાષ્ટ્રીય ગોકુળ મિશન યોજનાની સહાયથી પાટણ ખાતે સેક્સ્યુઅલ સિમેન લેબૉરેટરીનું નિર્માણ કાર્ય અંતિમ તબક્કામાં છે. આગામી દિવસોમાં આ બીજદાનથી જે પશુઓનો જન્મ થશે તેમાં ૮૦થી ૮૫ ટકા અને ૯૦ ટકા સુધી વાછરડી અથવા તો પાડીઓ જન્મે તેના માટે આ સંશોધન કેન્દ્ર પાટણ ખાતે કામ કરી રહ્યું છે. તેની સાથે સાથે માંડવી, સુરત અને ભુતવડ કે જે રાજકોટ જિલ્લા ખાતે આવેલ છે ત્યાં ફ્રોઝન સિમેન સ્ટેશનનું નિર્માણ અંતિમ તબક્કામાં છે અને તે પૂર્ણ થયા પછી ત્યાંથી પણ આ રીતે સંશોધન કેન્દ્રના માધ્યમથી ફ્રોઝન સિમેનની કામગીરી કરવામાં આવશે. પશુધન ઓલાદની સુધારણા અને પશુ સંવર્ધનની કામગીરીમાં કાર્યરત ગુજરાત પશુધન વિકાસ બોર્ડ ગાંધીનગર અને ફ્રોઝન સિમેન સ્ટેશન પાટણના દ્રઢીકરણ માટે રૂપિયા ૧૩ કરોડ ૮ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રજાજનો સાથે સીધો સંવાદ કરી શકાય અને પશુપાલકોનો સર્વાંગી વિકાસ થાય એના માટે માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે મોકળા મને કાર્યક્રમનું જે આયોજન કર્યું એના અંતર્ગત રાજ્યના પશુપાલકો પાસેથી જે પ્રતિભાવો અને સૂચનો મળેલા એ બધાને ધ્યાનમાં લઇને ડેરી ફાર્મ થકી પશુપાલકોમાં આત્મનિર્ભરતા વધે તે માટે અને એક માનનીય સભ્યશ્રીએ પણ સૂચન કર્યું હતું કે, ૧૨ દૂધાળા પશુ જ નહીં પણ એથી વધારે પશુ રાખી શકે તો પશુપાલકોને વિશેષ ફાયદો

થશે. એને ધ્યાનમાં રાખીને માનનીય મુખ્યમંત્રીશ્રીએ પશુ સંવર્ધનને પ્રોત્સાહન મળે એવા ઉદેશ સાથે હવે પછી ૫૦ દૂધાળા પશુઓના ફાર્મની સ્થાપના કરવા માટે જોગવાઇ કરી છે. અત્યાર સુધી ૧૨ દૂધાળા પશુઓના ફાર્મની વાત હતી એ સ્વનિર્ભરતા માટે અમે આગામી દિવસમાં આ બજેટમાં ૫૦ દૂધાળા પશુઓના ફાર્મની સ્થાપના માટે પશુ ખરીદી, વ્યાજ સહાય, કેટલ શેડ બાંધકામ ઉપર સહાય અને અન્ય આનુષંગિક સુવિધાઓ ઉભી કરવા માટે રૂપિયા ૧૩.૫૩ કરોડની જોગવાઇ આ બજેટમાં કરી છે. જેથી પશુઓ માટે નવું આ પ્રકારનું ફાર્મ ઉભું કરવા માગતા હશે એ ૫૦ પશુઓ રાખી શકે એવી જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી સાથે મોકળા મને, રાજયની પાંજરાપોળોના સંચાલકો તરફથી અને કેટલીક સેવાભાવી સંસ્થાઓ તરફથી એવી રજૂઆતો આવતી હતી કે, રાજયમાં પાંજરાપોળો છે એ સ્વનિર્ભર કઇ રીતે થઇ શકે એના માટે ચિંતા વ્યક્ત કરી હતી. માનનીય મુખ્યમંત્રીશ્રીએ એમના મોકળા મનેના કાર્યક્રમ અંદર એક નિર્ણય કર્યો કે આગામી દિવસોમાં જે આવી પાંજરાપોળો હોય ગૌશાળાઓ હોય કે જે નોંધાયેલી છે એ પોતે આગામી દિવસોમાં સ્વાવલંબી બની શકે એ માટે આ બજેટમાં સારી એવી જોગવાઇ કરીને રૂપિયા ૧૦૦ કરોડ જેવી રકમની જોગવાઇ કરીને પાંજરાપોળો અને ગૌશાળાઓ સ્વનિર્ભર થાય એના માટે જોગવાઇ કરી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હમણાં વાત થઇ શકે પશુપાલકો સ્વનિર્ભર થાય અને રોજગારી ઉભી કરી શકે એ માટે ૧૨ દૂધાળા પશુઓના ફાર્મની સ્થાપના કરવાની હતી એની અંદર વિશેષ વધારાની જોગવાઇ કરીને રૂપિયા ૬૪.૨૫ કરોડની જોગવાઇ આમાં કરવામાં આવી છે. ઘણા બધા પશુપાલકો પોતાની રીતે વ્યક્તિગત રીતે પશુપાલનનો વ્યવસાય કરતા હોય એને પણ કઇ રીતે સહાય આપી શકાય, એમને કઇ રીતે પગભર કરી શકાય, એમને કઇ રીતે આર્થિક રીતે સદ્ધર બનાવી શકાય એના માટેની અનેકવિધ જોગવાઇઓ કરી છે અને એના માટે ખાસ કરીને અમારા માનનીય સભ્યશ્રીનું સૂચન હતું કે, ઘાસચારાની બિયારણની કીટ જો આપવામાં આવે તો એના માટેની આમાં જોગવાઇ છે અને મફત ઘાસચારાની બિયારણની કીટ પણ આપવામાં આવે છે. એટલે કે ઘાસચારાની બિયારણની કીટ આપવાની, ચાપ કટર આપવાનું, કેટલ શેડ બાંધવા માટે મદદ કરવાની, બકરા એકમ, દૂધાળા પશુઓની ખરીદી માટે વ્યાજ સહાય આપવાની, કૃત્રિમ બીજદાનની જન્મેલ વાછરડીઓ માટે પ્રોત્સાહન મળે, મરઘા પાલન તાલીમ માટે પક્ષીઓના એકમ માટે આ બધાના વ્યક્તિગત સહાય માટે પણ રૂપિયા ૨૯.૨૭ કરોડ જેવી રકમની જોગવાઇ કરવામાં આવી છે. રાજય સરકારે પશુઓના પોષણની પણ એટલી જ ચિંતા કરી છે, ખાસ કરીને જ્યારે પશુઓ વિયાય ત્યારે તેમને પોષણક્ષમ ખોરાક પોસાય એવા ભાવથી મળી રહે એટલે કે જે ભાવ હોય એના ૫૦ ટકા કિંમતે એને ૧૫૦ કિલોગ્રામનું એક પેકીંગ કરેલી બેગ એને આપવાની અને ૧૫૦ કિલોગ્રામ દાણ ખરીદીને એ પશુપાલકને આપવા માટેની આમાં જોગવાઇ કરી છે અને એમાં અંદાજે ૧.૩૩ લાખ લાભાર્થીઓને લાભ મળશે એના માટે ૨૦ કરોડ રૂપિયાની જોગવાઇ પણ આ બજેટમાં કરવામાં આવી છે. ઉપરાંત જે ગાભણ પશુ હોય એના માટે પણ પશુદાણ ખરીદીની સહાય માટે ૪૮ હજારથી વધુ પશુપાલકોને આવરી લેવા માટે લગભગ રૂપિયા ૨૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ખાસ કરીને આ પશુપાલકો હોય એ વ્યક્તિગત રીતે પોતાનો ધંધો–વ્યવસાય ઉભો કરવા માગતા હોય એમને પણ સામેલ કરીને એના દૂધાળા પશુઓ માટે પૂરતા પ્રમાણમાં આહાર મળી રહે એ માટેની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને લોકડાઉનના સમયમાં જે વખતે પાંજરાપોળો અને ગૌશાળાઓ કે જેમને બહારથી સહાય આવતી બંધ થઇ એ વખતે જે નોંધાયેલી પાંજરાપોળો અને ગૌશાળાના સંચાલકો છે એમની માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી પાસે રજૂઆત થતા એમણે એક નિર્ણય કર્યો કે, જે નોંધાયેલી ગૌશાળાઓ છે એમની બીજી આવક બંધ થઇ તો એવા સમયે જે કંઇ રજિસ્ટર્ડ થયેલી ગૌશાળા અને પાંજરાપોળ હોય તેમાં નોંધાયેલા ગાય, ભેંસ જેવા મોટા પશુઓ હોય એના નિભાવ માટે થઇને પ્રથમ એક પશુદીઠ પચ્ચીસ રૂપિયાની રોકડ સહાય આપવા માટેનો પણ નિર્ણય કરેલો અને ત્યારબાદ ફરી પાછો લોકડાઉનનો સમય લંબાતા પશુપાલકો તરફથી ફરીથી રજૂઆત થતાં બીજી વખતે પણ ત્રણ મહિના – ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બર માટે ગૌશાળા અને પાંજરાપોળને આ સહાય આપવામાં આવી અને એના માટે રૂપિયા ૧૫૮ કરોડ રૂપિયા જેટલી માતબર રકમની એમાં જોગવાઇ કરવામાં આવેલી. કેન્દ્ર સરકાર દ્વારા ૧૦૦ ટકા સહાયની નેશનલ એનીમલ ડીસીઝ કન્ટ્રોલ પ્રોગ્રામ કે જે એવા રોગો છે કે પશુઓને આ રોગ થાય તો કાં તો એનું દૂધ ઘટી જાય કાં તો એ વસૂકી જાય એટલે કે દૂધ આપતું બંધ થઇ જાય એવા જે રોગો છે ખાસ કરીને ખરવા–મોવાસા જેવા રોગો છે એવા રોગોને કન્ટ્રોલ કરવા માટે આવા પશુઓને સહાય કરવા માટે, પશુઓની સારવાર કરવા માટેની આમાં જોગવાઇ છે, એના માટે લગભગ ૧૭૮ લાખ જેટલા પશુઓને આમાંથી બચાવવા માટે અથવા તો રોગમાંથી મુક્ત કરવા માટેની રસીકરણ કરવા માટેનું કામ પણ મારા પશુપાલન વિભાગ તરફથી થયું છે. રાષ્ટ્રીય ગોકૂલ મિશન અંતર્ગત રાષ્ટ્રવ્યાપી કૃત્રિમ બીજદાન કાર્યક્રમ અંતર્ગત ૫૦ ટકા કરતા ઓછું કૃત્રિમ બીજદાન કવરેજ ધરાવતા હોય એવા ૨૧ તાલુકાઓ હતા એમાં કૃત્રિમ બીજદાનની કામગીરી અભિયાનની છેલ્લાં બે વરસમાં શરૂઆત કરી છે અને એને કારણે આગામી દિવસોમાં જે કૃત્રિમ બીજદાન કરે તેને પ્રોત્સાહન મળવાનું છે.

ત્રણ વરસના સમયગાળા દરમિયાન ગુજરાત રાજ્યમાં દૂધ ઉત્પાદનમાં સરેરાશ ૬.૫૪ ટકાનો વાર્ષિક વધારો નોંધાયો છે. આગામી દિવસોમાં રાજયમાં દૂધની માથાદીઠ ઉપલબ્ધતામાં છેલ્લાં ત્રણ વરસમાં અભૂતપૂર્વ વધારો નોંધાયેલો છે. વર્ષ ૨૦૧૬–૧૭માં રાજયની માથાદીઠ દૂધ ઉત્પાદન ક્ષમતા ૫૧૭ ગ્રામ પ્રતિદિન હતી એ વર્ષ ૨૦૧૯–૨૦માં વધીને ૬૧૭ ગ્રામ પ્રતિદિન થયેલ છે. સહકારી ઉદ્યોગો, ડેરી ઉદ્યોગોને સશક્ત કરવા માટે, એની માળખાકીય સુવિધાઓ ઉભી થાય એના માટે છેલ્લાં પંદર વરસમાં રૂપિયા ૫૫૦ કરોડથી પણ વધુ સહાય એને આપવામાં આવી છે. એટલું જ નહિ પણ આગામી દિવસોમાં જે

દૂધ મંડળીઓ છે એના માધ્યમથી નવી દૂધ મંડળીઓ ઉભી થઇ રહેલ છે એમાં મહિલા દૂધ મંડળીઓ છે એમને વિશેષ પ્રોત્સાહન મળે, બળ મળે એ માટે પણ મહિલા દૂધ મંડળીઓને પણ જુદી જુદી યોજના મારફતે સહાયરૂપ થવા માટે પશુપાલન વિભાગ મદદ કરી રહેલ છે. ખાસ કરીને સભાસદોમાં અને એમાંય લગભગ ૧૧.૫ લાખનો મંડળીઓની સંખ્યામાં પણ વધારો જોવા મળ્યો છે. દૂધ પ્રોસેસીંગ પ્લાન્ટ મશીનરીના આધુનિકરણ અને દૂધ સંગ્રહ માટે વધારાની માળખાકીય સુવિધાઓ ઉભી કરવા માટે એમાં પણ દૂધ સંઘોને રૂપિયા ૧૦૬૨ કરોડની લોન સાથેના આવા વિવિધ પ્રોજેક્ટ મંજૂર કરીને પશુપાલન અને ડેરીના વ્યવસાયને મજબૂત બનાવવા માટેનો રાજ્ય સરકારનો અભિગમ રહ્યો છે.

આત્મનિર્ભર ભારત અભિયાન હેઠળ કેન્દ્ર સરકારે જાહેર કરેલ એનીમલ હસબન્ડરી ઇન્ફ્રાસ્ટ્રક્ચર ડેવલપમેન્ટ ફંડ, એના માધ્યમથી રાજ્ય સરકારે અને પશુપાલન વિભાગે પણ આવા જે વ્યક્તિગત ઉદ્યમી હોય, ખાનગી કંપની હોય, સુક્ષ્મ અને નાના ઉદ્યોગો હોય એનું ઉત્પાદન અને ખેડૂત ઉત્પાદન સંસ્થાઓને પણ સહાયરૂપ થવા માટે એમાં મદદરૂપ થવાનો પ્રયાસ કર્યો છે. સૌરાષ્ટ્ર અને કચ્છ વિસ્તારના ડેરી સંઘોને વિશિષ્ટ સહાય પૂરી પાડવા માટે અંદાજપત્રમાં લગભગ પાંચ કરોડ રૂપિયાથી પણ વધારાની જોગવાઇ અમે લઇને આવ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, કામધેનુ યુનિવર્સિટી હેઠળના પશુપાલન અને ડેરી વિકાસ સંબંધિત કાર્યક્રમો માટે લગભગ રૂપિયા ૧૧૨.૭૬ લાખ જેટલી રકમની વધારાની જોગવાઇ અમે લઇને આવ્યા છીએ. ખાસ કરીને પશુપાલન વિભાગના મંત્રી તરીકે હું એટલું ચોક્કસ કહીશ કે અહીંથી જે કંઇ બાકીના ૬ સદસ્યો તરફથી રજૂઆત અને વિગતો મારી પાસે આવી છે એ લઇશ તો સમય વધારે લાગશે પણ એટલું ચોક્કસ કહીશ કે એમના જે સૂચનો છે એની મેં નોંધ લીધી છે, ખાસ કરીને જે બર્ડફ્લુ અંગેની વાત કરી છે એના માટે અમે જાન્યુઆરી ૨૦૨૧થી અત્યાર સુધીમાં રાજ્યમાં ૨૪ જિલ્લાઓમાં ૮૭ સ્થળો ઉપર જ્યાં પક્ષીઓના મરણ નોંધાયેલા હતા એના માટે પણ અમે પૂરી કાળજી લીધી છે અને એના માટે ચાર સ્થળો ઉપર જે બર્ડફ્લુ અંગેની શંકાઓ હતી એ માટે પણ લેબોરેટરીના જે રિપોર્ટ આવ્યા છે. એના અનુસંધાને જાહેરનામું બહાર પાડીને એના માટેના જરૂરી પગલાં લેવા માટેની અમારા વિભાગે કાર્યવાહી કરી છે અને ખાસ કરીને પશુ સારવાર માટેની હમણાં અહીંથી વાત થઇ તેમ ૧૩૩૩ સરકારી પશુ દવાખાનાઓ છે.

અધ્યક્ષશ્રી : આપની પાસે ૧૦ મિનિટ છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, તે ઉપરાંત પણ જે જોગવાઇઓ કરેલી છે તે પણ વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૦ ગામ દીઠ જે પશુ દવાખાનાઓ છે તેને પણ આગામી દિવસોમાં ૧૦ ગામના બદલે વિશેષ જરૂર પડે તો વધારાના ગામ પણ તેની સાથે ઉમેરી અને પશુપાલકોને ઘર બેઠાં સારવાર મળી રહે તે માટેની જોગવાઇઓ કરી છે. દૂધના ભાવ અંગેની જયારે અહીંયાથી વાત થઇ હતી ત્યારે હું એટલુ કહીશ કે આ સહકારી માળખા હેઠળ જે દૂધ એકત્રિત કરવામાં આવે છે તે મંડળીઓ મારફતે કરવામાં આવે છે અને મંડળીઓમાં અને સંઘમાં જે સભાસદો હોય છે તેના માધ્યમથી દૂધના ભાવો નક્કી થતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને રોગને નિયંત્રિત કરવા માટે અમારા વિભાગ તરફથી સમય અને સંજોગોને ધ્યાનમાં રાખીને રસીકરણ કરવામાં આવે છે અને તેના કારણે જેને ખરવા મોવાસા હોય, કાળિયો તાવ હોય આવા પશુઓ અને પક્ષીઓ માટેની જે વિવિધ રોગ પ્રતિકારક જે રસીઓ છે તેનું પણ રસીકરણ કરવામાં આવે છે. આમ, પશુપાલન ક્ષેત્રે લગભગ જેને કહીએ કે હવે જયારે પૂરક વ્યવસાય નહીં પણ સ્વતંત્ર વ્યવસાય તરીકે પશુપાલકો સ્વીકારતા થયા છે ત્યારે આગામી દિવસોમાં હજુ પણ પશુપાલન ક્ષેત્રે પશુપાલકો આર્થિક સદ્ધર બને તે માટે અમારો વિભાગ અને રાજય સરકાર પ્રયત્ન કરી રહી છે ત્યારે પશુપાલન વિભાગના મંત્રી તરીકે વિપક્ષના જે ધારાસભ્યશ્રીઓએ આમાં ભાગ લીધો છે એમને અને જેમણે ભાગ નથી લીધો તેમને સૌને હું વિનંતી કરું છું કે લગભગ મોટાભાગની તેમની માગણીઓ સંતોષવા માટેનો પૂરો પ્રયત્ન કર્યો છે અને આગામી દિવસોમાં બજેટમાં તેની જોગવાઇઓ પણ થઇ છે ત્યારે આ અહીંયા મૂકેલી કાપ દરખાસ્તો પરત લેવા માટેની અપીલ કરું છું અને જે પશુપાલન વિભાગને લગતી માગણી સર્વાનુમતે મંજૂર થાય એવી હું તેમને વિનંતી પણ કરું છું.

અધ્યક્ષશ્રી : આપને કંઇ કહેવું હોય તો હજુ દસ મિનિટ છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અહીંથી ત્રણેક સભ્યો તરફથી સૂચનો હતા. ત્યારે હું એટલું ચોક્કસ કહીશ ખાસ કરીને ભાઇશ્રી લાખાભાઇના જે કંઇ સૂચનો હતા તેમાં તેમણે મોબાઇલ પશુ દવાખાનાની જે વાત કરી છે. તેમાં અમે આગામી દિવસોમાં વિસ્તૃતીકરણ કરવા જઇ રહ્યાં છીએ અને દસના બદલે વધારે ગામડાંઓ કવર થાય અને ૪૬૦ જેવા મોબાઇલ પશુ દવાખાના માટે પણ અમે ટૂંક સમયમાં મૂકવાના છીએ. એ સિવાયના ભાઇશ્રી રઘુભાઇ કે જેમણે પણ ગાભણ પશુઓ હોય તો પશુપાલકોને આર્થિક રીતે મદદરૂપ થવા માટેનું ખાસ કરીને બિયારણ કીટ હોય, ગાભણ પશુ હોય એ બધાને મદદરૂપ થવા માટે અમે પૂરી સહાય આપી છે અને તેની સાથે સાથે ગૌચર વિકાસ બોર્ડ અને ગૌસેવા આયોગ તરફથી અમે રૂપિયા ૨ કરોડ ૩૯ લાખની સહાય પણ જુદી જુદી સંસ્થાઓને આની પહેલાં અમારા પશુપાલન વિભાગના માધ્યમથી મળી છે. ગૌચર અને તેના વિકાસ માટેની રકમની વાત થઇ તે પણ રકમ અમારા વિભાગ તરફથી ગૌચર અને ગૌશાળાને વિકાસ બોર્ડ તરફથી આપવા માટેનો પ્રયત્ન કર્યો છે.

## ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં અહીંયા સાહેબે કહ્યું છેલ્લે નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ અને મુખ્યમંત્રીશ્રીએ ખાસ કરીને ખાણદાણ આપવા માટેનો પણ મેં ઉલ્લેખ કર્યો પણ વિશેષ એટલા માટે કહીશ કે જે ગાભણ પશુઓ હોય અને વિયાણ થાય ત્યાર પછી એક મહિના માટે તે દોઢસો કિલોગ્રામની બેગ છે તે ૫૦ ટકા કિંમતથી તે પશુપાલકને આપવા માટેની જોગવાઇ પણ કરી છે. જેમા ખાસ કરીને ખાણદાણ જેને કહેવામાં આવે છે તે ૫૦ ટકા કિંમતથી પશુપાલકને આપવાની જોગવાઇ આ ચાલુ બજેટની અંદર કરી છે. આમ, દરેક ક્ષેત્રે પશુપાલકને મદદરૂપ થવા માટેનું પછી તે આરોગ્યનું હોય, વિસ્તૃતીકરણનું હોય કે કૃત્રિમ બીજદાનનું હોય તેની અંદર દરેક રીતે તેમની સાથે પશુપાલકને મદદરૂપ થવા માટેનો રાજય સરકારનો અભિગમ રહ્યો છે અને એ રીતે આગામી દિવસોમાં પશુપાલક સદ્ધર બને તે માટે હંમેશા પશુપાલન વિભાગ કાર્યરત રહ્યો છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર આજે ૨૩મી માર્ચનો દિવસ છે ભારતીય બલિદાન દિવસ શહીદ દિવસ. પૂર્ણ સ્વરાજયના સંકલ્પ સાથે મા ભારત ભોમના ત્રણ સપૂતોએ દેશની આઝાદી માટે અંગ્રેજોની સંસદમાં બોમ્બ ધડાકો કર્યો અને આજનો એ કમનસીબ દિવસ કે વીર શહીદ ભગતસિંહ, વીર શહીદ સુખદેવજી, વીર શહીદ રાજગુરુજીએ હસતા મોંઢે ફાંસીનો માંચડે ચડી અને આ દેશની આઝાદીનો પાયો નાંખ્યો. આ હસતા મોંઢે બલિદાન આપનારા ત્રણેય વીર જવાનોને સમગ્ર ગૃહ વંદન સહ સલામ કરે એવી હું વિનંતી કરું છું. આ જ રીતે તાજેતરમાં દેશમાં APMC નું ખાનગીકરણ, સંગ્રહખોરોને છૂટછાટ, કોન્ટ્રાક્ટ ફાર્મિંગથી ખેતીની જમીનો ઉપર આક્રમણ કરનારા ત્રણ કાયદાઓને રોકવા અને ટેકાના ભાવે ખરીદીનો કાયદો ઘડવા માટે છેલ્લા સવા સો દિવસથી દિલ્હી ખાતે દેશના ખેડૂતો આંદોલન ચલાવી રહ્યા છે અને સવા સો દિવસમાં અઢીસો કરતાં વધુ ખેડૂતોએ શહીદી વ્હોરી છે. આપણું સમગ્ર સન્માનીય સભાગૃહ ખેડૂત આંદોલનમાં બલિદાન આપનાર અઢીસો કરતાં વધુ ખેડૂત શહીદોના માનમાં ઊભા થઈ બે મિનિટ માટે મૌન સાથે શ્રધ્ધાંજલિ પાઠવે એવી હું આપના મારફત વિનંતી કરું છું. ત્રણ વીર શહીદો માનનીય ભગતસિંહજી, શ્રી સુખદેવજી અને શ્રી રાજગુરુજી જેમણે હસતાં મોંઢે ફાંસીના માચડે ચઢીને પહેલી આઝાદી માટે બલિદાન આપ્યું અને ૨૫૦ કરતાં વધુ દેશના ખેડૂતોએ ખેતી બચાવો આંદોલનમાં સવા સો દિવસમાં હસતાં મોંઢે બલિદાન આપ્યું છે (અંતરાય) ત્યારે ખેડૂતોએ શહીદી વ્હોરી છે તેને બે મિનિટ માટે સૌ ઊભા થઇ શ્રધ્ધાંજલિ પાઠવીએ એવી આપના મારફત સમગ્ર સભાગૃહને મારી અંતઃકરણપૂર્વક વિનંતી છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ શહીદો જેમણે .....

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઈ, આપ આપનું સ્થાન લો.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણ શહીદો જેમણે દેશ માટે ફાંસીના માંચડે ચઢી હસતાં મોંઢે શહીદી આપી એના માટે આપણને બધાંને સન્માન છે. એ માટે વારંવાર આપણે મૌન પાળીને શ્રધ્ધાંજલિ આપીએ એમાં અમારો પક્ષ, અમારી સરકાર સંપૂર્ણ સહમત છે પણ જે રીતે માનનીય વિપક્ષના નેતા શ્રી પરેશભાઈએ આ શહીદોની શ્રધ્ધાંજલિ સાથે રાજકીય રીતે જે અત્યારના બનાવોની જે ભેળસેળ કરી અને શહીદોને જે રીતે (અંતરાય)...

(વિપક્ષના તમામ સભ્યો પોતાની જગ્યાએ ઊભા થઈ ગયા)

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાંભળો. સાહેબ મેં એમને સાંભળ્યા છે. અમારા બધા સભ્યોએ એમને સાંભળ્યા છે.

અધ્યક્ષશ્રી : આપ બોલતાં હતાં ત્યારે સાંભળતા હતાં ને બધાં?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : શ્રી પરેશભાઈ, અમે બધાએ તમને સાંભળ્યા. તમે બોલતાં હતાં ત્યારે અમે સાંભળતા હતા ને. સાંભળો તો ખરા શ્રી અમિતભાઈ. (અંતરાય) હું ખેડૂતોની જ વાત કરીશ. હું કામદાર કે શિક્ષકોની વાત નહિ કરું. ખેડૂત સિવાય વાત નહિ કરું. મને સાંભળો તો ખરા.

અધ્યક્ષશ્રી : પણ બેસો તો ખરા. આ બધા એક સાથે ઊભા થયા એનો અર્થ એવો થાય છે કે, તમે કાંઈ નક્કી કર્યું છે. એક સાથે ઊભા થયા એટલે (અંતરાય) પણ બેસો તો ખરા. સાંભળો તો ખરા. સાંભળવું તો પડે ને.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : આ માનનીય ભગતસિંહજી, સુખદેવજી અને રાજગુરુજીનું કૉંગ્રેસવાળા અપમાન કરી રહ્યાં છે. મહાન શહીદોને રાજકીય રીતે સરખાવી રહ્યા છે ત્યારે કૉંગ્રેસના નેતાઓને આ ફોટોગ્રાફ બતાવી અને પૂછવા માગું છું કે, કૉંગ્રેસની સરકાર હતી ત્યારે ૧૯ માર્ચ, ૧૯૮૭ના ગોઝારા દિવસે કૉંગ્રેસ સરકારે ગુજરાતના ખેડૂતો ઉપર ગોળીબાર કરી ૧૯ ખેડૂતોને શહીદ બનાવેલા. એ દિવસે તમે એમને શ્રધ્ધાંજલિ આપેલી? ગુજરાતના ખેડૂતોને તમારી કૉંગ્રેસની સરકારે ગાંધીનગરમાં ગોળીઓ મારી અને ૧૯ ખેડૂતોને શહીદ બનાવેલા. આ ફોટોગ્રાફ સહિત છાપાનો રીપોર્ટ હું બતાવું છું. વિધાનસભાનો ઘેરાવ કરનાર ખેડૂતોને છાતીમાં ગોળીઓ ધરબી દીધી હતી. ખેડૂતો ઉપર જે ગોળીબાર થયો તેમાં ૧૯ ખેડૂતો કૉંગ્રેસની સરકારે શહીદ કર્યા હતાં. એ દિવસે તમે શ્રધ્ધાંજલિ આપી હતી? અને આજે વાત કરો છો. ત્રણ મહાન શહીદોનું રાજકીય રીતે અવમૂલ્યન કરી અને જે રીતે કૉંગ્રેસ આ રાજકીય દેખાવડો કરી રહ્યો છે એનો અમે વિરોધ કરીએ છીએ અને આ વાત કોઇ પણ રીતે સ્વીકાર્ય નથી. ત્રણેય શહીદો માટે, ફક્ત ત્રણ શહીદો માટે શ્રધ્ધાંજલિ આપવી હોય તો અમે ૧૦૦ ટકા સહમત છીએ. અમે તમારી વાત સાથે જોડાઈએ છીએ પણ *(xxx) પકવવા તમે જે આવા મહાન શહીદોને આવી સસ્તી વાતમાં જોડી દીધા એનો અમે સખત વિરોધ કરીએ છીએ. તમારી સરકારે એક દિવસમાં ૧૯ ખેડૂતોને ગુજરાતમાં ગાંધીનગરમાં કોંગ્રેસ સરકારે ગોળીઓ મારી હતી ત્યારે તમે શ્રધ્ધાંજલિ આપી હતી? તમે શ્રધ્ધાંજલિ આપી હોય તો બતાવો? તો વાત કરો?

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

સાહેબ, આ લોકોએ, એમના વડવાઓએ, પછી હું કહીશ તો ખોટું લગાડશે, એમના વડવાઓએ, એમના પૂર્વજોએ, એમના પૂર્વ મુખ્યમંત્રીઓએ, પૂર્વ ગૃહમંત્રીઓએ ગુજરાતના ખેડૂતોને કિસાન સંઘના આંદોલન ઉપર ગોળીબાર કરી એક સાથે ૧૯ ખેડૂતોને શહીદ કર્યા હતા, એનો પહેલા જવાબ આપે, પછી વાત કરે.

અધ્યક્ષશ્રી : માનનીય આર.સી.ફળદુ સાહેબ , માનનીય મંત્રીશ્રી, પૂરું થઇ ગયું ને?

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા **(પાણી પુરવઠા મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી, મારા પાણી પુરવઠા વિભાગની માંગણી ક્રમાંક –૬૭ લઇને હું આવ્યો છું, મારા આ વિભાગની અંદર આનંદની વાત એ છે કે, લગભગ જેમાં ત્રણ, કુલ ચાર સદસ્યો એમાં, (અંતરાય)

( વિપક્ષના સભ્યો તરફથી ‘ઓમ’ શબ્દનું સતત ઉચ્ચારણ કરવામાં આવી રહ્યું છે.)

અધ્યક્ષશ્રી : ચાલો ઘણું થઇ ગયું. હવે તમે ‘ઓમ’ની પણ મશ્કરી કરી રહ્યા છો. હવે આમાં કયાં બોલવાનું છે? જે હતું તે આપના નેતાએ કહી દીધું, આપના નેતાએ કહી દીધું, એમને જે કહેવું હતું તે બધું કહી દીધું છે. ચાલો, મંત્રીશ્રી, અત્યારે એ સમય ચર્ચાનો નથી, (અંતરાય) તો પણ મેં બોલવા દીધા છે. આપના વિપક્ષના નેતાશ્રીને બોલવા દીધા છે, હવે એનાથી આગળ કંઇ ન હોય, ચાલો, આપનું પ્રવચન પૂરું કરો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : ભૂતકાળના પીવાના પાણીના પ્રશ્નના કાયમી ઉકેલ, એમાં જળસલામતી માટે એને દીર્ઘ દષ્ટિનું આયોજન કરવામાં આવેલ છે. નદીઓમાં જયારે પાણી સુકાણા, કૂવામાં પાણી ઉંડા ઉતરી ગયા, જળાશયોમાં પાણી સુકાણા એ વખતે સૌરાષ્ટ્રમાં ટ્રેન મારફતે પાણી આપવાના અનેક બનાવો આપણને જોવા મળ્યા છે. ડંકીઓ સુકાણી, ભૂજળ સુકાણા ત્યારે એ વખતે ટેન્કરોના માધ્યમથી પીવાનું પાણી આપવામાં આવતું હતું. જયારે ખાસ કરીને રાજયમાં આવા સમયે... (અંતરાય) (સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : પ્લીઝ.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : પીવાના પાણીના ક્ષેત્રમાં ખૂબ કામો થયા છે. રૂપિયા ૨૦ હજાર કરોડથી પણ વિશેષ રકમોનો ખર્ચ પણ થયો છે. આવા સમયે રાજયમાં પાણી પુરવઠાથી ઉભી કરીને પીવાના પાણી સૌરાષ્ટ્રના છેવાડા સુધી પહોંચે એ માટેના રાજય સરકાર અને પાણી પુરવઠા વિભાગે પ્રયત્નો કર્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી**,** આપનું પ્રવચન પૂરુ થાય છે. માનનીય ફળદુજી.

શ્રી આર.સી.ફળદુ **( કૃષિ અને સહકાર મંત્રીશ્રી ) :** માનનીય અધ્યક્ષશ્રી**,** આજે ૨૩ માર્ચ શહીદ દિન છે. આ દિવસે દેશના પનોતા પુત્ર શ્રી ભગતસિંહ**,** શ્રી રાજગુરુ અને શ્રી સુખદેવને અંગ્રેજોએ ફાંસીના માંચડે ચડાવી અને એને રાષ્ટ્રના કરોડો લોકોની લાગણીઓને દુભાવી હતી**.** શ્રી ભગતસિંહ**,** શ્રી સુખદેવ અને શ્રી રાજગુરુએ રાષ્ટ્રદેવડીના ચરણે આપેલી પોતાની... (અંતરાય) (સૂત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : જેમને સાંભળવું હોય એ હેડ ફોન લગાડે.

શ્રી આર.સી.ફળદુ**:** શહાદતતા એળે નહીં જાય. આજે દેશવાસીઓ એમ કહી રહ્યા છે કે**,** વીર ભગતસિંહ**,** શ્રી સુખદેવ અને શ્રી રાજગુરુએ આપેલી... (અંતરાય) (સુત્રોચ્ચાર)

અધ્યક્ષશ્રી : વેલમાં આવેલા મિત્રોને વિનંતી કે**,** આપ પોતાનું સ્થાન લો**,** વેલમાં આવેલા મિત્રોને વિનંતી કે**,** આપ આપનું સ્થાન લો**,** વેલમાં આવેલા મિત્રોને ફરી વિનંતી કરું છું કે**,** આપ પોતાનું સ્થાન લો.

શ્રી આર.સી.ફળદુ**:** માનનીય અધ્યક્ષશ્રી**,** અંગ્રેજોની સામે લડતાં લડતાં હસતા મુખે ફાંસીના માંચડે ચડેલા વીર ભગતસિંહ**,** શ્રી રાજગુરુ અને શ્રી સુખદેવના આત્માને ભગવાન શાંતિ આપે એવી આપણે સૌ પ્રાર્થના કરીએ. (અંતરાય) (સુત્રોચ્ચાર) માનનીય અધ્યક્ષશ્રી**,** આજે દેશભક્ત સરહદે ઉભેલા જવાન પણ એમ કહે છે કે**,** જેના દિલમાં દેશની દાઝ નથી**,** નિજ દેશ વિશે અભિમાન નથી**,** જેને દેશના માનનું ભાન નથી એને ભારત ભોમમાં સ્થાન નથી. એ ભારતનો સંતાન નથી.
આજે દેશની સરહદે ઉભેલા જવાનો પણ એમ કહે છે કે જેના દિલમાં દેશની દાઝ નથી,

(અંતરાય) (સતત સૂત્રોચ્ચાર)

નીજ દેશ વિશે અભિમાન નથી, જેને દેશના માનનું ભાન નથી એને ભારત ભોમમાં સ્થાન નથી.
એ ભારતનું સંતાન નથી. (અંતરાય) સરહદે ઉભેલા જવાનો એમ કહે છે કે
જેના દિલમાં ગંગા, યમુના, સરસ્વતી જેવી નદીઓ જેને માતુલ્ય નથી,
દેશની ધૂળ જેને મન પવિત્ર નથી, એવા લોકોને આ દેશની ધરતી પર હવે કોઇ સ્થાન નથી.
એ ભારતનું સંતાન ન કહેવાય.

માનનીય અધ્યક્ષશ્રી, આંદામાન–નિકોબારની અંદર આ દેશના પનોતા પુત્ર... (અંતરાય)

અધ્યક્ષશ્રી : વેલમાંથી આપ આપના સ્થાને બેસો. વેલમાંથી આપ આપના સ્થાને જાઓ.

શ્રી આર.સી. ફળદુ : આ દેશના પનોતા પુત્રએ જીવનના ૨૬ વર્ષ સુધી યાતનાઓ વેઠી જેલની અંદર સેલ્યુલર જેલમાં, એવા આ દેશના વીર સપૂત વીર સાવરકરજીને... (અંતરાય)

ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

અધ્યક્ષશ્રી : વેલમાં આવેલા મિત્રોને મારે સસ્પેન્ડ કરવા પડશે. હું આપને વિનંતી કરું છું. મને સારું લાગતું નથી. આપ વેલમાંથી ઉભા થઇ પોતાના સ્થાને જાઓ.

શ્રી આર.સી. ફળદુ : દેશ માટે આ શરીર પડો, ભલે જીવનભર રિબાવું પડે, આવી ફરજતણું જેને ભાન નથી, એને ભારત ભોમમાં સ્થાન નથી. એવા લોકો ભારતનું સંતાન કહેવાને યોગ્ય નથી.

અધ્યક્ષશ્રી :પ્લીઝ, વેલમાં આવેલા મિત્રો, ફરીવાર વિનંતી કરું છું. ઘણું થયું. આપે આપની વાત મૂકી દીધી.

શ્રી આર.સી. ફળદુ : એમના મુખેથી નિકળેલા શબ્દો છે કે,

**यह वह धरती है, यह वो धरती है...** (अंतराय)

(આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા વિરોધપક્ષના નેતાશ્રી સહિતના વિરોધપક્ષના તમામ સભ્યશ્રીઓ સૂત્રોચ્ચાર કરતા કરતા સભાત્યાગ કરી ગયા)

**यह वह धरती जहॉ पर नीत नीत लगता था, बलिदानों का मेला,**

**इस धरती के पुत्रों ने ही हॅस हॅस महामृत्यु को झेला,**

**इसको झूका ना पाया कोई, अगिणत आए विश्व विजेता,**

**मातृभूमि का कण – कण, तृण-तृण हमको आज निमंत्रण देता**

માનનીય અધ્યક્ષશ્રી, વીર ભગતસિંહ, સુખદેવજી અને રાજયગુરૂએ ભારત માતાને આઝાદી અપાવવા માટે થઇને પોતાના જીવનદાન, બલિદાન આપ્યાં, એવા વીર સપૂતોને આજે આપણે અંજલિ આપીએ અને ભગવાન એમના આત્માને શાંતિ આપે અને ભારત માતાના ખોળા ઉપર આવા વીર નરો છે. (અંતરાય) ભારત માતાની કૂખેથી આવા વીર સપૂતો સદૈવ જન્મ લેતા રહે, સદૈવ જન્મ લેતા રહે અને ભારત માતા માટે વિશ્વ ગુરૂ દેશ તરીકે પ્રસ્થાપિત કરવા માટે પોતાના જીવન બલિદાનો આપતા રહે.

માનનીય અધ્યક્ષશ્રી, આ ત્રણેય હુતાત્માઓને અંજલિ આપવા માટે હું સન્માનનીય સદનને વિનંતી કરું કે બે મિનિટનું મૌન પાડે અને ત્રણેય હુતાત્માઓના આત્માઓને ભગવાન ચિર શાંતિ અર્પે એવી પ્રાર્થના માટે બે મિનિટ મૌન પાડીએ.

(આ તબક્કે સભાગૃહમાં ઉપસ્થિત રહેલા માનનીય અધ્યક્ષશ્રી સહિતના તમામ સભ્યશ્રીઓએ પોત– પોતાના સ્થાન ઉપર ઉભા થઇ બે મિનિટ મૌન પાડ્યું.)

(બે મિનિટના મૌન બાદ)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, કોંગ્રેસ આમ અમે દેશભકત છીએ અને અમે દેશભકતોના વારસ છીએ એવી વાતો કરે છે. અત્યારે જે રીતે ખેડૂતોના નામે વોકઆઉટ કરીને પોતાની હમદર્દી બતાવવાનો એમણે દેખાવ કર્યો. મારી પાસે માહિતી છે. વર્ષ ૧૯૮૭માં ૧૯ ખેડૂતોને એમણે ગોળીઓ મારેલી. અત્યારે જે દિલ્હીમાં આંદોલન ચાલી રહ્યું છે પંજાબ અને હરિયાણામાં એ ખેડૂતોના નામે એમાં દેશના ભાગલાવાદી લોકો ભળી ગયા છે અને એના ટેકામાં કોંગ્રેસ છે એનો મતલબ એ થયો કે દેશના ભાગલા પાડવા એમનો ઇરાદો છે. એ ઇરાદો કોઇપણ સંજોગોમાં ચલાવી લેવાય જ નહિ અને આ વાતનું હું સખત શબ્દોમાં ખંડન કરું છું.

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહને જણાવતા મને આનંદ થાય છે કે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાત રાજયમાં સરકારશ્રી દ્વારા ખેડૂતોને આર્થિક રીતે વધુ સદ્ધર કરવા તેમજ ખેડૂતોના વિકાસ માટેની વિવિધ યોજનાઓનું અમલીકરણ કૃષિ વિકાસ ક્ષેત્રે હરણફાળ ભરે એ માટે આ સરકારે અમને ખૂબ પ્રોત્સાહિત કરેલા છે અમારા વિભાગને ખૂબ પ્રોત્સાહિત કરેલ છે. આ વર્ષ માટે કૃષિ કલ્યાણ ખેડૂત હિત માટે થઇને રૂપિયા ૭૨૩૨ કરોડ રૂપિયાની જોગવાઇ લઇને અમારો વિભાગ આવ્યો છે. ગુજરાતની બીજી હરિયાળી ક્રાંતિના પથદર્શક બની રહેલા ખેડૂતોની પડખે રાજય સરકાર હંમેશા રહી છે, વિશ્વમાં ફકત ખેતી એવો એક ઉદ્યોગ છે કે જે કુદરતી રીતે ઉપલબ્ધ થતા સંશાધનોમાંથી અનેકગણું ઉત્પાદન આપે છે. બધી જ ઔદ્યોગિક પેદાશો એ આપણી જરૂરિયાત હોય છે પણ એ અનુકૂળતા મુજબ કારખાનામાંથી ઉત્પન્ન થઇ શકે છે પરંતુ ખેત ઉત્પન્ન જણસો તો આબોહવા અને કુદરતના આધારે ખેતરમાં જમીનના કણ કણની તાકાતથી જ ઉત્પન્ન થઇ શકે છે અને એ કુદરતની બક્ષીસ છે આ સંસારને આપેલ બક્ષીસ છે. આગામી વર્ષે ખેડૂતો માટે ખૂબ ફળદાય નિવડે એ માટે એક બાલકૃષ્ણ જોષીની કેટલીક પંકિતઓ છે એ માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરું છું.

‘‘ઉત્પાદનની નારાયણ હો, કૃષિ પારાયણ હો,
મંગલકારી કામ કૃષિના શ્યામ સમર્પણ હોય, નમો હે નમો હે,
ખુલ્લા ખેતર મંદિર તારા મેઘ મલ્હાર નગારા,
ઇશાનમાં વીજ દીવડા જબ કે, વરસે અમૃતધારા નમો હે નમો હે,
નવલખ તારાનો ચંદરવો ઓઢ્યો આભ અટારી,

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

સુરજ ચંદર નૈનો તારા નીરખે શ્રૃષ્ટિ સારી, નમો હે નમો હે,
નવ સર્જનની બંસરી વાગે ઉરમાં અંકુર જાગે,
પુષ્પ પિતાંબર પહેરી પ્રભુજી પમરો પવન પરાગે નમો હે નમો હે,
કીડીને કણ, કુંજરને મણ સહુને પોષણ કરજો,
કણના દાન સ્વીકારી દાતા મણ ભંડારે ભરજો નમો હે નમો હે ''

માનનીય અધ્યક્ષશ્રી, કવિની સુંદર મજાની આ પંકિત ખરેખર વાસ્તવમાં કૃષિ ક્ષેત્ર માટે નવા પ્રાણ પૂરે એ પ્રકારની આપી છે. આજે આપણા દેશ સમક્ષ મુખ્ય ત્રણ પડકારો છે. સતત વધતી જતી વસતિને જરૂરિયાત પ્રમાણે વાજબી કિંમતે પોષણક્ષમ અનાજ પૂરું પાડવું. ખેડૂત સદ્ધરતાના આધારે અનાજની સલામતીનો આધાર અને હવામાનના વર્તારા આધારિત આપત નિવારણની વ્યવસ્થા. આ ત્રણ આધાર સ્તંભો છે એના આધારે કૃષિ ક્ષેત્રે આગળ વધતું હોય છે. આ ત્રણેય બાબતોથી ગ્રામીણ ઉદયના દ્વારા ખુલે છે અને એના આધારે શહેરી વિકાસ અને સર્વસમાવેશક વિકાસ સંભવિત છે. મને એ વાતનો આનંદ છે કે રાજયના લાખો ખેડૂતોની મહેનત અને રાજય સરકારના પ્રયત્નો થકી આપણે હાંસલ કરી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, જળ સિંચન માટે વ્યવસ્થાપન, વર્ષ ૨૦૦૧માં સિંચાઇ હેઠળનો વિસ્તાર ગુજરાત રાજયની અંદર માત્ર ૩૮.૭૭ લાખ હેકટર હતો. જે અનેક પ્રકારની કૃષિ આનુષંગિક કામગીરી કરવાના કારણે વર્ષ ૨૦૨૦માં વધીને ૬૮.૮૯ લાખ હેકટર થયો છે. કૃષિ વાવેતર વિસ્તાર અને ઈરીગેટેડ એરિયા છે એ આપણે વધાર્યો છે અને એના કારણે આપણે રાજયની અંદર કૃષિ ઉત્પાદન વધારી રહ્યા છીએ એનું એક ચાલક બળ કોઇ બાબત હોય તો ઈરીગેશનનો એરિયા વધાર્યો છે. રાજયમાં પિયત સુવિધા માટે કરેલ પ્રયત્નોને કારણે કૃષિ ક્ષેત્ર વધુને વધુ વિસ્તાર એકથી વધુ વખત વાવેતર થાય.પહેલા એકાદ સિઝનમાં પાક લેવાતો હતો. પછી રવિ શિયાળુ, હવે રવિ ઉનાળું સિઝન પણ ખેડૂતો લેતા થયા છે. કારણ કે પાણીની સગવડ વધતી ગઇ છે. ગુજરાત એક માત્ર એવું રાજય છે કે જ્યાં ખેડૂતોને ઇલેકટ્રીસિટી ડ્યુડી માફ છે. અગાઉ કોંગ્રેસના જમાનામાં માત્ર ૧૫,૦૦૦ પ્રતિ વર્ષ નવા વીજ જોડાણો, આ દેકારો કરતા કરતા જતા રહ્યા, આ બધું સાંભળવું પડે એમ હતું. એમને વાગતું હતું. આ વાગવાનો ડર હતો એટલે બહાનાબાજી ઉભી કરી અને જતા રહ્યા. ગૃહ છોડવું પડે એવું કોઇ કારણ નહોતું. ખેડૂતોના માટે એમના દિલમાં થોડીક પણ લાગણી હોય ને, તો આજના દિવસે તો એમણે ગૃહત્યાગ ન જ કરવો જોઇએ. મારો ખેડૂત પુત્ર તરીકે બિલકુલ સ્પષ્ટ મત છે. આજે ઉર્જા ઉત્પન્ન કરવાના ક્ષેત્રે શું સ્થિતિ થઈ? ખેડૂતોને આ સરકાર કેટલી મદદ કરે છે? છેલ્લા ૧૭ વર્ષથી પ્રતિવર્ષ. ધન્યવાદ છે, રાજયના મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રી અને ઉર્જા મંત્રીશ્રીને કે રાજયના ખેડૂતોને આગળ વધવા માટે પૂરક શક્તિની આવશ્યકતા હોય, પાણી જોઇએ, વીજળી જોઇએ, ખાતર જોઇએ, સારું બિયારણ જોઇએ. આ બધું ખેડૂતને જોઇતું હોય તો સરકાર દ્વારા એ સ્ત્રોત વિકસાવવા પડે. વ્યવસ્થા આપવી પડે. ઉર્જા ઉત્પન્ન કરવાના ક્ષેત્રે પણ આપણે ખૂબ સારા એવા સ્ત્રોત વિકસાવ્યા. તેના કારણે રાજયના ખેડૂતોને ખેતીવાડીમાં વીજ જોડાણો આપવામાં આપણે સફળતા હાંસલ કરી. પ્રતિ વર્ષ ૧ લાખ વીજ જોડાણો આપણે આપતા થયા. ૧૭ વર્ષથી સતત આ જે બેકલોગ ખેંચાતો આવતો હતો. ખેડૂતો વીજળી કનેક્શન માટે થઈને કતારોમાં ઉભા રહેતા. કોંગ્રેસના જમાનામાં યાતનાઓ સહન કરતા. લાઠીચાર્જ સહન કરતા, કારણ એને આગળ વધવું હતું. આગળ વધવું હતું પણ આગળ વધવા માટે પૂરક શકિતઓ આપનારા પરિબળો, અહીં જે લોકો બેસતા હતા તેના કપાળમાં ઈશ્વરે આંખો આપી હતી પરંતુ કામ કરવા માટેની ભાવના દિલમાં નહોતી. મને આનંદ થાય છે કે દર વર્ષે કૃષિ ક્ષેત્રમાં ખેતીવાડી વીજ જોડાણો મારફતે ગુજરાત રાજયમાં જે ખેડૂતો વીજળી વાપરે છે તેને રાજ્ય સરકારે ગયા વર્ષે ૭,૩૮૫ કરોડ રૂપિયાની સબસિડી આપી છે. હું માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી અને શ્રી સૌરભભાઇને રાજ્યના લાખો ખેડૂતો વતી વંદન કરું છું અને અભિનંદન આપું છું. વર્ષ ૨૦૨૧-૨૨માં વીજ ઉત્પાદક ખેડૂતોને ઉત્તેજન આપવા માટે રાજ્ય સરકારે પ્રોત્સાહક સ્કીમો પણ રાખી છે. ૫૫ કરોડ રૂપિયાની જોગવાઇ રાખી છે અને એ રીતે નર્સરી માટે ૧૦ કરોડ રૂપિયાની જોગવાઇ આગામી દિવસો માટે રાખી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યના ખેડૂતોને ગુણવત્તાલક્ષી બિયારણો પ્રાપ્ત થાય તે માટે અમારા રુટિન પ્રોગ્રામ ચાલતા હોય છે તેને આગળ વધારી રહ્યા છીએ. એક જમાનો એવો હતો કે ખેડૂતોને ખાતર લેવા માટે લાઇનમાં ઉભા રહેવું પડતું હતું. લાઇનમાં ઉભા રહેવું પડતું હતું એટલું જ નહીં, પોલીસના દંડા ખાવા પડતા હતા એવી સ્થિતિ હતી. મને ગૌરવ છે. જ્યારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર ગુજરાતમાં આવી છે, ગુજરાતના લોકોએ અમને જવાબદારી સોંપી છે ત્યારથી ક્યારેય રાસાયણિક ખાતરો લેવા માટે ખેડૂતને લાઇનમાં ઉભા રહેવું પડ્યું નથી કે ક્યારેય યાતના વેઠવી પડી નથી. આ આખી ખાતર નિયમન અને ખાતર વિતરણ વ્યવસ્થામાં કેન્દ્રમાં હવે તો શ્રી નરેન્દ્રભાઇ બેઠાં છે એટલે મોસાળે જમણ હોય અને માં પીરસવાવાળી હોય પછી તો શું કહેવાનું? દસે દસ આંગળા ઘીમાં જ હોય. એટલે રાજ્યમાં ક્યારેય ખાતરની તંગી ઉભી થઇ નથી. તંગી ઉભી થવાની નથી. વિરોધપક્ષના મિત્રો અત્યારે છે નહીં, એટલે એ લોકો જે રીતના રાજકીય અવલોકનો કરતા હતા તેનો જવાબ આપવાની મને નથી લાગતું કે જરૂરિયાત હોય. ખાતર વિતરણ વ્યવસ્થા એવી સંગીન હોય છે. ભારત સરકારને આખા વર્ષનું ઇન્ડેન્ટ મોકલતા હોઇએ છીએ, આપણી દરખાસ્ત મોકલતા હોઇએ છીએ કે પ્રતિમાસ કેટલું ખાતર જોઇશે. એ પ્રમાણે ભારત સરકાર ફાળવણી કરતી હોય છે અને સવાઇ ફાળવણી કરતી હોય છે. એટલે ખાતરના સંદર્ભમાં કોઇ ચિંતાનું કારણ મને જણાતું નથી. રાજ્યના ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન મળે એ માટે માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ જ્યારે ગુજરાતમાં

હતા ત્યારે વર્ષ ૨૦૦૫માં તેમણે કૃષિ મહોત્સવનો પ્રારંભ કર્યો. તેના પાછળનો હેતુ માત્ર એટલો હતો કે ચીલાચાલુ ઘરેડની ખેતીમાંથી ખેડૂતો બહાર આવે અને આધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ થાય, સારા સંશોધિત અખતરાઓ છે એ ખેડૂત અમલમાં લાવતો થાય. સારી જાતના બિયારણો છે એ ઉપયોગમાં લાવતો થાય. જેના કારણે તેનું ઉત્પાદન અને ઉત્પાદકતા બન્ને વધે. એટલું જ નહીં, સારા ઉત્પાદનો મેળવીને આંતરરાષ્ટ્રીય બજારોના ભાવ પણ પ્રાપ્ત કરી શકે એ પ્રકારની કલ્પના હતી અને એ રીતે આપણા કૃષિ મહોત્સવોને સફળતા અપાવવા માટે માનનીય નરેન્દ્રભાઈની દૂરંદેશી નીતિ ખૂબ કારગત નીવડી છે. કૃષિ યુનિવર્સિટીમાં જે વૈજ્ઞાનિકો પ્રયોગશાળાઓમાં રોજ પોતાનું કર્તવ્ય બજાવતા હોય છે એ વૈજ્ઞાનિકોને ગામડે ગામડે ખેડૂતોની વચ્ચે મોકલી અને ખેડૂતોને યોગ્ય માર્ગદર્શન આપવાના કારણે એક દિશા મળી અને રાજયનું કૃષિ ઉત્પાદન વધ્યું, મારે અહીંયા કેટલાક આકડાઓ પણ આપવા છે. આ ગુજરાતની અંદર સન ૨૦૧૯-૨૦માં અનાજનું ઉત્પાદન ૯૩.૨૮ લાખ ટન હતું. કપાસનું ઉત્પાદન ૮૮ લાખ ગાંસડી હતું. મગફળીનું ઉત્પાદન ૪૬.૪૩ લાખ ટન હતું, અને એ જ રીતે તેલિબિયાનું ઉત્પાદન ૬૬.૬૪ લાખ ટન હતું. વિશ્વ કક્ષાએ કેળા, જીરું, ઇસબગુલ, વરિયાળી અને દીવેલાના ઉત્પાદનમાં દેશમાં ગુજરાત પ્રથમ સ્થાને રહ્યું છે અને એ રીતે રાષ્ટ્રીય કક્ષાએ કપાસમાં ૩૬ ટકા ફાળો ગુજરાતનો એકલાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, આખા હિન્દુસ્તાનના કુલ ઉત્પાદનમાંથી ગુજરાત ૩૬ ટકા કપાસ ઉત્પન્ન કરે છે. મગફળી ૪૨ ટકા હિસ્સો ધરાવે છે. દિવેલા આખા દેશમાં જે ઉત્પાદન થાય છે એનું ૮૦ ટકા દિવેલા તો એકલું ગુજરાત ઉત્પન્ન કરે છે અને એ રીતે વરિયાળી ૭૦ ટકા, જીરું ૬૦ ટકા, બાગાયત ક્ષેત્રે પણ બાગાયતની ખેતી કરતા ખેડૂતોને પછી એ શાકભાજી વાવતા હોય, ફળફળાદિ વાવતા હોય કે પછી અન્ય બાગાયતી ખેતી કરતા ખેડૂતોને પણ પ્રોત્સાહન આપવા માટે આગામી વર્ષમાં રૂપિયા ૪૪૨ કરોડની જોગવાઇ રાખી છે. ફળપાકના ઉત્પાદનમાં પણ દેશમાં આપણો હિસ્સો ૯ ટકા જેટલો રહ્યો છે. શાકભાજી પાકોમાં પણ દેશમાં આપણો ૬ ટકા હિસ્સો રહ્યો છે. કુલ પાકોની અંદર ૬ ટકા હિસ્સો છે, મસાલા પાકોમાં ૧૨ ટકા હિસ્સો છે. બટાટાની ઉત્પાદકતામાં ૩૧ ટન સુધી આપણે પહોંચ્યા છીએ. ચણાની ઉત્પાદકતામાં ૧૬૦૦ કિલો પ્રતિ હેકટર રહ્યા છીએ. ગુજરાતમાં આમ હિસાબ કરીએ તો વાવેતર વિસ્તાર લગભગ ૯૮ લાખ હેકટર જેટલો થવાને કારણે ૧૬.૧૬ ટકા વિસ્તારની અંદર આપણે બાગાયતી ખેતી કરતા થયા છીએ. આ બધુંય થતાં ગુજરાતની અંદર જે ઉત્પાદન થાય છે, એમાં ગયા વર્ષે આપણા રાજયની અંદર જે કૃષિ ઉત્પાદન થયું, વર્ષ ૨૦૧૯-૨૦માં કૃષિ અને પશુપાલનનું ચાલુ ભાવે, એકંદરે જે ઘરગથ્થું ઉત્પાદન હતું એ રૂપિયા ૧,૮૭,૩૬૪ કરોડ હતું અને આ વર્ષે વર્ષ ૨૦૨૦-૨૧માં રૂપિયા ૨ લાખ કરોડ ક્રોસ કરી જાય એ પ્રકારના આપણા આંકડા બ્યુરો, જી.એ.ડી. દ્વારા જે આંકડા બ્યુરો જે અહેવાલ બહાર પાડતા હોય છે આ વખતની સ્થિતિ થોડી સારી છે એટલે લગભગ રૂપિયા ૨ લાખ કરોડથી વધુ રાજયનું વાર્ષિક ઉત્પાદન વધશે. આ ઉત્તરોત્તર રીતે વધતું ગયું છે. રાજયની પૂરકશકિત ખેડૂતોને કામમાં લાગી છે. સન ૨૦૧૮-૧૯માં રૂપિયા ૧,૫૫, ૪૩૨ કરોડનું ઉત્પાદન હતું તો સન ૨૦૧૭-૧૮માં રૂપિયા ૧ લાખ ૬૫ હજાર કરોડનું ઉત્પાદન હતું એટલે કહેવાનું તાત્પર્ય એ કે પ્રતિ વર્ષ રાજયના ખેડૂતોને રાજય સરકાર દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા છે અને એના કારણે રાજયનું કૃષિ ઉત્પાદન સતત અને સતત પછી એ બાગાયતિ ખેતી હોય કે તેલિબિયા પાકોનું ઉત્પાદન કરતા ખેડૂતો હોય કે કઠોળ પાકોનું ઉત્પાદન કરતા હોય કે અનાજના પાકોનું ઉત્પાદન કરતા ખેડૂતો હોય બધી જ રીતે રાજય સરકાર દરેક યોજનામાં યોજનાના માધ્યમથી રાજય સરકાર ખેડૂતોને પ્રોત્સાહિત કરી રહી છે અને જેને કારણે આ બધું સંભવિત થઇ રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા ત્રણ વર્ષમાં સપોર્ટ પ્રાઇસ સ્કીમ છે ભારત સરકારની એના દ્વારા મગફળી, મગ, અડગ, ચણા, તુવેર, રાયડાની જે ખરીદી કરવામાં આવી, ૧૪,૩૮,૨૨૯.૩૬ મેટ્રીક ટનની ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી. લગભગ ભારત સરકારે ૭૨૬૨ કરોડ રૂપિયાના ખર્ચે નાફેડના માધ્યમથી આ ખરીદી ગુજરાત રાજયમાં કરી અને દેશના અન્ય રાજયોમાં જેમ ટેકાના ભાવે ખરીદી ભારત સરકાર કરે છે એમ ગુજરાત રાજયની અંદર પણ ગુજરાતના ખેડૂતો જે પોતાના ખેતરોમાં પુરૂષાર્થ કરી અને પાક ઉત્પન્ન કરી રહ્યા છે એ ખેડૂતોને ખુલ્લા બજારમાં એમને નુકસાની ન જાય કે આર્થિક રીતે ઘસારો ન પડે. ઘસારો પુરવા માટે ભારત સરકારે દરેક જણસી, રાજ્યમાં ઉત્પન્ન થતી જણસીઓના ૨૫ ટકા ટેકાના ભાવથી ખરીદી રહી છે. છેલ્લા ૫ વર્ષમાં ગુજરાત રાજ્યમાંથી લગાતાર ભારત સરકાર દ્વારા ખરીદી કરવામાં આવી રહી છે. મને કહેતાં ગૌરવ થાય છે કે રૂપિયા ૧૬ હજાર કરોડથી વધારેની ખરીદી ભારત સરકાર, આદરણીય શ્રી નરેન્દ્રભાઇ મોદીના સીધા માર્ગદર્શન હેઠળ રાજ્યમાંથી કરવામાં આવી રહી છે. આ માટે રાજ્યના લાખો ખેડૂતો અને ભારતીય જનતા પાર્ટીની સરકાર વતી એમનો ખૂબ ખૂબ દિલથી આભાર માનું છું. ઘઉં, મકાઇ, ડાંગર તથા બાજરી જેવા ધાન્ય પાકો છે એની રૂપિયા ૪૬૨ કરોડની ભારત સરકાર દ્વારા ખરીદી કરવામાં આવી છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૨૪ લાખ ૪૫ હજાર ૬૭૭ મેટ્રિક ટનની ખરીદી કરી રૂપિયા ૧૧,૯૨૪ કરોડની ખરીદી ગુજરાતમાંથી ભારત સરકાર દ્વારા કરવામાં આવી છે. આ બધું તો ભારત સરકાર અને રાજ્ય સરકાર રાજ્યના ફંડમાંથી પણ આમાં સબસિડી તરીકે જોડવામાં આવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એટલું જ નહીં, કુદરતી આકસ્મિક સંજોગોમાં ઉભા પાકને નુકસાન થાય, તીડ, જીવાંત લાગે, અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ જેવી સ્થિતિમાં રાજ્યની સરકારે ખેડૂતોને કુદરતના ભરોસે કે મુશ્કેલીના સંજોગોમાં રેઢા નથી મૂક્યા. ખેડૂતોનું કાંડુ પકડવામાં આદરણીય શ્રી વિજયભાઇ અને શ્રી નીતિનભાઇ પટેલની જોડીએ કોઇ બાબતમાં કચાશ નથી રાખી. રાજ્યના કૃષિ મંત્રી તરીકે અને એક ખેડૂત પુત્ર તરીકે મને એ વાતનો આનંદ અને વિશ્વાસ છે કે ભૂતકાળમાં ક્યારેય એવી સ્થિતિ નથી આવી કે ખેડૂતો નિરાશ થયા હોય અને રાજ્યના કૃષિ મંત્રી તરીકે મને એ વાતનો સંતોષ પણ છે કે ગુજરાતમાં ચાલુ વર્ષે

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

ખરીફ ઋતુમાં ઓગસ્ટ માસમાં થયેલ વરસાદથી જે ઉભા પાકોને નુકસાન થયું હતું. ૨૦ જિલ્લાના ૧૨૩ તાલુકાના ખેડૂતોના ૩૭ લાખ હેકટર વિસ્તારમાં નુકસાન થયું હતું. આવા ખેડૂતોને રૂપિયા ૩૭૦૦ કરોડનું પેકેજ જાહેર કરી આ સરકારે ભામાશા વૃતિના દર્શન કરાવ્યા છે. રાજ્યના ખેડૂતનો જુસ્સો તૂટવા દીધો નથી. એટલે દર વર્ષે ખેતી ઉત્પાદનનો આંકડો ઉંચો થતો જાય છે. જ્યારે કુદરતી આફતો આવતી હોય એ કાંઇ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં જ એકલી આવે છે એવું નથી. ભૂતકાળમાં જે લોકો અહીંયા અત્યારે નથી એ અહીંયા બેઠા હતા ત્યારે એ વખતે કુદરતી આપત્તિ રાજ્ય ઉપર આવી છે. એ વખતે ખેડૂતોનું બાવડું પકડ્યું હોય, આર્થિક રીતે મદદ કરી હોય એવા આંકડા ધ્યાનમાં આવતા નથી. કોંગ્રેસના મિત્રો નથી નહીં તો પૂછતો. છેલ્લા ત્રણ વર્ષમાં દર વર્ષે ખરીફ સિઝનમાં થોડું ઘણું વરસાદના કારણે નુકસાન થતું હોય છે. એના આગલા વર્ષે ૩૭૯૫ કરોડ રૂપિયાનું પેકેજ આ સરકારે જાહેર કર્યું હતું. માનનીય નાણામંત્રીશ્રીએ પ્રેસ ભરીને એક વખત નહીં, બે વખત, પહેલા પ્રેસ અમદાવાદ ખાતે માનનીય નાણામંત્રીશ્રીએ બોલાવી જેમાં કૃષિ મંત્રી તરીકે હું ઉપસ્થિત હતો. એ વખતે પ્રાથમિક નુકસાનીનો અંદાજ આવ્યો હતો, અમારા કૃષિ વિભાગે અંદાજ આપ્યો હતો એ પ્રમાણે રૂપિયા ૭૦૦ કરોડના નુકસાનનો અંદાજ હતો. એ રીતની માનનીય નાણામંત્રીશ્રીએ જાહેરાત કરી હતી. પણ જેમ જેમ અહેવાલ ડિટેઇલમાં આવતો ગયો, ખેડૂતો તરફથી ફરિયાદો આવતી ગઇ તો સરકારે મોટું મન કર્યું અને રિસરવે કરાવીને ફરીથી વિગતવાર એસ્ટિમેટ લેવાની સૂચના આપી અને કલેકટરશ્રીઓને પણ સૂચના આપી કે વાસ્તવમાં શું પરિસ્થિતિ છે? વાસ્તવમાં જો ખેડૂતોને વધુ નુકસાન થયું હોય તો આ સરકાર માત્ર રૂપિયા ૭૦૦ કરોડ ચૂકવીને ફરજ બજાવીને પૂરું કરી દેવા માગે છે એવું નથી. વાસ્તવમાં ખેડૂતોને વધુ નુકસાન થયું હોય તો આપણે એ રીતે ખેડૂતોને મદદરૂપ થવું છે. ડિટેઇલ સરવેનો અહેવાલ મંગાવ્યા પછી એના આધારે અને ભૂતકાળમાં ક્યારેય કોઇ સરકારે ખેડૂતોને નુકસાન થયું હોય, ત્યારે આવડું મોટું રાહત પેકેજ જાહેર કર્યું હોય એવું મારી રાજનીતિના ઇતિહાસમાં મેં ક્યારેય જોયું નથી. એવું રૂપિયા ૩૭૯૫ કરોડનું પેકેજ જાહેર કરીને રાજ્યના ખેડૂતોને હૂંફ આપવાનું કામ રાજ્ય સરકારે ખેડૂત હિતલક્ષી હોવાના દર્શન કરાવ્યાં છે. છેલ્લા ત્રણ વર્ષમાં ૫૮૦૦ કરોડ રૂપિયા જેવી રકમ રાજ્યના ખેડૂતોના ગજવામાં સરકારે મૂકીને ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૫-૧૬થી હિસાબ કરીએ તો રૂપિયા ૯૦૫૦ કરોડની સહાયતા સીધા સરકારે પોતાના બેજટની અંદરથી નાણાં કાઢીને સીધે સીધી ખેડૂતને મદદ કરી છે એવી ઐતિહાસિક ઘટનાઓ બની રહી છે. આ રાજ્યનો ઇતિહાસ જ્યારે લખાશે ત્યારે ભારતીય જનતા પાર્ટીની સરકારોએ ખેડૂતોના હિત માટે થઇને ક્યારેક એવા નિર્ણયો લેવા પડ્યા છે એ નિર્ણયો હિચકિચાટ વિના લીધા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનાનીય નાણામંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને હું અભિનંદન આપું છું અને આભાર માનું છું કે ખેડૂતોના હિતમાં અનેક નિર્ણયો લીધા છે. પરંતુ સાત પગલા ખેડૂત કલ્યાણના આ જે નિર્ણય લીધો છેને એ આવતી પેઢીઓ આ ભારતીય જનતા પાર્ટીની સરકારના મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને યાદ કરશે. ખેડૂતોને આગળ વધવા માટે પૂરક શકિત જોઇએ અને ખેતી પ્રવૃત્તિની સાથે સંકળાયેલી બધી જ બાબતો છે એની ઉપાસના થવી જોઇએ. માનનીય અધ્યક્ષશ્રી, હું માળાના મણકાં ફેરવવા એ ઉપાસનાની વાત નથી કરતો. હું વ્યવહારે આચરણમાં મૂકીને આ સરકારે ખેડૂતને ખેતી કાર્ય માટે થઇને સારા સાધનો જોઇએ. યંત્રો જોઇએ તો યંત્ર ખરીદવા માટે પણ સરકાર આર્થિક રીતે ટેકો કરતી હોય છે. માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ વિભાગની કામગીરીમાં ''સાત પગલાં ખેડૂત કલ્યાણ''ના એના કારણે ખેડૂતોને આવનારા દિવસોમાં આગળ વધવા માટે ઉત્તેજન મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, વાહન વ્યવહાર વિભાગ દ્વારા પણ રાજ્યની અંદર રાજ્યની સવા છ કરોડ ગુજરાતીઓની સેવા માટે અમારો વાહન વ્યવહાર વિભાગ, વાહન વ્યવહાર ખાતું, ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશન અને ગુજરાત રાજ્ય રોડ સેફ્ટી ઓથોરિટી આ ત્રણ ભાગ પર અમારી કામગીરી ચાલી રહી છે અને એ પ્રમાણે અમારા નિગમ દ્વારા રાજ્યના ૯૯ ટકા વિસ્તારોને આવરી લઇને બસ સેવાઓ મારફત લોકોની અહર્નીશ સેવા બજાવવામાં આવી રહી છે. ૪૦,૦૦૦ ઉપરાંત કર્મચારીઓ છે એ ઉપર અમારું નિગમ રાજ્યની પ્રજાજનોની અવિરતપણે સેવા બજાવી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ રીતે અમારા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા પણ રાજ્યના ગ્રામીણ ક્ષેત્રમાં વસતા માનવીને પ્રોત્સાહિત કરવા માટે થઇને અમારો ગ્રામીણ વિકાસ વિભાગ કામ કરી રહ્યો છે અને મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી યોજનામાં માનવીને બે હાથને કામનો અધિકાર આપવાનું કામ અમે કરી રહ્યાં છીએ. રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન દ્વારા પણ રાજ્યમાં લગભગ આવનારા વર્ષોમાં ૩૦૦ કરોડ રૂપિયા જેવી રકમ વાપરીને ગ્રામીણ ઉદય થાય અને ગામડામાં વસતાં માનવીને આગળ વધવા માટેના અવસરો પ્રાપ્ત થાય એ પ્રકારનું અમારું આયોજન છે. પંડિત દિનદયાળ ઉપાધ્યાય ગ્રામીણ કૌશલ્ય યોજના દ્વારા વ્યકિતની અંદર પડેલી શકિતઓને ઊજાગર કરી બહાર લાવી રોજગારીની યાત્રામાં જોડાવવા માટે પંડિત દિનદયાળ ઉપાધ્યાયજીના જીવનના ઉચ્ચ સંસ્કારોની પ્રેરણા લઇને અમે કામ કરી રહ્યાં છીએ. સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ હેઠળ લગભગ ૮૦૦ કરોડ રૂપિયા જેવું બજેટ આવનારા વર્ષમાં ગ્રામીણ ક્ષેત્ર માટે વપરાવાનું છે. પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનાના સંદર્ભમાં પણ રાજ્યને આવનારા દિવસોમાં રૂપિયા ૧૨૪ કરોડના ખર્ચે નાની મોટી સિંચાઇ સવલતો પ્રાપ્ત થાય. ભૂમિ અને જળ સંગ્રહના ક્ષેત્રે કામગીરી આગળ વધી શકે એ માટે આવનારા વર્ષમાં અમે કામ કરવાના છીએ. શ્રી શ્યામાપ્રસાદ મુખરજી રૂર્બન મિશન હેઠળ પણ કામગીરી કરવાના છીએ. અમારા વિભાગ હેઠળ કેન્દ્ર સરકાર અને રાજ્ય બંને થઇને લગભગ ૩૨૯૪ કરોડ રૂપિયાની જોગવાઇ લઇને આગામી દિવસોમાં અમે આવી રહ્યા છીએ. ગ્રામીણ ક્ષેત્રમાં આવાસો

માટે ભારત સરકાર દ્વારા માનનીય પ્રધાનમંત્રીજીના નામ સાથે જોડાયેલી આવાસ યોજના પણ આવનારા વર્ષમાં એક લાખ આવાસો નવા નિર્માણ થાય અને ગરીબોને પોતાનું ઘર પ્રાપ્ત થાય એ દિશામાં કેન્દ્ર સરકારે આપણેને ટાર્ગેટ આપ્યા છે એ ટાર્ગેટને પૂર્ણ કરવા માટે આગળ વધી રહ્યાં છીએ. સ્વચ્છ ભારત મિશન હેઠળ પણ આવતા દિવસોમાં ગ્રામીણ ક્ષેત્રોમાં મોટામાં મોટી ગ્રામ પંચાયતો હોય એમાં સ્વચ્છતાના સંદર્ભમાં પણ કામ લઇને આપણે આવી રહ્યા છીએ. આમ અમારા ગ્રામ વિકાસ વિભાગ દ્વારા ગ્રામીણ ક્ષેત્રના વિકાસ માટે કામ કરી રહ્યા છીએ. કેટલાક મિત્રોએ કાપ દરખાસ્તોમાં કેટલાક પોલિટીકલ અવલોકનો કર્યા છે. શ્રી વિરજીભાઇ ઠુમ્મર, છોટા ઉદેપુરના શ્રી મોહનસિંહભાઇએ જે રીતે આક્ષેપ કર્યા હતા. શ્રી મોહનસિંહભાઇની વાતમાં એટલું તથ્ય છે કે ત્યાં જે કર્મચારીઓએ સાથે મળીને મનરેગાના કામમાં ભ્રષ્ટાચાર કર્યો હતો એ ૨૦૨૦ની સાલમાં જ એની સામે એકશનો લઇ લીધા છે અને જે કર્મચારીઓ હતા એને ટર્મિનેટ કર્યા છે. એટલે જયાં સુધી ફરિયાદને લાગેવળગે છે ત્યાં સુધી એમની સામે કાર્યવાહી કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી હર્ષદભાઇ રીબડીયાએ ખાતર બાબતમાં વાત કરી છે. સબસિડાઇઝ રાસાયણિક ખાતરના વિતરણ માટે ડી.બી.ટી.થી યોજના ચાલુ છે. ૮૫૧૪થી વધારે ખાતર વિક્રેતાઓના માધ્યમથી રાજયની અંદર ખાતર વિતરણ વ્યવસ્થા ચાલી રહી છે. હાલમાં ખાતરનું જેના ભાવે વેચાણ થઇ રહેલું હોઇ નવા ભાવ કયાંય બહાર પડયા નથી કે લોકોને કે ખેડૂતોને છેતરવા માટે કે ખેડૂતોને લૂંટવા માટેની જે વાત કરે છે એવી કશી જ કયાંયથી ફરિયાદ નથી આવી અને અમારું તંત્ર સતત એલર્ટ છે. એ ખોટી અફવાઓ ફેલાવે છે. એમનું તો કામ જ એ છે ને? કયાં *(xxx) કોઇ દિવસ મળ્યા છે?

અધ્યક્ષશ્રી : *(xxx) શબ્દ કાઢી નાખવામાં આવે છે.

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મગફળીમાં નફાખોરીની વાત કરી. ટેકાના ભાવ ભારત સરકારનું કૃષિ ભાવ પંચ નકકી કરે છે અને ટેકાના ભાવે દરેક રાજયની અંદર ખેત ઉત્પન્નની જણાસીઓ ખરીદવા માટે ભારત સરકાર એની એજન્સીઓને રાજયમાં મોકલતી હોય છે. રાજયમાં ખુલ્લા બજારોમાં જે ભાવ ચાલતા હોય છે. એ ખુલ્લા બજારો ટેકાના ભાવથી નીચે જયારે ચાલતા હોય ત્યારે રાજય છે એ સ્વાભાવિક રીતે ભારત સરકારને દરખાસ્ત કરતું હોય છે અને ભારત સરકાર એ જણસીઓ ખરીદવા માર્કેટમાં એન્ટર થતી હોય છે. એ વખતે ખેડૂતોને ભાવ ખુલ્લા બજાર કરતા તો વધારે મળ્યા જ હોય. પરંતુ બિચારણની આખી પ્રોસેસ હોય છે અને પ્રોસેસ કરે એટલે સ્વાભાવિક રીતે એનો ભાવ થોડો ખુલ્લા બજારથી જે ખરીદી હોય એનાથી તો ઉંચો ભાવ થોડો ભરવો જ પડતો હોય છે.

અધ્યક્ષશ્રી : જો આપ પરમિટ કરો તો આપના સાથી મંત્રીને ત્રણ મિનિટ બોલવું છે. નહીંતર મારે તો...

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મારા ત્રણેય વિભાગની માગણીઓ લઇને સન્માનનીય ગૃહ સમક્ષ આવ્યા છીએ. અમારી માગણીઓ વિના વિરોધે મંજૂર થાય એવી પ્રાર્થના છે.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા (પાણી પુરવઠા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પાણી પુરવઠા વિભાગની મહત્ત્વની વાત મૂકવાની હતી પણ જે કાંઇ હાઉસ ડિસ્ટર્બ થયું એના કારણે બધી વાતો મૂકી શકયો નથી પણ થોડી વાત છે એ આપના માધ્યમથી હું ટેબલ ઉપર મૂકું છું.

અધ્યક્ષશ્રી : ટેબલ ઉપર નહીં આવે. આપ ટૂંકમાં બોલો.

શ્રી કુંવરજીભાઇ મો. બાવળિયા : માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને મહત્ત્વની વાત, કોરોનાના સમયની અંદર પણ જે રીતે પાણી પુરવઠા વિભાગે કામ કર્યું છે અને લોકો ઘરમાં રહ્યા હતા પણ એ વખતે પાણી પુરવઠા વિભાગના અમારા કર્મચારીઓ અને અધિકારીઓએ ખૂબ મહત્ત્વની કામગીરી કરી છે એટલે હું એમને પણ અભિનંદન આપું છું. દેશના પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ કે જેમણે હર ઘર નળ યોજના જે લોકો વચ્ચે મૂકીને શુદ્ધ પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં ઘર સુધી પહોંચે એ માટે વર્ષ ૨૦૨૪ સુધીમાં આ યોજના પૂર્ણ કરવાની હતી પણ હું રાજયના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનીશ એમણે વર્ષ ૨૦૨૨ સુધીમાં આ હર ઘર નળ યોજનાથી ઘર સુધી પીવાનું ચોખ્ખું પાણી મળે એ માટે બજેટમાં વિશેષ જોગવાઇ કરી છે એટલે હું એમનો પણ હૃદયથી આભાર માનું છું. ખાસ કરીને જે દરેક વખતે ઉલ્લેખ થાય છે કે આદિવાસી વિસ્તારની અંદર પીવાના પાણીની મુશ્કેલીઓ રહે છે. આ વખતે આદિવાસી વિસ્તારની અંદર પણ ગ્રામ્ય વિસ્તારમાં પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં ચોખ્ખું અને શુદ્ધ મળી રહે અને એના માટેની યોજના આ વખતના બજેટની અંદર પણ રૂપિયા ૯૯૦૦ કરોડની જોગવાઇ પણ કરી છે. એટલું કહીશ કે પાણી પુરવઠા વિભાગને કુલ ફાળવેલું જે બજેટ છે એ પૈકીના ૨૫.૧૫ ટકા જેટલી એમાં વિશેષ જોગવાઇ પણ આદિવાસી વિસ્તારમાં પીવાના પાણી માટેની કરી છે. એ ઉપરાંત આદિવાસી વિસ્તાર એટલે કે પૂર્વપટ્ટીની અંદર લગભગ મોટાભાગની યોજનાઓ કે જયાં સુધારણાની યોજના કરવાની થતી હોય અથવા તો જે યોજનાઓ બની રહી છે વડોદરા જિલ્લો, દાહોદ, મહીસાગર, છોટાઉદેપુર, પંચમહાલ, વલસાડ, નવસારી કે જેની અંદર દમણગંગા પાઇપ લાઇનની વાત હોય એની સાથે કડાણા બલ્ક પાઇપ લાઇનની વાત હોય કે નર્મદાના બ્રાન્ચ કેનાલ આધારિત પીવાના પાણીની યોજના હોય. પૂર્વ પટ્ટીની અંદર મોટા ભાગના આદિવાસી વિસ્તારો છે કે જયાં પીવાના પાણીની મુશ્કેલી ન પડે એ માટે તમામ રીતે આ વખતના બજેટમાં જોગવાઇ કરી છે. પીવાના પાણી માટે જયાં ગંદુ પાણી હોય એને રી

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (સાતમો દિવસ)

યુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર કે જેનો ફરી વખત ઉપયોગ કરીને ફરી વખત શુદ્ધ પાણી છે, તેને બચાવીને આ પાણીનો બીજી રીતે ઉપયોગ થઇ શકે, બગીચાઓ હોય, અથવા ખેતીમાં હોય કે ઇન્ડસ્ટ્રિઝમાં ઉપયોગ થઇ શકે તે માટે રાજ્ય સરકારે તા.૨૮–૫–૨૦૧૮ના રોજ ગટરના શુદ્ધીકરણ કરેલ પાણીના પુનઃ ઉપયોગ અંગેની નીતિ જાહેર કરેલી. રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ જે રીતે પીવાના પાણી માટેની ચિંતા કરી છે. દરિયાઇ પટ્ટી ઉપર ખાસ કરીને પીવાનું પાણી પૂરતા પ્રમાણમાં પહોંચાડી શકાતું નથી. એના માટે ૪ જગ્યાએ ડી–સેલીનેશન પ્લાન્ટની શરૂઆત કરી છે. દેશના માનનીય પ્રધાનમંત્રીએ જ્યારે કચ્છમાં આવ્યા તે વખતે માંડવી ખાતે તેમના હસ્તે ભૂમિપૂજન થયું હતું. આ ઉપરાંત જુદી જુદી યોજનાઓના માધ્યમથી પીવાનું પાણી છેવાડાના લોકો સુધી પહોંચે એ માટે છેલ્લા વર્ષોમાં પીવાના પાણીનો દુરુપયોગ ન થાય એના માટે અમે કાયદો લઇ આવ્યા છીએ, જેથી કરીને આગામી દિવસોમાં જયાં કયાંય ચોરી થતી હોય તેને અટકાવી શકાય અને કયાંય ચોરી થતી હોય અને ધ્યાન ઉપર આવે તો એની અંદર દંડ અને સજાની પણ જોગવાઇઓ છે. બજેટની મહત્ત્વની જોગવાઇઓ છે એની હું એક મિનિટની અંદર વાત કરી દઉં. ગ્રામ્ય પાણી પુરવઠા યોજના માટે રૂપિયા ૯૬૮ કરોડ જેવી જોગવાઇ કરી છે. જલ જીવન મિશન અંતર્ગત રૂપિયા ૭૪૮ કરોડની જોગવાઇ કરી છે. ગ્રામ્ય પાણી પુરવઠા યોજના ખાસ કરીને અનુસૂચિત જાતિના વિસ્તારો છે એમાં રૂપિયા ૧૫ કરોડ જેવી જોગવાઇ કરી છે. રી યુઝ ઓફ ટ્રીટેડ વેસ્ટ વોટર માટેની રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરી છે. ડી સેલીનેશન પ્લાન્ટ માટેની રૂપિયા ૩૦૦ કરોડ જેવી જોગવાઇ કરી છે. આમ, છેવાડાના લોકો સુધી ચોખ્ખું, શુદ્ધ પીવાનું પાણી મળી રહે એ માટે અમારા પાણી પુરવઠા વિભાગ તમામ રીતે કટિબદ્ધ છે. એ રીતે પીવાનું પાણી મળી રહે એના માટે રાજ્ય સરકારે ખૂબ હકારાત્મક અભિગમ અપનાવ્યો છે.

કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૬, ૯, ૧૦, ૧૨, ૧૩, ૧૪, ૧૬, ૧૮, ૧૯, ૨૦, ૨૨, ૨૩, ૩૧, ૩૩, ૩૫, ૩૮, ૩૯, ૪૧, ૪૨, ૪૬, ૪૮, ૪૯, ૫૦, ૫૨, ૫૪, ૫૫, ૫૭, ૫૯, ૬૧, ૬૨, ૬૩, ૬૪, ૬૬ અને ૬૭ મત ઉપર મૂકવામાં આવી અને નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક–૨, ૩, ૪, ૬૭, ૭૧ અને ૭૪ મત ઉપર મૂકવામાં આવી અને મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું પહેલી બેઠકનું કામકાજ બપોરના ૨–૧૮ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બીજી બેઠક માટે બપોરના ૩–૩૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

**ગુજરાત વિધાનસભા**
**મંગળવાર, તા.૨૩મી માર્ચ, ૨૦૨૧**
**ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે**
**બીજી બેઠક**
**સભાગૃહ બપોરના ૩-૩૦ વાગ્યે મળ્યું.**
**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ

*૩૭૦૫૮ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઇન એઇડની કુલ કેટલી રકમ ફાળવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી તથા કંકરની વર્ષવાર નીચે મુજબની રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| ક્રમ | વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | **કુલ** | **૩૯૦૯૦.૫૨** |

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઇન એઇડની કુલ રૂ. ૨૯૦૦.૩૭ લાખ રકમ ફાળવેલ છે.

શ્રી ગજેન્દ્રસિંહ ઉ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, રેતી કંકરની ગ્રાન્ટ પંચાયતોને કેવી રીતે ફાળવવામાં આવે છે અને તે ફાળવવાની પદ્ધતિ શું છે? મારો બીજો પ્રશ્ન એ છે કે, સાબરકાંઠા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં તાલુકાવાર કેટલી રકમની ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે પ્રશ્ન પૂછ્યો છે તેમાં રેતી, કંકર અને ગ્રેવલની જેટલી રોયલ્ટી મળતી હોય છે તેમાંથી પાંચ ટકા વહીવટી ખર્ચ કાપી બાકીની ૯૫ ટકા રકમ જિલ્લા પંચાયતને પાછી આપવામાં આવે છે. જિલ્લા પંચાયતને જે ૯૫ ટકા રૂપિયા જાય છે તેમાંથી ૫૦-૫૦ ટકાની વહેંચણી કરવામાં આવે છે. ૫૦ ટકા રકમ જે ગામડાની અંદર આનું માઈનિંગ થયું હોય તેને આ રોયલ્ટી આપવામાં આવે છે. બાકીની ૫૦ ટકા રકમ વધે છે તે જિલ્લા પંચાયત પોતે રાખે છે. તેમાં જિલ્લા પંચાયત જે કામો સૂચવે તેમાં જાય છે. રોયલ્ટી જે ભેગી થાય છે તેમાં તેની પ્રોસિજર એવી છે કે, ડિસ્ટ્રિક્ટ ટ્રેઝરી ઓફિસની અંદર આ રકમ જાય છે. જ્યાં આગળ તેની ચકાસણી કરવામાં આવે છે. જીઓલોજીસ્ટ અને ડિસ્ટ્રિક્ટ ઓફિસમાંથી તે હેડ ઓફિસમાં જાય છે અને ત્યાં આગળ ચકાસણી કરવામાં આવે છે. આગલા વર્ષની ગ્રાન્ટ બીજા વર્ષે આપવામાં આવે છે. દા.ત. વર્ષ ૨૦૧૭-૧૮ની જે ગ્રાન્ટ હોય તે વર્ષ ૨૦૧૮-૧૯માં આપવામાં આવે છે અને વર્ષ ૨૦૧૮-૧૯ની ગ્રાન્ટ હોય તે વર્ષ ૨૦૧૯-૨૦માં આપવામાં આવે છે. આ ૯૫ ટકા પૈસા જાય છે તેની ચકાસણી કર્યા પછી આવતા વર્ષના બજેટની અંદર નાણાં વિભાગ દ્વારા ચકાસણી કર્યા પછી પંચાયત વિભાગને આપવામાં આવે છે. પંચાયત વિભાગમાં તે વિકાસ કમિશનર દ્વારા તે રકમ ગામડાંઓ અને જિલ્લા પંચાયતને સોંપવામાં આવે છે. આખી પદ્ધતિ એટલી પારદર્શક છે કે, જે ગામડામાં માઈનિંગ થયું હોય તેને ૯૫ ટકામાંથી ૫૦ ટકા હિસ્સો મળે છે અને જિલ્લા પંચાયતને ૫૦ ટકા હિસ્સો મળે છે. પાંચ ટકા વહીવટી ખર્ચ માટે રાજ્ય સરકાર પોતાની પાસે રાખે છે. બાકીની બધી ગ્રાન્ટ નીચે આપે છે. માનનીય સભ્યશ્રીએ તાલુકાવાઈઝ કેટલી ગ્રાન્ટ મળી તેવું પૂછ્યું છે તો તેની વિગતો આપું તો હિંમતનગર તાલુકામાં વર્ષ ૨૦૧૮-૧૯માં રૂપિયા ૨ કરોડ ૮૯ લાખ, પ્રાંતિજમાં રૂપિયા ૬ કરોડ ૯૮ લાખ, ઇડર તાલુકામાં રૂપિયા ૧ કરોડ ૨૧ લાખ, ખેડબ્રહ્મામાં રૂપિયા ૧ કરોડ ૧૮ લાખ, વડાલીમાં રૂપિયા ૦.૯૬ લાખ, તલોદમાં રૂપિયા ૩ કરોડ ૯૪ લાખ એમ રૂપિયા ૧૨ કરોડ ૩૨ લાખ મોકલ્યા છે. તેમાંથી રૂપિયા ૬ કરોડ ૧૬ લાખ ગ્રામ પંચાયતોને અને રૂપિયા ૬ કરોડ ૧૬ લાખ જિલ્લા પંચાયતને ફાળવવામાં આવ્યા છે. આવી જ રીતે વર્ષ ૨૦૧૯-૨૦માં હિંમતનગર તાલુકામાં રૂપિયા ૫ કરોડ ૭૫ લાખ, પ્રાંતિજમાં રૂપિયા ૮ કરોડ ૮૩ લાખ, ઇડર તાલુકામાં રૂપિયા ૧ કરોડ ૩૨ લાખ, ખેડબ્રહ્મામાં રૂપિયા ૦.૭૨ લાખ, વડાલીમાં રૂપિયા ૧ કરોડ ૬૪ લાખ, તલોદમાં રૂપિયા ૩ કરોડ ૭૨ લાખ એમ રૂપિયા ૧૬ કરોડ ૬૮ લાખ મોકલ્યા છે. તેમાંથી રૂપિયા ૮ કરોડ ૩૪ લાખ ગ્રામ પંચાયતોને અને રૂપિયા ૮ કરોડ ૩૪ લાખ જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવ્યા છે.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, છેલ્લાં બે વર્ષની અંદર તાલુકાવાર રોયલ્ટીની કેટલી આવક થઇ છે?

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા બે વર્ષમાં જોઇએ તો વર્ષ ૨૦૧૮-૧૯માં હિંમતનગર તાલુકામાં રૂપિયા ૩ કરોડ ૭૩ લાખ, ઇડરમાં રૂપિયા ૦.૭૮ લાખ, ખેડબ્રહ્મામાં રૂપિયા ૦.૫૧ લાખ, પ્રાંતિજમાં રૂપિયા ૫ કરોડ ૧૨ લાખ, તલોદમાં રૂપિયા ૩ કરોડ ૩૩ લાખ, વડાલીમાં રૂપિયા ૧ કરોડ ૧૭ એમ રૂપિયા ૧૦ કરોડ ૨૦ લાખ તથા વર્ષ ૨૦૧૯-૨૦માં હિંમતનગર તાલુકામાં રૂપિયા ૩ કરોડ ૩૩ લાખ, ઇડરમાં રૂપિયા ૦.૮૧ લાખ, ખેડબ્રહ્મામાં રૂપિયા ૦.૨૭ લાખ, પ્રાંતિજમાં રૂપિયા ૨ કરોડ ૬૯ લાખ, તલોદમાં રૂપિયા ૧ કરોડ ૪૧ લાખ, વડાલીમાં રૂપિયા ૦.૧૨ લાખ એમ રૂપિયા ૧૨ કરોડ ને ૬૭ લાખની આવક થઇ છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લાને રૂપિયા ૨૯.૩૭ લાખ રકમ ફાળવવામાં આવી છે. આ જે રકમ ફાળવવામાં આવી તેમાં ૫૦ ટકા જિલ્લા પંચાયતને ફાળવવામાં આવી છે. તો ૫૦ ટકા રકમ જે ફાળવવામાં આવી છે તે કઇ કઇ જગ્યાએ ફાળવવામાં આવી છે?

માનનીય અધ્યક્ષશ્રી, મારો બીજો પ્રશ્ન છે કે, આ જે જગ્યાએથી રેતી-કંકર નીકળતું હોય એજ પંચાયતના સેજામાં આવતા ગામોમાં આ રકમ વાપરવામાં આવે છે કે અન્ય ગામોમાં પણ આ રકમ વાપરવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આની અંદર જિલ્લા પંચાયત આયોજનવાળા નક્કી કરે છે કે કયા ગામડામાં કેવી રીતે પૈસા વાપરવા છે. હવે અહીંયાથી જે અમે આપીએ છીએ અને જે ગામડાની રોયલ્ટી છે એ તો નક્કી જ છે કે જે ગામડામાંથી ખનીજ નીકળ્યું હોય એ ગામમાં એ પૈસા જાય છે. બાકીના જે ૫૦ ટકા પૈસા છે એમાં જિલ્લા આયોજનને સત્તા છે એટલે એ લોકો નક્કી કરે છે કે અમારે કયા વિસ્તારોમાં કયા કામ માટે આપવા. એટલે ૫૦ ટકા જે ગામમાંથી ખનીજ નીકળે છે એને રોયલ્ટી જાય છે અને બાકીના પૈસા કયાં વાપરવા એ જિલ્લા આયોજન નક્કી કરતું હોય છે. માનનીય સભ્યશ્રીએ બીજી વાત કરી કે આ પૈસા કયા કામ માટે કયાં વાપરવા? તો એના નોર્મ્સ સરકાર નક્કી કરે છે. ફાળવવા માટે તો જિલ્લા આયોજનને સત્તા છે પણ એ લોકોને કયા કામ માટે વાપરવા? તો એ લોકો વરસાદી પાણીના નિકાલના કામ લઇ શકે છે, પીવાના પાણીની વ્યવસ્થા કરવી હોય તો કરી શકે છે, ગ્રામ પુસ્તકાલય બનાવવા માટે અને નિભાવવા માટે વાપરી શકે છે, ભૂગર્ભ ગટર યોજના બનાવવા માટે, ગ્રામ પંચાયત વિસ્તારમાં ગ્રામ હાટ બનાવવા માટે, ઘન કચરાના નિકાલ માટે, ગ્રામ એપ્રોચ રોડ બનાવવા માટે, ગ્રામ પંચાયત વિસ્તારમાં વીજળીકરણની સુવિધા કરવા માટે આવી રીતે ગ્રામ પંચાયતમાં કયા કામ કરવાનાં છે એનું અહીંથી માર્ગદર્શન આપવામાં આવેલ હોય એ પ્રમાણે એ લોકોએ કામ કરવું પડે છે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, જે ૫૦ ટકા રકમ જિલ્લા પંચાયતને ફાળવવામાં આવે છે એ ૫૦ ટકા રકમ જિલ્લા આયોજન મંડળને ફાળવવામાં આવતી નથી હોતી એ જિલ્લા પંચાયત સામાન્ય સભા કરતી હોય છે, તો આપના મારફત માનનીય મંત્રીશ્રીને મારે પૂછવું છે કે, જિલ્લા આયોજન મંડળ આ ૫૦ ટકા રકમ ફાળવતી હોય તો વાંધો નહીં પણ આ જિલ્લા પંચાયત સામાન્ય સભા રકમ ફાળવે છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લાને સંપૂર્ણપણે સત્તા આપી છે એટલે સત્તા સરકાર પાસે નથી રાખી એટલે એ માટે જિલ્લા પંચાયતના પ્રમુખથી લઇને એ લોકો નક્કી કરતા હોય છે કે કયા કયા ગામડાને આપવાનું. અમે લોકો મોકલીએ છીએ એ પૈસા ગામડાઓમાં સંપૂર્ણ માર્ગદર્શન પ્રમાણે વાપરવા પડે છે. દાખલા તરીકે તમે પૂછ્યું કે કયા ગામડાઓને આપી? તો કહું કે વર્ષ ૨૦૧૭-૧૮માં હિંમતનગરમાં ૭ ગામોને મળી, ઇડરમાં ૧૫ ગામડાને મળી, ખેડબ્રહ્મામાં ૫ ગામને મળી. (અંતરાય)

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : મારો પ્રશ્ન એ હતો કે આયોજન મંડળ કે જિલ્લા પંચાયત કોણ નક્કી કરે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જિલ્લા પંચાયતની અંદર નક્કી કરવામાં આવે છે.

### ભાવનગર અને બોટાદ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ

* ૩૬૪૩૮ **શ્રી કનુભાઇ બારૈયા** (તળાજા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ભાવનગર અને બોટાદ જિલ્લામાં જિલ્લાવાર માર્ગ અકસ્માતના કેટલા કિસ્સા નોંધાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યકિતઓના મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ માર્ગ અકસ્માતમાં થતા માનવ મૃત્યુમાં ઘટાડો કરવા સરકારે શાં પગલાં ભર્યા?

**જવાબ**

(૧)

| વર્ષ | ભાવનગર | બોટાદ |
|---|---|---|
| ૨૦૧૯ | ૪૮૪ | ૯૨ |
| ૨૦૨૦ | ૩૯૧ | ૮૮ |

(૨)

| વર્ષ | ભાવનગર | બોટાદ |
|---|---|---|
| ૨૦૧૯ | ૧૭૫ | ૫૭ |
| ૨૦૨૦ | ૧૩૫ | ૪૮ |

(૩)

(૧) ટ્રાફિક નિયમો અને માર્ગ સલામતી માટે સામાન્ય જનતાને જોડતા જનજાગૃત્તિના કાર્યક્રમો કરવામાં

આવે છે.

(૨) રાજ્યભરમાં શહેર/જિલ્લા ખાતે ટ્રાફિક નિયમોના ચુસ્ત અમલીકરણ માટે સઘન ટ્રાફિક ઝુંબેશ રાખવામાં આવે છે.

(૩) રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલ સ્થળ દંડની પુરેપૂરી રકમને રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં ફાળવી તેમાંથી માર્ગ સલામતી માટે આયોજન કરવામાં આવે છે.

(૪) પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સામાં શહેર/જિલ્લા ખાતે આર.ટી.ઓ., પોલીસ તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની સંયુક્ત ટીમ અકસ્માત સ્થળની મુલાકાત કરીને આવા બનાવો બનતા નિવારવા માટે પોતાની ભલામણો/ સૂચનો કરે છે.

(૫) જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરશ્રી, શહેરમાં પોલીસ કમિશનરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા રોડ સેફ્ટી કમિટી, સીટી રોડ સેફ્ટી કમિટીની નિયમિત બેઠક યોજાય છે અને આ બેઠકમાં અકસ્માતના કારણો સંદર્ભે સંયુક્ત ટીમના અહેવાલની સમીક્ષા કરીને આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૬) રાજ્યકક્ષાએ વાહનવ્યવહાર મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠકો દર છ માસે નિયમિત રીતે યોજવામાં આવે છે, જેમાં સમગ્ર રાજ્યની માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા તથા જરૂરી આદેશ કરવામાં આવે છે.

(૭) અકસ્માતના સમયે તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુસર ૧૦૮ની સેવાઓ વિસ્તારવામાં આવેલ છે. તમામ જિલ્લા કક્ષાએ ટ્રોમા સેન્ટરની સવલત પણ ઉપલબ્ધ થઇ શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરાઇ રહી છે.

(૮) માર્ગ અકસ્માતમાં ભોગ બનનાર નાણાંના અભાવે તાત્કાલિક સારવારથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઇજા પામેલને વ્યક્તિદીઠ અકસ્માતના પ્રથમ ૪૮ કલાક માટે રૂ. ૫૦,૦૦૦/– ની મર્યાદામાં સારવારનો ખર્ચ સીધેસીધો હોસ્પિટલોને ચૂકવવાની જોગવાઇ કરેલ છે.

(૯) લગ્નસરામાં ટ્રક જેવા માલવાહક વાહનોમાં જાનૈયાઓનું અસલામત પરિવહન રોકવા માટે માન. મુખ્યમંત્રીશ્રીની સીધી સૂચનાથી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની સુંદર–સુશોભન કરેલ બસો નજીવા ભાડાથી આપવામાં આવે છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, ભાવનગર–બોટાદ જિલ્લામાં વાહન અકસ્માતમાં ઘાયલ થયેલા ઇસમોની કુલ સંખ્યા કેટલી? અને આ ઘાયલ ઇસમોને સરકારશ્રીના ધારા–

ધોરણ મુજબ કેટલી રકમ કેટલા સમયમાં હોસ્પિટલોને ચૂકવવામાં આવી છે? મારો ત્રીજો પ્રશ્ન છે કે, સરકારી હોસ્પિટલોમાં કેટલા ઇસમોએ અને ખાનગી હોસ્પિટલોમાં કેટલા ઇસમોએ સારવાર લીધી? માનનીય અધ્યક્ષશ્રી, મારો છેલ્લો પ્રશ્ન એ છે કે, મને જે જવાબ આપવામાં આવ્યો છે એમાં ક્રમ નં.૮માં લખ્યું છે કે, રૂપિયા ૫૦ હજારની સહાય અથવા તો ૪૮ કલાક સરકારશ્રી દ્વારા પરિપત્ર કરીને ભોગવવામાં આવે છે. આ તા.૧૬/૦૫/૨૦૧૮નો પરિપત્ર છે એની સામે ઓર્થોપેડિક ડોકટર એસોસિએશન કોર્ટમાં ગયું છે. લોકડાઉન પહેલા આ પરિપત્ર થયાના એકાદ મહિનામાં જ કોર્ટમાં ગયેલું છે, ત્યારે સરકાર દ્વારા સામે એપિયર ન થવાના કારણે અને લોકડાઉન થવાના કારણે આજ સુધીમાં ઘણી બધી હોસ્પિટલો આ રીતે દર્દીઓને સારવાર આપતી નથી તો આ બાબતે આપ કંઇ કરવા માગો છો કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રીએ જે કહ્યું એમાં કેટલા અકસ્માત, ગંભીર કેટલા, ઇજા પામનાર કેટલા અને મૃત્યુ પામનાર કેટલા? એના સંદર્ભમાં બોટાદમાં વર્ષ ૨૦૧૯માં જીવલેણ અકસ્માત ૪૬, ગંભીર અકસ્માત ૩૩, કુલ અકસ્માત ૯૨ એ પૈકી મૃત્યુ પામનારની સંખ્યા ૫૭. એ જ પ્રમાણે વર્ષ ૨૦૨૦માં જીવલેણ અકસ્માત ૪૨, ગંભીર અકસ્માત ૩૮, કુલ અકસ્માત ૮૮ અને એ પૈકી મૃત્યુ પામનારની સંખ્યા ૪૮. એમણે જે પચાસ હજાર રૂપિયાના સંદર્ભમાં વાત કરી, ઘણી વખતે અકસ્માત થયા બાદ ઇજાગ્રસ્ત વ્યક્તિને ૧૦૮ના માધ્યમથી જ્યારે હોસ્પિટલમાં પહોંચાડવામાં આવે છે ત્યારે હોસ્પિટલમાં એના આનુષંગિક ખર્ચ કરવા માટેની ઘણી વખત હોસ્પિટલના સત્તાવાળાઓના મનમાં દ્વિધા હોય છે, પરંતુ એની મહામૂલી જિંદગી એ કોઇપણ હિસાબે બચે એ રાજ્ય સરકારનો સંકલ્પ છે. ભૂતકાળમાં એવું બનતું કે રસ્તા ઉપર અકસ્માત થયો હોય, માણસને લોહી નીકળતું હોય, માણસ તરફડતો હોય, લોકો જુએ પરંતુ કોઇ એને હોસ્પિટલ સુધી પહોંચાડતું નહોતું. આ સરકારે ૧૦૮ની વ્યવસ્થા કરી અને એને હોસ્પિટલ સુધી પહોંચાડી એની જાન બચાવવા માટેનું ઉત્તમ પ્રકારનું કામ કર્યું છે. આ વાત અહીંયાથી અટકતી નથી, ત્યાં લઇ ગયા પછી પણ જો ડોક્ટર્સને આવશ્યક જરૂરી ખર્ચ કરવો પડે એના સંદર્ભમાં જો દ્વિધા હોય અને ખાનગી હોસ્પિટલમાં લઇ ગયા હોય અને તે હોસ્પિટલવાળાના મનમાં દ્વિધા હોય તો કોઇપણ દ્વિધા રાખ્યા સિવાય અકસ્માતમાં ઇજાગ્રસ્ત થયેલા લોકોની સારવાર કરવી એ રાજ્ય સરકારની પ્રાથમિક ફરજ છે, એની જાન બચાવવા માટે રાજ્ય સરકારે પોતાની તિજોરીમાંથી અડતાળીસ કલાકની અંદર ૫૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરવાનો નિર્ણય કર્યો છે.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, હું અભિનંદન આપું છું કે, લાગણીશીલ મુખ્યમંત્રીશ્રીએ અને સરકારશ્રીએ જે નિર્ણય કર્યો છે કે જ્યારે માર્ગ અકસ્માત થાય અને રોડ ઉપર કોઇ જ ન હોય અને તાત્કાલિક સારવાર આપવાની હોય તો એમાં ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવે છે તો એ કોઇપણ સરકારી હોસ્પિટલ હોય એમાં આપવામાં આવે છે કે ખાનગીમાં અને એમાં કોઇ કાર્ડ કે પુરાવાની જરૂર પડે છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ઇજાગ્રસ્ત વ્યક્તિને ૧૦૮ના માધ્યમથી કે અન્ય કોઇ રીતે એ હોસ્પિટલમાં લઇ જવામાં આવે પછી એની સારવાર માટે એને કોઇ કાર્ડ, કોઇ પુરાવાની કંઇ જરૂર નથી, એનું જીવન એ સરકાર માટે અગત્યનું છે અને તાત્કાલિક એની સારવાર કરવામાં આવે છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારો સીધો સવાલ એ હતો કે અમે ડોકટરોનો સંપર્ક કરીએ ત્યારે અમને એમના દ્વારા કહેવામાં આવે છે કે આમાં પ્રિ–ઓથોરાઇઝેશનની સુવિધા નથી, ઝડપી સારવાર માટે સમજી શકાય પણ આ ડોકટરોનું એસોસિએશન સરકારના પરિપત્રની અસમંજસતા દૂર કરવા માટે કોર્ટમાં ગયું છે કે કેમ? અને એનો કોઇ નિકાલ આવ્યો છે કે કેમ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : એ પરિપત્રના અનુસંધાનમાં કોઇ અસ્પષ્ટતા હશે તો રાજ્ય સરકાર દ્વારા એ પરિપત્ર આવી ખાનગી હોસ્પિટલોમાં ફરીથી મોકલી આપવામાં આવશે.

અધ્યક્ષશ્રી : એક મિનિટ, શ્રી કનુભાઇને હજુ સંતોષ થયો નથી. શ્રી કનુભાઇ, બોલો શું કહેતા હતા?

શ્રી કનુભાઇ મ. બારૈયા : ઓર્થોપેડિક ડોકટર એસોસિએશન લોકડાઉન પહેલાંથી કોર્ટમાં ગયેલું છે, સરકાર તરફથી હાજર નહિ રહેવાના કારણે બે મુદતો પડી છે, કોરોનાના કારણે કેસ આજ સુધી પેન્ડિંગ પડ્યો છે તો એનું કંઇ તાત્કાલિક નિરાકરણ લાવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : હા, કહ્યુંને માનનીય મંત્રીશ્રીએ.

શ્રી કનુભાઇ મ. બારૈયા : પરિપત્રનો તો કોઇ મતલબ નથી, કોર્ટમાં કેસ પડ્યો છે.

અધ્યક્ષશ્રી : હા એટલે એ અંગે જે કંઇ કરવાનું હશે તે કરશેને.

શ્રી કનુભાઇ મ. બારૈયા : એક પરિપત્ર આપનો ઓલરેડી ત્યાં પહોંચી ગયો છે, એસોસિએશન કોર્ટમાં ગયું છે. તો કોર્ટમાં જઇને આપણે નિકાલ લાવવા માગીએ છીએ કે કેમ?

અધ્યક્ષશ્રી : એનો નિકાલ કોર્ટ કરશે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : ઓર્થોપેડિક ડોકટર એસોસિએશન કયા કેસ માટે કોર્ટમાં ગયું છે, દરેક કેસના કન્ટેઇન અલગ અલગ હોય છે જ્યાં સુધી કેસના સ્પેસિફિક કન્ટેઇન શું છે એ જાણ્યા સિવાય એનો જવાબ આપવો અપૂરતો કહેવાય.

## તારાંકિત પ્રશ્નો

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગર અને બોટાદ જિલ્લામાં સ્ટેટ હાઇવે, નેશનલ હાઇવે, એક્સપ્રેસ વે અને કોસ્ટલ વે પણ પસાર થાય છે અને બહુ લાંબા હાઇવેનો વિસ્તાર છે. મારે ત્યાં અગાઉ પણ ભાવનગર જિલ્લામાં રંગોળા ખાતે એક જાનને અકસ્માત થયેલ હતો અને ત્યાર પછી માનનીય મુખ્યમંત્રીશ્રીએ શણગારેલી અને સુશોભનવાળી બસ જાન માટે આપવાનું નક્કી કર્યું હતું, મારે એ જાણવું છે કે, મોટાભાગના અકસ્માતો હાઇ સ્પીડના લીધે સર્જાતા હોય છે તો એ હાઇ સ્પીડને કન્ટ્રોલ કરવા માટે એવા કેમેરાઓ અથવા તો સીસીટીવી કેમેરાઓનું કોઇ આયોજન સરકાર કરવા માગે છે કે કેમ ?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આપણે સૌ જાણીએ છીએ કે, ગુજરાતની અંદર આપણા રસ્તાની ગુણવત્તા એ ઉત્તમ પ્રકારની હોય છે. આજકાલ જે નવા નવા વાહનો છે તે વાહનોની પણ સ્પીડ અનેકગણી વધારે હોય છે અને તેવા સંજોગોમાં આ મહામૂલી જિંદગી કોઇ અકસ્માતના કારણે કોઇ પરિવારનો મોભી, કોઇનો દીકરો કે કોઇની દીકરી ન ગુમાવે એ આપણાં સૌના માટે ચિંતાનો વિષય હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આના માટે રાજય સરકાર દ્વારા અનેકવિધ વ્યવસ્થાઓ કરવામાં આવી છે. જેમ કહેવાયું તેમ કે અકસ્માત થાય તો એને હોસ્પિટલમાં પહોંચાડીને તાત્કાલિક સારવાર કરવી અને એ જ પ્રમાણે જો આ અકસ્માતના સંદર્ભમાં આખા રાજયમાં ગૃહ વિભાગ દ્વારા વિશ્વાસ પ્રોજેક્ટ રાખવામાં આવ્યો છે. Video Integration & Statewide Advanced Security આ પ્રોજેક્ટ હેઠળ આખા રાજયની અંદર ૩૪ જિલ્લા સ્થાનો, ૬ યાત્રાધામો, એક કેવડિયા કોલોની એમ ૪૧ સ્થાનોએ રૂપિયા ૩૨૯ કરોડના ખર્ચે ૭ હજારથી વધારે કેમેરા લગાડવાનું આયોજન છે, જેમાં ૬ હજાર જેટલા કેમેરા લાગી પણ ચૂકયા છે. આની અગત્યતા એ છે કે ટ્રાફિકના નિયમોના ભંગ કરવાવાળા વ્યકિતને આ સીસીટીવીના નેટવર્કના માધ્યમથી આપણે પકડી શકાય છે અને લોકોમાં ટ્રાફિકના નિયમોનું પરોક્ષ રીતે પાલન કરાવીને ટ્રાફિકના કારણે થતાં અકસ્માતો આપણે ઘટાડી શકીએ છીએ. આના કારણે અકસ્માત કરીને કોઇ ભાગી ગયા હોય તો ૩૩૫ જેટલા લોકોને આપણે પકડી ચૂક્યાં છીએ અને આજના સમયની અંદર આ ટેકનોલોજીના માધ્યમથી વ્યવસ્થા કરવી તે ઉત્તમ હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇ વાયોલેશન કરીને ભાગે તો એને સીસીટીવીના નેટમાં પકડવાના કારણે આપણે તેની પાસેથી ઇ–ચલણ અને ઇ–ચલણના માધ્યમથી પણ તેની પાસેથી દંડ વસૂલ કરીએ છીએ. આમ, જે જગ્યાએ કેમેરા છે તેમ વિશ્વાસ–૨ આ વખતે ફરીથી પાર્ટ–૨ તરીકે કરી અને રાજયમાં બીજા સ્થાનો ઉપર પણ રૂપિયા ૬૦ કરોડના ખર્ચે તેની પણ વ્યવસ્થા કરવાની છે. આમ સીસીટીવીનું નેટવર્ક તે કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની સાથે સાથે ટ્રાફિકના નિયમન અને રસ્તા ઉપરના અકસ્માતો તેના અવેરનેસ અને બાકીનું ઊભું કરવાના કારણે ઉપયોગી થાય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સરકારે જવાબમાં સ્વીકાર્યું છે કે કેલેન્ડર વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં ભાવનગર અને બોટાદ જિલ્લા માત્રમાં ૧૦૫૫ અકસ્માત નોંધાયા, ૪૧૫ કરતાં વધુ માનવ જિંદગીઓ આમાં હોમાઇ અને મૃત્યુ પામી.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ જવાબના ખંડ–૩માં સ્વીકાર્યું છે કે રાજયમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલ સ્થળ દંડની પૂરેપૂરી રકમ રાજય માર્ગ સુરક્ષા નિધિમાં ફાળવવામાં આવે છે. આ રાજય માર્ગ સુરક્ષા નિધિના ફંડમાંથી જવાબ ખંડ–૩ના ૮ મુજબ રૂપિયા ૫૦ હજારની મર્યાદામાં ૪૮ કલાકની અંદર સારવાર હોય તો હોસ્પિટલોને સીધા ચૂકવવામાં આવે છે. આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, કેલેન્ડર વર્ષ ૨૦૧૯ અને કેલેન્ડર વર્ષ–૨૦૨૦માં ટ્રાફિક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલો જે દંડ છે તે કેટલો દંડ રાજયમાં વસૂલ કરવામાં આવ્યો? અને તે પૈકી રાજય માર્ગ સુરક્ષા નિધિમાં કેટલા રૂપિયાની ફાળવણી કરવામાં આવી? અને તે પૈકી મહામૂલી જિંદગીઓને બચાવવા માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો?

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, મારી પાસે ભાવનગર અને બોટાદના અલગ આંકડા નથી પરંતુ મારી પાસે આખા રાજ્યની વિગતો છે એના સંદર્ભમાં હું માનનીય વિપક્ષના નેતાનો જવાબ આપીશ. તા.૦૩/૦૬/૧૯૯૮ના ઠરાવથી જે–તે વખતે એવો નિર્ણય લેવામાં આવ્યો હતો કે, દંડ પેટે જે રકમ એકત્રિત થાય તેના ૫૦ ટકા માર્ગ સુરક્ષા નિધિમાં જમા કરાવવા. હું સન્માનીય સભાગૃહના સૌ સભ્યોને એ વાતથી વાકેફ કરવા માગું છું કે, જ્યારે ટ્રાફિકના વાયોલેશનના કારણે કોઈ વ્યક્તિ ગુનો આચરે અને તેની પાસેથી એકત્રિત કરેલ દંડ રાજ્ય સરકારની તિજોરીમાં જાય છે. રાજ્ય સરકારની તિજોરીમાં જેટલો દંડ જાય એ ૧૦૦ ટકા દંડ માર્ગ સુરક્ષા નિધિમાં જાય છે. આ દંડમાંથી આવેલો એક પણ રૂપિયો રાજ્ય સરકાર પોતાના ખર્ચ માટે વાપરતી નથી. હવે એમણે જે બીજો પ્રશ્ન કર્યો કે આ શેમાં વપરાય છે? જે તે વખતે ૫૦ ટકા હતો પણ શ્રી નરેન્દ્રભાઈ મોદી આ રાજ્યના મુખ્યમંત્રી હતાં ત્યારે એમણે નક્કી કર્યું કે, આ દંડ પેટે જેટલી રકમ આવે તે ૧૦૦ ટકા માર્ગ સુરક્ષા નિધિમાં જમા કરવામાં આવે. આ ટ્રાફિક બ્રિગેડ, હોમગાર્ડ, સિવિલ ડિફેન્સના જવાનો તથા GRDના જવાનોને સેવા બદલ ખર્ચ કરવા માટે આપવામાં આવે છે. તેમાં ટ્રાફિક આધુનિક ઉપકરણો ખરીદવા માટે છેલ્લાં ત્રણ વર્ષમાં (વચ્ચેથી અટકાવતાં).....

અધ્યક્ષશ્રી : આપના એ જવાબમાં એમને રસ નથી. એમણે બીજો પ્રશ્ન પૂછ્યો છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, એમણે પૂછેલો પ્રશ્ન કે ક્યાં વાપરીએ છીએ તેનો જવાબ આપું છું અને આ અગત્યનું છે.

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કેલેન્ડર વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલી રકમ વસૂલવામાં આવી? તે પૈકી કેટલી રકમ રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં ફાળવવામાં આવી? ઉપરોક્ત વર્ષ દરમિયાન કેટલો ખર્ચ કરવામાં આવ્યો? સાહેબ, મારો ટૂંકો જ પ્રશ્ન છે.

અધ્યક્ષશ્રી : પૂરેપૂરી રકમ તો કહે છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, ત્રણેયનો હું ટૂંકો જવાબ આપું, પરંતુ આ સન્માનનીય સભાગૃહના ધ્યાન ઉપર આવે કે આ દંડની રકમ અમે કયાં વાપરીએ છીએ. આ દંડમાંથી અમે ઈન્ટરસેપ્ટર–૪૮, હાઈવે પેટ્રોલિંગ કાર–૪૨, બુલેટ મોટરસાઈકલ–૫૧૧, બેરિકેટેડ–૮૧૪૯, ફર્સ્ટ એઈડ બોક્સ–૬૦૦, બ્રીથ એનેલાઈઝર–૨૭૫૨, બોડી વોર્ન કેમેરા અને સ્પીડ ગન આ પ્રકારના વાહનો અને વસ્તુઓની ખરીદી કરીએ છીએ. છેલ્લાં ત્રણ વર્ષમાં માર્ગ સુરક્ષા નિધિમાં નીચે મુજબની રકમ ફાળવવામાં આવેલી છે.

વર્ષ ૨૦૧૮–૧૯માં બજેટ જોગવાઈ રૂપિયા ૯૮ કરોડ, ફાળવેલ રકમ રૂપિયા ૯૮ કરોડ, ખરેખર ખર્ચ રૂપિયા ૬૬.૨૪ કરોડ.

વર્ષ ૨૦૧૯–૨૦માં બજેટ જોગવાઈ રૂપિયા ૨૫૯.૯૯ કરોડ, ફાળવેલ રકમ રૂપિયા ૨૫૯.૯૯ કરોડ, ખરેખર ખર્ચ રૂપિયા ૧૧૨.૩૮ કરોડ.

વર્ષ ૨૦૨૦–૨૧માં બજેટ જોગવાઈ રૂપિયા ૭૮.૬૨ કરોડ, ફાળવેલ રકમ રૂપિયા ૫૬.૯૨ કરોડ, ખરેખર ખર્ચ રૂપિયા ૮૯.૨૯ કરોડ.

આમ, દંડ પેટે સરકારની તિજોરીમાં જે રકમ આવે તે આવા ટ્રાફિક માટે વિવિધ વસ્તુઓમાં વાપરવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપની પાસે રક્ષણ માગું છું. મેં સીધો જ પ્રશ્ન કર્યો છે કે, કેલેન્ડર વર્ષ ૨૦૧૯–૨૦ દરમિયાન રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલી રકમ વસૂલવામાં આવી? જોગવાઈ ૧૦૦ ટકા ફાળવવાની છે તો તે પૈકી કેટલી રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં ફાળવવામાં આવી? એ દરમિયાન કેટલો ખર્ચ કરવામાં આવ્યો? મારો ટૂંકો પ્રશ્ન છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૯–૨૦માં રૂપિયા ૨૫૯ કરોડ વર્ષ ૨૦૨૦–૨૧માં રૂપિયા ૭૮.૬૨ કરોડ દંડ તરીકે આવ્યા. જે રકમ દંડ તરીકે આવી એ બધી જ રકમ રાજ્યની તિજોરીમાં જમા કરાવી. એની અંદર જે ખર્ચ થયો એ ખર્ચનો પણ મેં ઉલ્લેખ કર્યો છે. આમાં કોઈ પૂર્તતા બાકી હોય તો કહો હજુ પૂરી કરી દઈએ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હવે ખરાઇ કરી કે આટલા રૂપિયા આવ્યા છે. મારો જાણવાનો આશય સ્પષ્ટ હતો કે, કેટલા દંડ પેટે વસૂલ્યા, એમાંથી કેટલા નિધિમાં ફાળવ્યા અને એમાંથી કેટલા લોકોની જિંદગી બચાવવા ફાળવ્યા?

અધ્યક્ષશ્રી : પણ હવે સંતોષ થઇ ગયોને?, પણ એ જવાબ છેલ્લે આવ્યો, બરાબર છે. મંત્રીશ્રી, પ્લીઝ, બેસી જાઓ, પ્રશ્ન પતી ગયો, એમને જવાબથી સંતોષ થઇ ગયો, માનનીય શૈલેષભાઇ, એમને સંતોષ થઇ ગયો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવું છે કે, ભાવનગર અને બોટાદ જિલ્લામાં અકસ્માતના ભાગરૂપે કુલ ૮૭૫ અકસ્માત થયા, એમાં ૬૪૦નું વળતર ચૂકવવાનું બાકી છે એ વળતર રૂપિયા ૫૦,૦૦૦/– લેખે ૪૮ કલાકમાં ૬૪૦ લોકોને જે વળતર આપવાનું છે, એ વળતર આપ્યું કે બાકી છે? એક એ અને બીજુ ખાસ કરીને રાજયકક્ષાના વાહન વ્યવહાર મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સ્ટેટ રોડ સેફટી કાઉન્સિલની બેઠક દર છ મહિને મળે છે, આ બેઠક છેલ્લે કયારે મળી હતી? એ માનનીય મંત્રીશ્રી જણાવે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ રોડ સેફટી કાઉન્સિલની બેઠકની કાર્યવાહીની સમીક્ષા અર્થે તા.૨૭/૦૨/૨૦૧૮ના રોજ માનનીય મંત્રીશ્રી વાહન વ્યવહારની અધ્યક્ષતામાં ગુજરાત રોડ સેફટી ઓથોરિટીની રચના કરવામાં આવી છે અને ત્યારબાદ કયારે કયારે મળી હતી તેની મારી પાસે એકઝેટ તારીખ નથી, પરંતુ એ સતત માનનીય વાહન વ્યવહાર મંત્રીની અધ્યક્ષતામાં મળતી રહેતી હોય છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૩, એમની પાસે નથી, એનો અર્થ એવો થયો. પછી સમય જાય છે, અડધો કલાક જતો રહ્યો ખાલી એક જ પ્રશ્નમાં.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં એવું કીધું કે, જે લોકોને અકસ્માત થયો હતો એને સરકારે ૪૮ કલાકમાં રૂપિયા ૫૦,૦૦૦/– ની સહાય આપે છે. એવા જે લોકોને અકસ્માતમાં ઈજા થઇ હતી એવા કેટલા લોકોને સહાય ચૂકવી અને કેટલાને બાકી છે. એટલો જ પ્રશ્ન છે મારો.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, આ સહાય એટલે રોકડ સહાય આપવાનો વિષય નથી. મારો કહેવાનો આશય એ છે કે, અકસ્માતથી ઈજાગ્રસ્ત વ્યકિત જયારે હોસ્પિટલમાં જાય ત્યારે હોસ્પિટલને એને તબીબી સારવાર એ હોસ્પિટલ ઓથોરિટીએ કરવી પડે એના માટે દવાદારૂ કરવું પડે, બહારથી કંઇ મંગાવવું પડે, એની જિંદગી બચાવવાની હોય એના માટે આ પચાસ હજારનો ખર્ચો થાય એ રાજ્ય સરકારની તિજોરીમાંથી આપવામાં આવશે, આના માટે કોઇ અકસ્માત થાય એને રોકડ સહાય આપવામાં આવતી નથી.

અધ્યક્ષશ્રી : એ રોકડ કહેતા પણ નથી. એમનો પ્રશ્ન રોકડનો નથી અને આ..., એક મિનિટ માનનીય શૈલેષભાઇ, એક મિનિટ. આ પ્રશ્ન ખરેખર માનનીય નીતિનભાઇને લાગુ પડે છે, હવે તમે કહો તો શ્રી નીતિનભાઇ સાહેબ જવાબ આપે.

**રાજુલા અને જાફરાબાદ શહેરની ગટર યોજના**

* ૩૬૪૩૪ **શ્રી અંબરીષભાઇભાઇ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ શહેરની ગટરલાઈન યોજનાની કામગીરી કયા તબક્કે છે, | (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા અને જાફરાબાદ શહેરની ગટર લાઈનની કામગીરી પૂર્ણ થયેલ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત યોજના નબળી, હલકી અને નિયમોનુસાર ન હોવા અંગેની કેટલી રજૂઆતો સરકારને મળી, અને | (૨) ઉક્ત સ્થિતિએ રાજુલા શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે વર્ષ-૨૦૧૯માં બે (૦૨) રજૂઆત અને વર્ષ-૨૦૨૦માં એક (૦૧) રજૂઆત મળેલ છે. જ્યારે જાફરાબાદ શહેરની ભૂગર્ભ ગટર યોજના માટે વર્ષ-૨૦૧૯માં એક (૦૧) રજૂઆત મળેલ છે. |
| (૩) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩) ગટર લાઈનની કામગીરી પૂર્ણ થયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ખૂબ જ વિદ્વાન સિનિયર મંત્રીશ્રી પાસેથી રાજુલા જાફરાબાદની નિષ્ફળ ગટર બાબતે કોઇ પ્રશ્ન પૂછવા કરતાં, હું એક સૂચન કરવા ઈચ્છું છું, કારણ કે મારો ઉદ્દેશ એ પ્રશ્ન હલ થાય એના માટેનો છે. કારણ કે છેલ્લાં ૩ વર્ષોની અંદર પ્રશ્નોના માધ્યમથી, વિનિયોગના માધ્યમથી, વિધેયકના માધ્યમથી, ચર્ચાના માધ્યમથી હું લઇને આવ્યો છું, તેમ છતાં પણ મને મારો જવાબ મળ્યો નથી અથવા તો મારા વિસ્તારના ગટરના પ્રશ્ન સોલ્વ થયા નથી. એક લોકવાયકા પ્રમાણે એક હાથીને પોતે હાથી છે, એવું સાબિત કરતાં ૨૦ વર્ષ થયાં હતાં. મારે ૩ વર્ષ થયાં છે એટલે મારે માનનીય મંત્રીશ્રીને પ્રશ્ન પૂછવો નથી પણ એક નમ્રપણે સૂચન કરવું છે કે, રાજુલાની અંદર કોંગ્રેસની પાલિકા છે, જાફરાબાદની અંદર ભારતીય જનતા પાર્ટીની પાલિકા છે. આ બંને પાલિકાના સત્તાધીશો, બંને પાલિકાઓના લોકો એટલા બધા ત્રસ્ત છે અને ભારતીય જનતા પાર્ટીના મોટાભાગના આગેવાનો, એમાં શહેર ભાજપ પ્રમુખના પિતાશ્રી, રામમંદિર નિધિ એકત્રીકરણના સ્વયંસેવકો અને આર.એસ.એસ.ના સ્વયંસેવકો પણ રાજુલા, જાફરાબાદની ગટરથી ત્રાસી ગયા છે. આર.આર.એસ.ના સ્વયંસેવકો રાજુલા જાફરાબાદની ગટરથી ત્રાસી ગયા છે હું આપને નમ્રપણે વિનંતી કરું છું કે, આ બાબતમાં યોગ્ય થાય તેવું મારો આગામી બે વર્ષના સમય પૂરો થાય એ પહેલાં કરી દેજો. મારો આખો વિસ્તાર આપનો ઋણી રહેશે. આપ સૌનો આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી, આમાં તો લખ્યું છે ને કામગીરી પૂર્ણ થયેલી છે. (અંતરાય)

શ્રી અમરીષભાઇ જી. ડેર : સાહેબ, આ યોજના ચાલુ નથી. તેની મેળે ચાલુ છે. જો યોગ્ય પ્રમાણે કામ થયું હોત તો લોકોને કયાંય ત્રસ્ત થવાનો વારો આવ્યો ન હોત. એક પણ જગ્યાએ કામગીરી પૂરી થઇ નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : સવાલ એ આવ્યો કે કામગીરી પૂર્ણ થઇ ગયેલી છે, એવો જવાબ છે. મારા ભાઇ.

શ્રી અમરીષભાઇ જી. ડેર : હું એટલે જ કહું છું કે સાબિત કરતાં હાથીને વીસ વર્ષ થયાં હતાં, હું ત્રણ વર્ષથી સાબિત કરવા ઇચ્છું છું, સાબિત કરી શકતો નથી. એટલે આમાંથી અમને છોડાવવા માગો છો કે નહીં, આટલું અમને કહો.

અધ્યક્ષશ્રી : એમનો સવાલ એવો છે કે આ કામ જ નથી થયું. (અંતરાય)

શ્રી અમરીષભાઇ જી. ડેર : કામ તો થયું છે, પણ લોકોને ઉપયોગી થાય એવું નથી થયું.

અધ્યક્ષશ્રી : તેઓ કહે છે કે લોકોને જે તકલીફ પડે છે એ કયારે મટશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ મને અગાઉ આ અંગે રજૂઆત કરી હતી. મેં શહેરી વિકાસ વિભાગને એ પત્ર મોકલી આપ્યો હતો. શહેરી વિકાસ વિભાગ દ્વારા ચીફ એન્જિનિયર દ્વારા સ્થળની મુલાકાત લેવામાં આવી ગામ લોકોને હોદ્દેદારોને સાથે રાખવામાં આવ્યા અને શ્રી અમરીષભાઇ ગમે તે પરિસ્થિતિમાં, ગમે તે કારણસર રજૂઆત કરતા હોય સાહેબ વર્ષ ૨૦૧૭માં આ યોજના પૂર્ણ થઇ ગઈ. સરકાર ભૂગર્ભ ગટર બનાવી આપે છે જે ભૂતકાળમાં સાદી ગટર પણ બનાવી આપતા નહોતા. એની સામે અમારી સરકાર કરોડો રૂપિયાના ખર્ચે નગરપાલિકાઓને ગટરો બનાવી આપે છે. સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન બનાવી આપે છે, કનેક્ટિંગ સેન્ટર બનાવી આપે છે, પમ્પિંગ મશીનરી વગેરે ફાળવી આપે છે. રાજુલા પૂરતી જો વાત કરું, જાફરાબાદ અને રાજુલા બન્નેનો હું અલગ-અલગ જવાબ આપીશ. રાજુલાની ભૂગર્ભ ગટરની સભ્યશ્રી જે વાત કરે છે એનો તા.૦૯/૧૧/૨૦૧૭ ના રોજ નગરપાલિકાને સ્થળ પર ભૂગર્ભ ગટર બનાવી આપ્યા પછી સોંપવાની જે પ્રક્રિયાઓ હોય છે, હવે આ તમને સોંપી તમારે ચલાવવાની, નિભાવણી તમારે કરવાની તે પ્રમાણેની કામગીરી વર્ષ ૨૦૧૭માં ચાર વર્ષ પહેલાં પૂર્ણ કરવામાં આવી છે. એ પૂર્ણ કર્યા પછી એ વખતે ૩૫ ટકા કનેક્શનો હતાં. અત્યારે છેલ્લું ઈન્સપેક્શન કર્યું

ત્યારે ૯૦ ટકા નાગરિકોએ આ ભૂગર્ભ ગટરમાં જોડાણ કરી દીધાં છે. ઈન્સપેક્શન ચીફ એન્જિનિયર દ્વારા તથા બીજા અધિકારીઓ દ્વારા શહેરમાં ફરી જુદા જુદા મહોલ્લા, શેરીઓ, બજારોમાં મુલાકાત લેવામાં આવી, તે વખતે રિપોર્ટ પ્રમાણે એક પણ જગ્યાએ ગટર ઉભરાતી નહોતી, કોઇ કૂંડી ઉભરાતી નહોતી, આખી સિસ્ટમ નગરપાલિક દ્વારા સંચાલિત છે તે યોગ્ય રીતે ચાલે છે. મેઇન પંપિંગ સ્ટેશન અને જુદી જુદી જગ્યાએથી પાણી ઉપાડીને આગળ ધકેલવાના લિફ્ટિંગ પંપિંગ સ્ટેશનની પણ બધી જ મશીનરી ચાલુ હાલતમાં મળેલી છે. એટલે કોઇ પણ પ્રકારનો પ્રશ્ન, આમારા ચીફ એન્જિનિયરના અહેવાલ અને અભિપ્રાય પ્રમાણે જે લેખિત છે, સરકારી અધિકારીનો અહેવાલ છે એ પ્રમાણે રાજુલામાં ૯૦ ટકા લોકોએ કનેક્શન લઇ લીધાં છે.

અધ્યક્ષશ્રી :પ્રશ્ન ક્રમાંક-૪. આવી ગયોને પ્રશ્ન.

શ્રી નીતિનભાઇ ર. પટેલ :બીજો બાકી છે સાહેબ.

અધ્યક્ષશ્રી : એમને એ જોઇતો જ નથી. એ તો કહે છે એ થયું જ નથી કામ, આપણે કહીએ છીએ કામ થયું છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : અમે શું કરવા સ્વીકારી લઇએ? સાહેબ.

અધ્યક્ષશ્રી : આપણે તો એમ કહીએ છીએ કે કામ થયું છે. આ બાજુ કહે છે કે નથી થયું. તો આનો નિકાલ કેવી રીતે આવે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : સાહેબ, જાફરાબાદનો પ્રશ્ન થોડો જુદો એ રીતનો છે કે જાફરાબાદમાં પણ તા.૩૦/૦૬/૨૦૧૭ના રોજ કામગીરી પૂર્ણ કરવામાં આવી. વધારાના પંપિંગ સ્ટેશનની કામગીરી થોડી બાકી છે. એ ચાલી રહી છે. સાહેબ જાફરાબાદ શહેરની સ્થિતિ જે હોય તે પણ ત્યાં આગળ લોકોએ કાયદેસરનાં કનેકશન મેળવવાના બદલે કૂંડીઓની અંદર ગેરકાયદેસર રીતે પોતાના ઘરનાં કનેકશન જોડી દીધાં છે. ગેરકાયદેસર કનેકશનનું પાણી સુએઝ ટ્રીટમેન્ટની કૂંડીઓમાં આવીને સીધું ત્યાં કીક જયાં છે એમાં જતું રહે છે એટલે હજુ આ યોજના અમે જે ઇચ્છીએ છીએ એ પ્રમાણે સો ટકા પૂર્ણ થઇ નથી અને શહેરના નાગરિકોએ જે ગેરકાયદેસર કનેકશન મેળવ્યાં છે એ કનેકશનના કારણે આ સિસ્ટમ ઉપર અસર થઇ છે. પાણી જોઇએ એ પ્રમાણે વધારે આવે છે એટલે ગટર ઉભરાવાના અને કૂંડી ઉભરાવાના પ્રશ્નોના કારણે સ્વાભાવિક છે કે સિસ્ટમ ઉપર વધુ બોજો આવે, સિસ્ટમ આખી ચાલુ થઇ ન હોય પંપિંગ સ્ટેશન ચાલુ થયું ન હોય, સુએઝ ટ્રીટમેન્ટ પ્લાન્ટ ચાલુ થયો ન હોય એટલે ગેરકાયદેસર રીતે ચાલુ કરી દીધું છે એના કારણે આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૪. હવે આમાં ચર્ચા ન હોય, પહેલા તો તમારા પ્રશ્નનો જવાબ આપેલો જ છે. એમાં પ્રશ્ન પૂછવા જ ન દેવાય. તમારી લાગણી આવી ગઇ, અહીંયા મારે સવાલ અને જવાબ જોવાનો હોય. મંત્રીશ્રીએ જવાબ આપી દીધો છે. માનનીય પરેશભાઇ, મંત્રીશ્રીએ જવાબ આપી જ દીધો છે. એમણે તો કોઇ સવાલ જ નહોતો પૂછ્યો. ગૃહના નેતાએ મારું ધ્યાન દોર્યું કે એ તો કોઇ સવાલ જ કરતા નથી. બધું આવી ગયું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, જવાબ નથી મળતો. આ યોજના પાછળ ખર્ચ થઇ ગયો છે. લોકોને લાભ મળતો થાય એવી વ્યવસ્થા સરકાર કરવા માગે છે કે કેમ? પુનઃ નિરીક્ષણ કરીને લોકોને લાભ મળતો થાય એવી અમારી લાગણી છે.

## વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ

* ૩૭૦૯૦ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત ગુણવત્તા પ્રમાણપત્ર સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૧ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૬૨ એકમોને રૂ. ૫૯.૯૩ લાખની સહાય. |

અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રશ્નનો જવાબ મને મળી ગયો છે પરંતુ આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે હું જાણવા માગું છું કે માઇક્રો, સ્મોલ તથા મિડિયમ એન્ટરપ્રાઇઝ કોને કહેવાય, અને ગુજરાત રાજયમાં એમ.એસ.એમ.ઈ. સેકટર માટે કઇ કઇ પ્રોત્સાહક યોજનાઓ અમલમાં છે? મારો બીજો પ્રશ્ન છે કે કેન્દ્ર સરકાર દ્વારા એમ.એસ.એમ.ઈ. સેકટર માટે હાલમાં કોઇ સુધારાઓ કે ડેફિનેશનમાં કોઇ ફેરફાર થયા છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માઇક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝ દેશના વિકાસ માટે ખૂબ જરૂરી હોવાના કારણે જે વર્ષો જૂની ડેફિનેશન હતી એટલે કે વર્ષ ૨૦૦૬થી ચાલતી હતી એ ડેફિનેશન ૩૦ જૂન, ૨૦૨૦માં આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ એમાં બદલાવ કર્યો. આની અંદર જે માઇક્રો એન્ટરપ્રાઇઝ હતું એનું મૂડી રોકાણ રૂપિયા ૨૫ લાખ હતું એની જગ્યાએ રૂપિયા એક કરોડ સુધીનું કોઇપણ મૂડીરોકાણ પ્લાન્ટ મશીનરીમાં કરે અને એનું ટર્ન ઓવર રૂપિયા પાંચ કરોડથી

વધારે નહિ એને માઇક્રો એન્ટરપ્રાઇઝની ડેફિનેશનમાં ગણાયું. સ્મોલ એન્ટરપ્રાઇઝમાં રૂપિયા ૨૫ લાખથી પાંચ કરોડનું મૂડી રોકાણ હતું એ વધારીને રૂપિયા દસ કરોડ કર્યું. એટલે આજની તારીખમાં રૂપિયા દસ કરોડ અને ૫૦ કરોડનું એનું ટર્ન ઓવર હોય એને સ્મોલ એન્ટરપ્રાઇઝ તરીકે એને ઓળખવામાં આવે છે. ત્રીજું કે મિડિયમ એન્ટરપ્રાઇઝ એટલે કે રૂપિયા પાંચ કરોડ મૂડી રોકાણથી વધારે રૂપિયા દસ કરોડ પહેલા હતું એ વધારીને હવે રૂપિયા ૫૦ કરોડ કરવામાં આવ્યું અને ૨૫૦ કરોડ રૂપિયાનું ટર્ન ઓવર એમ.એસ.એમ.ઇ.ની વ્યાખ્યાની અંદર મિડિયમમાં ગણવામાં આવ્યું છે એના કારણે સંખ્યા ખૂબ મોટી વધી ગઇ, માઇક્રો, સ્મોલ અને મિડિયમ એન્ટરપ્રાઇઝની ક્વોન્ટિટી હતી જે કંપનીઓ હતી એમાં વધારો થયો. જે સ્કીમોની વાત કરી એ સ્કીમોમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ એમ.એસ.એમ.ઇ.ને પ્રોત્સાહન આપવા માટે યોજના બહાર પાડવામાં આવી છે, એની અંદર કેપિટલ સબસિડી આપવામાં આવે છે. વ્યાજ સબસિડી આપવામાં આવે છે, ક્વોલિટી સર્ટિફિકેટ માટે મદદ કરવામાં આવે છે. નવી ટેકનોલોજી એક્વિઝેશન કરવી હોય તો એના માટે મદદ કરવામાં આવે છે. પેટન્ટ રજિસ્ટ્રેશન માટે મદદ કરવામાં આવે છે, એનર્જી અને પાણીનો વપરાશ કેવી રીતે ઘટે એના માટે મદદ કરવામાં આવે છે. પછી માંદા યુનિટ પડ્યા હોય તો એનું રીહેબિલિટેશન કેવી રીતે કરવું એના માટે પણ મદદ કરવામાં આવે છે. આ ઉપરાંત એમ.એસ.એમ.ઇ. એન્ટરપ્રાઇઝ છે એને બીજી જે યોજનાઓ છે ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ, પછી પ્લાસ્ટિક ઉદ્યોગ માટેની પોલિસી, લેબર ઇન્સેન્ટિવ પોલિસી, એપરેલ અને ગારમેન્ટ પોલિસી છે, ટેકસટાઇલ પોલિસી એરોસ્પેસ અને ડિફેન્સ પોલિસી છે આ છ પોલિસીમાંથી માઇક્રો, સ્મોલ કે મિડિયમ કોઇપણમાં લાભ લઇ શકે છે એમાં આ એમ.એસ.એમ.ઇ.ની ડેફિનેશનમાં ફોલો થતાં હોય એને આ લાભ મળે છે.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે માઇક્રો, સ્મોલ, મિડિયમ એન્ટરપ્રાઇઝ એકમોની ગુણવત્તા પ્રમાણપત્ર સહાય યોજના શું છે તથા આ યોજના હેઠળ કેટલી રકમની સબસિડી ચૂકવવામાં આવે છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ માટે ગુણવત્તા ખૂબ અગત્યનો ભાગ ભજવે છે. એક્સપોર્ટ કરવું હોય તો ઇન્ટરનેશનલ સર્ટિફિકેશન હોવું જરૂરી છે. એટલે નેશનલ, ઇન્ટરનેશનલ સર્ટિફિકેશન ક્વોલિટી કાઉન્સિલ ઓફ ઇન્ડિયાની જે માન્યતા હોય એ માન્યતાનું સર્ટિફિકેટ લેવું હોય તો ૫ લાખ રૂપિયા સુધી વધારેમાં વધારે તેના ૫૦ ટકા લેખે મદદ કરવામાં આવે છે. બીજું, જે રેક્ઝનાઇઝેશન ઇન્ટરનેશનલ સર્ટિફિકેટશન ઓથોરિટી હોય તેમાં પણ ૫૦ ટકા સુધીની મદદ કરવામાં આવે છે. જે ટેસ્ટિંગ કરવાનું હોય, કોઇ પણ પ્રોડક્ટ બનાવીએ તેના માટે ટેસ્ટિંગ ઇક્વિપમેન્ટ અને મશીન લાવવા પડે છે. તેના માટે પણ ૫૦ ટકા સુધી વધારેમાં વધારે ૧૦ લાખ રૂપિયા સુધીનો ખર્ચ આપવામાં આવે છે. ચાર્જીંગ જે સર્ટિફિકેશન એજન્સી લે છે એ, ટેસ્ટિંગ માટેનો ખર્ચ, ઇક્વિપમેન્ટ માટે કેલીબરેશન ચાર્જીસ હોય તેનો ખર્ચ, ટેસ્ટિંગ ઇક્વિપમેન્ટ અને મશીનરી ખરીદી હોય તેનો ખર્ચ, પણ ક્વોલિટી સર્ટિફિકેટ પહેલાં જો મશીનરી ખરીદી હોય તો તેને આપવામાં આવતું નથી. આજની તારીખમાં સોફ્ટવેર અને હાર્ડવેર એ બહુ અગત્યનો ઇસ્યુ હોય છે. એટલે જે ઇ.આર.પી. સોલ્યુશન્સ છે એ ઇ.આર.પી.નો સોફ્ટવેર માટે પણ જે મદદ કરવામાં આવે છે તેમાં પ્લાન્ટ એન્ડ મશીનરીમાં ૫૦ લાખ રૂપિયા સુધીનું રોકાણ કર્યું હોય તો ૬૫ ટકા ઓફ ધ કેપીટલ કેપિટલ કોસ્ટ ઇ.આર.પી. સિસ્ટમ માટેનું વધારેમાં વધારે ૧ લાખ રૂપિયા સુધી આપવામાં આવે છે. રૂપિયા ૫૦ લાખથી ૨ કરોડ રૂપિયાનો પ્લાન્ટ એન્ડ મશીનરીમાં ખર્ચ કર્યો હોય તો ૬૦ ટકા ઓફ ધ કેપિટલ કોસ્ટ વધારેમાં વધારે રૂપિયા ૧ લાખ આપવામાં આવે છે. ઇન્વેસ્ટમેન્ટ ૨ કરોડ રૂપિયાથી ૧૦ કરોડ રૂપિયા કર્યું હોય તો તેમાં ૫૦ ટકા ઓફ ધ કેપિટલ કોસ્ટ અને વધુમાં વધુ ૧ લાખ રૂપિયા સુધી. આ સોફ્ટવેરનું છે પણ હાર્ડવેરમાં પણ આવી રીતે મદદ કરવામાં આવે છે. રૂપિયા ૫૦ લાખ કર્યું હોય તો ૫ લાખ રૂપિયા સુધીના ૬૫ ટકા, રૂપિયા ૫૦ લાખથી ૨ કરોડમાં ૫ લાખ રૂપિયા સુધીના ૬૦ ટકા, ૨ કરોડથી ૧૦ કરોડ સુધીના ૫ લાખ રૂપિયાના ૫૦ ટકા. એટલે ૫ લાખ રૂપિયા તેના ઇક્વીપમેન્ટ હાર્ડવેર માટે પણ મદદ કરવામાં આવે છે.

## કચ્છ જિલ્લામાં ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૩૭૧૦૦ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ ૧૨ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને | (૨) તે પૈકી ૭ અરજીઓ મંજૂર થયેલ છે. |
| (૩) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ અને રોજગારી ઊભી થનાર છે? | (૩) આ એકમો થકી રૂ.૧૪૦૩૬૨.૮૪ લાખનું મૂડીરોકાણ તથા ૨૭૭૦ લોકો માટે સંભવિત રોજગારી ઉભી થનાર છે. |

શ્રી વિરેન્દ્રસિંહ બ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ આ યોજના શું છે અને આ યોજના હેઠળ કેટલી સહાય મળવા પાત્ર છે?

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જેમ અગાઉના જવાબમાં કહ્યું એવી રીતે ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝની યોજના છે. કોઇ પણ ઉદ્યોગ માઇક્રો હોય, સ્મોલ હોય, મિડિયમ હોય, લાર્જ હોય, મેગા હોય કે અલ્ટ્રા મેગા હોય એ લોકો જે નેટ એસ.જી.એસ.ટી.નું ઇનપુટ પણ લેતા હોય, ભરતા હોય એટલે જે નેટ એસ.જી.એસ.ટી. લે છે એ લોકોને પાછો આપવા માટેની યોજના છે. કેટલો પાછો આપવામાં આવે છે તેના માટે કેટેગરી ૧,૨,૩ રાજ્ય સરકારે ડિસ્ક્રાઇબ કરી છે. કેટેગરી–૧ એવા તાલુકાઓ કે જેની અંદર ઉદ્યોગો ઓછા હોય, તાલુકા–૨ એટલે જેમાં ઉદ્યોગો મધ્યમ સ્કેલમાં હોય અને તાલુકા–૩ કે જેની અંદર કેટેગરીમાં ઉદ્યોગો વધારે છે. હવે કેટેગરી–૧માં ૧૦૦ ટકા રોકાણ કર્યું હોય તેના ૯૦ ટકા એસ.જી.એસ.ટી. રીએમ્બર્સ કરવામાં આવે છે. ૧૦ વર્ષના પિરિયડ, એટલે ૧૦ ટકા રાજ્ય સરકાર રાખે અને ૯૦ ટકા પાછો આપે. કેટેગરી–૨ છે તેમાં ૧૦૦ રૂપિયા રોક્યા હોય તો ૮૦ રૂપિયા સુધીનું તેને આપવામાં આવે છે. ૮૦ રૂપિયામાં ૨૦ રૂપિયા રાજ્ય સરકાર રાખે છે. એટલે ઓરીજીનલ જોવા જઇએ તો ૬૦ રૂપિયા તેને મળે. કેટેગરી–૩ છે તેમાં ૭૦ ટકા સુધી મૂડીરોકાણના ગણવામાં આવે છે. એટલે ૭૦ ટકાના ૭૦ ટકા આપવામાં આવે છે. એટલે એમાં ૩૦ ટકા રાજ્ય સરકાર રાખે. ઓવરઓલ જોવા જઇએ તો ૧૦૦ રૂપિયા રોકે તો તેને ૪૦ રૂપિયા કેટેગરી–૩માં મળે. એટલે એને નેટ એસ.જી.એસ.ટી. પાછું આપીએ, એ ભરે એ રીએમ્બર્સ કરીએ અને ૧૦ વર્ષના પિરિયડ તેને પૈસા પાછા આપીએ. એ પ્રમાણે યોજના બનાવી છે.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ઇન્સેન્ટીવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ અરજી કરવાની અને મંજૂરીની પ્રક્રિયા શું છે? તથા કયા કયા ઉદ્યોગોને આ યોજના હેઠળ સહાય મળવાપાત્ર નથી?

શ્રી સૌરભ પટેલ : જે સહાય મળવાપાત્ર નથી તેના નામ કહું, SEZમાં જે યુનિટ લોકેશન થયા હોય તેને મળવાપાત્ર નથી. માઇનીંગ અને ક્વોરીની અંદર જે વ્યવસાય કરતા હોય એને મળવાપાત્ર નથી. Lignite and clal, coal and coke, extraction of minerals - એને મળવાપાત્ર નથી. ક્રુડ પેટ્રોલિયમ કે ગેસનું સંશોધન અને ઉત્પાદન કરે એને નહીં, Regasification of LNG, transmission and distribution of natural gas, compression of natural gas (CNG); petroleum refiner; bottling of LPG and other gases; Cement, Clinker and Grinder; Soda Ash, Manufacture of tobacco products, gutkha; Electric power generation, except whether it is captive electricity generation ... જ્યાં કેપ્ટીવ ઇલેક્ટ્રિસિટી જનરેશન કરતા હોય તો મળે, manufacturing of Beverages, વુડની બનાવેલી આઇટમો જે હોય એને નથી મળતું. ફાયરવુડ અને ચારકોલને નથી આપતા. Decorticating, expelling, crushing, roasting, parching આ બધી જે વસ્તુઓ છે એને નથી મળતું. Solvent extraction of oil - ને નથી મળતું. Dairy milk powder and other manufactured products ને નથી મળતું. આવી એક યાદી બનાવી છે એની અંદર આપણે આપતા નથી અને જે પ્રોસિજર છે કે એ જયારે મૂડીરોકાણ કરે પછી એને પ્રોવિઝનલ સર્ટિફિકેટ લેવું પડે છે. કોમર્શિયલ પ્રોડકશન ચાલુ કરે પછી એને સર્ટિફિકેટ લીધા પછી આખું Final Eligibility Certificate મળે એટલે જે એણે મૂડીરોકાણ કર્યું હોય એના ચોપડા આપવામાં આવે છે કે કઇ કઇ મશીનરી લીધી, કેટલા ભાવે લીધી બિલો સાથે પછી અધિકારીઓ ત્યાં જાતે જાય, એ બિલની સામે એની ચકાસણી કરે કે આ એસેટ બની છે કે નથી બની અને એસેટ બન્યા પછી એ નેટ એસ.જી.એસ.ટી. ભરતા હોય એની પણ ચકાસણી કરે છે. ચકાસણી કર્યા પછી ઓ.કે. લાગે તો કવાર્ટરલી એને રીએમ્બર્સમેન્ટ આપવામાં આવે છે.

### કચ્છ જિલ્લામાં ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મળેલ અરજીઓ

* ૩૭૧૦૨ **ડૉ. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ ૧૨ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને | (૨) તે પૈકી ૭ અરજીઓ મંજૂર થયેલ છે. |
| (૩) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ અને રોજગારી ઊભી થનાર છે? | (૩) આ એકમો થકી રૂ.૧૪૦૩૬૨.૮૪ લાખનું મૂડીરોકાણ તથા ૨૭૭૦ લોકો માટે સંભવિત રોજગારી ઉભી થનાર છે. |

ડૉ. નીમાબેન ભા. આચાર્ય : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ક્રમાંકઃ ૬ છે એ પ્રશ્ન ક્રમાંકઃ ૫ જેવો સરખો જ પ્રશ્ન છે. ઘણા બધા જવાબ મળી ગયા છે. મારે માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે રૂપિયા૧ કરોડ અને ૪૦ લાખનું મૂડીરોકાણ અને ૨,૭૭૭ લોકોને રોજગારી મળી અને ૧૨ મોટા એકમોની અરજી આવી એમાંથી ૭ એકમોને મંજૂર કરવામાં આવ્યા તો મારે એ જાણવું છે કે આપણે આ જે બધા ક્રાઇટ એરીયા રાખ્યા છે એમાં કંઇક ફેરફાર કરીને વધુ ઉદ્યોગોને લાભ મળે એવું થઇ શકે કે કેમ? અને સ્ટીલ પ્લાન્ટ અને ઓઇલ રિફાઇનરી અને આ બધી જે મોટી મોટી મહાકાય ઇન્ડસ્ટ્રી છે એના માટે આપણે કંઇ એક્સ્ટેન્શન કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઉદ્યોગ વિભાગે ઘણો બધો વિચાર કર્યા પછી કમિટીની રચના કરી હતી એટલે એવા ઇશ્યુ છે દા.ત. કવોરી તો કવોરીમાં લીઝની પરમિશન છે એ ફરજિયાત આપણે માઇન્સ આપીએ છીએ, મીનરલ્સ આપીએ છીએ એટલે આપણે એને વધારે ઇન્સેન્ટીવ આપવાની જરૂર નથી લાગતી એટલે ઘણા ઉદ્યોગો એમાંથી કાઢ્યા છે, ઘણા ઉદ્યોગ એવા છે કે જેમને આપણે પ્રોત્સાહન નથી આપવું કે આ ઉદ્યોગ આપણે નથી કરવો એટલે એમને બહાર રાખ્યા છે એટલે આજની તારીખમાં પોલીસી બની ગઇ છે અને પોલીસીના બન્યા પછી કોઇ નવું યુનિટ આવે, આ તો આપણે ઇનએલીજીબલ યુનિટના નામો આપ્યા છે, એલીજીબલ જે નવું આવવું હોય એ આવી શકે છે એટલે ઇનએલીજીબલની યાદી બની છે કે આટલાને નહીં આપવું, આપવાની યાદી તો ખુલ્લી જ છે, કાલે કોઇ નવો વિચાર લઇને આવે અને કહે કે આ પ્રમાણે મારે કરવું છે તો એ પ્રમાણે આપણે કરીશું અને જે રોજગારીની વાત કરી તો આના અંદર ડાયરેકટ રોજગારી મળે છે અને ઇન્ડાયરેકટ રોજગારી મળે છે. આપે જે કચ્છની વાત કરી તો કચ્છમાં ખાલી ૭ ઉદ્યોગોને મંજૂરી આપી છે એમાં ૨૭૭૦ લોકોને તો ડાયરેકટ એમ્પલોયમેન્ટ મળ્યું છે અને બાકીનાને સન ૨૦૧૯–૨૦માં ૨,૯૬૩ એટલે ડાયરેકટ એમ્પલોયમેન્ટ જે પે–રોલ ઉપર હોય એની વાત છે અને ઇન્ડાયરેકટ એમ્પલોયમેન્ટ તો કોઇપણ ઉદ્યોગ આવે એની ફોર્મ્યુલા ડિપેન્ડિંગ ઇન્ડસ્ટ્રીવાઇઝ ઘણી જગ્યાએ તો પોતા કરતા દસ ગણું ઇનડાયરેકટની અંદર એમ્પલોયમેન્ટ મળતું હોય છે.

### પાટણ અને સિધ્ધપુર તાલુકાના તળાવોને પાઈપલાઈનથી ભરવા બાબત

* ૩૬૩૫૯ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧–૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લાના પાટણ અને સિધ્ધપુર તાલુકાના કયા ગામ તળાવો કઈ પાઈપલાઈનથી ભરવામાં આવે છે, અને

**જવાબ**

(૧) નીચે મુજબ

(અ) પાટણ તાલુકામાં

(૧) માતપુર–ડીંડરોલ પાઈપલાઈનથી

| ક્રમ | ગામનું નામ | તળાવનું નામ |
|---|---|---|
| ૧ | માતપુર | ગામ તળાવ |
| ૨ | બાલીસણા | ખાનપુરા |
| ૩ | | ટીન્ડેષ્વર |
| ૪ | ડેરાસણા | કાનોળવાળુ |
| ૫ | | વડીચાવાળુ |
| ૬ | બાલીસણા | સીમ તળાવ |
| ૭ | | દુધેષ્વર |
| ૮ | | સેવાળીયાનુ |
| ૯ | | સીમ તળાવ |
| ૧૦ | | વાળીનાથ |
| ૧૧ | ડેર | ગામ તળાવ |
| ૧૨ | | ચાચડું |
| ૧૩ | ચડાસણા | રૂપાલનુ |
| ૧૪ | | મોતીરૂ |

(૨) ખોરસમ–સરસ્વતી પાઈપલાઈનથી

| ક્રમ | ગામનું નામ | તળાવનું નામ |
|---|---|---|
| ૧ | મીઠી વાવડી | ગામ તળાવ |
| ૨ | ખીમીયાણા | વડુ તળાવ |
| ૩ | મેમદપુર | ગામ તળાવ |
| ૪ | મેમદપુર | ફાટીયું તળાવ |
| ૫ | ગદોસણ | ગામ તળાવ |
| ૬ | ગજા | વહેળો તળાવ |
| ૭ | ગજા | ગામ તળાવ |
| ૮ | સંખારી | ગજા નદીનો વહેળો |
| ૯ | સંખારી | ગામ તળાવ |
| ૧૦ | સંખારી | ધનોરું તળાવ |
| ૧૧ | સંખારી | મુળાસર |
| ૧૨ | સંખારી | માલવણ |
| ૧૩ | સંખારી | કુકરવાડીયું |
| ૧૪ | સંખારી | ઢેઢુચી તળાવ |
| ૧૫ | સંખારી | પોયણ તળાવ |

| | | |
|---|---|---|
| ૧૬ | રાજપુર | પાહતારી તળાવ |
| ૧૭ | રાજપુર | ખારી તળાવ |
| ૧૮ | સબોસણ | ગામ તળાવ |

(૩) ખોરસમ–માતપુર પાઈપલાઈનથી.

| ક્રમ | ગામનું નામ | તળાવનું નામ |
|---|---|---|
| ૧ | રણુંજ | ચેકડેમ–૧ |
| ૨ | | ચેકડેમ–૨ |
| ૩ | | ચેકડેમ–૩ |
| ૪ | | ચેકડેમ–૪ |
| ૫ | | ભાખરકુઈ તળાવ |
| ૬ | | ચીકોરી તળાવ |
| ૭ | સંડેર | ગામ તળાવ |
| ૮ | | કુષ્કલ તળાવ |
| ૯ | માતપુર | સુજલામ સુફલામ તળાવ |

(બ) સિધ્ધપુર તાલુકામાં

(૧) માતપુર–ડીંડરોલ પાઈપલાઈનથી.

| | | |
|---|---|---|
| ૧ | વનાસણ | ઘુઘવાડા |
| ૨ | | બુદ્ધાસણા |
| ૩ | | ચેબલી |
| ૪ | હિંસોર | માતાજી |
| ૫ | કલ્યાણા | ગામ તળાવ |
| ૬ | | ગામ તળાવ |
| ૭ | | ગામ તળાવ |
| ૮ | | ઝુંડ તળાવ |
| ૯ | લવારા | ગામ તળાવ |
| ૧૦ | ફૂવારા | કુણ તળાવ ૫–એ |
| ૧૧ | | ઉણક તળાવ ૫–બી |
| ૧૨ | | ગામ તળાવ |
| ૧૩ | | ગામ તળાવ |
| ૧૪ | | સીમ તળાવ |
| ૧૫ | મેત્રાણા | ચાચરેટ દાદા તળાવ |
| ૧૬ | | ભથણી |
| ૧૭ | | જાહેરાત વાળુ |
| ૧૮ | | ગામ તળાવ |
| ૧૯ | કાકોશી | સીમ તળાવ |
| ૨૦ | | રીચાર્જ |
| ૨૧ | | ગામ તળાવ |
| ૨૨ | | લેંબાળી |
| ૨૩ | મેથાણ | ઘડીયાળુ |
| ૨૪ | | ચડુ તળાવ |
| ૨૫ | ડીંડરોલ | ગામ તળાવ |

(૨) જો ઉક્ત તાલુકાઓના ગામ તળાવોમાં પાઈપલાઈન દ્વારા પાણી નાંખવામાં ન આવતું હોય તો નવીન પાઈપલાઈન દ્વારા ક્યાં સુધીમાં પાણી નાંખવામાં આવશે?

(૨) ભૌગોલિક સ્થિતિ અને તાંત્રિક શક્યતા તથા પાણીના જથ્થાની ઉપલબ્ધિને ધ્યાને લઈ જે તે વખતે નીતિ અનુસાર શક્ય એટલા તળાવો જોડવામાં આવેલ છે તથા પાણીની ઉપલબ્ધતાને ધ્યાને લઈને ભરવામાં આવે છે.

શ્રી ચંદનજી ત. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે બે વર્ષમાં પાટણ અને સિદ્ધપુર તાલુકામાં ખોરસમ–માતપુર ડીંડરોલ પાઇપલાઇનો તથા ખોરસમ–સરસ્વતી પાઇપલાઇન જોડાણ આવેલ છે તેમજ કુલ કેટલું પાણી આપવામાં આવ્યું? રાજ્ય સરકારે બે કિલોમીટરની મર્યાદા વધારીને ત્રણ કિલોમીટર સુધી તળાવો ભરવાની જાહેરાત કરી છે તો એનો કેટલા સમયમાં અમલ કરી અને તળાવો ભરવામાં આવશે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પણ અમારી સરકારની એક મોટી ઉપલબ્ધિ છે કે સુજલામ સુફલામ પાઇપલાઇન દ્વારા નર્મદાનું પાણી ઉપાડીને આપણે જુદા જુદા ગામોના તળાવો ભરીને ખેડૂતો માટે અને ખાસ કરીને પશુઓ માટે ગામદીઠ જે પીવાના પાણીની અથવા સિંચાઇના પાણીની વ્યવસ્થા કરીએ છીએ એ પાઇપલાઇન માનનીય

ચંદનસિંહજીએ જે પ્રશ્ન પૂછ્યો છે. એમાં પાટણ તાલુકામાં ખોરસમ–માતપુર અને ખોરસમ–સરસ્વતી પાઇપલાઇન છે આ બે પાઇપલાઇન દ્વારા આ તળાવોમાં પાણી ભરવામાં આવે છે. સેંકડો હોર્સ પાવરના પમ્પો ચલાવીને નર્મદા કેનાલમાંથી પાણી ઉપાડી અને કિલોમિટરો સુધી આ પાણીને આગળ લઇ જઇ અમે આ તળાવો ભરીએ છીએ. એમણે સિદ્ધપુરનો પ્રશ્ન પૂછ્યો એમાં પાટણ તાલુકાના ૧૫ ગામોના ૪૧ તળાવો ૨૦ દિવસ પહેલા ભર્યા એમાં ૧૬૪૦ એમ.સી.એફ.ટી. પાણી આપવામાં આવ્યું અને સિદ્ધપુર તાલુકાની પાઇપલાઇન છે ખોરસમ–માતપુર અને માતપુર–ડીંડરોલ એના દ્વારા ૨૦૫ મિલિયન ઘનફૂટ પાણી ૯ ગામોના ૨૫ તળાવોમાં નાખવામાં આવ્યું છે. મેં મારા બજેટ પ્રવચનમાં પણ કહ્યું હતું કે નર્મદા માતાની કૃપાથી પૂરતું પાણી ઉપલબ્ધ છે એટલે અત્યારે સુજલામ સુફલામ યોજના અને સૌરાષ્ટ્રમાં સૌની યોજના અને નર્મદાના મૂળ કમાન્ડ એરિયા આ બધા વિસ્તારમાં ખેડૂતોની માગણી, જરૂરિયાત અને ટેકનિકલ રીતે વાજબી છે ત્યાં આગળ પાણી આપવાની તૈયારી પણ અમે કરેલી છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પાઇપલાઇનમાંથી પાટણની સરસ્વતી નદીમાં પાણી નાખવાની જોગવાઇ હતી પણ હજુ સુધી એ પાઇપલાઇનની અંદરથી સરસ્વતી નદીમાં પાણી આપવામાં આવતું નથી. સુજલામ સુફલામ યોજનામાંથી સરસ્વતી નદીમાં ચાલુ વર્ષે નાખવામાં આવ્યું એ રીતે કાયમ માટે શ્રી નરેન્દ્ર મોદી સાહેબે સિદ્ધપુરમાં કાર્યક્રમ કરીને સરસ્વતી નદીને જીવંત રાખવાની વાત કરી હતી તો એ માટે કોઇ આયોજન કરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અમારે બધું કાયમ રાખવાનું છે. આ પણ કાયમ માટે રાખવાનું છે. પણ ભગવાનની કૃપા, વરસાદની કૃપા, જળદેવતાની કૃપાથી જેટલું વધુ પાણી નર્મદામાં આવે એ પાણીને ખેડૂતો, પ્રજા, ગામડાં અને પશુઓ માટે શક્ય તેટલો ઉપયોગ કરીએ, સુજલામ સુફલામ અને સૌની યોજના દ્વારા હજારો ગામોમાં અત્યારે આપણે પાણી પહોંચાડીએ છીએ. દર વર્ષે પહોંચાડીએ છીએ અને નદીઓમાં પણ વધારે વરસાદ હોય ત્યારે નર્મદા નદીનું મેઇન કેનાલમાં વધુ પાણી ભરી કેનાલની નીચે નદીઓ આવતી હોય એવી ૨૨–૨૩ નદીઓ આવે છે એ નદીઓ ઉપર એસ્કેપ મૂકેલ છે એ ખોલીને પણ જ્યાં જ્યાં પાણી ભરી શકાય ત્યાં ભરીએ છીએ. મોદી સાહેબ હતા ત્યારથી આ કામગીરી ચાલુ છે અને રીવરગ્રીડ આખા દેશમાં સારા અને વધુ પાણીનો ઉપયોગ કરીને પુર આવે ત્યારે બીજા વિસ્તારને નુકસાન ન થાય અને જરૂરિયાતવાળા વિસ્તારને પાણી મળે, નદીઓમાં પાણી પડે તો મોટા પ્રમાણમાં રિચાર્જ થાય એ માટે નદીઓ સુધી આ પાણી પહોંચાડીએ છીએ. સરસ્વતિ નદીમાં ધરોઇમાં વધારે પાણી હોય તો ધરોઇથી અમે વ્યવસ્થા કરેલી છે કે ધરોઇથી એક કેનાલ મારફતે સિદ્ધપુર પાસે સરસ્વતિ નદીમાં જરૂરિયાત પ્રમાણે જથ્થો ઉપલબ્ધ હોય એના આધારે અમે પાણી છોડીએ છીએ.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી મારે જાણવું છે કે અમારા દરિયાકાંઠાના વિસ્તારમાં ખારા પાણીનો વ્યાપ ખૂબ વધારે ગતિએ વધી રહ્યો છે ત્યારે દરિયાકાંઠા ઉપર આવેલ નાના મોટા તળાવો એ પાઇપલાઇનથી ભરવા માગો છો કે કેમ અને બીજું ત્યાં અત્યારે લિન્ક કેનાલ છે. દ્વારકાથી લઇ માધુપુર અને આદરીના બંધારા સુધી એમાં જો પાઇપલાઇન દ્વારા પાણી નાખવામાં આવે તો ત્યાં ખારું પાણી અટકે અને મીઠા પાણીનો સ્ત્રોત વધે અને ખેડૂતોને ફાયદો થાય અને દરિયાકાંઠાના નાના મોટા તળાવો છે એમાં પાઇપલાઇન મારફતે પાણી ભરવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ ચર્ચામાં પણ કહ્યું હતું કે, દરિયાકાંઠાના વિસ્તારોમાં અમે સ્પ્રેડિંગ ચેનલ બનાવેલ છે. માનનીય બાબુભાઇએ આનો ઉલ્લેખ કરેલો. કે દરિયા કાંઠેથી મીઠું પાણી આપણું દરિયામાં જતું ન રહે. દરિયાથી દૂર પણ મીઠું પાણી ભરી શકાય આવક હોય એવી જગ્યાએ કિલોમિટરો લાંબી પહોળી ઊંડી ખાઇઓ જેવી લાંબી કેનાલો અમે બનાવી છે. એમાં ચોમાસાનું મીઠું પાણી આવે છે એ પાણી જમીનમાં ઉતરે છે, શોષાય છે અને હજારો કુવાઓ એ વિસ્તારમાં અત્યારે પણ પાણી આપતા થયા છે. સાહેબ બીજો પ્રશ્ન છે કે, આ પાણી આપણે પાઇપલાઇનથી ઉપાડીએ છીએ. સેંકડો હોર્સ પાવરના પમ્પો ચલાવીએ છીએ. લાખો રૂપિયાની વીજળીનું બિલ એ સરકાર ભરે છે. પાઇપલાઇનની પણ કેપેસિટીની મર્યાદા હોય, કેનાલમાં પાણી આવવાની પણ મર્યાદા હોય, પૂર કેટલું આવે છે, કેટલા દિવસ ચાલે છે, એ પાણી ક્યાં સુધી પ્રાપ્ત થાય છે એના આધારે સૌની યોજનામાં તબક્કાવાર અમે પાણી ભરીએ છીએ પણ નાના તળાવ ઝડપથી ભરાય. મોટી કેનાલો કે મોટા ડેમમાં પાણી ભરવું હોય તો કાંઇ લોટા પાણીથી ડોલ ના ભરાય. ડોલથી લોટો ભરાય. એ રીતે અમે જેટલું પાણી શક્ય છે એટલું પ્રજાને આપવાનું, ખારા વિસ્તારને આપવાનો પ્રયત્ન કરીએ છીએ. શ્રી ભગાભાઇ તમારા વિસ્તારમાં ક્ષાર નિયંત્રણ કાર્યક્રમ સિંચાઇ વિભાગ ચલાવે છે અને દરિયાઇ ખારાશ આગળ ના વધે એ માટે મીઠું પાણી રોકવાનું અલગ બજેટ સિંચાઇ વિભાગ ફાળવે છે અને એમાં ઘણું કામ અમે કર્યું છે અને હજુ કરવાનાં છીએ. (અંતરાય)

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક –૮ શ્રી કાંતિભાઇ પરમાર (અંતરાય) આવી ગયું. આના પર ખૂબ લાંબો જવાબ આવી ગયો છે. (અંતરાય)

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, ધારો કે આદરી બંધારા સુધી કેનાલ આવી છે. એ કેનાલને જો ત્યાંથી કટકે કટકે ભાવનગર કે જાફરાબાદ સુધી લંબાવીને દરિયા કાંઠાના વિસ્તાર સુધી લંબાવવામાં આવે તો પણ એ વિસ્તારના ખેડૂતોને અને લોકોને ઘણો ફાયદો થાય તેમ છે તો આ તળાવો ના ભરાય ત્યાં સુધી, યોજના ના થાય સુધી આ લીંક કેનાલને લંબાવવામાં આવે એવી મારી વિનંતી છે.

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌની યોજનાના ત્રણ મોટા તબક્કાનું કામ આપણે સફળતાપૂર્વક પૂર્ણ કર્યું છે. આજે પણ સૌરાષ્ટ્રમાં ૪૦૦૦ એમ.સી.એફ.ટી. પાણી ગયા અઠવાડિયે જ મેં કીધું હતું એમ મંજૂરી આપી અને પાણી આપવાનું ચાલું છે. તબક્કાવાર જેમ પાણીની ઉપલબ્ધતા હશે અને ટેકનિકલી શક્ય હશે એમ તમારા સૂચન ઉપર વિચારણા કરીશું.

### ખેડા અને મહીસાગર જિલ્લામાં ગેરકાયદેસર ખનન અન્વયે કાર્યવાહી

* ૩૬૪૫૨ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મહીસાગર જિલ્લામાં ગેરકાયદેસર ખાણકામ અન્વયે કેટલા કિસ્સાઓમાં કાર્યવાહી કરી કુલ કેટલી રકમના દંડ/ખનીજ કિંમત વસૂલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ખેડા અને મહીસાગર જિલ્લામાં અનુક્રમે ૧૮૨ કેસો અને ૧૪૬ કેસો એમ મળી કુલ ૩૨૮ કેસોની દંડ/ખનીજકિંમત વસૂલ કરવાના નોટીસ/હુકમો કરવામાં આવ્યા.

| જિલ્લો | વર્ષ | કેસની સંખ્યા | દંડ/ખનીજ કિંમત રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ખેડા | ૨૦૧૯ | ૧૦૯ | ૩૧૪.૯૨ |
| | ૨૦૨૦ | ૭૩ | ૩૮૦.૫૮ |
| મહીસાગર | ૨૦૧૯ | ૭૧ | ૫૬.૯૩ |

(૨) તે પૈકી કુલ કેટલી રકમની વસૂલાત ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર દંડની રકમ પૈકી વસૂલાતની રકમ

| જિલ્લો | વર્ષ | કેસોની સંખ્યા | દંડની વસૂલાત રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| ખેડા | ૨૦૧૯ | ૧૦૩ | ૧૭૪.૨૫ |
| | ૨૦૨૦ | ૬૮ | ૮૭.૦૬ |
| મહીસાગર | ૨૦૧૯ | ૭૧ | ૫૬.૯૩ |

(૩) ઉક્ત કાર્યવાહીમાં જો કસૂરદાર/ગુનો આચરનારાઓ દ્વારા સમાધાનની રકમ ભરપાઈ કરી ગુનો માંડવાળ કરવા સંમત ન થયેલ હોય તો તેવા કિસ્સાઓમાં માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૧૯૫૭ અન્વયે કેટલી ફરિયાદો સક્ષમ કોર્ટમાં દાખલ કરવામાં આવી?

(૩) ઉક્ત કાર્યવાહીમાં ૦૫ કેસમાં અપીલ દાખલ કરેલ છે.

શ્રી કાંતિભાઇ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, અમારા ખેડા જિલ્લાના મહિસાગર જિલ્લામાં ખનનનું કામ ચાલે છે અને એની અંદર ભૂમાફિયા આમ તો હુમલાય કરે એવા ભૂમાફિયા આપણનેય ન છોડે એવા માફિયા આ ખનન ચોરી કરે છે અને પોલીસને પણ ગાંઠતા નથી. એમના ઉપર ગેકાયદેસર ત્રણ કિસ્સાઓમાં ખનન ચોરી વસૂલ કરવાનો હુકમ કરવામાં આવ્યો, છતાં પણ એમની રોયલ્ટી વસૂલ કરી નથી. બીજો પ્રશ્ન, તે પૈકી કુલ રકમની વસૂલાત ઉપરની સ્થિતિએ જિલ્લાવારમાં થયેલ નથી.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વસ્તુ તો મારે સભ્યશ્રીને જાણ કરવી છે કે સરકાર કટિબદ્ધ છે કે કોઇ પણ વ્યક્તિ, કોઇ પણ માથાભારે માણસ હોય સરકારનું સંપૂર્ણપણે તંત્ર હોય છે એમાં જીઓલોજીસ્ટથી માંડીને કલેક્ટર, પોલીસ, મામલતદાર ઓફિસ સુધીના બધા લોકો ખાણ ખનીજમાં ચોરી અટકાવવા માટે સંપૂર્ણપણે ગમે ત્યારે માહિતી મળે એ વખતે ત્યાં પહોંચી જાય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે સભ્યશ્રીને એટલું જ કહેવું છે કે અમે અનેક અનેક વસ્તુ દર વર્ષે નવું કરતા હોઇએ છીએ અને આજની તારીખમાં જે પદ્ધતિ કરી છે એના આધાર ઉપર જિલ્લા કચેરી દ્વારા અને ફ્લાઇંગ સ્ક્વોર્ડ દ્વારા પણ ચેકિંગ કરવામાં આવે છે. કોઇ પણ જાતનું ઈલીગલ ખાણ ખનીજમાં સ્ટોરિંગ હોય કે ટ્રાન્સપોર્ટેશન હોય એની અંદર કોઇ પણ ફરિયાદ મળે તો અમે કરીએ છીએ. નવી પદ્ધતિ પ્રમાણે ડ્રોન ટેકનોલોજી દ્વારા પણ ચેકિંગ કરવામાં આવે છે અને જે રોયલ્ટીની વાત કરી છે, એમાં પણ સ્પેશ્યલ સિક્યોરિટી પેપર લાવ્યા છીએ. એટલે ડુપ્લીકેટ રોયલ્ટી પાસ ના બને અને એ સિક્યોરિટી પેપરની અંદર ડિપાર્ટમેન્ટનો લોગો અને વોટર માર્ક હોય છે અને અંદર હિડન સિક્યોરિટી ફિચર્સ હોય છે જેથી ડુપ્લીકેટિંગ અને ફોર્જરી ના થાય.(અંતરાય)

અતારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે. આપની જાણકારી માટે, સભાગૃહની જાણકારી માટે કે શ્રી નૌશાદભાઇ સોલંકીને કોરોના પોઝિટિવ રિઝલ્ટ આવેલ છે. ઘણા મિત્રો એમની સાથે જે બેઠા હોય એ પોતે પણ કાળજી કરી લે. પ્લીઝ. ઓછામાં ઓછું માસ્ક પહેરો બધા. શ્રી લલીતભાઇ, શ્રી વિમલભાઇ, આ બાજુ અમારા ૨, ૫, ૧૦ મિત્રો પણ નથી પહેરતા.

**અતારાંકિત પ્રશ્નો**

**(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)**

**વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ**

૩૭૦૮૮ **શ્રી કેતનભાઈ ઈનામદાર** (સાવલી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત ગુણવત્તા પ્રમાણપત્ર સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૧ અરજીઓ. |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૬૨ એકમોને રૂ. ૫૯.૯૩ લાખની સહાય. |

---------

**કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ માટેની સમિતિ**

૩૬૩૪૧ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સરહદી વિસ્તાર કાર્યક્રમના અમલ માટે ભારત સરકારની માર્ગદર્શક સૂચનાઓ અનુસાર કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં જિલ્લા કક્ષાની સમિતિ રચવામાં આવેલ છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) ઉક્ત જિલ્લાવાર, ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ક્યારે જિલ્લા કક્ષાની સમિતિની બેઠક મળી, અને | (૨) કચ્છઃ તા.૦૪-૦૧-૨૦૨૦ના રોજ જિલ્લા કક્ષાની સમિતિની બેઠક મળી છે. |
| (૩) ઉક્ત જિલ્લા કક્ષાની બેઠક નિયમિત ન મળતી હોય તો તેના કારણો શા છે? | (૩)<br>(૧) કચ્છ જિલ્લામાં વર્ષ ૨૦૨૦-૨૧માં Covid-19ના કારણે ચાલુ વર્ષે જિલ્લા સમિતિની બેઠકનું આયોજન કરવામાં આવેલ નથી.<br>(૨) બનાસકાંઠા જિલ્લામાં વહીવટી કારણોસર તથા Covid-19ના કારણે બેઠકનું આયોજન કરવામાં આવેલ નથી. |

---------

**રાજ્યમાં એસીબી તંત્રને વધુ સુદ્રઢ બનાવવા વિશેષ સુવિધા પૂરી પાડવા બાબત**

૩૮૯૭૬ **શ્રી પિયુષભાઈ દેસાઈ** (નવસારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં એ.સી.બી. તંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.સી.બી.ને પૂરી પાડવામાં આવેલ વિશેષ સુવિધાની વિગતો શી છે ? | (૨)<br>➢ વિડીયો રેકોર્ડીંગ ઓફ સ્ટેટમેન્ટ.<br>➢ "બાયસેગ"નો ઉપયોગ<br>➢ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની પેનલની નિમણૂક.<br>➢ ટેકનીકલ સલાહકારની નિમણૂક. |

તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

- રેવન્યુ સલાહકારની નિમણૂક.
- ફોરેન્સીક સલાહકારની નિમણૂક.
- જી.એન.એલ.યુ. તથા જી.એફ.એસ.યુ.ના વિદ્યાર્થીઓની ઇન્ટર્નશીપ.

---------

**અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકામાં ખનીજચોરી**

૩૬૪૩૧ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના જાફરાબાદ તાલુકાના ભટવદર ગામમાંથી કયા પ્રકારની કેટલા જથ્થાની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું,

(૨) તે અન્વયે કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૩) કરવામાં આવેલ દંડ પૈકી કેટલા પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા અને બાકી રકમ ક્યાં સુધીમાં વસૂલવામાં આવશે?

**જવાબ**

(૧)

| **સમયગાળો** | **ખનીજચોરીનો પ્રકાર** | **ખનીજચોરીનો જથ્થો** |
|---|---|---|
| તા. ૦૧-૦૧-૨૦૧૯ થી તા. ૩૧-૧૨-૨૦૧૯ | કોઈ ખનીજ ચોરી થયાનું સામે આવેલ નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા. ૦૧-૦૧-૨૦૨૦ થી તા. ૩૧-૧૨-૨૦૨૦ | કોઈ ખનીજ ચોરી થયાનું સામે આવેલ નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૨), (૩) અને (૪)
પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ**

૩૭૦૫૪ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવેલ છે ?

**જવાબ**

(૧) તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી અને કંકરની વર્ષવાર નીચે મુજબની રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| **ક્રમ** | **વર્ષ** | **રકમ (રૂ. લાખમાં)** |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | **કુલ** | **૩૯૦૯૦.૫૨** |

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ રૂ.૩૩૦૩.૧૭ લાખ રકમ ફાળવેલ છે.

---------

**અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પૂરું પાડવાનો પ્રોજેક્ટ**

૩૬૩૮૩ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

અતારાંકિત પ્રશ્નો

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પૂરું પાડવાના પ્રોજેક્ટ તરીકે જોધપુર વોર્ડ પસંદ કરી પાઈપલાઈન નાંખવાની કામગીરી પૂર્ણ થયેલ છે તે હકીકત સાચી છે, અને

(૧) હા, જી.

(૨)જો હા, તો ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે,

(૨) તા. ૧૦-૦૧-૨૦૧૭ના રોજ પૂર્ણ કરેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ કેટલા કલાક પાણી પૂરું પાડવામાં આવે છે, અને

(૩) જોધપુર વોર્ડમાં આનંદનગર ડીએમએમાં હાલમાં ૨૦ કલાક પાણી સપ્લાય કરવામાં આવે છે. નોવેક્ષ ડીએમએમાં હાલમાં ૧૪.૩૦ કલાક પાણી સપ્લાય કરવામાં આવે છે. ગોકુલ આવાસ ડીએમએમાં અને ઘર વિહોણા ડીએમએમાં ૬.૩૦ કલાક પાણી સપ્લાય કરવામાં આવે છે. ગામતળ ઓવરહેડ ટાંકી બુસ્ટીંગ તરીકે ચાલુ કરેલ છે.

(૪) ક્યાં સુધીમાં ૨૪ કલાક પાણી પૂરું પાડવામાં આવશે?

(૪) વોટર મીટર આધારિત પાણીના વપરાશના દરની નિતી અમલમાં ન હોઇ, હાલમાં જોધપુર વોર્ડમાં આનંદનગર ડીએમએ, નોવેક્ષ ડીએમએ, ગોકુલ આવાસ ડીએમએ અને ઘર વિહોણા ડીએમએમાં વોટર સપ્લાયના કલાકો દરમ્યાન પુરતા પ્રમાણમાં પાણી પૂરું પાડવામાં આવે છે. ગામતળ ઓવરહેડ ટાંકી બુસ્ટીંગ તરીકે ચાલુ કરેલ છે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ ખાણો**

૩૮૭૧૪ **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં કેલસાઈડ અને સોફ્ટ સ્ટોનની કેટલી ખાણો આવેલી છે,

(૧)

| જિલ્લો | કેલસાઈડ | સોફ્ટ સ્ટોન |
|---|---|---|
| અરવલ્લી | શૂન્ય | ૦૨ |
| સાબરકાંઠા | ૦૨ | શૂન્ય |

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી જિલ્લાવાર કયા પ્રકારની કેટલી ખાણો કાર્યરત છે અને કેટલી ખાણો ક્યારથી બંધ છે,

(૨)

| જિલ્લો : અરવલ્લી | કેલસાઈડ | સોફ્ટ સ્ટોન |
|---|---|---|
| કાર્યરત | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. | શૂન્ય |
| બંધ | | ૦૨(બે) એક ખાણ તા. ૦૯-૦૫-૨૦૧૮ થી બંધ છે તથા બીજી ખાણ તા. ૨૦-૦૯-૨૦૧૭ થી બંધ છે. |

| જિલ્લો : સાબરકાંઠા | કેલસાઈડ | સોફ્ટ સ્ટોન |
|---|---|---|
| કાર્યરત | શૂન્ય | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| બંધ | ૦૨(બે) એક ખાણ માહે જુલાઈ-૨૦૧૫થી તથા બીજી ખાણ માહે નવેમ્બર- | |

(૩) ઉક્ત ખાણો બંધ રહેવાના કારણો શું છે, અને

(૩) ઉક્ત ખાણો માટે એન્વાયરમેન્ટ કલીયરન્સ સર્ટીફીકેટ અને માઈનીંગ પ્લાન રજૂ કરેલ ન હોઈ તેમજ બાકી લેણાં ભરપાઇ કરેલ ન હોવાથી સરકારશ્રીના નિયમોનુસાર રોયલ્ટી પાસનું ઓનલાઇન એકાઉન્ટ બંધ કરવામાં આવેલ

છે.

(૪) આ બંધ ખાણો ક્યાં સુધીમાં ચાલુ કરવામાં આવશે?

(૪) લીઝધારકશ્રી દ્વારા જરૂરી પુર્તતા તેમજ બાકી લેણાં ભરપાઇ કર્યેથી નિયમોનુસાર લીઝો ચાલુ કરવાની કાર્યવાહી કરવામાં આવશે.

---------

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ખનીજ ચોરી અટકાવવા ડ્રોન કેમેરા**

૩૬૪૧૬ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખનીજ ચોરી અટકાવવા રાજ્યમાં કેટલા (યુએવી)/ડ્રોનની સુવિધા ઉપલબ્ધ છે, અને | (૧) ગુજરાત રાજ્યમાં કુલ ૦૨ ટીમો દ્વારા ૦૨ (યુએવી)/ડ્રોનની સુવિધા ઉપલબ્ધ છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ આ (યુએવી)/ડ્રોન ખરીદવા માટે કઈ એજન્સીને કેટલી રકમ ચૂકવવામાં આવેલ છે ? | (૨) રાજ્યમાં (યુએવી)/ડ્રોન ખરીદવા કોઈ પણ એજન્સીને કોઈ રકમ ચૂકવવામાં આવેલ નથી. પરંતુ ડ્રોન સર્વેલન્સ સર્વિસ પ્રોવાઈડર કંપનીને સર્વિસની ચૂકવણી કરવામાં આવે છે. |

---------

**રાજ્યમાં નકલી નોટો છાપવાના બનાવો**

૩૭૩૦૭ **શ્રી ઇમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્યમાં નકલી નોટો છાપવાના કેટલા બનાવો ધ્યાનમાં આવ્યા, | (૧) ૩૫ (પાંત્રીસ) |
| (૨) સરકારે આ કેસોમાં કેટલી નકલી નોટો કબજે કરી, અને | (૨) ૩૩૬૬૪ (તેત્રીસ હજાર છસો ચોસઠ) |
| (૩) આવા કેસોમાં કેટલા ગુનેગારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ? | (૩) ૧૧૦ આરોપીઓ વિરુધ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |

---------

**મોરબી જિલ્લામાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૭૦૯૪ **શ્રી પરસોત્તમ સાબરીયા** (ધ્રાંગધ્રા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મોરબી જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે, | (૧) તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મોરબી જિલ્લામાં કુલ ૭૯ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને | (૨) તે પૈકી ૬૪ અરજીઓ મંજૂર થયેલ છે. |
| (૩) આ એકમો થકી કેટલુ મૂડીરોકાણ અને રોજગારી ઉભી થનાર છે ? | (૩) આ એકમો થકી રૂ.૨૩૩૨૧૯.૨૩ લાખનું મૂડીરોકાણ તથા ૩૪૪૨ લોકો માટે સંભવિત રોજગારી ઉભી થનાર છે. |

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં કેનાલોનું રીપેરીંગ કરવા બાબત**

૩૮૩૧૯ **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૦-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા અને આણંદ જિલ્લામાં જળસંપત્તિ પ્રભાગ હેઠળની કેટલી કેનાલોનું રીપેરીંગ કામ હાથ ધરવામાં આવ્યું, | (૧) ખેડા જિલ્લો-૭૨<br>આણંદ જિલ્લો-૧૫ |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલો ખર્ચ કરવામાં | (૨) રૂ.૧૮૪૬.૪૭ લાખ |

આવ્યો, અને

(૩)ઉક્ત કેનાલોનું રીપેરીંગ કામકાજ સમયસર ન કરવા બદલ જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

(૩) ઉક્ત કેનાલોનું રીપેરીંગ કામ સમયસર થયેલ છે, જેથી કોઈ કાર્યવાહીનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**અમદાવાદ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ**

૩૭૦૯૨ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત ગુણવત્તા પ્રમાણપત્ર સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૮૨ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૮૨ એકમોને રૂ.૧૯૬.૭૮ લાખની સહાય. |

---------

**રાજ્યમાં એસીબી તંત્રને વધુ સુદ્રઢ બનાવવા વિશેષ સુવિધા પૂરી પાડવા બાબત**

૩૮૯૧૩ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં એ.સી.બી. તંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.સી.બી.ને પૂરી પાડવામાં આવેલ વિશેષ સુવિધાની વિગતો શી છે? | (૨)<br>➢ વિડીયો રેકોર્ડીંગ ઓફ સ્ટેટમેન્ટ.<br>➢ ''બાયસેગ''નો ઉપયોગ.<br>➢ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની પેનલની નિમણૂક.<br>➢ ટેકનીકલ સલાહકારની નિમણૂક.<br>➢ રેવન્યુ સલાહકારની નિમણૂક.<br>➢ ફોરેન્સીક સલાહકારની નિમણૂક.<br>➢ જી.એન.એલ.યુ. તથા જી.એફ.એસ.યુ.ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ. |

---------

**કચ્છ જિલ્લામાં ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૭૧૦૧ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે, | (૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ ૧૨ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને | (૨) તે પૈકી ૭ અરજીઓ મંજૂર થયેલ છે. |
| (૩) આ એકમો થકી કેટલુ મૂડીરોકાણ અને રોજગારી ઉભી થનાર છે? | (૩) આ એકમો થકી રૂ.૧૪૦૩૬૨.૮૪ લાખનું મૂડીરોકાણ તથા ૨૭૭૦ લોકો માટે સંભવિત રોજગારી ઉભી થનાર છે. |

---------

તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**રાજ્યમાં એસીબી તંત્રને વધુ સુદ્રઢ બનાવવા વિશેષ સુવિધા પૂરી પાડવા બાબત**

૩૮૯૧૬ **શ્રી ભરતભાઈ પટેલ** (વલસાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં એ.સી.બી. તંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.સી.બી.ને પૂરી પાડવામાં આવેલ વિશેષ સુવિધાની વિગતો શી છે? | (૨)<br>➢ વિડીયો રેકોર્ડીંગ ઓફ સ્ટેટમેન્ટ.<br>➢ ‘‘બાયસેગ’’નો ઉપયોગ.<br>➢ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની પેનલની નિમણૂક.<br>➢ ટેકનીકલ સલાહકારની નિમણૂક.<br>➢ રેવન્યુ સલાહકારની નિમણૂક.<br>➢ ફોરેન્સીક સલાહકારની નિમણૂક.<br>➢ જી.એન.એલ.યુ. તથા જી.એફ.એસ.યુ.ના વિદ્યાર્થીઓની ઈન્ટર્નશીપ. |

---------

**દાહોદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે રહેણાકના મકાનો**

૩૮૯૨૯ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ–૭૭૯ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો? | (૨) રૂ.૧૫૫૨૦.૦૪ લાખના ખર્ચે ૭૭૯ મકાનોનું બાંધકામ પ્રગતિમાં છે. |

---------

**ટાટા મોટર્સ લિ. દ્વારા નેનો કારનું ઉત્પાદન**

૩૬૪૪૬ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : ૧૪મી ગુજરાત વિધાનસભાના પાંચમાં સત્રમાં તા.૨૫–૦૭–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત ૧૯૬૧૯ (અગ્રતા–૮૭)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાના હેતુસર સરકારના તા.૦૧–૦૧–૨૦૦૯ના ઠરાવની શરત નં.૧૨માં ટાટા મોટર્સ લિ. દ્વારા ૨,૫૦,૦૦૦ નેનો કારનું ઉત્પાદન કરી શકે તેવો પ્લાન્ટ નાંખવાની જોગવાઈ છે તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કેટલી નેનો કારનું ઉત્પાદન કરી શકે તેવો પ્લાન્ટ કાર્યરત છે. | (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ટાટા મોટર્સનો નેનો સહિતની ૨,૫૦,૦૦૦ કારનું ઉત્પાદન કરવા સક્ષમ પ્લાન્ટ કાર્યરત છે. |
| (૨) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી નેનો કારનું ઉત્પાદન થયું, અને | (૨) તા.૦૧–૦૧–૨૦૧૯ થી ૩૧–૧૨–૨૦૧૯ – ૩૦૧<br>તા.૦૧–૦૧–૨૦૨૦ થી ૩૧–૧૨–૨૦૨૦–શૂન્ય |
| (૩) પ્લાન્ટની ક્ષમતા કરતાં નેનો કારનું ઉત્પાદન ઓછું થતું હોય તો તેના કારણો શું છે? | (૩) નેનો કારનું વેચાણ BS-VI માં તબદીલ ન થઈ શકવાના કારણે અને તેના ઉત્પાદનમાં આવશ્યક વૈધાનિક જોગવાઈઓ પૂર્ણ ન થઈ શકવાના કારણે ઉત્પાદન ઓછું થયેલ છે. |

---------

**વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૮૯૩૮ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન- | (૧) કુલ-૧૩ |

રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો?

(૨) રૂ.૩૩૪૭.૪૯ લાખના ખર્ચે ૧૩ મકાન બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે.

---------

**મોરબી અને રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર ખનન અન્વયે કાર્યવાહી**

૩૬૪૦૧ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર ખાણકામ અન્વયે કેટલા કિસ્સાઓમાં કાર્યવાહી કરી કુલ કેટલી રકમના દંડ/ખનીજ કિંમત વસૂલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કુલ કેટલી રકમની વસૂલાત ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર થયેલ છે, અને

(૩) ઉક્ત કાર્યવાહીમાં જો કસૂરદાર/ગુનો આચરનારાઓ દ્વારા સમાધાનની રકમ ભરપાઈ કરી ગુનો માંડવાળ કરવા સંમત ન થયેલ હોય તો તેવા કિસ્સાઓમાં માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૧૯૫૭ અન્વયે કેટલી ફરિયાદો સક્ષમ કોર્ટમાં દાખલ કરવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મોરબી અને રાજકોટ જિલ્લામાં ગેરકાયદેસર ખાણકામ અન્વયે અનુક્રમે ૪૬૫ કેસો અને ૫૩૭ કેસો એમ મળી કુલ ૧૦૦૨ કેસોની દંડ/ખનીજ કિંમત વસૂલ કરવાના નોટીસ/ હુકમો કરવામાં આવ્યા.

| જિલ્લો | વર્ષ | કેસની સંખ્યા | દંડ/ખનીજ કિંમત રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| મોરબી | ૨૦૧૯ | ૨૩૧ | ૧૭૨૫.૬૯ |
| | ૨૦૨૦ | ૨૩૪ | ૬૯૮.૫૬ |
| રાજકોટ | ૨૦૧૯ | ૨૫૬ | ૭૩૨.૯૯ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર દંડની રકમ પૈકી વસૂલાતની રકમ

| જિલ્લો | વર્ષ | કેસોની સંખ્યા | દંડની વસૂલાત રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| મોરબી | ૨૦૧૯ | ૨૨૦ | ૪૪૦.૯૪ |
| | ૨૦૨૦ | ૨૩૩ | ૫૦૬.૫૯ |
| રાજકોટ | ૨૦૧૯ | ૨૪૭ | ૩૨૮.૯૯ |

(૩) ઉક્ત કાર્યવાહીમાં ૦૭ કેસમાં અપીલ અને ૦૯ કેસમાં નામ. સેશન્સ કોર્ટમાં ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે.

---------

**રેતી તથા કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ**

૩૮૯૫૬ **શ્રી રમણભાઈ પટેલ** (વિજાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી અને કંકરની વર્ષવાર નીચે મુજબની રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| ક્રમ | વર્ષ | રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | **કુલ** | ૩૯૦૯૦.૫૨ |

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ રૂ.૨૯૦૦.૩૭ લાખ રકમ ફાળવેલ છે.

---------

તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**રેતી તથા કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ**

૩૭૦૫૨ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી અને કંકરની વર્ષવાર નીચે મુજબની રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| ક્રમ | વર્ષ | રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | કુલ | ૩૯૦૯૦.૫૨ |

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ રૂ.૭૪૩૧.૩૨ લાખ રકમ ફાળવેલ છે.

---------

**રેતી તથા કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ**

૩૮૯૫૦ **શ્રી નરેશભાઈ પટેલ** (ગણદેવી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી અને કંકરની વર્ષવાર નીચે મુજબની રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| ક્રમ | વર્ષ | રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | કુલ | ૩૯૦૯૦.૫૨ |

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ રૂ.૧૮૫૯.૩૦ લાખ રકમ ફાળવેલ છે.

---------

**અમદાવાદ ખાતે નિત્યાનંદ આશ્રમમાં બનેલ ગુનાહિત કૃત્ય**

૩૬૩૯૨ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) નવેમ્બર-૨૦૧૯માં અમદાવાદ ખાતેના નિત્યાનંદ આશ્રમ ખાતે બાળકોને ગોંધી રાખવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત આશ્રમમાં કેટલા બાળકોને કેટલા સમય માટે ગોંધી રાખ્યાનું સામે આવ્યુ, અને

(૩) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જવાબદારો સામે શા પગલાં લેવામાં આવ્યા?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૩ બાળકોને આશરે બે અઠવાડિયા સુધી ગોંધી રાખેલ હતા.

(૩) જવાબદારો સામે કાનૂની કાર્યવાહી કરવામાં આવેલ છે.

---------

**અરવલ્લી અને કચ્છ જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના બનાવો**

૩૬૩૭૧ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૧૦-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર કસ્ટોડીયલ ડેથના કેટલા બનાવો બન્યા, | (૧) અરવલ્લી જિલ્લામાં કુલઃ ૦૦ (શૂન્ય) અને કચ્છ જિલ્લામાં કુલઃ ૧૬(સોળ) |
| (૨) ઉક્ત બનાવ બનવાના કારણો શું છે, | (૨)<br>➢ કુલઃ ૧૩ (તેર)- બિમારી સબબ (જેલ કસ્ટડી),<br>➢ ૦૧ (એક)- બિમારી સબબ (પોલીસ કસ્ટડી),<br>➢ ૦૧ (એક)- પોલીસ કસ્ટડીમાં ગળે ફાંસો ખાવાથી અને<br>➢ ૦૧ (એક)- પોલીસ દ્વારા માર મારવાથી મૃત્યુ થયેલ છે. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શું કાર્યવાહી કરી, અને | (૩)<br>➢ ૦૧-પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા ૦૧- પોલીસ કોન્સ્ટેબલ વિરૂદ્ધ ખાતાકીય તપાસ ચાલુ છે.<br>➢ કચ્છ ભુજમાં સને-૨૦૨૧ના બનાવમાં ૦૧- પોલીસ ઈન્સપેક્ટર, ૦૩-હેડ કોન્સ્ટેબલ, ૦૨- પોલીસ કોસ્ટેબલ, ૦૨-જી.આર.ડી. તથા ૦૨- અન્ય ખાનગી વ્યક્તિઓ વિરૂદ્ધ આઈ.પી.સી. એક્ટની કલમઃ૩૦૨ મુજબનો ગુનો દાખલ કરવામાં આવેલ છે. |
| (૪) આવી ઘટનાઓ ન બને તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) આરોપીઓને અટક કરતાં પહેલાં અને અટક કર્યા બાદ સી.આર.પી.સી.એક્ટની કલમની જોગવાઈઓ મુજબ તથા નામ. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા તેમજ પોલીસ સ્ટેશનમાં લાગેલા CCTV કેમેરા સતત કાર્યરત રાખવા તમામ પોલીસ સ્ટેશનના થાણા અમલદારશ્રીઓને સૂચના કરવામાં આવેલ છે. પોલીસ સ્ટેશનની વિઝીટ દરમ્યાન, યોજવામાં આવતી ક્રાઈમ કોન્ફરન્સમાં તેમજ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્શન દરમ્યાન આવા બનાવો ન બને તે માટે સૂચનાઓ આપવામાં આવેલ છે. આવી ઘટનાઓ ન બને તે માટે મામલતદાર તથા જેલરશ્રીઓ જેલમાં અવારનવાર મુલાકાતે આવતા કેદીઓના સંબંધીઓને ખાસ કારણ સિવાય કેદીને મળવાની પરવાનગી ન આપવાની જાણ કરવામાં આવેલ છે. તથા જેલગાર્ડના માણસોને અવારનવાર ચેક કરવા અને રાત્રીના સમયે સજાગ રહેવાની સૂચના કરવામાં આવેલ છે. |

---------

**સૌની યોજના દ્વારા રાજકોટ જિલ્લાના જળાશયો ભરવાનું આયોજન**

૩૭૦૨૭ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સૌની યોજના દ્વારા રાજકોટ જિલ્લાના કયા જળાશયોમાં પાણી ભરવાનું આયોજન હતું, અને | (૧) સૌની યોજના દ્વારા રાજકોટ જિલ્લાના લાલપરી, આજી-૧, આજી-૨, ન્યારી-૧, ન્યારી-૨, ડોંડી, ફોફળ-૧, આંકડીયા, આલણસાગર, ઘેલો સોમનાથ (સોમલપર), માલગઢ, કર્ણુકી, કરમાળ, ઈશ્વરીયા સુરવો, ભાદર-૧, ભાદર-૨, આજી-૩ અને ખોડાપીપર |

| | |
|---|---|
| | જળાશયોમાં નર્મદાના પાણી ભરવાનું આયોજન હતું. |
| (૨) ઉક્ત સ્થિતિએ તેનાથી કેટલા વિસ્તારને સિંચાઈનો લાભ મળ્યો? | (૨) ૧૪૩૯૦ એકર. |

---------

**વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૮૯૬૭ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧/૦૧/૨૦૨૧ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ-૧૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો? | (૨) રૂ. ૩૩૪૭.૪૯ લાખના ખર્ચે ૧૩ મકાન બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે. |

---------

**રાજ્યમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્લોટ ફાળવવા બાબત**

૩૬૩૮૯ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્લોટની ફાળવણી કરવામાં આવે છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તે અન્વયે કેટલા મહિલા ઉદ્યોગ સાહસિકોને અમદાવાદ જિલ્લામાં કેટલા સ્થળે કેટલા પ્લોટોની ફાળવણી કરવામાં આવી, અને | (૨) |

| **સ્થળનું નામ** | **મહિલા ઉદ્યોગ સાહસિકોની સંખ્યા** | **ફાળવેલ પ્લોટની સંખ્યા** |
|---|---|---|
| વટવા | ૩૫ | ૩૫ |
| કઠવાડા | ૨૫ | ૨૫ |
| નરોડા | ૩૦ | ૩૦ |
| ઓઢવ | ૧૦ | ૧૦ |
| ધોળકા | ૧૪ | ૧૪ |
| ધંધુકા | ૨૧ | ૨૧ |
| વિરમગામ | ૨૦ (એક ભાગીદારી પેઢી) | ૧૯ |
| બહેરામપુરા | ૦૧ | ૦૧ |
| કેરાલા | ૨૬ | ૨૬ |
| સાણંદ-૨ (જનરલ) | ૪૫ | ૪૫ |
| સાણંદ-૨ (મહિલા પાર્ક) | ૧૯૩ | ૧૯૩ |

| | |
|---|---|
| (૩) ફાળવેલ પ્લોટ પૈકી કેટલા પ્લોટોમાં ઉદ્યોગો શરૂ થયા અને કેટલા પ્રગતિમાં છે? | (૩) |

| **સ્થળનું નામ** | **શરૂ થયેલ ઉદ્યોગની સંખ્યા** | **પ્રગતિમાં ઉદ્યોગની સંખ્યા** |
|---|---|---|
| વટવા | ૩૫ | ૦૦ |
| કઠવાડા | ૨૫ | ૦૦ |
| નરોડા | ૩૦ | ૦૦ |
| ઓઢવ | ૧૦ | ૦૦ |
| ધોળકા | ૧૪ | ૦૦ |
| ધંધુકા | ૧૮ | ૦૦ |
| વિરમગામ | ૧૯ | ૦૦ |
| બહેરામપુરા | ૦૧ | ૦૦ |
| કેરાલા | ૨૬ | ૦૦ |
| સાણંદ-૨ (જનરલ) | ૦૦ | ૦૧ |
| સાણંદ-૨ | ૧૦ | ૦૯ |

| | | |
|---|---|---|
| (મહિલા પાર્ક) | | |

---------

**અમદાવાદ જિલ્લાની ફતેવાડી નહેર યોજનામાં સિંચાઈનું પાણી**

૩૭૦૨૬ **શ્રી કનુભાઈ પટેલ** (સાણંદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લાની ફતેવાડી નહેર યોજનામાં રવિ ઋતુ માટે સિંચાઈનું પાણી આપવાનું આયોજન કરેલ હતું કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલા વિસ્તારમાં પાણી આપવા માટે આયોજન કરેલ હતું, અને

(૩) ઉક્ત સ્થિતિએ કયા પાક માટે પાણી આપવામાં આવી રહેલ હતું?

**જવાબ**

(૧), (૨) અને (૩) નર્મદા યોજનામાંથી વધારાનું પાણી ઉપલબ્ધ થશે તે ધ્યાને લઈ ૨૫,૦૦૦ હેક્ટર વિસ્તારમાં શિયાળુ પાક માટે સિંચાઈનું પાણી આપવાનું આયોજન કરવામાં આવેલ.

---------

**છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો**

૩૬૪૭૦ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| જિલ્લો | મોટા ડેમ | મધ્યમ ડેમ |
|---|---|---|
| છોટા ઉદેપુર | ૧ (સુખી ડેમ) | – |
| વડોદરા | – | – |

(૨) સુખી ડેમ (મોટો)– વર્ષ ૧૯૮૭

(૩) તાંત્રિક રીતે યોગ્ય અને આર્થિક રીતે પોષણક્ષમ સ્થળ ન મળવાનાં કારણે ડેમો બનાવવામાં આવેલ ન હોઈ, ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યાં શક્ય છે ત્યાં મોટા પ્રમાણમાં ચેકડેમો બનાવવામાં આવ્યા છે.

---------

**ડીપ–સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટની વહીવટી મંજૂરી**

૩૬૪૭૩ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ડીપ–સી એફ્લુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ,

(૨) તે અન્વયે વડોદરા, નંદેસરી, પાદરા ઔદ્યોગિક એસોસિએશનના ઉદ્યોગકારોનો અને રાજ્ય સરકારનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે,

(૩) ઉક્ત એસોસિએશનમાંથી એફ્લુઅન્ટનો કેટલો જથ્થો અંદાજવામાં આવેલ છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઔદ્યોગિક એસોસીએશને કેટલી રકમ સરકારમાં જમા કરાવી?

**જવાબ**

(૧) તા.૨૬–૧૧–૨૦૧૯ના રોજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.

(૨) વડોદરાના પ્રોજેક્ટ કોસ્ટમાં વડોદરા, નંદેસરી, પાદરા ઔદ્યોગિક એસોસિએશનના ઉદ્યોગકારોનો ફાળો ૩૦% તથા રાજ્ય સરકારનો ફાળો ૭૦% નક્કી કરવામાં આવેલ છે.

(૩) ૬૦ એમ. એલ. ડી.

(૪) ` ૩.૮૪ કરોડ.

---------

**રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ**

૩૭૦૫૦ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી અને કંકરની વર્ષવાર નીચે મુજબની રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| ક્રમ | વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | **કુલ** | **૩૯૦૯૦.૫૨** |

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવેલ છે?

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ રૂ.૭૪૩૧.૩૨ લાખ રકમ ફાળવેલ છે.

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગેરકાયદેસર ખનન અન્વયે કાર્યવાહી**

૩૬૪૧૯ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં ગેરકાયદેસર ખાણકામ અન્વયે કેટલા કિસ્સાઓમાં કાર્યવાહી કરી કુલ કેટલી રકમના દંડ/ખનીજ કિંમત વસૂલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં અનુક્રમે ૩૭૩ કેસો અને ૨૪૩ કેસો એમ મળી કુલ ૬૧૬ કેસોની દંડ/ખનીજ કિંમત વસૂલ કરવાના નોટીસ/હુકમો કરવામાં આવ્યા.

| જિલ્લો | વર્ષ | કેસની સંખ્યા | દંડ/ખનીજ કિંમત રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| જૂનાગઢ | ૨૦૧૯ | ૧૫૭ | ૨૯૭.૮૯ |
| | ૨૦૨૦ | ૨૧૬ | ૮૩૦.૭૭ |
| પોરબંદર | ૨૦૧૯ | ૧૦૯ | ૩૫૧૧.૨૨ |

(૨) તે પૈકી કુલ કેટલી રકમની વસૂલાત ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર થયેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર દંડની રકમ પૈકી વસૂલાતની રકમ

| જિલ્લો | વર્ષ | કેસની સંખ્યા | દંડની વસૂલાત કિંમત રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|---|
| જૂનાગઢ | ૨૦૧૯ | ૧૫૦ | ૧૪૮.૮૯ |
| | ૨૦૨૦ | ૨૦૯ | ૨૨૦.૫૩ |
| પોરબંદર | ૨૦૧૯ | ૧૦૫ | ૮૨.૬૪ |

(૩) ઉક્ત કાર્યવાહીમાં જો કસૂરદાર/ગુનો આચરનારાઓ દ્વારા સમાધાનની રકમ ભરપાઈ કરી ગુનો માંડવાળ કરવા સંમત ન થયેલ હોય તો તેવા કિસ્સાઓમાં માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ–૧૯૫૭ અન્વયે કેટલી ફરિયાદો સક્ષમ કોર્ટમાં દાખલ કરવામાં આવી?

(૩) ઉક્ત કાર્યવાહીમાં ૦૧ કેસમાં અપીલ દાખલ કરવામાં આવેલ છે.

---------

**અમદાવાદ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ**

૩૭૦૯૧ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત ગુણવત્તા પ્રમાણપત્ર સહાય યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

**જવાબ**

(૧) ૮૨ અરજીઓ.

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

(૨) ૮૨ એકમોને રૂ.૧૯૬.૭૮ લાખની સહાય.

---------

અતારાંકિત પ્રશ્નો

**ધારાસભ્યશ્રીનો સરકારી કાર્યક્રમોમાં પ્રોટોકોલ**

૩૬૩૬૮ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (સામાન્ય વહીવટ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જે–તે વિસ્તારના ધારાસભ્યને રાજ્યમાં સરકારી કાર્યક્રમો વખતે કેવા પ્રકારનો પ્રોટોકોલ આપવામાં આવે છે,

(૨) ઉક્ત પ્રોટોકોલ જાળવવા માટે જિલ્લા વહીવટી તંત્રના તાબા હેઠળની કચેરીઓ તેમજ જુદા જુદા વિભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓ દ્વારા ધારાસભ્યના પદનું ઔચિત્ય જળવાય તે માટે કોઈ સ્થાઈ સૂચના સરકાર તરફથી આપવામાં આવેલ છે કે કેમ,અને

(૩) જો હા, તો તેની વિગતો શી છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જે–તે વિસ્તારના ધારાસભ્યને સરકારી કાર્યક્રમો વખતે પ્રસંગને અનુરૂપ અગ્રતા ક્રમ આપવા, મંચ ઉપર યોગ્ય સ્થાન આપવા, જે તે વિસ્તારના ધારાસભ્યને આમંત્રણ આપવામાં આવે છે.

(૨) હા, જી.

(૩) ઉક્ત પ્રોટોકોલ જાળવવા માટે જિલ્લા વહીવટી તંત્રના તાબા હેઠળની કચેરીઓ તેમજ જુદા જુદા વિભાગની જિલ્લા કક્ષાની કચેરીઓના વડાઓ દ્વારા ધારાસભ્યના પદનું ઔચિત્ય જળવાય તે માટે રાજ્ય સરકાર દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવેલ પરિપત્રો દ્વારા જે–તે જિલ્લામાં સરકાર તરફથી યોજવામાં આવતા તેમજ સરકારી કે અર્ધ સરકારી નિયંત્રણ હેઠળના બોર્ડ/કોર્પોરેશન વગેરે તરફથી યોજવામાં આવતા સમારંભોમાં સ્થાનિક ધારાસભ્યશ્રીઓને આમંત્રણ પાઠવવા તથા આમંત્રણ સમયસર પાઠવવામાં આવે તે જોવા તેમજ જે–તે સમારંભના મંચ ઉપર વોરંટ ઓફ પ્રેસીડન્સ મુજબ અગ્રતાક્રમ અનુસાર યોગ્ય તે સ્થાન આપવા સર્વે સંબંધિતોને સૂચના આપવામાં આવેલ છે. ઉપરાંત, સરકારી કાર્યક્રમોની નિમંત્રણ પત્રિકામાં સમારંભના મહેમાન તરીકે સ્થાનિક ધારાસભ્યશ્રીની પૂર્વ સંમતિ સિવાય તેમના નામો આમંત્રણ કાર્ડમાં છાપવા નહીં તે મુજબની સૂચના પણ આપવામાં આવેલ છે.

---------

**મહાત્મા મંદિરમાં થયેલા કાર્યક્રમોથી થયેલ આવક**

૩૬૩૬૫ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગરમાં આવેલ મહાત્મા મંદિર ખાતે કેટલા સરકારી અને ખાનગી કાર્યક્રમો થયા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કાર્યક્રમો અન્વયે કુલ કેટલી રકમ ભાડા પેટે વસૂલવામાં આવી અને કેટલી રકમ કોની પાસેથી વસૂલવાની બાકી છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ એજન્સીઓ ઉક્ત રકમો ચુકવતી ન હોઈ કોની સામે શા પગલાં લીધાં?

**જવાબ**

(૧)

| વર્ષ | સરકારી કાર્યક્રમો | ખાનગી કાર્યક્રમો | કુલ |
|---|---|---|---|
| ૨૦૧૯ | ૩૨ | ૨૮ | ૬૦ |
| ૨૦૨૦ | ૧૦ | ૦૫ | ૧૫ |
| **કુલ** | **૪૨** | **૩૩** | **૭૫** |

(૨) ભાડા પેટે વસૂલવામાં આવેલ કુલ રકમ રૂ.૧૫,૫૧,૨૧,૩૪૪/– (અંકે રૂપિયા પંદર કરોડ એકાવન લાખ એકવીસ હજાર ત્રણસો ચૂમ્માલીસ પુરા) ભાડા પેટે સરકાર પાસેથી વસૂલવાની બાકી રકમ રૂ.૨,૦૨,૯૦,૯૯૯/– (અંકે રૂપિયા બે કરોડ બે લાખ નેવું હજાર નવસો નવ્વાણું પુરા)

(૩) બાકી લેણાની વસૂલાત માટે સંબંધિત વિભાગોને વખતોવખત પત્ર વ્યવહારથી જાણ કરેલ છે. જ્યારે એક ખાનગી એજન્સી પાસે રૂ.૧,૬૩,૭૭૯ ની બાકી લેણાની વસૂલાત માટે કોર્ટ કેસ કરેલ છે. આમ બાકી વસૂલાત માટે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

---------

**બનાસકાંઠા જિલ્લામાં મલ્ટીસ્ટેટ કો.ઓ.બેંક સામે છેતરપિંડીની ફરિયાદ**

૩૬૩૫૦ **શ્રી કાન્તીભાઈ ખરાડી** (દાંતા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પ્રથમ સત્રમાં તા.૨૦–૦૨–૨૦૧૮ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન–૧૧૪૯ (અગ્રતા–૧૩૫)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

**જવાબ**

## અતારાંકિત પ્રશ્નો

(૧) બનાસકાંઠા જિલ્લામાં મલ્ટીસ્ટેટ કો–ઓપરેટીવ સોસાયટી બેંક દ્વારા નાગરિકોને ઉંચા દરે વ્યાજ આપવાની લાલચ આપી ગેરરીતિઓ કરવા અંગેની પાવર બિલ્ડ હોમ ક્રેડીટ કો.ઓ.લી., પાલનપુર સામે છેતરપિંડીની ૧ ફરિયાદ મળેલ તેમાં ગુનાઓ દાખલ કરેલ તેની તપાસ ચાલુ હતી તે તપાસ તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યા તબકકે છે,

(૧) ગુનામાં પકડાયેલ ૦૪ આરોપીઓ વિરૂધ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે તેમજ પકડવાના બાકી સહ આરોપીઓની અટક કરવાની બાકી છે.

(૨) ઉક્ત તપાસમાં કેટલા ઈસમો, ગુનેગારો હોવાનું સામે આવ્યું,

(૨) ૦૭ (સાત)

(૩) ઉક્ત ઈસમો, ગુનેગારો સામે શા પગલાં લીધાં, અને

(૩) પકડાયેલ આરોપીઓ વિરૂધ્ધ સક્ષમ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવેલ છે.

(૪) આવા ગુનાઓ અટકાવવા માટે શી કાર્યવાહી કરવામાં આવેલ છે ?

(૪) આવા ગુનાઓ બનતા અટકાવવા સારૂ લોભામણી જાહેરાતોથી છેતરપિંડી ન થાય તે સારૂ જનજાગૃતિ કાર્યક્રમો રાખવામાં આવે છે. તેમજ આવા લોભામણી જાહેરાતો કરતા ઈસમો બાબતે હકીકત મળી આવતા નજીકના પો.સ્ટે. ખાતે જાણ કરવા પણ જણાવવામાં આવે છે અને ઈસમો મળી આવ્યેથી તેમના વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે.

---------

### રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ

૩૭૦૫૭ **શ્રી હિતુ કનોડીયા** (ઈડર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી અને કંકરની વર્ષવાર નીચે મુજબની રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| ક્રમ | વર્ષ | રકમ રૂ.લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | **કુલ** | **૩૯૦૯૦.૫૨** |

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવેલ છે ?

(૩) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ રૂ.૨૯૦૦.૩૭ લાખ રકમ ફાળવેલ છે.

---------

### ડીપ–સી ડીસ્ચાર્જ પાઈપલાઈનની કામગીરી

૩૬૪૪૦ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ ની સ્થિતિએ ડીપ–સી ડીસ્ચાર્જ પાઈપલાઈનની કામગીરી ક્યા તબક્કે છે,

(૧) અમદાવાદ અને જેતપુરના ઔદ્યોગિક એકમો માટે ઓનલાઈન ટેન્ડર બહાર પાડવામાં આવેલ છે.

- વડોદરા માટે સામુહિક પ્રદૂષણ નિવારણ યોજના (સી.ઈ.ટી.પી.) ની કામગીરી પૂર્ણ થયા બાદ આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

(૨) ઉક્ત પાઈપલાઈન માટે એન્વાયરમેન્ટ કલીયરન્સ અને કોસ્ટલ રેગ્યુલેશન ઝોનની મંજૂરીઓ મેળવવા કોઈ કાર્યવાહી કરવામાં આવી છે કે કેમ,

(૨) ટેન્ડર મંજૂર થયા બાદ અમલીકરણ એજન્સી દ્વારા મંજૂરીઓ મેળવવાની રહે છે.

(૩) ઉક્ત પાઈપલાઈન માટે ઈઆઈએ અને ફીઝીબીલીટી રીપોર્ટ ક્યારે તૈયાર થયો છે, અને

(૩) હાલ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી.

(૪) ઉદ્યોગો કે સેપ્ટ પાસેથી ઉક્ત પાઈપલાઈન નાંખવા કેટલી રકમ અને સરકારના ફાળાની કેટલી રકમ નક્કી થયેલ છે?

(૪)

| ઔદ્યોગિક એસોસીએશનો | રાજ્ય સરકારનો ફાળો (રૂ.કરોડમાં) | ઉદ્યોગકારોના ફાળો (રૂ.કરોડમાં) |
|---|---|---|
| અમદાવાદ, નરોડા, નારોલ, ઓઢવ, વટવા, દાણીલીમડા વગેરે | ૧૦૩૪.૬૦ (૭૦%) | ૪૪૩.૪૦ (૩૦%) |
| જેતપુર | ૫૩૫.૨૦ | ૧૩૩.૮ |

| | | |
|---|---|---|
| | (૮૦%) | (૨૦%) |
| વડોદરા, નંદેસરી, પાદરા વગેરે | ૮૯.૬<br>(૭૦%) | ૩૮.૪<br>(૩૦%) |

---------

**જામનગર જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ**

૩૭૧૦૬ **શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત ગુણવત્તા પ્રમાણપત્ર સહાય યોજના હેઠળ જામનગર જિલ્લામાં MSME (માઈક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી ?

**જવાબ**

(૧) ૧૦૯ અરજીઓ

(૨) ૧૦૫ એકમોને રૂ.૭૫૨.૭૬ લાખની સહાય.

---------

**રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ**

૩૭૦૫૧ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૨)

| **જિલ્લો** | **વર્ષ** |
|---|---|
| તાપી | મોટો ડેમ<br>ઉકાઈ ડેમ : વર્ષ–૧૯૭૨<br>મધ્યમ ડેમ<br>ડોસવાડા ડેમ : વર્ષ–૧૯૧૨ |
| નવસારી | મધ્યમ ડેમ<br>જુજ ડેમ : વર્ષ–૧૯૮૮<br>કેલીયા ડેમ : વર્ષ–૧૯૮૩ |

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

(૩) નવા ડેમો બનાવવા માટે તાંત્રિક અને આર્થિક રીતે પોષણક્ષમ હોય તેવા સ્થળો ઉપલબ્ધ થયેલ નથી.

તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**રેતી અને કંકર પૈટે મળેલ રોયલ્ટી / ડેડ રેન્ટ**

૩૭૦૪૭ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોટલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ કેટલી રકમ ફાળવેલ છે ?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી અને કંકરની વર્ષવાર નીચે મુજબની રોટલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| ક્રમ | વર્ષ | રકમ (રૂ. લાખમાં) |
|---|---|---|
| ૧ | ૨૦૧૮–૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯–૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | **કુલ** | **૩૯૦૯૦.૫૨** |

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઈન એઈડની કુલ રૂ. ૧૮૫૯.૩૦ લાખ રકમ ફાળવેલ છે.

---------

**સુરત શહેરમાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૮૯૪૩ **શ્રી કાંતિભાઈ બલર** (સુરત ઉત્તર) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૦૧

(૨) રૂ. ૪૧૫.૦૩ લાખના ખર્ચે ૦૧ મકાન બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે.

---------

**રાજ્યમાં ગ્રામરક્ષક દળના કર્મચારીઓને વેતન**

૩૬૪૦૦ **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ફરજ બજાવતા ગ્રામ રક્ષક દળના કર્મચારીઓને માસિક / દૈનિક કેટલું વેતન ચૂકવવામાં આવે છે, અને

(૨) ઉક્ત વેતનમાં છેલ્લે ક્યારે કેટલી રકમનો વધારો કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) દૈનિક રૂ. ૨૩૦/–

(૨) તા. ૦૧–૧૦–૨૦૧૭ થી રૂ. ૧૦૦/– નો વધારો કરવામાં આવ્યો.

---------

**જૂનાગઢ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૮૯૩૭ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય પોલીસ હાઉસિંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨)ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો?

**જવાબ**

(૧) કુલ–૦૮

(૨) રૂ. ૬૦૫.૧૪ લાખ

---------

**મોરબી જિલ્લામાં ઈન્સેટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૭૦૯૫ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મોરબી જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને

(૩) આ એકમો થકી કેટલુ મૂડીરોકાણ અને રોજગારી ઉભી થનાર છે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મોરબી જિલ્લામાં કુલ ૭૯ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે.

(૨) તે પૈકી ૬૪ અરજીઓ મંજૂર થયેલ છે.

(૩) આ એકમો થકી રૂ.૨૩૩૨૧૯.૨૩ લાખનું મૂડીરોકાણ તથા ૩૪૪૨ લોકો માટે સંભવિત રોજગારી ઉભી થનાર છે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના શહેરી વિસ્તારમાં સફાઈ કામદારોના મોત બદલ વળતર

૩૬૪૪૯ **શ્રી પૂનમભાઈ પરમાર** (સોજીત્રા): ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૮–૦૭–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૮૪૭૦ (અગ્રતા–૨૨૦)ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) નામદાર સુપ્રીમકોર્ટે સફાઈ કર્મચારી આંદોલન વિ. યુનિયન ઓફ ઈન્ડિયા રીટ પીટીશન (સિવિલ) નં–૫૮૩/૨૦૦૩ના કેસમાં ગટર સફાઇ માટે ઉતારવામાં આવતા સફાઇ કામદારોના થઈ રહેલા મોતના વળતર બદલ રૂ.૧૦ લાખનું વળતર ચૂકવવા આદેશ આપેલ તે અન્વયે ગાંધીનગર અને અમદાવાદ જિલ્લાના શહેરી વિસ્તારમાં ૨૫ કિસ્સામાં વળતર ચૂકવવાનું બાકી હતું તે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કેટલા કિસ્સામાં ચૂકવાયું કેટલા કિસ્સામાં બાકી છે, અને

(૨) બાકી વળતર ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે?

**જવાબ**

(૧) ૨૩ કિસ્સામાં ચૂકવવાનું બાકી છે, જ્યારે ૦૨ કિસ્સામાં સીધી લીટીના કોઈ વારસો ઉપલબ્ધ થતાં નથી, જેથી હવે વળતર ચૂકવવાનું રહેતુ નથી.

(૨) વારસાઈ તથા અન્ય ખુટતાં પુરાવાઓ વારસદારો તરફથી રજૂ થયેથી ઘટતી કાર્યવાહી હાથ ધરી વળતર ચૂકવવામાં આવશે.

---------

### ગાંધીનગર જિલ્લામાં મેશ્વો નદી ઉપર ચેકડેમ બનાવવાની કામગીરી

૩૭૦૨૫ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં મેશ્વો નદી ઉપર પાલુન્દ્રા ખાતે ચેકડેમ બનાવવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ પાલુન્દ્રા ચેકડેમની કુલ સંગ્રહશક્તિ કેટલી છે, અને

(૩) આ ચેકડેમના પાણીનો લાભ કેટલા ગામોને મળશે?

**જવાબ**

(૧) કામગીરી પૂર્ણ થયેલ છે.

(૨) ૧૩.૪૪ દશ લાખ ઘનફૂટ.

(૩) કુલ–૪ ગામો. પાલુન્દ્રા, અમરજીના મુવાડા, હરખજીના મુવાડા અને લવાડ.

---------

### દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ''સાની'' સિંચાઈ યોજનાની કામગીરી

૩૭૦૨૮ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ દેવભૂમિ દ્વારકા જિલ્લાના ''સાની'' સિંચાઈ યોજનાના છલતીબંધ તથા દરવાજા નવેસરથી કરવાની કામગીરી કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧)
- ''સાની'' સિંચાઈ યોજનાની સિવિલ કામગીરી નવેસરથી કરવા માટે એજન્સી નક્કી કરવામાં આવેલ છે.
- યાંત્રિક વિભાગ દ્વારા ગેટ ડિસમેન્ટલીંગનું કામ પ્રગતિ હેઠળ છે.

(૨) રૂ.૨૨૨૭.૫૦ લાખ.

(૩)
- ૧૨/૨૦૨૨ સુધી સિવિલ કામો
- દરવાજા લગાવવાની કામગીરી ૧૨/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

### રાજ્યની જેલોના અધિકારી/કર્મચારીઓ માટે રહેણાકની સુવિધામાં વધારો કરવા બાબત

૩૮૯૪૪ **શ્રી જીતુભાઈ ચૌધરી** (કપરાડા) : **માનનીય જેલ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યની જેલોના અધિકારી/કર્મચારીઓના રહેણાકની સુવિધામાં વધારો કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજ્યની જેલોના અધિકારી/કર્મચારીઓના રહેણાકની સુવિધામાં કરવામાં આવેલ વધારાની વિગતો શી છે?

**જવાબ**

(૧) અને (૨) રાજ્યની જેલોના કર્મચારી/અધિકારીઓની કક્ષા 'બી' અને 'સી'ના મકાનોના કારપેટ એરીયા વધારવા તા.૨૯–૦૧–૨૦૨૦ના ઠરાવથી નિર્ણય કરવામાં આવેલ છે. તદ્દનુસાર માળખાકીય સુવિધાઓમાં સુધારા–વધારા કરવામાં આવેલ છે.

તા. ૨૩મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**સુરત શહેરમાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૮૯૬૬ **શ્રી વી.ડી.ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય પોલીસ હાઉસિંગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સુરત શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) ૦૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો? | (૨) રૂ.૪૧૫.૦૩ લાખના ખર્ચે ૦૧ મકાન બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે. |

---------

**વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૮૯૩૯ **શ્રી અભેસિંહ તડવી** (સંખેડા) : **માનનીય પોલીસ હાઉસિંગ મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને | (૧) કુલ–૧૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો? | (૨) રૂ.૩૩૪૭.૪૯ લાખના ખર્ચે ૧૩ મકાન બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે. |

---------

**કલાઈમેટ ચેન્જ એક્શન પ્લાનનું અમલીકરણ**

૩૬૩૯૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (કલાઈમેટ ચેન્જ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) રાજ્ય સરકારે ૨૦૧૫ના વર્ષમાં કલાઈમેટ ચેન્જ એક્શન પ્લાન ભારત સરકારને સોંપ્યો છે તે વાત સાચી છે, | (૧) હા, જી–રાજ્ય સરકાર દ્વારા ૨૦૧૪માં કલાઈમેટ ચેન્જ એક્શન પ્લાન ભારત સરકારને સોંપ્યો છે. |
| (૨) જો હા, તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ કલાઈમેટ ચેન્જ એક્શન પ્લાનનું અમલીકરણ શરૂ થયું છે કે કેમ, અને | (૨) હા, જી. |
| (૩) કલાઈમેટ ચેન્જ એક્શન પ્લાનના મોનીટરીંગ માટે શી વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે? | (૩) કલાઈમેટ ચેંજ એક્શન પ્લાનના મોનીટરીંગ માટે વિભાગ કક્ષાએ સમયાંતરે સમીક્ષા કરવામાં આવે છે તેમજ કેટલીક યોજનાઓનું સી.એમ.ડેશબોર્ડ દ્વારા પણ મોનીટરીંગ કરવામાં આવે છે. |

---------

**સાની ડેમના પુનઃબાંધકામની કામગીરી**

૩૬૪૧૩ **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સાની ડેમના પુનઃબાંધકામની કામગીરી પહેલાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોને પાણી પૂરૂ પાડવામાં આવતું હતું, | (૧) કલ્યાણપુર તાલુકા – ૦૮ ગામોને સિંચાઇનું પાણી |
| (૨) ઉક્ત ડેમના પુનઃબાંધકામની કામગીરીના કારણે સાની ડેમમાંથી જે ગામોને પાણી મળતું હતું તે ગામોને ઉક્ત સ્થિતિએ અન્યત્ર કયા ડેમમાંથી પાણી પૂરૂ પાડવામાં આવે છે, અને | (૨) આસપાસના અન્ય ડેમોની ભૌગોલીક પરિસ્થિતી અને પાણીની ઉપલબ્ધિને કારણે તે ગામોને અન્ય ડેમમાંથી પાણી પૂરૂ પાડી શકાશે નહીં. |
| (૩) સાની ડેમના પુનઃબાંધકામની કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | (૩)<br>• ૧૨/૨૦૨૨ સુધી સિવિલ કામો<br>• દરવાજા લગાવવાની કામગીરી ૧૨/૨૦૨૩ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે. |

---------

**બનાસકાંઠા જિલ્લામાં સુજલામ સુફલામ નહેર બનાવવાની કામગીરી**

૩૬૩૪૭ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં થરાદ તાલુકાના રાહ ગામથી ધાનેરા તાલુકાના નેનાવા ગામ સુધી સુજલામ–સુફલામ નહેર બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને | (૧) મંજૂર થયેલ રાહથી ચાંગડા ગામ સુધીની સુજલામ સુફલામ નહેર બનાવવાની કામગીરી પ્રગતિ હેઠળ છે તથા સુજલામ સુફલામ નહેરની કુલ લંબાઈ તથા તેની વહન ક્ષમતા/ ડેમમાં પાણીની ઉપલબ્ધિને ધ્યાને લેતાં ચાંગડાથી નેનાવા |

(૨) ઉક્ત કાર્યવાહી ક્યાં સુધીમાં કેટલા ખર્ચે પૂર્ણ કરવામાં આવશે?

સુધીની નહેર બનાવવાનું આયોજન હાલના તબક્કે કરેલ નથી.

(૨) રાહથી ચાંગડા ગામ સુધીની નહેરની કામગીરી તા.૩૦-૦૬-૨૦૨૧ સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે.

---------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ**

૩૬૪૧૨ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર માર્ગ અકસ્માતના કેટલા કિસ્સા નોંધાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યકતિઓના મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ માર્ગ અકસ્માતમાં થતા માનવ મૃત્યુમાં ઘટાડો કરવા સરકારે શાં પગલાં ભર્યાં?

**જવાબ**

(૧)

| વર્ષ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|
| ૨૦૧૯ | ૩૧૪ | ૧૪૧ |
| ૨૦૨૦ | ૨૩૦ | ૯૦ |

(૨)

| વર્ષ | જામનગર | દેવભૂમિ દ્વારકા |
|---|---|---|
| ૨૦૧૯ | ૧૨૬ | ૬૩ |
| ૨૦૨૦ | ૯૫ | ૫૧ |

(૩)

(૧) ટ્રાફીક નિયમો અને માર્ગ સલામતી માટે સામાન્ય જનતાને જોડતા જનજાગૃત્તિના કાર્યક્રમો કરવામાં આવે છે.

(૨) રાજ્યભરમાં શહેર/જિલ્લા ખાતે ટ્રાફિક નિયમોના ચુસ્ત અમલીકરણ માટે સઘન ટ્રાફિક ઝુંબેશ રાખવામાં આવે છે.

(૩) રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલ સ્થળ દંડની પુરેપૂરી રકમને રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં ફાળવી તેમાંથી માર્ગ સલામતી માટે આયોજન કરવામાં આવે છે.

(૪) પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સામાં શહેર/જિલ્લા ખાતે આર.ટી.ઓ., પોલીસ તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની સંયુક્ત ટીમ અકસ્માત સ્થળની મુલાકાત કરીને આવા બનાવો બનતા નિવારવા માટે પોતાની ભલામણો/ સૂચનો કરે છે.

(૫) જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરશ્રી, શહેરમાં પોલીસ કમિશનરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા રોડ સેફ્ટી કમિટી, સીટી રોડ સેફ્ટી કમિટીની નિયમિત બેઠક યોજાય છે અને આ બેઠકમાં અકસ્માતના કારણો સંદર્ભે સંયુક્ત ટીમના અહેવાલની સમીક્ષા કરીને આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૬) રાજ્યકક્ષાએ વાહનવ્યવહાર મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠકો દર છ માસે નિયમિત રીતે યોજવામાં આવે છે, જેમાં સમગ્ર રાજ્યની માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા તથા જરૂરી આદેશ કરવામાં આવે છે.

(૭) અકસ્માતના સમયે તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુસર ૧૦૮ ની સેવાઓ વિસ્તારવામાં આવેલ છે. તમામ જિલ્લા કક્ષાએ ટ્રોમા સેન્ટરની સવલત પણ ઉપલબ્ધ થઇ શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરાઇ રહી છે.

(૮) માર્ગ અકસ્માતમાં ભોગ બનનાર નાણાના અભાવે તાત્કાલિક સારવારથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઇજા પામેલને વ્યક્તિદીઠ અકસ્માતના પ્રથમ ૪૮ કલાક માટે રૂ. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં

સારવારનો ખર્ચ સીધેસીધો હોસ્પિટલોને ચૂકવવાની જોગવાઇ કરેલ છે.

(૯) લગ્નસરામાં ટ્રક જેવા માલવાહક વાહનોમાં જાનૈયાઓનું અસલામત પરિવહન રોકવા માટે માન. મુખ્યમંત્રીશ્રીની સીધી સૂચનાથી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની સુંદર-સુશોભન કરેલ બસો નજીવા ભાડાથી આપવામાં આવે છે.

---------

**રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ**

૩૮૯૫૭ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી તથા કંકરની વર્ષવાર કેટલી રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

(૨) આ રકમ જે તે જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવે છે કે કેમ, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઇન એઇડની કુલ કેટલી રકમ ફાળવેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારને રેતી તથા કંકરની વર્ષવાર નીચે મુજબની રોયલ્ટી/ડેડ રેન્ટની રકમ મળી,

| ક્રમ | વર્ષ | રકમ રૂ. લાખમાં |
|---|---|---|
| ૧ | ૨૦૧૮-૧૯ | ૧૮૨૦૭.૬૪ |
| ૨ | ૨૦૧૯-૨૦ | ૨૦૮૮૨.૮૮ |
| | **કુલ** | **૩૯૦૯૦.૫૨** |

(૨) હા, જી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લા પંચાયતને ગ્રાન્ટ ઇન એઇડની કુલ રૂ. ૩૩૦૩.૧૭ લાખ રકમ ફાળવેલ છે.

---------

**મોરબી જિલ્લામાં ઈન્સેન્ટીવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૭૦૯૬ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મોરબી જિલ્લામાં કુલ કેટલી અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને

(૩) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ અને રોજગારી ઉભી થનાર છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઇન્સેન્ટિવ ટુ ઇન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મોરબી જિલ્લામાં કુલ ૭૯ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે.

(૨) તે પૈકી ૬૪ અરજીઓ મંજૂર થયેલ છે.

(૩) આ એકમો થકી રૂ.૨૩૩૨૧૯.૨૩ લાખનું મૂડીરોકાણ તથા ૩૪૪૨ લોકો માટે સંભવિત રોજગારી ઉભી થનાર છે.

---------

**અમરેલી જિલ્લામાં લીઝ ધારકો દ્વારા ગેરકાયદે ખનન**

૩૮૩૦૫ **શ્રી પ્રતાપ દુધાત** (સાવકુંડલા) :૧૪મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૮-૦૩-૨૦૨૦ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક-૨૯૫૮૯ (અગ્રતા-૨૨૧) ના અનુસંધાને **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ-ખનીજ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) અમરેલી જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ પર્યાવરણ એન.ઓ.સી. ધરાવતા ન હોય તેવા ૧૨૫ મુખ્ય અને ગૌણ ખનીજના લીઝ ધારકોના ઓનલાઇન રોયલ્ટી પાસ એકાઉન્ટ બંધ કરવામાં આવેલ હતાં તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત લીઝ ધારકો તેમને ફાળવેલ લીઝ વિસ્તારમાંથી ખનન ન કરે તે માટે ફ્લાઇંગ સ્કોડ ગાંધીનગર અને જિલ્લાના અધિકારીઓ દ્વારા તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ક્યારે ક્યારે તપાસ કરવામાં આવી છે, અને

(૩) ગેરકાયદે ખનીજનું ખનન કરતાં જવાબદારો સામે શાં પગલાં લેવાયા છે ?

**જવાબ**

(૧) ના, જી.

અમરેલી જિલ્લામાં તા.૩૧-૦૩-૨૦૧૯ની સ્થિતિએ પર્યાવરણની એન.ઓ.સી. ધરાવતા ન હોય તેવા ૧૨૫ નહી પરંતુ ૩૦ (ત્રીસ) લીઝધારકોના ઓનલાઈન રોયલ્ટી પાસ એકાઉન્ટ બંધ કરવામાં આવેલ હતાં.

(૨) ફ્લાઇંગ સ્કવોર્ડ, ગાંધીનગર અને જિલ્લાના અધિકારીઓ દ્વારા કોઈ તપાસ કરવામાં આવેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

અતારાંકિત પ્રશ્નો

**સૌની યોજના અંતર્ગત સૌરાષ્ટ્રના ડેમો ભરવાની કામગીરી**

૩૬૪૨૮ **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં સૌની યોજના હેઠળ સૌરાષ્ટ્રના કયા ડેમોમાં પાણી આપવામાં આવે છે, અને | (૧) મચ્છુ–૨, મચ્છુ–૩, આજી–૩, આજી–૪, ડેમી–૧, ડેમી–૨, ડેમી–૩, બંગાવડી, ખોડાપીપર, ઉંડ–૧, રણજીતસાગર, મચ્છુ–૧, આજી–૧, વઢવાણ ભોગાવો–૧, વઢવાણ ભોગાવો–૨, ન્યારી–૧, ભાદર–૧, વેરી, લાલપરી, ત્રિવેણી ઠાંગા, લીંબડી–ભોગાવો–૨, આંકડીયા, ગોમા, સોમલપર, ઘેલો ઈતરીયા, લીંબાળી, માલગઢ, કર્ણુકી, ઈશ્વરીયા, કરમાળ, આંબાજળ, ઉબેણ, ગળથ, સાંકરોલી, ધ્રાફડ, સુર્વો, કાનિયાડ, કૃષ્ણસાગર, ભીમડાદ, ચાંચકા, વાંસલ, માલપરા, કાળુભાર, રંઘોળા, હણોલ, રજાવળ, ખારો, શેત્રુંજી અને સુખભાદર યોજનામાં નર્મદાનું પાણી આપવામાં આવેલ છે. |
| (૨) ઉક્ત પૂર્ણ થયેલ કામગીરી પાછળ કેટલો ખર્ચ થવા પામેલ છે? | (૨) રૂ. ૧૫૪૮૨ કરોડ. |

---------

**વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. એકમોની મંજૂર અરજીઓ**

૩૭૦૮૯ **શ્રી મુકેશભાઇ પટેલ** (ઓલપાડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નીતિ ૨૦૧૫ અંતર્ગત ગુણવત્તા પ્રમાણપત્ર સહાય યોજના હેઠળ વડોદરા જિલ્લામાં MSME (માઇક્રો સ્મોલ મિડિયમ એન્ટરપ્રાઈઝ) એકમોની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૫૧ અરજીઓ |
| (૨) ઉક્ત સ્થિતિએ કેટલા એકમોને કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૨) ૬૨ એકમોને<br>રૂ.૫૯.૯૩ લાખની સહાય |

---------

**થરાદ તાલુકામાં સિંચાઇનું પાણી ઉપલબ્ધ કરાવવા બાબત**

૩૬૩૪૬ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળ સંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલકામાં કમાન્ડ એરિયાના કેટલા ગામોને સિંચાઇનું પાણી ઉપલબ્ધ કરાવવામાં આવે છે, અને | (૧) નર્મદા યોજના દ્વારા ૪૨ ગામો, સુજલામ સુફલામ નહેર દ્વારા ૫ ગામો અને પાતાળ કૂવાઓ આધારીત ઉદ્વહન યોજનાઓ દ્વારા ૧૩ ગામોને સિંચાઇનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ આપવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં થરાદ તાલુકાના કમાન્ડ એરિયા સિવાયના ગામોને પાણી પૂરું પાડવા શું કાર્યવાહી કરી? | (૨) સુજલામ સુફલામ નહેરની સાં. ૩૩૨ થી ૩૩૭ કિ.મી. સુધી લંબાવવાની પ્રગતિ હેઠળની કામગીરી પૂર્ણ થયેથી ૩ ગામોને અને કમાન્ડ બહાર નર્મદાના પૂરના પાણીના વિતરણ માટે માર્ચ–૨૦૧૯ થી શરૂ કરેલ થરાદ–સીપુ ઉદ્વહન પાઇપલાઇનની પ્રગતિ હેઠળ કામગીરી પૂર્ણ થતાં ૧૫ ગામના ૪૭ તળાવોને જોડવાથી સિંચાઇનો પ્રત્યક્ષ અને પરોક્ષ લાભ મળનાર છે.<br>બાકીના વિસ્તાર માટે ભૌગોલિક પરિસ્થિતિ તથા ભૂ–સંરચનાને ધ્યાને લઇને પાણીની ઉપલબ્ધતાને આધારે વધુમાં વધુ નવા ચેકડેમો બનાવવાની તથા તળાવ ઉંડા કરવાની કામગીરી કરવામાં આવેલ છે. |

---------

**અમરેલી જિલ્લામાં નાની સિંચાઇ યોજના**

૩૬૪૩૫ **શ્રી અંબરીષભાઈભાઇ ડેર** (રાજુલા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી જિલ્લાના રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં કેટલી નાની સિંચાઇ યોજનાઓ આવેલી છે, | (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ પંચાયત સિંચાઇ વર્તુળ, રાજકોટ હેઠળનાં અમરેલી જિલ્લાનાં રાજુલા, જાફરાબાદ અને ખાંભા તાલુકામાં કુલ ૯ (નવ) સિંચાઇ |

યોજનાઓ આવેલી છે.

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી તાલુકાવાર કઇ યોજનાઓ કાર્યરત છે અને કઇ યોજનાઓ ક્યારથી બંધ છે,

(૨) ઉક્ત સ્થિતિએ કુલ–૬ (છ) નાની સિંચાઇ યોજનાઓ કાર્યરત છે અને ૩ (ત્રણ) સિંચાઇ યોજનાઓ અંદાજે ૨૦ વર્ષથી બંધ છે. (પત્રક મુજબ)

(૩) ઉક્ત યોજનાઓ બંધ હોવાના કારણો શા છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ યોજનાઓની સંગ્રહશક્તિ ઓછી હોઇ તેમજ ખેડૂતોની સિંચાઇ માટે માંગણી ન હોઇ બંધ છે.

(૪) ઉક્ત બંધ યોજનાઓ ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

(૪) ઉક્ત બંધ સિંચાઇ યોજનાઓની સંગ્રહશક્તિ ઓછી હોઇ તેમજ ખેડૂતોની માંગણી આવતી ન હોઇ, ખેડૂતોની માંગણી મુજબ યોજનાઓ કાર્યરત કરવામાં આવશે.

**પત્રક**

| અનુ. | તાલુકો | યોજનાનું નામ | ગામ | સિંચાઇ યોજનાનો પ્રકાર– નાની / મધ્યમ | વિભાગનું નામ | વિશેષ નોંધ |
|---|---|---|---|---|---|---|
| ૧ | જાફરાબાદ | એભલવડ | એભલવડ | નાની | પંચાયત | –– |
| ૨ | રાજુલા | ઝોલાપૂરી | બાલાપર | નાની | પંચાયત | –– |
| ૩ | ખાંભા | ઇંગોરાળા | ઇંગોરાળા | નાની | પંચાયત | બંધ |
| ૪ | ખાંભા | પાડાગાળા | ખડાધાર | નાની | પંચાયત | બંધ |
| ૫ | ખાંભા | વાડાલીયા | સમઢીયાળા | નાની | પંચાયત | બંધ |
| ૬ | ખાંભા | કંટાળા | કંટાળા | નાની | પંચાયત | –– |
| ૭ | ખાંભા | મોભનેસ | મોભનેસ | નાની | પંચાયત | –– |
| ૮ | ખાંભા | કોડીયા | કોડીયા | નાની | પંચાયત | –– |
| ૯ | ખાંભા | સરાકડીયા | સરાકડીયા | નાની | પંચાયત | –– |

–––––––––

**કચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૮૯૩૨ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૧) કુલ–૧૧

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો ?

(૨) રૂ. ૧૩૮૪.૫૫ લાખના ખર્ચે ૧૧ મકાન બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે.

–––––––––

**કચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો**

૩૮૯૩૩ **ડો. નીમાબેન આચાર્ય** (ભુજ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૧ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને

(૧) કુલ-૧૧

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો છે ?

(૨) રૂ. ૧૩૮૪.૫૫ લાખના ખર્ચે ૧૧ મકાન બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે.

–––––––––

**પાટણ અને મહેસાણા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો**

૩૬૩૬૦ **શ્રી ચંદનજી ઠાકોર** (સિધ્ધપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૧) અને (૨) મહેસાણા જિલ્લામાં એક મોટો ડેમ ધરોઈ છે. જેની કામગીરી ૧૯૭૬માં પૂર્ણ થયેલ છે. ઉપરાંત, પાટણ જિલ્લાની ભૌગોલિક પરિસ્થિતિ અને ભૂ–સંરચના ધ્યાને લેતાં નવા મોટા / મધ્યમ ડેમો બનાવવાનું શક્ય બન્યું નથી.

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો?

(૩) ઉપરની વિગતે લાગુ પડતું નથી.

–––––––––

## અતારાંકિત પ્રશ્નો

### ખેડા અને ડાંગ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો

૩૬૪૫૩ **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ખેડા અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) તે પૈકી ઉક્ત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) તાંત્રિક રીતે યોગ્ય અને આર્થિક રીતે પોષણક્ષમ સ્થળ ન મળવાના કારણે ડેમો બનાવવામાં આવેલ ન હોઈ, ખર્ચનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. જ્યાં શક્ય છે ત્યાં મોટા પ્રમાણાં ચેકડેમો બનાવવામાં આવ્યા છે.

---------

### બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગેરકાયેદસર ખનન અન્વયે કાર્યવાહી

૩૬૩૪૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર ખાણકામ અન્વયે કેટલા કિસ્સાઓમાં કાર્યવાહી કરી કુલ કેટલી રકમના દંડ/ખનીજ કિંમત વસૂલ કરવાના હુકમો કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કુલ કેટલી રકમની વસૂલાત ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર થયેલ છે, અને

(૩) ઉક્ત કાર્યવાહીમાં જો કસૂરદાર/ગુનો આચરનારાઓ દ્વારા સમાધાનની રકમ ભરપાઈ કરી ગુનો માંડવાળ કરવા સમંત ન થયેલ હોય તો તેવા કિસ્સાઓમાં માઈન્સ એન્ડ મીનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ–૧૯૫૭ અન્વયે કેટલી ફરિયાદો સક્ષમ કોર્ટમાં દાખલ કરવામાં આવી?

**જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં અનુક્રમે ૭૫૦ કેસો અને ૬૬૬ કેસો એમ મળી કુલ ૧૪૧૬ કેસોની દંડ/ ખનીજકિંમત વસૂલ કરવાના નોટીસ/હુકમો કરવામાં આવ્યા.

| જિલ્લો | વર્ષ | કેસની સંખ્યા | દંડ/ખનીજ કિંમત રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૧૯ | ૩૯૮ | ૧૮૨૯.૪૯ |
| | ૨૦૨૦ | ૩૫૨ | ૫૨૨.૧૦ |
| કચ્છ | ૨૦૧૯ | ૨૫૧ | ૨૬૨૯.૪૨ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર દંડની રકમ પૈકી વસૂલાતની રકમ

| જિલ્લો | વર્ષ | કેસોની સંખ્યા | દંડની વસૂલાત રકમ (રૂ.લાખમાં) |
|---|---|---|---|
| બનાસકાંઠા | ૨૦૧૯ | ૩૮૨ | ૫૦૫.૯૬ |
| | ૨૦૨૦ | ૩૪૮ | ૪૫૬.૦૭ |
| કચ્છ | ૨૦૧૯ | ૨૪૦ | ૬૨૬.૦૮ |

(૩) ઉક્ત કાર્યવાહીમાં ૦૩ કેસમાં અપીલ અને ૦૧ કેસમાં રીવીઝન દાખલ કરવામાં આવેલ છે.

---------

### અમરેલી જિલ્લામાં ખાંભા તાલુકામાં ખનીજચોરી

૩૬૪૩૨ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ખાણ–ખનીજ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના નાનાબારમણ ગામમાંથી ક્યા પ્રકારની કેટલા જથ્થાની ખનીજ ચોરી થયાનું સામે આવ્યું,

**જવાબ**

(૧)

| સમયગાળો | ખનીજચોરીની સંખ્યા | ખનીજચોરીનો જથ્થો |
|---|---|---|
| તા.૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | કોઈ ખનીજ ચોરી થયાનું સામે આવેલ નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| તા.૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ | કોઈ ખનીજ ચોરી થયાનું સામે આવેલ નથી. | પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

(૨) તે અન્વયે કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,
(૩) કરવામાં આવેલ દંડ પૈકી કેટલા પાસેથી કેટલી રકમ વસૂલવામાં આવી અને કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને
(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લેવામાં આવ્યા અને બાકી રકમ ક્યાં સુધીમાં વસૂલવામાં આવશે?

(૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**રાજ્યમાં એસીબી તંત્રને વધુ સુદ્રઢ બનાવવા વિશેષ સુવિધા પૂરી પાડવા બાબત**

૩૮૯૭૭ **શ્રી કિર્તીસિંહ વાઘેલા** (કાંકરેજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં એ.સી.બી. તંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને
(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.સી.બી.ને પૂરી પાડવામાં આવેલ વિશેષ સુવિધાની વિગતો શી છે?

**જવાબ**

(૧) હા, જી.
(૨)
- વિડીયો રેકોર્ડીંગ ઓફ સ્ટેટમેન્ટ.
- ‘‘બાયસેગ’’નો ઉપયોગ.
- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની પેનલની નિમણૂક.
- ટેકનીકલ સલાહકારની નિમણૂક.
- રેવન્યુ સલાહકારની નિમણૂક.
- ફોરેન્સીક સલાહકારની નિમણૂક.
- જી.એન.એલ.યુ. તથા જી.એફ.એસ.યુ.ના વિદ્યાર્થીઓની ઇન્ટર્નશીપ.

---------

**ડીપ–સી એફલુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટની વહીવટી મંજૂરી**

૩૬૩૮૪ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ડીપ–સી એફલુઅન્ટ ડીસ્પોઝલ પ્રોજેક્ટની વહીવટી મંજૂરી ક્યારે આપવામાં આવેલ,
(૨) તે અન્વયે અમદાવાદ, નરોડા, નારોલ, ઓઢવ, વટવા, દાણીલીમડા, ઔદ્યોગિક એસોસિએશનના ઉદ્યોગકારોનો અને રાજ્ય સરકારનો કેટલો ફાળો નક્કી કરવામાં આવેલ છે,
(૩) ઉક્ત એસોસિએશનમાંથી એફલુઅન્ટનો કેટલો જથ્થો અંદાજવામાં આવેલ છે, અને
(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત ઔદ્યોગિક એસોસીએશને કેટલી રકમ સરકારમાં જમા કરાવી?

**જવાબ**

(૧) તા.૨૬–૧૧–૨૦૧૯ના રોજ વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે.
(૨) અમદાવાદના પ્રોજેક્ટ કોસ્ટમાં અમદાવાદ, નરોડા, નારોલ, ઓઢવ, વટવા, દાણીલીમડા, ઔદ્યોગિક એસોસિએશનના ઉદ્યોગકારોનો ફાળો ૩૦% તથા રાજ્ય સરકારનો ફાળો ૭૦% નક્કી કરવામાં આવેલ છે.
(૩) ૩૫૦ એમ.એલ.ડી.
(૪) રૂ. ૨૨.૨૮ કરોડ.

---------

**અરવલ્લી જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત**

૩૮૭૧૫ **ડો. અનિલ જોષીયારા** (ભિલોડા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા તળાવો ઉંડા કરવામાં આવ્યા, અને
(૨) તે માટે ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો?

**જવાબ**

(૧) અને (૨) અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર ઊંડા કરેલ તળાવો અને વર્ષવાર, તાલુકાવાર થયેલ ખર્ચની વિગત નીચે મુજબ છે.

| અ.નં. | તાલુકાનું નામ | વર્ષ ૨૦૧૯–૨૦ | | વર્ષ ૨૦૨૦–૨૧ | |
|---|---|---|---|---|---|
| | | ઊંડા કરેલ તળાવોની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) | ઊંડા કરેલ તળાવોની સંખ્યા | થયેલ ખર્ચ (રૂ. લાખમાં) |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | મોડાસા | ૭૩ | ૨૦૭.૭૫ | ૮૩ | ૧૭૫.૧૫ |
| ૨ | માલપુર | ૩૮ | ૧૦૧.૭૦ | ૪૬ | ૩૦.૨૫ |
| ૩ | ધનસુરા | ૧૯ | ૪૧.૯૯ | ૪૬ | ૮૪.૧૮ |
| ૪ | ભિલોડા | ૫૭ | ૧૪૮.૭૬ | ૪૫ | ૧૧૩.૩૨ |
| ૫ | મેઘરજ | ૧૦૯ | ૫૧૬.૬૩ | ૧૧૩ | ૩૪૬.૯૭ |
| ૬ | બાયડ | ૧૪ | ૨૧.૫૧ | ૧૧ | ૧૫.૩૨ |
| | **કુલ** | **૩૧૦** | **૧૦૩૮.૩૪** | **૩૪૪** | **૭૬૫.૧૯** |

---------

## જૂનાગઢ અને મોરબી જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ

૩૬૪૧૭ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર માર્ગ અકસ્માતના કેટલા કિસ્સા નોંધાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યક્તિઓના મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ માર્ગ અકસ્માતમાં થતા માનવ મૃત્યુમાં ઘટાડો કરવા સરકારે શાં પગલાં ભર્યાં?

**જવાબ**

(૧)

| વર્ષ | જૂનાગઢ | મોરબી |
|---|---|---|
| ૨૦૧૯ | ૪૧૯ | ૩૩૧ |
| ૨૦૨૦ | ૩૩૪ | ૨૯૫ |

(૨)

| વર્ષ | જૂનાગઢ | મોરબી |
|---|---|---|
| ૨૦૧૯ | ૧૨૦ | ૧૯૪ |
| ૨૦૨૦ | ૧૦૯ | ૧૮૯ |

(૩)

(૧) ટ્રાફિક નિયમો અને માર્ગ સલામતી માટે સામાન્ય જનતાને જોડતા જનજાગૃત્તિના કાર્યક્રમો કરવામાં આવે છે.

(૨) રાજ્યભરમાં શહેર/જિલ્લા ખાતે ટ્રાફિક નિયમોના ચુસ્ત અમલીકરણ માટે સઘન ટ્રાફિક ઝુંબેશ રાખવામાં આવે છે.

(૩) રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલ સ્થળ દંડની પુરેપૂરી રકમને રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં ફાળવી તેમાંથી માર્ગ સલામતી માટે આયોજન કરવામાં આવે છે.

(૪) પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સામાં શહેર/જિલ્લા ખાતે આર.ટી.ઓ., પોલીસ તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની સંયુક્ત ટીમ અકસ્માત સ્થળની મુલાકાત કરીને આવા બનાવો બનતા નિવારવા માટે પોતાની ભલામણો/ સૂચનો કરે છે.

(૫) જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરશ્રી, શહેરમાં પોલીસ કમિશનરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા રોડ સેફ્ટી કમિટી, સીટી રોડ સેફ્ટી કમિટીની નિયમિત બેઠક યોજાય છે અને આ બેઠકમાં અકસ્માતના કારણો સંદર્ભે સંયુક્ત ટીમના અહેવાલની સમીક્ષા કરીને આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૬) રાજ્યકક્ષાએ વાહનવ્યવહાર મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠકો દર છ માસે નિયમિત રીતે યોજવામાં આવે છે, જેમાં સમગ્ર રાજ્યની માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા તથા જરૂરી આદેશ કરવામાં આવે છે.

(૭) અકસ્માતના સમયે તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુસર ૧૦૮ ની સેવાઓ વિસ્તારવામાં આવેલ છે. તમામ જિલ્લા કક્ષાએ ટ્રોમા સેન્ટરની સવલત પણ ઉપલબ્ધ થઇ શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરાઇ રહી છે.

(૮) માર્ગ અકસ્માતમાં ભોગ બનનાર નાણાના અભાવે તાત્કાલિક સારવારથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઈજા પામેલને વ્યક્તિદીઠ અકસ્માતના પ્રથમ ૪૮ કલાક માટે રૂ. ૫૦,૦૦૦/- ની મર્યાદામાં સારવારનો ખર્ચ સીધેસીધો હોસ્પિટલોને ચૂકવવાની જોગવાઇ કરેલ છે.

(૯) લગ્નસરામાં ટ્રક જેવા માલવાહક વાહનોમાં જાનૈયાઓનું અસલામત પરિવહન રોકવા માટે માન. મુખ્યમંત્રીશ્રીની સીધી સૂચનાથી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની સુંદર-સુશોભન કરેલ બસો નજીવા ભાડાથી આપવામાં આવે છે.

---------

**રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓના અપ્રમાણસર મિલકતના કેસો**

૩૭૩૦૮ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર ખાડિયા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકારના કર્મચારીઓ અને અધિકારીઓની અપ્રમાણસર મિલકતોના કેટલા કેસોની એ.સી.બી. દ્વારા તપાસ કરવામાં આવી, | (૧) ૬૦ |
| (૨) તે પૈકી કેટલા કર્મચારીઓ/અધિકારીઓ સામે સરકારે શા પગલાં લીધા, અને | (૨) (૧) ૩૩ કર્મચારીઓ/અધિકારીઓની ધરપકડ કરેલ છે.<br>(૨) ૧૧ કર્મચારીઓ/અધિકારીઓ વિરુધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલ છે. |
| (૩) કેટલાને સરકારે ફરજ મોકુફ કર્યા ? | (૩) ૨૯ |

---------

**ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મળેલ અરજીઓ**

૩૮૯૪૮ **શ્રી પ્રદિપભાઈ પરમાર** (અસારવા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ઉદ્યોગ) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં મોટા એકમોની કુલ કેટલી અરજીઓ મળેલ છે, | (૧) તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઈન્સેન્ટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કુલ ૩૯ અરજીઓ મોટા એકમો દ્વારા મળેલ છે. |
| (૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર થયેલ છે, અને | (૨) તે પૈકી ૨૪ અરજીઓ મંજૂર થયેલ છે. |
| (૩) આ એકમો થકી કેટલું મૂડીરોકાણ અને રોજગારી ઉભી થનાર છે ? | (૩) આ એકમો થકી રૂ.૨૭૬૨૫૭.૮૪ લાખનું મૂડીરોકાણ તથા ૬૬૫૧ લોકો સાથે સંભવિત રોજગારી ઉભી થનાર છે. |

---------

**કચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૮૯૩૧ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ-૧૧ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયો ? | (૨) રૂ. ૧૩૮૪.૫૫ લાખના ખર્ચે ૧૧ મકાન બનાવવાનું બાંધકામ પ્રગતિમાં છે. |

---------

**વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે બિન-રહેણાકના મકાનો**

૩૮૯૪૦ **શ્રી શૈલેષભાઈ ભાભોર** (લીમખેડા) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન-રહેણાકના મકાનોનું બાંધકામ હાથ ધરવામાં આવ્યું, અને | (૧) કુલ-૧૩ |
| (૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ | (૨) રૂ. ૩૩૪૭.૪૯ લાખના ખર્ચે ૧૩ મકાન બનાવવાનું |

| | |
|---|---|
| થયો ? | બાંધકામ પ્રગતિમાં છે. |

---------

**આણંદ અને વડોદરા જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના બનાવો**

૩૬૪૪૭ **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૧૦-૦૨-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ અને વડોદરા જિલ્લામાં જિલ્લાવાર કસ્ટોડીયલ ડેથના કેટલા બનાવો બન્યા, | (૧) આણંદ જિલ્લામાં કુલઃ ૦૨ (બે) અને વડોદરા જિલ્લામાં કુલઃ ૨૨ (બાવીસ) |
| (૨) ઉક્ત બનાવ બનવાના કારણો શું છે, | (૨)<br>➢ કુલઃ ૧૬ (સોળ)- બિમારી સબબ (જેલ કસ્ટડી),<br>➢ ૦૧ (એક)- ગળે ફાંસો ખાવાથી (પોલીસ કસ્ટડી),<br>➢ ૦૩ (એક)- ગળે ફાંસો ખાવાથી (જેલ કસ્ટડી)<br>➢ ૦૧ (એક) - પુછપરછ દરમ્યાન (પોલીસ કસ્ટડી),<br>➢ ૦૨ (બે)- ખૂનના બનાવમાં (અજ્ઞાન કારણોસર, અંગત અદાવતના કારણે) (જેલ કસ્ટડી) અને<br>➢ ૦૧ (એક)- અજાણ્યા ઈસમો દ્વારા માર મારતાં (પોલીસ કસ્ટડી) મૃત્યુ થયેલ છે. |
| (૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ જવાબદારો સામે શું કાર્યવાહી કરી, અને | (૩) ૦૧-પોલીસ ઈન્સ્પેક્ટર, ૦૧- પોલીસ સબ ઈન્સ્પેક્ટર તથા ૦૪-પોલીસ કોન્સ્ટેબલોને ફરજ મોકુફી હેઠળ મુકેલ છે. |
| (૪) આવી ઘટનાઓ ન બને તે માટે શા પગલાં લેવામાં આવ્યા? | (૪) આરોપીઓને અટક કરતાં પહેલાં અને અટક કર્યા બાદ સી.આર.પી.સી.એક્ટની કલમની જોગવાઈઓ મુજબ તથા નામ. સુપ્રીમ કોર્ટની ગાઈડલાઈન મુજબના નિયમોનું ચુસ્તપણે પાલન કરાવવા તેમજ પોલીસ સ્ટેશનમાં લાગેલા CCTV કેમેરા સતત કાર્યરત રાખવા તમામ પોલીસ સ્ટેશનના થાણા અમલદારશ્રીઓને સુચના કરવામાં આવેલ છે. પોલીસ સ્ટેશનની વિઝીટ દરમ્યાન, યોજવામાં આવતી ક્રાઈમ કોન્ફરન્સમાં તેમજ પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્શન દરમ્યાન આવા બનાવો ન બને તે માટે સૂચનાઓ આપવામાં આવેલ છે. આવી ઘટનાઓ ન બને તે માટે મામલતદાર તથા જેલરશ્રીઓ જેલમાં અવારનવાર મુલાકાતે આવતા કેદીઓના સંબંધીઓને ખાસ કારણ સિવાય કેદીને મળવાની પરવાનગી ન આપવાની જાણ કરવામાં આવેલ છે. તથા જેલગાર્ડના માણસોને અવારનવાર ચેક કરવા અને રાત્રીના સમયે સજાગ રહેવાની સૂચના કરવામાં આવેલ છે. |

---------

**મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ઈ-મેમો ઈસ્યુ કરવા બાબત**

૩૬૪૦૨ **શ્રી લલીતભાઈ કગથરા** (ટંકારા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઈ-મેમો ઈસ્યુ કરવામાં આવ્યા,

(૧)

| **વર્ષ** | **મોરબી** | **સુરેન્દ્રનગર** |
|---|---|---|
| ૨૦૧૯ | ૦ | ૦ |
| ૨૦૨૦ | ૯,૦૬૦ | ૧૨,૨૭૪ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| **વર્ષ** | **મોરબી** | **સુરેન્દ્રનગર** |
|---|---|---|
| ૨૦૧૯ | ૦ | ૦ |
| ૨૦૨૦ | ૨૩,૨૧,૮૦૦ | ૨૦,૭૦,૨૦૦ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| **વર્ષ** | **મોરબી** | **સુરેન્દ્રનગર** |
|---|---|---|
| ૨૦૧૯ | ૦ | ૦ |
| ૨૦૨૦ | ૨૦,૨૪,૧૦૦ | ૨૪,૮૬,૪૦૦ |

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

(૪) લીધેલ પગલાં-

૧) ઓનલાઈન પોર્ટલની સુવિધા તથા ઓફલાઈન

(રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે.

૨) દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે.
૩) ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે.
૪) પ્રિન્ટ–મીડીયા અને સોશિયલ મીડીયા મારફત અપીલ કરવામાં આવે છે.
૫) સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે.
૬) બાકી રકમ અંગે નિયમિત રિવ્યુ કરવામાં આવે છે.
૭) રિવ્યુ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.

આમ, બાકી રકમ વસૂલવા પગલાં લેવાય છે.

---------

**અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પૂરું પાડવાનો પ્રોજેક્ટ**

૩૬૩૯૩ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ શહેરને ૨૪ કલાક પાણી પૂરું પાડવાના પ્રોજેક્ટ તરીકે જોધપુર વોર્ડ પસંદ કરી પાઇપલાઈન નાંખવાની કામગીરી પૂર્ણ થયેલ છે તે હકીકત સાચી છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત કામગીરી ક્યારે પૂર્ણ થયેલ છે, | (૨) તા. ૧૦–૦૧–૨૦૧૭ના રોજ પૂર્ણ કરેલ છે. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલા કલાક પાણી પૂરું પાડવામાં આવે છે, અને | (૩) જોધપુર વોર્ડમાં આનંદનગર ડીએમએમાં હાલમાં ૨૦ કલાક પાણી સપ્લાય કરવામાં આવે છે. નોવેક્ષ ડીએમએમાં હાલમાં ૧૪.૩૦ કલાક પાણી સપ્લાય કરવામાં આવે છે. ગોકુલ આવાસ ડીએમએમાં અને ઘર વિહોણા ડીએમએમાં ૬.૩૦ કલાક પાણી સપ્લાય કરવામાં આવે છે. ગામતળ ઓવરહેડ ટાંકી બુસ્ટીંગ તરીકે ચાલુ કરેલ છે. |
| (૪) ક્યાં સુધીમાં ૨૪ કલાક પાણી પૂરું પાડવામાં આવશે? | (૪) વોટર મીટર આધારિત પાણીના વપરાશના દરની નિતી અમલમાં ન હોઇ, હાલમાં જોધપુર વોર્ડમાં આનંદનગર ડીએમએ, નોવેક્ષ ડીએમએ, ગોકુલ આવાસ ડીએમએ અને ઘર વિહોણા ડીએમએમાં વોટર સપ્લાયના કલાકો દરમ્યાન પુરતા પ્રમાણમાં પાણી પૂરું પાડવામાં આવે છે. ગામતળ ઓવરહેડ ટાંકી બુસ્ટીંગ તરીકે ચાલુ કરેલ છે. |

---------

**હિંમતનગર તાલુકાના ઈલોલ ગામનું તળાવ ખાલી કરવા બાબત**

૩૬૩૭૨ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ડીસેમ્બર–૨૦૧૯માં સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર તાલુકાના ઈલોલ ગામનું તળાવ ખાલી કરી દેવામાં આવ્યું છે, તે હકીકત સાચી છે, | (૧) હિંમતનગર તાલુકાના ઈલોલ ગામનું તળાવ ખાલી કરી દેવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત તળાવ ખાલી કરી દેવાના શા કારણો છે, | (૨), (૩) અને (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત તળાવ ખાલી કરી દેવામાં આવતા પાણીનો જથ્થો વહી ગયો, અને | |
| (૪) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ તળાવ ખાલી કરી દેવા બદલ કેટલા ઈસમો સામે પગલાં લેવામાં આવ્યા ? | |

---------

**રો–રો ફેરી સર્વિસ માટે ડ્રેજીંગનો કરેલ ખર્ચ**

૩૬૩૮૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (બંદરો) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ઘોઘા–દહેજ રો–રો ફેરી સર્વિસ માટે છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ડ્રેજીંગ માટે કેટલો ખર્ચ કરવામાં આવ્યો, | (૧) ઘોઘા–દહેજ રો–રો ફેરી સર્વિસના ડ્રેજીંગ માટે જાન્યુઆરી થી ડીસેમ્બર–૨૦૧૯માં રૂ.૩૦.૮૫ કરોડ અને જાન્યુઆરી થી ડીસેમ્બર–૨૦૨૦માં રૂ.૭.૮૦ કરોડ ખર્ચ કરવામાં |

આવ્યો.

(૨) ડ્રેજીંગના કામ માટે કઈ એજન્સીને કેટલી રકમનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ,

(૨) ૧. મે.ધરતી ડ્રેજીંગ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર લિ. હૈદરાબાદને રૂ.૧૯૨.૦૦ કરોડ (+ ટેક્ષ) નો કેપીટલ ડ્રેજીંગ કોન્ટ્રાકટ આપવામાં આવેલ.

૨. મે.અદાણી પોર્ટ એન્ડ એસ.ઈ.ઝેડને રૂ.૪૬.૦૬ કરોડ (+ ટેક્ષ)નો મેઈન્ટેનન્સ ડ્રેજીંગનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ.

૩. મે.ડીવાઈન શીપીંગ સર્વિસને રૂ.૦.૩૭ કરોડ (+ટેક્ષ) નો પોન્ટુન ડ્રેજીંગનો કોન્ટ્રાકટ આપવામાં આવેલ.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોન્ટ્રાકટર દ્વારા નિયમિત ડ્રેજીંગનું કામ કરતા ન હોવાની કેટલી ફરિયાદો સરકારને મળી, અને

(૩) કુલ–૦૫ (પાંચ) ફરિયાદો મળેલ છે.

(૪) ઉક્ત ફરિયાદો અન્વયે જવાબદારો સામે શું પગલાં લીધા ?

(૪) મેઈન્ટેનન્સ ડ્રેજીંગ કોન્ટ્રાકટર–મે.અદાણી પોર્ટ એન્ડ એસ.ઈ.ઝેડ પાસે કામગીરી પૂર્ણ કરવામાં વિલંબ પેટે રૂ.૮૫ લાખ દંડનીય પગલાં પેટે વસૂલ કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત કોન્ટ્રાકટરનું (અદાણી પોર્ટ એન્ડ એસ.ઈ.ઝેડ) છેલ્લું ચુકવણું રૂ.૨૦.૬૭ કરોડ જાન્યુ–૨૦૨૦ થી સ્થગિત કરવામાં આવેલ છે. સદરહું ચુકવણાના આખરીકરણ અંગે એક કમિટીનું ગઠન કરવામાં આવેલ છે. તદ્ઉપરાંત કેપીટલ ડ્રેજીંગ કોન્ટ્રાકટર મે.ધરતી ઈન્ફ્રાસ્ટ્રકચર પ્રા.લી. પાસે રૂ.૨૮.૭૫ કરોડની પરફોર્મન્સ બેંક ગેરંટી અને રીટેંશન બેંક ગેરંટી જપ્ત કરવામાં આવેલ છે.

---------

## છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં ઈ–મેમો ઈસ્યુ કરવા બાબત

૩૬૪૭૨ **શ્રી સુખરામભાઈ રાઠવા** (જેતપુર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર છોટા ઉદેપુર અને વડોદરા જિલ્લામાં ટ્રાફિક નિયમોના ભંગ બદલ કેટલા ઈ–મેમો ઈસ્યુ કરવામાં આવ્યા,

(૧)

| વર્ષ | છોટા ઉદેપુર | વડોદરા શહેર | વડોદરા ગ્રામ્ય |
|---|---|---|---|
| ૨૦૧૯ | ૦૦ | ૮,૯૪,૯૮૭ | ૦૦ |
| ૨૦૨૦ | ૧૧,૧૪૯ | ૪,૪૭,૯૭૧ | ૧૧,૦૮૧ |

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર ઉક્ત સ્થિતિએ કેટલી રકમનો દંડ જમા થયો,

(૨)

| વર્ષ | છોટા ઉદેપુર | વડોદરા શહેર | વડોદરા ગ્રામ્ય |
|---|---|---|---|
| ૨૦૧૯ | ૦૦ | ૫૪૦૪૪૦૦૨ | ૦૦ |
| ૨૦૨૦ | ૧૧૬૩૮૦૦ | ૫૧૫૨૯૭૦૬ | ૭૬૭૮૦૦ |

(૩) ઉક્ત જિલ્લાવાર કેટલી રકમ વસૂલવાની બાકી છે, અને

(૩)

| વર્ષ | છોટા ઉદેપુર | વડોદરા શહેર | વડોદરા ગ્રામ્ય |
|---|---|---|---|
| ૨૦૧૯ | ૦૦ | ૧૬૨૪૭૦૬૦૬ | ૦૦ |
| ૨૦૨૦ | ૨૨૯૫૦૦૦ | ૨૩૫૬૫૬૪૦૦ | ૨૩૬૫૭૦૦ |

(૪) ઉક્ત બાકી રકમ વસૂલવા શા પગલાં લીધા ?

(૪) લીધેલા પગલાં
૧)ઓનલાઈન પોર્ટલની સુવિધા તથા ઓફલાઈન (રોકડમાં) રકમ ભરવાની સુવિધા વિશે પ્રચાર–પ્રસાર કરવામાં આવે છે.
૨)દંડ ભરવાનો બાકી હોય તેવા વાહનો શોધવા માટે ટ્રાફિકની ખાસ ઝુંબેશનું આયોજન કરવામાં આવે છે.
૩)ટેલિફોનિક સંપર્ક કરીને સૂચિત કરવામાં આવે છે.
૪) પ્રિન્ટ–મીડીયા અને સોશિયલ મીડીયા મારફત અપીલ કરવામાં આવે છે.
૫)સંબંધિત એરિયાના પોલીસ સ્ટેશન મારફત સંપર્ક કરવામાં આવે છે.

૬)બાકી રકમ અંગે નિયમિત રિવ્યુ કરવામાં આવે છે.
૭)રિવ્યુ બાદ વસૂલાત વધે તે માટે સૂચનાઓ અપાય છે.
આમ, બાકી રકમ વસૂલવા પગલાં લેવાય છે.

---------

**પાદરા શહેરમાં રાંધણ ગેસની પાઈપલાઈન નાખવા બાબત**

૩૬૪૭૪ **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (પેટ્રોકેમિકલ્સ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના પાદરા શહેરમાં પાઇપલાઈનથી ગેસ પુરો પાડવાની કામગીરી ક્યા તબક્કે છે, અને

(૨) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરીને ગેસ કનેકશનો ક્યાં સુધીમાં આપવામાં આવશે ?

**જવાબ**

(૧) વડોદરા જિલ્લાના પાદરા શહેરમાં પાઇપલાઈનથી ગેસ પુરો પાડવા માટે રાજ્ય સરકાર હસ્તકની કોઈ કંપનીને ઓથોરાઈઝેશન આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો**

૩૬૪૨૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) તે પૈકી ઉકત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ | કુલ |
|---|---|---|---|
| જૂનાગઢ | ૭ | ૦ | ૭ |
| ભાવનગર | ૬ | ૧ | ૭ |

(૨)

- **જૂનાગઢ જિલ્લોઃ**

| ક્રમ | સિંચાઇ યોજનાનું નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| ૧ | મધુવંતી | ૧૯૭૬ |
| ૨ | આંબાજળ | ૧૯૭૬ |
| ૩ | ઝાંઝેશ્રી | ૧૯૭૫ |
| ૪ | ધ્રાફડ | ૧૯૯૭ |
| ૫ | ઉબેણ | ૧૯૯૨ |
| ૬ | ઓઝત વિયર | ૧૯૬૨ |
| ૭ | ઓઝત–૨ | ૨૦૧૩ |

- **ભાવનગર જિલ્લોઃ**

| ક્રમ | સિંચાઇ યોજનાનું નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| ૧ | શેત્રુંજી | ૧૯૬૦ |
| ૨ | બગડ | ૧૯૮૨ |
| ૩ | ખારો | ૧૯૮૨ |
| ૪ | રંઘોળા | ૧૯૫૨ |
| ૫ | માલણ | ૧૯૫૪ |
| ૬ | રજાવળ | ૧૯૮૦ |
| ૭ | જસપર–માડવા | ૨૦૦૭ |

(૩)

- જૂનાગઢ જિલ્લામાં નીચેની ૩ નાની સિંચાઈ યોજનાની કામગીરી પ્રગતિ હેઠળ છે, જેમાં છેલ્લા બે વર્ષમાં થયેલ વર્ષવાર ખર્ચની વિગત નીચે મુજબ છે.

| નાની સિંચાઇ યોજનાનું નામ | થયેલ ખર્ચ (રૂ.લાખમાં) |
|---|---|
| ઓઝત–ભેંસાણ (ગોરવીયાળી) | ૨૦૧૮–૧૯: રૂ.૧૪.૦૯<br>૨૦૧૯–૨૦: રૂ.૫૩૦.૫૩ |
| કાનાવડલા (જમીન સંપાદનની કામગીરી પ્રગતિ હેઠળ) | ૨૦૧૮–૧૯: રૂ.૦.૦૦<br>૨૦૧૯–૨૦: રૂ.૬૭૮.૭૪ |
| ઉતાવળી (જમીન સંપાદનની કામગીરી પ્રગતિ હેઠળ) | ૨૦૧૮–૧૯: રૂ.૦.૦૦<br>૨૦૧૯–૨૦: રૂ. ૦.૦૦ |

- નવા ડેમો બનાવવા માટે તાંત્રિક અને આર્થિક રીતે

પોષણક્ષમ હોય તેવા સ્થળો ઉપલબ્ધ થયેલ નથી.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ**

૩૬૩૬૯ **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર માર્ગ અકસ્માતના કેટલા કિસ્સા નોંધાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યકતિઓના મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ માર્ગ અકસ્માતમાં થતા માનવ મૃત્યુમાં ઘટાડો કરવા સરકારે શાં પગલાં ભર્યાં?

**જવાબ**

(૧)

| વર્ષ | અરવલ્લી | સાબરકાંઠા |
|---|---|---|
| ૨૦૧૯ | ૨૬૦ | ૩૪૬ |
| ૨૦૨૦ | ૨૧૭ | ૨૫૭ |

(૨)

| વર્ષ | અરવલ્લી | સાબરકાંઠા |
|---|---|---|
| ૨૦૧૯ | ૧૫૯ | ૧૯૮ |
| ૨૦૨૦ | ૧૧૭ | ૧૪૩ |

(૩)

(૧) ટ્રાફીક નિયમો અને માર્ગ સલામતી માટે સામાન્ય જનતાને જોડતા જનજાગૃત્તિના કાર્યક્રમો કરવામાં આવે છે.

(૨) રાજ્યભરમાં શહેર/જિલ્લા ખાતે ટ્રાફિક નિયમોના ચુસ્ત અમલીકરણ માટે સઘન ટ્રાફિક ઝુંબેશ રાખવામાં આવે છે.

(૩) રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલ સ્થળ દંડની પુરેપૂરી રકમને રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં ફાળવી તેમાંથી માર્ગ સલામતી માટે આયોજન કરવામાં આવે છે.

(૪) પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સામાં શહેર/જિલ્લા ખાતે આર.ટી.ઓ., પોલીસ તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની સંયુક્ત ટીમ અકસ્માત સ્થળની મુલાકાત કરીને આવા બનાવો બનતા નિવારવા માટે પોતાની ભલામણો/ સૂચનો કરે છે.

(૫) જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરશ્રી, શહેરમાં પોલીસ કમિશનરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા રોડ સેફ્ટી કમિટી, સીટી રોડ સેફ્ટી કમિટીની નિયમિત બેઠક યોજાય છે અને આ બેઠકમાં અકસ્માતના કારણો સંદર્ભે સંયુક્ત ટીમના અહેવાલની સમીક્ષા કરીને આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૬) રાજ્યકક્ષાએ વાહનવ્યવહાર મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠકો દર છ માસે નિયમિત રીતે યોજવામાં આવે છે, જેમાં સમગ્ર રાજ્યની માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા તથા જરૂરી આદેશ કરવામાં આવે છે.

(૭) અકસ્માતના સમયે તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુસર ૧૦૮ ની સેવાઓ વિસ્તારવામાં આવેલ છે. તમામ જિલ્લા કક્ષાએે ટ્રોમા સેન્ટરની સવલત પણ ઉપલબ્ધ થઇ શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરાઇ રહી છે.

(૮) માર્ગ અકસ્માતમાં ભોગ બનનાર નાણાના અભાવે તાત્કાલિક સારવારથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઇજા પામેલને વ્યક્તિદીઠ અકસ્માતના પ્રથમ ૪૮ કલાક માટે રૂ. ૫૦,૦૦૦/-ની મર્યાદામાં સારવારનો ખર્ચ સીધેસીધો હોસ્પિટલોને ચૂકવવાની જોગવાઇ કરેલ છે.

(૯) લગ્નસરામાં ટ્રક જેવા માલવાહક વાહનોમાં જાનૈયાઓનું અસલામત પરિવહન રોકવા માટે માન. મુખ્યમંત્રીશ્રીની સીધી સૂચનાથી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની સુંદર-સુશોભન કરેલ બસો નજીવા ભાડાથી આપવામાં આવે છે.

---------

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો**

૩૬૩૬૭ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) તે પૈકી ઉકત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

(૩) છેલ્લા બે વર્ષમાં જો ડેમો બનાવવામાં આવેલ હોય તો તે પેટે વર્ષવાર કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧)

| **જિલ્લાનું નામ** | **ડેમોનો પ્રકાર** | |
|---|---|---|
| | **મોટા ડેમો** | **મધ્યમ ડેમો** |
| અરવલ્લી | ૨ | ૨ |

(૨)

| **ડેમનું નામ** | **યોજના પૂર્ણ થયાનુ વર્ષ** |
|---|---|
| વાત્રક | ૧૯૮૪ |
| માઝમ | ૧૯૮૪ |
| મેશ્વો | ૧૯૭૧ |
| હાથમતી | ૧૯૭૧ |
| હરણાવ | ૧૯૯૦ |
| ગુહાઇ | ૧૯૯૦ |
| ખેડવા | ૨૦૦૯ |
| જવાનપુરા | ૨૦૦૪ |

(૩) મોટા અને મધ્યમ ડેમો માટે તાંત્રિક રીતે યોગ્ય સ્થળ ઉપલબ્ધ ન હોઇ, ડેમો બનાવવામાં આવેલ નથી, તેથી પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ**

૩૬૩૫૨ **શ્રી કાન્તીભાઇ ખરાડી** (દાંતા) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જિલ્લાવાર માર્ગ અકસ્માતના કેટલા કિસ્સા નોંધાયા,

(૨) તે અન્વયે ઉક્ત જિલ્લાવાર કેટલા વ્યકતિઓના મૃત્યુ થયા, અને

(૩) ઉક્ત સ્થિતિએ માર્ગ અકસ્માતમાં થતા માનવ મૃત્યુમાં ઘટાડો કરવા સરકારે શાં પગલાં ભર્યા?

**જવાબ**

(૧)

| **વર્ષ** | **બનાસકાંઠા** | **પૂર્વ કચ્છ** | **પશ્ચિમ કચ્છ** |
|---|---|---|---|
| ૨૦૧૯ | ૬૩૩ | ૪૪૪ | ૩૩૫ |
| ૨૦૨૦ | ૫૨૧ | ૩૫૬ | ૨૯૮ |

(૨)

| **વર્ષ** | **બનાસકાંઠા** | **પૂર્વ કચ્છ** | **પશ્ચિમ કચ્છ** |
|---|---|---|---|
| ૨૦૧૯ | ૩૫૨ | ૨૨૧ | ૧૪૬ |
| ૨૦૨૦ | ૨૭૯ | ૧૯૬ | ૧૧૫ |

(૩)

(૧) ટ્રાફીક નિયમો અને માર્ગ સલામતી માટે સામાન્ય જનતાને જોડતા જનજાગૃત્તિના કાર્યક્રમો કરવામાં આવે છે.

(૨) રાજ્યભરમાં શહેર/જિલ્લા ખાતે ટ્રાફિક નિયમોના ચુસ્ત અમલીકરણ માટે સઘન ટ્રાફિક ઝુંબેશ રાખવામાં આવે છે.

(૩) રાજ્યમાં પોલીસ વિભાગ દ્વારા ટ્રાફિક નિયમોના ભંગ બદલ એકત્રિત કરાયેલ સ્થળ દંડની પુરેપૂરી રકમને રાજ્ય માર્ગ સુરક્ષા નિધિમાં ફાળવી તેમાંથી માર્ગ સલામતી માટે આયોજન કરવામાં આવે છે.

(૪) પ્રાણઘાતક અકસ્માતોના કિસ્સામાં શહેર/જિલ્લા

ખાતે આર.ટી.ઓ., પોલીસ તથા માર્ગ અને મકાન વિભાગના અધિકારીઓની સંયુક્ત ટીમ અકસ્માત સ્થળની મુલાકાત કરીને આવા બનાવો બનતા નિવારવા માટે પોતાની ભલામણો/ સૂચનો કરે છે.

(૫) જિલ્લામાં જિલ્લા મેજિસ્ટ્રેટ અને કલેક્ટરશ્રી, શહેરમાં પોલીસ કમિશનરશ્રીના અધ્યક્ષપદે જિલ્લા રોડ સેફ્ટી કમિટી, સીટી રોડ સેફ્ટી કમિટીની નિયમિત બેઠક યોજાય છે અને આ બેઠકમાં અકસ્માતના કારણો સંદર્ભે સંયુક્ત ટીમના અહેવાલની સમીક્ષા કરીને આવી ઘટનાઓ ન બને તે માટે જરૂરી કાર્યવાહી કરવામાં આવે છે.

(૬) રાજ્યકક્ષાએ વાહનવ્યવહાર મંત્રીશ્રીના અધ્યક્ષસ્થાને સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સીલની બેઠકો દર છ માસે નિયમિત રીતે યોજવામાં આવે છે, જેમાં સમગ્ર રાજ્યની માર્ગ સલામતીની કામગીરીની સમીક્ષા તથા જરૂરી આદેશ કરવામાં આવે છે.

(૭) અકસ્માતના સમયે તાત્કાલિક સારવાર મળી રહે તે હેતુસર ૧૦૮ ની સેવાઓ વિસ્તારવામાં આવેલ છે. તમામ જિલ્લા કક્ષાએ ટ્રોમા સેન્ટરની સવલત પણ ઉપલબ્ધ થઇ શકે તે દિશામાં કાર્યવાહી હાથ ધરાઇ રહી છે.

(૮) માર્ગ અકસ્માતમાં ભોગ બનનાર નાણાના અભાવે તાત્કાલિક સારવારથી વંચિત ન રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ઇજા પામેલને વ્યક્તિદીઠ અકસ્માતના પ્રથમ ૪૮ કલાક માટે રૂ. ૫૦,૦૦૦/–ની મર્યાદામાં સારવારનો ખર્ચ સીધેસીધો હોસ્પિટલોને ચૂકવવાની જોગવાઇ કરેલ છે.

(૯) લગ્નસરામાં ટ્રક જેવા માલવાહક વાહનોમાં જાનૈયાઓનું અસલામત પરિવહન રોકવા માટે માન. મુખ્યમંત્રીશ્રીની સીધી સૂચનાથી ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમની સુંદર–સુશોભન કરેલ બસો નજીવા ભાડાથી આપવામાં આવે છે.

---------

**સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ**

૩૬૪૪૧ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સુરક્ષા સેતુ યોજના અંતર્ગત મહિલાઓને સ્વરક્ષણ માટે તાલીમ આપવામાં આવે છે કે કેમ, અને

(૨) જો હા, તો છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર કેટલી મહિલાઓને તાલીમ આપવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨)

| ક્રમ | તાલકાનું નામ | તા.૦૧–૦૧–૧૯ થી તા.૩૧–૧૨–૧૯ | તા.૦૧–૦૧–૨૦ થી તા.૩૧–૧૨–૨૦ |
|---|---|---|---|
| ૧ | આણંદ | ૮૮૦ | ૨૮૯૪ |
| ૨ | બોરસદ | ૪૩૧ | ૮૫૨ |
| ૩ | આંકલાવ | ૯૭૦ | ૧૯૧ |
| ૪ | ઉમરેઠ | ૨૨ | ૧૭૬ |
| ૫ | પેટલાદ | ૦૦ | ૭૭૩ |
| ૬ | ખંભાત | ૦૦ | ૪૪ |
| ૭ | તારાપુર | ૦૦ | ૦૦ |
| ૮ | સોજીત્રા | ૦૦ | ૦૦ |

---------

## અતારાંકિત પ્રશ્નો

### વડોદરા મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ ગ્રાન્ટ

૩૮૩૦૪ **શ્રી જીતેન્દ્ર સુખડીઆ** (સયાજીગંજ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ અંતિત છેલ્લા બે વર્ષ દરમ્યાન વડોદરા મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ કેટલી ગ્રાન્ટ મંજૂર કરેલ છે, અને

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી ગ્રાન્ટ ચૂકવેલ છે?

**જવાબ**

(૧) રૂ.૭૪,૧૪,૪૯,૧૮૦/–

(૨)

| વર્ષ | ચૂકવેલ ગ્રાન્ટ |
|---|---|
| ૨૦૧૯ | રૂ.૪૭,૬૯,૭૬,૧૮૦/– |
| ૨૦૨૦ | રૂ.૨૬,૪૪,૭૩,૦૦૦/– |

---------

### જૂનાગઢ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો

૩૮૯૩૪ **શ્રી રાઘવજીભાઇ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય પોલીસ હાઉસીંગ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૦૧/૨૦૨૧ સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં પોલીસ વિભાગ માટે કુલ કેટલા બિન–રહેણાકના મકાનોનું બાંધકામ પૂર્ણ કરવામાં આવ્યું, અને

(૨) ઉક્ત સ્થિતિએ આ માટે કુલ કેટલી રકમનો ખર્ચ થયેલ છે ?

**જવાબ**

(૧) કુલ-૦૮

(૨) રૂ. ૬૦૫.૧૪ લાખ

---------

### રાજ્યમાં એસીબી તંત્રને વધુ સુદ્રઢ બનાવવા વિશેષ સુવિધા પૂરી પાડવા બાબત

૩૮૯૮૧ **શ્રી રાજેન્દ્રસિંહ ચાવડા** (હિંમતનગર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્ય સરકાર દ્વારા છેલ્લા બે વર્ષમાં એ.સી.બી. તંત્રને વધુ સુદ્રઢ બનાવવા માટે વિશેષ સુવિધાઓ પૂરી પાડવામાં આવેલ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં એ.સી.બી. ને પૂરી પાડવામાં આવેલ વિશેષ સુવિધાની વિગતો શી છે ?

**જવાબ**

(૧) હા, જી

(૨)
- વિડીયો રેકોર્ડીંગ ઓફ સ્ટેટમેન્ટ.
- "બાયસેગ"નો ઉપયોગ
- ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસની પેનલની નિમણૂક.
- ટેકનીકલ સલાહકારની નિમણૂક.
- રેવન્યુ સલાહકારની નિમણૂક.
- ફોરેન્સીક સલાહકારની નિમણૂક.
- જી.એન.એલ.યુ. તથા જી.એફ.એસ.યુ.ના વિદ્યાર્થીઓની ઇન્ટર્નશીપ.

---------

### ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો

૩૬૪૨૩ **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય મુખ્યમંત્રીશ્રી** (જળસંપત્તિ) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર મધ્યમ અને મોટા કેટલા ડેમો આવેલા છે,

(૨) તે પૈકી ઉકત ડેમો ક્યારે બનાવવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧)

| જિલ્લો | મધ્યમ ડેમ | મોટા ડેમ | કુલ |
|---|---|---|---|
| ગીર સોમનાથ | ૫ | ૦ | **૫** |
| અમરેલી | ૭ | ૦ | **૭** |

(૨)

- **ગીર સોમનાથ જિલ્લોઃ**

| ક્રમ | સિંચાઇ યોજનાનું નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| ૧ | હિરણ–૧ | ૧૯૫૯ |
| ૨ | હિરણ–૨ | ૧૯૮૨ |
| ૩ | શિંગોડા | ૧૯૮૦ |
| ૪ | મચ્છુન્દ્રી | ૧૯૮૪ |
| ૫ | રાવલ | ૧૯૭૮ |

• **અમરેલી જિલ્લોઃ**

| ક્રમ | સિંચાઇ યોજનાનું નામ | બાંધકામનું વર્ષ |
|---|---|---|
| ૯ | ૨૪૨૫ – સહકાર<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–COP-21સહકારી..અધિકારી<br>રૂ. ૧૦,૩૬,૪૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૩<br>પાના નં. ૧૧૭ | ૧૦૦ | સહકારી બેંકો અને સહકારી સંસ્થાઓમાં રાજકારણીઓનો અંકુશ દૂર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| *૧૦ | ––– " ––– | ૧૦૦ | લોકડાઉનના કારણે નાના ધંધાર્થી કારીગરોને સ્વનિર્ભર બનાવવા સહકારી બેંકો દ્વારા નિયમાનુસાર બે ટકાની લોન આપવા માટે અરજદારો પાસેથી ગેરકાયદેસર રીતે બેક ગેરંટેડની શરતે લોન અપાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| ૧૧ | ––– " ––– | ૧૦૦ | સહકારી બેંકોની રીકવરીની અત્યંત નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| *૧૨ | ––– " ––– | ૧૦૦ | ફડચામાં ગયેલ સહકારી બેંકોની લાંબા સમયથી બાકી રીકવરીની કામગીરીમાં સુધારો લાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.સી.જે.ચાવડા |
| *૧૩ | ––– " ––– | ૧૦૦ | શાહુકાર ધારા અંતર્ગત નબળી કાયદાકીય જોગવાઇઓને કારણે વ્યાજખોરો સામે સખ્તાઇથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઇ વંશ |
| ૧૪ | ––– " ––– | ૧૦૦ | શાહુકાર ધારા અંતર્ગત ગેરકાનૂની રીતે ઊંચા વ્યાજે નાણા ધીરનાર વ્યક્તિઓ સામે તપાસ કરી, લીધેલ પગલાંઓની વિગતો દર માસે પ્રસિધ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી સુખરામભાઇ રાઠવા |
| અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ<br>માંગણી નં. ૨૨ | | | | |
| ૧૫ | ૩૪૫૬–નાગરિક પુરવઠા<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–PDS-6<br>નાગરિક…કચેરી<br>રૂ. ૫,૫૧,૨૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૧૫ | ૧૦૦ | સરકારી અનાજના ગોડાઉનોમાંથી અનાજનો જથ્થો સગેવગે થતો અટકાવી જવાબદારો સામે પગલાંલેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૧૬ | ––– " ––– | ૧૦૦ | કોરોના મહામારી વખતે વડાપ્રધાન ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ પ્રવાસી મજૂરો માટે મળવાપાત્ર અનાજમાંથી ઉપાડેલ અનાજના જથ્થાની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શશીકાન્ત પંડ્યા |
| *૧૭ | ––– " ––– | ૧૦૦ | જે–તે વિસ્તારના ઝોનલ અધિકારીઓ દ્વારા રેશનીંગ કાર્ડમાં નવા નામો દાખલ કરવા કે કમી કરવાની કાર્યવાહીમાં કરાતોવિલંબ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૧૮ | ––– " ––– | ૧૦૦ | રાજયની મોટાભાગની સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજનો મોટા જથ્થો કાળાબજારમાં પહોંચતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઇ મકવાણા |
| *૧૯ | ૩૪૫૬–નાગરિક પુરવઠા<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–PDS-6 | ૧૦૦ | શોપીંગ મોલ્સમાં ગ્રાહકોએ ખરીદેલ વસ્તુઓ માટે અપાતી પ્લાસ્ટીક બેગના નાણાં વસૂલતા અટકાવવામાંતંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | નાગરિક...કચેરી<br>રૂ. ૫,૫૧,૨૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૧૫ | | | |
| ૨૦ | --- " --- | ૧૦૦ | સરકારી અનાજના ગોડાઉનોમાંથી ટ્રકો ભરીને અનાજ જથ્થો ગેરકાયદેસર રીતે બહાર જતો અટકાવવા માટે અસરકારક પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૨૧ | --- " --- | ૧૦૦ | વન નેશન વન રેશનકાર્ડ અંતર્ગત સ્થળાંતર કરી ગયેલ લાભાર્થીને અન્ય રેશનીંગની દુકાનોમાંથી અનાજ મળી રહે તેવી વ્યવસ્થા ઉભી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઇ પણદા |
| ૨૨ | --- " --- | ૧૦૦ | રેશનીંગની દુકાનોને સમયસર અનાજનો જથ્થો પૂરો પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૨૩ | --- " --- | ૧૦૦ | પૂરવઠો પૂરો પાડવા માટેની ઓનલાઇન સીસ્ટમમાં વારંવાર ફોલ્ટ આવતા પૂરવઠા વિતરણની વ્યવસ્થા ખોરવાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઇ જોષી |
| *૨૪ | --- " --- | ૧૦૦ | ઘઉં-ચોખાના રેશનીંગનો જથ્થો ગેરકાયદેસર રીતે બહાર જતાં પકડાય છે ત્યારે તે માટે જવાબદારો સામે ફોજદારી રાહે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| ૨૫ | --- " --- | ૧૦૦ | સસ્તા અનાજની દુકાનો ચલાવતા સંચાલકોને પડતી મુશ્કેલીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઇ સોલંકી |
| *૨૬ | --- " --- | ૧૦૦ | ખાનગી કંપનીઓ પાસેથી ખરીદેલ તેલના ભાવની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| *૨૭ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૨-ભાવ...અમલ<br>રૂ. ૧૨,૬૯,૦૭,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૧૫ અને ૧૬ | ૧૦૦ | ખાદ્ય પદાર્થો તેમજ ખાદ્ય તેલમાં વધતા જતા ભાવો ઉપર નિયંત્રણ રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૨૮ | --- " --- | ૧૦૦ | મગફળી-કપાસીયાનું વ્યાપક ઉત્પાદન થયુ હોવા છતાં આમજનતાને ખાદ્ય તેલ વાજબી ભાવે મળતું નથી તેના કારણોની તપાસ કરી જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઇ ચૌધરી |
| ૨૯ | --- " --- | ૧૦૦ | દૂધ અને છાશના પાઉચ ઉપર છાપેલ કિંમત કરતાં વધુ રકમ લેતા વિતરકો સામે સખ્તાઇથી પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઇ બારડ |
| ૩૦ | --- " --- | ૧૦૦ | નિર્ધારીત થયેલ ભાવોનો અમલ કરાવવામાં તંત્રની નિષ્ફળતાના કારણે આમજનતા પર પડતો આર્થિક બોજ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઇભાઇભાઇ ડેર |
| ૩૧ | ૩૪૫૬-નાગરિક પુરવઠા<br>૦૦૧-નિર્દેશ અને વહીવટ<br>૦૪-PDS-23 ગ્રાહક ..પંચ<br>રૂ. ૪,૮૯,૪૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૧૫ થી ૧૭ | ૧૦૦ | ગ્રાહક તકરાર પંચની નબળી કામગીરી તેમજ અપૂરતા સ્ટાફને કારણે કેસોનો ઝડપી નિકાલ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| **માંગણી નં. ૨૩** | | | | |
| ૩૨ | ૨૪૦૮- ખાદ્ય..વ્યવસ્થા<br>૦૧-ખોરાક | ૧૦૦ | કોરોનાકાળ દરમ્યાન રાજ્યમાં રેશનકાર્ડ ધારકોને અપાતી તુવેરદાળની ખરીદીમાં થયેલ ગેરરીતિની | શ્રી ચિરાગભાઇ કાલરીયા |

| | | | | |
|---|---|---|---|---|
| | ૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૪૮,૦૦,૬૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૫ થી ૭ | | તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | |
| *૩૩ | ––– " ––– | ૧૦૦ | ટેકાના ભાવે અનાજની ખરીદી વખતે અનાજના વજનમાં ખેડૂતોને થતી છેતરપિંડી સામે યોગ્ય પગલા લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહંમદજાવીદ પીરઝાદા |
| ૩૪ | ––– " ––– | ૧૦૦ | ટેકાના ભાવે અનાજની ખરીદી કર્યા બાદ અનાજના જથ્થામાં વ્યાપક ઘટ જોવા મળે છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઇ ઠુમ્મર |
| *૩૫ | ૪૪૦૮– ખાદ્ય..જોગવાઇ<br>૦૨–સંગ્રહ..વ્યવસ્થા<br>૮૦૦–અન્ય ખર્ચ<br>રૂ. ૨૫,૫૭,૦૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૭<br>પાના નં. ૩૨ અને ૩૩ | ૧૦૦ | અનાજ સંગ્રહ માટે જીલ્લા/તાલુકામાં નવા આધુનિક સંગ્રહસ્થાનો બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઇ માડમ |
| *૩૬ | ––– " ––– | ૧૦૦ | ભાડેથી રાખવામાં આવતા અનાજના ગોડાઉનોમાં થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઇ ખરાડી |
| ૩૭ | ––– " ––– | ૧૦૦ | અનાજ સંગ્રહસ્થાનો ઉપર કાયમી ધોરણે સી.સી.ટી.વી. કેમેરાઓ લગાવી ગેરરીતિ થતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઇ પટેલ |
| ૩૮ | ––– " ––– | ૧૦૦ | સારી ગુણવત્તાવાળી મગફળી તથા અનાજમાં થતી ભેળસેળ અંગે જરૂરી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઇન્દ્રજીતસિંહ પરમાર |
| ૩૯ | ––– " ––– | ૧૦૦ | અનાજ સંગ્રહ વખારોમાં જીવાતથી તેમજ અન્ય કારણોસર અનાજમાં થતો બગાડ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| **રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ**<br>**માંગણી નં. ૯૮** | | | | |
| ૪૦ | ૨૨૦૪–ખેલકૂદ...સેવાઓ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–યુવક...નિયામક<br>રૂ.૧,૦૬,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પાના નં. ૧૨ | ૧૦૦ | રાજયમાં રમતગમતના સારા–યોગ્ય કોચોને પ્રોત્સાહન આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૪૧ | ––– " ––– | ૧૦૦ | રાજયમાં કલાકારોને પ્રોત્સાહિત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| *૪૨ | ૨૨૦૪–ખેલકૂદ...સેવાઓ<br>૦૦૧–નિર્દેશ અને વહીવટ<br>૦૧–યુવક...નિયામક<br>રૂ.૧,૦૬,૪૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પાના નં. ૧૨ | ૧૦૦ | જિલ્લા/તાલુકા કક્ષાએ નવા સ્પોર્ટ્સ સંકુલો બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૪૩ | ––– " ––– | ૧૦૦ | નવોદિત લેખકોને પુરસ્કૃત કરી પ્રોત્સાહિત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઇ કોટવાલ |
| ૪૪ | ––– " ––– | ૧૦૦ | રમતગમત ક્ષેત્રે રાજયનો નબળો દેખાવ સુધારવામાં તંત્રની ઉદાશીનતા. | શ્રી કાંતિભાઇ સોઢાપરમાર |
| ૪૫ | ––– " ––– | ૧૦૦ | રમતગમત ક્ષેત્રે ક્ષમતા ધરાવતા ગરીબ રમતવીરોની અવગણના થતી અટકાવી તેઓને | શ્રી સુનિલભાઇ ગામીત |

| | | | | |
|---|---|---|---|---|
| | | | પ્રોત્સાહિતકરવામાંતંત્રની નિષ્ફળતા. | (હિંમતસિંહ પટેલ) |
| ૪૬ | --- " --- | ૧૦૦ | રમતગમત નિયામકની કચેરીની મનસ્વી કામગીરીને કારણે રમતગમતનો વિકાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઇ વાજા |
| ૪૭ | --- " --- | ૧૦૦ | રમતવીરોને રહેવા-જમવાની તથા મુસાફરીની યોગ્ય સગવડતાઓ પૂરી પાડવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનાભાઇ ગામીત |
| ૪૮ | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૩-પુરાતત્વ<br>૦૧-ART-7-પુરાતત્વ વિકાસ<br>રૂ.૧૬,૧૯,૯૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પાના નં. ૨૪ | ૧૦૦ | પુરાતત્વ વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીની વિગતો જાહેર કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૪૯ | --- " --- | ૧૦૦ | પુરાતત્વ વિભાગમાં અપૂરતા સ્ટાફના કારણે કામગીરી ઉપર પડતી અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઇ બારૈયા |
| ૫૦ | --- " --- | ૧૦૦ | જાહેર જનતાને પુરાતત્વ સંગ્રહાલયની જાણકારી મળે તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તિભાઇ પરમાર |
| ૫૧ | --- " --- | ૧૦૦ | રાજ્યની હેરીટેજ ઇમારતો તૂટતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.અનિલ જોષિયારા |
| ૫૨ | --- " --- | ૧૦૦ | પુરાતત્વ સંગ્રહાલયોમાં સાંસ્કૃતિક વારસાની યોગ્ય જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પ્રેમસિંહભાઇ વસાવા |
| *૫૩ | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૪-દફ્તર સંગ્રહ<br>૦૧-ART-૩-દફ્તર..વિકાસ<br>રૂ.૪,૬૩,૨૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પાના નં. ૨૬ | ૧૦૦ | દફ્તર સંગ્રહમાં રાખેલ રેકર્ડની યોગ્ય સાચવણી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અનંતકુમાર પટેલ |
| ૫૪ | --- " --- | ૧૦૦ | આવશ્યકતાના સમયે દફ્તર સંગ્રહમાં રખાયેલ રેકર્ડ સરળતાથી મળી રહે તેવી વ્યવસ્થા ગોઠવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઇ મુસડીયા |
| ૫૫ | ૨૨૦૫-કલા અને સંસ્કૃતિ<br>૧૦૫-જાહેર ગ્રંથાલયો<br>૦૧-ART-૨-ગ્રંથાલય..વિકાસ<br>રૂ.૨૬,૦૨,૭૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૫<br>પાના નં. ૨૭ અને ૨૮ | ૧૦૦ | ગ્રંથાલયોમાં પુસ્તકોની યોગ્ય જાળવણી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| *૫૬ | --- " --- | ૧૦૦ | નવા ગ્રંથાલયો વિકસાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૫૭ | --- " --- | ૧૦૦ | ગ્રંથાલયોમાં લાંબા સમયથી ગ્રંથપાલની ખાલી પડેલ જગ્યાઓ ભરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી શીવાભાઇ ભુરીયા |
| ૫૮ | --- " --- | ૧૦૦ | "વાંચે ગુજરાત" અભિયાનનો વ્યાપક ઉપયોગ કરવા ગ્રંથાલયોમાં પૂરતી સુવિધાઓ ઉભી કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી પુનમભાઇ પરમાર |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

અધ્યક્ષશ્રી : હવે રજૂ થયેલી માગણીઓ અને તેના પર રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી શૈલેષ મ. પરમાર(દાણીલીમડા) : માનનીય અધ્યક્ષશ્રી, હું અન્ન, નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોના વિભાગની માગણી નં.૨૨ અને ૨૩ ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ એવો વિભાગ છે કે, આ રાજ્યના પચ્ચીસ વર્ષના શાસનની પારાશીશી આ વિભાગ નક્કી કરે છે. પ્રગતિશીલ ગુજરાતની વાસ્તવિકતા આ વિભાગ નક્કી કરતો હોય છે. રાજ્યની અંદર સવા છ કરોડ ગુજરાતીઓ કે જે ગુજરાતીઓ ભારતીય જનતા પાર્ટીના ૨૫ વર્ષના શાસનમાં કેટલા સુખી થયા તેની પારાશીશી અને તેની વાસ્તવિકતા હું આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું. સામાજિક આર્થિક સમીક્ષા વર્ષ ૨૦૦૦, ૨૦૦૧ અને ૨૦૦૨ના અનુસંધાનમાં આ રાજ્યની અંદર લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા ૧૯૯૭ એટલે કે પી.પી.ડી.એસ. કે જે બે ભાગમાં વહેંચાયેલી હતી. વર્ષ ૨૦૦૧માં તેના ત્રણ ભાગ કરવામાં આવ્યા અને તેનું અંત્યોદય અન્ન યોજના નામ આપવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૦-૨૦૦૧માં આ રાજયની અંદર ગરીબી રેખા નીચે જીવતા જે કાર્ડધારક પરિવારોની સંખ્યા ૩૩.૭૫ લાખ હતી, અંત્યોદય કાર્ડ ધરાવતા પરિવારોની સંખ્યા ૨.૬૦ લાખ હતી. ત્યાર બાદ વર્ષ ૨૦૨૦માં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ લાગુ થયો જેને નામ આપવામાં આવ્યું મા અન્નપૂર્ણા યોજના. આ યોજના હેઠળ આ રાજયમાં ગામડાની અંદર ૨,૫૮,૭૮,૦૦૦ લોકો એના લાભાર્થી છે, શહેરોની અંદર ૧,૨૪,૬૦,૦૦૦ લોકો આના લાભાર્થી છે. આમ, સમગ્ર રાજયમાં ૩,૮૨,૮૪,૦૦૦ પરિવારો આ અન્નપૂર્ણા યોજનાના લાભાર્થી છે અને અંત્યોદય કુટુંબો ૮.૮ લાખ આમાં છે. વર્ષ ૨૦૦૧ અંત્યોદય અન્ન યોજના અંતર્ગત આ રાજયમાં વસતા ગરીબ પરિવારોને રાજ્ય સરકાર દ્વારા અનાજનું વિતરણ કરવામાં આવ્યું છે એનો લાભ લેનારા જે લાભાર્થીઓ હતા એ વર્ષ ૨૦૦૧માં અંત્યોદય યોજના હેઠળ ૩૩.૭૫ લાખ પરિવારો હતા. વર્ષ ૨૦૨૦માં મા અન્નપૂર્ણા યોજના મૂકાઇ અને મા અન્નપૂર્ણા યોજના હેઠળ અનાજ લેતા લાભાર્થી પરિવારોની સંખ્યા છે એ ૩,૮૨,૮૪,૦૦૦ છે. એટલે એમ કહેવાય કે વર્ષ ૨૦૦૧ અને ૨૦૨૦ આ ૨૦ વર્ષના ગાળામાં રાજ્ય સરકાર દ્વારા પંડિત દીનદયાળ ઉપાધ્યાય યોજના રાહત ભંડાર હેઠળ જે ગરીબ લોકોને રાહત દરે અનાજ આપવામાં આવે છે એ ૨૦ વર્ષમાં પ્રગતિશીલ ગુજરાતમાં ૩,૪૯,૯૦૦૦ પરિવારો અનાજ લઇ ગયા છે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી હંમેશા કોંગ્રેસની વાત કરે છે, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ કોંગ્રેસની વાત કરે છે ત્યારે મારે કહેવું છે કે, સરકારમાં બેઠેલાં તમામ કેબિનેટ મંત્રીશ્રીઓ પોતાના જવાબમાં કોંગ્રેસના રાજયને યાદ કરે છે. હું એમના જ જવાબ પરથી એમને જ સવાલ પૂછવા માગું છું કે, રાજયની માથાદીઠ આવક વર્ષ ૨૦૦૦-૦૧માં રૂપિયા ૧૨,૯૭૫ હતી અને માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ તેમનાં નાણાં વિભાગમાં જવાબ આપ્યો હતો કે વર્ષ ૨૦૨૦-૨૧માં આ રાજયની માથાદીઠ આવક રૂપિયા ૨,૧૬,૩૨૯ થઇ છે. એનો મતલબ એવો થયો કે વર્ષ ૨૦૦૦-૦૧ના પ્રમાણમાં વર્ષ ૨૦૨૦-૨૧માં રાજયની માથાદીઠ આવક રૂપિયા ૨,૦૩,૩૫૪ જેટલી વધી છે. રાજયમાં વસતા ગુજરાતીઓ છે એ ગુજરાતીઓની આવકના આંકડા રજૂ કરીને ગુજરાત વિધાનસભા ગૃહમાં માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીથી માંડીને રાજયના તમામ મંત્રીશ્રીઓ એમ કહે છે કે આ રાજય પ્રગતિશીલ રાજય છે. માનનીય અધ્યક્ષશ્રી, મારે એમ કહેવું છે કે, આવક જ્યારે વધી હોય ત્યારે માણસ સુખી-સંપન્ન થયો હોય અને જ્યારે સુખી-સંપન્ન થયો હોય ત્યારે ગુજરાતની વસતિ વર્ષ ૨૦૦૦માં ૫.૬ કરોડ હતી, વર્ષ ૨૦૨૦માં એ વસતિ ૬.૨૫ કરોડ થઇ છે એટલે કે ૧.૧૯ કરોડની વસતી વધી છે. હમણા રાજય સરકાર દ્વારા કોરોનાની મહામારીમાં કોરોના ફ્રી ફૂડ આપવાની વાત થઇ અને ફ્રી ફૂડના અનુસંધાને ૬૮.૮૦ લાખ પરિવારોએ એનો લાભ લીધો કે જે લોકો એન.એફ.એસ.એ. અને બી.પી.એલ. યોજના હેઠળ આવતા હતા, જે લોકો એ.પી.એલ. વન હેઠળ આવતા હતા કે જેને મધ્યમ વર્ગીય પરિવારો કહેવામાં આવે છે એવા ૬૧.૪ લાખ પરિવારોએ કોરોના ફ્રી ફૂડ અનાજનો લાભ લીધો છે. આ રાજયની અંદર કોરોનાની મહામારીમાં રાજ્ય સરકાર એમ કહે છે કે, અમારી માથાદીઠ આવક મર્યાદા ૨.૧૬ લાખ થઇ છે, આ રાજ્ય સરકારને હું પુછવા માગું છું કે, કુલ ૧,૨૨,૦૦,૦૮૪ પરિવારોએ કોરોના ફૂડનો લાભ લીધો છે. એનો મતલબ એવો થાય કે આ રાજયની અંદર કુલ ૧.૩૦ કરોડ પરિવારો આવેલા છે અને કુલ ૧.૨૨ કરોડ પરિવારોએ કોરોના ફ્રી ફૂડ વિતરણ યોજનાનો લાભ લીધો, ફક્ત ૭.૧૬ લાખ પરિવારોએ મફત વિતરણ અનાજ યોજનાનો લાભ લીધો નથી. સરકારે નક્કી કરવાનું છે કે, ૨૫ વર્ષના શાસનની અંદર એકમાત્ર ૬ મહિના માટે કોરોના કાળ આવ્યો અને એમાં ગુજરાતની અંદર વસતા ૧.૩૦ કરોડમાંથી ફક્ત ૭.૧૬ લાખ પરિવારોએ જ સરકાર દ્વારા જે મફત અનાજ વિતરણ કરવામાં આવ્યું છે એનો લાભ લીધો નથી. એના પરથી ફલિત થાય છે કે, રાજ્ય સરકારના વહીવટના અનુસંધાનમાં કેટલા લોકો સમૃદ્ધ થયા છે અને કેટલા લોકો દુઃખી થયા છે. આ રાજ્ય સરકારમાં જે મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે, એના અનુસંધાનમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ૪૨.૯૯ લાખ બાળકોએ આનો લાભ લીધો છે અને વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૦.૨૯ લાખ બાળકો આનો લાભ લે છે. એનો મતલબ એવો થયો કે, બે વર્ષમાં મધ્યાહ્ન ભોજન યોજનાની અંદર પણ ૭.૩૦ લાખ બાળકો વધારાના લાભ લેનાર છે. તમને લાગતું હશે કે આ મધ્યાહ્ન ભોજન યોજના એ સરકારી યોજના છે, મફતમાં વિદ્યાર્થીઓને ભોજન આપવામાં આવે છે પણ મારે સરકારને પૂછવું છે કે બે વર્ષના સમયગાળાની અંદર તમારી સરકારી શાળાઓની અંદર જે મધ્યાહ્ન ભોજન યોજના ચાલે છે એમાં વિદ્યાર્થીઓની સંખ્યા કેમ વધી છે, ભોજન લેનારા વિદ્યાર્થીઓની સંખ્યા કેમ વધી છે એનો સરકારે જવાબ આપવો પડશે.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૧માં બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા ૩.૨૫ લાખ હતી, સરકારે એક યોજના બનાવી કે જે બી.પી.એલ. કાર્ડધારકો છે એનો અંત્યોદય યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો. ૨.૬૦ લાખ લોકોનો અંત્યોદય કાર્ડધારક યોજનામાં સમાવેશ કરવામાં આવ્યો. એટલે એ વખતે વર્ષ ૨૦૦૧ની અંદર ફક્ત ૬૫,૦૦૦ પરિવારોનો બી.પી.એલ. કાર્ડની

અંદર સમાવેશ કરવામાં આવેલ. બી.પી.એલ. કાર્ડની વાત કરું તો આ રાજ્ય સરકાર એમ કહે છે કે, ૧૦૦ ટકા જિલ્લા પંચાયતો, તાલુકા પંચાયતો, કોર્પોરેશનોમાં ભારતીય જનતા પાર્ટીને બહુમતી મળી છે, એનાથી તમે ખુશ હશો પણ જે વાસ્તવિકતા છે એ હું આ સભાગૃહ સમક્ષ મૂકવા માગું છું કે વર્ષ ૨૦૦૧ની અંદર બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા ફક્ત ૬૫,૦૦૦ની હતી અને વર્ષ ૨૦૨૦ની અંદર આ જ બી.પી.એલ. કાર્ડધારકોની સંખ્યા ૩.૪૦ લાખ થઇ છે એનો મતલબ એવો થયો કે રાજ્ય સરકારનો આ ગેરવહીવટ, રાજ્ય સરકારની અણઆવડત, રાજ્ય સરકારમાં જે વહીવટ ચાલી રહ્યો છે એની અંદર ૨.૭૫ લાખ પરિવારો બી.પી.એલ. કાર્ડધારક તરીકે દાખલ કરવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, અંત્યોદય કાર્ડની વાત કરું તો બી.પી.એલ. કાર્ડ કરતાં પણ એકદમ ગરીબ પરિવારના લોકો એમાં આવે. વર્ષ ૨૦૦૧ની અંદર ૨.૬૦ લાખ લોકોને અંત્યોદય કાર્ડ અંતર્ગત સરકાર દ્વારા જોડાણ કરવામાં આવેલ. એ લોકોને કાર્ડ આપવામાં આવ્યા હતા, આજે પરિસ્થિતિ શું છે? જે ભારતીય જનતા પાર્ટી એમ કહે છે કે, અહીંયા બધા જ લોકો સુખી, સંપન્ન અને સમૃદ્ધ છે પોતાની મોટરસાયકલ અને કાર લઇને ફરે છે. રૂપિયા ૨.૧૬ લાખ જેની વાર્ષિક માથાદીઠ આવક છે પણ દુઃખ સાથે સભાગૃહને મારે જણાવવું પડે છે કે, અંત્યોદય રેશનકાર્ડની સંખ્યા ૮.૦૮ લાખ થઇ છે. વર્ષ ૨૦૦૧નું પ્રમાણ અને ૨૦૨૦ની અંદર આ રાજ્ય સરકાર એમ કહેતી હોય કે રાજ્યમાં સૌ લોકો સુખી, સંપન્ન અને સમૃદ્ધ છે પણ અંત્યોદય કાર્ડ યોજના અંતર્ગત ૫.૪૮ લાખ પરિવારોનો સમાવેશ કરવામાં આવ્યો છે. એ સમાવેશને આધીન એમ કહી શકાય કે રાજ્ય સરકારના વહીવટમાં ગુજરાતની પ્રજા કેટલી સુખી અને સંપન્ન છે એનું આ ઉદાહરણ છે. બી.પી.એલ. કાર્ડ રાજ્ય સરકાર દ્વારા મળતી યોજનાઓનો લાભ એ બી.પી.એલ. કાર્ડધારકને મળે છે. બી.પી.એલ. કાર્ડની અંદર તેની યાદીમાં તેનું નામ હોવુ જરૂરી છે. રાજ્ય સરકાર દ્વારા એક વ્યવસ્થિત રીતે બી.પી.એલ. જે કાર્ડ ધારકો છે કે જે કાર્ડ ધારકોનું નામ તે યાદીમાં હોવુ જોઇએ તે યાદીમાં નામ દાખલ કરવામાં આવતું નથી. રાજ્ય સરકારના મંત્રીશ્રી, તમામ કેબિનેટને પૂછવા માગું છું કે સરકાર જવાબ આપે કે રાજ્ય સરકાર દ્વારા ૨૫ વર્ષના તમારા શાસન દરમિયાન અમદાવાદ શહેર હોય કે ગુજરાત રાજ્ય હોય તેમાં બી.પી.એલ. કાર્ડ માટેની જે યોજના ચાલે છે તેનો સરવે ક્યારે કરવામાં આવ્યો હતો તે રાજ્ય સરકારને આપના મારફત સવાલ પૂછું છું અને તેના અનુસંધાનમાં જે લોકો પાસે બી.પી.એલ. કાર્ડ છે આ રાજ્ય સરકાર જે રીતથી વહીવટ કરી રહી છે તે છેલ્લાં બે વર્ષની અંદર ૧૩૪૪૧ લોકોના બી.પી.એલ. કાર્ડમાંથી એ.પી.એલ. કાર્ડ કરી દેવામાં આવ્યા છે અને આ રાજ્ય સરકાર દ્વારા ૧૧૩૧૩ લોકોના બી.પી.એલ. કાર્ડ પણ રદ કરી દેવામાં આવ્યા છે. બી.પી.એલ. કાર્ડનું મહત્ત્વ જે ગરીબ, પછાત કે જેને બી.પી.એલ. કાર્ડની જરૂર છે તેને પૂછજો કે આ બી.પી.એલ. કાર્ડ શું છે ? સરકાર જેની યોજના બહાર પાડે છે, સરકારની યોજનાની અંદર બી.પી.એલ. કાર્ડની યાદીમાં નામ હોવુ ખૂબ જ જરૂરી છેચ પણ રાજ્ય સરકાર દ્વારા જે ગરીબી છે તે ગરીબી દૂર થઇ છે તે ગરીબી દૂર કરવાના બહાના હેઠળ ગરીબોને દૂર કરીને બી.પી.એલ. કાર્ડમાંથી એ લોકોના નામ રદ કરી દેવામાં આવેલ છે અને તે લોકોના બી.પી.એલ. કાર્ડ રદ કરી દેવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર દ્વારા જે અન્ન રાષ્ટ્રીય અને સલામતી કાયદા અનુસંધાનમાં તે કેન્દ્ર સરકાર દ્વારા અનાજ આપવામાં આવે છે કે જે અનાજના બેનીફીટ સ્વરૂપ જે લોકોને અનાજ આપવામાં આવે છે આ રાજ્ય સરકાર ગરીબો માટે કેટલી સંવેદનશીલ છે તેનુ ઉદાહરણ હું આપની સમક્ષ મૂકવા માગું છું. કેન્દ્ર સરકાર દ્વારા ૨૮ લાખ ૫૨ હજાર ૯૫૦ મે.ટન ઘઉંનો જથ્થો આપવામાં આવ્યો. રાજ્ય સરકારે કેટલો ઉપાડ્યો? ૨૩ લાખ ૫૬ હજાર ૨૮૮ મે.ટન. ૪ લાખ ૯૬ હજાર ૬૬૨ મે.ટનનો જથ્થો એ ઘઉંનો જથ્થો છે એટલે ગરીબો માટે, ગરીબોના અનાજ માટેનો જથ્થો છે. આ રાજ્ય સરકાર પાસે ટાઇમ નહોતો, આ કોરોના વિભાગ પાસે કે તેના અધિકારી પાસે ટાઇમ ન હતો અને જથ્થો ઉપાડવામાં ન આવ્યો. કેન્દ્ર સરકાર દ્વારા ૧૨ લાખ ૨૨ હજાર ૬૯૩ મે.ટન ચોખાનો જથ્થો ફાળવવામાં આવ્યો રાજ્ય સરકારે કેટલો ઉપાડયો? ૯ લાખ ૭૩ હજાર ૭૯૪ એટલે ૨ લાખ ૪૮ હજાર ૮૯૯ મે.ટન ચોખાનો જથ્થો આ રાજ્ય સરકારે આ પુરવઠા વિભાગ દ્વારા ઉપાડવામાં આવ્યો નથી. હું રાજ્ય સરકારને, માનનીય મંત્રીશ્રીને, તમારા વિભાગને પૂછવા માગું છું કે, જે કેન્દ્ર દ્વારા ઘઉં અને ચોખાનો જથ્થો આપવામાં આવતો હોય, જેની ફાળવણી કરવામાં આવતી હોય તો એ કયા કારણોસર આટલો મોટો જથ્થો તમે ઉપાડ્યો નથી આ રાજ્ય સરકારના માનનીય મંત્રીશ્રી તેમનો જવાબ આપે એવી અપેક્ષા રાખું છું.

માનનીય અધ્યક્ષશ્રી, પુરવઠા વિભાગનું કામ શું છે ? મોંઘવારીને ડામવાનું કામ છે. પુરવઠા વિભાગનું કામ શું છે ? ગ્રાહક સુરક્ષાની ચિંતા કરવાનું કામ છે.

અધ્યક્ષશ્રી : ૧૫ મિનિટ પૂરી થઇ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ, મારે સરકારને, માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, કયા કારણોસર આ રાજયની અંદર કાળાબજારીયા હોય, ભેળસેળીયા હોય, તેલીયા રાજા હોય, સંગ્રહખોરો હોય, કયા કારણોસર સિંગતેલના ભાવ વધતાં રહે છે. રાજ્ય સરકાર કેમ નિયંત્રણ કરતી નથી. આ રાજ્ય સરકારને પૂછવા માગું છું. છેલ્લે કહું છું અગિયાર વાયબ્રન્ટ ગુજરાત થયા, અબજો રૂપિયાનું રોકાણ જે કાગળ ઉપર થયું, કરોડો લોકોને રોજગારી આપવાની વાત જે કાગળ ઉપર છે. આ રાજયમાં ગરીબ હોય, ખેડૂત હોય, શ્રમજીવી હોય, અસંગઠિત કામદાર હોય કે હીરા ઉદ્યોગનો કામદાર હોય, આજે પણ ગરીબીની રેખા હેઠળ જયારે જીવી રહ્યો છે ત્યારે આ રાજયને પ્રગતિશીલ રાજય કોઇ સંજોગોમાં ન કહેવાય. આ પ્રગતિશીલ ગુજરાત નથી આ ગરીબીશીલ ગુજરાત છે તે આ આંકડા ઉપરથી ફલિત થાય છે આભાર.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

શ્રી સી. કે. રાઉલજી(ગોધરા) : માનનીય અધ્યક્ષશ્રી, આજે શહીદ દિવસ નિમિતે આદરણીય ભગતસિંહજી, સુખદેવજી અને રાજગુરૂજી જેવા મહાન વીરો દેશની આઝાદી માટે શહીદ થયા છે, તેમના આત્માને શત શત નમન કરું છું અને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપું છું. માનનીય અન્ન, નાગરિક પુરવઠા મંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૨૨ અને ૨૩ લઈને આવ્યા છે તેને હું મારું અનુમોદન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું. અન્ન નાગરિક પુરવઠા વિભાગ વર્ષ ૧૯૬૫થી એક અલગ વહીવટ વિભાગ તરીકે રચાયેલો હતો અને હવે આ અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તરીકે ઓળખાય છે. આ વિભાગના નિયંત્રણ હેઠળ નિયામકશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા કચેરી, ગાંધીનગર, નિયંત્રકશ્રી, કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી, ગાંધીનગર, ગ્રાહક તકરાર નિવારણ કમિશન, અમદાવાદ અને ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર એમ કુલ ચાર ખાતાના વડાઓ અને ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ અને જિલ્લા કક્ષાએ પુરવઠા અધિકારી અને જિલ્લા ગ્રાહક તકરાર ફોરમનું આ અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ સંચાલન કરે છે. ભૂતકાળમાં આખા વિશ્વમાં આપણા ભારત દેશ સહિત ગુજરાત રાજ્યમાં કોરોનાની મહામારી દરમિયાન આપણા દેશના ડાપ્રધાનના માર્ગદર્શન હેઠળ આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી, નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ અને પુરવઠા વિભાગના માનનીય મંત્રીશ્રી જયેશભાઈ રાદડિયાના સંયુક્ત સંચાલનના કારણે કોરોનાની મહામારીમાં કર્ફ્યુ અને લોકડાઉનના લીધે ગુજરાતના છેવાડાના અને મધ્યમવર્ગના લોકોને જે તકલીફો પડતી હતી તેના નિવારણ માટે પુરવઠા વિભાગ દ્વારા આ અગાઉ રાષ્ટ્રીય સલામતી અન્ન કાયદા મુજબ ગ્રામ્ય વિસ્તારો માટે લગભગ ૨૫૮.૭૮ લાખની વસતી અને શહેરી વિસ્તારોમાં લગભગ ૧૨૪.૦૬ લાખની વસતી મળી કુલ-૩૮૨.૮૪ લાખની વસતીને રાજ્ય સરકાર દ્વારા આ NFSA (National Food Security Act) હેઠળ લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા મુજબ જે કંઈ અનાજ અપાતું હતું તેમાં ગુજરાતમાં બે પ્રકારના કુટુંબોને આવરી લેવામાં આવે છે. અંત્યોદય અન્ન યોજના હેઠળ લગભગ ૮ લાખ ૧૨ હજાર ૭૧૨ કુટુંબના ૩૬ લાખ ૬૦ હજાર ૩૧૦ લાભાર્થીઓ અને અગ્રતા ધરાવતાં એટલે PPH એવાં લગભગ ૬૨ લાખ ૯૨ હજાર ૨૫૯ કુટુંબોના ૩ કરોડ ૮ લાખ ૫૫ હજાર ૨૫૪ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો હતો. આમ, ૭૧ લાખ ૪ હજાર ૯૭૧ કુટુંબોના ૩ કરોડ ૪૫ લાખ ૧૫ હજાર ૫૬૪ લાભાર્થીઓને National Food Security Act મુજબ દર કાર્ડદીઠ રૂપિયા ૨ પ્રતિ કિલો લેખે ૨૦ કિલો ઘઉં અને રૂપિયા ૩ પ્રતિ કિલો લેખે ૧૫ કિલો ચોખા પ્રમાણે આ નાગરિક પુરવઠા વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવ્યું અને તે ઉપરાંત જે તે વખતે જ્યારે કોરોનાનો સમય હતો ત્યારે માનનીય દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના હેઠળ એપ્રિલ-૨૦૨૦થી નવેમ્બર-૨૦૨૦ એટલે કે આઠ માસ સુધી પ્રતિ વ્યક્તિદીઠ ૩.૫ કિલો ઘઉં, દોઢ કિલો ચોખા અને એક કિલો ચણાનું પેકેજ આખા દેશમાં અને ગુજરાતમાં વિતરણ કરવામાં આવ્યું. મારે કહેવું જોઇએ કે, અંત્યોદય યોજના હેઠળ ૯૮,૩૭૨ મેટ્રિક ટન ઘઉં, ૪૨૧૭૬.૦૮ મેટ્રિક ટન ચોખા અને અગ્રતા ધરાવતા કુટુંબો માટે ૭,૯૫,૨૬૫.૭૫ મેટ્રિક ટન ઘઉં અને ૩,૪૦,૮૯૮.૮૭ મેટ્રિક ટન ચોખા એમ મળીને કુલ ૧૧,૩૬,૧૬૪.૬૨ મેટ્રિક ટનનું અનાજ કેન્દ્ર સરકાર તરફથી માનનીય પ્રધાનમંત્રીશ્રીએ આ કોરોનાની મહામારીમાં છેવાડાના વ્યકિતને પેટનો મતલબ કે ભૂખ્યા જનનો જઠરાગ્નિ એમને થાળે પાડવા માટેનો જે પ્રયત્ન કર્યો છે એના માટે હું ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબે પણ એપ્રિલ-૨૦૨૦થી જૂન-૨૦૨૦ સુધી એટલે કે લગભગ ૬૫,૪૦,૦૦૦ કાર્ડ ધારકોએ એન.એફ.એસ. યોજના હેઠળ અને નોન એન.એફ.એસ. યોજના હેઠળ ૩,૪૦,૦૦૦ એમ કુલ ૬૮,૮૦,૦૦૦ કાર્ડધારકો થકી લગભગ ૩ કરોડ ૩૬ની જનસંખ્યાને આ કોરોનાની મહામારીમાં ૧૦ કિલો ઘઉં, ૩ કિલો ચોખા, ૧ કિલો ખાંડ અને ૧ કિલો ચણાની દાળ એમ ૧૫ કિલોનું ફૂડ બાસ્કેટ પેકેજની યોજના હેઠળ લગભગ ૭૧,૦૪,૯૭૧ કુટુંબોને આ સહાય આપવાનું નકકી કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિભાગ દ્વારા માનનીય મુખ્યમંત્રી અને આપણા દેશના વડાપ્રધાન કે જે અમારા પંચમહાલ જિલ્લામાં, સુરત મુકામે જાય, અમદાવાદ મુકામે જાય કે બીજા અન્ય જિલ્લામાં જાય જેમને પોતાના હક્કનું અનાજ ન હતું મળતું એટલે માટે આપણા દેશના માનનીય વડાપ્રધાને વર્ષ ૨૦૨૦ના જૂન માસની અંદર વન નેશન, વન રેશનકાર્ડ આ કાયદા અનુસાર લગભગ આજ દિન સુધી ૩૨,૮૩૭ જેવા આવા કુટુંબોને આ વન નેશન, વન રેશનકાર્ડની યોજના હેઠળ લાભ મળ્યો છે. આ વિભાગ દ્વારા પણ અગાઉ કહ્યું એ મુજબ અન્નપૂર્ણા યોજના, અન્ન બ્રહ્મ યોજના દ્વારા પણ થાય છે અને આજે મારે કહેવું જોઇએ કે, આ ગુજરાત રાજયની અંદર બહુ જ સુઘડ અને સરળ વ્યવસ્થા ચાલે છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય વિરજીભાઇ ઠુમ્મર.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય રાજયના સહકાર મંત્રીશ્રી અન્ન પુરવઠો અને ગ્રાહકો બાબતના મંત્રીશ્રી તેમજ રમતગમત યુવા સંસ્કૃતિ વિભાગ ચલાવતા મંત્રીશ્રી પોતાની માંગણી લઇને આવ્યા છે એમાં મારાં સૂચનો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ બેઠકમાં કૃષિ અંગેની માંગણી હતી, ત્યારે પણ મેં વાત કરી કે સહકારી પ્રવૃત્તિમાં ગુજરાત નંબર વન છે, ત્યારે સહકારી પ્રવૃત્તિ હજુ પણ વધારે સુદ્રઢ બને તેના માટે સરકારે ઘણી ચિંતા કરવાની જરૂરિયાત ઊભી થઇ છે. છાશવારે એક જ ગામમાં બે પેક્સ ઊભી થઇ જાય છે. એક સહકારી મંડળી ચાલતી હોય અને વાયેબલ માંડમાંડ સહકારી મંડળી હોય તો પણ રાજકીય કારણોસર એ જ ગામમાં બીજી પ્રાથમિક સહકારી મંડળી ઊભી કરી દેવામાં આવે છે એના કારણે બંને મંડળીઓને મુશ્કેલી થાય છે. આવા રાજકીય હેતુથી જે સહકારી મંડળી ઊભી થતી હોય એના ઉપર રોક લગાવવા માટેની

પરિસ્થિતિ ઊભી થઇ છે. સહકારી પ્રવૃત્તિ નંબર ૧ આપણી ગુજરાતની ગણાય છે, શ્વેતક્રાંતિ માટેનું ગુજરાત ગણાય છે, ખેડૂતોની ચિંતા કરવા માટેનું ગુજરાત ગણાય છે ત્યારે આ પ્રાથમિક સહકારી મંડળી જે છે, સેવા સહકારી મંડળી એ એનો હાર્દ છે. કોઇપણ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંક ચલાવવી હોય તો એની પ્રાથમિક સહકારી મંડળી વધારે મજબૂત હોય તો બેંક વ્યવસ્થિત રીતે ચાલી શકે. સહકાર મંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રી વાત કરે છે ત્યારે અમે જયારે બોલવા ઊભા થયા છીએ ત્યારે અમારી વાત થોડી સાંભળે. સહકારી પ્રવૃત્તિને મજબૂત બનાવવા માટેની જરૂરિયાત છે, એટલા માટે મારે વિનંતી કરવી પડી.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે ટૂંકી મુદતનું ધિરાણ ઝીરો ટકાના વ્યાજે આપવાની યોજના ઘડી છે, યુપીએ સરકારે ઘડી છે. મેં રાજય સરકાર અને શ્રી નીતિનભાઇને પણ અગાઉ અભિનંદન આપ્યા હતા, રાજય સરકારે પણ ખેડૂતોને ૪ ટકા વ્યાજની રાહત આપવા માટેની વધારાની જોગવાઇ કરી છે, ત્યારે સહકારી પ્રવૃત્તિ ધમધમતી થવા માટે વધારે વેગ મળ્યો છે. પરંતુ મારે દુઃખ સાથે કહેવું છે કે આ સાત ટકામાં નાબાર્ડ ૩ ટકા આપે છે અને ૪ ટકા રાજય સરકાર આપે છે. એના કારણે ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે આ રકમ મળે છે. છેલ્લા એક વર્ષથી રાજય સરકારે ૪ ટકાની રકમ જમા કરાવી નથી, એનો બોજો પ્રાથમિક સહકારી મંડળીઓને પડયો છે. નાબાર્ડ ૩ ટકા જે વ્યાજ રાહત આપે છે એ ૩ ટકા બે વર્ષથી મળ્યા નથી. બેંકો એના સાડા પાંચ ટકા વ્યાજ વસૂલ કરે છે. રાજકોટ જેવી બેન્ક હોય સહકાર મંત્રીશ્રી, પુરવઠા મંત્રીશ્રી જયેશભાઇ બેઠા છે ત્યારે મારે ગર્વ સાથે કહેવું છે કે સરકારે જોગવાઇ શરૂ નહોતી કરી તે પહેલાં રાજકોટ મધ્યસ્થ સહકારી બેંક સહકારી મંડળીઓને ઝીરો ટકા વ્યાજથી પૈસા આપતી. એટલે ૪ ટકાની મુશ્કેલી રાજકોટ જિલ્લામાં નહીં હોય, પણ બીજા જે જિલ્લાઓ છે ત્યાં જે સહકારી બેંકો ચાલે છે, એ ભોગવતી નથી. સરકારની એક ફરજ છે, સરકાર ફરજિયાત કહે છે કે તમારે ખેડૂતો પાસેથી વ્યાજ વસૂલ કરવું નહીં. અમારે બેંકને વ્યાજ ભરવાનું, પ્રાથમિક સહકારી મંડળીએ ખેડૂતો પાસેથી લેવાનું નહીં. નાબાર્ડ બે–બે વર્ષ સુધી આપે નહીં, રાજય સરકાર એક–એક વર્ષ સુધી આપે નહીં આ વ્યાજ સહકારી મંડળીઓ પાસેથી વસૂલ કરવાનું. આ તો પરિસ્થિતિ અત્યારે બગડતી જતી હોય તેવું લાગે છે. છેલ્લા એક–બે વર્ષથી નાણામંત્રીશ્રી અને સહકાર મંત્રીશ્રીને મારે વિનંતી કરવી છે આપ તપાસ કરજો, કેટલી મંડળીઓ ઇન–બેલેન્સ થઇ. આપણું જે ધિરાણ થાય છે, મધ્યમ મુદતનું ધિરાણ એમાંથી મંડળીને થોડીક આવક જે થાય છે, એ આવકના પૈસા આમાં રોકાઇ જાય છે. અધૂરામાં પૂરું આ વખતે કોરોના આવ્યો છે, કોરાનાના કારણે રિઝર્વ બેંકે એક પરિપત્ર કર્યો છે. કોઇ બેંકોએ ડિવિડન્ડ ચૂકવવા નહીં. રિર્ઝવ બેન્કના સી.જી.એમ. ને પણ હું મળવા ગયો હતો. જે બેંકો સદ્ધર છે કરોડો રૂપિયા ટેક્ષનાં અને એમાં નાણાં શેરના રૂપમાં રોકાયેલાં છે ત્યારે એમને પણ ડિવિડન્ડ મળતું નથી. તો પ્રાથમિક સહકારી મંડળીઓ પર અસર થશે તો માનનીય નાણાં અને સહકાર મંત્રીશ્રી ઘણી બધી મુશ્કેલીઓ ઊભી થાય તેવી પરિસ્થિતિ નિર્માણ થઇ રહી છે, ત્યારે આપના માધ્યમથી સહકારી પ્રવૃત્તિમાં પડેલા, ખેડૂતો માટેની ચિંતા કરનારા આપણે આ બાબતની પણ ચિંતા કરવાની જરૂરિયાત ઊભી થઇ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી સંસ્થાઓ છે સંઘો અને જિલ્લા સંઘો તથા દૂધ સહકારી સંઘો છે કે જયાં સરકારનું સીધું હિત નથી. પરંતુ રાજકીય કારણોસર એના ઉપર સરકારના ત્રણ ત્રણ પ્રતિનિધિઓ મૂકવામાં આવે છે, જયાં જરૂર પડે ત્યાં મૂકાય છે, જયાં જરૂર નથી ત્યાં મૂકાતા નથી. તમારા ચૂંટાયેલા ડાયરેક્ટરો ન હોય અને બહુમતી ઊભી કરવાના આશયથી મૂકવામાં આવતા હોય તો આ સહકારી પ્રવૃત્તિ નહીં પણ સરકારી પ્રવૃત્તિ કરવા માટેની વાત ચાલે છે. એ સહકારી પ્રવૃત્તિ બંધ થઇ જાય અને સરકારી પ્રવૃત્તિ ચાલે, કોઇ ડાયરેક્ટર એની હેશિયતથી ચૂંટાય કોઇ પણ પક્ષનો હોય, આમાં પક્ષ હોતો નથી, પોતાની તાકાતથી ડાયરેકટર તરીકે ચૂંટાતો હોય છે ત્યારે એમને લઘુમતીમાં મૂકવા માટે રજિસ્ટ્રાર મત આપે અને ત્રણ સરકારી પ્રતિનિધિઓ હોય એટલે લઘુમતીમાં લાવી, બોર્ડ કબજે કરવા માટે સરકારી બાબતો લાવવામાં આવે છે, તેવું ન થાય એવી મારે વિનંતી કરવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્વેત ક્રાંતિના પ્રણેતાવાળો આપણો ખેડા જિલ્લો દૂધ સંઘ છે ત્યાં પણ આવી પ્રવૃત્તિ થઇ છે, શરૂઆતમાં પ્રયત્ન થયો હતો એ ન થઇ શકી, કોર્ટના આદેશના કારણે ન થઇ શકી. પરંતુ આવું થવું ન જોઇએ. સહકારી એટલે સહકારી છે, એમાં મોટાઇ હોવી જોઇએ. સહકારી પ્રવૃત્તિને વેગ મળતો હોય ત્યારે અપક્ષ વ્યકિત હોય કે કોઇ પણ પક્ષના હોય કાર્યકર્તા કામ કરતો હોય તો પણ એ સહકારી પ્રવૃત્તિ કરે છે, ખેડૂતોના હિતની વાત કરે છે, ગુજરાતના વિકાસની વાત કરે છે, તેમાં સરકારે એને મદદ કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, સૌથી પ્રથમ સહકારી પ્રવૃત્તિ શરૂ થઇ હોય તો તે માનનીય ઉદયભાણસિંહજીએ જમીન વિકાસ બેંક શરૂ કરી. આ જમીન વિકાસ બેંક જે ધિરાણ કરે છે એ પોતાના ઓન ફંડથી કરે છે. કયાંયથી ડિપોઝિટ મેળવતું નથી. કયાંય નાબાર્ડ પાસેથી ફાઇનાન્સ કરે છે. ઘણા લાંબા સમયથી જમીન વિકાસ બેંકના લેણા ખેડૂતો પાસેથી નીકળી શકતા નથી. એનાં કારણો અલગ છે ત્યારે તડજોડ યોજના લાવવા માટે બેંક તરફથી અનેક વખત સરકારમાં રજૂઆત કરી છે એના લીધે સરકારની નાણાકીય જવાબદારી વધતી નથી. બેંક જે વધારે વ્યાજ લે છે એમાં રાહત આપવાની છે અને ખેડૂતોને ફાયદો થાય છે, ત્યારે આ લાંબા સમયથી આવી જે રોક લગાડી છે તો એને તડજોડની યોજનામાં મદદ થતી નથી. મારી તો વિનંતી છે કે આવી જે બેંકો છે એને સરકારે તાત્કાલિક મદદ પણ કરવી જોઇએ. તડજોડની યોજના પોતાના ભોગે કોઇપણ ડિપોઝિટ લીધા સિવાય ચલાવે છે. માનનીય ઉદય ભાણસિંહજીએ ઉમદા આશયથી ખેડૂતોને પોતે જમીનના માલિક બને એ હેતુથી સ્થાપેલી આ જમીન વિકાસ બેંક છે. આ સહકારી પ્રવૃત્તિ સૌ પ્રથમ શરૂ થઇ હોય તો આ જમીન વિકાસ બેંકથી ચાલુ થઇ છે. એ બેંક

પોતાના હિતમાં કે ખેડૂતોના હિતમાં નિર્ણય લેતી હોય એમાં સરકારે માત્ર મંજૂરી જ આપવાની હોય તો એ તાત્કાલિક આપવા માટેની જોગવાઇ તથા નિર્ણય કરવો જોઇએ તેવી મારી આપના મારફત સરકારને પણ વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિક પુરવઠામાં એ.પી. એલ. કાર્ડની વાત કરવા માગું છું. કોઇ માણસ મજૂરી કરતો હોય અને એ ત્રણ વખત રેશન લેવા ન જાય તો એ રદ થઇ જાય છે. અમારે ત્યાં ભાગમાં જમીન વાવતા હોય છે ભાગીયા હોય છે પછી એના માટે બીજા તાલુકામાં જવું પડતું હોય છે એટલે પોતાના ગામમાં એ અનાજ લઇ શકતો નથી. ત્રણ વખત અનાજ ન લીધું હોય તો એ એ.પી.એલ. કાર્ડનું અનાજ બંધ કરી દેવામાં આવે છે. આ ખોટી નીતિ છે. આ નીતિને બદલે એ માણસ મજૂરીએ ગયો છે અને ફરી વખત ગામમાં આવે અને અનાજ લેવા જાય તો સરકારે મોટુ મન રાખવું જોઇએ એને અનાજ આપવા માટેની જોગવાઇ કરવી જોઇએ. મારે ત્યાં અનેક લોકો છે કે એણે ત્રણ વખત અનાજ નથી લીધા એના કાર્ડ બંધ કરી દીધા છે. બી.પી. એલ. કાર્ડ પણ બંધ કરી દીધા છે એને એ.પી.એલ.માં કન્વર્ટ કરી દીધા છે. થંબ માટેની બહુ મોટી મુશ્કેલી ઊભી થાય છે. મજૂરો મજૂરી કરતા હોય છે, એણે કામ એટલાં બધાં કરવાનાં હોય છે ત્યારે એનો થંબ ઉપસી શકતો નથી. કયારેક આપણે પણ એવું થાય છે. બેંકમાં જઇએ એક વખત ન ઉપસે પણ બીજી વખત ઉપસી જાય. નાના માણસોને થંબની જગ્યાએ એમનો આધારકાર્ડ લઇને અનાજ લેવા આવે તો આપવું જોઇએ એ મારી લાગણી છે. આ સાથે મેં જે સૂચનો રજૂ કર્યાં છે એ ગુજરાતના હિતમાં, ખેડૂતોના હિતમાં રજૂ કર્યા છે ત્યારે એને મંજૂરી આપે એવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી જીતેન્દ્ર ર. સુખડિયા(સયાજીગંજ): માનનીય અધ્યક્ષ મહોદય, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગની માગણી નંબર ૯૮ના સમર્થનમાં હું મારા વિચારો વ્યકત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સન ૨૦૨૧-૨૨ના વર્ષના બજેટમાં આ વિભાગની કામગીરી માટે કુલ રૂપિયા ૫૦૭ કરોડની માતબર જોગવાઇ કરવામાં આવી છે. આપણે સૌ જાણીએ છીએ કે ગુજરાત રાજયમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગની કામગીરી વર્ષ ૧૯૯૦ના દાયકા સુધી ચીલાચાલુ પદ્ધતિએ ચાલતી હતી. રાજયમાં ખેલકૂદ, રમતગમત અને વ્યાયામની પ્રવૃત્તિઓ તથા સાંસ્કૃતિક વિભાગની કામગીરી અતિશય મંદ પડી ગયેલ હતી, સ્થગિત થઇ ગયેલ હતી. ત્યારે હાલના આપણા દેશના દીર્ઘદ્રષ્ટા આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી રાજયના મુખ્યમંત્રી પદે આરૂઢ થયા. તેઓશ્રીએ સન ૨૦૦૨થી ૨૦૧૪ દરમિયાનના સમયગાળામાં સર્વે વિભાગની કામગીરી સજીવન કરી, ચેતનવંતી બનાવી એને ગતિશીલતા આપી. માનનીય નરેન્દ્રભાઇ ખેલ મહાકુંભ લાવ્યા. રાજયના તમામ વય જૂથના નાગરિકો, બાળકોથી લઇને આંગણવાડી સુધીના લોકો લાખોની સંખ્યામાં ખેલ સ્પર્ધાઓમાં ભાગ લેવા લાગ્યા. વ્યાયામ અને રમતગમત ક્ષેત્રે સમગ્ર ગુજરાત ચેતનવંતુ બન્યું. ખેલ રાજયના પ્રત્યેક ઘરમાં અને પ્રત્યેક ગામમાં પહોંચ્યો. ગ્રામ કક્ષાએ યુવાનો ખેલ પ્રવૃત્તિમાં ભાગ લેતા થાય એ હેતુથી રાજયના છ હજાર ગામોમાં બાસ્કેટબોલ, વોલીબોલ, ખોખો, કબડ્ડી, ફુટબોલ, એથ્લેટીકસની રમતો માટે પાંચ હજારની વસતિવાળા પ્રત્યેક ગામમાં છ એકર જમીન રમવા માટેના મેદાનની જોગવાઇ કરવામાં આવી છે. ખેલકૂદ ક્ષેત્રે ઊભરતી પ્રતિભાને શિક્ષણની સાથે તાલીમ મળી રહે એ હેતુથી જિલ્લા કક્ષાએ સ્પોર્ટસ શાળા માટેની જોગવાઇ કરવામાં આવી છે. ચાલુ વર્ષે સન ૨૦૨૦-૨૧ના શૈક્ષણિક વર્ષમાં રાજયના ૨૯ જિલ્લાઓમાં ૩૯ જિલ્લા કક્ષાની સ્પોર્ટસ શાળાઓ કાર્યરત છે. જિલ્લા કક્ષા સ્પોર્ટસ સંકુલ યોજના અંતર્ગત પ્રવેશ મેળવેલ ખેલાડીઓને વિનામૂલ્યે શિક્ષણ, નિવાસ, ભોજન, સ્પોર્ટસનો ગણવેશ, રમતનાં સાધનો, વૈજ્ઞાનિક ઢબે તાલીમ, પૌષ્ટિક આહાર, સ્ટાઇપેન્ડ અને વીમા કવચની સુરક્ષા જેવા લાભો સરકારશ્રી દ્વારા આપવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વડોદરા જિલ્લાના ડેસર તાલુકામાં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી છે, જ્યાં ગર્લ્સ અને બોયઝ હોસ્ટલનું પણ આયોજન કરવામાં આવેલું છે. ફીટ ઇન્ડિયા મુવમેન્ટ અંતર્ગત રાજ્ય સરકાર દ્વારા સમગ્ર વર્ષ દરમ્યાન કોરોના સંક્રમણ સંકટ પ્રત્યે ત્રિરંગા યાત્રા, સાઇકલોથોન, વિવિધ રમત સ્પર્ધાઓ, વંચિત બાળકો માટે યોગના અભ્યાસવર્ગો, ફીટ ઇન્ડિયા ક્વીઝ તથા ફીટ ઇન્ડિયા યુથ કલબ જેવા વિવિધ કાર્યક્રમો યોજવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત ક્ષેત્રે જે જબરજસ્ત પરિવર્તન આવ્યું તેવું જ કામ સાંસ્કૃતિક ક્ષેત્રે પણ થયું. સાંસ્કૃતિક કાર્યક્રમો ચીલાચાલુ રીતે ટાઉન હોલમાં મર્યાદિત હાજરી સાથે થતા હતા. ખાલી સરકારી કર્મચારીઓ જ હાજર હોય એવા દ્રશ્યો આપણે જોયા છે. તેને જાહેર મેદાનોમાં યોજવામાં આવ્યા. રાજ્યના નાગરિક ભાઇ-બહેનો ખૂબ જ મોટી સંખ્યામાં હાજર રહી તેનો લાભ લેવા લાગ્યા. રાજ્યનું કલાધન થનગની ઉઠ્યું. રાજ્યના કલાકારોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા. આ શ્રી નરેન્દ્રભાઇએ કર્યું હતું. પ્રત્યેક સરકારી, રાજકીય કાર્યક્રમોના પ્રારંભમાં રાજ્યના અને દેશભરના ખ્યાતનામ કલાકારોએ લાખો લોકોની મેદનીમાં પોતાની કલા દર્શાવી નાગરિકોમાં ખુશાલીનું વાતાવરણ નિર્માણ કર્યું હતું. રાજ્યના અને દેશના ખ્યાતનામ કલાકારો, સંગીતકારો, ગાયકો વગેરેએ પોતાની કલાનું અદભૂત પ્રદશર્ન કરી સમગ્ર રાજ્યને ચેતનવંતુ બનાવ્યું. રાજ્યના શ્રેષ્ઠ કલાકારો, સુગમ સંગીતના કલાકારો, દેશના પ્રત્યેક રાજ્યની નૃત્ય મંડળીઓ, દેશના ખ્યાતનામ કલાકારો શ્રી એ.આર. રહેમાન, જગજીતસિંઘ, કૈલાસ ખેર, શાન, અનુરાધા પૌંડવાલ વગેરે ઘણા બધા કલાકારોએ સરકારી કાર્યક્રમોને સંગીતમય બનાવી દીધા. આદરણીય શ્રી નરેન્દ્રભાઇએ આ વિભાગની કામગીરીમાં નવા પ્રાણ પૂર્યા. હાલના આપણાં મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ અને નાયબ મુખ્યમંત્રી કમ નાણામંત્રીશ્રી નીતિનભાઇ પટેલે અને આ વિભાગના મંત્રીશ્રીએ રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ હેઠળ સંગીત, નાટક, સાહિત્ય અને લલીતકલાઓને પ્રોત્સાહન આપવા માટે ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી, લલીતકલા અકાદમી, સાહિત્ય અકાદમી દ્વારા વિવિધ યોજનાઓ ઉપર કાર્યવાહી કરવામાં આવી રહેલ છે. નૃત્ય અને સંગીતના

ડિગ્રી તેમજ ડિપ્લોમાના અભ્યાસક્રમો માટે વડનગર ખાતે તાનારીરી પર્ફોર્મિંગ આર્ટ્સ કોલેજની સ્થાપના કરવામાં આવી છે. શ્રી નરસિંહ મહેતા અને સંત સાહિત્ય પર સંશોધન અને પ્રોત્સાહન આપવા માટે થઇને પણ ભક્ત કવિ શ્રી નરસિંહ મહેતા યુનિવર્સિટી જૂનાગઢ ખાતે નરસિંહ મહેતા આંતરરાષ્ટ્રીય સંશોધન કેન્દ્રની સ્થાપના કરવામાં આવી છે. ગુજરાત સાહિત્ય અકાદમીના નેજા હેઠળ હિન્દી સાહિત્ય અકાદમી, સંસ્કૃત સાહિત્ય અકાદમી, સિંધી સાહિત્ય અકાદમી, ઉર્દૂ સાહિત્ય અકાદમી અને કચ્છી સાહિત્ય અકાદમી કાર્યરત છે. સાહિત્ય અકાદમી દ્વારા ગૌરવ પુરસ્કાર, યુવા ગૌરવ પુરસ્કાર, વેદશાસ્ત્ર પંડિતોનું સન્માન, શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક જેવા એવોર્ડ અને પુરસ્કારો આપવામાં આવે છે. આ ઉપરાંત સાહિત્ય અકાદમી દ્વારા નવોદિત પુસ્તક સહાય, બાળ સાહિત્ય પુસ્તક પ્રકાશન સહાય પણ આપવામાં આવે છે. સર્વે અકાદમીઓ દ્વારા વૃદ્ધ અને સહાયપાત્ર સાહિત્યકારોને માસિક આર્થિક સહાય આપવાની યોજના પણ અમલમાં છે. સાહિત્યકારોને પ્રતિમાસ રૂપિયા ૫,૦૦૦/- લેખે આર્થિક સહાય પણ આપવામાં આવે છે. આપ જ્યારે રમતગમત અને સાંસ્કૃતિક બાબતોના મંત્રી હતા ત્યારે આપે પણ આ તમામ સાંસ્કૃતિક કાર્યક્રમો દરેક વિધાનસભા ક્ષેત્રદીઠ ગામેગામ પહોંચાડ્યા હતા. આ સૌ કોઇ જાણે છે. પહેલાં જે રીતે કાર્યક્રમો નાના હોલમાં મર્યાદિત સંખ્યામાં, મોટે ભાગે પબ્લિકને જાણ જ ન હોય, પબ્લિક ભોગ્ય બનાવ્યું હોય તો એ શ્રી નરેન્દ્રભાઇના પ્રયત્નોથી અને ભાજપની સરકારના યોગ્ય પ્રયત્નોથી આ પ્રવૃત્તિને વેગ મળ્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, રમતગમત ક્ષેત્રે પણ ખેલ મહાકુંભમાં લાખોની સંખ્યામાં લોકો ભાગ લે છે. તમામ વય જૂથના, બાળકોથી લઇને વયસ્ક લોકો ૮૦ વર્ષની ઉંમરના લોકો પણ ૩૦-૩૦ લાખની સંખ્યામાં ખેલ મહાકુંભમાં ભાગ લે છે. ઘેર ઘેર ખેલ અંગેની જાગૃતિ આવી છે. આનાથી બીજા પણ લાભ છે, આરોગ્ય પણ સુધરે છે અને દેશનું વાતાવરણ, કુટુંબનું વાતારણ પણ આનાથી પરિવર્તન પામે છે એટલે કલાકારીગરી ક્ષેત્રે અને રમતગમત ક્ષેત્રે પણ આ સરકાર દ્વારા યોગ્ય કામગીરી કરવામાં આવી છે જે પ્રોત્સાહિત કરનારી છે. કોરોનાના સંકટ સમયે લોકડાઉનને કારણે આપણી આ પ્રવૃત્તિ થોડી મંદ પડી ગઇ છે, પણ જેવું આમાંથી બહાર નીકળીએ એની સાથે જ આ વિભાગ દ્વારા ફરી કામગીરી કરીને ફરીથી ગુજરાતનું વાતાવરણ ચેતનવંતુ બનાવે તેવી પ્રાર્થના સાથે હું મારું વકતવ્ય પૂરું કરું છું.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી કૃષિ કલ્યાણ અને સહકાર વિભાગની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, સહકારી ક્ષેત્ર છે એ ખેડૂતોની મા કહેવાય છે. આજે આપણે વાતો કરીએ છીએ કે ખેડૂતોની ઇન્કમ બમણી કરવી છે. હું પણ એક ખેડૂતનો દીકરો છું અને ખેતી કઇ રીતે થાય છે, ખેડૂત કેટલી મહેનત કરે છે એ મને પણ ખબર છે. સહકારી ક્ષેત્રના માધ્યમ વિના ખેડૂતોની ડબલ ઇન્કમ થવાની નથી કે એમની પ્રગતિ પણ નથી થવાની. હું મારા વિસ્તારની જ વાત કરું અને ખાસ કરીને સૌરાષ્ટ્રની પણ સાથે સાથે વાત કરું છું. અમારે ત્યાં આજથી ઘણાં વર્ષો પહેલાં સૌરાષ્ટ્રની અંદર શેરડીનું વાવેતર ઘણા મોટા પ્રમાણમાં થતું હતું. ઘણી બધી સુગર મિલો પણ હતી. ઉપલેટા, તલાલા, ઉના અને તળાજામાં હતી. આજે મારે સરકારશ્રીને અને સહકારમંત્રીશ્રીને પૂછવું છે કે, આજે આમાંથી એકેય સુગર મિલો ચાલુ છે ખરી? એમના કારણો જે તે હોય, કયાંક સરકારની નીતિઓને કારણે બંધ થઇ છે, કયાંક કેન્દ્ર સરકારની નીતિઓને કારણે બંધ થઇ છે, કયાંક વહીવટકર્તાઓને કારણે પણ બંધ થઇ છે, કયાંક ખેડૂતોને કારણે પણ બંધ થઇ છે પણ મારે સહકાર મંત્રીશ્રીને અને સરકારશ્રીને એક વિનંતી કરવી છે કે આ સુગરમિલો બંધ થઇ છે તો તમે કયારેય એની અંદર કોઇ સંશોધન કર્યું છે? કયારેય કોઇ તપાસ કરાવી છે કે આ બંધ થવાનાં કારણો શું છે? મારી વિનંતી છે કે, મારો દરિયાકાંઠાનો તાલાલા મતવિસ્તાર આવે છે ત્યાં મોટા પાયે શેરડીનું વાવેતર થાય છે? સુગર મિલો બંધ થવાને કારણે ખેડૂતોને ઘણી બધી મુશ્કેલીઓ પડે છે, એમને રાબડાવાળાઓ જે શેરડીનું પિલાણ કરે છે એ પોષણક્ષમ ભાવ એમને આપતા નથી. તો મારી વિનંતી છે કે કોડીનાર અને તાલાલા આ બંન્ને બંધ પડેલી સુગર મિલોને સરકાર લાંબા ગાળાનું સારું, વગર વ્યાજનું પેકેજ આપીને, જો એની અંદર સહાય કરવામાં આવે તો આજે પણ તાલાલા સુગર મિલ ચાલુ થાય એમ છે, એટલે મારી સરકારશ્રીને અને સહકાર મંત્રીશ્રી બંન્નેને વિનંતી છે. જો આપણે ખેડૂતોનું હિત જાળવવાનું હોય, આપણે ખેડૂતોનું હિત વિચારતા હોઇએ તો સહકારી સંસ્થા છે એ ખેડૂતોની મા છે અને જો માને જીવતી રાખીશું તો જ મારી દ્રષ્ટિએ ખેડૂત જીવતો રહે એટલે આ મારા વિસ્તારની જે સુગર મિલ છે એ સુગર મિલમાં આવનારા દિવસોમાં સરકાર એમાં યોગ્ય વિચાર કરીને ચાલુ કરવાના પ્રયત્નો કરે એવી મારી વિનંતી છે. એ જ રીતે મારા વિસ્તારમાં કેસર કેરીનું મોટા પાયે ઉત્પાદન થાય છે. એના પ્રોસેસ યુનિટ નથી, કેનિંગ પ્લાન નથી તો સરકારશ્રીને મારી વિનંતી છે કે અમારા વિસ્તારમાં એક સહકારી માધ્યમ દ્વારા ચાલતો કેનિંગ પ્લાન અથવા પ્રોસેસ પ્લાન જો ઊભો કરવામાં આવે તો એનાથી પણ કેરી પકવનારા ખેડૂતોને યોગ્ય પોષણક્ષમ ભાવ મળે, યોગ્ય વળતર મળે અને ખેડૂતો એનાથી સદ્ધર થાય એવું એક યુનિટ પણ સરકાર વિચારે અને બીજું, મારા વિસ્તારમાં નાળિયેરનું ઉત્પાદન મોટા પાયે થાય છે. નાળિયેરીના બહુ બગીચા છે, તો સરકાર એની અંદર પણ એક સહકારી માધ્યમ ઊભું કરીને, કોકોનેટ બોર્ડ ઊભું કરીને, સહકારી યુનિટ ઊભું કરે કે પ્રોસેસ પ્લાન્ટ ઉભો કરે, કે જેનાથી નાળિયેરી પકાવનારા ખેડૂતોને પણ યોગ્ય વળતર મળી રહે એટલી સરકારશ્રીને મારી ખેડૂતના દીકરા તરીકે વિનંતી છે.

અધ્યક્ષશ્રી : સભાગૃહનો વિરામનો સમય થયો છે. વિરામ બાદ ગૃહ સાંજે ૬-૦૦ કલાકે ફરી મળશે. આપશ્રીનું પ્રવચન ચાલુ રહેશે. હજી બે મિનિટ છે.

ચૈત્ર ૨, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

**(વિરામ સાંજના ૫-૩૦થી ૬-૦૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**સંસદીય બાબતોના મંત્રીશ્રીની રજૂઆત**

કોરોના સંક્રમણ અટકાવવા માટે વિધાનસભા સંકુલમાં પ્રવેશ નિયંત્રણ લાદવા અંગે

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા ( રાજ્ય કક્ષાના વૈધાનિક અને સંસદીય બાબતો મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના સંક્રમણની સ્થિતિ અને જે રીતે આપણા વિધાનસભાના સન્માનનીય ધારાસભ્યશ્રીઓ એક પછી એક કોરોનાથી સંક્રમિત થતા જાય છે. એના સ્ટાફના લોકો પણ સંક્રમિત થતા જાય છે. એના માટે મેં મારા પક્ષના દંડક સાથે ચર્ચા કરી છે અને આપના ધ્યાને પણ મૂકવા માગું છું કે, આપણે હજી આગામી ૨ જી એપ્રિલ સુધી કાર્યવાહી ચલાવવાની છે અને કોરોના સંક્રમણના વ્યાપને અટકાવવા માટે મંત્રીશ્રીઓને ત્યાં કે ધારાસભ્યો કે વિપક્ષને ત્યાં આપણા વિધાનસભા સંકુલમાં મિનિમમ લોકો આવે, એના પ્રવેશ ઉપર નિષેધ મૂકાય અને એ પ્રમાણેની સૂચનાઓ આપના હકૂમત હેઠળના વિસ્તારમાં આપના દ્વારા થાય તો આ સૂચનાના આધાર ઉપર આપણે એને કન્ટ્રોલ કરી શકીશું અને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવીશું તો બાકીનાં કામો આપણે પૂરાં કરી શકીશું. એના માટે આપના આદેશ મળે એટલા માટે આપના ધ્યાન ઉપર મૂકું છું.

અધ્યક્ષશ્રી : સૌ માનનીય ધારાસભ્યશ્રીઓ, સરકારના માનનીય મંત્રીશ્રીઓને મારી આગ્રહભરી અપીલ છે કે માનનીય વિજયભાઇ પટેલ સંક્રમિત થયા છે, માનનીય પુંજાભાઇ વંશ પણ સંક્રમિત થયા છે, માનનીય મોહનભાઇ ઢોડિયા, નૌશાદભાઇ સોલંકી બધા જ મિત્રો સંક્રમિત થયા છે. મંત્રીશ્રીઓના અંગત સચિવો અને સ્ટાફ પણ સંક્રમિત થયો છે. સૌથી પહેલી વિનંતી એવી હશે કે કોઇપણ મંત્રીશ્રી કોઇને પણ હવે આ સભાગૃહ જેટલા દિવસ ચાલે એટલા દિવસ સુધી કોઇપણ હોય એને અહીં ન બોલાવે. કદાચ એમને સમય હોય અને અનુકૂળતા હોય તો મંત્રીશ્રી એમને પોતાને ત્યાં ભલે બોલાવે. અહીં વિધાનસભા સંકુલમાં નહીં. કેમ કે આજે તપાસ કરતાં એવું માલુમ પડ્યું કે લગભગ ૮૦ જણાની આજે એન્ટ્રી થઇ છે. મને જે માહિતી મળી એ પ્રમાણે ખૂબ મોટી સંખ્યામાં છે. મેં છેલ્લા ઘણા દિવસથી સૂચના આપી રાખી છે કે કોઇ પાસ કાઢવા નહીં. એક્સ એમ.એલ.એ. એ પણ એવા ઘણા પ્રયાસ કર્યા, સંદેશો પણ મને મળ્યો છતાં એમને પણ મેં ખૂબ નમ્રતાપૂર્વક ના પાડી છે. એન્ટ્રી ટોટલી રિસ્ટ્રીક્ટેડ કરેલી છતાં ઘણા મંત્રીશ્રીઓને ત્યાંથી ફોન આવે છે, સલામતી શાખામાં ફોન જાય છે, કોઇક ધારાસભ્યશ્રીઓ આગ્રહ કરે છે. નીચે ધારાસભ્યોને ઓળખતા હોય, જાણતા હોય. દાખલો આપું તો શ્રી અમિતભાઇ હોય કે કોઇપણ આપણે ત્યાંથી એમને ઓળખતા હોય, એટલે એમ કહે કે મારે અંગત કામ છે અને પાંચ મિનિટમાં પાછા જતા રહેશે. જે રીતે કોરોનાનો વ્યાપ આપણે ત્યાં વધી રહ્યો છે એ માટે ખૂબ જરૂરી છે, બધા જ માસ્ક તો કમ્પ્લસરી પહેરે. માનનીય નૌશાદભાઇ ત્રણ દિવસ પહેલાં મને મળવા આવેલા ત્યારે વારે ઘડીએ માસ્ક નીચે ઉતારીને વાત કરે. મેં કહ્યું વાત કરવા માટે માસ્ક પહેરી રાખો. થોડું જોરથી બોલવું પડશે પણ સ્પીડમાં નહીં બોલો તો સંભળાશે. આ શ્વાસથી થાય છે એ આપણે જાણીએ છીએ. આપણે ડિસ્ટન્સથી બેસીએ છીએ તેમ છતાં આજે શ્રી પિયુષભાઇ અહીં શ્રી આર.સી. પટેલ સાથે બેસીને વાત કરતા હતા ત્યારે મેં એમ કહ્યું કે તમે આટલા નજીક બેસીને વધારે સમય સુધી, કામ હોય તો વાત કરવી પડે પણ બને ત્યાં સુધી આપણે એ એવોઇડ કરીએ. મેં આજે સાર્જન્ટસને સ્પષ્ટ સૂચના આપી છે કે કોઇને પણ અહીંયા એલાઉ ન કરે. માનનીય મંત્રીશ્રીઓને જાણ કરું છું કે આપ પણ આપના તરફથી કોઇને અહીં બોલાવશો નહીં. ફોનથી વાત કરી લો. પોતાના પી.એ., પી.એસ. કે કોઇ મિત્રો કોઇને સાથે લઇને ન આવે. લોન્જની અંદર પણ આપણે બધા ધારાસભ્યો કાળજી રાખીએ. કારણ કે આપણે એને બહુ સહજ સમજીએ છીએ. ઘણીવાર મને એવું લાગે છે જાણે શ્રી સી.કે. રાઉલજી અત્યારે જ બેઠા છે. એમને ડર છે જ નહીં. આપણે કોઇની આ ટીકા-ટિપ્પણ કરવી નથી. માનનીય પુંજાભાઇ મારી ઓફિસમાં ૩ દિવસમાં ૩ વાર માસ્ક પહેર્યા વગર જ આવ્યા. મેં કીધું કે માસ્ક નથી પહેરતા? પછી ગજવામાંથી કાઢીને પહેરે. પહેર્યા પછી ઘડીએ ઘડીએ પાંચવાર માસ્ક નીચે ઉતારે. એટલે કોઇની વ્યક્તિગત વાત કરવા માગતો નથી. આ વ્યક્તિગત કોઇની ટીકા-ટિપ્પણી નથી, પણ આપણી સમજણ માટે છે કે આપણે બધા જ ખૂબ કાળજી લઇએ. બીજી મારી વિનંતી છે કે હેલ્થનો વિભાગ માનનીય નીતિનભાઇનો લાગે છે તો માનનીય નીતિનભાઇને પણ મેસેજ આપજો કે ખૂબ જ કાળજી મારા તમામ ધારાસભ્યશ્રીઓમાંથી જે પણ સંક્રમિત થયા છે, એમને કોઇ તકલીફ, મુશ્કેલી ના પડે. સારવારમાં કોઇ કસર ના થાય એની કાળજી લે. એમને ખબર પડે તો એ લે જ છે. મારા તરફથી મારી ફરજના ભાગરૂપે હું એમને કહું છું.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : બીજું, એક સૂચન છે કે માસ્ક પણ બધા આગળના ભાગથી પકડીને ઉતારે છે પાછા ચઢાવે છે. એટલે એ અહીંયા આગળ જે અડે છે એની અગત્યતાની પણ ખબર નથી કે અહીંયા જે વાયરસ હોય એ હાથમાં આવે અને હાથમાં આવ્યા પછી એમને જ લાગે.

અધ્યક્ષશ્રી : આ મુશ્કેલી થાય છે. એને કાન પરથી ઉતારવાની સિસ્ટમ છે કે કાન પરથી ઉતારી સાઇડ પર મૂકી દેવો જોઇએ. બને ત્યાં સુધી આગળના ભાગમાં ટચ ના કરવું જોઇએ પણ આપણે બધા એ પણ ભૂલ કરીએ છીએ, પણ કાળજી લઇએ. માનનીય ભગાભાઇ બારડ, બીજા કોઇને કાંઇ સૂચન હોય તો મને કહી શકાય.

શ્રી અમિત ચાવડા (બેઠા બેઠા) : સેનેટાઇઝ કરાવવું જોઇએ.

અધ્યક્ષશ્રી : સેનેટાઇઝ રોજ થાય છે. ગૃહને યુ.વી. લાઇટથી સેનેટાઇઝ કરીએ છીએ. આજે અમારા માનનીય યોગેશકાકાએ વાત કરી કે આપણે દરવાજા ખુલ્લા રાખીએ તો દરવાજા ખુલ્લા રાખ્યા તો બધાને ગરમી લાગવા માંડી. એટલે એ

પણ એક મુશ્કેલી છે કે ગરમી ચલાવી લેવી છે કે પછી આપણે દરવાજા ખુલ્લા તો રાખ્યા જ છે પણ એના લીધે ગરમી પણ ખૂબ લાગી. દરવાજા ખુલ્લા રાખીશું. બોલો શ્રી જગદીશભાઇ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, શક્ય હોય તો બધા ધારાસભ્યોનો ટેસ્ટ થઇ જાય. પહેલા તો જેને સંક્રમિત લાગતું હોય એ નીકળી જાય.

અધ્યક્ષશ્રી : હા, કોઇને પણ એવું કાંઇ જણાય તો એમણે બહાર નીકળી જવું જોઇએ અને એમાં કશું ખોટું પણ નથી. હું બધાની હાજરી પૂરેપૂરી ગણી લઇશ એટલે એની ચિંતા ન કરે.

શ્રી આત્મારામ પરમાર (બેઠા બેઠા) : માનનીય પંકજભાઇ ગૃહમાં બધે ફરતા હોય છે. (અંતરાય)

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, એ મારી ફરજનો ભાગ છે. એટલે મારે એ કરવું જ પડે પણ બિનજરૂરી ખાલી બહાર ફરવાનું અને સંક્રમિત થવાનું.

અધ્યક્ષશ્રી : આપણે બધા કાળજી લઇએ અને આને ખૂબ ગંભીરતાથી લઇએ. જેટલું એ.સી. ફાસ્ટ થાય એટલું રાખજો અને બધા દરવાજા ખુલ્લા રાખજો. માનનીય ભગાભાઇ.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, હું સહકારી સંસ્થાઓથી ખેડૂતોને ફાયદો થાય છે એની વાત કરતો હતો. ઘણા વર્ષો પહેલા જૂનાગઢ જિલ્લાની અંદર મગફળીનું એક પ્રોસેસ યુનિટ જે ગ્રોફેડથી ઓળખાતું હતું અને એ સહકારી સંસ્થા ગ્રોફેડ બંધ થઇ ગઇ અને બંધ થઇ ગયા પછી મગફળી પકવતા ખેડૂતોને આજની તારીખ સુધી મુશ્કેલીઓ પડી રહી છે. એક સહકારી સંસ્થા બંધ થાય એનાથી ખેડૂતોને કેટલી મુશ્કેલી પડે છે એનો એક સહકારી સંસ્થાના ઉપર આપણે જે અંદાજ લગાવી શકીએ છીએ તો માનનીય અધ્યક્ષશ્રી, મારી સરકારશ્રીને આપના માધ્યમ દ્વારા વિનંતી છે. સૌરાષ્ટ્રની અંદર મગફળીનું વાવેતર પણ પુષ્કળ પ્રમાણમાં જ્યારે થાય છે ત્યારે અને જો ખેડૂતોનું હિત વિચારતા હોય, ખેડૂતોને જો આપણે ડબલ ભાવ આપવા માગતા હોય તો સૌરાષ્ટ્રની અંદર એક ગ્રોફેડનું યુનિટ હતું એવું સહકારી યુનિટ અને મગફળીનો પ્રોસેસ પ્લાન્ટ પણ ત્યાં સૌરાષ્ટ્રમાં ઊભો થાય તો એનાથી ખેડૂતોને ઘણો બધો ફાયદો થાય તો આવનારા સમયમાં સરકાર એ પણ વિચારે. સહકારી સંસ્થાઓથી ફાયદો થાય છે એ આપણે નજર સામે જોઇ રહ્યાં છીએ કે અમુલ ડેરી એ સહકારી માધ્યમ છે અને આખા વિશ્વમાં એની પ્રોડક્ટ વખણાય છે. દૂધ ઉત્પાદક ખેડૂતો છે એમને એના માધ્યમ દ્વારા ફાયદાઓ અને ભાવો મળે છે. એવી જ રીતે અહીંયા સહકારી ક્ષેત્રના મારા મિત્ર અને સહકાર મિનિસ્ટર બેઠા છે. વિઠ્ઠલભાઇ. આજે ડિસ્ટ્રિક કો-ઓપરેટીવ બેંક રાજકોટની અંદર ખેડૂતોને જયારે જોઇએ ત્યારે ધિરાણ, જોઇએ ત્યારે એમને મદદ. આજે સહકારી સંસ્થા, બેંક સદ્ધર હોય તો ખેડૂતો પણ સદ્ધર થઇ શકે એટલે માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમ દ્વારા મારે સરકારશ્રીને વિનંતી કરવી છે કે મારા વિસ્તારની અંદર ખાંડ ફેક્ટરીઓ જે બંધ છે અને જૂનાગઢ જિલ્લાની અંદર જે ગ્રોફેડ હતું એ ગ્રોફેડ ફરી પાછું ચાલું થાય.

શ્રી કિશોર બા. ચૌહાણ(વેજલપુર) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન અને નાગરિક પુરવઠા ખાતાના મંત્રીશ્રી જયેશભાઇ માગણી ક્રમાંકઃ ૨૨ અને ૨૩ લઇને આવ્યા છે તેમના સમર્થનમાં મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોયું કે ૨૦૨૦નું વર્ષ ગોઝારું સાબિત થયું. આખા વિશ્વની અંદર જે કોરોનાએ ઊથલપાથલ મચાવી અને આખું વિશ્વ કોરોનાની અંદર હચમચી ગયું અને મોટીમોટી મહાસત્તાઓ પણ આ કોરોનાની સામે જયારે ડગમગી ગઇ એવા સમયે આખા વિશ્વની અંદર સૌથી ગીચ વસ્તી ધરાવતો આપણો ભારત દેશ અને એ ભારત દેશની સલામતી માટે જે આપણી ઉપર જવાબદારી આવી, આપણા લોકલાડીલા વડાપ્રધાન અને ગુજરાતના તત્કાલીન મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી અને એમનું આખું મંત્રીમંડળ એ જ રીતે શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇની આગેવાની હેઠળ જે રીતે આખા મંત્રીમંડળે કોરોના મહામારી દરમિયાન કોરોનાનું સંકલન કર્યું અને એ સંકલનને કારણે જયારે આખા ભારતની અંદર વિશ્વની અંદર સૌથી વધારે જયારે કોરોનાના મૃત્યુદરો વધ્યા ત્યારે ભારતની અંદર આખા વિશ્વની અંદર સૌથી ઓછો કોરોનાનો મૃત્યુદર થયો અને સંક્રમિત લોકોની સરખામણીમાં ૯૭ ટકા જેટલો આપણો રીકવરી રેટ અને એ જ કારણે જયારે વડાપ્રધાને આખા દેશને જે જે પ્રમાણે હાકલ કરી એ પ્રમાણે દેશે એનું પાલન કર્યું અને એને કારણે જ આપણે આટલી ગીચ વસ્તી ધરાવતા દેશની અંદર પણ કોરોનાથી મહદઅંશે સંક્રમિત થતો અટકાવી શકયા અને એવા સમયે જયારે આખા ગુજરાતના પ્રધાનમંડળ દ્વારા જુદા-જુદા વિભાગ દ્વારા જે કોરોનાની અંદર કામગીરી કરવામાં આવી અને એની અંદર પણ વિશેષ કરીને જયારે કોરોનાની અંદર કોઇપણ કુટુંબની વ્યક્તિ કોરોના સંક્રમિત થાય તો કુટુંબની વ્યક્તિ પણ તેને અડવા માટે ખચકાય એવા સમયે આપણા કોરોનાના વોરિયર્સ પણ ગણી શકાય એવા અન્ન અને નાગરિક પુરવઠા ખાતાના તમામ પદાધિકારીઓએ જે રીતે કોરોનાની અંદર લોકડાઉન દરમિયાન જે ગરીબ અને મધ્યમ વર્ગના લોકો એન.એફ.એસ.એ. કાર્ડધારક, નોન એન.એફ.એસ.એ. કાર્ડધારક અને જેની પાસે કાર્ડ નહોતા એવા લોકોને પણ આવા કપરા સમયની અંદર જયારે અનાજ પૂરું પાડવાની જવાબદારી આવી અને કેન્દ્ર સરકારે જે રીતે અનાજનો જથ્થો આપ્યો એ અનાજના જથ્થાને જે રીતે સંકલિત કરીને આખા ગુજરાતની અંદર જે રીતે લોકોને વિતરણ કરવામાં આવ્યું એ ખરેખર પ્રશંસનીય બાબત છે અને એના માટે જ હું વિશેષ કરીને અન્ન અને નાગરિક પુરવઠાના તમામ કર્મચારીઓને ખૂબ ખૂબ અભિનંદન આપું છું અને જે રીતે શ્રી નીતિનભાઇનું આરોગ્ય ખાતું અને એના કોરોના વોરિયર્સ મેડિકલ સ્ટાફ, પેરા મેડિકલ સ્ટાફ પછી શ્રી પ્રદિપસિંહબાપુના ગૃહ ખાતાના સ્ટાફે જે રીતે પોલીસ ખાતાએ જે કામગીરી કરી એ પણ સરાહનીય રહી. એ રીતે કોરોનાની અંદર અન્ન વિતરણની કામગીરીનું પણ શ્રેષ્ઠ રીતે સંચાલન થયું અને એ

સંચાલનની અંદર પણ પૂરેપૂરી પારદર્શિતા અને પારદર્શિતાની સાથેસાથે અનાજ ગોડાઉનમાંથી નીકળે અને ફેરપ્રાઇઝ શોપ સુધી પહોંચે અને ત્યાં પણ જે પારદર્શિતાથી ફિંગર પ્રિન્ટ લઇને લોકોને અનાજ આપવામાં આવ્યું અને એ અનાજ પૂરી રીતે દરેકના ઘર સુધી પહોંચી શકયું એની પણ પૂરેપૂરી તકેદારી લેવામાં આવી. એન.એફ.એસ.એ. કાર્ડની અંદર આપણે વાત થઇ અગાઉ પણ વક્તાઓએ વાત કરી કે અગ્રતાક્રમ ધરાવતા લોકો અને નોન અગ્રતાક્રમ ધરાવતા લોકો પણ એની અંદર અંત્યોદય યોજના પણ આવી જાય.અગ્રતાક્રમ ધરાવતા કુટુંબ પણ આવી જાય. અંત્યોદયમાં બી.પી.એલ. કાર્ડધારકોને એની અંદર સમાવી લેવામાં આવ્યા, પણ અગ્રતા કુટુંબની અંદર શ્રી શૈલેષભાઇ વાત કરીને ગયા કે એન.એફ.એસ.એ.ની સંખ્યા વધી છે. આરોગ્યની અંદર જે રીતે મા–વાત્સલ્ય કાર્ડનો વ્યાપ વધારવામાં આવ્યો. લોકોને વધારેમાં વધારે સુવિધા પ્રાપ્ત થાય એ દિશામાં વ્યાપ વધતો ગયો. એ જ રીતે રેશનકાર્ડના વિતરણની અંદર વ્યાપ વધ્યો છે. એ વ્યાપ વધવાના કારણે જ આની અંદર સંખ્યા વધી છે. એન.એફ.એસ.એ.માં વ્યાપ વધારીને વધારેમાં વધારે કુટુંબોને અનાજ પ્રાપ્ત થયું છે અને તે દિશામાં કામ થયું છે. કોરોનાના વિષમ કાળમાં જેની પાસે રેશનિંગ કાર્ડ નહોતા એવા નોન રેશનિંગ કાર્ડ ધારકો, પરપ્રાંતિયોને જે અનાજ પૂરું પાડવાની જવાબદારી આપણા શીરે આવી તો અન્નબ્રહ્મ યોજના દ્વારા પણ દરેક લોકોને પૂરેપૂરું રેશનિંગ મળી જાય એવું એક બાસ્કેટના રૂપમાં કહી શકાય, એ રીતનું અનાજનું વિતરણ થયું. એની અંદર ઘઉં, ચોખા, ચણા, ખાંડ આ બધી વસ્તુઓને સંકલિત કરીને અનાજ આપવામાં આવ્યું. એની કીટ આપવામાં આવી. જેની પાસે રેશનકાર્ડ ન હોય તેવા વૃદ્ધ, દિવ્યાંગ, રીક્ષા ચાલક, ટેમ્પો ચાલક આ તમામ વર્ગોને આવરી લઇને એક પણ વ્યકિત બાકી રહી ન જાય તે દિશામાં સરકારે કામ કર્યું. વિશેષ ખુશી છે કે સૌ કાર્યકર્તાઓ આ કામમાં લાગી ગયા હતા. વિશેષમાં કહું તો શરૂઆતના તબક્કામાં અમે અમદાવાદના ૩ ધારાસભ્યો કોરોનાની અંદર સંક્રમિત થયા હતા. કોરોનાની બીક રાખ્યા વગર ગરીબ અને મધ્યમ વર્ગના લોકોને અનાજ પહોંચે તે દિશામાં અમે કામ કર્યું છે. તે ખરેખર લોકો સુધી પહોંચવાનો પ્રયાસ હતો. એના કારણે જ અમારી કામગીરીને લોકોએ સ્વીકારી અને અમારી વિશ્વસનીયતા, પક્ષની વિશ્વસનીયતા પણ વધી. એના પરિણામે ચૂંટણીમાં લોકોની અંદર રહીને લોકોનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો. અન્ન નાગરિક પુરવઠા દ્વારા તમામ લોકોને કપરા સંજોગોમાં અનાજ પહોંચાડવામાં આવ્યું છે. આ રીતે શ્રી જયેશભાઇની માગણીને હું સમર્થન આપું છું.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ અને રમતગમતની જે માગણીઓ લઇને આવ્યા છે, એના વિષે મારા વિચારો રજૂ કરું છું.

આપણે વર્ષોથી જાણીએ છીએ કે ગુજરાતની અંદર સહકારી ક્ષેત્ર એ ગુજરાતના ગરીબ લોકો, ગ્રામીણ લોકો, ખેડૂતના વિકાસ માટે બહુ મહત્ત્વનું ક્ષેત્ર હતું. એવું કહેવાતું હતું કે વિના સહકાર નહિ ઉદ્ધાર. આજે જે રીતે સરકારી તંત્રનો દુરુપયોગ કરી અને વર્ષોથી જે સારી રીતે સહકારી તંત્ર ચાલતું હતું, એને ડિસ્ટર્બ કરવાનો, ખલેલ પહોંચાડવાનો પ્રયાસ થઇ રહ્યો છે એ બહુ નીંદનીય છે. મંત્રીશ્રીને વિનંતી છે કે કોઇપણ ખોટી રીતે રાજકીય બદ ઇરાદાથી, ખોટા ઇરાદાથી આ સહકારી સંસ્થા ચાલે છે અને સારી રીતે ચાલે છે એને તોડવાનો પ્રયાસ ન થાય અને કદાચ કોઇ ફરિયાદ મળે તો એની સાચી તપાસ થાય અને એના લીધે સહકારી તંત્રમાં લોકોનો વિશ્વાસ ટકી રહે એના માટે પ્રયત્નશીલ બનો તેવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુ આપણે સહકારી તંત્રનો વિકાસ કરવાની વાતો કરીએ છીએ અને બીજી બાજુ આપણે ખાનગી માર્કેટયાર્ડોને પ્રોત્સાહન આપીએ છીએ. લગભગ દસ પંદર દિવસ પહેલાં મેં એક રિપોર્ટ વાંચ્યો હતો. જે ખાનગી માર્કેટયાર્ડોને આપણે આડેધડ મંજૂરી આપીએ છીએ તે ખાનગી માર્કેટયાર્ડ કોના છે તે પણ વિચારવાની જરૂર છે. તે ખાનગી માર્કેટયાર્ડને લીધે ગુજરાતની અંદર વર્ષોથી જે ૩૫ એ.પી.એમ.સી. ચાલતી હતી તે ૩૫ એ.પી.એમ.સી. આજે બંધ થવાના આરે પડી છે. તેના કર્મચારીઓને છૂટા કરવાની નોબત આવી છે. અત્યારે આવી જે સહકારી ધોરણે ચાલતી એ.પી.એમ.સી. કે માર્કેટયાર્ડ હતા તેના કર્મચારીઓને છૂટા કરવા ન પડે તે જોવું જોઇએ. તેમને પગારના પણ ફાંફા પડી રહ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, પાક ધિરાણની વાત કરું તો ગામડાની અંદર જે પાક ધિરાણ આપવામાં આવે છે તેમાં દસ લાખથી વધુ વ્યાજ થાય તો બે ટકાનો ટી.ડી.એસ. કાપવામાં આવે છે. એટલે તેના લીધે ગામડામાં એક જ પરિવારમાંથી લોકોએ સહકારી મંડળીઓમાંથી આવી લોન લીધી હોય તેમને નુકસાન થાય છે. એટલે આ વ્યાજની રકમમાંથી જે બે ટકા ટી.ડી.એસ. કપાય છે તે વ્યાજની રકમ રૂપિયા દસ લાખને બદલે પચાસ લાખ કરવામાં આવે તો નાના અને એક જ પરિવારમાં જે ખેડૂતો રહેતા હોય તેમને નુકસાન નહીં થાય. મારા પાટણની વાત કરું અને ગઇ વિધાનસભાની અંદર આપણે સહકારી ક્ષેત્રને વિકસાવવાની વાત કરી હતી. મારા પાટણ જિલ્લાની અંદર પાટણ તાલુકામાંથી સરસ્વતી માર્કેટયાર્ડ અલગ પડયું. સરસ્વતી માર્કેટયાર્ડને અલગ થયે આજે ચાર વર્ષ થયા છે. આ માર્કેટયાર્ડની અંદર ઓનપેપર બૉડી છે. પાટણની બાજુમાં ભૂતિયા વાસણા ગામ છે ત્યાં આ માર્કેટયાર્ડ માટે સરકારી જમીનની માગણી કરી, ત્યાં ગૌચરની જમીન માર્કેટયાર્ડને ફાળવવામાં આવી પરંતુ એવી શરત રાખવામાં આવી કે, આ જ ગામની બીજી ખેતીની જમીન આપો તો અમે તમને આ જમીન તબદીલ કરીએ. એક બાજુ આપણે ઉદ્યોગોને કરોડો રૂપિયાની કિંમતી જમીનો આપીએ છીએ. ગૌચર હોય કે સરકારી પડતર જમીનો ઉદ્યોગોને આપીએ છીએ તો આવા સહકારી માર્કેટયાર્ડને આવી જમીન ફાળવવામાં આવે. કદાચ જો એ ગામની અંદર જમીન ન હોય તો બાજુના ગામની સીમની જમીન આપવા માટે તૈયાર છે. હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે, આ ભૂતિયા વાસણા હાઇવે ઉપર આવેલું છે, તેની જમીનના ભાવ ઊંચા છે એટલે આ માર્કેટયાર્ડ આ જમીન ખરીદી ન શકે તો બાજુના ગામની જમીન, ગૌચરની

જમીન તે તાલુકામાં આવતી હોય તો તે જમીન તાત્કાલિક આ માર્કેટયાર્ડને ફાળવવામાં આવે. આ રીતે જમીન ફાળવવામાં આવશે તો આ માર્કેટયાર્ડ શરૂ થશે અને એ વિસ્તારના લોકોને ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, સિવિલ સપ્લાયની વાત કરું તો હમણાં જ વર્ષ ૨૦૨૦નો યુનિસેફનો રિપોર્ટ પ્રસિદ્ધ થયો છે. તે આપણા બધા માટે ખૂબ ચિંતાનો વિષય છે. યુનિસેફે જે વર્ષ ૨૦૨૦નો રિપોર્ટ રજૂ કર્યો તેના આધારે દર વર્ષે ૩ લાખ બાળકો ભારતની અંદર ભૂખના લીધે મૃત્યુ પામે છે. ગ્લોબલ હંગર ઇન્ડેક્ષ છે તે પણ આપણા દેશ માટે ચોંકાવનારો છે. ૧૧૭ દેશોમાંથી ભારતનો નંબર ૧૦૨ ઉપર છે. આપણે વિકાસશીલ ગુજરાતની વાત કરીએ છીએ, નંબર વન ગુજરાતની વાત કરીએ છીએ તો ૨૪.૭૦ ટકા સાથે ગુજરાતનો ૧૩મો નંબર છે. ઓરિસ્સાનો ૨૩.૮૦ ટકા સાથે ૧૨મો નંબર, કર્ણાટકનો ૨૩.૭૩ ટકા સાથે ૧૧મો નંબર અને મહારાષ્ટ્ર ૨૨.૮૦ ટકા સાથે ૧૦મા નંબરે છે. છેલ્લા એક વર્ષની અંદર ૪૬૬૫૧ પરિવારો બી.પી.એલ.ની અંદર વધ્યા છે. બીજી મહત્ત્વની બાબત કહું તો હમણા મારી પાસે એક વિડીયો આવ્યો છે. આપણે જે અનાજ આપીએ છીએ તેમાં સડેલા ચણા છે. મારી પાસે તે વીડિયો મોજૂદ છે. ગઇકાલે મેં ટી.વી.ની અંદર પણ અહેવાલ જોયો હતો. જે સડેલા ચણા આપવામાં આવે છે તે ચણા ખાદ્ય છે તેનું પ્રમાણપત્ર અધિકારીઓ જોડેથી લેવામાં આવે છે. આવા કયા અધિકારીઓ ગરીબ લોકોના સ્વાસ્થ્ય સાથે ચેડાં કરી રહ્યાં છે? આવા સડેલા ચણા લોકોને આપવામાં આવી રહ્યા છે તેના માટે જે અધિકારી જવાબદાર હોય તેની સામે કાર્યવાહી કરવી જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, એક જ પરિવારમાં બી.પી.એલ. કાર્ડ હોય અને એ પરિવારો જ્યારે અલગ થાય ત્યારે એ કાર્ડ અલગ કરવાના થાય છે ત્યારે એ કાર્ડ એ.પી.એલ. કરી નાંખવામાં આવે છે તો આવું ન થવું જોઇએ. જે પરિવાર બી.પી.એલ. કાર્ડ ધરાવતો હોય અને એ પરિવારના સભ્યો કદાચ અલગ થાય એટલે જ્યારે એના કાર્ડ વિભાજીત કરવાના થાય ત્યારે એ એ.પી.એલ. ના થઇ જાય અને બી.પી.એલ. જ રહેવું જોઇએ એ જરૂરી છે એ બાબતે માનનીય મંત્રીશ્રી ધ્યાન આપે કેમ કે આપણે ગરીબોની વાત કરીએ છીએ તો એ ગરીબોને એનાથી ફાયદો થશે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે સહકારની વાત કરીએ છીએ ત્યારે મારે કહેવું છે કે, ગુજરાતની અગ્રણી સંસ્થા ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એ ઇન્ડિયન સોસાયટી રજિસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ નીચે રજિસ્ટર્ડ થયેલ હતી અને એ ટ્રસ્ટને સાર્વજનિક ટ્રસ્ટ ૧૯૫૦ નીચે રજિસ્ટર્ડ કરવાની વાત કરવામાં આવી છે અને સરકારે પત્ર પણ લખ્યો છે. જ્યારે રાજયની આ મહત્ત્વની સંસ્થા જો સરકારના નિયમોનું પાલન ન કરતી હોય તો એની સામે પણ કાર્યવાહી કરવી જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય રાજેશભાઇ ગોહિલ અને માનનીય ઋત્વિકભાઇ મકવાણા એ બંને માનનીય સભ્યશ્રીઓએ કાળજી રાખીને એન્ટીજન ટેસ્ટ કરાવ્યો છે અને નેગેટિવ આવ્યા છે, એમને અભિનંદન. કહેવાનો ભાવાર્થ એ છે કે, એમને મનમાં તરત થયું કે આપણે અહીંયા બાજુમાં બેસતા હતા તો આપણે ટેસ્ટ કરાવી લેવો જોઇએ. એટલે સહેજ પણ એવું લાગે તો કોઇપણ શરમ સંકોચ રાખ્યા વગર આપણે આ પ્રકારે ટેસ્ટ કરાવી લેવો જોઇએ.

શ્રી સુરેશભાઇ ઘ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, આજે આપણા સહકાર મંત્રીશ્રી સહકારની માગણીઓ લઇને આવ્યા છે એને હું મારું અનુમોદન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ખાતુ જે છે એ સહકારનું ખાતુ છે. મહાત્મા ગાંધીજી ઘણી વાર કહેતા વિના સહકાર નહીં ઉદ્ધાર. પણ લગભગ કોંગ્રેસને સમજવામાં થોડું અવળું આવ્યું કે વિના સરકાર નહીં ઉદ્ધાર આવું સમજ્યા હોય એવું મને લાગે છે આજની વાત ઉપરથી. માનનીય અધ્યક્ષશ્રી, ખેડૂત એ અન્નદાતા છે અને આ અન્નદાતા બધાનું ભોજન પૂરું પાડે છે. ખેડૂતે ઉગાડેલા પાકનું સાચું મૂલ્ય ખેડૂતને મળવું જ જોઇએ એ માટે માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વવાળી સરકાર કટિબદ્ધ છે. માનનીય અધ્યક્ષશ્રી, મને એ વાત જણાવતા આનંદ થાય છે કે, માનનીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વર્ષ ૨૦૨૨ સુધીમાં ખેડૂતની આવક બમણી કરવાનો સંકલ્પ જે કર્યો છે અને સંકલ્પરૂપી આ જે મહાયજ્ઞ છે એમાં ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વવાળી સરકાર આ યજ્ઞમાં આહુતિરૂપી યોગદાન આપી રહી છે. પહેલા એવું હતું કે યજ્ઞમાં હવનમાં હાડકાં નાંખે એવું નહીં, અત્યારે તો એવું છે કે અડચણ ઊભી ન થાય એનો પણ પ્રયત્ન કરીએ તો પણ ઘણું છે. ખેડૂતોની આવક બમણી થવાની જ છે, ભારતીય જનતા પાર્ટીના નેતૃત્વમાં થવાની છે એવો મને વિશ્વાસ છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ખેત ઉત્પન્ન બજાર અધિનિયમ ૧૯૬૩ હેઠળ કાર્ય કરતી..(અંતરાય) અમે ગપ્પા મારતા નથી. હમણાં જ અમારા મૂળ વતનના પડોશી માનનીય કિરીટભાઇએ કહ્યું કે આ બધું માર્કેટ બંધ થઇ જાય છે અને પછી તરત એમણે માગણી કરી કે, સરસ્વતીનું માર્કેટ યાર્ડ ચાલુ કરો, એમણે માગણી કરી કે એને માટે જમીન આપો. જો બંધ જ થઇ જતા હોય તો શેના માટે માગણી કરો છો? માનનીય અધ્યક્ષશ્રી, આ ૧૯૬૩ હેઠળ કાર્ય કરતી ખેત ઉત્પન્ન બજાર સમિતિના આધારે બજાર સમિતિઓની માળખાગત સુવિધાઓ આ સરકારમાં ખૂબ મજબૂત છે અને એમાં પહેલા વર્ષ ૨૦૦૭માં સુધારા કરવામાં આવ્યા. એમાં ખાનગી બજાર, ખાસ બજાર, ઇ–માર્કેટ, સીધી ખરીદી બજાર, ખેડૂત–ગ્રાહક બજારનો સમાવેશ કરવામાં આવ્યો. ત્યારબાદ વર્ષ ૨૦૧૫માં પણ સુધારો કરવામાં આવ્યો અને પહેલીવાર ભારતીય જનતા પાર્ટીની સરકારે નિર્ણય કર્યો કે બજાર સમિતિમાં ખેડૂત પ્રતિનિધિ, વેપારી પ્રતિનિધિ હોય પરંતુ આ બજાર સમિતિમાં ખેડૂત જ પ્રમુખ બની શકશે. આ ખૂબ મોટો નિર્ણય છે અને પછી આપણે એવું કહીએ કે આ ખેડૂતોની સરકાર નથી, વેપારીઓની સરકાર છે, તો વેપારીઓ પ્રમુખ બની શકતા હતા તો કાઢી નાંખી અને ખેડૂતોના પ્રતિનિધિની સંખ્યા વધારી અને ખેડૂતને જ આનો પ્રમુખ બનાવી શકાય એવો નિયમ

કર્યો. આ રાજ્યની અંદર કુલ ૨૨૪ બજાર સમિતિઓ અસ્તિત્વમાં છે અને એમાં ૨૧૧ મુખ્ય યાર્ડ અને ૧૯૩ સબયાર્ડ મળી કુલ ૪૦૪ યાર્ડ અસ્તિત્વમાં છે. એમાં આદિવાસી વિસ્તારની પણ બજાર સમિતિઓ છે, આ વ્યવસ્થાના કારણે ગુજરાતના ખેડૂતોને એમના રહેઠાણની નજીક જ બજાર સમિતિઓ હોવાના કારણે એમને દૂર જવું પડતું નથી અને એના કારણે ગુજરાતના ખેડૂતોને સવલત મળે છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં પ્રશ્નોત્તરીમાં પણ એક વાત કરી હતી કે અમારું ચાણસ્મા માર્કેટ બંધ હતું, લોકો અપપ્રચાર કરે માર્કેટ બંધ થઇ જાય છે, શ્રી કીરીટભાઇએ દાખલો પણ આપ્યો અને હું પણ દાખલો આપું છું. અમારું ચાણસ્માનું માર્કેટ બંધ હતું અને આ સરકારમાં ચાલુ થયું અને અત્યારે ધમધમે છે. હું માનનીય મંત્રીશ્રીને અભિનંદન આપું છું કે, આ બજારને સુદૃઢ બનાવવા માટે સરકારે કિસાન કલ્પવૃક્ષ યોજના અમલમાં મૂકી અને એમાં રાજ્યની બજાર સમિતિઓમાં પાયાની સુવિધા ઊભી થાય અને આધુનિક સુવિધાઓ ઉત્પન્ન થાય તેવું આયોજન કરી અને છેલ્લાં પાંચ વર્ષમાં ૧૪૬ બજાર સમિતિઓને રૂપિયા ૧૨૮૯૧.૪૨ લાખ જેટલી રકમ સહાય તરીકે ચૂકવવામાં આવી છે. જેમાં આદિવાસી વિસ્તારની બજાર સમિતિઓને, જે પ્રોજેક્ટમાં ૫૦ ટકા હોય તો આદિજાતી વિસ્તારમાં ૭૫ ટકા જેટલી સરકાર સહાય કરે છે. બીજી જરૂરી સુવિધાઓ ઊભી કરવા માટે ૨૫ ટકાથી લઇને ૧૦૦ ટકા સુધીની સહાય બજાર સમિતિઓને કરવામાં આવે છે એમાં છેલ્લાં પાંચ વરસમાં ૧૦૫ બજાર સમિતિઓને ૨૯૬૨.૮૨ લાખ રૂપિયા જેટલી રકમ ચૂકવી છે જે આપણા માટે ગૌરવની વાત છે. માનનીય અધ્યક્ષશ્રી, આપણે જોયું કે ખેડૂતોને નુકસાન ન થાય તેટલા માટે આ સરકાર પ્રયત્ન કરી રહી છે. આભાર.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત(થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી આજના બજેટમાં રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગની માગણી નંબર-૯૮ માં મારા મંતવ્યો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જેમ જેમ ભારતીય જનતા પાર્ટીની સરકારના વર્ષો વધતા જાય છે તેમ તેમ ગુજરાતમાંથી રમતગમતના પણ દિવસો ઓછાં થતાં જાય છે, આજે ગુજરાતની અંદર દરેક તાલુકામાં જોઇએ તો છેલ્લાં પચ્ચીસ વરસમાં કેટલા સ્પોર્ટ્સ કોમ્પલેક્ષ બનાવ્યા? છેલ્લાં કેટલા વરસોમાં કેટલા ટાઉનહોલ બનાવ્યા?, કેટલા રંગમંચ બનાવ્યા? રંગમંચ બન્યા હશે તો એ *(XXX) બની ગયા છે. કારણ કે સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ધીરે ધીરે બંધ થતી જાય છે અને આજના બજેટમાં પણ જોવામાં આવે તો ક્યાંય એવું કહેવામાં નથી આવ્યું કે નવા સ્પોર્ટસ કોમ્પલેક્ષ આટલા બનાવીશું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારતની અંદર અલગ અલગ રાજ્યોની અંદર સ્પોર્ટસ ઉપર ખૂબ ધ્યાન આપવામાં આવે છે. હરિયાણા, પંજાબ, દિલ્હી, રાજસ્થાન, મધ્યપ્રદેશ આ બધા રાજ્યોની અંદર યુવાનોને સ્પોર્ટસમાં આગળ મોકલવા માટે થઇને ઘણાં બધાં કામ થઇ રહ્યાં છે તેની સામે ગુજરાતમાં, ગુજરાતના યુવાનોને કદાચ ખેલ મહાકુંભ કરીને કંઇક કાર્યક્રમો કરતા હશે પણ ખરા અર્થમાં ગુજરાતના યુવાનોને સારામાં સારા મેદાનો બનાવીને આપ્યા હોય કે દરેક પ્રવૃત્તિ એક જ જગ્યાએ થઇ શકે એવા જીમખાના દરેક તાલુકામાં બનાવી આપીએ, એવું ક્યાંય આ બજેટની અંદર આયોજન કરવામાં આવ્યું નથી. આજે સ્કૂલોની અંદર જોઇએ તો રમતગમતના શિક્ષકો આપને એ સમય યાદ હશે કે રમતગમતના સ્પોર્ટસના ટીચરો પણ સ્કૂલોમાં હતા આજે નવી ભરતીઓ થાય તેમાં કયાંય સ્પોર્ટસના ટીચરોની ભરતી કરવામાં આવતી નથી. આજે બીજા રાજયોમાં સ્પોર્ટસની અંદર કોઇ નેશનલ લેવલે કે બીજા રાજયમાં કે દેશમાં જઇને નંબર લઇને આવ્યા હશે, મેડલ લઇને આવ્યા હશે તેને સરકારી નોકરીઓમાં એક મહત્ત્વની જગ્યા કલાસ-૧, કલાસ-૨ પછી તે રેલ્વે હોય કે બેન્ક હોય તેને અલગ અલગ ખાતામાં નોકરી આપવામાં આવે છે. તેની સામે ગુજરાતની અંદર કોઇ પણ નેશનલ લેવલે રમેલો ખેલાડી હશે કે ઇન્ટરનેશનલ લેવલે રમેલો ખેલાડી હશે કયાંય તેમને મહત્ત્વ આપવામાં આવતું નથી. આજે પંજાબ અને હરિયાણા જેવા બીજા રાજયો કરોડોની ઇનામની રકમ જાહેર કરે છે કોઇ ખેલાડી ઇન્ટરનેશનલ રમતમાં રમી આવ્યો હોય તો તેને આપવામાં આવે છે પણ ગુજરાતની અંદર તેના પ્રત્યે ઓરમાયુ વર્તન કરવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ખાસ કરીને હું તો મંત્રીશ્રીને કહેવા માગું છું કે, અમે તો બનાસકાંઠા અને એમાંય સૌથી સરહદી વિસ્તારમાંથી આવીએ છીએ, ત્યારે અમારા સરહદી વિસ્તારની અંદર દરેક તાલુકાની અંદર સ્પોર્ટસના કોમ્પલેક્ષો બને જેના કારણે અમારા યુવાનોની જયારે આર્મી કે બીએસએફની કે બીજી ભરતીઓ થતી હોય અને તેમાં તે જવા માગતા હોય તો ટ્રેનિંગ લઇ શકે. ખાસ કરીને ટાઉન હોલ એક થરાદ જેવા છેવાડાના પંથકમાં ટાઉન હોલ બને, સ્પોર્ટસ કોમ્પલેક્ષ બને એવી કયાંક આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવે કે દરેક તાલુકામાં સ્પોર્ટસના કોમ્પલેક્ષો બનવા જોઇએ જેના કારણે વિદ્યાર્થીઓનું, આવનારા ગુજરાતના ભવિષ્યનું સારું ઘડતર થાય. સ્કૂલોની અંદર, કોલેજોની અંદર સ્પોર્ટસના ટીચરોની ભરતી થાય. અત્યારે હજારોની સંખ્યામાં સ્પોર્ટસના ટીચરો રોજગારીની રાહ જોઇને બેઠાં છે તેમ છતાં આજે કેમ તેમની અવગણના કરવામાં આવે છે. સરકારની બધી ભરતીઓ જાહેર કરવામાં આવી પણ કયાંય સ્પોર્ટસ ટીચરોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. પ્રવાસી શિક્ષકો તે એક શોષણ છે અને દરેકને કાયમી નોકરી મળે તેનું આયોજન થવું જોઇએ. આપણે બધા સ્કૂલોમાં ભણ્યા છીએ દરેક જગ્યાએ સ્પોર્ટસના શિક્ષકો હતા, ચિત્રના શિક્ષકો હતા પણ આજે ભરતીઓ બિલકુલ બંધ કરી દેવામાં આવી છે તો વધુમાં વધુ સ્પોર્ટસ કોમ્પલેક્ષ, ટાઉન હોલ, રંગમંચો દરેક તાલુકામાં બનવા જોઇએ અને સ્પોર્ટસના શિક્ષકો ચાહે યુનિવર્સિટીઓમાં હોય કે કોલેજોમાં

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

હોય કે સ્કૂલોમાં હોય દરેક જગ્યાએ સ્પોર્ટસને બીજા રાજયો જેમ મહત્ત્વ આપે છે તેમ ગુજરાતમાં પણ આપવામાં આવે એવી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને રજૂઆત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારે અન્ન અને નાગરિક પુરવઠામાં પણ એક મંતવ્ય આપવું છે કે કોરોના કાળ દરમિયાન દરેક જગ્યાએ દાળ આપવામાં આવી હતી તેમાં બનાસકાંઠામાં પણ  દાળ આપવામાં આવી હતી. જે દાળ મોકલવામાં આવી હતી તેના સેમ્પલ બે થી ત્રણ વખત રિજેકટ કરવામાં આવ્યા. તેમ છતાં વારંવાર એકની એક દાળ મોકલવામાં આવે છે. જે રિજેકટ દાળ છે તે વારંવાર સપ્લાય કરવામાં આવે તો આવી તકલાદી દાળથી લોકોના આરોગ્ય સાથે ચેડાં ના થાય તેનું પણ ધ્યાન રાખવામાં આવે.

શ્રીમતી મનીષા વકીલ(વડોદરા શહેર) : માનનીય અધ્યક્ષશ્રી, અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકોની માગણી માનનીય મંત્રીશ્રી જે લઇને આવ્યા છે તેમા હું મારું સમર્થન આપી મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, જયારથી ભારતીય જનતા પાર્ટીની સરકાર આવી છે ત્યારથી સામાજીક રીતે તો બધીજ સુરક્ષા વધી જ છે સાથે સાથે ગ્રાહક પણ સુરક્ષિત થયા છે. ભારતીય જનતા પાર્ટીની સરકારનો મંત્ર છે "**ગ્રાહક દેવો ભવ**" એટલે કે ગ્રાહકને દેવ જેવુ માન આપીને ગ્રાહક છેતરાય ના જાય તેની ચિંતા કરી એની સલામતી વધે તેના માટે પગલાં લેવા અને તેના માટે મારી આ વાત મૂકવી છે હું બારકોડ રેશનકાર્ડની વાત કરવા માગું છું તે કોમ્પ્યુટરાઇઝ રેશનકાર્ડ થઇ ગયા છે અને જેના કારણે રાજયમાં ભૂતિયા કાર્ડ બંધ થયા છે. માત્ર ભૂતિયા કાર્ડ જ નહીં પણ આ વખતે તાલુકા, જિલ્લા પંચાયત, નગરપાલિકા અને કોર્પોરેશનમાં જે *(XXX) હતા તે લોકોને પણ આપણી ગુજરાતની પ્રજાએ દૂર કર્યા છે.

અધ્યક્ષશ્રી : આ *(XXX) શબ્દ કાઢી નાંખવામાં આવે છે.

શ્રીમતી મનીષા વકીલ : માનનીય અધ્યક્ષશ્રી, ટ્રાન્સપરન્સીની વાત આવે ત્યારે મારે કહેવુ છે જિલ્લાવાર, તાલુકાવાર વાજબી ભાવોની દુકાનમાં જે રેશનકાર્ડ હોલ્ડરનાં નામ, કાર્ડના પ્રકાર, કુટુંબની સંખ્યા અને તેઓને મળવાપાત્ર અનાજ આ તમામની માહિતી રાજય સરકારની વેબપોર્ટલમાં ઉપલબ્ધ છે. આ માહિતીના લીધે ગ્રાહકોને લોકેટ કરવામાં આવે છે. જેથી કરીને ગ્રાહકો જે પણ ગામમાં વસેલા હોય તેઓની માહિતી લઈ અને અનાજ પહોંચાડવામાં આવે છે. આવા ૧૩ હજાર ઈ–ગ્રામ સેન્ટર ખોલવામાં આવ્યાં છે. આ પોર્ટલમાં દુકાનદારો પાસે આવક અને જાવક એ બંને જથ્થાની વિગતો ઉપલબ્ધ હોય છે. આ વ્યવસ્થાના લીધે પહેલાં જે ગેરરીતિ થતી હતી એ હવે બંધ થઈ છે. ગ્રામ્ય વિસ્તારમાં રહેતી મારી બહેનો લાકડા વાપરીને ચૂલા ઉપર જમવાનું બનાવે અને ચૂલાને લીધે ઉત્પન્ન થતાં ધુમાડાથી ટી.બી. અને અસ્થમા જેવી બિમારીથી મુક્તિ અપાવવા બી.પી.એલ. કેરોસીન કાર્ડ ધારકોને ભારત સરકારની ખૂબ લોકપ્રિય અને આપણા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની મહત્ત્વકાંક્ષી યોજના પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના દ્વારા સબસિડીના માપદંડો મુજબ ગેસ જોડાણ પૂરું પાડવામાં આવે છે. આ યોજનાનો લાભ ૨૨ હજારથી વધુ કુટુંબોને એલ.પી.જી. અને પી.એન.જી. જોડાણથી આપવામાં આવે છે. કોરોનાકાળમાં લોકડાઉનના લીધે કામ–ધંધા બંધ થઈ ગયા હતાં. સ્વાભાવિક છે કે ગરીબ માણસો રોજની કમાણી પર નભતા હોય, રોજ કમાઈને રોજ જમતાં હોય ત્યારે તેઓને મુશ્કેલી પડતી હતી. આવા સમયે આપણા સંવેદનશીલ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ દ્વારા ત્વરિત નિર્ણય કરીને બી.પી.એલ. કાર્ડવાળાને તો અનાજનો જથ્થો મળ્યો જ હતો, પરંતુ એ.પી.એલ. કાર્ડધારકોને પણ આ અનાજનો જથ્થો પૂરો પાડવામાં આવ્યો હતો. હમણાં માનનીય શૈલેષભાઈ કહેતાં હતાં કે, એક મરક્યુરીથી ખબર પડે કે આ વિભાગના લીધે સરકાર કેટલી ચાલે છે પણ મારે તો એટલું જ કહેવું છે કે, પ્રજા આ વિભાગના લીધે જ ખુશ થઈ અને તાલુકા, જિલ્લા, કોર્પોરેશન અને નગરપાલિકાની ચૂંટણીમાં આ પારદર્શકતાના લીધે જ ભારતીય જનતા પાર્ટી બહુમતીથી ચૂંટાઇને આવી છે. એવું કહેવાય છે કે પાણી પાવાથી પાંચ ફળ મળે છે, છાશ પાવાથી છ ફળ મળે છે પણ અન્ન પાવાથી અનેક ફળ મળે છે, પણ જો મનથી અપાય તો. આ ભારતીય જનતા પાર્ટીની સરકારે મનથી ગરીબોની સેવા કરી છે. બી.પી.એલ. કાર્ડના લગભગ ૬૪ લાખ અને એ.પી.એલ. કાર્ડના લગભગ સાડ ત્રણ લાખ લોકોને અનાજ આપીને સેવા કરી છે. હમણાં શ્રી શૈલેષભાઈ એમ કહેતાં હતાં કે ગુજરાત સમૃધ્ધ અને સંપન્ન છે એમ કહેવામાં આવે છે. મારે કહેવું છે કે, ગુજરાત એક સુખી, સંપન્ન અને સમૃધ્ધ રાજ્ય છે જ એટલે જ કહ્યું છે. અહીંના કોઈ પણ શ્રમજીવીઓ બીજા રાજ્યમાં ગયા ન હતા અને અન્ય રાજ્યના શ્રમજીવીઓ ગુજરાતમાં કામકાજની શોધમાં આવીને રહે છે. ૬ લાખ જેટલા પરપ્રાંતીયોને આપણે અનાજ પૂરું પાડ્યું છે. આ રાહત દરનું અનાજ ડાયવર્ટ ન થઈ જાય એ માટે પણ પૂરી વ્યવસ્થા કરવામાં આવી છે. પારદર્શકતા વધે તે માટે સરકારના ગોડાઉનથી દર માસે વ્યાજબી ભાવની દુકાન સુધી અનાજના જથ્થાની ડોરસ્ટેપ ડિલિવરી કરવામાં આવે છે. અગાઉ વ્યાજબી ભાવની દુકાનોના સંચાલકો દ્વારા ટ્રાન્સપોર્ટનો ખર્ચ ઉપાડવામાં આવતો હતો. હવે આ ટ્રાન્સપોર્ટનો ખર્ચ પણ સરકાર ઉપાડે છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩નો અમલ થતાં ડોરસ્ટેપ ડિલિવરી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ૫૦ ટકા રાજ્ય સરકાર અને ૫૦ ટકા કેન્દ્ર સરકાર દ્વારા ઉપાડવામાં આવે છે. જે માગણી મંત્રીશ્રી લઈને આવ્યા છે તેમાં હું મારી સંમતિ આપું છું.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી, સહાકાર, નાગરિક પુરવઠા, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉપર જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. દરેક માણસ ભુખ્યો ન સુવે તેની ચિંતા અગાઉની અમારી યુ.પી.એ. સરકારે પણ કરી હતી. ગુજરાત સરકારે રાષ્ટ્રીય અન્ન સલામતી સમિતિ કાયદો–૨૦૧૩નો લગભગ વર્ષ ૨૦૧૬માં એટલે કે અઢી–ત્રણ વર્ષ પછી અમલ કર્યો. રાજ્યમાં જે તે વખતે બી.પી.એલ. કાર્ડધારકોને અનાજ આપતા હતા. પણ હવે બી.પી.એલ., એ.પી.એલ. અને અંત્યોદય ત્રણે ત્રણને આપણે અનાજ આપીએ છીએ અને એના કારણે એની સંખ્યા લગભગ ત્રણ કરોડ ત્યાસી લાખ જેટલી થાય છે. આમાંયે ખાસ જોગવાઇ છે કે, અનાજ કયાંથી ઉપાડીએ છીએ, કયાં મૂકીએ છીએ અને કયાં સપ્લાય થાય છે. એફસીઆઇમાંથી અનાજ ઉપાડીએ છીએ, જે તાલુકા લેવલે ગોડાઉનો છે ત્યાં જાય છે અને પછી ડોરસ્ટેપ ડિલિવરી જાય છે, જેથી આટલી સરસ વ્યવસ્થા છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી જાણે આખો વિભાગ ભ્રષ્ટાચારી હોય એવું આખા આ ગૃહમાં પણ મેં થોડા સમયથી જોયું કે જાણે એટલી બધી ખરાબ પરિસ્થિતિ  છે, આખુ તંત્ર જ ખરાબ થઇ ગયું છે. પણ કદાચ મને એમ લાગે છે કે, કયાંક જરૂર ફોલ્ટ હોઇ શકે એની તપાસ જરૂર થવી જોઇએ પણ એના લીધે આખુ તંત્ર ખરાબ છે, એવી વાત આવે એ આપણા બધા માટે ખરાબ છે, હું એમ સમજુ છું એટલે જરૂર એની તપાસ કરો. જે કોઇ યોગ્ય હોય તેની તપાસ કરીને એનું નિરાકરણ કરો પણ સાથે સાથે નિર્દોષ માણસો પણ કયાંક સલવાઇ ન જાય એવી પણ મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, પહેલા તો એક રૂપિયો તેલમાં વધતો હતો, પાણીમાં પૂરી તળાતી હતી. આજે સાહેબ પરિસ્થિતિ એ થઇ ગઇ છે કે, ૧૫૦૦, ૧૬૦૦ રૂપિયે મળતું તેલ આજે ૨૫૦૦ રૂપિયે થઇ ગયું છે. આજે કોઇના પેટનું પાણી હલતું નથી, આ પરિસ્થિતિ થઇ ગઇ છે. ગેસનો ભાવ પહેલા ૩૫૦, ૩૮૦ રૂપિયે મળતો, આજે ૮૮૦ થઇ ગયો. આટલો બધો ભાવવધારો, હું સમજુ છું કે ભાવ વધારો હોઇ શકે, ન હોઇ શકે એવું નહિ, પણ એની પણ કંઇ મર્યાદા હોય છે કે જે સમાજ એ બાટલો ખરીદી પણ ન શકે. અત્યારે અમારા વિસ્તારોમાં તો પાછા લાકડા ભરાવી જવું પડે છે, આ પરિસ્થિતિ છે. પાછું કેરોસીન આપણે બંધ કર્યું છે એટલે આવા સંજોગોમાં કેરોસીન કદાચ પાછું મળે એવી પણ અમારી તો માંગણી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રમતગમત માટે પણ વાત કરવી છે. રમતગમતના જે મેદાનો છે એ પહેલાના સમયમાં મોટાભાગની સ્કૂલમાં પ્રાથમિક શાળાથી માંડીને માધ્યમિક શાળા, હાઇસ્કૂલો અને કોલેજો સુધી રમતગમતના મેદાનો હતા. દરેક છોકરાની એની કુશળતા હોય છે. એ કોઈ પણ બાબતમાં હોય છે, ભણવામાં જ હોય છે એવુ નહીં, રમતગમતમાં પણ એની કુશળતા હોય છે એટલે આવા જે છોકરાઓ છે એ ભણવામાં થોડાક નબળા હોય પણ રમતગમત ક્ષેત્રમાં તેઓ આગળ નીકળી જતા હોય છે. આવા છોકરાઓને માટે યોગ્ય રમતગમતની વ્યવસ્થા ન મળવાના કારણે આજે મુશ્કેલી એ થાય છે કે, એ લોકો આગળ વધી શકતા નથી. મારે એટલા માટે કહેવું છે કે, અમારા ત્યાં મારા ભિલોડા તાલુકામાં લુસડીયામાં બે છોકરીઓ નેશનલ લેવલે તિરંદાજીમાં ગોલ્ડ મેડલ લાવી છે. પણ એ છોકરીઓ માટે નહીં તો સરકાર તરફથી કોઇ સહાય મળી કે નહીં એના માટે કોઇ વ્યવસ્થા થઇ. એવું ને એવું હમણાં થોડા દિવસ પહેલા અમારા મેઘરજ તાલુકાના વાઘપુર ગામના એક શિક્ષક નેશનલ લેવલે ગોલ્ડ મેડલ લાવ્યા છે. હવે વાત એમ છે કે અમારા ત્યાંના જે છોકરા, છોકરીઓ છે એ ખરેખર ડુંગરોમાં રહે એના લીધે એ ખડતલ હોય છે પણ સવાલ એ છે કે એમના માટે વ્યવસ્થા હોવી જોઇએ, સરકાર તરફથી એનું કોચિંગ થવું જોઇએ. બીજી પણ રમતો છે જેમાં અમારો સમાજ ત્યાં આગળ આવી શકે એમ છે. ભૂતકાળમાં અમારી ઘણી બધી ગેમોમાં આગળ હતા, હવે એ વ્યવસ્થા નથી એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, એના માટે તમે કંઇક વ્યવસ્થા  કરો, રમતગમતના મેદાનો ઊભા કરો, તાલુકા લેવલે સ્પોર્ટસ કોમ્પલેક્ષ ઊભા કરો તો એનો લાભ લઇ શકશે. છેલ્લે સહકારી સંસ્થાઓમાં જે ભરતી થાય છે એમાં કોઇ વ્યવસ્થા નથી. મોટાભાગે એમના સગા–વ્હાલાઓ જ લેવાતા હોય છે અને એની કોઇ જાહેરાત થતી નથી. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે, એની જાહેરાત થવી જોઇએ, કોઇપણ ભરતી હોય, એક જગ્યા જ કેમ નથી હોતી પણ ભરતી માટે જાહેરાત થવી જોઇએ અને એના માટેની જે બંધારણીય જોગવાઇ છે, એસ.ટી., એસ.સી. ઓ.બી.સી. માટે અનામતની જોગવાઇ એનો પણ કવોટા હોવો જોઇએ અને અત્યાર સુધી જે ભરતી થઇ છે, તેની પણ આપ તપાસ કરો. કારણ કે, એમાં બેકલોગની પણ ઘણી બધી જગ્યા હશે, અત્યાર સુધી ભરાઇ નથી. આ જગ્યાઓની તપાસ કરી અને જેટલો બેકલોગ ખાલી છે એ જગ્યા ભરો, કારણ કે, સહકારી માળખામાં અમારો સમાજ કયાંય આગળ આવ્યો નથી, નથી એસ.ટી. કે એસ.સી.માં.

અધ્યક્ષશ્રી : માનનીય અરૂણસિંહ રણા, આપનું પ્રવચન પૂરુ થાય છે.

શ્રી અરૂણસિંહ અ. રણા(વાગરા) : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી અનુદાન માટેની માંગણીઓમાં મારા વિચારો રજૂ કરૂ છું. માનનીય અધ્યક્ષશ્રી, જયારે સહકારની વાત આવે ત્યારે હું કેટલાય સમયથી જોઇ રહ્યો છું કે કોગ્રેંસવાળા ભાઇઓ, આપણા મારા મિત્રો, એમ કહે છે કે, સહકારની અંદર વૈમનસ્ય રાખવામાં આવે છે. એ ખરેખર સત્યથી વેગળું છે. ખરેખર, સહકારિતાનો જો કોઇની પાસે સિદ્ધાંત હોય તો મને બરાબર ખબર છે કે, વર્ષ ૨૦૦૦ની અંદર હું જિલ્લા કોગ્રેંસનો પ્રમુખ હતો. હું આજે આ દિવસ એટલા માટે યાદ કરૂં કે, નવા મારા સદસ્યો, ધારાસભ્યોને આ વાતની ખબર હોય કે ન હોય. એક વાત કરીશ કે ડિસ્ટ્રિકટ બેન્કો દિવસે ને દિવસે પછી તે માધુપુરા બેંક હોય કે અન્ય બેન્કો હોય હું એવું માનું છું કે મરણ પથારીએ પડવાની પરિસ્થિતિ પર જઇ રહી હતી. નવ ડિસ્ટ્રિકટ  બેન્કો બંધ થાય તેવી પરિસ્થિતિ હતી, ત્યારે આ ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્ર મોદીજી ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના આજના ગૃહ મંત્રીશ્રી અમિતભાઇ શાહજી અને અમારા અહીં  બેઠેલા મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહજી હોય અને સ્વ.વિઠ્ઠલભાઇને યાદ કરવા પડે. સહકાર મંત્રી તરીકે શ્રી નીતિનભાઇને પણ એમાં રસ. તે વખતે

કેબિનેટની અંદર નિર્ણય કરેલો આપણે કોંગ્રેસ–ભાજપ ન કરવું. કોંગ્રેસ–ભાજપ કરીએ તો બેન્કોને મુશ્કેલી આવશે, થાપણોનું અહિત થશે અને એટલા માટે ભારતીય જનતા પાર્ટીએ સૌથી મોટી જો વાત હોય તો કોંગ્રેસનો પ્રમુખ હોવા છતાં કોંગ્રેસના તમામ લોકોને મદદ કરી હતી અને એમને મનથી એમને વિશ્વાસ પેદા કરીને એમની સાથે જવાની જે વેતરણ થઇ અને સૌનો સાથ અને સૌનો વિકાસ એક મંત્ર ઉપર ભારતીય જનતા પાર્ટીમાં અમે જોડાયા.

માનનીય અધ્યક્ષશ્રી, મને કહેતાં આનંદ થાય છે કે વર્ષ ૨૦૦૯–૧૦ માં સાત ટકાનું ધિરાણ શરૂ કર્યું. ત્યારે બે ટકા ગુજરાત સરકાર, બે ટકા કેન્દ્ર સરકાર અને ત્યારે સાત ટકા થયા. મારે આજે યાદ કરવી પડે રાજકોટ બેન્કને, વિઠ્ઠલભાઇને. તે વખતે એ બે ટકાએ આપતા હતા. ભરૂચ ડિસ્ટ્રિક્ટ બેન્ક પણ બે ટકાની ખેડૂતોને રાહત આપતી હતી. આ બેન્ક ત્યારે ચાલેલી છે. વિશ્વાસ અને વિશ્વસનીયતા, પ્રમાણિકતાને આગળ લઇ જવાનું કામ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરેલું છે. ફરીથી ગુજરાત સરકારના મનમાં વિચાર આવ્યો કે ત્રણ ટકા કેન્દ્ર સરકાર આપે મોદીજી, ત્રણ ટકા ગુજરાત સરકાર આપે પછી મનમાં વિચાર આવ્યો કે એક ટકો, તો ફરીથી ગુજરાત સરકારને વિચાર આવ્યો કે રાજ્ય સરકારના ચાર ટકા આપવાનું નક્કી કર્યું અને ઝીરો ટકાએ લોકોને આજે મળે છે. આને કહેવાય છે ખરેખર વિકાસ. રાજકારણમાં સત્ય અને અસત્યની લડાઇ ચાલતી હોય અને વિરજીભાઇ મારા કહે કે બેન્કોમાંથી રાષ્ટ્રીયકૃત બેન્કોમાં લોકો કેમ જાય છે. મારે આજે ગર્વ સાથે કહેવું છે કે ૬૫૦ કરોડ રૂપિયા ગુજરાતની અંદર અમારી ડિસ્ટ્રિક બેન્કો આપે છે. કોણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં જાય તેવા વ્યકિત કે જેને વધારે પૈસા જોઇતા હોય, એમાં ગુજરાત સરકાર શું કરે ભાઇ, ગુજરાત સરકાર કેવી રીતે આપી શકે? મોટા ખેડૂતોને એના માટે ગુજરાત સરકાર ભારતીય જનતા પાર્ટીની સરકાર હંમેશને માટે મોદીજીએ ગુજરાત સરકારની નીતિમાં, શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલની સરકારમાં કિસાનો માટે એમના બજેટમાં હંમેશને માટે વધારો કરતા આવેલા છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે આજે શ્રી વિરજીભાઇ આવી રહ્યા છે ત્યારે કહીશ કે શ્રી વિરજીભાઇ ખરેખર તમે આવ્યા તો સારું થયું, પણ રાષ્ટ્રીયકૃત બેન્કમાં કેમ જવું પડે એટલા માટે કે ખેડૂતો પોતે માને છોડીને માસી પાસે જાય તો આવું જ થાય. આ ખેડૂતોની પડખે સદા ઊભા રહેતા શ્રી વિજયભાઇ રૂપાણીની સરકારે આ વખતે એક હજાર કરોડ રૂપિયા બજેટમાં હતા, તેમાં ૧૩૨ કરોડનો વધારો હમણાં કરવામાં આવેલો. ત્યારે મિત્રો આજે મારે તમને વાત કરવી છે મારે તમને જવાબ નથી આપવાનો. તમે મનથી સમજો છો કે રોજ ધારાસભ્યો ઓછા થતા જાય છે, જિલ્લા અને તાલુકા પંચાયતોમાં ખૂબ મોટા પ્રમાણમાં અમારો વિજય થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતમાં અમૂલ પ્રોડકશનની વાત કરીએ તો ગુજરાત રાજયમાં શ્વેતક્રાંતિ અમૂલ પેટર્ન તરીકે ઓળખવામાં આવે છે. ત્રિસ્તરીય સહકારી માળખા ઉપર ગુજરાત કો–ઓપરેટીવ મિલ્ક ફેડરેશન રાજયમાં કામ કરે છે જેનું વાર્ષિક ટર્ન ઓવર ૪૪ હજાર કરોડ ઉપર થઇ ગયું છે. ગુજરાત દૂધ સહકારી પ્રવૃત્તિના નેજા હેઠળ આજે સમગ્ર ગુજરાતમાં સબસિડી આપવાનું કામ આ ભારતીય જનતા પાર્ટીની સરકાર કરી રહી છે. જિલ્લા સહકારી સંઘ હોય કે તાલુકા સહકાર સંઘ હોય કે ગોડાઉન હોય એના માટે કરોડો રૂપિયાની સબસિડી આપવાનું કામ આ ગુજરાત સરકાર કરી રહી છે. ટેકાના ભાવે મગફળી હોય કે સિંગતેલ હોય એનો સંગ્રહ કરવા માટે ગોડાઉન બનાવવા માટે સરકાર સબસિડી આપી રહી છે. આમ, ખેડૂતોનું હિત એ ગુજરાત સરકારનો મંત્ર છે સૌનો સાથ અને સૌનો વિકાસ. મેં મારા વિચારો આ સભાગૃહમાં રજૂ કર્યા છે.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર–પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ, અન્ન અને નાગરિક પુરવઠો અને ગ્રાહકોની બાબતોનો વિભાગ તથા રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ આમ ત્રણ જુદા જુદા વિભાગોની માગણી આ ગૃહ સમક્ષ જે તે વિભાગના મંત્રીશ્રી લઇને આવ્યા છે એમાં હું ટીકા–ટિપ્પણ કરવા માગતો નથી પણ મને એ દિવસો યાદ આવે છે કે જયારે લોકડાઉન પછી સરકારે નિર્ણય લીધો કે મંડળીઓમાં દુકાનોમાં દરેક ખેડૂતને દોઢ કિલો અને ત્રણ કિલો અનાજ આપવાનું નક્કી કર્યું. ભાજપનું શાસન છે એટલે સહકારી મંડળી હોય કે સસ્તા અનાજની દુકાન હોય એના ઉપર ભાજપના કાર્યકરોને બેસાડીને આપવામાં આવ્યું છે. આ સાચી વાત છે એટલે કહું છું. અમે આપીએ છીએ એ આખરે તો સરકારનું અનાજ હતું. સરકાર કોંગ્રેસની હોત તો પણ આ કામ કરત અને ભાજપની હોત તો પણ તમારે એ કામ કરવું પડત, પરંતુ નામ કમાવા માટે તમે તમારા માણસો બેસાડીને વિતરણનું કામ કરવામાં આવ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, પેટ્રોલ ડીઝલના ભાવ આસમાને ગયા છે તેમ છતાં કોઇ બોલતું નથી. સિંગતેલના ભાવ આસમાને ગયા છે. સત્તા પક્ષવાળા વિપક્ષમાં હતા એમાંના બે ત્રણ મિત્રો આજે પણ છે. તેલના ભાવ તે વખતે દસ રૂપિયા વધે તો ડબ્બો ખખડાવતા હતા અથવા તેલની શીશી આ હાઉસની અંદર લઇને આવતા હતા તથા થાળીઓ ખખડાવતા હતા, પરંતુ આજે જયારે આટલા બધા ભાવ વધ્યા ત્યારે એને રોકવા માટે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ શું કરી રહ્યો છે એ અમને સમજાતું નથી. એની પાસે એન્ફોર્સમેન્ટ વિભાગ છે એણે કેટલા દરોડા પાડ્યા, કેટલી મિલો ઉપર દરોડા પાડ્યા એમાં કેટલો માલ જપ્ત કર્યો, એણે જો દરોડા પાડ્યા હોત તો પણ અમને ખબર પડત. આજે તેલીયા રાજાઓનું રાજય ચાલે છે. સસ્તા અનાજની દુકાનોમાંથી અનાજ આપવામાં આવે છે. માર્ચ મહિનામાં દુકાનદારના પૈસા ભરાયા. એપ્રિલ મહિનામાં લોકડાઉન થયું. સરકારે હુકમ કર્યો કે મફત અનાજ આપવું. જે તે દુકાનદારોએ પૈસા ભરેલા એ પૈસા સરકારે રીફ્રંડ કરવા જોઇએ. કેટલીક દુકાનોના પૈસા હજુ રીફ્રંડ થયા નથી. આ સરકારની જાણ માટે ધ્યાને લાવું છું કે આખા રાજ્યમાં જ્યાં જ્યાં આવા સસ્તા અનાજની દુકાનવાળાના પૈસા રીફ્રંડ કરવાના બાકી હોય તે ઝડપથી કરો.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, અમારા આદિવાસી વિસ્તારમાં લોકો ઘઉં ઓછા ખાય છે એટલા માટે બરછટ અનાજ આપો. મકાઇ, જુવાર જેવું અનાજ જો તમે ખરીદીને આપતા હો તો આપો. અત્યારે આદિવાસી વિસ્તારમાં મકાઇનો મબલખ પાક છે. સરકાર જો ખરીદી લેતી હોય તો ખેડૂતોને ભાવ પણ મળશે અને લોકોને અનાજ મળશે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રમતગમત મંત્રીશ્રીને કહેવું છે. અમારે ત્યાં આદિવાસી વિસ્તારમાં તાલુકા કક્ષાનું, જિલ્લા કક્ષાનું સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ બનાવવા માટેની દરખાસ્ત સરકારમાં આવીને પડી છે. વિચારણા હેઠળ છે. આદિવાસી યુવાનોની કલા, શક્તિ પ્રદર્શિત કરવી હોય તો તેના માટે કોચિંગની જરૂર છે. ત્યાં છોટા-ઉદેપુરમાં અમને એક સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ મળે એવી માગણી કરું છું. કાલે ક્રિકેટની વાત ચાલતી હતી. ક્રિકેટમાં રમતા હતા ત્યારે ત્યાંના આઠ આદિવાસીઓ ક્રિકેટ જોવા માટે આવ્યા હતા. માનનીય મંત્રીશ્રીએ એવું કહ્યું કે કોઇ આદિવાસીઓ જોયા નહીં. પાછળથી એમણે માફી પણ માગી પણ અમારો નિનાદ રાઠવા રણજી ટ્રોફીમાં ક્રિકેટ રમે છે અને ધૂમ મચાવે છે. એવા નિનાદ રાઠવાને પણ સરકાર પ્રોત્સાહન આપીને આગળ વધારે એવી અપેક્ષા રાખું છું. ઘોઘંબાની અમારી આદિવાસીની દીકરી તિરંદાજીમાં. મારે અભિનંદન આપવા પડે. અમારે ત્યાં નસવાડીમાં તિરંદાજીની એક એકેડેમી થઇ. એ એકેડેમી થકી આખા દેશમાં આદિવાસીઓ છવાયેલા છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ(ચોર્યાસી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી સભાગૃહમાં અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની માગણીઓ લઇને આવ્યા છે તેમાં હું મારા વિચારો રજૂ કરું છું અને મારું સમર્થન આપું છું.

''અન્નદાન એ તો મહામૂલ્ય સંસ્કાર છે. કાર્યકર્તાઓ સૌ એના માટે તૈયાર છે.
થતી રહેશે અવિરત લોકોની સેવાઓ, જ્યાં સુધી અહીંયા ભાજપાની સરકાર છે.''

માનનીય અધ્યક્ષશ્રી, આપણાં લોકલાડીલા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે જે ઉમદા વિચારોને આકાર આપ્યો છે, વન નેશન-વન રાશનકાર્ડ યોજના. જેના થકી ગુજરાતના કોઇ પણ જગ્યાએ રહેતા લોકોને ગમે તે જગ્યાએ નોંધણી કરાવે. ત્યાંથી કદાચ એ લોકો શિફ્ટ થાય અને બીજી જગ્યાએથી અનાજ મેળવવું હોય તો એ લોકો બીજી સસ્તા ભાવની અનાજની દુકાનેથી પણ અનાજ મેળવી શકે છે. આનો લાભ આપણા બીજા રાજ્યમાં રહેતા પરપ્રાંતીયોને પણ મળશે. ત્યારે આપણે કઇ રીતે ભૂલી શકીએ ૨૦૨૦નું વર્ષ. કોરોના મહામારીમાં ગયા વર્ષનો દાખલો આપણી પાસે તાજો છે. જ્યારે ગરીબ અને સામાન્ય પરિવારના લોકોને જમવાની તકલીફ પડતી હતી, ત્યારે મારા પરપ્રાંતિયોને ભડકાવીને વિપક્ષના નેતાઓ ગરીબોને ગેરમાર્ગે દોરતા હતા કે પોતાના વતન ચાલ્યા જાવ. મારે વિપક્ષના નેતાઓને કહેવું છે કે આ કોઇ નેતાગીરી કરવાનો સમય ન હતો. આ માણસાઇ બતાવવાનો સમય હતો. એમની સાથે રહીને એમને મદદ કરીને પૂણ્ય કમાવાનો સમય હતો. આ મહામારીના સમયમાં જે લોકોએ એમની સાથે રહીને, તેમની પડખે ઊભા રહીને મદદ કરી છે તેના લીધે જ આજે ગુજરાતમાં આ સરકાર બની છે.

''લોકડાઉનમાં લોકો ડાઉન ન થાય એનું ધ્યાન રાખ્યું હતું,
માસ્ક, સેનીટાઇઝની સાથે સાથે અનાજ પણ પહોંચાડયું હતું. ''

માનનીય અધ્યક્ષશ્રી, મારે આપણા મુખ્યમંત્રીશ્રી માનનીય વિજયભાઇ રૂપાણીસાહેબનો અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો આભાર માનવો છે કે તેઓએ જે એ.પી.એલ. અને બી.પી.એલ. કાર્ડ ધારકો સિવાય એવા લાખો પરિવાર છે જે લોકો પાસે કાર્ડ ન હતા એવા પરપ્રાંતીયોને પણ એક, બે વખત નહીં પણ છ-છ વખત અનાજ પહોંચાડીને ખૂબ મોટી રાહત આપી છે. હું આભાર માનવા માગું છું અમારા સુરત કલેકટરશ્રી ડો. ધવલભાઇ પટેલનો પણ કે જેમણે આવા પરપ્રાંતિયોને અમારા એક જ ફોને અલગ અલગ વિસ્તારોમાં લાખો કીટ આપીને લાખો પરિવારને મદદ કરી. અમારી ભા.જ.પા.ની સરકાર જયારે લોકોના પેટની અને આરોગ્યની કાળજી રાખતી હતી, ત્યારે વિપક્ષના નેતાઓ એ લોકોને ભડકાવીને જયારે એમના ગામ મોકલ્યા, એ લોકો ગમે તેમ કરીને તેમના ગામે જાય છે, અને ત્યારે જે પરિસ્થિતિ સર્જાય છે એ આ સભાગૃહમાં મને કહેતા દુઃખ થાય છે કે એ લોકો જે રીતે કેટલાય દિવસો પછી પોતાના વતન જાય છે અને માત્ર બે કે ત્રણ દિવસમાં જ એમના ફોન આવવા લાગે છે કે, **मेडम, हम लोगों को वापिस बुला लीजिये, यहॉ पर कोई व्यवस्था नहीं, यहॉ कोई खाना खिलाने वाला नहीं है, हम लोगों को टिकिट भिजवाइए, हमें वापिस गुजरात आना है क्योंकि आप लोगों की सरकार ने जो किया है वो हमारी सरकार नहीं कर रही हैं ।** ગુજરાતમાં આ જે ગરીબ લોકોના આશીર્વાદ મળ્યા છે, એ જે લોકોને મદદ કરી છે તેના આશીર્વાદના આધારે સરકાર બની છે. રાજય સરકાર દ્વારા જન્માષ્ટમી અને દિવાળીના તહેવારો નિમિત્તે અંત્યોદય અને બી.પી.એલ. કાર્ડ ધારક ૩૫ લાખ કુટુંબોને અન્ન સુરક્ષા હેઠળ ૭૦ લાખ કુટુંબોને તેલ આપવામાં આવે છે તેના માટે રૂપિયા ૭૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ગેસ સિલિન્ડર વિહોણા ૩ કરોડ અને ૧૨ લાખ લાભાર્થીઓને ગ્રીન એન્ડ કલીન ફયુઅલ સર્વીસ આપવા માટે રૂપિયા ૫૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. હું અંતમાં એટલું જ કહીશ કે, ''ભૂખ્યા પેટે કોઇએ સૂવું નહીં પડે, કોઇ બચ્ચું ભૂખ્યું રડે નહીં, સેવાઓ તો અમારા મૂળ સંસ્કાર છે, કાર્યકર્તાઓ મરે પણ વચનથી ફરીએ નહીં એ અમારી ભા.જ.પ.ની સરકાર છે''.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય સહકાર મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. સહકારી પ્રવૃત્તિએ રાજયના ગરીબ, છેવાડાના માનવીને મદદ કરવા માટેનું

એક મોટામાં મોટું સાધન છે, ત્યારે સહકારી પ્રવૃત્તિમાં જેટલાં પણ નાણાં માગે એ આપવા જોઇએ કારણ કે હું સરકારી જીવ છું અને હું જિલ્લા અને તાલુકાની તમામ સંસ્થાઓમાં ચેરમેન અને ડાયરેકટર તરીકે છેલ્લાં ૨૫ વર્ષથી લોકોની સેવા કરું છું. આમ પ્રજાને જો મદદ કરવી હોય તો સહકારી પ્રવૃત્તિને વધુમાં વધુ મજબૂત બનાવવી જોઇએ તેવું મારું માનવું છે. સહકારી પ્રવૃત્તિમાં ખાસ કરીને માનનીય મંત્રીશ્રીને મારું નમ્ર સૂચન છે કે, તાલુકા ખરીદ વેચાણ સંઘો, જિલ્લા ખરીદ વેચાણ સંઘોને કેમ મજબૂત બનાવવાની જરૂર છે કારણ કે હું તાલુકા ખરીદ વેચાણ સંઘનો ચેરમેન છું અને મારા ગોડાઉનમાં ખાતર પડયું હોય ત્યારે પ્રાઇવેટવાળા ભાવ ઉંચો લે નહીં, ખેડૂતોનું શોષણ કરે નહીં, પણ જે દિવસે તાલુકા ખરીદ વેચાણ સંઘ અને જિલ્લા ખરીદ વેચાણ સંઘમાં ખાતર ખલાસ થયું એના બીજા દિવસે પ્રાઇવેટવાળા ૨૦૦, ૩૦૦, ૫૦૦ રૂપિયા સુધી કાળાબજાર કરે છે. ત્યારે આવી સહકારી સંસ્થાઓને ગોડાઉનોની સગવડ માટે મોટામાં મોટું યોગદાન એ છે કે એના બજેટની જોગવાઇ કરવી જોઇએ. દૂધનું ઉત્પાદન છે તો દૂધમાંથી બનતી બનાવટ માટે સહકારી ડેરીઓને પોતાના કોલ્ડ સ્ટોરેજ આપવા જોઇએ કે એને બીજે ભાડે મૂકવા ના જવું પડે, ભટકવું ના પડે. છેલ્લી વાત કરું તો ખાસ કરીને પ્રાઇવેટ કોલ્ડ સ્ટોરેજોમાં જ્યારે અમારા વેપારીઓ અને ખેડૂતો બટાકા મૂકવા જાય, શાકભાજી મૂકવા જાય ત્યારે પ્રાઇવેટ કંપનીઓ તેને હાયર કરી લે છે અને ખેડૂતોને રોડ ઉપર બટાકા અને શાકભાજી ફેંકવા પડે છે ત્યારે મારું સૂચન છે કે વધુને વધુ સહકારી ધોરણે કોલ્ડ સ્ટોરેજ બનાવવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગૃહમંત્રીશ્રીને મેં વિનંતી પણ કરેલી, હું નાગરિક બેન્કમાં પૂર્વ ચેરમેન પણ હતો. એની સામાન્ય સભા હતી એમાં કેટલાક લેભાગુ લોકો પૈસા નહીં ભરવાના કારણે, બેન્ક સાથે અભદ્ર વ્યવહાર કરવાના કારણે, મેનેજર સાથે વારંવાર ઝઘડા કરવાના કારણે બેન્કની આબરુને ધક્કો લાગે એવી પરિસ્થિતિ થઇ ત્યારે ચેરમેન તરીકે ફરિયાદ કરી. બોર્ડની મિટિંગ બે-ત્રણ વખત બોલાવી અને આવા લોકોને સભ્યપદેથી દૂર કર્યા. આ બાબતની ફરિયાદ અમે પોલીસ સ્ટેશને આપવા ગયા ત્યારે, મેનેજરે જે ફરિયાદ આપી છે એ બધાની નકલ મારી પાસે છે. તેમ છતાં બેન્ક મેનેજર અને એકાઉન્ટન્ટ સાથે અભદ્ર વ્યવહાર ભારતીય જનતા પાર્ટીના ચૂંટાયેલા જિલ્લા પંચાયતના અને તાલુકા પંચાયતના સદસ્યો, એ શબ્દો સાંભળીએ તો કાનમાંથી કીડા પણ ખરી પડે એવા વિડિયો મારી પાસે છે. જો આપ કહો ત્યારે હું રજૂ કરી શકું એમ છું. પણ *(XXX) એ હાલત થઇ છે. હું એ બેન્કનો ચેરમેન હોઉં, આ ગૃહનો સભ્ય હોઉં, હું બેઆબરું હોઉં, એવી ફરિયાદ મારી સામે થાય. લૂંટફાટ, ધાડ, મારામારી, ૧૨ હજાર રૂપિયા હું લૂંટવા માટે ગયો હતો એવી ફરિયાદ મારી સામે રેકર્ડ થાય ત્યારે શરમની વાત છે કે એક ધારાસભ્ય સામે, હું ચોક્કસ કહીશ કે હું ૫ હજાર મણ ઘઉં પકવું છું. બટાકા પકવું છું. કોલ્ડ સ્ટોરેજ ધરાવું છું. હું મોટો ખેડૂત છું. ઇન્કમ ટેક્સ પણ મારો જોઇ શકો છો. મોટામાં મોટા ૧ થી ૧૦ માં આવતા પૈકીનો હું છું તેમ છતાં મારી સામે ૧૨ હજાર રૂપિયાની લૂંટ અને ચેન સ્નેચિંગની ફરિયાદ દાખલ થાય ત્યારે શરમથી મારું માથું ઝૂકી જાય છે. માનનીય ગૃહમંત્રીશ્રીએ મને ખાતરી આપી છે કે આવું કાંઇ થાય નહીં. પણ દબાણને વશ થઇ, જ્યારે મારા મેનેજર કહેવા ગયા, મારે કોઇ જ લેવાદેવા ન હતી. હું જ્યારે બેન્કમાં ચેરમેન તરીકે બેઠો ત્યારે લોકોએ જે વિશ્વાસ બેન્ક ઉપર મૂક્યો હતો અને ૧૨ કરોડની ડિપોઝિટ સાથે પાંચ વર્ષની અંદર ૭૦ કરોડની ડિપોઝિટ એ બેન્કમાં આવી એ મારી વિશ્વસનિયતા હતી અને ધંધો ૧૦૦ કરોડનો કર્યો. હું જિલ્લાની તમામ સંસ્થામાં હોઉ, ધારાસભ્ય હોઉ અને મારી સામે લૂંટ અને ધાડની ફરિયાદ થાય ત્યારે મારે ફરિયાદ કોને કરવી? માનનીય ગૃહમંત્રીશ્રી પાસે એટલી ખાતરી માગું છું કે આની તટસ્થ તપાસ કરાવો અને જો હું ગુનેગાર હોઉ તો મને જાહેરમાં ફાંસી આપી દેજો. તટસ્થ અધિકારી પાસે, કોર્ટના નિવૃત્ત જજ પાસે તપાસ કરાવો અને સોયની અણી મૂકાય એટલો પણ હું તકસીરવાર હોઉ, કોઇને ઉંચા અવાજે બોલ્યો હોઉ એ મારા સ્વભાવમાં નથી. અરે સાહેબ એથી આગળ જઇને વાત કરું કે મારા પર જ્યારે ચોરીનો આરોપ હોય, હું પટેલ હોવાના નાતે જૈન ધર્મ પાળું છું અને ગાયને લાકડી પણ મારવાનો મારા કુટુંબમાં નિયમ નથી. તરુણ સાગરજીનો ચેલો હોવાના નાતે ૨૦ હજાર પ્રતો જીવદયા માટેના પુસ્તકોની છપાવતો હોઉ, નાના-મોટા મંદિરોમાં આપેલ દાનની પહોંચો પણ મારી પાસે છે. જેનાથી ખબર પડે કે મેં ગત વર્ષોમાં મંદિરોમાં કેટલું દાન કર્યું છે. સામાજિક સમરસતા માટે વાલ્મિકી સમાજનો હોલ બનાવવા માટે મેં દાન આપેલ છે. આવા સંજોગોમાં ૧૨ હજારની લૂંટની ફરિયાદ મારી સામે થાય ત્યારે મારે ફરિયાદ કોની પાસે કરવી? માનનીય ગૃહ મંત્રીશ્રી, જિલ્લાના ડી.એસ.પી. અને પી.આઇ.ને કહીશ કે મારા મેનેજર જાય અને આ લોકો બેન્ક તોડવાની કોશિશ કરી રહ્યા છે ત્યારે ખૂબ ચિંતાનો વિષય છે ત્યારે સરકાર કઇ રીતે વર્તી રહી છે એનો આ ગૃહમાં બધાને ખ્યાલ આવે. આ સહકારી બેન્કો અને સંઘો છે એને તોડવાનો પ્રયત્ન થઇ રહ્યો છે. આ ખૂબ ચિંતાનો વિષય છે. આપ સૌને મારી નમ્ર વિનંતી છે કે મારા ઉપર જે ફરિયાદ દાખલ કરવામાં આવી છે એની અંદર તટસ્થ તપાસ થાય એની માનનીય ગૃહમંત્રીશ્રી ખાતરી આપે તો હું માનીશ કે નિષ્પક્ષ રીતે આ ગૃહ વર્તી રહ્યું છે. બાકી તો તમે કરી શકો છો. અમને ફાંસીએ લટકાવી દો, અમને કાઢી મૂકો તો પણ અમને માન્ય છે. પણ જ્યારે લોકશાહીના મૂલ્યોની વાત કરતા હોઇએ ત્યારે *(XXX) એ પ્રકારની રીતભાતથી મારું માથું શરમથી ઝૂકી જાય છે. થેન્ક યુ વેરી મચ.

અધ્યક્ષશ્રી : * (XXX) એ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સન્માનનીય ગૃહમાં બેઠા છીએ અને સન્માનનીય સભ્ય આપને પણ વ્યક્તિગત મળ્યાં હશે. માનનીય મંત્રીશ્રીનેય મળ્યાં હશે. રાજકીય ટીકા-ટિપ્પણીઓ નથી કરવી, પણ આપના મારફત આ

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

ગૃહના સભ્યનું રક્ષણ થાય એવી વિરોધ પક્ષના નેતા તરીકે અપેક્ષા રાખું છું. એક જ મિનિટમાં મારે મારી વાતને પૂરી કરી દેવાની છે. માનનીય અધ્યક્ષશ્રી, માલપુર નાગરિક સહકારી બેંક વતી એના વકીલે શ્રી હસમુખભાઇ હીરાભાઇ પટેલ જે જલારામ પશુ આહાર નામની સંસ્થાના પ્રોપરાઇટર છે. એમણે બેંક પાસેથી ૭ લાખ રૂપિયા મિલકત મોર્ગેજ કરી છે. બેંક દ્વારા તા.૦૭/૦૯/૨૦૨૦ના રોજ એમને નોટિસ આપવામાં આવી. તા.૩૦/૦૧/૨૦૨૧ના રોજ ફરીથી બેંક દ્વારા એની વસૂલાત માટે નોટિસ આપવામાં આવી છે. બેંકના બોર્ડે તા.૦૫/૦૨/૨૦૨૧ના રોજ એમને સભાસદમાંથી દૂર કરવા માટે નોટિસ આપવામાં આવી છે. કારણ કે ડિફોલ્ટર થાય તો એમનું સભાસદપણું દૂર થાય. તા.૦૪/૦૩/૨૦૨૦ના રોજ બેંકના વકીલ કમલ જે. સોની દ્વારા પણ ફરીથી એમને નોટિસ આપવામાં આવી. આ વાત એટલા માટે મારે આપ સાહેબના ધ્યાન પર મૂકવી છે કે તા.૦૪/૦૩/૨૦૨૦ના રોજ એમને નોટિસ પાઠવવામાં આવી. તા.૨૧/૦૩/૨૦૨૧ના રોજ પણ એમને નોટિસ પાઠવવામાં આવી છે. તા.૨૧/૦૩/૨૦૨૧ના રોજ પોલીસ સ્ટેશનમાં અસભ્ય વર્તન માટે થઇને બેંકના મેનેજરે લેખિત ફરિયાદ કરતી અરજી આપી પણ આની ફરિયાદ નોંધવામાં ના આવી. તા.૨૨/૦૩/૨૦૨૧ના રોજ બેંકના મેનેજરે પોલીસ સ્ટેશને આખી સામાન્ય સભામાં બહારના લોકો જે સભાસદ નથી એ આવીને હંગામો મચાવ્યો, અસભ્ય વર્તન કર્યું ધાક–ધમકીઓ દીધી એની ફરિયાદ નોંધવામાં ન આવી. તા.૨૮/૦૧/૨૦૨૧ના રોજ બેંકના મેનેજર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવવા ગયા તો પોલીસની હાજરીમાં અમુક લોકો પોલીસ સ્ટેશનની અંદર મેનેજરને ધાક–ધમકી આપીને ત્યાંથી ભગાડ્યા એના કાગળિયા ફાડવાનો પ્રયાસ થયો. માનનીય અધ્યક્ષશ્રી, દુ:ખદ વાત તો એ છે કે જેમ માનનીય સભ્યશ્રી જશુભાઇએ કીધું અરવલ્લી જિલ્લાના માલપુર પોલીસ સ્ટેશનમાં એફ.આર.આઇ. નંબર સો એન્ડ સો ૨૨મી માર્ચ ગઇ કાલે આ ગૃહના સભ્ય માનનીય ધારાસભ્ય મોટા ખેડૂત છે. એમણે કીધું એમ આમાં ફરિયાદમાં જે રકમ નોંધાયેલી છે એનાથી વધારે રૂપિયા તો દાન કરતા હશે. માનનીય અધ્યક્ષશ્રી, એક તો ચોરી અને ઉપર સીના ચોરી. આખાય બોર્ડની વચ્ચે દંગલ મચાવનારા લોકોની ફરિયાદ લઇ બેંકના ડિફોલ્ટર ૭ લાખ રૂપિયા જેણે લોન ભરપાઇ નથી કરી એવા વ્યક્તિની અરજી ઉપર આ ગૃહના સભ્ય અને બેંકના ચેરમેન કલમ ૩૨૩, ૫૦૪, ૫૦૬/૨, ૩૯૪, ૪૨૭ અને ૧૧૪ નીચે ફરિયાદ રજિસ્ટર કરી દેવામાં આવી. માનનીય અધ્યક્ષશ્રી, આપણે આ ગુજરાતને કયા રસ્તે લઇ જવા માગીએ છીએ? એક તરફ સહકારની વાત થાય અને બીજી બાજુએથી સહકારી પ્રવૃત્તિ ઉપર સરકારીકરણ થાય. ગૃહ મંત્રીશ્રીને મારી વિનંતી છે. (અંતરાય)

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી જશુભાઇને શ્રી પરેશભાઇ જ્યાં સુધી વાજબી વાત છે ત્યાં સુધી મેં શ્રી જશુભાઇને પણ વ્યક્તિગત કહ્યું છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય પ્રદિપસિંહ અમારી વિનંતી છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : તમે રાજકીય વાત ના કરશો. જો તમે રાજકીય વાત કરશો તો એ ભાષામાંય વાત કરતા આવડે છે. એટલે જે ઘટના બની છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ભાષા એક જ હોય અને એ ગુજરાતની ભાષા હોય.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય પરેશભાઇ (અંતરાય)...

શ્રી પરેશ ધાનાણી : આ સરકારને વિધાનસભા ગૃહની અંદર કોઇ સભ્ય પ્રભાવિત થતો હોય તો અમારી ફરજ છે કે સરકારનું અમે ધ્યાન દોરીએ.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : મેં સામે ચાલીને કહ્યું છે કે એમાં કોઇ પણ પ્રકારનો અન્યાય ન થાય એની હું સંપૂર્ણપણે વ્યક્તિગત ચિંતા કરવાનો છું.

અધ્યક્ષશ્રી : મેં પણ સરકાર પાસેથી એ બાબતની જાણકારી આપીને ખાતરી લીધી છે, એટલે માનનીય જશુભાઇ માટે વિપક્ષના નેતાએ જે ચિંતા કરી છે તેનાથી વધારે ચિંતા અમે અગાઉ કરી ચૂક્યા છીએ. એ આપની જાણકારી માટે. માનનીય મંત્રીશ્રી જયેશભાઇ.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા ( અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગ હસ્તકના સહકાર વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની આજે માગણીઓ લઇને આવ્યો છું અને એમાં ગૃહના સભ્યશ્રીઓએ એમની વાત રજૂ કરી છે, સૂચન કર્યાં છે, કયાંક રાજકીય ટીકાઓ પણ કરી છે. સહકાર વિભાગ અને રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ વિભાગની વર્ષ ૨૦૨૧–૨૨ માટેની માગણીઓ ઉપર ચર્ચાઓમાં જે સભ્યશ્રીઓએ ભાગ લીધો છે એમનો આભાર વ્યકત કરું છું. સહકાર વિભાગ માટે વર્ષ ૨૦૨૧–૨૨ માટે રૂપિયા ૧૩૪૬.૯૧ કરોડની અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવી છે. સહકારી સંસ્થાઓએ સહકારના સાત સિદ્ધાંતો અનુસાર લોકશાહીની ઢબે નહીં નફો, નહીં નુકસાનના ધોરણે પોતાના સભાસદોના વિકાસ સાથે સમાજ પરત્વે પોતાનું ઉત્તરદાયિત્વ અદા કરતા સ્વૈચ્છિક સંગઠનો છે. સહકારી સંસ્થાઓએ રાજયમાં આર્થિક ઉપાર્જનમાં મહત્ત્વનું યોગદાન આપેલું છે. સાથેસાથે રાજયની અંદર સામાજિક સમરસતાની ભાવના ફેલાવવાનું પણ અગત્યનું કાર્ય કરેલ છે. રાજયમાં સહકારી પ્રવૃત્તિના વિકાસ માટે હાલમાં ૮૧૦૦૦ કરતાં પણ વધુ સહકારી મંડળીઓ કાર્યરત છે. રાજયમાં સહકારી પ્રવૃત્તિ વધુ મજબૂત બને અને સહકારી પ્રવૃત્તિ સાથે જોડાઇને સભાસદો આર્થિક રીતે વધુ સક્ષમ બને એના માટે રાજય સરકાર વિવિધ યોજનાઓ થકી સહાય આપવા માટે કટિબદ્ધ છે. અહીંયા ગૃહના ઘણા સભ્યોએ સહકારી ક્ષેત્ર, સહકારી ક્ષેત્રના માધ્યમથી ખેડૂતોને જે ધિરાણ અપાઇ રહ્યું છે

એની ઘણા સભ્યશ્રીઓએ ચિંતા વ્યકત કરી છે. રાજયની અંદર રાજય સહકારી બેંક ૧૮, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો તથા ૯૭૦૦થી વધારે ખેતી વિષયક મંડળીઓ એના ત્રિસ્તરીય સહકારી માળખા થકી ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોને ધિરાણ મળી રહે એવી વ્યવસ્થા અત્યારે ઉપલબ્ધ કરાવવામાં આવી છે. રાજયના ૪૬.૬૦ લાખ ખેડૂત ખાતેદાર પૈકી ૨૭,૬૭,૦૦૦ ખેડૂત ખાતેદારોને આ માળખા દ્વારા આવરી લેવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભૂતકાળની અંદર એક સમય એવો હતો કે ખેડૂતોને ટૂંકી મુદતના ધિરાણ માટે ૧૮-૧૮ ટકા વ્યાજે ખેડૂતોને પૈસા મળતા એ હું અને આ ગૃહના તમામ સભ્યો સારી રીતે જાણીએ છીએ. સહકારી ક્ષેત્રના માળખાને મજબૂત કરવા માટે સાથે સાથે ધિરાણ લેતા ખેડૂત સભાસદોને એમની આવકમાં મદદરૂપ થવા માટે રાજય સરકારે જે પ્રયત્નો કર્યા અને પહેલી વખત કોઇએ કલ્પના પણ ન કરી હોય એમ ઝીરો ટકા વ્યાજે ધિરાણ, રૂપિયા ૧૦૦૦ કરોડથી વધારે રકમની દર વર્ષે એમાં જોગવાઇ કરવામાં આવે છે. શ્રી વિરજીભાઇ અને બીજા સભ્યશ્રીઓએ ચિંતા કરી કે ઝીરો ટકા સરકારની નીતિ છે. સહકારી કો–ઓપરેટીવ બેંક હોય કે કોઇ ખેડૂતો નેશનલાઇઝ બેંકમાંથી ધિરાણ લેતા હોય કે સમયસર વ્યાજની રકમ જમા નથી થતી એવી સભ્યશ્રીઓએ ચિંતા કરી હતી. ચાલુ વર્ષે રૂપિયા ૧૧૨૦ કરોડની રકમનું વ્યાજ કે જે મંડળીઓ મારફત ખેડૂતોએ ધિરાણરૂપે રકમ જમા કરાવી છે. સાથેસાથે પ્રશ્ન એ થાય કે ભારત સરકારના ૩ ટકા કદાચ કયારેક લેટ આવે ત્યારે આ ખેડૂતોના હિત માટે રાજય સરકારે નિર્ણય કર્યો છે અને રિવોલ્વિંગ ફંડની પણ જોગવાઇ કરી છે એ ખરા અર્થની અંદર સાર્થક થાય એ માટે રાજય સરકાર અને સહકાર વિભાગે પ્રયત્ન કરેલા છે. આપણે સૌ સારી રીતે જાણીએ છીએ કે વર્ષ દરમિયાન જે ખેડૂતો ધિરાણ લેતા હોય અને એની મુદત પૂરી થાય ત્યારે વસૂલાત માટેનો સમયગાળો આવે મારે ગર્વ સાથે કહેવું પડે કે છેલ્લા વર્ષમાં કોવિડને કારણે જયાં મુશ્કેલી હતી, લોકડાઉનની સમસ્યા હતી કે કયાંક વસૂલાત માટે સમયસર ધિરાણ ભરવા ન આવી શકે એવી કયાંક મુશ્કેલીઓ પણ હતી ત્યારે રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. શ્રી વિરજીભાઇ, સહકારી ક્ષેત્રની ઘટનાની અંદર પ્રથમ વખત નિર્ણય થયો કે તા.૩૧/૦૮/૨૦૦૦ સુધી જે ખેડૂતો એની અંદર ધિરાણ લઇ જાય એને આ ઝીરો ટકાની યોજનાનો લાભ આપવામાં આવ્યો છે. સહકાર વિભાગ એવો વિભાગ છે કે જેના માધ્યમથી અલગ અલગ રાજ્ય સહકારી બેન્કો, જિલ્લા મધ્યસ્થ સહકારી બેન્કો હોય એને ૯૭૦૦ થી વધારે સેવા સહકારી મંડળીઓ અલગ અલગ ગ્રામ્ય વિસ્તારમાં ખેડૂતોના હિત માટે આ સહકારી ક્ષેત્રનું માળખું કામ કરી રહ્યું છે. ચાલુ વર્ષે એક હજાર કરોડથી વધારે વ્યાજ માટેની જોગવાઇ કરી દેવામાં આવી છે. સાથે સાથે ખેત પેદાશોના સંગ્રહ માટે, ગોડાઉનો ઊભા કરવા માટે સહાય આપવાની વિવિધ યોજનાઓ એમાં ખેડૂતોનો માલ બગડી ન જાય તે માટે રાજય સરકારની સંવેદનશીલ સરકાર દ્વારા ગોડાઉનો ઊભા કરવા માટે સહાયકોની વિવિધ યોજના અમલમાં મૂકેલી છે. ખેતી વિષયક ધિરાણ મંડળીઓને ગોડાઉન બનાવવા માટેની યોજના વર્ષ ૨૦૧૪–૧૫થી અમલમાં મૂકવામાં આવી હતી. આ યોજના અંતર્ગત ખેતી વિષયક સહકારી મંડળીઓને ૭૩ ટકા સુધીની સહાય આ ગોડાઉન બનાવવા માટે આપવામાં આવી હતી. અત્યાર સુધીમાં ૧૨૫૭ ગોડાઉન દ્વારા ૨,૭૩,૦૦૦ મેટ્રિક ટન સંગ્રહ શક્તિ આપણે નવી ઊભી કરી શકયા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વ્યક્તિગત ખેડૂતો ખેતી વિષયક સહકારી મંડળીઓને ૧૦૦ થી ૫૦૦ મેટ્રિક ટનના ગોડાઉન બનાવવા માટે પ્રોજેકટ કોસ્ટના ૨૫ ટકા સહાય આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત અત્યાર સુધી ૨૩૭૮ ગોડાઉન થકી ૨,૨૭,૮૮૯ મેટ્રિક ટન વધારાની સંગ્રહ શક્તિ આપણે ઊભી કરી રહ્યા છીએ. લાભાર્થીઓને અત્યાર સુધીમાં ૨૯ કરોડ રૂપિયાની સહાય પણ ચૂકવવામાં આવી છે. એવી જ રીતે બજાર સમિતિઓના માળખાના આધુનિકીકરણ માટે કિસાન કલ્પવૃક્ષ યોજના. આ યોજના હેઠળ રાજ્યની બજાર સમિતિમાં માળખાકીય સુવિધા ઊભી થાય તે માટે ૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આ કિસાન કલ્પવૃક્ષ યોજના થકી ગોડાઉનો બનાવવા માટે રાજ્ય સરકારે સહાય કરી છે. બજાર સમિતિમાં મોટા ભાગના ગોડાઉનો નાના કદના છે. બજાર સમિતિઓમાં ૫૦૦૦ મેટ્રિક ટન ક્ષમતાવાળા ગોડાઉનો બનાવવા ખેડૂતોના ખેત ઉત્પાદનોનો સંગ્રહ થાય અને સાથે સાથે સરકાર દ્વારા ટેકાના ભાવે ખરીદી થતી હોય ત્યારે આ ગોડાઉનોનો ઉપયોગ કરી શકીએ તે માટે બજાર સમિતિઓમાં મોટા કદના વેર હાઉસ ગોડાઉનો બનાવવા માટે આ યોજના અંતર્ગત ૧૦૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. સાથે સાથે ઇનામ યોજના. રાજ્યના ખેડૂતો પોતાનો માલ રાજ્ય બહાર વેચી શકે તે માટે ઇનામ પ્લેટફોર્મ મારફત રાજ્યની મોટા ભાગની બજાર સમિતિઓને સાંકળવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. રાજ્યની ૧૨૨ બજાર સમિતિઓને આ ઇનામ યોજના હેઠળ જોડવામાં આવેલ છે. ત્રિસ્તરીય દૂધ સહકારી માળખું. અહીંયા સભ્યશ્રીઓએ પોતાની વાતમાં દૂધ સહકારી માળખાની અને શ્વેત ક્રાંતિની ઘણી ચર્ચાઓ કરી છે. ગુજરાત રાજ્યમાં શ્વેત ક્રાંતિના ભાગ સ્વરૂપે ત્રિસ્તરીય દૂધ ઉત્પાદનની વ્યવસ્થા રાજયની અંદર અમલમાં છે. જે સમગ્ર વિશ્વમાં અમુલ પેટર્નના નામથી આ યોજના ઓળખાઇ રહી છે. રાજયની અંદર ૧૭,૦૦૦ થી વધુ દૂધ મંડળીઓ કાર્યરત છે. દૂધ સહકારી પ્રવૃત્તિના નેજા હેઠળ ૩૫ લાખ જેટલા સભાસદો છે. જેમના થકી રાજ્યમાં દૈનિક દૂધ એકત્રીકરણ ૨૧૫ લાખ લિટર પ્રતિ દિન સુધી પહોંચેલ છે અને આ સભાસદોને દૈનિક ૯૦ થી ૧૦૦ કરોડ પ્રતિ દિન દૂધની કિંમત ચૂકવવામાં આવી રહેલ છે. જેનાથી ગુજરાતના દૂધ ઉત્પાદકો આર્થિક રીતે સ્વાવલંબન પ્રાપ્ત કરી રહ્યા છે. રાજ્યની દૂધ સહકારી મંડળીઓ દ્વારા લોકડાઉનના સમયની અંદર સભાસદોનું ૧૭૭ લાખ લિટર તેમજ બિન સભાસદ પશુપાલકોનું ૧૫ લાખ લિટર દૂધ સંપાદન કરવામાં આવેલ હતું. આ રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઇ રૂપાણી

અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે લોકડાઉનની પરિસ્થિતિની અંદર મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો. આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના. અત્યાર સુધીના શાસન દરમ્યાન કયારેય ન થઇ હોય તેવી યોજના છે. જેમાં નાના કારીગરો, નાના ધંધાર્થીઓને ૧ લાખ રૂપિયા સુધીની લોન અને ૨ ટકાના વાર્ષિક વ્યાજે આપવા માટેની રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ યોજના અમલમાં મૂકી હતી અને આ યોજના અંતર્ગત ગુજરાત રાજ્ય સહકારી બેન્ક, જિલ્લા સહકારી બેન્કો, મલ્ટી સ્ટેટ કો–ઓપરેટીવ બેન્કો, નાગરિક સહકારી બેન્કો, ક્રેડીટ સોસાયટી અને ગ્રાહકોને ધિરાણ કરતી સહકારી મંડળીઓ આ પરિવારોની મદદે આવી અને માત્ર બે ટકાના વ્યાજના દરે ત્રણ વર્ષની મુદતે રૂપિયા એક લાખ સુધીની રકમનું બિનતારણ ધિરાણ આ સમયગાળા દરમ્યાન આપવામાં આવ્યું છે. તા.૩૦/૧૧/૨૦૨૦ સુધીમાં રૂપિયા ૧૫૬૩ કરોડનું ધિરાણ મંજૂર કરેલ છે અને સરકાર દ્વારા આ ધિરાણ કરનાર સંસ્થાને ઇન્સેન્ટિવ તથા ૬ ટકા વ્યાજની સબસિડી  આપી છે. બેન્કોએ ૮ ટકા વ્યાજે ધિરાણ આપવાનું હતું તેમાં લાભાર્થીઓએ ૨ ટકા આપવાના હતા. એટલે ૬ ટકા સબસિડી આ લાભાર્થીઓ વતી આવા નાના નાના કારીગરો વતી આ રાજ્ય સરકારે આપી છે. આ યોજના અંતર્ગત સહકારી સંસ્થાઓને રૂપિયા ૨૭ કરોડની સબસિડી ચૂકવવામાં આવી છે. ચાલુ વર્ષે ૨૦૨૧–૨૨ના બજેટમાં ૮૦ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે. સાથે સાથે આવી જ આત્મનિર્ભર ગુજરાત સહાય યોજના ભાગ–૨ મૂકી તેમાં જૂની જે એક લાખ રૂપિયાની યોજના હતી તેમાં વધારો કરી એક લાખથી અઢી લાખ સુધીનું ધિરાણ ૪ ટકાના વ્યાજે આપવાનું નક્કી કર્યું છે. તેમાં ૪ ટકા સબસિડી રાજ્ય સરકારે આપી છે. આમાં એક લાખથી અઢી લાખ સુધીનું ૧૦૦૦ કરોડનું વધારાનું ધિરાણ રાજ્ય સરકારની સહકારી સંસ્થાઓએ કર્યું છે અને આવી સહકારી સંસ્થાઓને ૩.૫ કરોડથી વધુ ચૂકવણી સબસિડીના ભાગ તરીકે ચૂકવવામાં આવી. ચાલુ વર્ષે તેમાં ૩૮ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યના વિકાસમાં ખાંડ ક્ષેત્રનો મહત્ત્વનો ફાળો રહેલો છે. સહકારી ક્ષેત્રે આપણું રાજ્ય દેશનું મૉડલ ગણાય છે. રાજ્યમાં અત્યારે કુલ ૧૩ ખાંડ સહકારી મંડળીઓ કાર્યરત છે. જેની કુલ ૫૯૭૫૦ મે.ટનની દૈનિક પીલાણ ક્ષમતા સાથે આ ઉદ્યોગ અત્યારે ચાલી રહ્યો છે. રાજ્યમાં સહકારી ખાંડ ઉદ્યોગ માટે ભારત સરકાર દ્વારા શેરડીના પ્રતિ મે.ટન જાહેર કરવામાં આવતા એફ.આર.પી. ભાવ કરતાં પણ સારો ભાવ રાજ્ય સરકાર આપે છે તે નોંધનીય બાબત છે. છેલ્લાં બે વર્ષથી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ખાંડના ભાવો નીચા ગયેલ હોવાથી સમગ્ર ખાંડ ઉદ્યોગને ખાંડના ઉત્પાદનના ખર્ચ અને ઓછી ઉપજના કારણોસર રાજ્યનો સહકારી ખાંડ ઉદ્યોગ નાણાકીય મુશ્કેલી ભોગવી રહ્યો છે. ભારત સરકારે છેલ્લા બે વર્ષથી ખાંડના પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૩૧૦૦ ના લઘુત્તમ ભાવ જાહેર કરી ખાંડ ઉદ્યોગને રક્ષણ આપ્યું છે. ચાલુ વર્ષે ૨૦૨૧–૨૨માં જુદી જુદી યોજના હેઠળ ૨૫.૪૧ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. એટલે સહકારી ક્ષેત્રનું આ માધ્યમ એટલે કે, સહકાર વિભાગ ખેડૂતો માટે ખૂબ કામ કરતું માધ્યમ છે. જેમાં ખેડૂતોના હિત માટે હરહંમેશ નિર્ણયો થતાં આવ્યા છે.

માનનય અધ્યક્ષશ્રી, તેવી જ રીતે રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ માટે વર્ષ ૨૦૨૧–૨૨માં ૫૦૭ કરોડ ૪૫ લાખની અંદાજપત્રમાં જોગવાઇ કરવામાં આવી છે. ગત વર્ષોમાં રાજ્ય સરકાર દ્વારા ખેલકૂદ ક્ષેત્રે અમલમાં મૂકાયેલ વિવિધ યોજનાની સફળ અમલવારીના કારણે આજે રાજ્યના યુવાનો રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે સિદ્ધિઓ હાંસલ કરી છે. રાજ્ય સરકારે સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના માધ્યમથી વિવિધ યોજનાઓ માટે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૨૫૯ કરોડ ૮૯ લાખની અંદાજપત્રીય જોગવાઇ કરવામાં આવી છે. રમતગમત વિભાગમાં નવી બાબતોનો જે સમાવેશ કરવામાં આવ્યો છે તેમાં વડનગર તાલુકામાં એથ્લેટિકની રમતના ખેલાડીઓને પ્રોત્સાહન આપવા માટે ૪૦૦ મીટર સિન્થેટિક એથ્લેટિક ટ્રેક બનાવવા માટે રૂપિયા ૬૫૫ લાખની જોગવાઇ કરવામાં આવી છે. વડનગર સ્પોર્ટસ કોમ્પલેક્ષમાં ૨૦૦  ખેલાડીઓ માટે હોસ્ટેલની માળખાકીય સુવિધા ઊભી કરવા ૬૫૦ લાખની બજેટ જોગવાઇ કરવામાં આવી છે. કોચીસ દ્વારા ખેલાડી માટે ઘરે રહી સ્પોર્ટસ સંબંધિત વિડિયો તૈયાર કરી ખેલાડીઓને તાલીમમાં કામમાં આવે તથા સોશિયલ મિડિયામાં રહીને મોનિટરિંગ કરે તેના માટે મેજર ધ્યાનચંદ ઓનલાઇન તાલીમ પ્રોગ્રામ હેઠળ સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાતના ૧૨૦ કોચીસને લેપટોપ આપવા માટે રૂપિયા ૫૫ લાખની બજેટમાં જોગવાઇ કરવામાં આવી છે. મોબાઇલ ટુ સ્પોર્ટસ અભિયાન હેઠળ રાજ્યના યુવાનોનું શારીરિક અને માનસિક આરોગ્ય તંદૂરસ્ત રહે તે માટે ૧ ઓકટોબર ૨૦૨૦ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રીએ ઇ–લોન્ચિંગ દ્વારા મોબાઇલ ટુ સ્પોર્ટસ યોજનાનો પ્રારંભ કરાવેલો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, સ્પોર્ટ્સ પર્સન એમ્પ્લોઇમેન્ટ ગાઇડન્સ એન્ડ એડવાઇઝરી સેન્ટર યોજના અંતર્ગત રાજયના આંતરરાષ્ટ્રીય કક્ષાએ ભાગ લીધેલાને રાષ્ટ્ર કક્ષાએ પદક વિજેતા ખેલાડીઓને સરકારી અથવા અર્ધ–સરકારી અથવા પ્રાઇવેટ સંસ્થાઓમાં રોજગારી મળે તે હેતુથી માર્ગદર્શન આપવાની વ્યવસ્થા ઊભી કરવામાં આવી છે. રાજયમાં કોરોના સંક્રમણ સંકટ વચ્ચે સૌ પ્રથમ ઇન્ફોર્મેશન એન્ડ કોમ્યુનિકેશન ટેકનોલોજીના માધ્યમથી જૂન ૨૦૨૦માં સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા પદવીદાન સમારોહનું આયોજન કરી ૫૦૭ વિદ્યાર્થીઓને પી.એચ.ડી. સહિત વિવિધ પદવીઓ પ્રદાન કરવામાં આવેલ હતી.

માનનીય અધ્યક્ષશ્રી, ફિટ ઇન્ડિયા મુવમેન્ટ. ફીટ ઇન્ડિયા મુવમેન્ટમાં વિવિધ કાર્યક્રમના આયોજનની સાથે સાથે સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટ્સ યુનિવર્સિટી દ્વારા ચાલુ વર્ષે રાજયની વિવિધ ૭ યુનિવર્સિટી સાથે એમ.ઓ.યુ. કરવામાં આવેલ છે.

સેન્ટર ઓફ એક્સલન્સ રાજયના પ્રતિભાશાળી ખેલાડીઓ રાષ્ટ્ર કક્ષાએ તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ રાજય અને રાષ્ટ્રનું ગૌરવ વધારે તે માટે રાજય સરકાર દ્વારા સ્વામી વિવેકાનંદ ખેલ પ્રતિભા સંવર્ધન કેન્દ્ર, સેન્ટર ઓફ એક્સલન્સ યોજના અંતર્ગત ૧૨ ઓલમ્પિક રમતોની ૧૮ નિવાસી એકેડમીઓ શરૂ કરવામાં આવી છે. ભારત સરકાર દ્વારા ખેલો ઈન્ડિયા યોજના હેઠળ ગુજરાતની એકેડમીને માન્યતા આપવામાં આવી છે. પરિણામે ખેલો ઈન્ડિયા યોજના અંતર્ગત પસંદ થયેલા અન્ય રાજયના ખેલાડીઓ પણ ગુજરાતની નડિયાદ ખાતેની આ એકેડમીની અંદર પ્ર–શિક્ષણ મેળવી રહ્યા છે. શક્તિદૂત યોજના, રાજયનું નામ આંતરરાષ્ટ્રીય સ્તરે દિપાવવા સક્ષમ ખેલાડીઓને બહારથી આવેલા પ્રતિભાશાળી ખેલાડીઓને જરૂરિયાતના ધોરણે સુવિધાઓ પૂરી પાડી ઓલમ્પિક કક્ષાના ચેમ્પિયન તૈયાર કરવાના ધ્યેય સાથે શકિતદૂત યોજના અમલમાં મૂકી છે. આ યોજના હેઠળ ખેલાડીઓને પૌષ્ટિક આહાર, આધુનિક સાધનો, સ્પોર્ટ્સ કિટ્સ, સ્પર્ધા ખર્ચ, નિષ્ણાતો દ્વારા પ્ર–શિક્ષક, મેડિક્લેમ, મનોવૈજ્ઞાનિક કાર્ય સિદ્ધિ, સ્પોર્ટ્સ મેડિસિન જેવી બાબતો માટે જરૂરિયાત મુજબ રૂપિયા ૨૫ લાખ સુધીની સહાય આપવામાં આવી છે. રાજય સરકારે વર્ષ ૨૦૦૬થી સરદાર પટેલ રમત સંકુલ યોજના અમલ કરી ખેલ કૌશલ્ય અને માળખાગત સુવિધાના વિકાસ માટે પણ કટિબદ્ધતા દર્શાવી છે. હાલમાં ૧૮ જિલ્લાઓમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ કાર્યરત છે જેમાં જરૂરિયાત મુજબ ૧૨ કોમ્પ્લેક્ષની અદ્યતન સુવિધાના અપગ્રેડેશનની કામગીરી થઇ રહી છે. હાલમાં નડિયાદ ખાતે સ્ટેટ ઓફ આર્ટ આઇ પર્ફોમન્સ સેન્ટરની કામગીરી પૂર્ણતાના આરે છે. પ્રોજેકટ ઈમ્પ્લિમેન્ટ યુનિટમાં રાજકોટ અને મહેસાણા ખાતે ઇન્ડોર મલ્ટીપર્પઝ હોલની કામગીરી રૂપિયા ૧૦ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવી છે. અમદાવાદ જિલ્લાના દસક્રોઇ તાલુકાના બીબીપુર ખાતે રમતગમત સંકુલની કામગીરી રૂપિયા ૪.૫૬ કરોડના ખર્ચે પૂર્ણ કરવામાં આવેલ છે. વડનગર, સમી અને મફલીપુર–અમદાવાદમાં તાલુકા રમતની સંકુલની રૂપિયા ૬ કરોડની કામગીરી અત્યારે ચાલી રહી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફીફા વર્લ્ડ કપ અંડર સેવન્ટીન વિમેન્સ વર્ષ ૨૦૨૨ માટે ચાર પ્રેક્ટિસ ગ્રાઉન્ડ અમદાવાદમાં બનાવવા માટેની રૂપિયા ૨૦.૯૦ કરોડની કામગીરી અત્યારે ચાલી રહી છે. સાપુતારા ખાતે ૪૦૦ મીટર સિન્થેટિક એથ્લેટિક ટ્રેક અને ફૂટબોલ ગ્રાઉન્ડની ૭ કરોડની કામગીરી અત્યારે પ્રગતિમાં છે. રાજપીપળા રમતગમત સંકુલ ખાતે ૧૦૦ ખેલાડીઓની ડોરમેટરી બિલ્ડિંગ રૂપિયા ૨.૫૦ કરોડની કિંમતની તથા ૪૦૦ મીટર સિન્થેટિક એથ્લેટિક ટ્રેક અને ફૂટબોલ ગ્રાઉન્ડ ૭ કરોડની કિંમતની કામગીરી શરૂ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, કલા મહાકુંભ, આપણો વારસો અને આપણી સંસ્કૃતિ આવનારા દિવસોમાં જળવાઇ રહે એ માટે બાળકોમાં કલા પ્રત્યે રસ ખીલે અને પોતાનામાં રહેલી સુષુપ્ત શક્તિ બહાર આવે એ આશયથી કલા મહાકુંભનું દર વર્ષે આયોજન કરવામાં આવે છે. ચાલુ વર્ષે કલા મહાકુંભની સ્પર્ધાઓ પૈકી કોવિડને કારણે કેન્દ્ર સરકાર અને રાજય સરકારે બહાર પાડેલ ગાઇડલાઇનને ધ્યાને લઇ ગાયનવાદ્ય સ્પર્ધાનું ઓનલાઇન આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધામાં રાજય કક્ષાએ પ્રથમ, દ્વિતીય અને તૃતીય વિજેતા થતાં કલાકારોને પણ રોકડ પુરસ્કાર આપી સન્માનિત કરવામાં આવેલ છે. વર્ષ ૨૦૧૫થી ૨૧મી જૂન એટલે વિશ્વ યોગ દિવસ જે રાજય કક્ષાએ ભારતીય સંસ્કૃતિના ગૌરવ સમાન વિશ્વ યોગ દિવસની દર વર્ષે ઉજવણી કરવામાં આવે છે અને ચાલુ વર્ષે કોવિડને કારણે એક માસની યોગાસન તાલીમ શિબિરનું વેબિનારના માધ્યમથી આયોજન કરવામાં આવ્યું હતું. તાનારીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવ, ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા ચાલુ વર્ષે નવેમ્બર, ૨૦૨૦માં વડનગર ખાતે તાનારીરી શાસ્ત્રીય સંગીત મહોત્સવ કાર્યક્રમ યોજવામાં આવેલ, જેમાં પદ્મશ્રી અનુરાધા પૌડવાલજી અને શ્રીમતી વર્ષાબેન ત્રિવેદીને તાનારીરી એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા. તાનારીરી પરફોર્મિંગ આર્ટ્સ કોલેજ, વડનગરનું નવેમ્બર, ૨૦૨૦માં માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણી દ્વારા ઇ–લોકાર્પણ કરવામાં આવ્યું. રાષ્ટ્રીય શાયર શ્રી ઝવેરચંદ મેઘાણીની ૧૨૫મી જન્મજયંતી નિમિત્તે ઉજવણીના ભાગરૂપે ગુજરાત રાજ્ય સંગીત નાટ્ય અકાદમી મારફતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમના આયોજન માટે વર્ષ ૨૦૨૧–૨૨ના અંદાજપત્રમાં રૂપિયા ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિયામક, ગ્રંથાલયની કામગીરી બાબતે કહું તો રાજ્ય સરકારના રમતગમત યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ હસ્તકના નિયામક ગ્રંથાલય કચેરી દ્વારા રાજ્યના પ્રજાજનોને વિનામૂલ્યે વાચન સાહિત્ય ઉપલબ્ધ થાય તે ઉદ્દેશથી રાજ્યમાં બે મધ્યસ્થ ગ્રંથાલય ગાંધીનગર અને વડોદરામાં ઊભા કરેલ છે તથા ૨૬ જિલ્લામાં સરકારી જિલ્લા ગ્રંથાલય અને ૮૪ તાલુકામાં સરકારી તાલુકા ગ્રંથાલય સહિત કુલ ૨૯૮ સરકારી ગ્રંથાલયો અત્યારે કાર્યરત છે. આ પુસ્તકાલયને આધુનિક બનાવવા વર્ષ ૨૦૨૧–૨૨ના અંદાજપત્રમાં રૂપિયા ૫૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. શ્રી અરવિંદભાઇ મણિયાર પુસ્તકાલય, રાજકોટના અલભ્ય અને દુર્લભ્ય પુસ્તકોના ડિઝિટાઇઝેશન માટે વર્ષ ૨૦૨૧–૨૨ના અંદાજપત્રમાં રૂપિયા ૫૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ભારત દેશના ૫૬૨ રજવાડાઓ જે ભારત દેશ સાથે સ્વતંત્રતાના સમયમાં જોડાઇને અખંડ ભારત દેશ બનાવ્યો તે વારસો દર્શાવતું અત્યંત આધુનિક સંગ્રહાલય વિકસિત કરવા માટે રૂપિયા ૨૫ કરોડની નવી બાબત તરીકે જોગવાઇ કરવામાં આવી છે. આ ઉપરાંત શ્યામજી કૃષ્ણ વર્માની જીવનયાત્રાને અદ્યતન ટેકનોલોજી સાથે સાંકળી આંતરરાષ્ટ્રીય કક્ષાનું સંગ્રહાલય બનાવવા માટે રૂપિયા ૧૫ કરોડની નવી બાબત તથા મ્યુઝિયમ અને પિક્ચર

ગેલેરી, વડોદરા ખાતે અદ્યતન સાઉન્ડ અને લાઇટ શો માટે રૂપિયા પાંચ કરોડની નવી બાબતની આમાં જોગવાઇ કરવામાં આવેલ છે. આવી રીતે રમતગમત વિભાગ માટેની અનેકવિધ યોજનાઓ રાજ્ય સરકારે આ બજેટની અંદર મૂકી છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે અન્ન અને નાગરિક પુરવઠા વિભાગની અંદર ચાલુ વર્ષે ૧,૨૨૪.૧૨ કરોડની જોગવાઇની માગણીઓ લઇને હું આવ્યો છું. અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ મારફતે રાજ્યના તમામ ગરીબ પરિવારો સુધી અન્ન પહોંચાડી શકીએ એ માટે આ વિભાગ કામ કરી રહ્યો છે. અહીંથી અનાજની વાત ચાલતી હોય ત્યારે ઘણી વખત કહેવામાં આવતું હોય છે કે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો, ૨૦૧૩. આ કાયદા હેઠળ લાભાર્થીઓ તેમની પાત્રતા મુજબ રાહત ભાવે ઘઉં અને ચોખાનું વિતરણ એટલે કે બે રૂપિયે કિલો ઘઉં અને ત્રણ રૂપિયે કિલો ચોખાનું વિતરણ કરી અને માર્ચ, ૨૦૨૧ની સ્થિતિએ અંત્યોદયને અગ્રતાના ધોરણે આપી ૭૧.૭૪ લાખ કુટુંબો અને તેની જનસંખ્યા ૩૪૬.૯૦ લાખને અત્યારે એન.એફ.એસ.એ. હેઠળ અનાજ વિતરણ કરવામાં આવે છે. માનનીય ધારાસભ્ય શ્રી શૈલેષભાઇએ બે દિવસ પહેલાં પ્રશ્નોત્તરીમાં વાત કરી હતી અને વર્ષ ૨૦૦૧ની અંદર ગુજરાતમાં ૩૩.૭૫ લાખ પરિવારો આમાં હતા. આજે વર્ષ ૨૦૨૧માં ૭૧ લાખ લાભાર્થી પરિવારો થયા. એમણે બીજું પણ કહ્યું હતું કે, અંત્યોદય પરિવારો વર્ષ ૨૦૦૧માં ૨.૩૦ લાખ હતા અને આજે ૮.૧૩ લાખ થયેલ છે. ગુજરાતના વિકાસના આંકડા સાથે એની સરખામણી કરવામાં આવી. મારે શ્રી શૈલેષભાઇનું એટલું જ ધ્યાન દોરવું છે કે, બી.પી.એલ. યાદી એ પંચાયત વિભાગ અને શહેરમાં આવતા હોય તો શહેરી વિકાસ વિભાગ બનાવતા હોય છે. એ યોજનાના લાભ માટે આ વર્ષ માટેની યોજના હોય કે અન્ય લાભ માટે બી.પી.એલ.માં એનું નામ હોવું જરૂરી છે. આ બી.પી.એલ.ની યાદી છે એ માત્ર રેશનકાર્ડ માટેની છે. જે તે વખતે આ યોજના અમલમાં આવી ત્યારે ભારત સરકારે ૩૮૨ લાખની જનસંખ્યાનો ટાર્ગેટ આપેલ. જે દિવસે આ યોજના અમલમાં આવી ત્યારે ૩૧૮ લાખની જનસંખ્યા હતી, આજે એ જનસંખ્યાનો ઉમેરો કરી કરીને જનસંખ્યા ૩૪૭ લાખ એટલે ૩ કરોડ ૪૭ લાખ એટલે કે એમાં ૭૧.૭૪ લાખ લાભાર્થી પરિવારો થયા. એ બી.પી.એલ.ની યાદી અને આ બી.પી.એલ.ની યાદી અલગ છે. એ જે વાત કરે છે એને રાજ્યની સમૃદ્ધિનો આંકડો બતાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ફરી પાછું કહું છું કે, ઉદારતાથી નીતિ રાખીને પણ આવા પરિવારોને તેનો લાભ મળે કારણ કે એક સમયે જે અંત્યોદય પરિવારો હતા કે જેને બી.પી.એલ.ની યાદીમાં ગણતા હતા તે ઓછા હતા. એમાં સમયે સમયે તેને એન.એફ.એસ.એ. જેટલો લાભ નહોતો મળતો પણ ત્યારે સરકારે ઉદારતા રાખીને તેને એન.એફ.એસ.એ.ની અંદર સમાવ્યા. એટલે જે ઘઉં, ચોખા, ખાંડ, તેલ, મીઠુંથી માંડી તમામ જે એન.એફ.એસ.એ.ના લાભાર્થીને મળે છે તે આ પરિવારને મળે. એટલે ફરી પાછું કહું છું કે ઉદાર નીતિ રાખીને પણ પહેલાં પણ પ્રશ્નોત્તરીમાં ગુજરાતના વિકાસ સાથે તેને જોડતા હતા. આજે ફરી પાછું તમે જોડ્યું છે, ગુજરાત સમૃદ્ધ છે અને માનનીય મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં વિકાસમાં અમે આગળ વધી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે એમણે બીજું એમ પણ કહ્યું કે ભારત સરકાર જે અનાજના જથ્થાની ફાળવણી કરે છે અને રાજ્ય સરકાર તેમાં ઉપાડતી નથી એટલે ઓછો ઉપાડે છે કે તે ગરીબ લોકો સુધી પહોંચતો નથી. મારે આ ગૃહની અંદર એ પણ વાત કરવી છે કે, ભારત સરકારે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદાની અંદર અમને ૩ કરોડ ૮૨ લાખ જન સંખ્યાનો ટાર્ગેટ આપ્યો હતો તે પહેલાં દિવસે યોજના આવી ત્યારથી અને ફાળવણી પણ અમને એટલી જ કરે છે. તે દિવસે અમારી પાસે જન સંખ્યા ૩ કરોડ ૧૮ લાખ હતી એટલે અમે તે મુજબ ઉપાડ કરતા હતા. આજે જન સંખ્યા ૩ કરોડ ૪૭ લાખ છે તો અમને ફાળવણી રૂપિયા ૩ કરોડ ૮૨ લાખની કરે છે. અમે ઉપાડ રૂપિયા ૩ કરોડ ૪૭ લાખનો કરીએ છીએ અને જયારે આ સંખ્યા આગળ વધતી જશે ત્યારે એ મુજબ ફાળવણી કરીશું એટલે કયાંય ફાળવણીમાં ઘટ નથી, ફાળવણી માગ્યા મુજબ થાય છે અને જરૂર મુજબનો જથ્થો અમે આમાં ઉપાડીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે પુરવઠા વિભાગ અને રાજ્ય સરકારે જે નિર્ણયો કર્યા કે અહીંયાથી ઘણી વખત એન.એફ.એસ.એ. કેટેગરીમાંથી કાર્ડનું વિભાજન થાય તો ત્યારે એ.પી.એલ. થઇ જતું. પુરવઠા વિભાગે નિર્ણય કર્યો કે એન.એફ.એસ.એ. કેટેગરીમાંથી કાર્ડનું વિભાજન થશે તો નવું કાર્ડ પણ એન.એફ.એસ.એ. આપવામાં આવશે. (અંતરાય) આ રહ્યો પરિપત્ર પેલો તુવેરદાળનો ઘટના પરિપત્રને તમે ગમે તે રીતે અહીંયા રજૂ કરો છો. તુવેરદાળનો જયારે પ્રશ્ન હતો ત્યારે તુવેરદાળનો અમારો પરિપત્ર ઘટનો હતો હવે શ્રી કીરીટભાઇ કયાંકથી લઇ આવ્યા અને તેને પરિપત્ર વાંચ્યો નહીં અને ઘટના પરિપત્રને ૩૯ રૂપિયામાં રાજ્ય સરકાર દાળ લે છે અને ગરીબોને ઉંચો ભાવ આવ્યો છે અને રાજકીય રીતે તેમણે વાત કરી અને મિડિયામાં આપ્યું. અમારી પાસે આ રહ્યો પરિપત્ર તે થઇ ગયો છે પણ પરિપત્રને તમે પાછા જુદી રીતે રજૂ કરો છો. જે દિવસે સરકાર જવાબ આપતી હતી તે દિવસે બજારમાં ૯૮ રૂપિયે તુવેરદાળ મળતી હતી. આખા વર્ષ દરમિયાન રાજ્ય સરકારે ખરીદી નહોતી કરી અને જે ૯૧ રૂપિયાની દાળ હતી તેમાં પણ ૩૦ રૂપિયાની રાજ્ય સરકારે સબસિડી આપી અને ૬૧ રૂપિયામાં અમે આપતા હતા. એટલે ૩૯ રૂપિયાના ખોટા ઘટના પરિપત્રને જુદી દિશામાં ગુમરાહ કરવાનુ કામ કરે છે એટલે વિભાજનનો પરિપત્ર આ રહ્યો જુદી રીતે રજૂ ના કરો તો લઇ જાવ.

## તા. ૨૩મી માર્ચ ૨૦૨૧
## માગણીઓ પર ચર્ચા અને મતદાન (આઠમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, આવી રીતે રાજયના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલે મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે કે આ રાજયની અંદર જેટલા દિવ્યાંગ લાભાર્થીઓ છે તે લાભાર્થીઓનો ઓટોમેટિક એન.એફ.એસ.એ.ની અંદર સમાવેશ કરવા આ રાજય સરકારે નિર્ણય કર્યો. સાથે સાથે રાજયના મહિલા અને બાળ વિકાસ વિભાગ હેઠળ જે વિધવા બહેનો ગંગા સ્વરૂપ બહેનો નોંધાયેલા છે અને પેન્શન મેળવે છે તે તમામ ગંગા સ્વરૂપ બહેનોને પણ એન.એફ.એસ.એ. યોજનાની અંદર સમાવેશ કરવાનો નિર્ણય કર્યો છે. વૃદ્ધ વ્યકિતની પાત્રતા ૬૫ વર્ષની હતી તે ઘટાડી અને ૬૦ વર્ષ કરેલ છે એટલે વૃદ્ધ પેન્શનનો લાભ મેળવતાં ૬૦ વર્ષથી ઉપરના તમામ વૃદ્ધ વ્યકિતઓને આ યોજનામાં એન.એફ.એસ.એ.માં સમાવવા માટે નિર્ણય કર્યો છે. રાજયના શ્રમ અને રોજગાર વિભાગના બાંધકામ શ્રમિક કલ્યાણ બોર્ડ હેઠળ જે બાંધકામ શ્રમિકો નોંધાયેલા છે તેને પણ એન.એફ.એસ.એ. હેઠળ લાભ આપવામાં આવશે તેવો નિર્ણય કર્યો છે. તા.૦૧/૦૪/૨૦૧૬થી અત્યાર સુધીની અંદર જે કંઇ કાર્ડ વિભાજન થયું એન.એફ.એસ.એ.માંથી નોન એન.એફ.એસ.એ. કરેલા છે તેઓને પાત્રતાના આધારે ફરીથી એન.એફ.એસ.એ.માં કદાચ એ.પી.એલ. થઇ ગયા હશે તો પણ આ યોજનામાં સમાવવા માટેનો નિર્ણય કર્યો છે એટલે મુખ્યમંત્રીશ્રીના આવા નિર્ણયથી વધારાના દિવ્યાંગો હોય, ગંગા સ્વરૂપ બહેનો હોય, વૃદ્ધો હોય કે બાંધકામ શ્રમિકો વધારાના ૧૦ લાખ પરિવારની ૫૦ લાખની જનસંખ્યાને આ એન.એફ.એસ.એ. યોજના હેઠળ લાભ આપવામાં આવે છે. આજે હું ગૌરવ સાથે કોવિડ–19માં પુરવઠા વિભાગની જે કામગીરી થઈ તેમાં રાજયના ગરીબ પરિવારો વતી માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલનો આભાર માનું છું. ૬૫ લાખ ૪૦ હજાર કુટુંબોની જનસંખ્યાને એપ્રિલ, મે અને જૂન એમ ત્રણ માસ દરમિયાન ફૂડ બાસ્કેટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. કોવિડમાંથી પસાર થઈ રહ્યા હતાં ત્યારે એવી પરિસ્થિતિ હતી કે અમારા ધારાસભ્યોએ અમારી સમક્ષ અને માનનીય મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી સમક્ષ રજૂઆત કરી કે, જે રીતે એન.એફ.એસ.એ.ને આપણે લાભ આપીએ છીએ એ જ રીતે આ રાજયના એ.પી.એલ.–૧ ૬૧ લાખ કાર્ડધારકોને પણ આ યોજના અંતર્ગત વિનામૂલ્યે રાશન આપવામાં આવે. મારે મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીનો આભાર માનવો પડે. રાજ્યમાં પ્રથમ વખત આવા લાભાર્થીઓને વિનામૂલ્યે રાશન આપવામાં આવ્યું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ અપીલ પણ કરી હતી કે જેને અનાજની જરૂરિયાત ન હોય તેવા એ.પી.એલ. પરિવારો સ્વેચ્છાએ અનાજ જતું કરે. જેથી બીજા લોકોને આપણે લાભ આપી શકીએ. માનનીય મુખ્યમંત્રીશ્રીની વિનંતીથી ૨૦ લાખ કાર્ડધારકોની એક કરોડ જનસંખ્યાએ આ યોજનાનો લાભ જતો કર્યો હતો.

માનનીય અધ્યક્ષશ્રી, એ જ રીતે રાજ્ય સરકાર દ્વારા એપ્રિલ અને મે મહિનામાં જે નિરાધાર, જરૂરિયાતમંદો, સંકટગ્રસ્ત પરપ્રાંતીય મજૂરોનો રાજ્યની અન્ન બ્રહ્મ યોજના હેઠળ સમાવેશ કરીને યોજનાનો વ્યાપ વધારી વિનામૂલ્યે અન્નનું વિતરણ કરવામાં આવેલું હતું. ભારત સરકાર દ્વારા મે મહિનામાં આત્મનિર્ભર ભારત યોજના પેકેજ જાહેર કરતાં રાજ્ય સરકાર દ્વારા અન્ન બ્રહ્મ આત્મનિર્ભર ભારત યોજના અમલમાં મૂકી. મે મહિના થી ઓગસ્ટ મહિના સુધી વિનામૂલ્યે અનાજનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ રીતે રાજ્ય સરકારે જે એન.એફ.એસ.એ.ના કાર્ડધારકો અને એ.પી.એલ. કાર્ડધારકો સહિત જે જનરલ વિતરણ કરી બજાર કિંમતનું રૂપિયા બે હજાર કરોડથી વધારે રકમનું અનાજ આ ત્રણ માસમાં રાજ્ય સરકારે વિનામૂલ્યે પૂરું પાડ્યું છે. એ જ રીતે માનનીય મુખ્યમંત્રીશ્રીએ પણ નિર્ણય લઈને ૬૮ લાખ ૮૦ હજાર એન.એફ.એસ.એ. કાર્ડધારકોને આ પરિસ્થિતિમાં અનાજનું વિનામૂલ્યે વિતરણ કર્યું. સાથે સાથે ૬૮ લાખ ૮૦ હજાર પરિવારોને વિનામૂલ્યે અનાજ ઉપરાંતના રૂપિયા એક હજાર સીધા એના બેંક ખાતામાં જમા કરી આવા રૂપિયા ૬૫૦ કરોડ જમા કરાવવામાં આવ્યા. અહીંથી જે વાત થઈ એ પ્રમાણે વન નેશન, વન રેશનકાર્ડની યોજનાની આદરણીય પ્રધાનમંત્રીશ્રીએ ચિંતા વ્યક્ત કરી. કોઈ જિલ્લાના ગરીબ પરિવારના શ્રમિકો સૌરાષ્ટ્રમાં કામ કરવા આવતાં હોય, ત્યાં એને અનાજની તકલીફ પડતી હોય, વન નેશન વન રેશનકાર્ડની યોજના અંતર્ગત આ લાભાર્થીઓ આપણા રાજ્યના કોઈ પણ જિલ્લામાં તો ઠીક પણ સમગ્ર દેશના કોઈ પણ રાજ્યમાંથી અનાજ મેળવી શકે તે માટે વન નેશન વન રેશનકાર્ડની યોજના અમલમાં મૂકી. રાજ્ય સરકારે જે રીતે વિનામૂલ્યે અનાજનું વિતરણ કર્યું એ રીતે પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના અંતર્ગત એન.એફ.એસ.એ.ના ૬૮ લાખ ૮૦ હજાર કુટુંબોની ૩ કરોડ ૩૬ લાખ જનસંખ્યાને માસિક એક મહિના માટે નહિ પણ સતત આઠ મહિના સુધી વિનામૂલ્યે આ યોજના અંતર્ગત લાભ આપવામાં આવ્યો અને સમગ્ર કામગીરી દરમિયાન ૧૭ હજારથી વધુ પંડિત દીનદયાળ સસ્તા અનાજની દુકાનોએ જે કામગીરી કરી એ બદલ મારે આ તકે અભિનંદન પણ આપવા પડે. આ પરિસ્થિતમાં કદાચ શરૂઆત હતી. બહાર નિકળતા ન હતા છતા પણ આઠ મહિના સુધી આ પરિસ્થિતિમાં દુકાનદારો હોય, અધિકારીઓ હોય તેઓએ કામગીરી કરી અને આ વ્યવસ્થા સુપેરે પાર પાડી અને ૧૭ હજાર દુકાનોને ૨૮૦ કરોડ રૂપિયા કમિશન પેટે પણ ચૂકવવામાં આવ્યા છે. જે આપણી વીમા યોજના હતી કે કોઈ કર્મચારીનું કોરોનાની પરિસ્થિતિમાં અવસાન થાય તો રૂપિયા ૨૫ લાખની સહાય આપવામાં આવતી હતી, તેમાં આરોગ્ય વિભાગના અધિકારી/કર્મચારીઓ, ગૃહ વિભાગના કર્મચારીઓ, પુરવઠા વિભાગના તમામ આવા દુકાનદારોને આ રૂપિયા ૨૫ લાખની યોજનામાં આવરી લીધા હતા. આ વખતે અમે નવી બાબત લઈને આવ્યા છીએ. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ જે રાહત ભાવે કપાસિયા તેલનું વિતરણ કરવામાં આવે છે. અત્યાર સુધી ૩૫ લાખ પરિવારોને વર્ષમાં બે વખત રાહત ભાવે કપાસિયા તેલનું વિતરણ કરવામાં આવતું હતું. ચાલુ વર્ષે નવી બાબત તરીકે, અહીંયા કહેતા હતા ને તેલના ભાવ, ચાલુ વર્ષે જે નવી બાબત લીધી, ૩૫ લાખ પરિવારોમાં બધાને એડ કરીને એન.એફ.એસ.એ.ના તમામ કાર્ડધારકોને એટલે કે ૭૧ લાખ

પરિવારોને આ રાહતભાવે વર્ષમાં બે વખત કપાસિયાનું તેલ આપવા માટેની યોજના જે નવી આઇટમ તરીકે લીધી છે અને અંદાજિત ૭૦ કરોડ રૂપિયાની એમાં જોગવાઇ પણ કરવામાં આવી છે. શ્રી જોષિયારા સાહેબ કહેતા હતા કે, કેરોસીન ફરી પાછું ચાલુ કરો, અત્યાર સુધીમાં આ રાજયની અંદર ૨૯ લાખ કનેકશનો ઉજ્જવલા અંતર્ગત અમે આપ્યાં. ચાલુ વર્ષે પી.એન.જી. એલ.પી.જી. ગેસ કનેકશન આપવા માટે રાજય પી.એન.જી. એલ.પી.જી. સહાય યોજના હેઠળ નવી બાબત તરીકે રૂપિયા ૫૦ કરોડની નવી જોગવાઇ કરી છે અને સાથે સાથે ૨૯ લાખ ઉજ્જવલાની અંદર નવાં કનેકશનો પણ આપ્યાં છે. જે તમામ સભ્યોએ આમાં ભાગ લીધો, તમામનો આભાર વ્યકત કરું છું અને મારા વિભાગની સહકાર, રમતગમત, યુવા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને અન્ન નાગરિક પુરવઠાની માગણીઓ લઇને આવ્યો છું એ તમામ માંગણીઓ મંજૂર કરો એવી મારી નમ્ર વિનંતી છે.

અધ્યક્ષશ્રી : મારી પાસે સમય જ રાખ્યો નથી, એ તો તમારે પહેલા કહેવું જોઇએ ને કે, અમારે પૂછવું છે.

કાપ દરખાસ્તો ક્રમાંક– ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૯, ૧૧, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૩, ૨૫, ૨૮, ૨૯, ૩૦, ૩૧, ૩૨, ૩૪, ૩૭, ૩૮, ૩૯, ૪૦, ૪૧, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૮, ૪૯, ૫૦, ૫૧, ૫૨, ૫૪, ૫૫, ૫૭ અને ૫૮ મત ઉપર મૂકવામાં આવી અને તે નામંજૂર કરવામાં આવી.

**માગણી ક્રમાંક–૫, ૨૨, ૨૩ અને ૯૮ મત ઉપર મૂકવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી.**

**સભાગૃહનું કામકાજ સાંજના ૦૭.૫૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર બુધવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

તારાંકિત પ્રશ્નો

**ગુજરાત વિધાનસભા**

**બુધવાર, તા. ૨૪મી માર્ચ, ૨૦૨૧**

**ચૈત્ર ૩, ૧૯૪૩ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

## તારાંકિત પ્રશ્નો

### ભાવનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન

* ૩૭૨૩૭ **શ્રી આત્મારામ પરમાર** (ગઢડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૬૯ નવા ફીડર કરવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૮૨૫.૨૧ લાખનો ખર્ચ થયો. |

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર ગુજરાતમાં જે રીતે વીજળીનો વપરાશ વધી રહ્યો છે એ રીતે વીજળીનું ઉત્પાદન પણ વધી રહ્યું છે અને વધતા ઉત્પાદનના લીધે ફીડરોના ડિવિઝન કરવાની જરૂરિયાત થઇ પડે છે એવા સંજોગોમાં મારા પ્રશ્નમાં જ મેં પૂછ્યું છે એ પ્રમાણે તા.૨૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં બે વર્ષમાં તાલુકાવાર કેટલા ફીડરોનું વિભાજન થયું? નંબર–૧ અને નંબર–૨, તાલુકાવાર કેટલો ખર્ચ થયો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, તાલુકાવાર ભાવનગરની અંદર વર્ષ ૨૦૨૦માં ૫ ફિડરો, ગારિયાધારમાં વર્ષ ૨૦૨૦માં ૧, ઘોઘામાં વર્ષ ૨૦૨૦માં ૩, જેસરમાં વર્ષ ૨૦૨૦માં ૧, મહુવામાં વર્ષ ૨૦૧૯માં ૬ અને વર્ષ ૨૦૨૦માં ૧૦, પાલીતાણામાં વર્ષ ૨૦૧૯માં ૧૦ અને વર્ષ ૨૦૨૦માં ૪, શિહોરમાં વર્ષ ૨૦૧૯માં ૩ અને વર્ષ ૨૦૨૦માં ૪, તળાજામાં વર્ષ ૨૦૧૯માં ૬, વર્ષ ૨૦૨૦માં ૬, ઉમરાળામાં વર્ષ ૨૦૧૯માં ૬, વલ્લભીપુરમાં વર્ષ ૨૦૧૯માં ૨ અને વર્ષ ૨૦૨૦માં ૨ એમ કુલ વર્ષ ૨૦૧૯માં ૩૩ ફીડરો અને વર્ષ ૨૦૨૦માં ૩૬ ફીડરો અને કુલ ખર્ચો રૂપિયા ૮ કરોડ ૨૫ લાખ ફીડર બાયફર્ગેશનમાં કરવામાં આવેલ છે.

શ્રી બાબુભાઇ ભી. બોખીરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ભાવનગર જિલ્લામાં આવતા વર્ષમાં આવતા વર્ષમાં અલગ અલગ પ્રકારના જે ફીડરો છે એનું વિભાજન કરવાનું શું આયોજન છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આવતા વખતના ફીડર્સમાં ૪ ટાઇપના ફીડર હોય છે. કેટેગરી ચાર હોય છે એક એગ્રીકલ્ચર, એક જ્યોતિગ્રામ યોજના, એક અર્બન અને એક ઉદ્યોગ એ પ્રકારના ફીડરો હોય છે. આવતા વર્ષમાં પ્લાટ કરવાનું નક્કી કર્યું છે એટલે કે વર્ષ ૨૦૨૧–૨૨માં એગ્રીકલ્ચરના ૧૨, જ્યોતિગ્રામ યોજનામાં ૪, અર્બનમાં ૧ એમ કરીને ૧૭ ફીડરોનું વિભાજન કરવાનું આયોજન છે.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, મારા મત વિસ્તાર તળાજામાં જી.ઇ.બી.ના વાયર તૂટવાના બનાવો, ટી.સી. બળી જવાના બનાવો માટે મેં આના પહેલા અવારનવાર રજૂઆતો કરી છે તો જ્યાં જરૂરિયાત હોય ત્યાં તાત્કાલિક ધોરણે માનનીય મંત્રીશ્રીએ મને રૂબરૂમાં ખાતરી પણ આપેલ તો આપ તાત્કાલિક ધોરણે જે વીજ વાયરો વારંવાર તૂટે છે, ટી.સી. વારંવાર બળી જાય છે એના માટે તાત્કાલિક ધોરણે કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ દરિયા કાંઠાનો વિસ્તાર છે. એટલે આપણે દર વર્ષે સ્પેશ્યલ આયોજન કરીએ છીએ. દરિયા કાંઠામાં કોરોજન વધારે થવાના કારણે આપણા કન્ડક્ટરના વાયર છે એ બને એટલા વારંવાર બદલીએ છીએ અને તળાજા તાલુકો ખૂબ મોટો હોવાના કારણે, લાંબા લાંબા ફીડર હોવાના કારણે આ બે જ વર્ષમાં કુલ ૧૨ ફીડરોનું આપણે ઓલરેડી વિભાજન કર્યું છે. ૧ કરોડ ૪૫ લાખના ખર્ચે એ કામગીરી બે વર્ષમાં કરવામાં આવી છે.

શ્રી પ્રવિણભાઇ મ. ઘોઘારી : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ફીડરનું વિભાજન કરવાના કારણો શું છે? અને ફીડરોના વિભાજન કરવાથી ફાયદા શું શું છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ફીડરો ખૂબ લાંબા હોવાના કારણે એની અંદર જે કંડક્ટર હોય છે એ ગરમ થઇ જવાના કારણે કંડક્ટર તૂટી જતા હોય છે. બીજું, અત્યારે તો આપણે સબસ્ટેશનો ઘણાં વધારીએ છીએ એના કારણે લાઇનો પણ ધીમે ધીમે ટૂંકી થતી જાય છે પણ ઘણા સંજોગોમાં બહુ જ લાંબી લાઇન હોવાના કારણે અને ઘણા બધા કનેકશનો હોવાના કારણે ટ્રીપિંગ થાય જેના કારણે ખેડૂતોને ઘણી બધી તકલીફો પડતી હોય છે. બીજું, જે વોલ્ટેઝનું વેરિએશન હોવાના કારણે આપણે બાયફર્ગેશન કરવું પડતું હોય છે. અને સૌથી અગત્યનું ખાસ કરીને આદિવાસી પટ્ટાની અંદર ફીડરો બહુ લાંબા હોવાના કારણે જે છેલ્લા હોય જે ટેલ એન્ડ ઉપર એ ખેડૂતોને વોલ્ટેજનું નથી મળતું આ કારણે આપણે એક અભ્યાસ કરીએ છીએ અને જે નિયમો નક્કી કર્યા છે કે ૧૫૦ એમ્પીયરથી વધારે પીક લોડ હોય, વોલ્ટેજ રેગ્યુલેશન ૯ ટકાથી વધારે હોય તો આવા સંજોગોમાં આપણે ફીડર બાયફર્ગેશનનું કામ હાથમાં લઇએ છીએ અને નવા એસેસ જયારે ઉભા કરતા હોઇએ ત્યારે આયોજન પણ કરીએ

છીએ કે બીજા એસેસ અને આ એસેસમાં કેવો લોડ ટ્રાન્સફર થાય એ વખતે પણ બાયફર્ગેશનનો પ્રોગ્રામ આપણે હાથમાં લઇએ છીએ.

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા ઇચ્છું છું કે એક વખત ફીડર ખરાબ થયા પછી એને કેટલા સમયમાં બદલવા જોઇએ એવો નિયમ છે? અને મોટાભાગે એક વખત ફીડર ખરાબ થયા પછી પી.જી.વી.સી.એલ.ની કચેરીએ જો ફોન રિસીવ ન થતા હોય તો એવો કોઇ ટોલ ફ્રી નંબર ગુજરાત લેવલે અસ્તિત્વમાં લાવવા ઇચ્છો છો કે કેમ? કે જેથી કરીને સામાન્ય ખેડૂતોની વાત ઝડપથી ગાંધીનગર સુધી પહોંચી શકે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ એવા નિયમો નથી હોતા કે ફીડર બગડે, ફીડર બગડતું નથી હોતું. ફીડરની અંદર જે પ્રમાણે એમ્પીયર્સનો લોડ હોય, વોલ્ટેજ હોય એ પ્રમાણે એક ફીડરની અંદર ખેડૂતોના કનેકશન વધી ગયા કે લોડ વધી ગયો તો સ્વાભાવિક રીતે એના એમ્પીયર્સ વધી જાય છે કે વોલ્ટેજ વધી જાય છે આવા સંજોગોમાં આપણે ચકાસણી કરી અને ફીડર બાયફર્ગેશન કરીએ છીએ એટલે બધું નિયમિત ચાલે અને બીજું, જે ફરિયાદો છે એમાં અત્યારે નંબર છે જ ઓલરેડી. જી.યુ.વી.એન.એલ.ના પણ ઓલરેડી નંબર છે પણ અત્યારે સિસ્ટમ માં ઇમ્પ્રુવમેન્ટ કરવા માટે અમે અભ્યાસ કરીએ છીએ કે જેથી ખેડૂત કમ્પ્લેઇન કરે એનો પણ નંબર આવે અને ખેડૂતની કમ્પ્લેઇન પૂરી થઇ જાય તો એને જાણકારી મળે કે તમારી કમ્પ્લેઇન પૂરી થઇ ગઇ. આના માટે અત્યારે અભ્યાસ ચાલુ છે અને આવતા દિવસોમાં આ પ્રોગ્રામ હાથમાં લેવાનું વિચારણામાં છે.

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, કંઇ બાકી રહી ગયું છે?

શ્રી આત્મારામ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને બે પ્રશ્નો પૂછયા હતા. એક તો કેટલા તાલુકાવાર ફીડરોનું વિભાજન થયું એનો જવાબ આવ્યો છે. બીજો પ્રશ્ન હતો તાલુકાવાર કેટલો ખર્ચ થયો એ જો હોય તો રજૂ કરે.

અધ્યક્ષશ્રી : માનનીય આત્મારામભાઇ, અભિનંદન કારણ કે આપે પ્રશ્ન યાદ રાખ્યો.

શ્રી સૌરભ પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, ભાવનગરમાં રૂપિયા ૫૯,૨૭,૦૦૦ ગારીયાધારમાં રૂપિયા ૧૭,૫૩,૦૦૦, ઘોઘામાં રૂપિયા ૭,૮૬,૦૦૦, જેસરમાં રૂપિયા ૧૯,૭૩,૦૦૦, મહુવામાં રૂપિયા ૧,૫૫,૦૦,૦૦૦ પાલીતાણામાં રૂપિયા ૧,૮૨,૦૦,૦૦૦ શિહોરમાં રૂપિયા ૧,૨૫,૦૦,૦૦૦, તળાજામાં રૂપિયા ૧,૪૫,૦૦,૦૦૦, ઉમરાળામાં રૂપિયા ૩૪,૦૦,૦૦૦, વલ્લભીપુરમાં રૂપિયા ૭૮,૨૫,૦૦૦ એમ કુલ રૂપિયા ૮,૨૫,૦૦,૦૦૦ નો ખર્ચ થયો છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે હમણા જ માનનીય મંત્રીશ્રીએ દરિયાકાંઠા ઉપર ભેજ અને ખારાશને કારણે વારેવારે વાયરો તૂટે છે, વહેલા ખરાબ થઇ જાય છે એવું માનનીય મંત્રીશ્રીએ પણ કહ્યું છે. મંત્રીશ્રીને મારી વિનંતી છે હું વારેવારે રજૂઆતો પણ કરું છું કે મારા વિસ્તારમાં મોટાપાયે બાગાયતી પાકનું વાવેતર થયેલું હોય નાળીયેરી અને આંબા એની અંદરથી જે લાઇનો પસાર થતી હોય છે, લાઇનોની અંદર જે વાયરો ખુલ્લા હોય છે એને કારણે પૂરો પાવર મળતો નથી, લાઇનો ફોલ્ટી થાય છે તો એની અંદર કેબલીંગ કરીને જ્યાં જરૂરિયાત હોય ત્યાં બધામાં નથી કહેતો પણ જરૂરિયાત હોય ત્યાં દરિયાકાંઠા અને બગીચાઓમાં કેબલનું વાયરીંગ કરવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય સભ્યશ્રીની ઇચ્છા એવી છે કે જે ખાનગી ખેતરો હોય એની અંદર જે લાઇનો જતી હોય એ લાઇનોમાં વૃક્ષોની સાઇઝ વધતી હોય અને કોઇકવાર અડે તો ટ્રીપીંગ થાય. એમનું એવું કહેવું છે કે જે ખાનગી ખેતરો છે એની અંદર તમે અન્ડરગ્રાઉન્ડ કેબલીંગ કરો (અંતરાય)

અધ્યક્ષશ્રી : ના પાડે છે ને?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મારે જે એમની જોડે વાત થઇ છે એની વાત કરું છું. એમણે મને જે વારંવાર વાત કરી હતી એ વિષયની વાત કરું છું. (અંતરાય) મારી વાત સાંભળો, તમે મને વ્યક્તિગત વાત કરી હતી કે મારા ત્યાં વાડીઓની અંદર તમે કેબલીંગનું કામ કરો તો અન્ડરગ્રાઉન્ડ કેબલીંગનો ખર્ચો પોસાય નહીં. અમે તો શહેરોમાં હજી શરૂઆત કરી છે એટલે ગામડાંઓમાં ખેતરોમાં અન્ડરગ્રાઉન્ડ કેબલીંગ ન થઇ શકે પણ મેં એમને ત્યાં સુધી કીધું કે તમે મને સ્પેસિફિક વિસ્તાર આપો. હું એ સ્પેસિફિક વિસ્તાર ઉપર સરવે કરાવું અને સરવે કરાવીને કંઇક રસ્તો નીકળે એ રીતે આપણે આગળ વધીશું.

### ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

* ૩૭૨૧૦ **શ્રી શંભુજી ઠાકોર** (ગાંધીનગર દક્ષિણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત ગાંધીનગર જિલ્લામાં કુલ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૨૩૭૭ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૧૦૭.૨૬ લાખનો ખર્ચ થયો. |

## તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી શંભુજી એ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર જિલ્લામાં તાલુકાવાર ઝૂંપડપટ્ટી યોજના હેઠળ કુલ કેટલા ગરીબ લાભાર્થીઓને ઘરવપરાશના વીજ જોડાણ આપવામાં આવ્યા અને તે માટે કેટલો ખર્ચ થયો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગાંધીનગર જિલ્લાની અંદર વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦માં બે વર્ષની અંદર દહેગામમાં વર્ષ ૨૦૧૯માં ૩૦૧, વર્ષ ૨૦૨૦માં ૧૬૭ એટલે કુલ ૪૬૮ એમાં રૂપિયા ૧૬.૫૯ લાખનો ખર્ચો કર્યો છે. ગાંધીનગર તાલુકામાં વર્ષ ૨૦૧૯માં ૨૩૦, વર્ષ ૨૦૨૦માં ૧૮૨ કુલ ૪૧૨, એમાં રૂપિયા ૧૭.૨૮ લાખનો ખર્ચો કર્યો છે. કલોલમાં વર્ષ ૨૦૧૯માં ૩૦૭, વર્ષ ૨૦૨૦માં ૬૬૦ કુલ ૯૬૭, એમાં રૂપિયા ૪૬.૩૫ લાખનો ખર્ચો કર્યો છે. માણસામાં વર્ષ ૨૦૧૯માં ૧૫૨, વર્ષ ૨૦૨૦માં ૩૭૮ કુલ ૫૩૦, એમાં રૂપિયા ૨૭.૦૪નો ખર્ચો કરવામાં આવેલ છે. હાલની તારીખમાં ગાંધીનગર જિલ્લાની અંદર ઝૂંપડપટ્ટી વીજળીકરણમાં એક પણ અરજી પેન્ડિંગ નથી.

શ્રી રાજેન્દ્રસિંહ ર. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી એ જાણવા માગું છું કે ઝૂંપડપટ્ટી યોજના હેઠળ ગરીબ લાભાર્થીઓને જે જોડાણ આપીએ છીએ એમાં વીજ બિલમાં રાહત આપીએ છીએ કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ જે ગરીબ વ્યક્તિઓને આપણે ખાસ કરીને જે કનેકશન આપીએ છીએ. એની અંદર બીપીએલ બેનિફિશિયરીની એક જુદી ટેરિફ નક્કી કરી છે. ૫૦ યુનિટ સુધી આપણે ૧.૫ રૂપિયા પર મંથ લઇએ છીએ. એટલે ૧.૫ રૂપિયા પર યુનિટ લઇએ છીએ અને ફિક્સ ચાર્જ ૫ રૂપિયા પર મંથ લઇએ છીએ. નોર્મલ રેસીડન્સ છે એના માટે આપણે લઇએ છીએ તે ૫૦ યુનિટ સુધીનો ૨.૬૫ પૈ. રૂરલ સેક્ટરમાં લઇએ છીએ. શહેરમાં ૩.૬૫ પૈ.લઇએ છીએ. એટલે શહેરની સરખામણીમાં કહીએ તો ૧.૫૫ પૈ. યુનિટનો લાભ આજની તારીખમાં બીપીએલ લાભાર્થીઓને આપીએ છીએ.

### જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો

* ૩૬૯૩૦ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો છે, | (૧) જી. જી. હોસ્પિટલ, જામનગર ખાતે ૧ (એક) એમ.આર.આઇ મશીન છે. સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સીટી સ્કેન મશીન અને એમ.આર.આઇ. મશીન ઉપલબ્ધ કરાવવામાં આવતા નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો નવા ખરીદવામાં આવ્યા, | (૨) ૧ સીટી સ્કેન મશીન ખરીદ કરવામાં આવેલ છે. |
| (૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો કાર્યરત છે અને કેટલા મશીનો ક્યારથી બંધ હાલતમાં છે, અને | (૩) જી. જી. હોસ્પિટલ, જામનગર ખાતે એમ.આર.આઇ મશીન કાર્યરત છે. |
| (૪) ઉક્ત બંધ હાલતમાં રહેલ સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે? | (૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે મારા મત વિસ્તારમાં હમણા ડાયાલીસીસ સેન્ટર ફાળવ્યું છે. ટૂંક સમયમાં કાર્યરત થવાનું છે. મારા મત વિસ્તાર તરફથી માનનીય મંત્રીશ્રીનો આભાર માનું છું. મારો પ્રશ્ન એ છે કે મારા રેફરલ હોસ્પિટલ અને સામૂહિક આરોગ્ય કેન્દ્ર જામજોધપુરમાં એમ્બ્યુલન્સની માગણી છેલ્લાં ૨ વર્ષમાં કરી છે. હાલમાં ફાળવવામાં આવી નથી. બીજો પ્રશ્ન જામનગર સિટી સ્કેનનું મશીન છે, પણ ટેકનિકલ સ્ટાફ ન હોવાના કારણે બંધ છે. દેવભૂમિ દ્વારકામાં સિટી સ્કેનનું મશીન ફાળવવામાં આવ્યું નથી તો તે ક્યારે ફાળવવા માગો છો?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ ધારાસભ્યશ્રીનો આભાર માનું કે રાજ્યમાં અમે દરેક જિલ્લામાં મોટી હોસ્પિટલોમાં ડાયાલીસીસ કરવા માટે દર્દીઓને જે મશીનની જરૂરિયાત પડે એ રાજ્ય સરકારની સી.એચ.સી અને ઉપરની કક્ષાની હોસ્પિટલોમાં વિનામૂલ્યે ડાયાલીસીસ કરવા માટે દર્દીઓને રાહત અને સગવડ આપવા માટે મોટા પ્રમાણમાં હોસ્પિટલોમાં ડાયાલીસીસ મશીન ફાળવવાની શરૂઆત કરી છે. માનનીય ધારાસભ્યશ્રીની માગણી અને રજૂઆત હતી એ પ્રમાણે એમના વિસ્તારમાં ડાયાલીસીસ સેન્ટર કિડની હોસ્પિટલ દ્વારા વ્યવસ્થા ગોઠવી છે અને એના દ્વારા કર્યું છે, એટલે ડાયાલીસીસ પ્રાઇવેટમાં કરાવીએ તો ૧૫૦૦થી ૨૦૦૦ રૂપિયા એક ડાયાલીસીસ દીઠ દર્દીઓને ખર્ચો કરવો પડે છે અને જેને ડાયાલીસીસની જરૂરી હોય, કિડનીની તકલીફ હોય એમને અઠવાડિયામાં ઓછામાં ઓછું ૨ વખત ડાયાલીસીસ કરાવવું પડે. આમ, આ મોંઘી સારવાર છે. અમારી સરકાર દ્વારા વર્ષોથી ડાયાલીસીસ મફત કરવાની શરૂઆત કરી. વિનામૂલ્યે ડાયાલીસીસ કરીએ છીએ, એટલું નહિ દર્દીઓને આવવા જવાનો ખર્ચો ૩૦૦ રૂપિયા એક દર્દી દીઠ, એક ડાયાલીસીસ દીઠ રાજ્ય સરકાર

દ્વારા આપીએ છીએ. એમની લાગણી પૂરી કરી છે. બીજું, સિટી સ્કેન મશીન, એમ.આર.આઇ. મશીન ડાયાલીસીસ માટે ખૂબ અગત્યનું અને મહત્ત્વનું છે. માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે આપણા રાજ્યની મેડિકલ કૉલેજોમાં અને સિવિલ હોસ્પિટલોમાં આ મશીનો આપીએ છીએ અને ઘણી જગ્યાએ તે વપરાશમાં પણ છે. કદાચ કોઇ જગ્યાએ મશીન ન હોય તો દર્દીઓના હિત માટે આરોગ્ય વિભાગે એવી વ્યવસ્થા કરી છે કે, તે શહેરમાં જે પ્રાઇવેટ રેડિયોલોજીસ્ટ હોય તેની પાસે સીટી સ્કેન મશીન અથવા એમ.આર.આઇ. મશીન હોય અને ત્યાં સરકારી હોસ્પિટલમાં આ મશીન બંધ હોય, બગડયું હોય અથવા ન હોય તો તેના માટે અમે એમ.ઓ.યુ કરી, આ પ્રાઇવેટ હોસ્પિટલોના ડોકટરોની સાથે કરાર કરી સરકારી હોસ્પિટલમાં આવતા દર્દીઓને તે પ્રાઇવેટ હોસ્પિટલમાં મોકલી વિનામૂલ્યે સીટી સ્કેન અને એમ.આર.આઇ. રિપોર્ટ કરાવીએ છીએ. તેનો જે ખર્ચ થાય તે રાજ્ય સરકાર તરફથી પ્રાઇવેટ હોસ્પિટલને આપણે ચૂકવી આપીએ છીએ. દર્દીને આમાં કોઇ ખર્ચ કરવાનો રહેતો નથી. તેમાં મા યોજના, મા–વાત્સલ્ય યોજના, પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, બી.પી.એલ.ના દર્દીઓ, બાળકો, વૃદ્ધો અને લગભગ બધાને જેને સુપ્રિન્ટેન્ડન્ટ ચિઠ્ઠી લખી આપીને ભલામણ કરે તેને પ્રાઇવેટ હોસ્પિટલમાં મફતમાં આવા રિપોર્ટ કરાવીએ છીએ અને સરકારમાં હોય તો ત્યાં પણ મફતમાં કરીએ છીએ. બીજો પ્રશ્ન કર્યો કે, સી.એચ.સી.માં સીટી સ્કેન અને એમ.આર.આઇ. મશીનો મૂકવા બાબતનો તો તેમાં સી.એચ.સી.માં સીટી સ્કેન મશીન અને એમ.આર.આઇ. મશીન મૂકવાની કોઇ જોગવાઇ નથી. કારણ કે તેને ચલાવવા માટે રેડિયોલોજીસ્ટ જોઇએ, તેને રિડીંગ કરવા માટે ડોકટર જોઇએ. તેવી વ્યવસ્થા આપણા આખા રાજ્યમાં કે બીજા કોઇ રાજ્યમાં નથી. ફક્ત મોટી હોસ્પિટલોમાં આપણે સીટી સ્કેન મશીન અને એમ.આર.આઇ. મશીન ફાળવીએ છીએ.

અધ્યક્ષશ્રી : આમ શાંતિથી પ્રશ્નોત્તરી થાય તો કેટલું સારું લાગે છે. માનનીય ધારાસભ્ય મંત્રીશ્રીનો આભાર માને છે અને માનનીય મંત્રીશ્રી ધારાસભ્યશ્રીનો આભાર માને છે. માનનીય પરેશભાઇ.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી...

અધ્યક્ષશ્રી : માનનીય કાલરિયાભાઇ, શું બાકી રહી ગયું? એમ્બ્યુલન્સ બાકી રહી ગઇ? માનનીય પરેશભાઇ એક મિનિટ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બધા જ સભ્યશ્રીઓના ધ્યાન ઉપર મૂકવા માગું છું કે, આ વર્ષના આરોગ્ય વિભાગના બજેટમાં નવી એમ્બ્યુલન્સો ખરીદવા માટે આપણે જોગવાઇ કરી છે. જે સી.એચ.સી.માં, સિવિલ હોસ્પિટલોમાં નિર્ધારીત સમય મર્યાદા કરતાં વધુ જૂની એમ્બ્યુલન્સ હશે અથવા તો વધુ કિલોમિટર ફરી ચૂકી હશે તેવી એમ્બ્યુલન્સની જગ્યાએ નવી એમ્બ્યુલન્સ ફાળવવાની આ બજેટમાં આપણે જોગવાઇ કરી છે. બીજું મારે ખાસ કહેવું છે કે, આપણા રાજ્યમાં ૧૦૮ની વ્યવસ્થા ઉપલબ્ધ થયા પછી આ એમ્બ્યુલન્સોની અગત્યતા અને મહત્ત્વ પ્રમાણમાં થોડું ઓછું થયું છે. બીજું, સાહેબ આપણા ગુજરાતની પ્રજાની જે સેવાકીય ભાવના છે તેમાં માર્કેટીંગ યાર્ડ હોય, બેન્કો હોય, સેવાભાવી સંસ્થાઓ હોય, દાતાઓ હોય, ધાર્મિક સંસ્થાઓ હોય તે બધા પણ પોતે શહેરમાં આવી એમ્બ્યુલન્સો રાખે છે. એટલે સરકારી એમ્બ્યુલન્સો સાથે સાથે આવી ખાનગી સેવાભાવી સંસ્થાઓની એમ્બ્યુલન્સોથી પણ દર્દીઓને એક શહેરથી બીજા શહેરની હોસ્પિટલોમાં રીફર કરવા હોય તો કરી શકાય છે. તેમાં કોઇ મોટો પ્રશ્ન નથી. છતાં પણ નવી એમ્બ્યુલન્સો આવશે તો તમારી લાગણીને પણ ધ્યાનમાં રાખીશું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લા એક વર્ષથી ગુજરાત સહિત આખો દેશ કોરોના મહામારીનો સામનો કરી રહ્યો છે. હું તાજનો સાક્ષી છું. આ કોરોનાના પેશન્ટ..

અધ્યક્ષશ્રી : હું ફરીવાર કહું છું કે, તાજનો સાક્ષી કયારેય બનવું નહીં. પહેલાં ગુનેગાર છો? તો જ તાજનો સાક્ષી બનાય.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, એટલા માટે કે, હું એક પેશન્ટને સીટી સ્કેન કરાવવા માટે લઇને ગયો હતો. મારી આપના મારફત...

અધ્યક્ષશ્રી : હું સાક્ષી છું એમ કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના દર્દીને સીટી સ્કેન કરાવવાની જરૂરિયાત ઉભી થાય છે. આજની પ્રશ્નોત્તરીમાં જે વિગતો ઉપલબ્ધ થઇ છે તે મુજબ રાજ્યના ૩૩ જિલ્લામાં માત્ર ૧૬ સીટી સ્કેન મશીનો અને ૫ (પાંચ) એમ.આર.આઇ મશીનો આપણી પાસે ઉપલબ્ધ છે. રાજ્યના ૨૦ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં એકપણ સીટી સ્કેન મશીન નથી. ૨૮ જિલ્લાઓમાં એકપણ સીટી સ્કેન મશીન કાર્યરત નથી. આના કારણે ગરીબ દર્દીઓને સીટી સ્કેન કરાવવા માટે ખાનગી લેબનો અથવા દવાખાનાનો સહારો લેવો પડે છે. તેના માટે તેને બે હજાર, અઢી હજાર, ત્રણ હજાર, ચાર હજાર રૂપિયાનો ખર્ચ કરવો પડે છે.

અધ્યક્ષશ્રી : આપ પ્રશ્ન પૂછો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, આ સીટી સ્કેન મશીનો રાજ્યની તમામ હોસ્પિટલોમાં ઉપલબ્ધ થાય, કારણ કે આ લડાઇ ખૂબ લાંબી છે. ગરીબ દર્દીઓને ખાનગી દવાખાનામાં મોંઘી ફીનો ભાર વહન કરવો ન પડે એટલે તેના માટે સરકારે કોઇ આયોજન કર્યું છે કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પરેશભાઇની વાત સાચી છે, આ કોરોનાની મહામારીમાં આપણા ધ્યાન ઉપર આવ્યું કે, ટેસ્ટ જે આપણે કરાવતા હતા એ ટેસ્ટની સાથે સાથે સિટી સ્કેન પણ ઘણાં લોકો કરાવતા હતા

અને એમાં જે છાતીમાં ફેફસામાં જે રીતનું ચિત્ર થાય અને જે રિપોર્ટ આવે એના આધારે ડોકટરો દર્દીને કોરોનાની સારવાર આપવી કે કેમ? એ ગંભીર પ્રકારના દર્દી છે કે સામાન્ય અસર થયેલા દર્દી છે એ બધું નક્કી થતું હતું અને એ પ્રમાણે સારવાર આપવામાં આવતી હતી. બીજી વાત આપણી પાસે સાધન કદાચ ઓછા હોય, મર્યાદિત હોય કારણ કે, ૨૫-૩૦ કરોડ રૂપિયાના આ એક એક સાધનો આવે છે. સાધન વસાવવું એ એક અલગ વાત છે પણ સાધન ચલાવવા માટે રેડિયોલોજીસ્ટ હોવા જોઇએ, વ્યવસ્થા હોવી જોઇએ. આપણે વારંવાર ચર્ચા થઇ છે કે મેડિકલ કોલેજમાં પ્રોફેસર હોય બાકીની હોસ્પિટલોમાં રેડિયોલોજીસ્ટની ઉપલબ્ધતા ઓછી હોય છે. એટલે અમારા આરોગ્ય વિભાગે એક સુંદર વ્યવસ્થા કરી છે કે, જે શહેરોમાં ખાનગી રેડિયોલોજીસ્ટ પોતાના એમ.આર.આઇ. કે સિટી સ્કેન સેન્ટર ચલાવે છે અને પ્રેક્ટિસ કરે છે એમની સાથે આપણે એમ.ઓ.યુ. કરીએ છીએ અને સરકારના ખર્ચે, દાખલા તરીકે ગાંધીનગરનો દાખલો આપું તો ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી કોઇ દર્દીને જરૂર પડે અને અમારા સુપરિન્ટેન્ડેન્ટ એને માટે ભલામણ કરે તો પ્રાઇવેટ રેડિયોલોજીસ્ટ પાસે એનું સિટી સ્કેન પણ થઇ શકે છે, એમ.આર.આઇ. થઇ શકે છે અને એ વિનામૂલ્યે થાય છે એનો ખર્ચો રાજય સરકાર ભોગવે છે. જામનગરનો જે પ્રશ્ન છે તો જામનગરમાં પણ સહયોગ નામની સંસ્થાને સીવીલ કેમ્પસમાં આપણે જગ્યા ફાળવી છે અને મશીન પણ મૂકયું છે એટલે સરકારના જે દર્દી હોય અને ડોકટર રીફર કરે એનું વિનામૂલ્યે ત્યાં સિટી સ્કેન વગેરે થાય છે અને પ્રાઇવેટમાંથી જે ડોકટરો રીફર કરે એનો ખર્ચો એ લોકો લે છે. આવું પી.પી.પી. મોડેલ રાજયમાં બધી જગ્યાએ અમદાવાદ સિવિલ સહિત બધે ગોઠવ્યું છે એટલે ગરીબ, મધ્યમ વર્ગના દર્દીઓ અને પ્રધાનમંત્રી જન આરોગ્ય કે આપણી બીજી જે આરોગ્યની યોજનાઓ છે એમાં જે આવરી લીધેલા દર્દીઓ છે એમને કોઇ ખર્ચાનું ભારણ રાજય સરકાર, અમારું આરોગ્ય વિભાગ આવવા દેતો નથી એનો ખર્ચ સરકાર ભોગવે છે અને વ્યવસ્થા આપણે ઉપલબ્ધ કરાવીએ છીએ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી મારે એ જાણવું છે કે, માનનીય મંત્રીશ્રીએ જવાબમાં કહ્યું કે એના ટેકનિશિયન માણસો મળતા નથી. છેલ્લા બે વર્ષમાં રાજયના ૩૩ જિલ્લાઓમાંથી ફકત વડોદરાની અંદર જ સિટી સ્કેન મશીન ખરીદવામાં આવ્યું છે. આ રાજયના ૧૮ જિલ્લાઓ એવા છે કે જે જિલ્લાઓમાં એક પણ સિટી સ્કેન મશીન નથી, એક પણ એમ.આર.આઇ. મશીન નથી. પ્રજાના હિત માટે રૂપિયા ૧૩ હજાર કરોડ કરતા વધારે ખર્ચ આપણે આરોગ્ય વિભાગમાં કરીએ છીએ ત્યારે મારી આપને વિનંતી છે કે રાજયના ૧૮ જિલ્લાઓ એવા છે કે, જ્યાં એક પણ મશીન નથી અને છેલ્લા બે વર્ષમાં એક સિટી સ્કેન મશીન વડોદરામાં ખરીદેલ છે ત્યારે આ જે જિલ્લાઓમાં નથી ત્યાં આ પ્રકારે મશીન ખરીદીને મૂકવા માગો છો કે કેમ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં અગાઉ મારા જવાબમાં કહ્યું કે, મશીન હોય કે ન હોય, રેડિયોલોજીસ્ટ ઉપલબ્ધ હોય કે ન હોય પણ જ્યાં શકય છે ત્યાં અમે પી.પી.પી. મોડેલ દ્વારા રાજયમાં બધે આ વ્યવસ્થા કરી રહ્યા છીએ. હવે દાખલા તરીકે એક જિલ્લો એવો છે કે, સરકારમાં રેડિયોલોજીસ્ટ નથી અને પ્રાઇવેટમાં પણ રેડિયોલોજીસ્ટ કે સિટી સ્કેન કે ક્લિનિક નથી તો આપણી પાસે એનો ઉપાય નથી.

અધ્યક્ષશ્રી : માણસ અને મશીન બંને જોઇએ.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, બંને જોઇએ. પણ જ્યાં નથી ત્યાં ટેકનોલોજીનો ઉપયોગ કરી..(અંતરાય) હું પોલિટિકલ નથી કહેતો, હું ઉપલબ્ધતા સમજાવું છું. ૧૮ જિલ્લાની આપે વાત કરી હું સંમત છું, હું ના નથી કહેતો શ્રી શૈલેષભાઇ, હું ના નથી કહેતો, અમે આ વ્યવસ્થા વિકસાવી છે, દાખલા તરીકે વડોદરા જિલ્લાનું છોટાઉદેપુર છે એમાં નથી તો દર્દી વડોદરામાં આવીને ટેસ્ટ કરાવી શકે છે. આ રીફર કરવાના હોય, આ કંઇ નાના એમ.બી.બી.એસ. ડોકટરો સિટી સ્કેન કરે એ શક્ય નથી. એના માટે રેડિયોલોજીસ્ટ જોઇએ, એના રિપોર્ટનું રીડીંગ કરનાર જોઇએ, એનું ડાયગ્નોસીસ કરનાર જોઇએ અને પછી સારવાર કરનાર જોઇએ એટલે આખી આની પ્રક્રિયા છે એટલે ખાલી મશીન મૂકી દેવાથી કામ થઇ જતું નથી. આ કંઇ ફોટો પાડવાનો નથી કે ફોટો પાડીને હાથમાં આપી દીધો એટલે વાત પતી ગઇ. એનું ડાયગ્નોસીસ કરવું પડે, એની ટ્રીટમેન્ટ આપવી પડે એ બધી જ સગવડ ઉપલબ્ધ હોવી જોઇએ અને તબક્કાવાર અમે કરી રહ્યા છીએ અને આ વર્ષે પણ નવા સાધનો ખરીદવાની જોગવાઇ કરી છે અને નવા સાધનો અમે ખરીદી રહ્યા છીએ.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૬, માનનીય શશીકાંતભાઇ પંડ્યા, ના, ના. ઘણી વાત થઇ ગઇ, આમાં જવાબ સાંભળીને અરધો ડોક્ટર તો હું થઇ ગયો, ઘણું બધું આવી ગયું, પછી આગળ પ્રશ્નો ન ચાલે..પ્લીઝ, આપને પહેલાં પૂછવા દીધું, આપને પૂછવા દીધું, એમને પણ પૂછવા દીધું. આમાં આપની રજૂઆત આવી ગઇ. પ્રશ્ન ક્રમાંક-૬માં મંત્રીશ્રીએ કંઇ જવાબ આપવાનો છે?

### બનાસકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના

* ૩૭૦૨૩ **શ્રી શશીકાન્ત પંડ્યા** (ડીસા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના - ‘‘પર ડ્રોપ મોર ક્રોપ’’ સૂક્ષ્મ સિંચાઇ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ મેળવ્યો, અને | (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના - ‘‘પર ડ્રોપ મોર ક્રોપ’’ સૂક્ષ્મ સિંચાઇ હેઠળ બનાસકાંઠા જિલ્લામાં લાભ લીધેલ ખેડૂતોની સંખ્યા નીચે મુજબ છેઃ- |

| જિલ્લો | વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજનાનો લાભ લીધેલ ખેડૂતોની સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | ૦૧-૦૧-૨૦૧૯ થી ૩૧-૧૨-૨૦૧૯ | ૧૨૪૧૯ |
| | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૧૫૪૮૭ |
| | કુલ | ૨૭૯૦૬ |

(૨) ઉક્ત સ્થિતિએ કેટલો વિસ્તાર સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવામાં આવેલ છે?

(૨) સૂક્ષ્મ સિંચાઇ હેઠળ આવરી લેવાયેલ ઉક્ત સ્થિતિએ વિસ્તાર (હેક્ટર) નીચે મુજબ છેઃ-

| જિલ્લો | વર્ષ | સૂક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ આવરી લીધેલ વિસ્તાર (હેક્ટર) |
|---|---|---|
| બનાસકાંઠા | ૦૧-૦૧-૨૦૧૯ થી ૩૧-૧૨-૨૦૧૯ | ૧૬૪૦૨ |
| | ૦૧-૦૧-૨૦૨૦ થી ૩૧-૧૨-૨૦૨૦ | ૨૦૦૯૧ |
| | કુલ | ૩૬૪૯૩ |

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી હું માનનીય મંત્રીશ્રીને એ પૂછવા માગું છું કે, તારીખ ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના પર ડ્રોપ મોર ક્રોપ સુક્ષ્મ સિંચાઇ યોજના હેઠળ બનાસકાંઠા જિલ્લામાં કેટલા ખેડૂતોએ લાભ લીધો તેમજ પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજનામાં ૨૦૧૯માં તાલુકાવાર કેટલા ખેડૂતોએ લાભ લીધો. તેમજ આ સિંચાઇનો પ્રશ્ન છે એટલે મારી એક વિનંતી છે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને કે દાંતીવાડા ડેમમાંથી સિપુ ડેમમાં પાણી નાંખવામાં આવે તો ખેડૂતોને લાભ મળે તેમજ પશ્ચિમ બનાસકાંઠામાં નર્મદા તેમજ સુજલામ્-સુફલામ્ નું પાણી આવેલું અને પૂર્વ બનાસકાંઠા જે કહેવાય એમાં પાણીની સુજલામ્-સુફલામ્ કે નર્મદાની વ્યવસ્થા નથી, આ સંવેદનશીલ સરકારે મારા ડીસા તાલુકામાં ખેડૂતો માટે ભૂતકાળમાં કોઇ સરકારે કામ નથી કર્યા એટલા બધા કામ કર્યા છે (અંતરાય) સાંભળો તો ખરા, માંડ વારો આવ્યો છે મારો,

અધ્યક્ષશ્રી : માનનીય પંડ્યાજી, મને કહો,

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : પણ સાહેબ, બહુ બોલ બોલ કરે છે,

અધ્યક્ષશ્રી : એ એવું જ ચાલવાનું, તમે એ બાજુ જુઓ જ નહિ,

શ્રી શશીકાન્ત મ. પંડ્યા : માનનીય અધ્યક્ષશ્રીઃ સમગ્ર બનાસકાંઠા જિલ્લામાં મારા ડીસા તાલુકામાં છેક નડાબેટ સુધી છેલ્લાં ૫૦ વરસથી પીવાનું પાણી ત્યાં જતું હતું એ વખતે નર્મદાની કોઇ યોજના કે વ્યવસ્થા ન હતી પરંતુ આ સંવેદનશીલ સરકારે નર્મદા યોજના લાવી ત્યાં વાવ, થરાદ, સૂઇગામ..

અધ્યક્ષશ્રી : હવે આપે પ્રવચન ચાલુ કર્યું.

શ્રી શશીકાન્ત મ. પંડ્યા :પ્રવચન નહિ સાહેબ, પ્રશ્ન છે મારો..

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એમના પ્રશ્નનો જવાબ આપો. એ જે વાત છે તે આને લાગતી વળગતી નથી. પ્લીઝ, પ્લીઝ. ના જી, ના, આવી રીતે બોલવા દઇએ તો તો.. આ પ્રશ્નકાળ છે, બહુ અગત્યનો કહેવાય, મેં માનનીય વિરોધપક્ષના નેતાને ન બોલવા દીધાને. બેસી જાઓ આપ, માનનીય પંડ્યાજી આપ બેસી જાઓ,

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શશીકાંતભાઇએ ખૂબ જ અગત્યનો ખેડૂતલક્ષી અને પાણી બચાવવાલક્ષી પ્રશ્ન પુછ્યો છે. આપણે બધા જાણીએ છીએ અને છેલ્લાં અઠવાડિયામાં ગૃહમાં જે ચર્ચાઓ થઇ એમાં પીવાનું પાણી હોય કે સિંચાઇ માટેનું પાણી હોય એક એક ટીપું પાણીની કિંમત એ આપણું ગુજરાત રાજ્ય ખૂબ સારી રીતે સમજે છે. એ વાતને ધ્યાનમાં રાખીને માનનીય નરેન્દ્રભાઇ મોદીજી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી હતા ત્યારે એમણે વર્ષ ૨૦૦૫માં ગુજરાતમાં ફુવારા પદ્ધતિ અને ટપક સિંચાઇ, ડ્રીપ ઇરીગેશન સિસ્ટમ ની, જી.જી.આર.સી. કંપની આપણી ગુજરાત સરકારની નવી સ્થાપી અને એના દ્વારા શરૂઆત કરી ગુજરાતના ખેડૂતોને ટપક સિંચાઇ, ફુવારા પદ્ધતિનો લાભ લેવા સતત માર્ગદર્શન, પ્રચાર, ઝૂંબેશ અને જાગરૂકતા લાવવાનું કામ કર્યું અને આજે મને આનંદ છે કે આ વરસોની બધાની મહેનત, ખેડૂતોનો પણ સહયોગ એના કારણે ગુજરાતમાં અત્યારે લગભગ ૧૨.૭૦ લાખ કરતા વધુ ખેડૂતોએ આ યોજનાનો લાભ લીધો છે અને ૧૯.૮૦ લાખ હેક્ટર જમીન મને લાગે છે કે, ભારતમાં કદાચ આપણો પહેલો નંબર છે, આખા ભારતમાં ટપક સિંચાઇ યોજનાનો અમલ કરવો, પાણીને બચાવવું, ઓછાં પાણીએ વધુ સારી ખેતી, પર ડ્રોપ મોર ક્રોપ એ જે સૂત્ર માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ આપ્યું હતું એનો અમલ આપણે કરીએ છીએ. બીજા મારે અભિનંદન આપવા છે બનાસકાંઠા જિલ્લાને, કચ્છ જિલ્લાને, સાબરકાંઠા જિલ્લાને આ ખેડૂતોએ જ્યાં પાણીની વધારે તકલીફ હતી એ પાણીની કિંમત સમજ્યા અને બનાસકાંઠાના ખેડૂતોએ ખૂબ ઉત્સાહથી, જાગરૂકતાથી આ કાર્યક્રમ ઉપાડી લીધો છે. અત્યાર સુધીમાં, બે વરસની જે માહિતી ૨૦૧૯ની માગણી છે એ પ્રમાણે ૧૨૪૧૯ ખેડૂતોએ આમાં લાભ લીધો છે. એટલે આ યોજનામાં જોડાયા છે. આ યોજના ખાલી સૂત્રો આપવા પૂરતી અમે નથી રાખી. ગુજરાત સરકાર અને ભારત સરકાર આમાં ખૂબ મોટી સબસિડી આ યોજનાનો લાભ લેનાર (અંતરાય) ભીખાભાઇ હવે તમે જૂનાગઢમાં નકામો શું કામ મારો ટાઇમ બગાડો છો. અત્યારે તમારા વકીલોની સલાહ લો, તમારા પર કેસ ચાલે છે તેની ચિંતા કરોને, આ ખેડૂતોની ચિંતા અમને કરવા દો.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે અમે જે સબસિડી આપીએ છીએ તેમાં સામાન્ય વર્ગના ખેડૂત હોય તો ૭૦ ટકા સુધીની સબસિડી, સામાન્ય વર્ગના નાના ખેડૂત હોય તો ૮૦ ટકાની સબસિડી અને અનુસૂચિત જાતિ અને જનજાતિના ગરીબ અને નાના ખેડૂત હોય તો અમેને અમે ૯૦ ટકા સુધીની પર યુનિટ જે ખર્ચો થાય તે ગુજરાત સરકાર અને ભારત સરકાર સબસિડી આપે છે. એટલે ફક્ત વાતોથી નહીં પણ નાણાકીય મદદ કરી અને આ યોજનાને અમે ગુજરાતમાં આગળ વધારીએ છીએ અને બનાસકાંઠા જિલ્લો તેમાં અગ્રેસર છે એટલે ફરીથી હું બનાસકાંઠાના ખેડૂતોને અને ધારાસભ્યોને અભિનંદન આપું છું.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબે જે વાત કરી કાલે પણ મેં પ્રવચનમાં કહ્યું હતું તેમ હાલમાં સબસિડી આપવા માટેની શું પોલિસી છે અને એક વખત સબસિડી આપવામાં આવી હોય અને મેં વાત કરી હતી કે મેં પ્રથમ પહેલા ફૂવારા પદ્ધતિથી પછી સુક્ષ્મ ફૂવારા આવ્યા પછી ટપક આવ્યું તો એ જે પોલિસી આપ જે બોલ્યા છો તે પ્રમાણે બીજી વખત એ જ ખેડૂતને સબસિડી મળે છે કે તેમાં ફેરફાર છે.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ભારત સરકાર અને ગુજરાત સરકાર બન્નેની સમય–મર્યાદા અલગ પ્રકારની છે. ભારત સરકાર લગભગ ૫–૭ વર્ષ થઇ જાય પછી બીજી વખત સબસિડીનો લાભ આપે છે. આપણે હજુ એ અંગે વિચારણા કરી રહ્યાં છીએ કારણ કે એક વખત સિસ્ટમ બેસાડયા પછી ગુજરાત સરકારનું અમારું અત્યારે લક્ષ્ય છે કે વધુને વધુ ખેડૂતોને જે રકમ આપણે ફાળવીએ છીએ તેનો લાભ મળે. હવે પાંચ સાત વર્ષ જતાં સમય ના લાગે અને સમય ગયા પછી એ ખેડૂત જેણે એક વખત ૭૦–૮૦–૯૦ ટકા જે સબસિડી લઇ લીધી હોય અને ફરીથી પાછું નવો પ્રોજેક્ટ માગે, નવું યુનિટ બેસાડે તો પાછી નવેસરથી સબસિડી આપવી પડે તો નવા ખેડૂતોને આપણે લાભ આપી શકતા નથી. એટલે ૭ વર્ષે યુનિટ બદલવાની આપણે મંજૂરી આપીએ છીએ એટલે સાત વર્ષ સુધી ટપક કે ફૂવારા પદ્ધતિ બેમાંથી એક જ લાભ મળે. પહેલી વખત લાભ લીધા પછી ૭ વર્ષ પૂરાં થઇ જાય પછી બીજી વખત સ્વભાવિક છે મશીનરી, પમ્પો તેના જેટ જે આવે છે, તેના સ્પ્રીંકલર જે આવે છે તે બધામાં ઘસારો પડે, તે બધા ભરાઇ જાય તો તેને બદલવા પડે એટલા માટે ૭ વર્ષ પછી ફરીથી તેને યોજનાનો લાભ આપવાનો નિર્ણય સરકારે કર્યો છે.

શ્રી અરવિંદ છો. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આ સુક્ષ્મ સિંચાઇ સાધનો ઉપર જીએસટી કેટલા ટકા લાગે છે ? અને આ જીએસટીનું ભારણ કોના માથે છે ?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કોઇ પણ ચીજ–વસ્તુનું જીએસટીનું ભારણ તો ખરીદનાર ઉપર હોય પણ મને જણાવતાં આનંદ થાય છે કે, પહેલાં જીએસટીનો દર ૧૮ ટકા હતો. ગુજરાત રાજયના નાણામંત્રી તરીકે કારણ કે ગુજરાતમાં આ યોજનાનો વધુ અમલ થાય છે એટલે ખેડૂતોની, કિસાન સંઘની બધાની લાગણીને ધ્યાનમાં રાખી જીએસટી કાઉન્સિલમાં અમે ગુજરાત સરકાર તરફથી આપણે રજૂઆત કરી. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા પણ ભારત સરકારમાં નાણામંત્રીશ્રીને પત્ર પાઠવ્યો કે ખેડૂતોને લાભ આપવા માટે ૧૮ ટકાના બદલે આ જીએસટીનો દર ઘટાડવામાં આવે. એટલે ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૭ પછી જે જીએસટી અમલમાં આવ્યો તે ૧૮ ટકાના બદલે ઘટાડી અને ૧૨ ટકા જીએસટીનો દર અત્યારે વસૂલ કરવામાં આવે છે.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, પ્રધાન કૃષિ સિંચાઈ યોજના પર per drop more crop સૂક્ષ્મ સિંચાઈ યોજના હેઠળ એક હેક્ટરે કેટલી સહાય ચૂકવવામાં આવે છે? અને વધારેમાં વધારે એક ખેડૂતને કેટલી સહાય આપવામાં આવે છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જનરલ ખેડૂતો બે હેક્ટર સુધીની સિંચાઈ કરે તેને ૭૦ ટકા અથવા પ્રતિ હેક્ટર ૭૦ હજાર રૂપિયા સુધીની સહાય આપવામાં આવે છે. બે હેક્ટરથી ઓછી જમીન ધરાવતાં સામાન્ય વર્ગના પણ નાના અને સીમાંત ખેડૂતોને ૭૦ ટકા સુધી અથવા પ્રતિ હેકટરે રૂપિયા ૮૦ હજાર સહાય આપવામાં આવે છે. અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિના ખેડૂતોને ૮૫ ટકા સુધી અથવા પ્રતિ હેક્ટરે રૂપિયા એક લાખની મર્યાદામાં સહાય આપવામાં આવે છે. આમ, ગુજરાત સરકાર અને ભારત સરકાર દ્વારા ૭૦ હજારથી ૧ લાખ રૂપિયા સુધી એક યુનિટ દીઠ, એક હેક્ટર દીઠ ખેડૂતની કક્ષા પ્રમાણે સબસિડી આપવામાં આવે છે. ખેડૂતોને ફક્ત ૧૦–૧૫ ટકા જ ખર્ચ કરવાનો રહે છે. જે યુનિટ થાય તેની માલિકી ખેડૂતોની થઈ જાય છે અને પાવર, પાણી અને ખાતરની કરકસરનો મબલખ ફાયદો ખેડૂતોને થતો હોય છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સૌ પ્રથમ ગુજરાતમાં પાણી અને પર્યાવરણની ચિંતા આપણા વિઝનરી નેતૃત્વ ધરાવતાં આદરણીય નરેન્દ્રભાઈએ કરી છે. મારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવું છે કે, ડ્રિપ ઈરિગેશનથી પાણીનો જે બચાવ થાય છે એના કારણે દા.ત. ૫૦ કે ૬૦ની મોટર દ્વારા જેટલું ઈરિગેશન થતું હોય તો ડ્રિપથી કેટલી જમીનમાં થાય છે? પાણીની બચત કેટલી થાય અને જે ફર્ટિલાઈઝર અને દવાઓ ડ્રિપ દ્વારા આપવામાં આવે છે એના કારણે ખેડૂતને કેટલો ફાયદો થાય છે?

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જે પ્રમાણે ખેડૂતોની જાગૃતતા હોય, જેવા પાકનું વાવેતર કર્યું હોય, જે જમીનમાં વાવેતર કર્યું હોય એ જમીનની ફળદ્રુપતાના આધારે ખેડૂતોને જુદા જુદા પ્રકારની બચત થાય છે. માનનીય ઋષિકેશભાઈએ જે વાત કરી તે અગત્યની છે. જે ડ્રિપ ઈરિગેશન લગાવે તેવા ખેડૂતોને ૫૦ ટકાથી ૭૦ ટકા સુધીની ખાતર, વીજળી અને પાણીમાં કરકસર થતી હોય છે. દા.ત., ઉત્તર ગુજરાત પુરતી વાત કરું તો એક ટ્યુબવેલથી ૫૦ એકરમાં ખેડૂતો

સિંચાઈ કરતાં હોય અને બધાં ભેગા મળીને ડ્રિપ ઈરિગેશન બેસાડે તો એ જ વીજળીની મોટરનો વપરાશ ૫૦ એકરના બદલે ૭૫થી ૮૦ એકર સુધીમાં એ જ પાણીનો એ જ સમયમાં સિંચાઈ માટે જમીન વધારી શકે. વધારાની ૩૦ ટકા જે જમીન થઈ એનો ફાયદો જેટલો ગણીએ એટલો ઓછો છે. આ પ્રમાણેના સીધા અને આડકતરા બંને પ્રકારના ફાયદા થાય છે. ખેડૂતોને અત્યાર સુધી એવી સમજ હતી કે જેટલું પાણી આવે એટલું છૂટું મૂકી દેવું. ભલે ક્યારા ઉભરાઈ જાય, કેનાલ ફાટી જાય પણ પાણી આવ્યું એટલે જાણે બહુ પાક થઈ ગયો પણ એ સાચું નથી. આપણી જી.જી.આર.સી. કંપની, કૃષિ વૈજ્ઞાનિકો અને કૃષિ મહોત્સવો દ્વારા આપણે ખેડૂતોને સમજાવ્યું કે જે પાકને જેટલું પાણી જોઈએ એટલું જ આપી શકાય. બાળક જેટલું દૂધ પીતું હોય એનાથી વધુ દૂધ પીવડાવીએ તો બાળકને ઝાડા થઈ જાય. વધુ પાણી આપીએ તો વધુ સારો પાક થાય એ ખેડૂતોની ગેરસમજ હવે દૂર થઈ ગઈ છે. ખેડૂતો સમજે છે કે જે પાકને જેટલું પાણી જોઈએ તેટલું જ આપવું. જેના કારણે આ બધો ફાયદો આવનારા સમયમાં ગુજરાતને પાણીની બચત માટે થશે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીએ જે ડ્રિપ ઈરિગેશનની વાત કરી તેમાં એક સૂચન અને વિનંતી કરું છું. માનનીય મંત્રીશ્રીએ કહ્યું એ પ્રમાણે વધુ પડતાં પાણીનો ઉપયોગ કરવાથી જે વિસ્તારમાં નીચે ખાર હોય ત્યાં વધારે પાણી વાપરવાથી નીચેનો ખાર ઉપર આવે તો જમીન બગડી જાય. ડ્રિપ ઈરિગેશન સીસ્ટમ બનાસકાંઠા જિલ્લામાં સૌથી વધારે છે. પણ એમાં વાવ, ભાભર અને સુઈગામ ત્યાં ખેડૂત ખાતેદારો મોટા છે, જમીનો મોટી છે એટલે એની જે સબસિડીની મર્યાદા નક્કી કરેલી છે એના વગર જે ખેડૂતો ટપક પધ્ધતિ અથવા તો જે ફૂવારા પધ્ધતિ કરવા માંગતા હોય આવા ખેડૂતોને રાજ્ય સરકાર ૦ ટકા વ્યાજથી લોન આપે તો ભલે સબસિડી ના આપે પણ લોન તો આવનાર સમયની અંદર અત્યારે જે ગરીબ ખેડૂતો છે, એ પોતાના પૈસે આ ટપક પધ્ધતિ ગોઠવી શકતા નથી, તો આવું કંઈક રાજ્ય સરકાર વિચારે તો સો ટકા પાણીનો પણ ૫૦, ૬૦ ટકા બચાવ થાય અને ખેડૂતો પણ સસ્તાઈથી પોતાની સારી રીતે ખેતી કરી શકે તો આવું કંઈ રાજ્ય સરકાર વિચારવા માંગે છે કે કેમ સાહેબ?

અધ્યક્ષશ્રી : ગેનીબેનને અભિનંદન, ખૂબ વિચારીને પ્રશ્ન પૂછ્યો છે.

શ્રી નીતિનભાઈ ર. પટેલ :સાહેબ, એમનો પ્રશ્ન સાચો છે પણ રાજ્ય સરકારનું પણ અત્યારે મેં અગાઉ કીધું એમ અમારુ લક્ષ્ય છે કે ગુજરાતની વધુને વધુ જમીનને બધા જિલ્લાઓને શકય તેટલું વધુ આ યોજનાથી આવરી લેવું. આપણે દર વર્ષે જે બજેટ સબસિડીનું ફાળવીએ છીએ એ બજેટની મર્યાદામાં વધુ જમીન આવરવાનો અમે પ્રયત્ન કરીશું, એ તબક્કો પૂરો થાય પછી જરૂરિયાત પ્રમાણે એમના સૂચન અંગે ચોક્કસ સરકાર વિચારણા કરશે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૭, માનનીય શૈલેષભાઈ.

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચીંગ આપવા બાબત**

* ૩૬૯૧૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ આઇઆઇએમ, સેપ્ટ, નીફ્ટ, એનેએલયુ જેવી ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષાની તૈયારી કરી પરીક્ષા પાસ કરી ઉચ્ચ કારકીર્દિ બનાવી શકે તે માટે છેલ્લા એક વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓને કોચીંગ આપવામાં આવ્યું, | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત જિલ્લાવાર ક્યા કોચીંગ કલાસને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીના જવાબમાં તો શૂન્ય જવાબ આપ્યો છે. એટલું જ જાણવું છે કે, આ ઓલ ઈન્ડિયા લેવલની એસ.સી. સમાજ માટેની આઇ.આઇ.એમ., સેપ્ટ અને નીટ, આ પરીક્ષાઓ માટે કેટલા વિર્ધાર્થીઓએ આની અંદર ટ્રેનિંગ લેવા માટે અરજી કરી હતી? એ અરજી આવેલી છે કે નથી આવેલી? કારણ કે જવાબમાં તો શૂન્ય બતાવ્યું છે, એટલું જ જાણવું છે.

શ્રી ગણપતસિંહ વે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, શૈલેષભાઈનો પ્રશ્ન બહુ સારો છે. અમારી ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એસ.સી. સમાજના વિદ્યાર્થીઓનું ભવિષ્ય ઊજળુ બને એના માટે ખૂબ સારી યોજના અમે ચલાવી રહ્યા હતા. પરંતુ આપણને બધાને ખ્યાલ છે કે, છેલ્લા એક વર્ષથી કોરોના બિમારીના કારણે આંગણવાડીઓ, શાળાઓ, સ્કૂલો, કોલેજો મોટાભાગે બંધ હોવાના કારણે આ કોચિંગ કલાસ પણ આપણે છેલ્લા એક વર્ષથી શરૂ કરી શકયા નથી, એટલે કોઈ વિદ્યાર્થીઓની કોઈ એપ્લીકેશન પણ એમાં આવી નથી.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક–૮

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય શૈલેષભાઇએ જે ચિંતા વ્યકત કરી છે, જવાબ તો મંત્રીશ્રીએ એ વિભાગનો છે આપ્યો છે. પરંતુ બધા સભ્યોની જાણકારી માટે આ વખતના બજેટમાં અમે લોકો નવી યોજના લઇને આવ્યા છીએ. દરેક વર્ગના વિદ્યાર્થીઓ પછી એ રિઝર્વેશન, નોન રિઝર્વેશનઆ બધી વસ્તુને ધ્યાનમાં રાખી હવેના સમયમાં નીટની એકઝામ, જે.ઇ.ઇની એકઝામ, આના આધાર ઉપર છોકરાઓને આઇ.આઇ.ટી, આઇ.આઇ.એમ. આ બધામાં પ્રવેશ મળતો હોય છે. ગુજરાતના વધુને વધુ વિદ્યાર્થી આમાં જાય, એટલા માટેના કોચિંગ એ અતિ મહત્ત્વનું છે. અત્યાર સુધી લગભગ લોકો કોટા, આખા દેશભરમાંથી લાખો લોકો કોટામાં આનું કોચિંગ લેતા હોય છે. એટલે જે મોટી મોટી સંસ્થાઓ જે આ કોચિંગ આપે છે, એનો ગુજરાત સરકારે સંપર્ક કર્યો છે, અમે યોજના બનાવી રહ્યા છીએ કે, આપણે ત્યાં જ ચાર રીજીયોનમાં અમદાવાદ, બરોડા, સુરત અને રાજકોટ, અને જે છોકરાઓને જે.ઇ.ઇ.માં, આઇ.આઇ.ટી.માં ભવિષ્યમાં જવું છે, જેને આઇ.આઇ.એમ.માં જવું છે, જેને ડોકટર થવું છે એટલે નીટની એકઝામ કલીયર કરવી છે, એવા છોકરાઓને સ્પેશિયલ કોચિંગ, એના માટે સ્પેશિયલ સ્કૂલો આપણે ઉભી કરવી છે અને એમાં વધુ ગરીબ લોકો એને પહેલી પ્રાયોરિટી અને એમની સેન્ટ્રલી એકઝામ ગુજરાત સરકાર લેશે અને ત્યાર પછી ૮,૯,૧૦,૧૧ અને ૧૨ એનું કોચિંગ આખુ કોટામાં જે સ્ટાઇલથી છે એ સ્ટાઇલથી ગુજરાતમાં થાય અને આપણે આપણા છોકરાઓને નીટ, જે.ઇ.ઇ અને આઇ.આઇ.એમ.માં બધા છોકરાઓ જાય, એટલા માટે આપણે કરી રહ્યા છીએ. આ વખતના બજેટમાં પહેલી વખત આપણે આ પ્રોવિઝન કરી અને આવનારા દિવસોમાં ગુજરાત પણ આ દિશામાં વિચાર કરી રહ્યું છે.

**અમરેલી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન**

* ૩૭૨૪૧ **શ્રી અરવિંદ રાણા** (સુરત પૂર્વ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે અમરેલી જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઈન નાખવાની જરૂરિયાત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે, અને | (૨) ૨૨૦ કેવીનું ૧ (એક) નવું સબસ્ટેશન અને ૬૬ કેવીની ૧૧ (અગિયાર) નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે? | (૩) અંદાજીત રૂ.૧૫૩૬૫.૧૪ લાખ. |

શ્રી અરવિંદ શાં. રાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના ખેડૂતોને કિસાન સૂર્યોદય યોજના હેઠળ દિવસે વીજળી આપવાનો ઐતિહાસિક નિર્ણય માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબ અને મંત્રીશ્રી સૌરભભાઇ પટેલ સાહેબે લીધો છે, દેશમાં પ્રથમ યોજના અમલમાં મૂકવા બદલ તેઓનો ખૂબ ખૂબ આભાર માનું છું અને અભિનંદન આપું છું. દુઃખ ભરે દિન બિતે રે ભૈયા અબ સુખ આયો રે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, અમરેલી જિલ્લાના ખેડૂતોને દિવસ દરમ્યાન વીજળી આપવા માટે રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ, કિસાન સૂર્યોદય યોજના હેઠળ કઇ કઇ નવી વીજ લાઇન અને નવાં સબ સ્ટેશનો કરવામાં આવનાર છે. તે દરેક વીજ લાઇન કેટલા કિલોમીટર લંબાઇની કરવામાં આવનાર છે તથા દરેક વીજ લાઇન માટે કેટલો ખર્ચ થશે, તેમજ નવા સબ સ્ટેશન માટે કેટલો ખર્ચ થશે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, કિસાન સૂર્યોદય યોજનાની અંદર દિવસે વીજળી આપવા માટે ઇન્ફ્રાસ્ટકચર નાંખવું એ ખૂબ અગત્યનું છે. અમરેલી જિલ્લાની અંદર આપણે ૬૬ કે.વી.એ. લીલોથી ૬૬ કે.વી.એ ગોરડકા ૪.૫૯ કિલોમીટર, રૂપિયા ૨.૧ કરોડના ખર્ચે, ૬૬ કે.વીએ નાના મચરડા, અમરેલીએ લાઇન ૮.૮૪ કિલોમીટર રૂપિયા ૧૬.૨૫ કરોડના ખર્ચે, ૬૬ કે.વી.એ એસી ચરખાથી કૂવરકોટ લાઇન ૮ કિલોમીટર રૂપિયા ૧૨.૩૭ લાખના ખર્ચે, ૬૬ કે.વી.એ ડીસી ચરખા –બાબરા, ૨૨૦ કેજી, ચરખા ૩.૯૬ કિલોમીટર રૂપિયા ૨ કરોડ અને ૫૩ લાખના ખર્ચે, લીલોથી ચરખા – બાબરા ૬૬ કે.વી. કવોટા ખંભાડા લાઇન ૨૩ કિલોમીટરનું રૂપિયા ૭.૫૩ના ખર્ચે, ૬૬ કે.વી.એ સાવરકુંડલાથી અમરતપુરા ૩૬ કિલોમીટર રૂપિયા ૧૨ કરોડના ખર્ચે, ધારીથી ધંધુલા લાઇન– અમરાપુર ૧.૩૬ રૂપિયા ૧ કરોડ અને ૯ લાખ, ૬૬ કે.વી. અંબાડીથી જાફરાબાદ લાઇન ૨.૬૪ કિલોમીટર રૂપિયા ૧.૪૫ લાખ, અમરાવાડીથી જાફરાબાદ લાઇન ૬.૫, રૂપિયા ૩.૩૩ કરોડના, દેદનથી મોટા બાબરા- ૩૨ કિલોમીટર ૧૯.૭૦, અમરતપર, નાગરજા– અમરતપર લાઇન ૭.૮૦, રૂપિયા ૨ કરોડ અને ૮૩ લાખ, કુલ ૧૩૬.૨૧ કિલોમીટર લાઇનો નાંખવાની છે અને રૂપિયા ૮૧.૫૩ લાખનો ખર્ચો છે. મને કહેતાં આનંદ થાય છે કે ૧૧ લાઇનોમાંથી ૯ લાઇનો કામો ઓલરેડી ચાલુ છે અને બે લાઇનો જેની હમણાં વાત કરી એમાં ટેન્ડર પ્રોગ્રેસ ચાલે છે. એટલે આ ઝડપથી થાય ૨૨૦ કે.વી. ગારીયાધાર સબસ્ટેશન ૭૨ કરોડના ખર્ચે એ પણ સબસ્ટેશનનું કામ પૂર્ણ થવા આવ્યું છે એટલે માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાને સંપૂર્ણપણે બધા કામ પૂર્ણ થશે એટલે કિસાન સૂર્યોદય યોજના જિલ્લાના બધાજ ગામડાંઓને આપવાનું સંપૂર્ણપણે ચાલુ થશે.

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, સૂર્યોદય યોજનાની સાથે મારા વિસ્તારની અંદર પૂર્વ ધારાસભ્ય અબ સુખ આયો રે તો દુઃખ જોવું હોય તો વીજપડી પધારો. બળેલા ટી.સી. મૂકવાનું કામ જે કંપની કરી રહી છે, એ બળેલા ટી.સી. કંપની

મૂકી રહી છે એને બંધ કરવા માગો છો કે કેમ? ટી.સી. મૂકવાનો નિયમ કયા પ્રકારનો છે અને કેટલા દિવસે આપવા જોઇએ, એવું અમને જરાક માર્ગદર્શન આપવા વિનંતી છે.

શ્રી સૌરભ પટેલ : આ કિસાન સૂર્યોદય યોજનાની વાત છે, માનનીય સભ્યશ્રીને પ્રશ્ન માટે બીજી નોટિસ આપે.

અધ્યક્ષશ્રી : પ્રશ્ન ક્રમાંક-૯, માનનીય સી.કે. રાઉલજી. (અંતરાય) આમાં સૂર્યોદય યોજનાનો પ્રશ્ન ચોથીવાર આવી ગયો છે. એમને પૂછવા દીધું ને. (અંતરાય) તમને પૂછવા તો દીધું. વિષયની બહારનું છે, મંત્રીશ્રી જવાબ એ બાબતમાં આપે. વિષયની બહારનું છે.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સંપૂર્ણપણે બહારનું છે.

અધ્યક્ષશ્રી : સંપૂર્ણપણે બહારનું છે. આ જવાબ છે. માનનીય સી.કે.રાઉલજી. પ્રશ્ન ક્રમાંક-૯.

**પંચમહાલ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

* ૩૭૨૦૭ **શ્રી સી.કે. રાઉલજી** (ગોધરા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં કુલ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૨૫૦૫ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ.૧૨૯.૧૧ લાખનો ખર્ચ થયો. |

શ્રી સી. કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, મને મારો જવાબ મળી ગયો છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે ખેડૂતોને દિવસે પાવર આપવાની વાત કરી છે પરંતુ એને ઘણ સમય થઇ ગયો છે હજી દિવસે પાવર મળતો નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ભીખાભાઇ, આ ઝૂંપડપટ્ટીમાં વીજળી કનેકશન આપવાનો પ્રશ્ન છે.

શ્રી ભીખાભાઇ ગ. જોષી : આ ખેડૂતોને દિવસે પાવર આપવાની વાત છે. ગીર બોર્ડર ઉપર રાત્રે દાડીયા પણ મળતા નથી એટલે અમારે જાતે જવું પડે છે તો દિવસે વીજળી કયારે આપવા માગો છો?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન ઝૂંપડપટ્ટી અંગેનો છે. હું સભ્યશ્રીને કહીશ કે ચોક્કસપણે કિસાન સૂર્યોદય યોજના બને એટલી ઝડપથી પૂરી કરીશું.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આ પ્રશ્ન પંચમહાલ જિલ્લાનો છે, આગળ ગાંધીનગર જિલ્લાની ચર્ચા થઇ ગઇ છે. ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના અંતર્ગત પંચમહાલ જિલ્લામાં આજની તારીખે કેટલા ઝૂંપડા વીજળી વિહોણા છે અને શકય હોય તો રાજયમાં કુલ કેટલા લોકો કેટલા ઝૂંપડાવાળા વીજળી વિહોણા છે એનો જવાબ આપવામાં આવે તો સારું છે.

શ્રી સૌરભ પટેલ : આજની તારીખમાં પંચમહાલ જિલ્લામાં એક પણ કનેકશન આ યોજનાની અંદર પેન્ડિંગ નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન ખૂબ સ્પષ્ટ છે કે ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના ખૂબ જૂની યોજના છે. રાજીવ ગાંધી ગ્રામ્ય વીજળીકરણ યોજના નીચે ઝૂંપડાવાળાને વિના મૂલ્યે આપવાની યોજના હતી. પંચમહાલ જિલ્લામાં આજની તારીખે વીજળી વિહોણા કેટલા ઝૂંપડા છે અને રાજયમાં જેને વીજળી કનેકશન ન હોય તેવા કેટલા લોકો બાકી છે?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલી વસ્તુ કે આ ફકત પંચમહાલ જિલ્લા પૂરતો જ પ્રશ્ન છે એટલે એના પૂરતો જવાબ આપીશ. પંચમહાલ જિલ્લામાં ગરીબ લાભાર્થીઓ જે બી.પી.એલ. લાભાર્થીઓ છે એનો આ પ્રશ્ન છે. માનનીય વિરોધપક્ષના નેતાશ્રીએ પૂછ્યું કે કેટલા લોકો બાકી છે. નોર્મલ કનેકશન લેવાના હોય એની જુદી યાદી હોય છે પરંતુ ઝૂંપડપટ્ટી વીજળીકરણ યોજના નીચે અત્યારે એક પણ અરજી અમારી પાસે પેન્ડિંગ નથી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે અમારા ગ્રામ્ય વિસ્તારમાં મોટે ભાગે લોકો વાડી વિસ્તારમાં વધારે રહેતા હોય છે. વાડી વિસ્તારમાં પ્રાથમિક શાળાઓ ઘણી બધી આવેલી છે. તો એમાં જયોતિ ગ્રામ યોજના નીચે પાવર આપવામાં આવે તો એમાં ભણતા બાળકો કમ્પ્યુટરનો અભ્યાસ કરી શકે એ વીજળી વગર કરી શકતા નથી. તો જે સરકારી શાળાઓ છે જે વાડી વિસ્તારમાં આવતી હોય તો ત્યાં આપવા માગે છે કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વાડી વિસ્તારમાં શિક્ષણ વિભાગ દ્વારા જેટલી શાળાઓ ગામતળ બહાર આવી હોય અને શાળામાંથી અરજી આવી હોય તો એના માટે જયોતિ ગ્રામ યોજના નીચે લઇને નવી લાઇનો નાખી આપીએ છીએ. આપણે અનેક શાળાઓને આ રીતે મંજૂરી આપી છે, ગયા વર્ષના બજેટમાં પણ જોગવાઇ કરી હતી અને આ રીતે શાળાઓને મંજૂરી આપી હતી. વાડી વિસ્તારમાં જયોતિગ્રામ યોજના ગામતળ માટેની જ યોજના છે એના માટે આખી નવી સિસ્ટમ ગોઠવી છે. ગામતળમાં આજની તારીખે માગણી આવે તો ટ્રાન્સફોર્મર નાખીને સીંગલ ફેઇઝ લાઇન બાકીના સમયમાં ૧૬ કલાક વીજળી આપીએ છીએ.

**મોરબી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન**

* ૩૭૧૮૦ **શ્રી ધનજીભાઇ પટેલ** (વઢવાણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

# તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે મોરબી જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઈન નાખવાની જરૂરિયાત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે, અને | (૨) ૨૨૦ કેવીનું ૧ (એક) નવું સબસ્ટેશન અને ૬૬ કેવીની ૯ (નવ) નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે? | (૩) અંદાજીત રૂ.૨૮૧૧૧.૩૪ લાખ. |

શ્રી ધનજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મોરબી જિલ્લાના ખેડૂતોને દિવસ દરમિયાન વીજળી આપવા માટે રાજ્ય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલી કિસાન સૂર્યોદય યોજના હેઠળ કઇ નવી નવી વીજ લાઇન અને નવા સબસ્ટેશનો ખોલવામાં આવેલ છે. દરેક વીજ લાઇન કેટલા કિલોમીટર લંબાઇની છે અને દરેક લાઇન પાછળ કેટલો ખર્ચ કરવાનો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આ કોમન પ્રશ્ન છે અને ખૂબ લાંબો છે એટલે એનો ખૂબ લાંબો જવાબ આપો છો, એના બદલે ટૂંકમાં જ જવાબ આપો.

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લાની અંદર ગાઝીયાબાદ ૨૨૦ કે.વી.નું સબસ્ટેશન નાખવા જઇ રહ્યા છીએ. તેનો ખર્ચ રૂપિયા ૧૩૬ કરોડનો છે અને ટેન્ડર પ્રોગ્રેસમાં ચાલુ છે. બીજું, આજની તારીખમાં ત્રણ લાઇનો એવી છે કે જેની અંદર સરવે વર્ક ચાલી રહ્યું છે. તેના પછી અમે ટેન્ડર પ્રોગ્રેસ ચાલુ કરીશું. બે લાઇનો એવી છે કે અત્યારે ઓલરેડી કામ ચાલુ છે અને પાંચ લાઇનો એવી છે કે જેનું ટેન્ડર પ્રોસેસ ચાલી રહ્યું છે. આમ કરીને જોવા જઇએ તો કુલ નવ લાઇનો નાખીએ તો ૧૨૬ કિલોમીટરની લાઇનો થશે અને કુલ ૧૪૪ રૂપિયા કરોડનો ખર્ચ છે. એટલે રૂપિયા ૧૪૪ કરોડ અને રૂપિયા ૧૩૬ કરોડ એમ કરીને આશરે ૨૮૦ કરોડ રૂપિયાના ખર્ચે આખા મોરબી જિલ્લાને કિસાન સૂર્યોદય યોજનાનો લાભ મળશે.

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મંત્રીશ્રીને પૂછવા માગું છું કે ગીરસોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં નાળિયેરી અને આંબાના બગીચા વધારે પ્રમાણમાં હોય છે. ત્યાં વારંવાર શોર્ટસર્કીટથી આગ લાગતી હોય છે અને ખેડૂતોને મોટું નુકસાન થતું હોય છે. તો સૂર્યોદય યોજના નીચે કેબલવાળી નવી વીજલાઇન પોલ ઉપર નાખવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ કિસાન સૂર્યોદય યોજનાની અંદર આવી કામગીરી આવતી નથી. કિસાન સૂર્યોદય યોજનાની અંદર જે નેટવર્ક બનાવવાનું છે એ ખેડૂતોને દિવસે વીજળી આપવાનું નેટવર્ક, વધારાનું નેટવર્ક બનાવીએ છીએ. આજની તારીખમાં મેં જે પહેલાં સવાલનો જવાબ આપ્યો હતો, એમની પાસે કોઇ સ્પેસિફિક વાડી વિસ્તાર હોય કે જ્યાં એમને તકલીફ પડતી હોય તો મને યાદી આપે. હું રસ્તો શોધવાની કોશિશ કરીશ. મદદરૂપ થવાય. આજની તારીખમાં કિસાન સૂર્યોદય યોજનામાં વીજળીનું ઉત્પાદન અને ટ્રાન્સમિશન નેટવર્ક આ બે જ પ્રશ્ન મેઇન છે કે જેનાથી આપણે ખેડૂતોને દિવસે વીજળી આપી શકીએ.

શ્રી જગદીશ વિશ્વકર્મા : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબ અને માનનીય નીતિનભાઇને અભિનંદન પાઠવવા છે કે કાલે એક નિર્ણય લીધો. આમ તો હાઉસના તમામ સભ્યશ્રીઓને આ વાતની જાણ હશે પણ આરોગ્ય વિભાગ દ્વારા સરકારે ખૂબ સરસ નિર્ણય લીધો છે. રાજ્યમાં તમામ ભિક્ષુકગૃહો, વૃદ્ધાશ્રમો, દિવ્યાંગ કલ્યાણ સંસ્થાઓમાં રહેતા ૪૫ વર્ષથી વધુ વયના અને કોવિડ અથવા અન્ય ગંભીર બિમારી ધરાવતા વ્યક્તિઓનું રસીકરણ થાય તેમના માટે ખૂબ સરસ નિર્ણય લીધો છે. જે લોકો પાસે આધાર કાર્ડ ન હોય એવા લોકોને પણ રસી આપવાનો સરકારે નિર્ણય લીધો છે. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ પણ આ નિર્ણય લીધો છે માટે મંત્રીશ્રીને અને માનનીય મુખ્યમંત્રીશ્રીને લાખ-લાખ અભિનંદન પાઠવું છું.

અધ્યક્ષશ્રી : શ્રી જગદીશભાઇ, આભાર.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, મારા મતવિસ્તારમાં ૧૧૯ ગામ આવેલા છે. કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત માત્ર ૮-૧૦ ગામોને જ આવરવામાં આવ્યા છે. ત્યાં ૧૫થી ૨૦ જેટલા સિંહો વસવાટ કરે છે અને ઘણા બધા દીપડા રહે છે ત્યારે ખેડૂતો રાત્રે વાડીમાં જઇ શકતા નથી તો તાત્કાલિક ધોરણે બીજાં ગામડાં લેવા માગો છો કે કેમ?

શ્રી સૌરભ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ મોરબી જિલ્લાનો પ્રશ્ન છે પણ હું સભ્યશ્રીઓનું ધ્યાન દોરવા માગું છું કે આજની તારીખમાં આદરણીય મુખ્યમંત્રીશ્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૨ પહેલાં આખા ગુજરાતમાં સંપૂર્ણપણે આપવા માટેનો કાર્યક્રમ ગોઠવ્યો છે. આના માટે અમારો વિભાગ બે રીતે મહેનત કરે છે. દિવસે વીજ ઉત્પાદન કરવા માટે ૫,૦૦૦ મેગાવોટ કોલસાવાળી વીજળી તમે રીન્યુએબલમાં લાવો એટલે ઓછામાં ઓછું ૧૨થી ૧૪ હજાર મેવાગોટ જોઇએ. મને કહેતા આનંદ થાય છે કે અમે ૪ હજાર મેગાવોટના ટેન્ડરો આપી દીધા છે. પરમ દિવસે ૫૦૦ મેગાવોટનું નવું ટેન્ડર ખુલ્યું. તેમાં પણ ૨ રૂપિયા ૨૦ પૈસાનો ભાવ આવ્યો અને તેના કારણે એ પણ આવતા દિવસોમાં નિર્ણય કરીશું. બીજું, ૭૦૦ મેગાવોટનું એક ટેન્ડર બહાર પાડેલું છે. એટલે કન્ટીન્યુઅસ પ્રોસેસમાં આવતા ૧૨ મહિનાથી ૧૮ મહિનામાં વધારે ને વધારે રીન્યુએબલ

એનર્જીનું ઉત્પાદન થાય તો કિસાન સૂર્યોદય યોજનાની અંદર આપણે ખેડૂતોને આપી શકીએ. બીજું, જે વિસ્તારમાં ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનતું જશે તેમ ધીમે ધીમે વીજ ઉત્પાદન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર બન્ને ભેગું કરી અને મેચીંગ કરીને ગામડાંમાં શરૂ કરીશું અને ખાસ કરીને જંગલ વિસ્તાર છે, શરૂઆત જ અમરેલી અને જૂનાગઢથી કરવામાં આવી હતી. કારણ કે રાતના જંગલી જાનવરોનો ઈસ્યુ હતો એટલે તેની અંદર અમે ટોપમોસ્ટ પ્રાયોરિટી આપીને વહેલામાં વહેલું ઈન્ફ્રાસ્ટ્રક્ચર ઉભું થાય તેની અમારી સંપૂર્ણપણે કોશિશ છે.

### માર્ગ અને મકાન વિભાગ હેઠળ એસ.ઓ.આર. નો અમલ

* ૩૬૯૫૭ **શ્રી અંબરીષભાઈભાઈ ડેર** (રાજુલા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ માર્ગ અને મકાન વિભાગ અને તેની તાબા હેઠળની કચેરીઓમાં શેડ્યુલ ઓફ રેટસ એસ.ઓ.આર. ક્યારથી અમલમાં છે,

(૨) ઉક્ત દરોમાં છેલ્લે ક્યારે ફેરફારો કરવામાં આવેલ છે, અને

(૩) ઉક્ત દરો કેટલા સમયાંતરે રીવાઈઝ કરવામાં આવે છે?

**જવાબ**

(૧), (૨) અને (૩) રાજ્યમાં જાહેર બાંધકામ વિભાગ હતો ત્યારથી એસ.ઓ.આર. બનાવવાની પ્રથા અમલમાં છે. માર્ગ અને મકાન વિભાગ અને સિંચાઈ વિભાગનું વિભાજન વર્ષ ૧૯૮૪માં થયેલ. દર વર્ષે પ્રવર્તમાન બજાર ભાવ તેમજ વિભાગ દ્વારા મેળવવામાં આવતા ટેન્ડરોમાં કોન્ટ્રાક્ટરો દ્વારા ભરવામાં આવતા ભાવો ધ્યાનમાં રાખી એસ.ઓ.આર.ની સમીક્ષા કરવામાં આવે છે અને જરૂર મુજબનો ફેરફાર કરી ભાવો યથાવત રાખી કે નવા ભાવો નક્કી કરી એસ.ઓ.આર. અમલમાં મૂકવામાં આવે છે.

શ્રી અમરીષભાઈ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે માર્ગ અને મકાન વિભાગના એસ.ઓ.આર. રેટ મુજબ ઘણા બધા કોન્ટ્રાક્ટરો ખૂબ ડાઉન ભાવો ભરે છે અને તેના હિસાબે કામની ગુણવત્તા ઉપર અસર પડે છે તો એવો કોઈ નિયમ લાવવા ઈચ્છો છો કે અમુક ક્રાઈટેરિયાથી નીચે રેટ ન ભરવો અને જો ભરે તો પણ સારી ગુણવત્તાવાળા કામ થાય તેના માટે તેને સ્પષ્ટપણે સૂચના આપવી.

શ્રી નીતિનભાઈ ર. પટેલ : સાહેબ, ગમે તે ભાવ ભરાય. કામ ગુણવત્તાવાળુ કરવું ફરજિયાત છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

## અતારાંકિત પ્રશ્નો

(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

### વડોદરા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત

૩૭૧૯૮ **શ્રી શૈલેષભાઈ મહેતા** (ડભોઈ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત માટે કોઈ સબસિડી આપવામાં આવેલ છે, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને | (૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં કુલ ૨૫૩૨૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૦માં કુલ ૩૦૬૦૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે. |
| (૩) આ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે? | (૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં રૂ. ૧૧૫.૧૯ કરોડની અને વર્ષ ૨૦૨૦માં રૂ. ૧૧૩.૫૪ કરોડની સબસિડી આપવામાં આવેલ છે. |

---------

### ભરૂચ જિલ્લામાં ફીડરોનું વિભાજન

૩૭૨૧૭ **શ્રી દુષ્યંતભાઈ પટેલ** (ભરૂચ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
| --- | --- |
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૪૭ નવા ફીડર કરવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૬૫૪.૫૦ લાખનો ખર્ચ થયો. |

---------

## તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નો

### કચ્છ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઈન

૩૭૧૮૬ **શ્રી વિરેન્દ્રસિંહ જાડેજા** (માંડવી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે કચ્છ જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઈન નાખવાની જરૂરિયાત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે, અને | (૨) ૨૨૦ કેવીનું ૧ (એક) નવું સબસ્ટેશન અને ૬૬ કેવીની ૧૮ (અઢાર) નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે? | (૩) અંદાજીત રૂ.૪૩૩૬૯.૦૯ લાખ. |

---------

### વલસાડ જિલ્લામાં ફીડરોનું વિભાજન

૩૭૨૨૯ **શ્રી કનુભાઈ દેસાઈ** (પારડી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વલસાડ જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૫૧ નવા ફીડરો કરવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ ૯૫૦.૭૯ લાખનો ખર્ચ થયો. |

---------

### અમરેલી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઈન

૩૭૨૪૦ **શ્રી વી.ડી. ઝાલાવાડીયા** (કામરેજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે અમરેલી જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઈન નાખવાની જરૂરિયાત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે, અને | (૨) ૨૨૦ કેવીનું ૧ (એક) નવું સબસ્ટેશન અને ૬૬ કેવીની ૧૧ (અગિયાર) નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે? | (૩) અંદાજીત રૂ.૧૫૩૬૫.૧૪ લાખ. |

---------

### સરકારી મેડીકલ કોલેજોમાંથી એમબીબીએસ પાસ થયેલ ઉમેદવારોને આખરી ડીગ્રી સર્ટિફિકેટ આપવા બાબત

૩૬૮૮૬ **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના ત્રીજા સત્રમાં તા.૨૦–૦૨–૨૦૧૯ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૨૪૦૮ (અગ્રતા–૨૬)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) ગ્રામ્ય વિસ્તારોમાં ડોક્ટરોની ઘટ નિવારી શકાય તે માટે એમબીબીએસ પાસ થઈને ઈન્ટર્નશીપ પૂર્ણ કરેલ ડોક્ટરોને સરકાર પ્રોવીઝનલ સર્ટિફિકેટ આપીને ત્રણ વર્ષ ફરજિયાત સરકારી હોસ્પિટલોમાં સેવા બજાવ્યા બાદ જ આખરી ડીગ્રી સર્ટિફિકેટ આપવાની બાબત કાયદાકીય જોગવાઈઓની ચકાસણી કરીને યોગ્ય તે વિચારણા કરવાની હતી તો તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ક્યારે વિચારણા કરવામાં આવી, અને | (૧) એમ.બી.બી.એસ. પાસ વિદ્યાર્થીઓ તેમનો અભ્યાસક્રમ પૂર્ણ કરે ત્યારબાદ તેમને ડીગ્રી સર્ટિફિકેટ આપવાની કાર્યવાહી જે તે યુનિવર્સિટી દ્વારા કરવાની હોય છે. |
| (૨)ઉક્ત સ્થિતિએ વિચારણાને અંતે શું નિર્ણય લેવાયેલ છે ? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

### સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના

૩૭૧૭૪ **શ્રી કિરીટસિંહ રાણા** (લીંબડી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ | (૧) ૩૪૨૦ વીજ જોડાણો આપવામાં આવ્યા. |

કેટલા નવા વીજ જોડાણ આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? — (૨) કુલ રૂ.૧૪૬.૮૨ લાખનો ખર્ચ થયો.

---------

**કચ્છ જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત**

૩૭૨૬૦ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ કચ્છ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) |
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ.૭૬૪.૨૫ લાખનો ખર્ચ થયો. |

| જર્જરિત વીજ વાયર (કી.મી.) | જર્જરિત વીજ થાંભલા (નંગ) |
|---|---|
| ૧૪૧૯.૦૮ | ૪૫૯૪ |

---------

**રાધનપુર તાલુકાના રોડને રીસરફેસ કરવાનું આયોજન**

૩૭૦૧૫ **શ્રી અજમલજી ઠાકોર** (ખેરાલુ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ પાટણ જિલ્લાના રાધનપુર તાલુકાના મોટી પીપળી ગોતરકા રોડને રીસરફેસ કરવાનું સરકારનું આયોજન છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી? | (૨) ૯.૦૦ કી.મી. માટે રૂપીયા બસો પચ્ચીસ લાખ. |

---------

**ગીર સોમનાથ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના**

૩૭૩૪૪ **શ્રીમતી સીમાબેન મોહીલે** (અકોટા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ મળી, અને | (૧) ૨૧૨ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૧૧ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૨૧,૧૦,૦૦૦/- |

---------

**રાજ્યમાં રાંધણ ગેસના બાટલા ઉપર વેરો**

૩૬૮૬૨ **ગેનીબેન ઠાકોર** (વાવ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં રાંધણ ગેસના બાટલા ઉપર કેટલો વેરો ક્યારથી લેવાનું નક્કી કરેલ છે, અને | (૧) જીએસટી કાઉન્સિલે સમગ્ર દેશ માટે નિર્ધારીત કર્યા પ્રમાણે (ઠરાવ્યા પ્રમાણે) દેશના બધા રાજ્યોમાં તા.૦૧-૦૭-૨૦૧૭ થી રાંધણ ગેસના બાટલા પર ૫% માલ અને સેવા કર લેવામાં આવે છે. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે રાજ્ય સરકારને વાર્ષિક કેટલી આવક થઇ? | (૨) આવી માહિતી ઉપલબ્ધ નથી. |

---------

**મોરબી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન**

૩૭૧૮૨ **શ્રી બ્રિજેશ મેરજા** (મોરબી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે મોરબી જિલ્લામાં કોઇ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે કે કેમ, | (૧) હા, જી. |
| (૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે, અને | (૨) ૨૨૦ કેવીનું ૧ (એક) નવું સબસ્ટેશન અને ૬૬ કેવીની ૯ (નવ) નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે ? | (૩) અંદાજીત રૂ.૨૮૧૧૧.૩૪ લાખ. |

---------

## તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

## અતારાંકિત પ્રશ્નો

**રાજકોટ જિલ્લામાં કોઝવેની જગ્યાએ બ્રિજ બનાવવા બાબત**

૩૭૦૧૭ **શ્રી લાખાભાઈ સાગઠિયા** (રાજકોટ ગ્રામ્ય) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ ની સ્થિતિએ રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાનાં નાનામાત્રા ગંગાજળ સમઢીયાળા રોડ પર નુકસાન પામેલ કોઝવેની જગ્યાએ મેજર બ્રિજ બનાવવા સરકારનું કોઇ આયોજન છે કે કેમ, અને | (૧) અને (૨) હા, જી. તા.૨૫–૦૯–૨૦૨૦ ના રૂ.ચારસો લાખનું કામ મંજૂર કરવામાં આવેલ છે. |
| (૨) જો હા, તો આ રસ્તાનું કામ ક્યારે મંજૂર કરવામાં આવશે? | |

---------

**ભાવનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૭૨૩૯ **શ્રી ભીખાભાઈ બારૈયા** (પાલીતાણા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૬૯ નવા ફીડર કરવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૮૨૫.૨૧ લાખનો ખર્ચ થયો. |

---------

**અરવલ્લી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન**

૩૭૧૯૬ **શ્રી રાકેશભાઈ શાહ** (એલીસબ્રિજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે અરવલ્લી જિલ્લામાં કોઇ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે કે કેમ, | (૧) હા, જી. નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે. |
| (૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે, અને | (૨) ૬૬ કેવીની ૩ (ત્રણ) નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે ? | (૩) અંદાજીત રૂ.૨૬૪૫.૬૭ લાખ. |

---------

**અમરેલી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૩૭૨૪૭ **શ્રી જે. વી. કાકડિયા** (ધારી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૧૨૧૭૮ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૧૬૩૩૯.૭૨ લાખનો ખર્ચ થયો. |

---------

**છોટા ઉદેપુર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના**

૩૭૩૫૨ **શ્રી મધુભાઈ શ્રીવાસ્તવ** (વાઘોડિયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં છોટા ઉદેપુર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૧૨૯ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૧૨૮ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી ? | (૩) રૂ.૨૩,૪૯,૦૦૦/–. |

---------

**પોરબંદર જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત**

૩૭૨૪૩ **શ્રી પ્રવિણભાઈ ઘોઘારી** (કરંજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ પોરબંદર જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવામાં

**જવાબ**

(૧)

| જર્જરિત વીજ વાયર (કિ.મી.) | જર્જરિત વીજ થાંભલા (નંગ) |
|---|---|

આવ્યા, અને

| ૬૯૫.૨૩ | ૯૭૦ |
|---|---|

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો ?

(૨) કુલ રૂ.૩૦૮.૦૭ લાખનો ખર્ચ થયો.

---------

**અરવલ્લી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૩૭૨૫૪ **શ્રી હિતુ કનોડિયા** (ઇડર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૨૭૩૮ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૩૪૯૦.૫૪ લાખનો ખર્ચ થયો.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન યોજના**

૩૮૭૧૭ **ડો. અનિલ જોષિયારા** (ભિલોડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહા અભિયાન યોજના અંતર્ગત કેટલા ખેડૂતોની અરજીઓ મળી,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર, તાલુકાવાર કેટલા આદિવાસી ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવ્યો ?

**જવાબ**

(૧) પત્રક-અ મુજબ.

(૨) પત્રક-બ મુજબ.

(૩) પત્રક-ક મુજબ.

(પત્રકો સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

---------

**સુરત અને દાહોદ જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો**

૩૭૦૦૫ **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સુરત અને દાહોદ જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

(૨) ઉક્ત દાખલ થયેલ બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઇ અને તેને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઇને દાખલ થયા,

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૪) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|
| | **૨૦૧૯** | **૨૦૨૦** | |
| સુરત | ૬૦૧૮ | ૪૨૫૪ | ૧૦૨૭૨ |
| દાહોદ | ૭૮૬ | ૬૦૪ | ૧૩૯૦ |
| **કુલ** | **૬૮૦૪** | **૪૮૫૮** | **૧૧૬૬૨** |

(૨)

| **બાળકની વિગત** | **સુરત** | | **દાહોદ** | | **કુલ** |
|---|---|---|---|---|---|
| | **૨૦૧૯** | **૨૦૨૦** | **૨૦૧૯** | **૨૦૨૦** | |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ બાળકો | ૪૪૪૨ | ૩૦૬૫ | ૩૯૪ | ૨૯૦ | ૮૧૯૧ |
| તબદીલ થઇ દાખલ થયેલ બાળકો | ૧૫૭૬ | ૧૧૮૯ | ૩૯૨ | ૩૧૪ | ૩૪૭૧ |
| **કુલ** | **૬૦૧૮** | **૪૨૫૪** | **૭૮૬** | **૬૦૪** | **૧૧૬૬૨** |

(૩)

| **જિલ્લો** | **વર્ષ** | | **કુલ** |
|---|---|---|---|
| | **૨૦૧૯** | **૨૦૨૦** | |
| સુરત | ૯૬૬ | ૮૦૯ | ૧૭૭૫ |
| દાહોદ | ૫૧ | ૬૦ | ૧૧૧ |
| **કુલ** | **૧૦૧૭** | **૮૬૯** | **૧૮૮૬** |

(૪) (૧) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પુરી પાડવામાં આવે છે.

(૨) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડોક્ટર તથા નર્સિંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યૂબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે.

(૩) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે જરૂરી સાધન સામગ્રી પુરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

(૪) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન, મેડીકલ ઓફિસર અને સ્ટાફ નર્સની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે.

----------

**જામનગર અને રાજકોટ જિલ્લામાં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કોચીંગ આપવા બાબત**

૩૬૯૨૭ **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ આઈઆઈએમ, સેપ્ટ, નીફ્ટ, એનેએલયુ જેવી ઓલ ઈન્ડિયા લેવલની પરીક્ષાની તૈયારી કરી પરીક્ષા પાસ કરી ઉચ્ચ કારકીર્દિ બનાવી શકે તે માટે છેલ્લા એક વર્ષમાં જામનગર અને રાજકોટ જિલ્લામાં જિલ્લાવાર કેટલા વિદ્યાર્થીઓને કોચીંગ આપવામાં આવ્યું, | (૧) શૂન્ય |
| (૨) ઉક્ત જિલ્લાવાર કયા કોચીંગ કલાસને કેટલી રકમ ચૂકવવામાં આવી, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત સ્થિતિએ કેટલી રકમ ચૂકવવાની બાકી છે, તે ક્યાં સુધીમાં ચૂકવવામાં આવશે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન**

૩૬૮૫૬ **શ્રી જિગ્નેશકુમાર મેવાણી** (વડગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને 'વિદેશ અભ્યાસ' સહાય–લોન આપવા માટે સરકાર પાસે ફંડ ઉપલબ્ધ નથી, તે હકીકત સાચી છે, | (૧) ના, જી. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને લોન/સહાય આપવા માટે સરકારે શી વ્યવસ્થા કરી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

---------

**અમરેલી જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત**

૩૭૨૭૫ **શ્રી વલ્લભભાઈ કાકડીયા** (ઠક્કરબાપા નગર ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ અમરેલી જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવામાં આવ્યા, અને | (૧) |

| જર્જરિત વીજ વાયર (કી.મી.) | જર્જરિત વીજ થાંભલા (નંગ) |
|---|---|
| ૨૬૪.૮૬ | ૩૮૬ |

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ.૧૩૪.૬૦ લાખનો ખર્ચ થયો. |

---------

**મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

૩૭૧૭૧ **ડો. આશાબેન પટેલ** (ઊંઝા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ કેટલા નવા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૫૭૫૦ વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૩૦૦.૮૬ લાખનો ખર્ચ થયો. |

---------

**ટોસીલીઝુમેબ ઈન્જેક્શનનો જથ્થો ખરીદવા બાબત**

૩૬૯૦૭ **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સરકાર દ્વારા કઈ કંપની પાસેથી ટોસીલીઝુમેબ ઈન્જેક્શનનો જથ્થો, શા ભાવે, ક્યારે ખરીદવામાં આવ્યો, | (૧) સરકાર દ્વારા છેલ્લા ૦૧ વર્ષમાં મેસર્સ સીપ્લા લીમીટેડ પાસેથી ટોસીલીઝુમેબ ઈન્જેક્શનનો જથ્થો ખરીદવામાં આવેલ છે. – ટોસીલીઝુમેબ ઈન્જેક્શન ૮૦ એમ.જી ની વિગતો પ**ત્રક–અ** પર સામેલ છે. |

– ટોસીલીઝુમેબ ઈન્જેક્શન ૨૦૦ એમ.જી ની વિગતો પ**ત્રક– બ** પર સામેલ છે.

– ટોસીલીઝુમેબ ઈન્જેક્શન ૪૦૦ એમ.જી ની વિગતો પ**ત્રક– ક** પર સામેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ઉક્ત ઈન્જેક્શન સરકારી હોસ્પિટલોમાંથી કાળા બજારમાં વેચાતા હોવાની કેટલી ફરીયાદો સરકારને મળી, અને

(૨) કોઇ ફરીયાદ મળેલ નથી.

(૩) મળેલ ફરીયાદો અન્વયે શા પગલાં લેવામાં આવ્યા?

(૩) લાગુ પડતુ નથી.

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**જામનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૭૨૩૫ **શ્રી ગોવિંદભાઈ પટેલ** (રાજકોટ દક્ષિણ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જામનગર જિલ્લામાં હયાત ફીડરોનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને

(૧) ૫૨ નવા ફીડરો કરવામાં આવ્યા.

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

(૨) કુલ રૂ. ૫૭૬.૬૬ લાખનો ખર્ચ થયો.

---------

**વડોદરા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત**

૩૭૧૯૯ **શ્રીમતી મનીષા વકીલ** (વડોદરા શહેર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત માટે કોઈ સબસિડી આપવામાં આવેલ છે,

(૧) હા, જી.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને

(૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં કુલ ૨૫૩૨૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૦માં કુલ ૩૦૬૦૩ ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે.

(૩) આ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે?

(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા વડોદરા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં રૂ.૧૧૫.૧૯ કરોડની અને વર્ષ ૨૦૨૦માં રૂ. ૧૧૩.૫૪ કરોડની સબસિડી આપવામાં આવેલ છે.

---------

**નવસારી જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૭૨૨૧ **શ્રી અરવિંદ પટેલ** (ધરમપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને

(૧) ૫૫ નવા ફીડર કરવામાં આવ્યા.

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો?

(૨) કુલ રૂ. ૮૪૪.૨૯ લાખનો ખર્ચ થયો.

---------

**જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો**

૩૬૯૩૬ **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ અને પોરબંદર જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો છે,

(૧) સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો મૂકવાની જોગવાઇ નથી.

**હોસ્પિટલની માહિતી**

| **જિલ્લો** | **હોસ્પિટલ** | **ઉપલબ્ધ સીટી સ્કેન મશીનો** | **ઉપલબ્ધ એમઆરઆઈ મશીનો** |
|---|---|---|---|
| જૂનાગઢ | જીએમઇઆરએસ હોસ્પિટલ | ૦૧ | ૦૦ |

| | | | |
|---|---|---|---|
| પોરબંદર | જનરલ હોસ્પિટલ | ૦૧ | ૦૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો નવા ખરીદવામાં આવ્યા,

(૨) નવા સીટી સ્કેન કે એમઆરઆઈ મશીન ખરીદવામાં આવેલ નથી.

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો કાર્યરત છે અને કેટલા મશીનો ક્યારથી બંધ હાલતમાં છે, અને

(૩) જૂનાગઢ અને પોરબંદરની હોસ્પિટલોમાં ૧-૧ સીટી સ્કેન મશીન કાર્યરત છે. અને કોઇ મશીન બંધ હાલતમાં નથી.

(૪) ઉક્ત બંધ હાલતમાં રહેલ સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**આણંદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન**

૩૭૧૯૩ **શ્રી મહેશકુમાર રાવલ** (ખંભાત) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે આણંદ જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) હા, જી. નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે.

(૨) ૬૬ કેવીની ૪ (ચાર) નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે.

(૩) અંદાજીત રૂ.૩૩૯૭.૨૩ લાખ.

---------

**અરેણા તથા હોલીડે કેમ્પ ખાતે ૬૬ કેવી સબસ્ટેશન**

૩૬૯૪૦ **શ્રી બાબુભાઈ વાજા** (માંગરોળ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં અરેણા તથા હોલીડે કેમ્પ (ચોરવાડ) ખાતે ૬૬ કેવી સબસ્ટેશન ક્યારે મંજૂર કરવામાં આવેલ છે,

(૨) ઉક્ત બંને સબસ્ટેશનની કાર્યવાહી ક્યા તબક્કે છે, અને

(૩) ઉક્ત સબસ્ટેશન ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે ?

**જવાબ**

(૧) તા.૩૧/૧૨/૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં અરેણા તથા હોલીડે કેમ્પ (ચોરવાડ) ખાતે ૬૬ કેવી સબસ્ટેશન વર્ષ ૨૦૧૪ દરમ્યાન મંજૂર કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ બંને સબસ્ટેશન માટે કરેલ કાર્યવાહી નીચે મુજબ છે.

**૬૬ કેવી અરેણા સબસ્ટેશન:** જૂનાગઢ જિલ્લાના માંગરોળ તાલુકાના અરેણા ગામે મંજૂર થયેલ સબસ્ટેશન માટે તાંત્રિક રીતે અનુકૂળ અને ઉચિત જરૂરિયાત મુજબની સરકારી પડતર/ગૌચર જમીનની ઉપલબ્ધતા અરેણા ગામે ન હોવાથી, લાગોન્દ્રા ગામે જમીન પસંદગી કરવામાં આવેલ છે. આ વિસ્તારમાં નાળીયેરીના ગીચ બગીચાઓને કારણે સબસ્ટેશનને સંલગ્ન વિજરેષાનો રૂટ આખરી થયેથી, જમીન ફાળવણીની દરખાસ્ત, જરૂરી દસ્તાવેજો એકત્ર કરી, કલેકટર કચેરીને સાદર કરવામાં આવશે. જમીન ફાળવણી થયેથી, સબસ્ટેશનના બાંધકામનું કાર્ય હાથ ધરવામાં આવશે.

**૬૬ કેવી હોલીડે કેમ્પ (ચોરવાડ):** ૬૬ કેવી હોલીડે કેમ્પ (ચોરવાડ) સબસ્ટેશન તા.૨૮.૦૩.૨૦૧૯ના રોજ પરિક્ષણ અર્થે કાર્યાન્વિત કરવામાં આવેલ છે. જેને સંલગ્ન વીજરેષા ઉભી કરવા માટેનો ઈજારો તા.૧૮.૧૨.૨૦૨૦ના રોજ આખરી કરવામાં આવેલ છે. સદર વીજરેષાનો રૂટ મેઘલ નદીના પટમાંથી પસાર થતો હોવાથી, વીજરેષાના ટાવરના પાયા માટે તાંત્રિક રીતે ઉચિત ડીઝાઈન (પાઈલ ફાઉન્ડેશન) કરવાનું કાર્ય હાથ ધરવામાં આવેલ છે. ડીઝાઈન આખરી થયેથી ટૂંક સમયમાં વીજરેષાનું કાર્ય હાથ ધરવામાં આવશે.

(૩) ૬૬ કેવી અરેણા સબસ્ટેશન જમીન ફાળવણી થયા બાદ ૧૦ માસમાં કાર્યાન્વિત કરવાનો પ્રયત્ન કરવામાં આવશે અને ૬૬ કેવી હોલીડે કેમ્પ (ચોરવાડ) સબસ્ટેશનની વીજ રેષાનું કાર્ય પૂર્ણ કરી ૮ માસમાં સબસ્ટેશન કાર્યરત કરવાનો પ્રયત્ન

અતારાંકિત પ્રશ્નો

કરવામાં આવશે.

---------

**સુરત જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના**

૩૭૦૧૩ **શ્રી વિવેક પટેલ** (ઉધના) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૪૦ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૩૯,૦૦,૦૦૦/– |

---------

**અમદાવાદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન**

૩૭૧૯૧ **શ્રી સુરેશભાઈ પટેલ** (મણિનગર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે અમદાવાદ જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે કે કેમ, | (૧) હા, જી. નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે. |
| (૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે, અને | (૨) ૬૬ કેવીની ૧૩ (તેર) નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે? | (૩) અંદાજીત રૂ.૮૭૪૩.૦૧ લાખ. |

---------

**સુરત જિલ્લામાં રોડને મજબુતીકરણની કામગીરી**

૩૭૦૧૮ **શ્રી મોહનભાઈ ઢોડિયા** (મહુવા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ–મકાન) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લાના ગલતેશ્વર–ટીંબા–શામપુરા–બારડોલી રોડ કિ.મી.૦/૦ થી ૧૭/૪નું મજબુતીકરણ અને રોડ ફર્નીશીંગ કરવાનું કામ મંજૂર થયેલ છે કે કેમ, અને | (૧) હા જી, ઉક્ત સ્થિતિએ ગલતેશ્વર–ટીંબા–શામપુરા–બારડોલી રસ્તાની ૧૭.૪ કિ.મી. લંબાઈમાં રીસરફેસીંગની કામગીરી મંજૂર થયેલ છે. |
| (૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આ કામ માટે કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૨) રૂપિયા ઓગણીસ કરોડ દસ લાખ. |
| (૩) ઉક્ત દરખાસ્ત મંજૂર થયેલ હોય, તો ઉક્ત સ્થિતિએ કામગીરી ક્યા તબક્કે છે? | (૩) ટેન્ડર મંજૂરી હેઠળ. |

---------

**જૂનાગઢ જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત**

૩૭૨૬૫ **શ્રી રાઘવજીભાઈ પટેલ** (જામનગર ગ્રામ્ય) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાગરખેડૂ સર્વાંગી વિકાસ યોજના હેઠળ જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા કી.મી. જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવામાં આવ્યા, અને

(૨) તે પાછળ ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧)

| જર્જરિત વીજ વાયર (કી.મી.) | જર્જરિત વીજ થાંભલા (નંગ) |
|---|---|
| ૭૫૮.૯૮ | ૭૮૬ |

(૨) કુલ રૂ.૩૧૪.૭૧ લાખનો ખર્ચ થયો.

---------

**તાપી જિલ્લામાં ફીડરોનું વિભાજન**

૩૭૨૨૬ **શ્રીમતી ઝંખના પટેલ** (ચોર્યાસી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં હયાત ફીડરનું વિભાજન કરીને કેટલા નવા ફીડર કરવામાં આવેલ છે, અને | (૧) ૬૧ નવા ફીડર કરવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૧૦૧૩.૨૭ લાખનો ખર્ચ થયો. |

---------

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૩૭૨૫૬ **શ્રી બલરામ થાવાણી** (નરોડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) ૨૫૪૫ નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ? | (૨) કુલ રૂ.૩૫૨૭.૭૯ લાખનો ખર્ચ થયો. |

---------

**અરવલ્લી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઈન**

૩૭૧૯૭ **શ્રી ગજેન્દ્રસિંહ પરમાર** (પ્રાંતિજ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે અરવલ્લી જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઈન નાખવાની જરૂરિયાત છે કે કેમ, | (૧) હા, જી. નવી વીજ લાઈન નાખવાની જરૂરિયાત છે. |
| (૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે, અને | (૨) ૬૬ કેવીની ૩ (ત્રણ) નવી વીજ લાઈન નાખવાનું આયોજન છે. |
| (૩) તે માટે કેટલો ખર્ચ થશે? | (૩) અંદાજીત રૂ. ૨૬૪૫.૬૭ લાખ. |

---------

**સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

૩૭૧૭૫ **શ્રી અરવિંદકુમાર પટેલ** (સાબરમતી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત સુરેન્દ્રનગર જિલ્લામાં કુલ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને | (૧) કુલ ૩૪૨૦ વીજ જોડાણ આપવામાં આવ્યા છે. |
| (૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો? | (૨) કુલ રૂ. ૧૪૬.૮૨ લાખનો ખર્ચ થયો. |

---------

**આણંદ જિલ્લામાં જર્જરિત આરોગ્ય કેન્દ્રો**

૩૬૯૬૨ **શ્રી રાજેન્દ્રસિંહ પરમાર** (બોરસદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના કેટલા નવા મકાન બનાવવામાં આવ્યા,

(૧)

| અ.નં. | વર્ષ | તાલુકો | પ્રા.આ.કે.ની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | તારાપુર | ૦૧ |
| ૨ | | ઉમરેઠ | ૦૧ |
| ૩ | ૨૦૨૦ | સોજિત્રા | ૦૧ |
| ૪ | | પેટલાદ | ૦૧ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકાવાર કેટલા પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના મકાનો જર્જરિત હાલતમાં છે, અને

(૨)

| અ.નં. | તાલુકો | પ્રા.આ.કે.ની સંખ્યા |
|---|---|---|
| ૧ | આણંદ | ૦૧ |
| ૨ | પેટલાદ | ૦૧ |
| ૩ | બોરસદ | ૦૨ |
| ૪ | સોજિત્રા | ૦૧ |
| | **કુલ** | **૦૫** |

(૩) ઉક્ત જર્જરિત મકાનો ક્યાં સુધીમાં નવા બનાવવામાં આવશે?

(૩) ૩ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવા મકાનના બાંધકામની મંજૂરી મળેલ છે. જ્યારે ૨ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રોના નવીન મકાન બાંધકામની વહીવટી મંજૂરી મળ્યેથી બનાવવામાં આવશે.

---------

## અતારાંકિત પ્રશ્નો

### ગીર-સોમનાથ અને અમરેલી જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો

૩૬૯૪૩ **શ્રી વિમલભાઇ ચુડાસમા** (સોમનાથ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ અને અમરેલી જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૯ | ૨૦૨૦ |
| ૧ | ગીર સોમનાથ | ૩૧ | ૮૮ |
| ૨ | અમરેલી | ૫૯૦ | ૬૪૧ |

(૨) ઉક્ત દાખલ થયેલ બાળકો પૈકી ઉક્ત વર્ષવાર જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઇ અને તેને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઇને દાખલ થયા,

(૨)

| બાળકની વિગત | ગીર સોમનાથ | | અમરેલી | |
|---|---|---|---|---|
| | ૨૦૧૯ | ૨૦૨૦ | ૨૦૧૯ | ૨૦૨૦ |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ અને વધુ સારવાર માટે સીક ન્યુબોર્ન કેર યુનિટમાં દાખલ થયેલ બાળકો. | ૨૯ | ૬૮ | ૪૦૮ | ૪૦૦ |
| સરકારી હોસ્પિટલો સીવાય જન્મેલ અને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં તબદીલ થઇને દાખલ થયેલ બાળકો | ૦૨ | ૨૦ | ૧૮૨ | ૨૪૧ |

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષ | |
|---|---|---|---|
| | | ૨૦૧૯ | ૨૦૨૦ |
| ૧ | ગીર સોમનાથ | ૦૪ | ૦૪ |
| ૨ | અમરેલી | ૦૭ | ૦૨ |

(૪) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધાં?

(૪) (૧) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પુરી પાડવામાં આવે છે.
(૨) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડોક્ટર તથા નર્સિંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યૂબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે.
(૩) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે જરૂરી સાધન સામગ્રી પુરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.
(૪) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન, મેડીકલ ઓફિસર અને સ્ટાફ નર્સની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે.

---------

### પશ્ચિમ રેલ્વે વડુ મથક અમદાવાદ ખાતે ખસેડવા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત

૩૯૨૪૫ **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : ચૌદમી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રમાં તા.૧૯-૦૩-૨૦૨૦ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૩૦૦૨૨ (અગ્રતા-૧૯૭)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ-મકાન) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) કેન્દ્ર સરકાર સામે પડતર પ્રશ્નો પૈકી પશ્ચિમ રેલ્વેનું વડુમથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ તા. ૦૪-૦૧-૨૦૨૦ના પત્રથી પશ્ચિમ રેલ્વેના

**જવાબ**

(૧) હા, જી.

અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટીની સ્થાપના કરવાની માંગણી કરવામાં આવી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત રજૂઆત બાદ કેન્દ્ર સરકારમાં ફરી ક્યારે રજૂઆત કરવામાં આવી, અને

(૨) ઉક્ત રજૂઆત બાદ કેન્દ્ર સરકારમાં આજની સ્થિતિએ આ અંગે ફરી રજૂઆત કરવામાં આવેલ નથી.

(૩) કેન્દ્ર સરકાર તરફથી તા. ૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ શો પ્રતિભાવ મળેલ છે?

(૩) પ્રસ્તુત બાબત કેન્દ્ર સરકારની વિચારણા હેઠળ છે.

---------

**આણંદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન**

૩૭૧૯૪ **શ્રી જગદીશભાઇ પટેલ** (અમરાઇવાડી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે આણંદ જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) હા, જી.
નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે.

(૨) ૬૬ કેવીની ૪ (ચાર) નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે.

(૩) અંદાજીત રૂ.૩૩૯૭.૨૩ લાખ.

---------

**અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

૩૭૨૧૩ **શ્રી કનુભાઇ પટેલ** (સાણંદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) કુલ ૪૧૬૫ વીજ જોડાણો આપવામાં આવ્યા છે.

(૨) કુલ રૂ.૧૫૧.૪૦ લાખનો ખર્ચ થયો.

---------

**મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના**

૩૭૧૭૩ **શ્રી રમણભાઇ પટેલ** (વિજાપુર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઝૂંપડા વીજળીકરણ યોજના અંતર્ગત મહેસાણા જિલ્લામાં કુલ કેટલા વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કુલ કેટલો ખર્ચ થયો?

**જવાબ**

(૧) ૫૭૫૦ વીજ જોડાણ આપવામાં આવ્યા છે.

(૨) કુલ રૂ.૩૦૦.૮૬ લાખનો ખર્ચ થયો.

---------

**પાટણ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન**

૩૭૧૭૮ **શ્રી કરશનભાઇ સોલંકી** (કડી) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ વીજળી આપવા માટે પાટણ જિલ્લામાં કોઈ નવા સબસ્ટેશન તેમજ નવી વીજ લાઇન નાખવાની જરૂરિયાત છે કે કેમ,

(૨) જો હા, તો કેટલા નવા સબસ્ટેશન અને કેટલી નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે, અને

(૩) તે માટે કેટલો ખર્ચ થશે?

**જવાબ**

(૧) હા, જી.

(૨) ૨૨૦ કેવીનું ૧ (એક) નવું સબસ્ટેશન અને ૬૬ કેવીની ૨ (બે) નવી વીજ લાઇન નાખવાનું આયોજન છે.

(૩) અંદાજીત રૂ.૧૪૩૭૯.૭૦ લાખ.

---------

**ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત**

૩૭૨૦૬ **શ્રી જીગ્નેશકુમાર સેવક** (લુણાવાડા) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ ખેડા જિલ્લાના ખેતીવાડી વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત માટે કોઇ સબસિડી આપવામાં આવેલ છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જિલ્લાના કુલ કેટલા ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે, અને

**જવાબ**

(૧) હા, જી.

(૨) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ખેડા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં કુલ ૩૧૧૮૨ ખેતીવાડી વીજ ગ્રાહકોને અને વર્ષ ૨૦૨૦માં કુલ ૩૪૧૭૪

(૩) આ ગ્રાહકોને કુલ કેટલી સબસિડી આપવામાં આવેલ છે?

ખેતીવાડી વીજ ગ્રાહકોને સબસિડી આપવામાં આવેલ છે.

(૩) છેલ્લા બે વર્ષ દરમ્યાન રાજ્ય સરકાર દ્વારા ખેડા જિલ્લાના ખેડૂતોને વીજ બિલમાં રાહત માટે વર્ષ ૨૦૧૯માં રૂ.૧૦૦.૫૫ કરોડની અને વર્ષ ૨૦૨૦માં રૂ.૧૦૨.૯૩ કરોડની સબસિડી આપવામાં આવેલ છે.

---------

**ખેડા અને આણંદ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો**

૩૬૯૭૩ **શ્રી કાન્તિભાઇ પરમાર** (ઠાસરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ખેડા અને આણંદ જિલ્લામાં તાલુકાવાર સરકારી હોસ્પિટલો અને સામૂહિક આરોગ્ય કેન્દ્રોમાં કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાલુકાવાર કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો નવા ખરીદવામાં આવ્યા,

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ તાલુકાવાર કેટલા સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો કાર્યરત છે અને કેટલા મશીનો ક્યારથી બંધ હાલતમાં છે, અને

(૪) ઉક્ત બંધ હાલતમાં રહેલ સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો ક્યાં સુધીમાં કાર્યરત કરવામાં આવશે?

**જવાબ**

(૧) ખેડા જિલ્લામાં આવેલ જનરલ હોસ્પિટલ નડિયાદ ખાતે સીટી સ્કેન મશીન ઉપલબ્ધ છે.

(૨) શૂન્ય.

(૩) જનરલ હોસ્પિટલ નડિયાદ ખાતે આવેલ સીટી સ્કેન મશીન ચાલુ છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**કલ્પસર યોજનાની કામગીરી**

૩૬૯૮૮ **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : ચૌદમી વિધાનસભાના પહેલા સત્રમાં તા.૧૫–૦૩–૨૦૧૮ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૩૫૮૫ (અગ્રતા ક્રમ– ૬૦)ના અનુસંધાને **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (કલ્પસર) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) કલ્પસર યોજનાની કામગીરી માટે ૧૦ અભ્યાસો પ્રગતિ હેઠળ હતા અને વધુ ૧૯ અભ્યાસો આયોજન હેઠળ હતા, તે અભ્યાસો તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત ક્યા અભ્યાસો માટે કેટલી રકમ કઇ એજન્સીને ચૂકવવામાં આવી,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત ક્યા અભ્યાસો પૂર્ણ થયા અને ક્યા અભ્યાસો બાકી છે, અને

(૪) ઉક્ત પ્રોજેક્ટ ક્યાં સુધીમાં પૂર્ણ કરવાનું આયોજન છે?

**જવાબ**

(૧) કલ્પસર યોજનાની કામગીરી માટે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પ્રગતિ હેઠળના ૧૦ અભ્યાસો પૈકી ૦૩ અભ્યાસો પૂર્ણ થયેલ છે તથા ૦૭ અભ્યાસો પ્રગતિ હેઠળ છે. જ્યારે આયોજન હેઠળના ૧૯ અભ્યાસો પૈકી ૧૭ અભ્યાસો પ્રગતિ હેઠળ અને ૨ અભ્યાસો આયોજન હેઠળ છે.

(૨) સામેલ પત્રક મુજબ

(૩) સામેલ પત્રક મુજબ

(૪) કલ્પસર યોજનાનાં પૂર્ણ શક્યતાદર્શી અહેવાલ (ડી.પી.આર) બનાવવાની કામગીરી પુર્ણ થયા બાદ, રાજ્ય / કેન્દ્ર સરકારશ્રી પાસેથી મેળવવાની થતી યોજના સંબંધિત તમામ મંજૂરીઓ મળ્યેથી, આ યોજનાનું નિર્માણ કાર્ય શક્ય તેટલુ વહેલું પૂર્ણ કરવાનું આયોજન છે.

(પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખેલ છે.)

---------

**અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં બિનવારસી લાશોનો નિકાલ**

૩૬૯૦૪ **શ્રી હિંમતસિંહ પટેલ** (બાપુનગર) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે પોસ્ટમોર્ટમ બાદ બિનવારસી લાશોના નિકાલ માટે કઇ એજન્સીને ક્યારથી કામ સોંપવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત એજન્સીને ઉક્ત સ્થિતિે છેલ્લા બે વર્ષમાં કેટલા મૃતદેહોના નિકાલ માટે કેટલી રકમ ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) સાહસ સોલ્યુશન, અમદાવાદને તા. ૦૭–૦૯–૨૦૧૮ થી કામ સોંપવામાં આવેલ છે.

(૨)

| ક્રમ | વર્ષ | નિકાલ કરેલ મૃતદેહોની સંખ્યા | વર્ષવાર ચુકવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૫૯૨ | રૂ. ૪,૧૧,૬૯૫/– |

| | | | |
|---|---|---|---|
| ૨ | ૨૦૨૦ | ૬૦૬ | રૂ. ૪,૧૭,૮૪૦/- |

---------

**અમરેલી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ**

૩૭૨૪૬ **શ્રી બાબુભાઈ બોખીરીયા** (પોરબંદર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કેટલા નવા કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા, અને

(૨) તે માટે ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ થયો ?

**જવાબ**

(૧) ૧૨૧૭૮ કૃષિ વિષયક વીજ જોડાણો આપવામાં આવ્યા.

(૨) કુલ રૂ.૧૬૩૩૯.૭૨ લાખનો ખર્ચ થયો.

---------

**તાપી અને ડાંગ જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો**

૩૭૦૦૬ **શ્રી પુનાભાઈ ગામીત** (વ્યારા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર તાપી અને ડાંગ જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

(૨) ઉક્ત દાખલ થયેલ બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઇ અને તેને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઇને દાખલ થયા,

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૪) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | વર્ષ | |
|---|---|---|---|
| | | **૨૦૧૯** | **૨૦૨૦** |
| ૧ | તાપી | ૧૦૨૬ | ૮૪૦ |
| ૨ | ડાંગ | ૪૮૫ | ૫૦૯ |
| | **કુલ** | **૧૫૧૧** | **૧૩૪૯** |

(૨)

| **બાળકની વિગત** | **તાપી** | | **ડાંગ** | |
|---|---|---|---|---|
| | **૨૦૧૯** | **૨૦૨૦** | **૨૦૧૯** | **૨૦૨૦** |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ અને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ થયેલ બાળકો | ૭૭૯ | ૬૯૧ | ૨૩૨ | ૨૬૪ |
| સરકારી હોસ્પિટલો સીવાય જન્મેલ અને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં તબદીલ થઇને દાખલ થયેલ બાળકો | ૨૪૭ | ૧૪૯ | ૨૫૩ | ૨૪૫ |
| **કુલ** | **૧૦૨૬** | **૮૪૦** | **૪૮૫** | **૫૦૯** |

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષ | |
|---|---|---|---|
| | | **૨૦૧૯** | **૨૦૨૦** |
| ૧ | તાપી | ૪૦ | ૨૭ |
| ૨ | ડાંગ | ૪૫ | ૩૭ |
| | **કુલ** | **૮૫** | **૬૪** |

(૪) (૧) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન, મેડીકલ ઓફિસર અને સ્ટાફ નર્સની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે.

(૨) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડોક્ટર તથા નર્સીંગ સ્ટાફને ફેસેલીટી બેઇઝડ ન્યૂબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે.

(૩) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પુરી પાડવામાં આવે છે.

(૪) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે જરૂરી સાધન સામગ્રી પુરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

---------

**ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત**

૩૭૨૦૪ **શ્રી કેસરીસિંહ સોલંકી** (માતર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** **જવાબ**

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા જર્જરિત/જોખમી થાંભલા અને વીજવાયર બદલવાના બાકી છે, અને

(૩) ઉક્ત બાકી થાંભલાઓ અને વીજવાયર કયાં સુધીમાં બદલવામાં આવશે?

**જવાબ**

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | **બદલેલ જર્જરિત/જોખમી થાંભલાઓ (નંગ)** | **બદલેલ વીજ વાયરો (કી.મી)** |
|---|---|---|---|
| સુરેન્દ્રનગર | ૦૧–૦૨–૧૯ થી ૩૧–૦૧–૨૦ | ૨૮૫૪ | ૧૬૬૮.૫૬ |
| | ૦૧–૦૨–૨૦ થી ૩૧–૦૧–૨૧ | ૧૩૨૭ | ૯૫૨.૪૯ |
| મોરબી | ૦૧–૦૨–૧૯ થી ૩૧–૦૧–૨૦ | ૯૦૯ | ૧૧૯૩.૮૧ |
| | ૦૧–૦૨–૨૦ થી ૩૧–૦૧–૨૧ | ૫૮૨ | ૫૬૩.૯૨ |

(૨)

| **જિલ્લો** | **બદલવાના બાકી જર્જરિત/જોખમી થાંભલા (નંગ)** | **બદલવાના બાકી જર્જરિત/જોખમી વીજ વાયરો (કી.મી)** |
|---|---|---|
| સુરેન્દ્રનગર | ૮૫ | ૪૬.૦૦ |
| મોરબી | ૦ | ૧૭.૦૦ |

(૩) વરસાદ, તાપમાન જેવા વાતાવરણના ફેરફારો, ક્ષાર અને કાટની અસરથી થાંભલાઓ અને વીજ વાયરોને નુકસાન થતું હોઈ આ સતત ચાલતી પ્રક્રિયા છે. બાકી વીજ થાંભલાઓ અને વીજ જોડાણો જરૂર પડ્યે બદલવામાં આવે છે.

---------

**બહુચરાજી–હારીજ રોડ જર્જરિત હોવા બાબત**

૩૬૮૮૫ **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બહુચરાજી - હારીજ રોડ નવો બનાવવા અંગે કેટલી રજૂઆતો સરકારને મળી, અને

(૨) આ અન્વયે શું કાર્યવાહી કરવામાં આવી ?

(૧) અને (૨) બહુચરાજી-હારીજ હયાત રસ્તો છે જેથી નવો બનાવવાની કાર્યવાહી કરવાની રહેતી નથી.

---------

**જૂનાગઢ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજના**

૩૭૩૪૦ **શ્રી દેવાભાઈ માલમ** (કેશોદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૪૧૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૯૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૯,૯૫,૦૦૦/- |

---------

**સાબરકાંઠા જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

૩૭૩૨૧ **શ્રી બલરાજસિંહ ચૌહાણ** (દહેગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન(વયવંદના) યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, | (૧) ૩૭૬૭ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૨૯૩૦ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ. ૨૧,૯૭,૫૦૦/- |

---------

**ખેડા જિલ્લામાં પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના**

૩૭૩૭૭ **શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ** (ઘાટલોડીયા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની પ્રી-મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી, અને | (૧) ૧,૮૩,૯૭૬ |
| (૨) શિષ્યવૃત્તિની કેટલી રકમ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી ? | (૨) રૂ.૧૧,૭૭,૭૯,૭૦૦/- |

---------

**જૂનાગઢ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજના**

૩૭૩૩૮ **શ્રીમતી ગીતાબા જાડેજા** (ગોંડલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

| **પ્રશ્ન** | **જવાબ** |
|---|---|
| (૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને | (૧) ૪૧૩ |
| (૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને | (૨) ૩૯૯ |
| (૩) કેટલી સહાય ચૂકવવામાં આવી? | (૩) રૂ.૧૯,૯૫,૦૦૦/- |

---------

**રાજ્ય સરકાર દ્વારા લોન લેવા બાબત**

૩૬૯૭૮ **શ્રી કાળાભાઈ ડાભી** (કપડવંજ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (નાણા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કઈ-કઈ નાણાકીય સંસ્થાઓ પાસેથી કુલ કેટલી રકમની લોન લેવામાં આવી, અને

**જવાબ**

(૧)

| **વિગત** | **નાણાકીય વર્ષ** | **લોનની રકમ (રૂ.કરોડમાં)** |
|---|---|---|
| નાણાકીય સંસ્થાઓની લોન | ૨૦૧૮-૧૯ | ૩,૯૮૦ |
| | ૨૦૧૯-૨૦ (સુ.અં) | ૪,૦૦૦ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેટલી રકમ મુદ્દલ અને કેટલી રકમ વ્યાજ પેટે ચૂકવવામાં આવી ?

(૨)

| વિગત | નાણાકીય વર્ષ | ચુકવેલ મુદ્દલ (રૂ.કરોડમાં) | ચુકવેલ વ્યાજ (રૂ.કરોડમાં) |
|---|---|---|---|
| નાણાકીય સંસ્થાઓની લોન | ૨૦૧૮-૧૯ | ૧,૬૫૧ | ૭૫૭ |
| | ૨૦૧૯-૨૦ (સુ.અં) | ૧,૯૯૭ | ૮૮૨ |

---------

**૧૦૮ એમ્બ્યુલન્સો ખરીદવા બાબત**

૩૭૩૧૨ **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર-ખાડિયા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ૧૦૮ ઈમરજન્સી સેવા માટે કેટલી નવી એમ્બ્યુલન્સો ખરીદવા કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવી,

(૨) તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો કેટલી રકમનો ફાળો છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ અમદાવાદ શહેરમાં કેટલી એમ્બ્યુલન્સ ફાળવવામાં આવી ?

**જવાબ**

(૧) તા.૧-૨-૨૦૧૯ થી તા.૩૧-૧-૨૦૨૦ તેમજ તા.૧-૨-૨૦૨૦ થી તા.૩૧-૧-૨૦૨૧ સુધીમાં વર્ષ વાઈઝ

| વર્ષ | ફાળવેલ એમ્બ્યુલન્સ | રૂ. કરોડમાં |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | ૧૦૦ | રૂ. ૧૮ કરોડ |
| ૨૦૨૦-૨૧ | શૂન્ય | શૂન્ય |

(૨)

| વર્ષ | કેન્દ્ર સરકારનો ફાળો | રાજ્ય સરકારનો ફાળો |
|---|---|---|
| ૨૦૧૯-૨૦ | શૂન્ય | રૂ. ૧૮ કરોડ |
| ૨૦૨૦-૨૧ | શૂન્ય | શૂન્ય |

(૩)

| વર્ષ | ફાળવેલ એમ્બ્યુલન્સ |
|---|---|
| ૨૦૧૯ | ૧૯ |
| ૨૦૨૦ | ૧૭ |

---------

**રાજકોટ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૩૭૩૭૦ **શ્રી વિનોદભાઈ મોરડીયા** (કતારગામ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાજકોટ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૪૦૭

(૨) ૪૦૬

(૩) રૂ. ૨૦,૩૦,૦૦૦/-

---------

**આણંદ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના**

૩૭૩૩૫ **શ્રી જગદીશ વિશ્વકર્મા** (નિકોલ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં આણંદ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) ૧૮૯

(૨) ૧૮૬

(૩) રૂ. ૯,૩૦,૦૦૦/-

---------

**થરાદ તાલુકાના ગામોને જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વીજળી આપવા બાબત**

૩૬૮૯૭ **શ્રી ગુલાબસિંહ રાજપૂત** (થરાદ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકામાં કેટલા ગામોને જ્યોતિગ્રામ યોજના

**જવાબ**

(૧) ૧૩૪ ગામ.

અંતર્ગત ઘરવપરાશની વીજળી પૂરી પાડવામાં આવે છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત તાલુકામાં વાડી વિસ્તારમાં આવેલ મકાનોને ઘરવપરાશની વીજળી પૂરી પાડવામાં આવે છે કે કેમ,

(૨) હા, જી.

(૩) જો ના, તો તેના કારણો શું છે અને ક્યાં સુધીમાં ઉક્ત તાલુકામાં વાડી વિસ્તારમાં ઘરવપરાશની વીજળી પૂરી પાડવામાં આવશે?

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

---------

**બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરતા ડોકટરો**

૩૬૮૭૦ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા અને સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરતા કેટલા ડોકટરો પકડાયા,

(૧)

| ક્રમ | જિલ્લો | તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરતાં પકડાયેલ ડોકટરની સંખ્યા |
|---|---|---|
| ૧ | બનાસકાંઠા | ૧ |
| ૨ | સાબરકાંઠા | ૦ |
| | **કુલ** | **૧** |

(૨) ઉક્ત ડોકટર સામે શું કાર્યવાહી કરવામાં આવી, અને

(૨) બનાસકાંઠા જિલ્લામાં ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરતા પકડાયેલ ૧ (એક) ડોકટર સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે.

(૩) આવા ડોકટરોને સરકારી સામૂહિક આરોગ્ય કેન્દ્રમાં સ્ત્રીરોગ નિષ્ણાંત તરીકે નિમણૂક આપવામાં આવી છે તે હકીકત સાચી છે ?

(૩) ના, જી.

---------

**સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના**

૩૭૩૭૪ **શ્રી પૂર્ણેશ મોદી** (સુરત પશ્ચિમ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના હેઠળ અનુસૂચિત જાતિની કેટલી અરજીઓ મળી, અને

(૧) ૪૭

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૪૭

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) રૂ.૪,૭૦,૦૦૦/–

---------

**ખેડા જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના**

૩૭૩૭૮ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ખેડા જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓની પ્રી–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના હેઠળ કેટલા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિ મંજૂર કરવામાં આવી, અને

(૧) ૧,૮૩,૯૭૬

(૨)શિષ્યવૃત્તિની કેટલી રકમ વિદ્યાર્થીઓને ચૂકવવામાં આવી ?

(૨) રૂ.૧૧,૭૭,૭૯,૭૦૦/–

---------

**નર્મદા અને વડોદરા જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો**

૩૬૯૯૯ **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : **માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર નર્મદા અને વડોદરા જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં કેટલા બાળકો દાખલ થયા,

(૨) ઉક્ત દાખલ થયેલ બાળકો પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા બાળકોનો જન્મ સિવિલ હોસ્પિટલમાં થયો હોઇ અને તેને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ થયા અને કેટલા બાળકો સરકારી હોસ્પિટલો સિવાય જન્મ લેનાર તબદીલ થઇને દાખલ થયા,

(૩) તે પૈકી ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં સારવાર દરમ્યાન કેટલા બાળકોના મોત થયા, અને

(૪) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે સરકારે શા પગલાં લીધાં ?

**જવાબ**

(૧)

| ક્રમ | જિલ્લો | વર્ષ | |
|---|---|---|---|
| | | **૨૦૧૯** | **૨૦૨૦** |
| ૧ | નર્મદા | ૫૧૮ | ૩૨૧ |
| ૨ | વડોદરા | ૬૬૬૨ | ૫૬૦૪ |
| | **કુલ** | **૭૧૮૦** | **૫૯૨૫** |

(૨)

| બાળકની વિગત | નર્મદા | | વડોદરા | |
|---|---|---|---|---|
| | **૨૦૧૯** | **૨૦૨૦** | **૨૦૧૯** | **૨૦૨૦** |
| સરકારી હોસ્પિટલમાં જન્મેલ અને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ થયેલ બાળકો | ૨૩૨ | ૧૭૬ | ૩૬૦૪ | ૩૨૮૦ |
| સરકારી હોસ્પિટલો સીવાય જન્મેલ અને વધુ સારવાર માટે સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં તબદીલ થઇને દાખલ થયેલ બાળકો | ૨૮૬ | ૧૪૫ | ૩૦૫૮ | ૨૩૨૪ |
| **કુલ** | **૫૧૮** | **૩૨૧** | **૬૬૬૨** | **૫૬૦૪** |

(૩)

| ક્રમ | જિલ્લો | વર્ષ | |
|---|---|---|---|
| | | **૨૦૧૯** | **૨૦૨૦** |
| ૧ | નર્મદા | ૨૮ | ૦૯ |
| ૨ | વડોદરા | ૧૧૬૨ | ૮૧૩ |
| | **કુલ** | **૧૧૯૦** | **૮૨૨** |

(૪) (૧) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર માટે જરૂરિયાત અંગેની તમામ પ્રકારની દવાઓ અને સારવાર નિઃશુલ્ક પુરી પાડવામાં આવે છે.

(૨) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં નવજાત શિશુઓની સારવાર કરતાં ડોક્ટર તથા નર્સિંગ સ્ટાફને ફેસેલીટી બેઝ ન્યૂબોર્ન કેરની ખાસ તાલીમ પણ આપવામાં આવે છે.

(૩) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં બાળકોના મૃત્યુ અટકે તે માટે જરૂરી સાધન સામગ્રી પુરતા પ્રમાણમાં ફાળવવામાં આવે છે.

(૪) સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં પિડીયાટ્રીશીયન, મેડીકલ ઓફિસર અને સ્ટાફ નર્સની જગ્યાઓ અગ્રતાને ધોરણે ભરવામાં આવે છે.

---------

**અમરેલી જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના**

૩૮૨૩૦ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમરેલી જિલ્લામાં ઈન્દિરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના હેઠળ તાલુકાવાર, વર્ષવાર કેટલી અરજીઓ મળેલ છે,

**જવાબ**

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ સુધી | તા.૧-૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી |
|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** |
| ૧ | અમરેલી | ૫૩૮ | ૩૫૧ |
| ૨ | વડીયા | ૪૧૪ | ૨૨૫ |
| ૩ | લાઠી | ૩૯૭ | ૨૧૭ |
| ૪ | બાબરા | ૮૪૭ | ૪૩૦ |
| ૫ | સાવરકુંડલા | ૮૫૭ | ૨૬૮ |
| ૬ | લીલીયા | ૨૮૮ | ૧૪૭ |

| | | | |
|---|---|---|---|
| ૭ | રાજુલા | ૭૪૨ | ૪૫૫ |
| ૮ | જાફરાબાદ | ૪૬૨ | ૨૪૫ |
| ૯ | ધારી | ૫૬૭ | ૨૦૫ |
| ૧૦ | ખાંભા | ૭૩૦ | ૫૦૨ |
| ૧૧ | બગસરા | ૩૭૧ | ૧૮૨ |
| **કુલ** | | **૬૨૧૩** | **૩૨૨૭** |

(૨) તે પૈકી કેટલી અરજીઓ તાલુકાવાર, વર્ષવાર મંજૂર કરી, કેટલી નામંજૂર કરી,

(૨)

| ક્રમ | તાલુકાનું નામ | તા.૧-૧-૧૯ થી તા.૩૧-૧૨-૧૯ સુધી | | તા.૧-૧-૨૦ થી તા.૩૧-૧૨-૨૦ સુધી | |
|---|---|---|---|---|---|
| | | મંજૂર | નામંજૂર | મંજૂર | નામંજૂર |
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** | **૬** |
| ૧ | અમરેલી | ૪૯૭ | ૪૧ | ૩૧૩ | ૩૮ |
| ૨ | વડીયા | ૩૭૬ | ૩૮ | ૧૮૫ | ૪૦ |
| ૩ | લાઠી | ૩૫૩ | ૪૪ | ૨૦૨ | ૧૫ |
| ૪ | બાબરા | ૮૦૫ | ૪૨ | ૩૮૧ | ૪૮ |
| ૫ | સાવરકુંડલા | ૬૬૫ | ૧૯૨ | ૧૯૬ | ૬૭ |
| ૬ | લીલીયા | ૨૩૨ | ૫૬ | ૧૨૫ | ૨૨ |
| ૭ | રાજુલા | ૬૧૯ | ૧૨૩ | ૩૭૭ | ૭૮ |
| ૮ | જાફરાબાદ | ૩૯૮ | ૬૪ | ૨૨૫ | ૨૦ |
| ૯ | ધારી | ૪૯૦ | ૭૭ | ૧૯૩ | ૧૨ |
| ૧૦ | ખાંભા | ૭૧૫ | ૧૫ | ૪૬૮ | ૩૪ |
| ૧૧ | બગસરા | ૩૦૨ | ૬૯ | ૧૬૩ | ૩ |
| **કુલ** | | **૫૪૫૨** | **૭૬૧** | **૨૮૨૮** | **૩૭૭** |

(૩) ઉક્ત અરજીઓ નામંજૂર થવાના કારણો શાં છે, અને

(૩)

| ક્રમ | નામંજૂરીના કારણો |
|---|---|
| ૧ | નિયત કરેલ ઉંમર ધરાવતા ન હોવાથી |
| ૨ | બી.પી.એલ. યાદીમાં ૦ થી ૨૦ સ્કોર ધરાવતા ન હોવાથી |
| ૩ | સ્થળે રહેતા ન હોવાથી |
| ૪ | અવસાન થવાથી |

(૪) બાકીની અરજીઓ ક્યાં સુધીમાં મંજૂર કરવામાં આવનાર છે ?

(૪) અરજદારશ્રીઓ દ્વારા પૂરતા આધાર પુરાવા રજૂ કર્યા બાદ નિકાલ કરવામાં આવશે.

---------

**અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જર્જરિત/જોખમી થાંભલા અને વીજ વાયરો બદલવા બાબત**

૩૬૮૯૪ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન** | **જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જિલ્લાવાર કેટલા જર્જરિત/જોખમી થાંભલાઓ અને વીજ વાયરો બદલવામાં આવ્યા,

(૧)

| જિલ્લો | સમયગાળો | બદલવામાં આવેલ વીજ થાંભલાઓ (નંગ) | બદલવામાં આવેલ વીજ વાયરો (કી.મી.) |
|---|---|---|---|
| અરવલ્લી | ૦૧-૦૨-૧૯ થી ૩૧-૦૧-૨૦ | ૨૬૮ | ૫૪૭.૩૫ |
| | ૦૧-૦૨-૨૦ થી ૩૧-૦૧-૨૧ | ૪૩૫ | ૩૮૮.૭૦ |
| સાબરકાંઠા | ૦૧-૦૨-૧૯ થી ૩૧-૦૧-૨૦ | ૩૧૭ | ૧૦૭૫.૩૭ |
| | ૦૧-૦૨-૨૦ થી ૩૧-૦૧-૨૧ | ૬૧૦ | ૪૨૫.૫૨ |

(૨) ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર કેટલા જર્જરિત/જોખમી થાંભલા અને વીજવાયરો બદલવાના બાકી છે, અને

(૨)

| જિલ્લો | બદલવાના બાકી જર્જરિત/ જોખમી થાંભલા (નંગ) | બદલવાના બાકી જર્જરિત/જોખમી વીજ વાયરો (કી.મી.) |
|---|---|---|

| | | |
|---|---|---|
| અરવલ્લી | ૦ | ૦ |
| સાબરકાંઠા | ૩ | ૭.૦૦ |

(૩) ઉક્ત બાકી થાંભલાઓ અને વીજવાયરો ક્યાં સુધીમાં બદલવામાં આવશે ?

(૩) વરસાદ, તાપમાન જેવા વાતાવરણના ફેરફારો, ક્ષાર અને કાટની અસરથી થાંભલાઓ અને વીજ વાયરોને નુકસાન થતું હોવાથી આવા જર્જરિત થાંભલાઓ અને વીજ વાયરો બદલવાની કામગીરી એક સતત ચાલતી પ્રક્રિયા છે. જે મુજબ બાકી થાંભલાઓ અને વીજ વાયર જરૂર પડ્યે બદલવામાં આવે છે.

---------

**ભરૂચ જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના**

૩૭૩૨૮ **શ્રી મુકેશભાઈ પટેલ** (ઓલપાડ) : **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ભરૂચ જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના હેઠળ કેટલી અરજીઓ મળી,

(૧) ૩૨

(૨) તે પૈકી કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને

(૨) ૩૧

(૩) કેટલી સહાય ચૂકવવામાં આવી?

(૩) રૂ. ૩૦,૦૦,૦૦૦/–

---------

**ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જર્જરિત/જોખમી થાંભલા અને વીજ વાયરો બદલવા બાબત**

૩૬૮૯૭ **ડો. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય ઊર્જા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર કેટલા જર્જરિત/જોખમી થાંભલાઓ અને વીજ વાયરો બદલવામાં આવ્યા,

(૧)

| **જિલ્લો** | **સમયગાળો** | **બદલેલ જર્જરિત/ જોખમી થાંભલાઓ (નંગ)** | **બદલેલ વીજ વાયરો (કી.મી.)** |
|---|---|---|---|
| ગાંધીનગર | ૦૧–૦૨–૧૯ થી ૩૧–૦૧–૨૦ | ૩૭૯ | ૩૫૮.૭૦ |
| | ૦૧–૦૨–૨૦ થી ૩૧–૦૧–૨૧ | ૩૭૫ | ૨૯૮.૧૩ |
| મહેસાણા | ૦૧–૦૨–૧૯ થી ૩૧–૦૧–૨૦ | ૫૮૩ | ૨૪૨.૦૧ |
| | ૦૧–૦૨–૨૦ થી | ૫૭૨ | ૧૭૨.૫૨ |

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાવાર કેટલા જર્જરિત/ જોખમી થાંભલા અને વીજવાયરો બદલવાના બાકી છે, અને

(૨)

| **જિલ્લો** | **બદલવાના બાકી જર્જરિત/ જોખમી થાંભલા (નંગ)** | **બદલવાના બાકી જર્જરિત/જોખમી વીજ વાયરો (કી.મી.)** |
|---|---|---|
| ગાંધીનગર | ૪૫ | ૨૫.૫૭ |
| મહેસાણા | ૨ | ૦.૭૦ |

(૩) ઉક્ત બાકી થાંભલાઓ અને વીજવાયરો ક્યાં સુધીમાં બદલવામાં આવશે ?

(૩) વરસાદ, તાપમાન જેવા વાતાવરણના ફેરફારો, ક્ષાર અને કાટની અસરથી થાંભલાઓ અને વીજ વાયરોને નુકસાન થતું હોઈ આ સતત ચાલતી પ્રક્રિયા છે. બાકી વીજ થાંભલાઓ અને વીજ જોડાણો જરૂર પડ્યે બદલવામાં આવે છે.

---------

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**અતારાંકિત પ્રશ્નોની યાદી**

**અધ્યક્ષશ્રી :** અતારાંકિત પ્રશ્નોની તેરમી, ચૌદમી અને પંદરમી યાદી સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવે છે.

**તેરમી અતારાંકિત યાદી**

**રાજ્યમાં ઓર્ગેનિક ખેતી બાબત**

અતારાંકિતઃ ૮૧૦૬ (૦૭-૧૨-૨૦૨૦) **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કુલ ખેતીના કેટલા ટકા વિસ્તારમાં ઓર્ગેનિક ખેતી થાય છે, અને

(૨) રાજ્યમાં ઓર્ગેનિક ખેતીનું પ્રમાણ વધારવા સરકારે શા પ્રયાસો હાથ ધર્યા છે ?

**કૃષિ મંત્રીશ્રી** : (૧૧-૦૨-૨૦૨૧)

(૧) રાજ્યના કુલ ખેડાણ હેઠળના વિસ્તારના ૧.૦૯% વિસ્તારમાં ઓર્ગેનિક ખેતી થાય છે.

(૨) રાજ્યમાં ઓર્ગેનિક ખેતીનું પ્રમાણ વધારવા માટે રાજ્ય સરકારશ્રી દ્વારા ઓર્ગેનીક પોલિસી-૨૦૧૫ જાહેર કરવામાં આવેલ. ઉકત હેતુ માટે રાજ્યમાં નીચે મુજબની યોજનાઓ અમલી છે.

(૧) રાજ્યમાં ખેડૂતોને સેંદ્રિય ખેતીના પ્રોત્સાહન માટે સહાર પૂરી પાડવા અંગેની યોજના

(૨) ડાંગ જિલ્લાને ૧૦૦% સેંદ્રિય ખેતી હેઠળ આવરી લેવાની યોજના

(૩) રાજ્યમાં ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી સ્થાપના અંગેની યોજના

તદ્ઉપરાંત ઓર્ગેનિક ખેતીને પ્રોત્સાહન આપવા માટે કેંદ્ર સરકાર પુરસ્કૃત નીચે મુજબની યોજનાઓ રાજ્યમાં અમલી છે.

(૧)કેંદ્ર પુરસ્કૃત નેશનલ હોર્ટીકલ્ચર મિશન યોજના અંતર્ગત સજીવ ખેતી ઘટક માટે સહાયની યોજના

(૨) કેંદ્ર પુરસ્કૃત પરંપરાગત કૃષિ વિકાસ યોજના

-------

**રાજ્યમાં બાયોફર્ટીલાઈઝરના ઉપયોગનું આયોજન**

અતારાંકિતઃ ૮૯૧૫ (૧૩-૦૧-૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં બાયોફર્ટીલાઈઝરનો વધારે ઉપયોગ થાય એવું સરકારનું આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ કેટલા વિસ્તારમાં તેનો ઉપયોગ ક્યા પાકમાં થાય છે, અને

(૩) આવા પાકો માટે બજાર મળી રહી તે માટે શું આયોજન છે ?

**કૃષિ મંત્રીશ્રી** : (૦૬-૦૨-૨૦૨૧)

(૧) હા

(૨) સમગ્ર રાજ્યમાં ખેડૂતો પોતાની જરૂરિયાત મુજબના વિસ્તારમાં અને પાકમાં તેનો ઉપયોગ કરે છે.

(૩) તમામ જણસીઓના વેચાણ માટે એ.પી.એમ.સી.નું માળખું છે.

-------

**રાજ્યમાં જર્જરિત-બિસ્માર ઓરડાઓવાળી પ્રાથમિક શાળાઓ**

અતારાંકિતઃ ૬૬૬૩ (૦૬-૦૧-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧-૧૨-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી પ્રાથમિક શાળાઓમાં કેટલા ઓરડાઓ જર્જરિત-બિસ્માર અને કેટલા ઓરડાઓ પતરાંની છતવાળા કેટલા સમયથી છે, અને

(૨) જર્જરિત-બિસ્માર અને પતરાની છતવાળા ઓરડાઓના સ્થાને પાકા ઓરડાઓ ક્યાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

શિક્ષણ મંત્રીશ્રી : (૧૫-૦૨-૨૦૨૧)

(૧)રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં જર્જરિત–બિસ્માર ઓરડાઓની વિગત સામેલ **પત્રક–૧** મુજબ છે.
રાજ્યમાં જિલ્લાવાર પ્રાથમિક શાળાઓમાં પતરાંની છતવાળા ઓરડાઓની વિગત સામેલ **પત્રક–૨** મુજબ છે.

(૨) આગામી વર્ષોમાં તબક્કાવાર જેમ બને તેમ ઝડપથી.

**પત્રક–૧**

| **ક્રમ** | **જિલ્લો** | **જર્જરિત–બિસ્માર ઓરડાઓ વાળી શાળાની સંખ્યા** | **જર્જરિત–બિસ્માર ઓરડાઓની સંખ્યા** | **ઓરડાઓ જર્જરિત–બિસ્માર કેટલા સમયથી છે** |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૯૨ | ૩૭૬ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨ | અમરેલી | ૫૧ | ૨૧૦ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૩ | આણંદ | ૨૧૦ | ૮૨૫ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૪ | અરવલ્લી | ૯૭ | ૩૦૯ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૫ | બનાસકાંઠા | ૧૮૫ | ૮૩૩ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૬ | ભરૂચ | ૨૧૬ | ૭૨૩ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૭ | ભાવનગર | ૫૨ | ૧૫૪ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૮ | બોટાદ | ૨૬ | ૯૬ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૯ | છોટાઉદેપુર | ૧૪૯ | ૩૮૩ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૦ | દાહોદ | ૩૪૬ | ૧૧૧૧ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૧ | દેવભૂમિ દ્વારકા | ૧૧૭ | ૧૨૯ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૨ | ગાંધીનગર | ૯ | ૬૮ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૩ | ગીર સોમનાથ | ૬૦ | ૮૫ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૪ | જામનગર | ૪૯ | ૭૯ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૫ | જૂનાગઢ | ૮૭ | ૨૯૯ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૬ | ખેડા | ૧૫૮ | ૨૭૦ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૭ | કચ્છ | ૬૫ | ૨૩૨ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૮ | મહેસાણા | ૧૫૦ | ૬૫૮ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૧૯ | મહિસાગર | ૫૩ | ૧૯૦ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૦ | મોરબી | ૨૮ | ૪૬ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૧ | નર્મદા | ૧૧૫ | ૨૪૬ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૨ | નવસારી | ૩૦ | ૧૨૫ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૩ | પંચમહાલ | ૩૩૦ | ૭૪૭ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૪ | પાટણ | ૭૬ | ૩૫૩ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૫ | પોરબંદર | ૩૧ | ૧૦૩ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૬ | રાજકોટ | ૧૯ | ૮૩ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૭ | સાબરકાંઠા | ૪૧ | ૨૨૬ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૮ | સુરત | ૭૧ | ૨૪૮ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૨૯ | સુરેન્દ્રનગર | ૬૭ | ૨૨૪ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૩૦ | તાપી | ૭૦ | ૧૫૯ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૩૧ | ડાંગ | ૩૬ | ૫૫ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૩૨ | વડોદરા | ૧૧૩ | ૪૩૦ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૩૩ | વલસાડ | ૧૪૯ | ૫૭૯ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| ૩૪ | વડોદરા કોર્પોરેશન | ૫ | ૪૪ | શાળાવાર અલગ–અલગ ૧ કે ૨ વર્ષથી |
| | **કુલ** | **૩૩૫૩** | **૧૦૬૯૮** | |

**પત્રક–૨**

| ક્રમ | જિલ્લો | પતરાની છતવાળા ઓરડાઓ વાળી શાળાની સંખ્યા | પતરાની છતવાળા ઓરડાઓની સંખ્યા | ઓરડાઓ પતરાંની છતવાળા કેટલા સમયથી છે |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૨૫૦ | ૧૧૦૧ | શાળાવાર અલગ–અલગ ૫ થી શરૂ કરીને ૧૨૦ વર્ષથી |
| ૨ | અમરેલી | ૫૫ | ૯૩ | શાળાવાર અલગ–અલગ ૧૫ થી શરૂ કરીને ૧૯ વર્ષથી |
| ૩ | આણંદ | ૬૨૬ | ૨૬૬૦ | શાળાવાર અલગ–અલગ ૧૫ થી શરૂ કરીને ૧૭૫ વર્ષથી |
| ૪ | અરવલ્લી | ૧૬૪ | ૨૪૭ | શાળાવાર અલગ–અલગ ૧૩ થી શરૂ કરીને ૮૦ વર્ષથી |
| ૫ | બનાસકાંઠા | ૧૪૧૧ | ૫૧૫૪ | શાળાવાર અલગ–અલગ ૪ થી શરૂ કરીને ૯૬ વર્ષથી |
| ૬ | ભરૂચ | ૨૧૨ | ૫૫૦ | શાળાવાર અલગ–અલગ ૩ થી શરૂ કરીને ૧૫૮ વર્ષથી |
| ૭ | ભાવનગર | ૧૭૫ | ૫૨૩ | શાળાવાર અલગ–અલગ ૧૫ થી શરૂ કરીને ૧૮ વર્ષથી |
| ૮ | બોટાદ | ૪૦ | ૧૪૫ | શાળાવાર અલગ–અલગ ૧૭ થી શરૂ કરીને ૯૫ વર્ષથી |
| ૯ | છોટાઉદેપુર | ૮૭૪ | ૨૧૩૩ | શાળાવાર અલગ–અલગ ૧૦ થી શરૂ કરીને ૧૯૩ વર્ષથી |
| ૧૦ | દાહોદ | ૮૪૬ | ૧૮૪૫ | શાળાવાર અલગ–અલગ ૯ થી શરૂ કરીને ૧૪૦ વર્ષથી |
| ૧૧ | ડાંગ | ૩૭૬ | ૧૮૯૭ | શાળાવાર અલગ–અલગ ૪ થી શરૂ કરીને ૪૯ વર્ષથી |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | ૩૧ | ૪૪ | શાળાવાર અલગ–અલગ ૫ થી શરૂ કરીને ૧૦ વર્ષથી |
| ૧૩ | ગાંધીનગર | ૩૧૭ | ૧૨૯૯ | શાળાવાર અલગ–અલગ ૧૦થી શરૂ કરીને ૧૨૩ વર્ષથી |
| ૧૪ | ગીર સોમનાથ | ૫૧ | ૧૨૬ | શાળાવાર અલગ–અલગ ૧૭–૧૮ વર્ષથી |
| ૧૫ | જામનગર | ૧૬ | ૨૫ | શાળાવાર અલગ–અલગ ૨ થી શરૂ કરીને ૧૯ વર્ષથી |
| ૧૬ | જૂનાગઢ | ૧૦૭ | ૧૭૬ | શાળાવાર અલગ–અલગ ૧૮ વર્ષથી |
| ૧૭ | ખેડા | ૧૦૨૭ | ૪૦૦૨ | શાળાવાર અલગ–અલગ ૧૦ થી શરૂ કરીને ૩૬૪ વર્ષથી |
| ૧૮ | કચ્છ | ૨૦૧ | ૬૪૪ | શાળાવાર અલગ–અલગ ૪ થી શરૂ કરીને ૧૦૨ વર્ષથી |
| ૧૯ | મહિસાગર | ૯૬ | ૨૫૬ | શાળાવાર અલગ–અલગ ૧૫ થી શરૂ કરીને ૭૦ વર્ષથી |
| ૨૦ | મહેસાણા | ૬૪૨ | ૩૩૦૫ | શાળાવાર અલગ–અલગ ૧૭ થી શરૂ કરીને ૨૫૦ વર્ષથી |
| ૨૧ | મોરબી | ૪૯ | ૧૦૦ | શાળાવાર અલગ–અલગ ૧૯ થી શરૂ કરીને ૮૯ વર્ષથી |
| ૨૨ | નર્મદા | ૩૨૬ | ૬૧૧ | શાળાવાર અલગ–અલગ ૩ થી શરૂ કરીને ૮૦ વર્ષથી |
| ૨૩ | નવસારી | ૮૨ | ૨૩૪ | શાળાવાર અલગ–અલગ ૩ થી શરૂ કરીને ૪૦ વર્ષથી |
| ૨૪ | પંચમહાલ | ૧૩૪ | ૨૮૬ | શાળાવાર અલગ–અલગ ૮ થી શરૂ કરીને ૪૭ વર્ષથી |
| ૨૫ | પાટણ | ૪૧૭ | ૧૬૪૨ | શાળાવાર અલગ–અલગ ૧૨ થી શરૂ કરીને ૧૨૩ વર્ષથી |
| ૨૬ | સાબરકાંઠા | ૨ | ૨ | શાળાવાર અલગ–અલગ ૧૭ વર્ષથી |
| ૨૭ | સુરત | ૬૦૫ | ૧૯૩૪ | શાળાવાર અલગ–અલગ ૪ થી શરૂ કરીને ૨૫૫ વર્ષથી |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૩ | ૬ | શાળાવાર અલગ–અલગ ૧૮ થી શરૂ કરીને ૫૩ વર્ષથી |
| ૨૯ | તાપી | ૬૬૭ | ૨૧૦૮ | શાળાવાર અલગ–અલગ ૫ થી શરૂ કરીને ૭૦ વર્ષથી |
| ૩૦ | વડોદરા | ૬૯૩ | ૨૩૭૨ | શાળાવાર અલગ–અલગ ૫ થી શરૂ કરીને ૩૭૦ વર્ષથી |
| ૩૧ | વલસાડ | ૭ | ૯ | શાળાવાર અલગ–અલગ ૧૬–૧૭ વર્ષથી |
| | **કુલ** | **૧૦૫૦૨** | **૩૫૫૨૯** | |

–––––––

**રાજ્યમાં શાળાઓને અનુદાન મેળવવાની અરજીઓ**

અતારાંકિતઃ ૬૯૯૪ (૨૬–૦૬–૨૦૨૦) **શ્રી પ્રેમસિંહભાઈ વસાવા** (નાંદોદ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧–૧૨–૨૦૧૯ની સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં કેટલી નવી ખાનગી પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની અનુદાન મેળવવા માટેની અરજીઓ મળી, અને

(૨) તે પૈકી કેટલી શાળાઓની અરજીઓ મંજૂર કરવામાં આવી ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૧૫–૦૨–૨૦૨૧)

(૧) ખાનગી પ્રાથમિક શાળાઓ - ૩
ખાનગી માધ્યમિક શાળાઓ – ૪૯

(૨) ખાનગી પ્રાથમિક શાળાઓ - શૂન્ય
ખાનગી માધ્યમિક શાળાઓ - શૂન્ય

–––––––

**પાટણ અને અમદાવાદ જિલ્લાની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં લાયકાત વગરના શિક્ષકો**

અતારાંકિતઃ ૭૦૬૩ (૨૪–૦૮–૨૦૨૦) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૨૯–૦૭–૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ જિલ્લામાં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને નિયત તાલીમ વગરના શિક્ષકો અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કામ કરી રહ્યા છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શિક્ષકોની નિમણૂક કરવાનાં કારણો શાં છે, અને

(૩) ઉક્ત શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૧૫–૦૨–૨૦૨૧)

(૧) તા. ૨૯–૦૭–૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ જિલ્લામાં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને નિયત તાલીમ વગરના શિક્ષકો અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | ઠરાવેલી લાયકાત અને નિયત તાલીમ વગરના શિક્ષકોની સંખ્યા | નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| પાટણ | ૪૫ | ૧૮ |
| અમદાવાદ | ૨૯૬૭ | ૧૨૬૯ |

(૨) આર.ટી.ઈ. એક્ટ–૨૦૦૯ અમલમાં આવ્યા પહેલા ધોરણ–૧થી ૭ ની પ્રાથમિક શાળામાં શિક્ષકની ભરતી માટે પી.ટી.સી.ની લાયકાત ગણવામાં આવતી હતી. આર.ટી.ઈ. એક્ટ–૨૦૦૯ અમલમાં આવ્યા બાદ ધોરણ–૧ થી ૫ માટે પી.ટી.સી. સમકક્ષ અને ધોરણ–૬થી ૮ માટે તાલીમી સ્નાતક કક્ષાની લાયકાત નક્કી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત તાલીમી શિક્ષકો ન મળવાના કારણે આવા શિક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી.

(૩) આર.ટી.ઈ. એક્ટ અને રૂલ્સની જોગવાઈ મુજબ જે શાળાઓમાં આવા શિક્ષકો કાર્યરત છે તે શાળાઓને નોટિસ આપી બિન તાલીમી શિક્ષકોને પોતાની શાળામાં ચાલુ રાખી શકે નિહ તે માટે તા. ૨૭–૦૭–૨૦૨૦ના પરિપત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અમદાવાદ દ્વારા શાળાઓને સૂચના આપવામાં આવેલ છે અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, પાટણ દ્વારા તા. ૦૨–૦૧–૨૦૨૧ ના પરિપત્રથી કારણદર્શક નોટિસ પાઠવેલ છે.

–––––––

**અમરેલી અને ગાંધીનગર જિલ્લાની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં લાયકાત વગરના શિક્ષકો**

અતારાંકિતઃ ૭૦૬૫ (૨૪–૦૮–૨૦૨૦) **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૨૯–૦૭–૨૦૨૦ની સ્થિતિએ અમરેલી અને ગાંધીનગર જિલ્લામાં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને નિયત તાલીમ વગરના શિક્ષકો અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કામ કરી રહ્યા છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શિક્ષકોની નિમણૂક કરવાનાં કારણો શાં છે, અને

(૩) ઉક્ત શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૧૫–૦૨–૨૦૨૧)

(૧) તા. ૨૯–૦૭–૨૦૨૦ની સ્થિતિએ પાટણ અને અમદાવાદ જિલ્લામાં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને નિયત તાલીમ વગરના શિક્ષકો અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | ઠરાવેલી લાયકાત અને નિયત તાલીમ વગરના શિક્ષકોની સંખ્યા | નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| અમરેલી | ૩૧૯ | ૧૦૭ |
| ગાંધીનગર | ૧૪૮ | ૯૫ |

(૨) આર.ટી.ઈ. એક્ટ–૨૦૦૯ અમલમાં આવ્યા પહેલા ધોરણ–૧ થી ૭ ની પ્રાથમિક શાળામાં શિક્ષકની ભરતી માટે પી.ટી.સી.ની લાયકાત ગણવામાં આવતી હતી. આર.ટી.ઈ. એક્ટ–૨૦૦૯ અમલમાં આવ્યા બાદ ધોરણ–૧ થી ૫ માટે પી.ટી.સી. સમકક્ષ અને ધોરણ–૬ થી ૮ માટે તાલીમી સ્નાતક કક્ષાની લાયકાત નક્કી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત તાલીમી શિક્ષકો ન મળવાના કારણે આવા શિક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી.

(૩) આર.ટી.ઈ. એક્ટ અને રૂલ્સની જોગવાઈ મુજબ જે શાળાઓમાં આવા શિક્ષકો કાર્યરત છે તે શાળાઓને નોટિસ આપી બિન તાલીમી શિક્ષકોને પોતાની શાળામાં ચાલુ રાખી શકે નહી તે માટે તા. ૨૬-૧૧-૨૦૧૯ના પરિપત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, ગાંધીનગર દ્વારા શાળાઓને સૂચના આપવામાં આવેલ છે અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, અમરેલી દ્વારા તા. ૩૦-૦૧-૨૦૨૧ ના પરિપત્રથી કારણદર્શક નોટિસ પાઠવેલ છે.

-------

**બનાસકાંઠા અને રાજકોટ જિલ્લાની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં લાયકાત વગરના શિક્ષકો**

અતારાંકિતઃ ૭૦૯૦ (૨૪-૦૮-૨૦૨૦) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૨૯-૦૭-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને નિયત તાલીમ વગરના કેટલા શિક્ષકો કેટલી નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કામ કરી રહ્યા છે ?

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત શિક્ષકોની નિમણૂક કરવાનાં કારણો શાં છે, અને

(૩) ઉક્ત શિક્ષકોને ક્યાં સુધીમાં દૂર કરવામાં આવનાર છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૧૫-૦૨-૨૦૨૧)

(૧) તા. ૨૯-૦૭-૨૦૨૦ની સ્થિતિએ બનાસકાંઠા અને રાજકોટ જિલ્લામાં ઠરાવેલી શૈક્ષણિક લાયકાત અને નિયત તાલીમ વગરના શિક્ષકો અને નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાની વિગતો નીચે મુજબ છે.

| જિલ્લાનું નામ | ઠરાવેલી લાયકાત અને નિયત તાલીમ વગરના શિક્ષકોની સંખ્યા | નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓની સંખ્યા |
|---|---|---|
| બનાસકાંઠા | ૪૪૩ | ૧૬૦ |
| રાજકોટ | ૫૮૮ | ૧૫૭ |

(૨) આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ અમલમાં આવ્યા પહેલા ધોરણ-૧ થી ૭ ની પ્રાથમિક શાળામાં શિક્ષકની ભરતી માટે પી.ટી.સી.ની લાયકાત ગણવામાં આવતી હતી. આર.ટી.ઈ. એક્ટ-૨૦૦૯ અમલમાં આવ્યા બાદ ધોરણ-૧ થી ૫ માટે પી.ટી.સી. સમકક્ષ અને ધોરણ-૬ થી ૮ માટે તાલીમી સ્નાતક કક્ષાની લાયકાત નક્કી કરવામાં આવેલ છે.

આ ઉપરાંત તાલીમી શિક્ષકો ન મળવાના કારણે આવા શિક્ષકોની નિમણૂક કરવામાં આવી હતી.

(૩) આર.ટી.ઈ. એક્ટ અને રૂલ્સની જોગવાઈ મુજબ જે શાળાઓમાં આવા શિક્ષકો કાર્યરત છે તે શાળાઓને નોટિસ આપી બિન-તાલીમી શિક્ષકોને પોતાની શાળામાં ચાલુ રાખી શકે નહી તે માટે તા. ૨૦-૧૦-૨૦૨૦ના પરિપત્રથી જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, રાજકોટ દ્વારા સુચના આપવામાં આવેલ છે અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, બનાસકાંઠા દ્વારા તા. ૦૭-૦૧-૨૦૨૧ ના પરિપત્રથી સૂચના આપેલ છે.

-------

**બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં ખાનગી શાળા સંચાલકો દ્વારા ફી ઉઘરાવવા બાબત**

અતારાંકિતઃ ૮૨૩૦ (૦૯-૧૨-૨૦૨૦) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં આવેલી શાળાઓમાં સને ૨૦૨૦ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન માર્ચ-૨૦૨૦ થી શૈક્ષણિક કાર્ય બંધ હોવા છતાં ખાનગી શાળાના સંચાલકો દ્વારા ફી ઉઘરાવવામાં આવે છે તે હકકીત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી વાલીઓને રાહત આપવા ભરેલ ફી પરત કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૧૫-૦૨-૨૦૨૧)

(૧) હા,

શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક
તા. ૦૫-૦૬-૨૦૨૦ થી રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં HOME LEARNING દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધે સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં શાળાઓમાં વૈકલ્પિક રીતે શૈક્ષણિક કાર્ય શરૂ હતુ.
વધુમાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.સેલ તા. ૦૭-૧૦-૨૦૨૦ થી કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.એલ. તા. ૦૭-૧૦-૨૦૨૦ થી કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ઠરાવના ક્રમ નં.-૩.૨ મુજબ વધારાની રકમ સરભર કરી આપવાની જોગવાઈ થયેલ છે.

-------

**પાટણ અને અમદાવાદ જિલ્લામાં ખાનગી શાળા સંચાલકો દ્વારા ફી ઉઘરાવવા બાબત**

અતારાંકિતઃ ૮૨૩૨ (૦૯-૧૨-૨૦૨૦) **શ્રી કીરીટકુમાર પટેલ** (પાટણ) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) પાટણ અને અમદાવાદ જિલ્લામાં આવેલી શાળાઓમાં સને ૨૦૨૦ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન માર્ચ-૨૦૨૦ થી શૈક્ષણિક કાર્ય બંધ હોવા છતાં ખાનગી શાળાના સંચાલકો દ્વારા ફી ઉઘરાવવામાં આવે છે તે હકકીત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી વાલીઓને રાહત આપવા ભરેલ ફી પરત કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૧૫-૦૨-૨૦૨૧)

(૧) હા,

શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક તા. ૦૫-૦૬-૨૦૨૦ થી રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં HOME LEARNING દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધે સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં શાળાઓમાં વૈકલ્પિક રીતે શૈક્ષણિક કાર્ય શરૂ હતુ. વધુમાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.સેલ તા. ૦૭-૧૦-૨૦૨૦ થી કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.એલ. તા. ૦૭-૧૦-૨૦૨૦ થી કોવિડ-૧૯ ની પરિસ્થિતિમાં સ્વ-નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ઠરાવના ક્રમ નં.-૩.૨ મુજબ વધારાની રકમ સરભર કરી આપવાની જોગવાઈ થયેલ છે.

-------

**આર.ટી.ઈ. હેઠળ ખાનગી સ્કૂલોમાં અનાથ બાળકોને પ્રવેશ**

અતારાંકિતઃ ૮૨૬૬ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં રાઈટ ટુ એજ્યુકેશન એકટ-૨૦૦૯ અન્વયે અનાથ બાળકોને બાળગૃહોની નજીક આવેલી ખાનગી સ્કૂલોમાં પ્રવેશ આપવા નિર્ણય કર્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉકત નિર્યણની અમલવારી માટે સરકારે શી કાર્યવાહી કરી ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૧૫-૦૨-૨૦૨૧)

(૧) ના જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં ખાનગી શાળા સંચાલકો દ્વારા ફી ઉઘરાવવા બાબત**

અતારાંકિતઃ ૮૬૮૬ (૦૯-૧૨-૨૦૨૦) **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : માનનીય શિક્ષણ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) અમરેલી અને ભાવનગર જિલ્લામાં આવેલી શાળાઓમાં સને ૨૦૨૦ના શૈક્ષણિક વર્ષ દરમ્યાન માર્ચ-૨૦૨૦ થી શૈક્ષણિક કાર્ય બંધ હોવા છતાં ખાનગી શાળાના સંચાલકો દ્વારા ફી ઉઘરાવવામાં આવે છે તે હકકીત સાચી છે કે કેમ, અને

(૨) જો હા, તો શાળાઓમાં શૈક્ષણિક કાર્ય બંધ હોવાથી વાલીઓને રાહત આપવા ભરેલ ફી પરત કરવા સરકારે શાં પગલાં લીધેલ છે ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૧૫-૦૨-૨૦૨૧)

(૧) હા,

શૈક્ષણિક વર્ષ-૨૦૨૦-૨૧ માટે શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ પીઆરઈ/૧૧/૨૦૨૦/૧૯૨૯૩૧/ક તા. ૦૫-૦૬-૨૦૨૦થી રાજ્યની પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં HOME LEARNING દ્વારા શૈક્ષણિક પ્રવૃત્તિઓ શરૂ કરવા સંબંધે સૂચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે. તે ધ્યાને લેતાં શાળાઓમાં વૈકલ્પિક રીતે શૈક્ષણિક કાર્ય શરૂ હતુ. વધુમાં શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.સેલ તા. ૦૭-૧૦-

૨૦૨૦ થી કોવિડ–૧૯ ની પરિસ્થિતિમાં સ્વ–નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે.

(૨) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંકઃ બમશ/૧૨૨૦/૫૩/એફ.આર.સી.એલ. તા. ૦૭–૧૦–૨૦૨૦થી કોવિડ–૧૯ની પરિસ્થિતિમાં સ્વ–નિર્ભર શાળાઓ દ્વારા વસૂલવાની થતી ફી બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે. જેમાં ઠરાવના ક્રમ નં.–૩.૨ મુજબ વધારાની રકમ સરભર કરી આપવાની જોગવાઈ થયેલ છે.

-------

**રાજ્યમાં કેરોસીન લઈ જતા ટેન્કરોમાં જીપીએસ ટેકનોલોજી મૂકવા અંગે**

અતારાંકિતઃ ૮૪૧૧ (૨૩–૧૨–૨૦૨૦) **શ્રી શીવાભાઈ ભુરીયા** (દિયોદર) : માનનીય અન્ન અને નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યમાં સરકાર દ્વારા વિતરીત થતાં સસ્તા ભાવના કેરોસીન લઈ જતા ટેન્કરોમાં જી.પી.એસ. ટેકનોલોજી મૂકવાનો નિર્ણય થયા પછી તા. ૨૪–૦૪–૨૦૧૮ના ઠરાવથી ઉકત નિર્ણય મોકૂફ રાખેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તેના કારણો શાં છે, અને

(૩) ઉકત નિર્ણય પુનઃ લાગુ કરવા શી વિચારણા થઈ છે ?

**અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** : (૦૯–૦૨–૨૦૨૧)

(૧) હા જી,

(૨)

- રાજ્યને કેરોસીન મુકત કરવાના સરકારશ્રીના નિર્ધાર અન્વયે ઉજજવલા યોજના અને ''પીએનજી–એલપીજી સહાય યોજના'' અંતર્ગત BPL તથા AAY કાર્ડ ધારકોને ગેસ કનેકશન આપવા હાથ ધરાયેલ કાર્યવાહી અંતર્ગત કેરોસીનની ફાળવણીમાં ઉત્તરોત્તર થઈ રહેલ નોંધપાત્ર ઘટાડો.
- વર્ષ ૨૦૧૬ની તુલનામાં વર્ષ ૨૦૧૮–૧૯ના પ્રથમ કવાર્ટરમાં ૫૩.૧૫% નો કરોસીન ફાળવણીમાં ઘટાડો.
- આથી, કેરોસીનની ફાળવણી ક્રમશ ઘટતી હોવાથી.

(૩) બાબત પુનઃવિચારણા હેઠળ છે.

-------

**રાજ્યમાં સસ્તા ભાવના કેરોસીન લઈ જતા ટેન્કરોમાં જીપીએસ ટેકનોલોજી મૂકવા અંગે**

અતારાંકિતઃ ૮૬૩૪ (૦૭–૦૧–૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : માનનીય અન્ન અને નાગરીક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યમાં સરકાર દ્વારા વિતરીત થતાં સસ્તા ભાવના કેરોસીન લઈ જતા ટેન્કરોમાં જી.પી.એસ. ટેકનોલોજી મૂકવાનો નિર્ણય થયા પછી તા. ૨૪–૦૪–૨૦૧૮ના ઠરાવથી ઉકત નિર્ણય મોકૂફ રાખેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો એકવાર યોજના મંજૂર થયા પછી તેને રદ કરવાનાં શાં કારણો છે, અને

(૩) ઉકત નિર્ણય પુનઃ લાગુ કરવા શી વિચારણા થઈ છે ?

**અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** : (૦૯–૦૨–૨૦૨૧)

(૧) હા જી,

(૨)

- રાજ્યને કેરોસીન મુકત કરવાના સરકારશ્રીના નિર્ધાર અન્વયે ઉજજવલા યોજના અને ''પીએનજી–એલપીજી સહાય યોજના'' અંતર્ગત BPL તથા AAY કાર્ડ ધારકોને ગેસ કનેકશન આપવા હાથ ધરાયેલ કાર્યવાહી અંતર્ગત કેરોસીનની ફાળવણીમાં ઉત્તરોત્તર થઈ રહેલ નોંધપાત્ર ઘટાડો.
- વર્ષ ૨૦૧૬ની તુલનામાં વર્ષ ૨૦૧૮–૧૯ ના પ્રથમ કવાર્ટરમાં ૫૩.૧૫% નો કરોસીન ફાળવણીમાં ઘટાડો.
- કેરોસીનની ફાળવણી ક્રમશઃ ઘટતી હોવાથી.

(૩) બાબત પુનઃવિચારણા હેઠળ છે.

-------

**રાજ્યમાં ઈલેક્ટ્રોનીકસ તોલમાપને પ્રમાણિત કરવાની પધ્ધતિ**

અતારાંકિતઃ ૮૭૬૨ (૦૭–૦૧–૨૦૨૧) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : માનનીય અન્ન અને નાગિરક પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ઈલેક્ટ્રોનીકસ તોલમાપનું ચલણ વ્યાપક બન્યુ છે ત્યારે આવા ઈલેક્ટ્રોનીકસ તોલમાપને પ્રમાણિત કરવા કેવી પધ્ધતી દાખલ કરેલ છે, અને

(૨) ગ્રાહકને ઈલેક્ટ્રોનીકસ કાંટો પ્રમાણિત છે તેની જાનકારી કેવી રીતે અપાય છે ?

**અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના મંત્રીશ્રી** : (૧૦-૦૨-૨૦૨૧)

(૧) રાજ્યમાં ઈલેક્ટ્રોનીકસ તોલમાપને પ્રમાણિત કરવા માટે કેન્દ્ર સરકારશ્રીએ ફાળવેલ વર્કીંગ સ્ટાન્ડર્ડ લેબોરેટરી (વજનો) સાથે ઈલેક્ટ્રોનીકસ તોલમાપ (બેલેન્સ) ની સરખામણી કરી તેને પ્રમાણિત કરવામાં આવે છે.

(૨) વેપારીના ઈલેકટ્રોનીક કાંટાનું ચકાસણી અને મુદ્રાંકન કર્યા બાદ કાનૂનીમાપ વિજ્ઞાન નિરીક્ષક દ્વારા નિયત નમૂનાનું ખરાઈ પ્રમાણપત્ર આપવામાં આવે છે. જેના દ્વારા ઈલેકટ્રોનીક તોલમાપ પ્રમાણિત છે તેની જાણકારી આપી શકાય છે.

-------

**રાજ્યમાં ચેરના વૃક્ષોને કાપવા કે નાશ કરવા બાબત**

અતારાંકિતઃ ૭૫૯૪ (૦૩-૧૧-૨૦૨૦) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ચેરના વૃક્ષો કાપવા કે નાશ કરવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉકત સ્થિતિએ છેલ્લાં પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર દરીયાકાંઠાના કેટલા વિસ્તારોમાં કેટલા ચેરના વૃક્ષો નાશ કરવામાં આવ્યા કે કાપવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે ઉકત સ્થિતિએ જિલ્લાવાર કેટલા કસૂરવારો સામે શાં પગલાં લેવામાં આવ્યા ?

**વન મંત્રીશ્રી** : (૧૨-૦૨-૨૦૨૧)

(૧) હા, જી

(૨) છેલ્લા પાંચ વર્ષમાં વર્ષ-૨૦૧૬-૧૭થી ૨૦૨૦-૨૧ (તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ) રાજ્યમાં જિલ્લાવાર દરીયાકાંઠાના નીચે જણાવ્યા મુજબના વિસ્તારમાં ચેરના વૃક્ષો નાશ કરવામાં આવ્યા કે કાપવામાં આવ્યા.

| ક્રમ | જિલ્લો | વિસ્તાર (હે.માં) | ચેરના વૃક્ષોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૦.૬૨ | ૧૯૦ |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૫.૬૫ | ૧૬૦૫૪ |
| ૩ | કચ્છ | ૦.૫૦ | ૨૦૦ |
| ૪ | સુરત | ૮.૦૦ | ૩૨૦૦ |

(૩)

| ક્રમ | જિલ્લો | કસુરવારોની સંખ્યા | લીધેલ પગલાં |
|---|---|---|---|
| ૧ | જામનગર | ૭ | ગુનેગારો સામે ભારતીય વન અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ૩ | |
| ૩ | કચ્છ | ૧ | |
| ૪ | સુરત | ૩ | ૩ ઈસમ સામે પોલીસ મથક હજીરા દ્વારા એફ.આઈ.આર. નં. ૦૮/૨૦૧૮ તા. ૨૯-૦૩-૨૦૧૮ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે. |

-------

**રાજ્યમાં ચાલતા પક્ષીઓના વેચાણના માર્કેટ**

અતારાંકિતઃ ૭૭૫૭ (૦૯-૧૧-૨૦૨૦) **શ્રી અંબરીષભાઈ ડેર** (રાજુલા) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર પક્ષીઓના ગેરકાયદે વેપાર થાય છે તેવી કેટલી જગ્યાઓ આઈડેન્ટીફાઈ કરવામાં આવેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિ પર કાયમી પ્રતિબંધ મૂકવા શી કાર્યવાહી કરેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રવૃત્તિ પર પ્રતિબંધની અમલવારી ક્યાં સુધીમાં કરવાનું આયોજન છે ?

**વન મંત્રીશ્રી** : (૧૨-૦૨-૨૦૨૧)

(૧)

| ક્રમ | જિલ્લો | જગ્યા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૮ |
| ૨ | સુરેન્દ્રનગર | ૩ |
| ૩ | અન્ય જિલ્લા | ૦ |

(૨) વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ની વિવિધ અનુસૂચિમાં સમાવિષ્ટ પક્ષીઓને પકડવા, શિકાર કરવા તથા વેપાર કરવા પર પ્રતિબંધ છે. ગેરકાયદેસર પ્રવૃત્તિ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

રાજ્યમાં પક્ષીઓ સહિત વન્ય પ્રાણીઓના ગેરકાયદે વેપાર તેમજ અન્ય ગેરકાયદે પ્રવૃત્તિ અટકાવવા સમાચારપત્રોમાં ચેતવણીની જાહેરાત આપવામાં આવેલ છે.

(૩) હાલ પ્રતિબંધની અમલવારી ચાલુ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં ચેરના વૃક્ષોનો નાશ**

અતારાંકિતઃ ૮૦૮૮ (૦૯-૧૨-૨૦૨૦) **શ્રી ભરતજી ઠાકોર** (બેચરાજી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ચેરના વૃક્ષો કાપવા કે નાશ કરવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં જિલ્લાવાર ચેરના વૃક્ષોને દરીયાકિનારે કઈ જગ્યાએ અને કોના દ્વારા નાશ કરવામાં આવ્યો અને

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પ્રવૃતિ કરનાર સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી** : (૧૨-૦૨-૨૦૨૧)

(૧) હા, જી

(૨) છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષ ૨૦૧૮-૧૯ થી ૨૦૨૦-૨૧ (તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ) રાજ્યમાં જિલ્લાવાર દરીયાકિનારે નીચે જણાવ્યા મુજબ ચેરના વૃક્ષો નાશ કરવામાં આવ્યા.

| ક્રમ | જિલ્લો | ચેરના વૃક્ષનો નાશ થયેલ સ્થળ | ચેરના વૃક્ષનો નાશ કોના દ્વારા કરવામાં આવ્યો. |
|---|---|---|---|
| ૧ | જામનગર | જામનગર રેન્જના નવાબંદર પાસે | હાલાર સોલ્ટ્ના કર્મચારી |
| | | સિક્કા રેન્જનો વિસ્તાર | ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લિ. સિંગચ સોલ્ટ |
| | | સિક્કા રેન્જનો વિસ્તાર | વરૂ પરેશભાઈ અરજણભાઈ રે. જામનગર અને સોઢા શક્તિસિંહ શિવુભા રે. ગાગવા |
| ૨ | દેવભૂમિ દ્વારકા | ખંભાળીયા રેન્જના ચૂડેશ્વર વિસ્તારમાં | ચુડેશ્વર સોલ્ટ્નો કર્મચારી |
| | | ખંભાળીયા રેન્જના નવા નગર વિસ્તારમાં | નવાનગર સોલ્ટ અને કેમીકલ ઈન્ડસ્ટ્રીઝનો કર્મચારી |
| | | દ્વારકા રેન્જના શામળાસર વિસ્તારમાં | ટાટા કેમિકલ વતી ૧ ગુનેગાર |
| ૩ | કચ્છ | માંડવી રેન્જ હેઠળના ત્રગડી ગામ પાસે | શૈલેશભાઈ ભીમાભાઈ મ્યાત્રા રે. કુંરદડી |
| ૪ | સુરત | તા. ચોર્યાસી<br>મોજે. રાજગરી | ૧. ચન્દ્રકાંતભાઈ પી. પટેલ,<br>૨. અર્જુનભાઈ પી. પટેલ અને<br>૩. સતીષભાઈ એમ. પટેલ |

(૩) ગુનેગારો સામે ભારતીય વન અધિનયમ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. ૩ ઈસમ સામે પોલીસ મથક હજીરા દ્વારા એફ.આઈ.આર.નં. ૦૮/૨૦૧૮ તા. ૨૯-૦૩-૨૦૧૮ દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

-------

**ગીર અભ્યારણ્યમાં ચાલતા ગેરકાયદે લાયન શો**

અતારાંકિતઃ ૮૧૩૩ (૦૯-૧૨-૨૦૨૦) **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) ગીર અભ્યારણ્ય અને તેની નજીકના વિસ્તારોમાં સન-૨૦૧૯ના વર્ષમાં ગેરકાયદે લાયન શો યોજાયા,

(૨) ઉક્ત શોના આયોજકો કોણ હતા અને તેમની સામે તા. ૨૫-૧૧-૨૦૨૦ની સ્થિતિએ શી કાર્યવાહી થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ગેરકાયદે લાયન શો બંધ કરવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી** : (૧૨-૦૨-૨૦૨૧)

(૧) ગેરકાયદે કુલ-૭ બનાવો નોંધાયેલ છે.

(૨) લાયન શો યોજાયેલ ન હતા પરંતુ સિંહ દર્શન માટે ગેરકાયદે ગીર વિસ્તાર તથા તેના નજીકના વિસ્તારમાં પ્રવેશ કરી સિંહો જોવા અને તેના નૈસર્ગિક જીવનને ખલેલ પહોંચાડતા ઈસમો સામે ગુન્હો નોંધાયેલ છે. ઈસમો સામે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ કાયેદસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩)

- ગેરકાયદે લાયન શો/ગેરકાયદેસર જંગલમાં પ્રવેશમાં પકડાયેલા વ્યક્તિઓ સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ગીર જંગલમાં કોઈ પણ ગેરકાયદે કૃત્ય અટકાવવા માટે તમામ ક્ષેત્રિય સ્ટાફને વોકીટોકી, વાહનો, હથિયાર જેવા સાધનોથી સુદ્રઢ કરવામાં આવેલ છે અને સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે.
- ક્ષેત્રિય સ્ટાફ દ્વારા જંગલ વિસ્તારમાં તેમજ સંલગ્ન બોર્ડર વિસ્તારોમાં સઘન ફેરણા કરવામાં આવે છે.
- જંગલ વિસ્તારમાં આવેલ કેટલાક ચેકિંગ નાકાઓ ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાડવામાં આવેલ છે.
- અભ્યારણ્ય બોર્ડરના ગામોમાં વન્યપ્રાણી મિત્રોની નિમણૂક કરવામાં આવેલ છે.
- વન વિભાગ, પોલીસ વિભાગ અને પી.જી.વી.સી.એલ દ્વારા સમયાંતરે સંયુક્ત પેટ્રોલીંગ કરવામાં આવે છે.
- સાસણ ખાતેના પ્રવાસી જીપ્સીમાં જી.પી.એસ ફીટ કરી મોનીટરીંગ કરવામાં આવે છે.
- સ્ટાફને ટેબ્લેટ પુરા પાડવામાં આવેલ છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
- સાસણ ખાતે હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
- લોકોમાં જાગૃતતા ફેલાવવા નેચર એજ્યુકેશન કેમ્પ, મિટિંગો, રેડીયો ટોક તથા અન્ય કાર્યક્રમો કરવામાં આવે છે.
- પકડાયેલા ગુન્હેગારો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે.

-------

**ગીર અભ્યારણમાં ચાલતા ગેરકાયદે લાયન શો**

અતારાંકિતઃ ૮૧૩૪ (૦૯-૧૨-૨૦૨૦) **શ્રી લલીત વસોયા** (ધોરાજી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) ગીર અભ્યારણ્ય અને તેની નજીકના વિસ્તારોમાં સન-૨૦૧૮ના વર્ષમાં કેટલા ગેરકાયદે લાયન શો યોજાયા,

(૨) ઉક્ત શોના આયોજકો કોણ હતા અને તેમની સામે તા. ૨૫-૧૧-૨૦૨૦ની સ્થિતિએ શી કાર્યવાહી થઈ, અને

(૩) ઉક્ત સ્થિતિએ ગેરકાયદે લાયન શો બંધ કરવા માટે સરકાર દ્વારા શી કાર્યવાહી કરવામાં આવી ?

**વન મંત્રીશ્રી** : (૧૨-૦૨-૨૦૨૧)

(૧) ગેરકાયદે કુલ-૮ બનાવો નોંધાયેલ છે.

(૨) લાયન શો યોજાયેલ ન હતા પરંતુ સિંહ દર્શન માટે ગેરકાયદે ગીર વિસ્તાર તથા તેના નજીકના વિસ્તારમાં પ્રવેશ કરી સિંહો જોવા અને તેના નૈસર્ગિક જીવનને ખલેલ પહોચાડતા ઈસમો સામે ગુન્હો નોંધાયેલ છે. ઈસમો સામે વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ હેઠળ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૩)

- ગેરકાયદે લાયન શો/ગેરકાયદેસર જંગલમાં પ્રવેશમાં પકડાયેલા વ્યક્તિઓ સામે વન્યપ્રાણી સંરક્ષણ અધિનિયમ-૧૯૭૨ અન્વયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે. ગીર જંગલમાં કોઈ પણ ગેરકાયદે કૃત્ય અટકાવવા માટે તમામ ક્ષેત્રિય સ્ટાફને વોકીટોકી, વાહનો, હથિયાર જેવા સાધનોથી સુદ્રઢ કરવામાં આવેલ છે અને સઘન પેટ્રોલીંગ કરવામાં આવે છે.
- ક્ષેત્રિય સ્ટાફ દ્વારા જંગલ વિસ્તારમાં તેમજ સંલગ્ન બોર્ડર વિસ્તારોમાં સઘન ફેરણા કરવામાં આવે છે.
- જંગલ વિસ્તારમાં આવેલ કેટલાક ચેકિંગ નાકાઓ ઉપર સી.સી.ટી.વી કેમેરા લગાડવામાં આવેલ છે.
- અભ્યારણ્ય બોર્ડરના ગામોમાં વન્યપ્રાણી મિત્રોની નિમણૂક કરવામાં આવેલ છે.
- વન વિભાગ, પોલીસ વિભાગ અને પી.જી.વી.સી.એલ દ્વારા સમયાંતરે સંયુક્ત પેટ્રોલીંગ કરવામાં આવે છે.
- સાસણ ખાતેના પ્રવાસી જીપ્સીમાં જી.પી.એસ ફીટ કરી મોનીટરીંગ કરવામાં આવે છે.
- સ્ટાફને ટેબ્લેટ પુરા પાડવામાં આવેલ છે.
- સિંહોને રેડિયો કોલરીંગ કરવામાં આવેલ છે.
- સાસણ ખાતે હાઈટેક મોનીટરીંગ યુનિટની સ્થાપના કરવામાં આવેલ છે.
- લોકોમાં જાગૃતતા ફેલાવવા નેચર એજ્યુકેશન કેમ્પ, મિટિંગો, રેડીયો ટોક તથા અન્ય કાર્યક્રમો કરવામાં આવે છે.
- પકડાયેલા ગુન્હેગારો સામે કાયદાકીય કાર્યવાહી કરવામાં આવે છે.

-------

**અમદાવાદમાં પક્ષીઓનું ગેરકાયદે વેચાણ**

અતારાંકિતઃ ૮૨૧૪ (૦૯-૧૨-૨૦૨૦) **શ્રી આનંદભાઈ ચૌધરી** (માંડવી) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદમાં દિલ્હી દરવાજા-જુની આર.સી ટેકનીકલ હાઈસ્કૂલ પાસે પક્ષીઓના ગેરકાયદે વેચાણ ચાલી રહ્યા છે તે હકિકત સાચી છે, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ તેને સંપૂર્ણ બંધ કરવા સરકારે શી કાર્યવાહી કરી છે?

**વન મંત્રીશ્રી** : (૧૨-૦૨-૨૦૨૧)

(૧) હા જી,

(૨) સદરહુ સ્થળ પર સ્ટાફ દ્વારા અવારનવાર પેટ્રોલીંગ તેમજ રેડ કરી પક્ષીઓને બચાવવામાં આવે છે. તથા વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ની વિવિધ અનુસુચિઓમાં સમાવિષ્ટ પક્ષીઓને પકડવા, રાખવા, શિકાર કરવા તથા વેપાર કરવા પર પ્રતિબંધ છે. ગેરકાયેદસર પ્રવૃતિ કરનાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવે છે.

-------

**હોટલ અને રેસ્ટોરન્ટમાં શાકાહારી તથા માંસાહારીના લેબલ બાબત**

અતારાંકિતઃ ૮૦૯૨ (૨૯-૧૨-૨૦૨૦) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ ખોરાક અને ઔષધ નિયમન તંત્ર-ગાંધીનગર તરફથી હોટલ-રેસ્ટોરન્ટમાં શાકાહારી તથા માંસાહારી ખોરાક માટે ખાદ્ય પદાર્થોના લેબલ/નેઈમ પ્લેટ તથા મેનુમાં લીલા-કથ્થાઈ રંગના ચિહન મૂકવા ભારત

સરકારના તા. ૨૯–૦૬–૨૦૦૬ના આદેશના પગલે તા. ૨૮–૦૭–૨૦૦૬ના રોજ પત્રો પાઠવવામાં આવ્યા છે, તે હકીકત સાચી છે,

(૨) આ આદેશ પછી હોટલ–રેસ્ટોરન્ટમાં તેનો અમલ થતો નથી તે હકીકત સાચી છે,

(૩)આ કાનૂની જોગવાઈનો વાસ્તવિક અમલ કરવામાં નિષ્ફળ જનાર અધિકારીઓ સામે શા પગલાં લેવાયા છે, અને

(૪) ભારત સરકારના આદેશના વાસ્તવિક પાલન માટે શી વ્યવસ્થા કરાઈ છે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૮–૦૨–૨૦૨૧)

(૧) હા

(૨) ના

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) સમયાંતરે જરૂરી તપાસ કરવામાં આવે છે.

–––––––

**રાજ્યમાં 'ઓક્સીટોસીન' ઈન્જેકશનોનો જથ્થો પકડવા બાબત**

અતારાંકિતઃ ૮૧૭૨ (૦૭–૧૨–૨૦૨૦) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યમાં જિલ્લાવાર પ્રતિબંધિત શીડ્યુલ–એચ 'ઓક્સીટોસીન' ઈન્જેકશનોનો કેટલો જથ્થો સન ૨૦૧૭–૨૦૧૮ અને ૨૦૧૯માં પકડી પાડવામાં આવ્યો,

(૨) આરોપીઓ સામે શી કાનૂની કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઓક્સીટોસીનના વેપાર–વેચાણ–ઉત્પાદન પર નિયંત્રણ રાખવા શી વ્યવસ્થા કરવામાં આવી છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૫–૦૨–૨૦૨૧)

(૧) રાજ્યમાં જિલ્લાવાર પ્રતિબંધિત શીડ્યુલ–એચ 'ઓક્સીટોસીન' ઈન્જેકશનોનો દુરૂપયોગ થતો હોવાનું ધ્યાને આવેલ ન હોય કોઈ જથ્થો સન ૨૦૧૭–૨૦૧૮ અને ૨૦૧૯માં પકડવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) ઓક્સીટોસીનના વેપાર–વેચાણ–ઉત્પાદન પર નિયંત્રણ રાખવાની સત્તા ભારત સરકારના ડ્રગ કન્ટ્રોલર જનરલ (ઈન્ડીયા) દ્વારા કરવામાં આવે છે.

૧ ડ્રગ કન્ટ્રોલર જનરલ (ઈન્ડીયા) ના સમયાંતરે પરિપત્રો અન્વયે ફીલ્ડ સ્ટાફને ઓક્સીટોસીનના ઉત્પાદન, વેચાણ અને વિતરણ પર સતત નિયંત્રણ અને તેના દુરૂપયોગને રોકવા અર્થે ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા સતર્ક કરવામાં આવેલ છે.

૨ભારત સરકાર દ્વારા ઓક્સીટોસીન દવાના આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવેલ છે.

૩ ઓક્સીટોસીનના ઉત્પાદન કરવા માંગતા ઉત્પાદકોને ડ્રગ કન્ટ્રોલર જનરલ (ઈન્ડીયા)ની જરૂરી મંજૂરી મળ્યા બાદ જ ઉત્પાદનના પરવાના ખોરાક અને ઔષધ નિયમન તંત્ર દ્વારા એનાયત કરવામાં આવે છે.

–––––––

**સરકારી હોસ્પિટલોમાં હીમોડાયાલીસીસ યુનિટો**

અતારાંકિતઃ ૮૪૫૯ (૨૯–૧૨–૨૦૨૦) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦–૦૬–૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની વિવિધ જિલ્લામાં આવેલી કુલ–૩૮ હોસ્પિટલોમાં હીમોડાયાલીસીસ યુનિટોની સ્થાપના કરવાની બાકી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦–૦૬–૨૦૨૦ની સ્થિતિએ ઉપરોક્ત ૩૮ પૈકી કેટલી અને કઈ હોસ્પિટલોમાં હીમોડાયાલીસીસ યુનિટોની સ્થાપના કરી શરૂ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ હોસ્પિટલોમાં તેની સ્થાપના કરી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૯–૦૨–૨૦૨૧)

(૧) હા, જી

(૨) તા. ૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ ઉપરોક્ત ૩૮ પૈકી નીચે દર્શાવેલ ૨૧ હોસ્પિટલોમાં હિમોડાયાલીસીસ યુનિટોની સ્થાપના કરવામાં આવેલ છે. તેમજ સરકારી હોસ્પિટલ, માણસા, ગાંધીધામ અને માંડવી(કચ્છ) ખાતે હીમોડાયાલીસીસ યુનિટ કાર્યરત કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

| **હિમોડાયાલીસીસ શરૂ કરેલ હોસ્પિટલના નામ** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **હોસ્પિટલ** | **ક્રમ** | **હોસ્પિટલ** |
| ૧ | આહવા | ૧૨ | ઉપલેટા |
| ૨ | જામખંભાળીયા | ૧૩ | છોટાઉદેપુર |
| ૩ | ખેડબ્રહ્મા | ૧૪ | સંતરામપુર |
| ૪ | ભરૂચ | ૧૫ | ભિલોડા |
| ૫ | પાલનપુર | ૧૬ | બોટાદ |
| ૬ | ગોધરા | ૧૭ | ડીસા |
| ૭ | પોરબંદર | ૧૮ | દેવગઢબારીયા |
| ૮ | રાજકોટ | ૧૯ | દ્વારકા |
| ૯ | અમરેલી | ૨૦ | વેરાવળ |
| ૧૦ | ગોંડલ | ૨૧ | પેટલાદ |
| ૧૧ | જેતપુર | | |

(૩) બાકી રહેલ હોસ્પિટલોમાં જરૂરિયાત મુજબ ક્રમશઃ હીમોડાયાલીસીસ યુનિટ શરૂ કરવામાં આવશે.

-------

**સરકારી હોસ્પિટલોમાં હીમોડાયાલીસીસ યુનિટો**

અતારાંકિતઃ ૮૬૧૧ (૨૯-૧૨-૨૦૨૦) **શ્રી વિમલભાઈ ચુડાસમા** (સોમનાથ) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૫ની સ્થિતિએ રાજ્યની વિવિધ જિલ્લામાં આવેલી કુલ-૩૮ હોસ્પિટલોમાં હીમોડાયાલીસીસ યુનિટોની સ્થાપના કરવાની બાકી છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ ઉપરોક્ત ૩૮ પૈકી કેટલી અને કઈ હોસ્પિટલોમાં હીમોડાયાલીસીસ યુનિટોની સ્થાપના કરી શરૂ કરવામાં આવ્યા, અને

(૩) બાકી રહેલ હોસ્પિટલોમાં તેની સ્થાપના કરી ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૯-૦૨-૨૦૨૧)

(૧) હા, જી

(૨) તા. ૩૦-૦૬-૨૦૨૦ની સ્થિતિએ ઉપરોક્ત ૩૮ પૈકી નીચે દર્શાવેલ ૨૧ હોસ્પિટલમાં હિમોડાયાલીસીસ યુનિટોની સ્થાપના કરવામાં આવેલ છે. તેમજ સરકારી હોસ્પિટલ, માણસા, ગાંધીધામ અને માંડવી(કચ્છ) ખાતે હીમોડાયાલીસીસ યુનિટ કાર્યરત કરવાની કામગીરી પ્રગતિ હેઠળ છે.

| **હિમોડાયાલીસીસ શરૂ કરેલ હોસ્પિટલના નામ** | | | |
|---|---|---|---|
| **ક્રમ** | **હોસ્પિટલ** | **ક્રમ** | **હોસ્પિટલ** |
| ૧ | આહવા | ૧૨ | ઉપલેટા |
| ૨ | જામખંભાળીયા | ૧૩ | છોટાઉદેપુર |
| ૩ | ખેડબ્રહ્મા | ૧૪ | સંતરામપુર |
| ૪ | ભરૂચ | ૧૫ | ભિલોડા |
| ૫ | પાલનપુર | ૧૬ | બોટાદ |
| ૬ | ગોધરા | ૧૭ | ડીસા |
| ૭ | પોરબંદર | ૧૮ | દેવગઢબારીયા |
| ૮ | રાજકોટ | ૧૯ | દ્વારકા |
| ૯ | અમરેલી | ૨૦ | વેરાવળ |

| | | | |
|---|---|---|---|
| ૧૦ | ગોંડલ | ૨૧ | પેટલાદ |
| ૧૧ | જેતપુર | | |

(૩) બાકી રહેલ હોસ્પિટલોમાં જરૂરિયાત મુજબ ક્રમશઃ હીમોડાયાલીસીસ યુનિટ શરૂ કરવામાં આવશે.

-------

**નર્મદા જિલ્લામાં થયેલ પોલીસ ફરિયાદ**

અતારાંકિતઃ ૮૩૦૬ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૦૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેના સંલગ્ન પ્રોજેક્ટોની ટીકીટ, પાર્કીંગ અને અન્ય થયેલ આવકની રોકડ રકમ ગુમ થવાની કેટલી પોલીસ ફરિયાદ નર્મદા જિલ્લામાં નોંધાઈ,

(૨)તે પૈકી કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી અને કેટલા આરોપીઓની ધરપકડ કરવાની બાકી છે,

(૩)ઉક્ત ગુમ થયેલ રકમ પૈકી કેટલી રકમ પરત મેળવવામાં આવી અને કેટલી રકમ પરત મેળવવાની બાકી છે, અને

(૪) ઉક્ત બાકી આરોપીઓની ધરપકડ કરવા શા પગલાં લેવામાં આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૬-૦૨-૨૦૨૧)

(૧) ૦૪

(૨) તમામ ૦૯ આરોપીઓને પકડવામાં આવેલ છે. એક પણ આરોપી પકડવાનો બાકી રહેતો નથી.

(૩) રૂ. ૮,૧૦,૪૨૧/- પરત મેળવવામાં આવ્યા અને રૂ. ૫,૧૬,૭૦,૫૭૪/- પરત મેળવવાના બાકી છે.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**અમદાવાદ શહેરમાં ' રેવ પાર્ટી ' પર રેડ પાડવા બાબત**

અતારાંકિતઃ ૮૩૪૮ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી કાન્તિભાઈ પરમાર** (ઠાસરા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :

(૧) અમદાવાદ શહેરમાં ડ્રગ્સ અને દારૂ સંયોજીત કેટલી 'રેવ પાર્ટી' પર સન ૨૦૧૭-૨૦૧૮ અને ૨૦૧૯માં રેડ પાડવામાં આવી, અને

(૨) રેવ પાર્ટીના સંચાલકો તથા તેમાં ભાગ લેનારા તેમજ પાર્ટી પ્લોટ-ફાર્મ હાઉસના માલિકો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૬-૦૨-૨૦૨૧)

(૧) વર્ષ ૨૦૧૭ અને ૨૦૧૯માં એકપણ નહીં, જ્યારે વર્ષ ૨૦૧૮માં એક રેડ પાડવામાં આવી.

(૨) અમદાવાદ શહેરમાં દારૂ સંયોજી રેવ પાર્ટી પર સને ૨૦૧૮માં એક દારૂ સંયોજીત રેવ પાર્ટીમાં રેડ કરી રેવ પાર્ટીના સંચાલકો તથા તેમાં ભાગ લેનાર તેમજ પાર્ટી પ્લોટ, ફાર્મ હાઉસના માલિકો સામે ગુનો નોંધી આરોપીઓ વિરૂદ્ધ નામદાર કોર્ટમાં ચાર્જશીટ કરવામાં આવેલ છે.

-------

**રાજયમાં કાચા કામના કેદીઓના કેસો**

અતારાંકિતઃ ૮૬૧૩ (૦૪-૦૧-૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : માનનીય જેલમંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ રાજ્ય સરકારે ના.સુપ્રીમ કોર્ટના ચુકાદા અન્વયે કાચા કામના કેદીઓના કેસો ઝડપી ચલાવવા અને મોનીટરીંગ કરવા સંબંધમાં આપેલ ચુકાદા અન્વયે રચેલ કોર કમિટીની સભ્યો કોણ કોણ છે, અને

(૨) ઉક્ત કોર કમિટીની સન-૨૦૧૮ અને સન-૨૦૧૯ના વર્ષમાં ક્યારે મિટિંગો મળી અને નામ.સુપ્રીમ કોર્ટના આદેશનું પાલન કરવા શી કાર્યવાહી હાથ ધરવામાં આવી ?

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**જેલમંત્રીશ્રી** (રાજ્યકક્ષા) : (૦૫–૦૨–૨૦૨૧)

(૧)

(૧) જિલ્લા મેજિસ્ટ્રેટશ્રી–ચેરમેન

(૨) સંબંધિત સેસન્સ જજશ્રી, એડીશનલ અને આસિસ્ટન્ટ સેશન્સ જજશ્રી સહીત

(૩) પોલીસ કમિશનરશ્રી/જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી

(૪) જેલ અધિક્ષકશ્રી

(૨)

- કોર કમિટીની સન–૨૦૧૮ અને સન–૨૦૧૯ના વર્ષમાં યોજાયેલ મિટિંગોનું **પત્રક** સામેલ છે.
- નામ.સુપ્રીમ કોર્ટના આદેશ મુજબ મુખ્યત્વે મહત્તમ થવા પાત્ર સજાના ૧/૨ સમય કરતાં વધુ સમય જેલમાં રહેલ હોય તેવા કાચા કામના કેદીઓના કેસોની સમીક્ષા કરવામાં આવેલ છે. તેમજ પેટી ઓફેન્સના કેસોના આરોપીઓના ઝડપી નિકાલ માટેની કાર્યવાહી કરવામાં આવી અને જે આરોપીઓને જેલમાં વધુ સમયગાળો થયેલ હોય તેઓના કેસ જલ્દી પૂરા કરવા તથા વિડીયો કોન્ફરન્સીંગ સિસ્ટમનો ઉપયોગ કરી, પ્લી બાર્ગેનીંગ સેમીનાર યોજવા, જિલ્લા કાનૂની સેવા સત્તામંડળ દ્વારા મફત કાનૂની સહાય તથા સલાહ મળે તે માટેના મહત્તમ પ્રયાસ કરવા જરૂરી સૂચના કરવામાં આવેલ છે.

**પત્રક**

| **અ.નં.** | **વર્ષ ૨૦૧૮માં મળેલ મિટિંગની તારીખ** | **વર્ષ ૨૦૧૯માં મળેલ મિટિંગની તારીખ** |
|---|---|---|
| ૧ | ૧૬–૦૧–૨૦૧૮ | ૨૧–૦૧–૨૦૧૯ |
| ૨ | ૩૧–૦૩–૨૦૧૮ | ૦૨–૦૨–૨૦૧૯ |
| ૩ | ૧૫–૦૫–૨૦૧૮ | ૧૮–૦૨–૨૦૧૯ |
| ૪ | ૨૯–૦૬–૨૦૧૮ | ૨૨–૦૨–૨૦૧૯ |
| ૫ | ૩૦–૦૬–૨૦૧૮ | ૨૭–૦૨–૨૦૧૯ |
| ૬ | ૨૩–૦૭–૨૦૧૮ | ૨૮–૦૫–૨૦૧૯ |
| ૭ | ૨૪–૦૭–૨૦૧૮ | ૦૯–૦૭–૨૦૧૯ |
| ૮ | ૧૦–૦૮–૨૦૧૮ | ૧૧–૦૭–૨૦૧૯ |
| ૯ | ૨૪–૦૮–૨૦૧૮ | ૧૫–૦૭–૨૦૧૯ |
| ૧૦ | ૧૯–૦૯–૨૦૧૮ | ૨૯–૦૮–૨૦૧૯ |
| ૧૧ | ૦૫–૧૦–૨૦૧૮ | ૦૯–૦૯–૨૦૧૯ |
| ૧૨ | ૦૮–૧૦–૨૦૧૮ | ૧૧–૧૦–૨૦૧૯ |
| ૧૩ | ૧૫–૧૦–૨૦૧૮ | ૨૪–૧૦–૨૦૧૯ |
| ૧૪ | ૧૬–૧૦–૨૦૧૮ | ૦૭–૧૧–૨૦૧૯ |
| ૧૫ | ૧૬–૧૧–૨૦૧૮ | ૦૪–૧૨–૨૦૧૯ |
| ૧૬ | ૧૯–૧૨–૨૦૧૮ | ૦૬–૧૨–૨૦૧૯ |
| ૧૭ | ૩૧–૧૨–૨૦૧૮ | ૧૨–૧૨–૨૦૧૯ |
| ૧૮ | – | ૧૩–૧૨–૨૦૧૯ |
| ૧૯ | – | ૩૧–૧૨–૨૦૧૯ |

–––––––

**રાજ્યમાં ચાઈનીઝ પ્રકારની તથા ગ્લાસ કોટેડ દોરી પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૮૬૮૩ (૦૨–૦૧–૨૦૨૧) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :

(૧) નાગરિકો તથા પક્ષીઓ માટે અત્યંત ભયજનક એવી પતંગ માટે વપરાતી ચાઈનીઝ પ્રકારની તથા ગ્લાસ કોટેડ દોરી પર નામદાર હાઈકોર્ટે તા.૧૩–૦૧–૨૦૧૭ ના રોજ પ્રતિબંધ કરવા અંગેના આદેશો આપ્યા છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આગામી જાન્યુઆરી–૨૦૨૧ની મકરસક્રાંતિમાં ચાઈનીઝ અને ગ્લાસ કોટેડ દોરીના ઉત્પાદન અને વેચાણ અટકાવવા શું આયોજન કરવામાં આવ્યું છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૧૦–૦૨–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) ઉકત બાબતે ગૃહ વિભાગના તા. ૨૯–૧૨–૨૦૨૦ના પત્ર ક્રમાંકઃવિ–૨/ડી.એસ.એમ/૧૩૨૦૧૬/હા.કો.૦૨(પા.ફા.) થી ચાઈનીઝ માંઝા/પ્લાસ્ટીક દોરી પર પ્રતિબંધ મૂકવા સી.આર.પી.સી.ની કલમ–૧૪૪ હેઠળ જાહેરનામાં બહાર પાડવા બાબતે સંબંધિત અધિકારીઓને સૂચના આપવામાં આવેલ છે.

–––––––

**નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરો તરફથી આપવામાં આવેલ સોફ્ટવેર**

અતારાંકિતઃ ૮૪૪૩ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :

(૧) નેશનલ ક્રાઈમ રેકર્ડ બ્યુરો તરફથી ચોરાયેલા અને મળી આવેલા વાહનોનું સોફ્ટવેર તમામ જિલ્લામાં આપવામાં આવ્યુ છે તે હકીકત સાચી છે,

(૨)જો હા, તો આ સોફ્ટવેરથી ૨૦૧૮થી ૨૦૧૯ના વર્ષમાં કેટલા ચોરાયેલા વાહનો શોધી કાઢવામાં આવ્યા, અને

(૩) કેટલા વાહનો મળી આવ્યા અને કેટલા વાહનો મૂળ માલિકોને પરત સોંપાયા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૧૦–૦૨–૨૦૨૧)

(૧) હા, જી

(૨) અને (૩) વર્ષ ૨૦૧૮ થી ૨૦૧૯માં કુલ ૨૧ વાહનો શોધી કાઢવામાં આવ્યા જે પૈકી કુલ ૧૭ વાહનો મૂળ માલિકોને પરત સોંપવામાં આવેલ છે.

–––––––

**રાજયમાં સી–પ્લેન સેવા**

અતારાંકિતઃ ૮૨૮૩ (૦૨–૦૧–૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૦૧-૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ (સાબરમતી)થી કેવડીયા (નર્મદા) સી–પ્લેન સેવા કયારે શરૂ કરવામાં આવેલ,

(૨) ઉકત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૩) ઉકત સેવા કાર્યરત છે કે કેમ,

(૪) જો ના, તો તેના કારણો શાં છે, અને

(૫) ઉકત સેવા પુનઃ ક્યા સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** : (૦૬–૦૨–૨૦૨૧)

(૧) તા. ૦૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ (સાબરમતી) થી કેવડીયા (નર્મદા) સી–પ્લેન સેવા તા. ૩૧–૧૦–૨૦૨૦નાં રોજ શરૂ કરવામાં આવેલ.

(૨) ઉકત સ્થિતિએ તેની પાછળ કુલ રૂ.૩,૭૯,૭૫,૧૨૭/– નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) તા. ૦૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સી–પ્લેન સેવા કાર્યરત ન હતી.

(૪) રાજયમાં સી–પ્લેન માટે મેઈન્ટેનન્સ સુવિધા ઉપલબ્ધ ન હોઈ, સી પ્લેનને માલદીવ મેઈન્ટેનન્સ માટે લઈ જવાનું હોઈ તા. ૨૭–૧૧–૨૦૨૦ થી ૩૦–૧૨–૨૦૨૦ સુધી સી–પ્લેન સેવા બંધ રહેલ.

(૫) ઉકત સેવા તા. ૩૧–૧૨–૨૦૨૦નાં રોજથી પુનઃ શરૂ કરવામાં આવેલ છે.

–––––––

**રાજયમાં સી–પ્લેન સેવા બાબત**

અતારાંકિતઃ ૮૩૦૭ (૦૨–૦૧–૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળીયા) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૦૧-૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ (સાબરમતી) થી કેવડીયા (નર્મદા) સી–પ્લેન સેવા કયારે શરૂ કરવામાં આવેલ,

(૨) ઉકત સ્થિતિએ તેની પાછળ કુલ કેટલો ખર્ચ કરવામાં આવેલ છે,

(૩) ઉકત સેવા કાર્યરત થયા બાદ કેટલા દિવસમાં કયા કારણોસર બંધ થયેલ છે, અને

(૪) ઉકત સેવા પુનઃ ક્યા સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** : (૦૬–૦૨–૨૦૨૧)

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા.૦૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ (સાબરમતી) થી કેવડીયા (નર્મદા) સી–પ્લેન સેવા તા.૩૧–૧૦–૨૦૨૦નાં રોજ શરૂ કરવામાં આવેલ.

(૨) ઉકત સ્થિતિએ તેની પાછળ કુલ રૂ.૩,૭૯,૭૫,૧૨૭/– નો ખર્ચ કરવામાં આવેલ છે.

(૩) રાજયમાં સી–પ્લેન માટે મેઈન્ટેનન્સ સુવિધા ઉપલબ્ધ ન હોઈ, સી પ્લેનને માલદીવ મેઈન્ટેનન્સ માટે લઈ જવાનું હોઈ તા. ૨૭–૧૧–૨૦૨૦ થી ૩૦–૧૨–૨૦૨૦ સુધી સી–પ્લેન સેવા બંધ રહેલ.

(૪) ઉકત સેવા તા. ૩૧–૧૨–૨૦૨૦નાં રોજથી પુનઃ શરૂ કરવામાં આવેલ છે.

–––––––

**રાજયમાં હેલીકોપ્ટર ટેકસી સર્વિસ શરૂ કરવાના થયેલ એમ.ઓ.યુ.**

અતારાંકિતઃ ૮૩૨૨ (૧૨–૦૧–૨૦૨૧) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : માનનીય નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦-૦૯–૨૦૨૦ની સ્થિતિએ કેનેડાની એવીએશન કંપની સાથે ગુજરાતમાં હેલિકોપ્ટર ટેકસી સર્વિસ શરૂ કરવા એમ.ઓ.યુ. કરવામાં આવેલ તે હકીકત સાચી છે,

(૨) જો હા તો, કઈ કંપની સાથે ઉકત એમ.ઓ.યુ. કયારે કરવામાં આવેલ હતા,

(૩) ઉકત સ્થિતિએ ઉકત સેવા શરૂ કરવાની કાર્યવાહી કયા તબક્કે છે, અને

(૪) ઉકત સેવા ક્યા સુધીમાં શરૂ કરવામાં આવનાર છે ?

**નાગરિક ઉડ્ડયન મંત્રીશ્રી** : (૦૬–૦૨–૨૦૨૧)

(૧) ના જી.

(૨)
(૩) } પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)

–––––––

**દ્વારકાધીશ મંદિરની આવકનો હિસ્સો પૂજારીઓને ચૂકવવા બાબત**

અતારાંકિતઃ ૮૫૮૫ (૦૮–૦૧–૨૦૨૧) **શ્રી ઈમરાન ખેડાવાલા** (જમાલપુર–ખાડીયા) : માનનીય યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજય સરકાર દ્વારા સંચાલિત દ્વારકાધીશ મંદિરની આવકનો મહત્તમ હિસ્સો પૂજારીઓને પગાર અને હિસ્સા માટે ચૂકવવામાં આવે છે જે બાબત સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૦–૦૬–૨૦૨૦ની સ્થિતિએ વિચારણાને અંતે આ બાબત અંગે શો નિર્ણય લેવામાં આવ્યો છે, અને

(૩) તેનો અમલ કયારે શરૂ કરવામાં આવનાર છે ?

**યાત્રાધામ વિકાસ મંત્રીશ્રી** : (૦૬–૦૨–૨૦૨૧)

(૧) હા, જી.

(૨)
અને } આ બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ છે, નિર્ણય થયેથી આગળની કાર્યવાહી કરવામાં આવશે.
(૩)

–––––––

**અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં કામદારોના મોત**

અતારાંકિતઃ ૮૭૪૧ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) અલંગ શીપ બ્રેકીંગ યાર્ડમાં તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં કેટલા મજૂરો, કામદારોના આકસ્મિત મોત થયા,

(૨) તેમના વારસદારોને ઉકત સ્થિતિએ કેટલી સહાય ચૂકવવામાં આવી, અને,

(૩) કામદારોના આકસ્મિક મોત અટકાવવા શા પગલાં લેવાયા છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** : (૧૦-૦૨-૨૦૨૧)

(૧) કુલ ૧૭ કામદારોના આકસ્મિક મોત થયા.

(૨) કુલ રૂ. ૮૫,૦૦,૦૦૦/- રહેમરાહે તથા ઈ.એસ.આઈ.સી. હેઠળ કાયદેસર માસિક હપ્તા ચૂકવવામાં આવે છે.

(૩) આ અકસ્માતો અટકાવવા માટે સરકાર દ્વારા નીચે મુજબના પગલાં લેવામાં આવેલ છે.

૧. કારખાનાઓમાં કારખાના અધિનિયમ-૧૯૪૮ તેમજ ગુજરાત કારખાના નિયમ-૧૯૬૩ મુજબ નિરીક્ષણ કરવામાં આવેલ છે.

૨. નિરીક્ષણ દરમ્યાન સદરહું કાયદા તથા નિયમનો ભંગ જણાય ત્યાં કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

૩. શ્રમયોગીઓ તથા કબ્જેદારોમાં ઈન્ડસ્ટ્રીયલ સેફ્ટી અને હેલ્થ અંગે જાગૃતિ વધારવા સેફ્ટી સેમિનારનું આયોજન કરેલ છે.

-------

**રાજયમાં ટેન્કરથી પાણી પૂરું પાડવા બાબત**

અતારાંકિતઃ ૮૧૨૬ (૦૫-૦૧-૨૦૨૧) **શ્રી ઋત્વિકભાઈ મકવાણા** (ચોટીલા) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજયમાં જિલ્લાવાર, તાલુકાવાર કેટલા ગામોમાં ટેન્કરથી પાણી પૂરું પાડવામાં આવે છે,

(૨) ઉકત સ્થિતિએ ટેન્કરથી પાણી પૂરું પાડવાના શા કારણો છે, અને

(૩) આ ગામોને ટેન્કરના બદલે નિયમિત યોજનાકીય વ્યવસ્થા હેઠળ ક્યાં સુધીમાં પાણી પૂરું પાડવામાં આવનાર છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** : (૧૧-૦૨-૨૦૨૧)

(૧)

| અનુ | જીલ્લો | તાલુકો | ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | બનાસકાંઠા | સુઈગામ | ૧ |
| ૨ | | વાવ | ૧ |
| ૩ | પાટણ | સાંતલપુર | ૪ |
| ૪ | જામનગર | જામનગર | ૧ |
| ૫ | દેવભૂમી દ્વારકા | કલ્યાણપુર | ૨ |
| ૬ | ભાવનગર | પાલીતાણા | ૧ |
| ૭ | ભરૂચ | વાગરા | ૯ |
| ૮ | | આમોદ | ૧ |
| ૯ | કચ્છ | ભુજ | ૧૦ |
| ૧૦ | | રાપર | ૪ |
| ૧૧ | | ભચાઉ | ૧ |
| | | **કુલ** | **૩૫** |

(૨) }

## તા. ૨૪મી માર્ચ ૨૦૨૧
## અતારાંકિત પ્રશ્નોની યાદી

અને **પરિશિષ્ટ** મુજબ

(૩)

**પરિશિષ્ટ**

| જીલ્લો | તાલુકો | ગામોની સંખ્યા | ટેન્કરથી પાણી પૂરું પાડવાના કારણો | યોજનાકીય વ્યવસ્થા હેઠળ પાણી આપવાનું આયોજન |
|---|---|---|---|---|
| બનાસકાંઠા | સુઈગામ | ૧ | મુખ્ય હે.વ. ખાતે વારંવાર વીજ પુરવઠાના વિક્ષેપને કારણે | નવીન બુસ્ટીંગ સ્ટેશન આધારીત પાઈપલાઈન મારફતે ટુંકસમયમાં કામો પૂર્ણ કરી નિયમિત યોજનાકીય વ્યવસ્થા હેઠળ પાણી પૂરું પાડવાનું આયોજન છે |
| | વાવ | ૧ | | |
| પાટણ | સાંતલપુર | ૪ | તાંત્રીક કારણોસર છેવાડાના ગામોમાં પુરતા પ્રેશર થી પાણી પહોચાડી શકાતું નથી | બીકે–૩ પી–૨ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનાના કામો પ્રગતીમાં છે ટુંક સમયમાં કામો પૂર્ણ કરી નિયમિત યોજનાકીય વ્યવસ્થા હેઠળ પાણી પૂરું પાડવાનું આયોજન છે |
| જામનગર | જામનગર | ૧ | જામનગર તાલુકાના ચેલા ગામનાં પરા ચેલા–૨ વિસ્તારમાં સ્થાનીક સોર્સ માં પાણી પીવાલાયક ન હોય અને આંતરીક પાણી વિતરણ ની યોજના નું કામ બાકી હોય ચેલા–૨ પરા વિસ્તાર ને ટેંકર દ્વારા પીવાનું પાણી આપવામાં આવે છે | ચેલા–૨ પરા વિસ્તારની આંતરીક પાણી વિતરણ ની યોજના વાસ્મો વિભાગ દ્વારા બનાવવામાં આવેલ છે, જે મંજૂર થયે અને આ કામગીરી પૂર્ણ થયે પાઈપ લાઈન થી પાણી શરૂ કરી શકાશે |
| દેવભૂમી દ્વારકા | કલ્યાણપુર | ૨ | કલ્યાણપુર તાલુકાના ૨ (બે) ગામોને તાંત્રીક કારણોસર જૂથ યોજનાની પાઈપ લાઇન થી પાણી આપી શકાતું નથી. આથી આવા ગામોમાં સ્થાનિક સોર્સ (બોર/કૂવા) માં જયારે પાણી ખુટી જાય ત્યારે ટુંકા ગાળા નાં આયોજન તરીકે ટેન્કર દ્વારા પાણી આપવામાં આવે છે | કલ્યાણપુર તાલુકાના ૨ (બે) ગામો ને કાયમી ધોરણે જૂથ યોજનાનું પાણી શરુ કરવા આ ગામો ને આવરી લેતી જૂથ યોજનાઓની રીમોડલીંગ/ અપગ્રેડેશન યોજનાઓ બનાવવામાં આવેલ છે. |
| ભાવનગર | પાલીતાણા | ૧ | પાલીતાણા તાલુકાનું એક ગામ છેવાડા નુ હોઈ તથા જૂથ યોજનાના નેટવર્કથી ગામને જોડતી પાઈપ લાઈન જર્જરિત થઈ જતા પાઈપલાઈનથી પાણી આપી પુરું પાડી શકાતું નથી | પાલીતાણા તાલુકાના એક ગામને તા.૦૭–૧૨–૨૦૨૦થી સ્થાનિક સોર્સ (કુવા) થી ગામ સુધીની નવી પાઈપલાઈન નાખી પાણી પુરવઠો શરૂ કરી આપેલ છે. |
| ભરૂચ | વાગરા | ૯ | હાલ જૂની જર્જરિત પાઈપ લાઈન નેટવર્ક વડે પખાજણ હેડવર્કસ ખાતે પુરતો જથ્થો સંગ્રહ ન થતાં પાઇપલાઈન નેટવર્ક મારફત નિયમિત પાણી પુરવઠો આપી શકાતો | હયાત નેટવર્કમાં બુસ્ટીંગ તથા પાઈપ લાઈન રીપ્લેસમેન્ટ સુધારણા કામગીરી કરી પાઈપ લાઈન દ્વારા પાણી પુરવઠો શરૂ કરવાનું આયોજન છે |
| | આમોદ | ૧ | | |
| કચ્છ | ભુજ | ૧૦ | ભીરંડીયારા ગામની આંતરીક વિતરણ વ્યવસ્થાનો પ્રશ્ન હોવાના કારણે | હાલમા ગામને બન્ની જૂથ યોજનાથી પાઈપલાઈન મારફતે નિયમીત પાણી અપાય છે. |
| | | | ધોરાવર ગામના દલીતવાસ, જાનીવાસમાં પાણી જતું નથી | નવા કુવાથી પાઈપલાઈ પાથરી આ ગામના દલીતવાસ અને જાનીવાસમાં નિયમીત પાઈપલાઈન થી પાણી આપવાનું આયોજન છે |
| | | | ધ્રોબાણા, દિનારા, ગોરેવલી, હોડકા, લુડીયા, ઉડઈ (બન્ની), ખાવડા ગામનો જેતે સમયે વધારે વરસાદના કારણે બન્ની જૂથ યોજનાની મુખ્ય પાઈપલાઈન તુટી જવાના કારણે | હાલમાં નિયમીત પાણી અપાય છે. |
| | | | કોટાયગામનો પાતાળકુવો ફેઈલ થયેલ છે તેમજ બન્ની જૂથ યોજના થી તાંત્રીક રીતે પાણી ન આપી શકવાના કારણે | બન્ની જૂથ સુધારણા યોજનમાં આ કામનો સમાવેશ કરેલ છે |
| | રાપર | ૪ | બેલાગામની આંતરીક વિતરણ વ્યવસ્થાનો પ્રશ્ન છે જેથી ટેન્કર થી પાણી અપાયેલ છે. | આ ગામને નિયમીત રાપર જૂથ યોજનાનુ પાણી પાઈપલાઈન થી અપાય છે. |
| | | | લાખાગઢ ગામ પાસે આવેલ કુવો સુકાઈ ગયેલ જેથી તેમાંથી પાણી ઉપાડવાની વ્યવસ્થા ન હતી અને જૂથ યોજનાનું પાણી આ ગામને તાંત્રીક રીતે પહોંચાડી શકાતું ન હોવાના કારણે. | સ્થાનિક સોર્સ (કુવા) થી નિયમિત રીતે પાણી અપાય છે. |
| | | | પલાસવા ગામ રાપર જૂથ યોજનાના આડેસર સેકશન માંથી પુરતો પાણીનો જથ્થો આપી ન શકવાના કારણે | રાપર જૂથ યોજનાના સ્થાનિક સોર્સ માં પ્રેશર ફિલ્ટર પ્લાનટ કાર્યરત કરી નિયમીત રીતે પાઈપલાઈન થી પાણી અપાય છે. |
| | | | વેકરાગામ રાપર જૂથ યોજનાના કિડીયા નગર હે.વ થી પાઈપલાઈન થી પાણી તાંત્રીક કારણો સર આપી શકાતુ નથી. | નવીન પાઈપલાઈન તથા સ્ટોરેજનું કામ પૂર્ણ કરી ગામને રાપર જૂથ યોજનાનુ પાણી પાઇપલાઈનથી પાણી આપવાનુ આયોજન છે. |
| | ભચાઉ | ૧ | વામકાગામ ભચાઉ જૂથ યોજનાનો સ્થાનિક સોર્સ ફેઈલ થવાના કારણે. | રાપર તાલુકાની સુવઈ જૂથ પાણી પુરવઠા યોજનામાં આ કામનો સમાવેશ થયેલ છે જે કામો |

| | | | | |
|---|---|---|---|---|
| | | | | હાલ પ્રગતિમાં છે. આ યોજના પૂર્ણ કરી સમાવિષ્ટ ગામોને પાઈપલાઈનથી પાણી આપવાનું આયોજન છે. |

રાજયમાં ભુગર્ભ જળમાં આર્સેનિક–હરતાલ

અતારાંકિતઃ ૮૩૨૧ (૦૫–૦૧–૨૦૨૧) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧)તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ રાજયમાં જીલ્લાવાર ભૂગર્ભ જળમાં આર્સેનિક–હરતાલ કેટલું જોવા મળે છે,

(૨)આર્સેનિકયુકત પાણી પીવાથી કેવા પ્રકારના રોગો થવાની સંભાવનાઓ રહે છે, અને

(૩)ઉકત જીલ્લાઓમાં લોકોને આર્સેનિકયુકત પાણી નાગરીકોને પીવું ન પડે તે માટે શું આયોજન કરવામાં આવેલ છે ?

**પાણી પુરવઠા મંત્રીશ્રી** : (૧૧–૦૨–૨૦૨૧)

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ પીવાના પાણીની યોજનાઓ દ્વારા આપવામાં આવતા પીવાના પાણીમાં કોઈ પણ ગામમાં આર્સેનિક જોવા મળેલ નથી.

(૨) WHO-2017 અહેવાલ અનુસાર પીવાના પાણીમાં નિયત માત્રા કરતા વધુ આર્સેનિક હોય, તે પાણી લાંબા સમય માટે મનુષ્યના ઉપયોગમાં લેવામાં આવે તો ચામડી, કિડની, ફેફસાં કે પિત્તાશયનું કેન્સર કે ચામડીના રોગો થવાની સંભાવનાઓ રહે છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**અરવલ્લી જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૭૮૪૬ (૧૭–૧૧–૨૦૨૦) **શ્રી ડૉ. અનિલ જોષિયારા** (ભિલોડા) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ અરવલ્લી જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની કેટલી ગૌચરની જમીન પર દબાણો થયેલા છે,

(૨) ઉકત પૈકી કેટલા દબાણો ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી છે,

(૩) ઉકત સ્થિતિએ ઉકત દબાણોને લાંબો સમય થયો હોવા છતાં પણ દબાણો દૂર ન કરનાર પંચાયતના જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉકત દબાણો કયાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજયકક્ષા) : (૧૫–૦૨–૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગામની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (હે.આરે.પ્ર) |
|---|---|---|---|
| ૧ | બાયડ | ૧ | ૦.૦૩.૭૮ |
| ૨ | ભિલોડા | ૨ | ૪.૨૦.૫૦ |
| ૩ | મોડાસા | ૧ | ૩.૨૮.૮૧ |

(૨) કુલ ૩ ગામના દબાણો ૧૦ વર્ષ કરતા વધુ સમયના છે જયારે ૧ (એક) ગામનું દબાણ ૫ વર્ષ કરતા વધુ સમયનું છે.

(૩) અને (૪) ઉપરોકત બાબત સબજ્યુડીશ હોવાથી નામ.કોર્ટના ચુકાદા બાદ ધોરણસરની કાર્યવાહી કરવામાં આવશે

–––––––

**મહીસાગર જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૭૯૩૧ (૧૭–૧૧–૨૦૨૦) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ મહિસાગર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની કેટલી ગૌચરની જમીન પર દબાણો થયેલા છે,

(૨) ઉક્ત પૈકી કેટલા દબાણો ૫ વર્ષ અને ૧૦ વર્ષ કરતાં વધુ સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણોને લાંબો સમય થયો હોવા છતાં પણ દબાણો દૂર ન કરનાર પંચાયતના જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) : (૧૫-૦૨-૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગામની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (હે. આરે. પ્ર) |
|---|---|---|---|
| ૧ | લુણાવાડા | ૧ | ૦.૨૦.૦૪ |
| ૨ | સંતરામપુર | ૨ | ૦.૧૨.૦૩ |

(૨) ૨ ગામના દબાણો ૫ વર્ષ કરતા વધુ સમયના છે

(૩) અને (૪) } ઉપરોક્ત બાબત સબજ્યુડીશ હોવાથી, નામ. કોર્ટના ચુકાદા બાદ ધોરસણસરની કાર્યવાહી કરવામાં આવશે

-------

**દાહોદ જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો**

અતારાંકિતઃ ૭૯૩૬ (૧૭-૧૧-૨૦૨૦) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : માનનીય પંચાયત મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામોની કેટલી ગૌચરની જમીન પર દબાણો થયેલા છે,

(૨) ઉક્ત પૈકી કેટલા દબાણો ૫ વર્ષ અને ૧૦ કરતાં વધુ સમયથી છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત દબાણોને લાંબો સમય થયો હોવા છતાં પણ દબાણો દૂર ન કરનાર પંચાયતના જવાબદારો સામે શાં પગલાં લેવાયાં, અને

(૪) ઉક્ત દબાણો ક્યાં સુધીમાં દૂર કરવાનું આયોજન છે ?

**પંચાયત મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) : (૧૫-૦૨-૨૦૨૧)

(૧)

| ક્રમ | તાલુકાનું નામ | દબાણ થયેલ ગામની સંખ્યા | દબાણનું ક્ષેત્રફળ (હે. આરે. પ્ર) |
|---|---|---|---|
| ૧ | દાહોદ | ૧ | ૨.૬૧.૦૨ |
| ૨ | ઝાલોદ | ૧ | ૦.૦૮.૦૭ |

(૨) ૧ (એક) દબાણ ૧૦ વર્ષ કરતા વધુ સમયનું છે.

(૩) અને (૪) } ઉપરોક્ત બાબત સબજ્યુડીશ હોવાથી, નામ. કોર્ટના ચુકાદા બાદ ધોરસણસરની કાર્યવાહી કરવામાં આવશે

-------

**દાહોદ જિલ્લામાં ભૂદાન સમિતિની રચના**

અતારાંકિતઃ ૭૪૧૯ (૨૨-૧૦-૨૦૨૦) **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) ભૂદાન યજ્ઞ ચળવળમાં અપાયેલ જમીનો તથા વણવહેંચાયેલ ભૂદાનની જમીનોની રેકર્ડ પરથી ચકાસણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરીને ભૂદાનની જમીનો બાબતે નીતિ ઘડવા માટે મહેસૂલ વિભાગના તા. ૧૭-૨-૨૦૧૭ ના ઠરાવથી જિલ્લામાં જિલ્લા કક્ષાની ભૂદાન સમિતિની રચના કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૦-૯-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત જિલ્લાકક્ષાની સમિતિ દ્વારા રાજ્યકક્ષાની સમિતિને ક્યારે અહેવાલ મોકલેલ છે, અને

(૩) અહેવાલ ન મોકલેલ હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં અહેવાલ મોકલી આપવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** : (૦૯-૦૨-૨૦૨૧)

(૧) હા

(૨) જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા નક્કી કરેલ ડેટાબેઝ તૈયાર કરી કલેકટરશ્રીના તા. ૦૮-૦૪-૨૦૨૦ ના પત્રથી મહેસૂલ વિભાગને અહેવાલ મોકલી આપેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**દાહોદ અને ડાંગ જિલ્લામાં ભૂદાન સમિતિની રચના**

અતારાંકિતઃ ૭૪૨૨ (૨૨-૧૦-૨૦૨૦) **શ્રી વજેસિંગભાઈ પણદા** (દાહોદ) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) ભૂદાન યજ્ઞ ચળવળમાં અપાયેલ જમીનો તથા વણવહેંચાયેલ ભૂદાનની જમીનોની રેકર્ડ પરથી ચકાસણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરીને ભૂદાનની જમીનો બાબતે નીતિ ઘડવા માટે મહેસૂલ વિભાગના તા. ૧૭-૨-૨૦૧૭ ના ઠરાવથી દાહોદ અને ડાંગ જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા કક્ષાની ભૂદાન સમિતિની રચના કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૦-૯-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત જિલ્લાકક્ષાની સમિતિ દ્વારા રાજ્યકક્ષાની સમિતિને ક્યારે અહેવાલ મોકલેલ છે, અને

(૩)અહેવાલ ન મોકલેલ હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં અહેવાલ મોકલી આપવામાં આવશે ?

**પંચાયત મંત્રીશ્રી** : (૦૯-૦૨-૨૦૨૧)

(૧) હા

(૨) કલેકટરશ્રી, દાહોદ દ્વારા તા. ૦૮-૦૪-૨૦૨૦ ના પત્રથી મહેસૂલ વિભાગને ડેટાબેઝ/અહેવાલ મોકલી આપેલ છે અને ડાંગ જિલ્લામાં ભૂદાન હેઠળની કોઈ જમીન આવેલ ન હોઈ કલેકટરશ્રી, ડાંગ દ્વારા અહેવાલ મોકલી આપેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**દાહોદ અને મહીસાગર જિલ્લામાં ભૂદાન સમિતિની રચના**

અતારાંકિતઃ ૭૪૨૫ (૨૨-૧૦-૨૦૨૦) **શ્રીમતી ચંદ્રિકાબેન બારિયા** (ગરબાડા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) ભૂદાન યજ્ઞ ચળવળમાં અપાયેલ જમીનો તથા વણવહેંચાયેલ ભૂદાનની જમીનોની રેકર્ડ પરથી ચકાસણી કરી તેનો ડેટાબેઝ તૈયાર કરીને ભૂદાનની જમીનો બાબતે નીતિ ઘડવા માટે મહેસૂલ વિભાગના તા. ૧૭-૨-૨૦૧૭ ના ઠરાવથી દાહોદ અને મહિસાગર જિલ્લામાં જિલ્લા કક્ષાની ભૂદાન સમિતિની રચના કરવામાં આવેલ છે કે કેમ,

(૨) જો હા, તો તા. ૩૦-૯-૨૦૨૦ની સ્થિતિએ ઉક્ત જિલ્લાકક્ષાની સમિતિ દ્વારા રાજ્યકક્ષાની સમિતિને ક્યારે અહેવાલ મોકલેલ છે, અને

(૩)અહેવાલ ન મોકલેલ હોય તો તેના કારણો શા છે અને ક્યાં સુધીમાં અહેવાલ મોકલી આપવામાં આવશે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૦૯-૦૨-૨૦૨૧)

(૧) હા

(૨) કલેકટરશ્રી, દાહોદ દ્વારા તા. ૦૮-૦૪-૨૦૨૦ ના પત્રથી અને કલેકટરશ્રી, મહીસાગર દ્વારા તા. ૨૬-૦૬-૨૦૧૮ ના પત્રથી મહેસૂલ વિભાગને ડેટાબેઝ/અહેવાલ મોકલી આપેલ છે.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં ગૌચર દબાણોની માપણી**

અતારાંકિતઃ ૮૧૧૧ (૦૭-૧૨-૨૦૨૦) **શ્રી ગ્યાસુદ્દીન શેખ** (દરિયાપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ગૌચર દબાણોની માપણીના જિલ્લાવાર,તાલુકાવાર કેટલા કિસ્સામાં ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડઝ પાસે અરજીઓ પડતર છે,

(૨) તે પડતર રહેવાના શા કારણો છે, અને

(૩) તમામ પડતર માપણી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવે છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૧૨-૦૨-૨૦૨૧)

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ડીસ્ટ્રીક્ટ ઈન્સ્પેકટર ઓફ લેન્ડ રેકર્ડઝ પાસે ગૌચર દબાણોની માપણીની જિલ્લાવાર, તાલુકાવાર પડતર અરજીઓની વિગતો આ સાથે સામેલ પત્રક-૧ મુજબ છે.

(૨) ગૌચર દબાણની માપણી અરજીઓ પડતર રહેવાના કારણો નીચે મુજબ છે.

- માપણી માટે ફી ભરાયેલ ન હોઈ
- સરકારી ખર્ચે માપણી માટે કલેક્ટરશ્રીનો આદેશ ન હોવાથી,
- ગ્રામ પંચાયત કચેરી દ્વારા મુદ્દત માંગવામાં આવેલ હોઈ,
- માપણી માટેના સાધનીક કાગળો તેમજ નીમ ગૌચર બાબતે પૂર્તતા રજૂ થયેલ ન હોવાથી,
- સ્થળે નંબરો વધુ પ્રમાણમાં તેમજ ક્ષેત્રફળ વધુ હોઈ અને ઝાડી ઝાંખરા વધુ હોવાથી
- રી-સર્વે ક્ષતિ સુધારણાની અરજી હોઈ ક્રમાનુસાર નિકાલ કરવાનો થતો હોવાથી,
- રી-સર્વે પ્રમોલગેશનમાં સુધારો કરવાનો થતો હોઈ તેમજ પ્રમોલગેશન બાદ થયેલ ક્ષતિ/કબજા વિસંગતતાના કારણોસર,
- Covid-19 વાઈરસની મહામારી/લોકડાઉનના કારણે સરકારી કામગીરી પર અસર થયેલ હોવાના કારણે

(૩) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ૨૩૧ અરજીઓ પડતર છે. જે પૈકી ૫૩ અરજીઓની માપણી કામગીરી પૂર્ણ થયેલ છે. આ સિવાયની ૧૭૮ અરજી પડતર છે. પડતર અરજીઓ પૈકી ૧૩૦ અરજીઓનો જુન-૨૦૨૧ અંતિત પૂર્ણ કરવામાં આવશે અને ૪૮ માપણી અરજીઓનો માપણી ફી ભર્યેથી, સરકારી ખર્ચે માપણી માટે કલેક્ટરશ્રીના આદેશ થયેથી, પૂર્તતા થયેથી માપણી કામગીરી પૂર્ણ કરવામાં આવશે.

**પત્રક-૧**

| ક્રમ | જિલ્લો | તાલુકો | પડતર અરજીઓ | ક્રમ | જિલ્લો | તાલુકો | પડતર અરજીઓ |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | બોટાદ | ગઢડા | ૧ | ૯ | બનાસકાંઠા | કાંકરેજ | ૧ |
| ૨ | ભાવનગર | તળાજા | ૧ | ૧૦ | જૂનાગઢ | કેશોદ | ૧ |
| ૩ | અમદાવાદ | દશક્રોઈ | ૨ | ૧૧ | અરવલ્લી | મોડાસા | ૭ |
| | | ધંધુકા | ૧ | | | માલપુર | ૯ |
| ૪ | દેવભુમિ-દ્વારકા | ખંભાળીયા | ૨ | | | મેઘરજ | ૧૨ |
| | | કલ્યાણપુર | ૧ | | | બાયડ | ૪ |
| | | ભાણવડ | ૧ | | | ધનસુરા | ૩ |
| | | દ્વારકા | ૧ | | | ભિલોડા | ૧૩ |
| ૫ | મોરબી | મોરબી | ૨ | ૧૨ | ગાંધીનગર | ગાંધીનગર | ૧ |
| | | હળવદ | ૨ | ૧૩ | સાબરકાંઠા | હિંમતનગર | ૧૪ |
| | | વાંકાનેર | ૨ | | | પ્રાંતિજ | ૬ |
| ૬ | રાજકોટ | રાજકોટ | ૪ | | | ઈડર | ૨૫ |
| | | કોટડા સાંગાણી | ૧ | | | ખેડબ્રહ્મા | ૯ |
| | | લોધીકા | ૨ | | | તલોદ | ૩૨ |
| | | જસદણ | ૪ | | | વડાલી | ૫ |
| | | વિંછીયા | ૧ | | | વિજયનગર | ૧૦ |
| | | પડધરી | ૧ | | | પોશીના | ૩ |
| | | જેતપુર | ૪ | ૧૪ | કચ્છ-ભૂજ | ભુજ | ૩ |
| | | ગોંડલ | ૨ | | | અબડાસા | ૧૪ |
| ૭ | આણંદ | ખંભાત | ૨ | | | મુંદ્રા | ૨ |
| ૮ | જામનગર | જામનગર | ૩ | | | માંડવી | ૨ |
| | | જામજોધપુર | ૬ | | | લખપત | ૧ |
| | | કાલાવડ | ૫ | ૧૫ | મહેસાણા | સતલાસણા | ૨ |
| | | લાલપુર | ૧ | | | **કુલ અરજીઓ** | **૨૩૧** |

-------

**રાજયમાં વૃધ્ધાશ્રમોને સહાય**

અતારાંકિતઃ ૮૦૦૬ (૦૨-૧૨-૨૦૨૦) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજયમાં જિલ્લા અને તાલુકાવાર કેટલા સરકારી અને ખાનગી વૃધ્ધાશ્રમો આવેલા છે,

(૨) તે પૈકી કેટલા વૃધ્ધાશ્રમોને ઉકત સ્થિતિએ વાર્ષિક સહાયની રકમ ફાળવાઈ, અને

(૩) બાકી રહેલ સહાયની રકમ કયાં સુધીમાં ચૂકવાશે ?

**સામાજિક ન્યાય અને અધિકારિતા મંત્રીશ્રી** : (૦૯-૦૨-૨૦૨૧)

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા અને તાલુકાવાર કેટલા સરકારી અને ખાનગી વૃધ્ધાશ્રમો આવેલા છે,

| **ક્રમ નં** | **જિલ્લાનું નામ** | **તાલુકાનું નામ** | **સરકારી વૃધ્ધાશ્રમ** | **ખાનગી વૃધ્ધાશ્રમ** |
|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | અમદાવાદ સીટી | ૦ | ૧૨ |
| | | માંડલ | ૦ | ૧ |
| | | દસક્રોઈ | ૦ | ૨ |
| | | વિરમગામ | ૦ | ૧ |
| | | ધોળકા | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૧૭** |
| ૨ | અમરેલી | અમરેલી | ૦ | ૧ |
| | | ધારી | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૨** |
| ૩ | આણંદ | ખંભાત | ૦ | ૨ |
| | | પેટલાદ | ૦ | ૧ |
| | | આણંદ | ૦ | ૩ |
| | | બોરસદ | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૭** |
| ૪ | અરવલ્લી | - | ૦ | ૦ |
| ૫ | બનાસકાંઠા | - | ૦ | ૦ |
| ૬ | ભરુચ | ભરૂચ | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૧** |
| ૭ | ભાવનગર | પાલીતાણા | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૧** |
| ૮ | બોટાદ | - | ૦ | ૦ |
| ૯ | છોટા ઉદેપુર | નસવાડી | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૧** |
| ૧૦ | દાહોદ | દાહોદ | ૦ | ૦ |
| ૧૧ | ડાંગ | - | ૦ | ૦ |
| ૧૨ | દેવભુમિ દ્વારકા | - | ૦ | ૦ |
| ૧૩ | ગાંધીનગર | ગાંધીનગર | ૦ | ૩ |
| | | દહેગામ | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૪** |
| ૧૪ | ગીર સોમનાથ | ઉના | ૦ | ૨ |
| | | **કુલ** | **૦** | **૨** |
| ૧૫ | જામનગર | જામનગર | ૦ | ૦ |
| ૧૬ | જૂનાગઢ | જૂનાગઢ | ૦ | ૪ |
| | | **કુલ** | **૦** | **૪** |
| ૧૭ | કચ્છ | ભુજ | ૦ | ૨ |
| | | નખત્રાણા | ૦ | ૧ |
| | | માંડવી | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૪** |
| ૧૮ | ખેડા | ઠાસરા | ૦ | ૧ |
| | | મહેમદાવાદ | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૨** |
| ૧૯ | મહેસાણા | કડી | ૦ | ૧ |
| | | વિસનગર | ૦ | ૧ |

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧
અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ નં | જિલ્લાનું નામ | તાલુકાનું નામ | સરકારી વૃધ્ધાશ્રમ | ખાનગી વૃધ્ધાશ્રમ |
|---|---|---|---|---|
| | | વિજાપુર | ૦ | ૨ |
| | | ઉંઝા | ૦ | ૧ |
| | | ખેરાલુ | ૦ | ૧ |
| | | મહેસાણા | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૭** |
| ૨૦ | મહીસાગર | લુણાવાડા | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૧** |
| ૨૧ | મોરબી | મોરબી | ૦ | ૧ |
| | | માળીયા.મી | ૦ | ૧ |
| | | વાંકાનેર | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૩** |
| ૨૨ | નર્મદા | નાંદોદ | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૧** |
| ૨૩ | નવસારી | ગણદેવી | ૦ | ૧ |
| | | નવસારી | ૦ | ૨ |
| | | **કુલ** | **૦** | **૩** |
| ૨૪ | પંચમહાલ | ગોધરા | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૧** |
| ૨૫ | પાટણ | - | ૦ | ૦ |
| ૨૬ | પોરબંદર | પોરબંદર | ૦ | ૧ |
| | | રાણાવાવ | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૨** |
| ૨૭ | રાજકોટ | રાજકોટ સીટી | ૦ | ૪ |
| | | રાજકોટ તાલુકો | ૦ | ૨ |
| | | લોધીકા | ૦ | ૧ |
| | | ગોંડલ | ૦ | ૧ |
| | | જેતપુર | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૯** |
| ૨૮ | સાબરકાંઠા | - | ૦ | ૦ |
| ૨૯ | સુરત | સુરત શહેર | ૦ | ૩ |
| | | **કુલ** | **૦** | **૩** |
| ૩૦ | સુરેન્દ્રનગર | વઢવાણ | ૦ | ૩ |
| | | **કુલ** | **૦** | **૩** |
| ૩૧ | તાપી | - | **૦** | **૦** |
| ૩૨ | વડોદરા | વડોદરા શહેર | ૦ | ૧ |
| | | વડોદરા ગ્રામ્ય | ૦ | ૨ |
| | | વાઘોડીયા | ૦ | ૨ |
| | | ડભોઈ | ૦ | ૧ |
| | | પાદરા | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૭** |
| ૩૩ | વલસાડ | વલસાડ | ૦ | ૧ |
| | | પારડી | ૦ | ૧ |
| | | **કુલ** | **૦** | **૨** |
| | | **અનુ. ૧ થી ૩૩ નું સમગ્ર કુલ** | ૦ | ૮૭ |

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચાર બદલ સહાય**

અતારાંકિતઃ ૮૨૮૭ (૦૮-૦૧-૨૦૨૧) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કેટલી સહાય ચૂકવવાની બાકી છે,

(૨) ઉકત સહાય પૈકી કેટલી સહાય એક વર્ષ, કેટલી સહાય બે વર્ષ અને કેટલી સહાય ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે,

(૩) આ સહાય ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૦૫-૦૨-૨૦૨૧)

(૧) (A) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(B) મોરબી જિલ્લામાં અપહરણના એક બનાવામાં રૂ. ૫૦,૦૦૦/- ની સહાય ચૂકવવાની બાકી છે.

(૨) (A) સુરેન્દ્રનગર - પ્રશ્ન રહેતો નથી.

(B) મોરબી જિલ્લામાં એક વર્ષથી વધુ સમયથી અપહરણના એક બનાવમાં રૂ. ૫૦,૦૦૦/- ની સહાય ચૂકવવાની બાકી છે. બે વર્ષથી વધુ સમયથી અને ત્રણ વર્ષથી વધુ સમયથી કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૩) (A) સુરેન્દ્રનગર - પ્રશ્ન રહેતો નથી.

(B) મોરબી - અપહરણનાં બનાવમાં ભોગ બનનારની ભાળ મળેલ નથી તથા ક્રિમિનલ મીસ પર અરજી નં: ૧૩૬૧૬/૨૦ તા.૨૪-૦૯-૨૦૨૦ થી આરોપીને અટક કરવા સ્ટે આપેલ છે.

(૪) (A) સુરેન્દ્રનગર - પ્રશ્ન રહેતો નથી.

(B) મોરબી - ભોગ બનેલ કન્યાનું અપહરણ થયેલ હોઈ, જોગવાઈ મુજબ પરત આવ્યે મેડીકલ ચેકઅપ થાય અને કન્ફર્મેટરી રીપોર્ટ મળે પછી સહાય ચૂકવવાની થાય છે તથા ગુજરાત હાઈકોર્ટમાં થયેલ ક્રિમિનલ મીસ એપ્લીકેશનનો નિકાલ આવ્યા બાદ હાઈકોર્ટ જે હુકમ કરશે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે.

-------

**અમદાવાદ અને પાટણ જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચાર બદલ સહાય**

અતારાંકિતઃ ૮૨૮૯ (૦૮-૦૧-૨૦૨૧) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ અને પાટણ જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કેટલી સહાય ચૂકવવાની બાકી છે,

(૨) ઉકત સહાય પૈકી કેટલી સહાય એક વર્ષ, કેટલી સહાય બે વર્ષ અને કેટલી સહાય ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે,

(૩) આ સહાય ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૦૫-૦૨-૨૦૨૧)

(૧) (A) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ જિલ્લામાં રૂ. ૪,૦૫,૦૦૦/- ચૂકવવાના બાકી છે.

(B) પાટણ જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૨) (A) અમદાવાદ જિલ્લામાં એક વર્ષ અને બે વર્ષ કરતા વધુ સમયથી કોઈ સહાય ચૂકવવાની બાકી નથી. જયારે ત્રણ વર્ષ કરતા વધુ સમયથી રૂ. ૪,૦૫,૦૦૦/- ચૂકવવાના બાકી છે.

(B) પાટણ જિલ્લામાં એક વર્ષ, બે વર્ષ તથા ત્રણ વર્ષ કરતાં વધુ સમયથી કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૩) (A) અમદાવાદ તા. ૨૯–૦૪–૨૦૧૫ના ઠરાવની જોગવાઈ મુજબ ચાર્જશીટ થયા બાદ સહાય ચૂકવવાની જોગવાઈ હોઈ, નામ. હાઈકોર્ટ મેટર હોવાથી ચાર્જશીટ થયેલ ન હોઈ, સહાય ચૂકવવાની બાકી છે.

(B) પાટણ – સહાય ચૂકવવાની બાકી ન હોઈ, પ્રશ્ન રહેતો નથી.

(૪) (A) અમદાવાદ – નામ. હાઈકોર્ટમાં કેસનો નિકાલ થયા બાદ નિયમોનુસાર ચૂકવવાપાત્ર હશે તો સહાય ચૂકવવાપાત્ર હશે તો સહાય ચૂકવવામાં આવશે.

(B) પાટણ – સહાય ચૂકવવાની બાકી ન હોઈ, પ્રશ્ન રહેતો નથી.

-------

**જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચાર બદલ સહાય**

અતારાંકિતઃ ૮૨૯૯ (૦૮–૦૧–૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કેટલી સહાય ચૂકવવાની બાકી છે,

(૨) ઉકત સહાય પૈકી કેટલી સહાય એક વર્ષ, કેટલી સહાય બે વર્ષ અને કેટલી સહાય ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે,

(૩) આ સહાય ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૦૫–૦૨–૨૦૨૧)

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

-------

**પોરબંદર અને મહેસાણા જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચાર બદલ સહાય**

અતારાંકિતઃ ૮૩૦૦ (૦૮–૦૧–૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ પોરબંદર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કેટલી સહાય ચૂકવવાની બાકી છે,

(૨) ઉકત સહાય પૈકી કેટલી સહાય એક વર્ષ, કેટલી સહાય બે વર્ષ અને કેટલી સહાય ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે,

(૩) આ સહાય ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૦૫–૦૨–૨૦૨૧)

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ પોરબંદર અને મહેસાણા જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૨) પ્રશ્ન રહેતો નથી.

(૩) પ્રશ્ન રહેતો નથી.

(૪) પ્રશ્ન રહેતો નથી.

**ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચાર બદલ સહાય**

અતારાંકિતઃ ૮૩૦૧ (૦૮-૦૧-૨૦૨૧) **શ્રી પ્રવિણભાઈ મુસડીયા** (કાલાવડ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ ભાવનગર અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કેટલી સહાય ચૂકવવાની બાકી છે,

(૨) ઉકત સહાય પૈકી કેટલી સહાય એક વર્ષ, કેટલી સહાય બે વર્ષ અને કેટલી સહાય ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે,

(૩) આ સહાય ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) બાકી સહાય ક્યાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૦૫-૦૨-૨૦૨૧)

(૧) (A) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ, ભાવનગર જિલ્લામાં એક ખૂનના ગુન્હામાં રૂ. ૮,૨૫,૦૦૦/- ચૂકવવાના બાકી છે.

(B) ગીર સોમનાથ જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(૨) (A) ભાવનગર જિલ્લામાં ત્રણ વર્ષ કરતા વધુ સમયથી એક ખૂનના ગુન્હામાં રૂ. ૮,૨૫,૦૦૦/- ચૂકવવાના બાકી છે.

(B) ગીર સોમનાથ - પ્રશ્ન રહેતો નથી.

(૩) (A) ભાવનગર - વારસદાર માટે પરચુરણ દિવાની અરજી નં. ૭૫/૨૦૧૮, તા.૨૭-૦૯-૨૦૧૮ થી બીજા એડીશનલ સીનીયર સીવીલ જજ સાહેબશ્રીની કોર્ટમાં અરજી દાખલ કરેલ છે. તા.૧૮-૦૧-૨૦૨૧ના રોજ વારસાઈ માટેની કોર્ટમાં મુદત છે. વારસાઈ માટેની કોર્ટમાં કાર્યવાહી શરૂ છે. ઉકત કેસ 5th Additional District Judge, District and Sessions Court, Bhavnagar માં એટ્રો કેસ નં. ૨૭/૧૭ થી મે-૨૦૧૭ માં દાખલ થયેલ છે.

(B) ગીર સોમનાથ - પ્રશ્ન રહેતો નથી.

(૪) (A) ભાવનગર - કોર્ટમાંથી વારસદાર તરીકેનો હુકમ થયેથી તુરંત જ સહાય ચૂકવવામાં આવશે.

(B) ગીર સોમનાથ - પ્રશ્ન રહેતો નથી.

-------

**રાજયમાં 'સેપ્ટ' અહેવાલની ભલામણોનો અમલ**

અતારાંકિતઃ ૮૫૬૫ (૦૨-૦૧-૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) આભડછેટ અંગે 'સેપ્ટ' નો અહેવાલ તા.૧૭-૦૪-૨૦૧૩ના રોજ મળેલ છે, પરંતુ તા.૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ લાંબા સમયથી તે વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો લાંબા સમયથી તે વિચારણામાં રાખવાના શા કારણો છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૧૧-૦૨-૨૦૨૧)

(૧) ના, જી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**અતારાંકિત યાદીમાં સમાવેલ પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૮૧૦૬, ૮૯૧૫, | ૦૨ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૬૬૬૩, ૬૯૯૪, ૭૦૬૩, ૭૦૬૫, ૭૦૯૦, ૮૨૩૦, ૮૨૩૨, ૮૨૬૬, ૮૬૮૬ | ૦૯ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ | ૮૪૧૧, ૮૬૩૪, ૮૭૬૨ | ૦૩ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૫૯૪, ૭૭૫૭, ૮૦૮૮, ૮૧૩૩, ૮૧૩૪, ૮૨૧૪ | ૦૬ |

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

| | | | |
|---|---|---|---|
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૮૦૯૨, ૮૧૭૨, ૮૪૮૯, ૮૬૧૧ | ૦૪ |
| ૬ | ગૃહ વિભાગ | ૮૩૦૬, ૮૩૪૮, ૮૬૧૩, ૮૬૮૩, ૮૭૪૩ | ૦૫ |
| ૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ૮૨૮૩, ૮૩૦૭, ૮૩૨૨, ૮૫૮૫ | ૦૪ |
| ૮ | શ્રમ અને રોજગાર વિભાગ | ૮૭૪૧ | ૦૧ |
| ૯ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૮૧૨૬, ૮૩૨૧ | ૦૨ |
| ૧૦ | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૭૮૪૬, ૭૯૩૧, ૭૯૩૬ | ૦૩ |
| ૧૧ | મહેસૂલ વિભાગ | ૭૪૧૯, ૭૪૨૨, ૭૪૨૫, ૮૧૧૧ | ૦૪ |
| ૧૨ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૮૦૦૬, ૮૨૮૭, ૮૨૮૯, ૮૨૯૯, ૮૩૦૦, ૮૩૦૧, ૮૫૬૫ | ૦૭ |
| | | **કુલ** | **૫૦** |

-------

## ચૌદમી અતારાંકિત યાદી

### રાજ્યમાં ગાજર ઘાસનો ફેલાવો

<#M / અતારાંકિતઃ૮૧૭૩ (૦૭-૧૨-૨૦૨૦) **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કૃષિ પાકો તથા જીવસૃષ્ટિને વિનાશક અસર કરનારું ગાજર ઘાસ (પાર્થેનિયમ હોસ્ટેરોફોરસ) રાજ્યના ક્યા જિલ્લાઓમાં ફેલાયાનું જાણવા મળેલ છે, અને

(૨) આ વિનાશક ગાજર ઘાસનો નાશ કરવા અને તેને કાયમી નિયંત્રણમાં લેવા શાં પગલાં લેવાયા છે ?

**કૃષિમંત્રીશ્રી** : (૨૮-૦૧-૨૦૨૧)

(૧) ગુજરાત રાજ્યમાં તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ કૃષિ પાકો તથા જીવ સૃષ્ટિને વિનાશક અસર કરનારું ગાજરઘાસ (પાર્થેનિયમ હિસ્ટેરોફોરસ) ના ફેલાવા બાબતે રાજ્યમાં કોઈ સર્વે કરવામાં આવેલ નથી.

(૨) સામાન્ય રીતે કૃષિ પાકોમાં થતાં જુદા જુદા નિંદામણના નાશ કરવા તેમજ તેના કાયમી નિયંત્રણ માટે ખેડૂતો દ્વારા ખેતી (કૃષિ) પાકોમાં હાથ નિંદણ અને આંતરખેડ કરવામાં આવે છે તેમજ નિંદામણ નાશક દવાનો ઉપયોગ કરવામાં આવે છે. વધુમાં ખેતીવાડી ખાતું, કૃષિ યુનિવર્સીટીઓ તેમજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા યોજાતી ખેડૂત તાલીમ/ શિબિરોમાં કૃષિ પાકોમાં થતાં જુદા જુદા નિંદામણના નાશ કરવા તેમજ તેના કાયમી નિયંત્રણ માટે ખેડૂતોને માહિતગાર કરવામાં આવે છે.

-------

### કચ્છ જિલ્લામાં નવા પશુ દવાખાના

<#M / અતારાંકિતઃ૮૪૦૦ (૦૫-૦૧-૨૦૨૧) **શ્રી ગેનીબેન ઠાકોર** (વાવ) : માનનીય પશુપાલન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ-૨૦૨૦-૨૧માં કેટલા નવા પશુ દવાખાના અને સારવાર કેન્દ્રો કયા ગામે બનાવવાનું આયોજન છે, અને

(૨) આયોજન મુજબ તે કયાં સુધીમાં બનાવવામાં આવનાર છે ?

**પશુપાલન મંત્રીશ્રી** : (૧૬-૦૨-૨૦૨૧)

(૧) કચ્છ જિલ્લામાં વર્ષ-૨૦૨૦-૨૧માં પાંચ નવા પશુ દવાખાનાઓ બનાવવા માટેની દરખાસ્ત મળેલ છે.

| ક્રમ | સ્થળ | તાલુકો |
|---|---|---|
| ૧ | મોટાલાયઝા | માંડવી |
| ૨ | બરંદા | લખપત |
| ૩ | સામખિયારી | ભચાઉ |
| ૪ | તેરા | અબડાસા |
| ૫ | રતનાલ | અંજાર |

(૨) નવીન સ્થાયી પશુ દવાખાના સ્થાપવાની યોજનાને મંજૂરી મળ્યેથી.

-------

ચૈત્ર ૩, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યની માધ્યમિક શાળાઓમાં ગણિત, વિજ્ઞાન, અંગ્રેજી અને આચાર્યની ખાલી જગ્યાઓ**

<#M / અતારાંકિતઃ૫૮૭૮ (૨૭-૦૮-૨૦૧૯) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) : માનનીય શિક્ષણમંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલી સરકારી માધ્યમિક શાળાઓ આવેલી છે,

(૨) ઉક્ત સ્થિતિએ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકો અને આચાર્યની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૩) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ખાલી જગ્યાઓ ક્યાં સુધી ભરવામાં આવશે ?

**શિક્ષણ મંત્રીશ્રી** : (૨૮-૦૧-૨૦૨૧)

(૧) તા. ૩૦-૦૬-૨૦૧૯ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર સરકારી માધ્યમિક શાળાઓની વિગતો નીચે મુજબ છે

| ક્રમ | જિલ્લો | સરકારી માધ્યમિક શાળા |
|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૨ |
| ૨ | અમરેલી | ૩૮ |
| ૩ | અરવલ્લી | ૦૪ |
| ૪ | આણંદ | ૧૪ |
| ૫ | બનાસકાંઠા | ૧૦૫ |
| ૬ | ભરૂચ | ૨૬ |
| ૭ | ભાવનગર | ૫૮ |
| ૮ | બોટાદ | ૩૩ |
| ૯ | છોટા ઉદેપુર | ૨૯ |
| ૧૦ | ડાંગ | ૨૭ |
| ૧૧ | દાહોદ | ૩૧ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૩૪ |
| ૧૩ | ગાંધીનગર | ૦૧ |
| ૧૪ | ગીર સોમનાથ | ૨૫ |
| ૧૫ | જૂનાગઢ | ૧૪ |
| ૧૬ | જામનગર | ૧૯ |
| ૧૭ | કચ્છ | ૧૪૫ |
| ૧૮ | ખેડા | ૦૯ |
| ૧૯ | મહેસાણા | ૦૮ |
| ૨૦ | મોરબી | ૨૭ |
| ૨૧ | મહીસાગર | ૦૮ |
| ૨૨ | નવસારી | ૦૬ |
| ૨૩ | નર્મદા | ૩૧ |
| ૨૪ | પાટણ | ૪૦ |
| ૨૫ | પંચમહાલ | ૦૯ |
| ૨૬ | પોરબંદર | ૧૮ |
| ૨૭ | રાજકોટ | ૩૫ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૫૫ |
| ૨૯ | સુરત | ૨૧ |
| ૩૦ | સાબરકાંઠા | ૧૨ |
| ૩૧ | તાપી | ૨૬ |
| ૩૨ | વલસાડ | ૩૫ |
| ૩૩ | વડોદરા | ૧૩ |

(૨) ઉક્ત સ્થિતિએ ગણિત, વિજ્ઞાન અને અંગ્રેજી વિષયના શિક્ષકો અને આચાર્યની મંજૂર જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | જિલ્લો | શિક્ષકો | | આચાર્ય |
|---|---|---|---|---|
| | | ગણિત/વિજ્ઞાન | અંગ્રેજી | |
| ૧ | અમદાવાદ | ૨૩ | ૪૩ | ૨૪ |
| ૨ | અમરેલી | ૪૧ | ૨૮ | ૨૦ |
| ૩ | અરવલ્લી | ૦૩ | ૦૫ | ૦૨ |
| ૪ | આણંદ | ૦૪ | ૧૪ | ૧૧ |
| ૫ | બનાસકાંઠા | ૧૩૭ | ૧૧૮ | ૮૪ |
| ૬ | ભરૂચ | ૧૧ | ૨૫ | ૧૪ |
| ૭ | ભાવનગર | ૭૬ | ૬૫ | ૪૭ |
| ૮ | બોટાદ | ૩૯ | ૩૨ | ૧૭ |
| ૯ | છોટા ઉદેપુર | ૩૧ | ૨૯ | ૧૫ |
| ૧૦ | ડાંગ | ૩૭ | ૩૦ | ૧૩ |
| ૧૧ | દાહોદ | ૪૩ | ૩૬ | ૧૫ |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૨૪ | ૧૭ | ૨૨ |
| ૧૩ | ગાંધીનગર | ૦૧ | ૦૧ | ૦૧ |
| ૧૪ | ગીર સોમનાથ | ૩૧ | ૨૫ | ૧૫ |
| ૧૫ | જૂનાગઢ | ૧૬ | ૧૩ | ૧૪ |
| ૧૬ | જામનગર | ૩૪ | ૨૭ | ૧૩ |
| ૧૭ | કચ્છ | ૧૬૯ | ૧૪૫ | ૮૫ |
| ૧૮ | ખેડા | ૦૯ | ૦૭ | ૦૯ |
| ૧૯ | મહેસાણા | ૧૧ | ૦૮ | ૦૮ |
| ૨૦ | મોરબી | ૩૯ | ૨૯ | ૧૯ |
| ૨૧ | મહીસાગર | ૧૧ | ૦૮ | ૦૮ |
| ૨૨ | નવસારી | ૦૬ | ૦૬ | ૦૬ |
| ૨૩ | નર્મદા | ૩૧ | ૨૭ | ૨૧ |
| ૨૪ | પાટણ | ૪૭ | ૩૩ | ૨૧ |
| ૨૫ | પંચમહાલ | ૧૮ | ૦૯ | ૦૯ |
| ૨૬ | પોરબંદર | ૧૭ | ૧૨ | ૦૪ |
| ૨૭ | રાજકોટ | ૪૦ | ૨૭ | ૨૩ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૭૦ | ૫૭ | ૫૧ |
| ૨૯ | સુરત | ૨૫ | ૨૩ | ૧૫ |
| ૩૦ | સાબરકાંઠા | ૦૫ | ૧૨ | ૧૨ |
| ૩૧ | તાપી | ૩૦ | ૨૭ | ૧૩ |
| ૩૨ | વલસાડ | ૪૦ | ૩૫ | ૨૯ |
| ૩૩ | વડોદરા | ૧૫ | ૧૩ | ૧૧ |

(૩) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ભરાયેલ અને ખાલી જગ્યાઓની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | જિલ્લો | શિક્ષકો | | | | આચાર્ય | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગણિત/વિજ્ઞાન | | અંગ્રેજી | | | |
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧ | અમદાવાદ | ૧૪ | ૦૯ | ૨૪ | ૧૯ | ૦૮ | ૧૬ |
| ૨ | અમરેલી | ૨૦ | ૨૧ | ૧૭ | ૧૧ | ૦૧ | ૧૯ |
| ૩ | અરવલ્લી | ૦૨ | ૦૧ | ૦૩ | ૦૨ | ૦૧ | ૦૧ |
| ૪ | આણંદ | ૦૧ | ૦૩ | ૦૮ | ૦૬ | ૦૨ | ૦૯ |
| ૫ | બનાસકાંઠા | ૮૭ | ૫૦ | ૬૪ | ૫૪ | ૦૯ | ૭૫ |
| ૬ | ભરૂચ | ૦૬ | ૦૫ | ૧૮ | ૦૭ | ૦૧ | ૧૩ |
| ૭ | ભાવનગર | ૫૫ | ૨૧ | ૫૫ | ૧૦ | ૦૯ | ૩૮ |
| ૮ | બોટાદ | ૧૮ | ૨૧ | ૨૧ | ૧૧ | ૦૩ | ૧૪ |
| ૯ | છોટા ઉદેપુર | ૨૬ | ૦૫ | ૨૬ | ૦૩ | ૦૨ | ૧૩ |
| ૧૦ | ડાંગ | ૨૫ | ૧૨ | ૨૦ | ૧૦ | ૦૩ | ૧૦ |
| ૧૧ | દાહોદ | ૧૭ | ૨૬ | ૧૮ | ૧૮ | ૦૫ | ૧૦ |

| ક્રમ | જિલ્લો | શિક્ષકો | | | | આચાર્ય | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગણિત/વિજ્ઞાન | | અંગ્રેજી | | | |
| | | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી | ભરાયેલ | ખાલી |
| ૧૨ | દેવભૂમિ દ્વારકા | ૧૭ | ૦૭ | ૦૯ | ૦૮ | ૦૨ | ૨૦ |
| ૧૩ | ગાંધીનગર | ૦૧ | ૦૦ | ૦૧ | ૦૦ | ૦૦ | ૦૧ |
| ૧૪ | ગીર | ૨૩ | ૦૮ | ૨૨ | ૦૩ | ૦૩ | ૧૨ |
| ૧૫ | જૂનાગઢ | ૧૦ | ૦૬ | ૧૨ | ૦૧ | ૦૫ | ૦૯ |
| ૧૬ | જામનગર | ૨૮ | ૦૬ | ૨૧ | ૦૬ | ૦૨ | ૧૧ |
| ૧૭ | કચ્છ | ૧૦૨ | ૬૭ | ૧૦૨ | ૪૩ | ૦૧ | ૮૪ |
| ૧૮ | ખેડા | ૦૬ | ૦૩ | ૦૬ | ૦૧ | ૦૨ | ૦૭ |
| ૧૯ | મહેસાણા | ૧૦ | ૦૧ | ૦૭ | ૦૧ | ૦૨ | ૦૬ |
| ૨૦ | મોરબી | ૨૨ | ૧૭ | ૧૩ | ૧૬ | ૦૩ | ૧૬ |
| ૨૧ | મહીસાગર | ૧૦ | ૦૧ | ૦૮ | ૦૦ | ૦૨ | ૦૬ |
| ૨૨ | નવસારી | ૦૫ | ૦૧ | ૦૫ | ૦૧ | ૦૧ | ૦૫ |
| ૨૩ | નર્મદા | ૨૦ | ૧૧ | ૨૫ | ૦૨ | ૦૨ | ૧૯ |
| ૨૪ | પાટણ | ૩૪ | ૧૩ | ૧૪ | ૧૯ | ૦૭ | ૧૪ |
| ૨૫ | પંચમહાલ | ૦૯ | ૦૯ | ૦૧ | ૦૮ | ૦૩ | ૦૬ |
| ૨૬ | પોરબંદર | ૧૨ | ૦૫ | ૦૮ | ૦૪ | ૦૧ | ૦૩ |
| ૨૭ | રાજકોટ | ૨૯ | ૧૧ | ૧૭ | ૧૦ | ૦૬ | ૧૭ |
| ૨૮ | સુરેન્દ્રનગર | ૫૧ | ૧૯ | ૩૫ | ૨૨ | ૦૬ | ૪૫ |
| ૨૯ | સુરત | ૨૩ | ૦૨ | ૨૨ | ૦૧ | ૦૩ | ૧૨ |
| ૩૦ | સાબરકાંઠા | ૦૩ | ૦૨ | ૦૮ | ૦૪ | ૦૧ | ૧૧ |
| ૩૧ | તાપી | ૨૩ | ૦૭ | ૨૧ | ૦૬ | ૦૩ | ૧૦ |
| ૩૨ | વલસાડ | ૩૦ | ૧૦ | ૩૧ | ૦૪ | ૦૫ | ૨૪ |
| ૩૩ | વડોદરા | ૧૪ | ૦૧ | ૧૨ | ૦૧ | ૦૩ | ૦૮ |

(૪) ખાલી જગ્યાઓ જેમ બને તેમ જલ્દી ભરવામાં આવશે.

-------

**રાજ્યમાં મેન્ગ્રુવ્ઝના સંરક્ષણ, નાશ/નુકસાન કરનાર સામે પગલાં લેવા બાબત**

<#M / અતારાંકિતઃ૭૫૧૪ (૨૩-૧૦-૨૦૨૦) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યમાં મેન્ગ્રુવ્ઝના સંરક્ષણ, તેનો નાશ/નુકસાન કરનાર સામે પગલાં, કોસ્ટલ રેગ્યુલેશન ઝોનમાં મીઠાના ઉત્પાદનની પ્રવૃત્તિ પર પ્રતિબંધ તથા મેન્ગ્રુવ્ઝના નુકસાનનું એસેસમેન્ટ કરવા સંબંધી નેશનલ ગ્રીન ટ્રીબ્યુનલ-ન્યુ દિલ્હીએ તા.૧૧-૦૯-૨૦૧૯ના રોજ રાજ્ય સરકારને આદેશ આપ્યો છે તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો આ આદેશોનો અમલ કરવામાં આવ્યો છે, કે કેમ ?

**વન મંત્રીશ્રી** : (૦૬-૦૨-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) આદેશ મુજબ નુકશાનીનું એસેસમેન્ટ કરી જરૂરી રકમ દિનદયાલ પોર્ટ ટ્રસ્ટ પાસેથી વસૂલ કરવામાં આવેલ છે.

-------

**નળસરોવરના ટાપુઓમાં ગેરકાયદેસર વસવાટ**

<#M / અતારાંકિતઃ૭૮૫૮ (૨૩-૧૧-૨૦૨૦) **શ્રી લાખાભાઈ ભરવાડ** (વિરમગામ) : માનનીય વન મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નળસરોવરમાં કયા અને કેટલા ટાપુઓ આવેલા છે,

(૨) ઉક્ત ટાપુઓમાં અને ટાપુઓની હદમાં કેટલા વ્યક્તિઓ ગેરકાયદેસર નિવાસ/વસવાટ કરે છે,

(૩) ઉક્ત સ્થિતિએ ગેરકાયદેસર વસવાટ કરનારા સામે શાં પગલા લેવામાં આવ્યા છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ આવી ગેરકાયદેસર વસવાટની પ્રવૃત્તિ રોકવા શાં પગલાં લેવામાં આવ્યાં છે ?

**વન મંત્રીશ્રી** : (૦૫-૦૨-૨૦૨૧)

(૧) નળસરોવરમાં ટાપુઓ આવેલા નથી.

(૨) ટાપુઓ આવેલ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪)ગેરકાયદેસર વસવાટની પ્રવૃત્તિ ન થાય તે માટે ક્ષેત્રિય સ્ટાફ દ્વારા સતત ફેરણું કરી તકેદારી રાખવામાં આવે છે.

-------

**અમદાવાદના મકરબા વિસ્તારમાં ગેરકાયદે મીટશોપ/ચીકન શોપ/ફીશ શોપ**

<#M / અતારાંકિતઃ૮૦૬૫ (૦૭-૧૨-૨૦૨૦) **શ્રી મહેશકુમાર પટેલ** (પાલનપુર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૧૫-૧૧-૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદના મકરબા વિસ્તારમાં ફુડ સ્ટાન્ડર્ડ ઓથોરીટીના રજિસ્ટ્રેશન વગરની ગેરકાયદે મીટ, ચીકન અને ફીશની દુકાનો કાર્યરત છે તે હકીકત સાચી છે.

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ આવી કેટલી દુકાનો કાર્યરત છે, અને

(૩) ઉક્ત તમામ ગેરકાયદે મીટ, ચીકન અને ફીશની દુકાનો કયાં સુધીમાં બંધ કરવામાં આવનાર છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૨૮-૦૧-૨૦૨૧)

(૧) ના,

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં ગેર કાનૂની ગર્ભપાત કરતા પકડાયેલ ડોકટરો**

<#M / અતારાંકિતઃ૮૦૯૪ (૦૭-૧૨-૨૦૨૦) **શ્રી ડો. અનિલ જોષિયારા** (ભિલોડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગેરકાનૂની ગર્ભપાત કરતા કેટલા ડોકટરો પકડાયા

(૨)પકડાયેલ ડોકટરોએ કેટલા ગેરકાનૂની ગર્ભપાત કર્યા હતા અને તેમની સામે શી કાનૂની કાર્યવાહી થઈ, અને

(૩) કેટલા ડોક્ટરોના મેડિકલ પ્રેક્ટીશનર તરીકે લાઈસન્સ સમાપ્ત થયા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૫-૦૨-૨૦૨૧)

(૧) એકપણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં ગેર કાનૂની ગર્ભપાત કરતા પકડાયેલ ડોકટરો**

<#M / અતારાંકિતઃ૮૧૫૪ (૦૭-૧૨-૨૦૨૦) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) રાજ્યમાં જિલ્લાવાર તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગેરકાનૂની ગર્ભપાત કરતા કેટલા ડોકટરો પકડાયા

(૨)પકડાયેલ ડોકટરોએ કેટલા ગેરકાનૂની ગર્ભપાત કર્યા હતા અને તેમની સામે શી કાનૂની કાર્યવાહી થઈ, અને

(૩) કેટલા ડોક્ટરોના મેડિકલ પ્રેક્ટીશનર તરીકે લાઈસન્સ સમાપ્ત થયા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૫-૦૨-૨૦૨૧)

(૧) એકપણ નહિ.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**અમદાવાદ, વડોદરા અને સુરત જિલ્લામાં બોગસ ડોકટરો સામે પગલાં**

## અતારાંકિત પ્રશ્નોની યાદી

<#M / અતારાંકિતઃ૮૨૩૬ (૦૭–૧૨–૨૦૨૦) **શ્રી મહમદ જાવીદ પીરજાદા** (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦–૧૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આરોગ્યની કોઈપણ ડીગ્રી ન ધરાવતા બોગસ ડોક્ટરોને પકડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ, વડોદરા અને સુરત જિલ્લામાંથી કેટલા બોગસ ડોક્ટરોને પકડવામાં આવ્યા, અને

(૩) આવા બોગસ ડોક્ટરો સામે શાં પગલા ભરવામાં આવ્યા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૧૬–૦૨–૨૦૨૧)

(૧) હા જી.

(૨) એક પણ નહિં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### મોરબી, રાજકોટ અને કચ્છ જિલ્લામાં બોગસ ડોકટરો સામે પગલાં

<#M / અતારાંકિતઃ૮૨૩૭ (૦૭–૧૨–૨૦૨૦) **શ્રી મહમદ જાવીદ પીરજાદા** (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦–૧૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આરોગ્યની કોઈપણ ડીગ્રી ન ધરાવતા બોગસ ડોક્ટરોને પકડવામાં આવે છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં મોરબી, રાજકોટ અને કચ્છ જિલ્લામાંથી કેટલા બોગસ ડોક્ટરોને પકડવામાં આવ્યા, અને

(૩) આવા બોગસ ડોક્ટરો સામે શાં પગલા ભરવામાં આવ્યા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૧૬–૦૨–૨૦૨૧)

(૧) હા જી.

(૨) એક પણ નહિં.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

### કોરોનાની રસીના ડોઝ જિલ્લામાં પહોચાડવા બાબત

<#M / અતારાંકિતઃ૮૩૯૪ (૨૯–૧૨–૨૦૨૦) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦–૧૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કોરોનાની રસીના ડોઝ જિલ્લાવાર પહોચાડવા આગોતરૂ શું આયોજન કરવામાં આવ્યું છે,

(૨) ટ્રાન્સપોર્ટેશન માટે ખાનગી એજન્સીઓની સહાય લેવામાં આવશે કે સરકારી સાધનોથી ટ્રાન્સપોર્ટેશન કરવામાં આવશે, અને

(૩) ખાનગી એજન્સીઓ કઈ કઈ નક્કી કરવામાં આવી છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૫–૦૨–૨૦૨૧)

(૧) ભારત સરકારમાંથી ઉપલબ્ધ થયેથી રાજ્યના જુદા–જુદા રીઝનલ કક્ષાએ સરકારશ્રીની ઉપલબ્ધ વેક્સીન વાન મારફતે જિલ્લા કક્ષાએ પહોચાડવામાં આવનાર છે.

(૨) રસીના ટ્રાન્સપોર્ટેશન માટે હાલ સરકારી સાધનો ઉપલબ્ધ હોય તે દ્વારા ટ્રાન્સપોર્ટેશન કરવામાં આવશે.

(૩) ખાનગી એજન્સીઓ નક્કી કરવામાં આવી નથી.

-------

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**કોરોનાની રસીના સ્ટૉરેજ કરવાનું આયોજન**

<#M / અતારાંકિતઃ૮૩૯૫ (૨૯–૧૧–૨૦૨૦) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૧૧–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કોરોનાની રસીના સ્ટૉરેજ માટે શું આયોજન કરવામાં આવ્યું છે ?, અને

(૨) જિલ્લાવાર કેટલા સ્થળોએ સ્ટૉરેજના આયોજન કરવામાં આવ્યા છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૫–૦૨–૨૦૨૧)

(૧) રાજ્યમાં ઉપલબ્ધ રિઝનલ/જિલ્લા કક્ષાના વેકસીન સ્ટોર તથા આરોગ્ય સંસ્થાઓ ખાતેના છેવાડાના કોલ્ડ ચેઈન પોઈન્ટ ખાતે રસીઓનું સ્ટૉરેજ કરવાનું આયોજન કરવામાં આવ્યું છે.

(૨) ૩૩ જિલ્લા ખાતે જિલ્લા વેકસીન સ્ટોર ઉપલબ્ધ છે તેમજ સામેલ **પત્રક** મુજબ જિલ્લાવાર કોલ્ડ ચેઈન સ્ટૉરેજનું આયોજન કરેલ છે.

**પત્રક**

**વેકસીન સ્ટોર અને કોલ્ડ ચેઈન પોઈન્ટની માહિતી ગુજરાત**

| ક્રમ | રીજીયન | જિલ્લા/કોર્પોરેશન | રિજનલ વેકસીન સ્ટોર (RVS) | જિલ્લા/કોર્પોરેશન વેકસીન સ્ટોર (DVS/CVS) | કોલ્ડ ચેઈન પોઈન્ટ (CCP) |
|---|---|---|---|---|---|
| a | b | c | d | e | f |
| ૧ | અમદાવાદ | અમદાવાદ | ૧ | ૧ | ૫૩ |
| ૨ | અમદાવાદ | અમદાવાદ કોર્પોરેશન | | ૧ | ૮૪ |
| ૩ | અમદાવાદ | આણંદ | | ૧ | ૭૮ |
| ૪ | અમદાવાદ | ખેડા | | ૧ | ૭૯ |
| ૫ | અમદાવાદ | સુરેન્દ્રનગર | | ૧ | ૭૧ |
| | | **કુલ અમદાવાદ રીજીયન** | **૧** | **૫** | **૩૬૫** |
| ૬ | ભાવનગર | અમરેલી | | ૧ | ૬૫ |
| ૭ | ભાવનગર | ભાવનગર | ૧ | ૧ | ૬૮ |
| ૮ | ભાવનગર | ભાવનગર કોર્પોરેશન | | ૧ | ૧૫ |
| ૯ | ભાવનગર | બોટાદ | | ૧ | ૨૬ |
| ૧૦ | ભાવનગર | ગીર સોમનાથ | | ૧ | ૪૧ |
| ૧૧ | ભાવનગર | જૂનાગઢ | | ૧ | ૫૦ |
| ૧૨ | ભાવનગર | જૂનાગઢ કોર્પોરેશન | | ૧ | ૭ |
| | | **કુલ ભાવનગર રીજીયન** | **૧** | **૭** | **૨૭૨** |
| ૧૩ | ગાંધીનગર | અરવલ્લી | ૧ | ૧ | ૫૦ |
| ૧૪ | ગાંધીનગર | બનાસકાંઠા | | ૧ | ૧૫૨ |
| ૧૫ | ગાંધીનગર | ગાંધીનગર | ૧ | ૧ | ૪૨ |
| ૧૬ | ગાંધીનગર | ગાંધીનગર કોર્પોરેશન | | ૧ | ૫ |
| ૧૭ | ગાંધીનગર | મહેસાણા | | ૧ | ૮૧ |
| ૧૮ | ગાંધીનગર | પાટણ | | ૧ | ૭૫ |
| ૧૯ | ગાંધીનગર | સાબરકાંઠા | | ૧ | ૬૩ |
| | | **કુલ ગાંધીનગર રીજીયન** | **૧** | **૭** | **૪૬૮** |
| ૨૦ | રાજકોટ | દેવભૂમિ દ્વારકા | | ૧ | ૩૩ |
| ૨૧ | રાજકોટ | જામનગર | | ૧ | ૪૪ |
| ૨૨ | રાજકોટ | જામનગર કોર્પોરેશન | | ૧ | ૧૨ |
| ૨૩ | રાજકોટ | કચ્છ | | ૧ | ૯૩ |
| ૨૪ | રાજકોટ | મોરબી | | ૧ | ૪૨ |
| ૨૫ | રાજકોટ | પોરબંદર | | ૧ | ૨૦ |
| ૨૬ | રાજકોટ | રાજકોટ | ૧ | ૧ | ૭૭ |
| ૨૭ | રાજકોટ | રાજકોટ કોર્પોરેશન | | ૧ | ૨૩ |

| વેક્સીન સ્ટોર અને કોલ્ડ ચેઈન પોઈન્ટની માહિતી ગુજરાત | | | | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | રીજીયન | જિલ્લા/કોર્પોરેશન | રિજનલ વેક્સીન સ્ટોર (RVS) | જિલ્લા/કોર્પોરેશન વેક્સીન સ્ટોર (DVS/CVS) | કોલ્ડ ચેઈન પોઈન્ટ (CCP) |
| a | b | c | d | e | f |
| | | **કુલ રાજકોટ રીજીયન** | **૧** | **૮** | **૩૪૪** |
| ૨૮ | સુરત | ડાંગ | | ૧ | ૧૪ |
| ૨૯ | સુરત | નવસારી | | ૧ | ૫૫ |
| ૩૦ | સુરત | સુરત | ૧ | ૧ | ૬૮ |
| ૩૧ | સુરત | સુરત કોર્પોરેશન | | ૧ | ૫૨ |
| ૩૨ | સુરત | તાપી | | ૧ | ૪૬ |
| ૩૩ | સુરત | વલસાડ | | ૧ | ૬૪ |
| | | **કુલ સુરત રીજીયન** | **૧** | **૬** | **૨૯૯** |
| ૩૪ | વડોદરા | ભરૂચ | | ૧ | ૫૯ |
| ૩૫ | વડોદરા | છોટાઉદેપુર | | ૧ | ૫૪ |
| ૩૬ | વડોદરા | દાહોદ | | ૧ | ૯૮ |
| ૩૭ | વડોદરા | મહીસાગર | | ૧ | ૪૩ |
| ૩૮ | વડોદરા | નર્મદા | | ૧ | ૩૧ |
| ૩૯ | વડોદરા | પંચમહાલ | | ૧ | ૬૮ |
| ૪૦ | વડોદરા | વડોદરા | ૧ | ૧ | ૫૫ |
| ૪૧ | વડોદરા | વડોદરા કોર્પોરેશન | | ૧ | ૩૯ |
| | | **કુલ વડોદરા રીજીયન** | **૧** | **૮** | **૪૪૭** |
| | | **કુલ** | **૬** | **૪૧** | **૨૧૯૫** |

-------

**રાજ્યમાં કોરોનાની રસી આપવાનું આયોજન**

<#M / અતારાંકિતઃ૮૩૯૬ (૨૯-૧૨-૨૦૨૦) **શ્રી મહમદ જાવીદ પીરઝાદા** (વાંકાનેર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી પંચાયત મંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૧૧-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં કોરોનાની આપવાનું આયોજન કરાઈ રહ્યું છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો આ રસી ક્યારથી આપવાનું શરૂ કરાશે, અને

(૩) અને રાજ્યમાં ક્યા દેશની કઈ કંપનીની રસી આપવાનું આયોજન છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (આરોગ્ય) : (૦૫-૦૨-૨૦૨૧)

(૧) હા, જી

(૨) તા. ૧૬-૦૧-૨૦૨૧ થી રાજ્યમાં કોરોના વોરીયર્સને રસી આપવાનુ શરૂ કરવામાં આવેલ છે.

(૩) ભારત સરકાર તરફથી જે વેક્સીનનો જથ્થો આપવામાં આવે છે તે પ્રમાણે.

-------

**રાજ્યમાં કલમ ૧૩૮ હેઠળ નોંધાયેલા કેસો**

<#M / અતારાંકિતઃ૬૩૭૦ (૧૯-૦૯-૨૦૧૯) **શ્રી પુંજાભાઈ વંશ** (ઉના) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે.

(૧) તા. ૩૧-૦૮-૨૦૧૯ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં કોડ ઓફ ક્રીમીનલ પ્રોસીઝર-૧૯૭૩ની કલમ ૧૩૮ હેઠળ કેટલા કેસો નોંધાયા,

(૨) ઉક્ત નોંધાયેલા કેસો પૈકી વર્ષવાર કેટલા કેસો ઉકેલાયા,

(૩) ઉક્ત વર્ષવાર કેટલા આરોપીઓને પકડવામાં આવ્યા અને કેટલા આરોપીઓને પકડવાના બાકી છે, અને

(૪) ઉક્ત સ્થિતિએ કેટલા કેસો ઉકેલવાના બાકી છે તેના કારણો શા છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૨૮-૦૧-૨૦૨૧)

(૧) શૂન્ય.

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૨)

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અને

(૪)

--------

**રાજ્યમાં જિલ્લાવાર આપઘાતના કેસો**

<#M / અતારાંકિતઃ૭૨૫૪ (૦૯-૧૦-૨૦૨૦) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર કેટલા નાગરિકોએ આપઘાત અને આપઘાતનો પ્રયાસ કર્યો,

(૨) ઉક્ત આપઘાત અને આપઘાતના પ્રયાસના મુખ્ય શા કારણો સામે આવ્યા, અને

(૩) આપઘાત અને આપઘાતના પ્રયાસના બનાવો ઘટે તે માટે રાજ્ય સરકારે શા પગલાં લીધા ?

(૧) તા. ૩૦-૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ફાઈલેરિયા (હાથીપગા) રોગના લીમ્ફોડીમા પ્રકારના અને હાઈડ્રોસીલ પ્રકારના જિલ્લાવાર કેટલા દર્દીઓ છે, અને

(૨) આ રોગને સંપૂર્ણ નિયંત્રિત કરવા શાં પગલા લેવામાં આવ્યા છે?

**નાયબ મુખ્યમંત્રીશ્રી (આરોગ્ય)** : (૨૦-૦૨-૨૦૨૧)

(૧) **પત્રક-અ** મુજબ

(૨) આ રોગને સંપૂર્ણ નિયંત્રિત કરવા નીચે મુજબના પગલા લેવામાં આવ્યા છે

- સર્વેલન્સ દ્વારા હાથીપગા રોગના દર્દીઓની શોધખોળ અને સારવાર.
- મચ્છર ઉત્પતિ નિયંત્રણ.
- રોગના દર્દીને સ્વમાવજત અંગેની તાલીમ.
- હાઈડ્રોસીલ પ્રકારના દર્દીઓની વિના મુલ્યે સર્જરીની વ્યવસ્થા.
- આરોગ્ય શિક્ષણની કામગીરી.

**પત્રક-અ**

**તા.૩૦-૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લા અને મહાનગરપાલિકાવાર ફાઈલેરિયા (હાથીપગા) રોગના લીમ્ફોડીમા અને હાઈડ્રોસીલ પ્રકારના દર્દીઓની સંખ્યાની વિગત.**

| **ક્રમ** | **જિલ્લા/ મહાનગરપાલિકાનું નામ** | **લીમ્ફોડીમા પ્રકારના દર્દીઓની સંખ્યા** | **હાઈડ્રોસીલ પ્રકારના દર્દીઓની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૦ | ૦ |
| ૨ | નડીયાદ | ૫ | ૧ |
| ૩ | આણંદ | ૦ | ૦ |

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧
અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | જિલ્લા/ મહાનગરપાલિકાનું નામ | લીમ્ફોડીમા પ્રકારના દર્દીઓની સંખ્યા | હાઈડ્રોસીલ પ્રકારના દર્દીઓની સંખ્યા |
|---|---|---|---|
| ૪ | સુરેન્દ્રનગર | ૨ | ૦ |
| ૫ | ગાંધીનગર | ૨ | ૦ |
| ૬ | મહેસાણા | ૦ | ૦ |
| ૭ | પાટણ | ૦ | ૦ |
| ૮ | સાબરકાંઠા | ૦ | ૦ |
| ૯ | અરવલ્લી | ૦ | ૦ |
| ૧૦ | બનાસકાંઠા | ૦ | ૦ |
| ૧૧ | વડોદરા | ૫ | ૪ |
| ૧૨ | છોટાઉદેપુર | ૨૬ | ૦ |
| ૧૩ | પંચમહાલ | ૦ | ૦ |
| ૧૪ | મહીસાગર | ૧ | ૦ |
| ૧૫ | દાહોદ | ૦ | ૧ |
| ૧૬ | ભરૂચ | ૦ | ૦ |
| ૧૭ | નર્મદા | ૦ | ૦ |
| ૧૮ | સુરત | ૭૫૨ | ૪૮ |
| ૧૯ | તાપી | ૧૦૯ | ૧૩૨ |
| ૨૦ | વલસાડ | ૪૬૯ | ૦ |
| ૨૧ | નવસારી | ૪૯૭ | ૭૩ |
| ૨૨ | ડાંગ | ૦ | ૦ |
| ૨૩ | રાજકોટ | ૨૫ | ૨ |
| ૨૪ | મોરબી | ૭ | ૦ |
| ૨૫ | જામનગર | ૨૭ | ૦ |
| ૨૬ | દ્વારકા | ૧૭ | ૦ |
| ૨૭ | કચ્છ | ૨૦ | ૦ |
| ૨૮ | પોરબંદર | ૩૮ | ૨ |
| ૨૯ | ભાવનગર | ૧ | ૦ |
| ૩૦ | બોટાદ | ૦ | ૦ |
| ૩૧ | જૂનાગઢ | ૨૩ | ૬ |
| ૩૨ | ગીરસોમનાથ | ૩૮ | ૦ |
| ૩૩ | અમરેલી | ૩૪ | ૦ |
| | **જિલ્લાનું કુલ** | **૨૦૯૮** | **૨૬૯** |
| ૧ | અમદાવાદ મહાનગરપાલિકા | ૦ | ૦ |
| ૨ | ગાંધીનગર મહાનગરપાલિકા | ૧ | ૦ |
| ૩ | વડોદરા મહાનગરપાલિકા | ૯ | ૦ |
| ૪ | સુરત મહાનગરપાલિકા | ૨૧૨ | ૧ |
| ૫ | રાજકોટ મહાનગરપાલિકા | ૧૭ | ૦ |
| ૬ | જામનગર મહાનગરપાલિકા | ૨૯ | ૦ |
| ૭ | ભાવનગર મહાનગરપાલિકા | ૦ | ૦ |
| ૮ | જૂનાગઢ મહાનગરપાલિકા | ૬૨ | ૧ |
| | **મહાનગરપાલિકાનું કુલ** | **૩૩૦** | **૨** |
| | **રાજ્યનું કુલ** | **૨૪૨૮** | **૨૭૧** |

**રાજ્યમાં જિલ્લાવાર આપઘાતના કેસો**

અતારાંકિતઃ ૭૨૨૧ (૦૯–૧૦–૨૦૨૦) **ગેનીબેન ઠાકોર** (વાવ) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર આપઘાત અને આપઘાતના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત બનાવો પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, અને

(૩) વિદ્યાર્થીઓના આપઘાત અને આપઘાતના પ્રયાસના મુખ્ય શા કારણો સામે આવ્યા ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૭–૦૨–૨૦૨૧)

(૧) * **પત્રક – ૧ થી ૫** મુજબ

(૨) * **પત્રક – ૬** મુજબ

(૩) (૧) પરીક્ષામાં નાપાસ થવાના કારણે (૨) માનસીક/શારીરિક બિમારીના કારણે (૩) સગાઈ ન થવાના કારણે (૪) લાંબી બિમારીના કારણે (૫) કૌટુંબીક કારણોસર (૬) પ્રેમ સબંધ બાબતે (૭) ઠપકો આપવાના કારણે (૮) અગમ્ય કારણોસર વિગેરે

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

**રાજ્યમાં જિલ્લાવાર આપઘાતના કેસો**

અતારાંકિતઃ ૭૨૨૭ (૦૯–૧૦–૨૦૨૦) **શ્રી ચંદનજી ઠાકોર** (સિદ્ધપુર) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર આપઘાત અને આપઘાતના પ્રયાસના કેટલા બનાવો નોંધાયા,

(૨) ઉક્ત બનાવો પૈકી જિલ્લાવાર, વર્ષવાર કેટલા વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે, અને

(૩) વિદ્યાર્થીઓના આપઘાત અને આપઘાતના પ્રયાસના મુખ્ય શા કારણો સામે આવ્યા?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૮–૦૨–૨૦૨૧)

(૧) * **પત્રક – ૧ થી ૫** મુજબ

(૨) * **પત્રક – ૬** મુજબ

(૩) (૧) પરીક્ષામાં નાપાસ થવાના કારણે (૨) માનસીક/શારીરિક બિમારીના કારણે (૩) સગાઈ ન થવાના કારણે (૪) લાંબી બિમારીના કારણે (૫) કૌટુંબીક કારણોસર (૬) પ્રેમ સબંધ બાબતે (૭) ઠપકો આપવાના કારણે (૮) અગમ્ય કારણોસર વિગેરે

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

**રાજ્યમાં આઈ.પી.સી. કલમ–૩૦૨ અને ૩૦૭ હેઠળ ગુના**

અતારાંકિતઃ ૭૪૮૦ (૨૧–૧૦–૨૦૨૦) **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં વર્ષવાર રાજ્યમાં જિલ્લાવાર આઈ.પી.સી.ની કલમ–૩૦૨ અને ૩૦૭ હેઠળના કેટલા ગુના નોંધાયા,

(૨) તે અંતર્ગત ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર, જિલ્લાવાર કેટલા ગુનેગારો પકડવામાં આવ્યા અને કેટલા ગુનેગારોને પકડવાના બાકી છે,

(૩) ઉક્ત પકડવાના બાકી ગુનેગારો પકડવા શા પગલાં લેવામાં આવ્યા?

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧
અતારાંકિત પ્રશ્નોની યાદી

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૦૮–૦૨–૨૦૨૧)

(૧) *** પત્રક – ૧ થી ૩** મુજબ

(૨) *** પત્રક – ૪ થી ૮** મુજબ

(૩) બાકી ગુનેગારોને પકડવા માટે આરોપીના સગાસબંધી તેમજ મિત્ર વર્તુળ જેવી આરોપી મળી આવે તેવી જગ્યાએ ખાનગી રાહે તપાસ કરવામાં આવે છે તેમજ તપાસ દરમિયાન આરોપીના નજીકના સગા મિત્રના મોબાઈલ નંબરો મેળવી તે નંબરોની કોલ ડીટેઈલ મેળવી શંકાસ્પદ નંબરો ટ્રેસ કરી તે દિશામાં તપાસ કરવામાં આવે છે તેમ છતાં આરોપી નહી મળી આવતા સી.આર.પી.સી. કલમ–૭૦, ૮૨, ૮૩ મુજબ કાર્યવાહી કરવામાં આવે છે.

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

**રાજ્યમાં પાસા હેઠળના કેસો બાબત**

અતારાંકિતઃ ૮૦૭૦ (૦૪–૧૨–૨૦૨૦) **શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર** (મહુધા) : માનનીય મુખ્યમંત્રીશ્રી (ગૃહ) જણાવવા કૃપા કરશે કે. :

(૧)તા. ૩૦–૧૦–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્યમાં ક્યા–ક્યા જિલ્લામાં પાસાના કેટલા કેસો કરવામાં આવ્યા,

(૨) તે પૈકી જિલ્લાવાર ફક્ત એક જ ફરિયાદ થયેલ હોય તેવા કેટલા ઈસમો સામે પાસા હેઠળ કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ પાસા લગાવ્યા પછી કેટલા ઈસમો અટકાયત હેઠળ છે ?

**મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) : (૨૭–૦૧–૨૦૨૧)

(૧) *** પત્રક – ૧** મુજબ

(૨) *** પત્રક – ૨** મુજબ

(૩) ૯૦૪

(* પત્રક સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

–––––––

**ખંભાત તાલુકામાં સીલીકોસીસ રોગથી કામદારોના મૃત્યુ**

અતારાંકિતઃ ૮૮૭૦ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર** (મોડાસા) : માનનીય શ્રમ અને રોજગાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ ખંભાત તાલુકામાં અકીક ઉદ્યોગમાં કામ કરતા કેટલા કામદારો ‘‘સીલીકોસીસ’’ રોગથી છેલ્લા ત્રણ વર્ષમાં મૃત્યુ પામ્યા ,

(૨) તે માટે ઉદ્યોગના માલિકો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવાયા, અને

(૩) સીલીકોસીસથી કામદારોને રક્ષણ પૂરૂ પાડવા શી વ્યવસ્થા કરાઈ છે ?

**શ્રમ અને રોજગાર મંત્રીશ્રી** : (૧૭–૦૨–૨૦૨૧)

(૧) શૂન્ય

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) આ રોગ સામે રક્ષણ આપવા માટે અધિકારીઓ દ્વારા કારખાના ધારા–૧૯૪૮ હેઠળ કારખાનામાં તપાસણીઓ કરવામાં પ્રિએમ્પ્લોયમેન્ટ અને એમ્પ્લોયમેન્ટ બાદ દર ૬ માસે તપાસણી કરવામાં આવે છે અને સર્ટીફાઇંગ સર્જન દ્વારા પણ તપાસણી કરવામાં આવે છે. કારખાનામાં ધુળને ઉડતી અટકાવવા માટે બંધ રૂમમાં આખી પ્રક્રિયા કરવામાં આવે છે તથા સમયાંતરે સલામતી માટેના તાલીમી કાર્યક્રમ તથા સ્વાસ્થ્યને સંબંધી કેમ્પનું આયોજન કરવામાં આવે છે.

–––––––

### સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટીકીટ, પાર્કિંગ અને અન્ય આવકની રકમ ગુમ થવા બાબત

અતારાંકિતઃ ૮૩૭૦ (૨૯-૧૨-૨૦૨૦) **શ્રી જશપાલસિંહ પઢીયાર** (પાદરા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૦૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટીકીટ, પાર્કીંગ અને અન્ય આવકની કેટલી રોકડ ગુમ થયેલ છે,

(૨) તે અન્વયે કયા જવાબદારો સામે શા પગલા લેવામાં આવ્યા,

(૩) તે પૈકી કેટલી રકમ પરત મેળવવામાં આવી અને કેટલી રકમ પરત મેળવવાની બાકી છે, અને

(૪) બાકી રકમ પરત મળે તે માટે શા પગલાં લેવામાં આવ્યા ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) : (૧૯-૦૨-૨૦૨૧)

(૧), (૨), (૩) અને (૪) કોઈ રકમ ગુમ થયેલ નથી.

-------

### નર્મદા યોજનાના સિંચાઈના પાણીનો લાભ

અતારાંકિતઃ ૮૪૨૮ (૨૯-૧૨-૨૦૨૦) **ડો. સી. જે. ચાવડા** (ગાંધીનગર ઉતર) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે. :

(૧)તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા યોજનાના સિંચાઈના પાણીનો કયા કયા જિલ્લાને લાભ મળતો નથી,

(૨) આવા જિલ્લાઓને પાણીનો લાભ ન આપવાના શા કારણો છે, અને

(૩) આ જિલ્લાઓને પાણીનો લાભ ક્યા સુધીમાં આપવામાં આવનાર છે ?

**નાયબ મુખ્યમંત્રીશ્રી** (નર્મદા) : (૧૯-૦૨-૨૦૨૧)

(૧), (૨), અને (૩) નર્મદા ટ્રીબ્યુનલ દ્વારા રાજ્યને કુલ ૦૯ મીલીયન એકર ફીટ પાણીનો જથ્થો ફાળવેલ છે અને તે પૈકી ૭.૯૪ મીલીયન એકર ફીટ પાણીનો સિંચાઈ માટે વપરાશ કરવાનુ આયોજન હોઈ, મર્યાદીત પાણીના જથ્થાને ધ્યાને લેતા, તથા ભુગર્ભ જળ સાથેના સંયુક્ત વપરાશ દ્વારા સિંચાઈનું આયોજન કરેલ હોઈ, તથા સમગ્ર યોજનાના પિયત વિસ્તારમાં શક્ય તેટલુ મહતમ ગેવિટી આધારીત સિંચાઈ કરવાનુ આયોજન હોઈ, ગુજરાત રાજ્યના કુલ ૩૩ જિલ્લા પૈકી તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ નર્મદા પિયત વિસ્તારમાં સમાવિષ્ટ તમામ ૧૭ જિલ્લામાં એટલે કે અમદાવાદ, આણંદ, બનાસકાંઠા, ભરૂચ, ભાવનગર, બોટાદ, છોટા ઉદેપુર, ગાંધીનગર, કચ્છ, ખેડા, મહેસાણા, મોરબી, નર્મદા, પંચમહાલ, પાટણ, સુરેન્દ્રનગર અને વડોદરાને સિંચાઈ માટે નર્મદાના પાણીનો લાભ આપવામાં આવે છે.

-------

### કચ્છ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન

અતારાંકિતઃ ૭૫૧૭ (૦૫-૦૯-૨૦૨૦) **શ્રીમતિ સંતોકબેન આરેઠીયા** (રાપર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કચ્છ જિલ્લામાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે, અને

(૩) આવી શરત ભંગ કરનારી સંસ્થાઓ સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવાયા છે ?

(૪) ઉક્ત સ્થિતિએ આવી કેટલી સંસ્થાઓને માફી અપાઈ અને તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૧૯-૦૨-૨૦૨૧)

(૧)

| ક્રમ | શૈક્ષણિક સંસ્થા | ફાળવેલ જમીન |
|---|---|---|
| ૧ | શ્રી દારૂલ ઉલુમ ફૈઝે અકબરી એજ્યુકેશનલ એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, લુણી | ૪૪૩૭ ચો.મી. |

(૨) શરતભંગ થયેલ નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

અતારાંકિતઃ ૭૫૮૩ (૧૦-૦૧-૨૦૨૧) **શ્રી વિક્રમભાઈ માડમ** (ખંભાળિયા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી (આરોગ્ય) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે,

(૩) આવી શરતભંગ કરનારી સંસ્થાઓ સામે ઉકત સ્થિતિએ શા પગલાં લેવાયા છે, અને

(૪) ઉકત સ્થિતિએ આવી કેટલી સંસ્થાઓને માફી અપાઈ અને તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૧૮-૦૨-૨૦૨૧)

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી ફાળવેલ સરકારી જમીનની વિગત સામેલ પત્રક મુજબ છે.

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં શરતભંગ ધ્યાને આવેલ નથી,

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**પત્રક**

**દેવભૂમિ દ્વારકા જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

| ક્રમ | તાલુકાનું નામ | ગામનું નામ | સરવે નંબર | ક્ષેત્રફળ (હે.) | ફાળવણી હુકમ નંબર | જે સંસ્થાને ફાળવેલ છે, તે સંસ્થાનું નામ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ભાણવડ | ધુમલી | ૧૮/૧/૧/પૈ.૧ | હે. ૦-૯૬-૯૪ ચો.મી. | તા. ૧૯-૨-૨૦૨૦, હુકમ ક્રમાંકઃ જમન/૧/વશી/૨૫૨/૨૦૨૦ | શ્રી યદુવંશી એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ |
| ૨ | કલ્યાણપુર | ઘતુરીયા | ૨૦૬/પૈકી ૨ | હે. ૧૨-૧૪-૦૫ ચો.મી. | તા. ૮-૧૦-૨૦૧૮, હુકમ ક્રમાંકઃ જમન/૨/વશી/૨૨૫૮/૨૦૧૮/ફા.નં. ૧૨૪ | શ્રી જવાહર નવોદય વિદ્યાલય |

-------

**છોટાઉદેપુર જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી સરકારી જમીન**

અતારાંકિતઃ ૭૬૩૬ (૨૮-૧૨-૨૦૨૦) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં છોટાઉદેપુર જિલ્લામાં કઈ શૈક્ષણિક સંસ્થાઓને કેટલી સરકારી જમીન ટોકન દર/ભાડાથી આપવામાં આવી છે,

(૨) તે પૈકી ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કઈ સંસ્થાઓએ શરતભંગ કરેલ છે, અને

(૩) આવી શરતભંગ કરનારી સંસ્થાઓ સામે ઉકત સ્થિતિએ શા પગલાં લેવાયા છે ?

(૪) ઉકત સ્થિતિએ આવી કેટલી સંસ્થાઓને માફી અપાઈ અને તેના કારણો શા છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૦૮-૦૨-૨૦૨૧)

(૧) ઉકત સ્થિતિએ છેલ્લા પાંચ વર્ષમાં કોઈ સરકારી જમીન શૈક્ષણિક સંસ્થાઓને ટોકન દર/ભાડાથી આપવામાં આવેલ નથી.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવેલ જમીન અન્વયે મહેસૂલ**

અતારાંકિતઃ ૮૪૨૦ (૦૧-૦૧-૨૦૨૧) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

ચૈત્ર ૩, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રમાણિક ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવવામાં આવેલ જમીન અન્વયે કેટલું જમીન મહેસૂલ વસૂલવાનું બાકી છે,

(૨) ઉકત જમીન મહેસૂલમાં કેટલી રકમ નિયમીત જમીન મહેસૂલની અને કેટલી રકમ જમીન મહેસૂલ અધિનિયમ–૧૮૭૯ની કલમ ૬૫–ખ ના ખંડ (૫) હેઠળ નિયત સમયમાં ઉત્પાદન કે સેવા શરૂ ન કરે તો વધારાના દર મુજબ કેટલી રકમ વસૂલવાની થાય છે,

(૩) ઉકત રકમ સમયસર ભરપાઈ ન કરતા હોઈ તેવા જિલ્લાવાર કેટલા ઈસમો સામે જમીન મહેસૂલના બાકી લેણા વસૂલવા શા પગલાં લીધાં, અને

(૪) ઉકત રકમ સમયસર વસુલાઈ તે માટે કોની કોની જવાબદારી થાય છે ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૧૮–૦૨–૨૦૨૧)

(૧) ઉકત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આવી જમીનનું મહેસૂલ વસૂલવાનું બાકીમાં નથી.

(૨) સાબરકાંઠા જિલ્લામાં આવા કેસોમાં કોઈ રકમ વસૂલ કરવાની બાકીમાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

**ગીર સોમનાથ જિલ્લામાં ફાળવવામાં આવેલ ગૌચર જમીનમાં શરતભંગ**

અતારાંકિતઃ ૮૯૧૬ (૧૬–૦૧–૨૦૨૧) **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : માનનીય મહેસૂલ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,

(૨) ફાળવવામાં આવેલ ગૌચર જમીનો પર ઉકત સ્થિતિએ કયા કિસ્સામાં શરતભંગ થયો,

(૩) શરતભંગ કરનારા સામે શા પગલાં લેવાયા, અને

(૪) શરતભંગ કરનારને ફાળવાયેલ ગૌચર જમીન પરત લેવા શી કાર્યવાહી કરવામાં આવી ?

**મહેસૂલ મંત્રીશ્રી** : (૨૦–૦૨–૨૦૨૧)

(૧)

| **ક્રમ** | **ફાળવવામાં આવેલ ગૌચરની જમીન (ચો.મી.)** | **હેતુ** |
|---|---|---|
| ૧ | ૨૬૬૦૦ ચો.મી. | ૬૬ કે.વી. સબ સ્ટેશન અને સ્ટાફ કવાટર્સ બનાવવા માટે |
| ૨ | ૧૨૦૦ ચો.મી. | પી.જી.વી.સી.એલ. કચેરી બનાવવા માટે |
| ૩ | ૩૦૦૦ ચો.મી. | સાયકલોન સેન્ટર બનાવવા માટે |
| ૪ | ૪૦૦૨ ચો.મી. | સુત્રાપાડા મુકામે કોર્ટ બિલ્ડીંગ માટે |
| ૫ | ૧૨૦૦૦૦ ચો.મી. | ડી.સેલીનેશન પ્લાન્ટ બનાવવા માટે |
| ૬ | ૧૧૨૫ ચો.મી. | પેટા આરોગ્ય કેન્દ્રના બાંધકામ માટે |
| ૭ | ૨૨૬૦ ચો.મી. | સરકારી માધ્યમિક શાળા માટે |
| ૮ | ૨૫૦૦ ચો.મી. | મહી આધારીત ગ્રુપ પાણી પુરવઠા યોજના અંતર્ગત સંપ તથા પંપ હાઉસ માટે |

(૨) ખંડ–૧ ની વિગતે ફાળવવામાં આવેલ ગૌચરની જમીન પર કોઈ શરતભંગ થયેલ નથી.

(૩) ખંડ–૨ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) ખંડ–૨ ની વિગતે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**વિજયનગર તાલુકામાં રસ્તો પહોળો કરવા બાબત**

અતારાંકિતઃ ૭૨૩૨ (૦૮-૧૦-૨૦૨૦) **શ્રી અશ્વિનભાઈ કોટવાલ** (ખેડબ્રહ્મા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકાના વિરપુર-ઈટાવડીથી ચિઠોડા સુધીના રસ્તાને પહોળો કરવાની તેમજ મજુબતીકરણનું કોઈ આયોજન છે કે કેમ,

(૨) જો હા, તો કેટલી રકમની મંજૂર મળેલ છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ સદર કામગીરી ક્યા તબક્કે છે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૧૯-૦૨-૨૦૨૧)

(૧), (૨) અને (૩) હાલ કોઈ આયોજન ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**રાજ્યમાં જિલ્લાવાર ગામો, ગામપરા અને પેટા પરાઓને પાકા ડામરના રસ્તાઓથી જોડવા બાબત**

અતારાંકિતઃ ૭૪૮૪ (૨૩-૧૦-૨૦૨૦) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં જિલ્લાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા ડામર રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા ડામર રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૧૯-૦૨-૨૦૨૧)

(૧) **પરિશિષ્ટ** મુજબ.

(૨) મંજૂર થયેલ ૩૩ પરાનાં કામો બનતી ત્વરાએ. બાકી રહેલા ગામ તથા પરા/પેટા પરાનાં કામો વસ્તીના આધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | પરા/પેટાપરાની સંખ્યા | જોડી શકાય તેવા ગામોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ખેડા | ૬૮ | - |
| ૨ | આણંદ | ૩૨ | - |
| ૩ | સાબરકાંઠા | ૭ | - |
| ૪ | અરવલ્લી | ૫૫ | - |
| ૫ | ગાંધીનગર | ૫ | - |
| ૬ | મહેસાણા | ૬ | - |
| ૭ | પાટણ | ૨૩ | - |
| ૮ | બનાસકાંઠા | ૫૧ | ૨ |
| ૯ | કચ્છ | ૨૯ | ૧ |
| ૧૦ | વડોદરા | ૭ | - |
| ૧૧ | છોટા ઉદેપુર | ૩ | ૪ |
| ૧૨ | પંચમહાલ | ૩૪ | - |
| ૧૩ | મહીસાગર | ૧૪૪ | - |
| ૧૪ | ભરૂચ | ૨ | - |

| | | | |
|---|---|---|---|
| ૧૫ | નર્મદા | ૧ | ૧ |
| ૧૬ | દ્વારકા | ૨૦ | – |
| ૧૭ | ભાવનગર | ૭ | – |
| | **કુલ** | **૪૯૪** | **૮** |

| **ક્રમ** | **જિલ્લો** | **ગામો ન જોડાવાનું કારણ** | **ન જોડી શકાય તેવા ગામોની સંખ્યા** |
|---|---|---|---|
| ૧ | ભરૂચ | બેટ | ૧ |
| ૨ | જામનગર | નેસ | ૨૩ |
| ૩ | જૂનાગઢ | નેસ | ૧૩ |
| ૪ | ગીર સોમનાથ | નેસ | ૧૧ |
| | | જંગલ વિસ્તાર | ૧૯ |
| ૫ | પોરબંદર | સુરક્ષિત અભ્યારણ્ય | ૩૦ |
| | | **કુલ** | **૯૭** |
| | | **કુલ–ગામો** | **૧૦૫** |

**તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ મંજૂર કામો.**

| **ક્રમ** | **જિલ્લો** | **તાલુકો** | **પેટા પરા/ફળીયાનું નામ** |
|---|---|---|---|
| ૧ | ખેડા | મહેમદાવાદ | સંતોષપુરા |
| ૨ | ખેડા | મહેમદાવાદ | ઈશ્વરપુરા |
| ૩ | ખેડા | મહુધા | કરશનપુરા |
| ૪ | ખેડા | મહુધા | જોગણીપુરા |
| ૫ | ખેડા | મહુધા | બુટ વિસ્તાર |
| ૬ | ખેડા | માતર | મગનપુરા |
| ૭ | ખેડા | નડીઆદ | ડડુપુરા |
| ૮ | ખેડા | નડીઆદ | ઘાંઘીયાપુરા |
| ૯ | ખેડા | નડીઆદ | લીંબડીયા કુઈ |
| ૧૦ | અરવલ્લી | મોડાસા | દરબારવાસ |
| ૧૧ | અરવલ્લી | મોડાસા | મોરી |
| ૧૨ | અરવલ્લી | મેઘરજ | ચમવાડા |
| ૧૩ | અરવલ્લી | બાયડ | પેન્ટપુરા |
| ૧૪ | અરવલ્લી | બાયડ | પાતેરાના મુવાડા |
| ૧૫ | બનાસકાંઠા | દાંતા | ખાઈવાડ પરા |
| ૧૬ | બનાસકાંઠા | અમીરગઢ | જાબુંપાણી |
| ૧૭ | બનાસકાંઠા | કાંકરેજ | પાલીયાપરા |
| ૧૮ | બનાસકાંઠા | કાંકરેજ | હનુમાનપુરા |
| ૧૯ | પાટણ | પાટણ | સદાણપુરા |
| ૨૦ | ગાંધીનગર | કલોલ | ચાંદના પરા |
| ૨૧ | ભરૂચ | જંબુસર | આંધીવગા |
| ૨૨ | ભરૂચ | જંબુસર | વારસીંગવગા |
| ૨૩ | પંચમહાલ | કાલોલ | શંકરપુર |
| ૨૪ | મહીસાગર | લુણાવાડા | દેવાના મુવાડા |
| ૨૫ | મહીસાગર | લુણાવાડા | રતેડાના મુવાડા ફ. |
| ૨૬ | મહીસાગર | લુણાવાડા | ડામોરની મુવાડી |
| ૨૭ | મહીસાગર | કડાણા | બેટ ફળિયા |
| ૨૮ | દેવભૂમિ દ્વારકા | ભાણવડ | નવાસણખલા |
| ૨૯ | ભાવનગર | પાલીતાણા | ભુતીયાપરા |

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧
અતારાંકિત પ્રશ્નોની યાદી

| ક્રમ | જિલ્લો | તાલુકો | પેટા પરા/ફળીયાનું નામ |
|---|---|---|---|
| ૩૦ | ભાવનગર | તળાજા | બાખલકાપરા |
| ૩૧ | ભાવનગર | મહુવા | કાદીએરીયા |
| ૩૨ | ભાવનગર | મહુવા | ભીમનાથ |
| ૩૩ | ભાવનગર | મહુવા | કુંડળ |

-------

**દાહોદ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૭૯ (૧૫-૦૩-૨૦૨૧) **શ્રી ભાવેશભાઈ કટારા** (ઝાલોદ) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ દાહોદ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૨૦-૦૨-૨૦૨૧)

(૧) અને (૨) દાહોદ જિલ્લામાં તમામ ગામો, ગામના પરા કે પેટા પરાઓ પાકા રસ્તાઓથી જોડાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**છોટા ઉદેપુર જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ**

અતારાંકિતઃ ૯૨૮૫ (૧૫-૦૩-૨૦૨૧) **શ્રી મોહનસિંહ રાઠવા** (છોટાઉદેપુર) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છોટા ઉદેપુર જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૨૦-૦૨-૨૦૨૧)

(૧) **પરિશિષ્ટ**-મુજબ.

(૨) બાકી રહેતા પરા/પેટા પરાનાં કામો વસ્તીના આધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | તાલુકો | ગામ | ગામના પરા/પેટા પરા |
|---|---|---|---|
| ૧ | છોટાઉદેપુર | - | - |
| ૨ | કવાંટ | - | ૧ |
| ૩ | જેતપુરપાવી | - | - |
| ૪ | બોડેલી | - | ૨ |
| ૫ | સંખેડા | - | - |
| ૬ | નસવાડી | ૫ | - |
| ૭ | **કુલ** | **૫** | **૩** |

-------

### વડોદરા જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ

અતારાંકિતઃ ૯૨૯૧ (૧૫–૦૩–૨૦૨૧) **શ્રી જશપાલસિંહ પઢિયાર** (પાદરા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૨૦–૦૨–૨૦૨૧)

(૧) **પરિશિષ્ટ**–મુજબ.

(૨) બાકી રહેતા પરા/પેટા પરાનાં કામો વસ્તીના આધારે તાંત્રિક જરૂરિયાત અને આંતરિક અગ્રતા અનુસાર.

**પરિશિષ્ટ**

| ક્રમ | જિલ્લો | તાલુકો | ગામ | ગામના પરા/પેટા પરા |
|---|---|---|---|---|
| ૧ | વડોદરા | સાવલી | – | ૫ |
| | | પાદરા | – | ૨ |
| | **કુલ** | | – | **૭** |

–––––––

### નવસારી અને સુરત જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ

અતારાંકિતઃ ૯૨૯૭ (૧૫–૦૩–૨૦૨૧) **શ્રી અનંતકુમાર પટેલ** (વાંસદા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ નવસારી અને સુરત જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૨૦–૦૨–૨૦૨૧)

(૧) અને (૨) } નવસારી અને સુરત જિલ્લામાં તમામ ગામો, ગામના પરા કે પેટા પરાઓ પાકા રસ્તાઓથી જોડાયેલ હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

### દાહોદ અને વલસાડ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ

અતારાંકિતઃ ૯૩૦૦ (૧૫–૦૩–૨૦૨૧) **શ્રીમતી ચંદ્રિકાબેન બારીયા** (ગરબાડા) : માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ દાહોદ અને વલસાડ જિલ્લામાં તાલુકાવાર કેટલા ગામો, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી જોડવાના બાકી છે, અને

(૨) ઉક્ત ગામ, ગામના પરા અને પેટા પરાઓને પાકા રસ્તાઓથી ક્યાં સુધીમાં જોડવામાં આવશે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૨૦–૦૨–૨૦૨૧)

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

(૧) અને (૨) } પ્રશ્ન દાહોદ અને વલસાડ જિલ્લામાં તમામ ગામો, ગામના પરા કે પેટા પરાઓ પાકા રસ્તાઓથી જોડાયેલ હોઈ ઉપસ્થિત થતો નથી.

-------

**અમદાવાદ-વિરમગામ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયા ટોલ રોડને રીસરફેસ કરવા બાબત**

અતારાંકિતઃ ૯૪૬૧ (૨૯-૦૧-૨૦૨૧) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી(માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજય હસ્તકના અમદાવાદ-વિરમગામ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયા ટોલ રોડ આઠ વર્ષે રીસરફેઈસ કરવાની જોગવાઈ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉપરોકત રોડની કામગીરી કયારે પૂર્ણ થયેલ છે,

(૩) ઉકત સ્થિતિએ ઉકત રોડને છેલ્લે કયારે રીસરફેઈસ કરવામાં આવેલ છે, અને

(૪) જો ઉકત રોડને રીસરફેઈસ ના કરવામાં આવેલ હોય તો તેના કારણો શા છે ?

**નાયબ મુખ્ય મંત્રીશ્રી** (માર્ગ અને મકાન) : (૧૮-૦૨-૨૦૨૧)

(૧) અને (૨) } ખાનગીકરણ ધોરણે વિકસાવવામાં આવેલ અમદાવાદ-વિરમગામ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયા ટોલ રોડને આઠ વર્ષે રીસરફેઈસ કરવાની જોગવાઈ ન હોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) અને (૪) } અમદાવાદ-વિરમગામ-ધ્રાંગધ્રા-હળવદ-માળીયા ટોલ રોડની કામગીરી કન્સેશનર દ્વારા વર્ષ-૨૦૧૨માં પૂર્ણ કર્યા બાદ રસ્તાની આખી લંબાઈને રીસરફેસ કરવામાં આવેલ નથી. પરંતુ સ્વતંત્ર ઈજનેર દ્વારા રસ્તાની જેટલી લંબાઈમાં સપાટી નુકસાનગ્રસ્ત થાય તેનો અહેવાલ રજૂ થયેથી તેટલી લંબાઈમાં કન્સેશનર દ્વારા રસ્તાની સપાટીની મરામતની કામગીરી હાથ ધરવામાં આવે છે.

-------

**રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચાર બદલ સહાય**

અતારાંકિતઃ ૮૨૮૮ (૦૮-૦૧-૨૦૨૧) **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ રાજકોટ અને જૂનાગઢ જિલ્લામાં જિલ્લાવાર અનુસૂચિત જાતિના લોકો પર અત્યાચારો બદલ ચૂકવવાપાત્ર કેટલી સહાય ચૂકવવાની બાકી છે,

(૨) ઉકત સહાય પૈકી કેટલી સહાય એક વર્ષ, કેટલી સહાય બે વર્ષ અને કેટલી સહાય ત્રણ વર્ષ કરતા વધુ સમયથી ચૂકવવાની બાકી છે,

(૩) આ સહાય ચૂકવવાની બાકી રહેવાના શા કારણો છે, અને

(૪) બાકી સહાય કયાં સુધીમાં ચૂકવવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૧૮-૦૨-૨૦૨૧)

(૧)

(A) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ, રાજકોટ જિલ્લામાં એક બળાત્કાર તથા એક મહાવ્યથાના ગુન્હામાં અનુક્રમે રૂ. ૩,૭૫,૦૦૦/- તથા રૂ. ૩,૦૦,૦૦૦/- આમ કુલ રૂ. ૬,૭૫,૦૦૦ ચૂકવવાના બાકી છે.

(B) જૂનાગઢ જિલ્લામાં એક બળાત્કાર તથા એક મૃત્યુના ગુન્હામાં અનુક્રમે રૂ. ૩,૭૫,૦૦૦/- તથા રૂ. ૫,૬૨,૫૦૦/- આમ કુલ રૂ. ૯,૩૭,૫૦૦/- ચૂકવવાના બાકી છે.

(૨)

(A) રાજકોટ જિલ્લામાં એક વર્ષ, બે વર્ષ અને ત્રણ વર્ષ કરતા વધુ સમયથી કોઈ સહાય ચૂકવવાની બાકી નથી.

(B) જૂનાગઢ જિલ્લામાં એક વર્ષથી વધુ સમયથી કોઈ સહાય ચૂકવવાની બાકી નથી. બે વર્ષથી વધુ સમયથી એક બળાત્કારના ગુન્હામાં રૂ. ૩,૭૫,૦૦૦/- ચૂકવવાના બાકી છે અને ત્રણ વર્ષથી વધુ સમયથી એક મૃત્યુના ગુન્હામાં રૂ. ૫,૬૨,૫૦૦/- ચૂકવવાના બાકી છે.

(૩)

(A) રાજકોટ–બળાત્કારના ગુન્હામાં ભોગ બનનાર નારી સુરક્ષા ગૃહમાં રહેતા હોય તેમની પાસે કોઈપણ પ્રકારના ડોકયુમેન્ટ ન હોય સહાય ચૂકવવાના બાકી છે. અન્ય બનાવમાં મહાવ્યથાનો બનાવ હોય ભોગ બનનાર સામે ક્રોસ ફરીયાદ હોય નાસતા ફરતા હોય મળી આવેલ નથી. જેથી સહાય ચૂકવવાના બાકી છે.

(B) જૂનાગઢ–બળાત્કારના ગુન્હામાં CMA No. 20537/18 થી રીટ દાખલ કરેલ છે જયાં સુધી આ બાબતનો નિકાલ ન આવે ત્યાં સુધી કાર્યવાહી ન કરવા પર બાકી હોય સહાય ચૂકવવાની બાકી છે. છેલ્લી તા. ૦૭–૦૭–૨૦૨૦ હતી. કોરોના સંદર્ભે નવી તારીખ આવેલ નથી. મૃત્યુના ગુન્હામાં CMA No. 3742/15 થી FIR રદ કરવા રીટ થયેલ છે ચાર્જશીટ બાકી છે. છેલ્લી તા. ૦૯–૦૪–૨૦૨૦ હતી. કોરોના સંદર્ભે નવી તારીખ આવેલ નથી.

(૪)

(A) રાજકોટ–બળાત્કારના બનાવમાં ભોગ બનનાર તરફથી જાતિ દાખલો, બેંક એકાઉન્ટ વગેરે ડોક્યુમેન્ટ પુરા પાડવામાં આવ્યેથી સહાય ચૂકવવામાં આવશે જયારે મહાવ્યથાના બનાવમાં ભોગ બનનાર મળી આવે ત્યારે ડોકયુમેન્ટ રજૂ કર્યેથી સહાય ચૂકવવામાં આવશે.

(B) જૂનાગઢ–બળાત્કાર તથા મૃત્યુના ગુન્હામાં ગુજરાત હાઈકોર્ટમાં થયેલ ક્રિમીનલ મીસ એપ્લીકેશનનો નિકાલ આવ્યા બાદ નામ. હાઈકોર્ટ જે હુકમ કરશે તે પ્રમાણે કાર્યવાહી કરવામાં આવશે.

–––––––

## લઘુમતી કલ્યાણ માટેના ૧૫ મુદ્દા કાર્યક્રમનું અમલીકરણ

અતારાંકિતઃ ૮૬૩૨ (૦૫–૦૧–૨૦૨૧) **શ્રી નિરંજન પટેલ** (પેટલાદ) : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) લઘુમતી કલ્યાણ માટેના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અમલીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા સમિતિઓ રચવા ભલામણ કરાયેલ છે અને સરકાર દ્વારા રાજ્ય કક્ષાની અને જિલ્લા કક્ષાની સમિતિઓની રચના કરવાનું વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦–૦૯–૨૦૨૦ની સ્થિતિએ આ વિચારણા કયા તબક્કામાં છે, અને

(૩) રાજ્યકક્ષાની અને જિલ્લા કક્ષાની સમિતિઓની રચના ક્યાં સુધીમાં કરવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૧૯–૦૨–૨૦૨૧)

(૧) લઘુમતી કલ્યાણ માટેના ૧૫ મુદ્દાના કાર્યક્રમ અમલીકરણ માટે કેન્દ્ર સરકાર દ્વારા સમિતિઓ રચવા ભલામણ કરાયેલ જે અન્વયે રાજ્યકક્ષાની સમિતિ તથા તમામ જિલ્લામાં જિલ્લાકક્ષાની સમિતિની રચના કરવામાં આવેલ છે. જેથી વિચારણા હેઠળ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૨) અને (૩) રાજ્યકક્ષાની સમિતિ તથા તમામ જિલ્લામાં જિલ્લાકક્ષાની સમિતિની રચના કરવામાં આવેલ હોય, પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

## રાજ્યમાં વસતા પરપ્રાંતિય લોકોને બક્ષીપંચના લાભો

અતારાંકિતઃ ૮૬૦૬ (૦૫–૦૧–૨૦૨૧) **શ્રી હર્ષદકુમાર રીબડીયા** (વિસાવદર) તેરમી ગુજરાત વિધાનસભામાં છઠ્ઠા સત્રમાં તા. ૨૪–૦૩–૨૦૧૫ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક–૧૭૮૭૭ (અગ્રતા–૧૪૬)ના અનુસંધાને : માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) રાજ્યમાં વસતા પરપ્રાંતિય લોકોને બક્ષીપંચના લાભો મળે તે બાબતની દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦–૦૬–૨૦૨૦ની સ્થિતિએ વિચારણા કયા તબક્કે છે અને શો નિર્ણય લેવાયો છે, અને

(૩) તેનો અમલ ક્યારે શરૂ કરવામાં આવનાર છે ?

**સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** : (૧૮–૦૨–૨૦૨૧)

(૧) હા, જી.

(૨) બાબત વિચારણા હેઠળ હોઈ આખરી નિર્ણય લેવાયેલ નથી.

(૩) બાબત વિચારણા હેઠળ હોઈ, અમલ અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

–––––––

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નોની યાદી

**રાજ્યમાં વાહનોમાં ગેરકાયદેસર એર હોર્ન મૂકવા પર પ્રતિબંધ**

અતારાંકિતઃ ૮૧૯૧ (૨૩-૧૨-૨૦૨૦) **શ્રી અજીતસિંહ ચૌહાણ** (બાલાસિનોર) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) રાજ્યમાં વાહનોમાં એર હોર્ન મૂકવા પર પ્રતિબંધ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં જિલ્લાવાર ગેરકાયદે એર હોર્ન મૂકાયેલા હોય તેવા કેટલા વાહનો પકડવામાં આવ્યા અને શી કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) વાહનોમાં એરહોર્ન ન મૂકવામાં આવે અને એર હોર્ન મૂકાયેલા વાહનોને શોધી કાઢવા માટે શાં પગલા લેવામાં આવ્યા ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૧૯-૦૨-૨૦૨૧)

(૧) હા, જી.

(૨) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં રાજ્યમાં ગેરકાયદેસર એર હોર્ન મૂકાયેલા હોય જેની જિલ્લાવાર વિગતો નીચે મુજબ છે. :

| ક્રમ | કચેરી | કેસ | વસૂલવામાં આવેલ રકમ |
|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ૪૧૧ | ૪૬૬૦૦૦/- |
| ૨ | મહેસાણા | ૦ | ૦ |
| ૩ | રાજકોટ | ૯૫ | ૧૧૪૦૦૦/- |
| ૪ | ભાવનગર | ૧૦૭ | ૧૦૭૦૦૦/- |
| ૫ | સુરત | ૪૦૮ | ૬૭૧૫૦૦/- |
| ૬ | વડોદરા | ૧૧ | ૧૩૦૦૦/- |
| ૭ | નડિયાદ | ૦ | ૦ |
| ૮ | પાલનપુર | ૩૮ | ૩૭૦૦૦/- |
| ૯ | હિંમતનગર | ૦ | ૦ |
| ૧૦ | જામનગર | ૫૦ | ૭૪૦૦૦/- |
| ૧૧ | જૂનાગઢ | ૨૮૪ | ૫૯૪૮૦૦/- |
| ૧૨ | ભુજ | ૧૧૯ | ૧૫૩૦૦૦/- |
| ૧૩ | સુરેન્દ્રનગર | ૩૬ | ૬૬૦૦૦/- |
| ૧૪ | અમરેલી | ૪૬ | ૪૬૦૦૦/- |
| ૧૫ | વલસાડ | ૬૪ | ૯૩૦૦૦/- |
| ૧૬ | ભરૂચ | ૦ | ૦ |
| ૧૭ | ગોધરા | ૦ | ૦ |
| ૧૮ | ગાંધીનગર | ૦ | ૦ |
| ૧૯ | દાહોદ | ૦ | ૦ |
| ૨૦ | નવસારી | ૪૭ | ૮૩૦૦૦/- |
| ૨૧ | રાજપીપળા | ૦ | ૦ |
| ૨૨ | આણંદ | ૩૮ | ૫૮૦૦૦/- |
| ૨૩ | પાટણ | ૩૫ | ૧૩૪૦૦/- |
| ૨૪ | પોરબંદર | ૯૨ | ૧૫૭૦૦૦/- |
| ૨૫ | તાપી | ૦૯ | ૪૫૦૦૦/- |
| ૨૬ | ડાંગ | ૦ | ૦ |
| ૨૭ | મોડાસા | ૦ | ૦ |
| ૨૮ | વેરાવળ | ૮૧ | ૧૦૮૭૦૦/- |
| ૨૯ | બોટાદ | ૧૪ | ૨૦૦૦/- |
| ૩૦ | છોટાઉદેપુર | ૦ | ૦ |
| ૩૧ | લુણાવાડા | ૦ | ૦ |
| ૩૨ | મોરબી | ૦૨ | ૨૦૦૦/- |
| ૩૩ | દેવભૂમિ દ્વારકા | ૨૬ | ૩૮૦૦૦/- |

(૩) કેન્દ્રીય મોટર વાહન નિયમો, ૧૯૮૯ના નિયમ ૧૧૯ મુજબ ધ્વનિ પ્રદૂષણ કરતા એર હોર્ન માન્ય નથી. જેના ભંગ બદલ ચેકિંગ સંબંધી દંડનીય કાર્યવાહી પોલીસ તેમજ મોટર વાહન ખાતા દ્વારા કરવામાં આવે છે.

-------

ચૈત્ર ૩, ૧૯૪૩ શાકે

અતારાંકિત પ્રશ્નોની યાદી

**અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ટેક્સી વાહનોમાં 'ગર્વમેન્ટ ઓફ ગુજરાત' લખવાની ફરિયાદ**

અતારાંકિતઃ ૮૭૮૯ (૦૭-૦૧-૨૦૨૧) **શ્રી કાંતીભાઈ સોઢા પરમાર** (આણંદ) : માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે. :

(૧) તા. ૩૦-૦૯-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા ૩ વર્ષમાં અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ટેક્સી વાહનો 'ગર્વમેન્ટ ઓફ ગુજરાત' શબ્દ લખાવીને લાંબા સમયથી ફરી રહ્યા છે તેનું ચેકીંગ કરી કેટલા વાહનો પકડવામાં આવ્યા, અને

(૨) તેના માલિકો સામે શી કાર્યવાહી થઈ ?

**વાહન વ્યવહાર મંત્રીશ્રી** : (૧૯-૦૨-૨૦૨૧)

(૧) શૂન્ય.

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

-------

**અતારાંકિત યાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો**

| ક્રમ | વિભાગનું નામ | પ્રશ્ન ક્રમાંક | કુલ |
|---|---|---|---|
| ૧ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ | ૮૧૧૩, ૮૨૨૨, ૮૩૬૧, ૮૩૯૩, ૮૪૨૭, ૮૪૪૦, ૮૪૮૮, ૮૬૦૫, ૮૬૨૩ | ૦૯ |
| ૨ | શિક્ષણ વિભાગ | ૬૧૦૪, ૬૯૦૧, ૭૦૨૦ | ૦૩ |
| ૩ | અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો વિભાગ | ૭૨૫૫, ૮૦૭૭ | ૦૨ |
| ૪ | વન અને પર્યાવરણ વિભાગ | ૭૭૪૯, | ૦૧ |
| ૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ૭૨૫૦, ૭૨૮૫, ૭૨૮૭, ૭૬૦૩, ૭૮૬૮, ૭૮૮૧, ૮૨૩૫, ૮૫૬૬, ૮૭૦૫, ૮૮૦૦ | ૧૦ |
| ૬ | ગૃહ વિભાગ | ૭૨૨૧, ૭૨૨૭, ૭૪૮૦, ૮૦૭૦ | ૦૪ |
| ૭ | શ્રમ અને રોજગાર વિભાગ | ૮૮૭૦ | ૦૧ |
| ૮ | નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | ૮૩૭૦, ૮૪૨૮ | ૦૨ |
| ૯ | મહેસૂલ વિભાગ | ૭૫૧૭, ૭૫૮૩, ૭૬૩૬, ૮૪૨૦, ૮૯૧૬ | ૦૫ |
| ૧૦ | માર્ગ અને મકાન વિભાગ | ૭૨૩૨, ૭૪૮૪, ૯૨૭૯, ૯૨૮૫, ૯૨૯૧, ૯૨૯૭, ૯૩૦૦, ૯૪૬૧ | ૦૮ |
| ૧૧ | સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ | ૮૨૮૮, ૮૬૩૨, ૮૬૦૬ | ૦૩ |
| ૧૨ | બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૮૧૯૧, ૮૭૮૯ | ૦૨ |
| | | **કુલ** | **૫૦** |

-------

**તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત ( નિયમ-૧૧૬ )**

શ્રી પુંજાભાઇ ભી. વંશ (ઉના) : માનનીય સભ્યશ્રી- ગેરહાજર

**બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલની રજૂઆત**

શ્રી શ્રી જગદીશ ઇ. પટેલ : (સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું બિન-સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિનો તેરમો અહેવાલ રજૂ કરું છું.

**અહેવાલ રજૂ કરવામાં આવ્યો.**

**બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી/ સભ્યશ્રીનો પ્રસ્તાવ**

શ્રી શ્રી જગદીશ ઇ. પટેલ (સમિતિના સભ્યશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે આ સભાગૃહ બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલ સાથે સંમત થાય.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને વિના વિરોધે મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : આજે મારે આપ સૌને અભિનંદન આપવા છે. આજે જે રીતે પ્રશ્નકાળ સમયમાં શાંતિ જાળવી છે અને પ્રશ્નના જવાબો પણ થોડા થોડા ટૂંકા આપવાનો પ્રયાસ થયો છે એ બદલ અભિનંદન.

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

**માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)**

માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઈમેન્ટ ચેઈન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ

**માહિતી અને પ્રસારણ વિભાગ**

**માગણી ક્રમાંક- ૫૪**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(માહિતી અને પ્રસારણ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું માહિતી અને પ્રસારણ સેવાને લગતી માહિતી અને પ્રસારણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૩૧,૦૬,૦૭,૦૦૦ /-ની માગણી ક્રમાંક- ૫૪ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૫૪ રજૂ કરવામાં આવી.**

શ્રી લાખાભાઇ ભી. ભરવાડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧ રજૂ કરવામાં આવી.

શ્રીમતી સંતોકબેન ભ. આરેઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૨ રજૂ કરવામાં આવી.

શ્રી જશુભાઇ શી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૪ રજૂ કરવામાં આવી.

શ્રી કાંતિભાઇ સોઢાપરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૬ રજૂ કરવામાં આવી.

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૭ રજૂ કરવામાં આવી.

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૮ રજૂ કરવામાં આવી.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૯ રજૂ કરવામાં આવી.

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૦ રજૂ કરવામાં આવી.

શ્રી નિરંજન પુ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૧ રજૂ કરવામાં આવી.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૨ રજૂ કરવામાં આવી.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંકઃ ૧૩ રજૂ કરવામાં આવી.

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૪ રજૂ કરવામાં આવી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ સેવાને લગતી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૩,૦૭,૧૭,૫૯,૦૦૦ ની માગણી ક્રમાંકઃ ૮૯ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૮૯ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક-૧૫ રજૂ કરવામાં આવી.

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૬ રજૂ કરવામાં આવી.

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક- ૧૭ રજૂ કરવામાં આવી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા(કલાઇમેટ ચેઇન્જ વિભાગનો હવાલો ધરાવતા મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું કલાઇમેટ ચેઇન્જ વિભાગ સેવાને લગતી કલાઇમેટ ચેઇન્જ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂપિયા ૧,૨૮,૬૫,૦૦૦/-ની માગણી ક્રમાંક-૧૦૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક - ૧૦૭ રજૂ કરવામાં આવી.**

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક-૧૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક -૧૮ રજૂ કરવામાં આવી.

ચૈત્ર ૩, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૧૯ રજૂ કરવામાં આવી.

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૨૧ રજૂ કરવામાં આવી.

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૨૨ રજૂ કરવામાં આવી

**શિક્ષણ વિભાગ**

**માગણી નં. ૯**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા (શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૨,૯૮,૮૦,૫૭,૧૮,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૪,૩૧,૮૮,૯૬,૦૦૦/–ની માગણી નં. ૯ રજૂ કરું છું.

**માગણી નં. ૯ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૨૫ રજૂ કરવામાં આવી

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૨૭ રજૂ કરવામાં આવી

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૨૯ રજૂ કરવામાં આવી

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩૦ રજૂ કરવામાં આવી

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩૧ રજૂ કરવામાં આવી

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩૩ રજૂ કરવામાં આવી

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩૪ રજૂ કરવામાં આવી

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા :માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩૫ રજૂ કરવામાં આવી

શ્રી સુખરામભાઇ હ. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩૭ રજૂ કરવામાં આવી

શ્રી વિમલભાઇ કા. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૩૮ રજૂ કરવામાં આવી

શ્રી અજીતસિંહ પ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૦ રજૂ કરવામાં આવી

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૧ રજૂ કરવામાં આવી

શ્રીમતી ચંદ્રીકાબેન છ.બારીયા :માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૨ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૨ રજૂ કરવામાં આવી

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૩ રજૂ કરવામાં આવી

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૪ રજૂ કરવામાં આવી

શ્રી પ્રવિણભાઇ ન. મુસડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૫ રજૂ કરવામાં આવી

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૬ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૬ રજૂ કરવામાં આવી

શ્રી ભીખાભાઇ ગ. જોષી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૭ રજૂ કરું છું.

તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૭ રજૂ કરવામાં આવી

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૪૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૪૯ રજૂ કરવામાં આવી

શ્રી ઇન્દ્રજીતસિંહ ન. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૦ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૦ રજૂ કરવામાં આવી

શ્રી વજેસિંગભાઇ પા. પણદા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૧ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૧ રજૂ કરવામાં આવી

**માગણી નં. ૧૦**

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા ( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું શિક્ષણ વિભાગને લગતું અન્ય ખર્ચ સેવાને લગતી શિક્ષણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧,૪૮,૪૧,૦૦૦/– તથા મૂડી ખર્ચ માટેની રૂ. ૪૫,૭૦,૦૧,૦૦૦/–ની માગણી નં. ૧૦ રજૂ કરું છું.

**માગણી નં. ૧૦ રજૂ કરવામાં આવી.**

**કાયદા વિભાગ**

**માગણી નં. ૬૦**

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું ન્યાયતંત્રનો વહીવટ સેવાને લગતી કાયદા વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ. ૧૦,૫૩,૪૧,૯૮,૦૦૦/–ની માગણી નં. ૬૦ રજૂ કરું છું.

**માગણી નં. ૬૦ રજૂ કરવામાં આવી.**

શ્રી કાન્તિભાઇ શા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૩ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૩ રજૂ કરવામાં આવી

શ્રી રાજેશકુમાર હ. ગોહિલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૪ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૪ રજૂ કરવામાં આવી

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૫ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૫ રજૂ કરવામાં આવી

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૭ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૭ રજૂ કરવામાં આવી

ડો. અનિલ જોષિયારા : : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૮ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૮ રજૂ કરવામાં આવી

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫૯ રજૂ કરું છું.

કાપ દરખાસ્ત ક્રમાંક –૫૯ રજૂ કરવામાં આવી.

**કાપ દરખાસ્તોની એકત્રિત યાદી**

| **અ.નં** | **મુખ્ય સદર અને સંદર્ભ** | **કાપ દરખાસ્ત રૂ.** | **વિષય** | **પ્રભારી સભ્યશ્રી** |
|---|---|---|---|---|
| **૧** | **૨** | **૩** | **૪** | **૫** |
| | | **માહિતી અને પ્રસારણ વિભાગ**<br>**માગણી નં. ૫૪** | | |
| ૧ | ૨૨૨૦– માહિતી અને પ્રચાર<br>૦૧– ચલચિત્રો<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– માહિતી....કચેરી<br>રૂ.૨૪,૮૩,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાના નં.૧૬ અને ૧૭ | ૧૦૦ | સરકારી જાહેરાતો પાછળ થતા બિનજરૂરી ખર્ચાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લાખાભાઇ ભરવાડ |
| ૨ | – – " – – | ૧૦૦ | વિભાગ હસ્તકની જિલ્લા કચેરીઓનો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી સંતોકબેન આરેઠીયા |
| *૩ | – – " – – | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને આપવામાં આવતી જૂની નીતિ આધારીત સબસિડી યોજનાને બદલે નવી નીતિ મુજબ ચૂકવેલ સબસિડીમાં થયેલ | ડો. સી. જે. ચાવડા |

| | | | | |
|---|---|---|---|---|
| | | | ગેરરીતિ માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૪ | – – " – – | ૧૦૦ | ગુજરાતી ફિલ્મોને નિયમો વિરૂદ્ધ લાભ આપવા માટે મેક્રો લેવલ કમિટીની તપાસ કરી, જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશુભાઈ પટેલ |
| *૫ | – – " – – | ૧૦૦ | ફિલ્મ નિર્માતાઓને મળવાપાત્ર સબસિડીનો લાભ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૬ | – – " – – | ૧૦૦ | માહિતી પ્રસારણ દ્વારા લોકડાઉનની જાહેરાતના અમલીકરણ માટે બ્રાન્ડ એમ્બેસેડરની નિમણૂકો બાદ એડ ફિલ્મને ચૂકવાયેલ રકમની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાંતિભાઈ સોઢાપરમાર |
| ૭ | ૨૨૨૦– માહિતી અને પ્રચાર<br>૦૧– ચલચિત્રો<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– માહિતી....કચેરી<br>રૂ.૨૪,૮૩,૫૭,૦૦૦<br>અં.પ્ર.નં.૧૪<br>પાના નં.૧૬ અને ૧૭ | ૧૦૦ | લોકડાઉનની જાહેરાતના અમલીકરણ માટે બનાવવામાં આવેલ એડફિલ્મના બ્રાન્ડ એમ્બેસેડરો દ્વારા જાહેરમાં તેનો ભંગ કરવાના બનાવો સામે ફિલ્મ માટે ચૂકવેલ રકમ પરત લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૮ | – – " – – | ૧૦૦ | માહિતી કચેરી દ્વારા જરૂરિયાત કરતાં વધુ પ્રમાણમાં છપાતા સાહિત્યનો બિનજરૂરી ખર્ચ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૯ | – – " – – | ૧૦૦ | માહિતી કચેરી દ્વારા છપાયેલા પરંતુ ગોડાઉનોમાં વિના વિતરણ પડી રહેલ સાહિત્ય માટે ઓચિંતી તપાસ કરી જવાબદારો સામે પગલાં ભરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગ્યાસુદ્દીન શેખ |
| ૧૦ | – – " – – | ૧૦૦ | ગુજરાતી અંકોમાં આમજનતાને હકીકતલક્ષી પૂરતી વિગતો આપવાના બદલે ઉદ્ઘાટન પ્રસંગોના વર્ણનો છાપવા પાછળ થતાં બિનજરૂરી ખર્ચાઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| ૧૧ | – – " – – | ૧૦૦ | સરકારી યોજનાઓની હકીકતલક્ષી માહિતી પ્રસિદ્ધ કરી તેની અસરકારકતા વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નિરંજન પટેલ |
| ૧૨ | – – " – – | ૧૦૦ | જુદા જુદા હોર્ડીંગ્સો દ્વારા પ્રચાર કરાયા બાદ સમયસર તેને ઉતારી લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સંજયભાઈ સોલંકી |
| ૧૩ | – – " – – | ૧૦૦ | વિરોધપક્ષોએ કરેલ ટીપ્પણીઓ પ્રસિદ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| ૧૪ | – – " – – | ૧૦૦ | માહિતી નિયામક કચેરીની બેજવાબદારીભરી નીતિને કારણે અસરકારક કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| | | **વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ**<br>**માગણી નં. ૮૯** | | |
| ૧૫ | ૨૦૫૨ – સચિવાલય...સેવાઓ<br>૦૯૦–સચિવાલય<br>૦૧–STP-12<br>વિજ્ઞાન...વિભાગ | ૧૦૦ | જીસ્વાનની નબળી કનેકટીવીટીના કારણે અધિકારી/કર્મચારીઓને કચેરીની દૈનિક કામગીરીમાં પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |

| | | | | |
|---|---|---|---|---|
| | રૂ. ૯૬,૨૬,૧૯,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૩<br>પાના નં. ૫ | | | |
| ૧૬ | – – " – – | ૧૦૦ | સરકારી વેબસાઈટોનુ આધુનિકીકરણ કરી વેબસાઈટ ઉપર ત્વરિત માહિતી ઉપલબ્ધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| ૧૭ | – – " – – | ૧૦૦ | વિભાગ દ્વારા કરવામાં આવતી કામગીરીઓ માટે થયેલ ખર્ચની વિગતો પ્રસિદ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |

| | | | | |
|---|---|---|---|---|
| | | **ક્લાઈમેટ ચેઈન્જ વિભાગ**<br>**માગણી નં. ૧૦૭** | | |
| ૧૮ | ૩૪૫૧–<br>સચિવાલય...સેવાઓ<br>૦૯૦– સચિવાલય<br>૦૧– ક્લાઇમેટ...વિભાગ<br>રૂ. ૧,૨૮,૬૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૨૮<br>પાનાનં. ૯ | ૧૦૦ | વાતાવરણમાં ફેરફાર થવાને કારણે દરિયામાં વારંવાર ઉદ્‌ભવતા વાવાઝોડાનો અભ્યાસ કરી ત્યારબાદ જરૂરી કાર્યવાહી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભગાભાઈ બારડ |
| ૧૯ | – – " – – | ૧૦૦ | ક્લાઈમેટ ચેઈન્જને કારણે બદલાતી વરસાદી પેટર્નનો અભ્યાસ કરી, તેની વિગતો પ્રસિદ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| *૨૦ | – – " – – | ૧૦૦ | ક્લાઈમેટ ચેઈન્જના કારણે બદલાતી વરસાદી સિસ્ટમની સાથોસાથ ખેત પદ્ધતિને અનુકૂળ બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિક્રમભાઈ માડમ |
| ૨૧ | – – " – – | ૧૦૦ | વિભાગને ફળવાતી રકમમાંથી કરેલ કામગીરી પાછળ થયેલ ખર્ચની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| ૨૨ | – – " – – | ૧૦૦ | વિભાગને ફળવાતી રકમમાંથી પૂરેપૂરી રકમનો ઉપયોગ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| *૨૩ | – – " – – | ૧૦૦ | વિભાગ દ્વારા વર્ષ દરમિયાન કરેલ કાર્યવાહીનો રિપોર્ટ સરકારને આપ્યાની માહિતી જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| *૨૪ | – – " – – | ૧૦૦ | બેટરી સંચાલિત ટુ વ્હીલર, થ્રી વ્હીલર માટેની સહાય યોજના અંતર્ગત કેટલી સહાય ચૂકવાઈ અને કેટલી રકમ વણવપરાયેલ રહી તે જાહેર કરવામાં તંત્રનીનિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |
| | | **શિક્ષણ વિભાગ**<br>**માગણી નં. ૯** | | |
| ૨૫ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–EDN-7 પ્રાથમિક...<br>બનાવવી<br>રૂ. ૪,૩૯,૯૧,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પાના નં.૧૫ | ૧૦૦ | જિલ્લા શિક્ષણાધિકારીઓ દ્વારા નિયમિત રીતે શાળાઓની ચકાસણી ન થતા માન્યતા વગરની શાળાઓની સંખ્યા વધતી જાય છે તે નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |
| *૨૬ | – – " – – | ૧૦૦ | કોવિડ–૧૯ના કારણે રાજ્યમાં બંધ કરવામાં | શ્રી બળદેવજી ઠાકોર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | આવેલ પ્રાથમિક શાળાઓ પુન: શરૂ કરવા માટે સ્પષ્ટ નીતિ ઘડવામાં તંત્રની નિષ્ફળતા. | |
| ૨૭ | --"-- | ૧૦૦ | સરકારી પ્રાથમિક શાળાઓ વધુ ખોલવાને બદલે ખાનગી સંસ્થાઓને શાળાઓ ખોલવા અપાતી મંજૂરીઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| *૨૮ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૧– પ્રારંભિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧–EDN-7 પ્રાથમિક...<br>બનાવવી<br>રૂ. ૪,૩૯,૯૧,૦૦૦<br>અં.પ્ર.નં.૪<br>પાના નં.૧૫ | ૧૦૦ | કોવિડ–૧૯ની મહામારી વખતે ગરીબ અને સામાન્ય મધ્યમ વર્ગના વિદ્યાર્થીઓને ઓનલાઇન અભ્યાસ માટે પૂરતી સુવિધાઓ આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| ૨૯ | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાના શિક્ષકોના બદલી કેમ્પોમાં ચાલતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૩૦ | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓ પાછળ કરોડો રૂપિયાના ખર્ચ કરવા છતાં પ્રાથમિક શિક્ષણને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કીરીટકુમાર પટેલ |
| ૩૧ | --"-- | ૧૦૦ | જિલ્લા શિક્ષણાધિકારીઓની બેદરકારીઓ અંગે થયેલ રજૂઆતો પર યોગ્ય કાર્યવાહીઓ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| *૩૨ | --"-- | ૧૦૦ | સ્વનિર્ભર શાળા સંચાલકોની જોહુકમીની વહીવટીતંત્ર દ્વારા કરાતી અવગણનાને કારણે વિદ્યાર્થીઓને તેના ભોગ બનતા અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા |
| ૩૩ | --"-- | ૧૦૦ | આમજનતા પાસેથી ઉઘરાવાતા શિક્ષણ વેરાનો ઉપયોગ વિદ્યાર્થીઓની ફીમાં રાહત કરી આપવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હિંમતસિંહ પટેલ |
| ૩૪ | --"-- | ૧૦૦ | પ્રાથમિક શાળાઓના ઓરડાઓ વધારવા તેમજ જર્જરિત ઓરડાઓની મરામત કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| ૩૫ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૨– ગુજરાત....બનાવવું<br>રૂ. ૮૧,૮૬,૩૯,૦૦૦<br>અં.પ્ર. નં. ૪<br>પાના નં. ૨૭ અને ૨૮ | ૧૦૦ | એફ.આર.સી. દ્વારા ગેરવાજબી રીતે ખાનગી શાળાઓને ફી વધારવાની મંજૂરીઓ અપાય છે તેની તપાસ કરી જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઋત્વિકભાઈ મકવાણા |
| *૩૬ | --"-- | ૧૦૦ | એફ.આર.સી. દ્વારા કરાતા ફી વધારા માટે આમજનતા તેમજ તેમના પ્રતિનિધિઓના અભિપ્રાય બાદ નિર્ણય લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુંજાભાઈ વંશ |
| ૩૭ | --"-- | ૧૦૦ | એફ.આર.સી.ના નામે કરાતો ફી વધારો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુખરામભાઈ રાઠવા |
| ૩૮ | --"-- | ૧૦૦ | એફ.આર.સી.માં તટસ્થ સભ્યોની નિમણૂકો કરી અસરકારક નિર્ણયો લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિમલભાઈ ચુડાસમા |
| *૩૯ | --"-- | ૧૦૦ | માધ્યમિક શિક્ષણબોર્ડના કર્મચારીઓને કાયમી કરી લાંબા સમયથી પડતર લાભો ચૂકવવામાં | શ્રી અનંતકુમાર પટેલ |

| | | | | |
|---|---|---|---|---|
| | | | તંત્રની નિષ્ફળતા. | |
| ૪૦ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૨– માધ્યમિક શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૨– ગુજરાત....બનાવવું<br>રૂ. ૮૧,૮૬,૩૯,૦૦૦<br>અં.પ્ર. નં. ૪<br>પાના નં. ૨૭ અને ૨૮ | ૧૦૦ | મનમાની કરતી ખાનગી શાળાઓને સરકાર હસ્તક લઈ વિદ્યાર્થીઓનું હિત જળવાય તેવા પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અજીતસિંહ ચૌહાણ |
| ૪૧ | – – " – – | ૧૦૦ | માધ્યમિક શાળાઓના માળખાને સંગીન બનાવવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી ચિરાગભાઈ કાલરીયા |
| ૪૨ | – – " – – | ૧૦૦ | માધ્યમિક શિક્ષણ બોર્ડની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૪૩ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૦૩– યુનિવર્સિટિ...શિક્ષણ<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>રૂ. ૧૪,૩૦,૧૪,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પાના નં. ૪૪ અને ૪૫ | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં સમયસર લોકપાલની નિમણૂક કરી થતી ગેરરીતિઓ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| ૪૪ | – – " – – | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં ઉચ્ચ અને શ્રેષ્ઠ શિક્ષણ આપવાને બદલે તેમાં વધતું જતું રાજકારણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરીયા |
| ૪૫ | – – " – – | ૧૦૦ | કોલેજોની મનમાની સામે યુનિવર્સિટીઓ દ્વારા અસરકારક પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૪૬ | – – " – – | ૧૦૦ | યુનિવર્સિટીઓમાં થતાં રાજકીય હસ્તક્ષેપના કારણે બિન અનુભવી કુલપતિઓની નિમણૂકો કરાતાં યુનિવર્સિટીઓનું કથળતું જતું શિક્ષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પુનમભાઈ પરમાર |
| ૪૭ | ૨૨૦૨– સામાન્ય શિક્ષણ<br>૮૦– સામાન્ય<br>૦૦૧– નિર્દેશ અને વહીવટ<br>૦૧– EDN-27<br>ઉચ્ચતર....કચેરી<br>રૂ. ૭૪,૪૨,૫૩,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પાના નં. ૬૦ અને ૬૧ | ૧૦૦ | ઉચ્ચ શિક્ષણમાં પ્રાધ્યાપકોની ઘટને કારણે વિદ્યાર્થીઓના અભ્યાસ પર પડતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભીખાભાઈ જોષી |
| *૪૮ | – – " – – | ૧૦૦ | ડી.ઈ.ઓ. કચેરીઓમાં ગેરરીતિ આચરનાર કર્મચારીઓની બદલી બીજા વિભાગોમાં કરી કચેરીનો વહીવટ સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૪૯ | – – " – – | ૧૦૦ | રાજ્યની મોટાભાગની શાળાઓમાં ફાયર સેફ્ટીની સુવિધાઓનો અભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૫૦ | – – " – – | ૧૦૦ | ઉચ્ચ શિક્ષણ અંતર્ગત ચાલતી વિદ્યાર્થી સુરક્ષા જૂથવીમા યોજનાને પુન:કાર્યરત કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈન્દ્રજીતસિંહ પરમાર |
| ૫૧ | – – " – – | ૧૦૦ | સ્કૂલ ફી મુદ્દે ખાનગી શાળાઓને ફાયદો થાય તેવા એકતરફી નિર્ણયો લેવાતાં અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વજેસિંગભાઈ પણદા |

| | | | | |
|---|---|---|---|---|
| | | **માગણી નં. ૧૦** | | |
| *પર | ૨૨૦૫– કલા અને સંસ્કૃતિ<br>૧૦૧– લલીતકલા શિક્ષણ<br>રૂ. ૩૧,૩૬,૦૦૦<br>અં.પ્ર.નં. ૪<br>પાના નં. ૯૬ | ૧૦૦ | લલીત કલા શિક્ષણનો વ્યાપ વધે તેવું આયોજન કરવા તેમજ સંગીત નાટ્ય ભારતીને અનુદાન આપ્યા બાદ તેના લાભાર્થીઓની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી જશપાલસિંહ પઢિયાર |
| | | **કાયદા વિભાગ**<br>**માગણી નં. ૬૦** | | |
| ૫૩ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૦૫– સિવિલ...કોર્ટ<br>૦૧–જિલ્લા....જજ<br>રૂ. ૨,૯૩,૦૮,૦૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૧૦ અને ૧૧ | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં કેસોના ભરાવાના નિવારણ માટે સમયાંતરે લોક અદાલતો યોજી કેસોનો ઝડપી નિકાલ કરવામાં તંત્રની ઉદાસીનતા. | શ્રી કાન્તિભાઈ પરમાર |
| ૫૪ | – – " – – | ૧૦૦ | કોર્ટોમાંથી અગત્યના દસ્તાવેજો ગુમ ન થાય તેવી વ્યવસ્થા જાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેશકુમાર ગોહિલ |
| ૫૫ | – – " – – | ૧૦૦ | સેશન્સ કોર્ટોમાં જજોની ખાલી જગ્યાઓ સત્વરે ભરી કેસોનો ભરાવો થતો અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | ગેનીબેન ઠાકોર |
| *૫૬ | ૨૦૧૪– ન્યાયાતંત્રનો વહીવટ<br>૧૦૮– ફોજદારી કોર્ટ<br>૦૧– અદાલતી મેજિસ્ટ્રેટ<br>રૂ. ૩૨,૩૫,૨૫,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૨૨ અને ૨૩ | ૧૦૦ | ફોજદારી કોર્ટોમાં વ્યાપક અવ્યવસ્થાના કારણે આમજનતાને પડતી હાડમારીઓ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| ૫૭ | – – " – – | ૧૦૦ | અરજદારોને કેસોની મુદતમાં વારંવાર સમન્સ બજવણી છતાં કોર્ટમાં હાજર ન રહેતા કેસોનો એક તરફી નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઈભાઈ ડેર |
| ૫૮ | ૨૦૧૪–ન્યાયતંત્રનો વહીવટ<br>૧૧૪–<br>કાનૂની....ધારાશાસ્ત્રીઓ<br>૦૧– કાયદા અધિકારીઓ<br>રૂ. ૧,૫૦,૬૧,૪૧,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૬<br>પાના નં. ૨૫ | ૧૦૦ | ધારાશાસ્ત્રીઓ દ્વારા કોર્ટના ચુકાદાઓની નકલ સંબંધિત અધિકારીઓને સમયસર મોકલવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. અનિલ જોષિયારા |
| ૫૯ | – – " – – | ૧૦૦ | કાયદા અધિકારીઓની બેદરકારીના કારણે કોર્ટોમાં સરકારનો નબળો દેખાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થઇ નથી.

અધ્યક્ષશ્રી : તમામ સભ્યોના ધ્યાનમાં એક બાબત રહે કે ઘણા બધા માનનીય ધારાસભ્યશ્રીઓને કોરોનાનું સંક્રમણ થયું છે. આપણને ચિંતા થાય પણ એક બાબતથી હું આસ્વસ્ત કરવા માગું છું કે વિધાનસભાનું આ ગૃહ રોજેરોજ વિધાનસભા પૂરી થયા પછી સ્પ્રેથી દરેક ચેરથી માંડીને, ટેબલથી માંડીને એવરીથિંગ સેનેટાઇઝ થાય છે. આ સરફેઇશ સેનેટાઇઝ થયું, પરંતુ હવાને સેનેટાઇઝ કરવા માટે પહેલા જ દિવસથી ૩ યુ.વી. લાઇટ મંગાવેલી છે. પાંચ દિવસનું જે સત્ર ગયું તે વખતથી મંગાવેલી છે અને એ યુ.વી. લાઇટ આખી રાત ચાલુ કરીને સવાર સુધી રાખીએ છીએ અને સવારે એને બંધ કરીએ છીએ. એટલે એર અને

## તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

આ સરફેઈશ રોજેરોજ ટોટલ સેનેટાઇઝ થયેલ આ જગ્યા છે અને કદાચ એટલે જ હું માનું છું કે શ્રી ઋત્વિકભાઇ મકવાણાજી હોય કે શ્રી રાજેશભાઇ ગોહિલ હોય એમને કશું થયું નથી એનું કારણ આ છે. એટલે સંક્રમણ બહારથી ક્યાંક થઇને આવે છે એને કારણે થયું હોવાની સંભાવના સૌથી વધુ છે. અહીંયા .૦૦૦૦૦૧ કેટલાય મૂક્યા પછી વન મૂકીએ એ સ્થિતિ છે. એટલે હવેથી કોરો નાસ્તો કર્યો છે જેથી એક બીજામાંથી નાસ્તો લ્યે નહીં. જેથી કોરો અને પેક નાસ્તો અને માનનીય નીતિનભાઇ સાહેબનું સૂચન ખૂબ સરસ હતું કે નાસ્તો એકમાંથી બધા લેતા હોઇએ અને બીજું કે ગરમ નાસ્તો અને ગરમ નાસ્તો બે–ત્રણ જણા આપે તે આપણે લેવો એટલે ગરમ નાસ્તામાં એવી સંભાવના રહેતી નથી અને એના માટેની કાળજી માટે પહેલે દિવસથી આપણે તત્પર રહીએ છીએ. એટલે બહાર લોબીની અંદર થતું સંક્રમણ પણ ન રહે એ માટે આખી લોબી સેનેટાઇઝ થાય છે. બહારથી કેટલાક લોકો આવતા હતા. માનનીય જીતુભાઇ વાઘાણીજીએ હમણાં જ ધ્યાન દોર્યું હતું અને પહેલા પણ કીધું હતું પણ આપણે એના પર પણ નિયંત્રણ મૂક્યું છે એટલે થોડી ક્ષમા કરજો. આપણને એવું લાગે પણ એની કાળજી પુરતા આપણે આ પગલાં લીધાં છે અને જે માનનીય ધારાસભ્યશ્રીઓ સંક્રમિત થયા છે એના માટે આદરણીય નીતિનભાઇ પટેલ સાહેબે આ વિભાગના વડા હોવાના કારણે પણ એ કાળજી લઇ રહ્યાં છે. કોઇને પણ અન્યત્ર કાંઇક મુશ્કેલી લાગે તો સરકારશ્રીનો સંપર્ક કરવો જોઇએ અને અધરાતે, મધરાતે બધાને શ્રી નીતિનભાઇ મદદરૂપ થયા છે. મારો પોતાનો પ્રત્યક્ષ અનુભવ પણ છે. આપણે બધા એ રીતે કાળજી લઇશું, ધન્યવાદ. ડો. અનિલ જોષીયારાજી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આપ ગૃહની આટલી ચિંતા કરો છો. કાળજી રાખો છો. સંકુલની પણ આટલી કાળજી રાખીને ચિંતા કરો છો એટલા માટે હું ગૃહવતી આપનો ખૂબ ખૂબ આભાર માનું છું.

અધ્યક્ષશ્રી : જ્યારે આપણે બધા બોલતા ન હોઇએ ત્યારે બધા માસ્ક નાકની ઉપરથી પહેરીએ એવી મારી બધાને વિનંતી છે શ્રી પ્રતાપભાઇ. (અંતરાય) કાંઇ આમાં જવાબ ન હોય અને આપણે માસ્ક પહેરવાનું જ હોય અને કાંઇ અઘરું લાગતું હોય તો માસ્ક પહેરીને થોડો બહાર એક આંટો મારી આવીએ અને બહાર નીકળશો એટલે હવે હજાર રૂપિયા દંડ કરેલો છે. પહેલા ૫૦૦ રૂપિયા હતો હવે ૧૦૦૦ રૂપિયા થયો છે એ દંડ બહાર ભરવો પડશે. બહાર સૂચના છે કે લોબીની અંદર કોઇ પણ વ્યક્તિએ યોગ્ય રીતે માસ્ક પહેરેલું નહીં હોય તો ૧૦૦૦ રૂપિયા દંડ ભરવો પડશે. (અંતરાય) પ્લીઝ.

હવે રજૂ થયેલ માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે. ડો. અનિલ જોષીયારાજી.

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી મહિતી અને પ્રસારણ, વિજ્ઞાન અને પ્રોદ્યોગિકી, ક્લાઇમેન્ટ ચેઇન્જ, શિક્ષણ અને કાયદા વિભાગોની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણે દરેક વ્યક્તિની ગુણવત્તામાં સુધારો કર્યો છે એની પ્રગતિમાં સુધારો કર્યો છે અને સાથે સાથે આ દેશના ભવિષ્યમાં પણ બદલાવ લાવવામાં શિક્ષણ ખૂબ મહત્ત્વનો ભાગ ભજવતું હોય છે. છેલ્લા ઘણા સમયથી જે પ્રાથમિક શાળાઓ છે એને વધુ મહત્ત્વ આપવાના બદલે ખાનગીકરણ તરફ આ રાજ્યનો શિક્ષણ વિભાગ જઇ રહ્યો હોય એવું દેખાઇ રહ્યું છે. આપણી પ્રાથમિક શાળાઓ જે લગભગ ૪૫૩૧૫ છે એમાં અત્યારે જે પરિસ્થિતિ છે, જે જર્જરિત, બિસ્માર ઓરડાઓ છે એ ૩૩૫૩ સ્કૂલોમાં આજે પણ ૧૦૬૯૮ ઓરડાઓ જર્જરિત છે. સાથેસાથે ઘણી એવી સ્કૂલો છે ૧૦૫૦૨ સ્કૂલો એવી છે કે એમાંથી ૩૫૫૨૯ ઓરડાઓ આજે જર્જરિત, પતરાવાળા છે એટલે મારી મંત્રીશ્રીને વિનંતી છે કે આવા જે કંઇ ઓરડાઓ હોય, બાળક શાંતિથી ભણી શકે, એને વિશ્વાસ બેસે કે ઉપરથી કંઇક પડી ન જાય, ધાબાનો ભાગ પડી ન જાય એની ચિંતા વિભાગ પણ કરે અને ઓરડાઓ બને એવી મારી મંત્રીશ્રીને વિનંતી છે. આપણી જે સંખ્યા છે પ્રાથમિક શાળામાં એ દિવસે દિવસે ઘટતી જાય છે. વર્ષ ૨૦૧૫–૧૬માં આપણી સંખ્યા લગભગ ૯૦ લાખ ઉપર હતી. ૯૦,૬૭,૦૦૦ આજે એ ઘટીને ૮૬,૧૪,૦૦૦ થઇ ગઇ અને એમાંય ખાસ કરીને જે દીકરીઓ છે એની સંખ્યા વર્ષ ૨૦૧૫–૧૬માં ૪૨,૦૭,૦૦૦ હતી એ આજે ૪૦,૪૮,૦૦૦ થઇ છે એટલે ૧,૫૯,૦૦૦ જેટલી સંખ્યા ઘટી ગઇ છે અને કુલ ગણીએ તો ૪,૫૩,૦૦૦ જેટલી સંખ્યા ઓછી થઇ ગઇ. એનો મતલબ એમ થયો કે છોકરાઓ હવે સ્કૂલમાં જવાનું ટાળી રહ્યા છે. એનું કારણ ગમે તે હોઇ શકે. આપણે ડ્રોપ આઉટ રેટની ચિંતા કરીએ છીએ કે ડ્રોપ આઉટ રેટ ૩.૩૯ ટકા થયો. આપણે ખુશ થઇએ છીએ પણ ના, એવું નથી. બાળકો ભણવા પણ આવતા નથી. એના માટે પણ સરકારે ચિંતા કરવાની જરૂર છે. સાથેસાથે ડીગ્રી એન્જિનિયરીંગ કોલેજ જેમાં આપણી પ્રવેશ ક્ષમતા જે ૭૩૩૪૫ હતી આજે ઘટીને ૬૩૮૫૧ થઇ છે એટલે એમાં પણ ૯૪૯૪ની ઘટ પડી. ડિપ્લોમામાં પણ ઘટ પડી ૭૪૭૧૫ હતી એમાં ઘટ પડીને ૫૬૦૮૫ થઇ એટલે ૧૮૬૩૦ જેટલી ઘટ પડી. આનું કારણ શું? કેમ છોકરાઓ એન્જિનિયરીંગમાં જતા નથી? આપણે કોલેજો બહુ ખોલી પણ આપણું આઠમું ધોરણ હાઇસ્કૂલમાં હતું, પ્રાથમિક શાળામાં આવ્યું ત્યારે આપણે પ્રાથમિક શાળામાં એ બાળક આવ્યું છે ઉચ્ચતર પ્રાથમિક શાળામાં ત્યારે વિષયવાર શિક્ષણ મળવું જોઇતું હતું ગણિત, વિજ્ઞાન, ઇંગ્લીશ એ આપણે આપી શકયા નહીં. આમ તો આપણી સરકાર એમ કહેતી હતી કે દરેક વર્ગદીઠ એક શિક્ષક હોવો જોઇએ પણ ના, એવું થયું નથી. આજની તારીખમાં સંખ્યા આધારિત આપણે શિક્ષક ગોઠવીએ છીએ એટલે સંખ્યા આધારિત શિક્ષક ગોઠવવાના કારણે વિષયવાર શિક્ષણ મળવું જોઇએ એ આજે મળી શકતું નથી અને એટલા માટે આજે ઘણીબધી જગ્યાઓ પણ ખાલી રહે છે અને છોકરાઓ પણ આગળ વધી શકતા નથી. વિચાર કરીએ કે આજે કોલેજોમાં, જે સરકારી કોલેજો છે એમાં ૬૭૦૦ જેટલી જગ્યાઓ ખાલી છે અને એમાં આચાર્ય અને પ્રધ્યાપકોની જગ્યા ૧૭૦૦ જેટલી ખાલી

છે. આપણે ગમે તેટલી વાત કરીએ પણ જો ભણાવનાર માણસ ન હોય તો બાળકોનું ભવિષ્ય કયાંથી આગળ આવી શકવાનું છે? અધ્યાપકની, સહાયકની ભરતીની જે વાત હતી અને એમાં જે એન.ઓ.સી. એનું આપવામાં આવ્યું પણ સાથે જે એડહોક ધોરણે પહેલા શિક્ષકો લીધેલા હતા અને એ સરકારીમાં લીધેલા હતા અને ખાનગીમાં જે ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓમાં કામ કરતા હતા એમને પહેલા સમાવવા જોઇએ અને પછી બીજી ભરતી કરવી જોઇએ અને સાથે રોસ્ટર ક્રમાંક કયાં છે એ પણ આપણે વ્યવસ્થા કરવી જોઇએ તો મને લાગે છે કે આપણે યોગ્ય ન્યાય આપી શકીશું. કોરોના મહામારીના લીધે ૨૦૨૦નું વર્ષ અમારા ગામડાંમાં તો બાળકો બરાબર ભણી શકયા નથી. નેટની સુવિધા નહોતી, મોબાઇલ પણ નહોતો. અમારા છોકરાઓ નેટ મેળવવા માટે ઝાડ ઉપર ચડે, ડુંગર ઉપર ચઢે આ પરિસ્થિતિ હતી અમે એના માટે સરકારમાં રજૂઆત કરી, અમે કલેકટરને રજૂઆત કરી. પરિણામ ન મળી શકયું. મારી સરકારને વિનંતી છે કે હવે પછીનું અગાઉનું વર્ષ એટલે કે ૨૦૨૧નું વર્ષ ખૂબ જ તકલીફવાળું દેખાઇ રહ્યું છે ત્યારે એવી સુવિધાઓ ઉભી કરી કે જેથી ઓનલાઇન શિક્ષણ આપણે આપવું હોય તો આ બાળકોને આપી શકાય. ઘણા સમયથી અમારા ભિલોડા તાલુકામાં આર્ટસ, કોમર્સ અને સાયન્સ કોલેજની માગણી છે. અમારો વિસ્તાર ૭૦ કિલોમીટર રેન્જનો છે અને આખા આદિવાસી તાલુકામાં સૌથી મોટો તાલુકો અમારો ભિલોડા તાલુકો છે સાહેબ. એની વસતિ રીતે,ભૌગોલિક રીતે વિરપુરથી અમારું મોટાકંથારીયાનું ૭૦ કિ.મી.નું અંતર છે. સરકારને વિનંતી છે કે એક આર્ટસ, કોમર્સની કોલેજ આપે. બીજી માગણી છે કે અમારા અરવલ્લી, સાબરકાંઠા બંનેના છોકરાઓને યુનિવર્સિટીનું કઇ કામ હોય તો પાટણ સુધી લાંબા થવું પડે છે. એના કરતા અમને ગાંધીનગર નજીક પડે છે. હવે ઘણી બધી યુનિવર્સિટીઓ થઇ ગઇ છે. કોલેજની સંખ્યાને ધ્યાનમાં રાખીને મોડાસા, હિંમતનગર, તલોદમાં કોલેજો છે એને ધ્યાનમાં રાખીને એક યુનિવર્સિટી જે સેન્ટર યોગ્ય લાગે ત્યાં સરવે કરીને આપો તેવી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણની સાથે સાથે માહિતી અને પ્રસારણની પણ મારે થોડી વાત કરવી છે. લોકશાહીના ધબકારા આપણે દર સાંજે ૭–૦૦ વાગ્યે પ્રસારિત કરતા હોઇએ છીએ.

અધ્યક્ષશ્રી : સાંજે ૬–૩૦થી ૭–૦૦ વાગ્યે આવે છે.

ડો. અનિલ જોષિયારા : અમારો વારો આવે ત્યારે કેમેરા ખસી જાય છે. બહુ ઓછા દેખાઇએ છીએ. એવું હોવું નહિ જોઇએ. તમામ રીતે ધ્યાનમાં રાખવામાં આવે, તમામને સાંકળવામાં આવે તેવી ખાસ વિનંતી છે. ગૃહની કાર્યવાહી માટે આપ અધ્યક્ષ છો. આપ એનો નિર્ણય કરો. ટેલિકાસ્ટ બંધ કરાવ્યું છે. મને લાગે છે કે ગૃહમાં શું કાર્યવાહી થાય છે એ ખરેખર પ્રજા જાણે એ ખૂબ જરૂરી છે. એનો ફરી પાછો વિચાર કરો. એનું ટેલિકાસ્ટ થાય તો પ્રજા જાણી શકે. આખા રાજ્યની કે આખા દેશની માહિતી કોણ લાવીને આપે છે? પત્રકારો લાવે છે. એ પત્રકારો કોરોના મહામારીમાં પણ ઘરે બેઠા નથી. એ લોકોએ જાનના જોખમે સંક્રમણની ચિંતા કર્યા વગર પ્રજાના હિત ખાતર, પ્રજાને મુશ્કેલી ન પડે તે માટે સમાચારો લાવીને મૂકતા હોય છે. એમના માટે કોઇ સુવિધા નથી. કોરોના મહામારીમાં એમણે સ્પેશિયલ કામ કર્યું તો સરકારે એમને ઇન્સેન્ટિવ આપવું જોઇએ. સરકારે વિચાર કર્યો હોત તો સારું હતું. આપણે જે રીતે કામ કરીએ તે રીતે કામ કરે છે. સરકાર એમને મદદ કરે. માહિતી પ્રસારણ વિભાગમાં મોટા ભાગે જાહેરાત વધારે થાય છે. કામ કરતા જાહેરાત વધારે થાય છે. અત્યારે ગામડામાં ઘણા મોટા મોટા હોર્ડિંગ્સ લાગેલા હોય છે. એક એક હોર્ડિંગ્સની કિંમત રૂપિયા ૨૦થી ૨૫ હજાર હોય છે. જે અઠવાડિયું રહેતા હોય છે અને પછી બદલાઇ જાય છે. આનાથી સરકારને શું ફાયદો થાય છે. એવો બિન જરૂરી ખર્ચ સરકાર બંધ કરે. આભાર.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબ અને માનનીય રાજ્ય કક્ષાના મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજાજી સને ૨૦૨૧–૨૨ના અનુદાન માટેની માગણીઓ લઇને આવ્યા છે તેનું હું સમર્થન કરું છું અને માનનીય મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા માહિતી પ્રસારણ વિભાગની માગણી નં. ૫૪ ઉપર મારા વિચારો વ્યક્ત કરું છું.

આ વખતના બજેટની અંદર માહિતી અને પ્રસારણ વિભાગ માટે રૂપિયા ૧૬૮ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. રાજ્ય સરકારની પ્રજા કલ્યાણલક્ષી વિવિધ યોજનાઓ હોય, નીતિઓ હોય, કાર્યક્રમો હોય, વિવિધ વિકાસની પ્રવૃત્તિઓ હોય અને તેમાં હાંસલ કરેલી સિદ્ધિઓ હોય એ છેવાડાના માનવી સુધી પહોંચે તેનો લાભ લેવા લોકો પ્રેરાય એ અત્યંત જરૂરી હોય છે. આ માટે પ્રિન્ટ મીડિયા, ઇલેક્ટ્રોનિક મીડિયા, સોશિયલ મીડિયા, ઇન્ટરનેટના માધ્યમ દ્વારા પ્રચાર પ્રસારણની કામગીરી માહિતી પ્રસારણ વિભાગ દ્વારા કરવામાં આવે છે. રાજ્યમાં ભરાતા વિવિધ મેળાઓ હોય, લોકોત્સવ હોય તેની અંદર પ્રદર્શન, નાટકો, ભવાઇ થકી પ્રચાર પ્રસારણની કામગીરી કરવામાં આવતી હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકાર અને પ્રજાજનોને પ્રચાર પ્રસારના માધ્યમથી જોડતી કડી એટલે આપણું માહિતી પ્રસારણ ખાતુ. આ બજેટની અંદર એક નવી જોગવાઇ કરવામાં આવી છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા આપણું જે કેવડિયા છે તે લોકપ્રિય અને જાણીતું બન્યું છે. ત્યાંની આદિવાસી સંસ્કૃતિ, કલા, લોક સાહિત્ય, ખાનપાન તથા આદિવાસી પરિવારો માટેની આપણી જે કલ્યાણકારી યોજનાઓ છે તેનો પ્રચાર અને પ્રસાર વધુ વેગવંતો બને તે માટે રાજ્યમાં પ્રથમ વખત કોમ્યુનિટી રેડિયો સ્ટેશનની સ્થાપના કરવામાં આવશે. આદરણીય પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબે લોકડાઉન દરમ્યાન અને કોરોનાકાળ દરમ્યાન લીધેલા નિર્ણયો સમગ્ર વિશ્વમાં પ્રેરણારૂપ તથા નમૂનારૂપ પણ છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ

## તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

રૂપાણી સાહેબ તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબના નેતૃત્વવાળી સરકારે લોકડાઉન દરમ્યાન અને કોરોનાકાળ દરમ્યાન કુનેહપૂર્વક, જવાબદારીપૂર્વક, નિષ્ઠાપૂર્વક અને અસરકારકતાથી જે કામગીરી કરી છે તે અભિનંદનીય છે. રાજ્ય સરકારે લીધેલા દરેક પગલાંઓ યથાયોગ્ય છે અને તેનો લાભ, માહિતી કે ફાયદો લોકો સુધી પહોંચે તે અત્યંત જરૂરી છે. ગુજરાતની અંદર જ્યારે કોરોનાએ દસ્તક દીધી ત્યારે આપણા જે પ્રચારના માધ્યમ છે તેના થકી જે જનજાગૃતિ આવી છે તેની પણ હું સાથે સાથે વાત કરવા માગું છું. કોરોના શું છે, કોરોના સામે શું સાવચેતી રાખવી, આરોગ્ય વિભાગે તે દરમ્યાન શું પગલાં લીધા, નાગરિકોને ગભરાયા વગર કોરોનાની સારવાર ક્યાંથી મળશે, કોરોનાની સારવાર કેવી રીતે મળશે, ખાનગી હોસ્પિટલની અંદર કઇ કિંમતે કેવા પ્રકારની સેવા મળશે, ૧૦૪ અને ૧૦૮ જેવી એમ્બ્યુલન્સ સેવાઓનો ઉપયોગ કેવી રીતે થઇ શકે, ગરીબ નાગરિકોને વિનામૂલ્યે અનાજ કેવી રીતે મળશે, શ્રમિકોને પોતાના વતનમાં કેવી રીતે જઇ શકશે તે તમામ પ્રશ્નોનું સમાધાન કરવાનો જો કોઇએ વિનમ્ર પ્રયાસ કર્યો હોય તો તે આપણા માહિતી ખાતાએ કર્યો છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકડાઉન પહેલાં કોરોનાનો પહેલો કેસ આવ્યો ત્યારે આપણે સૌ જાણીએ છીએ કે, હેન્ડશેકને બદલે નમસ્તે કરવું તેવું એક અભિયાન શરૂ કરવામાં આવેલ છે. સ્ટેપ બાય સ્ટેપ અનેક પ્રકારની વિગતો અને માહિતી લોકો સુધી પહોંચાડવામાં આવી. જનતાને પ્રેરણા મળે તેમજ જનજાગૃતિ કેળવાય તેના માટે માહિતી ખાતાએ એક મહત્ત્વનું કેમ્પેઇન શરૂ કર્યું અને તે આપણે સૌ જાણીએ છીએ. હું પણ કોરોના વોરિયર્સ છું તેવું મહત્ત્વનું કેમ્પેઇન શરૂ કર્યું. તેને અસરકારક રીતે આપણે અમલમાં મૂક્યું. પ્રિન્ટ મિડીયા, ઇલેક્ટ્રોનિક મિડીયા, ન્યુ મિડીયાના માધ્યમ થકી અને આ કેમ્પેઇન દ્વારા વ્યાપક પ્રમાણમાં જનજાગૃતિ કરવામાં આવી. આ કોરોનાકાળ દરમ્યાન ૨૧મી જૂને વિશ્વ યોગ દિવસ આવ્યો. આપણે સૌ જાણીએ છીએ કે, આરોગ્યની દ્રષ્ટિએ ભારતીય સંસ્કૃતિ અને પરંપરાની અંદર યોગનું કેટલું મહત્ત્વ છે. કોરોના સામે રોગપ્રતિકારક શક્તિ વધારવા માટે યોગ કરીશું, કોરોનાને હરાવીશું નામનું એક વિશેષ અભિયાન આપણે શરૂ કરેલું. કોરોનાકાળ દરમ્યાન જનસમાજની અંદર ઘણી ગેરસમજ હતી. સાઇકોલોજિકલી અમુક લોકો ડરી રહ્યા હતા. જિંદગી ઇન ડર આઉટ નામનો વિશેષ કાર્યક્રમ પણ આપણે આ સમય દરમ્યાન કરેલો. માહિતી ખાતા દ્વારા જીતશે ગુજરાત તો હારશે કોરોના નામનું વધુ એક કેમ્પેઇન ચલાવવામાં આવ્યું. આ એક મહત્ત્વની વાત આપના ધ્યાન પર લાવું છું કે, માસ્ક યોગ્ય રીતે પહેરવું જોઇએ, સોશિયલ ડિસ્ટન્સીંગનું પાલન કરવું જોઇએ અને વારંવાર હાથ ધોવા જોઇએ. આવા અનેક સંદેશાઓ માહિતી ખાતાના માધ્યમ થકી લોકો સુધી પહોંચાડવામાં આવ્યા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી ફિલ્મ ઉદ્યોગને પ્રોત્સાહિત કરવા માટે અને આર્થિક રીતે વધુ સક્ષમ બનાવવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે. ગુજરાતી ફિલ્મોની ગુણવત્તા ઉંચી આવે તેમજ લોકો ગુજરાતી ફિલ્મો જોવા માટે પ્રેરાય તેવી ફિલ્મો બને તેવું વાતાવરણ સર્જાય તે હેતુથી ગુજરાતી ફિલ્મો માટે ગુણવત્તા સંબંધિત પ્રોત્સાહન નીતિ ૨૦૧૯ અમલમાં મૂકવામાં આવી છે. આ સુધારેલી નીતિથી ગુજરાતી ફિલ્મને રૂપિયા ૫ લાખથી રૂપિયા ૭૫ લાખ સુધીની આર્થિક સહાય આપવામાં આવે છે. જે ફિલ્મને રાષ્ટ્રીય કક્ષાએ સ્વર્ણકમળનો પુરસ્કાર મળે એવી ગુજરાતી ફિલ્મને ૨ કરોડ રૂપિયા અને જે ફિલ્મને રાષ્ટ્રીય કક્ષાએ રજતકમળનો પુરસ્કાર મળે એવી ગુજરાતી ફિલ્મને ૧ કરોડ રૂપિયાની આર્થિક સહાય મળે છે. નવી પોલિસી આવ્યા પછી અત્યાર સુધીમાં ૧૪૦ ગુજરાતી ફિલ્મોને રૂપિયા ૨૪ કરોડથી પણ વધારે આર્થિક સહાય આપવામાં આવી છે. મારે આનંદ અને ગૌરવ સાથે કહેવું છે કે, છેલ્લા સાડા છ દાયકાની અંદર ઇતિહાસમાં પહેલી વખત ગુજરાતી ફિલ્મ હેલારો એ સ્વર્ણકમળ એવોર્ડ જીતીને ગુજરાત અને ગુજરાતીઓનું નામ રોશન કર્યું છે, ધન્યવાદ.

શ્રી હિંમતસિંહ પ્ર. પટેલ(બાપુનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું. આ વર્ષમાં રૂપિયા ૩૨૭૧૯ કરોડ જેવી જંગી રકમ આપણા રાજ્યમાં શિક્ષણની પાછળ ખર્ચાય. શિક્ષણની જવાબદારી સરકારની છે અને એ જવાબદારી આપણે પૂરી કરવા માટે ખૂબ જ ગંભીરતાથી સરકારે કામગીરી કરવી પડે. એક તો આ વખતે કોરોનાની મહામારીનો સામનો સમગ્ર રાજ્ય, દેશ અને દુનિયા કરી રહી છે. બાળકોને ઓનલાઇન શિક્ષણ અને બીજી બાબતોમાં અનેક વિસંગતતાઓ શિક્ષણમાં આ વખતે ઉભી થઇ છે એની સામે સરકારની જવાબદારી સવિશેષ રહેતી હોય છે એવા સમયે ખાસ કરીને સરકારી શાળા કોલેજો છે એમાં સરકાર જે બજેટ મંજૂર કરે છે એ બજેટ વપરાવું જોઇએ. જે શાળાઓને ઓરડાઓની ઘટ હોય, બીજા સાધન–સામગ્રીની જરૂરિયાત હોય એ શાળાઓની જે માગણી હોય એ પ્રમાણે સરકાર અને શિક્ષણ વિભાગ જાગૃત બનીને સમયસર સંતોષે તો હું માનુ છું કે શિક્ષણમાં બાળકોના ભવિષ્ય માટે ઘણું કર્યું કહેવાશે. સાથે સાથે જ્યાં શિક્ષકોની પણ ઘટ છે એ ઘટ સત્વરે પૂરી કરવામાં આવે જેથી બાળકોનું શિક્ષણ કાર્ય બગડે નહીં અને અસરકારક રીતે શિક્ષણ ઉપર ધ્યાન આપી શકે. આપણા ગુજરાતને ઔદ્યોગિક રાજ્ય તરીકે સમગ્ર દેશમાં ઉલ્લેખવામાં આવે છે. હું માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય શિક્ષણ મંત્રીશ્રીને કહેવા માગું છું અને શિક્ષણ મંત્રીશ્રી ખૂબ વિદ્વાન છે, એમનો આ રાજ્યમાં ઘણો અનુભવ છે ત્યારે એમના માધ્યમથી સરકારી શાળા–કોલેજો આધુનિક બને. અત્યારે બીજા અનેક રાજ્યોમાં સરકારી શાળા–કોલેજોના એટલા સુંદર મકાનો બન્યા છે, શિક્ષણ આધુનિક ઢબથી કમ્પ્યુટરાઇઝ્ડ કરવામાં આવ્યું છે અને ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે, એના જે કેમ્પસ છે એનો પણ ખૂબ સારી રીતે વિકાસ કરવામાં આવ્યો છે અને એવી સારી સ્થિતિ થઇ છે કે, ખાનગી શાળાઓને છોડીને લોકો સરકારી શાળાઓમાં ભણવા આવી રહ્યા છે ત્યારે આપણે પણ આટલી મોટી રકમ શિક્ષણ ક્ષેત્રે ખર્ચતા હોઇએ તો ચોક્કસ રીતે એનું વળતર આપણા બાળકોને

મળે, વાલીઓને મળે. અત્યારે આર્થિક અને સામાજીક પરિસ્થિતિ, બેકારી–બેરોજગારી એવી અનેક સમસ્યાઓથી અનેક કુટુંબો જ્યારે એનો સામનો કરી રહ્યા હોય ત્યારે ખાનગી શાળાઓની અંદર ફી વધારો હોય, એડમિશન મળતા ન હોય અને આવી પરિસ્થિતિની અંદર આપણી શાળા કોલેજોની અંદર આપણું શિક્ષણનું સ્તર સારું થાય તે જરૂરી છે. આપણી પાસે માળખાકીય સુવિધાઓ છે. પણ એને અપગ્રેડ કરવા માટે ઇચ્છાશક્તિ હોવી જરૂરી છે અને સમયસર જે વિકાસ થવો જોઇએ એમાં આપણે ક્યાંય પાછા પડ્યા છીએ. એના કારણે અનેક વાતો આપણી સમક્ષ ઉભી થાય છે. હું કહેવા માગું છું કે આ વખતે ગ્રાન્ટેબલ શાળા કોલેજોની બિલકુલ મંજૂરી આપવામાં આવી નથી. મારી આપના માધ્યમથી શિક્ષણ મંત્રીશ્રીને વિનંતી છે કે, જે બાળકો મધ્યમવર્ગના હોય, ગરીબ વર્ગના હોય એ સરકારી શાળા કોલેજોમાં જતા ન હોય એ ખાનગી શાળાઓમાં જાય છે. પણ એ ખાનગી શાળાઓમાં ગ્રાન્ટેબલ શાળાઓ આપણે આપીએ તો ચોક્કસ રીતે એ બાળકો ત્યાં શિક્ષણ લઇ શકશે. એમની ઉપર આર્થિક ભારણ ના આવે અને એમને શિક્ષણ ત્યાં સારું મળી શકે. તો સરકારે એ બાબતમાં ચોક્કસ રીતે વિચારવું જોઇએ. બીજું, જે બજેટ મંજૂર થાય છે એ બજેટમાં શિક્ષણ પાછળની ટકાવારી ખૂબ ઓછી છે. હું માનનીય શિક્ષણમંત્રીશ્રીને કહેવા માગું છું કે, બજેટ આટલું મોટું આપણે જ્યારે મંજૂર કરતા હોઇએ ત્યારે શિક્ષણક્ષેત્રે વધારે બજેટ વપરાય તે જરૂરી છે કેમ કે દરેક વાલી એવું ઇચ્છતા હોય છે કે એના બાળકનું ભવિષ્ય એ શિક્ષણ સાથે જોડાયેલું છે અને આજના સમયની અંદર શિક્ષણ એ ખૂબ પાયાની જરૂરિયાત ઉભી થઇ ગઇ છે અને દરેક બાળક સારું શિક્ષણ મેળવવા માટે ખૂબ જ ઉત્સુક હોય છે અને એમનો ઉત્સાહ પણ વધ્યો છે અને દરેક વાલી પણ એવું ઇચ્છે છે કે મારું બાળક શિક્ષિત બને. તો સરકારે આ બાબતમાં ખૂબ ગંભીરતાથી વિચારવું જોઇએ કે શિક્ષણનું સ્તર કઇ રીતે સારું કરી શકાય. રાજ્ય સરકારની જે પણ શાળા કોલેજો હોય એ કઇ રીતે ખાનગી શાળાઓ કરતા સારી થઇ શકે એવો મારો અનુરોધ છે. એક સમય એવો હતો કે રાજ્યની અંદર ઘણા સામાજિક સંસ્થાઓ, સેવાકીય સંસ્થાઓ, ઘણા શ્રેષ્ઠીઓ કે જે પોતે ટ્રસ્ટો બનાવીને લોકોને શિક્ષણ મળી રહે એવી શાળા કોલેજોની સ્થાપના કરતા હતા. પણ હવે એ સમય બદલાયો છે. હવે વ્યવસાય તરીકે અનેક લોકો આની અંદર આવતા હોય છે પણ એના કારણે શિક્ષણ મોંઘું થાય છે, આર્થિક રીતે, સામાન્ય અને ગરીબ પ્રજાને એ પોષાતું નથી ત્યારે આવી પરિસ્થિતિમાં સરકાર જ આની જવાબદારી લે અને સરકાર પોતે જ શિક્ષણક્ષેત્રે આગળ વધે, આપણી પાસે સારી જગ્યાઓ છે, સારા સારા બિલ્ડીંગો છે, સારી શાળા કોલેજની સ્થાપના કરેલી જૂની મિલકતો આપણી પાસે છે એ ઘણી જર્જરિત પણ થઇ ગઇ છે તો જ્યારે આવી આપણી પાસે જગ્યા હોય, સારી ઇમારતો, બિલ્ડીંગ, મકાનો હોય તો એને આધુનિક ઢબથી સારી રીતે નવા બનાવીને લોકોને સારું શિક્ષણ મળે એના માટે આપણે પ્રયાસ કરવો જોઇએ. આની અંદર આપણે સૌ રચનાત્મક અભિગમ સાથે વિચારવું જોઇએ. શિક્ષણ એ એક સરસ્વતીનું મંદિર છે અને સમાજની આજની જરૂરિયાત છે તો એના માટે સરકાર જેટલું ગંભીરતાથી વિચારશે એટલું આપણું બાળક સારું શિક્ષિત બાળક બનશે અને એક શિક્ષિત નાગરિક તરીકે આ સમાજની અંદર સન્માન મેળવશે. હું થોડુંક ધ્યાન દોરવા માગું છું કે, રાજ્યના કુલ બજેટમાં શિક્ષણની સેવા આપવા માટે જે નાણાકીય જોગવાઇ ટકાવારીમાં જે ઘટી રહી છે. એ વર્ષ ૨૦૧૮–૧૯માં શિક્ષણ માટે રાજ્યમાં કુલ બજેટ પૈકી ૧૩.૨૨ ટકા નાણાકીય જોગવાઇનો ખર્ચ કરવામાં આવ્યો હતો. જે ઘટીને વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ બજેટ પૈકી અંદાજિત ૧૧.૮૯ ટકા ખર્ચનો અંદાજ છે. તો આ રીતે બધા જ પ્રકારના શિક્ષણનું સ્તર વધે એ માટે સરકારે પ્રયત્ન કરવા જોઇએ તેવી આપના મારફતે મારી વિનંતી છે.

શ્રી રાકેશભાઇ જ. શાહ(એલીસબ્રિજ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જે માગણી ક્રમાંક–૮૯ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. એક એવા વિભાગની માગણી પર મને ચર્ચા કરવાની તક મળી છે કે જે વર્તમાન સમયમાં એ ખૂબ ઉપયોગી છે, જરૂરી છે. એવો એક આ વિભાગ કે જે સામાન્ય રીતે આપણે કહી શકીએ કે ૨૧મી સદી એ જ્ઞાન વિજ્ઞાનની સદી છે, કોઇપણ દેશ કે રાજ્ય હોય એનું એક સુચારુ શાસન, એની વ્યવસ્થા તેમજ સરકારના નાગરિકલક્ષી જે અભિગમો છે. તેની ઝડપી સેવાઓ મળે તે માટે આઇ.ટી.નો ઉપયોગ કરી રહ્યાં છે. આપણાં સન્માનનીય વડાપ્રધાન અને આપણાં જે તે સમયના માનનીય મુખ્યમંત્રી આદરણીય નરેન્દ્રભાઇ અહીંયા હતા ત્યારે તેમણે એક સૂત્ર આપ્યુ હતું કે India Today + Information Technology = India Tomorrow આવતીકાલનું ભારત અને આપણે જોઇ પણ શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, નાગરિકોએ જિલ્લા અને તાલુકા કક્ષાએ જે પ્રાપ્ત થતી નાગરિકલક્ષી સેવાઓ પોતાના ગામમાં મળી રહે તે હેતુથી માનનીય મુખ્યમંત્રી અને વિભાગ દ્વારા ડિજીટલ સેવા સેતુના કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી છે. આ નવતર કાર્યક્રમ થકી ૫૫ જેટલી વિવિધ સેવાઓનો લાભ આશરે ૯ હજારથી વધુ ગામડામાં ૩૦ લાખથી પણ વધારે લોકોએ લીધો છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિભાગની ચર્ચા કરું છું મહાનગરમાંથી આવું છું ત્યારે સાયન્સ સીટી સીધુ જ નજરમાં આવતુ હોય છે. અત્યારે તો તેના ફેઝ–૨નું કામકાજ પણ આગળ વધી રહ્યું છે ફેઝ–૨ની હું થોડીક વાતચીત કરું તો એમા બીજા તબક્કામાં ત્રણ નવી પ્રકારની વૈશ્વિક કક્ષાની ત્રણ ગેલેરીઓ ઉભી કરવામાં આવી. ગુજરાત સાયન્સ સીટીના આજે બીજા તબક્કામાં અદ્યતન રોબોટિક્સ ગેલેરીનું કામ લગભગ પૂર્ણતાના આરે છે. ૧૧ વિભાગોમાં સંરક્ષણ ક્ષેત્રે કામ કરતાં આપત્તિ સમયે બચાવની કામગીરી હોય, ખેતી વિષયક કામ કર્યું હોય, ઘર ઉપયોગમાં કામ કરતાં વિવિધ પ્રકારના રોબોટિકસ અને વિદ્યાર્થીઓને જ્યારે રોબોટ બનાવવા અંગેની અભિરૂચિમાં વધારો કરી શકે, તેની ક્ષમતા સંવર્ધન કરતા વર્કશોપનો સમાવેશ કરેલ છે અને આ રાબોટિકસ ગેલેરી નજીકના ભવિષ્યમાં ખુલ્લી પણ મૂકવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, એવી જ બીજી એક સાયન્સ સીટીમાં ૧૭ હજાર ચો.મીટરમાં ભારતની સૌથી મોટી એકવેટિક ગેલેરીનું નિર્માણ પણ લગભગ પૂર્ણતાને આધિન છે. જેમાં મીઠા પાણી, ભાંભરૂં પાણી અને દરિયાના પાણીમાં થતી જળચર સૃષ્ટિ આ બધી જ વ્યવસ્થાઓ તેમા દર્શાવવામાં આવે છે. આ ઉપરાંત આશરે ૧૦ હજારથી પણ વધારે ચો.મીટરમાં વિકાસ પામી રહેલી એસ્ટ્રોનોમી અને સ્પેસ સાયન્સ એ ગેલેરીનું કામ પણ ખૂબ મોટી ગતિમાં ચાલે છે. ખગોળશાસ્ત્ર અને વિજ્ઞાન ક્ષેત્રે પ્રગતિ દર્શાવતા ૨૦૦ બેઠકોનું હાઇબ્રીડ પ્લેનેટોરિયમ પણ ત્યાં બની રહ્યું છે. ૨૪ ઇંચ બે ફૂટથી પણ માટું વ્યાસવાળું ટેલિસ્કોપથી સજ્જ ઓબ્ઝરવેટરી સાથે સાથે ખગોળશાસ્ત્ર અને અંતરિક્ષ વિજ્ઞાન ક્ષેત્રમાં અત્યાર સુધીમાં મળેલ સફળતા વર્તમાન કામગીરી અને ભવિષ્યની યોજનાઓની ઝાંખી કરાવતી એ વિવિધ અદ્વિતીય નમૂનાઓ સિમ્યુલેટર રાઇડ કરે છે.

માનનીય અધ્યક્ષશ્રી, સાયન્સ સીટીની સાયન્સ પોપ્યુલરાઇઝેશન પ્રવૃત્તિઓને વેગ મળે તેમજ કોલેજ તેના વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થીઓને તથા પ્રાધ્યાપકોને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ થકી એ વિજ્ઞાનના જ્ઞાનનું અને વિચારોનું આદાન પ્રદાન કરી શકે તે હેતુથી સાયન્સ સીટી અને ગુજરાત યુનિવર્સિટીનું એમ.ઓ.યુ. એટલે જોડાણ પણ વિચારણા હેઠળ છે. હું ફેઝ–૧માં જે નવીનીકરણ થઇ રહ્યું છે તેમા મુખ્ય આકર્ષણોમાં થ્રીડી આઇમેક્સ થીયેટર, એનર્જી એજયુકેશન પાર્ક અને મ્યુઝીકલ ફાઉન્ટેન અને પેવેલીયનોના નવીનીકરણનું કામકાજ ચાલી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, નેચર પાર્કનો પણ એક વિકાસ થઇ રહ્યો છે. સાયન્સ સીટીમાં નેચર પાર્કના વિકાસની કામગીરી ગતિમાં છે. જેમા વિવિધ નાના ગાર્ડન જેવા કે કેકટસ ગાર્ડન, બટરફ્લાય ગાર્ડન, ઓકિસજન ગાર્ડન, બામ્બુ ટનલ જેવી અનેક વિવિધ સેવાઓ પણ ત્યાં આગળ પૂરી પાડવામાં આવી રહી છે. હું એક રેરા વિભાગની પણ ચર્ચા કરું છું કે, જયાં માનનીય મુખ્યમંત્રી અને વિભાગ દ્વારા રાજય સરકારની શાળાઓમાં Do It Yourself ડીઆઇવાય સાયન્સ કીટનું વિતરણ થયુ છે. રાજયના વિદ્યાર્થીઓ તે વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં તેમની અભિરૂચિ વધે તેમજ વિજ્ઞાન અને ટેકનોલોજીના મૂળભૂત સિદ્ધાંતો પ્રેકટીકલના પ્રયોગોથી સમજી શકે તે હેતુથી રાજયમાં પસંદગી પામેલ આશરે ૧૦૦થી વધારે સરકારી શાળાઓમાં આદિજાતિ વિસ્તારની પણ શાળાઓમાં આ તાલીમ કાર્યક્રમ અને માર્ગદર્શન સાથે Do It Yourself ની કીટ આપવામાં આવે છે અને મને કહેતા આનંદ થાય છે કે, વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૧૨૫ લાખથી પણ વધારે રકમની જોગવાઇ કરવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં એસ.ટી.આઇ એટલે સાયન્સ ટેકનોલોજી અને ઇનોવેશન એની પોલિસી અંતર્ગત સંશોધન અને વિકાસ માટે પણ સંશોધકોને પ્રોત્સાહિત કરવા રાજય સરકારે વિજ્ઞાન અને ટેકનોલોજીની એક નવી પોલિસી પણ જાહેર કરી છે. ગુજરાત સરકાર દ્વારા રાજયમાં બાયોટેકનોલોજીના સંશોધનને વેગ આપવા માટે આ વિભાગ નીચે ગુજરાત બાયોટેકનોલોજી રીસર્ચ સેન્ટર (GBRC) ની એક સ્વતંત્ર સોસાયટી તરીકે રચના કરવામાં આવેલી છે. આ સોસાયટી રાજયમાં કૃષિ, આરોગ્ય, પર્યાવરણ જેવા ક્ષેત્રોમાં બાયોટેકનોલોજીથી ઉકેલ લાવવા માટે કાર્યરત રહેશે અને રાજયના વિવિધ સ્ટેક હોલ્ડર્સ માટે એક સ્ટેટ ઓફ આર્ટ શેર્ડ સુવિધા તરીકે કાર્ય કરશે. સેન્ટરની મુખ્ય ક્ષમતા જીનોમિક્સ, બાયોઇન્ફોર્મેટિક્સ, બાયોબેંકિગ અને બાયોપ્રોસ્પેક્ટીંગ ક્ષેત્રે રહેલી છે. સંસ્થાની મુખ્યત્વે કામગીરી ૨૨ જેટલા આંતરિક સંશોધન પ્રોજેક્ટ, એક આંતરરાષ્ટ્રીય અને એક રાષ્ટ્રીય તેમજ ૧૧ રાજકીય પ્રોજેક્ટ મળીને કુલ રૂપિયા ૪૦ કરોડના આશરે ૩૫ જેટલાં સંશોધન પ્રોજેક્ટ કાર્યરત થયેલ છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા(નાંદોદ) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના વિદ્વાન શિક્ષણમંત્રી માનનીય બાપુ પોતાના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું. હું ફરી કહું છું કે, મફત અને ફરજિયાત ગુણવત્તાવાળું શિક્ષણ આપવાની જવાબદારી રાજય સરકારની છે. પ્રાથમિક શિક્ષણને ગુણવત્તાવાળું બનાવવા અને તેનો વ્યાપ વધારવા માટે આપણે પ્રવેશોત્સવ અને ગુણોત્સવ કરતાં આવ્યા છીએ. મારે દુઃખ સાથે કહેવું પડે છે કે, સરકાર અને શિક્ષણ વિભાગના આટલાં પ્રયત્નો છતાં પણ આજે પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતાં બાળકોને વાંચતા કે ગણિત પણ આવડતું નથી. આના માટે સરકાર અને શિક્ષણ વિભાગે શું કરવું જોઈએ તે સરકારનો વિષય છે. NCERTમાં થતાં કાર્યક્રમો પર ભાર મૂકવાની જરૂર છે. આજે આપણે પ્રાથિમક શિક્ષણનો વ્યાપ વધારવાની વાત કરીએ છીએ અને જે વિસ્તારની શાળાઓમાં સંખ્યા નથી તેવી શાળાઓને મર્જિંગ કરવાની છે. મારા નર્મદા જિલ્લામાં ઘણી મોટી સંખ્યામાં શાળાઓ મર્જ થવાની છે. અંતરિયાળ અને ડુંગરાળ વિસ્તાર હોવાથી ત્યાં બસ કે અન્ય વાહન વ્યવહારની સગવડ થવાની નથી. આથી આવા ગામડાઓની શાળાઓને મર્જિંગમાંથી બાકાત રાખવામાં આવે તો શિક્ષણનું સ્તર ઊંચું કરવામાં અને ટોપ ઓફ રેશિયો ઘટાડવામાં આપણને ચોક્કસ સફળતા મળશે. મને લાગે છે કે જો શાળાઓ મર્જ કરવામાં આવશે તો એ બાળકો ભણવા જવાના જ નથી. એની એ ઉંમર નથી કે ત્રણ થી ચાર કિ.મી. ચાલીને ભણવા જાય. આથી હું વારંવાર વિનંતી કરું છું કે, આ જે પ્રાથમિક શિક્ષણ સુધારવાની અને મર્જ કરવાની વાત કરો છો એને મુલતવી રાખો અથવા બંધ કરો.

માનનીય અધ્યક્ષશ્રી, નર્મદા જિલ્લામાં માધ્યમિક શાળાઓ અને પ્રાથમિક શાળાઓમાં ફરજ બજાવતાં શિક્ષકોની જે ભરતી થઈ છે એની શરૂઆતની પાંચ વર્ષની નોકરી આપણે પ્રાથમિક શાળામાં સળંગ ગણી છે. એ જ રીતે માધ્યમિક શાળા અને કૉલેજમાં પણ જેની સહાયક તરીકે ભરતી થઈ છે તેના શરૂઆતના પાંચ વર્ષને કાયમી નોકરીમાં ગણીને લાભ આપવો જોઈએ એવી મારી આપને વિનંતી છે. ખાસ કરીને અધ્યાપક સહાયક કે જેને અત્યાર સુધી ફાજલનું રક્ષણ મળ્યું નથી એ પણ

આપવામાં આવે. પ્રાથમિક અને માધ્યમિક શાળામાં એને રક્ષણ આપવામાં આવ્યું છે તો આમાં પણ આપવામાં આવે એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના સમયમાં ખાનગી પ્રાથમિક શાળાઓએ કે માધ્યમિક શાળાઓએ કે ખાનગી શાળાના સંચાલકોએ જે ફી લીધી છે એ ૧૦૦ટકા પરત આપે એવી પણ મારી આપને વિનંતી છે. બીજુ, અમારે ત્યાં ટ્રાયબલ વિસ્તારમાં છેલ્લા ચાર વર્ષ પહેલા જે બિરસા મુંડા ટ્રાયબલ યુનિવર્સિટી શરૂ કરવામાં આવી છે, એમાં કાયમી મહેકમ મંજૂર કરીને પ્રોફેસર, આસિસ્ટન્ટ પ્રોફેસર, બિનશૈક્ષણિક કર્મચારીઓની ભરતી વહેલામાં વહેલી તકે થાય કે જેથી કરીને એમાં અભ્યાસ કરતાં આદિવાસી વિર્દ્યાર્થીઓને લાભ મળે, એમનું શિક્ષણ ન બગડે, એમનું શિક્ષણ ન કથળે અને ગુણવત્તાવાળું શિક્ષણ મળે એના માટે પણ હું આપને વિનંતી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે વાત કરવી છે કે, જે ખાનગી અથવા તો ગ્રાન્ટ ઇન એઇડ હાઇસ્કૂલો ચલાવે છે એને અત્યારે આપણે બાપુ, પરિણામ આધારિત ગ્રાન્ટ આપીએ છીએ. પરિણામે એવી પણ સંસ્થાઓ છે કે જેની આર્થિક સ્થિતિ સારી નથી, એ સંસ્થાઓ, હાઇસ્કૂલો એને પરીક્ષા ફી, એનું લાઇટ , એની જે પરીક્ષા લે છે એની ઉત્તરવહીનો જે કંઇ ખર્ચ આવે છે. બીજુ, ઇતર ખર્ચ એ ખર્ચ કરી શકતી નથી, પરિણામે એ આર્થિક ભીંસમાં મૂકાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજી મારે માહિતી અને પ્રસારણ વિભાગની વાત કરવાની છે કે અમારા જોશિયારા સાહેબે જે વાત કરી કે, લોકશાહીના ધબકારામાં અમારા એટલે કે કોગ્રેંસ પક્ષના સભ્યો જે કંઇ બોલે છે એને એ કાર્યક્રમમાં પૂરતો સમય મળતો નથી, તો એ પણ મળે એ જાતની આપને વિનંતી છે. બીજી વાત કરું તો, જે ટ્રાયબલ વિસ્તારમાં વર્ષોથી સ્કૂલના ઓરડાઓ ખૂબ જર્જરિત છે એ ઓરડાઓનું સરવે કરાવીને જર્જરિત ઓરડા બાંધવાની આપણે જોગવાઇ કરવી જોઇએ અને રાજપીપળા શહેરની વાત કરું તો, રાજપીપળા શહેરમાં ઝાંસીની રાણી લક્ષ્મીબાઇ પ્રાથમિક શાળા જે ચલાવીએ છીએ એને હમણાં જ ડીમોલીશન કરવાની નોટિસ મળી છે તો આ જે કન્યાઓ છે એ કયાં ભણવા જશે? કયાં બેસસે? એનો વિચાર કરીને એની વૈકલ્પિક વ્યવસ્થા કરીને આનું જો ડીમોલીશન કરે તો મને લાગે છે કે વધારે ઉચિત રહેશે. એ જ રીતે બીજી પણ એક સ્કૂલ છે કન્યાશાળા નંબર –૪ એને પણ ડીમોલીશન કરવાની નોટિસ મળી છે. તો એની પણ પહેલા વ્યવસ્થા કરે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, એક જ મિનિટ, પ્રાથમિક શિક્ષણ સંગીન બનાવવું હશે તો ગ્રાન્ટો ફાળવી છે એના શિક્ષકોને પણ વારવાર ટ્રેનિંગ આપીને આદિવાસીની બોલીમાં કે જે કંઇ થતું હોય, એ રીતે જો પ્રાથમિક શિક્ષણ આપવામાં આવશે તો મને લાગે છે કે, સરકારનો જે અભિગમ છે એ પરિપૂર્ણ થશે. થેંક યું.

અધ્યક્ષશ્રી : માનનીય દંડકશ્રી,

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહનો વિરામનો સમય અરધો કલાક છે, જમવામાં બધાને મુશ્કેલી પડે છે, એટલે એક કલાક આપણે રાખીએ.

અધ્યક્ષશ્રી : રાખીશું, એક કલાક, સંમતિ છે ને?

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ (વિપક્ષના દંડકશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્ય દંડકશ્રી જે રિસેસની સમયમર્યાદા વધારવાની દરખાસ્ત લઇને આવ્યા છે એને અમારો ટેકો છે.

અધ્યક્ષશ્રી : આજના દિવસે પછી જાહેરાત કરું. માનનીય કુબેરભાઇ ડીંડોર.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર (સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી બાપુ, જે શિક્ષણની માંગણીઓ લઇને આવ્યા છે ૯ અને ૧૦ એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનય અધ્યક્ષશ્રી, કહેવાયું છે કે જે શિક્ષિત થઇ શકે એ જ વિકસિત થઇ શકે છે. ધર્મના વિકાસ પણ જયાં ધર્મસ્થાનો વધુ છે ત્યાં નહી પણ જયાં શિક્ષણસ્થાનો છે વધુ છે ત્યાં જ માણસ વિકસિત થઇ શકે છે. જે શિક્ષિત થઇ શકે છે તે જ વિકસિત થઇ શકે અને તે જ દિક્ષિત થઇ શકે છે. આ ૨૧મી સદી એ જ્ઞાનની સદી છે, ટેકનોલોજીની સદી છે, આપણી રાજય સરકાર આ કલ્યાણકારી જે યોજનાઓ છે એનો લાભ છેવાડાના માનવીને, જે વંચિત છે, ગરીબ છે એને મળી રહે એના માટે ટેકનોલોજીનો ઉપયોગ કરીને છેવાડાના માનવી સુધી કલ્યાણકારી યોજનાઓ પહોંડાવાનું ભગીરથ કાર્ય કરી રહી છે એના ભાગરૂપે અમારા શિક્ષણ વિભાગ પણ આ ડિઝિટલ ગુજરાતના નિર્માણના સંકલ્પને સાકાર કરવા માટે અમારા શિક્ષણ વિભાગે ગુજરાતના વિધાર્થીઓને આધુનિક સવલત આપતો એક અભિનવ જ્ઞાન કૂંજ પ્રોજેકટ અમલમાં મૂકયો છે. રાજયની વિવિધ આપણી સરકારી શાળાઓ છે, એમાં ઓ.એચ.પી., સ્માર્ટબોય, ટેબ્લેટ જેવી આધુનિક શૈક્ષણિક સામગ્રી પર શિક્ષણ આપવાનું કામ અમારા શિક્ષણ વિભાગ દ્વારા થઇ રહ્યું છે. આજે રાજયમાં ૧૬ હજાર જેટલા કલાસ–રૂમો છે એને જ્ઞાનકૂંજ પ્રોજેકટથી જોડવામાં આવ્યા છે. જેમાં ધોરણ– પથી ૮ના ૩ લાખ કરતાં વધુ વિધાર્થીઓને ટેકનોલોજીનો લાભ ટેકનોલોજીના પેલથી મળી રહ્યો છે. આપણી રાજય સરકારે સવિશેષ કામ આ ટેકનોલોજીના માધયમથી આજના યુવાધનને આપવાનું જે કામ કર્યું એ વર્ષ ૨૦૧૭–૧૮માં નમો ટેબ્લેટ આપવાની જે યોજના શરૂ કરી એ ખરેખર છેવાડાના માનવી અને વિધાર્થીને તેમજ ગરીબ વિધાર્થીઓને આશીર્વાદ સમાન છે. રૂપિયા ૧૦ હજારનું એ ટેબ્લેટ રૂપિયા એક હજારના ટોકન દરે આપવાનું જે રાજય સરકારે ઠરાવ્યું, એમાં ટેબ્લેટ એટલું જ નથી એમાં પાંચ હજાર પુસ્તકો ડાઉનલોડ કરેલા છે. તમામ પુસ્તકો એમાં આવી જાય છે.

એમાં ટેકનોલોજીનો સંપૂર્ણ ઉપયોગ કરીને વ્યાકરણ, ડિક્ષનેરી છે ડિઝિટલ લાયબ્રેરી, હેલો ઇંગ્લીશ છે, બાયજયુસ છે, કયુઆર કોડ, સીક ટાઇપીસ્ટ જેવી એપ્લીકેશનો એમાં ડાઉનલોડ કરીને નમો ટેબ્લેટ આપીને ગુજરાતના વિદ્યાર્થીઓને ટેકનોલોજીના માધ્યમથી દુનિયાની સમક્ષ મૂકવાનું કામ આપણી ભારતીય જનતા પાર્ટીની સરકાર અને સવિશેષ શિક્ષણમંત્રીશ્રીએ કર્યું છે, તેના ભાગરૂપે પૂરા ગુજરાતમાં ૮.૫૦ લાખ વિદ્યાર્થીઓને આજ દિન સુધી ટેબ્લેટ આપવામાં આવ્યા છે. તેના માધ્યમથી આપણો ગુજરાતનો યુવાન આજે વિશ્વના યુવાનો સાથે સ્પર્ધા કરી શકે છે. આજનો યુવાન આંગળીના ટેરવે સમગ્ર વિશ્વ સામે ઉભો રહી શકે છે.

મને કહેતાં એ બાબતનો આનંદ છે કે આપણા ગુજરાતમાં કોઇ પણ સમાજમાંથી તેજસ્વી વિદ્યાર્થીઓને સરકારનો યોગ્ય પ્રતિસાદ મળ્યો હોય તો તે ભારતીય જનતા પાર્ટીની સરકારનો મળ્યો છે. જે વિદ્યાર્થીઓ રાજયમાં આવેલી માન્ય યુનિવર્સિટીમાં પી.એચ.ડી કે હાયર એજયુકેશનમાં પી.એચ.ડી કરે છે, સંશોધન કરે છે, સંશોધન કાર્યમાં જે ભાગ લે છે, એમાં એમને ગુણવત્તાયુકત સંશોધન કરનાર જે વિદ્યાર્થીઓ છે એમને પણ રાજય સરકાર આર્થિક સહાય આપે છે. એમાં સ્કીમ ઓફ હાયર ડેવલપમેન્ટ કવોલીટી રિસર્ચ યોજના શરૂ કરવામાં આવી છે, જેના ભાગરૂપે પૂરા ગુજરાતમાં વર્ષ ૨૦૧૯-૨૦ અને વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કુલ ૭૫૪ વિદ્યાર્થીઓને સંશોધન કરવા માટે આપણા શિક્ષણ વિભાગે ૧૩.૩ કરોડ રૂપિયાની ફાળવણી કરી છે. આની સાથે સાથે રાજયના તેજસ્વી અને જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણ માટે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના એમ.એસ.વાય.એસ.વાય દ્વારા આર્થિક સહાય પૂરી પાડવામાં આવે છે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનાના માધ્યમથી વર્ષ ૨૦૨૦-૨૧ દરમ્યાન કુલ ૩૯૨૭૨ વિદ્યાર્થીઓને આપણી રાજય સરકારે કુલ ૧૬૮.૭૯ કરોડ રૂપિયાની સહાય કરવામાં આવી છે.

આનાથી આગળ વધીને આપણી મેડિકલના અભ્યાસમાં જે વિદ્યાર્થીઓ તેજસ્વી વિદ્યાર્થીઓ જે ગરીબ છે જે મેડિકલમાં અભ્યાસ કરવા માટે જાય છે, જરૂરિયાતમંદ છે, જેમની પાસે આર્થિક વ્યવસ્થા નથી એવા વિદ્યાર્થીઓને તેમજ જરૂરિયાતમંદ આપણી ગુજરાતની વિદ્યાર્થીનીઓ, દિકરીઓને પણ એમાં જોડવામાં આવી છે. એમાં મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજનામાંથી બે લાખ રૂપિયા અને મુખ્યમંત્રી કન્યા કેળવણી યોજનામાંથી ચાર લાખ રૂપિયા એમ કુલ મળીને ૬ લાખ રૂપિયાની જોગવાઇ કરીને આપણી ગુજરાતની જરૂરિયાતમંદ દિકરીઓને મેડિકલમાં જે ફી આપવામાં આવે છે, તેમાં વર્ષ ૨૦૨૦-૨૧માં ૧૭૩૧ આપણી દિકરીઓને રાજય સરકારે આપી છે. આમ, કુલ મળીને રૂપિયા ૪૪.૨૧ કરોડ જેટલી રાજય સરકારે ફી આપણી દિકરીઓને આપી છે.

અમારા આદિવાસી ધારાસભ્યશ્રીઓ જોષીયારા સાહેબ અને ચંદ્રિકાબેન અનેકવાર એક ગીત ગાયા કરે છે કે અમે લડી લેશું, આદિવાસીઓના હક્કની લડાઇ લડી લઇશું. કયા હક્કની લડાઇ લડવા માગે છે એની મને ખબર પડતી નથી. આપણા ગુજરાત રાજયની સ્થાપના થઇ તો આજ દિન સુધીમાં મેં મેડિકલમાં અમારા આદિવાસી વિદ્યાર્થીઓ કેટલા ગયા છે એનો રિપોર્ટ કાઢયો તો અમારા આદિવાસી સમાજની મેડિકલની સીટો આટલા વર્ષોથી જે ખાલી રહેતી હતી, એ અમારી રાજય સરકારના અથાગ પ્રયત્નોથી તાલુકા કક્ષાએ સાયન્સ કોલેજો અને સ્કૂલો આપવાના કારણે વિદ્યાર્થીઓ ભણ્યા અને કોંગ્રેસ સરકારમાં આટલા સમય સુધી ૯૫૦૦ મેડિકલની સીટો ખાલી રહેતી હતી. અને અમારી ભારતીય જનતા પક્ષની સરકાર આવ્યા પછી આ તમામ સીટો ભરાય છે. સન ૨૦૦૮-૦૯ના વર્ષમાં ૬૦૩ જ સીટો હતી અને એના ભાગરૂપે આજે મને કહેતા આનંદ છે કે આદિવાસી સમાજના બાળકો સેલ્ફ ફાઇનાન્સમાં જાય તો એનો તમામ ખર્ચ રાજય સરકાર આપે છે એના ભાગરૂપે એમ.બી.બી.એસ. કરતાં ગુજરાતના ૨૨૧૮ આદિવાસી વિદ્યાર્થીઓને કુલ ૨૧ કરોડ ૩ લાખ ૮૩ હજાર ૭૭૨ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે.

શ્રી કીરીટકુમાર ચી. પટેલ(પાટણ) : માનનીય અધ્યક્ષશ્રી, આદરણીય શિક્ષણ મંત્રીશ્રી અને આદરણીય કાયદા મંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એના ઉપર મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોઇપણ રાજયનો કે દેશનો વિકાસ કરવો હોય તો શિક્ષણ અને ન્યાયતંત્ર એ બહુ મહત્ત્વના પાસા છે. આજથી વર્ષો પહેલા લોર્ડ મેકોલોએ કહ્યું હતું કે "If you want to demolish or destroy any nation without war, you need no weapon, only destroy its education system." એટલે કે કોઇપણ દેશને બરબાદ કરવા માગતા હોય તો યુદ્ધ કરવાની જરૂર નથી. તમે એની શિક્ષણની સિસ્ટમ ને તોડી નાખો તો એ દેશ અથવા તો રાજય ઓટોમેટીક તૂટી જશે. ઘણા બધા શિક્ષણશાસ્ત્રીઓએ કહ્યું છે કે "Expenditure in education is not expenditure, it is investment." એટલે કે શિક્ષણની અંદર જે કંઇ જોગવાઇ કરવામાં આવે એ ભવિષ્ય માટે ઇન્વેસ્ટમેન્ટ છે. ભારતના બંધારણના આર્ટીકલ ૨૧(એ)ની અંદર પણ એજયુકેશનને ફન્ડામેન્ટલ રાઇટ તરીકે ૧૪ વર્ષના બાળકો માટે સ્વીકારેલું છે. પરંતુ જે રીતે છેલ્લા ઘણા સમયથી ગુજરાત અને દેશની અંદર અમારા સભ્યશ્રીઓએ કહ્યું એ રીતે ખાનગી શૈક્ષણિક સંસ્થાઓને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે એ જોતા લાગે છે કે લોર્ડ મેકોલોએ જે વાત કરી હતી એ સાચી ના પડે એના માટે આપણે સૌએ ચિંતા કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, નીતિ આયોગે એના રિપોર્ટમાં કહ્યું છે કે કોઇપણ દેશ હોય અથવા રાજય હોય એણે એના શિક્ષણમાં સુધારો કરવો હોય તો એનો જે જી.ડી.પી. હોય એના ૭ ટકા જેટલી બજેટની અંદર શિક્ષણ પાછળ જોગવાઇ થવી

જોઇએ. પરંતુ છેલ્લા પાંચ વર્ષનો અભ્યાસ કરવામાં આવ્યો તો દેશના અને રાજયના બજેટની અંદર ૩ ટકાથી માંડીને ૪ ટકા સુધીના જી.ડી.પી.ના બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે. ગયા વર્ષે ૩.૧ ટકા કેન્દ્રના બજેટની અંદર અને વર્ષ ૨૦૧૯-૨૦નો રિપોર્ટ જોઇએ તો જે પ્રમાણે અન્ય રાજયોએ બજેટની અંદર શિક્ષણની અંદર બજેટની જોગવાઇ કરી છે એ પ્રમાણે ગુજરાતનો ૧૪મો નંબર છે એટલે માનનીય મંત્રીશ્રીને પણ હું વિનંતી કરું છું કે આ બજેટની અંદર વધુ નાણાં ફાળવવામાં આવે. આપણો સ્ટેટ વાઇઝ literacy rate ૨૦૨૧ હમણાં જ મેં જોયું તો તેની અંદર ગુજરાત ૧૮મા સ્થાને ૭૮ પોઇન્ટ સાથે છે સૌથી પહેલા કેરાલા છે ૯૪ ટકા, લક્ષદીપ ૯૧.૯ ટકા, મીઝોરમ ૯૧.૦૩ ટકા, ગોવા ૮૮.૭ ટકા છે એટલે literacy rate છે એની અંદર પણ વધારો થાય.અગાઉ અમારા સભ્યશ્રીએ કહ્યું કે એક વર્ષ સુધી કોરોનાને લીધે શાળા કોલેજો બંધ હતી તો એની ફીમાં વધારો ન થવો જોઇએ. અત્યારે ૩૧ માર્ચ સુધી જે હિસાબો મંગાવે છે હું માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે ફીમાં વધારો ન થાય, ફીમાં ઘટાડો થાય.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણા બધા પ્રશ્નો પ્રાથમિક શિક્ષકો, અધ્યાપકોના પડતર છે. બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે. પ્રાથમિક શિક્ષકોના ઉચ્ચત્તર પ્રાથમિક અને પ્રાથમિક આ બંનેના એપોઇમેન્ટ અને કવોલિફિકેશન જુદી જુદી હોવા છતાં બંનેનું પગાર ધોરણ એક રાખવામાં આવેલ છે. આ બંનેનું પગાર ધોરણ સુધારવામાં આવે. રાજયની નગર પ્રાથમિક શિક્ષકો હતા એને ૪૨૦૦ નો ગ્રેડ આપવામાં આવે છે પણ જે જૂના શિક્ષકો હતા એમને આપવામાં આવ્યો નથી એટલે એ પણ આપવામાં આવે. જૂની પેન્શન સ્કીમ હતી તેના બદલે નવી પેન્શન સ્કીમ રજૂ કરવામાં આવી છે અને કેન્દ્ર સરકારનો તા. ૫-૫-૨૦૦૯નો પરિપત્ર હોવા છતાં ફેમીલી પેન્શનનો લાભ આપવામાં આવતો નથી. એ લાભ આપવામાં આવે. હું અધ્યાપક છું એટલે અધ્યાપકની વાત કરીશ કે યુ.જી.સી.ની ગાઇડલાઇન પ્રમાણે સી.એ.એસ.નું પ્રમોશન આપવામાં આવતું નથી. થોડા સમય પહેલાં જ ૭મા પગાર પંચના એરિયર્સની રજૂઆત કરી પણ એની અંદર એવું બન્યું છે કે જે અધ્યાપકોને ૭મું પગારપંચ મળે છે એમનો પગાર ઓછો થઇ ગયો. આ વહીવટ શિક્ષણ વિભાગની અંદર. માનનીય બાપુશ્રી, હું એના પુરાવા સાથે આપીશ કે છઠ્ઠા પગારપંચની અંદર જે પગાર મળતો હતો એ ૭મા પગારપંચમાં ૧૦-૧૦ હજાર રૂપિયા પગાર ઓછો થઇ ગયો. આમાં ચિંતા કરવાની જરૂર છે. ઘણાં બધા પ્રિન્સીપાલ છે એ એક કોલેજમાંથી બીજી કોલેજમાં ટ્રાન્સફર થયા હતા, નિમણૂક પામેલા હતા, છેલ્લા ૧૧-૧૨ મહિનાથી તેમના પેન્શનની ફાઇલો પણ અટકેલી પડી છે. તેનું ઝડપથી નિરાકરણ લાવવામાં આવે. જે અધ્યાપક સહાયકો છે, બીજા વિભાગોએ અધ્યાપક સહાયકોની નોકરી સળંગ ગણી છે ત્યારે ગ્રાન્ટેબલ કોલેજોમાં જે અધ્યાપકો છે તેમની પણ નોકરી સળંગ ગણવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગની વાત કરીશ. આપશ્રી વકીલ છો. ન્યાયતંત્રની અંદર જે મહત્ત્વની બાબત છે. જિલ્લા કક્ષાએ ડી.જી.પી. અને પી.પી.પી.ની નિમણૂક કરવામાં આવે છે તેની ઉંમર ૫૮ વર્ષ હોય છે પરંતુ લગભગ ૭૦-૭૦ વર્ષ સુધી આ લોકોને ચાલુ રાખવામાં આવે છે તો તેના ઉપર પણ નિયંત્રણ રાખવામાં આવે અને નવા લોકોની નિમણૂક કરવામાં આવે. તાલુકા કક્ષાએ જે પી.પી.પી.ની નિમણૂક કરવામાં આવે છે એ જી.પી.એસ.સી. દ્વારા કરવામાં આવે છે. આપ સારી રીતે જાણો છો. તેમને પ્રમોશનનો લાભ આપવામાં આવતો નથી તો તેમને પ્રમોશનનો લાભ આપવામાં આવે અને ન્યાયતંત્ર મજબૂત બને તેના માટે વિનંતી કરું છું.

શ્રી આત્મારામ પરમાર(ગઢડા) : માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગના માનનીય મંત્રીશ્રી માગણી ક્રમાંક-૬૦ લઇને આવ્યા છે ત્યારે હું મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ભારત એ દુનિયાની સૌથી મોટી વસતિ ધરાવતો લોકશાહી દેશ છે અને લોકશાહીના વિકાસ માટે પણ જસ્ટિસ એ તેનો મેઇન પિલર છે. કાયદો અને ન્યાયતંત્રની વાત કરીએ ત્યારે ભારત દેશની સમૃદ્ધિ સાથે ગુજરાત પણ સમૃદ્ધ રાજ્ય છે. એટલે જ્યાં સમૃદ્ધિ આવે છે ત્યાં ઉપાધિ પણ આવે છે. એવા સંજોગોમાં ક્રાઇમ રેટને દબાવવાના પ્રયત્નો શાસકે કરવા પડે અને જયાં કાયદાનું શાસન મજબૂત હશે ત્યાં શ્રેષ્ઠ વિકાસ થાય છે તેના દાખલાઓ આપણે વેસ્ટર્ન કન્ટ્રીમાં જોઇ શક્યા છીએ. ખોબા જેવડું ઇંગ્લેન્ડ જેને કહી શકાય. યુ.કે. જેને કહી શકાય. તેની આખી શાસન પ્રણાલિ વર્ષો પછી વણલિખિત હોવા છતાં પણ સમગ્ર દુનિયા પર તેણે શાસન કર્યું. મોટા ભાગના દુનિયાના દેશો બ્રિટિશ શાસનતળે હતા તેનો શ્રેય તેની શાસન પ્રણાલિને જતો હતો ત્યારે જ્યાં કાયદાનું શાસન હોય છે ત્યાં શાંતિ, સલામતી અને વિકાસ પણ હોય છે. આપણે જોઇએ છીએ ગુજરાતમાં અન્ય રાજ્યોની સરખામણીએ વિકાસનો દર પ્રથમ નંબરે છે. તેના કારણે ગુજરાતમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિનું સુચારુ સંચાલન થાય છે અને ઉદ્યોગપતિઓ પણ ત્યાં જ જાય છે. કે જયાં એમને શાંતિ અને સલામતી મળે, તો શાંતિ અને સલામતી આપતું આપણું આ ગુજરાતનું સમૃદ્ધ રાજ્ય છે ત્યારે આપણે જોઇએ છીએ કે ગુજરાતમાં કાયદો અને ન્યાયતંત્રનું શાસન ચાલુ રહે તે માટે એક તાલુકો છોડીને ગુજરાતના તમામ તાલુકાઓમાં તાલુકા લેવલની કોર્ટો કાર્યરત છે. એની સાથે એના જયુડીશીયલ ઓફિસરોની પણ આપણે નિમણૂકો કરી છે, એના સ્ટાફની પણ નિમણૂકો કરી છે. પી.પી.પી.ની નિમણૂકો કરી છે, સરકારી વકીલોની નિમણૂકો કરી છે. મિત્રો, ગુજરાતના છેવાડાના ગામ કે છેવાડાના તાલુકા સુધી ન્યાય મળે અને કોઇ ન્યાયથી વંચિત ન રહે એ રીતની ફુલપ્રુફ વ્યવસ્થા જેને કહી શકાય એ આ શાસનમાં આપણે જોઇ શકીએ છીએ. છેવાડાના નાગરિક સુધી કાયદાનું શાસન પહોંચે અને એને ન્યાય મળે, ન્યાય મળે એ જરૂરી નથી, પણ ઝડપી ન્યાય મળવો જોઇએ અને સસ્તો ન્યાય મળવો જોઇએ. જે લોકો આર્થિક રીતે સક્ષમ નથી અને એને

એમ અહેસાસ જાય કે મને કોઇ જગ્યાએ અન્યાય થાય તો એમણે જિલ્લા કક્ષાએ કાનૂની સહાય કેન્દ્રના માધ્યમથી એમને સરકારના ખર્ચે વકીલ મળી શકે છે જે એનો કેસ લડી શકે છે અને એ જ રીતે આપણે ઘણી વખત કહેવાય છે કે **ડીલે ઇન જસ્ટીસ ઇઝ ડીનાઇંગ જસ્ટીસ** એટલે ન્યાય ઝડપી મળે એ પ્રકારના પણ આપણા પ્રયત્નો રહે છે અને આ સરકારે લગભગ ૧૭ જેટલા અલગ અલગ વિભાગોમાં અલગ અલગ પ્રકારની ખાસ કોર્ટોની રચના કરી છે અને લગભગ ઝડપી ન્યાય મળે એ માટે ૬૩૧ જેટલી સ્પેશિયલ કોર્ટોની સ્થાપના થઇ છે અને જેમાં એટ્રોસીટી એકટથી, પોકસો એકટ, એ.સી.બી., મોટર એકસીડન્ટ કલેઇમ એવા ગંભીર પ્રકારના ગુનાઓ છે અથવા તો જેમાં તાત્કાલિક ન્યાયની પણ જરૂરત છે અને ઘણી વખત એવા બનાવો પણ બને છે કે લોકોની એવી અપેક્ષા હોય કે આમાં અમને તાત્કાલિક ન્યાય મળે તો તાત્કાલિક ન્યાય મળે એ માટે ખાસ અદાલતોની સ્થાપના કરવામાં ગુજરાત અગ્રેસર છે અને હું એક લોક અદાલતની વાત કરીને મારું પ્રવચન પૂરું કરીશ કે લોક અદાલતના માધ્યમથી ગુજરાતમાં પક્ષકારો વચ્ચે થયેલા વાદવિવાદ સરળતાથી પતે, ઝડપથી પતે અને લોકોને ન્યાય મળ્યો એમ થાય. લોક અદાલતના માધ્યમથી એમાં કોઇ વાદ નહીં, વિવાદ નહીં, સમાધાન સિવાયની કોઇ વાત નથી. લોક અદાલતમાં આપણે જોઇએ છીએ કે એમાં જે રીતે કેસોની નિકાલ થાય છે એમાં એવું નથી હોતું કે કોઇ પક્ષની હાર થઇ છે કે ન કોઇ પક્ષની જીત થઇ છે**, ન કોઇ હારા હૈ, ન કોઇ જીતા** હૈ એ પ્રકારની કાર્ય પ્રણાલિ લોકઅદાલતમાં થાય છે. અમુક અમુક કેસો તો કોર્ટમાં એવા આવતા હોય છે કે આપણે ઘરેલું ભાષામાં કહીએ તો '' હલાવવાના વાંકે દાળ દાઝી જાય છે'' સાહેબ, આ સમાધાનનો નાનો અમસ્તો પણ પ્રયત્ન કરીએ અને સમાધાન થાય એવા બનાવો લોક અદાલતમાં મેં જોયા છે ત્યારે માનનીય મંત્રીશ્રી જે માગણી લઇને આવ્યા છે એમાં હું સમર્થન આપું છું.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત**(**થરાદ) : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી ગુજરાતના શિક્ષણ મંત્રીશ્રી પોતાની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. આમ તો સરકાર દ્વારા જે વિદ્યાર્થીઓ માટે સારા પગલાં લીધાં હોય તો એના માટે અભિનંદન પણ આપવા જોઇએ. સાથોસાથ ક્યાંક કચાશ રહી હોય તો વિપક્ષ તરીકે સદનમાં રજૂઆત કરવાનો બધાને અધિકાર છે. ૨૦૧૫માં યુવા સ્વાવલંબન યોજના દ્વારા ગુજરાતના વિદ્યાર્થીઓને મેડિકલ કે બીજા ક્ષેત્રોમાં અભ્યાસ કરતાં હોય, ઉચ્ચ ટકાવારી હોય અને આર્થિક રીતે પહોંચી વળે તેમ ન હોય તેમને જ્યારે ૪ લાખ રૂપિયા ફી હતી ત્યારે ૨ લાખ રૂપિયાની સહાય કરવામાં આવતી હતી. એક સારું પગલું હતું એને અભિનંદન આપીએ પણ આજે જે સેલ્ફ ફાયનાન્સ મેડિકલ કોલેજોની ફી ૭.૮૫ લાખ રૂપિયા થઇ છે ત્યારે એ વખતે જેમ ૫૦ ટકા આપવામાં આવતા હતા એ રીતે આજે પણ આ સહાયમાં રૂપિયા ૨ લાખથી વધારી રૂપિયા ૪ લાખ કરવામાં આવે તો ગુજરાતના ગરીબ વિદ્યાર્થીઓ છે એને આર્થિક રીતે મદદરૂપ થઇ શકાશે અને વિદ્યાર્થીઓને અભ્યાસમાં મુશ્કેલી નહીં પડે. આશ્રમ શાળાઓના મકાનો બનાવવામાં આવ્યા છે પણ શિક્ષકોની ઘટ છે. છેવાડાના પછાત વિસ્તારમાં સ્કૂલો બની છે પણ શિક્ષકોની એટલી ઘટ છે કે આખી સ્કૂલમાં એક જ શિક્ષક હોય છે એના કારણે સ્કૂલના દરેક કામ એક જ શિક્ષકે કરવાના હોય છે. તમામ વિષયના શિક્ષકોની ભરતી કરવામાં આવે અને ખાસ કરીને પછાત વિસ્તારની સ્કૂલો છે ત્યાં વધુ શિક્ષકો નિમવામાં આવે અને તેઓ ત્યાં જ રહે એવી ફરજ પાડવામાં આવે. ગ્રામીણ વિસ્તારોમાં ઓછા બાળકોના કારણે સ્કૂલો બંધ થાય છે. ઘણા બધા દેશોમાં એક જ વિદ્યાર્થી માટે સ્કૂલ ચલાવવામાં આવે છે અને રેલવે સુધીની વ્યવસ્થા કરવામાં આવે છે. આપણા ગુજરાતમાં છેવાડાના વિસ્તારના બાળકોની ઓછી સંખ્યાના કારણે અભ્યાસ ન છોડવો પડે એના માટે સુવિધા કરવાની જરૂર છે. હું જે વિસ્તારમાંથી આવું છું ત્યાં ૫-૬ કિલોમિટર ઘોરામાં વિદ્યાર્થીઓ રહે છે. ત્યાં સ્કૂલો બંધ ન થાય અને વિદ્યાર્થીઓને અભ્યાસ છોડવો ન પડે એના માટે આપણે સૌએ વિચારવાનું છે. માનવ સંસાધન મંત્રાલય, ભારત સરકાર દ્વારા સંસ્થાઓના રેન્કીંગમાં ટોપ ૫૦ ની અંદર આપણી ગુજરાતની એકપણ યુનિવર્સિટી નથી આવતી. એના માટે પણ આપણે જે પણ શક્ય હોય, વધુ યુનિવર્સિટીઓ આવે એના માટે સાથે મળીને પ્રયત્ન થાય. ભારત સરકારની સંસથા એન.સી.ઇ.આર.ટી. દ્વારા કરવામાં આવેલ નેશનલ એચિવમેન્ટ સરવે મુજબ ગુજરાત ૧૨માં ક્રમાંકે છે એમાં સુધારો થાય. થરાદની અંદર ખાસ કરીને સાયન્સ કોલેજ મંજૂર કરવામાં આવી છે અને એ ચાલે છે પણ એની અંદર હજુ સુધી મકાન અને લેબોરેટરી નથી બની શકી. એના કારણે વિદ્યાર્થીઓએ સેલ્ફ ફાયનાન્સ કોલેજમાં જવાની ફરજ પડે છે. ગ્રામીણ વિસ્તારમાં વર્ષ ૨૦૧૫ અને વર્ષ ૨૦૧૭માં પુર આવ્યું એમાં બનાસકાંઠા જિલ્લામાં મોટાભાગની સ્કૂલોમાં ઘણા બધા ઓરડાઓ અને સ્કૂલો ડેમેજ થઇ ગઇ હતી. ઓરડાઓની ઘટ છે અને આ વખતે મોટું બજેટ છે ત્યારે જે સ્કૂલો ડેમેજ થઇ ગઇ છે, વિદ્યાર્થીઓ બેસી શકે તેમ નથી ત્યાં આધુનિક બિલ્ડીંગ બનાવીએ કે દરેક લોકો એમાંથી પ્રેરણા લે કે ગુજરાતમાં આવી સ્કૂલો છે. ખાસ કરીને પછાત વિસ્તારની શાળાઓ માટે આવી વ્યવસ્થા કરવામાં આવે. હું જે વિસ્તારમાંથી આવું છું એમાં ઘણી બધી સરકારી સ્કૂલો બની છે પણ હજુ પણ વધુ સરકારી સ્કૂલો બનાવવાની જરૂર છે. કારણ કે આજે પણ એ વિસ્તારમાં ધોરણ-૮ પછી ખાસ કરીને દિકરીઓ અભ્યાસ છોડી દે છે. કારણ કે એમના ગામમાં કે ૫ કિલોમિટર એરિયામાં સ્કૂલો નથી. આમાં ઘણી બધી દિકરીઓ અભ્યાસ છોડી દે છે એવી જગ્યાએ જ્યાં જરૂરિયાત હોય ત્યાં સીધોતરા હોય, ચારડા હોય, ગનટા હોય એવા કેટલાય ગામો છે કે જ્યાં સ્કૂલો નથી. ખાસ કરીને પછાત વર્ગ હોય અને સામાજિક બંધનોમાં બંધાયેલો વર્ગ છે એમની દિકરીઓને ધોરણ-૮ પછી શિક્ષણ છોડવું પડે એ ખૂબ દુઃખની વાત છે ત્યારે ગ્રામ્ય વિસ્તારમાં સ્કૂલો વધુ બને એવી વિનંતી છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, કોવિડના કારણે સ્કૂલો બંધ હતી ત્યાં શિક્ષકોને તો પગાર મળ્યો પણ પ્રવાસી શિક્ષકોને પગાર આપવામાં આવ્યો નથી. એમને ન્યાય મળે અને એમને પણ પૂરેપૂરો પગાર મળે એના માટે આયોજન કરવામાં આવે. શિષ્યવૃત્તિ ઓનલાઇન થવાના કારણે ઘણા બધા વિદ્યાર્થીઓને મળી શકતી નથી. એના માટે કાંઇક કરવામાં આવે. સરકાર દ્વારા જે ૭૫૦૦ રૂપિયા આપવામાં આવતા હતા તે સળંગ ત્રણ વર્ષ માટે કરવામાં આવ્યા છે. એનાથી સંસ્થા ચલાવવી મુશ્કેલ બન્યું છે. આશ્રમશાળા છોડીને પ્રાથમિક શાળામાં આવ્યા હોય એમને નોકરી સળંગ ગણવામાં આવે. બીજા જિલ્લાઓમાં આમ કરવામાં આવ્યું છે, અમારા બનાસકાંઠા જિલ્લામાં શિક્ષકો બાકાત રહી ગયા છે. ખાસ કરીને વિધાનસભામાં પોતાના વિસ્તારના ધારાસભ્ય શું કામગીરી કરે છે એ દરેક લોકોને જાણવાનો અધિકાર છે. આપના માધ્યમથી વિનંતી કરું છું કે આ વિધાનસભાનું પ્રસારણ પણ લાઇવ કરવામાં આવે કે જેથી એના વિસ્તારના ધારાસભ્ય પોતાના વિસ્તારની કેટલી ચિંતા કરે છે એ જાણવાનો દરેકને અધિકાર છે. પછાત વિસ્તારમાં નોન ગ્રાન્ટેડ સ્કૂલો છે એને ગ્રાન્ટેડ કરવામાં આવે, કેમ કે, એ વિસ્તારની અંદર અત્યારે કોઇ એવું ભંડોળ છે નહીં કે નોન-ગ્રાન્ટેડ સ્કૂલો ચલાવી શકાય. ઘણી બધી સ્કૂલો જે વર્ષો જૂની છે એ વખતના દાતાઓ દ્વારા સ્કૂલ બનાવવામાં આવી પણ આજે મકાનો જર્જરિત થઇ ગયા છે. સ્કૂલના ઓરડાઓમાં છોકરાઓ બેસી શકે એવા નથી હોતા તો જે જૂની ગ્રાન્ટેડ શાળાઓ થઇ ગઇ છે એના માટે પણ ફરીથી નવા મકાનો બનાવવા માટે જોગવાઇ કરવામાં આવે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પુરું થાય છે. માનનીયશ્રી ગોવિંદભાઇ પટેલ.

શ્રી ગોવિંદભાઇ પટેલ(રાજકોટ-દક્ષિણ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી ૮૯ નંબરની સાયન્સ અને ટેકનોલોજી વિભાગની માગણીઓ લઇને આવ્યા છે એને સમર્થન કરવા અને એના અંગે મારા વિચારો વ્યક્ત કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, એમ કહેવાય છે કે ૨૧મી સદીએ જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે અને જ્ઞાન, વિજ્ઞાન અને ટેકનોલોજીનો ભરપૂર ઉપયોગ કરીને આવતી કાલનું ભારત અને ગુજરાત કેવું હશે? એ સપનાને સાકાર કરવા માટે એ વખતના તત્કાલીન માનનીય મુખ્યમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રયાસો કર્યા એના કારણે આજે ગુજરાતને નંબર વનમાં આપણે લઇ જઇ શક્યા છીએ. સૌથી પ્રથમ શ્રી નરેન્દ્રભાઇએ ગુજરાતના ૧૮૦૦૦ ગામડાઓને ૨૪ કલાક વીજથી ધબકતા કર્યા. ત્યાર બાદ દરેક શાળાના બાળકને કમ્પ્યુટરનું શિક્ષણ મળે, દરેક ગ્રામ પંચાયતને કમ્પ્યુટર મળે અને એના મારફત આધુનિક સવલતો ગ્રામ પંચાયતમાં બેઠા બેઠા મળે એના માટે સૌથી પહેલો પ્રયાસ કર્યો અને એના કારણે આજે ગામડાની પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતો બાળક પણ કમ્પ્યુટરનું શિક્ષણ મેળવતો થયો છે. આવતી કાલની પેઢી એ કમ્પ્યુટર આધારિત પેઢી થવાની છે ત્યારે એ બાળક પ્રાથમિક શાળાએથી જ કમ્પ્યુટર શીખતો હોય તો એ આવતીકાલનો ભવ્ય નાગરિક બની શકે એના માટેનું સપનું સાકાર કરવાનો પ્રયાસ નરેન્દ્રભાઇએ કર્યો છે. ત્યાર બાદ આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીએ પણ સેવાસેતુના કાર્યક્રમ દ્વારા લગભગ ૭૯૦૦ ગામડાઓને ઇન્ટરનેટ કનેક્ટિવિટીથી જોડીને સેવાસેતુનો કાર્યક્રમ આપ્યો જેના કારણે સેવાસેતુમાં ૫૫ જેટલી સુવિધાઓ ઉપલબ્ધ કરી છે. એ ૫૫ સુવિધાના કારણે ગામડામાંથી જતા માણસના પૈસા, સમય અને ખર્ચ બચે છે અને ગામડે બેઠા એને સુવિધા મળે એ માટે ૩૧ લાખ ઉપરાંતની અરજીઓ મળી એમાંથી ૨૯ લાખ ૭૦ હજાર જેવી અરજીઓનો નિકાલ આ સેવાસેતુ મારફત થયો છે. લોકોની સમય અને શક્તિનો બચાવ થયો છે. ગુજરાતના તમામ જિલ્લાઓને અને ગામડાઓને જીસ્વાનથી જોડીને ૧૦૦ એમ.બી.પી.એસ.થી જોડીને આજે તમામ પ્રકારની સુવિધાઓથી ઉપલબ્ધ કર્યા છે. આજે આપણે જોઇએ છીએ કે દરેક વિભાગની કોઇ ને કોઇ ચર્ચાઓ હોય એના માટે પહેલા અધિકારીઓને ગાંધીનગર બોલાવવામાં આવતા હતા અને ગાંધીનગર આવ્યા પછી એક કલાકની મિટિંગ માટે એને આખો દિવસ અને દૂરથી આવતા હોય તો બે-બે દિવસ બગડતા હતા. આજે એક કલાકની મિટિંગની અંદર ગુજરાતના તમામ જિલ્લાઓની અંદર ગુજરાતના તમામ અધિકારીઓને જે કોઇ સૂચનાઓ આપવાની હોય એ આ માધ્યમથી આપતા થયા છે. એ આઇ.ટી. વિભાગનું મહત્ત્વ એ આજે ગુજરાત અનુભવી રહ્યો છે. ગાંધીનગરથી ગુજરાતના તમામ જિલ્લા મથકોને ૨૫૦ એમ.બી.પી.એસ.થી જોડવામાં આવ્યા છે. જો આગામી દિવસોમાં જરૂર પડશે તો એ ૧૦૦૦ એમ.બી.પી.એસ. કરવાની પણ ક્ષમતા ધરાવે છે. એ જ રીતે જિલ્લા મથકોએથી તાલુકા મથકોને પણ જિલ્લા મથક સુધી દોડવું ના પડે એના માટેની વ્યવસ્થા પણ ૧૦૦ એમ.બી.પી.એસ.થી જોડવામાં આવ્યા છે જે આવતા દિવસોમાં ૧૦૦૦ એમ.બી.પી.એસ. કરવા સુધીની ક્ષમતા ધરાવે છે. એ જ રીતે રાજ્ય સરકારની ૬૦૦૦ જેટલી ઓફિસો આ જીસ્વાન દ્વારા જોડાયેલી છે જેનાથી વોઇસ ડેટા બેઇઝ અને વિડિયો સુધીની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવી છે જેના કારણે આજે આપણે લાઇવ બેઠકો કરી શકીએ છીએ અને તમામ પ્રકારની સૂચનાઓ પણ અહીં બેઠાં બેઠાં ગાંધીનગરથી આપી શકીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ભરતીની અંદર જે અગાઉના સમયમાં ભરતી થવા માટે કેટલીક વિસંગતતાઓ આવતી હતી અને ભ્રષ્ટાચારના આક્ષેપો થતા હતા. એમાંથી બહાર નીકળીને નવી ભરતી કોઇપણ કર્મચારીની થાય એ મેરિટ ઉપર થાય અને એને ધ્યાનમાં રાખીને ઓજસ નામનો ડેટાબેઝ કાર્યક્રમ કર્યો છે એમાંથી કર્મચારીઓની ભરતી થાય છે. એ જ રીતે ભૂકંપના આંચકાઓ જે વારંવાર થાય છે ભૂકંપના આંચકાનો અનુભવ થાય એના માટે સિસ્મોલોજીકલ રિસર્ચ સેન્ટર પણ માત્ર ગુજરાતની અંદર છે આખા ભારતની અંદર. એમાં જે સંશોધન થાય એની જાહેરાત પણ કરવામાં આવે છે. ભારત નેટ ટુ ફેસ ટુ એ

પ્રત્યેક ગામડાંને જોડતી સેવા છે. જે દરેક ગામને હાઇસ્પીડ કનેકટીવીટીથી જોડશે અને એના દ્વારા પ્રત્યેક ગામને ગામમાં બેઠા પ્રત્યેક પ્રકારની સવલતો મળશે એના માટેની સુવિધા આ વિભાગ દ્વારા કરવામાં આવી છે. માનનીય મંત્રીશ્રી આ વિભાગની જે માગણી લઇને આવ્યા એનું સમર્થન કરું છું.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ(દરિયાપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી શિક્ષણ વિભાગની માગણી લઇને આવ્યા છે એના ઉપર હું મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એટલે અતિ મહત્ત્વનો વિભાગ કે આજે વિશ્વની સાથે હરોળમાં ઉભા રહેવા માટે સૌથી મહત્ત્વની જરૂર હોય તો અત્યારે આપણને શિક્ષણની છે. એવા સમયની અંદર શિક્ષણ વિભાગમાં સન ૨૦૨૦–૨૧ કરતા સન ૨૦૨૧–૨૨માં ૫૦૫ કરોડ રૂપિયાનો ઘટાડો કરવામાં આવ્યો છે.  સન ૨૦૨૦–૨૧માં ગ્રામીણ વિસ્તારની પ્રાથમિક શાળામાં ભૌતિક સુધારણા માટે રૂપિયા ૫૧ કરોડનું બજેટ ફાળવવામાં આવેલ. જે સુધારેલા અંદાજમાં રૂપિયા ૧૫ કરોડ ઓછું કરવામાં આવેલ છે. સરકારી પ્રાથમિક શાળા વધુમાં વધુ બંધ થાય એ રીતની જે નીતિ અત્યારે ચાલી રહી છે એની સામે સખત રીતે મારો વાંધો છે કે જે રીતે સેલ્ફ ફાઇનાન્સ શાળા ચલાવનારા લોકો, કોલેજ ચલાવનારા લોકો બિલકુલ એમની મરજીથી, એમની મનમાનીથી એમની જોહૂકમી ચલાવી રહ્યા છે એવી પરિસ્થિતિની અંદર એમની ઉપર કન્ટ્રોલ કરવો બહુ જરૂરી છે. આજે એક વર્ષથી કોરોના કાળ ચાલતો હોઇ લોકોની આર્થિક સ્થિતિ બરાબર નથી એવા સમયની અંદર એક વર્ષની ફી એક સાથે ખાનગી શાળાના સંચાલકો માંગતા હોય તો હું માનું છું કે એ બહુ ગેરવ્યાજબી બાબત છે. એમને અત્યારના સંજોગોમાં માનવતાના ધોરણે કમ સે કમ હપ્તા કરી એમની પાસેથી ફી લેવી જોઇએ અને બીજું કે ૨૫ ટકા ફી માફીની યોજનામાં ખાનગી શાળા સંમત થઇ હતી પરંતુ લોકોની સ્થિતિ જોતા ૫૦ ટકા ફી માફીમાં ઘટાડો થાય અને લોકોને હપ્તા કરીને આપવામાં આવે તો હું માનું છું કે લોકોને બહુ મોટી રાહત થશે. લઘુમતી સંસ્થાને માળખાકીય સુવિધા માટે આપણે ગ્રાન્ટ ફાળવતા હતા પરંતુ એ ગ્રાન્ટ અત્યારે આપણે ફાળવવાની બંધ કરી છે. એ માળખાકીય સુવિધા માટેની ગ્રાન્ટ ફાળવવાની ફરીથી શરૂઆત કરવી જોઇએ. શહેરની ૩૪ ટકા વસ્તી સ્લમ એરિયામાં અથવા હાઉસીંગ બોર્ડના મકાનોમાં રહે છે. એ લોકો અત્યારે કોરોના કાળની અંદર ઇન્ટરનેટ કે મોબાઇલ સુવિધા સાથે જોડાયેલા નથી. હું માનું છું કે ૫૦ ટકા કરતા વધુ લોકો ઓનલાઇન શિક્ષણ મેળવી શકયા નથી. હું માનું છું કે એ વિદ્યાર્થીઓનો પાયો કાચો રહેવાનો છે એના માટે પણ સરકારે કંઇક વિચારવું પડશે કે જે શિક્ષણ ચૂકી ગયા છે એમની આર્થિક સ્થિતિના કારણે એમની પાસે મોબાઇલ કે ઇન્ટરનેટ નથી તો એવા લોકો કઇ રીતે હરિફાઇમાં ટકી શકે અને આગળનું શિક્ષણ એ લોકો લઇ શકે એ માટે આપણે પ્રયાસ કરવો પડશે. ખાનગી શાળા દ્વારા અપાતા ઓનલાઇન શિક્ષણ ઉપર પણ કોઇ મોનીટરીંગ સિસ્ટમ  ગોઠવવી એ હું માનું છું કે અત્યારની તાતી જરૂરિયાત છે. બીજું કે રાજય સરકારે આર.ટી.ઇ.માં જુનિયર કે.જી. અને સિનિયર કે.જી. ની સાથેનું એડમિશન મળે એ માટેનો પ્રયાસ કરવો જોઇએ. આર.ટી.ઇ. એકટ હેઠળ જુનિયર કે.જી., સિનિયર કે.જી.નું શિક્ષણ મળે એ માટે બહુ જ એની ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. એનું એ કારણ છે કે જો છોકરાઓ સીધા પહેલા ધોરણની અંદર આવે તો એ હરિફાઇમાં ટકી શકતા નથી, એનો ગ્રોથ બહુ સ્લો થાય છે એટલે આ એક સુધારો કરવાની જરૂર છે. દિલ્હી મોડલ, આપણું તો ગુજરાત મોડલ આખા વિશ્વમાં ફેમસ છે, આખા દેશમાં. હું કહું છું કે દિલ્હી શિક્ષણનું જે મોડલ છે એ આપણે અપનાવીએ અને અહીંયા સરકારી શાળાની અંદર આઇ.એ.એસ., આઇ.પી.એસ. અને બધા નેતાઓના દીકરા, દીકરીઓ ભણતા હોય એવું સરકારી માળખું ગોઠવાય અને એવું ગુણવત્તાસભર શિક્ષણ મળે અને શૈક્ષણિક લાયકાત ધરાવતા લોકોની જ શિક્ષકો તરીકે ભરતી કરવામાં આવે. અમદાવાદમાં ૨૦૦ કરતા વધુ શાળાઓ બંધ છે. અત્યારે થોડી ઘણી શાળાઓ મ્યુનિસિપલ કોર્પોરેશને ચાલુ કરી છે. મારી મંત્રીશ્રીને વિનંતી છે કે અમદાવાદની અંદરની જે શાળાઓ છે કમસેકમ દરેક વોર્ડમાં એક અંગ્રેજી માધ્યમની શાળાઓ હોય એ માટેનો પ્રયાસ કરવો જોઇએ.

અધ્યક્ષશ્રી : માનનીય ગ્યાસુદ્દીનભાઇ, ગૃહનો વિરામનો સમય થયો છે. બંને પક્ષોના દંડકશ્રીઓની સંમતિ મુજબ વિરામ અડધો કલાકને બદલે એક કલાકનો કર્યો છે. ગૃહ બપોરે ૩–૩૦ કલાકે ફરી મળશે. આપશ્રીનું પ્રવચન ચાલુ રહેશે. હજી ત્રણ મિનિટ છે અને એ જે અડધો કલાક છે એ પાછળના સમયમાં વધારો કરવામાં આવશે.

**( વિરામ બપોરના ૨–૩૦થી ૩–૩૦)**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ (ક્રમશ): માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી મંત્રીશ્રીને વિનંતી કરવા માગું છું કે રાજ્ય સરકારે ગુણવત્તાસભર શિક્ષણ મળી રહે તે માટેની સર્વગ્રાહી નીતિ નક્કી કરવી જોઇએ. સેલ્ફ ફાઇનાન્સનો ઉત્તરોત્તર વધારો થયો છે, ત્યારથી જોઇએ છીએ કે સમાજમાં અસમાનતા વધતી જાય છે. જે લોકો પૈસાદારો છે, સુખી છે તેઓ સેલ્ફ ફાઇનાન્સમાં ઉચ્ચ ગુણવત્તાવાળું શિક્ષણ મેળવી શકે છે. સરકારી સ્કૂલોનું તંત્ર દિવસે ને દિવસે કથળતું જાય છે. આપણે વ્યવહારિક રીતે વિચારીએ સરકારી શિક્ષકોના પગાર ધોરણો ખાનગી શિક્ષકો કરતા વધારે હોય છે. પછી શું કારણ છે કે સરકારી શાળાનું સ્તર દિવસે ને દિવસે ઘટતું જાય છે? જે સરકાર અને આપણા સૌ માટે એ ચિંતાનો વિષય છે. સરકારી શાળાની ગુણવત્તા સુધારીએ. જો લાયકાત ધરાવતા શિક્ષકો હોય તો આ અસમાનતા થઇ રહી છે એ દૂર થશે. લોકોને સમાનતા ઉત્પન્ન થવાની ભાવના પેદા થશે.

## ચૈત્ર ૩, ૧૯૪૩ શાકે

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

માર્ચ મહિનો પૂરો થવા આવ્યો છતા રાઇટ ટુ એજ્યુકેશનની પ્રક્રિયા શરૂ થઇ નથી. આની પ્રક્રિયા સમયસર શરૂ થાય તો એડમિશન લેનાર લોકો એનો લાભ લઇ શકે. રાઇટ ટુ એજ્યુકેશનની અંદર રૂપિયા ૧.૫ લાખની આવક મર્યાદા રાખવામાં આવી છે. હાલના સંજોગોમાં સામાન્ય માણસની એના કરતા થોડી ઇન્કમ હોય છે, પરંતુ આ કારમી મોંઘવારીમાં એ પ્રાઇવેટ સ્કૂલનો બોજો સહન નથી કરી શકતો. મારી વિનંતી છે કે આ આવક મર્યાદા ઉપર થોડો વિચાર થાય. મંત્રીશ્રી સંવેદનશીલ છે, માયાળું છે. તો એ આવક–મર્યાદા અંગે ગરીબોના હિતમાં નિર્ણય લેશે તો ઘણા લોકોને લાભ મળી રહેશે. બીજી ચિંતા એ છે કે અત્યારે જે બેકારી, મોંઘવારી છે. આજે છોકરાઓને ગુજરાન ચલાવવાનું ભારે પડી રહ્યું છે. તેવા સમયમાં આજે ઘરના સહારે, થોડું માતા–પિતાના સહારે થોડી આર્થિક મદદ મળી રહે તે માટે નોકરી કરીને ઘરનો કાર્યભાર સંભાળે છે. ડ્રોપ આઉટ રેટ છે. જ્યારે શાળાઓ શરૂ થશે ત્યારે આ ડ્રોપ આઉટ રેટ વધવાના ચાન્સીસ છે. તો આ ડ્રોપ આઉટ રેટ વધે નહિ એ લોકો પાછા શિક્ષણમાં સામેલ થાય તે માટેની ચિંતા આપણે કરી લઇએ.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. કંઇ બાકી રહી જતું હોય તો કહી દો.

શ્રી ગ્યાસુદ્દીન હ. શેખ : ખાસ તો તમામને આધુનિક શિક્ષણ આપવાનું વિચારી રહ્યા છીએ. આપણી મદરેસાઓ છે, એની અંદર આધુનિક શિક્ષણ મેળવવા માગતા હોય તો તેવી ધાર્મિક સંસ્થાઓને સીંગલ વિન્ડો સિસ્ટમની મંજૂરી આપવામાં આવે. એમની પાસે ઇન્ફ્રાસ્ટ્રક્ચર હોય છે. બીજું, કંઇ પણ કરવાનું નથી. એમને જો આની મંજૂરી આપવામાં આવે તો એ ધર્મના શિક્ષણની સાથે આધુનિક શિક્ષણ મેળવશે તો સારા નાગરિક બની શકશે. એ બાબતે મંત્રીશ્રી વિચારે તો બહુ મોટી ઉપલબ્ધિ થશે.

અધ્યક્ષશ્રી : માનનીય ફળદુ સાહેબ, આપે જે માસ્કનું કહ્યું તે જરાક અઘરું લાગે છે. ઓલ્ટરનેટ બે જ છે કાં તો ઓક્સિજનનો માસ્ક પહેરો, કાં તો આ પહેરો. પેલો હોસ્પિટલનો પહેરવો પડે.

શ્રી આર.સી. ફળદુ : આ બંધન ઉપરથી એક ગીત યાદ આવી ગયું. બંધનકારી પાસ નહિ યહ, અરે મુક્તિ કા હૈ યે બંધન.

શ્રીમતી સીમાબેન અ. મોહીલે(અકોટા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મુખ્યમંત્રીશ્રી ક્લાઇમેટ ચેઇન્જ વિભાગની માગણી નં. ૧૦૭ લઇને આવ્યા છે, એના સમર્થનમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેટ ચેઇન્જ અને ગ્લોબલ વોર્મિંગ વિશ્વ ફલક ઉપર ચર્ચાનો મુખ્ય વિષય બન્યો છે. ક્લાઇમેટ ચેઇન્જની વિપરિત અસરથી સમગ્ર વિશ્વ ચિંતામાં મૂકાયેલ છે. ૨૩મી સપ્ટેમ્બર, ૨૦૧૯માં યુ.એન. ક્લાઇમેટ એક્શન સમિટ ન્યુયોર્કમાં આયોજન કરવામાં આવ્યું હતું. અને તેમાં આપણા માનનીય વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદીએ ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું અને પોતાના વક્તવ્યમાં એમણે કહ્યું હતું કે, Need and not greed has been the guiding principle of India to tackle climate change આ જ વિષયને ધ્યાનમાં રાખીને આપણી ગુજરાત સરકાર પણ કલાઇમેટ ચેઇન્જમાં કેવા કેવા બદલાવ લાવવાના તેના માટેનું પ્રતિનિધિત્વ કરી રહ્યું છે. કલાઇમેટ ચેઇન્જ તે માનવસર્જિત પ્રશ્ન છે. જેના ઉપર યોગ્ય સમયે ધ્યાન આપવામાં ન આવે તો આવનારા સમયમાં તે માનવજાત માટે જોખમરૂપ છે. આજે ઔદ્યોગિકરણના લીધે મોટા મોટા ઉદ્યોગો શરૂ થયા છે. વાહન વ્યવહારનો વ્યાપ પણ વધ્યો છે. પેટ્રોલ–ડીઝલ વગેરેના ધુમાડાથી પ્રદૂષણમાં સતત વધારો થવા લાગ્યો છે. વાતાવરણમાં $Co2$ નું પ્રમાણ વધીને ઓક્સિજનનું પ્રમાણ ઘટવા લાગ્યું છે. સ્વીડનની Greta Thunburg નામની આઠ વર્ષની બાળકીએ કલાઇમેટ ચેઇન્જની સમસ્યાથી થનાર નુકસાન સામે વિશ્વની જીવનશૈલી બદલવાની અને જાગૃત રહેવાનો સંદેશ આપવા વર્ષ ૨૦૧૮માં કલાઇમેટ ચેઇન્જ સામે લોકોને જાગૃત કરવા પાર્લામેન્ટ સામે ધરણાં કર્યા હતા. તે આંદોલન પછી વિશ્વવ્યાપી બન્યું હતું. આ આંદોલનનો મુખ્ય હેતુ હવામાં કાર્બન ડાયોક્સાઇડનું ઉત્સર્જન ન વધે તે હતો. આંદોલન સાથે વિશ્વભરના ૨૦ લાખ બાળકો તેમાં જોડાયા હતા. સૂર્યની ગરમી ઓછી કરતા ઓઝોન વાયુના પડમાં ગાબડાં પડવાની શરૂઆત થઇ પરિણામે સૂર્યના કિરણો સીધા જમીન ઉપર પડવા લાગ્યા છે. જેના કારણે વિશ્વના તાપમાનમાં સતત વધારો થવા લાગ્યો છે અને વૈશ્વિક ઉષ્ણતામાનને કારણે હવામાન અને તાપમાનમાં ધરખમ ફેરફાર થવા માંડયા છે. ઓછા ઉષ્ણતામાનને કારણે ગરમી વધવાથી પૃથ્વી ઉપરના હિમાચ્છાદિત પહાડો અને હિમનદીઓ પીગળવા માંડી છે. કલાઇમેટ ચેઇન્જના કારણે સમુદ્રો વધારે ગરમ થઇ રહ્યા છે. પ્રકૃતિનું અંધાધૂંધ દોહન, કુદરતી સંપતિઓના બેફામ વપરાશના કારણે પૃથ્વીના વાતાવરણ ઉપર દબાણ વધી રહ્યું છે. જેના કારણે આવનારા દિવસોમાં અતિવૃષ્ટિ જેવી કુદરતી આફતોનો સામનો માનવજાતને કરવો પડશે. આ કુદરતી આફતોના કારણે જાનમાલને નુકસાન થાય છે તેમજ ખેતીના પાકને પણ અસર પહોંચે છે. જેનાથી સમગ્ર દેશનું અર્થતંત્ર ખોરવાય છે. કલાઇમેટ ચેઇન્જ અને પ્રદૂષણના કારણે પૃથ્વી પરની વિશેષ પક્ષીઓની પ્રજાતિઓ, સાથે સાથે વૃક્ષોની પ્રજાતિઓ પણ લુપ્ત થવા માંડી છે. તેનું ખાસ ઉદાહરણ આપ જાણો છો કે, વિશ્વ ચકલી દિવસ આજે આપણને ઉજવવો પડે છે. કોંક્રિટના બિલ્ડીંગોમાં અને હાઇ રેન્જના રેડિએશન ટાવરથી નાના નાના પક્ષીઓ ઉપર તેની અસર થાય છે. તેના લીધે શહેરોમાં આપણા ઘરઆંગણે ફરતી ચકલીઓ દેખાતી બંધ થઇ જઇ છે. તેનાથી આપણી સમગ્ર માનવજાતને ચેતવું જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્યનો ઔદ્યોગિક વિકાસ મોટા પ્રમાણમાં આગળ વધી રહ્યો છે. સાથે સાથે આપણા ગુજરાતની પ્રજાનું આર્થિક ધારાધોરણ પણ ઉંચુ ગયું છે. રાજ્યમાં દિનપ્રતિદિન વાહનોની સંખ્યામાં વધારો થઇ રહ્યો છે ત્યારે

પર્યાવરણને શુદ્ધ રાખીને વાતાવરણમાં પ્રદૂષન ના ફેલાય  અને હવા, પાણી શુદ્ધ રહે તે આપણા સૌની પ્રાથમિકતા હોવી જોઇએ. કલાઇમેટ ચેઇન્જ અને પ્રદૂષણને પહોંચી વળવા આપણી સરકારે આગોતરા પગલાં લીધા છે તેને હું બિરદાવું છું. પેટ્રોલ, ડીઝલ તથા સી.એન.જી. ગેસથી ચાલતી રિક્ષાઓને પર્યાવરણને ઘણું નુકસાન થાય છે. બેટરી સંચાલિત વાહનોના વપરાશથી પેટ્રોલની બચત થાય અને પ્રદૂષણમાં ઘટાડો થાય તે રાજ્ય સરકારના ધ્યાનમાં આવ્યું છે. આવા વાહનોના ઉપયોગને રાજ્ય સરકાર પ્રોત્સાહિત કરી રહી છે. રાજયની શાળા કોલેજોમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને બેટરી ઓપરેટેડ સ્કૂટરો ખરીદવા માટે રૂપિયા ૧૨ હજારની સબસિડી આપવામાં આવે છે. જેમાં અત્યાર સુધીમાં ૧૦,૫૦૦ લાભાર્થીઓએ લાભ લીધેલો છે. આગામી વર્ષમાં ૧૦,૦૦૦ લાભાર્થીઓને આવરી લેવામાં આવશે. તેના માટે ૧૩ કરોડ રૂપિયાની ફાળવણી કરવામાં આવી છે. બેટરી સંચાલિત ઇ–રિક્ષા માટે ૫૦૦૦ લાભાર્થીઓને ૪૮ હજાર રૂપિયાની સહાય આપવામાં આવે છે. જેના માટે ૨૬ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.  ઇલેક્ટ્રોનિક ચાર્જિંગ વાહનો માટે પણ શહેરોમાં ચાર્જિંગની વ્યવસ્થા ઉભી કરવામાં આવેલ છે. રાજ્યની નિવાસી શાળાઓ, આદર્શ નિવાસી શાળાઓ અને સરકારી છાત્રાલયોમાં સોલાર વોટર હીટીંગની ફેસિલિટી ઉપલબ્ધ કરવામાં આવી છે. તેનાથી વીજળી, રાંધણગેસ, લાકડાં, કેરોસીન વગેરે ઇંધણમાં બચત થશે અને પર્યાવરણ સુરક્ષિત રહે તેના માટેના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સાથે સાથે ગુજરાત રાજયની તાલુકા પંચાયત, નગરપાલિકાઓ, મહાનગરપાલિકાઓના સ્મશાનોમાં ઇલેક્ટ્રિક સગડીઓનો ઉપયોગ કરવામાં આવે છે. તેનાથી લાકડાંની બચત થશે અને પર્યાવરણમાં $Co2$ નું પ્રમાણ વધે છે તેમાં પણ ઘટાડો થશે. રાજ્યમાં ટોટલ ૪૩૬૬ ઇલેક્ટ્રિક સ્મશાન સગડીઓ બેસાડવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સૌર ઊર્જા, પવન ઊર્જા, વિદ્યુત ઊર્જા અને બાયોગેસ જેવા બિનપરંપરાગત ઊર્જાના અસરકારક અમલના કારણે આપણે પર્યાવરણ અને કલાઇમેટ ચેઇન્જની અસરોને મહદ્અંશે રોકી શકીશું તથા આવનારી પેઢીનું ભવિષ્ય સુરક્ષિત કરી શકીશું. આભાર.

અધ્યક્ષશ્રી :  આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ભગાભાઇ બારડ

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી શિક્ષણ વિભાગની ૯ અને ૧૦ નંબરની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, ઘણાં સમયથી પ્રાઇમરી શાળાઓને મર્જ કરવી, પ્રાઇમરી શાળાઓ અમુક બંધ કરવી એ સરકારે નિર્ણય કરી લીધો હોય અથવા તો નિર્ણય કરવા જઇ રહી હોય એવું લાગે છે. શિક્ષણ એકે–એક બાળકને આપવું એવું મારા ખ્યાલ મુજબ બંધારણમાં પણ અધિકાર આપેલો છે. હું આપને એક વાત કરું કે, ગીર સોમનાથ જિલ્લામાં જે બંધારણે હક આપ્યો છે એ બંધારણીય હકના અનુસંધાને અમારે ગીર વિસ્તારમાં બાણેજ નામની ધાર્મિક જગ્યા આવેલી છે ત્યાં એક જ મત છે અને એ એક મતનું મતદાન કરાવવા માટે ૭ માણસોનો સ્ટાફ સવારે ૮થી લઇને સાંજે મતદાનનો સમય પૂર્ણ થાય ત્યાં સુધી રોકાય છે. એક મત માટે જો જંગલ વિસ્તારમાં આપણે પૂરો સ્ટાફ લઇને એમનું મતદાન કરાવવા જતા હોઇએ તો ગુજરાતમાં ભણનારો કોઇ પણ બાળક કે જેને ભણવું છે એમના માટે સ્કૂલ હોવી જરૂરી છે. મર્જ ન કરીએ, સ્કૂલો બંધ ન કરીએ, એવી પણ મારી વિનંતી છે કારણ કે એમનો મૂળભૂત અધિકાર છે.

માનનીય અધ્યક્ષશ્રી, એક બાજુથી આપણે પ્રાઇમરી શાળાના શિક્ષકો પાસેથી બીજું કામ કરાવીએ, તાલુકા અને જિલ્લાની જે વહીવટી જગ્યાઓ ખાલી હોય, કલાર્કની જગ્યાઓ ખાલી હોય, ટી.પી.ઓ.ની જગ્યાઓ ખાલી હોય ત્યાં આપણે શિક્ષકો પાસેથી કામ કરાવીએ અને ફરજો નિભાવવા માટે એમને આદેશો કરીએ. રાજયની મોટા ભાગની તાલુકા પંચાયતોમાં અને જિલ્લા પંચાયતોમાં શિક્ષણ વિભાગમાં વહીવટી પ્રક્રીયાઓ કરવાની હોય છે એમાં મોટા ભાગનો સ્ટાફ ખાલી હોય છે અને ત્યાં ચાર–પાંચ શિક્ષકો પાસેથી રોટેશન પદ્ધતિથી કામ લેવામાં આવે છે. એક બાજુ આપણે શિક્ષણનું સ્તર ઉંચું લેવાની વાત કરીએ છીએ, બાળકને શિક્ષણ આપવાની વાત કરીએ છીએ અને એ જ શિક્ષણ આપનારા શિક્ષકને આપણે બીજી કોઇ પણ વહીવટી કામગીરી સોંપીએ છીએ ત્યારે મારે વિનંતી કરવી છે કે શિક્ષકને શિક્ષણનું કાર્ય કરવા દઇએ. એમની પાસેથી શિક્ષણનું પૂરતું કામ લઇએ, એમની પાસેથી ક્વોલિટીવાળું કામ લઇએ અને બાળકના શિક્ષણ પાછળ એ પૂરેપૂરો સમય આપી શકે એવા પ્રયત્ન કરીએ કે જેથી આપણું આવનારું બાળક છે એનું ભવિષ્ય સુધરે, શિક્ષણનું સ્તર સુધરે અને આવનાર બાળક આપણા દેશનો સારો નાગરિક બને.

માનનીય અધ્યક્ષશ્રી, શાળાઓ મર્જ થઇ જાય, શાળાઓને બંધ કરી દેવામાં આવે છે ત્યારે મારે કહેવું છે કે, ગ્રામ્ય વિસ્તારમાં અમારે ત્યાં મોટા ભાગના લોકો વાડી વિસ્તારમાં રહે છે. ગુજરાતના બીજા વિસ્તારોમાં રહે છે કે નહીં એની મને ખબર નથી પણ અમારા દરિયા કાંઠાના સૌરાષ્ટ્રના વિસ્તારમાં ૯૦ ટકા લોકો વાડી વિસ્તારમાં રહેતા હોય છે. એમના બાળકોને ક્યાંક ગામમાં ભણવા આવવાનું થાય, ક્યાંક એમને સગવડતા હોય તો હોસ્ટેલમાં મૂકે પણ મોટા ભાગના બાળકો સરકારી પ્રાઇમરી શાળામાં જ્યારે ભણતા હોય ત્યારે એ શાળાઓમાં પૂરી સુવિધાઓ ન હોય, એને લાઇટની વ્યવસ્થા ન હોવાથી કમ્પ્યુટરનું જ્ઞાન ન મળી શકતું હોય, હમણાં પ્રશ્નોતરીમાં પણ માનનીય ઊર્જામંત્રીશ્રીને પેટા પ્રશ્નમાં વાત કરેલી એમાં માનનીય મંત્રીશ્રીએ મને સારો જવાબ આપ્યો છે ત્યારે મારે માનનીય શિક્ષણમંત્રીશ્રીનું અને ઊર્જામંત્રીશ્રીનું ધ્યાન દોરવું છે કે, માગણીઓ કર્યા પછી પણ આજની તારીખ સુધી વાડી વિસ્તારની એક પણ સીમ શાળામાં જ્યોતિગ્રામનું વીજ કનેકશન આપવામાં આવ્યું નથી. મારી

વિનંતી છે કે, બાળકને જો કમ્પ્યુટરાઇઝ્ડ શિક્ષણ આપવા માગતા હોય, ક્વોલિટીવાળું શિક્ષણ જો આપવા માગતા હોય તો એનો પણ અધિકાર અને હક્ક છે કે જેનાથી એ શિક્ષણ મેળવી શકે, કમ્પ્યુટરનું જ્ઞાન મેળવી શકે અને જે ઓનલાઇન શિક્ષણ અત્યારે આપવા જઇ રહ્યા છીએ ત્યારે ઓનલાઇન પણ પૂરેપૂરું શિક્ષણ મેળવી શકે તો એ વાડી વિસ્તારની અંદર જે સીમ શાળાઓ આવેલી હોય તેમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ પાવરની વ્યવસ્થા કરવી જોઇએ અને મારી વિનંતી છે કે સરકાર બે વિભાગ વચ્ચે તાલમેલ કરીને એમાં વહેલીતકે આપે એનાથી શિક્ષણનું સ્તર પણ સુધરે અને બાળકને તેની સુવિધાઓ પણ મળે. માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી બાપુને વિનંતી છે કે, શાળાઓની અંદર જે ટ્રાન્સપોર્ટેશનની સગવડ આપવામાં આવે છે, રીક્ષામાં બાળકોને લઇ જવામાં આવે છે એ ટ્રાન્સપોર્ટેશનનો દર જે છે એ ખૂબ ઓછો છે એટલા માટે રીક્ષાવાળા ઘણી વખત આવતા નથી તો એમના દરમાં પણ સુધારો કરવામાં આવે તેવી મારી વિનંતી છે.

ડો. આશાબેન પટેલ(ઊંઝા) : માનનીય અધ્યક્ષશ્રી,માનનીય શિક્ષણમંત્રી શિક્ષણ વિભાગની માગણી નંબર−૯ અને ૧૦ લઇને આવ્યા છે એમાં હું મારા વિચારો રજૂ કરું છું અને તેને સમર્થન આપું છું. આપણે જાણીએ છીએ તેમ ૨૧મી સદી એ જ્ઞાન વિજ્ઞાન અને ટેકનોલોજીની સદી છે. આ સદીની અંદર જો ટેકનોલોજીના આધારે ગુજરાતને સદ્ધર બનાવવું હોય અને શિક્ષણનું સ્તર પણ ઉંચુ લાવવું હોય તો આપણે ચેઇન્જીસ અને ચેલેન્જીસ બન્ને સ્વીકારવા પડશે. માનસિક રૂઢિ ચુસ્તતાથી આ કોઇ ટેકનોલોજીમાં આપણે ડેવલપમેન્ટ કરી શકીશું નહિ. એટલે જે જૂનું હતું એ ચાલું જ રહેવું જોઇએ અને નવા ચેલેન્જીસ અને નવા ચેઇન્જીસ એ સ્વીકારી ન શકીએ એવી માનસિકતા હવે આ ૨૧મી સદીના ટેકનોલોજીના જમાનામાં ચાલી શકે તેમ નથી.

માનનીય શિક્ષણમંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા સાહેબના માર્ગદર્શન હેઠળ ઘણા બધા શિક્ષકોએ આ વૈશ્વિક કોરોનાની મહામારીમાં જે કામગીરી નિભાવી છે, જે સરવેની કામગીરી હોય કે ટેસ્ટીંગની અંદર મદદ કરવાની કામગીરી હોય ત્યારે એવા શિક્ષકોને પણ હું ખૂબ ખૂબ બિરદાવું છું. રાજ્યમાં આવેલ પ્રાથમિક શાળાઓની ભગાભાઇએ વાત કરી, જ્યોતિગ્રામની વાત કરી પણ મારે કહેવું છે કે પીવાના પાણીની વાત હોય કે વીજળીકરણની વાત હોય, વર્ષ ૨૦૦૨થી વર્ષ ૨૦૦૩ જ્યારે ભારતીય જનતા પાર્ટીની સરકાર હતી ત્યારે દર વખતથી એના માટે અનેક યોજનાઓ હાથ ધરવામાં આવી છે અને દર વરસે શાળાદીઠ રૂપિયા ૫૦,૦૦૦ ફાળવવામાં આવ્યા છે. મારે કહેવું છે કે, આ વખતે પણ લગભગ ૩૯,૨૨૩ શાળાઓને તો સુવિધાઓ મળી ચૂકી છે પરંતુ વર્ષ ૨૦૨૧−૨૨ના બજેટની અંદર પણ આના માટે ૭૨ કરોડ રૂપિયાની જોગવાઇ કરી છે અને લગભગ ૨,૦૦૦ જેટલી શાળાઓને એનો લાભ મળવાનો છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારે રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ વિશે કહેવું છે, માનનીય સભ્ય શ્રી ગ્યાસુદ્દીનભાઇ કહેતા હતા કે, વર્ષ ૨૦૦૯ની અંદર આ કાયદો બનેલો હતો અને આ કાયદા અંતર્ગત વંચિત અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકો છે જેને બિનઅનુદાનિત શાળામાં ૨૫ ટકા બાળકોની ફી પરત ચૂકવવાની પદ્ધતિ પણ આ ભારતીય જનતા પાર્ટીની સરકારે કરી છે અને વર્ષ ૨૦૧૩થી અમલમાં આવી છે. મારે એ પણ કહેવું છે કે, વિદ્યાર્થીદીઠ ફી પરત ચૂકવણી હેતુથી દરેક વિદ્યાર્થીદીઠ રૂપિયા ૧૦,૦૦૦ની સહાય આપવામાં આવે છે અને રાઇટ ટુ એજ્યુકેશન એક્ટ મુજબ લગભગ વર્ષ ૨૦૧૩−૧૪થી વર્ષ ૨૦૧૯−૨૦ સુધીમાં રૂપિયા ૯૭૦.૧૦ કરોડના ખર્ચે ૨,૬૨,૩૭૬ વિદ્યાર્થીઓને લાભ થયો છે અને આ વખતના બજેટની અંદર પણ રૂપિયા ૫૬૭ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. ત્યારે હું માનનીય શિક્ષણમંત્રી, મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રીશ્રીને ખૂબ ખૂબ અભિનંદન પાઠવું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમારે એમ.વાય.એસ.વાય. યોજનાની પણ વાત કરવી છે. ભૂતકાળમાં આવી કોઇ યોજનાઓ હતી નહિ પરંતુ હાલમાં ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે પાઠ્યપુસ્તકો પણ આપવામાં આવે છે અને લગભગ રૂપિયા ૧૯,૦૮,૭૮૮ના ખર્ચે પાઠ્ય પુસ્તકો વિનામૂલ્યે વર્ષ ૨૦૨૦−૨૧માં આપવામાં આવેલ હતા. એમ.વાય.એસ.વાય. યોજના અંતર્ગત મારા સાથીમિત્રોએ પણ કહ્યું શિષ્યવૃત્તિનો પણ એમાં પ્રબંધ કરેલો છે એટલે કે આટલી બધી યોજનાઓ છે એમાં પણ ૨૮૭ કરોડ રૂપિયાની જોગવાઇ કરવામાં આવેલી છે. કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે અને સ્ત્રી સાક્ષરતા વધે એટલા માટે કન્યાદીઠ રૂપિયા ૨,૦૦૦ના વિદ્યાલક્ષ્મી બોન્ડનું પણ ભા.જ.પ. સરકારના આ અથાગ પ્રયત્નોથી આયોજન કરવામાં આવેલું છે અને લગભગ વર્ષ ૨૦૨૦−૨૧માં ૨,૮૯૮ દીકરીઓને આ વિદ્યાલક્ષ્મી બોન્ડનો લાભ મળ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત સરકાર સમગ્ર શિક્ષણ દ્વારા વર્ષ ૨૦૧૯−૨૦માં સ્કૂલ ઓન વ્હીલ્સ આ એક નવો પ્રોજેક્ટ છે અને તેમાં અગરિયા વિસ્તારમાં રહેતા હોય તેવા વિદ્યાર્થીઓ માટે ટેકનોલોજીથી તે લોકો પર ના રહે એટલે કે ભાજપ સરકાર ટેકનોલોજીથી વિમુખ ન રહે તેવા બાળકોની પણ ચિંતા કરે છે ત્યારે આ સ્કૂલ ઓન વ્હીલ્સના પ્રોજેક્ટ દ્વારા વર્ષ ૨૦૧૯−૨૦માં ૫૧૧ અને વર્ષ ૨૦૨૦−૨૧માં ૬૫૦ બાળકોને ટેકનોલોજીથી સરભર કરવા માટે આ પ્રોજેક્ટ અન્વયે તેમને મદદ કરવામાં આવેલી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેનેજમેન્ટ ઇન્ફરમેશન સિસ્ટમ, એમ.આઇ.એસ. આ તો આખી શાળાનું તંત્ર બદલી નાંખ્યું છે. જયાં ટેકનોલોજી હતી નહીં ત્યાં ટેકનોલોજીથી સરભર કરવા માટે આ એમ.આઇ.એસ. સીસ્ટમથી વર્ચ્યુઅલ કલાસીસ હોય કે વર્ચ્યુઅલ યુ ટ્યુબ હોય કે વોટસએપ હોય તે બધાના માધ્યમથી દરેક બાળક તે શિક્ષણથી વંચિત ન રહે એ પ્રકારનું ટોટલી આયોજન અને હું ફરી પણ કહું છું કે જયારે કંઇક કરતા હોઇએ તો ચેલેન્જીસ પણ હોય અને ચેઇન્જીસ પણ હોય. ચેઇન્જીસને

સ્વીકારવા પડતા હોય છે અને ચેલેન્જીસને ટ્રાયલ એન્ડ એરર મેથડ દ્વારા તેને સોલ પણ કરવા પડતા હોય છે ત્યારે મારે કહેવું છે કે, આ વેબ બેઝ્ડ અને મોબાઇલ એપ્લીકેશન મારફત ચાઇલ્ડ ટ્રેકીંગ સીઆરસી, બીઆરસીની શાળા મુલાકાત, શિક્ષકો, વિદ્યાર્થીઓની ઓન લાઇન હાજરી, વિદ્યાર્થીઓનું શૈક્ષણિક મૂલ્યાંકન અને ટેકનોલોજીના માધ્યમથી ડેટાનું એકત્રિકરણ કરી એનાલીસીસ કરવું અને કમાન્ડ એન્ડ કન્ટ્રોલ, સેન્ટર ફોર સ્કૂલના માધ્યમથી પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે નિરીક્ષણ કરવુ અને હાલમાં તો સી.એમ.સાહેબ પણ પોતાના સી.એમ. ડેસ્ક દ્વારા આ બધું જ સંચાલન કરી રહ્યાં છે. આ બધી વિચારવા જેવી વસ્તુ છે કે આ બધું રાતોરાત આ શકય બનતું નથી આના માટે ઘણા અથાગ પ્રયત્નો કરવા પડે છે અને એટલા માટે દરક સભ્યશ્રીને હું નમ્ર વિનંતી કરું છું કે, જયારે આવી ટેકનોલોજીની વાત હોય ત્યારે બધાએ તેમા મદદ કરવી જોઇએ તેમા કોઇ વિરોધ ના હોય અને ચેલેન્જીસને સ્વીકારવી પડે.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની મહામારીના કારણે બાળકોના શિક્ષણને અસર ના થાય એટલે ધોરણ ૧ થી ૧૨ના તમામ વિદ્યાર્થીઓને દૂરદર્શન ડી.ડી.ગીરનારના માધ્યમથી ભણાવવામાં આવ્યા છે અને કોઇને તેનાથી વંચિત રાખવામાં આવ્યા નથી એવું ગુજરાત સરકારે ખૂબ જ દિલથી ધ્યાન રાખ્યું છે.

શ્રી સુનિલભાઇ ૨. ગામીત(નિઝર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી માગણી નંબર-૯ લઇને આવ્યા છે તેમા મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, મારો વિસ્તાર ભૌગોલિક પરિસ્થિતિ પ્રમાણે સોનગઢ તાલુકો દક્ષિણ વિસ્તારના અંતરિયાળ તેમજ ડુંગરાળ વિસ્તારમાં છે. જયારે ઉચ્છલ, નિઝર, કુકરમુંડા તાલુકો એ ઉકાઇ જળાશયનો વિસ્થાપિત વિસ્તાર છે. આ વર્ષે કોરોનાની મહામારીમાં તમામ શાળા કોલેજો બંધ હતી ત્યારે સરકારે ઓન લાઇન શિક્ષણ આપ્યું. મારા ડુંગરાળ વિસ્તારના ગામોમાં મલમદર, છોટા, વિલખવા, ચિમેર, હિંદલા, સાવણીયા, ઓઝાર, ખડી, ગોરપાડા, તારપાડા, અગળગામ જેવા અનેક ગામોમાં નેટવર્ક અને ટાવર ન હોવાના કારણે મારા મત વિસ્તારના આદિવાસી બાળકો શિક્ષણથી વંચિત રહી ગયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું ઉચ્છલ તાલુકાની વાત કરું છું ત્યારે મારા વિસ્તારમાં ઘણી બધી જર્જરિત શાળાઓ આવેલી છે. ૩૦ જેટલા ઓરડાઓ જર્જરિત છે અને હાલ મહેકમની વાત કરું તો ધોરણ ૬ થી ૮માં ૩૫ જેટલા શિક્ષકોની ઘટ છે. સોનગઢ તાલુકાની વાત કરું તો ૯૪ જેટલા ઓરડાંઓ જર્જરિત હાલતમાં છે અને મહેકમની વાત કરું તો ૯૬ જેટલા શિક્ષકોની ઘટ છે અને ૨૨ શાળામાં કમ્પાઉન્ડ વોલ બનાવવાની બાકી છે. કુકરમુંડા તાલુકાની વાત કરું તો ૮ જેટલા નવા ઓરડાની ઘટ છે અને મહેકમ ધોરણ ૬થી ૮માં ૪૫ જેટલા શિક્ષકોની ઘટ છે. નિઝર તાલુકાની વાત કરું તો અહીં ૧૦ નવા ઓરડાની ઘટ છે અને ૪૪ જેટલા શિક્ષકોની ઘટ છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારી માગણી છે મારા વિધાનસભા મત-વિસ્તારમાં શાળાના ૧૫૦ જેટલા ઓરડાંઓ જર્જરિત હાલતમાં છે એવા ઓરડાંઓને નવા ઓરડાંઓ બનાવવામાં આવે. ૨૫૦ જેટલા શિક્ષકોની ખાલી જગ્યા છે તે ખાલી જગ્યાઓ સત્વરે ભરવામાં આવે એવી મારી માગણી છે. ૨૦ જેટલી શાળાઓના કમ્પાઉન્ડ નથી તો એ સત્વરે બનાવી આપવામાં આવે એવી મારી વિદ્યાર્થીઓના હિતમાં માગણી છે. આપના માધ્યમથી જાણવા માગું છું કે, મારા તાપી જિલ્લામાં ૨૦૨ જેટલી શાળાઓ મર્જ કરીને બંધ કરવા માગો છો તેની દરેક વાલીમાં ચિંતા છે. તાપી જિલ્લા કલેક્ટરશ્રીને આવેદનપત્ર આપવામાં આવેલ છે. જો આવી શાળા મર્જ કરવાના નામે બંધ કરશો તો અમારા આદિવાસી બાળકોનું ભણવાનું બંધ થઈ જશે અને વિદ્યાર્થીઓ બાળ મજૂરીમાં ધકેલાઈ જશે. આથી જે શાળાઓ મર્જ કરવા માગો છો એ મુલતવી રાખવા મારી વિનંતી છે. નિઝર અને કુકરમુંડા તાલુકાથી સોનગઢ તાલુકો આશરે ૯૦ કિ.મી.ના અંતરે આવેલો છે અને ત્યાં એકમાત્ર સાયન્સ કોલેજ છે. નિઝરથી કુકરમુંડાનું અંતર વધારે હોવાના કારણે વિદ્યાર્થીઓને ઘણી મુશ્કેલી પડે છે. નિઝર ખાતે એક સાયન્સ કોલેજ આપવામાં આવે એવી મારી લાગણી છે. મારા વિધાનસભા મત વિસ્તારમાં સરકારી શાળા-કોલેજ નહિવત હોવાના કારણે માત્ર અને માત્ર સરકારી શાળા ઉપર જ આધાર રાખવો પડે છે. જેથી કરીને પૂરતા પ્રમાણમાં સુવિધાઓ ઉપલબ્ધ ન હોવાના કારણે તેમજ અપૂરતા મહેકમના લીધે વિદ્યાર્થીઓના ભાવિ ઉપર માઠી અસર પડે છે અને વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણથી વંચિત રહેવું પડે છે. આથી વિદ્યાર્થીઓના હિતમાં તેમનું ભવિષ્ય ન બગડે તે માટે શિક્ષણને લગતી પ્રાથમિક જરૂરિયાતો પૂરી પાડવામાં આવે તેવી આપના માધ્યમથી હું મંત્રીશ્રી પાસે માગણી કરું છું.

શ્રી જગદીશ ઇ. પટેલ(અમરાઈવાડી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણમંત્રીશ્રી જે માગણી ક્રમાંકઃ ૯ અને ૧૦ લઈને આવ્યા છે તેને મારું સમર્થન આપવા અને મારા વિચારો રજૂ કરવા ઊભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અંગ્રેજો દેશ છોડીને ગયા પણ મૅકોલોની શિક્ષણ વ્યવસ્થા મૂકીને ગયા. મૅકોલોની શિક્ષણ પદ્ધતિ આપણી સંસ્કૃતિ અને પરંપરાથી વિપરીત છે. બાળકો કંઠસ્થ કરી ગોખેલા જવાબો લખી રહ્યા છે, પ્રેક્ટિકલની વ્યવસ્થા નથી હોતી. આપણી પરંપરા શ્રુષિ મુનિઓ, લેબૉરેટરી અને પ્રેક્ટિકલની હતી. કમનસીબે આઝાદી પછી એવી સરકારો આવી કે જે વધુ અભ્યાસ માટે વિદેશોમાં બાળકોને મોકલતી થઈ. પહેલાં એવી પરંપરા હતી કે ભૂતકાળમાં તક્ષશિલા અને નાલંદામાં બહારના બાળકો વિદેશમાંથી આપણે ત્યાં ભણવા આવતાં હતાં. મને આનંદ છે કે માનનીય નરેન્દ્રભાઈ મોદી પ્રધાનમંત્રી બન્યા પછી શિક્ષણ પ્રણાલીમાં આમૂલચૂર પરિવર્તન થઈ રહ્યું છે. મને બરાબર યાદ છે કે પહેલાંની સરકારોમાં વિદ્યાર્થીઓના પાલકો પેપર કોણે અને ક્યાં સેટ થયું છે, ક્યાં તપાસ કરવા જાય છે તેની સરળતાથી માહિતી મેળવી શકતા હતાં

અને મેરિટમાં ચેડા થતાં હતાં. અમારી ભાજપની સરકાર આવ્યા પછી આ બધી બારીઓ બંધ કરી ઓનલાઈન અને બારકોડની પધ્ધતિ વિકસાવી વધુ સુદ્રઢ પરીક્ષા પધ્ધતિ અમલી બનાવી છે. કમ્પ્યુટરના માધ્યમથી બધું જ ઓનલાઈન કરી ગુણવત્તાસભર વ્યવસ્થાઓ ગોઠવાઈ છે. આજે મોટાભાગનું શિક્ષણ ઓનલાઈન ટી.વી. ચેનલના માધ્યમથી થઈ રહ્યું છે. આજે કોઈ પણ માહિતી જોઈએ તો ગુગલના સહારે આપણે અપડેટ થઇ રહ્યા છીએ. આનો શ્રેય માનનીય નરેન્દ્રભાઈ મોદીને જાય છે. ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓ આજે તજજ્ઞો દ્બારા દિક્ષા પોર્ટલ, ગણિત-વિજ્ઞાન G.R. કોડ કન્ટેન્ટના માધ્યમથી લાભ લઈ રહ્યાં છે. કોવિડ-૧૯ની મહામારીમાં પણ હોમ લર્નિંગ કાર્યક્રમો દ્બારા ડી.ડી. ગિરનાર ચેનલના માધ્યમથી ધોરણ ૯થી ૧૨નું શિક્ષણ પ્રાપ્ત કરી શકતાં હતાં. BISAG ના માધ્યમથી વંદે ગુજરાતની ચેનલ ઉપર ધોરણ ૯થી ૧૨ના મુખ્ય વિષયો અને NEET નું ૨૪ કલાક પ્રસારણ કરી વિદ્યાર્થીઓ તેનો લાભ લઈ રહ્યાં છે. ધોરણ ૧૧ અને ૧૨ ના વિજ્ઞાન પ્રવાહમાં બાયોલોજી, ફિઝિક્સ, કેમેસ્ટ્રી અને મેથ્સના પ્રસારણથી બાળકો એનો લાભ લઈ રહ્યાં છે. યુ-ટયુબના માધ્યમથી GSHSEB ગાંધીનગર તેમજ JEE/NEETના અભ્યાસક્રમો અપલોડ હોવાથી સ્ટડી મટીરિયલ તૈયાર કરી ઓનલાઈન માધ્યમથી ૨૪ કલાક વિદ્યાર્થીઓ લાભ લઇ રહ્યાં છે. ધોરણ-૯ ના વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવા માટે પ્રખરતા શોધ કસોટી (TST) પ્રશ્ન પેપર-૧ અને પ્રશ્ન પેપર-૨ એમ ૨૦૦ માર્ક્સમાંથી પર્સન્ટાઈલ પધ્ધતિથી પ્રથમ હજાર વિદ્યાર્થીઓને એક હજાર રૂપિયા આપીને પ્રોત્સાહિત કરવામાં આવી રહ્યાં છે.

માનનીય અધ્યક્ષશ્રી, અભ્યાસક્રમ, પાઠ્યપુસ્તકો અને પરિણામ સુધારવા માટે એન.સી.ઈ.આર.ટી. અને બુકનો માધ્યમ કરી, એન.સી.ઈ.આર.ટી.ની બુકનો અમલ કરી, બુકમાં કયુ આર કોડનો ઉપયોગ કરી એનેર્ઝાઇઝ્ડ પાઠ્યપુસ્તકો તૈયાર કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવી રહી છે. કોવિડના કારણે વિદ્યાર્થીઓનું ભારણનું ઘટાડવા માટે ૩૦ ટકા જેટલો સિલેબસ પણ ઘટાડવામાં આવ્યો હતો. બોર્ડની પરીક્ષા બાબતે પેપરો સહીસલામત કલાસરૂમ સુધી, પરીક્ષા કેન્દ્ર સુધી પહોંચે તે માટે મોબાઇલ એપ્લીકેશન, પેપરબોક્ષ ઓથેન્ટિકેશન એન્ડ ટ્રેકીંગ એપ્લીકેશન પેટા તૈયાર કરી ગેરરીતિઓ અટકાવી શકાઇ હતી. ગેરરીતિઓ દૂર કરવા માટે સી.સી.ટી.વી., ટેબ્લેટના માધ્યમથી ૧૦૦ ટકા ઇલેકટ્રોનિક સર્વેલન્સની વ્યવસ્થા ઉભી કરાઈ અને વિજીલન્સ અને સ્કોવડના માધ્યમથી સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ કેન્દ્રોમાં વ્યવસ્થા કરી છે. કોવિડ-૧૯ હોવા છતાં માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક ગુજકેટ સમયસર કરીને ભારતભરમાં પ્રથમ પરિણામો આપણે પ્રાપ્ત કર્યા છે. વર્ષ ૧૯૫૨-૧૯૭૫ સુધીના અને ઓલ્ડ એસ.એસ.સી.ના પરીક્ષાના રેકર્ડનું ડિઝીટલાઇઝેશન કરી ઓનલાઇન કર્યું હતું. આના કારણે એક વર્ષે લગભગ ૭૦ હજાર વિદ્યાર્થીઓ સાઇન અને સ્ટેમ્પમાંથી મુકિત મેળવી શકયા છે. દિવ્યાંગ વિદ્યાર્થીઓ માટે પણ પરીક્ષાના સમયમાં વધારો, ફી માંથી મુકિત, પાસિંગ ધોરણો, બ્રેઇનલિપિમાં પ્રશ્નપત્ર, રીડર, રાઇડરની વ્યવસ્થા જેવી સવલતો માનવતાના ધોરણે પૂરી પડાય છે. હું આ માંગણીનું સમર્થન કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય પુનમભાઇ પરમાર. આભાર.

શ્રી પુનમભાઇ મા. પરમાર(સોજિત્રા) : માનનીય અધ્યક્ષશ્રી, હું આ શિક્ષણ માહિતી, પ્રસારણ તથા ન્યાયતંત્ર વિશે મારા વિચારો રજૂ કરું છું.

અધ્યક્ષશ્રી : હા.જી, અમુક માણસો કયારેય ન સુધરે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ એ ભાવિ પેઢીનું ઘડતર કરે છે. ભાવિ પેઢીનું ભવિષ્ય પ્રજા કેટલી શિક્ષિત છે એના ઉપરથી નકકી થાય છે. શિક્ષણનો પાયો પ્રાથમિક શિક્ષણ છે. સરકાર પ્રાથમિક શિક્ષણથી લઇ ઉચ્ચત્તર શિક્ષણનું ખાનગીકરણ કરવા પર અધીરી થઇ છે. શિક્ષણનું સમગ્ર માળખું સરકારે વેરણછેરણ કરી અને પોતાની જવાબદારીમાંથી હાથ ધોઇ નાખવા સિવાય કોઇ નક્કર કામગીરી કરી નથી. પ્રજા ખાનગી શાળા, કોલેજોના સંચાલકોના હાથે લૂંટાય એવો કારસો સરકારે રચી દીધો છે. ખાનગી સંચાલકો સામે સરકારે ઘૂંટણિયા ટેકવી દીધા છે અને પ્રજાને લૂંટવાનો એકતરફી પરવાનો આપી દીધો છે. ભાવિ પેઢીનું ભવિષ્ય અંધકારમયમાં ધકેલી દીધું છે. અડીખમ સરકાર ખાનગી સંચાલકો સામે નતમસ્તક બની ગઇ છે. *(xxx)

અધ્યક્ષશ્રી : આ શબ્દો કાઢી નાખવામાં આવે છે.

શ્રી પુનમભાઇ મા. પરમાર : આજે સરકારનો જીવનમંત્ર બની ગયો છે. શિક્ષણનો ડાટ વળી ગયો છે. અમારા વિસ્તારમાં ગ્રામ્ય વિસ્તારની અંદર પરા વિસ્તારોમાં કોગ્રેસની જયારે સરકાર હતી ત્યારે ૨૦ બાળક હોય તો પણ મારે ત્યાં શાળા કરી હતી, આજે આ સરકાર શાળાઓ બંધ કરવા માંડી છે. ખેડૂત, ખેતમજૂર અને પરામાં રહેવાવાળી જે ગરીબ વસતીના જે બાળકો ભણતા હતા, એ લોકોને ૨ કિ.મી. દૂર આવવાનું થશે તો આ શિક્ષણથી વંચિત રહેશે. રાજા રજવાડાંમાં કહેવત હતી કે *(xxx) એમ આ સરકારનો વહીવટ એવો ચાલે છે.

અધ્યક્ષશ્રી : આ કહેવત પણ કાઢી નાખવામાં આવે છે. અરે *(xxx) ના કહેવાય, ચાલો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : આ સરકાર જે ડિપાર્ટમેન્ટ ખોટ કરે એને બંધ કરી દે છે. એવું ન હોય પ્રજાની જે જરૂરિયાતો છે એ જરૂરિયાતો પૂરી પાડવી જોઇએ, એ સરકારની પ્રાથમિક ફરજ છે. કોગ્રેંસની સરકારમાં એસ.ટી.ઓ ગામડે

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

રહેતી, આપણા બાળકો, બહેન, દીકરીઓને કોલેજમાં શહેરોમાં લઇ જતી અને સાંજે સલામત ગામે પાછી લાવતી, ત્યારે પણ એસ.ટી. તંત્ર ખોટ કરતી હતી. આજે કોઇ ગામડાની અંદર એસ.ટી. જોવા મળતી નથી. મેં એટલે પેલી કહેવત કહી સાહેબ કે *(xxx) એટલે મેં એ કહેવત કીધી. આ ડિપાર્ટમેન્ટ જે ખોટ કરે એને બંધ કરી દેવાનું.

અધ્યક્ષશ્રી : આપને ના પાડ્યા પછી પણ આવું બોલો છો? વાત તો એવી છે કે પ્રજા જે છે ને શ્રી પુનમભાઇ, એની પાસે આપણે મતદાન લેવા જઇએ છીએ, ભિખારી કોણ? નક્કી કરજો.

શ્રી પુનમભાઇ મા. પરમાર : સોરી સાહેબ, સોરી, આ તો કહેવત હતી એવી વાત છે સાહેબ. માનનીય અધ્યક્ષશ્રી, શ્રી નીતિનભાઇ સાહેબ વારંવાર કોંગ્રેસ પક્ષનો ઉલ્લેખ કરી અને મોંટે મોંટેથી બોલે છે કે કોંગ્રેસના સૂપડાં સાફ, કોંગ્રેસના સૂપડાં સાફ. હા ભાઇ, અમારાં સૂપડાં સાફ. મારે એમને જણાવવું છે કે એક દિવસ ભગવાન શ્રી કૃષ્ણ સુદર્શન ચક્ર લઇને જે આવ્યા અને કૌરવોની જે દશા થઇ એ દશા આમની થવાની છે. એક દિવસ થવાની છે. (અંતરાય) શ્રી કૃષ્ણ ભગવાન અહીંયાં આવવાના છે શાંતિ રાખોને. અમારી જે ખરાબ દશા થઇ અને કોંગ્રેસના સૂપડાં સાફ થયાં પરંતુ ઢગલા અકબંધ છે, પરંતુ ભાજપના તો તળીયા જાટક થઇ જશે. પિંપળ પાન ખરંતા, હસ્તી કૂંપડિયાં, અમ વિતિ તુજ વિતશે જરા ધીરી બાપુડીયા. અત્યારે આ સરકારમાં એટલું બધું અભિમાન છે, અભિમાન તો રાજા રાવણનું પણ રહ્યું નથી. મારે આપના માધ્યમથી એ કહેવું છે કે તમને બધું મળી ગયું છે હવે કશું પ્રજા જોડે લેવાનું બાકી રહ્યું નથી તો પ્રજાનું કામ કરો.

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપ દુધાત. આપનું પ્રવચન પૂરું થાય છે.

શ્રી પ્રતાપ દુધાત(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, માહિતી પ્રસારણ અને કલાઇમેટની માગણી પર હું મારી વાત કરવા માગું છું.

માનનીય અધ્યક્ષશ્રી, માહિતી, પ્રસારણ પાછળ બિન–જરૂરી થતો ખર્ચો અટકાવીને એની જગ્યાએ જૂના ફિલ્મોની અંદર એટલે જૂની ગુજરાતી ફિલ્મોની અંદર જૂની પદ્ધતિ કોંગ્રેસ સમયની જે સબસિડીની ચાલે છે એની જગ્યાએ નવી પદ્ધતિ અપનાવી અને અહીંયાં વાતો થાય છે સાહેબ કે ૨૫ વર્ષનું શાસન પણ આ ૨૫ વર્ષના શાસનની અંદર ગુજરાતી ફિલ્મો લૂપ્ત થતી જાય છે. એમની સબસિડીમાં વધારો કરવો જોઇએ. અહીંયા ઘણી બધી વાતો થઇ, માહિતી, પ્રસારણ મારફત વિધાનસભાની અંદર પોત–પોતાના વિસ્તારની વાતો ધારાસભ્યો કરતા હોય ત્યાંની પ્રજા એની રાહ જોતી હોય ટી.વી. ચાલુ કરે બંધ કરે કયારે શ્રી પ્રદિપસિંહ બાપુને જોઇશું, કયારે શ્રી અમરીષભાઇને જોઇશું પણ આ વિધાનસભાનું પ્રસારણ નથી થતું એના કારણે લાઇવ પ્રસારણ નહીં થવાના કારણે આવનાર દિવસોની અંદર લોકશાહીના ધબકારા હોય કે લોકશાહી ટકાવી રાખવા માટેની મહેનત હોય એ આ પ્રસારણ બંધ હોવાના કારણે પ્રજા જોઇ શકતી નથી. એને ચાલુ કરવું જોઇએ એ જોવે તો એને ખબર પડે. અધ્યક્ષશ્રી કયા પ્રકારે ધારાસભ્યો કંટ્રોલ કરે છે, અધ્યક્ષશ્રી કેવા .. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માનનીય પ્રતાપભાઇ, આ તો ઘણા બધા બોલ્યા મેં કોઇનેય રોકયા નહીં, ખરેખર અહીંનું પ્રસારણ કરવા દેવું કે નહીં એ અધિકાર મારો છે. અધ્યક્ષના નિર્ણયની કોઇ ચર્ચા આ ગૃહમાં થઇ શકે નહીં, એટલે આ વાત છોડીને ચાલો. ઘણા બધા મિત્રો બોલ્યા એમની લાગણી સરકાર સુધી જવા દીધી. હવે આ બાબત છોડી દો, પ્લીઝ.

શ્રી પ્રતાપ દુધાત : ઠીક છે, માનનીય અધ્યક્ષશ્રી, લોકશાહીના ધબકારા તો સાંજે આપણે જે બતાવીએ છીએ, એમાં થોડું વિરોધપક્ષનું ત્રીસ મિનિટ આપ બતાવો એવી માગણી મૂકું છું. (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ જુદી વાત છે, તમારે જે કહેવું હોય તે કહો. પણ આ ગૃહનું આ પ્રસારણ.

શ્રી પ્રતાપ દુધાત : વિરોધપક્ષના ધારાસભ્યશ્રીઓ આ ગૃહમાં શું સાચી કામગીરી કરી રહ્યા છે એ ગુજરાતની જનતા જાણવા માગે છે. લોકશાહીના ધબકારાથી ફકત શ્રી નીતિનકાકા દેખાય એટલું જ નહીં, પણ અમારા શ્રી પરેશભાઇ પણ થોડા દેખાય અને અમે જે લોકો વાત કરીએ, ખરી લોકશાહીની વાત કરીએ એ બતાવો એવી લાગણી વ્યકત કરું છું.

માહિતી, પ્રસારણ પાછળ થતા મોટા ખર્ચાઓ એડવટાઇઝો અને સાહિત્યની પાછળ પૈસા વાપરવાની જગ્યાએ છેલ્લા એકાદ વર્ષથી કોરાનાની અંદર લોકસાહિત્યના કલાકારો, લોકગાયકો જેમને પોતાનું જીવન જીવવાની ઘણી મુશ્કેલી પડી રહી છે, સાચી એટલે કે ખરી લોકશાહી ટકાવવાનું કામ આ ગુજરાતના લોક સાહિત્યના કલાકારો એ પછી ભીખુદાનભાઇ ગઢવી હોય કે માયાભાઇ હોય એવા નામી–અનામી કલાકારો, કીર્તિદાન ગઢવીથી લઇ ઓસમાનભાઇથી લઇ હવે કોઇ ડાયરા કરી શકે એવું આવતા દિવસોની અંદર ગામડાંઓની અંદર વાત કરી શકે એવી પરિસ્થિતિ બહુ દૂર દૂર સુધી દેખાતી નથી, કારણ કે કોરોના ઘર કરી ગયો છે. એટલે એ ખર્ચાઓ બંધ કરીને આ કલાકારોને લાભ મળે એને સહાય મળે એટલે જે માગણી લઇને આવ્યા છે એ પૈસાનો ઉપયોગ કરીને નવી પોલિસી બનાવવામાં આવે તેવી હું લાગણી વ્યકત કરું છું.

કલાઇમેન્ટ ચેઇન્જ બે પ્રકારનું હોય છે. એક પ્રાકૃતિક અને એક માનવ સર્જિત, પ્રાકૃતિક એટલે કોઇ વાવાઝોડું કે બીજા કોઇ કારણોસર કલાઇમેન્ટ ચેઇન્જ થતું હોય તો એની પાછળ આપણે બધા જવાબદાર છીએ એના માટે લોક જાગૃતિ લાવવા માટે આ કલાઇમેન્ટ ચેઇન્જ સાથે આ પ્રસારને આપણે જોડીને જે સાવરણા લઇને કચરો સાફ કરવાની જાહેરાતો કરી હતી એ પ્રમાણે સાવરણા લઇને કચરો સાફ કર્યો પરંતુ એ તો સાફ થયો નહિ એમ પ્લાસ્ટિકને આપણે જાકારો આપીએ.

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

પ્લાસ્ટિકથી આપણે બધા સ્વયંભૂ સમજીને દૂર રહીએ અને એનો વપરાશ ઓછો કરીએ, જીવન જરૂરિયાતમાં વપરાશ કરીએ છીએ. ફોરેનમાં ટ્રાવેલીંગ કરતા હોય એમાં નીતિ નિયમો એ પ્રકારના છે કે કોઇ એક કંપનીમાં સાથે કામ કરવા જાય.

શ્રી પરસોત્તમ ઉ. સાબરિયા(ધ્રાંગધ્રા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય શિક્ષણ મંત્રીશ્રી જે માગણી ક્રમાંક−૯ અને ૧૦ લઇને આવ્યા છે એને મારું સમર્થન આપું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, નામાંકન અને સ્થાયીકરણ માટે ખાસ પુરસ્કાર માટે વિદ્યાલક્ષી બોન્ડ યોજના હેઠળ ધોરણ−૧માં સો ટકા કન્યાઓનું નામાંકન થાય, નવા પ્રવેશ મેળવનાર કન્યાઓને ધોરણ−૭ સુધી અભ્યાસ ચાલુ રાખે તે માટે વિદ્યાલક્ષી બોન્ડ યોજના વર્ષ ૨૦૦૨−૦૩થી દાખલ કરેલ છે. આ યોજના અન્વયે ધોરણ−૧માં નવો શાળા પ્રવેશ મેળવનાર દરેક કન્યાને રૂપિયા એક હજારની કિંમતના બોન્ડ આપવામાં આવતા હતા. જેમાં વર્ષ ૨૦૧૩−૧૪થી બોન્ડની રકમ વધારીને રૂપિયા બે હજાર કરવામાં આવેલ છે. ધોરણ−૭ પાસ થાય ત્યારે બોન્ડની રકમ તેના વ્યાજની રકમ સાથે કન્યાને આપવામાં આવે છે. શહેરી વિસ્તારના ગરીબી રેખા નીચે આવતા બી.પી.એલ. નીચે આવતા કુટુંબની કન્યાઓને પણ આ યોજના હેઠળ આવરી લેવામાં આવેલ છે. ધોરણ−૮ પાસ થાય ત્યારે બોન્ડની રકમ તે વ્યાજની રકમ સાથે કન્યાને આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૯−૨૦ સુધી આ યોજના હેઠળ ૨૧ લાખ ૩ હજાર ૬૭૫ કન્યાઓએ લાભ મેળવેલ છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે એટલે કે વર્ષ ૨૦૨૦−૨૧ દરમિયાન ૯૨,૮૯૫ કન્યાઓને આવરી લેવામાં આવેલ છે જે માટે રૂપિયા ૧૮૫૭.૯૦ લાખનો ખર્ચ થવા પામેલ છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે આ કાર્યક્રમ પ્રમાણે શાળાઓમાં વિદ્યાર્થીઓને નામાંકનમાં ઘણો સુધારો જોવા મળેલ છે અને વિદ્યાર્થીઓનું નામાંકન સો ટકા સુધી પહોંચવામાં છે.

પ્રાથમિક શાળાઓમાં ભૌતિક સુવિધાઓ વિકસાવી આ યોજનામાં પ્રાથમિક શાળાઓમાં અગાઉના વર્ષોથી ચાલી આવતી બાબત પૈકી માત્ર પીવાના પાણીની વ્યવસ્થા તથા શાળાનું વીજળીકરણ યોજના હેઠળ આવશ્યક હોય તેવી કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં શાળા દીઠ રૂપિયા ૫૦ હજારની મર્યાદામાં સહાય આપવામાં આવે છે તથા આ યોજનાથી સને ૨૦૦૨−૦૩ થી સને ૨૦૧૯−૨૦ સુધી રાજ્યની ૩૯,૨૨૩ શાળાઓને લાભ આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષે વર્ષ ૨૦૨૦−૨૧ દરમિયાન ૨૯૨૯ શાળાઓને આવરી લેવામાં આવેલ છે. જે માટે જોગવાઇ અનુસાર રૂપિયા ૪૪૦ લાખનો ખર્ચ થવા પામેલ છે.

આર.ટી.ઇ.ના કાયદા હેઠળ સમાજના વંચિત અને આર્થિક રીતે નબળા વર્ગના બાળકોને રાજ્યની બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓના ૨૫ ટકા બાળકોની ફી પરત ચૂકવણી કરવા હેતુથી સન ૨૦૧૩થી આ યોજનાનો અમલ કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થી દીઠ ફી પરત ચૂકવણી હેતુથી રૂપિયા દસ હજારની સહાય શાળાને આપવામાં આવે છે. તેમજ અન્ય આનુષંગિક ખર્ચની ચૂકવણી કરવા વિદ્યાર્થી દીઠ વિદ્યાર્થીને રૂપિયા ત્રણ હજારની સહાય આપવામાં આવે છે. જેમાં આ યોજના અંતર્ગત વર્ષ ૨૦૧૩−૧૪ થી વર્ષ ૨૦૧૯−૨૦ સુધી રૂ. ૯૭૦.૧૦ કરોડના ખર્ચે રાજ્યના કુલ ૨,૬૨,૩૭૬ બાળકોને સહાય આપવામાં આવેલ છે. આ યોજના હેઠળ ચાલુ વર્ષ ૨૦૨૦−૨૧ દરમ્યાન અંદાજે ૩,૬૪,૪૨૧ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. જે માટે રૂ. ૨૯૦૬૨.૯૦ લાખનો ખર્ચ થવા પામેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વર્ગ વધારા/સળંગ એકમ યોજના અંતર્ગત રાજ્ય સરકારના ફેસલેસ વહીવટના ભાગરૂપે ગ્રાન્ટેડ શાળાઓમાં વર્ગ મંજૂરી માટે સને ૨૦૨૦−૨૧માં કુલ ૨૧૦ દરખાસ્ત ઓનલાઇન અત્રેની કચેરીને મળેલ, જે પૈકી કુલ ૧૨૪ દરખાસ્તને વર્ગમંજૂરી આપવામાં આવી. સરકારી શાળાઓમાં વર્ગ મંજૂરી માટે કુલ ૮૪ દરખાસ્તો અત્રેની કચેરીને મળેલ, જે પૈકી કુલ ૭૭ દરખાસ્તને વર્ગ મંજૂરી આપવામાં આવી.

રાજ્યની સરકારી વિજ્ઞાન પ્રવાહની શાળાઓમાં લેબોરેટરીના સાધન−સહાય યોજના અંતર્ગત ૩૨ લાખ રૂપિયા લેબોરેટરીના સાધનો માટે આપવામાં આવ્યા. રાજ્યમાં શ્રેષ્ઠ શાળા પ્રોત્સાહક ઇનામ યોજના અંતર્ગત રાજ્યની ૬૨ શાળાઓને ૭૨,૦૦,૦૦૦ રૂપિયાના પ્રોત્સાહક ઇનામથી પુરસ્કૃત કરવામાં આવશે. મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના અંતર્ગત રાજ્યની સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં ધોરણ ૯થી ૧૨માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓને તેઓના વાલી/માતા−પિતાની વાર્ષિક આવક ધ્યાને લીધા સિવાય મફત પાઠ્યપુસ્તકો મળવાપાત્ર છે. વર્ષ ૨૦૨૦−૨૧માં રાજ્યમાં ધોરણ ૯થી ૧૨માં સરકારી અને ગ્રાન્ટેડ શાળાઓમાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ, વિદ્યાર્થીનીઓને કુલ રૂપિયા ૧૯,૦૫,૭૮૮/−ના ખર્ચે મફત પાઠ્યપુસ્તકો પૂરા પાડવામાં આવેલ છે.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર(વાવ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીઓ ૫૪,૯,૧૦ અને ૬૦ નંબરની માગણી લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. આ રાજ્યના ગૃહ મંત્રી *(xxx) છે.

અધ્યક્ષશ્રી : બેનશ્રી, કાસ્ટ ઉપર વાત ન થાય.

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : ત્યારે તેમની પાસે ગુજરાતની મહિલાઓ માટે સુરક્ષાની અપેક્ષા રાખીએ. *(xxx) છે. રાજધર્મ..

અધ્યક્ષશ્રી : એ શબ્દ કાઢી નાખવામાં આવે છે. આપને સૂચના આપવામાં આવે છે એ રીતે વાત કરો.

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યો.

## તા. ૨૪મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

શ્રીમતી ગેનીબેન ન. ઠાકોર : જી, સર. રાજ્યના ગૃહમંત્રી પાસે મારી બે–ત્રણ નાની મોટી માગણીઓ છે. તે પૈકી અમારો બનાસકાંઠા જિલ્લો સરહદી જિલ્લો છે. આ સરહદી જિલ્લાના ડેવલપમેન્ટ માટે બજેટમાં પણ જોગવાઇ કરવામાં આવી છે. યુ.એન.ડી.પી.ની ગ્રાન્ટ ગૃહ વિભાગ મારફતે આવે છે. આ વિસ્તારના યુવાનોને નાની મોટી નોકરીની તક મળે, ત્યાં ઇન્ટરનેશનલ બોર્ડર હોવાથી બી.એસ.એફ. હોય, પોલીસની ભરતી હોય, અન્ય નાની–મોટી નોકરી માટેની ભરતી કરવામાં આવે છે તેમાં જિલ્લાના યુવાનોને વિવિધ પ્રકારની તાલીમ મળે એ માટે આ યોજનામાં એક એકેડેમીનું આયોજન કરવામાં આવે એવી પણ હું વિનંતી કરું છું. બનાસકાંઠા જિલ્લામાં ખાસ કરીને ભાભર તાલુકો ૧૦૦ ગામનું હટાણું કરવાનું મોટું વેપારી મથક છે. અહીં રૂરલ અને સિટી બન્ને પોલીસ સ્ટેશન અલગ કરવામાં આવે અને ત્યાં પી.આઇ.ની જગ્યા ઉભી કરવામાં આવે તો ત્યાંના વેપારીઓ અને આમ જનતાને થોડી સારી વ્યવસ્થા મળે. આ તબક્કે હું તેમની પાસે એ માગણી કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, આ વિસ્તારમાં શિક્ષણને લગતી જે માગણીઓ છે તેમાં બનાસકાંઠામાં શાળાના રૂમો હોય અને હમણાં જ શ્રી પુનમભાઇ કહેતા હતા કે જે ગ્રામ્ય વિસ્તારમાંથી વિદ્યાર્થીઓ ભણવા માટે તાલુકા કક્ષાએ આવે છે. ગરીબ વર્ગના વિદ્યાર્થીઓ હોવાથી તેમને સાધનની વ્યવસ્થા હોતી નથી. તો બસના રૂટ છે તે સ્કૂલ સમય પ્રમાણ ગોઠવવામાં આવે અને ગ્રામ્ય વિસ્તારના પદાધિકારીઓની માગણી શિક્ષણ વિભાગ મારફત જાય અને શિક્ષણ વિભાગ વાહન વ્યવહાર વિભાગ પાસે માગણી કરીને વિદ્યાર્થીઓને માટે બસની વ્યવસ્થા કરે એ પણ જરૂરી છે. ટેટ અને ટાટ જે કંઇ પરીક્ષા છે એ પાસ કરીને વિદ્યાર્થીઓ સરકાર પાસે નોકરીની અપેક્ષા રાખી રહ્યા છે અને મોટા ભાગની જગ્યાઓ ખાલી છે તો આ ભરતી કરીને જે તે જગ્યાઓ ભરવામાં આવે એવી પણ માનનીય શિક્ષણ મંત્રી પાસે મારી વિનંતી છે. મધ્યાહન ભોજન માટે અને દૂધ સંજીવની માટે રૂપિયા ૧૦૪૪ કરોડની બજેટમાં જોગવાઇ કરેલી છે એ જોગવાઇને આવકારીએ છીએ પણ સાથેસાથે મધ્યાહન ભોજનના સંચાલકોને માત્ર ૧૬૦૦ રૂપિયા જેટલું જ માનદ્ વેતન મળે છે. લઘુત્તમ માનદ્ વેતન છે એ ૨૬૮નો નિયમ છે તો આ લોકોના માનદ્ વેતનમાં વધારો થાય એવી પણ મારી વિનંતી છે. ગ્રામ્ય કક્ષાએ જે પ્રાથમિક સ્કૂલ હોય એનું રીઝલ્ટ સુધારવા માટે શિક્ષકોને પોતાના વિભાગ સિવાયની અન્ય કામગીરી ન સોંપવામાં આવે તો પ્રાથમિક શાળાના શિક્ષણની કવોલીટીમાં સુધારો લાવી શકાય. જય હિન્દ, જય ભારત.

અધ્યક્ષશ્રી : માનનીય ગેનીબેન, એના કરતાં એમ કીધું હોત કે ગૃહમંત્રીશ્રી પ્રદિપસિંહ જાડેજા ખૂબ ઉદાર છે એમ કહીને વાત કરી હોત તો એમણે તરત સ્વીકારી લીધું હોત.

શ્રી સુખરામભાઇ હ. રાઠવા(જેતપુર (પાવી) : માનનીય અધ્યક્ષશ્રી, રાજયના શિક્ષણવિભાગ, કાયદા વિભાગ, માહિતી પ્રસારણ વિભાગ, કલાઈમેટ ચેઈન્જ વિભાગના મંત્રીશ્રીઓ પોતાના વિભાગની માગણીઓ લઇને આવ્યા છે ત્યારે મારું થોડુંક અવલોકન આ ગૃહ સમક્ષ કરવા ઉભો થયો છું. કોરોનાની મહામારીમાં આખા દેશની દુર્દશા થઇ, આપણા ગુજરાતની પણ દુર્દશા થઇ અને ખાસ કરીને સવિશેષ અમારા આદિવાસી વિસ્તારમાં જે દશા થઇ એમાં શિક્ષણની તો દૂર્દશા થઇ ગઇ એટલા માટે કે ગામડામાં ટેલિફોનના ટાવરો ચાલે ખરા પણ નેટ પકડાય નહીં, નેટ પકડાય તો સમય પકડાય નહીં એટલે સરકારે જે યોજના જાહેર કરી કે અમે ઓનલાઇન ભણાવીશું પણ ગામડાના બાળકો પાસે એનરોઇડ, નેટવાળા ફોન લેવાના પૈસા જ નથી તો તમે કેવી રીતે ભણાવશો? આ પરિસ્થિતિનો થોડોક ખ્યાલ રાખીને આદિવાસી વિસ્તારમાં આ વખતે બજેટમાં થોડીક જોગવાઇ થઇ છે કે ગુજરાત સરકાર ટાવરો ઉભા કરવાની છે અને એ આદિજાતિ વિસ્તારમાં તમે વધારે પડતા ટાવરો ઉભા કરો તો આપણા બાળકોને શિક્ષણ મેળવવાની અત્યારે જે તકલીફ થાય છે એ ભવિષ્યમાં ના થાય. આપણે બધા ભગવાનને પ્રાર્થના કરીએ કે આવો રોગચાળો ફરીપાછો ના થાય. મારે પ્રાથમિક શાળાના ઓરડાઓની વાત કરવી છે. રાજયના પૂર્વ પટ્ટીના ભાગમાં સાબરકાંઠા, અરવલ્લી, દાહોદ, ગોધરા, છોટા ઉદેપુર, નર્મદા, તાપી, ડાંગ અને વલસાડ આ જિલ્લાઓમાં હું ભૂલતો ના હોઉ તો ગયા વખતે આ ચર્ચા થઇ હતી ત્યારે ૧૭હજાર જેટલા ઓરડાઓ ખાલી હતા. કેટલા નવા બન્યા એની મતે ખબર નથી અને જો બન્યા હશે તો માનનીય મંત્રીશ્રી એનો જવાબ આપશે. મારા જિલ્લામાં છ તાલુકાઓ છે અને એ છ તાલુકાઓમાં ૨૫૦ શાળાઓમાં ૬૧૬ ઓરડાની ઘટ છે. છોકરાઓ જયાં આપણે ભણાવીએ છીએ એવી શાળાઓમાંથી ૪૩૦ શાળાઓ એવી છે કે જયાં શૌચાલય નથી. શૌચાલયની આપણે બહેનો માટે અને છોકરાઓ માટે અલાયદી વ્યવસ્થા કરતા હોઇએ છીએ. ૩૦૮ શાળાઓ એવી છે કે જયાં બહેનો માટે શૌચાલયની ઘટ છે. શાળાઓના છોકરાઓને કોઇ વન્ય પ્રાણી અથવા તો કોઇ જંગલી પ્રાણી હેરાન ના કરે એટલા માટે કંમ્પાઉન્ડ વોલ આપણે બનાવતા હોઇએ છીએ. મારે ત્યાં ૮૨ શાળાઓમાં કંમ્પાઉન્ડ વોલ કરવાની બાકી છે. અઘૂરી કંમ્પાઉન્ડ વોલવાળી ૨૪૭ શાળાઓ છે ઘટતી કંમ્પઉન્ડ વોલવાળી ૩૨૯ શાળાઓ છે. હું અપેક્ષા રાખું, આદિજાતી મંત્રીશ્રી પાછળ બેઠા છે, એમને અમે અમારા નાણામંત્રી પણ કહી શકીએ, જરૂર પડે તો વધારાનું બજેટ આદિજાતિ વિભાગમાંથી મેળવી અને આદિવાસી વિસ્તારની શાળાઓમાં જે આ સગવડતા ઉભી કરવાની છે એ સગવડતા ઉપલબ્ધ કરો. જેથી કરીને આદિવાસીઓને એમાં ભણવાનો સારો લાભ મળે. અમારે ત્યાં સરકારી વિનિયન એટલે કે આર્ટસ કોલેજ જાંબલીમાં આવેલ છે. એ જ રીતે કોમર્સ કોલેજ પણ શરૂ થાય, ૮ એકર જમીનની ફાળવણી કરી દીધી છે. આના માટે રકમની ફાળવણી કરવામાં આવે તો વિદ્યાર્થીઓને નવા બિલ્ડીંગનો લાભ મળી શકે. એક વાત કરવાની રહી જાય છે. શાળામાં બાળકોને ભણાવીએ છીએ એમાં આવકની મર્યાદા રૂપિયા ૨.૫૦ લાખ હોય એના બાળકોને શિષ્યવૃત્તિ આપીએ છીએ. મને ખબર છે કે ઓ.બી.સી. કેટેગરીના સમાજની રૂપિયા ૮ લાખની મર્યાદા હોય એને લાભ મળે છે.

મારો કાનદોષ કે વાંચનદોષ હોઇ શકે પણ અનામત અને બિન અનામતની વાત છે એમાં શિષ્યવૃત્તિની સહાયના આવકના ધોરણો છે એમાં સંશોધન કરીને વધારો થાય એવી અપેક્ષા રાખું છું.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા(દિઓદર) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણમંત્રીશ્રી માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉપસ્થિત થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે સાયન્સ અને ટેકનોલોજીના જમાનામાં ટ્રસ્ટ સંચાલિત માધ્યમિક શાળાઓ અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ ચાલે છે એમાં શિક્ષકોની ખૂબ ઘટ છે. ભરતી થતી નથી એના કારણે શિક્ષણ ઉપર ખૂબ અવળી અસર પડે છે. ગરીબ અને મધ્યમવર્ગના બાળકોને ભણવા માટે ખૂબ મુશ્કેલી ઉભી થતી હોય છે. કારણ કે જેટલા શિક્ષકોની શાળામાં જરૂર હોય એ જો પૂરતા ન હોય તો શાળા ચલાવવી ખૂબ મુશ્કેલ બને છે. મારી શિક્ષણમંત્રીશ્રીને વિનંતી છે કે આવા શિક્ષકોની તાત્કાલિક ભરતી કરે અને ટ્રસ્ટ સંચાલિત શાળાઓ છે એમાં પૂરેપૂરા શિક્ષકોની ભરતી કરવામાં આવે. સાયન્સની શાળામાં ગમે એટલો પગાર આપો તો પણ શિક્ષકો મળતાં જ નથી. પ્રાથમિક શાળાઓમાં પણ આવી જ પરિસ્થિતિ છે. શિક્ષકોની ઘટના કારણે શિક્ષણ ઉપર ખૂબ વિપરિત અસર પડતી હોય છે. બીજી વાત કરું તો તાલુકા કેળવણી નિરીક્ષકની જગ્યાઓ પણ મોટા પ્રમાણમાં ખાલી છે. એની તાત્કાલિક ભરતી કરો એવી વિનંતી છે. તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી વર્ગ–૨ની પણ મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી છે. ભરતી થતી નથી એના કારણે વહીવટમાં અસર પડે છે. વહીવટમાં કન્ટ્રોલ કરવાનો હોય છે એમાં ખૂબ મુશ્કેલી ઉભી થતી હોય છે. બનાસકાંઠા જિલ્લામાં ૨૦૧૬–૧૭નું પુર આવ્યું એમાં શાળાના ઓરડાઓને ખૂબ નુકસાન થયું છે. ગયા વર્ષે મેં રજૂઆત કરી હતી તો સાહેબે સારા એવા ઓરડા આપ્યા. પણ આ વખતે બનાસકાંઠા પૂરતું વધારે પેકેજ જાહેર કરી પ્રાથમિક શાળાઓના વધારે ઓરડા આપો અને પ્રાયોરિટીમાં લો એવી વિનંતી છે. ગૃહમંત્રીશ્રી બેઠા છે. મારા દિયોદરમાં બે કોર્ટ ચાલે છે. એક સેસન્સ કોર્ટ અને બીજી સિવિલ કોર્ટ. ચાર તાલુકાની સેસન્સ કોર્ટ છે. જેલ નથી એના કારણે ખૂબ નુકસાન પડે છે. કારણ કે દિયોદરથી ૯૦ કિલોમિટર પાલનપુર થાય. એક આરોપી હોય તો એને સવારે કોર્ટમાં પાલનપુર લાવવાનો અને કોર્ટ બંધ થાય ત્યારે પાછા પાલનપુર લઇ જવાનો. એક જ ગાડીમાં કેદીને લઇ જવો પડે છે ત્યારે જાપ્તાનો, પેટ્રોલ, ગાડી, વગેરેનો ખર્ચ ખૂબ થાય છે. આ અગાઉના સત્રમાં ગૃહમંત્રીશ્રીને લેખિતમાં આપ્યું હતું. અને મને ખાતરી આપી હતી કે શ્રી શીવાભાઇ તમારી જેલ થઇ જશે. જો નવી જેલ ના થાય તો જૂની જેલ રિપેરીંગ કરે.

અધ્યક્ષશ્રી : તમારી જેલ નહીં થાય બસ.

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : મૂળ તો એ વાત છે કે સરકારને લોસ પડે છે કારણ કે ૯૦ કિલોમિટર ગાડી જાય અને પાછી આવે એના કારણે ખોટા ખર્ચા વધે છે. માનનીય અધ્યક્ષશ્રી, આવી બધી ઘણી બાબતો છે. ભરતીવાળી વાતમાં મેં કીધું એમ થાય અને ઉચ્ચત્તર માધ્યમિકમાં તાત્કાલિક ભરતી કરીને અમોને શિક્ષક પૂરા પાડવા મંત્રીશ્રીને હું વિનંતી કરું છું. કારણ કે, હું ખુદ એક શાળા ચલાવું છું. અત્યારે ૩૦૦૦ છોકરા ભણે છે. મારી એકલી શાળામાં ૧૧ શિક્ષકો ઘટે છે એ શિક્ષકોની ભરતી કરવી બહુ કાઠી પડતી હોય છે. કારણ કે અમારો વિસ્તાર ગરીબ છે સુખી નથી કે જેથી મોટી ફી આપી શકે. એટલે શિક્ષકોની ભરતી કરીને તાત્કાલિક વ્યવસ્થા કરી આપે.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે અને આપને અભિનંદન આપું છું કે કાગળ વાંચ્યા વગર, કાગળ જેવું કાંઇ છે જ નહીં અને તમારી જાતે બોલો છો એ બદલ ખૂબ અભિનંદન. માનનીય મંત્રીશ્રી પ્રદિપસિંહજી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા (રાજ્યકક્ષાના કાયદો અને ન્યાય તંત્ર મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, કાયદા વિભાગની વર્ષ ૨૦૨૧–૨૨ના અંદાજપત્રની માગણીઓના સંદર્ભમાં માનનીય આત્મારામભાઇ અને અન્ય માનનીય ધારાસભ્યશ્રીઓએ પોતાના અભિપ્રાય, વકતવ્ય, સમર્થન અને માગણીઓની વાત મૂકી છે. શ્રી નરેન્દ્રભાઇ મોદી આ સભાગૃહમાં રાજ્યના માનનીય મુખ્યમંત્રી તરીકે હતા ત્યારથી એમણે શરૂ કરેલી અને આજ સુધી માનનીય મુખ્યમંત્રી તરીકે શ્રી વિજયભાઇ રૂપાણી અને અમારા કાયદા વિભાગના કેબિનેટ મંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાના નેતૃત્વ હેઠળ કાયદા વિભાગે અનેક નવા સીમાચિન્હો સર કર્યા છે. સર્વે જનાહા, સુખીનો ભવન્તું, સર્વે સંતુ નિરામયા. રાજ્યની તમામ પ્રજાની સુખાકારી અને પ્રજાના હકોનું રક્ષણ કરવા માટે આ સરકાર એ તત્પર સરકાર છે અને આપણી સનાતન ધર્મની સંસ્કૃત્તિમાં પણ એવું કહ્યું છે કે – ન્યાય ધર્મેણ સંયુક્તે દીર્ઘ જીવી ભવિષ્યતિ. એટલે કે ધર્મયુક્ત ન્યાય દીર્ઘકાલીન રહે છે અને તેથી જ હાલની સરકારનું માનવું છે કે પ્રજાના પ્રતિનિધિની પ્રથમ જવાબદારી એ ન્યાય પ્રત્યેની છે. એટલા માટે ગુજરાતને સસ્તો ન્યાય મળે, ઝડપી ન્યાય મળે, ઘર આંગણે ન્યાય મળે એ રાજ્ય સરકારની કટિબદ્ધતા છે અને આ કટિબદ્ધતાને સર કરવા માટે, પૂર્ણ કરવા માટે કોઇ પણ રાજ્યમાં ન્યાય વ્યવસથાનું ઉત્તમ સંચાલન કરવું હોય તો રાજ્ય સરકારે એને પુરતા પ્રમાણમાં ઈન્ફ્રાસ્ટ્રકચર પૂરું પાડવું પડે, એના માટે વહીવટી બિલ્ડિંગો, ન્યાય મંદિરથી માંડીને વ્યવસ્થા પૂર્ણ કરવી પડે. એ બિલ્ડિંગમાં બેસીને ન્યાય તોલવાવાળા ન્યાયાધીશો, એનો સબ–ઓર્ડિનેટ સ્ટાફની પુરતા પ્રમાણમાં નિમણૂક કરવી પડે જેથી કરીને પુરતા પ્રમાણની કોર્ટો ઉપલબ્ધ થાય તો આપણે અસરકારકતાથી કામ કરી શકાય અને એ જ પ્રમાણે APP હોય કે AGP કે જ્યુડિશિયલ ઓફિસર્સ હોય આ બધાની જો સમયાંતરે ટ્રેનિંગ પૂરી કરવામાં આવે.

માનનીય અધ્યક્ષશ્રી, નવા બનતા કાયદાઓ, નવી બનતી પદ્ધતિઓ અને એ પદ્ધતિઓથી એને જો વાકેફ કરવામાં આવે તો આ ત્રણની સાથે સાથે અત્યારનો સમય બદલાયેલો છે અને બદલાયેલો સમય એ ટેકનોલોજીનો યુગ છે અને એ

ટેકનોલોજીના યુગની અંદર જ્યારે બધા જ એરિયાની અંદર ટેકનોલોજીના અપગ્રેડેશનના માધ્યમથી એક નવા પ્રકારની પદ્ધતિઓ ઊભી થતી હોય તો ન્યાય વિભાગની અંદર નામદાર કોર્ટોની અંદર પણ ટેકનોલોજીના માધ્યમથી પણ આપણે એને અપગ્રેડ કરવી પડે. અને રાજય સરકારે આ બધું જ કરવા માટે પૂરતા ફંડનું આયોજન કરવું પડે અને રાજય સરકારે આ કરેલા આયોજનના માધ્યમથી જો આ વ્યવસ્થાઓ પૂરી થાય તો લોકોને જેમ કહ્યું તેમ સમયસર ન્યાય મળે અને સમયસર ન મળતો ન્યાય તે પણ અન્યાય બરાબર છે અને રાજય સરકારની આ ફરજ છે અને આ ફરજને પૂર્ણ કરવા માટે અન્ય વિભાગોની જેમ રાજય પોતાના કાયદા વિભાગમાં પણ પૂરી અગ્રિમતાથી કામ કરી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં જ ગુજરાતની હાઇકોર્ટને ૬૦ વર્ષ પૂર્ણ થયા અને ૬૦ વર્ષ પૂરા થયા એનો ઓનલાઇન કાર્યક્રમ યોજાયો. ઓનલાઇન કાર્યક્રમમાં દેશના પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ એક પોસ્ટલ સ્ટેમ્પ રીલીઝ કર્યો અને સાથે સાથે એમના જે શબ્દો છે એ શબ્દો '' કાયદાનું શાસન જે સુશાસન કે સુરાજયનો આધાર છે તેમજ સામાજિક સભ્યતાના તાળાવાળાનો પાયો છે. જેમ કે કાયદાનું સુદ્રઢ અને સુચારું શાસન હશે તો દેશ-વિદેશના ઉદ્યોગો આપણી ગુજરાતની ધરતી ઉપર રોકાણ કરવા આકર્ષાશે, રોકાણ વધશે, રોજગાર વધશે તો પ્રજાની સુખાકારી વધશે. એક ન્યાયનો વિષય એ રાજયની સમૃદ્ધિ સુધી જોડીને દેશના પ્રધાનમંત્રીશ્રી આદરણીય નરેન્દ્રભાઇ મોદીએ આપણને માર્ગદર્શન આપ્યું. ગુજરાત ઇઝ એ ગ્રોથ એન્જિન ઓફ ઇન્ડિયા અને ભારતના વિકાસ માટે પણ ગુજરાતનો વિકાસ આવશ્યક છે. આ ગતિશીલ ગુજરાતને વધારે ગતિ આપવા માટે આપણે કોઇપણ ઇન્ડસ્ટ્રી ડેવલપ કરવા માટે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસની વાત કરીએ છીએ પરંતુ આજે ઇઝ ઓફ જસ્ટિસ જો અસરકારકતાથી ઉભો થાય તો ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ વધારે અસરકારક આપણે બનાવી શકીએ. આપણે સૌ જાણીએ છીએ કે ડેમોક્રેટિક બંધારણના ત્રણ પાયા છે. લેજિસ્લેચર, એકઝીકયુટીવ અને જયુડીશીયરી અને બંધારણની આર્ટિકલ-૧૪ ની મહત્ત્વની જોગવાઇ છે કે કાયદા સમક્ષ સૌ એક સમાન છે અને બંધારણના આર્ટિકલ-૩૯(એ) ની જોગવાઇ મુજબ કોઇપણ વ્યક્તિ આર્થિક અથવા અન્ય અસમર્થતાઓને કારણે ન્યાયથી વંચિત ન રહે અને દરેકને સરળતાથી ન્યાય મળી રહે આ હેતુ અમારી આ સરકારનો છે. સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના ન્યાયને વરેલી આ સરકાર લીગલ સર્વિસ ઓથોરીટીના માધ્યમથી સમાજના જરૂરિયાતમંદ અરજદારોને એને ૨૪ કલાક ચાલુ રહેતી એની ઓફિસના માધ્યમથી ન્યાય આપવા માટેનું કામ લીગલ સર્વિસ ઓથોરીટીના માધ્યમથી કરવામાં આવે છે. મેં જેમ કહ્યું તેમ આ ભા.જ.પા.ની આ રાજય સરકારે કાયદાને અત્યંત મહત્ત્વ આપ્યું છે. મને યાદ છે કે વર્ષ ૨૦૦૩-૦૪ના દિવસોમાં કાયદાનું બજેટ માત્ર રૂપિયા ૧૪૦ કરોડ હતું અને આ વખતના બજેટમાં રૂપિયા ૧૬૯૮ કરોડ છે. ૧૨૦૦ ટકાનો જંગી વધારો એ ગુજરાતની ભા.જ.પા.ની સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. કોરોના જેવી મહામારીમાં આવકના સ્ત્રોત ઘટે એટલે બજેટ ઘટે પરંતુ કાયદાની અંદર કોઇ બાંધછોડ કરવામાં નથી આવી. કોરોનાના કાળમાં નામદાર હાઇકોર્ટને હું અભિનંદન આપું છું. અભિનંદન એટલા માટે આપું છું કે એ દિવસોમાં કામગીરી કરવી વધારે કપરી હતી પરંતુ કોરોનાના કાળની અંદર નામદાર હાઇકોર્ટ અને રાજયની તાબાની અદાલતોએ લગભગ ૧,૮૬,૬૨૦ જેટલા કેસોનો નિકાલ કર્યો છે અને જુદી જુદી જે પિટીશનો ચાલતી હતી કોરોનાના સમયની અંદર પણ એમની સમક્ષ જે મુદ્દાઓ ઉપસ્થિત હતા એમણે નામદાર હાઇકોર્ટે પણ રાજય સરકારને માર્ગદર્શન આપ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, મેં જેમ કહ્યું તેમ અન્ય રાજયોમાં હજી બિલ્ડીંગની વાત થતી હોય. ત્યારે આપણા રાજ્યમાં ડિજિટલાઇઝેશનની વાત છે. આજ દિવસ સુધી રૂપિયા ૬૯ કરોડનો ખર્ચ કર્યો છે. આ બજેટમાં રૂપિયા ૬ કરોડની જોગવાઇ કરી છે અને ડિજિટલાઇઝેશન થવાને કારણે નામદાર વડી અદાલતે વીડિયો કોન્ફરન્સથી કોરોનાના કાર્યકાળમાં કામ કર્યું. આપણે ઇ-ફાઇલિંગની વ્યવસ્થા છે. ઇ-મેઇલ માય સ્ટેટસના માધ્યમથી કોઇપણ પોતાના કેસનું સ્ટેટસ જાણી શકશે. મને જણાવતા આનંદ થાય છે કે મહાત્મા ગાંધીજીની જન્મ જયંતી નિમિત્તે નામદાર વડી અદાલત દ્વારા ગુજરાતની જનતાને સામાજિક રીતે સ્પર્શતા અગત્યના ચુકાદાઓ માતૃભાષામાં ઉપલબ્ધ થાય તે હેતુસર ગુજરાતીમાં અનુવાદિત ચુકાદા દરેક કાર્યકારી દિવસ દીઠ એક ચુકાદો નામદાર વડી અદાલતની વેબસાઇટ ઉપર લોડ કરવામાં આવે છે. આ ઉપરાંત માનનીય ચીફ જસ્ટીસ ગુજરાત દ્વારા હાઇકોર્ટની કાર્યવાહીનું યુ-ટ્યૂબ ઉપર જીવંત પ્રસારણ કરવામાં આવે છે. એના કારણે પ્રજાનો ન્યાય પ્રણાલિકા ઉપરનો વિશ્વાસ વધશે. પારદર્શકતા જળવાશે. અને પક્ષકારો પણ પોતાના વકીલની રજૂઆતથી અવગત રહેશે. પક્ષકારોનાં નાણાં અને સમયનો બચાવ થશે. આપ તો વર્ષો સુધી ન્યાય અદાલતો સાથે સંકાળયેલા છો. અને વર્ષો સુધી અનેક પ્રકારના કેસો અનેક જજીસ સામે આપે આરગ્યુમેન્ટ કરેલ છે. અનેક ચુકાદાઓ લીધા છે. પરંતુ કેસોની સુનાવણી થતી હોય ત્યારે પાછળ બેઠેલા અરજદારના મનમાં હોય કે મારો પક્ષ યોગ્ય રીતે મૂકાશે કે નહિ, મારા વકિલ સાહેબે આ મુદો ધ્યાનમાં લેવડાવ્યો હશે કે નહિ. નહિ લેવાય તો મને સજા પડશે. એવી સતત વ્યથા વચ્ચે કોર્ટના પ્રિમાઇસીસમાં બેઠો હોય છે, ત્યારે આ બધી પ્રક્રિયાથી કોર્ટની કાર્યવાહીનું જીવંત પ્રસારણ કરવાવાળી આ પ્રકારની હોય તો આખા દેશમાં ગુજરાતની વડી અદાલત એ પ્રથમ અદાલત છે. દરેક કોર્ટના બોર્ડનું પણ જીવંત પ્રસારણ થાય છે અને એક નવો કોન્સેપ્ટ ગુજરાત હાઇકોર્ટે કર્યો છે કે તારીખ ૧-૩-૨૦૨૧થી પોતાની ટેલિગ્રામ ચેનલ શરૂ કરી છે. એના માધ્યમથી કોર્ટની નોટિસીસ, સર્ક્યુલર, પ્રેસનોટ બધુ એમાં રિલિઝ થાય છે. કોમર્શિયલ કોર્ટના ઓર્ડર ઓનલાઇન ડિજિટલ સાઇન સાથે મૂકવામાં આવે છે. ૨૫ જિલ્લા અદાલતોને સ્ટુડિયો બેઇઝ વીડિયો કોન્ફરન્સની સુવિધા ચાલુ કરી છે. ૨૩ જેલોને ઇ-કોર્ટ મિશનના માધ્યમથી કોર્ટ સાથે કનેક્ટ કરવામાં આવી છે. આના કારણે

નામાંકિત ખૂંખાર ગુનેગારોને કોર્ટમાં પ્રોડક્શન કરવા માટે વાહન વ્યવહારથી લઇ જવા પડતા હોય છે. બંદોબસ્ત રાખવો પડતો હોય છે. આ ટાળી શકાશે. સમય અને નાણાં બચશે. સુરક્ષામાંથી પોલીસને આમાંથી મુક્ત કરી શકીશું. તાલુકાથી હાઇકોર્ટ, જિલ્લાથી હાઇકોર્ટ સીસીટીવીનું  નેટવર્ક તાલુકા, જિલ્લા અને હાઇકોર્ટમાં હોવાથી હાઇકોર્ટના જજ એને જિલ્લા કક્ષાની અદાલતમાં સુપરવિઝન કરી શકાશે. પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ જજ પોતાના તાલુકાની કોર્ટની અંદર શું કાર્યવાહી ચાલે છે એને જોવી હશે તો જોઇ શકશે. આનું રેકોર્ડીંગ ૩૦ દિવસ સુધી થશે. ઘણી જગ્યાએ કોર્ટોમાંથી ફરિયાદ આવતી બપોર પછી કોઇપણ પ્રકારની આર્ગ્યુમેન્ટ કે કોઇ કાર્યવાહી થતી નથી. આના કારણે જજ સાહેબ બેસીને ત્યાં ચુકાદો લખાવી શકશે. વકીલ પૂરો સમય આપશે, જેના કારણે પેન્ડેન્સી રિડક્શનની આપણી સંકલ્પનાને સાકાર કરવા માટે આ ટેકનોલોજીના માધ્યમથી એક નવું ક્રાંતિકારી પગલું થઇ રહ્યું છે. કાયદા વિભાગ દ્વારા રાજ્યના જુદા જુદા વિભાગોની જે નીચેની કોર્ટના ચુકાદા હોય, હાઇકોર્ટના ચુકાદા હોય એના ઉપર અભિપ્રાય આપીને અપીલ કરવી કે શું? એ આ પ્રકારનું માર્ગદર્શન મળ્યા કરે છે. રાજ્યની જુદી જુદી કોર્ટમાં ડિસ્ટ્રિક્ટ કોર્ટથી માંડીને સિનિયર સિવિલ જજ સુધીના ૧૦૯૨ જેટલા જુદા જુદા નામદાર જજીસ છે. ગુજરાતની અંદર આની ન્યાયિક વ્યવસ્થામાં સમયાંતરે આવશ્યકતા પડે ત્યારે નવા કાયદાઓ બનાવવા.અને નવા કાયદાઓના માધ્યમથી નવી કોર્ટો નામદાર હાઇકોર્ટને વિનંતી કરીને ઉભી કરવી. આ એટલા માટે આવશ્યક છે કે આવી  સ્પેશિયલ કોર્ટોના કારણે અલગ ફેસિલિટીઝ મળતી હોય છે. જેના કારણે એસ.સી., એસ.ટી., એટ્રોસિટી એકટની ૭૨ કોર્ટો છે, પોકસોની ૭૫ કોર્ટો છે, હમણાં જ આ સભાગૃહમાં કહ્યું હતુ તે ગુજસીટોકની ૫ જેટલી કોર્ટો છે, લેન્ડ ગ્રેબીંગની ૩૨ જેટલી કોર્ટો છે. આમ વિવિધ પ્રકારની સ્પેશિયલ કેટેગરીની ૫૭૩ કોર્ટો રાજ્યમાં આવેલી છે.

અધ્યક્ષશ્રી :  આપની પાસે બીજી દસ મિનિટ છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની તાબાની અદાલતોની વાત કરું તો તા.૧-૧-૨૦૧૮ થી ૧૭ લાખ કેસો પડતર હતા અને તેમાં નવા ૨૮ લાખ કેસો ઉમેરાયા. આ ત્રણ વર્ષમાં ૨૬ લાખ જેટલા કેસોનો નિકાલ કર્યો છે. એકબાજુ ગુજરાતમાં સમૃદ્ધિ આવે, ગુજરાતમાં વસતિનો વધારો થતો જાય અને લોકોની ન્યાય લેવા માટેની અપેક્ષાઓ વધતી જાય ત્યારે નવા કેસોનું ઇન્સ્ટિટયૂશન થાય તેમ છતાં આપણે કરેલી આ વ્યવસ્થાઓને કારણે આપણે અસરકારકતાથી કામ કરી રહ્યા છીએ. મેં જેમ કહ્યું તેમ આ વિવિધ કોર્ટોના માધ્યમથી જે વ્યવસ્થાઓ ઉભ કરી છે તેમાં કોઇક વખતે બળાત્કારના કિસ્સા થાય અને તેવા કિસ્સા સાંભળીને આપણે સૌ વ્યથિત થઇ જઇએ અને કયારે ચુકાદો મળશે તેવું વિચારીએ છીએ. ત્યારે આવી કોર્ટોના કારણે સુરતની અંદર ૧૨ વર્ષની દીકરી પર બળાત્કાર કરવાવાળાને ફાંસીની સજા સમય મર્યાદામાં મેળવી, આ જ રીતે અરવલ્લી જિલ્લાની અંદર ૮ વર્ષની માસૂમ બાળા ઉપર થયેલ રેપમાં પણ ફાંસીની સજા મેળવી. મારો કહેવાનો આશય એ છે કે, સ્પેશિયલ કોર્ટના માધ્યમથી આપણને ઘણા ફાયદા થઇ રહ્યા છે. આજે ગુજરાતમાં ફક્ત જોટાણાની એક કોર્ટ બાકી છે તેના સિવાય તમામે તમામ તાલુકા મથકે કોર્ટ છે. જેને આપણે જસ્ટીસ એટ ડોર સ્ટેપ એવું કહી શકીએ. માનનીય શિવાભાઇએ વાત કરી એમાં કહું તો બનાસકાંઠામાં પહેલા લોકોને ન્યાય લેવા માટે છેક પાલનપુર જવું પડે. વાવ, થરાદ અને સૂઇગામના વિસ્તારવાળા લોકોને છેક પાલનપુર જવું પડે. તેની જગ્યાએ આપણે હવે થરાદ ખાતે એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ બનાવી. તેના કારણે પાલનપુર અને સૂઇગામ વચ્ચે જે ૯૦ કિલોમિટરનું અંતર હતું તે હવે થરાદ ખાતે કોર્ટ બનવાથી ૪ર કિલોમિટર જેટલું થાય છે. આમ, કચ્છની અંદર દયાપરની અંદર કોર્ટ બનાવી છે. અંજારની અંદર એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ બનાવી છે. દેવભૂમિ દ્વારકામાં ખંભાળીયા ખાતે હેડ કવાર્ટર હતું તેની જગ્યાએ આપણે દ્વારકા ખાતે કોર્ટ બનાવી છે. એટલે લોકોએ ત્યાંથી ત્યાં આવવું ન પડે. કપરાડા, ધરમપુર ખાતે એમ રાજ્યમાં ૧૯ જેટલી એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ, ૫૪ સિનિયર સિવિલ જજની વધારાની કોર્ટો કરી છે. આગામી દિવસોમાં અમદાવાદની અંદર પણ ધોળકા ખાતે એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ અને છોટાઉદેપુર જિલ્લામાં બોડેલી ખાતે એડિશનલ ડિસ્ટ્રિક્ટ કોર્ટ શરૂ કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, લોક અદાલત એ ગુજરાતે દેશને આપેલો વિચાર છે. આની સૌથી પહેલી શરૂઆત ગુજરાતની અંદર થઇ હતી. ન કોઇની હાર ન કોઇની જીત જેમ માનનીય આત્મારામભાઇએ કહ્યું તે પ્રમાણે ૫૦ હજાર જેટલી લોક અદાલતો યોજાઇ. તેમાં ૩૮ લાખ જેટલા કેસો પૈકી ૯ લાખ કેસ ફેસલ થયા. જેની અંદર ૯૮૧૪ કરોડ રૂપિયાનું નિરાકરણ આવ્યું છે. હવે ટેકનોલોજીના માધ્યમથી ઇ-લોક અદાલતનું પ્લાનિંગ કરવામાં આવ્યું છે. આપણી ભારતીય સંસ્કૃતિ પ્રથમથી જ મધ્યસ્થીકરણની પરંપરા અનુસરે છે. મહાભારતના કાળમાં ભગવાન શ્રીકૃષ્ણ એ જે મધ્યસ્થીની ભૂમિકા ભજવેલી તે પ્રમાણે મિડીએશન સેન્ટર અને તેના માધ્યમથી કોર્ટો ઉપરનું ભારણ ઘટે તેના માટે લોક અદાલત હોય કે મિડીએશન સેન્ટર હોય તેને આપણે અગ્રિમતા આપી છે. આ વખતના બજેટમાં ૪૮૪ જેટલા સપોર્ટીંગ સ્ટાફની નિમણૂક કરવાની જોગવાઇ કરી છે અને આગામી દિવસોમાં તેની ભરતી કરવામાં આવશે.

માનનીય અધ્યક્ષશ્રી, સ્કીલ અપગ્રેડેશન માટે જ્યુડિશિયલ એકેડેમીનું સ્ટેટ ઓફ ધ આર્ટનું બિલ્ડીંગ નામદાર હાઇકોર્ટમાં છે અને આપણી જી.એન.એલ.યુ.ની અંદર પણ ટ્રેનિંગના વિવિધ પ્રકલ્પો જેમાં જ્યુડિશિયલ ઓફિસર હોય કે આપણા એ.પી.પી., એ.જી.પી. હોય એને કરાવવામાં આવે છે. કોર્ટ બિલ્ડીંગના સંદર્ભમાં મહત્તમ તમામ જિલ્લા મથકો ઉપર કોર્ટનું પોતાનું બિલ્ડીંગ હોય એ આપણો લક્ષ્યાંક પરિપૂર્ણ કરવાની દિશામાં છીએ. આ વખતના બજેટમાં પણ કોર્ટ બિલ્ડીંગ ઉપરાંત જામનગર જિલ્લામાં સરકાર દ્વારા ૨૪૦૧૧ ચોરસ મીટર જમીનની ફાળવણી કરી છે, એજ રીતે જૂનાગઢમાં પણ જૂની સિવિલ હોસ્પિટલની ૩૮૫૦૦ ચોરસ મીટર જમીનની ફાળવણી કરી છે અને રાજકોટમાં ૧૧૮ કરોડ રૂપિયાના ખર્ચે નવી કોર્ટ બિલ્ડીંગ ચાલી રહી છે. કન્વીક્શન રેટ વધારવા માટે ડાયરેકટર ઓફ પ્રોસિક્યુશનના માધ્યમથી પણ ઉત્તમ પ્રકારની કામગીરી ચાલી રહી છે જેના માધ્યમથી એ.પી.પી.ને ટ્રેનિંગ અને માર્ગદર્શન મળી રહે અને ઝડપ આવી શકે. ગુજરાતનો સ્વભાવ એ મદદનો સ્વભાવ છે અને કોરોનાના કાળમાં આપણે જોયું છે કે, અનેક ટ્રસ્ટો, ટ્રસ્ટ એટલે વિશ્વાસ અને એ સમાજ માટે કંઇક કરી છૂટવાની ભાવનાના કારણે કોઇ સમાજનો માણસ ભૂખ્યો ન સૂઇ રહે એટલા માટે એને ચૂપ-ચાપ કીટ આપવાની હોય, ચૂપ-ચાપ ફૂડ પેકેટ આપવાનું હોય ગુજરાતની પ્રજાએ આ કોરોનાના કપરા કાળમાં ઉત્તમ પ્રકારની સેવા બજાવીને ઉત્તમ કામગીરી

કરી છે. આ ટ્રસ્ટના પણ અનેક પ્રશ્નો હોય છે, એ ચેરીટી કમિશનરના માધ્યમથી ૯૯૫૭ જેટલી અરજીઓનો એક વર્ષમાં નિકાલ કરવામાં આવ્યો છે. એમાં પણ ૪ કરોડ જેટલા ડોક્યુમેન્ટેશનનું ડિજિટલાઇઝેશન કરવામાં આવ્યું છે, પેન્ડીંગ કેસોના બે વર્ષમાં ૧૮ હજાર જેટલા બિન–તકરારી ફેરફારના રીપોર્ટનો રીકોલ કર્યો છે અને ચેરીટી તંત્ર માટે આગામી દિવસોમાં ગોધરા, ભરુચ, ગીર સોમનાથ અને બોટાદમાં નવા મકાનો બનશે. સૌથી ગર્વ થાય એવી વાત છે કે, ગુજરાત નેશનલ લો યુનિવર્સિટીને ઇન્ડિયા ટુ ડે ગ્રૂપ એમ.ડી.આર.એ.ના સર્વેમાં વર્ષ ૨૦૨૦માં આપણી ગુજરાતની નેશનલ લો યુનિવર્સિટી સમગ્ર દેશમાં બીજા નંબરની લો કોલેજ તરીકે કામગીરી કરે છે. જી.એન.એલ.યુ.ના વિદ્યાર્થીઓ માત્ર ગુજરાત જ નહીં પણ અહીંથી ભણ્યા પછી સુપ્રીમ કોર્ટની અંદર ઉત્તમ પ્રકારની કામગીરી કરીને રાષ્ટ્રની સેવા કરે છે. આમ ગુજરાતનો જે સર્વાંગી વિકાસ થઇ રહ્યો છે એમાં ક્યાંય ન્યાયીક પ્રક્રિયામાં કોઇ પણ સામાન્ય ગરીબ માણસ હોય કે ઉદ્યોગપતિ હોય એ જ્યારે ન્યાય લેવા માટે આવે તો એને ન્યાય મંદિરના બાકડાં ઉપર બેસીને પોતાને સમયસર અને ઝડપી ન્યાય મળે એ રાજય સરકારની સંકલ્પનાને સાકાર કરવા માટે રાજ્યનું કાયદા વિભાગ કામ કરી રહ્યું છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા( શિક્ષણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગની માગણીઓની ચર્ચામાં ૨૨ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ખૂબ સરસ સૂચનો કર્યા છે, માત્ર શ્રી પુનમભાઇ પરમાર સિવાય બાકીના બધા જ માનનીય સભ્યશ્રીઓએ શિસ્ત ભાષામાં વિવેકપૂર્ણ રીતે ખૂબ સરસ રજૂઆત કરી છે. મેં અને અમારા વિભાગે તમારા બધાની વાત છે એ નોંધી છે. આજે જ કેબિનેટમાં સી.એસ.ની હાજરીમાં, બધા મંત્રીશ્રીઓ અને સચિવોની હાજરીમાં માનનીય મુખ્યમંત્રીશ્રીએ જે સૂચના આપી છે એ મારે ગૃહને કહેવી છે. કેટલીક વખત વિરોધ પક્ષના સભ્યશ્રીઓ આપણું ધ્યાન ખેંચે છે એની તરફ જે તે વિભાગ પૂરતું ધ્યાન આપે અને સાચી બાબતમાં જલ્દીથી એનો ઉકેલ લાવે. મારે બે ત્રણ સ્પષ્ટતાઓ કરવી છે.

માનનીય શીવાભાઇએ કહ્યું કે, તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીઓને પ્રમોશન આપવાની કાર્યવાહી બાકી છે, વિભાગનું કામ પૂર્ણ થયું છે, જી.પી.એસ.સી.ની મંજૂરી માટે મોકલ્યું છે, ટૂંક સમયમાં ૧૫૦ જેટલા પ્રાથમિક શિક્ષણાધિકારીઓની નિમણૂક થશે. શ્રી સુનિલભાઇ તમે ૨૫૦ જગ્યા ખાલી છે એવું કહ્યું એ સાચું નથી પણ ૧૦૦ ખાલી છે. એ અમે તબક્કાવાર ઝડપથી ભરીશું. શ્રી હિંમતસિંહભાઇએ કહ્યું કે, બજેટ પૂરતું વપરાતું નથી. વર્ષ ૨૦૧૫–૧૬થી અત્યાર સુધીમાં ૯૯.૫૩ ટકા, ૯૮.૮૨ ટકા, ૧૦૫ ટકા, ૧૧૨ ટકા, ૧૦૪ ટકા બજેટ વપરાયું છે. એમાં ઉત્તરોત્તર વધારો પણ થયો છે. શ્રી ગ્યાસુદ્દીનભાઇએ મારું ધ્યાન દોર્યું, પણ વર્ષ ૨૦૧૬–૧૭માં ૪.૫૧ ટકા હતું આજે ૬.૩૫ ટકા છે. શ્રી કીરીટભાઇએ મેકોલોને યાદ કર્યા, દેશને તક મળી હતી વર્ષ ૧૯૬૮માં કે મેકોલોની જે ઇચ્છા હતી કે કોઇપણ દેશને વૈચારિક રીતે તોડી પાડવો હોય તો એની શિક્ષણ પદ્ધતિ. આ દેશ પાસે તક મળી વર્ષ ૧૯૬૮માં મળી, વર્ષ ૧૯૮૬માં પણ મળી પણ એમાં કોઇ ફેરફાર ન થયો, પરંતુ માનનીય નરેન્દ્રભાઇએ ૨૯ જુલાઇ, ૨૦૨૦માં નવી શિક્ષણ નીતિ આ દેશમાં જાહેર કરી છે અને એ જ વિચારને ધ્યાનમાં રાખીને, બનાવતા પહેલાં બે અઢી વરસ પહેલાં, આખા દેશમાંથી અઢી લાખથી વધારે સૂચનો મંગાવ્યા, સ્ક્રૂટીની કરી અને બધાની વચ્ચે કહ્યું કે દરેક પોલિસીની આગળ પાછળ સરકારનું નામ હોય છે. ટુરિઝમ પોલિસી યુ.પી.એ. એન.ડી.એસ., દરેક પોલિસીમાં હોય છે. શ્રી નરેન્દ્રભાઇ કહે છે કે શિક્ષણ નીતિની આગળ પાછળ ભા.જ.પ.ની શિક્ષણનીતિ નહિ ભારતની શિક્ષણનીતિ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા પ્રવચનની શરૂઆત કરું છું. કંઇપણ લખવા માટે કલમ જોઇએ. ભાગ્ય લખવા માટે શિક્ષણરૂપી કલમની જરૂર છે અને એના માટે હું, મારો વિભાગ અને વિજયભાઇ, નીતિનભાઇની સરકાર કટિબદ્ધ છે. હું માનનીય નાણામંત્રીશ્રીનો હૃદયપૂર્વક આભાર માનું છું કે, ૧૪.૪૧ ટકા એટલે કે ૩૨,૭૧૯ કરોડ જેટલી મોટી રકમ શિક્ષણ વિભાગને આપી છે.

માનનીય અધ્યક્ષશ્રી, લોકડાઉનમાં બધા ક્ષેત્રો, બધું કામકાજ એ બધું બંધ હતું, બધું લોકડાઉન હતું, એકમાત્ર મારો શિક્ષણ વિભાગ અનલોક હતો. આ તકે મારે મિડિયાનો આભાર માનવો છે, મને એક દ્દશ્ય યાદ છે જે દિવસે શાળા કોલેજો બંધ થઇ એના પછીના પાંચ દિવસે વિધાનસભા ૨૩મી તારીખે બંધ થઇ. બધા મિડિયાવાળા, ચેનલોવાળા આવ્યા કે તમે મટિરિયલ્સ અમને આપો અમે મફત ચલાવીશું અને મને એ વાત કહેતા ચોક્કસ આનંદ છે કે, મિડિયાએ અમે જે કંઇ ધોરણ ૩ થી માંડીને ૧૨ સુધીનું મટિરિયલ આપ્યું એ મિડિયાએ પ્રેમથી ચલાવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, ગુણવત્તાની ચિંતા થઇ છે. માત્ર હકીકત કહું છું ટિપ્પણી કરું છું ટીકા નથી કરતો પણ શ્રી પી.ડી. વસાવાએ કહ્યું કે ત્રીજા ધોરણના, ચોથા ધોરણના વિદ્યાર્થીને વાંચતા, લખતા, ગણતાં આવડતું નથી. અમે કારણમાં ગયા છીએ અને તમારું ધ્યાન દોરું છું અને ફરીવાર કહું છું કે ટીકા નથી કરતો માત્ર ટિપ્પણી કરું છું. એ ટિપ્પણી એ છે કે, વર્ષ ૨૦૦૯ની અંદર નો–ડિટેન્શન પોલિસી આવી. પરેશભાઇ, પહેલાં ધોરણમાં બાળક બેસે અને સીધું નવમા ધોરણમાં નીકળે, પરીક્ષા નહિ, પરીક્ષામાં હું અને તમે અહીં બેઠેલા બધા પાસ નાપાસ થઇને આવેલા છીએ. મને ડર હતો કે મારી બેન્ચ ઉપર બેસનારો જો પાસ થશે તો મને કોઇ ઠોઠ કહેશે. મા–બાપને ચિંતા હતી કે મારો દીકરો, અભણ મા–બાપ ચિંતા કરતા હતા મજૂરીએથી આવીને કહેતા હતા કે ચાલ તું વાંચ આ મા–બાપ ઉપર ચિંતા હતી. શિક્ષકને હતુ કે મારા વર્ગના વિદ્યાર્થીઓનું પરિણામ ઓછું આવશે તો ? મિત્રો આ બધી જ ચિંતા નો ડિટેન્શન પોલિસી આવ્યા પછી બધી નીકળી ગઇ. દસ વર્ષ, અગિયાર વર્ષ આમને આમ ચાલ્યું હવે પરીક્ષા જ ના હોય અને સીધા નવમા ધોરણમાં જવાનું. નવમા ધોરણનો એક શિક્ષક આવીને મને એમ કહે છે બિલકુલ પ્રેમથી હસતાં હસતાં મારું ધ્યાન દોરીને એમ કહે છે કે સાહેબ મારે નવમા ધોરણનું ભણાવવું કે ત્રીજા ધોરણનું ભણાવવું ? મને એકદમ ચોંટી ગયુ છે અને મારા વિભાગ સાથે બેસીને, મારા અધિકારીઓ સાથે બેસીને મેં જે ઉકેલ કર્યા છે તે મારે ગૃહને કહેવા છે.

માનનીય અધ્યક્ષશ્રી, ભલે નો ડિટેન્શન પોલિસી હતી પણ અમે એનુ એનાલિસીસ થાય,વિદ્યાર્થીનું એસેસમેન્ટ થાય,શિક્ષકનું એસેસમેન્ટ થાય એટલા માટે ધોરણ ૧ થી ૮માં ટાસ્ક પદ્ધતિ, વિષય શિક્ષક પદ્ધતિ,નિદાનાત્મક કસોટી, પ્રથમ દ્વિતિય વર્ષાંત પરીક્ષાનું આયોજન, દર શનિવારે એકમ કસોટી,નિદાન અને મૂલ્યાંકન કરવાથી શિક્ષક પણ જાગૃત રહ્યો. ભાવિને બતાવ્યું કે તમારું પાલ્ય આ જગ્યાએ છે તેમા પાસ નાપાસ ન કર્યા કારણ કે કાયદો જ્યાં સુધી બદલાય નહીં ત્યાં સુધી પણ નવી પોલિસીમાં બદલાય ગયો છે અને હવે ૫ અને ૮માં પરીક્ષા લેવામાં આવશે અને પાસ નાપાસ કરવામાં આવશે. મેં તો પ્રધાનમંત્રીને કહ્યું સાહેબ કે ધોરણ ૩માં પણ પરીક્ષા લેવાવી જોઇએ, આપણે બધા સંમત થઇ જઇશું. મને ૧૧ વર્ષનો ધાટો અત્યારે તમે જે કહો છો તે મને પણ અનુભવ થાય છે કે ત્રીજા, પાંચમા ધોરણમાં અમે જયારે પ્રવેશ મહોત્સવમાં જઇએ છીએ આ બધા અધિકારીઓ જાય છે, આઇ.એ.એસ.,આઇ.પી.એસ. જાય છે અને

આવીને પછી મને કહે છે કે સાહબ કુછ કરના પડેગા. આટલુ કહે તો સમજી જવાય છે કુછ કરના પડેગા મતલબ અને એટલા માટે અમારા સચિવશ્રી અને અમારા વિભાગના બધા સબ શિક્ષકોને મારો અભિનંદન આપવા છે કે આટલી સારી કામગીરી અને પરિણામ શું આવ્યુ ? હું શહેરના માનનીય ધારાસભ્યશ્રીનું ધ્યાન દોરું છું આમ તો આખા જિલ્લાનું, આખા રાજયનું કહું છું પરિણામ એ આવ્યું કે છેલ્લાં પાંચ વર્ષમાં ૩ લાખ ૫ હજાર ૯૫૯ વિદ્યાર્થીઓ ખાનગીમાંથી સરકારી શાળામાં આવ્યા કારણ કે ત્યાં આ બધુ ભણાવે છે અને ૫૦-૬૦ હજાર રૂપિયા આપવા તેના કરતા ઘર આંગણે સરકારી શાળા છે, તેના કરતા સારા બિલ્ડીંગ છે, મેદાન છે તો પછી આટલુ સરસ શિક્ષણ જો સરકારી શાળામાં આપવામાં આવતુ હોય તો પછી ખાનગી શાળામાં કેમ જવું.

માનનીય અધ્યક્ષશ્રી, ગેરરીતિ હવે ભૂતકાળ થઇ ગયો છે. બોર્ડની ગેરરીતિ ભૂતકાળ થઇ ગયો પેપર લીક થવાની ઘટના ભૂતકાળ થઇ ગઇ. પહેલાં કાપલીઓના ઢગલાં તે દ્રશ્યો આપણે જોયા છે. બિહારનું પેલુ મકાન, નીચેથી ઉપર સુધી સાંકળ એ બધું ગુજરાતમાં બંધ થઇ ગયુ અને પેપર લીક થવાનું તો પેપર ગાંધીનગરના ગોડાઉનમાંથી નીકળે હિંમતનગર પહોંચે ત્યાંથી દસ સેન્ટર ઉપર જાય અને સેન્ટર ઉપરથી પછી તે કલાસરૂમમાં જાય તે આખી પ્રક્રિયા હું ગાંધીનગરમાં બેઠા બેઠા જોઇ શકુ છું અને ત્યાં પણ વર્ગખંડમાં જઇને વિદ્યાર્થીઓને બતાવે કે જો આ કોથળી ગાંધીનગરથી આવી છે જોઇ લે તું. એ જુએ કે બરાબર ફીટ છે અને તેની હાજરીમાં ખોલે તો તમે મને કહો કે લીક થવાની કયાં જગ્યા રહી? અમે સંવેદનશીલ છીએ, અમારી ઓળખ છે સંવેદનશીલ. પરીક્ષા પછી પરિણામ પછી ફૂમળું બાળક એ ૯મા ધોરણમાં, ૧૦મા ધોરણમાં, ૧૨માં ધોરણમાં નપાસ થાય એટલે તે પંખે લટકે, કેનાલ પૂરે, બે પાટા વચ્ચે સૂઈ જાય હું હંમેશા કહું છું કે હું બધા બાળકોનો વાલી છું. હું આચાર્યો સાથે, શિક્ષકો સાથે, વાલીઓ સાથે કાઉન્સિલીંગ કરું છું અને હું એકલો નહીં જેમની સમાજ ઉપર અસર છે એવા સાધુ સંતો, સાહિત્યકારો, લોક સાહિત્યકારો, અમરીષભાઇ માયાભાઇને પણ મેં બોલાવ્યા સાધુ-સંતોને પણ બોલાવ્યા અને કહ્યું કે તમે અમારા બાયસેગ ઉપરથી બધાને સાંત્વના આપો કે આ છેલ્લી કસોટી નથી. આ છેલ્લી કસોટી નથી. મારી વાત પછી શ્રી મોરારી બાપુએ કથામાં કહ્યું કે, ''૧૦મા ધોરણમાં નપાસ થઇને પંખે લટકી જાઓ છો. તમારા માતા-પિતાના સપના તમે ચૂર કરી નાખો છો. મોરારી બાપુ પાંચ વખત નાપાસ થઇને આજે અહીં બેઠા છે.'' આ વાતથી કેટલી પ્રેરણા મળે કે મારે આપઘાત ન કરાય. અમારા પ્રયત્નોને કારણે જે ડ્રોપ આઉટ રેશિયો ૧૮.૭૯થી ઘટીને ૩.૩૯ થયો છે. ગુણવત્તા સુધારવા માટે અમે કેટલી મહેનત કરી છે એ વાત કરું છું. વિદ્યાર્થીદીઠ વર્ગ ખંડ રેશિયો ૩૮ વિદ્યાર્થીઓએ એક વર્ગખંડ હતો. અત્યારે ૩૮ ના બદલે ૨૭ વિદ્યાર્થીઓએ એક વર્ગખંડ છે. વધારે સારુ ગુણવત્તાયુક્ત શિક્ષણ આપવું હોય તો વર્ગ દીઠ અને વિષય દીઠ શિક્ષક એ અમારો પ્રયત્ન છે. આ કારણસર અમે શાળાઓ મર્જ કરવા જઈ રહ્યાં છીએ. આજે મારે સાક્ષરતાની પણ વાત કરવી છે. બીજા વિભાગ અને શિક્ષણ વિભાગમાં તફાવત એટલો છે કે બીજા વિભાગની કામગીરી જેવી કે રોડ, બિલ્ડિંગ, કેનાલ કે નર્મદા ડેમ હોય કોઈ પણ કામગીરીમાં નિર્ણય કર્યા પછી પાંચમા વર્ષે કામ પૂરૂં થઈ જાય. હમણાં મારા વડીલ મિત્રએ કહ્યું કે તમારો વિભાગ તો માગણીઓમાં અનંત છે. મારી વ્યાખ્યા છે કે શિક્ષણ એ હંમેશ માટે ચાલતી પ્રક્રિયા છે એટલે આ બધી જ કામગીરીમાં ગુજરાતને ગૌરવ લેવા જેવી બાબત છે. વર્ષ ૨૦૦૧માં પુરૂષોમાં ૭૯.૬૬ ટકા અને સ્ત્રીઓમાં ૫૭ ટકા સાક્ષરતા દર હતો. આજે સ્ત્રી અને પુરૂષના સાક્ષરતા દરમાં આસમાન જમીનનો ફેર પડ્યો. પુરૂષોમાં ૮૫.૭૫ ટકા અને સ્ત્રીઓમાં ૬૯ ટકા થયો. મારા સાથીઓ અમે પ્રવેશ મહોત્સવ કરીએ તો એની ટીકા કરે અને કોઈ જોડાય નહિ. આજે આ સમાજની દીકરીનો સાક્ષરતા દર પુરૂષો કરતાં બમણી સંખ્યામાં છે. ૭૦ ટકા બહેનોને ગોલ્ડ મેડલ મળે છે. અમે શરૂ કરેલી લાંબી અને કાયમી પ્રક્રિયા છે. વર્ષ ૨૦૦૩માં પ્રવેશ મહોત્સવમાં કન્યા કેળવણી રથ શરૂ કર્યો. આજે અસર થઈ. ગોલ્ડ મેડલ મેળવવા પુરૂષ કરતાં બહેનોની સંખ્યા વધારે છે. હું કોન્વોકેશનમાં જાઉ ત્યાં માનનીય ગવર્નર સાહેબ આવે. ગવર્નર સાહેબ હસતાં હસતાં કહે છે કે **सब पहलवान क्या करते हैं**? મારા સાથી મિત્રોએ ગુણવત્તામાં સુધારો કરવા ધ્યાન દોર્યું છે. આવનારા દિવસોમાં ધોરણ ૧ થી ૫ માં અમે ૧૩૦૦, ગુજરાતી સિવાયના અન્ય માધ્યમમાં ૩૮૫, ધોરણ ૬થી ૮માં ૨૦૦૦, ધોરણ ૬થી ૮માં ગુજરાતી સિવાયના અન્ય માધ્યમમાં ૨૧૫ એમ કુલ મળીને ૩૯૦૦ શિક્ષકોની ભરતી કરવા જઈ રહ્યા છીએ. એ જ રીતે માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિકમાં વર્ષ ૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦ માં ૨૬૩૪ શિક્ષકોની ભરતી થઈ છે. આગામી સમયના ગ્રાન્ટેડ આચાર્ય ૧૨૦૦ અને ગ્રાન્ટેડ શિક્ષણ સહાયક ૫૮૧૦ એમ કુલ મળીને ૭૦૧૦ શિક્ષકો અમે ભરવા જઈ રહ્યાં છીએ. આવનારા દિવસોમાં કોલેજમાં પણ એવી રીતે અધ્યાપક સહાયક ૯૭૦ ભરતી પ્રક્રિયા અત્યારે ચાલી રહી છે. જૂનિયર કલાર્ક ૧૨૪, લેબ આસિસ્ટન્ટ ૧૯, આર.ટી.ની વાત કરી, આર.ટી. માં એના નોર્મસ છે, ૧૦થી ૧૨નો, ટાઇમ મારી પાસે ઓછો છે. વર્ષ ૨૦૧૯-૨૦માં બે લાખ ફોર્મ આવ્યા. માન્ય એક લાખ નેવું હજાર એકસો ઓગણસાઇઠ, ફાળવવામાં આવેલ પ્રવેશની સંખ્યા એક લાખ આઠ હજાર અને પ્રવેશ મેળવેલ વિર્ધાર્થીઓની સંખ્યા ચોરાણું હજાર છે. આ વખતે કોરોનાના કારણે પંચોતેર હજાર છે પણ એમાં એક મારા સભ્યએ વાત પણ કરી કે, અન્ય રાજયોમાં કદાચ નથી આપતા પણ અમે એ વિદ્યાર્થીને દસ હજાર વત્તા બીજા ત્રણ હજાર આપીએ છીએ કે ઉપલા કુટુંબમાંથી આવતા બાળકની બાજુમાં એને બેસવાનું એના લંચબોક્ષ, એના બૂટ-મોજા એમાં એને કોઇ ઓછપ ન આવે એટલા માટે અમે વધારાના ત્રણ હજાર રૂપિયા પણ એ બાળકને આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, મર્જ કરવાની જે વાત છે મારે તમને એ સમજાવી છે, એમાં તમે વિરોધ ન કરો તો સારૂ. આખી જે ગુજરાતની વાત કરું છું. એક જ મકાનમાં ઉપર નીચે શાળા ચાલતી હોય તો? બંનેમાં સંખ્યા ઓછી હોય તો? એક જ કંપાઉન્ડમાં બે શાળા ચાલતી હોય અને બંનેમાં સંખ્યા ઓછી હોય તો? એક જ ગામમાં બે શાળાઓ ચાલતી હોય અને બંનેમાં સંખ્યા ઓછી હોય તો, પછી આપણે ગુણવત્તાની વાત કરીએ છીએ, શિક્ષકો ઘટ છે એની વાત કરીએ છીએ. એક જગ્યાએ દસ વિદ્યાર્થીઓ છે, બીજી જગ્યાએ પંદર વિદ્યાર્થીઓ છે, ઉપર-નીચે છે, એક કંપાઉન્ડમાં છે, એક ગામમાં છે તમે એને દસ વત્તા પંદર વત્તા કરી નાખો તો ત્યાં પણ તમારે બે શિક્ષક અહીંયા પણ એના બદલે અમારું ભવિષ્યમાં ટાર્ગેટ છે. હું માનું છું એક તલાટી પાંચ ગામ સંભાળી શકે પણ એક શિક્ષક બે ધોરણ ન સંભાળી શકે, કદાચ સંભાળી શકે તો આમ બેસ, આમ બેસ કરી શકે, શિક્ષણ ન આપી શકે. આ માનીએ છીએ અમે અને એટલા માટે એ દિશામાં જવા માટે ભલે અત્યાર સુધી ન ગયા એનું આપણને નુકસાન થયુ છે એ નુકસાન ભવિષ્યમાં ન જાય અને મેં કહયું ને કે એજયુકેશન ઇઝ એ લોન્ગ પ્રોસેસ, આજે નિર્ણય લઈએ છીએ ને તો આવતા પાંચ અને દસ વર્ષે એની અસર થશે, એટલા માટે આ મર્જરની વાત કરીએ છીએ. આપ એક તરફ ગુણવત્તાની વાત કરો છો, ચિંતા કરો છો અને અમે પગલાં લઈએ છીએ ત્યારે, એની ટકાવારી કેટલી છે

ખબર છે? વિદ્યાર્થીની ટકાવારી આખા રાજ્યમાં થઇને એક ટકો પણ નથી અને આ સંજોગોમાં મારી તમને બધાને વિનંતી છે કે, ઓછી સંખ્યાવાળી શાળાને અમે વધારે સંખ્યા વાળી શાળામાં મર્જ કરીએ છીએ. છતાંયે કોઇ વાજબીપણું હશે, કયાંય કોઇ વાજબીપણું હશે તો આઇ. એમ. ઓપન.

માનનીય અધ્યક્ષશ્રી, મધ્યાહ્ન ભોજન તા. ૧૬.૦૩.૨૦૨૦ એ શાળાઓ બંધ થઇ, તારીખ ૦૧.૦૨.૨૦૨૧ સુધી ૨૪૭ દિવસો માટે શાળાના તમામ વિદ્યાર્થીઓને ફૂડ સિકયોરિટી એલાઉન્સ આપ્યું રૂપિયા ૭૩૧.૭૫ કરોડનું, ૧,૪૮,૧૧૭ મેટ્રિક ટન અનાજની ફાળવણી કરવામાં આવી. ખાનગીની વાત કરી, કયું ક્ષેત્ર બાકી છે કે જેમાં ખાનગી કરણ નથી? કયું ક્ષેત્ર બાકી છે? અને મારે એ પણ હકીકતના રૂપમાં, ટીકાના રૂપમાં નહીં. ખાનગી શિક્ષણની વ્યવસ્થા વર્ષ ૧૯૯૩માં થઇ હતી. ટીપ્પણી રૂપમાં, ટીકાના રૂપમાં નહી વર્ષ ૧૯૯૩માં થઇ હતી, એ ચાલુ છે, એમાં આપણે ટીકા શેની કરવાની? આવતા દિવસોમાં આદિજાતિ અને અગરીયા વિસ્તારોમાં એક સ્થળેથી બીજા સ્થળે રોજીરોટી માટે જે મા–બાપ જતાં હોય છે, એવા મા–બાપના દીકરા, દીકરીઓ માટે રેસિડેન્શિયલ હોસ્ટેલની સુવિધા કરવા અમે જઇ રહ્યા છીએ. હમણાં કહ્યું કે, કનેક્ટીવીટી ન મળતી હોય એનું શું? કનેક્ટીવીટી માટે પણ ૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ અમે કરી છે. વૈકલ્પિક ઇન્ટરનેટ કનેક્ટીવીટીની વ્યવસ્થા કરી છે. માધ્યમિકમાં નિવાસી શિક્ષણની વ્યવસ્થા કરી છે. જે શાળાને સો વર્ષ થઇ ગયા છે, એકાદ માનનીય સભ્યશ્રીએ કહ્યું છે એના ૧૦૦ વર્ષ થઇ ગયા છે. જે શાળાને ૧૦૦ વર્ષ થઇ ગયાં છે, એકાદ માનનીય સભ્યશ્રીએ કહ્યું છે એને સો વર્ષ થઇ ગયાં છે. તો એની જાળવણી માટે આ વખતે ૨૫ કરોડ રૂપિયાની રકમ એને રિપેર માટે કરી છે. ઉચ્ચ શિક્ષણમાં સ્ટુડન્ટ સ્ટાર્ટપ ઇનોવેશન પોલિસી આજ કાલ આખું વિશ્વ ઇનોવેશન તરફ વળ્યું છે, સંશોધન તરફ છે. વર્ષ ૨૦૧૭માં ગુજરાતમાં દેશમાં પહેલી વાર સ્ટુડન્ટ સ્ટાર્ટપ ઇનોવેશન પોલિસી આપણે લાવ્યા. એનું મેં ગુજરાતી કર્યું છે, સમસ્યાનું સુવિધા સાથે સમાધાન એનું નામ એસએસઆઇપી. સમસ્યાઓ કેટલી બધી છે પર્યાવરણ, ટ્રાફિક, પાર્કિંગની સમસ્યા અનેક સમસ્યાઓ પણ મને કહેતાં એ વાતનો આનંદ છે કે માનનીય પ્રધાનમંત્રીશ્રી પહેલી, બીજી અને ત્રીજી એપ્રિલ હેકાથન કરે છે. આખા રાજયના બધા જ ઇનોવેટિવ વિદ્યાર્થીઓ તેમને તમે સમસ્યા આપો એ કલાકો સુધી બેસી અને તેનો ઉકેલ લાવે. એમાં અમે આગળ વધ્યા છીએ. સ્ટાર્ટપમાં વી હેવ સ્ટાર્ટેડ વી સ્ટાર્ટપ. વી મતલબ કે વીમેન, અમારા શ્રીમતી વિભાવરીબેનનો બહુ આગ્રહ હતો, સાહેબ મહિલાઓ માટે અલગ કરો. અમે કર્યું તો અમે એટલા સફળ થયા. સાતમી માર્ચે, આઠમી માર્ચ મહિલા દિનના આગલા દિવસે તો માત્ર દિકરીઓએ અમને જે સ્ટાર્ટપ બતાવ્યું છે, માનનીય મુખ્યમંત્રીશ્રી પણ હતા. આ બધા દિકરા–દિકરીઓને કોઇ જગ્યા જોઇએ, અમારે વિચારવું છે અમે દશ કલાક બેસવું છે, બાર કલાક બેસવું છે, આખા રાજયમાંથી આવીને ચર્ચા –વિચારણા કરવી છે. અમે ૬૨ કરોડ રૂપિયા ખર્ચે ઇનોવેશ હબ બિલ્ડીંગ અમે શરૂ કરવા જઇ રહ્યા છીએ. આવતા દિવસોમાં એ ઇનોવેશન હબમાં આપણા વિદ્યાર્થીઓ બેસીને આ કામમાં મને કહેતાં આનંદ છે કે હું પ્રત્યક્ષ વ્યકિતગત રૂપે વર્ષ ૨૦૧૫–૧૬થી માનનીય પ્રધાનમંત્રીશ્રીએ જયારે જાહેરાત કરી ત્યારથી હું સંકળાયેલું છું. એનું પરિણામ પણ આવ્યું છે. સ્ટાર્ટપ આખા દેશમાં વર્ષ ૨૦૧૮–૧૯ અને વર્ષ ૨૦૧૯–૨૦માં બેસ્ટ પરર્ફોર્મિંગ સ્ટેટ તરીકેનો એવોર્ડ પણ આપણને મળ્યો છે.

અમે કોરોનાના સમય દરમ્યાન વિદ્યાર્થીઓને ઓન લાઇન તો ભણાવ્યા જ છે. અમે વિદ્યાર્થીઓને ઘરે બેઠાં પુસ્તકો આપ્યાં છે, કંઇ બહાર નહીં જવાનું અમે સાઇકોલોજીકલ એવા વિદ્યાર્થીઓ માટે માત્ર સિલેબસ નહીં પણ મનોસામાજિક માવજત મળી રહે એટલા માટે અમારા જી.સી.આર.ટીએ પરિવારનો માળો સલામત અને હૂંફાળો એ ટાઇટલ હેઠળ અમે એમને મા–બાપ સાથે કોઇક સરસ રીતે વાતચીત કરી શકે, કોઇ ટૂચકા કહી શકે એવો પણ એક પ્રયોગ કર્યો છે, જેની નોંધ કેન્દ્ર સરકારે પણ લીધી છે. જેઇઇ અને નીટ કોઇ કલાસ ભરવા જાય તો લાખો રૂપિયા થાય, અમે અમારા માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આ આખી મફત વ્યવસ્થા કરી છે. અમે શિક્ષણ બોર્ડની અંદર ડિઝિટાઇઝેશન કર્યું છે, આજે મેં વર્ષ ૧૯૬૭માં એસ.એસ.સી પસાર કરી. ઉદઘાટનમાં ગયો અને કહ્યું કે ભાઇ મારી વર્ષ ૧૯૬૭ની મારી માર્કસીટ આપો, આમ, મારું ભાષણ પૂરું થાય એ પહેલાં એમણે મને આપી દીધી. કોઇને પણ, કોઇને પણ તમે જયારે એસ.એસ.સી થયા, તેની માર્કસીટ, પ્રમાણ પત્ર કોઇ પણ પ્રકારનો ડોકયુમેન્ટ તમારે જોઇતો હોય તો તમે ઓન લાઇન પૈસા ભરો અને ઓન લાઇન તમને ઘરે બેઠા આ બધા ડોકયુમેન્ટ અનેક પ્રકારના મળી રહે.

માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ બોર્ડે આખા દેશમાં સીબીએસસી સાથે પરીક્ષા નહોતા લેતા, અમે લીધી. બધા લોકોએ પરિણામ પણ ખૂબ મોડા જાહેર કર્યા, અમે સમયસર જાહેર કર્યા. એના માટે બોર્ડને, હું મારા શિક્ષકોને શિક્ષકો નથી કહેતો, હું મારા શિક્ષકોને મારા પરિવાર કહું છું. હું મારા પરિવારના લોકોને અભિનંદન આપું છું. ગુજરાતના વિદ્યાર્થીઓને છ મહિના પહેલાં અમારા વિભાગે મે મહિનાની ૧૦મી તારીખે પરીક્ષા શરૂ થશે, છ મહિનાથી એ પોતાના ઘરે, વચમાં અમે સ્કૂલો પણ ચાલુ કરી, એ રીતે ભણી શકે. ઓલ ઓફ સડન આવતા મહિને પરીક્ષા હશે એવું અમે નથી કર્યું. એટલા માટે મને એક પંકતિ કહેવાનું મન થાય છે. બધા કહેતો હું પણ કહું ને. (અંતરાય)

આપણે બંધ નહીં, પ્રબંધના માણસ છીએ,
આપણે ગ્રંથિઓ નહીં, ગ્રંથના માણસ છીએ.
ઘનઘોર અંધકારમાં પણ જયોત જલાવીએ છીએ,
આપણે અંત નહીં અનંતના માણસ છીએ.

ઉચ્ચ શિક્ષણમાં અમે કોરોના દરમિયાન ૪૦૦થી વધારે વેબિનાર કર્યા, મેં પોતે સવાસો વેબિનારમાં ભાગ લીધો. ભલે લોકડાઉન હતું પણ ઉચ્ચ શિક્ષણમાં પણ કર્યું. એ જ રીતે ટેકનિકલ શિક્ષણ પણ કોરોનામાં બંધ રહ્યું નથી. અમે વિશ્વકક્ષાનું આજે હું ફલોર ઉપર કહું છું અમારી કલ્પના એવી છે અને અમને માનનીય નરેન્દ્રભાઇનું માર્ગદર્શન છે કે અહીંયા હતા ત્યારે કહેતા હતા કે ગુજરાતનો વિદ્યાર્થી વિશ્વના કોઇપણ વિદ્યાર્થીની આંખમાં આંખ મેળવીને વાત કરી શકે તેવો હોવો જોઇએ. અને એના પ્રયત્ન વિશ્વ કક્ષાનું સરકારી શાળામાં શિક્ષણ મળે એટલા માટે સ્કૂલ ઓફ એકસલન્સ. હું મારા સેક્રેટરી

## માગણીઓ પર ચર્ચા અને મતદાન (નવમો દિવસ)

[*](xxx) અભિનંદન આપું છું, બધા મિત્રોની સાથે ખૂબ મહેનત કરી બે વર્ષ સુધી મહેનત કરી, અહીંયા કહેવામાં આવ્યું પણ અમારે ખાનગી કરતાં પણ મફતમાં વધારે સારી સુવિધા આપવી છે. અમે દેવું કરીશું પણ તમને વિશ્વ કક્ષાનું શિક્ષણ આપીશું.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, અધિકારીનું નામ લેવાતું નથી એટલે એ કાઢી નાખું છું.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સમગ્ર મિશન માટે અમને વિશ્વ બેંક અમારું કામ જોઇને અધર વાઇઝ બહારથી કોઇ પૈસા આપતું નથી. અમારું કામ જોઇને વિશ્વ બેંક દ્વારા આવતા દિવસોમાં મને કહેતા એ પણ આનંદ છે કે આવતી કાલેજ એની મિટિંગ છે. ૩૭૦૦ કરોડ રૂપિયા મળવાના છે. એશીયન ઇન્ફ્રાસ્ટ્રકચર એ.આઇ.પી. ૧૮૫૦ કરોડ રૂપિયા અને એશીયન ડેવલપમેન્ટ બેંક ૭૨૫ કરોડ રૂપિયા. એટલે જેમણે જેમણે પણ ઓરડાની ફરિયાદ કરી છે જર્જરિત અને નવા આ બધી વાત કરી એ આગામી બાકીના ઓરડા સન ૨૦૨૨–૨૩માં તબક્કાવાર જે સાવ તૂટી ગયા હશે એને પહેલા, થોડા જર્જરિત થયા હશે એને આવતા વર્ષે એમ કરીને તમામ ઓરડાઓ પૂરા કરીશું. બીજું બે લાખ ઓરડા છે દર વર્ષે કુદરતી રીતે ૩ થી ૪ હજાર ઓરડાઓ જર્જરિત થતા જાય છે એમાં તબક્કાવાર અમારે કામ કરવાનું છે.

માનનીય અધ્યક્ષશ્રી, અમે ગુણવત્તા વધારવા માટે કમાન્ડ એન્ડ કન્ટ્રોલ, તમને બધાને વિનંતી કરું છું કે ટીકા કરતાં પહેલા એકવાર આવો કે સરકાર શું કામ કરે છે. માનનીય શૈલેષભાઇ, વિદ્યાર્થી હાજર છે, શિક્ષક હાજર છે, અમારે પહેલા તો ડી.ઓ., ડી.પી.ઓ.ને ફોન કરીએ હવે અહીંયા બેઠા આખા રાજયની કોઇપણ શાળામાં વિદ્યાર્થી કેટલા હાજર છે, શિક્ષક કે આચાર્ય હાજર છે કે નહિ એ અમને સીસીસી કમાન્ડ એન્ડ કન્ટ્રોલ અહીંયા ચાલુ કર્યું છે અને એમાં ૯૮ ટકા પહેલા કરતાં વધારે શિક્ષકોની હાજરી પણ જોવા મળી છે. કારણ કે હવે તો ખબર પડી જાય છે અને એની અસર સીધી ગુણવત્તામાં થાય છે. એટલે હવે ભવિષ્યમાં જે ત્રીજા અને પાંચમાં ધોરણમાં લખતા વાચતા નથી આવડતું એ મેણું અહીંયા સાંભળવાનો વારો ન આવે તેવો પણ અમારો સંકલ્પ છે.

છેલ્લા પાચ વર્ષની અંદર અમે ૪૯૭ સરકારી અને માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક અને આર.એમ.એસ. શાળાઓ મંજૂર કરી છે. જેને પી.એચ.ડી. કરવું છે, આજકાલ અધ્યાપકની નોકરી માટે જરૂરી છે એ પી.એચ.ડી. કરવા માટે બધા વિદ્યાર્થીઓ પાસે પૈસા નથી હોતા, માનનીય મુખ્યમંત્રીશ્રી અને નાણા મંત્રીશ્રીએ જોગવાઇ કરી કે દરેક વિદ્યાર્થી જે પી.એચ.ડી. કરશે એને મહિને ૧૫ હજાર રૂપિયા અને વર્ષના અંતે બીજા વધારાના ૨૦ હજાર રૂપિયા એમ બે વર્ષના બે લાખ રૂપિયા આપવાનું નક્કી કર્યું છે.અમારી ગુજરાત યુનિવર્સિટી કોઇ અમને કહેતા હતા કે કોઇ નંબર તો આવે. સન ૨૦૨૦માં નેશનલ ઇન્સ્ટિટયૂશનલ રેન્કીંગ ફ્રેમવર્કમાં આપણી ગુજરાત યુનિવર્સિટી ૪૪માં નંબરે માનનીય કિરીટભાઇ આવી છે. આવા તો આપણા બધા જ વિદ્યાર્થીઓ છે. સી.એ. પરિણામ આખા દેશનું છ ટકા આવ્યું એમાં સાત લાખ વિદ્યાર્થીઓ બેઠા એમાં આખા દેશના ૫૦માં અમદાવાદના ૧૨ આવ્યા, એ ગુજરાતના શિક્ષણને આભારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, એ ગુજરાતના શિક્ષણને આભારી છે. અમે ઉચ્ચ શિક્ષણમાં મોબાઇલ બેઝ એટેન્ડન્સ. માનનીય અધ્યક્ષશ્રી, મારા બીજાં ત્રણ વિભાગના જવાબો બાકી છે એટલે મને મર્યાદા કહેજો.

અધ્યક્ષશ્રી : અડધી મિનિટ છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : ના, સાહેબ, થોડો વધુ સમય આપવો પડશે. આત્મનિર્ભર માટે અમે આગળ વધી રહ્યા છીએ. તેમાં સ્ટાર્ટઅપ. આત્મનિર્ભરમાં નેશનલ સર્વેમાં પણ અમારું સ્થાન છે.

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું બીજાં ડિપાર્ટમેન્ટનું પ્રવચન બાકી છે. સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

શ્રી શૈલેષ મ. પરમાર : ભૂતકાળમાં અમે કહ્યું ત્યારે એગ્રી થયા નહોતા. હું એ વખતે પણ કહેતો હતો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : શ્રી શૈલેષભાઇ, આજે મારા માટે એગ્રી થાવ ને?

શ્રી પરેશ ધાનાણી : અમે તો કાયમી ચર્ચા કરવા તૈયાર છીએ. અમે તે દિવસે કહ્યું કે સમય આપો, તે દિવસે દંડકશ્રીએ ના પાડી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : શ્રી પરેશભાઇ, આજે મારા માટે એગ્રી થાવ.

શ્રી પરેશ ધાનાણી : આપણી પરંપરા રહી છે. અમે તો ૮–૦૦ વાગ્યા સુધી સાંભળીશું, પૂછીશું પણ આ પરંપરાને માનનીય દંડકશ્રીએ તોડી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આજે હા પાડો. શ્રી શૈલેષભાઇ, વધારે નહીં, ૧૦ મિનિટ.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે.

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીનું પ્રવચન પૂરું થાય પછી પાંચ મિનિટ અને મતદાન પૂર્ણ થાય ત્યાં સુધી સભાગૃહનો સમય લંબાવવામાં આવે છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : થેંક્યુ. માનનીય અધ્યક્ષશ્રી, મારા વિભાગે આઝાદી કા અમૃત મહોત્સવ. આપણી આઝાદી મળ્યાને વર્ષ ૨૦૨૨માં ૭૫ વર્ષ પૂરા થવાના છે. તેના માટે માનનીય પ્રધાનમંત્રીશ્રી ૧૨મી માર્ચે અમદાવાદમાં આવીને

---

[*] માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દ અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જે રીતે એ કાર્યક્રમની શરૂઆત કરી ગયા છે. મારો શિક્ષણ વિભાગ તેમાંથી પાછળ ન રહે તેના માટે અમે સુવ્યવસ્થિત આયોજન કર્યું છે. મેં કહ્યું હતું કે એક પંક્તિ છેલ્લે બોલીશ.

કંઇક અલગ અને ઉન્નત હીર છે આ ધરાનું. લડીને જીતનારું શૌર્યવંત ખમીર છે આ ધરાનું.

આપત્તિઓ અહીં આવતા ડરજો. પડકારોને પણ પડકારતું વજુદ છે આ ધરાનું.

માનનીય અધ્યક્ષશ્રી, ક્લાઇમેટ ચેઇન્જની બન્ને તરફથી મારા સાથીઓએ ચિંતા કરી છે. તે માટે અમે જે ઉપાય કર્યા છે એ મારે કહેવા છે. થોડીક માહિતી. બે દિવસ પહેલાંના મીડિયામાં મેં વાંચેલું અને એ ગંભીર છે. વિશ્વમાં દર વર્ષે ૪૦ મેટ્રિક ટન કાર્બન પેદા થાય છે. અત્યારે સુનામી, વધારે વરસાદ, વધારે તાપ એ આનું જ પરિણામ છે. એમાં જો આપણે કંઇ નહીં કરીએ તો ભવિષ્યમાં બારેમાસ કાં તો તડકો હશે અને કાં તો વરસાદ હશે. તેના ઉકેલ માટે જેમાંથી કાર્બન પેદા થાય એ બંધ કરીને કાર્બન લેસ.

અધ્યક્ષશ્રી : વિશ્વ કક્ષાએ કાર્બન ફૂટપ્રિન્ટ શબ્દ વપરાય છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : યસ. ટાઇટલ જ વાંચી જઇશ. વર્ણન નથી કરતો. અમે રીજીયોનલ એનર્જી પાર્ક કચ્છ જિલ્લામાં શરૂ કર્યો છે. સોલર પાર્ક ચારણકામાં પાટણમાં શરૂ કર્યો છે. કેનાલ ટોપ સોલર પ્લાન્ટ. માનનીય અધ્યક્ષશ્રી, આમાં બે મિનિટ લઇશ. હું સરદાર સરોવરનો ચેરમેન હતો. માનનીય પ્રધાનમંત્રીશ્રી કહે કે મને સરવે કહો કે નર્મદા કેનાલમાં વહેતું પાણી એ ઉનાળામાં કેટલું બાષ્પીભવન થાય છે? મેં કોઇને કામ સોંપ્યું, બે–ત્રણ મહિનામાં કહ્યું કે આટલું પાણી. તેના ઉપર કંઇ ઢાંકણ કરીએ તો? મેં કહ્યું કે ઢાંકણ કેવું? તો કહે કે મારી પાસે આઇડિયા છે. ઢાંકણ એવું કરવું છે કે એમાંથી વીજળી ઉત્પન્ન થાય. સાહેબ, સોલર ત્યાંથી શરૂ થયું. આને ૧૧–૧૨ વર્ષ થયા. પછી આપણે વડોદરા જઇએ છીએ ત્યારે હરણી તરફ જઇએ અને અંદર પેસતા ડાબી–જમણી બાજુ આ કેનાલ ટોપ છે. સોલર સિટી ગાંધીનગર. રાજ્યના પાટનગર ગાંધીનગરને સોલર અને કાર્બન મ્યૂટ સિટી તરીકે વિકસાવવા માટેના અમે જે પ્રયત્ન કર્યા છે તેમાં ગ્રીડ સાથે જોડાણ ધરાવતા સોલર પ્લાન્ટની કુલ ક્ષમતા ૨૪ મેગાવોટ. પંડિત દીનદયાળ પેટ્રોલીયમ યુનિવર્સિટી ખાતે એક મેગાવોટ, થર્મલ પાવર ગાંધીનગર ખાતે સોલાર પાવર એક મેગાવોટ, કુલ એક લાખ છ હજાર લીટર પ્રતિદિન છે. છાત્રાલય, નિવાસી શાળાઓ, બેટરી ઓપરેટેડ વાહન, સુધારેલ સ્મશાન ભઠ્ઠી, બાયોગેસની વાત કરી છે. મારો ખુદનો અનુભવ છે, બાયોગેસમાં ભાવનગર જિલ્લાના પાલીતાણા બાજુમાં ગામનું નામ ભૂલી ગયો છું...

અધ્યક્ષશ્રી : મને એક ટેકનિકલ વિચાર આવ્યો છે કે વિપક્ષ તરફથી સંમતિમાં એમ કહેવાયું કે આપના પ્રવચન સુધી, હું એવું કહું છું કે પ્રવચન પૂરું થાય પછી પાંચ મિનિટ સુધી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : બાયોગેસ, એક પશુનું ગોબર, ૫ વ્યકિતઓના એક કુટુંબ માટે સવારમાં નાસ્તો, શીરામણ, પછી રોટલા, પછી રોંઢો પછી વાળું, ૫ વ્યકિતના કુટુંબ માટે એક પશુના એક દિવસના ગોબરમાંથી મફત ગેસ મળે છે અને આ અત્યારે પાલીતાણા પાસે લગભગ લાખણકા ગામ છે ત્યાંની મુલાકાત પણ મેં લીધી છે અને એ બાયોગેસ દ્વારા પણ આગામી સમયમાં રાજયની બિન પરંપરાગત ઊર્જાના સ્ત્રોત થકી સ્થાપિત ઊર્જા ક્ષમતા વીન્ડ પાવર ૮,૨૧૯, સોલાર પાવર ૪,૦૬૮, હાઇડ્રોકલૉરેકસ ૭૧, બાયોગેસ પ્રોજેકટસ ૮૧, કુલ ક્ષમતા ૧૨,૪૩૯. પ્રોજેકશન ક્ષમતા એના આધારે આવતા દિવસોની અંદર જે કંઇ કાર્યવાહી થશે એનો ગુજરાતને લાભ મળશે. આજકાલ સાયન્સ એન્ડ ટેકનોલોજીનો જમાનો છે. માનનીય નરેન્દ્રભાઇને તો બહુ વર્ષો પહેલા દેખાઇ ગયો હતો. એમણે અહીંયા જી–સ્વાનથી શરૂઆત કરીને બધા એમ.એલ.એ.ને પણ પોતાનો મોબાઇલ વાપરવા માટેની પદ્ધતિ અને આ બધી જ બાબતો માટે આપણે અહીંયા રૂપિયા ૪૦ કરોડની જોગવાઇ આ વખતના બજેટમાં અમે કરી છે અને સ્ટાર્ટઅપ પોલિસી એમાં આવી જાય છે. આ સ્ટાર્ટઅપ પોલિસી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ દ્વારા આઇ.ટી. ઇલેકટ્રોનિકસ અને સ્ટાર્ટઅપ ઇનોવેશન પોલિસી એમાં આવી જાય છે. સ્ટેટ ડેટા સેન્ટર, વાઇફાઇ સુવિધા, જયાં જયાં આપણી વિધાનસભા, રાજભવન, સરકીટ હાઉસ, કલેકટર, એસ.પી. ઓફિસ, ડી.ડી.ઓ. મામલતદાર આ બધી સુવિધાઓ આ બધા સેન્ટરો ઉપર મળે છે. ઓજસ- ભરતી પ્રક્રિયા પારદર્શક અને ઝડપી થાય એ માટેની એપ્લીકેશન પણ અમે ઓજસના નામથી ડેવલપ કરી છે. સાયન્સ શેના કામનું? આપણે કંઇક તો અણસાર આપે, ધરતીકંપને એ બધું ભલે બધું કુદરતના હાથમાં છે પણ આપણે પ્રયત્ન તો કરીએ અને એના ભાગરૂપે જયારે માનનીય નરેન્દ્રભાઇ હતા ત્યારથી માંડીને અત્યાર સુધીમાં બધાની માહિતી માટે હાલ ગુજરાતમાં ગુજરાત સાયન્સ રાજયનું નેટવર્ક ચલાવવાનું અને નિભાવવાનું કામ આ કંપની કરે છે અને હાલ ૬૦ સિસ્મીક સીક નેટવર્ક સ્ટેશનો આખા રાજયમાં છે એટલે આટલા મોટા ગુજરાતની અંદર કયાંય પણ સહેજ અસર થાય તો આ ૬૦નું એક જગ્યાએ કનેકશન હોય ત્યાં ખબર પડે કે કેવડિયામાં કંઇ થયું છે કે કચ્છમાં કંઇ થયું છે એના માટે આ વિભાગ કામ કરી રહ્યો છે. સાયન્સ સિટીનો અહીંયા કોઇએ ઉલ્લેખ કર્યો. હું ફરી વખત બધા માનનીય ધારાસભ્યશ્રીઓને કહુ છું કે જયારે તમારી ઇચ્છા હોય ત્યારે એક સાથે આવો તો બહુ સારું, જેમ માનનીય નીતિનભાઇએ બધાને કેવડીયાનું આમંત્રણ આપ્યું હતું એમ ગુજરાત સરકારે સાયન્સ સિટી બનાવ્યું છે. તમે સરકાર જવા દો, ભલે ભા.જ.પ સરકારે કર્યું પણ ગુજરાતે કર્યું છે એવી રીતે જોવા આવો. આ ગુજરાતનું ગૌરવ છે. ગુજરાતમાં સાયન્સ સિટી છે એ જોવા માટે આવો. રોબોર્ટસનું આપણે વાંચતા હોઇએ છીએ, એને જોતા હોઇએ છીએ પણ આ વિભાગે ગુજરાતમાં બનાવ્યું છે અને એટલા માટે નેચર પાર્કનો પણ અહીં વિકાસ કરવામાં આવ્યો છે. અમે ગુજરાત રાજ્યમાં ચાર

રિજિયોનલ સાયન્સ મ્યુઝિયમ રાજકોટ, ભાવનગર, પાટણ અને ભુજ ખાતે શરૂ કરવા જઇ રહ્યા છીએ. જે વિભાગની બે–ત્રણ વાતો પણ હમણાં મને કરવામાં આવી. કોઇએ કહ્યું કે અમારો વારો કેમ નથી આવતો? આમાં હું નામ બોલું કે આ પાક્ષિક છે એમાં મને શ્રી શૈલેષભાઇ દેખાય છે, શ્રી મોહનસિંહભાઇ દેખાય છે, શ્રી અમિતભાઇ દેખાય છે, શ્રીમતી ચંદ્રિકાબેન દેખાય છે, શ્રી અનિલભાઇ દેખાય છે, શ્રી પુનાભાઇ દેખાય છે, શ્રી વિરજીભાઇ દેખાય છે. પહેલા પાના ઉપર સત્તાપક્ષ છે અને નીચે વિપક્ષ છે. (અંતરાય) આ છેલ્લો અંક છે અને ફ્રન્ટ પેઇજ છે. શ્રી નીતિનભાઇનું બજેટ થયું એ અંક છે. (અંતરાય) એવું નથી ભાઇ, મારો માહિતી વિભાગ લોકશાહીના બધકારામાં શ્રી પ્રતાપભાઇએ કહ્યું, બે–ત્રણ સાથી મિત્રોએ, શ્રી પી.ડી.ભાઇએ, ડો. જોષીયારાજીએ કહ્યું (અંતરાય) એવું નથી. આ વિભાગે માત્ર કોરોનામાં નહીં, કોરોના સિવાયના સમયમાં પણ નિષ્પક્ષ કામગીરી કરી છે અને એ કામગીરીને હું બિરદાવું છું. રાજય સરકારનો કોઇપણ વિભાગ હોય, આની અંદર તમે શું શું બોલ્યા, કોંગ્રેસના મિત્રો અહીંયા બોલ્યા એ આવતા અંકમાં આવી જવાનું. તમને ક્યાંથી અન્યાય થયો? કેવી રીતે અન્યાય થયો એ મને સમજાવો તો. આ વિભાગની કામગીરી છે એમાં રોજબરોજની વિગતો જનજન સુધી પહોંચાડવી, મિડિયા સુધી પહોંચાડવી, એનું અદભૂત સંકલન કર્યું હોય તો માહિતી વિભાગે કર્યું છે. વિજ્ઞાપન દ્વારા જનજાગૃતિ, ફિલ્મ, ટી.વી. નિર્માણ દ્વારા જનજાગૃતિ અને ગુજરાત પાક્ષિક દ્વારા અને દર મહિનાની ૧૬ તારીખે બહાર પડે. માત્ર અંગ્રેજીમાં નહીં, આ પાક્ષિક આપણે અંગ્રેજીમાં પણ બહાર પાડીએ છીએ. તમારા ફોટા માત્ર અહીંયા જ નહીં દિલ્હીમાં પણ જોવા મળતા હશે. આખા ગુજરાતની અસ્મિતાને બતાવતો, આખા વર્ષની કામગીરી, શુભેચ્છાઓ સાથેનો દિપોત્સવી અંક સુંદર રીતે બનાવ્યો છે. સોશિયલ મિડિયાનો અસરકારક ઉપયોગ કરે છે. ગૃહને વિનંતી છે કે મારા શિક્ષણ વિભાગ અને માનનીય મુખ્યમંત્રીશ્રી હસ્તકના ત્રણ વિભાગોની માગણીઓ સર્વાનુમતે મંજૂર કરે એવી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : આપે પાક્ષિકની વાત કરી ત્યારે મને પણ મન થયું કે હું પણ વાત કરું. સંચિત વિધાનસભાનું દર ત્રણ મહિને નીકળે છે. એમાં માનનીય ધારાસભ્યશ્રીઓએ એમના પ્રવચનમાં પોઝિટીવ વાતો કરી હોય એવી ૮–૧૦ વાર એમના ફોટા સાથે છપાઇ છે. એમાં તમામ ધારાસભ્યશ્રીઓ આવી જાય છે. વિપક્ષ હોય કે સત્તા પક્ષ હોય. આ શરૂઆત આપણે પહેલીવાર કરી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ખૂબ ખૂબ આભાર. માનનીય શિક્ષણ મંત્રીશ્રીએ ખૂબ સરળતાથી વાતો કરી. એમણે આજે બે પંક્તિઓ કહી. 'બંધ અને પ્રબંધ, ગ્રંથી અને ગ્રંથ, અંધાર અને અનંત'

અધ્યક્ષશ્રી : એમને કવિતા લખવાનો પહેલેથી શોખ છે. તમે બોલશો એટલે સામે એક કવિતા સંભળાવશે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના ખૂબ કપરાકાળમાં વજ્રઘાત કોઇને પડ્યો હોય તો શિક્ષણ જગતને પડ્યો છે ત્યારે માનનીય અધ્યક્ષશ્રી, મારે આપના મારફત માનનીય બાપુને પૂછવું છે કે–

''શાળાઓ છે વર્ષથી બંધ નથી થઇ રહ્યો ફીનો પ્રબંધ
જ્ઞાનગ્રંથ ઓનલાઇનમાં અટવાયા
તોય બાપુ લઘુતાગ્રંથિથી આપણે શું કામ પિડાયા?
હાલ ભારતનું ભવિષ્ય છે મૂંઝાયું તેને અંધકાર તરફ શું કામ ધકેલાયું?''

માનનીય અધ્યક્ષશ્રી, આ ગુજરાતના શિક્ષણ જગતની ચિંતા છે એટલે આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને મારે બે પ્રશ્નો ખાલી પૂછવા છે વર્ષ ૨૦૧૧ની મર્જ પોલિસી અંતર્ગત ગુજરાતના ૧૮૦૦૦ ગામડામાં સરકારી પ્રાથમિક શાળાઓને મર્જ કરવાનો અથવા તો બંધ કરવાનો નિર્ણય લીધો. સરકારી નાણાંનો દુર્વ્યય અટકે એ દરેક સરકારની ચિંતા હોય પણ નાણાં બચાવવાની લ્હાયમાં ક્યાંય ગુજરાતનું ભવિષ્ય છે એ મૂરઝાઇ ના જાય એની આ ગૃહને ચિંતા છે એટલે એક ગામમાં ઓછી સંખ્યાના લોકો હોય એને મર્જ કરીએ એવું શિક્ષણનું સ્તર સુધરે એના માટે આપણે સૌ સામૂહિક ચિંતા કરીએ પણ ક્યાંક સરકારી શાળાઓ બંધ કરવાની અથવા વર્ષ ૨૦૧૧ મર્જ કરવાની પોલિસી અંતર્ગત ગુજરાતમાં હાલ પર્યંત કેટલી શાળાઓને મર્જ કરી અથવા બંધ કરી એ ખાલી નિખાલસપણે જાણવા માગું છું. બીજું, જે ગામમાં સરકારી શાળાઓ ઉપલબ્ધ નથી તો ક્યાંય મર્જ કરીએ એવી રીતે નવી શાળાઓ જ્યાં નથી અને માગણીઓ આવે તો શરૂ કરવા માટે સરકાર વિચારે એવી અપેક્ષા સાથે હાલ પર્યંત આપણે કેટલી શાળાઓને મર્જ કરી અથવા બંધ કરી એ જાણવા માગું છું. બીજું, માનનીય અધ્યક્ષશ્રી, ૧૫મી માર્ચ ૨૦૨૦નો દિવસ આજે પણ આ ફ્લોરનો મને યાદ છે. સમગ્ર ગુજરાતમાં સૌથી પહેલા આપણે શૈક્ષણિક કાર્યને બંધ કરવાનો નિર્ણય કર્યો હતો. બાપુ સાહેબ, મારી આખાય ગૃહ અને ગુજરાત વતી વિનંતી છે કે આ જ શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ દરમ્યાન સંપૂર્ણ રીતે બંધ રહેલ સરકારી અને ખાનગી શાળા–કોલેજોના જે વિદ્યાર્થીઓ છે એની સંપૂર્ણ ફી માફી માટે અમે વારંવાર માગણી કરી હતી. સરકારે વચ્ચે નિર્ણય પણ કર્યો તો આ વર્ષ દરમ્યાન આપણે સરકારી કે ખાનગી શાળા–કોલેજોના કેટલા વિદ્યાર્થીઓની કેટલી રકમની ફી માફ કરી? એક આ બાબત જાણવા માગું છું. બીજી, આપના મારફત માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું કે આખા શૈક્ષણિક વર્ષનું સંપૂર્ણ શૈક્ષણિક કાર્ય બંધ રહ્યું છે ત્યારે સરકારી હોય કે ખાનગી શાળા–કોલેજોના વાલીઓને બાપુ વેત નથી. આપણે પણ સ્વીકાર્યું ૩ લાખ ૫ હજાર જેટલા વિદ્યાર્થીઓ ખાનગી શાળામાંથી સરકારી શાળામાં આવ્યા. હું અગાઉ પણ કહેતો હતો કે સાહેબ વાલીઓને મંદી, મોંઘવારી અને બેરોજગારી વચ્ચે એનો ભોગ ક્યાંક ભૂલકાઓએ ન બનવું પડે એની સરકારે ચિંતા કરવી જોઇએ. (અંતરાય) હવે મારી આપના મારફત બીજી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : હવે આમાં પછી લાંબી વાત ન હોય. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, સરકારી કે ખાનગી શાળા કોલેજના વિદ્યાર્થીઓને ચાલુ શૈક્ષણિક વર્ષ સંપૂર્ણ ફી માફ કરી અને જેટલી સ્વનિર્ભર સંસ્થાઓ છે એના શિક્ષકોનો પગાર અને આનુષંગિક ખર્ચ માટે ગ્રાન્ટ ઇન એઇડ સહાય આપણે કરવા માગીએ છીએ કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, આ મર્જ કરવામાં અમારો પૈસા બચાવવાનો આશય છે જ નહીં. મેં એ વખતે પણ કહ્યું હતું કે આની પાછળ ગુણવત્તા સુધારવાનો અમારો આશય છે અને આ મર્જ કરવામાં ધોરણ ૧થી ૫ અને ધોરણ ૬થી ૮ મર્જ કરેલ શાળાઓની વિગતો હું તમને આપું ધોરણ ૧થી ૫ એક કિલોમિટરમાં ૧૪૮, બે કિલોમિટરમાં ૪૪ અને ૩ કિલોમિટરમાં ૧૭ અને ૩ કિલોમિટરમાં બીજી ૭ આખા રાજયમાં ૩૨૦૦૦ શાળામાં ધોરણ ૬થી ૮માં એક કિલોમિટરમાં ઝીરો. બે કિલોમીટરમાં ઝીરો, ત્રણ કિલોમીટરમાં ૯૦૧, ત્રણ કિલોમીટરમાં બીજા બાવન, વિદ્યાર્થીઓની સંખ્યા ૩૭૦ થાય છે. આનાથી ૦૦૦૦.૧ ટકા પણ અસર થતી નથી એવા સંજોગોની અંદર અને ભગાભાઇએ કહ્યું હતું ટ્રાન્સપોર્ટેશનની વ્યવસ્થા અમે કરીશું. ફી બાબતમાં વાલીઓ સાથે બેઠા હતા, સંચાલકો સાથે બેઠા હતા, એ પહેલા અમે સો ટકા માફી કરી દીધી. નામદાર હાઇકોર્ટે ના પાડી કે ના થાય. સંચાલકો અને વાલીઓ સાથે બેસો અને નકકી કરો. બંને સાથે બેઠા પરેશભાઇ અમે યુનોનીમસલી કે વર્ષ ૨૦૧૯-૨૦માં જે ફી હતી એના ૨૫ ટકા તમારે લેવાની અને મને એ વાત કહેતા આનંદ થાય છે કે સ્મૂધલી અને જેમણે જેમણે વિનંતી કરી કે મારા કામધંધા બંધ છે અને હું ફી નહીં ભરી શકું અથવા તો મોડી ભરીશ અથવા તો હપ્તાથી ભરીશ તો ડાયરેકટ મોનીટરીંગ મેં કર્યું છે અને કાઉન્સેલીંગ કરીને એકેએક આચાર્યને કહીને, ડી.ઇ.ઓ.ને કહીને કે જે વાલીઓ ફી ન ભરી શકે એમ હોય તો એના હપ્તા કરી આપો. કોઇને તકલીફ નથી પડી અને સર્વસંમતિથી જયારે ૨૫ ટકા બંને સંચાલકો અને વાલીઓ માન્યા હોય ત્યારે એ મુદ્દાની વિશેષ ચર્ચા કરવાની જરૂર નથી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : આખા ગૃહ વતી પ્રશ્ન પૂછયો છે. હવે આવી ગયું. બધું આવી ગયું. હવે પ્રશ્ન ન હોય. આ કપરી પરિસ્થિતિમાં આપણા આદરણીય શિક્ષકોએ કોરોનામાં જે જાનના જોખમે કામગીરી કરી આપણે એને વખાણીએ અને પછી પ્રશ્નો તો હશે જ. જવાબો પણ મળશે જ.(અંતરાય)

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું અને એક સૂચન પણ છે કે આપે જે રીતે કહ્યું કે જે વિસ્તારની અંદર રોજીરોટી માટે મા-બાપ બીજા વિસ્તારમાં જઇ રહ્યા છે એના બાળકો માટે રેશિડેન્શીયલ સ્કૂલ અને હોસ્ટેલની આપે જે વાત કરી તો એમાં સ્પષ્ટપણે સરવે કરાવીને પછી જો થશે તો હું એમ માનું છું કે દરિયાઇ પટ્ટી ઉપરના લોકોને ન્યાય મળશે અથવા તો એવા લોકોને ન્યાય મળશે કે જે ખરેખર રોજીરોટી માટે બહાર જાય છે અને માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે જે રીતે લોકશાહીના ધબકારા કાર્યક્રમ ચાલે છે અડધો કલાક ચાલે છે એ સત્તા પક્ષની આંખે ચાલે છે તો અડધો કલાકને બદલે એક કલાકનો કાર્યક્રમ થાય અને અડધા કલાકનો કાર્યક્રમ લોકશાહીના ધબકારા વિપક્ષની આંખે એવું જો બતાવવામાં આવશે તો ગુજરાતની જનતાને વિધાનસભાની પૂરેપૂરી કાર્યવાહીનો ખ્યાલ આવશે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : જેમ તમે સૂચન કર્યું છે એમ હું પણ સૂચન છે એમ કહું છું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ખૂબ જ આવકારદાયક વાત કરી કે વિપક્ષના સૂચનો પણ નોંધવા માટેની અધિકારીઓને સૂચના આપેલી છે તો ટૂંક સમયમાં નવી શિક્ષણ નીતિ પણ અમલમાં આવવાની છે અને વિપક્ષના સભ્યો પણ કાયમી ધોરણે પરામર્શ કરી શકે અને એનું ફોલોઅપ કરી શકે એના માટે કોઇ સર્વપક્ષીય કમિટી જેવું કે એવું કશું થઇ શકે કે કેમ?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ વાત સારું તમે યાદ કરાવી. નવી શિક્ષણ નીતિ ૨૯ જુલાઇ, ૨૦૨૦ના રોજ આવી છે. એમાં શિક્ષણના જ્ઞાતા, નિષ્ણાત, અનુભવી લોકોને મૂકયા છે આખા રાજયમાંથી. સ્કૂલીંગમાંથી ૧થી ૧૨ માટે ૧થી ૧૨ ચેપ્ટર છે અને ૧૩થી ૨૦ ચેપ્ટર ઉચ્ચ શિક્ષણના છે એના માટે પણ અમે ૧૫ સભ્યોની, ઓલરેડી બંને ટાસ્કફોર્સની રચના કરી જ રાખી છે. તમારું કોઇ સૂચન હોય તો કહેજો. હવે અમલીકરણ માટે છે. હવે આની અંદર કોઇ સૂચન દાખલ કે હવે આમ કરો એમ નહીં. જે છે એનું અમલીકરણ કરવાનું છે. અમલીકરણ માટે અમે ટાસ્કફોર્સની રચના કરી છે. એની બે મિટીંગ પણ થઇ ગઇ છે પણ પછી સામાન્ય ચૂંટણીઓ હતી અને ધારાસભા ચાલુ છે. તેઓ એપ્રિલ- મેમાં મારી સાથે બેસશે અને પછી તમારું સૂચન છે. જરૂર પડશે તો બોલાવીશું.

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું માનનીય મંત્રીને પૂછવા માગું છું કે મુખ્યમંત્રીશ્રી સ્વાવલંબન યોજના જયારે લાગુ થઇ ત્યારે ફી ૪ લાખ રૂપિયા હતી એની જગ્યાએ ૭.૫ લાખ રૂપિયા ઉપર છે. ત્યારે ૨ લાખ રૂપિયાની સહાય કરવામાં આવતી હતી, તેમ સહાય ૪ લાખ રૂપિયા કરવા માગો છો કે નહીં?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : સૂચન છે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે ડિમોલેશનના ઓરડાઓની વાત છે. તેમાં મોટા ભાગે મારા ખ્યાલ મુજબ આખા ગુજરાતમાં સિન્ટેક્ષના ઓરડાઓ છે. એકી સાથે ડિમોલેશનની મંજૂરીઓ મળી જાય. જિલ્લા કક્ષાએ એમની રાહ ન જોવી પડે. બીજો મુદો એ છે કે અમે અમારી પોતાની ગ્રાન્ટમાંથી કમ્પ્યુટર

લેબ માટે પ્રાયમરી શાળાઓને રકમ ફાળવતા હતા. અત્યારે ફાળવીએ છીએ તો અમને આયોજનમાંથી મંજૂરી મળતી નથી. તો એ મંજૂરીઓ મળે અને ન મળતી હોય તો તેનાં કારણો શાં છે? તો આયોજનમાં કહેવામાં આવે તો બાળકોને કમ્પ્યુટર અમે ફાળવી શકીએ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, અત્યારે ૪,૦૦૦ ઓરડા બનાવવાની પ્રક્રિયા ચાલુ છે. બાકીના હમણા મેં કહ્યું તે પ્રમાણે પીડબલ્યુડીએ કહ્યું છે કે બેસવા લાયક નથી, તેને પાડી નાખવાના છે તેને પહેલી પ્રાયોરિટી હશે. હજુ વર્ષ, ૨ વર્ષ ચાલે તેમ છે તેને બીજી પ્રાયોરિટી એમ કરીને વર્ષ ૨૦૨૨–૨૩માં અમે બધુ કામ પૂરું કરીશું. દરમ્યાનમાં મેં એમ પણ કહ્યું દર વર્ષે અમારો અનુભવ છે કે ૨ લાખ ઓરડામાંથી દર વર્ષે ૩–૪ હજાર ઓરડા વળી પાછા જર્જરિત યાદીમાં આવી જાય છે.

શ્રીમતી સંગીતાબેન રા. પાટીલ : માનનીય અધ્યક્ષશ્રી, શિક્ષણ વિભાગ દ્વારા ગુજરાતી માધ્યમના શિક્ષકોની ભરતી કરવામાં આવનાર છે. તો ઈત્તર માધ્યમના શિક્ષકોની ભરતી કરવામાં આવશે કે કેમ? જો હા, તો કયા કયા માધ્યમના શિક્ષકોની ભરતી કરવામાં આવશે?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતી માધ્યમ સિવાયની ભરતી અંગે મારા બહેનની વારંવાર રજૂઆત હતી. વડોદરા, સુરત અને અમદાવાદનો પણ કેટલોક ભાગ છે, તેને ધ્યાનમાં રાખીને મેં ૩૯૦૦ શિક્ષકો ભરવાના છે. એની અંદર એ શિક્ષકોના વિષય પ્રમાણે પણ આવી જાય છે.

**કાપ દરખાસ્તો ક્રમાંક ૧, ૨, ૪, ૬, ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૧૯, ૨૧, ૨૨, ૨૫, ૨૭, ૨૯, ૩૦, ૩૧, ૩૩, ૩૪, ૩૫, ૩૭, ૩૮, ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪, ૪૫, ૪૬, ૪૭, ૪૯, ૫૦, ૫૧, ૫૩, ૫૪, ૫૫, ૫૭, ૫૮ અને ૫૯ મત ઉપર મૂકવામાં આવી અને તે નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક ૫૪, ૮૯, ૧૦૭, ૯, ૧૦ અને ૬૦ મત ઉપર મૂકવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી.**

## અધ્યક્ષશ્રીની જાહેરાત

### સભ્યશ્રની ધરપકડ બાદ છૂટકારો

અધ્યક્ષશ્રી : મારે એક જાહેરાત કરવાની છે. પોલીસ અધિક્ષક ગાંધીનગરે મને તા. ૨૪–૩–૨૦૨૧ના પત્રથી એ મતલબની જાણ કરેલ છે કે તાજેતરમાં સાણોદર ગામ તા. ઘોઘા જિ.ભાવનગર ખાતે અનુસૂચિત જાતિના હત્યાના બનાવ સંદર્ભે પીડિત પરિવાર સાથે સભ્યશ્રી જિગ્નેશ મેવાણી ૧૧ વડગામ તા. ૨૩–૩–૨૦૨૧ ના સચિવાલયલ ગેટ નં. ૧ ગાંધીનગર ખાતે આયોજિત વિરોધ પ્રદર્શન અન્વયે કાયદો અને વ્યવસ્થા જોખમાય તેવી પરિસ્થિતિનું સર્જન કરતા સભ્યશ્રી જિગ્નેશ મેવાણીની જી.પી. એક્ટની કલમ–૬૮ અન્વયે ૨૩–૩–૨૦૨૧ ના રોજ ૧૧–૩૦ કલાકે અટકાયત કરી અને અવસર વીતે તે જ દિવસે જી.પી. એક્ટની કલમ–૬૯ અન્વયે ૧૮–૩૫ કલાકે મુકત કરવામાં આવ્યા છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૫૪ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર ગુરુવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૨૧ના રોજ બપોરના ૧૨–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

તા. ૨૫મી માર્ચ ૨૦૨૧

ટૂંકી મુદતનો પ્રશ્ન

**ગુજરાત વિધાનસભા**

**ગુરુવાર, તા. ૨૫મી માર્ચ, ૨૦૨૧**

**ચૈત્ર ૪, ૧૯૪૩ શાકે**

**સભાગૃહ બપોરના ૧૨–૦૦ વાગ્યે મળ્યું.**

**માનનીય અધ્યક્ષશ્રી રાજેન્દ્ર ત્રિવેદી અધ્યક્ષસ્થાને**

**ટૂંકી મુદતનો પ્રશ્ન**

સાબરકાંઠા જિલ્લામાં કોબીજના ભેળસેળયુક્ત બિયારણથી થયેલ નુકસાન

ટૂં.મુ. ૬૮ શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ(ખેડબ્રહ્મા) : માનનીય કૃષિ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કેઃ

| | | | |
|---|---|---|---|
| (૧) | તા. ૧૫–૩–૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કોબીજના ભેળસેળયુક્ત બિયારણના કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ ગયો છે તે હકીકતથી સરકાર વાકેફ છે, | (૧) | તા. ૧૫–૩–૨૦૨૧ની સ્થિતિએ સાબરકાંઠા જિલ્લામાં કોબીજના ખરાબ બિયારણના કારણે કોબીજના છોડને દડા પણ આવી શકે તેવી શક્યતા નથી અને ખેડૂતોનો પાક નિષ્ફળ થાય તેમ છે તેવી રજૂઆત મુ.પો. વડવાસા, તા. પ્રાંતિજના ખેડૂતોની તારીખ ૧૨–૦૩–૨૦૨૧ના રોજ મળેલ છે. |
| (૨) | જો હા, તો ઉક્ત ભેળસેળયુક્ત/નકલી બિયારણ કઇ કંપનીનું હોવાનું સામે આવ્યું, | (૨) | ખેડૂતોની રજૂઆત મુજબ સદર બિયારણ નામધારી સીડ્સ પ્રા.લિ.કંપનીનું છે. |
| (૩) | ઉક્ત કંપની દ્વારા ઉક્ત જિલ્લામાં કેટલા ખેડૂતોને ભેળસેળયુક્ત/નકલી બિયારણ વેચવામાં આવ્યું, અને | (૩) | નામધારી સીડસ્ પ્રા.લિ. કંપની દ્વારા ફરિયાદ હેઠળનું NS-196 જાતના કોબીજનું બિયારણ સાબરકાંઠા જિલ્લાના કુલ ૯૪ ખેડૂતોને બિયારણ વેચવામાં આવેલ છે. |
| (૪) | તે અન્વયે કંપની સામે શાં પગલાં લીધાં? | (૪) | રજૂઆત અન્વયે કૃષિ, બાગાયત ખાતાના અધિકારીઓ અને કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિક દ્વારા સ્થળ તપાસ કરવામાં આવેલ છે. તેમજ ઉત્પાદક કંપનીને તથા અધિકૃત વિક્રેતાઓને ફરિયાદ બાબતે લેખિત નોટિસ આપી સ્પષ્ટતા/જવાબો માંગવામાં આવેલ છે તથા નિયમોનુસારની કાર્યવાહી શરૂ કરવામાં આવેલ છે. |

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે પ્રાંતિજ તાલુકાની અંદર મોટા પ્રમાણમાં કોબીજનું વાવેતર કરવામાં આવે છે પણ કોબીજના વાવેતરની અંદર આ જે કોબીજનું બિયારણ આપવામાં આવ્યું હતું એ ડુપ્લીકેટ બિયારણ આપવામાં આવ્યું હતું એવું માલુમ પડયું છે એટલે આ પ્રશ્ન મેં પૂછયો છે. આ બિયારણ ખેડૂતે લીધું તો એનો જે દડો આવવો જોઇએ એ દડો આવ્યો નહીં એટલે ફરિયાદ કરી અને ફરિયાદ કરી એના આધારે આ પ્રશ્ન પૂછવાનો વારો મારે આવ્યો છે. કયારેક એવું કહે છે કે બિયારણ એવા પ્રકારનું આવે છે ૫૦થી ૬૦ દિવસે આ દડો આવે છે, કોઇ કંપનીવાળા કહે છે કે ૧૦૦ દિવસની અંદર દડો આવે છે, કોઇ કહે છે કે ૨૦ દિવસની અંદર દડો આવે છે. આ ખેડૂતે જે બિયારણ વાવ્યું બિયારણના લીધે એને નુકસાન થયું અને દડો ન આવ્યો એટલે મેં પ્રશ્ન પૂછયો છે તો માનનીય મંત્રીશ્રીને હું પૂછવા માગું છું કે આ જે બિયારણ આપવામાં આવ્યું છે એ ખેડૂતને નુકસાન થયું છે કે કેમ? અને નુકસાન થયું છે તો એને આપ વળતર આપવા માગો છો કે કેમ?

શ્રી આર.સી.ફળદુ ( કૃષિ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય અશ્વિનભાઇ કોટવાલે જે ટૂંકી મુદતનો પ્રશ્ન પ્રસ્તુત કર્યો છે. સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના વડવાસા ગામ ખાતેના ખેડૂતોની રજૂઆત આવેલી છે અને એમણે અમારા વિભાગના નાયબ ખેતી નિયામકશ્રીને પણ તા. ૧૨ માર્ચે રજૂઆત કરી હતી અને એ રીતે શ્રી અશ્વિનભાઇની પાસે પણ એ વિસ્તારના આગેવાન હોવાના કારણે રજૂઆત આવી હશે. અમારા પ્રાંતિજના ધારાસભ્યશ્રી પાસે પણ રજૂઆત આવેલ હતી. ૯–૩ ના રોજ આ ખેડૂતોએ નામધારી સીડસ્ પ્રાઇવેટ લિ. કંપની કોબીજના બિયારણ બાબતે આ ખેડૂતોએ બિયારણમાં છેતરાયા હોય એ પ્રકારની ફરિયાદ નાયબ જિલ્લા ખેતીવાડી અધિકારી પાસે એમણે રજૂ કરી તા.૧૨–૩–૨૦૨૧ના રોજ. ગુજરાતની અંદર બિયારણના સંદર્ભમાં રાજય સરકારનું કમિટમેન્ટ છે કે કયાંય પણ બિયારણના કારણે ખેડૂત સીઝન હારે એ કોઇ કાળે સરકારને પોસાય નહીં અને કડકમાં કડક હાથે અમે કામગીરી કરીએ છીએ. એ રીતે શ્રી અશ્વિનભાઇની રજૂઆત પ્રમાણે તેઓએ નામધારી સીડસ્ પ્રાઇવેટ લિમીટેડ બેંગ્લોર કંપનીના દ્વારા ઉત્પાદિત કોબીજ એન.એસ.૧૯૬ જાતના બિયારણ વિક્રેતાઓ એગ્રો સર્વિસ સેન્ટર, તાજપુર કૂઇ, જયભારત એગ્રો સેન્ટર પ્રાંતિજ અને શિવશક્તિ સીડસ્ પ્રાંતિજ પાસેથી આ બિયારણ પ્રાંતિજ તાલુકાના ખેડૂતોએ ખરીદ્યું હતું. સાબરકાંઠા જિલ્લામાં ચાલુ વર્ષે કોબીજ પાકનું અંદાજીત ૩૯૩૭ હેકટર

વિસ્તારમાં વાવેતર થયેલ છે. જે પૈકી નામધારી સીડસ્ કંપની દ્વારા ઉત્પાદિત કોબીજ પાકની એન.એસ. ૧૯૬ જાતનું કુલ ૯૪ ખેડૂતોએ બિયારણ ખરીદીને અંદાજે ૧૦૫ હેકટર વિસ્તારમાં વાવેતર કર્યું હતું. મોજે. વડવાસા, તાલુકો– પ્રાંતિજ ખાતે ચાલુ વર્ષે કોબીજ પાકનું અંદાજિત ૧૮૫ હેકટર વિસ્તારમાં વાવેતર થયેલ છે. જે પૈકી નામધારી સીડસ્ કંપની દ્વારા ઉત્પાદિત થયેલું કોબીજ પાકનું એન.એસ. ૧૯૬ જાતનું બિયારણ કુલ ૩૩ ખેડૂતો દ્વારા અંદાજિત ૬૧.૫ હેકટર વિસ્તારમાં વાવેતર કરવામાં આવ્યું હતું. એ પૈકી સદર જાતના વાવેતરના કારણે પાક નિષ્ફળ જવા બાબતે ૩૩ માંથી ૫ ખેડૂતોએ એવું કહ્યું કે અમારે વાંધો નથી. બરાબર છે. ૨૮ ખેડૂતોએ ફરિયાદ કરી કે અમારા આ પાકની અંદર ભરોસો નથી બેસતો કે કોબીજનો ગોટો આવે. નામધારી સીડ્સ કંપની દ્વારા ઉત્પાદિત કોબીજ પાક એન.એસ.૧૯૬ જાતનું આખા ગુજરાત રાજ્યમાં કુલ ૧૬૬.૯૪ કિ.ગ્રા. બિયારણનું વેચાણ થયું છે, તે પૈકી સાબરકાંઠા જિલ્લામાં સદર જાતનું કુલ ૮૭.૧૩ કિ.ગ્રા. વેચાણ થયેલ છે અને જેમાં વડવાસા ખાતે ૩૩ ખેડૂતોએ ૫૧.૨૬ કિ.ગ્રા. બિયારણ ખરીદેલ. એ પૈકી ૨૮ ખેડૂતોએ આ રજૂઆત કરેલી છે. આ બાબતે રજૂઆત આવી એટલે સદર ખેડૂતોની રજૂઆતને ધ્યાનમાં લઇને અમારી જિલ્લાની તાંત્રિક કમિટીને સ્થળ, જાત તપાસ, મોજણી માટે મોકલી. જેમાં જિલ્લા ખેતીવાડી અધિકારી, નાયબ ખેતી નિયામકશ્રી અને નાયબ ખેતી નિયામક, બાગાયત અને સ્વ સંશોધન વૈજ્ઞાનિક ટીમને સ્થળ તપાસ કરવા માટે મોકલી. એને આ જિલ્લા કક્ષાની તાંત્રિક કમિટીએ તા.૧૬–૧૭ મી માર્ચે જ્યારે આ પ્રશ્ન આવ્યો ત્યારે હું આપશ્રીને મળવા આવ્યો હતો. તાજી ઘટના હોવાથી હું હાઉસને સંતોષકારક રીતે જવાબ નહિ આપી શકું. અમારા વિભાગ પાસે ફરિયાદ આવી છે. અમારો વિભાગ હરકતમાં આવી ગયો છે. અધિકારીઓની ટીમ ફીલ્ડમાં પહોંચી ગઇ છે. એક વખત તારણ લઇને આવે પછી હાઉસને સારી રીતે જવાબ આપી શકીશું અને પગલાં પણ ભરી શકીશું. આજે આ પ્રશ્નનો જવાબ દેવા ઊભો થયો છું, ત્યારે અમે શું કામગીરી કરી તે શ્રી અશ્વિનભાઇ અને ગૃહના ધ્યાન ઉપર મૂકું છું. તા.૧૬–૧૭મી માર્ચે અમારી ટીમે આ સંબંધિત ૨૮ ખેડૂતોના ખેતરોની મુલાકાત લીધી. સદર બિયારણ ઉત્પાદક કંપની દ્વારા મૂળ અસલ સીલબંધ પેકિંગમાં બિલથી જે બિયારણ આપવામાં આવ્યું હતું. ખેડૂતોના ખેતરોમાં પાકના છોડના બાહ્ય લક્ષણોમાં એક જેવા સમાન પ્રકારના જોવા મળ્યા હતા. રજૂઆત હેઠળનું બિયારણ ભેળસેળ, નકલી હોવાનું પ્રથમ દ્રષ્ટીએ ફલિત થયું નથી. પાકના દિવસો પ્રમાણે જે રીતે વૃદ્ધિ થતી હોય એમાં મોટા ભાગે આ બિયારણનું વાવેતર થયું છે. પહેલાં એક મહિનામાં ધરૂ થાય, એના રોપા થાય એ રોપા થયા પછી રી–પ્લાન્ટ થાય પછી ૪૦થી ૬૦ દિવસનો વૃદ્ધિનો સમયગાળો થયો હતો. એવા સંજોગોમાં ત્યાંની ભૌગોલિક રીતે પાકની સ્થિતિ હતી. આ ટીમનું તારણ આવે છે કે ૫૦થી ૬૦ દિવસની ફેર રોપણી બાદના કોબીજના પાકમાં દડા બંધાવવાની શરૂઆત થઇ છે. જે પ્રાથમિક તબક્કે હોય. જેથી કમિટી દ્વારા દડાની વજન, સાઇઝ તથા ઉત્પાદનનો હાલનો તબક્કે અંદાજ લગાવવો મુશ્કેલ છે. એવું અમારી ટીમનું પ્રાથમિક દ્રષ્ટીએ તારણ આવે છે. પછી દાંતીવાડા કૃષિ યુનિવર્સિટીની ડાયગ્નોસ્ટિક ટીમ, વૈજ્ઞાનિકોની ટીમ બનાવી જેની અંદર સંશોધન વૈજ્ઞાનિક બીજ મસાલા, સહ પ્રાધ્યાપક વનસ્પતિ રોગશાસ્ત્ર, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક બીજ મસાલા, સંશોધન કેન્દ્ર એ રીતે સ્વ સંશોધન વૈજ્ઞાનિક, મદદનીશ સંશોધન વૈજ્ઞાનિક, જિલ્લા ખેતીવાડી અધિકારી સાબરકાંઠા. આમ કુલ ૬ અધિકારીઓની ટીમ બનાવી ફરી પાછા બીજા રાઉન્ડમાં ડાયગ્નોસ્ટિક ટીમ દ્વારા તા. ૨૨ માર્ચ, ૨૦૨૧ના રોજ તપાસ કરાવેલ. એમાં કમિટીનું તારણ આવ્યું છે. પાક નિષ્ફળતાની રજૂઆત કરનાર ખેડૂતોના ખેતરમાં મોટા ભાગના છોડના બાહ્ય લક્ષણો જેનું ડેમોન્સ્ટ્રેશન ન થઇ શકે,પણ પાકની સ્થિતિના બધા ફોટા છે. શ્રી અશ્વિનભાઇને જોવા હશે તો પાછળથી બતાવી શકીશ. પાકની આજની સ્થિતિ છે. છોડના પાંદડાની કિનારી થોડીક ખાંચાખૂંચીવાળી છે. એવું અધિકારીની ટીમનું કહેવાનું છે. માનનીય અધ્યક્ષશ્રી, પાકની આજની સ્થિતિ છે તેમાં છોડમાં પાંદડાની કિનારી થોડીક ખાંચાખૂંચીવાળી છે એવું અમારા અધિકારીઓની ટીમનું કહેવાનું છે. પાનની સપાટી ખરબચડી છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આપ આખરી તારણ કહી દો.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં કમિટીના તારણ મુજબ પ્રાથમિક દૃષ્ટિએ પાક નિષ્ફળ જાય તેવા કોઇ સંજોગો નથી. ટીમનું તારણ એવું છે કે, ૧૫થી ૨૦ દિવસની અંગર કોબીજના ગોટા બંધાવવાનું શરૂ થશે. હા, એ વાત સાચી છે કે, જે ગ્રીન કલરનો પાક હોય તેના બદલે આ કોબીજના પાકમાં કલરમાં થોડોક ફેરફાર થાય છે. આ પાકનું એ સ્ટેજ નથી આવ્યું કે, ગોટાનું બંધારણ શરૂ થાય. ગોટી લગભગ ૬૫ થી ૭૦ દિવસ પછી બનવા લાગે છે. અહીંયાં ૪૦થી ૬૦ દિવસનો સમયગાળો થયો છે.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રીએ આઠ મિનિટનો વિગતવાર જવાબ આપ્યો છે. છતાં તમારે તેના કોઇ કાગળો જોવા હોય તો તેમની પાસેથી જોઇ લેજો.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, વર્ગ–૨ના અધિકારીઓને પાછા ચકાસણી માટે મોકલ્યા અને તેમાં મોટાભાગના ખેતરોમાં પાકની ફેર રોપણી અંદાજિત ૧૫થી ૬૦ દિવસના ગાળામાં થયેલ હોવાનું પ્રાથમિક તારણ આવે છે. તેમાં ૫૦થી ૬૦ દિવસની ફેર રોપણી બાદ કોબીજના પાકના દડાઓ બંધાવવાની શરૂઆત હવે થશે. અમે કંપનીને પણ કારણદર્શક નોટિસો આપી છે. કંપનીએ પ્રથમ જે જવાબ આપ્યો છે...

અધ્યક્ષશ્રી : આમાં જવાબની જરૂર નથી. આપનું આખરી તારણ આવી ગયું છે.

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી,આપણે કંપનીને બંધનમાં લીધી છે.આ ખેડૂતોના ખેતરમાં...(અંતરાય) માનનીય અશ્વિનભાઇ એક મિનિટ, એક મિનિટ. હવે કન્કલુઝન ઉપર આવું છું. કંપનીને અમે બંધનમાં લીધી છે કે, આ

ખેડૂતોના ખેતરમાં તમારું પેકીંગવાળું બિયારણ લઇને જે વાવેતર થયું છે તે બિયારણના સેમ્પલ અમે પણ લઇ લીધા છે. કલેક્ટ કરી અમારી પ્રયોગશાળા છે તેમાં ટેસ્ટિંગ માટે મોકલી દીધા છે. આ બિયારણ નકલી છે કે કોઇ ખામીયુક્ત છે તે બધી જ બાબતોની ચકાસણી અમારી લેબોરેટરીમાં જરૂરથી થવાની છે. કંપનીને અમે બંધનમાં લીધી છે. કંપનીએ છેલ્લા જવાબમાં જે બાંહેધરી આપી છે તે હું વાંચું છું. કંપનીના રિજિયોનલ મેનેજરે એમ કહ્યું છે કે, હું ખાતરી આપું છું કે, નામધારી સીડસ્ પ્રાઇવેટ લિમિટેડ ખેડૂતોને તેમની સેવાઓ આપવા કટિબદ્ધ છે અને પાકની પરિપક્વ અવસ્થા એટલે કે ૯૦ દિવસ સુધીમાં કોબીજના દડા ન બંધાય તો ખેડૂતોને થયેલ નુકસાનનું વળતર આપવા કંપની જવાબદાર છે. કંપનીને આપણે રેકર્ડ ઉપર બંધનમાં લઇ લીધી છે.

અધ્યક્ષશ્રી : હવે કંઇ રહે છે? માનનીય અશ્વિનભાઇ આપનો ટૂંકી મુદતનો જે પ્રશ્ન છે તે તારાંકિત પહેલાં લેવાતો હોય છે અને તેમાં ૧૨ મિનિટ થઇ છે. એક જ સવાલ તમે પૂછી લો. બીજા કોઇને નહીં હવે. ૧૨ મિનિટ ગઇ છે. એક જ સવાલ પૂછી લો. કોઇને નહીં હવે.

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું, આ પ્રશ્ન એટલા માટે મહત્ત્વનો છે કે આ બિયારણની વાત આવી ત્યારે અમારા ખેડબ્રહ્મા અને પોશીના તાલુકાની અંદર આદિવાસી સમાજ પહેલાં પટેલ સમાજ કપાસના બિયારણ બનાવવાની ખેતી કરતા હતા. આજે વિજયનગર, ખેડબ્રહ્મા અને પોશીનાના આદિવાસીઓ કપાસનું બિયારણ બનાવે છે. મોટા પ્રમાણમાં આ કપાસના બિયારણનું વાવેતર કરે છે. તેના સારા ભાવ મળે તેના માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રીને હું રૂબરૂ મળ્યો હતો. મેં વાત કરી હતી કે, આનો ભાવ બહુ ઓછો મળે છે. રાજ્ય સરકાર આ જે આદિવાસીઓ આ કપાસનું બિયારણ તૈયાર કરે છે તેમને કોઇ સહાય કે સબસિડી આપવા માગે છે કે કેમ?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ કપાસના બિયારણના સંદર્ભમાં કહું તો તેના ભાવ ભારત સરકાર નક્કી કરતી હોય છે. બી.ટી. કપાસના બિયારણમાં શ્રી અશ્વિનભાઇની વાતમાં દમ છે. આ સાઉથ ઇન્ડિયન કંપનીઓ ગુજરાતની અંદર આવીને અને તેમાંય વિજયનગર, પોશીના અને ખેડબ્રહ્મા વિસ્તારની અંદર કપાસના બિયારણના પ્લોટ કરતા હોય છે. ભોળા આદિવાસી ખેડૂતોને પ્રોત્સાહિત કરે, એક વખત તેમનું બિયારણ બની જાય, પ્લોટ તૈયાર થઇ જાય એટલે બિયારણ લોઢાવી, કઢાવીને લઇ જાય છે. ખેડૂતોનું બિયારણ સંતોષકારક ભાવે જે ખરીદવું જોઇએ તે ખરીદાતું નથી એટલે તેમની વાતમાં તથ્ય છે. અમે સરકાર તથા કૃષિ વિભાગના નિયામકશ્રીના ધ્યાનમાં આ બાબત મૂકી છે. આ વર્ષે આપણા આદિવાસી ખેડૂતોને કે જયાં બિયારણના પ્લોટ બને છે તેવો એકપણ ખેડૂત છેતરાય નહીં તથા આવી કંપનીઓને દબાવીને ૪૦૦ થી ૫૦૦ રૂપિયા પ્રતિ કિલો મળે તે માટેના પ્રયાસો કરવાના છીએ. હું તેમને સરકાર વતી હૈયાધારણ આપું છું.

## તારાંકિત પ્રશ્નો

### પાટણ જિલ્લામાં વ્યાયામ શાળાઓને આર્થિક સહાય આપવાની યોજના

૩૭૫૪૦ **શ્રી ભુપેન્દ્રભાઇ પટેલ** (ઘાટલોડિયા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રમત ગમત ક્ષેત્રે કામ કરતી વ્યાયામ શાળાઓને આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી |
| (૨) જો હા, તો તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી વ્યાયામ શાળાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી? | (૨) પાટણ જિલ્લામાં માન્યતા પ્રાપ્ત એકપણ વ્યાયામ શાળા નથી. જેથી આર્થિક સહાય પૂરી પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને આપના દ્વારા હું પૂછવા માગું છું કે, વ્યાયામ શાળાની માન્યતા આપવાના માપદંડો ક્યા ક્યા છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ રાજયની અંદર વ્યાયમ શાળાઓને જે મંજૂરી આપવામાં આવે છે એના માપદંડોમાં માન્યતા મેળવવા અરજી કરનાર વ્યાયમ શાળાનું સંચાલક મંડળ રજીસ્ટ્રેશન ઓફ સોસાયટી એક્ટ ૧૯૬૦ હેઠળ નોંધાયેલું હોવું જોઇએ, વ્યાયામ શાળા દરરોજ સવાર સાંજ મળી કુલ ૬ કલાક વ્યાયામની પ્રવૃત્તિ કરતી હોવી જોઇએ, વ્યાયામ શાળા પાસે ઓછામાં ઓછી ૧૦૦૦ ચોરસ મીટરના ખુલ્લા મેદાનની સગવડ હોવી જોઇએ, વ્યાયામ શાળા કોઇ પણ પ્રકારના નાત–જાત–ધર્મના ભેદભાવ વગર રમતવીરો માટે વ્યાયામની પ્રવૃત્તિ કરતી હોવી જોઇએ, વ્યાયામ શાળામાં જીમ્નાસ્ટીક, બોડી બિલ્ડીંગ, વેઇટ લિફ્ટીંગ, જૂડો, કૂસ્તી, યોગ જેવી પ્રવૃત્તિઓ ફરજિયાત કરવામાં આવતી હોવી જોઇએ. આ ઉપરાંત દંડ–બેઠક, મલ્ખમ, લાઠી, લેજીમ, ફરસુ, ભાલા, તલવાર, ઢાલ જેવી અનેક પ્રવૃત્તિઓ તેમજ કબડ્ડી, ખોખો, ગીલ્લી–દંડા તેમજ આંબલી–પીપળી જેવી દેશી રમતો પણ શીખવાડવામાં આવતી હોવી જોઇએ, વોલીબોલ, બાસ્કેટ બોલ, હોકી, એથ્લેટીક્સ વગેરે ઑલમ્પિક રમતો પણ શીખવતી હોવી જોઇએ તેમજ વ્યાયામ શાળામાં ઉપરોકત પ્રવૃત્તિઓને અનુરૂપ

પ્રમાણભૂત સાધનો હોવા જોઇએ. આ શાળામાં દરરોજ ઓછામાં ઓછા ૩૦ વ્યાયામવીરો ફરજિયાત વ્યાયામની પ્રવૃત્તિ કરતા હોવા જોઇએ. આવા અનેક માપદંડો છે કે જેને આધારે વ્યાયામ શાળાની મંજૂરી આપવામાં આવે છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, વ્યાયામ શાળાઓને અનુદાન આપવામાં આવે છે કે કેમ અને કયા હેતુઓ માટે અનુદાન આપવાવામાં આવે છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, વ્યાયામ શાળાઓને રાજય સરકાર તરફથી વાર્ષિક અનુદાન આપવામાં આવે છે એમાં વહીવટી ખર્ચમાં કર્મચારીના પગાર, મોંઘવારી ભથ્થા બીજા અન્ય ભથ્થા, કચેરી ભાડું, સ્ટેશનરી–પ્રિન્ટીંગ ખર્ચ, તાર–ટપાલ, ટેલિફોન ખર્ચ, વીજળી તથા અન્ય વેરાના ખર્ચ તથા મેદાન જાળવણીનો ખર્ચ, વ્યાયામ શાળાને લગતા સામયિકો તથા વર્તમાન પત્ર વગેરેનો ખર્ચ, વ્યાયામ શાળાની ફરજિયાત રમતો તથા ઑલમ્પિક રમતો અંગે યોજાયેલ સ્પર્ધાઓનો ખર્ચ, વ્યાયામ પ્રવૃત્તિના વિકાસ અર્થે વ્યાયમ શાળાએ કરેલ પ્રચાર અંગેનો ખર્ચ, શિબિર ખર્ચ વ્યાયામ શાળાના સંચાલકો તથા વ્યાયામવીરોએ કરેલ પ્રવાસ ખર્ચ તથા સાધન માટેનો ખર્ચ વગેરેના ખર્ચ માટે વ્યાયમ શાળાઓને વાર્ષિક અનુદાન આપવામાં આવે છે.

**તાપી જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય**

૩૭૭૧૭ **શ્રી કાંતીભાઇ બલર** (સુરત ઉત્તર) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજયકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| તા. ૩૧–૦૩–૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે? | ૧૨ |

શ્રી કાંતીભાઇ હિં. બલર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી આપના દ્બારા જાણવા માગુ છું કે, તારીખ ૩૧.૦૩.૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કઇ કઇ સેવા સહકારી મંડળીઓને કેટલી રકમનું ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાય આપવામાં આવેલ છે?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપવા માટે ધિરાણ અને વસુલાત વૃદ્ધિ સહાયની રાજય સરકારની આ યોજના છે. તાપી જિલ્લામાં આદિજાતિ વિસ્તારમાં ૭ અલગ અલગ મંડળીઓ છે જેને ધિરાણ વૃદ્ધિ સહાય ૩,૧૮,૧૦૦ રૂપિયા આપવામાં આવી છે અને વસુલાત વૃદ્ધિ સહાય ૧,૨૭,૩૦૦ રૂપિયા એમ કુલ મળીને ૪,૪૫,૪૦૦ રૂપિયાની સહાય આપવામાં આવેલ છે. એજ રીતે તાપી જલ્લામાં કુલ ૫ સેવા સહકારી મંડળીઓને વર્ષ ૨૦૧૯–૨૦માં ૯૪,૩૦૦ રૂપિયા ધિરાણ વૃદ્ધિ સહાય માટે અને ૧,૮૯,૮૦૦ રૂપિયા વસુલાત વૃદ્ધિ સહાય એમ કુલ ૨,૮૪,૧૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી છે.

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તાપી જિલ્લામાં તાલુકાવાર વૃદ્ધિ સહાય યોજના કેટલી મળી?

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા :માનનીય અધ્યક્ષશ્રી, મેં હમણાં જ આગલા પ્રશ્નનો જવાબ આપ્યો એમાં આખા તાલુકાની મંડળીની વાત કરી હતી પણ સભ્યશ્રીએ તાલુકાવાર વિગત માગી છે..

અધ્યક્ષશ્રી : તાલુકાવાર જોઇએ છે?

શ્રી સુનિલભાઇ ર. ગામીત :હા, તાલુકાવાર જોઇએ છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા :માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૧૮–૧૯માં કુકરમુંડા તાલુકાની વિસાવર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને ધિરાણ વૃદ્ધિ સહાય રૂપિયા ૫૦,૦૦૦ આપવામાં આવી છે, નિઝર તાલુકાની અંદર વાંકા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને ધિરાણ વૃદ્ધિ સહાય રૂપિયા ૫૦,૦૦૦ આપવામાં આવી છે. એવી જ રીતે કુકરમુંડા તાલુકાની નિંભોરી વિભાગ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને ૫૦,૦૦૦ રૂપિયાની સહાય આપવામાં આવી છે. કુકરમુંડા તાલુકાની અસરાબા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને રૂપિયા ૫૦,૦૦૦ની રકમ આપવામાં આવી છે. કુકરમુંડા તાલુકાની બારડે વિભાગ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને રૂપિયા ૫૦,૦૦૦ની સહાય આપવામાં આવી છે. નિઝર તાલુકાની કાલીઆંબા વિભાગ વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને રૂપિયા ૧૮,૧૦૦ ધિરાણ વૃદ્ધિ સહાય અને રૂપિયા ૨૭,૩૦૦ વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવી છે. વાલોદ તાલુકાની અંદર પહેલા જ ગુહારી વિરપોર સેવા સહકારી મંડળીને ૫૦,૦૦૦ રૂપિયા ધિરાણ વૃદ્ધિ સહાય અને રૂપિયા ૫૦,૦૦૦ વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવી છે. એવી જ રીતે વર્ષ ૨૦૧૯–૨૦માં નિઝર તાલુકાની વાંકા વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને ૫૦,૦૦૦ રૂપિયાની વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવી છે. નિઝર તાલુકાની ધી વેલદા સેવા સહકારી મંડળીને ૫૦,૦૦૦ રૂપિયા ધિરાણ વૃદ્ધિ સહાય અને ૫૦,૦૦૦ રૂપિયા વસૂલાત વૃદ્ધિ એટલે કે એક લાખ રૂપિયા સહાય આપવામાં આવી છે. નિઝર તાલુકાની નિઝર વિવિધ કાર્યકારી સેવા સહકારી મંડળીને ૫૦,૦૦૦ રૂપિયાની વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવી છે. સોનગઢ તાલુકાની સિંગપોર વિભાગ મોટા કદની કૃષિ સેવા સહકારી મંડળીને રૂપિયા ૪૪,૩૦૦ ધિરાણ વૃદ્ધિ સહાય અને રૂપિયા ૧૯,૪૦૦ વસૂલાત વૃદ્ધિ સહાય આપવામાં આવી છે. નિઝર તાલુકાની નિઝર સેવા સહકારી મંડળીને વસૂલાત વૃદ્ધિ માટે રૂપિયા ૨૦,૪૦૦ આમ મળીને વર્ષ

૨૦૧૮-૧૯ અને વર્ષ ૨૦૧૯-૨૦માં વસૂલાત વૃદ્ધિ અને ધિરાણ વૃદ્ધિ સહાય તાલુકાવાર મંડળીઓને અલગ અલગ રીતે આપવામાં આવી છે.

શ્રીમતી ઝંખનાબેન હિ. પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, મને મારા પ્રશ્નનો જવાબ મળી ગયો છે.

**રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના**

૩૮૬૨૯ **શ્રી ચિરાગભાઇ કાલરીયા** (જામજોધપુર) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા. ૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ) અંતર્ગત કૃષિ ઉત્પાદન વધારવા કોઇ કામગીરી હાથ ધરવામાં આવે છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત યોજના માટે કેટલી રકમની જોગવાઇ કરવામાં આવી, અને

(૩) તે પૈકી ઉક્ત સ્થિતિએ ઉક્ત વર્ષવાર કેટલી રકમ વપરાઇ અને કેટલી રકમ ક્યા કારણોસર વણવપરાયેલી રહી?

**જવાબ**

(૧) હા, પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના (વોટરશેડ કમ્પોનન્ટ)માં મંજૂર થયેલ વોટરશેડ પ્રોજેક્ટ વિસ્તારમાં ભુમિ અને ભેજસંરક્ષણ તથા જળસંગ્રહની કામગીરી કરવામાં આવે છે.

(૨)

(રૂ.લાખમાં)

| વર્ષ ૨૦૧૯-૨૦ | વર્ષ ૨૦૨૦-૨૧ |
|---|---|
| ૩૦૭૬૮.૧૨ | ૧૯૪૮૮.૦૦ |

(૩)

(રૂ.લાખમાં)

| ક્રમ | વર્ષ | થયેલ ખર્ચ | વણવપરાયેલ રકમ |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯-૨૦ | ૧૫૨૧૧.૧૬ | ૧૫૫૫૬.૯૬ |
| ૨ | ૨૦૨૦-૨૧ (તા. ૩૧-૧૨-૨૦ અંતિત) | ૧૦૬૯૦.૩૨ | (વર્ષ ચાલુ છે.) |

**ખર્ચ ના થવાના કારણોઃ** લોકસભા સામાન્ય ચૂંટણીની આચારસંહિતાના કારણે, વધુ વરસાદના કારણે સતત પાણીની આવક તથા કામોના સ્થળે વરસાદી પાણીનો ભરાવાના કારણે, કોરોના મહામારીમાં માર્ચ-૨૦૨૦માં લોકડાઉન થવાના કારણે, કોરોના મહામારીની માર્ગદર્શિકા મુજબ આંતર જિલ્લા પરીવહનને મંજુરી ન હોય કોન્ટ્રાક્ટર તથા મજુરો ઉપલબ્ધ ન હોવાના કારણે, ટેન્ડરના નીચા ભાવના કારણે તેમજ વહીવટી કારણોસર વણવપરાયેલ રકમ રહેવા પામેલ છે. જે તે વર્ષની વણવપરાયેલ રકમ આવતા વર્ષે ખર્ચે કરવામાં આવે છે.

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : હું આપના મારફતે માનનીય મંત્રીશ્રીને પુછવા માગું છું કે, મારા મત વિસ્તાર જામજોધપુર, લાલપુરમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના હેઠળ ક્યાં ક્યાં કામ ચાલુ છે અને હાલ તે કઇ સ્થિતિએ છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ :માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીના જામનગર જિલ્લાના જોડીયા અને કાલાવાડ બે તાલુકાની અંદર કામો છે એમાં ભૂમિ ભેજ સંરક્ષણના વર્ષ ૨૦૧૮-૧૯ની અંદર ૨૫૮ કામો કર્યા છે અને ૪,૫૨,૦૭૨ રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અને જોડીયા તાલુકાની અંદર ત્રણ કામો કરવામાં આવ્યા છે અને એમાં ૧ કરોડ ૫૮ લાખ ૫૫ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. જામનગર જિલ્લાના ૬ તાલુકાઓ પૈકી જામનગરના ધ્રોળ તથા લાલપુર તાલુકામાં એક પણ પ્રોજેક્ટ મંજૂર કરેલ નથી..

અધ્યક્ષશ્રી : માનનીય ચિરાગભાઇ, મુશ્કેલી શું છે?

શ્રી ચિરાગભાઇ ર. કાલરીયા : મારા વિસ્તારના એક પણ આવ્યા નથી તો એ મંજૂર કરવા માગો છો કે કેમ?

શ્રી આર.સી.ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, આ વોટરશેડ યોજના ભારત સરકારની યોજના છે અને ભારત સરકારે છેલ્લે વોટરશેડ યોજનાના બેચ નંબર-૫ અને ૬ સને ૨૦૧૮ની સાલમાં બંધ કર્યા છે. હવે પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇના કોમ્પોનન્ટ ઉપર કામ કરવામાં આવે છે. આખા દેશના બધા રાજ્યોને ભારત સરકારે સૂચના આપી હતી કે, વોટરશેડની કામગીરીના તમારા હાથ ઉપર જેટલા કામ હોય એ પૂરા કરવાના અને અધૂરા હોય તો સ્ટેટ બજેટમાંથી ખર્ચ કરીને એ કામ પૂરા કરવા. આપણે ત્યાં છેલ્લાં બે વરસથી સ્ટેટ બજેટમાંથી નાણાં ફાળવી વોટરશેડના બેચ નંબર-૫ અને ૬ના કામો પૂરા કરવામાં આવે છે.

## તારાંકિત પ્રશ્નો

શ્રી ગોવિંદભાઇ પટેલ : પ્રધાનમંત્રી સિંચાઇ યોજના અંતર્ગત વોટરશેડના જે કામો થયા છે એ અંગેનો કોઇ રાષ્ટ્રીય એવોર્ડ ગુજરાત સરકારને પ્રાપ્ત થયો છે કે કેમ?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આ કાર્યક્રમની નંબર–૫ અને ૬ છેલ્લી બેચ છે, આગલી ૪ બેચની આપણે ખૂબ સારી કામગીરી કરી છે પૂરા રાજ્યની અંદર પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ વોટરશેડ કોમ્પોનન્ટ હેઠળ કામગીરી અંગે જે નેશનલ એવોર્ડ આપણને મળ્યાં છે વર્ષ ૨૦૨૦–૨૧માં વોટર શેડને બે નેશનલ એવોર્ડ મળેલ છે. ભારત સરકારના Water Resort River Development and Ganga Rejuvanation Department, Ministry of જલશકિત દ્વારા જિલ્લા સ્ત્રાવ વિકાસ એકમ ભરૂચ જિલ્લાને revival of river category in best zone માં સેઇફ જિલ્લા તરીકે બીજા સ્થાને ૧૧–૨૦૨૦ના રોજ નેશનલ એવોર્ડ ૨૦૧૯ મળેલો છે. એ જ રીતે ભારત સરકારના water resort river development and Ganga rejuvanation department, Ministry of જલશકિત દ્વારા જલસ્ત્રાવ વિકાસ સમિતિ નાની બાલાછોડ અને જિલ્લા સહકારની વિકાસની નીતિ મોટી બાલાછોડ જિલ્લા કચ્છને બે જિલ્લા પંચાયત વોટર કચેરીઓ કેટેગરી ઇન બેસ્ટ ઝોનમાં સેઇફ કામગીરી તરીકે દ્વિતીય સ્થાને તારીખ ૧૨–૧૧–૨૦૨૦ના રોજ નેશનલ એવોર્ડ ૨૦૧૯ આપવામાં આવેલો છે એ માટે હું રાજ્યના મુખ્યમંત્રીશ્રીને પણ અભિનંદન પાઠવું છું.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા જવાબમાં માનનીય મંત્રીશ્રીએ જે આંકડા આપ્યા છે તે મુજબ ૨૦૧૯–૨૦ના વર્ષ કરતા ૨૦૨૦–૨૧ના વર્ષમાં જે રકમની ફાળવણી કરી છે તેમા લગભગ રૂપિયા ૧૧,૨૮૦ લાખનો ઘટાડો કરવામાં આવ્યો છે એટલે ઘટાડો કરવાના કારણો શું છે ? બીજુ, ૨૦૧૯–૨૦ના વર્ષમાં જે રકમની ફાળવણી કરવામાં આવી તેમાંથી ૫૦ ટકા જેટલી જ રકમ ખર્ચ થઇ છે. નીચે કારણો આપ્યા છે તેમા લોકસભાની ચૂંટણી અને બાકીની વિગતો લખી છે પણ તેનો સમયગાળો જોઇએ તો લગભગ દસ મહિના જેટલો ચોખ્ખો કામ કરવા માટે મળ્યો હોય એવું ચોખ્ખું દેખાઇ આવે છે તો ૫૦ ટકા રકમ જ ખર્ચ થવા પાછળના કારણો શું છે? અને આમા કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, આમાં ૬૦:૪૦નો આપણો રેશિયો છે તેમાં વર્ષ ૨૦૧૯–૨૦ની અંદર કેન્દ્ર સરકારના ૧૨૨ કરોડ ૪૯ લાખ ૭ હજાર રૂપિયા અને રાજ્ય સરકારના ૮૧ કરોડ ૬૬.૦૫ લાખ રૂપિયા કુલ ૨૦૪ કરોડ ૧૫ લાખ ૧૨ હજાર રૂપિયા અને પ્રધાન મંત્રી કૃષિ યોજના વોટર શેડ componentનો સો ટકા ફાળો રાજ્ય સરકારનો છે તેમજ રૂપિયા ૧૦૩ કરોડ ૫૩ લાખ કુલ મળીને રૂપિયા ૩૦૭.૬૮ લાખ ૧૨ હજારની જોગવાઇ કરવામાં આવી હતી અને તે પૈકીના કેન્દ્ર સરકારના ફાળા પેટે ૯૧ કરોડ ૨૬.૭૦ લાખ રૂપિયા અને રાજ્ય સરકારના ૬૦.૮૪ કરોડ ૪૬ લાખ રૂપિયા અને કુલ ૧૫૨ કરોડ ૧૧ લાખ ૧૬ હજાર રૂપિયાનો ખર્ચ કરવામાં આવેલો છે. આ ખર્ચ ન થવાના કારણો પણ માનનીય સભ્યશ્રીએ પૂછયું છે કે ગ્રાન્ટ ઓછી વપરાવાના કારણોમાં ૫૦ ટકા જેવી રકમ બાકી છે તો લોકસભાની સામાન્ય ચૂંટણી એપ્રિલ–૨૦૧૯માં આચાર સંહિતા અમલમાં હતી જેના કારણે ટેન્ડર પ્રક્રિયા કરી શકાય તેમ ન હતી. વધુ વરસાદના કારણે સતત પાણીની આવક અને માર્ચ–૨૦૨૦માં પૂરું વિશ્વ કોરોનાની મહામારીમાં સપડાયેલું હતું એટલે આ સમય દરમિયાન ભારત સરકારશ્રી દ્વારા કોરોનાનું સંક્રમણ ના વધે તે માટે સતત પ્રયત્નશીલ હતી. આ માટે સરકારશ્રી દ્વારા વિવિધ માર્ગદર્શિકાઓ જાહેર કરવામાં આવેલ હતી તેમજ લોકડાઉન વિવિધ તબક્કાવાર જાહેર કરવામાં આવેલ હતું અને સંક્રમણને રોકવા માટે સામાજીક અંતર જાળવવા માટે ખૂબ ભાર મૂકવામાં આવેલો હતો જેના પરિણામે વર્ક ફ્રોમ હોમની સૂચનાઓ, ૫૦ ટકા સ્ટાફના રોટેશનની સૂચનાઓનું ચૂસ્તપણે પાલન થાય તે માટે સરકાર સતત પ્રયત્નશીલ હતી. મર્યાદિત વાહન વ્યવહાર થાય, જનજીવન ઝડપથી થાળે પડે તે માટે માનનીય મુખ્યમંત્રીશ્રી, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી, માનનીય મુખ્ય સચિવશ્રી અને મંત્રીમંડળ પૂરું અને વહીવટી તંત્ર રાત–દિવસ એક કરીને કામગીરી કરતા હતા. કોરોનાની સંક્રમણની પરિસ્થિતિમાં માનવ જીવન બચે તે ખૂબ જરૂરી હતું એ સમયની અંદર ૨૫–૩–૨૦થી ૧૪–૪–૨૦૨૦ એમ ૨૧ દિવસ માટે હતું ત્યાર પછી ૧૯ દિવસ માટે હતું.

અધ્યક્ષશ્રી : ટૂંકમાં ખૂબ કારણો હતા.

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, હા, જી અને અનલોકનો પણ પાંચ જેટલો સમય હતો જેને લીધે આ કામગીરી થઇ શકી નથી અને આ વણવપરાયેલી ગ્રાન્ટ બીજા વર્ષે પણ આપણે વાપરી શકીએ છીએ.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, મારો પ્રશ્ન બહુ સ્પષ્ટ હતો કે, ૨૦૧૯–૨૦ના વર્ષ કરતા ૨૦૨૦–૨૧ના વર્ષમાં ૧૧૨ કરોડ રૂપિયાની જોગવાઇ ઓછી કરવામાં આવી હતી. તો ઓછી કેમ કરવામાં આવી ? બીજા નંબરમાં ૨૦૧૯–૨૦ના વર્ષ માટે રકમ ફાળવી છે તેમાંથી ૫૦ ટકા રકમ વણવપરાયેલી છે અને તેમણે જે કારણો આપ્યા કે લોકસભાની ચૂંટણી તો ૨૦૧૯ના એપ્રિલ અને મેં મહિનામાં લોકસભાની ચૂંટણી હતી. કોરોના વર્ષ ૨૦૧૯–૨૦માં હતો જ નહિ, વર્ષ ૨૦૨૦ના માર્ચ મહિનાના અંતમાં આવ્યો. બાકીના ૧૦ મહિના જેટલો ચોખ્ખો સમય તેમને મળ્યો છે તેમ છતાં ૫૦ ટકા રકમ જ વાપરવાના કારણો શું છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીએ જે વાત કરી છે તેમાં મેં સ્પષ્ટ કારણો બતાવ્યાં છે. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા ૬૦–૪૦ ટકાનું આયોજન કરવામાં આવે છે. આમાં વધારે ઓછાનો સવાલ જ નથી. આ ગ્રાન્ટ જતી નથી પણ આગળના વર્ષમાં વાપરવામાં આવે છે.

શ્રી રાઘવજીભાઇ પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, આ પ્રોજેક્ટના અમલીકરણનું માળખું શું છે? અને આ યોજનાના તબક્કાની શરૂઆત અને ફેરફારો શા છે?

શ્રી બચુભાઇ મ. ખાબડ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્ય સરકારની ગુજરાત સ્ટેટ વોટર મેનેજમેન્ટ એજન્સી, ગાંધીનગરના માધ્યમથી પ્રોજેક્ટનું અમલીકરણ કરવામાં આવે છે. જિલ્લા કક્ષાએ જિલ્લા શ્રમ વિકાસ એકમ અને પ્રોજેક્ટ કક્ષાએ પ્રોજેક્ટ અમલીકરણ સંસ્થા પી.આઈ.ઓ. દ્વારા અને ગ્રામ્ય કક્ષાએ ગ્રામ્ય જળસ્ત્રાવ સમિતિના માધ્યમથી આ કામગીરી કરવામાં આવે છે. યોજનાની શરૂઆત વર્ષ ૧૯૯૫થી વોટર શેડ કાર્યક્રમ અંતર્ગત સુચારુ અને વ્યવસ્થિત ગાઈડલાઈન કરવામાં આવેલી. આ તબક્કામાં ગુજરાત રાજ્ય દ્વારા વધારે પડતી અમલીકરણની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓને આપવામાં આવેલી હતી. આ તબક્કો વર્ષ ૨૦૦૨થી ૨૦૦૩ સુધી અમલમાં હતો. ત્યાર બાદ વર્ષ ૨૦૦૩થી ૨૦૦૪ની યોજના હરિયાળી તરીકે અમલમાં મૂકવામાં આવેલ હતી. આ યોજનાનું અમલીકરણ માળખું, તમામ કામગીરી ગ્રામ પંચાયતને આપવામાં આવેલી હતી. આ તબક્કો વર્ષ ૨૦૦૬થી ૨૦૦૭ સુધીનો હતો. ઉપર જણાવેલ બંને તબક્કાની કામગીરીનું આંકલન કરવા માટે ભારત સરકાર દ્વારા શ્રી એસ. પાર્થસારથીના નેતૃત્વ હેઠળ ટેકનિકલ રચના કરવામાં આવેલી. આ સમિતિ દ્વારા સમગ્ર દેશમાં ભ્રમણ કરી ઉપર જણાવેલ તબક્કામાં સુધારા વધારા સૂચવવામાં આવેલા. શ્રી પાર્થસારથી કમિટીની ભલામણ મુજબ ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૦૮માં ગાઈડલાઈન બહાર પાડવામાં આવેલી જેને કોમન ગાઈડલાઈન ૨૦૦૮ કહેવામાં આવે છે અને વોટર શેડ કાર્યક્રમને ઈન્ટિગ્રેટેડ વોટર શેડ મેનેજમેન્ટ પ્રોગ્રામ તરીકે ઓળખવામાં આવેલ. આ ઉપરાંત ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૧૧માં રીવાઈઝ કમ્પોનન્ટ ગાઈડલાઈન અમલમાં આવી. જેને ન્યુ કમ્પોનન્ટ ગાઈડલાઈન ૨૦૧૧ કહેવામાં આવેલ છે અને વર્ષ ૨૦૧૫–૧૬થી સંકલિત જળસ્ત્રાવ વ્યવસ્થાપન કાર્યક્રમને પ્રધાનમંત્રી કૃષિ સિંચાઈ યોજના તરીકે સમાવવામાં આવેલ છે.

## અમરેલી જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના

૩૯૧૫૪ **શ્રી પ્રતાપ દુધાત** (સાવરકુંડલા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો અમરેલી જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ પણ વાસ્તવિક અમલીકરણ શરૂ કરવામાં આવ્યું નથી અને જેને કારણે અતિવૃષ્ટી અને કમોસમી વરસાદ (માવઠુ)થી અસરગ્રસ્ત ખેડૂતોને ઉક્ત યોજના હેઠળ આર્થિક સહાય મળી નથી તે હકીકત સાચી છે, | (૧) ના, જી. મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના તા. ૧૦–૦૮–૨૦૨૦ના ઠરાવ મુજબ સદરહુ યોજના અમરેલી સહિત રાજ્યના તમામ જિલ્લા માટે અમલી હતી. પરંતુ ઠરાવની જોગવાઇઓ પરિપૂર્ણ થતી ન હોઇ, સહાય ચૂકવવાપાત્ર થતી નથી. |
| (૨) જો હા, તો તેના શાં કારણો છે, અને | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |
| (૩) ઉક્ત યોજના હેઠળ અમરેલી જિલ્લામાં અસરગ્રસ્તોને ક્યાં સુધીમાં સહાય કરવામાં આવનાર છે? | (૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી પ્રતાપ દુધાત : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત ૩૩ ટકાથી વધારે નુકસાની થાય તો સહાય ચૂકવવાની જોગવાઈ છે? જો હા તો કેટલી? ખરીફ–૨૦માં ૩૩ ટકાથી વધારે નુકસાન થયું હોય તેવા રાજ્યના કેટલા જિલ્લા અને કેટલા તાલુકા છે? અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિની જોગવાઈથી વધારે વરસાદ નોંધાયેલ હોય તેમ છતાં જોગવાઈ પ્રમાણે પરિપૂર્ણ થયેલ નથી તો કારણો શું છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મુખ્યમંત્રી કિસાન સહાય યોજના એ સમગ્ર દેશમાં આપણા રાજ્યએ પહેલી શરૂ કરી છે. ખેડૂતોની ચિંતા કરીને માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ અને આદરણીય કૃષિમંત્રીશ્રી ફળદુ સાહેબના માર્ગદર્શન હેઠળ સતત ખેડૂતોને લાભ મળે તે માટે રાજ્ય સરકાર ખેડૂત કલ્યાણના અનેક પગલા ઉઠાવી રહી છે. રાજ્યના વિકાસમાં ખેતી અને ખેડૂતોનો બહુમૂલ્ય ફાળો રહેલો છે. ખેતીની ખરીફ સિઝનમાં અનાવૃષ્ટિ, દુષ્કાળ, અતિવૃષ્ટિ, વાદળ ફાટવું, કમોસમી વરસાદ, માવઠું, જેવાં આકસ્મિક કુદરતી જોખમોનો સામનો કરવો પડે છે. આથી કુદરતી આપત્તિના પ્રસંગોએ ખેડૂતોને થતાં પાક નુકસાન માટે પારદર્શક અને સરળ પધ્ધતિ કે જેમાં, રાજ્યના બધા જ ખેડૂતોનો સમાવેશ થાય અને નુકસાન થયેલ ખેડૂત રહી ન જાય તે ધ્યેય સાથે કુદરતી આપત્તિથી થયેલ પાક નુકસાન સામે ખેડૂતોને સરળતાથી લાભ આપવા અને તમામ પાક અને સમગ્ર રાજ્યના વિસ્તારોને આવરી લે, તેવી આ યોજના રાજ્યમાં અમલમાં મૂકવામાં આવી છે. ખરીફ ૨૦૨૦ની ઋતુમાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના તા. ૧૦.૦૮.૨૦૨૦ના ઠરાવથી અમલ કરવામાં આવી, એમાં જે અનાવૃષ્ટિ છે, અનાવૃષ્ટિમાં તાલુકાના મહેસૂલી રેઈનગેજ મુજબ જે તાલુકામાં ચાલુ સિઝનનો ૧૦ ઇંચથી ઓછો વરસાદ પડેલ હોય અથવા રાજ્યમાં ચોમાસુ શરૂ થાય ત્યાંથી ૩૧મી ઓગસ્ટ સુધીના સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડિયા એટલે ૨૮ દિવસ વરસાદ પડેલ ન હોય એટલે કે સતત શૂન્ય વરસાદ હોય અને ખેતીના વાવેતર થયેલ પાકને નુકસાન થયેલ હોય તેને અનાવૃષ્ટિ દુષ્કાળનું જોખમ ગણવામાં આવે છે. અનાવૃષ્ટિ દુષ્કાળ જોખમ હેઠળ તા.૩૧ ઓગસ્ટ સુધીના સમયગાળામાં બે વરસાદ વચ્ચે સતત ચાર અઠવાડિયા એટલે કે ૨૮ દિવસ વરસાદ પડેલ ન હોય, એટલે કે સતત શૂન્ય વરસાદ હોય તેવી અમરેલી જિલ્લામાં ઘટના બનવા પામેલ નથી. ઋતુનો દસ ઇંચથી ઓછો વરસાદ થયેલ હોય તેવી એક પણ

ઘટના અમરેલી જિલ્લામાં બનેલ નથી. અતિવૃષ્ટિમાં તાલુકાને યુનિટ ગણી અતિવૃષ્ટિના પ્રસંગો જેવા કે વાદળ ફાટવું, સતત ભારે વરસાદ કે જેમાં દક્ષિણ ગુજરાતના રિઝયોનના જિલ્લામાં ભરુચ, નર્મદા, તાપી, સુરત, નવસારી, વલસાડ અને ડાંગ માટે ૪૮ કલાકમાં ૩૫ ઇંચ કે તેથી વધુ અને તે સિવાયના રાજ્યના તમામ જિલ્લાઓમાં ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ મહેસૂલી તાલુકાના રેઇનગેંજ મુજબ નોંધાયેલ હોય અને ખેતીના વાવેતર કરેલ ઉભા પાકમાં થયેલ નુકસાનને અતિવૃષ્ટિનું જોખમ ગણવામાં આવે છે. અમરેલી જિલ્લામાં સળંગ ૪૮ કલાકમાં ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ થયેલ હોય તેવી ઘટના જિલ્લાના એક પણ તાલુકામાં બનેલ નથી. કમોસમી વરસાદ માવઠું તા.૧૫ ઓકટોબરથી ૧૫ નવેમ્બર સુધીમાં મહેસૂલી તાલુકાના રેઇનગેંજમાં સળંગ ૪૮ કલાકમાં ૫૦ મિલીમીટરથી વધુ વરસાદ પડે અને ખેતીના પાકને ખેતરમાં નુકસાન થાય તો તે કમોસમી વરસાદ માવઠાનું જોખમ ગણવામાં આવે છે. તા. ૧૫ ઓકટોબર થી તા. ૧૫ નવેમ્બર દરમિયાન ૪૮ કલાકમાં ૫૦ મિલીમીટર કરતાં વધારે વરસાદ અમરેલી જિલ્લાના બાબરા તાલુકામાં ૫૧ મિલીમીટર થયેલ હતો. એ પ્રમાણે તા. ૧૯.૧૦.૨૦૨૦ અને ૨૦.૧૦.૨૦૨૦ માં ૫૧ મિલીમીટર થયો હતો. જેમાં ઉકત તાલુકામાં સળંગ ૪૮ કલાકમાં ૫૦ મિલીમીટરથી વધુ વરસાદ પડેલ હતો. પરંતુ મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ નિયત જોગવાઇ મુજબનો વરસાદ થાય અને ધોરણસરનું ૩૩ ટકા કે તેથી વધુ પાક નુકસાન થાય તો જ આ યોજનાનો લાભ મળવાપાત્ર છે. અમરેલી જિલ્લામાં ધોરણસરનું પાક નુકસાન થયેલ નથી. તેથી મુખ્યમંત્રી કિસાન સહાય યોજના લાગુ પડતી નથી. એમને જે વાત કરી કે યોજનામાં કંઇ રીતે સહાય આપવામાં આવે છે. તો ૩૩ ટકાથી ૬૦ ટકા જો નુકસાનની ટકાવારી હોય તો એમાં રૂપિયા ૨૦,૦૦૦ પ્રતિ હેકટર મહત્તમ ૪ હેકટરની મર્યાદામાં, ૬૦ ટકાથી વધુ હોય તો રૂપિયા ૨૫ હજાર પ્રતિ હેકટર ૪ હેકટરની મર્યાદામાં, આમ અમરેલી જિલ્લામાં આ યોજના હેઠળ લાભ મળવાપાત્ર નથી.

અધ્યક્ષશ્રી : માનનીય ગોવિંદભાઇ,

શ્રી ગોવિંદભાઇ પટેલ : મારો જવાબ મળી ગયો.

અધ્યક્ષશ્રી : મને પણ એવું લાગ્યું કે આટલો લાંબો જવાબ છે, હવે પ્રશ્ન ન હોવા જોઇએ. વિગતવાર જવાબ આપ્યો છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ વાત કરી કે, મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં ખેડૂતોને સહાય મળી છે, એના ઘણા બધા ફાયદાઓ થયા છે. ખેડૂતોને પોતાને ખેતીમાં નુકસાન થયા છે તેના વળતર મળ્યા છે. પરંતુ મને મંત્રીશ્રીએ પોતાના જવાબમાં જણાવ્યું કે, ૪૮ કલાકમાં વધારે વરસાદ નોંધાયો હોય તેને જ આપણે ગણીએ. પરંતુ અછત મેન્યુઅલ પ્રમાણે કોઇપણ તાલુકામાં સરેરાશ વરસાદના ૮૦ ટકા ઓછા અથવા ૧૨૦ ટકા એ સરેરાશ વરસાદ ગણવામાં આવે છે, પણ એની કરતાં વધારે વરસાદ થાય એટલે અછત મેન્યુઅલ પ્રમાણે વધારે વરસાદ ગણવામાં આવે છે. મારે માનનીય મંત્રીશ્રીને આપના મારફત આંકડા આપવા છે કે, અમરેલી જિલ્લામાં ૬૪૪ એમ.એમ., વરસાદ સરેરાશ છે. આ વર્ષે ૧૦૩૩ એમ.એમ. પડ્યો એટલે ૧૬૦ ટકા વરસાદ પડ્યો, એમ બાબરા તાલુકામાં ૧૫૫ ટકા વધારે પડ્યો. મેન્યુઅલ પ્રમાણે ૬૨૧ છે, ૯૬૪ પડ્યો. લાઠી તાલુકામાં ૬૨૩ અને ૮૬૪ પડ્યો. બાગસરામાં ૬૫૪ ને બદલે ૧૨૫૯ પડયો. માનનીય અધ્યક્ષશ્રી, ટકાવારી આપું તો લાઠીમાં– ૧૭૨ ટકા વધારે, બાબરામાં–૧૫૫ ટકા વધારે, અમરેલીમાં –૧૬૦ ટકા વધારે, બગસરામાં ૧૯૨ ટકા, ધારીમાં – ૧૨૦ ટકા અને જાફરાબાદમાં – ૧૮૦ ટકા, ખાંભામાં–૧૮૮ ટકા, લીલીયામાં–૧૭૪ ટકા, રાજુલામાં ૧૯૨ ટકા, સાવરકુંડલામાં–૧૪૪ ટકા અને વડીયામાં–૧૫૫ ટકા તા.૧૯.૯.૨૦૨૦ના કલેકટરશ્રી તરફથી મેળવેલા આંકડા છે. એ પ્રમાણે મળ્યા છે. ત્યારે એક બાબરા તાલુકાને લાભ મળ્યો છે. મારો વિસ્તાર છે મને આનંદ થયો છે. પરંતુ બીજા તાલુકાઓને પણ આ મેન્યુઅલ પ્રમાણે લાભ મળે એ સહાય ચૂકવાણી નથી એટલા માટે માનનીય પ્રતાપભાઇ આ પ્રશ્ન લઇને આવ્યા છે. માનનીય મુખ્યમંત્રીશ્રી પણ હાજર છે ત્યારે એમણે આ યોજના અમલમાં લાવ્યા છે, ગુજરાત રાજ્યમાં આખા દેશમાં પ્રથમવાર લાવ્યા છીએ. ત્યારે ખરેખર જેમને ત્યાં વરસાદ પડયો છે લાભ આપવો જોઇએ એવી માગણી સાથે માનનીય મંત્રીશ્રી આમાં મોટું મન રાખી આ અમારી માગણી પૂરી કરે એવી અમારી લાગણી વ્યકત કરું છું.

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, યોજનાની ગાઇડ લાઇનને લાગે વળગે છે ત્યાં સુધી માનનીય મંત્રીશ્રીએ જવાબ બિલકુલ સ્પષ્ટ આપ્યો છે. ૪૮ કલાકમાં અતિવૃષ્ટિ જેને ગણવામાં આવી છે, હેવી રેઇન જેને ગણવામાં આવ્યો છે. એ સાઉથ ગુજરાતના ૬ જિલ્લાની અંદર ૪૮ કલાકમાં ૩૫ ઇંચથી વધારે વરસાદ થયો હોય તો એને અને ૩૩ ટકા નુકસાન અને ઉભા પાકને ૩૩ ટકા નુકસાન થયું હોય આ ગાઇડ લાઇન છે.

બાકીના શેષ ગુજરાતની અંદર ૪૮ કલાકની અંદર ૨૫ ઇંચ કે તેથી વધુ વરસાદ થયો હોય અને ૩૩ ટકાથી વધારે નુકસાન એસ.ડી.આર.એફના જે ધોરણો છે એ તો આપણે જાળવવા જ પડે નહીંતર તો આપણી આ જે યોજનાઓ છે આખરે જે ખર્ચ આપણે કરીએ છીએ ઓડિટમાં પારાઓ આવે. એટલે ભારત સરકારે નક્કી કરેલા છે એ ધોરણો જાળવ્યા જ છે. એ રીતે અનાવૃષ્ટિનું પણ સ્પષ્ટ છે. એટલે યોજનામાં વરસાદના આંકડાઓ છે એ આજના તબક્કે યોજનાની ગાઇડ લાઇન પ્રમાણે કયાંય આખા ગુજરાતમાં કોઇ જગ્યાએ અમૂક વિસ્તારો એવા છે કે જયાં ૫૦ એમ.એમ. કે ૫૧ એમ.એમ. વરસાદ થયો છે. યોજનાની ગાઇડ લાઇન પ્રમાણે ૩૩ ટકાથી વધારે નુકસાન નથી અને જો નુકસાન હોત તો અમારી ટીમોએ બધી જગ્યાએ જિલ્લા વહીવટી તંત્રએ સરવે કરીને અમને અહેવાલ આપ્યા છે. એના આધારે કરીએ છીએ એટલે બાકી ચૂકવી શકયા નથી.

## તા. ૨૫મી માર્ચ ૨૦૨૧

## તારાંકિત પ્રશ્નો

શ્રી અમરીષભાઇ જી. ડેર : આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા ઇચ્છું છું કે દરેક સરકારોએ ખેડૂતોને મદદરૂપ થવા માટે જુદી જુદી યોજનાઓ અમલમાં મૂકી છે. પ્રધાનમંત્રી ફસલ વિમા યોજના હોય તોય ભલે, મુખ્ય મંત્રી કિસાન યોજના હોય તોય ભલે, એસ.ડી.આર.એફ હોય તો પણ ભલે કે અન્ય કોઇ યોજના હોય તો પણ ભલે. હાથીના પગમાં બધાય પગ આવી જાય એ રીતે પ્રધાનમંત્રી ફસલ વિમા યોજનાની અંદર જે કોઇ સહાય ચૂકવવાની હોય તેવા બધા જ મુદ્દાઓ ગાઇડ લાઇન પ્રમાણે જો એક યોજનામાં આવી જાય તો જેથી કરીને ખેડૂતને જુદી જુદી જગ્યાએ જવું કે દોડવું ન પડે. જયારે પણ જેવા પ્રકારની જે નુકસાની થાય તો એમાં એને સરળતા થઇ શકે, તો આપના માધ્યમથી મંત્રીશ્રીને પૂછવા ઇચ્છું છું કે કોઇ પણ એક યોજના તળે ખેડૂતોના તમામ પ્રશ્નો આવરી લેવા માટેનું આપનું કોઇ આયોજન છે કે કેમ?

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મારે રાજકીય જવાબ આપવો નથી. અમારી સરકારનું કમિટમેન્ટ છે કે રાજયના ખેડૂતોની આવકો બમણી થાય વર્ષ ૨૦૨૨ આવતાં, આવતાં (અંતરાય) ભારતના પ્રધાનમંત્રીજીએ જે આહ્વાન આપ્યું છે એ આહ્વાનને ચરિતાર્થ કરવા માટે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી અને નાયબ મુખ્યંમંત્રીશ્રી નીતિનભાઇ પટેલના વડપણ હેઠળ દર વર્ષે ખેડૂતના દીકરાને કોચવાવા નથી દીધો. ઉભા પાકમાં અગર વરસાદનું નુકસાન થોડું પણ થયું હોય તો (અંતરાય) ગાઇડ લાઇન પ્રમાણે ન આવતું હોય તો પણ રાજ્ય બજેટમાંથી આ સરકાર ખેડૂતોને માટે ઘસારો વેઠવા અને પૂરવા માટે કાયમને માટે ઉભી છે. કાયમને માટે ઉભી છે. બાકી એમનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, (અંતરાય) તમારું જે સૂચન છે એ માનનીય મંત્રીશ્રીએ સાંભળ્યું. આપે જે કહેવું હતું તે કહી દીધું. મંત્રીશ્રીએ જવાબ આપી દીધો. હવે આપના નેતા ઉભા છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી ખૂબ સ્પષ્ટ છે. તા.૧૦–૮–૨૦૨૦ના ઠરાવ મુજબ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાની આ ગૃહમાં સરકારે જાહેરાત કરી હતી. મુખ્યમંત્રીશ્રી કિસાની સહાય યોજના અંતર્ગત ૩૩ થી ૬૦ ટકા સુધીનું નુકસાન થયું હોય તો ચાર હેકટરની મર્યાદામાં રૂપિયા ૨૦ હજાર અને ૬૦ ટકા કરતાં વધુ નુકસાન થયું હોય તો ચાર હેકટરની મર્યાદામાં પ્રતિ હેકટર રૂપિયા ૨૫ હજાર લેખે ખેડૂતોને વળતર ચૂકવવાની મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં જાહેરાત થઇ હતી. ત્યારપછી એક મહિને તા.૨૫–૯–૨૦૨૦ના રોજ રાજ્ય સરકારે બીજો ઠરાવ કર્યો અને એ ઠરાવ મુજબ એસ.ડી.આર.એફ.ના ધોરણો અનુસાર કૃષિ રાહત પેકેજ અંતર્ગત હેકટર દીઠ ૧૦ હજાર રૂપિયા લેખે મહત્તમ રૂપિયા ૨૦ હજાર ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી હતી. પ્રશ્ન અહીંયા ઉપસ્થિત થાય છે કે એસ.ડી.આર. એફ. અને એન.ડી.આર.એફ. ભારત સરકાર અને રાજ્ય સરકારની ભાગીદારીમાં આપણે આ યોજના ચલાવીએ છીએ. કેન્દ્રનો પણ હિસ્સો છે અને રાજયનો પણ એમાં હિસ્સો છે.એસ.ડી.આર.એફ. મેન્યુઅલ–૧૬ના પ્રકરણ–૩ પારા ૩/૨/૧ મુજબ સરેરાશ વરસાદ સો ટકા હોય, સો ટકા કરતાં ૨૦ ટકા વધુ વરસાદ થાય વધઘટ થાય ત્યાં સુધી સામાન્ય સ્થિતિ ગણાય. ૨૦થી ૪૦ ટકા વધ ઘટ થાય તો અસામાન્ય સ્થિતિ ગણાય. ૪૦થી ૬૦ કે તેથી વધુ વધ ઘટ થાય તો અતિ ગંભીર સ્થિતિ ગણાય. રાજય સરકારે માનનીય મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા ગૃહમાં કૃષિ રાહત પેકેજના નિયમ–૪૪ અંતર્ગત સપ્ટેમ્બર, ૨૦૨૦ના રોજ આ ગૃહમાં જાહેરાત કરી હતી. એમાં જાહેર કરેલ પેકેજ જે તાલુકાઓને સમાવિષ્ટ કરેલ હતા એમાં ઓછામાં ઓછો વરસાદ ભાવનગર જિલ્લાના ઘોઘા તાલુકામાં ૭૩ ટકા વરસાદ હતો એમ છતાં એને રાહત પેકેજમાં સમાવવામાં આવ્યો હતો, અને વધુમાં વધુ કચ્છ જિલ્લાના માંડવી તાલુકામાં ૩૭૮.૪૯ ટકા વરસાદ થયો હતો તો પણ સમાવવામાં આવ્યો હતો. રાજય સરકારે માત્ર ૧૨૩ તાલુકાને આ સહાય આપી છે. પ્રશ્ન અહીંયા ઉપસ્થિત થાય છે. મેં માનનીય મુખ્યમંત્રીશ્રી અને કૃષિ મંત્રીશ્રીનું પણ ધ્યાન દોર્યું હતું કે આ ૧૪૦ ટકાથી એસ.ડી.આર.એફ. ધોરણો મુજબ ૧૪૦ ટકાથી વધુ વરસાદ હોય એવા દસ તાલુકા હતા. જયારે ૧૨૦ ટકા કરતાં વધુ વરસાદ હોય એવા ૧૯ તાલુકા હતા અને ઓછામાં ઓછો ઘોઘા તાલુકામાં વરસાદ નોંધાયેલો હતો એટલે એની વચ્ચેના કુલ ૧૦૮ તાલુકા એને આ પેકેજમાં સમાવવાનું રહી ગયું હતું અથવા કયાંય રાગદ્વેષપૂર્ણ, ભેદભાવપૂર્ણ રાજકીય રીતે કાર્યવાહી થઇ હોય એવું મને લાગ્યું અને મેં સરકારને વિનંતી કરી હતી. મારે આપની મારફત માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવું છે કે શ્રી વિરજીભાઇએ કહ્યું એમ અમરેલી જિલ્લાના રેનફોલ ડેટા મારી પાસે ઉપસ્થિત છે પણ હું એનું પુનરાવર્તન નથી કરતો અમારા અમરેલી જિલ્લામાં આ વરસે ૧૬૬.૯૪ ટકા કરતાં વધુ સરેરાશ વરસાદ નોંધાયો હતો. તાલુકાવાર આંકડા માનનીય વિરજીભાઇએ રેકર્ડ ઉપર મૂકયા છે. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત અમરેલીને લાભ આપવામાં આવ્યો હોત તો દરેક ખેડૂતને ચાર હેકટરની મર્યાદામાં અને રૂપિયા દસ હજારને બદલે રૂપિયા ૨૦ હજાર પ્રતિ હેકટર લાભ મળી શકયો હોત. અમારો ૧૬૬ ટકા એટલે કે ૬૦ ટકા કરતાં વધુ સરેરાશ વરસાદ નોંધાયો છે તો અમને એસ.ડી.આર.એફ.ના ધોરણોથી જે આપવામાં આવ્યું છે એના બદલે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત સહાય આપી હોત તો ચાર હેકટર માટે પ્રતિ હેકટર રૂપિયા ૨૫ હજાર એટલે દરેક ખેડૂતને એક લાખ રૂપિયા મળવાપાત્ર થતા હતા. મારે માનનીય મંત્રીશ્રી પાસે જાણવું છે કે મુખ્યમંત્રી કિસાન સહાય યોજનામાં કેટલા ટકાથી વધારે વરસાદ થાય તો અતિવૃષ્ટિ સહાય ગણવાની જોગવાઇ હતી. આ યોજનામાં કેટલી રકમની સહાય ચૂકવવાની જોગવાઇ કરવામાં આવી હતી. સન ૨૦૨૦–૨૧ ખરીફ ઋતુમાં ૩૩ ટકાથી વધુ વરસાદ થયો હોય તેવા રાજયના કેટલા જિલ્લાના કેટલા તાલુકાઓ હતા. ૩૩ ટકાથી વધારે વરસાદ થયો હોય તેવા તાલુકાઓમાં આ યોજના હેઠળ સહાય ચૂકવવાપાત્ર થતી હતી કે કેમ, અને થતી હોય અને ન ચૂકવી હોય તો એના કારણો શું છે?

તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આ લેખિત પ્રશ્નપત્ર છે. એનો લેખિતમાં જવાબ આપવો હોય તે આપી દેજો. આનો કોઇ જવાબ આપવો નથી. એક પ્રશ્નમાં આટલો બધો સમય થોડો હોય?

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય જયદ્રથસિંહજીએ મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાનો જવાબ આપ્યો છે અને બિલકુલ સ્પષ્ટ જવાબ આપ્યો છે કે યોજનાની ગાઇડલાઇન પ્રમાણે મળવાપાત્ર નહોતું થતું, પણ સરકારે, માનનીય મુખ્યમંત્રીશ્રીએ મોટું મન રાખીને મુખ્યમંત્રી કિસાન સહાય યોજના આપી છે અને તેમાં અમરેલી જિલ્લામાં ૩૧૦ કરોડ રૂપિયા આપ્યા છે. હવે મારે કહેવું છે. અમરેલી તાલુકામાં ૨૭,૦૭૭ ખેડૂતોને ૪૧ કરોડ અને ૬૪ લાખ રૂપિયાની સહાય કરી. કુકાવાવ અને વડિયા વિસ્તારમાં ૧૮,૮૧૯ ખેડૂતોને ૩૦ કરોડ અને ૧ લાખ રૂપિયાની સહાય કરી. ખાંભા તાલુકામાં ૧૩,૧૬૧ ખેડૂતોને..

અધ્યક્ષશ્રી : પ્રશ્ન એવો નથી કે આપે ચૂકવ્યા નથી. એમનો પ્રશ્ન જુદો છે.

શ્રી આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, મારે એ કહેવું છે કે મુખ્યમંત્રી કિસાન સહાય યોજનાના ક્રાઇટેરિયામાં આ જિલ્લો આવતો નહોતો. એક બાબરા તાલુકો આવતો હતો તેમાં પણ ૩૩ ટકાથી વધારે નુકસાન નહોતું, પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ અને નાયબ મુખ્યમંત્રીશ્રીએ મોટું મન રાખીને ૧૨૩ તાલુકામાં.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, તમારો છેલ્લો પ્રશ્ન છે એ વાંચી સંભળાવો.

શ્રી આર.સી. ફળદુ : ૧૨૩ તાલુકામાં..

અધ્યક્ષશ્રી : આવી ગયું. આપે સહાય કરી જ છે. ના નથી કહેતા. એ કહે છે સહાયનું ધોરણ આ રીતે કરવા જેવું હતું.

આર.સી. ફળદુ : માનનીય અધ્યક્ષશ્રી, એના આગલા વર્ષે પણ અમરેલી જિલ્લાને સહાયતા આપી છે.(અંતરાય)

અધ્યક્ષશ્રી : એક મિનિટ, એમનો પ્રશ્ન આવી જવા દો એટલે ગૂંચવાડો ન થાય.

શ્રી વિજયકુમાર રૂપાણી : માનનીય અધ્યક્ષશ્રી, હું જવાબ આપું. સવાલ ઉપરથી પણ થયો અને તેમણે દોહરાવ્યો છે. મુખ્યમંત્રી કિસાન સહાય યોજના એ પાક વીમાના ઓલ્ટરનેટ તરીકે અમે આપ્યું છે. પાક વીમામાં શું થતું હતું કે વરસાદ વધુ પડે, ઓછો પડે, કેટલું ઉત્પાદન થયું, કેટલી યીલ્ડ થઇ અને અંતે પ્રાઇવેટ કંપનીઓ ખેડૂતોને પૂરતું વળતર આપતી નહોતી તેની ફરિયાદો આ સભાગૃહમાં ખૂબ સભ્યોએ કરેલી હતી અને ત્યારે મારી સરકારે હિંમતથી નિર્ણય કરી અને ખાનગી કંપનીઓને પ્રિમિયમ ન ચૂકવવું અને તેના ઓલ્ટરનેટમાં આ મુખ્યમંત્રી સહાય યોજના અમે લાવ્યા. નં.૧. નં.૨, એમાં સાહેબ, પાક વીમામાં પણ આ બધા નિયમો હતા કે દુષ્કાળ એટલે શું? કેટલો પાક ઉત્પન્ન થયો તો તેને કેટલું ચૂકવણું કરવું. તેના આધાર ઉપર અમે સરળીકરણ કર્યું. સીધું કર્યું. દુષ્કાળ હોય તો આટલા આપવાના, અતિવૃષ્ટિ હોય તો આટલા આપવાના, માવઠું હોય તો આટલા આપવાના. સિઝનનો સરેરાશ વરસાદ શ્રી વિરજીભાઇએ કહ્યો છે. સાહેબ, આ વખતે ગુજરાત નસીબદાર છે. દરેક જિલ્લામાં સિઝન કરતા વધુ વરસાદ પડ્યો છે. એકલા અમરેલીમાં નથી. કચ્છ જેવા કચ્છમાં અઢીસો ટકા વધારે વરસાદ પડ્યો છે. આ વાત કરે છે છતાં અમે રૂપિયા ૩૧૦ કરોડ એકલા અમરેલીમાં ચૂકવ્યા. આખા ગુજરાતમાં અમે કુલ ૩૭૦૦ કરોડ રૂપિયા ખેડૂતોને આપ્યા. આ વખતે મબલખ પાક થયો છે. એમ.એસ.પી.માં ખરીદીમાં આ બધા ખેડૂતોને અમે હજારો કરોડ રૂપિયાની ખરીદી કરી અને આ જ ખેડૂતો પાસેથી અમે લીધા છે. મારી પાસે આંકડા નથી. અમરેલી જિલ્લામાંથી આ વર્ષે એમ.એસ.પી.માં કેટલી ખરીદી થઇ એ ફીગર સાથે આટલા વળતરનો ફીગર. સાહેબ, અમારી સરકારે ચૂકવ્યું છે અને ઉનાળું પાક માટે નર્મદાના પાણી અમે છોડ્યા છે. અમે સુજલામ સુફલામ અને સૌની યોજનામાં કરીને ખેડૂત ઉનાળામાં પણ પાક ઉગાડે એટલે ડબલ ઇન્કમની જે વાત છે એ દિશામાં ગુજરાતની સરકારે નક્કર પગલાં ભર્યા છે. એસ.ડી.આર.એફ. મુખ્યમંત્રી સહાય યોજના અને પ્રધાનમંત્રી સહાયમાં આપણે પ્રિમિયમ ભર્યું નથી માટે આપણને લાગુ પડતી નથી અને એના આધાર ઉપર વધુમાં વધુ ખેડૂતોને અમે સિક્યોર કર્યા છે. આ વખતે ખેડૂત તેનાથી ખુશ છે અને તેને કારણે આ જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતમાં ભાજપને ભરી ભરીને ખેડૂતોએ મત આપ્યા છે. અમરેલી જિલ્લામાં પણ તમામ તાલુકા પંચાયતો અને જિલ્લા પંચાયતો અમે જીત્યા છીએ. તેના મૂળમાં ખેડૂત ખુશ છે. અમે ખેડૂતોને વ્યાજબી વળતર આપ્યું છે.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, છેલ્લો પ્રશ્ન પૂછી લો. તમારા સૂચનો કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારું સૂચન છે કે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના હેઠળ અમરેલી જિલ્લામાં જો નુકસાનનું વળતર ચૂકવવામાં આવ્યું હોત તો ૭૧૧ કરોડ કરતાં વધુ મળતાં પણ કિસાન સહાય યોજના હેઠળ ચૂકવી એટલે માત્ર ૩૧૦ કરોડ મળ્યા. મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત ૩૩ ટકા કરતાં વધુ નુકસાન થયું છે અને ૧૬૬ ટકા કરતાં વધુ સરેરાશ વરસાદ નોંધાયો છે ત્યારે મુખ્યમંત્રી કિસાન સહાય યોજના અંતર્ગત અમરેલી જિલ્લાના ૧૧ તાલુકાઓને આ વળતર ચૂકવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : એમનું સૂચન છે.

શ્રી પરેશ ધાનાણી : સૂચન નહીં, પ્રશ્ન છે કે વળતર ચૂકવવા માગો છો કે કેમ?

અધ્યક્ષશ્રી : એ સૂચન જ કહેવાય.

શ્રી વિજયકુમાર રૂપાણી : આ એકેય નોર્મ્સમાં નથી આવતું છતાં બીજી રીતે આપ્યું છે. ૩૩ ટકા નુકસાનની વાત વાજબી નથી. એમ.એસ.પી.ની ખરીદી થઇ છે એ એમના જિલ્લામાં જુએ તો એમને પોતાને ખબર પડે કે શું થયું છે.

## તારાંકિત પ્રશ્નો

અધ્યક્ષશ્રી : આ પ્રશ્નનું ક્લોઝર કરીએ છીએ.

**પાટણ જિલ્લામાં વ્યાયામ શાળાઓને આર્થિક સહાય આપવાની યોજના**

૩૭૫૩૮ **માલતી મહેશ્વરી** (ગાંધીધામ) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ રાજ્યમાં રમત ગમત ક્ષેત્રે કામ કરતી વ્યાયામ શાળાઓને કેટલી આર્થિક સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ, અને | (૧) હા, જી. |
| (૨) જો હા, તો તા. ૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પાટણ જિલ્લામાં કેટલી વ્યાયામ શાળાઓને આર્થિક સહાય પૂરી પાડવામાં આવી? | (૨) પાટણ જિલ્લામાં માન્યતા પ્રાપ્ત એકપણ વ્યાયામ શાળા નથી. જેથી આર્થિક સહાય પૂરી પાડવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતનું બાળક શિક્ષણની સાથોસાથ રમત–ગમત ક્ષેત્રે પણ આગળ આવે એના માટે, રાજ્ય સરકાર દ્વારા એને પૂરતું પ્રોત્સાહન મળી રહે તેના માટે ભારતીય જનતા પાર્ટીની આ રાજ્ય સરકાર કટિબદ્ધ છે ત્યારે આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે રમત–ગમત ક્ષેત્રે કામ કરતી વ્યાયામ શાળાઓને રાજ્ય સરકાર દ્વારા જે સહાય ચૂકવવામાં આવે છે એ વ્યાયામ શાળાનું સંચાલન યોગ્ય રીતે ચાલે છે કે નહીં તે જોવા માટેનું શું આયોજન છે?

અધ્યક્ષશ્રી : આગળ જવાબ આવી ગયો છે. બીજો પ્રશ્ન હોય તો બોલો.

શ્રીમતી માલતી કિ. મહેશ્વરી : આ પ્રશ્નનો જવાબ આવ્યો નથી.

અધ્યક્ષશ્રી : એક નંબરનો પ્રશ્ન અને આ બન્ને પ્રશ્નો સરખા છે.

**સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ**

૩૮૫૭૮ **શ્રી અશ્વિનભાઇ કોટવાલ** (ખેડબ્રહ્મા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કઇ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને | (૧) કોઇ રકમ મંજૂર કરવામાં આવેલ નથી. |
| (૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ઉક્ત જિલ્લાવાર કઇ બજાર સમિતિને ચૂકવવામાં આવી છે? | (૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. |

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે આધુનિક બજારો સ્થાપવા માટેનો આ પ્રશ્ન છે. સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આ આધુનિક બજારો સ્થપાયા નથી તો અરવલ્લી અને સાબરકાંઠામાં આધુનિક બજારો સ્થાપવા માટે ટ્રાયબલ વિસ્તારમાં પણ આવા બજારો આવે છે. ખેડબ્રહ્મા, વિજયનગર અને ભિલોડા બન્ને અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવે છે તો ટ્રાયબલ જિલ્લામાં આવી ગ્રાન્ટ વાપરવાનું આયોજન છે કે કેમ અને આધુનિક બજારો ટ્રાયબલ વિસ્તારમાં સ્થાપવા માગો છો કે કેમ?

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનો પ્રશ્ન છે કે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવા માટે ગ્રાન્ટ આપવા બાબતમાં જવાબ આપ્યો છે કે છેલ્લા બે વર્ષમાં ગ્રાન્ટ આપી નથી. એનો મતલબ કે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં તમામ માર્કેટીંગ યાર્ડમાં અગાઉ આ ગ્રાન્ટ ચૂકવવામાં આવેલ છે. છેલ્લા બે વર્ષમાં માગણી આવી નથી. આ યોજના હેઠળ મહત્તમ રૂપિયા ૫૦ લાખની માર્કેટીંગ યાર્ડમાં સુવિધાઓ માટે ગ્રાન્ટ આપી હતી. સાબરકાંઠા જિલ્લામાં હિંમતનગર બજાર સમિતિને રૂપિયા ૪૦ લાખ ૭૦ હજાર એમની દરખાસ્ત મુજબ ગ્રાન્ટ આપવામાં આવી છે. તલોદ એ.પી.એમ.સી.ને રૂપિયા ૪૯.૯૬ લાખ, વિજયનગર એ.પી.એમ.સી.ને રૂપિયા ૪૯.૮૮ લાખ, પ્રાંતિજ એ.પી.એમ.સી.ને રૂપિયા ૫૦ લાખ, વડાલીને રૂપિયા ૪૯.૯૫ લાખ, ઇડરને રૂપિયા ૪૯.૭૫ લાખ, ખેડબ્રહ્માને રૂપિયા ૪૯.૯૫ લાખ આપેલ છે. એવી જ રીતે અરવલ્લી જિલ્લામાં માલપુરમાં રૂપિયા ૧૩.૩૮ લાખ આપેલ છે. માલપુર એ.પી.એમ.સી. દ્વારા રૂપિયા ૩૬.૬૦ લાખ વધારાની દરખાસ્ત અત્યારે રાજ્ય સરકારમાં પ્રોસેસમાં છે. (અંતરાય)

અધ્યક્ષશ્રી : માગણી આવી નથી એટલે પ્રશ્ન ઉપસ્થિત થતો નથી એવો જવાબ આવી ગયો છે.

શ્રી જયેશભાઇ વિ. રાદડિયા : માનનીય અધ્યક્ષશ્રી, આ આધુનિક બજાર માટે એક વખત રૂપિયા ૫૦ લાખની જોગવાઇ છે. અમે તમામને ગ્રાન્ટ આપેલ છે.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

**સુરેન્દ્રનગર તથા મોરબી જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકો**

૩૮૬૧૪ **શ્રી નૌશાદ સોલંકી** (દસાડા) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** **જવાબ**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર – સુરેન્દ્રનગર તથા મોરબી જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કેટલી બેઠકો ક્યારે મળી, અને

(૧)

| **જિલ્લાનું નામ** | **બેઠકનો પ્રકાર** | **તા. ૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | | **તા. ૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** | |
|---|---|---|---|---|---|
| | | **મળેલ બેઠકોની સંખ્યા** | **બેઠક મળ્યા તારીખ** | **મળેલ બેઠકોની સંખ્યા** | **બેઠક મળ્યા તારીખ** |
| સુરેન્દ્રનગર | કારોબારી | ૧ | ૩૧–૦૭–૨૦૧૯ | ૨ | ૧૬–૦૩–૨૦૨૦<br>૩૦–૦૭–૨૦૨૦ |
| | ગવર્નીંગ બોડી | ૨ | ૨૫–૦૨–૨૦૧૯<br>૦૬–૦૯–૨૦૧૯ | ૧ | ૩૦–૦૭–૨૦૨૦ |
| | દિશા | ૧ | ૨૪–૧૨–૨૦૧૯ | ૧ | ૦૨–૧૨–૨૦૨૦ |
| મોરબી | કારોબારી | ૧ | ૧૬–૧૨–૨૦૧૯ | ૨ | ૨૫–૦૨–૨૦૨૦<br>૧૦–૧૨–૨૦૨૦ |
| | ગવર્નીંગ બોડી | ૧ | ૧૬–૧૨–૨૦૧૯ | ૧ | ૧૦–૧૨–૨૦૨૦ |
| | દિશા | ૨ | ૨૮–૦૨–૨૦૧૯<br>૦૪–૧૦–૨૦૧૯ | ૨ | ૧૪–૦૨–૨૦૨૦<br>૧૯–૦૯–૨૦૨૦ |

(૨) ઉક્ત બેઠકો સમયસર ન મળતી હોય તો તેના કારણો શા છે?

(૨)

| | |
|---|---|
| સુરેન્દ્રનગર | (૧) વર્ષ ૨૦૧૯માં લોકસભા સામાન્ય ચૂંટણી આચારસંહિતા અને વહીવટી કારણોસર બાકીની બેઠકો સમયસર યોજાયેલ નથી.<br>(૨) વર્ષ–૨૦૨૦માં કોવીડ–૧૯ મહામારી અને લીંબડી વિધાનસભા પેટા ચુંટણી આદર્શ આચાર સહિતા તેમજ વહીવટી કારણો સર બાકીની બેઠકો સમયસર યોજાઇ શકેલ નથી. |
| મોરબી | (૧) વર્ષ ૨૦૧૯માં લોકસભા સામાન્ય ચૂંટણી આચારસંહિતા અને વહીવટી કારણોસર બાકીની બેઠકો સમયસર યોજાયેલ નથી.<br>(૨) વર્ષ–૨૦૨૦માં ગઢડા વિધાનસભા પેટા ચૂંટણી આચારસંહિતા, કોવીડ–૧૯ મહામારી તેમજ વહીવટી કારણો સર બાકીની બેઠકો સમયસર યોજાઇ શકેલ નથી. |

---------

તા. ૨૫મી માર્ચ ૨૦૨૧

અતારાંકિત પ્રશ્નો

**પાટણ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૭૬૫૪ **શ્રી કનુભાઇ પટેલ (** સાણંદ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ પાટણ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) પાટણ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૫૯૭૭૫.૯૬ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**વલસાડ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૭૬૩૩ **શ્રી જીતુભાઇ ચૌધરી** (કપરાડા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ વલસાડ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) વલસાડ જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૬૧૫૮૯.૯૦૬ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**નર્મદા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૭૬૬૨ **શ્રી અરૂણસિંહ રણા** (વાગરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નર્મદા જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) નર્મદા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૩૦૬૧૪.૮૫૬ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં

અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

**ભાવનગર જિલ્લામાં રમતગમતના સંકુલના બાંધકામનો થયેલ ખર્ચ**

૩૭૬૦૦ **શ્રી ભીખાભાઇ બારૈયા** (પાલીતાણા) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં રમતગમતના સંકુલ કયા–કયા સ્થળે આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રમતગમતના સંકુલમાં કઇ–કઇ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમત ગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં ભાવનગર ખાતે રમતગમતનું સંકુલ આવેલ છે.

(૨) બાસ્કેટબોલ, વોલીબોલ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ, જિમ્નેશીયમ, જુડો, એથ્લેટીક્સ, ફૂટબોલ અને ટેનિસ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમત ગમત સંકુલ ખાતે બાંધકામ બાબતે કુલ રૂ.૬૫૯.૯૫ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**જૂનાગઢ જિલ્લામાં ફીશીંગ બોટમાં ફાઇબર રોપ ખરીદીમાં સહાય**

૩૭૭૩૯ **શ્રી દેવાભાઇ માલમ** (કેશોદ) : **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ જૂનાગઢ જિલ્લામાં માછીમારોને ફીશીંગ બોટોમાં ફાઇબર રોપ ખરીદી પર સહાય આપવાની યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા તો, બોટ દીઠ કેટલી સહાય આપવામાં આવે છે, અને

(૩) કેલેન્ડર વર્ષ ૨૦૧૯ અને ૨૦૨૦માં કેટલી સહાય ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) હા, જી.

(૨) બોટ દીઠ મહત્તમ રૂ.૫૦,૦૦૦/– ની સહાય આપવામાં આવે છે.

(૩)

| ક્રમ | વર્ષ | ચૂકવેલ સહાય (રૂ.લાખમાં) |
|---|---|---|
| ૧ | તાઃ૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | ૭૪,૫૦,૦૦૦/– |
| ૨ | તાઃ૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ | ૫૮,૦૦,૦૦૦/– |

---------

**વડોદરા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૭૬૩૧ **શ્રી અક્ષયકુમાર પટેલ** (કરજણ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા

**જવાબ**

(૧) વડોદરા જિલ્લામાં તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના)

યોજના) હેઠળ વડોદરા જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૬૮૦૭૬.૩૫૯ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ–૨૦૨૦ થી ડિસેમ્બર–૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

## રાજ્યના પ્રવાસન સ્થળોની સુરક્ષા માટે કોન્ટ્રાક્ટ

૩૮૫૬૮ **શ્રી રઘુભાઇ દેસાઇ** (રાધનપુર) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં આવેલ પ્રવાસન સ્થળોની સુરક્ષા માટે કઇ એજન્સીને ગાર્ડ પુરા પાડવા માટે કોન્ટ્રાક્ટ/કામ આપવામાં આવેલ છે,

(૨) ગાર્ડ દીઠ કેટલી રકમ એજન્સીને ચૂકવવામાં આવે છે, અને

(૩) તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ કઇ એજન્સીને ચૂકવવામાં આવી?

**જવાબ**

(૧) મે.બનાસ સિક્યુરિટી એન્ડ પર્સોનલ ફોર્સ.

(૨) અંદાજિત રૂ. ૧૪,૫૦૦/– પ્રતિ માસ

(૩)

| વર્ષ | ચૂકવેલ રકમ |
|---|---|
| તાઃ૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | રૂ. ૧,૫૦,૩૩,૦૧૮/– |
| તાઃ૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ | રૂ. ૧,૪૬,૩૪,૧૨૭/– |

---------

## સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ

૩૮૫૮૭ **શ્રી જશુભાઈ પટેલ** (બાયડ) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં જિલ્લાવાર કયા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર ઉક્ત પ્રવાસન સ્થળવાર કયા કામો પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

**જવાબ**

(૧) અને (૨)

| ક્રમ | જિલ્લો | સ્થળ | કામગીરીની વિગત | કરેલ ખર્ચ રૂ. લાખમાં | |
|---|---|---|---|---|---|
| | | | | તાઃ૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯ | તાઃ૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦ |
| ૧ | સાબરકાંઠા | જૈન પોળો, આભાપુર | સીસીટીવી કેમેરા, ટોઇલેટ બ્લોક, વનસ્પતિ ઉદ્યાન, ઔષધિય પાર્ક, ઓર્કિડ હાઉસ, સાઇનેજિસ બોર્ડ | શૂન્ય | ૨૨૫.૫૦ |
| | | રાણી તળાવ | લેન્ડ સ્કેપિંગ આર.સી.સી. રોડ, ટોઇલેટ | ૫૦.૦૦ | શૂન્ય |

| ક્રમ | જિલ્લો | સ્થળ | કામગીરીની વિગત | કરેલ ખર્ચ રૂ. લાખમાં | |
|---|---|---|---|---|---|
| | | | | તાઃ૦૧-૦૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તાઃ૦૧-૦૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
| | | | બ્લોક, પેવર બ્લોક, પાર્કીંગ, રાણી તળાવ બ્યુટીફીકિશન | | |
| | | સમેશ્વર મહાદેવ | પાર્કીંગ, દુકાનો માટે ઓટલા, ચેન્જીંગ રૂમ, ઘાટ ડેવલપમેન્ટ, ગેટ, ટોઇલેટ બ્લોક, કુંડનુ સમારકામ | ૨૨.૫૪ | ૧૯૮.૦૭ |
| | | ઈડર | ટોઇલેટ બ્લોક, ગેટ, પગથીયાનું સમારકામ, સ્ટેજ, બેઠક વ્યવસ્થા. | ૬૯.૪૨ | ૫૬.૯૩ |
| ૨ | અરવલ્લી | ભુવનેશ્વર મહાદેવ | - | શૂન્ય | શૂન્ય |

(૩) ઉક્ત કયા પ્રવાસન સ્થળવાર ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વર્ષવાર કોઈપણ રકમનો ખર્ચ કરવામાં ન આવ્યો હોય તો તેના કારણો શાં છે?

(૩) અરવલ્લી જિલ્લાના ભુવનેશ્વર મહાદેવ મંદિરનું કામ વર્ક ઓર્ડર તબક્કે હોઈ કોઈ ખર્ચ થયેલ નથી.

---------

**ખેડા જિલ્લામાં રમતગમતના સંકુલના બાંધકામનો થયેલ ખર્ચ**

૩૭૫૯૦ **શ્રી અર્જુનસિંહ ચૌહાણ** (મહેમદાવાદ) : **માનનીય રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં રમતગમતના સંકુલ કયા-કયા સ્થળે આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રમતગમતના સંકુલમાં કઇ-કઇ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે,અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લામાં રમતગમત સંકુલોના બાંધકામ બાબતે કુલ કેટલો ખર્ચ થયેલ છે?

**જવાબ**

(૧) તા.૩૧-૦૧-૨૦૨૧ની સ્થિતિએ ખેડા જિલ્લામાં નડિયાદ ખાતે રમતગમતનું સંકુલ આવેલ છે.

(૨) એથ્લેટીક્સ, વોલીબોલ, જુડો, ફૂટબોલ, સ્વીમીંગ, ટેકવાન્ડો, શુટીંગ, આર્ચરી(તીરંદાજી), કુસ્તી, ફેન્સીંગ, જિમ્નેશીયમ રમતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રમત ગમત સંકુલના બાંધકામ બાબતે કુલ રૂ.૧૦૨૨.૧૯ લાખનો ખર્ચ થયેલ છે.

---------

**પંચમહાલ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ**

૩૭૬૪૪ **શ્રીમતી સુમનબેન ચૌહાણ** (કાલોલ) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.-

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ પંચમહાલ જિલ્લામાં કેટલા અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવ્યું, અને

(૨) કયા પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવ્યું?

**જવાબ**

(૧) પંચમહાલ જિલ્લામાં તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ છેલ્લા એક વર્ષમાં કુલ ૬૮૪૦૪.૪૦૭ મે. ટન અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવેલ છે.

(૨) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ અનાજનું નીચે મુજબના સમયગાળા અને દર્શાવેલ પ્રમાણ-ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

| વિતરણનો સમયગાળો | કેટેગરી | ઘઉં (કિ.ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | ચોખા (કિ. ગ્રા.) | ભાવ પ્રતિ કિલો (રૂ.) | કુલ અનાજ (કિ.ગ્રા.) |
|---|---|---|---|---|---|---|
| જાન્યુ-૨૦૨૦ થી ડિસેમ્બર-૨૦૨૦ | AAY (કાર્ડ દીઠ) | ૨૫.૦૦૦ | ૨.૦૦ | ૧૦.૦૦૦ | ૩.૦૦ | ૩૫ |
| | PHH (વ્યક્તિ દીઠ) | ૩.૫૦૦ | ૨.૦૦ | ૧.૫૦૦ | ૩.૦૦ | ૫ |

---------

અતારાંકિત પ્રશ્નો

૩૮૫૯૧ **ડૉ. સી.જે.ચાવડા** (ગાંધીનગર ઉત્તર) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ રાજ્યમાં ખેડૂતોને ખેતપેદાશોના પોષણક્ષમ ભાવો મળે તે માટે ખેત ઉત્પાદન પ્રોસેસ ઉદ્યોગ માટે કોઈ યોજના અમલમાં છે કે કેમ,

(૨) જો હા, તો તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગાંધીનગર અને અમરેલી જિલ્લામાં જિલ્લાવાર કયા પાકના પ્રોસેસ માટે કેટલી રકમ ફાળવવામાં આવી, અને

(૩) ફાળવેલ રકમ પૈકી કેટલો ખર્ચ કરવામાં આવ્યો ?

**જવાબ**

(૧) ''સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬-૨૧'' યોજના તા.૭-૫-૨૦૧૬થી સમગ્ર ગુજરાત રાજ્ય માટે અમલમાં છે.

(૨) ''સર્વગ્રાહી કૃષિ વ્યવસાય નીતિ ૨૦૧૬-૨૧'' યોજના હેઠળ પાકવાઇઝ નાણાકીય સહાયની રકમ ચૂકવવામાં આવતી નથી. પરંતુ યોજનાની ગાઈડલાઈન હેઠળ નીચે મુજબની વિગતે સબસિડી રૂપે નાણાકીય સહાયની રકમ ચૂકવવામાં આવેલ છે.

| જિલ્લો | વર્ષઃ ૨૦૧૮-૧૯ (રૂપિયામાં) | વર્ષઃ ૨૦૧૯-૨૦ (રૂપિયામાં) |
|---|---|---|
| ગાંધીનગર | ૮૧,૨૯,૦૧૨/- | ૧,૩૪,૭૯,૪૪૧/- |
| અમરેલી | ૨,૫૭,૫૧,૧૮૪/- | ૩,૯૭,૩૪,૮૪૦/- |

(૩)

| જિલ્લો | રકમ (રૂપિયામાં) |
|---|---|
| ગાંધીનગર | ૨,૧૬,૦૮,૪૫૩/- |
| અમરેલી | ૬,૫૪,૮૬,૦૨૪/- |

---------

**દેવભૂમિ દ્વારકા અને મોરબી જિલ્લાની બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ**

૩૮૬૩૪ **શ્રી વિક્રમભાઇ માડમ** (ખંભાળિયા) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર દેવભૂમિ દ્વારકા અને મોરબી જિલ્લામાં જિલ્લાવાર કઇ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ઉક્ત જિલ્લાવાર કઇ બજાર સમિતિને ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | બજાર સમિતિનું નામ | મંજૂર કરવામાં આવેલ રકમ | |
|---|---|---|---|---|
| | | | તા.૧-૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૧-૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
| ૧ | દેવભૂમિ દ્વારકા | -- | શૂન્ય | શૂન્ય |
| ૨ | મોરબી | વાંકાનેર | શૂન્ય | રૂ. ૫૦.૦૦ લાખ |

(૨)

| અ.નં. | જિલ્લાનું નામ | બજાર સિમિતિનું નામ | ચૂકવવામાં આવેલ રકમ | |
|---|---|---|---|---|
| | | | તા.૧-૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૧-૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
| ૧ | દેવભૂમિ દ્વારકા | -- | શૂન્ય | શૂન્ય |
| ૨ | મોરબી | વાંકાનેર | શૂન્ય | રૂ. ૫૦.૦૦ લાખ |

---------

**તાપી જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય**

૩૭૭૨૪ **શ્રીમતી સંગીતાબેન પાટીલ** (લીંબાયત) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

તા. ૩૧-૦૩-૨૦૨૦ની સ્થિતિએ અંતિત છેલ્લા બે વર્ષમાં તાપી જિલ્લામાં કેટલી સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસુલાત વૃધ્ધિ સહાય આપવામાં આવેલ છે?

**જવાબ**

૧૨

---------

**છોટાઉદેપુર તથા ભરૂચ જિલ્લામાં ડમ્પરો પકડવા બાબત**

૩૮૬૯૨ **શ્રી સુખરામભાઇ રાઠવા** (જેતપુર) : **માનનીય વાહન વ્યવહાર મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર છોટાઉદેપુર અને ભરૂચ જિલ્લામાં જિલ્લાવાર ઓવરલોડ માટી, રેતી તથા કપચી ભરી જતાં કેટલા ડમ્પરો પકડવામાં આવ્યા,

**જવાબ**

(૧)

| વર્ષ | છોટાઉદેપુર | ભરૂચ |
|---|---|---|
| ૨૦૧૯ | ૧૩૧ | ૪૧૩ |
| ૨૦૨૦ | ૧૯૯ | ૨૨૬ |

(૨) ઉક્ત સ્થિતિએ પકડાયેલ ઓવરલોડ વાહનના ચાલકો/માલિકો સામે શું પગલાં ભરવામાં આવ્યા, અને

(૨) માંડવાળ ફી ની વસૂલાત કરવામાં આવી.

(૩) પકડાયેલા વાહનોના ચાલકો/માલિકો પાસેથી ઉક્ત જિલ્લાવાર, વર્ષવાર કેટલો દંડ વસૂલ કરવામાં આવ્યો?

(૩) વસૂલ કરવામાં આવેલ માંડવાળ ફી

| વર્ષ | છોટાઉદેપુર | ભરૂચ |
|---|---|---|
| ૨૦૧૯ | રૂ. ૨૪,૩૯,૨૦૦/– | રૂ. ૨૩,૧૫,૫૦૦/– |
| ૨૦૨૦ | રૂ. ૨૫,૦૧,૦૦૦/– | રૂ. ૯૪,૨૦૦/– |

---------

**અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ**

૩૮૬૧૩ **શ્રી રાજેશકુમાર ગોહિલ** (ધંધુકા) : **માનનીય પ્રવાસન મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન** / **જવાબ**

(૧) તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જિલ્લાવાર ક્યા સ્થળોને પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવામાં આવેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત પ્રવાસન સ્થળવાર ક્યા કામો પાછળ કેટલી રકમનો ખર્ચ કરવામાં આવ્યો, અને

(૧) અને (૨) પત્રક મુજબ.

(૩) ઉક્ત ક્યા પ્રવાસન સ્થળવાર ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કોઈપણ રકમનો ખર્ચ ન કરવામાં ન આવ્યો હોય તો તેના કારણો શા છે ?

(૩) – શની મંદિર, હાથલા ખાતે એજન્સીની નિમણૂંક વર્ષ ૨૦૨૦માં થયેલ હોઈ વર્ષ ૨૦૧૯માં કોઈ ખર્ચ થયેલ નથી.

– ધુમલી–નવલખા મંદિર માટે એજન્સીને કામનો વર્ક ઓર્ડર જુલાઈ–૨૦૨૦માં આપેલ હોઈ કામગીરી પ્રગતિમાં હોઈ કોઈ ખર્ચ થયેલ નથી.

– પીંડારા, તા.કલ્યાણપુરની કામગીરીના કામો તાંત્રિક મંજૂરી હેઠળ હોઈ કોઈ ખર્ચ થયેલ નથી.

– શિવરાજપુર બીચના વિકાસ માટે કન્સલ્ટન્ટને તા.૧૬–૧૧–૨૦૨૦ના રોજ વર્ક ઓર્ડર આપેલ હોઈ વર્ષ ૨૦૧૯માં કોઈ ખર્ચ થયેલ નથી.

**પત્રક**

**તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ અમદાવાદ અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વિકસાવેલ પ્રવાસન સ્થળ, કરેલ કામો તથા થયેલ ખર્ચની વિગતો**

| ક્રમ | જિલ્લો | પ્રવાસન સ્થળ | કરેલ કામ | થયેલ ખર્ચ રકમ | રૂ.લાખમાં |
|---|---|---|---|---|---|
| ૧ | અમદાવાદ | ગણેશ મંદિર, કોઠ, તા.ધોળકા | દુકાનો–૩૧ નંગ, મુખ્ય પ્રવેશ દ્વાર, સેન્ટ્રલ વિસ્ટા, સી.સી.રોડ, સ્ટેમ્પ ફ્લોરીંગ ફૂટપાથ, ઈલેક્ટ્રિફિકેશન | ૧૧૯.૩૭ | ૩૪૩.૨૩ |
| ૨ | | પરપોટીયા મહાદેવ મંદિર, તા.ધોળકા | મંદિર પરિક્રમા, ધર્મશાળા, હવનકુંડ, મુખ્ય પ્રવેશ દ્વાર, કેમ્પસ બ્યુટીફિકેશન, ટોઈલેટ બ્લોક, કમ્પાંઉન્ડ વોલ | ૨૭.૬૬ | ૯૫.૭૪ |
| ૩ | | સાબરમતી આશ્રમ | પ્રવેશ દ્વાર, સીસીટીવી કેમેરા, લાઈટીંગ, હાઈમાસ્ટ, ડસ્ટબીન, સાઈનેજીસ, દાંડીચોકનો વિકાસ, આશ્રમ માટે ડિઝિટલ ઓડિયો ગાઈડ વગેરે. | ૧૧.૦૬ | ૩૫૦.૦૦ |
| ૪ | | સાબરમતી હરીજન આશ્રમ | સોમનાથ છાત્રાલયમાં પી.ટી.સી. ગર્લ્સ છાત્રાલયનું રીનોવેશન, ગાંધીજીનું કિચન, ઈમામ મસ્જીદ, સફાઈ વિદ્યાલય, વિનય મંદિર હોસ્ટેલ વગેરે | ૪૦૦.૦૦ | ૮૨.૫૦ |
| ૫ | | ગુજરાત વિદ્યાપીઠ | ગાંધીજીના મૌન ખંડમાં રીનોવેશનની | ૨૯૪.૪૨ | ૫૦.૦૦ |

| | | | | | |
|---|---|---|---|---|---|
| | | | કામગીરી, રેઈન વોટર હાર્વેસ્ટીંગ, લાઈટીંગ, ગાર્ડન, ગાંધીજીની બાયબલ ખંડ વગેરે | | |
| ૬ | | કોચરબ આશ્રમ | એકટીવીટી સેન્ટર, જાહેર શૌચાલય, પ્રવેશ દ્વાર, કમ્પાઉન્ડ વોલ, સાઈનેજીસ, ડસ્ટબીન, લાઈટીંગ, રેઈન વોટર હાર્વેસ્ટીંગ વગેરે | ૩૭૪.૪૨ | ૫૧.૭૪ |
| ૭ | દેવભૂમિ દ્વારકા | શની મંદિર–હાથલા | પાર્કીંગ, ઈલેકિટ્રફિકેશન, બેઠક વ્યવસ્થા | ૦.૦૦ | ૯.૯૪ |
| ૮ | | ઘુમલી–નવલખા મંદિર | –– | ૦.૦૦ | ૦.૦૦ |
| ૯ | | પીંડારા, તા.કલ્યાણપુર | –– | ૦.૦૦ | ૦.૦૦ |
| ૧૦ | | શિવરાજપુર બીચ | ટોપોગ્રાફી સર્વે, આર્કિટેકટ દ્વારા ટેન્ડર, ડીઝાઈન, માસ્ટર પ્લાન, અંદાજો વગેરે કામગીરી માટે કન્સલટન્ટ ફી | ૦.૦૦ | ૧૩૫.૩૭ |
| ૧૧ | | દ્વારકા | રેલ્વે સ્ટેશન ખાતે પ્રવાસી માહિતી કેન્દ્ર, રેલ્વે સ્ટેશન તરફ જવાનો રસ્તો, લાઈટીંગ સાથે, ત્રણ મંદિર ઉપર લાઈટીંગની કામગીરી, મંદિરમાં રેલીંગ, વોટર એટીએમ વગેરે. | ૧૩૨.૫૩ | ૨૪૯.૯૭ |

–––––––––

**ધાનેરા તાલુકામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર**

૩૮૫૬૧ **શ્રી નથાભાઈ પટેલ** (ધાનેરા) : **માનનીય અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબત મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં કયા પ્રકારના કેટલા રેશનકાર્ડ ધારકો છે,

**જવાબ**

(૧) તા.૩૧–૦૧–૨૦૨૧ની સ્થિતિએ બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકામાં જુદી જુદી કેટેગરીના રેશનકાર્ડ ધારકોની વિગત નીચે મુજબ છે.

| AAY | BPL | APL-1 | APL-2 | કુલ |
|---|---|---|---|---|
| ૩,૫૯૧ | ૧૧,૦૪૫ | ૨૭,૮૮૫ | ૨૮૯ | ૪૨,૮૧૦ |

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા પ્રકારના કેટલા નવા રેશનકાર્ડ આપવામાં આવ્યા,

(૨)

| વર્ષ | નવા ઈસ્યુ કરેલ રેશનકાર્ડ | | | | |
|---|---|---|---|---|---|
| | AAY | BPL | APL-1 | APL-2 | કુલ |
| તા.૦૧–૦૨–૨૦૨૦ થી તા.૩૧–૦૧–૨૦૨૧ના સમયગાળા દરમ્યાન | ૧ | ૧ | ૧૭૦ | ૫ | ૧૭૭ |
| તા.૦૧–૦૨–૨૦૧૯ થી તા.૩૧–૦૧–૨૦૨૦ના સમયગાળા દરમ્યાન | ૩ | ૬ | ૩૦૩ | ૯ | ૩૨૧ |
| **કુલ** | **૪** | **૭** | **૪૭૩** | **૧૪** | **૪૯૮** |

(૩) કેટલા રેશનકાર્ડ રદ્દ કરવામાં આવ્યા અને કેટલા તબદીલ કરવામાં આવ્યા, અને

(૩)

| વર્ષ | રદ કરેલ રેશનકાર્ડ | તબદીલ કરેલ રેશનકાર્ડ |
|---|---|---|
| તા.૦૧–૦૨–૨૦૨૦ થી તા.૩૧–૦૧–૨૦૨૧ના સમયગાળા દરમ્યાન | ૫૪ | ૩૩૯ |
| તા.૦૧–૦૨–૨૦૧૯ થી તા.૩૧–૦૧–૨૦૨૦ના સમયગાળા દરમ્યાન | ૨૮ | ૭૬ |
| **કુલ** | **૮૨** | **૪૧૫** |

(૪) રેશનકાર્ડ રદ્દ કે તબદીલ કરવાનાં મુખ્ય કારણો શું છે?

(૪) કુટુંબનું સ્થળાંતર થતાં રેશનકાર્ડ ધારકોની અરજીઓના આધારે તેમના રેશનકાર્ડ રદ કરવામાં આવેલ છે,

તેમજ સરકારશ્રીના વખતોવખતના ઠરાવ અન્વયે જે–તે કુટુંબની સામાજીક– આર્થિક પરિસ્થિતિની ચકાસણી કરી પાત્રતા મુજબ હોય તેવા રેશનકાર્ડ ધારકોને તેઓની આવક અને અન્ય આનુષંગિક બાબતોના આધારે જે–તે કેટેગરીમાં તબદીલ કરવામાં આવે છે.

**સુત્રાપાડા ખાતે ફીશરીઝ હાર્બર જેટી બનાવવા પર્યાવરણની મંજૂરી**

૩૮૬૪૫ **શ્રી ભગાભાઈ બારડ** (તાલાલા) : ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૧૧–૧૨–૨૦૧૯ ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૨૦૫૫૨ (અગ્રતા–૨૩૭) ના અનુસંધાને **માનનીય મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) સુત્રાપાડા ખાતે ફીશરીઝ હાર્બર **જેટી** બનાવવા માટે પર્યાવરણની મંજૂરી મેળવવાની કાર્યવાહી અને જીઆઈડીસી પાસેથી યોજના માટેની જરૂરી જમીન મેળવવાની પ્રક્રિયા પ્રગતિ હેઠળ હતી, તે તા.૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ ક્યારે પર્યાવરણની મંજૂરી અને કેટલી જમીન ક્યારે મળેલ છે, અને

(૨) ઉક્ત જમીન અને મંજૂરી ન મળી હોય તો તે મેળવવા માટે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શાં પ્રયાસો કરવામાં આવ્યા ?

**જવાબ**

(૧) સુત્રાપાડા ખાતે ફીશરીઝ હાર્બર બનાવવા માટે પર્યાવરણની મંજૂરી મેળવવા માટે હાલ ગુજરાત પ્રદુષણ નિયંત્રણ બોર્ડમાં નાણાં જમા કરાવેલ છે. આથી પર્યાવરણની મંજૂરીની કામગીરી તથા ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ પાસેથી જમીન મેળવવા બાબતની કામગીરી પ્રગતિ હેઠળ છે.

(૨) ઉક્ત જમીન મેળવવા બાબતે ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમના તથા ગુજરાત હેવી કેમિકલ લિમિટેડના અધિકારીશ્રીઓ સાથે પરામર્શ સહિત રૂબરૂ મીટીંગ તથા જરૂરી પત્ર વ્યવહારો કરવામાં આવેલ છે.

---------

**આણંદ તથા ભાવનગર જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકો**

૩૮૬૬૫ **શ્રી કાંતિભાઈ સોઢાપરમાર** (આણંદ) : **માનનીય ગ્રામ વિકાસ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા. ૩૧–૧૨–૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર આણંદ તથા ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીની કેટલી બેઠકો ક્યારે મળી, અને

**જવાબ**

(૧)

| **જિલ્લાનું નામ** | **બેઠકનો પ્રકાર** | **તા. ૦૧–૦૧–૨૦૧૯ થી તા.૩૧–૧૨–૨૦૧૯** | | **તા. ૦૧–૦૧–૨૦૨૦ થી તા.૩૧–૧૨–૨૦૨૦** | |
|---|---|---|---|---|---|
| | | **મળેલ બેઠકોની સંખ્યા** | **બેઠક મળ્યા તારીખ** | **મળેલ બેઠકોની સંખ્યા** | **બેઠક મળ્યા તારીખ** |
| આણંદ | કારોબારી | ૦ | –– | ૦ | -- |
| | ગવર્નીંગ બોડી | ૦ | –– | ૦ | -- |
| | દિશા | ૧ | ૦૨–૧૧–૨૦૧૯ | ૩ | ૨૮–૦૧–૨૦૨૦<br>૦૭–૦૮–૨૦૨૦<br>૨૩–૧૧–૨૦૨૦ |
| ભાવનગર | કારોબારી | ૧ | ૨૦–૧૨–૨૦૧૯ | ૧ | ૨૭–૦૧–૨૦૨૦ |
| | ગવર્નીંગ બોડી | ૧ | ૨૦–૧૨–૨૦૧૯ | ૧ | ૨૭–૦૧–૨૦૨૦ |
| | દિશા | ૧ | ૨૦–૧૨–૨૦૧૯ | ૩ | ૨૭–૦૧–૨૦૨૦<br>૧૧–૦૮–૨૦૨૦<br>૦૫–૧૧–૨૦૨૦ |

(૨) ઉક્ત બેઠકો સમયસર ન મળતી હોય તો તેના કારણો શા છે?

(૨)

| | |
|---|---|
| આણંદ | (૧) વર્ષ ૨૦૧૯માં લોકસભા સામાન્ય ચૂંટણી આચારસંહિતા અને વહીવટી કારણોસર બાકીની બેઠકો સમયસર યોજાયેલ નથી. |

| | |
|---|---|
| | (૨) વર્ષ-૨૦૨૦માં કોવીડ-૧૯ મહામારી તેમજ વહીવટી કારણોસર બાકીની બેઠકો સમયસર યોજાઇ શકેલ નથી. |
| ભાવનગર | (૧) વર્ષ ૨૦૧૯માં લોકસભા સામાન્ય ચૂંટણી આચારસંહિતા અને વહીવટી કારણોસર બાકીની બેઠકો સમયસર યોજાયેલ નથી.<br>(૨) વર્ષ-૨૦૨૦માં કોવીડ-૧૯ મહામારી તેમજ વહીવટી કારણો સર બાકીની બેઠકો સમયસર યોજાઇ શકેલ નથી. |

---------

**અમરેલી અને ભાવનગર જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ**

૩૮૬૫૩ **શ્રી વિરજીભાઈ ઠુમ્મર** (લાઠી) : **માનનીય સહકાર મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર અમરેલી અને ભાવનગર જિલ્લામાં જિલ્લાવાર કઇ બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી રકમ ઉક્ત જિલ્લાવાર કઇ બજાર સમિતિને ચૂકવવામાં આવી છે?

**જવાબ**

(૧)

| અ.નં. | જિલ્લાનું નામ | બજાર સમિતિનું નામ | મંજૂર કરવામાં આવેલ રકમ | |
|---|---|---|---|---|
| | | | તા.૧-૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૧-૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
| ૧ | અમરેલી | -- | શૂન્ય | શૂન્ય |
| ૨ | ભાવનગર | વલ્લભીપુર | શૂન્ય | ૩.૪૮.૭૫ લાખ |

(૨)

| અ.નં. | જિલ્લાનું નામ | બજાર સમિતિનું નામ | ચૂકવવામાં આવેલ રકમ | |
|---|---|---|---|---|
| | | | તા.૧-૧-૨૦૧૯ થી તા.૩૧-૧૨-૨૦૧૯ | તા.૧-૧-૨૦૨૦ થી તા.૩૧-૧૨-૨૦૨૦ |
| ૧ | અમરેલી | -- | શૂન્ય | શૂન્ય |
| ૨ | ભાવનગર | વલ્લભીપુર | શૂન્ય | ૩.૪૮.૭૫ લાખ |

---------

**કેન્દ્ર સરકાર પાસે ખાતરના જથ્થાની માંગણી**

૩૮૬૧૦ **શ્રી શૈલેષ પરમાર** (દાણીલીમડા) : **માનનીય કૃષિ મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

**પ્રશ્ન**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે યુરીયા, ડી.એ.પી., ફર્ટીલાઇઝર ખાતરોના કેટલા જથ્થાની માંગણી કે દરખાસ્ત કરવામાં આવી, અને

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી વર્ષવાર કેટલો જથ્થો કેન્દ્ર સરકાર દ્વારા પૂરો પાડવામાં આવ્યો ?

**જવાબ**

(૧) તા.૩૧-૧૨-૨૦૨૦ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પાસે યુરીયા, ડી.એ.પી., ફર્ટીલાઇઝર ખાતરોના નીચેની વિગતોના જથ્થાની માંગણી કે દરખાસ્ત કરવામાં આવી.

**(જથ્થો લાખ મે.ટનમાં)**

| ક્રમ | વર્ષ | યુરીયા | ડી.એ.પી. |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૨૩.૨૦ | ૪.૯૧ |
| ૨ | ૨૦૨૦ | ૨૩.૫૫ | ૫.૨૫ |

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ વર્ષવાર કેન્દ્ર સરકાર દ્વારા નીચેની વિગતે જથ્થો ફાળવવામાં આવેલ છે.

**(જથ્થો લાખ મે.ટનમાં)**

| ક્રમ | વર્ષ | યુરીયા | ડી.એ.પી. |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૯ | ૨૩.૩૦ | ૮.૫૬ |
| ૨ | ૨૦૨૦ | ૨૪.૬૫ | ૭.૨૯ |

---------

## અધ્યક્ષશ્રીનો નિર્ણય

### આક્ષેપાત્મક ઉચ્ચારણો અંગે ઠપકો આપવા બાબત

અધ્યક્ષશ્રી : ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્ર દરમ્યાન મંગળવાર, તા. ૧૮મી માર્ચ ૨૦૨૧ના રોજ પ્રશ્નોત્તરી દરમ્યાન પ્રશ્ન અગ્રતા ક્રમ-૮ પરની ચર્ચા દરમ્યાન માનનીય સભ્યશ્રી ઋત્વિકભાઈ મકવાણા દ્વારા વીર સાવરકર

બાબતે આક્ષેપાત્મક અને તેમની માનહાનિ કરતા વિવાદાસ્પદ ઉચ્ચારણો કરવામાં આવ્યા હતા. મુખ્ય દંડકશ્રીએ તે શબ્દો રેકર્ડ પરથી દૂર કરવા રજૂઆત કરી હતી. ત્યારબાદ માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું હતું કે શબ્દો રેકર્ડમાંથી દૂર કરવા એટલું પૂરતું નથી. આને હળવાશથી ન લેવાય. માફી મગાવવી જોઈએ. ત્યારબાદ માનનીય મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમાએ પણ જણાવ્યુ હતું કે સભ્યશ્રી આજ સાંજ સુધીમાં ખુલાસો કરે, નહીંતર પછી આવતીકાલે માફી માગે. તત્સમયે મેં તે શબ્દો કાર્યવાહીમાંથી દૂર કરવાનો આદેશ આપ્યો હતો અને જણાવ્યું હતું કે જો સભ્યશ્રી તેમના શબ્દોને વળગી રહેતા હોય તો તે સંબંધે મારી સમક્ષ પુરાવા રજૂ કરવાના રહેશે.

ઉક્ત બાબતે સભ્યશ્રી મકવાણાએ પોતે કરેલ ઉચ્ચારણોના સમર્થનમાં 'ધી વાયર' મેગેઝીન, બી.બી.સી. ન્યુઝ હિન્દી દ્વારા પ્રકાશિત લેખ, રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના પૂર્વ ગવર્નરની સોશ્યલ મિડિયામાં રજૂ થયેલ ટ્વીટ અને શ્રી જયવંત જોગલેકર લિખિત પુસ્તકના સંદર્ભો આધાર પુરાવા રૂપે તા. ૨૨મી માર્ચ, ૨૦૨૧ના રોજ મારી સમક્ષ રજૂ કરેલ છે.

સભ્યશ્રીએ રજૂ કરેલ આ પુરાવા હું જોઈ ગયો છું અને તે જોતાં મને જણાયું છે કે સભ્યશ્રીએ જે આક્ષેપાત્મક/વિવાદાસ્પદ ઉચ્ચારણો કર્યા હતા તેને હું રિપીટ કરવા માગતો નથી. એને આ પુરાવાથી કોઈ રીતે સમર્થન મળતું નથી. કારણ કે તેમાં જે તે મેગેઝિન/લેખકના વ્યક્તિગત અભિપ્રાયો માત્ર છે. આ વ્યક્તિગત અભિપ્રાયોને અધિકૃત પુરાવા તરીકે ગણી શકાય નહિ. ગુજરાત વિધાનસભાના નિયમોના નિયમ-૩૭ની જોગવાઈ મુજબ કોઈપણ વ્યક્તિની વિરુદ્ધ બદનક્ષીભર્યા કે દોષારોપણયુક્ત આક્ષેપ કરી શકાતા નથી અને જો કરવાના થતા હોય તો સંબંધિત સભ્યે અધ્યક્ષને તથા સંબંધ ધરાવતા મંત્રીને તેની અગાઉથી જાણ કરવાની થાય છે, જેથી મંત્રી જવાબ આપવાના હેતુસર તે બાબતમાં તપાસ કરી શકે. શ્રી મકવાણાએ આ સંબંધમાં મને કે સંબંધિત મંત્રીને કોઈ આગોતરી જાણ કરી નથી. પ્રસ્તુત કિસ્સામાં વીર સાવરકર જેવા સ્વાતંત્ર્ય સેનાનીની પ્રતિષ્ઠાને લોકનજરમાં ઉતારી પાડવાના હેતુથી સભ્યશ્રીએ આક્ષેપ કર્યા હોય તેમ મને લાગે છે.

મારા પૂરોગામી અધ્યક્ષોએ પણ ગૃહમાં કોઈપણ વ્યક્તિ સામે આક્ષેપ/ટીકા કરતા પહેલા તેના ખરાપણા અંગે ખાતરી કરી લેવા નિર્ણયો આપેલા છે. આગળ જણાવ્યું તેમ સભ્યશ્રીએ રજૂ કરેલ આધાર-પુરાવા અધિકૃત પણ નથી તેમજ તેમણે કરેલ આક્ષેપને સમર્થન પણ કરતા નથી. આથી સભ્યશ્રી મકવાણાને આવા કોઈપણ પ્રકારના આક્ષેપો કે ઉચ્ચારણો કે જેનાથી ગૃહની ગરિમાને તેમજ કોઈ પ્રતિષ્ઠિત વ્યક્તિના ગૌરવને હાનિ પહોંચતી હોય તેમ ન કરવા આદેશ આપું છું અને પ્રસ્તુત કિસ્સામાં તેમણે કરેલા આક્ષેપો/ઉચ્ચારણો અંગે સખ્ત ઠપકો આપું છું અને ભવિષ્યમાં આવી રીતે દેશના સન્માનનીય મહાપુરુષ સંદર્ભે આક્ષેપ કરવા નહિ અને તમામ સભ્યોએ આ બાબતે નોંધ લેવી. (અંતરાય)

શ્રી નીતિનભાઇ ર. પટેલ (બેઠાં બેઠાં) : સાહેબ, શ્રી ઋત્વિકભાઇ બેઠેલા છે.

અધ્યક્ષશ્રી : મેં એમને ઠપકો આપેલો છે. (અંતરાય) એ ઊભા થાય એ એમની ખાનદાની કહેવાય.

શ્રી પરેશ ધાનાણી : શ્રી નીતિનભાઇ, રહેવા દો ને. એમાં ઘણું બધું છે. સાહેબે આધાર-પુરાવા આપ્યા છે. આ તો સાહેબનો નિર્ણય છે એટલે ચર્ચા નથી કરવી. (અંતરાય)

અધ્યક્ષશ્રી : મારી સાથે વાત કરો.

શ્રી પરેશ ધાનાણી : આ નકલો લઇને બેઠો છું. (અંતરાય) સહી કરેલી પિટિશન, અંગ્રેજોની માફી માગેલી પિટિશન સહી કરેલી અહીંયા પડી છે. (અંતરાય) સાહેબે રૂલિંગ આપ્યું એના પર સન્માન કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય પરેશભાઇ, અત્યારે આ વિષય નથી અને આના પર ચર્ચા પણ ના થઇ શકે. સન્માન કરતા હોય તો ચર્ચા પણ ના હોઈ શકે. (અંતરાય) એ જે શબ્દો બોલ્યા હતા એનું આપણને બધાને ધ્યાન છે. માનનીય સભ્યો જે બોલ્યા હતા એ વાત જુદી છે અને આ વાત જુદી છે. એટલે મહેરબાની કરીને આ વિષયને છોડો.

શ્રી પરેશ ધાનાણી : અમે માનીએ છીએ. આ તો નીતિનભાઇએ કીધું એટલે. સાહેબ, હું તો પોઇન્ટ ઓફ ઓર્ડર માટે ઊભો થયો છું.

અધ્યક્ષશ્રી : એ કહી શકે અને બેઠા બેઠા તમે ના પાડો. બીજું શું? (અંતરાય) . તમે એવું ના કહી શકો કે આ પુરાવા સાચા છે. (અંતરાય)

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, સાહેબ એક મિનિટ (અંતરાય)

અધ્યક્ષશ્રી : એ આક્ષેપ છે. માનનીય અમિતભાઇ, એમણે જે આક્ષેપ કર્યો છે આપ સમજો. આપ આ વિષયને લાંબો ના લઇ જાવ. નહીં તો તમે એના શબ્દોને ટેકો કરતા હોય (અંતરાય) પછી, પ્લીઝ બેસી જાવ, પ્લીઝ બેસી જાવ. (અંતરાય) પ્લીઝ, બેસી જાવ. એ અરસપરસ સામાન્ય ચર્ચાની વાત થઇ છે. પ્લીઝ, બેસી જાવ. (અંતરાય)

શ્રી પરેશ ધાનાણી : શ્રી નીતિનકાકા, ૯ પત્રો લખ્યા એની કોપી છે.

અધ્યક્ષશ્રી : આપનો પ્રશ્ન શું હતો?

**પોઈન્ટ ઓફ ઓર્ડર**

**ટૂંકી મુદતના પ્રશ્ન માટે અલગ સમય ફાળવવા અંગે.**

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, મારો પોઇન્ટ ઓફ ઓર્ડર છે. (અંતરાય)

પોઇન્ટ ઓફ ઓર્ડર (ટૂંકી મુદતના પ્રશ્ન માટે અલગ સમય ફાળવવા અંગે)

અધ્યક્ષશ્રી : પ્લીઝ, શ્રી વિનોદભાઇ, આપ બેસી જાવ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એક મિનિટ સાહેબ, માનનીય વિપક્ષના નેતા શ્રી ઋત્વિકભાઇની વાતનું સમર્થન કરે છે કે આપના ઓર્ડરને ચેલેન્જ કરે છે?

અધ્યક્ષશ્રી : ના, એ કશું કરતા નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ પાછા સમર્થનમાં બીજા પેપર્સ રજૂ કરવા માગે છે.

શ્રી પરેશ ધાનાણી : સાહેબ, હું પણ રેફરન્સ લાવું. બાપુ સાહેબ કહી દે. મારી પાસે કોપી છે.

અધ્યક્ષશ્રી : આ વિષય અહીંયા પૂરો થાય છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, અમે પૂરો કરી દીધો છે. હવે સરકારશ્રીની ઇચ્છા હોય ચર્ચા કરવાની તો અડધા કલાકની ચર્ચા ગૃહમાં આપે. આપણે એના ઉપર ચર્ચા કરીએ બાપુ સાહેબ.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, વીર સાવરકર જેવું વ્યક્તિત્વ આ દેશમાં થયું નથી અને થવાનું નથી.

શ્રી પરેશ ધાનાણી : એ તમારો મત છે.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, એ હજુ પણ કંઇક કહેવા માગે છે અને સમર્થન કરવા માગે છે.

શ્રી પરેશ ધાનાણી : એ તમારો મત છે. એ બાપુનો મત હોઇ શકે. અસંમતિનો દેશમાં બધાને અધિકાર છે. એ ભા.જ.પા.નો મત હોઇ શકે અને એમાં અમને કોઇ વાંધો નથી.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : આખા દેશનો મત છે, આ. ભા.જ.પા.નો મત નથી.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આપ આ વિષય ઉપર અડધા કલાકની ચર્ચા આપો. અમે ચર્ચા કરવા તૈયાર છીએ. અમે દરખાસ્ત લાવીએ અડધા કલાકની, આપ સંમતિ આપો.

અધ્યક્ષશ્રી : શ્રી પરેશભાઇ, આપનો પોઇન્ટ ઓફ ઓર્ડર કહો.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આજની તારાંકિત પ્રશ્નોત્તરીને લઇને મારો પોઇન્ટ ઓફ ઓર્ડર હતો. માનનીય અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયો સન ૧૯૬૦થી ૨૦૨૦ના પાના નં. ૯૭, પ્રકરણ નં. ૪ તરફ આપનું ધ્યાન આકર્ષિત કરું છું. તારાંકિત પ્રશ્નોત્તરીનો કાળ એ વિધાનસભાગૃહના દરેક સભ્યો માટે ખૂબ અગત્યનો સમય હોય છે. તારાંકિત પ્રશ્નોત્તરીમાં જનરલી ૧૨ જેટલા પ્રશ્નોની સરેરાશ ચર્ચા થતી હોય છે. દેશની પાર્લામેન્ટ હોય, આપણી વિધાનસભા હોય કોઇ સભ્ય એના પ્રશ્નો ગૃહ સમક્ષ લાવવા માટે આપ સાહેબની કચેરીમાં જયારે અગ્રતાક્રમ– ૧, ૨, ૩ સાથે એની પ્રશ્નોત્તરી દાખલ કરે એમાં પણ આપની કચેરી દ્વારા ડ્રો કરવામાં આવે છે અને ૧ થી ૧૨ ક્રમની અંદર કોઇ પ્રશ્ન આવ્યો હોય તો ગૃહના સભ્યને લોટરી લાગી હોય એવો એને અહેસાસ થાય છે. હું આપને વિનંતી કરવા માગું છું કે આજના ગૃહના કામકાજ દરમિયાન ટૂંકી મુદતનો પ્રશ્ન ક્રમાંક–૬૯ શ્રી અશ્વિનભાઇ કોટવાલ દ્વારા લાવવામાં આવ્યો હતો. એ ટૂંકી મુદતના પ્રશ્નની ચર્ચા દરમિયાન ૧૨ થી ૧૫ મિનિટ ગઇ અને એ ૧૨ થી ૧૫ મિનિટ ટૂંકી મુદતના પ્રશ્નમાં ખર્ચાવાના કારણે લોટરી લાગી હોય એવા કેટલાય સભ્યશ્રીઓના પ્રશ્નની આ ગૃહ સમક્ષ ચર્ચા થાય, સરકારનું ધ્યાન આકર્ષિત થાય, એની સમસ્યાઓનું સમાધાન થાય, કયાંક એના અધિકારનું હનન થયું હોય એવું મને લાગી રહ્યું છે. આ ગૃહની પણ પરંપરા રહી છે કે તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન કોઇ પોઇન્ટ ઓફ ઓર્ડર ભૂતકાળમાં પણ નહીં ઉઠાવવાની પરંપરા હતી, ટૂંકી મુદતના પ્રશ્નો પણ તારાંકિત પ્રશ્નોત્તરીનો કાળ પૂરો થાય પછી ઉઠાવવા માટે આપણી આ પરંપરા ગૃહમાં જળવાયેલી હતી. આપને વિનંતી કરું છું કે

અધ્યક્ષશ્રી : આ ચર્ચા થઇ ગઇ છે. શોર્ટ નોટિસ માટે પ્રશ્નોત્તરી કાળ જે હોય, આ પણ એમનો જ પ્રશ્ન છે અને પ્રાયોરીટી ટૂંકી મુદતને મળે છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ધેર આર સ્ટાર કવેશ્ચન એન્ડ નોન સ્ટાર કવેશ્ચન. સ્ટાર કવેશ્ચન ગૃહને જીવંત રાખે છે. લોકશાહીને જીવંત રાખવા માટે સભ્યોનો અધિકાર છે અને એને લોટરી જેવી તક મળતી હોય છે. આ બધા માટે અસર કરશે અને મારી વિનંતી છે સાહેબ. (અંતરાય)

અધ્યક્ષશ્રી :પ્લીઝ, તમારે નિર્ણય કરવાનો છે? સાંભળવા તો દો મને.

શ્રી પરેશ ધાનાણી : ભૂતકાળમાં ગૃહે પણ એ પરંપરાઓ પાળી છે એટલે તારાંકિત પ્રશ્નોત્તરી દરમિયાન પોઇન્ટ ઓફ ઓર્ડર, ટૂંકી મુદતનો પ્રશ્ન કે અન્ય કોઇ બાબત લાવવાથી. સભ્યશ્રીનો જે પ્રશ્નોત્તરીકાળનો હાર્દ મરી જાય છે, એટલે સન્માનનીય ગૃહના સભ્યોનો તારાંકિત પ્રશ્નોત્તરીનો અધિકાર છે, એનું રક્ષણ કરવા માટે આપની કક્ષાએથી નિર્ણય થાય તેવી વિનંતી કરું છું.

શ્રી નીતિનભાઇ ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પ્રથમ તો આ ટૂંકી મુદતનો પ્રશ્ન એ પૂછવાની પદ્ધતિ એટલા માટે સન્માનનીય ગૃહે, અધ્યક્ષશ્રીઓએ દાખલ કરી છે કે આપણે સમય મર્યાદામાં પ્રશ્ન પૂછવાનો હોય એ નિશ્ચિત સમય પહેલા નાખવા પડે છે. પછી એનો ડ્રો થાય છે, પરંતુ એ વચ્ચેના સમયગાળા દરમિયાન કોઇ અગત્યનો પ્રશ્ન બન્યો હોય તો આપના ધ્યાન ઉપર મૂકવામાં આવે અને આપને અધિકાર છે કે એને ટૂંકી મુદતના પ્રશ્ન તરીકે દાખલ કરવો કે કેમ? એટલે આપે આ પ્રશ્ન ટૂંકી મુદતના પ્રશ્ન તરીકે દાખલ કરેલો છે. મને તો નવાઇ લાગે છે કે પરેશભાઇએ અમારા કોઇ સભ્યશ્રીનો ટૂંકી મુદતનો પ્રશ્ન

હોત અને સમય ગયો હોત તો વાંધો લીધો હોત તો બરાબર હતું. આ પ્રશ્ન શ્રી અશ્વિનભાઇ કોટવાલ, એમના પક્ષના દંડકશ્રી, એમનો ટૂંકી મુદતનો પ્રશ્ન, આપે દાખલ કર્યો. આદિવાસી ધારાસભ્યશ્રીએ પ્રશ્ન દાખલ કર્યો. ખેડૂતોના હિત માટે(અંતરાય) બધા વચ્ચમાં નહિ બોલો. હું વચ્ચમાં બોલ્યો નથી. આદિવાસીના હિત માટે દાખલ કર્યો હોય. હવે એમના જ નેતા એમના સભ્યએ પૂછેલ પ્રશ્ન અંગે પ્રશ્ન ઊભો કરે છે. બીજું કયા પ્રશ્નને કેટલો ચર્ચવા દેવો? એ પ્રશ્નની મહત્ત્વતા સમજી આપના સંપૂર્ણ અધિકારમાં આવે છે કે તેને ૨ મિનિટ, ૫ મિનિટ, ૭ મિનિટમાં પૂરો કરવો. એ આપનો અધિકાર છે. એમાં કોઇ ચેલેન્જ થઇ શકે નહીં. આપે કહ્યું તે સાચું કહ્યું છે. ટૂંકી મુદતના પ્રશ્ન એક કલાકના સમય મર્યાદામાં એ આવી જ જાય છે.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વિપક્ષના નેતાશ્રીએ જે પોઇન્ટ ઓફ ઓર્ડર ઊભો કર્યો છે, એના સંદર્ભમાં આપણે ત્યાં ટૂંકી મુદતના પ્રશ્ન ઉપસ્થિત કરવા માટેની એક પદ્ધતિ હોય છે. એ પદ્ધતિ આ સન્માનનીય સભાગૃહના દરેક સભ્ય ગમે ત્યારે વાપરી શકે, પરંતુ એની પદ્ધતિ એવી હોય છે કે જે ઘટનાના સંદર્ભમાં પ્રશ્ન ઉપસ્થિત કરવા માગતા હોય એ માનનીય અધ્યક્ષશ્રી દ્વારા માનનીય મંત્રીશ્રીને મોકલી આપે. જે તે વિભાગના મંત્રીશ્રી એમાં સંમતિ આપે તો એ ટૂંકી મુદતનો પ્રશ્ન માનનીય અધ્યક્ષશ્રી એલાઉ કરતા હોય છે. જ્યારે વિપક્ષના દંડક દ્વારા આ પ્રશ્ન દાખલ કરવામાં આવ્યો અને માનનીય કૃષિ મંત્રીશ્રીએ એનો જવાબ આપવા માટે સંપૂર્ણ તૈયારી દર્શાવી અને આપના દ્વારા એને એલાઉ કરવામાં આવ્યો હોય ત્યારે એ હાઉસની પ્રોપર્ટી બની જાય છે. મને લાગે છે કે ધારાસભ્યના અધિકાર તરીકે અમારા કૃષિ મંત્રીશ્રીએ જે સંમતિ બતાવી છે એ ધારાસભ્યના અધિકારનું જતન કર્યું છે. કોઇ પ્રશ્નોત્તરીમાં ખોટો પ્રશ્ન દાખલ કરીને ધારાસભ્યના અધિકાર ઉપર કોઇ તરાપ મારી નથી. પરંતુ એમના પક્ષના દંડકશ્રીએ કેમ પ્રશ્ન પૂછ્યો એ એમનો આંતરિક મામલો છે. એમણે અરસપરસ ચર્ચા કરી લીધી હોત તો ૧૫ મિનિટનો હાઉસનો સમય બગડ્યો તે બચી ગયો હોત.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકી મુદતના પ્રશ્નો સરકારની સંમતિથી એ પક્ષ હોય કે વિપક્ષના સભ્યો. ટૂંકી મુદતનો પ્રશ્ન ઉઠાવે ત્યારે સરકારની સંમતિ સાથે ગૃહ સમક્ષ આવતો હોય છે. પક્ષના ઉમેદવારે પ્રશ્ન પૂછ્યો છે કે વિપક્ષના એ મારો પ્રશ્ન નથી. મારો પોઇન્ટ ઓફ ઓર્ડર એ છે કે તારાંકિત પ્રશ્નોત્તરી એ વિધાનસભાની કાર્યવાહીનું હાર્દ છે અને એક કલાકમાં ચર્ચાતા પ્રશ્નો એ સભ્યને લોટરીથી લાગેલ તક છે. ત્યારે આ ગૃહની પરંપરા રહી છે,લોકસભા અને રાજ્યસભાની પરંપરા રહી છે કે તારાંકિત પ્રશ્નોત્તરીકાળ દરમ્યાન માનનીય સ્પીકરશ્રીના પણ રૂલિંગ છે કે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવી શકાતો નથી. પ્રશ્નોત્તરીકાળ પૂરો થયા પછી પોઇન્ટ ઓફ ઓર્ડર ઉઠાવવા અંગે પૂરોગામી અધ્યક્ષશ્રીઓએ નિર્ણયો આપ્યા છે. માનનીય અધ્યક્ષશ્રી મારી આપને વિનંતી છે કે આપના મારફત આ ગૃહના તમામ સભ્યો પ્રશ્નોત્તરીકાળમાં એને અગ્રતાક્રમે અવસર મળ્યો છે એ ન છિનવાય એ માટે પ્રશ્નોત્તરી કાળ દરમ્યાન ટૂંકી મુદતના પ્રશ્નમાં પોઇન્ટ ઓફ ઓર્ડર કે કોઇ અન્ય કાર્યવાહી ન થાય એવો આદેશ મળે તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : કોઇને હવે કંઇ વધારાનું કહેવું નથી ને? મારે સાચું કે ખોટું નક્કી તો કરવું પડશે ને?

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, ટૂંકી મુદતનો પ્રશ્ન એ પ્રશ્નકાળ દરમ્યાનનો એક ભાગ છે એટલા માટે સમય બગડયો છે તેવું કહેવું ઉચિત નથી. માનનીય નીતિનભાઇ અને શ્રી પ્રદિપસિંહે કહ્યું તે સાચી વાત છે કે, એમના આદિવાસી પ્રતિનિધિ અને આ એમનો અંદરનો મામલો છે. હું રિપીટ કરીને કહું છું કે, આપે કહ્યું છે કે, આ પ્રશ્નકાળ દરમ્યાનનો ભાગ હોઇ...

અધ્યક્ષશ્રી : માનનીય ભીખાભાઇ, આ કાયદાની બાબત છે. મને ચર્ચા સમજવા દો.

શ્રી ભૂપેન્દ્રસિંહ મ. ચુડાસમા : માનનીય અધ્યક્ષશ્રી, પોઇન્ટ ઓફ ઓર્ડર છે જ નહીં. જો તેનો ભાગ ન ગણાતો હોત તો કદાચ સ્વીકાર કરી શકાય, પણ પ્રશ્નકાળ દરમ્યાનનો જ એક ભાગ હોઇ તેમનો પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

અધ્યક્ષશ્રી : થેન્ક યુ. માનનીય પ્રદિપસિંહજી.

શ્રી પ્રદિપસિંહ ભ. જાડેજા : માનનીય અધ્યક્ષશ્રી, સંસદીય પ્રણાલિકાઓ અને કાર્યરીતિ ભાગ-૧ ના પાના નં.૩૨૫ પર બહુ સ્પષ્ટ લખ્યું છે કે, ટૂંકી મુદતનો પ્રશ્ન પ્રશ્નકલાકના સૌથી પહેલાંના સમયગાળાની અંદર લેવામાં આવે છે. એટલે આ નિયમથી બહુ સ્પષ્ટ અને પ્રસ્થાપિત થયેલ છે. આ પ્રસ્થાપિત થયેલી બાબતમાં ૨૦ મિનિટ જેટલો સમય કાઢયો. એટલે આપના દ્વારા આના સંદર્ભમાં વિસ્તૃત નિર્ણય આપવામાં આવે કે જેથી કરીને ભવિષ્યમાં આ પ્રમાણેની સમસ્યા ન થાય. વિધાનસભાના પોતાના કયા બિઝનેશને કયા અગ્રતાક્રમની અંદર લેવો તેના નિયમો હોય છે. તે અગ્રતાક્રમની યાદીમાં પણ આ પ્રમાણેના ઉલ્લેખ કરેલા છે. એટલે આપના દ્વારા લીધેલો નિર્ણય યોગ્ય છે માટે આ પોઇન્ટ ઓફ ઓર્ડર રહેતો નથી.

અધ્યક્ષશ્રી : બધાને સંતોષ થઇ જવા દો. આપને પણ....

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, આ તારાંકિત પ્રશ્નોત્તરી ખૂબ મહત્ત્વનો કાળ છે. આની દુરોગામી અસર પડવાની છે. આપે જે અધ્યક્ષશ્રીના અગત્યના નિર્ણયોની બુક આપી છે તેના પેઇજ નં.૨૭૭ તરફ આપનું ધ્યાન દોરું છું. ૨૧ જૂન ૧૯૭૭ના રોજ નરસિંહ મકવાણાના જૂનાગઢ જિલ્લા પંચાયતને સુપરસીડ કરવા બાબતના ટૂંકી મુદતના પ્રશ્ન ક્રમાંક-૨૩૦ ઉપરની પ્રશ્નોત્તરી દરમ્યાન સભ્યશ્રી વલ્લભભાઇ પટેલે પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો હતો.

અધ્યક્ષશ્રી : આ પોઇન્ટ ઓફ ઓર્ડર ઉપસ્થિત કરવાનો પ્રયાસ કર્યો છે તે છે પ્લીઝ. એ પછી કરાય પણ એ પહેલાં કરેલું છે એટલે..

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારે બે જ મુદ્દા ટાંકવા છે. પોઇન્ટ ઓફ ઓર્ડર પણ એલાઉ ન્હોતો કર્યો. પહેલો મુદ્દો આપની સામે ટાંક્યો કે પ્રશ્નોત્તરીકાળની અંદર બીજા બિઝનેશની અંદર સમય ખર્ચાયો હોય તો આવો સમય વધારી શકાય છે. તેવો પણ આપને...

અધ્યક્ષશ્રી : માનનીય વિપક્ષના નેતાશ્રીનું જે સૂચન છે.

શ્રી પરેશ ધાનાણી : માનનીય અધ્યક્ષશ્રી, મારી લાગણી માત્ર એટલી છે કે, બિઝનેશમાં ક્રમની સાથે મારો કોઇ આર્ગ્યુ નથી. માત્ર તારાંકિત પ્રશ્નોત્તરીનો એક કલાક તે સભ્યને લોટરીથી મળેલો અધિકાર છે. તે સભ્યનો અધિકાર ન છીનવાય, તારાંકિત પ્રશ્નોત્તરી વિધાનસભાગૃહને જીવંત રાખે છે. આ અંગે આપનું માર્ગદર્શન મળે તેવી મારી વિનંતી છે.

અધ્યક્ષશ્રી : પ્લીઝ, પ્લીઝ. મને એવું લાગે છે અને પહેલાં તો મને એવું હતું કે હું અહીંથી જ હુકમ જારી કરી દઉં. જે કંઇ મારી સમજણમાં આવે છે તે પરથી એવું લાગે છે કે, ઘણી ચર્ચાના અંતે મારે આમાં વિગતવાર ચુકાદો આપવો જોઇએ. એટલે હું લંબાણપૂર્વક વિગતવાર ન્યાયી ચુકાદો આપવાનો પ્રયાસ કરીશ. નેકસ્ટ. આ ૧૧૬ નથી એટલું જ કહો ને. ૧૧૬ કેમ પછી લેવાય છે.

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ)

### વન અને પર્યાવરણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ

**વન અને પર્યાવરણ વિભાગ**

**માગણી ક્રમાંક– ૨૭**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રાજ્ય કક્ષાના પર્યાવરણ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું પર્યાવરણ સેવાને લગતી વન અને પર્યાવરણ વિભાગની મહેસૂલી ખર્ચ માટેની રૂ.૨૯,૭૪,૨૫,૦૦૦/– ની માગણી ક્રમાંક– ૨૭ રજૂ કરું છું.

**માગણી ક્રમાંક –૨૭ રજૂ કરવામાં આવી.**

**માગણી ક્રમાંક–૨૭ પરની કાપ દરખાસ્ત.**

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨ રજૂ કરવામાં આવી.**

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી સંતોકબેન ભ. આરેઠિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૪ રજૂ કરવામાં આવી.**

શ્રી કીરીટકુમાર ચી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૫ રજૂ કરવામાં આવી.**

શ્રી આનંદભાઇ મો. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૬ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૭ રજૂ કરવામાં આવી.**

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૮ રજૂ કરવામાં આવી.**

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૦ રજૂ કરવામાં આવી.**

શ્રી શીવાભાઇ અ. ભુરિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૧ રજૂ કરવામાં આવી.**

શ્રી સુનિલભાઇ ર. ગામીત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૩ રજૂ કરવામાં આવી.**

શ્રી અમરીષભાઇ જી. ડેર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૪ રજૂ કરવામાં આવી.**

**પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ.**

**માગણી ક્રમાંક–૭૦**

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર (રાજ્ય કક્ષાના પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, હું સમૂહ વિકાસ સેવાને લગતી પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગની મહેસુલી ખર્ચ માટેની રૂપિયા ૩૦,૯૧,૩૫,૫૭,૦૦૦/–ની માગણી ક્રમાંક–૭૦ રજૂ કરું છું.

તા. ૨૫મી માર્ચ ૨૦૨૧

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ)

**માગણી ક્રમાંક–૭૦ રજૂ કરવામાં આવી.**

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રીઓની જાણકારી માટે આ વચ્ચે કહેવું પડે છે કે, જે માનનીય સભ્યશ્રીઓના અહીંથી નામ પોકારવામાં આવે છે અને સચિવશ્રી જે નામ બોલે છે એમાં ક્યાંક કોઇકને ગેરસમજ થઇ છે. છાપામાં કોઇક ઠેકાણે એમ લખાયું છે કે, કોઇકનું નામ બોલવામાં કંઇક ભૂલથી ખોટું નામ ત્રણ–ચાર વાર ત્રણેક જણનું બોલાયું છે. મેં એ બાબતમાં સીડી લઇને એની તપાસ કરી છે એમાં કોઇ નામનું અપભ્રંશ કે નામને કોઇ જુદી રીતે બોલ્યું નથી એ સ્પષ્ટ છે. કોઇને શંકા દૂર કરવી હોય તો આવી શકે છે. આ તો માનનીય ધારાસભ્યશ્રીઓના નામની વાત છાપામાં છપાઇ છે એટલે એવું લાગે કે આ અપમાનજનક રીતે બોલાયું છે કે શું? એટલે કહું છું અને આ સ્પષ્ટતા કરવા માટે કે એ જે ત્રણ ચાર ધારાસભ્યશ્રીઓના નામની વાત છે એટલે તેઓ મારી પાસે આવીને ચેક કરી શકે છે. કારણ કે આ કોરોના કાળ છે એટલે આપણે બધાએ માસ્ક પહેર્યું છે એટલે કોઇકને કંઇક સંભળાય અને કોઇકને કંઇક બીજું સંભળાય એવી ભૂલ થવાની સંભાવના બધાને માટે હોય છે પણ આમાં કોઇ ભૂલ નથી થઇ.

**માગણી ક્રમાંક–૭૦ પરની કાપ દરખાસ્ત.**

શ્રી કાન્તિભાઇ કા. ખરાડી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૫ રજૂ કરવામાં આવી.**

શ્રી પ્રેમસિંહભાઇ દે. વસાવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૬ રજૂ કરવામાં આવી.**

શ્રી કાળાભાઇ ર. ડાભી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૭ રજૂ કરવામાં આવી.**

શ્રી મહમદજાવીદ અ. પીરઝાદા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૧૮ રજૂ કરવામાં આવી.**

શ્રી ઇમરાન યુ. ખેડાવાલા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૦ રજૂ કરવામાં આવી.**

શ્રી મહેશકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૧ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનલાલ મા. વાળા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૨ રજૂ કરવામાં આવી.**

શ્રીમતી ચંદ્રીકાબેન છ. બારીયા : માનનીય અધ્યક્ષશ્રી, હું કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૫ રજૂ કરવામાં આવી.**

શ્રી મોહનસિંહ છો. રાઠવા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૬ રજૂ કરવામાં આવી.**

ડો. સી. જે. ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૭ રજૂ કરવામાં આવી.**

શ્રી નથાભાઇ હે. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૨૯ રજૂ કરવામાં આવી.**

શ્રી ગુલાબસિંહ પી. રાજપૂત : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૦ રજૂ કરવામાં આવી.**

શ્રી બાબુભાઇ કા. વાજા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૨ રજૂ કરવામાં આવી.**

શ્રી રઘુભાઇ મે. દેસાઇ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૩ રજૂ કરવામાં આવી.**

શ્રી કનુભાઇ મ. બારૈયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૪ રજૂ કરવામાં આવી.**

શ્રી રાજેન્દ્રસિંહ શિ. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૫ રજૂ કરવામાં આવી.**

ડો. અનિલ જોષિયારા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૬ રજૂ કરવામાં આવી.**

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૭ રજૂ કરવામાં આવી.**

શ્રી અશ્વિનભાઇ લ. કોટવાલ : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૮ રજૂ કરવામાં આવી.**

શ્રી લલીત વસોયા : માનનીય અધ્યક્ષશ્રી, હું મારી કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરું છું.

**કાપ દરખાસ્ત ક્રમાંક–૩૯ રજૂ કરવામાં આવી.**

**કાપદરખાસ્તોની એકત્રિત યાદી**

| અ.નં. | મુખ્ય સદર અને સંદર્ભ | કાપ દરખાસ્ત રૂ. | વિષય | પ્રભારી સભ્યશ્રી |
|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ |
| | | **વન અને પર્યાવરણ વિભાગ**<br>**માગણી નં. ૨૭** | | |
| ૧ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા<br>૦૨– ગટર.....સ્વચ્છતા<br>૧૦૬–વાયુ...નિવારણ<br>રૂ. ૭,૬૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પાના નં. ૮ અને ૯ | ૧૦૦ | ચીરીપાલ ગૃપની કંપનીઓના એફ્લુએન્ટ ટ્રીટમેન્ટ પ્લાન્ટ દ્વારા બહાર નીકળતું કેમિકલયુક્ત પાણી ગૌચર જમીનમાં ઠાલવવામાં આવે છે. આ માટે તપાસ કરી જવાબદારો સામે કડકાઈથી પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શૈલેષ પરમાર |
| ૨ | – – " – – | ૧૦૦ | સાબરમતી નદી અને ખારીકટ કેનાલોમાં બેફામ રીતે કેમિકલયુક્ત પાણી છોડનારા જવાબદારોને કડક શિક્ષા કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| ૩ | – – " – – | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા ઉદ્યોગો પાસેથી લેવાતી બેંક ગેરંટીની રકમ પર્યાવરણના હિતમાં વાપરવામાં તેમજ તેની વિગતો જાહેર કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અમિત ચાવડા (સુખરામભાઈ રાઠવા) |
| ૪ | – – " – – | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નબળી કામગીરીને કારણે રાજ્યની તમામ નદીઓને પ્રદૂષિત બનતી અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી સંતોકબેન આરેઠીયા(પુનમભાઈ પરમાર) |
| ૫ | – – " – – | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની નબળી કામગીરીથી કથળેલા વહીવટને સંગીન બનાવવા બોર્ડની કામગીરી પર નિયંત્રણ રાખે તેવી ઉચ્ચ કક્ષાની કમિટિ બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કીરીટકુમાર પટેલ (ભગાભાઈ બારડ) |
| ૬ | – – " – – | ૧૦૦ | સિમેન્ટ પ્લાન્ટના કારણે થતા પ્રદૂષણથી ખેતરની ફળદ્રુપ જમીનો પર થતી ગંભીર અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી આનંદભાઈ ચૌધરી |
| ૭ | – – " – – | ૧૦૦ | પ્રદૂષણના કેસોમાં વકીલોની બિનઅસરકારક કામગીરીને કારણે નબળા પડી જતા કેસોને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| ૮ | ૨૨૧૫–પાણી...સ્વચ્છતા<br>૦૨– ગટર.....સ્વચ્છતા<br>૧૦૬–વાયુ...નિવારણ<br>રૂ. ૭,૬૧,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૮<br>પાના નં. ૮ અને ૯ | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અધિકારીઓની રહેમ નજર હેઠળ અપ્રમાણસર ઉત્પાદન કરતા કેમિકલ એકમો સામે કડક કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી હર્ષદકુમાર રીબડીયા |
| *૯ | – – " – – | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને વ્યાપક સત્તાઓ મળી હોવા છતાં વધતાં જતાં પ્રદૂષણને અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ચંદનજી ઠાકોર |
| ૧૦ | – – " – – | ૧૦૦ | રાજ્યમાં નદી–કેનાલોમાં કેમિકલ્સ ઠાલવતા પકડાયેલા વાહનોને ખાલસા કરી તેમની સામે કડક કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી વિરજીભાઈ ઠુમ્મર |

| | | | | |
|---|---|---|---|---|
| **૧૧** | – – " – – | ૧૦૦ | પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની તાબાની કચેરીઓની વ્યાપક બેદરકારીઓના કારણે વધતું પ્રદૂષણ અટકાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી શીવાભાઈ ભુરિયા |
| ***૧૨** | – – " – – | ૧૦૦ | જીવસૃષ્ટિ અને પર્યાવરણને થતા નુકસાનને અટકાવવા કંપનીઓના ઈન્સ્પેક્શનમાં ગેરરીતિ આચરતા જવાબદાર અધિકારીઓ સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બળદેવજી ઠાકોર |
| **૧૩** | – – " – – | ૧૦૦ | શહેરી વિસ્તારોમાં કચરાના ડુંગરોના નિકાલ માટે સત્વરે કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી સુનિલભાઈ ગામીત |
| **૧૪** | – – " – – | ૧૦૦ | ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડને ચેતનવંતુ બનાવવા તેમાં સમૂળગા ફેરફારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અંબરીષભાઇભાઈ ડેર |
| **પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ**<br>**માગણીનં. ૭૦** | | | | |
| **૧૫** | ૨૫૧૫– અન્ય....કાર્યક્રમો<br>૧૦૧– પંચાયતી રાજ<br>૦૧–રાષ્ટ્રીય....સહાય<br>રૂ. ૧,૧૯,૬૧,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાના નં. ૪૪ | ૧૦૦ | વિકાસના કામોને ગતિમાં લાવવા જિલ્લા વિકાસ અધિકારીઓની નબળી કામગીરીને સંગીન બનાવવામાં તંત્રની નિષ્ફળતા | શ્રી કાન્તીભાઈ ખરાડી |
| **૧૬** | – – " – – | ૧૦૦ | જિલ્લા પંચાયતોને નાણાપંચની રકમ ફાળવવા છતાં વિકાસના કામો સત્વરે કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રેમસિંહભાઈ વસાવા |
| **૧૭** | – – " – – | ૧૦૦ | જિલ્લા પંચાયત હસ્તકની શૈક્ષણિક કચેરીઓમાં થતી ગેરરીતિઓ માટે જવાબદારો સામે પગલાં લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કાળાભાઈ ડાભી |
| **૧૮** | ૨૫૧૫– અન્ય....કાર્યક્રમો<br>૧૦૧– પંચાયતી રાજ<br>૦૧–રાષ્ટ્રીય....સહાય<br>રૂ. ૧,૧૯,૬૧,૯૫,૦૦૦<br>અં.પ્ર.નં.૧૯<br>પાના નં. ૪૪ | ૧૦૦ | પંચાયતોના પ્રમુખોને મળવાપાત્ર સ્વવિવેકાધીન ગ્રાન્ટ ફાળવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહમદજાવીદ પીરઝાદા |
| ***૧૯** | – – " – – | ૧૦૦ | જિલ્લા પંચાયતોને વિકાસના કામો માટે ફાળવાતી ગ્રાન્ટનો ઉપયોગ વિકાસના કામો પાછળ થાય તેની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નૌશાદ સોલંકી |
| **૨૦** | – – " – – | ૧૦૦ | જિલ્લા પંચાયતોમાં ચાલતી ગેરરીતિઓની તપાસ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ઈમરાન ખેડાવાલા |
| **૨૧** | – – " – – | ૧૦૦ | ગ્રામ પંચાયતોની આવક વધે અને વિકાસ થાય તેવી કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મહેશકુમાર પટેલ |
| **૨૨** | ૨૫૧૫– અન્ય...કાર્યક્રમો<br>૧૦૨– સમૂહ વિકાસ<br>૦૧–CDP- વિકાસ આયુક્ત<br>રૂ. ૮,૮૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૫૧ | ૧૦૦ | વિકાસ આયુક્ત કચેરીમાં રાજકીય દખલના કારણે વિલંબમાં પડતા વિકાસના કામો પૂર્ણ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનલાલ વાળા |
| ***૨૩** | – – " – – | ૧૦૦ | ગ્રામસભામાં થતા ઠરાવોનો અમલ સત્વરે થાય તેવું આયોજન કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીતભાઈ કગથરા |

| | | | | |
|---|---|---|---|---|
| *૨૪ | – – " – – | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં જાહેર શૌચાલયો બનાવ્યા પછી તેની નિયમિત સફાઈ–જાળવણી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રવિણભાઈ મુસડીયા |
| ૨૫ | – – " – – | ૧૦૦ | ગ્રામીણ વિસ્તારોમાં શૌચાલયોની સંખ્યા વધારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રીમતી ચંદ્રીકાબેન બારીયા |
| ૨૬ | – – " – – | ૧૦૦ | રાજ્યની ગ્રામ પંચાયતોને ઓકટ્રોય નાબુદીને કારણે વળતર તરીકે સમયસર ગ્રાન્ટ ફાળવવામાં તેમજ ગ્રાન્ટમાં વધારો કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી મોહનસિંહ રાઠવા |
| ૨૭ | – – " – – | ૧૦૦ | જિલ્લા–તાલુકા પંચાયતોમાં સંવર્ગવાર ખાલી પડેલી જગ્યાઓ સત્વરે ભરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો.સી.જે. ચાવડા |
| *૨૮ | – – " – – | ૧૦૦ | ગ્રામપંચાયતોમાં નબળી ઈ–કનેક્ટીવીટીથી કામગીરી ઉપર પડતી અસરો નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી પ્રતાપ દુધાત |
| ૨૯ | – – " – – | ૧૦૦ | પંચાયત હસ્તકની ગૌચર તેમજ જાહેર સ્થળો ઉપરના દબાણોની વ્યાપક ફરિયાદો છતાં ઉકેલ લાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી નથાભાઈ પટેલ |
| ૩૦ | ૨૫૧૫– અન્ય...કાર્યક્રમો<br>૧૦૨– સમૂહ વિકાસ<br>૦૧– CDP- વિકાસ આયુક્ત<br>રૂ. ૮,૮૫,૦૦,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૫૧ | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં શહેરી વિસ્તારો જેવી માળખાકીય સુવિધાઓ વિકસાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ગુલાબસિંહ રાજપૂત |
| *૩૧ | – – " – – | ૧૦૦ | ગ્રામ્ય વિસ્તારોમાં ગંદકીવાળી જગ્યાઓ પર સમયસર દવા છંટકાવની કામગીરી કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી ભરતજી ઠાકોર |
| ૩૨ | – – " – – | ૧૦૦ | મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગ્રામ્ય વિસ્તારોમાં ઉકરડાનો સમયસર યોગ્ય નિકાલ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી બાબુભાઈ વાજા |
| ૩૩ | – – " – – | ૧૦૦ | રાજ્યમાં તીર્થગ્રામ યોજના–પાવન યોજના હેઠળ જાહેર કરેલાં ગામડાઓની વિગતો પ્રસિદ્ધ કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રઘુભાઈ દેસાઈ |
| ૩૪ | ૨૫૧૫– અન્ય...કાર્યક્રમો<br>૮૦૦– અન્ય ખર્ચ<br>૦૧–CDP-11 પંચાયતોની ચૂંટણી<br>રૂ. ૭૨,૯૨,૩૮,૦૦૦<br>અં.પ્ર.નં. ૧૯<br>પાના નં. ૫૮ | ૧૦૦ | સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ મુક્ત અને ન્યાયિક રીતે યોજાય તેવી કાર્યવાહી કરવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી કનુભાઈ બારૈયા |
| ૩૫ | – – " – – | ૧૦૦ | સંવેદનશીલ મતદાન મથકો બદલતી વખતે તમામ રાજકીય પક્ષોનો અભિપ્રાય–પરામર્શ લેવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી રાજેન્દ્રસિંહ ઠાકોર |
| ૩૬ | – – " – – | ૧૦૦ | પંચાયતોની ચૂંટણી પ્રક્રિયામાં છેવાડાના માનવીને વિશ્વાસ બેસે તેવી કામગીરી કરવામાં તંત્રની નિષ્ફળતા. | ડો. અનિલ જોષિયારા |
| ૩૭ | – – " – – | ૧૦૦ | સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં અનામતની | શ્રી હર્ષદકુમાર |

| | | | | |
|---|---|---|---|---|
| | | | નીતિમાં રખાતો ભેદભાવ નિવારવામાં તંત્રની નિષ્ફળતા. | રીબડીયા |
| **૩૮** | – – " – – | ૧૦૦ | ચૂંટણી પ્રક્રિયાની કામગીરીમાં કાર્યદક્ષતા લાવવા મતદાર યાદીની પ્રસિદ્ધિ અને નામાંકન પત્ર રજૂ કરવાના દિવસો વચ્ચે ઓછામાં ઓછા સાત દિવસોનું અંતર રાખવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી અશ્વિનભાઈ કોટવાલ |
| **૩૯** | – – " – – | ૧૦૦ | ચૂંટણીઓમાં પોલીંગ એજન્ટ રીલીવીંગ એજન્ટ કે બુથ કાર્યકરને હેરાનગતિ કરવા ખાતર પોલીસ ક્લીયરન્સ સર્ટિફિકેટની થતી માંગણી બંધ કરાવવામાં તંત્રની નિષ્ફળતા. | શ્રી લલીત વસોયા |

* આ કાપ દરખાસ્તો સભાગૃહમાં રજૂ થયેલ નથી.

**અધ્યક્ષશ્રીઃ** હવે રજૂ થયેલી માગણીઓ અને રજૂ થયેલી કાપ દરખાસ્તો પર ભેગી ચર્ચા કરવામાં આવશે.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા(વિસાવદર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય વન અને પર્યાવરણ મંત્રી માગણી નંબર–૨૭ જે લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરું છું. પર્યાવરણની જાળવણી કરવાની જવાબદારી આપણા સૌની આવે છે. પર્યાવરણ ખૂબ અગત્યનું છે. પર્યાવરણની જાળવણી માટે આ વખતે સરકારે બજેટમાં પણ વનના વિકાસ માટે ૨૮૬ કરોડ રૂપિયા ફાળવ્યા છે અને સામાજિક વનીકરણ માટે ૨૧૯ કરોડ રૂપિયા ફાળવ્યા છે. કુલ ૫૦૫ કરોડ રૂપિયા આપણે પર્યાવરણમાં વન વિભાગ માટે, વનના વિકાસ માટે ફાળવ્યા છે એ ખૂબ જરૂરી છે. આપણે ઘણીવાર જોઇએ છીએ વનીકરણમાં, વનીકરણમાં ઝાડ વાવીએ છીએ પણ એ ઝાડનો ઉછેર થતો નથી, આપણે ઘણી જગ્યાએ જોતા હોઇએ છીએ. આમાં મારું એક સૂચન એ પણ છે કે વનીકરણમાં જો ડ્રીપ ઈરીગેશન ફીટ કરવામાં આવે તો એને પૂરતું પાણી મળી રહે અને ઝાડનો પણ આપણે ઉછેર કરી શકીએ. આ ખૂબ જરૂરી છે. બીજું.

અધ્યક્ષશ્રી : માનનીય ભીખાભાઇ, આપ જરા માસ્ક સારી રીતે પહેરોને.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, ગઇકાલે મંત્રીશ્રી વાત કરતા હતા ગ્લોબલ વોર્મીંગની, આ પણ એક ચિંતાનો વિષય છે. જો ઝાડ હશે તો આમાંથી આપણે બચી શકીશું. મારો એક એ પણ વિચાર છે કે આપણું ગુજરાત છે એમાં ઝાડ હોય તો ઝાડમાંથી આપણને ઓકિસજન મળે એ આપણે બધા સૌ જાણીએ છીએ. તો આમાં આપણે બાગાયત તરફ જો જઇએ તો ખેડૂતોની જમીન, જો તમે અત્યારે ગૂગલ મેપમાંથી જૂઓ તો આપણે ત્યાં ઝાડ બહુ ઓછાં દેખાય છે જંગલ અને વનમાં દેખાય છે અને બાકીના ખેતરો દેખાતા હોય. તો આપણે બાગાયત તરફ વળીએ અને આ જે ૫૦૫ કરોડ રૂપિયા આપણે આમાં વાપરીએ છીએ એમાં થોડોક વધારો કરીએ અને ખેડૂત ઝાડ વાવે, ખેડૂત પોતાની વાડીમાં બાગાયત બગીચા, આંબાના બગીચા કે ગમે તે ફળના બગીચા કરે તો જો એમાં પૂરી સહાય કરવામાં આવે તો ખરેખર આપણને ઝાડમાંથી ઓક્સીજન પણ મળશે, ઓકિસજનની સાથે સાથે ફળ પણ મળશે. બન્ને ફાયદા છે તો મારું આ એક સૂચન છે કે સરકારશ્રી દ્વારા બાગાયતમાં પણ પ્રોત્સાહન આપવામાં આવે. આ આપણે કરીશુંને પછી પાંચ વરસ પછી તમે ગૂગલ મેપમાં જોશો તો આખું ગુજરાત ગ્રીનરીથી આચ્છાદિત હશે. મારો આ વિચાર સરકારશ્રી થોડોક ધ્યાને લે તે પણ વાત છે.

માનનીય અધ્યક્ષશ્રી, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની થોડીક વાત કરવી છે. મારો જે વિસ્તાર છે ત્યાં અત્યારે ઓઝત નદી અને ઉબેર નદી આવેલ છે. આનું પાણી એટલું બધું બગડ્યું છે. અમારે ત્યાં જેતપુરમાં ડાઇંગ ઉદ્યોગ છે. સાડીઓ ધોવાનો. એ ડાઇંગના ઘાટ ચલાવવામાં આવે છે. બિનકાયદેસર ઘાટ મારા વિસ્તારમાં ચલાવવામાં આવે છે. નદીની હાલત તમે જૂઓ અત્યારે, પછી ઉબેર હોય કે ઓઝત હોય અત્યારે માલધારી પશુ, ઢોર લઇને નદી પાસે જાય તો પશુ પણ પાણી નથી પીતા. કેમિકલયુક્ત પાણી નદીમાં ઠાલવવામાં આવે છે. આ પાણી લોકો પીવે છે. જે પાણી પશુ નથી પી શકતા એ પાણી લોકો પીવે છે. બોર કે કૂવાના પાણી તળમાં બેસી ગયા છે. નદીના કાંઠામાંથી પણ ગ્રામપંચાયતોના બોરના પીવાના પાણીના તળ નીચા ગયા છે. આ પાણી પીવાથી અનેક રોગો થયા છે. ગામડામાં વહાલામાં વહાલો એકનો એક દીકરો હોય એ કેન્સરમાં મૃત્યુ પામે છે. ચામડાના રોગો પણ એટલા બધા થયા છે. કૂવાના તળમાં પાણી બેસવાથી જમીન પણ ખરાબ થઇ ગઇ છે બંજર જમીન કરી નાંખી છે ત્યારે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, આવા ઘાટ બિન કાયદેસર આ નદી બચાવો આંદોલન પણ થયા છે અમારે ત્યાં ચાલુ છે. જો આપણે જાગીશું નહીં અને આ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તેને પકડમાં નહીં લઇએ અને જયાં સુધી પાણી ચાલુ રહેશે મને તો એમ લાગે છે કે આખા ગુજરાતનો પ્રશ્ન છે. આગામી સમયમાં પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જો આ પ્રદૂષણ ફેલાતું રોકવામાં નહીં આવે તો આખા ગુજરાતમાં નદી બચાવો આંદોલનનું રણશિંગું ફૂંકવામાં આવશે માટે મારી વિનંતી છે કે, આ નદીઓથી આ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ તે પણ કેમ તેનાથી કન્ટ્રોલમાં નથી આવા ઘણાં ઉદ્યોગો છે. અહીંયા તમે ભરૂચની આજુબાજુ જુઓ મારી પાસે ખેડૂતો આવ્યા હતા દિલીપ સ્ટારબન નામની એક કંપની છે તે એટલો કાર્બન ઉડાડે છે કે આજુબાજુના ખેડૂતોની જમીન બંજર કરી નાંખી છે.

ચૈત્ર ૪, ૧૯૪૩ શાકે

માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ)

શ્રી સુરેશભાઇ ધ. પટેલ(મણીનગર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી જયદ્રથસિંહજી જે માગણીઓ લઇને આવ્યા છે તેને હું મારું સમર્થન કરું છું અને મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્લોબલ વોર્મીંગના કારણે એક કવિએ આખી માનવજાતને ટકોર કરી છે. ગુજરાત કે ભારત નહીં આખી દુનિયાને,

**" અખિલ બ્રહ્માંડમાં નથી એક તું માનવી, પશુ છે, પંખી છે, વનોની છે વનસ્પતિ."**

આદરણીય વડાપ્રધાનશ્રીએ આની ખૂબ ચિંતા કરી ગુજરાતમાં હતા ત્યારે અને અત્યારે દેશમાં જયારે વડાપ્રધાન છે ત્યારે એમણે આખી દુનિયાની ગ્લોબલ વોર્મીંગની ચિંતા કરી અને એક બુક બહાર પાડી છે તે વાંચવા જેવી છે, તેના સૂઝાવો પણ આપ્યા છે. હું જયારે ગુજરાતની વાત કરું તો ગુજરાતનું આપણું પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ છે અને એ રેગ્યુલેટરી સંસ્થા છે. પર્યાવરણ નિયમન અને નિયંત્રણ આના અનુસંધાનમાં જે કાયદાઓ બનાવેલાં છે તેના અમલીકરણની જવાબદારી છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના જુદા જુદા વિસ્તારમાં ૨૭ પ્રાદેશિક કચેરીઓ અને ૨ તકેદારી ટીમ ગાંધીનગરમાં બોર્ડની છે. ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં જ ગુજરાત અગ્રેસર નથી પણ ગુજરાતમાં સ્થાપેલ ઔદ્યોગિક એકમના ઉદભવતા તેમાંથી જે ગંદા પાણીને શુદ્ધ કરવા માટે ૭૫૫.૨૫૯ એમ.એલ.ડી.મિલિયન લિટર પર ડે આટલી ક્ષમતાના કુલ ૩૪ શુદ્ધિકરણ પ્લાન્ટો ગુજરાતે સ્થાપન કરેલા છે અને તેનાથી રક્ષણ થાય છે. સીમાંત ઉદ્યોગમાં પણ આપણે જોયું કે વેસ્ટમાંથી બેસ્ટ કઇ રીતે બને તે આ સરકારની પોલિસી છે અને તેમાં જે સિમેન્ટ ઉધોગમાં ૨ કરોડ ૮૭ લાખ ૯૬ હજાર ૧૩૪ મે.ટન જોખમી અને બિનજોખમી કચરાનો ઉપયોગ કરી અને સિમેન્ટ બનાવવામાં આવે છે અને તે પણ ગુણવત્તાસભર એટલે આનુ આપણે પર્યાવરણનું જતન કરી રહ્યાં છીએ. એરપોલ્યુશનમાં પણ પહેલી વખત વિશ્વમાં આપણે માનનીય મુખ્યમંત્રીશ્રીએ તેનું ઉદઘાટન કર્યું. હમણાં શ્રી હર્ષદભાઇએ જે ચિંતા કરી એવી અમદાવાદ, જેતપુર અને વડોદરા ખાતે ઔદ્યોગિક શુદ્ધિકરણ કરાયેલા ગંદા પાણીના નિકાલ અર્થે ડીપ સી ડિસ્ચાર્જ પાઇપ લાઇન માટે રૂપિયા ૨૨૭૫ કરોડની સંકલિત યોજના બનાવવામાં આવેલ છે અને તેના પરિણામે ગંદા પાણીનો નિકાલ નદીઓમાં જતો બંધ થશે.

માનનીય અધ્યક્ષશ્રી, અમદાવાદ, જેતપુર અને વડોદરા વિસ્તારમાં ૧૩ ઔદ્યોગિક વસાહતોમાં ૪૪૬૫ ઔદ્યોગિક એકમો આવેલા છે અને તેમાં ૯૨ ટકા લઘુ ઉદ્યોગો છે. એમાં ૯૨ ટકા લઘુઉદ્યોગો છે. આ પાઈપલાઈન યોજનાના કારણે પ્રદૂષિત પાણીના નિકાલ અને ક્ષમતામાં વધારો થશે અને ઔદ્યોગિક મૂડીરોકાણ અને રોજગારીને વૃધ્ધિ પણ મળશે. આશરે રૂપિયા ૩૪ હજાર કરોડનું નવું ઔદ્યોગિક રોકાણ આવશે અને પાંચ લાખ લોકોને રોજગારી મળે એવી શક્યતાઓ છે. આ પહેલાં પર્યાવરણની ચિંતા કોઇએ કરી ન હતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકાર છે અને જુદા-જુદા માપદંડના આધારે લોકોને નુકસાન ન થાય એના માટે નવા આયામ કરી અને તે પ્રમાણે ખેડૂતોને નુકસાન ન થાય, નદીઓનો બગાડ ન થાય અને હવા પણ ખરાબ ન આવે એના માટે સરકાર ચિંતિત છે અને વૃક્ષારોપણ પણ થાય છે. ગંદુ પાણી ડીપ કરીને ખેડૂતોને આપવું એવી પણ યોજના ગુજરાત સરકારે કરેલી છે અને એના અનુસંધાનમાં ગુજરાત સરકાર અને પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ ખૂબ સક્રિય છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પર્યાવરણ મંત્રીશ્રી અને માનનીય પંચાયત મંત્રીશ્રી પર્યાવરણ અને સમૂહ વિકાસ અંગેની જે માગણી લઈને આવ્યા છે તેમાં મારા સૂચનો રજૂ કરવા ઊભો થયો છું. વિકસતા જતાં રાજ્યમાં ઔદ્યોગિક વિકાસ વધવાના કારણે પ્રદૂષણ વધ્યું છે. વધતું જતું પ્રદૂષણ અટકાવવામાં રાજ્ય સરકારની કોઈને કોઈ પ્રદૂષણ બોર્ડ દ્વારા કામગીરી કરવામાં વિલંબતાના કારણે અનેક નદીઓ પ્રદૂષિત બની છે. આપણું અમદાવાદ સાબરમતીના નામે ઓળખાય છે. ખારીકટ કેનાલમાં બેફામ રીતે કેમિકલયુક્ત પાણી છોડવાના કારણે આ સાબરમતી નદી પ્રદૂષિત બની છે અને લોકોના આરોગ્ય ઉપર અસર થઈ છે. કેમિકલયુક્ત પાણી છોડવા માટે કોણ જવાબદાર છે તેની પ્રદૂષણ નિયંત્રણ બોર્ડમાંથી જે ફરજિયાત ચકાસણી થવી જોઈએ તે થતી નથી અને જો થાય છે તો કોઈને કોઈ ઈન્સપેકટરની મિલીભગતના કારણે આ કામગીરીમાં ઉણપ રાખવામાં આવે છે. માત્ર સાબરમતી જ નહિ પરંતુ ગુજરાતની અનેક નદીઓના બગડેલા પાણીના કારણે લોકોના આરોગ્ય સાથે ચેડા થઈ રહ્યાં છે. નર્મદા નદીનું પાણી પીવા માટે ઘણું સારું મળે છે પરંતુ નાના નાના ડેમમાંથી પાણી ઉપાડવાના કારણે નર્મદા યોજનાની મેઈન કેનાલ કોઈને કોઈ કારણે બંધ રાખવામાં આવે છે. તાજેતરમાં અમરેલીમાં પીપળી થી ચાવંડ સુધી આવતી અને ચાવંડ થી અમરેલીમાં આવતી પાણી પુરવઠા યોજનાનું પાણી આવવાનું બંધ થયું. ઠેબી યોજનાથી જે પાણી ઉપાડવામાં આવ્યું એ એટલું બધું પ્રદૂષિત કે પાણી આવે ત્યારે ઘરમાં બેસી ન શકાય એટલી બધી દુર્ગંધ મારે. આવડા મોટા ડેમમાં પાણી કોણ બગાડી રહ્યું છે? મારી પહેલાં શ્રી સુરેશભાઈ હમણાં વાત કરતાં હતાં કે કૉંગ્રેસ નિષ્ફળ ગઈ છે. તો મારે એમને કહેવું છે કે, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સ્થાપવાનું કામ કૉંગ્રેસે કર્યું છે. તમે ભૂલી ગયા છો કે, તમારા કન્ટ્રોલના કારણે આ નિષ્ફળતા આવી છે અને એના કારણે આવડા મોટા ડેમ બગડી ગયા છે. શા માટે તપાસ થતી નથી? અંબુજા અને રાજુલા અલ્ટ્રાટેક જેવા મોટા મોટા સિમેન્ટ પ્લાન્ટની સ્થાપના થઇ છે. સિમેન્ટ પ્લાન્ટમાં ઉડતાં રજકણોના લીધે અમારી જમીન બગડવાના કારણે જમીનનું ઉત્પાદન પણ ઘટ્યું છે. ક્રશર રોડના કાંઠે ચાલે છે. ક્રશર માટેના નિયમો છે કે રોડના કાંઠે જયારે ક્રશર ઊભું થાય ત્યારે ચારેબાજુથી બોર્ડર કરવામાં આવે. ૫-૧૦ કિ.મી. સુધી એ રજકણો ઊડે છે. જમીન બગડતી જાય છે . આ બગડતી જમીનને અટકાવવા માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ સંપૂર્ણ નિષ્ફળ ગયું છે. જેથી મારે સરકારને વિનંતી કરવી છે કે એમાં કડક કાર્યવાહી કરવામાં આવે અને કડકમાં કડક કાર્યવાહી કરી આવા પ્રદૂષણ ફેલાતા જે કોઇ યુનિટો હોય

એની ઉપર રોક લગાડવામાં આવે અને રોક લગાડવામાં ન આવે તો કોણ જવાબદાર છે, એની ઉપર પગલા લેવામાં આવે તેવી પણ મારી માંગણી છે. પંચાયત મંત્રી, સમૂહ વિકાસના કામો લઇને આવ્યા છે ત્યારે મારે કહેવું છે કે, પંચાયતની માંગણી વખતે હું બોલતો હતો કે રૂર્બન યોજના, રૂર્બન યોજના જે દાખલ કરી છે, ૧૦,૦૦૦ થી વધારે વસ્તી વાળા ગામોમાં ગટરો બનાવી દીધી છે. ૭૯ ગામોમાં ગટર બની છે, કામગીરી ચાલતી નથી એની પાછળના કારણો એ છે કે, એમને જે રૂપિયા ૫ લાખનું ફંડ આપવામાં આવે છે, એ રૂપિયા ૫ લાખના ફંડના કારણે એમની પાસે જે.સી.બી.મશીન આપવામાં આવે, એ મશીન આપી શકાતા નથી અને કામગીરી થઇ શકતી નથી ત્યારે આમના માટેનો કોન્ટ્રાકટ આપવાની કેટલાય લાંબા સમયથી કામગીરી ચાલ છે. નાણાખાતુ ફાઇલ પાછી મોકલે વળી પાછી રૂર્બનમાં જાય, રૂર્બન ફાઇલ પાછી મોકલે, વળી પાછી નાણાખાતામાં જાય. નિર્ણય ન થવાના કારણે ૭૯ ગામોમાં આ યોજના બન્યા પછી તેની અમલવારી થતી નથી. એ અમલવારી તાત્કાલિક કરવા માટે માંગણી કરૂ છું.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરુ થાય છે. માનનીય મોહનભાઇ વાળા.

શ્રી મોહનલાલ મા. વાળા(કોડીનાર) : માનનીય અધ્યક્ષશ્રી, નાણામંત્રી વર્ષ ૨૦૨૧–૨૨નું જે બજેટ લઇને આવ્યા છે અને વન અને પર્યાવરણ મંત્રી એમાં માંગણી નંબર ૨૭ જે લઇને આવ્યા છે, એમાં મારા વિચારો રજૂ કરવા ઉપસ્થિત રહ્યો છું.

માનનીય અધ્યક્ષશ્રી, સ્વચ્છ વાતાવરણ એ આજની તાતી જરૂરિયાત છે અને સ્વચ્છ વાતાવરણ માટે સરકાર ખૂબ કામ કરે છે અને પ્રદૂષણને નિયંત્રિત કરવા માટે પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પણ કાર્યરત છે. પરંતુ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ જે પ્રમાણે કામ કરવું જોઇએ એ પ્રમાણે કામ કરતું નથી, જેના લીધે ખૂબ પારાવાર નુકસાની થાય છે. હું મારા મત વિસ્તારની વાત કરૂ તો અંબુજા સિમેન્ટ કંપની છે, એ અંબુજા સિમેન્ટ કંપની તરફથી વિદેશથી જે કોલસો મંગાવવામાં આવે છે અને વિદેશથી કોલસો મંગાવવામાં આવે છે ત્યારે પરિવહન દ્વારા પણ રસ્તામાં ખેડૂતોના ખેતરમાં ખૂબ રજકણો ઉડે છે તેમજ જે જગ્યાએ સ્ટૉરેજ કરે છે, એની આજુબાજુમાં ૧૪ જેટલા ખેડૂતોની જમીન ખરાબ થઇ છે અને કૂવાના પાણી પણ લાલ થઇ ગયા છે, માટે એ ખેતી કરી શકતા નથી. એ લોકોએ મામલતદારશ્રી, કલેકટરશ્રી અને ખેતીવાડી અધિકારીશ્રી વિગેરેને પણ રજૂઆતો કરી, કોઇ પરિણામ ન આવ્યું. એમને પ્રાદેશિક નિયામકશ્રી, જૂનાગઢને પણ રજૂઆત કરી, આજદિન સુધી કોઇ પરિણામ આવ્યું નથી. માત્ર નોટિસ આપી છે, શો–કોઝ નોટિસ આપી છે, આવું કહી અને ખેડૂતોને ન્યાય મળતો નથી. એટલે મારી આ ગૃહ સમક્ષ વિનંતી છે કે, જે આ ૧૪ ખેડૂતોની જમીન બગડે છે, એના કૂવાના તળ ખરાબ થઇ ગયા છે એમને ન્યાય મળે અને અંબુજા સિમેન્ટને આ સ્ટૉરેજ જે કરે છે એના લીધે ખેડૂતોને નુકસાન થાય છે એમાં એમને એવી કોઇ સુવિધા કરી આપવામાં આવે અથવા સુવિધા કરવા માટે કંપનીને કહેવામાં આવે કે જેથી ભવિષ્યમાં ખેડૂતોને નુકસાન ન થાય.

માનનીય અધ્યક્ષશ્રી, બીજું, અમારો વિસ્તાર એક બાજુ જંગલ અને એક બાજુ દરિયા વિસ્તાર છે. વચ્ચે થોડો વિસ્તાર જ માત્ર ખેતીને લાયક જમીન છે. જંગલ વિસ્તારની અંદર ઇકોસેન્સેટિવ ઝોન આવલું છે અને ઇકોસેન્સેટિવ ઝોનની અંદર આજની તારીખે અત્યારે કહું તો ગેરકાયદેસર ૫૦ જેટલી ખાણો ચાલે છે. ગેરકાયદેસર ખાણો, ઇકોસેન્સેટિવ ઝોનમાં ખેડૂતો વીજળી કનેકશન માંગે તો વનખાતુ એકપણ આપતું નથી. જયારે ૫૦ થી ૬૦ બિનકાયદેસર ગૌચરની અને સરકારી જમીનની અંદર ખાણો ચાલે છે અને જયારે જયારે ફરિયાદ કરવામાં આવે ત્યારે જેવી ફરિયાદ કરો એટલે તરત જ ત્યાંથી એવો ફોન આવે કે તમે લોકેશન જણાવો. સાહેબ, અમારે લોકેશન જણાવવાનું છે. અમે લોકેશન જણાવીએ તો, પથ્થરની ખાણો એવી વસ્તુ છે, ચક્કરડી એવી છે કે, જે જગ્યાએ ચાલતી હોય એને ૫ કિ.મી. સુધી સંભળાતું હોય છે.

શ્રી મોહનલાલ મા. વાળા : આ લોકોએ કામ કરવાનું હોય છે કે ગેરકાયદેસર જે માઇનીંગ ચાલે છે, એને પકડવાનું હોય છે એના બદલે ધારાસભ્ય કે અન્ય કોઇ હોદ્દેદાર જયારે આવો ફોન કરે ત્યારે એમને એમ કહેવામાં આવે કે તમે લોકેશન જણાવો. એમને સૂચના આપી દેવામાં આવે છે. જયારે એ ત્યાં મુલાકાત લે છે.

અધ્યક્ષશ્રી :આપનું વકતવ્ય પૂરંુ થાય છે. માનનીય સભ્યશ્રી રાઘવજીભાઇ.

શ્રી રાઘવજીભાઇ પટેલ(જામનગર (ગ્રામ્ય) : માનનીય પંચાયત મંત્રીશ્રી પોતાના ખાતાની સન ૨૦૨૧–૨૨ના વર્ષની માગણીઓ લઇને માગણી ક્રમાંક–૭૦ સામૂહિક વિકાસની લઇને જયારે આ ગૃહ સમક્ષ આવ્યા છે ત્યારે તેને સમર્થન આપવા માટે અને એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

આ કોમ્યુનિટી ડેવલપમેન્ટ પ્રોગ્રામ તા. ૨જી ઓકટોબર, ૧૯૫૨ થી દેશમાં અમલમાં આવેલ. ભારત સરકારના પ્લાનીંગ કમિશન જે હાલ નીતિ આયોગના નામે કામ કરે છે, પ્લાનીંગ કમિશનની વ્યાખ્યા મુજબ. Community development is an attempt to bring about social and economic transformation and village life through the effort of the people themselves.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ્ય વિકાસ કાર્યક્રમનો મુખ્ય હેતુ, ઉદ્દેશ ગામડાંમાં માળખાકીય સુવિધાઓ ઉભી કરવાનો છે. ગામમાં લોકોને પીવાનું શુદ્ધ પાણી મળે, પાકી ગટરની વ્યવસ્થા હોય, પ્રવાહી અને ઘન કચરાના નિકાલની વ્યવસ્થા હોય, ગામે ગામ ઇન્ટરનેટની સુવિધા પ્રાપ્ત થાય, ગામે ગામ રસ્તાઓની સુવિધા હોય, ગામમાં કોમ્યુનિટી હોલ હોય, બાગ–બગીચાની સુવિધા હોય, સાચા અર્થમાં ગામડાને સામૂહિક વિકાસ દ્વારા ગોકુળિયું ગામ બનાવવા માટેનો આ કાર્યક્રમ છે. સ્વચ્છ અને સ્વસ્થ ગામની યોજના જયારે અમલમાં મૂકવામાં આવી છે ત્યારે ગામડામાં સફાઇની વ્યવસ્થા એ પંચાયતની પ્રાથમિક ફરજ છે. સફાઇ બાબતે સભાનતા, જાગૃતતા કેળવવી અને ગ્રામ્ય વિસ્તારમાં પ્રવાહી અને ઘન કચરાનો નિકાલ કરવો. સફાઇ વેરો, ગટર

વેરો નાંખવા ગ્રામ પંચાયતોને પ્રોત્સાહન આપવા વર્ષ ૨૦૦૮થી ગુજરાતમાં સ્વસ્થ અને સ્વચ્છ ગામની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ યોજનાના અમલીકરણ માટે રાજય સરકાર તરફથી ગ્રામ પંચાયતોને પ્રોત્સાહક અને સહાયક ગ્રાન્ટ આપવામાં આવે છે. આ ગ્રાન્ટમાં વર્ષ ૨૦૧૪થી વધારો કરવામાં આવ્યો છે. સહાયક ગ્રાન્ટના ધોરણો જણાવું તો ૯૧ થી ૧૦૦ માર્કસ મેળવેલા હોય તેને સફાઇ વેરા વસૂલાતના ડબલ અને વધુમાં વધુ એક લાખ રૂપિયા.૮૧ થી ૯૦ માર્કસ મેળવેલા હોય તેને સફાઇ વેરા વસૂલાતના ૧૫૦ ટકા અને વધુમાં વધુ ૭૦ હજાર રૂપિયા. ૬૧થી ૮૦ માર્કસ મેળવેલા હોય તેને સફાઇ વેરા વસૂલાતના ૧૦૦ ટકા અને વધુમાં વધુમાં રૂપિયા ૫૦ હજાર. પ્રોત્સાહક ગ્રાન્ટના ધોરણો જણાવું તો સો ટકા સફાઇ વેરાની વસૂલાત કરેલ હોય તો વસૂલાતના બમણા અને ૫૦ ટકા કે તેથી વધુ વસૂલાત કરેલ હોય તો તેની રકમની બમણી રકમ.

મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન યોજના, આ યોજના અંગે જણાવું તો સરકાર દ્વારા સ્વચ્છતા ત્યાં પ્રભૂતા તેવા મહાત્મા ગાંધીના જીવન મંત્રને સાકાર કરવા માટે રાજય સરકાર તરફથી મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન અમલમાં મૂકી રાજયના તમામ ગામો સ્વચ્છ બને, તમામ ગામો શૌચાલય યુકત બને, સંપૂર્ણ ગટર વ્યવસ્થા થાય, ઘન અને પ્રવાહી કચરાનું વ્યવસ્થાપન થાય, નાગરિકોનું આરોગ્ય અને જીવન સારું બને તથા ગામમાં વસતા લોકોને સ્વચ્છ પર્યાવરણ મળી રહે તે માટે ગુજરાતના તમામ ગામો સ્વસ્થ રહે તેવો નિર્ધાર કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, પૂજય મહાત્મા ગાંધીજી વર્ષ ૧૯૧૫થી આફ્રિકાથી ભારત આવ્યા. એમણે ભારતમાં ફરીને જોયું કે ભારતમાં ગંદકી એ મોટો રાજરોગ છે, આ ગંદકીએ સમાજનું મોટું દુષણ છે. કારણ કે તેઓ આફ્રિકા અને યુરોપમાંથી બ્રિટનમાંથી કેળવણી લઇને અને ત્યાંની સમાજ વ્યવસ્થા જોઇ અને આવ્યા હતા. તેમણે સ્વચ્છતા મિશન એ વખતે હાથ ધર્યું, સાહેબ, વર્ષ ૧૯૧૫માં કોંગ્રેસના મહા અધિવેશન વખતે મહાત્મા ગાંધીજીએ જાતે સંડાસો સાફ કર્યા, એની જાજરૂની વ્યવસ્થા જાતે કરી, સફાઇ જાતે સાવરણો લઇને કરી અને આવી જ જો કોઇએ મહાત્મા ગાંધી પછી જો કોઇ મહાનુભાવે આ દેશમાં સ્વચ્છતા બાબતમાં જો ગંભીરતાથી એને ધ્યાનમાં લીધું હોય, એને અમલમાં મૂકયું હોય, તો તે આપણા વડાપ્રધાન નરેન્દ્રભાઇ મોદી છે. સાહેબ, સ્વચ્છ ભારત મિશન જેનું એક સ્વપ્નું છે, કે મહાત્મા ગાંધીનો આ કરવા પાછળનો ઉદ્દેશ સમગ્ર ભારતને સ્વચ્છ બનાવવાનો હતો.

અધ્યક્ષશ્રી : આપનું પ્રવચન પૂરું થાય છે. માનનીય ભગાભાઇ.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પર્યાવરણ, ગ્રામ વિકાસની જે માગણીઓ લઇને આવ્યા છે એમાં મારા વિચારો રજૂ કરવા માટે ઉભો થયો છું.

પર્યાવરણ એ આપણા બધા માટે અતિ જરૂરી છે. આપણે બધાએ જોઇ લીધું છે કે કોરોના કાળની અંદર સમગ્ર દેશની અંદર લોકડાઉન હતું એ સમયગાળામાં જે પર્યાવરણ માટેની કયારેય પણ ન જોઇ શકાયું હોય તેવું આકાશથી લઇને ડુંગરા સુધી દૂર દૂર સુધી કુદરતી સૌંદર્ય જોવા મળતું હતું. આજે પર્યાવરણ આપણા સૌના જીવન માટે જરૂરી છે ત્યારે આજની પરિસ્થિતિ લોકડાઉન પૂરું થયા પછી હું અહીંથી વેરાવળ જતો હતો અને ગીરનાર અમારો નજીક આવતો હોય અને નજીકના કિલોમીટરથી જોઇએ તો ગીરનાર દેખાતો હોય છે. જયારે લોકડાઉનના સમયમાં અમે જતા હતા ત્યારે ગોંડલથી અમારે ગીરનારના દર્શન થતા હતા. પર્યાવરણ શું છે એ આના ઉપરથી અંદાજ કાઢી શકીએ છીએ.

આપણે પર્યાવરણને જાળવવું હોય અથવા તો શુદ્ધ કરવું હોય તો એના માટે ઝાડો અતિ જરૂરી છે અને એ જ એને રોકી શકશે. એટલે વૃક્ષોની ખરેખર જરૂર છે એટલે માણસ દીઠ ઓછામાં ઓછા દસ ઝાડ આપણા માટે પર્યાવરણ શુદ્ધ કરવા માટે થઇને જરૂરી છે. સરકારે વનીકરણ માટેના ઘણા પોગ્રામો કર્યા છે આપણે વનીકરણ પ્રોગ્રામ ઉજવીએ છીએ, લાખોની ગ્રાન્ટ વાપરીએ છીએ, ફોટા પડાવીએ છીએ. ગાંધીનગરથી માંડીને ગ્રામ્ય વિસ્તાર સુધી દરેક જગ્યાએ વૃક્ષનું વાવેતર કરીએ છીએ પરંતુ ફરી પાછું નવુ વર્ષ આવે ત્યારે આપણે કેટલા ઝાડ ઉછેર્યા છે કેટલા મોટા કર્યા છે એની કોઇ ચિંતા કરી છે ખરી? એનો સરવે કર્યો છે ખરો? દર વર્ષે આપણે વનીકરણ હજારોની સંખ્યામાં કરીએ છીએ ઝાડો વાવીએ છીએ. આ રીતે વનીકરણ પોગ્રામ ઘણા વર્ષોથી ચાલે છે. આ વનીકરણ પોગ્રામ નીચે પૂરા ગુજરાત રાજયમાં આપણે ફકત ૭૦ ટકા ઝાડો જ ઉછેરવામાં આવ્યા હોય તો પાંચ વર્ષમાં ગુજરાતમાં કોઇપણ ફાજલ જગ્યા ઝાડ વિનાની ન રહે તેવો મારો પોતાનો અંદાજ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હમણાં સરકારશ્રીએ બર્જર જમીન માટેનો પોગ્રામ આપ્યો છે. એવી જમીન કોઇપણ માણસ અથવા ઉદ્યોગપતિને આપી દેવાની વાત છે. મારી સરકારશ્રીને વિનંતી છે કે શા માટે આપણે પર્યાવરણની સમસ્યાના ઉકેલ માટે આ બર્જર જમીનમાં ઝાડો વાવીએ એમાં ગ્રીન બેડ પાણીની સુવિધા ઉભી કરીએ ડ્રીપ ઇરીગેશન સિસ્ટમ ઉભી કરીને ઝાડ વાવીએ તો આવનાર સમયમાં ગુજરાત ગ્રીન બની શકશે, ગ્રીન ગુજરાત બનશે તો અત્યારે જે પર્યાવરણને નુકસાન થઇ રહ્યું છે એને અટકાવી શકીશું. એટલે આપની મારફત સરકારશ્રીને અને માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે આ જે જમીનો ફાજલ પડી છે એમાં સરકારશ્રી પોતે અને ઘણી એવી સંસ્થાઓ છે એન.જી.ઓ.પણ ઘણી કામ કરે છે એના મારફતે ઝાડો વાવવામાં આવે એમાંથી જો ૭૦ ટકા ઝાડોનો ઉછેર કરીએ તો આપણે પર્યાવરણ પ્રદૂષિત થતું અટકાવી શકીશું એવી મારી વિનંતી છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપના દ્વારા છેલ્લે એક દાખલો આપવા માગું છું કે બે વર્ષ પહેલા ગુજરાત સમાચાર અથવા સંદેશની પૂર્તિમાં મેં વાચ્યું હતું. અમેરિકાના એક વૈજ્ઞાનિક હતા એમણે વાત કરી હતી. આપણે મંગળ ગ્રહ ઉપર કે ગુરુ ગ્રહ ઉપર જવું જોઇએ એના માટે સંશોધન કરવું જોઇએ એ બરાબર છે પણ એમણે એમ પણ કહ્યું કે હાલની પરિસ્થિતિમાં

પર્યાવરણને નુકસાન થાય છે એ ગતિ આવતા સમયમાં ચાલુ રહેશે તો આપણી પાસે અત્યારે ફકત પૃથ્વી ગ્રહ જ એવો છે કે જયાં રહી શકીએ છીએ. પરંતુ આવનાર સમયમાં એનો બ્લાસ્ટ થશે તો ન આપણે મંગળ ગ્રહ ઉપર કે ગુરુ ગ્રહ ઉપર જઇ શકીશું.

શ્રી જશુભાઇ શી. પટેલ(બાયડ) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય પંચાયત મંત્રીશ્રી જે માગણીઓ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. મારા વિસ્તારના પ્રશ્નો આપની સમક્ષ મૂકું છું. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી એ બાબતે નમ્ર વિચાર કરે એટલા માટે ઉભો થયો છું. માલપુર બાયડમાં ગ્રામપંચાયતોના મકાનો ખૂબ જર્જરિત થયા છે તે પૈકીના માત્રને માત્ર બે જ મકાનોને નવા નાણાંની ફાળવણી કરીને બનાવવાની વાત કરી છે. માનનીય મંત્રીશ્રીને કહું કે મારા જિલ્લાની જેટલી પણ રજૂઆતો વિકાસ કમિશનરમાં આવી છે તેને ધ્યાને લઇને આ મકાનો વહેલામાં વહેલી તકે એટલા માટે કરવા જોઇએ કે ગ્રામ્ય વિસ્તારના પંચાયત ઘરને તેનું નામ બદલીને ગ્રામ સચિવાલય નામ આપ્યું છે. નામ બદલવાથી લોકોના પેટ ભરાતા નથી. તેમના કામ થતાં નથી. નામ બદલવાની વાત કહું તો મારા વિસ્તારમાં કહેવત છે કે લક્ષ્મી વીણે લાકડાં, ધનપાળ માગે ભીખ. અમર જેવા મરી ગ્યા ત્યારે ઠઠળ પાયો ઠીક. એટલે પંચાયત ઘરના બદલે ગ્રામ સચિવાલય નામ આપીને માત્ર બે જ પંચાયતોની મંજૂરી આપી ત્યારે મારા અરવલ્લી જિલ્લાની વાત કરું તો જે પંચાયત ઘર બાકી છે તેને વહેલામાં વહેલી તકે આપવામાં આવે. બહાર પ્રાઇવેટ મકાનોમાં બેસે છે. લોકોને ખૂબ તકલીફ પડે છે. આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને આ નવા મકાનો માટેની વાત કરી. બીજું, અપૂરતા સ્ટાફની જો વાત કરું તો પંચાયત વિભાગની અંદર હું જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિનો ચેરમેન હતો. આખી શિક્ષણ સમિતિમાં ૪૦થી ૪૫ જણનું મહેકમ મંજૂર હોય અને તે પૈકી માત્ર ૩ જણ ત્યાં કામ કરતા હતા. શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે ક્યારેક પાણી પીવું હોય તો મારા ઘેરથી જગ લઇને જવું પડતું હતું અને પાણી પણ જાતે પીવું પડતું હતું એ હાલત જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતોની છે. જ્યારે બીજી વાત કરું તો સિંચાઇ વિભાગ અરવલ્લી જિલ્લા પંચાયત. ૫ જેટલા સબ–ડિવિઝન અને ડિવિઝનની અંદર માત્ર ૩ જણાનો સ્ટાફ છે. નાની સિંચાઇ દ્વારા કૂવાઓમાં પાણી, તળાવોમાં પરકોલેશન આ સ્ટાફ વગર કંઇ પણ કામ થતું નથી. તો પૂરતા સ્ટાફ માટેની જો વ્યવસ્થા થાય. માનનીય મંત્રીશ્રી મારી આ વાતને ધ્યાનમાં લે. એથી આગળ જઇને વાત કરું તો ગ્રામ સેવકો અપૂરતા હોવાને કારણે જ્યારે અતિવૃષ્ટિ થાય અથવા તો વધુ વરસાદના કારણે ખેડૂતોને નુકસાન થાય તો તેના સરવેની કામગીરી ગ્રામ સેવકો કરતા હોય છે અને ટૂંકા સમયમાં ન થવાના કારણે ખેડૂતોને બહું મોટું નુકસાન થાય છે. તો આ બાબતે ગંભીરતાપૂર્વક વિચાર કરવાની જરૂર છે.

માનનીય અધ્યક્ષશ્રી, મહેસૂલ અને રેવન્યુના તલાટીઓની વાત કરીએ તો બે ભાગ પાડીએ. કોમ્પ્યુટરનો ઉપયોગ બહુ સારી બાબત છે પણ ગામડાંમાં લોકોને કોમ્પ્યુટર ફાવતું નથી. આ બે ભાગ પાડ્યા, લોકો ધક્કા ખાય છે. પૂરતો સ્ટાફ મૂકવામાં આવે તો અંતરિયાળ ગામડાંના ગરીબ લોકોને ફાયદો થઇ શકે. ગામડું મજબુત થશે તો દેશ મજબૂત થશે. મારે આ ગૃહને વિનંતી કરવી છે કે અમે તો ગામડાંના લોકો છીએ. અમે ગાડું ચલાવીએ છીએ. ગાડાંના પૈડાનો એકાદ આરો તૂટી જાય તો આરાને એકલાને જોખમ હોય છે કે પૂરા ગાડાંને જોખમ હોય છે? અમારો વિસ્તાર દૂબળો. પાણી નથી. શિક્ષણ માટે કોલેજો નથી. આ વાત અગાઉ પણ મેં આ ગૃહ સમક્ષ રજૂ કરી હતી. માનનીય મંત્રીશ્રીને તો માત્ર પંચાયતને લાગતી બાબત આવે છે પણ મારો વિસ્તાર છે એ ગાડાંના આરા જેવો છે. તો મારો વિસ્તાર જો પંગુ રહેશે તો હું એમ માનું છું કે પૂરા ગાડાંને, પૂરા રાજ્યને અને આ દેશને નુકસાન છે. તો મારા વિસ્તાર ઉપર શિક્ષણની વાત હોય, પાણીની વાત હોય, પંચાયતના સ્ટાફને લગતી જે બાબતો છે તેને ધ્યાને લઇને મારા વિસ્તાર સમક્ષ નજર રાખો અને એ વિસ્તારનો થોડો વિકાસ થાય એટલા માટે હું ઉભો થયો છું. આભાર.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર ( રાજ્યકક્ષાના પંચાયત મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, મારા પંચાયત વિભાગ અને પર્યાવરણ વિભાગ ઉપર લગભગ ૭ જેટલા માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો. માગણીઓ ઉપર જે જે માનનીય સભ્યશ્રીઓએ ભાગ લીધો એમાં સૂચનો કર્યા છે, સમર્થન આપ્યું છે, કોઇએ વિચારો વ્યક્ત કર્યા છે, કોઇએ રાજ્ય સરકારની કામગીરીને બિરદાવી છે. એમના રચનાત્મક સૂચનોને હું આવકારું છું અને ભાગ લેનાર સર્વે સભ્યશ્રીઓનો આ તબક્કે આભાર માનું છું.

માનનીય અધ્યક્ષશ્રી, છેવાડામાં વસતા કોઇપણ સમુદાય ખભે ખભા મેળવીને રાજ્યના વિકાસમાં સીધા ભાગીદાર બને તેવી વિકાસલક્ષી નીતિ સાથે ગુજરાતમાં પંચાયતી રાજની વ્યવસ્થાનું અમલીકરણ થઇ રહ્યું છે. રાજ્યમાં પંચાયતી રાજ્યના સબળ સંચાલન અને સુદ્રઢીકરણમાં આપણા માનનીય વડાપ્રધાનશ્રી અને ગુજરાતના પનોતા પુત્ર શ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબ જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે અને હાલમાં પણ મહત્ત્વનું યોગદાન આપી રહ્યા છે. આપણા મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ પણ તેની સતત ચિંતા કરીને ગામડા વિકાસની હરણફાળમાં પાછળ ન રહી જાય તેવા દ્રઢ સંકલ્પ સાથે અને આ વિચારને સાચા અર્થમાં અમલમાં મૂકવા માટે છેલ્લા પાંચ વર્ષમાં ૧૪માં નાણા પંચની ગ્રાન્ટ સીધી જ ગ્રામ પંચાયતોના ખાતામાં જમા થાય તેવો નિર્ણય કરીને ગામડાના સશક્ત વિકાસ માટે નવી રાહ ચીંધી છે. નાણાપંચની ગ્રાન્ટમાંથી વિકાસના કામો સહિત તેની પસંદગી અને કામોનો અગ્રતાક્રમ ગ્રામસભા અને ગ્રામ પંચાયત ડેવલપમેન્ટ પ્લાનના માધ્યમથી નક્કી કરે તેવો નિર્ણય કરીને પાયાના સ્તરે પંચાયતી રાજને વધુ સુદ્રઢ બનાવ્યું અને હવે આગામી પાંચ વર્ષ માટે અમલમાં રહેનાર ૧૫માં નાણાપંચ થકી ત્રણેય સ્તરની પંચાયતોને સર્વાંગી વિકાસની યાત્રામાં જોડીને

ત્રિસ્તરીય પંચાયતી રાજને વધુ મજબૂત બનાવવાનો ક્રાન્તિકારી નિર્ણય માનનીય વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવ્યો છે. હાલમાં રાજ્યમાં ચૂંટાયેલા લોક પ્રતિનિધિઓ દ્વારા ત્રિસ્તરીય પંચાયતી રાજ વ્યવસ્થા સુચારુરૂપે અને સંવાદપૂર્ણ રીતે કાર્યરત છે ત્યારે રાજ્ય સરકારના વિવિધ વિભાગો પણ તેમના હસ્તકની વિવિધ વ્યક્તિલક્ષી અને સામુદાયિક યોજનાઓના સફળ અમલીકરણ થકી ગ્રામીણ વિસ્તારોમાં ગ્રામજનોને મૂળભૂત સેવાઓ પૂરી પાડીને પંચાયતી રાજની વિકાસ યાત્રાને આગળ ધપાવી રહ્યા છે. ગ્રામીણ સ્તરે ગ્રામ પંચાયત થકી ગ્રામજનોને તમામ સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે પંચાયત ઘર એ અગત્યનું અને ચાવીરૂપ માધ્યમ બની રહેલ છે. રાજ્યના ગામોમાં ઘણા જૂના, નાના અથવા ઘણું રિપેરીંગ માગી લે તેવા પંચાયત ઘરો છે તેના સ્થાને આધુનિક સુવિધાવાળા પંચાયત ઘર મોટા પ્રમાણમાં બનાવવા માટે પંચાયત વિભાગ દ્વારા ધારાસભ્યશ્રીની ગ્રાન્ટ, સંસદસભ્યશ્રીની ગ્રાન્ટ, એ.ટી.વી.ટી.ની ગ્રાન્ટ, આયોજન પંચની ગ્રાન્ટ, નાણાપંચની ગ્રાન્ટ એવી સરકારી ગ્રાન્ટોનો વધુને વધુ ઉપયોગ કરીને વધુને વધુ પંચાયત ઘરો બનાવવાની નવી નીતિ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. જેના કારણે મોટા પ્રમાણમાં નવા પંચાયત ઘરોનું નિર્માણ કરી શકાશે. આમ, દરેક ગ્રામ પંચાયતને તબક્કાવાર તેનું ગ્રામ પંચાયત ઘર સોલાર રૂફ ટોપની સુવિધા સાથે ઉપલબ્ધ કરાવવા સાથેની નવી નીતિ બનાવવાની કાર્યવાહી ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે. પંચાયતી રાજ વ્યવસ્થાના સુદ્રઢીકરણ માટે અને ગ્રામ્ય સ્તરે વિકાસની ખૂટતી સુવિધાઓ પૂરી પાડવા માટે લોક ભાગીદારી થકી વિકાસ કરવાની નેમ સાથે માદરે વતન યોજના લઇને આવેલ છે. ગુજરાતીઓ સમગ્ર દેશ અને દુનિયામાં વસે છે. પરંતુ પોતાના વતનના સંભારણા અને વતન પ્રત્યેનો પ્રેમ તેમના હૃદયમાં હંમેશા જીવંત હોય છે. વતન માટે કંઇક કરી છૂટવાની તમન્ના હોય છે ત્યારે તેમના દાન અને સહકાર થકી આ યોજના હેઠળ વતનના ગામમાં ખૂટતી સુવિધાઓ પૂર્ણ થશે. આવી ઉમદા કામગીરીને પ્રોત્સાહન આપવા માટે હું આ તબક્કે ખાસ કરીને આદરણીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી સાહેબનો તથા નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઇ પટેલ સાહેબનો આભારી છું. વર્ષ ૨૦૨૧-૨૨ના અંદાજપત્રમાં મારા વિભાગની અનુદાન પરની માગણીઓ રજૂ કરતી વખતે હું ખૂબ જ ધન્યતા અને હર્ષની લાગણી અનુભવું છું. માનનીય શ્રી વિજયભાઇ રૂપાણી અને શ્રી નીતિનભાઇ પટેલ સાહેબની આગેવાની હેઠળની આ સરકાર દ્વારા તેમજ લોક ભાગીદારીથી ગામનો સર્વાંગી વિકાસ થાય અને પ્રજાને તેમની જરૂરિયાતો સરળતાથી ઉપલબ્ધ થાય એ માટે મારો વિભાગ કટિબદ્ધ છે. આ સન્માનનીય સભાગૃહને મારા વિભાગની વિવિધ પ્રજાલક્ષી યોજનાઓથી અને નવા કામોથી અવગત કરાવવા માટે તથા સર્વે માનનીય ધારાસભ્યશ્રીઓના સાથ સહકાર અને હકારાત્મક અભિગમથી ગુજરાતના વિકાસની અવિરત પ્રક્રિયાને આગળ ધપાવવા માટે પંચાયત વિભાગની રૂપિયા ૩૦૯૧.૩૫ કરોડની ક્રમાંક-૭૦ રજૂ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગામડાના વિકાસ માટે નાણાપંચ થકી ગ્રાન્ટ આપવામાં આવે છે. ૧૪માં નાણાપંચ અંતર્ગત છેલ્લા પાંચ વર્ષમાં રૂપિયા ૮૧૩૧.૨૦ કરોડની ગ્રાન્ટની ફાળવણી સીધી ગ્રામ પંચાયતોને કરી વિકાસની ચિંતા કેન્દ્ર અને રાજ્ય સરકારે કરેલ છે. વર્ષ ૨૦૨૦-૨૧થી શરૂ થયેલ ૧૫મું નાણાપંચ વર્ષ ૨૦૨૫-૨૬ સુધી અમલમાં રહેશે. વર્ષ ૨૦૨૦-૨૧માં રાજ્યમાં મળવાપાત્ર ગ્રાન્ટનો ઉપયોગ ૫૦ ટકા ટાઇડ ગ્રાન્ટ અને ૫૦ ટકા અનટાઇડ બેઝિક મુજબ ઉપયોગ કરવાનો રહેશે. જ્યારે વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૫-૨૬ સુધી મળનાર ગ્રાન્ટનો ઉપયોગ ૬૦ ટકા ટાઇડ અને ૪૦ ટકા અનટાઇડ બેઝિક મુજબ કરવાનો રહેશે. ૧૫માં નાણાપંચ હેઠળ મળનાર ગાન્ટમાંથી ૭૦ ટકા ગ્રાન્ટ ગ્રામ પંચાયતોને, ૨૦ ટકા ગ્રાન્ટ તાલુકા પંચાયતોને અને ૧૦ ટકા જિલ્લા પંચાયતોને ફાળવવામાં આવશે. ટાઇડ ગ્રાન્ટનો ઉપયોગ પીવાનું પાણી, સેનિટેશન, ખુલ્લામાં શૌચ મુક્તિના કામો, અંન્ડર ગ્રાઉન્ડ ડ્રેનેજને લગતા કામો કરવાના રહેશે. જ્યારે બેઝિક ગ્રાન્ટનો ઉપયોગ સ્થાનિક વિકાસના કામો માટે કરવાનો રહેશે.

માનનીય અધ્યક્ષશ્રી માદરે વતન યોજના હેઠળ જ્યારે કોઇ દાતા પોતાના ગામમાં શાળાના રૂમ, સ્માર્ટ ક્લાસ, આંગણવાડી, હોસ્પિટલ, રસ્તા, પીવાના પાણીની સુવિધા, ગ્રામ તળાવ, ગટર વ્યવસ્થા, સામૂહિક શૌચાલય, લાઇબ્રેરી, કોમ્યુનિટી હોલ, સ્મશાન વિગેરે જેવી સુવિધા વિકસાવવા માગતા હોય તેમના દ્વારા આપવામાં આવતી દાનની રકમ જેટલી જ મેચિંગ રકમ રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે જે માટે રૂપિયા ૧૦૦ કરોડની જોગવાઇ કરેલ છે. સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ યોજનાની વાત કરી એ તો ગ્રામ પંચાયતો સફાઇ અંગે જાગૃત બને તે માટે ગ્રામ પંચાયતના સફાઇ કરની વસૂલાતના આધારે પ્રોત્સાહક ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૦-૨૧માં ૭૬.૫૬ કરોડનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં રૂપિયા ૬૦ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. મહાત્મા ગાંધી સ્વચ્છતા મિશન હેઠળ ગામડામાં ડોર ટુ ડોર ઘન કચરાનું એકત્રિકરણ કરવા માટે રાજ્યના તમામ ગામોને આવરી લઇ વ્યક્તિદીઠ માસિક રૂપિયા બે ગ્રાન્ટ ફાળવણી કરવામાં આવે છે. જે અંતર્ગત ૨૦૨૦-૨૧માં રૂપિયા ૮૭.૮૯ કરોડનો ખર્ચ થયેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ગ્રામ પંચાયતોને વ્યક્તિદીઠ માસિક રૂપિયા બેના બદલે રૂપિયા ચાર આપવાનો નિર્ણય કરીને રૂપિયા ૧૭૫.૨૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૧-૨૨માં ગ્રામ પંચાયતોમાં વેરા વસૂલાતને પ્રોત્સાહન આપવા માટે ચાલુ વર્ષની વસૂલાતની ટકાવારી ૮૦ ટકાથી વધુ હોય તો તેવી ગ્રામ પંચાયતોને ચાલુ વર્ષના વસૂલાતના ૫૦ ટકા અથવા મહત્તમ રૂપિયા પાંચ લાખ જે પૈકી ઓછું હોય તેટલી રકમ પ્રોત્સાહક ગ્રાન્ટ તરીકે આપવા માટે રૂપિયા ૧૦ કરોડની નવી બાબત મંજૂર કરેલ છે. વર્ષ ૨૦૨૧-૨૨માં સુરત, વલસાડ, વડોદરા અને ભરૂચ જિલ્લાઓની અમલાખાડી, ઢાઢર, અમરાવતી, કોલક, બાલેશ્વર અને કીમ નદી પરના પંચાયત વિસ્તારમાં આવતા ૧૯ ગામોમાં સ્વચ્છતા અને શુદ્ધીકરણ માટે કુલ પાંચ કરોડ રૂપિયાની નવી બાબત મંજૂર કરેલ છે.

## તા. ૨૫મી માર્ચ ૨૦૨૧

## માગણીઓ પર ચર્ચા અને મતદાન ( દસમો દિવસ)

માનનીય અધ્યક્ષશ્રી, નવીન પંચાયત ઘર–કમ–તલાટી આવાસ યોજના એ ગામડા માટે ખૂબ જ આશીવાર્દરૂપ યોજના છે. વર્ષ ૧૯૬૩માં પંચાયતીરાજ અમલમાં આવ્યાથી પંચાયત ઘરના બાંધકામ અંગે કોઇ નાણાકીય જોગવાઇ કરવામાં આવતી નહતી. પરંતુ અમારી સરકારે ગ્રામ પંચાયતોના મકાનો સુવિધાયુક્ત બને તે માટે વર્ષ ૨૦૧૬થી વસ્તીના પ્રમાણમાં નવીન પંચાયત ઘર બનાવવા માટે યોજના અમલમાં મૂકી છે. વસ્તીના ધોરણે રૂપિયા ૧૪ લાખ, રૂપિયા ૧૮ લાખ અને રૂપિયા ૨૨ લાખ દરેક ગ્રામ પંચાયતને મળવાપાત્ર છે. અત્યાર સુધીમાં કુલ ૩૨૩૪ નવીન ગ્રામ પંચાયત ઘર મંજૂર કરવામાં આવેલ છે. જે પૈકી ૧૨૨ નવીન ગ્રામ પંચયાત ઘરને વર્ષ ૨૦૨૦–૨૧માં મંજૂરી આપવામાં આવેલ છે. માનનીય અધ્યક્ષશ્રી, અગાઉ મેં જણાવ્યું તેમ હાલમાં આ અંગે નવી નીતિ બનાવવાનું સરકારની વિચારણા હેઠળ છે. વધુમાં અત્યાર સુધીમાં કુલ ૧૯૫૪ ગ્રામ પંચાયતોને રિપેરીંગ માટે મંજૂરી આપવામાં આવેલ છે તે પૈકી ૮૮૬ ગ્રામ પંચાયત મકાનોને રિપેરીંગ માટે વર્ષ ૨૦૨૦–૨૧માં મંજરી આપવામાં આવેલ છે. અત્યાર સુધીમાં રૂપિયા ૨૩૫ કરોડના ખર્ચે કુલ ૨૦૭૭ નવીન ગ્રામ પંચાયતના મકાનોનું કામ પૂર્ણ થયેલ છે. રિપેરીંગ ન થઇ શકે તેવી ગ્રામ પંચાયતોને નવી નીતિ મુજબ આગામી બે વર્ષમાં તબકકાવાર નવીન બનાવવાનો નિર્ણય કરવામાં આવેલ છે. જે માટે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૬૦ કરોડની જોગવાઇ પણ કરવામાં આવેલ છે. વધુમાં રિપેરીંગ થઇ શકે તેવા પંચાયત ઘરોને રિપેરીંગ કરવા માટે પંચાયત ઘરદીઠ રૂપિયા ૫ લાખ સુધીની રકમ ફાળવવામાં આવે છે. જે માટે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૮ કરોડની જોગવાઇ કરેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગ્રામ પંચાયત એસેટ અને રેકર્ડની વ્યવસ્થિત જાળવણી તેમજ કામોનું ડુપ્લીકેશન ન થાય તે માટે જીઓટેકીંગ એસેટ રજિસ્ટર તૈયાર કરવા માટે રૂપિયા ૫ કરોડની નવી બાબત મંજૂર કરેલ છે. નવીન બનેલ ગ્રામ પંચાયત કચેરીના મકાન ઉપર તબકકાવાર સોલાર રૂફ ટોપ સિસ્ટમ લગાવવા માટે રૂપિયા ૬ કરોડની નવી બાબત મંજૂર કરેલ છે. જિલ્લા પંચાયત, તાલુકા પંચાયતના મકાન બાંધકામની વાત કરું તો આ યોજનાની શરૂઆત વર્ષ ૨૦૧૦થી કરવામાં આવી ત્યારે જિલ્લા પંચાયત ભવન માટે રૂપિયા ૪ કરોડ તથા તાલુકા પંચાયત ભવન માટે રૂપિયા ૮૦ લાખની જોગવાઇ કરવામાં આવી હતી. જયારે અત્યારે તાલુકા પંચાયતના મકાન બાંધકામ માટે રૂપિયા ૨.૪૦ કરોડ અને જિલ્લા પંચાયતના મકાન બાંધકામ માટે રૂપિયા ૨૯.૪૦ કરોડ જેટલી માતબર રકમ રાજય સરકાર દ્વારા આપવામાં આવે છે. અત્યાર સુધીમાં કુલ ૧૨૯ તાલુકા પંચાયતના મકાનોના બાંધકામ માટે મંજૂરી આપેલ છે. જે પૈકી ૯૨ મકાનોના કામ પૂર્ણ થયેલ છે. જયારે ૧૩ જિલ્લા પંચાયતના મકાનના બાંધકામ માટે મંજૂરી આપેલ છે. જે પૈકી ૮ મકાનોના કામ પૂર્ણ થયા છે. આ માટે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૬૪ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. અત્યાર સુધીમાં નવીન તાલુકાઓના સ્ટાફ ક્વાર્ટર માટે મંજૂરી આપવામાં આવતી હતી પરંતુ હવે વર્ષ ૨૦૨૧–૨૨થી જૂના તાલુકાઓમાં પણ નવીન સ્ટાફ ક્વાર્ટર્સ બનાવવા માટે રૂપિયા ૩૦ કરોડની જોગવાઇ પણ કરેલ છે તથા જિલ્લા પંચાયતના રેકર્ડની વ્યવસ્થિત જાળવણી માટે કોમ્પેકટર સાથેનો રેકર્ડ રૂમ બનાવવા માટે રૂપિયા ૧૦ કરોડની જોગવાઇ તથા નવીન બનેલ જિલ્લા, તાલુકા પંચાયત કચેરીના મકાન ઉપર તબકકાવાર સોલાર રૂફ ટોપ સિસ્ટમ લગાવવા માટે રૂપિયા ૪ કરોડની નવી બાબત મંજૂર કરેલ છે. મારી સરકારે જિલ્લા અને તાલુકા પંચાયત માટે વાહનની સુવિધા સુલભ બનાવેલ છે જે અંતર્ગત રાજય સરકાર દ્વારા જિલ્લા અને તાલુકા પંચાયતોને વાહનની સુવિધા ઉપલબ્ધ કરાવવા માટે વાહન ખરીદવાની મંજૂરી આપવામાં આવે છે. વર્ષ ૨૦૧૨–૧૩ થી ૨૦૨૦–૨૧ સુધીમાં ૧૯૧ વાહનો ખરીદવાની મંજૂરી આપેલ છે. જયારે ઓછું સ્વભંડોળ ધરાવતી તાલુકા પંચાયતોને નવીન વાહન માટે રૂપિયા ૫૦ લાખની જોગવાઇ કરેલ છે. ઇગ્રામ વિશ્વ ગ્રામ અંતર્ગત રાજયના ૧૪૧૭૯ ઇગ્રામ સેન્ટર ખાતેથી ઇ–સેવાઓનું વિસ્તરણ કરવામાં આવેલ. જેમાં ગવર્મેન્ટ ટુ સિટીઝન સેવાઓ જેવી કે સિનિયર સિટીઝન પ્રમાણપત્ર, જન્મમરણ પ્રમાણપત્ર, ટેકસ કલેકશન, આવકનો દાખલો, વિધવા પ્રમાણપત્ર, કામચલાઉ રહેઠાણનો દાખલો વિગેરે. બિઝનેસ ટુ સિટીઝન સેવાઓ જેવી કે વીજળી બીલ, ગેસ બિલ, ટેલિફોન, મોબાઇલ બિલ કલેકશન, ખાનગી વિમા કંપનીઓના પ્રિમિયમ કલેકશન, ડી.ટી.એચ. રેલવે, બસ અને હવાઇ મુસાફરી માટેની ઇટિકિટ બુકીંગ વગેરે. ચાલુ વર્ષે તમામ જિલ્લા અને તાલુકા પંચાયતો ખાતે વિડીયો કોન્ફરન્સની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. સાયન્સ અને ટેકનોલોજી ડિપાર્ટમેન્ટ દ્વારા શરૂ થયેલ ડિઝીટલ સેવા સેતુ હેઠળ વિવિધ વિભાગની ૫૫ સેવાઓનો લાભ ઇગ્રામ સેન્ટર દ્વારા ગ્રામ લોકો સુધી પહોંચાડવામાં આવે છે. પંચાયત વિભાગની સેવાઓ જેવી કે આવકનો દાખલો, આવક અંગેનું સોગંદનામુ, સિનિયર સિટીઝન પ્રમાણપત્ર અને અધિનિવાસ પ્રમાણપત્રનો સમાવેશ થાય છે.

માનનીય અધ્યક્ષશ્રી, આજે સાયન્સ એન્ડ ટેકનોલજી ડિપાર્ટમેન્ટ દ્વારા ડિઝીટલ સેવા સેતુ જે આખા દેશમાં પ્રથમ આપણા ગુજરાતની અંદર શરૂઆત આપણા આદરણીય વિજયભાઇ રૂપાણી મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વ હેઠળ કરવામાં આવી છે. આ માટે વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૮૯.૫૫ કરોડની જોગવાઇ પણ કરવામાં આવી છે. વાદ નહીં, વિવાદ નહીં પરંતુ સંવાદ દ્વારા સર્વસંમતિથી બિનહરીફ ચૂંટાયેલી ગ્રામ પંચાયતને પ્રોત્સાહક રકમ આપવાની યોજના એટલે કે સમરસ યોજના જેના થકી અત્યાર સુધીમાં કુલ ૧૩૪૭૧ ગ્રામ પંચાયતો સમરસ જાહેર થયેલ છે તે પૈકી ૬૫૨ ગ્રામ પંચાયતો મહિલા સમરસ જાહેર કરીને રૂપિયા ૨૪૬ કરોડની પ્રોત્સાહક રકમ અમારી સરકારે આપેલ છે. વર્ષ ૨૦૨૧–૨૨માં કુલ રૂપિયા ૬ કરોડની જોગવાઇ કરેલ છે. ગરીબ કલ્યાણ મેળા થકી વંચિતોને વિકાસના પ્રવાહમાં સામેલ કરેલ છે. સરકાર દ્વારા અમલમાં મૂકવામાં આવતી વિવિધ યોજનાઓ ઘણીવાર વહીવટી પ્રક્રિયાના કારણે લાભ ન મેળવી શકનારા ગરીબ વર્ગ તેમજ દૂર તેમજ અંતરિયાળ વિસ્તારના વંચિત લોકો સુધી વ્યક્તિગતલક્ષી અને સમૂહલક્ષી યોજનાનો સીધો લાભ સરળતાથી પહોંચે અને આ લાભ મેળવી તેમનું

જીવન ધોરણ ઉન્નત થાય અને તેઓ વિકાસની ધારામાં જોડાય તેવા અભિગમ સાથે રાજ્ય સરકાર દ્વારા ગરીબ કલ્યાણ મેળાની શરૂઆત કરવામાં આવેલ છે. કુલ ૧૫૩૦ ગરીબ કલ્યાણ મેળામાં ૧.૪૭ કરોડ લાભાર્થીઓને રૂપિયા ૨૬,૬૭૬.૬૯ કરોડની નાણાકીય સહાય ચૂકવેલ છે. અગાઉની સરકાર દ્વારા ખાલી જગ્યાઓ ભરવા ઉપર પ્રતિબંધ મૂકવામાં આવેલ હતો. જેના કારણે મોટા પ્રમાણમાં જગ્યાઓ ખાલી રહેલ. અમારી સરકારે વર્ષ ૨૦૦૨ થી વર્ષ ૨૦૨૩ સુધી ખાલી પડનાર અને ખાલી પડેલ જગ્યાઓ ધ્યાને લઇને ભરતી કરવા અંગે ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડરનું આયોજન કરવામાં આવેલ છે. ભરતી કેલેન્ડર અંતર્ગત છેલ્લાં ૫ વર્ષમાં પંચાયત સેવા વર્ગ–૩માં જુદી જુદી કેડરમાં કુલ ૨૩,૮૭૮ જગ્યાઓ ભરવામાં આવેલ છે. તેમજ વર્ષ ૨૦૨૧માં આ કેડરમાં ૮,૫૦૯ જગ્યાઓ ભરવાનું અમારી સરકારનું આયોજન છે. તાલુકા વિકાસ અધિકારીની કરેલ નિમણૂક અને બઢતીની વાત કરું તો છેલ્લાં ૩ વર્ષોમાં સીધી ભરતીથી અને બઢતીથી તાલુકા વિકાસ અધિકારીની કુલ ૨૩૭ જગ્યાઓ અમારી સરકાર દ્વારા ભરવામાં આવેલ છે. ઘર વિહોણા કુટુંબોને પાકું મકાન આપવા અંગે સરદાર આવાસ યોજના હેઠળ તબક્કાવાર ૦ થી ૨૦ ગુણાંક ધરાવતા અને સરદાર આવાસ યોજના–૨ હેઠળ ૨૧ થી ઉપરના ગુણાંક ધરાવતા લાભાર્થીઓને આવરી લેવામાં આવેલ છે. જે અંતર્ગત અત્યાર સુધીમાં કુલ ૧૧,૯૮,૮૮૩ લાભાર્થીઓને આવરી લઇ રૂપિયા ૬,૨૭૮ કરોડની સહાય આપવામાં આવી છે. અધૂરા રહેલા આવાસ પૂરા કરવા વર્ષ–૨૦૨૧–૨૨માં રૂપિયા ૧૪૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. રૂર્બન યોજના હેઠળ આત્મા ગામનો સુવિધા શહેરની. આ મંત્ર સાથે એક તાલુકાનું મુખ્ય મથક ગ્રામ્ય પંચાયત હોય તો આદિજાતિ વિસ્તારના ૭,૦૦૦થી વધુ અને અન્ય ગામોમાં ૧૦,૦૦૦થી વધુ વસતિ ધરાવતા ગામોનો યોજનામાં સમાવેશ કરેલ છે. પ્રથમ તબક્કામાં ભૂગર્ભ ગટરના ૭૯ કામો પૈકી ૭૦ કામો પૂર્ણ થયેલ છે. કુલ કામોની જાળવણી માટે રૂપિયા ૫ લાખની ફાળવણી કરવામાં આવે છે. અત્યાર સુધીમાં રૂપિયા ૭૦૦ કરોડનો ખર્ચ થયેલ છે, તેમજ વર્ષ ૨૦૨૧–૨૨માં રૂપિયા ૪૦ કરોડની જોગવાઇ કરેલ છે. મારો વિભાગ એ ગામડાના છેવાડાના માનવીને લાભ આપતો વંચિતોનો વિકાસ કરતો વિભાગ છે. જે રીતે મેં મારા વિભાગની કામગીરીનો ઉલ્લેખ રજૂ કરેલ છે, તે ધ્યાને લેતાં આ લોક કલ્યાણકારી યોજનાની માગણીઓની નાણાકીય જોગવાઇઓનો બજેટમાં સમાવેશ કરવામાં આવેલ છે. ગામડામાં વસતા છેવાડાના માણસની સેવા અને સુવિધાઓ મળે તેને ધ્યાનમાં લઇને મારા વિભાગની અનુદાનની માગણી સર્વાનુમતે પસાર થાય. સાથે સાથે મારો જે બીજો વિભાગ છે એમાં પર્યાવરણ પ્રભાગની જે માગણીઓ છે. આ સન્માનનીય ગૃહના માનનીય સભ્યશ્રીઓએ પર્યાવરણ પ્રભાગની ચર્ચામાં પ્રકૃતિના રક્ષણ અને પ્રદૂષણ નિયંત્રણ માટેનાં સૂચનો દ્વારા વિશદ છણાવટ કરી ચર્ચામાં ભાગ લીધો તેને હું હૃદયપૂર્વક આવકારું છું તથા તેમનાં બહુમૂલ્ય સૂચનો કરવા બદલ તેમનો આભાર માનું છું. તથા પર્યાવરણ પ્રભાગની માગણીઓ રજૂ કરું છું. રાજ્ય સરકારમાં પર્યાવરણ પ્રભાગના નિયામક પર્યાવરણ કાર્યરત છે. તેમનું મુખ્ય કાર્ય પર્યાવરણ, સંશોધન, આયોજન, સંકલન તથા પર્યાવરણ પુનસ્થપનાને સંલગ્ન છે. તેમના દ્વારા કરવામાં આવતી કામગીરીઓમાં ભારત સરકારના પર્યાવરણ વન અને ક્લાઇમેટ ચેઇન્જ મંત્રાલય દ્વારા ઘડવામાં આવતી પર્યાવરણીય નીતિનું રાજ્ય સ્તરે અમલીકરણ, રાજ્યમાં પર્યાવરણીય અસરગ્રસ્ત વિસ્તારો શોધી કાઢવા તથા તેના યોગ્ય વ્યવસ્થાપન માટે ઉકેલ મેળવવાની કામગીરી રાજ્યમાં સ્વચ્છ ઉત્પાદન માટેની ટેકનોલોજી મુકરર કરવી અને પ્રોત્સાહિત કરવા વગેરે છે. પર્યાવરણ પ્રભાગ સાથે જે સંસ્થાઓ સંકળાયેલ છે, તેની વાત કરીએ તો તેમાં ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ, ગુજરાત પર્યાવરણ પ્રબંધક સંસ્થા ગેબી, ગુજરાત ઇકોલોજી કમિશન, ગુજરાત ઇકોલોજી એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન, ગુજરાત ક્લિનર પ્રોડકશન સેન્ટરનો સમાવેશ થાય છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ એ રેગ્યુલેટરી સંસ્થા છે. અને પર્યાવરણ નિયમન અને નિયંત્રણ ક્ષેત્રે પર્યાવરણના કાયદાઓ નિયમોના અમલીકરણની કામગીરી બજાવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત માત્ર ઔદ્યોગિક વિકાસમાં અગ્રેસર નથી પણ તેની સાથે સાથે પર્યાવરણીય સુવિધા ઉભી કરવામાં પણ મોખરે છે. આશરે ૭૫૫ એમ.એલ.ડી. ક્ષમતાના કુલ ૩૪ કાર્યરત ઔદ્યોગિક ગંદા પાણીના સામૂહિક શુદ્ધિકરણ પ્લાન્ટ (સી.ઇ.ટી.પી) ગુજરાતમાં આવેલા છે. જે સ્થાપિત ક્ષમતાની દ્રષ્ટિએ સમગ્ર દેશમાં મોખરાનું સ્થાન ધરાવે છે. મને જણાવતાં આનંદ થાય છે કે, ગુજરાત રાજ્ય એ ઉદ્યોગોમાંથી ઉદ્ભવતા જોખમી અને અન્ય કચરાનો રિસોર્સ તરીકે ઉપયોગ કરવામાં નોંધપાત્ર સફળતા મેળવી છે. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના અને પ્રોત્સાહનના કારણે હાલ સુધીમાં અંદાજે કુલ ૨ કરોડ ૮૮ લાખ મે.ટન જોખમી અને બિનજોખમી કચરાનો નિકાલ સિમેન્ટ ઉદ્યોગોમાં કો–પ્રોસેસિંગ દ્વારા થયેલ છે. જે સમગ્ર દેશના તમામ રાજ્યોમાં સૌથી વધુ છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું એમીશન ટ્રેડીંગ સ્કીમ વિશે વાત કરવા માગુ છું. જે હવા પ્રદૂષણ નિયંત્રણની દિશામાં ગુજરાત સરકાર દ્વારા વિશ્વમાં સર્વપ્રથમ દિશાસૂચક પહેલ છે. આંતર રાષ્ટ્રીય સંસ્થાઓના સહયોગથી સુરત ખાતે આ યોજના કાર્યરત છે. જેના થકી સુરતના ઉદ્યોગોમાંથી રજકણો, (પાર્ટીકયુલેટ મેટર)ના ઉત્સર્જનમાં ઘટાડો થયેલ છે. સદર પ્રોજેકટ અંતર્ગત હાલમાં ૧૫૫ જેટલા ઉદ્યોગો ભાગ લઇ રહ્યા છે. સુરત ખાતે કાર્યરત સ્કીમના પ્રોત્સાહક પરિણામો જોતાં સદર સ્કીમનો અમદાવાદ ખાતે પ્રારંભ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યની હાલની કોવિડ–૧૯ની પરિસ્થિતિ દરમ્યાન કોવિડ હોસ્પિટલોમાંથી ઉત્પન્ન થતા જૈવિક ચેપી કચરાનો નિકાલ ખૂબ જ અસરકારક રીતે કરવામાં આવેલ છે. આ કચરાના નિકાલ દરમ્યાન કોઇપણ જાતનો ચેપ ના ફેલાય તે રીતે આયોજન કરી આ કચરાનો નિકાલ કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની માર્ગદર્શિકા મુજબ વૈજ્ઞાનિક રીતે કોમન

બાયોમેડિકલ વેસ્ટ ફેસિલિટી દ્વારા કરવામાં આવેલ છે. રાજયમાં માર્ચ–૨૦૨૦ થી ફેબ્રુઆરી–૨૦૨૧ના સમયગાળા દરમ્યાન કુલ ૪૪.૯૪ લાખ કિલોગ્રામ કોવિડ બાયોમેડિકલ વેસ્ટનો નિકાલ વૈજ્ઞાનિક ઢબે વીસ કોમન ફેસિલીટીઓ મારફતે કરવામાં આવેલ છે. અમદાવાદ, જેતપુર અને વડોદરા ખાતે ઔદ્યોગિક શુદ્ધિકરણ કરાયેલા ગંદા પાણીના નિકાલ અર્થે ડીપ સી ડિસ્ચાર્જ પાઇપલાઇન માટે સંકલિત યોજના બનાવવામાં આવેલ છે. કુલ અંદાજિત રૂપિયા ૨૨૭૫ કરોડની આ યોજના થકી ઔદ્યોગિક શુદ્ધિકરણ કરાયેલ ગંદા પાણીનો નિકાલ નદીઓમાં થતો હતો તે બંધ થશે અને નદીઓના પાણીની ગુણવત્તામાં વધુ સુધારો થશે. સૂચિત પાઇપલાઇન પ્રોજેક્ટથી ઔદ્યોગિક વિકાસને વેગ મળતાં આશરે પાંચ લાખ જેટલી સીધી રોજગારી અને આશરે રૂપિયા ૩૪ હજાર કરોડના મૂડી રોકાણની નવી તકો અપેક્ષિત છે. આ કામગીરી ગુજરાત વોટર ઇન્ફ્રાસ્ટ્રકચર લિમિટેડ દ્વારા હાથ ધરવામાં આવી રહેલ છે. રાજ્ય સરકાર દ્વારા ઘરગથ્થું ગંદા પાણીને શુદ્ધિકરણ કર્યા બાદ પૂર્ણ વપરાશમાં લેવા માટે ટ્રીટેડ વોટર રીયુઝની પોલિસી અમલમાં મૂકવામાં આવી છે. જે મુજબ હાલમાં સુરત, અમદાવાદ, કચ્છ, ગાંધીનગર વિગેરે સ્થળોએ આશરે ૬૫૦ એમ.એલ.ડી. જેટલું પાણી શુદ્ધિકરણ બાદ પુનઃ વપરાશમાં લેવામાં આવી રહેલ છે અને વધુ ૧૦૦૦ એમ.એલ.ડી. પાણી શુદ્ધિકરણનું આયોજન છે. ગુજરાત રાજ્યના ઔદ્યોગિક જોખમી કચરાનો વૈજ્ઞાનિક ઢબે અને સુરક્ષિત નિકાલ માટેની સુવિધા એટલે કે સામૂહિક ટી.એસ.ડી.એફ. બાયોમેડિકલ કચરાના વૈજ્ઞાનિક ઢબે નિકાલની સુવિધા, નકામા જોખમી કન્ટેનરને સાફ કરવાની સામૂહિક સુવિધાઓ, ઇ–વેસ્ટ રજીસ્ટર્ડ ડીસમેન્ટલર/ રીસાઇકલર ઉદ્યોગો વિકસાવવામાં રાજ્ય દેશભરમાં અગ્રેસર છે. ગુજરાતમાં હવાની ગુણવત્તાના સતત મોનિટરીંગ માટે હાલમાં વટવા, મણીનગર, ગાંધીનગર, વાપી, જામનગર, અંકલેશ્વર ખાતે કન્ટીન્યુઅસ એમ્બીઅન્ટ એર કવોલિટી મોનિટરીંગ સ્ટેશન કાર્યરત કરવામાં આવેલ છે. ગુજરાત પાસે આશરે ૧૬૦૦ કિલોમિટર લાંબો દરિયાકિનારો આવેલો છે. જેને ઘ્યાને લઇ દરિયાકાંઠાના જળની ગુણવત્તાઓનું મૂલ્યાંકન કરી, તેનો ગહન અભ્યાસ કરીને વ્યુહાત્મક આયોજન ઘડી શકાય જેનાથી દરિયાઇ જીવસૃષ્ટિનું રક્ષણ તથા નવા વિકાસની યોજનાઓ નક્કી કરતી વખતે સરકારશ્રીને જરૂરી માર્ગદર્શન પૂરું પાડી શકાય તે હેતુથી બોર્ડ દ્વારા અન્ય સંસ્થાઓના સહયોગથી આઇ.સી.ઝેડ.એમ.પી.ની યોજના હાથ ધરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત ખંભાતના અખાતને મળતી નદીઓના એસ્ચ્યુરીઝના ૧૧ critically vulnerable costal areas-CVVAs માં રીઅલ ટાઇમ કોસ્ટલ વોટર મોનિટરીંગ સિસ્ટમ જેવી આધુનિક ટેકનોલોજી થકી દરિયાઇ જળ–સંગમના પાણીની ગુણવત્તાની ચકાસણી કરવાનું આયોજન છે. આ કામગીરી માટે વર્લ્ડ બેન્ક દ્વારા બોર્ડને રુપિયા ૭.૫ કરોડ ફાળવવામાં આવશે જે માટે સન ૨૦૨૧–૨૨ના અંદાજ પત્રમાં રૂપિયા ૨ કરોડની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત પર્યાવરણ પ્રબંધકની વાત કરું તો ગેમી એ પર્યાવરણ વિભાગ હેઠળ પર્યાવરણના રક્ષણ, સંરક્ષણ, વ્યવસ્થાપન માટેની કાર્ય કરતી ગુજરાત સરકારની એક સ્વાયત સંસ્થા છે. આ ગેમી સંસ્થા દ્વારા ગ્રામ્ય પર્યાવરણ અભ્યાસ રીવર એન્ડ કોસ્ટલ મોનિટરીંગ, ગેમી પ્રયોગશાળાનું મજબૂતીકરણ, વિવિધ પર્યાવરણની રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ સાથે સહભાગી બની કોન્ફરન્સ સેમીનાર ટ્રેનિંગ પ્રોગ્રામ, વર્કશોપ પ્રદર્શન તથા ઇ–બેઇઝ ગવર્નન્સ મોડેલ દ્વારા એન્વાયરમેન્ટ મોનિટીંગ સિસ્ટમ તથા ગેમીને સંશોધન વિકાસના કેન્દ્ર તરીકે વિકસિત કરવાની યોજનાની કામગીરી માટે વર્ષ ૨૦૨૧ માટે કુલ ૫૩૩ લાખની જોગવાઇ કરવામાં આવી છે.

અઘ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, એક જ મિનિટ છે. બે ત્રણ સભ્યશ્રીઓના પ્રશ્નો પણ છે તો જરૂર હોય અને બંને પક્ષના દંડક ઇચ્છે તો ગૃહનો સમય લંબાવે મને વાંધો નથી.

### સભાગૃહનો સમય લંબાવવા બાબત

શ્રી પંકજભાઇ વિ. દેસાઇ (મુખ્ય દંડકશ્રી ) : માનનીય અઘ્યક્ષશ્રી, પ્રશ્ન પૂછવાના હોય તો ગૃહનો સમય લંબાવીએ. પ્રશ્ન પૂછવાના છે? (અંતરાય) માનનીય અઘ્યક્ષશ્રી, પાંચ મિનિટ ગૃહનો સમય લંબાવવામાં આવે.

અઘ્યક્ષશ્રી : ગૃહનો સમય પાંચ મિનિટ માટે લંબાવીએ છીએ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અઘ્યક્ષશ્રી, આપના માઘ્યમ થકી આ સન્માનનીય સભાગૃહને જણાવતા આનંદ થાય છે કે, ગુજરાત ઇકોલોજી કમિશન રાજયની પર્યાવરણીય બાબતો પરત્વે વિવિધ પ્રવૃત્તિઓ અને યોજનાઓ દ્વારા રાજયની પર્યાવરણલક્ષી બાબતોની ચિંતા કરે છે. આ માટે કમિશન દ્વારા પર્યાવરણ કાર્યક્રમો, અભિયાનો, પરિસંવાદ, સેમીનાર, વર્કશોપ, પ્રિન્ટ–મિડિયા માઘ્યમો દ્વારા જાગૃતિ કાર્યક્રમો, રીસર્ચ પ્રોજેકટની કામગીરી કરવામાં આવે છે.

ગુજરાત ઇકોલોજી કમિશન દ્વારા ઇકોલોજીકલ પ્રોફાઇલ અંતર્ગત ૬ તાલુકાનો પ્રોફાઇલ તૈયાર કરવાનું આયોજન છે. મોડેલ ઇકો–વિલેજ યોજના અન્વયે સંબંધિત ગ્રામ્ય વિસ્તારને લગત વિવિધ પરિસ્થિતિ અને જરૂરી નિવસનતંત્રોને સમતુલિત કરવા જરૂરી કામગીરી લોક ભાગીદારીની મદદથી હાથ ધરવામાં આવે છે આ ઉપરાંત દરિયાઇ ખારાશ તથા પાણીને આગળ વધતા અટકાવી શકાય તે માટે ગુજરાત રાજયના દરિયા કાંઠાના વિસ્તારોમાં ચેર વાવેતરની કામગીરી કરવામાં આવે છે.

આમ, ગુજરાત ઇકોલોજી કમિશનની વિવિધ પ્રવૃત્તિઓ માટે વર્ષ ૨૦૨૧–૨૨ માટે કુલ ૨૦૧૬ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. ગુજરાત ઇકોલોજીકલ એજ્યુકેશન એન્ડ રિસર્ચ ફાઉન્ડેશન એટલે કે ગીર ફાઉન્ડેશનની વાત કરીએ તો તે ગુજરાત સરકારના વન અને પર્યાવરણ વિભાગ દ્વારા સ્થાપવામાં આવેલ એક સ્વાયત્ત સંસ્થા છે. જે વર્ષ ૧૯૮૩થી રાજયમાં પ્રકૃતિ શિક્ષણ અને સંશોધનના ક્ષેત્રમાં કાર્યરત છે. આ સંસ્થા દ્વારા સંશોધનાત્મક પ્રકૃતિ, વન્ય પ્રાણી તથા પર્યાવરણલક્ષી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જેમાં રાજયની મુખ્ય નદીઓના મુખ પ્રદેશોનું પરિસરીય સર્વેક્ષણ, રાજયના અગત્યના જળ

પ્લાવિત વિસ્તારો (વેટલેંડસ)ના પરિસર તંત્રોનો અભ્યાસ, પ્રકૃતિ શિક્ષણ શિબિરો, પક્ષીદર્શન તાલીમ કાર્યક્રમ જેવી પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. આમ, ગીર ફાઉન્ડેશન દ્વારા આયોજીત કામગીરી માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ રૂપિયા ૧૯૭.૨૫ લાખની જોગવાઇ પણ કરવામાં આવેલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત ક્લીનર પ્રોડક્શન સેન્ટર જી.સી.પી.સી. એ ભારતની એક માત્ર યુનીડોના ટેકનીકલ સહયોગથી ક્લીનર પ્રોડકશન અને ક્લીનર ટેકનોલોજી એટલે કે પ્રદૂષણ નિવારણ કરતી સંસ્થા છે. જી.સી.પી.સી.ની પ્રવૃત્તિઓમાં ઉદ્યોગો, ઇજનેરી કોલેજોમાં ક્લીનર પ્રોડકશનને પ્રોત્સાહન માટેના કાર્યક્રમો/વિદ્યાર્થીઓને પર્યાવરણ ક્ષેત્રે સંશોધન માટે પ્રોત્સાહન યોજનાનો સમાવેશ થાય છે.

સભાગૃહનો સમય લંબાવવા બાબત

અધ્યક્ષશ્રી : બંને પક્ષની સંમતિથી ગૃહનો સમય ૧૦ મિનિટ માટે વધારવામાં આવે છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, આમ, જી.સી.પી.સી. આયોજિત કામગીરી માટે વર્ષ ૨૦૨૧-૨૨ માટે કુલ રૂપિયા ૨૮.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવી છે. માનનીય અધ્યક્ષશ્રી, વન અને પર્યાવરણ વિભાગનો પર્યાવરણ પ્રભાગ પરિણામલક્ષી કામગીરી કરી રહેલ છે ત્યારે આજની અંદાજપત્રીય ચર્ચા દરમ્યાન જે કોઇ માનનીય સભ્યશ્રીઓએ ચર્ચામાં ભાગ લઇ રચનાત્મક સૂચનો કરેલ છે, વિભાગની પ્રવૃત્તિને બિરદાવેલ છે, તે માટે તે સૌનો હું આભારી છું. મેં રજૂ કરેલ અંદાજપત્રીય દરખાસ્તો મારા બંને વિભાગની સર્વાનુમતે પસાર કરવા આ સન્માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ હું બોલ્યો હતો એ બાબતમાં જવાબ આપ્યો છે પણ રૂર્બન એરિયાના જે ગામો છે એમાંથી ૭૦ ગામોમાં કામો થયા છે એમાં કેટલી યોજના કાર્યરત છે?

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ૭૯ યોજનાઓ મંજૂર થઇ એમાંથી ૭૦ યોજનાઓ આજે ચાલુ છે. જે ૯ યોજનાઓ છે એ પણ હાલ પ્રગત્તિમાં છે, કંઇક નાના મોટા પ્રશ્નો હશે એ અમારા અધિકારીને કહીને, અમારા અધિકારીઓએ ત્યાં સ્થળ તપાસ પણ કરી, એમનો રિપોર્ટ પણ આવ્યો, સરકારે એચ.પી.સી. કમિટી બનાવી છે અને એ હાઇલેવલ કમિટી છે એની અંદર નિર્ણય કરવામાં આવે છે. એટલે જે આ ૭-૮ યોજનાઓ છે જેના પ્રશ્નો છે એનો હાઇલેવલ કમિટી નિર્ણય કરશે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાની આ ચારે ચાર યોજના બંધ છે. ખાંભામાં પણ બંધ છે, ધારીમાં પણ બંધ છે, કુંકાવાવમાં પણ બંધ છે. તમારી યોજના પૂરી થઇ છે પણ એમાં પાણી જતું નથી અને બધું રોડ ઉપર આવે છે એ બાબતમાં શું કહેવા માગો છો?

અધ્યક્ષશ્રી : મંત્રીશ્રીનો જવાબ સાચો ન હોય તો પગલાં લઇ શકો તમે. માનનીય હર્ષદભાઇ રીબડિયા.

શ્રી હર્ષદકુમાર મા. રીબડિયા : માનનીય અધ્યક્ષશ્રી, અમારે ત્યાં મેં વાત કરી એ પ્રમાણે સાડી ધોવાના ઘાટ છે, બિનકાયદેસર રીતે સાડી ધોવાના ઘાટ ચાલે છે, એનું પ્રદૂષિત પાણી ઉબેર તથા ઓઝતમાં નાંખે છે અમે ફરિયાદ સંકલનમાં મુદ્દો ઉઠાવીએ, અધિકારી જાય એને કારણે હમણાં ૩૦ ઘાટ તોડ્યા, વચ્ચે ૮૦ ઘાટ તોડેલા, પાછા એના એ જ ઘાટ થઇ જાય છે, બીનખેતી કર્યા વગરની જગ્યામાં કરે છે. એનું જી.ઇ.બી.નું કનેક્શન જે છે એ ખેતીવાડીનું છે, તો પણ આ ઘાટ ચલાવે છે ગેરકાયદેસર રીતે અને પાણી નાંખીને નદી પ્રદૂષિત કરે છે તો મારો પ્રશ્ન એ છે કે આવા બિનકાયદેસર ઘાટ ચાલે છે એ બીનખેતી વગર ચાલે છે એની જમીન ખાલસા કરવા માગે છે કે કેમ? જે જી.ઇ.બી.નું કનેક્શન ખેતીવાડીનું છે અને ઉદ્યોગમાં ચલાવે છે તો આ કનેક્શનોમાં મોટો દંડ ફટકારવામાં આવે તો આ રોકી શકાય તો આ કરવા માગે છે કે કેમ? આ ખરાબ પાણી નદીઓમાં ઠાલવવાનું ક્યારે બંધ થશે એનો માનનીય મંત્રીશ્રી મને જવાબ આપે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જે વાત કરી એ જે ઉબેર નદીની વાત કરી એમાં ભાટ ગામ વિસ્તારમાં આવેલા ઔદ્યોગિક એકમોના ઔદ્યોગિક ગંદા પાણીના શુદ્ધિકરણ માટે સી.ઇ.ટી.પી. ઓફ ભાટ ગામ વોશીંગ ઘાટ શુદ્ધિકરણ યોજના પ્રાઇવેટ લિમિટેડ દ્વારા ૩૦ એમ.એલ.ટી. નો સી.ઇ.ટી.પી. પ્રસ્થાપિત કરવામાં આવેલ છે અને જે એકમો દ્વારા ગેરકાયદેસર રીતે ઉબેર નદીમાં ગંદા પાણીનો નિકાલ કરવામાં આવતો હતો તેને શોધીને સ્થાનિક કચેરીઓ સાથે રહીને સંયુક્ત રીતે વર્ષ ૨૦૨૦માં ૨૦૭ જેટલા ગેરકાયદેસર ધોલાઇ ઘાટ તોડી પાડવામાં આવેલ છે જે કામગીરી હાલમાં પણ ચાલુ છે. હાલમાં ભાટ વિસ્તારમાં નવા વોશીંગ ઘાટને પણ મંજૂરી આપવામાં આવતી નથી. એ ગંદુ પાણી શુદ્ધ કરીને જે છોડવાની વાત છે એ ડીપ્સીજી ડિસ્ચાર્જની જે યોજના છે એ ડીપ્સીજી યોજનાનું કામ પ્રગતિમાં છે. અત્યારે કાર્યવાહી ચાલે છે એ કામ પૂર્ણ થશે ત્યારે આનો પ્રશ્ન સો એ સો ટકા હલ થશે.

શ્રી ભગાભાઇ ધા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીને વિનંતી પણ કરવી છે કે અમારે ત્યાં જે સોમનાથનું મંદિર આવેલું છે અને લાખ્ખો શ્રદ્ધાળુ ત્યાં આવે છે સાંજના સમયે ત્યાં મચ્છીની સુકવણી થાય છે એની દુર્ગંધ બહુ આવે છે એમાં યાત્રાળુઓ પણ બહુ પરેશાન થાય છે તો એને કોઇ રીતે કન્ટ્રોલ કરો કે જેનાથી યાત્રાળુને પણ સુવિધા મળી શકે. મારો બીજો મુદ્દો છે હું એની પહેલાં પણ મંત્રીશ્રીને મળ્યો છું.

અધ્યક્ષશ્રી : માછલી તો એની ગંધ બંધ કરવાની જ નથી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : એમ નહિ, એની સુકવણી થાય છે.

અધ્યક્ષશ્રી : એ જ કહું છું, એટલે એ એની ગંધ તો બંધ કરવાની જ નથી.

શ્રી ભગાભાઇ ધા. બારડ : ગેરકાયદેસર રીતે સુકવણી થાય છે એને કારણે યાત્રાળુઓ પરેશાન થાય છે. બીજું એની પહેલાં પણ માનનીય મંત્રીશ્રીને વારંવાર મળ્યા છીએ, રજૂઆતો પણ કરી છે કે અમારા ગીર સોમનાથ જિલ્લામાં ઘણા સમયથી ઇ.સી. ના સર્ટિફિકેટ ન મળવાના કારણે બ્લેક સ્ટોન અને બાકીની ખાણો બંધ છે. માનો કે જંગલની એન.ઓ.સી. નહિ મળવાના કારણે એમને ઇ.સી. ના આપીએ તો એ તો બરાબર નથી. કારણ કે એમને ઓલરેડી ખાણોની પરમીશનો આપેલી છે અને એમને ઇ.સી. આપવાના છે તો ઇ.સી. વહેલી તકે મળી જાય એના માટે પણ હું વિનંતી કરું છું. બીજું, અગાઉ કહ્યું તેમ સોમનાથમાં અમારે ત્યાં જે યાત્રાળુઓ આવે છે અને બહુ પરેશાન થાય છે તો એ કન્ટ્રોલ થાય એવી વ્યવસ્થા કરે એવી મારી વિનંતી છે.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એમણે સોમનાથની વાત કરી એ આમ તો ફિશરીઝ ડિપાર્ટમેન્ટની સાથે સંકળાયેલો પ્રશ્ન છે એટલે ફિશરીઝ ડિપાર્ટમેન્ટના પણ ધ્યાને મૂકીશું.

શ્રી ભગાભાઇ ધા. બારડ : જાહેરમાં રોડ ઉપર સુકવણી થાય છે અને એમાં આપણે કંઇ પગલાં ન લઇએ.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, એ મારો વિભાગ પણ જોઇ લેશે. બીજું એમણે જે ઇ.સી.ની વાત કરી એમાં નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે અમુક માર્ગદર્શન આપેલ છે.

અધ્યક્ષશ્રી :પ્લીઝ, પ્લીઝ, માનનીય ભગાભાઇ. ભગાભાઇ, ત્યાં કોની સાથે વાત કરો છો?

શ્રી ભગાભાઇ ધા. બારડ : મને બોલાવશો નહિ શ્રી આત્મારામભાઇ, મને બોલતા આવડે છે એનો જવાબ પણ આપી શકું એમ છું.

અધ્યક્ષશ્રી : શ્રી ભગાભાઇ, આ તમારા આત્મારામ છે. બેસોને.

શ્રી ભગાભાઇ ધા. બારડ : ના, ના, એ બિનજરૂરી બોલે છે. હિંદુત્વની વાત કરતા હોય તો એ સોમનાથનું મંદિર છે અને શ્રી નરેન્દ્રભાઇ ત્યાં ચેરમેન છે એટલે આપના ધ્યાને મૂકું છું.

અધ્યક્ષશ્રી : સારું સારું. પ્લીઝ

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, સોમનાથ એક આસ્થાનું કેન્દ્ર છે અને આખો હિંદુ સમાજ આપણા દેશનો નહિ આખા વિશ્વનો હિંદુ સમાજ જેના ચરણે વંદન કરે છે એ સોમનાથ મહાદેવના મંદિર માટે હરહંમેશ રાજ્ય સરકારને પણ ચિંતા હોય. મેં કહ્યું એમ મારો વિભાગ એ પણ જોવડાવી લેશે અને સાથે સાથે ફિશરીઝ ડિપાર્ટમેન્ટ સાથે ચર્ચા કરવાની હશે તો એમના ધ્યાને પણ મૂકીશું. પોઝીટીવલી સરકારને જે રસ્તો કરવાનો છે એ કરવાનો સરકાર પૂરા પ્રયત્નો કરશે. જે એમણે ઇ.સી.ની વાત કરી. એ એન.જી.ટી. જે ગાઇડલાઇન આપી છે. તેમાંથી એન.ઓ.સી.રજૂ કરવાના છે તે જે એન.ઓ.સી.સમય–મર્યાદામાં રજૂ નથી કર્યા તેના લીધે તેનો વિભાગ અને પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા તેની અરજીનો નિકાલ થયો નથી. એટલે એમાં જે કંઇ કરવાનુ હશે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલની જે ગાઇડ લાઇન હશે તે ગાઇડ લાઇન પ્રમાણે વિભાગ કાર્યવાહી કરશે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મારે માનનીય મંત્રીશ્રી પાસેથી એટલુ જાણવું છે કે, પર્યાવરણના અનુસંધાનમાં અમદાવાદ શહેરની સાબરમતી નદી આજે પણ નારોલ, વટવા, જી.આઇ.ડી.સી., સૈજપુર, પીપળજ જે મારો વિધાનસભા વિસ્તાર આવે છે કેમિકલવાળુ પાણી આજે પણ તમે મારી સાથે આવો સ્ટીલ ટુ ડે તો લાખો ગેલન પાણી તે લોકો સાબરમતી નદીમાં ઢોળે છે અનેક વખત માનનીય મુખ્યમંત્રીશ્રીને, માનનીય મંત્રીશ્રીને, પોલ્યુશન બોર્ડમાં આના પત્રો લખ્યાં પછી સરકાર દ્વારા કે પોલ્યુશન બોર્ડ દ્વારા કોઇ જાતના પગલાં લેવામાં આવતા નથી. ફકત એક નોટિસ આપવામાં આવે છે અને નોટિસનો જવાબ લઇ લેવામાં આવે છે માટે મારી માનનીય મંત્રીશ્રીને વિનંતી છે કે, સાબરમતી નદીની અંદર આજની તારીખની અંદર પણ કેમિકલવાળું પાણી ખૂબ જ મોટા પ્રમાણમાં નાંખવામાં આવે છે તો તમારા પોલ્યુશન બોર્ડ દ્વારા આ બંધ કરાવો એવી હું આપને વિનંતી કરું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, બોર્ડ દ્વારા અમદાવાદ જિલ્લામાં આવેલી પ્રાદેશિક કચેરીઓ અને તકેદારી ટીમો દ્વારા જુદા જુદા વિસ્તારોમાં આવેલા ઔદ્યોગિક એકમોનું સઘન મોનિટરિંગ કરવામાં આવે છે. આ ઉપરાંત રાત્રી મોનિટરિંગ પણ કરવામાં આવે છે. મોનિટરિંગ દ્વારા કોઇ એકમ દ્વારા ગેરકાયદેસર રીતે ચોમાસા દરમિયાન વરસાદી પાણી સાથે કેમિકલ છોડી દેતી હોય અથવા કંપનીઓ દ્વારા ઔદ્યોગિક ગંદા પાણીનો નિકાલ કરતા હોવાનું ધ્યાને આવે તો પર્યાવરણની કાયદાની જોગવાઇ મુજબ આવા એકમો સામે બોર્ડ દ્વારા બંધ કરવાના આદેશ સહિત એકમોના વીજ જોડાણ લાંબા સમય સુધી કાપવા એવા સખત પગલાંઓ લેવામાં આવે છે. વધુમાં જો આવું ગેરકાયદેસર કૃત્ય કોઇ વાહન કરે તો એવા વાહન માલિકો સામે પણ પોલિસ કેસ કરવામાં આવે છે તેમજ આવી ગેરકાયદેસર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વાહનના રજિસ્ટ્રેશન પણ રદ કરવા સુધીની કાર્યવાહી જરૂર જણાય તો કરવામાં આવે છે અને આવા પર્યાવરણને નુકસાન કરતા એકમો પાસેથી પર્યાવરણ વળતર એન્વાયરમેન્ટ કોમ્પોન્શેશન દંડ પેટે પણ વસૂલ લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીની લાગણી પણ અમે ધ્યાને લઇએ છીએ. આપના ધ્યાને સ્પેશિફિક કંઇ હોય તો ચોક્કસ કહેજો.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું હાઉસમાં કહું છું વિરામ પડે એટલે તમે, હું મારી ગાડીમાં જોવા જઇએ. તમે જે જવાબ રજૂ કરો છો તે જવાબ સાથે મને સંતોષ એટલા માટે નથી કે વર્ષોથી ચાલી આવેલી પ્રથા ગુજરાત પોલ્યુશન બોર્ડમાં જો સૌથી વધુ ભ્રષ્ટાચાર થતો હોય તો ગુજરાત પોલ્યુશન બોર્ડની અંદર થાય છે અને હું,

અધ્યક્ષશ્રી : આ ઓબ્ઝર્વેશનની અત્યારે જરૂર નથી. માનનીય મંત્રીશ્રી, સી.એમ.સાહેબે પણ કહ્યું છે કે, વિપક્ષના ધારાસભ્યશ્રીઓ કોઇ રજૂઆત કરે તો તેને ધ્યાનમાં લેવી. એ જવાબ આપો ને.

શ્રી જયદ્રથસિંહજી ચં. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, મેં કહ્યું કે પોઝિટીવલી લેવામાં આવે છે.

**કાપ દરખાસ્તો ક્રમાંક-૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭, ૮, ૧૦, ૧૧, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮, ૨૦, ૨૧, ૨૨, ૨૫, ૨૬, ૨૭, ૨૯, ૩૦, ૩૨, ૩૩, ૩૪, ૩૫, ૩૬, ૩૭, ૩૮ અને ૩૯ મત ઉપર મૂકવામાં આવી અને તે નામંજૂર કરવામાં આવી.**

**માગણી ક્રમાંક-૨૭ અને ૭૦ મત ઉપર મૂકવામાં આવી અને તે મંજૂર કરવામાં આવી.**

**( વિરામ બપોરના ૨-૩૯થી ૩-૩૦ )**

**અધ્યક્ષશ્રી અધ્યક્ષસ્થાને**

**બિન સરકારી વિધેયકો**

**સન ૨૦૨૧નું ગુજરાત ખાનગી વાહનોના ડ્રાઇવરોનું**
**ફરજિયાત રજિસ્ટ્રેશન અને નિયમન કરવા બાબત વિધેયક**

શ્રી બાબુભાઇ જ. પટેલ (દસક્રોઇ) : માનનીય સભ્યશ્રી ગેરહાજર.

**સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક**

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ(ઘાટલોડિયા) : માનનીય અધ્યક્ષશ્રી, હું પ્રસ્તાવ રજૂ કરું છું કે, સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરવાની સભાગૃહ મને અનુમતિ આપે.

**પ્રસ્તાવ રજૂ કરવામાં આવ્યો.**

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને મંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સભ્યશ્રીને વિધેયક દાખલ કરવાની સભાગૃહની અનુમતિ મળે છે.

શ્રી ભૂપેન્દ્રભાઇ ર. પટેલ: માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૨૧નું ગુજરાત જાહેર સ્થળોએ વિરોધ પ્રદર્શન કરવા પર પ્રતિબંધ મૂકવા બાબત વિધેયક દાખલ કરું છું.

અધ્યક્ષશ્રી : વિધેયક દાખલ કરવામાં આવે છે.

**બિન-સરકારી સંકલ્પો**

**જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવોને અંકુશમાં લાવવા અંગે**

**શ્રી સંજયભાઇ જે. સોલંકી(જંબુસર)** : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

કોરોના મહામારીના કારણે નાગરિકોના ધંધા-રોજગાર પર માઠી અસર પડી છે તેમજ જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવો વધવાના કારણે નાના અને મધ્યમ વર્ગના નાગરિકો મુશ્કેલીમાં મૂકાઇ રહ્યા છે. ત્યારે નાના અને મધ્યમ વર્ગ તેમજ ગૃહિણીઓને રાહત મળી રહે તે માટે જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવોને અંકુશમાં લાવવા માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં કોરોનાની મહામારી વચ્ચે જીવન જરૂરિયાતની ચીજવસ્તુઓના ભાવોમાં ભારે વધારો થયો છે. સિંગતેલ, કપાસિયા તેલ, તુવેરદાળ, પેટ્રોલ-ડિઝલના ભાવો આસમાને પહોંચ્યા છે. હું આપશ્રીના માધ્યમથી કહેવા માગું છું કે, એક સમયે તેલના ડબ્બાના ભાવમાં એક-બે રૂપિયાનો વધારો થતો ત્યારે મારી બહેનો આંસુએ લોટ બાંધશે એવું કહેવાવાળાઓ આજે તેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૨૫૦૦ વટાવી ગયો છે. ખેડૂતોને પોષણક્ષમ ભાવો મળતાં નથી. ખેડૂતો પાસેથી ઓછા ભાવે ખરીદાયેલી વસ્તુઓ બજારમાં અનેકગણા ભાવે વેચવામાં આવે છે. તેના કારણે સટ્ટાખોરો અને તેલિયારાજાઓ ગરીબ અને મધ્યમવર્ગના માનવીનું ખૂન ચુસી રહ્યા છે. ભાવ નિયંત્રણ અને સંગ્રહખોરી રાજ્યમાં બેફામ બન્યા છે. મર્યાદા કરતાં અનેકગણી વસ્તુઓની સંગ્રહખોરી કરે છે. બીજી બાજુ બજારમાં સસ્તા ભાવે મળતી તુવેરદાળ સરકાર સટ્ટાખોરો પાસેથી વધારે ભાવે ખરીદી રહી છે. આ ગૃહમાં મેં સરકારના મંત્રીઓને બોલતાં સાંભળ્યા છે કે તમારા પૂર્વજોએ આમ કર્યું, તેમ કર્યું, આ ન કર્યું ત્યારે હું એટલું ચોક્કસ કહીશ કે, ONGC, HPCL, BSNL, LIC, એર ઈન્ડિયા એરપોર્ટ, અદાણી-અંબાણી મિત્રોને સાચવવા ૨૬ જેટલાં નિગમો વેચવા કાઢ્યા છે તે દેશ આઝાદ થયો

ત્યારે અંગ્રેજો વારસામાં આપી ગયા ન હતાં. દેશને પગભર થવા માટે જે કંપનીઓ ઊભી કરવામાં આવેલી તે વેચવા કાઢી છે. સોનુ પણ વેચવા કાઢ્યું અને રિઝર્વ બેંકની થાપણો પણ ઉપાડી લીધી છતાં પણ મોંઘવારી આટલી વધી ગઈ કે પૂરું થતું નથી. મોંઘવારીના માર વચ્ચે વાલીઓને ઓનલાઈન શિક્ષણ ઘરેથી જ આપવાનું હોવાથી બાળકોને મોબાઈલ આપવાની ફરજો પડી છે અને તેના બિલ ભરવા પડે છે. ખાનગી શાળા સંચાલકોને વાલીઓએ ફી ભરવાની છે. આ ફી માફ કરવા માટે સરકાર કોઈ જાહેરાત કરતી નથી. કોરોના અને લોકડાઉનના કારણે નાના વેપારીઓ અને ધંધાર્થીઓના વેપાર–ધંધા ઠપ થયા છે તેવા વેપારીઓને રાહત મળે તે માટે આર્થિક પેકેજ આપવું જોઈએ.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના મહામારીના કારણે દરેક વર્ગના વ્યકિતઓ ત્રાહિમામ પોકારી ગયા છે. સરકારે લોકડાઉનના સમયમાં અનાજ પૂરું પાડી સંતોષ માન્યો, પરંતુ મધ્યમવર્ગના પરિવાર, યુવાનો, ગૃહોની હાલત ઘર ચલાવવા માટે દયનીય બની છે. આ પરિવાર માંગી શકતો નથી કે નથી કહીં શકતો, આવા પરિવારો મહેનત કરીને રોજી મેળવવા તૈયાર છે પણ કોરોના અને લોકડાઉનના કારણે ધંધા ચાલતા નથી. કોરોના અને લોકડાઉનમાં ઘરમાં જ રહેવાનું હતું. વીજ બિલ તો આવતું જ હતું , તેનાથી વધારે આવ્યું. ત્યારે બંધ ધંધા રોજગારી વચ્ચે સરકાર પાસે મધ્યમ અને ગરીબ વર્ગની આશા હતી કે, સરકાર વીજ બિલમાં રાહત આપશે, અમારા નેતાએ સરકારને પત્રો લખ્યા કે કોરોનામાં વીજ બિલ માફી આપો, પણ સરકારે તે ન સાંભળ્યું. કોઈપણ ક્ષેત્ર એવું નથી કે, જયાં મોંઘવારી ન હોય. મોંઘવારી અંકુશમાં લાવી શકાય તેમ છે, પણ સરકારની ઈચ્છાશકિતનો અભાવ હોય તેવું લાગે છે. પેટ્રોલ, ડીઝલમાં સરકાર ૧ લીટરે  પિસ્તાલીસ રૂપિયા કમાય છે, એ કમાઈ ઓછી કરી, પ્રજાને રાહત આપી શકે તેમ છે. કોઈ મહેમાન આવે કે કોઈ જાય તો પ્લેટફોર્મ ઉપર જઈને મૂકવા જતાં પણ ડર લાગે છે. કેમ કે, પ્લેટફોર્મ ટિકિટ પાંચ રૂપિયા હતી, તે પચાસ રૂપિયા કરી દેવામાં આવી છે. મોંઘવારીના નાગને નાથવા માટે રાજય સરકાર કડક પગલા લે અને રાહતો જાહેર કરે. અસ્તુ, જયહિન્દ.

અધ્યક્ષશ્રી : માનનીય બાબુભાઈ બોખરીયાજી.

શ્રી બાબુભાઈ ભી. બોખીરિયા(પોરબંદર) : માનનીય અધ્યક્ષશ્રી, સરકારશ્રી દ્વારા ગ્રાહકોના હીતનું રક્ષણ કરવાના તથા ભાવોનું યોગ્ય નિયમન શક્ય બને, તે હેતુસર રાજયના તમામ જિલ્લાઓમાંથી દરરોજ  જુદી જુદી નિયત થયેલી ૩૨ જેટલી આવશ્યક ચીજ વસ્તુઓના ભાવો મેળવવામાં આવે છે અને આ મેળવેલા ભાવો ઉપર ઉચ્ચ કક્ષા સુધી સમીક્ષા કરી અને ભાવો નિયંત્રણમાં આવે એવા પગલા ભરવામાં આવ્યા છે. કોરોનાની મહામારીના લીધે સમાજના નાના અને મધ્યમવર્ગના કુટુંબોને જે તકલીફ પડી, એ તકલીફ પડી ત્યારે રાજય સરકારે તેના સંવેદનશીલ નિર્ણયો લઈને અનાજ અને આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે એ માટે રાજયની સસ્તા અનાજની જે ૧૭,૦૦૦ કરતાં પણ વધારે દુકાનો છે, તેના દ્વારા વખતોવખત અનાજ અને આવશ્યક ચીજ વસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું. માહે એપ્રિલ, મે અને જૂન ૨૦૨૦ એમ સતત ત્રણ મહિના માટે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ સમાવિષ્ટ રાજયના ૬૫.૪૦ કાર્ડધારકો અને  બી.પી.એલ.ના ૩.૪૦ લાખ કાર્ડધારકો અને જેની જનસંખ્યા ૩.૩૬ કરોડની થાય છે. આ બધા લોકોને ઘઉ, ચોખા, ખાંડ, દાળ તથા મીઠાનું ફૂડ બાસ્કેટનું વિતરણ કરવામાં આવ્યું. અમારે ત્યાં જૂનાગઢ જિલ્લાની અંદર ૯૭૮૫ મેટ્રિક ટન ઘઉ, ૪૧૫૯ મેટ્રિક ટન ચોખા, ૧૦૦૧ મેટ્રિક ટન ખાંડ, ૨૦૯ મેટ્રિક ટન દાળ અને ૬૫૫ મેટ્રિક ટન મીઠાનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સિવાય પણ જે લોકો રાષ્ટ્રીય અન્ન સલામતી ધારા હેઠળ આવતા નથી અને બી.પી.એલ. હેઠળ પણ આવતા નથી એવા જે ૬૧.૪ લાખ જેટલા મધ્યમવર્ગીય પરિવારો, જેની જનસંખ્યા ૨.૫૦ કરોડ થાય છે, આ કુટુંબોને કુટુંબ દીઠ ૧૦ કિલો ઘઉ, ૩ કિલો ચોખા, ૧ કિલો ખાંડ, ૧ કિલો ચણાદાળનું વિતરણ કરવામાં આવ્યું. જૂનાગઢ જિલ્લાની અંદર ૨૪૧૯ મેટ્રિક ટન ઘઉ, ૭૨૭ મેટ્રિક ટન ચોખા, ૨૪૨ મેટ્રિક ટન ખાંડ, ૨૩૦ મેટ્રિક ટન દાળનું વિતરણ કરવામાં આવ્યું. તે ઉપરાંત પોરબંદર જિલ્લામાં, ૧૦૩૯ મેટ્રિક ટન, ૩૧૪ મેટ્રિક ટન ચોખા, ૧૦૪ મેટ્રિક ટન ખાંડ અને ૧૦૨ મેટ્રિક ટન દાળનું વિતરણ કરવામાં આવ્યું છે. આ સિવાય જે લોકો રાજ્ય સરકારની જે અન્ન બ્રહ્મ યોજના છે એનો વ્યાપ વધારીને પરપ્રાંતિય કારીગરો, મજૂરો તેમજ ઘરવિહોણા  રેશનકાર્ડ વગરના જે લોકો હતા, એમની પણ  રાજય સરકારે ચિંતા કરી અને એપ્રિલ–૨૦૨૦ માં એને પણ ફૂડબાસ્કેટમાં ૩.૫ કિલો ઘઉં, ૧.૫ કિલો ચોખા, ૧ કિલો ખાંડ, ૧ કિલો દાળ અને ૧ કિલો મીઠાનું વિના મૂલ્યે વિતરણ કરવામાં આવ્યું છે. ભારત સરકાર દ્વારા મે, ૨૦૨૦માં જાહેર કરેલ આત્મ નિર્ભર ભારત યોજના અને અન્ન ભ્રમ યોજના બેનું સંકલન કરીને નિરાધાર જરૂરિયાત મંદ લોકો સંકટગ્રસ્ત પર પ્રાંતિય મજૂરો કે જેઓ રેશન કાર્ડ ધરાવતા નથી તેવા લોકોને અન્ન ભ્રમ આત્મ નિર્ભર ભારત યોજના હેઠળ પ્રતિ લાભાર્થીને ૩.૫ કિલો ચોખા, ૩.૫ કિલો ઘઉં, ૧.૫ કિલો ચોખા અને ૧ કિલો દાળનું વિતરણ કરવામાં આવ્યું. આ ઉપરાંત ભારત સરકારશ્રી દ્વારા પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના અંતર્ગત રાજયના જે રાષ્ટ્રીય અન્ન સલામતી યોજનાની અંદર જે સમાવિષ્ટ છે અને ૬.૮૦ લાખ કુટુંબો ૩.૩૬ કરોડની જે જનસંખ્યા છે એ પ્રતિ વ્યકિતને એક વખત સાડા ત્રણ કિલો ઘઉં અને ૧.૫ કિલો ચોખા અને ૧ કિલો દાળનું એને વિતરણ કરવામાં આવ્યું. પ્રધાનમંત્રી કલ્યાણ અન્ન યોજના ગરીબ કલ્યાણ યોજના હેઠળ ઉજવલા યોજનાના લાભાર્થીઓને ઓઈલ માર્કેટિંગ કંપની દ્વારા એપ્રિલ, ૨૦૨૦ થી ડિસેમ્બર, ૨૦૨૦ સુધી એમ સતત ૯ મહિના દરમ્યાન ૪૯ લાખ ૬૩ હજાર ૧૨૬ એલ.પી.જી. ગેસ બોટલોનું રિફિલિંગ કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાના સમય ગાળાની અંદર નાગરિકોને આવશ્યક ચીજ વસ્તુઓ જો મળતી ન હોય તો એનું પણ રાજય સરકારે મોનિટરિંગ કરીને જે ફરિયાદો મળી હોય એનું નિવારણ લાવી, એને પણ આવશ્યક ચીજ વસ્તુઓ મળે એના

માટેની પણ ચિંતા કરી છે. આમ, રાજય સરકાર દ્વારા કોરોનાની મહામારી સમય ગાળા દરમ્યાન પંડિત દિનદયાળજીના માનવતાવાદ સિદ્ધાંત આધારિત નાના અને મધ્યમવર્ગીય નાગરિક ભૂખ્યા ન રહે અને સૌને આ કપરા સમયમાં બે ટંક ભોજન મળી રહે તે માટેની માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સરકારે વિના મૂલ્યે અનાજ અને આવશ્યક ચીજ વસ્તુનું આયોજન કરેલ હતું.

માનનીય અધ્યક્ષશ્રી, આ ઉપરાંત રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા હેઠળ સમાવિષ્ઠ લાભાર્થીઓને પોષણક્ષમ આહાર મળી રહે અને એ ઉપરાંત નાના અને મધ્યમવર્ગના નાગરિકોને પણ પ્રોટીનયુકત આહાર મળી રહે તે હેતુસર ચાલુ વર્ષે ૨૦૨૧માં પ્રતિ કુટુંબ ૧ કિલો તુવરદાળ રાજય સરકાર દ્વારા પ્રતિ કિલોમાં ૩૦ રૂપિયાની સબસિડી ભોગવીને પ્રતિ કિલો ૬૧ રૂપિયાના ભાવથી વિતરણ કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, આગામી વર્ષોમાં એટલે કે વર્ષ ૨૦૨૧–૨૨માં તહેવારો માટે રિફાઇન્ડ કપાસિયા તેલ જે વર્ષમાં બે વખત ફકત પહેલાં જે બીપીએલ અને અંત્યોદય કાર્ડ ધારકોને આપવામાં આવતું હતું તેને બદલે હવે રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા ૨૧૩ હેઠળ તમામ લાભાર્થીઓને કાર્ડ દીઠ એક કિલોગ્રામ રાહતદરે વિતરણ કરવાનું નક્કી કરવામાં આવ્યું છે. આમ, નાના અને મધ્યમવર્ગ ગૃહિણીઓને અનાજ અને અન્ય ચીજ વસ્તુઓ રાહત મળી રહે તે માટે રાજય સરકાર સતત પ્રયત્નશીલ છે.

માનનીય અધ્યક્ષશ્રી, જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓમાં પેકેટ પર છાપેલી કિંમત કરતાં વધુ ભાવ લેવાની નફાખોરી ન થાય તે હેતુસર લીગલ મેટ્રોલોજી રૂલ્સ, ૨૦૧૧ના નિયમ–૧૮ના ભંગ સબબ શિક્ષા નિયમ–૩૨ હેઠળ પેકેટ પર છાપેલી કિંમત કરતાં જો વધુ ભાવ લેવાશે તો શિક્ષાપત્ર જે ગુનો બને છે. એની અંદર પણ વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦માં ૫૫૬ વધારે લોકો પર એના માટે કાર્યવાહી કરી અને રૂપિયા ૧૧ લાખ ૩૦ હજાર કરતાં વધારે એની માંડવાળમાં લેવામાં આવેલા છે. વર્ષ ૨૦૨૦–૨૧ના ફેબ્રુઆરીના અંતિમ સુધીમાં ૯૭૨ લોકો પર એ કાર્યવાહી કરવામાં આવી રૂપિયા ૧૯ લાખ અને ૪૪ હજાર વધારે રકમ છે એને પાસેથી પણ માંડવાળ તરીકે વસૂલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત આવશ્યક ચીજ વસ્તુઓના ઉત્પાદક અને વિક્રેતાઓ દ્વારા કોઇ પણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે રાજય કક્ષાએથી તેમ જ જિલ્લા કક્ષાએથી ઘી ગુજરાત આવશ્યક ચીજ વસ્તુ નિયમન આદેશ, ૧૯૭૭ના કાયદા મુજબ જરૂર જણાય ત્યારે તપાસ હાથ ધરી ક્ષતિઓ અને ગેરરીતિઓ જણાય તો તેવા વિક્રેતા પર પણ નિયમાનુસાર પગલાં લેવામાં આવે છે.

માનનીય અધ્યક્ષશ્રી, વધુમાં વન નેશન વન કાર્ડ હેઠળ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા, ૨૦૧૩ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો સમગ્ર રાજયમાં કોઇ પણ ગામ કે શહેરની વાજબી ભાવની દુકાનથી કોઇ પણ દુકાનથી પોતાના આધાર અને ઓળખ પ્રસ્થાપિત કરીને પોતાને મળવાપાત્ર રાશનનો જથ્થો પોર્ટીબિલીટીથી ઠરાવેલ ભાવથી મેળવી શકશે. હાલમાં વન નેશન વન રેશનકાર્ડ હેઠળ રેશનકાર્ડના રાષ્ટ્રીય પોર્ટીબિલિટી સુવિધા ૩૨થી વધુ રાજયોમાં તથા કેન્દ્રશાસિત પ્રદેશોમાં અમલી છે. ગુજરાત રાજયમાં પણ ગુજરાતમાં રહેતા કામદારોને આ યોજનાનો લાભ મળી રહે આમ નક્કી કરેલી વાજબી ભાવની દુકાન સિવાય સ્થળની મર્યાદા વગર હવે રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદા ૨૧૩ હેઠળ સમાવિષ્ટ લાભાર્થીઓને પોતાને મળવાપાત્ર અનાજનો જથ્થો મળે છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીની સરકારે આ રીતે દરેક ભાવના નિયમન માટે સતત પ્રયાસો કર્યા છે આ રીતે ભાવને કાબુમાં રાખ્યા છે એની સાથે સાથે નાના અને મધ્યમવર્ગોને પોતાના કાર્ડની અંદર કોઇપણ જાતની તકલીફ ન પડે એટલે અવારનવાર એને પૂરતું અનાજ મળી રહે, આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે એના માટેના પ્રયાસો કરીને પૂરું પાડેલ છે.

શ્રી વિરજીભાઇ ઠુમ્મર(લાઠી) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સભ્યશ્રી સંજયભાઇ સોલંકી ગુજરાતની પ્રજા કોરાનાના કારણે જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવ વધારાના કારણે મધ્યમવર્ગ અને નાનો વર્ગ મુશ્કેલીમાં મૂકાયો છે. ગૃહિણીનું રોજેરોજનું કાર્ય અતિ મુશ્કેલીમાં મૂકાયું છે. તેનું બજેટ રોજ ન મેળવી શકે તે પ્રકારની પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે ભાવને અંકુશમાં લાવવા માટે આ સરકારને અનુરોધ કરે છે તેમાં હું મારું અનુમોદન આપવા માટે ઉભો થયો છું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોના જેવી મહામારી આવી, દુનિયામાં આ રોગ લાગુ પડ્યો. ગુજરાતમાં પણ આ પરિસ્થિતિ નિર્માણ થઇ. મારા અગાઉના સિનિયર સભ્ય બાબુભાઇ મંત્રી પણ રહી ચૂકયા છે એમણે પણ વાત કરી કે તત્કાલીન સરકાર રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારો જે અમલમાં લાવ્યા એના કારણે આ કોરોનામાં કેટલાક લોકોને મદદરૂપ થઇ શકયા. મારે અભિનંદન આપવા છે કે તે યોજના અમલમાં આવી એના કારણે આજે લોકો સુધી અન્ન રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા હેઠળ પહોંચાડયું છે. આ માત્ર એની વાત નથી પરંતુ આજે પરિસ્થિતિ એવી નિર્માણ થઇ છે કે નાનો માણસ પોતાની રોજી રોટી મેળવી શકતો નથી. એના કારણે એની રોજી રોટી ઉપર ભારે મોટી અસર થઇ છે. મોંઘવારીના ખપ્પરમાં મધ્યમવર્ગ હોમાય રહ્યો છે અને કૂદકે ને ભૂસકે ટેકસ વધી રહ્યા છે એના લીધે હજી મોંઘવારી વધી રહી છે. મારે કહેવું છે કે છેલ્લા સાત વર્ષમાં પેટ્રોલમાં ૨૫૮ ટકા અને ડીઝલમાં ૮૨૦ ટકા એકસાઇઝમાં વધારો કરીને મધ્યમવર્ગને તોડી નાખવાનું કામ જયારે થઇ રહ્યું છે ત્યારે શ્રી સંજયભાઇને અભિનંદન આપું છું કે ગરીબ પ્રજા તથા ગુજરાતની જનતાની વહારે આવ્યા છે. સન ૨૦૦૪માં દેશમાં યુપીએનું પ્રથમ વખત રાજય આવ્યું ત્યારે પેટ્રોલ અને ડીઝલના ભાવ ૩૬ રૂપિયા અને ૮૧ પૈસા હતા. ત્યારે આપણને ઇન્ટરનેશનલ બજારમાં ૧૧૦ અમરિકન ડોલર ક્રુડ મળતું હતું આજે ક્રુડ કેટલું ઘટ્યું છે. એ જોઇએ તો ઇન્ટરનેશનલ માર્કેટમાં ૫૦ ડોલર અને છેલ્લા બે

દિવસમાં એટલો મોટો ઘટાડો આવ્યો છે એ ઘટાડાનો લાભ પ્રજા સુધી પહોંચી શકયો નથી એની ચિંતા માનનીય સંજયભાઇ કરે છે. રાજય સરકાર ટેકસ ઉઘરાવે છે એ એક લિટરે ૨૦ રૂપિયા થાય છે. આવડા મોટો ટેકસ લાદીને આજે કોરોના મહામારી જેવી ભયંકર પરિસ્થિતિ ચાલે છે ત્યારે એ પરિસ્થિતિમાં આવા ટેકસ હટાવી દેવા જોઇએ.

માનનીય અધ્યક્ષશ્રી, વર્ષ ૨૦૦૪માં એલ.પી.જીનો ભાવ ૨૬૧ રૂપિયા હતો ત્યારે મારા સામા પક્ષના લોકો ભાષણ કરતા હતા કે મારી ગૃહિણીઓ તડકામાં છાણ લેવા માટે જાય છે પોદળા લેવા જાય છે મારા દિલમાં દર્દ થાય છે આજે ૮૦૦ રૂપિયા બાટલાનો ભાવ પહોંચ્યો છે ત્યારે તમારા દિલ કયાં ગયા છે એ તો કહો? આ તો શ્રી સંજયભાઇને અભિનંદન આપવા છે એમણે ગુજરાતની જનતાની ચિંતા કરી અને આજે વર્ષ ૨૦૨૧માં ગેસનું સિલિન્ડર ૮૦૦ રૂપિયા ઉપર પહોંચ્યું છે. ડીઝલના ભાવ ૨૦૦૪માં ૨૪ રૂપિયા ૧૬ પૈસા હતા આજે એ ડીઝલનો ભાવ ૯૦ રૂપિયાની આસપાસ પહોંચ્યો છે.આવડો મોટો તોતિંગ વધારો આવી રહ્યો છે દિન પ્રતિદિન ઇન્ટરનેશનલ ક્રુડ સસ્તુ થતું જાય છે તેમ છતાં પ્રજાને એનો લાભ મળતો નથી ત્યારે માનનીય સંજયભાઇએ ચિંતા કરી છે. અને એ ચિંતા કરી છે ત્યારે હું પણ કહેવા માટે ઉભો થયો છું કે ગુજરાતની પ્રજા સહનશીલ પ્રજા છે. ગુજરાતનો ખેડૂત આજે અતિ મહેનત કરી રહ્યો છે. મહેનત કરીને પોતાનું અન્ન અને ધાન પકવી રહ્યો છે. તે અન્ન–ધાન જરૂર મળે છે પરંતુ સસ્તા અનાજની દુકાનમાંથી અન્ન સુરક્ષા ધારા નીચે જે અનાજ સરકારે પૂરું પાડવું જોઇએ ત્યારે મારે સરકારને વિનંતી કરવી છે કે કોરોના મહામારીમાં આપે એ.પી.એલ. કાર્ડને, બી.પી.એલ. કાર્ડને, અંત્યોદય કાર્ડને મફત અનાજ આપવા માટેની કાર્યવાહી કરી અને કેન્દ્ર સરકારની રાહત લઇને ગુજરાતી પ્રજા સુધી પહોંચાડ્યું, હજુ પણ આ રાજ્યનું અર્થતંત્ર સુધર્યું નથી. ગરીબ માણસને આજે પણ મજૂરી મેળવવી મુશ્કેલ છે. મધ્યમ વર્ગના લોકો હતા તે અનેક લોકો ગરીબી તરફ આવ્યા છે ત્યારે એ લોકોની ચિંતા કરવા માટે રાજ્ય સરકારે એમની પાસેથી ઉઘરાવાતા ટેક્સ જતા કરીને ગુજરાતની પ્રજાને મોંઘવારીના ખપ્પરમાંથી બહાર લાવવા માટે અમારા શ્રી સંજયભાઇએ જે ચિંતા કરી છે એ તબક્કે ગૃહના તમામ સભ્યોને મારે વિનંતી કરવી છે કે આટલી મોંઘવારી વચ્ચે ગુજરાત ચાલી રહ્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના ગરીબ લોકોની આપણે ચિંતા કરવી છે. આપણી બેન–દીકરીઓની વાત કરી છે. બેટી બચાવો, દીકરી બચાવો. દીકરી માટેની આપણે ચિંતા કરીએ છીએ. એ દીકરીઓના બજેટ આજે ખોરવાયા છે. દીકરી પોતાના બાળકો માટે કંઇક લેવા જાય છે તો ઘરેથી મોટું લિસ્ટ કરીને જાય છે. દુકાનમાંથી સામાન લે છે અને ચૂકવણું કરવાનું થાય છે ત્યારે વેપારીને કહેવું પડે છે કે શેઠ, આમાંથી અડધું કરી આપો ને? અમારે તો આ પોસાય તેમ નથી. એ પરિસ્થિતિ થઇ છે. એક ગામમાં એક વેપારી હતો. અમુક જ્ઞાતિના વેપારીઓ હતા, હું જ્ઞાતિમાં નહીં પડું. એ વેપારીઓ આજે પણ ગામડાંમાં છે. ગામડાંમાં તેને દીકરી મળતી નથી એટલે શહેરમાંથી લાવવી પડે છે. એવા એક વેપારીએ લગ્ન કર્યા. બેન બહારથી આવ્યા. બહારથી આવીને ઘરધણીને તેણે કહ્યું કે તમે રોજ આવડો મોટો વેપાર કરો છો અને મને ક્યાંય ફરવા લઇ જતાં નથી. મને ક્યાંય રેસ્ટોરન્ટમાં લઇ જતાં નથી. વેપારી તેનું સાંભળે પણ કંઇ બોલે નહીં. પછી તો બેન બહુ ગરમ થયા અને વેપારીને લાકડી લઇને મારવા લાગ્યા. લાકડી લઇને મારવા લાગ્યા એટલે વેપારીએ કહ્યું કે તું મને માર એનો વાંધો નથી, પરંતુ મારી એક શર્ત રાખું છું, તું જ્યારે મારે ત્યારે તારે બોલવાનું, ઓય માડી..ઓય માડી..હું કહીશ, લેતી જા.. લેતી જા..વેપારીની ઘરવાળીએ એ વેપારીને લાઠીચાર્જ કર્યો. લાઠી મારી એટલે બેન બોલ્યા ઓય માડી..ઓય માડી.. વેપારી કહે લેતી જા.. લેતી જા..આજે પ્રજાની આ પરિસ્થિતિ થઇ છે. વેપારી માર ખાય છે, લાઠી ખાય છે અને પાછું ઓય માડી..ઓય માડી.. આપણે બોલવાનું છે. આ પરિસ્થિતિ નિર્માણ થઇ છે ત્યારે મારે આ ગૃહના સભ્યોને વિનંતી કરવી છે કે રાજ્ય સરકાર એમના જે ટેક્સ ઉઘરાવી રહી છે એ ઓછાં કરે અને ગરીબ પ્રજા માટે વધારેમાં વધારે રાહત આપે. રાષ્ટ્રીય અન્ન સુરક્ષા ધારા નીચે કોરોના મહામારીમાં જે અનાજ આપ્યું છે તેમાં મારો વિરોધ નથી. મારો વિરોધ તો આવડા મોટા જે ટેક્સ ઉઘરાવી રહ્યા છે તેમાં રાહત આપીને ગુજરાતની જનતાને મદદ કરો એવી વિનંતી સાથે વિરમું છું.

શ્રી કનુભાઇ મો. દેસાઇ(પારડી) : માનનીય અધ્યક્ષશ્રી, ગૃહના સભ્ય માનનીય શ્રી સંજયભાઇ સોલંકી કોરોના મહામારીના લીધે ધંધા–રોજગાર પર પડેલી અસર, ગરીબ અને મધ્યમ વર્ગની મહિલાઓને રાહત મળે તે માટેનો સંકલ્પ લઇને આવ્યા છે તેના પર મારા વિચારો વ્યક્ત કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, ચીનના વુહાનથી થયેલી કોરોનાની મહામારીએ યુરોપના દેશો અને અમેરિકા જેવા આર્થિક મહાસત્તા ધરાવતા દેશોને જેઓ તબીબી રીતે પણ સંપૂર્ણ સજ્જ હતા એ દેશોને ભરડામાં લીધા. હું ભારત તેમજ વિશ્વની વાત અટલા માટે કરવા માગું છું કે ગુજરાતની સરકારે જે પગલાં લીધા તેના લીધે ગુજરાતના લોકોની જે સુખાકારી થઇ. કોરોનામાં જે રાહત થઇ તેના પરિપ્રેક્ષ્યમાં વાત કરવા માગું છું. જ્યારે અમેરિકા જેવા દેશોમાં પણ આપણે જોયું છે, વાંચ્યું છે, સાંભળ્યું છે કે ખોરાક માટેની લાંબી લાંબી લાઇનો લાગેલી હતી. એ સમયે આપણે વિચાર કરતા હતા કે આપણાં ગુજરાતમાં શું થશે? આપણું વહીવટી તંત્ર છે. માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ અને માનનીય નીતિનભાઇની આગેવાની હેઠળ સરકારે કોર કમિટી બનાવીને આ મહામારી સામે લડવા માટે નિર્ણય લીધો અને સંપૂર્ણ વર્ષ દરમ્યાન કોર કમિટીએ જે સુંદર કામગીરી કરી. એના લીધે ગુજરાતમાં જે પરિસ્થિતિ અત્યારે છે ભલે આપણે ગૃહમાં કહીએ કે મોંઘવારી વધારે છે. લોકોને વધારે તકલીફ છે. પરંતુ આપણે આ ગૃહમાં ઉમાશંકર જોષીજીએ એક પંક્તિ કહેલી એ યાદ કરું કે, 'ભૂખ્યા જનોનો જઠરાગ્નિ જાગશે, ખંડેરની ભસ્મ કણી ના લાગશે.' સમગ્ર વર્ષ દરમિયાન માર્ચથી શરૂ થઇ અત્યાર સુધીમાં ગુજરાતમાં એક પણ તોફાન અન્ન માટે થયું નથી. એના

માટે સરકારને અને શ્રી જયેશભાઇને સંપૂર્ણ અભિનંદન આપું છું. જ્યારથી આપણા લોકનાયક શ્રી નરેન્દ્રભાઇએ લોકોને કોરોનાની મહામારી માટે અવેરનેસ બતાવવા માટે જે જનતા કરફ્યુની જાહેરાત કરી અને એને જે અભૂતપૂર્વ પ્રતિસાદ મળ્યો, આપણને ખબર ન હતી કોરોના શું છે? એના માટે શું સાવચેતી રાખવાની? આપણી સરકારે શું તૈયારી કરવાની? આ બધાં પ્રયત્નો થયા એના લીધે ગુજરાતે દેશમાં નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં પણ આપણો રિકવરી રેટ કોરોના સામે લગભગ ૯૭ ટકા ઉપર આવ્યો છે અને ગુજરાતમાં બીજા રાજ્યોની સરખામણીમાં મૃત્યુ પણ ઓછા થયા છે.

માનનીય અધ્યક્ષશ્રી, સરકારે આ સમયે આરોગ્ય માટેની સૌપ્રથમ તૈયારી કરી અને દરેક હોસ્પિટલો તૈયાર કરી અને પ્રાઇવેટ હોસ્પિટલોને કરારબદ્ધ કરી. ત્યારપછી અનાજ પુરવઠા માટે જે તૈયારીઓ કરી અને એમાં આપણે અગ્રતાક્રમ ધરાવતા એન.એફ.એસ.એ. હેઠળ આવતા કુટુંબોને અનાજ આપવાની જે વિતરણ વ્યવસ્થા નક્કી કરી એના લીધે સમગ્ર ગુજરાતમાં મોંઘવારીની તો વાત જ નહીં પરંતુ દરેક લોકોને પૂરનું અનાજ બે ટાઇમ ખાવાનું મફતના ભાવે મળ્યું. એના લીધે લગભગ ૬૮.૬૮ લાખ એન.એફ.એસ.એ. કાર્ડ હોલ્ડરોને લગભગ ૩ કરોડ ૩૬ લાખની જનસંખ્યાને ઘઉં, ચોખા, દાળ, ખાંડ અને મીઠાના કુડ બાસ્કેટનું વિતરણ કરવામાં આવ્યું. ત્યારપછી આપણી સરકારે અર્થવ્યવસ્થા માટે ઘણું ધ્યાન કેન્દ્રિત કર્યું. ૧૨ લાખ જેટલા પરપ્રાન્તીઓને પોતાના વતનમાં જવાની વ્યવસ્થા કરી. ઉદ્યોગો માટે જરૂરી ચીજવસ્તુઓ એટલે કે ફાર્માશ્યુટિકલ પ્રોડક્ટસ, દવાનું ઉત્પાદન, એગ્રી પ્રોડક્ટસની જરૂરિયાત અને બીજી અનેક આવશ્યક જરૂરિયાતો માટે સરકારે નાના અને મોટા ઉદ્યોગો શરૂ કર્યા અને એનું ઉત્પાદન કર્યું. સરકારે આ સાથે સાથે આત્મનિર્ભર પેકેજ પણ જાહેર કર્યું અને આ પેકેજમાં મહિલાઓ અને નાના ઉદ્યોગ ધંધાર્થીઓને રાહત થાય એવું પેકેજ રજૂ કર્યું. સંવેદનશીલતાનો બીજો નાનો દાખલો આપું તો દક્ષિણ ગુજરાત કેરીના પાક માટે જાણીતું છે. હાફુસ કેરી સમગ્ર દેશમાં વખણાય છે ત્યારે આ પાક એક મહિનાનો હોય છે. એ પાક પહેલી એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધીમાં મોટાભાગે લઇ લેવાનો હોય છે. આવા સમયે એ.પી.એમ.સી.ઓ બંધ હતી ત્યારે સરકારે એ.પી.એમ.સી.ના નિયમમાં તાત્કાલિક સુધારો કરીને દરેક એ.પી.એમ.સી. અને દરેક ખેડૂતને પોતાને જ્યાં ઇચ્છા હોય ત્યાં માલ વેચી કે ખરીદી શકે એવી સુવિધા કરી. એના લીધે ખેડૂતોને અનેકગણો ફાયદો થયો. લગભગ ૧૨૫ ટકા જેટલો ભાવ વધારે મળ્યો. ખાસ નોંધવા જેવી વાત આવી છે કે બેંકોની ડિપોઝિટો પણ આ સમય દરમિયાન વધી છે. એટલે શ્રી વિરજીભાઇએ વાત કરી એમાં થોડો આપણે વિચાર કરવો પડે. ઉદ્યોગની માગણી દરમિયાન પણ મેં જણાવ્યું હતું કે એપ્રિલ-૨૦૨૦ અને સપ્ટેમ્બર-૨૦૨૦ દરમિયાન જે વિદેશી મૂડીરોકાણ આપણા ગુજરાતમાં આવ્યું એ ૧ લાખ ૧૯ હજાર કરોડનું વિદેશી મૂડીરોકાણ આવ્યું જે આ સમયગાળા દરમિયાન સમગ્ર ભારતના વિદેશી મૂડીરોકાણના ૫૩ ટકા જેટલું છે. એટલે કે આપણી અર્થ વ્યવસ્થા, આપણી નાણાકીય વ્યવસ્થા, અન્ન અને પુરવઠાની વ્યવસ્થા અને ખાસ કરીને શ્રી પ્રદિપસિંહજીને અભિનંદન આપીશ કે આપણા રાજ્યની ગૃહ વ્યવસ્થા સંપૂર્ણ રીતે કાર્યરત હતી. એના લીધે આપણું રાજ્ય આ મહામારી વચ્ચે સુપેરે ઉભું છે એમ કહી શકાય. અને ખાસ કરીને NFSA ના ધોરણો છે એ ધોરણો અગાઉથી નક્કી થયેલા છે અને રાજ્યની કુલ વસ્તી ૩૮૨.૮૪ લાખ વસતિને આ કાયદામાં આવરી લેવાનો એક લક્ષ્યાંક નક્કી થયેલો છે. NFSA કાયદા હેઠળ પાત્રતા ધરાવતા હતા. પરંતુ લાભથી વંચિત રહી ગયેલા લોકોની પણ સરકારે કાળજી રાખી છે. ૧૦ લાખ કુટુંબોના ૫૦ લાખ લાભાર્થીઓને સમાવવા માટે સરકારના નાગરિક પુરવઠા વિભાગે એક સર્ક્યુલર કરી અગ્રતા ધરાવતા કુટુંબોની ઓળખ માટેના ધોરણમાં જરૂરી ફેરફાર કરેલ છે. NFSA કેટેગરીમાં વિભાજીત થતા કુટુંબોની વિગતો ચકાસીને નવું રેશનકાર્ડ NFSA કેટેગરીનું જ આપવામાં આવશે. રાજ્યમાં NFSAથી વિભાજીત થયેલા કુટુંબના કાર્ડ વિભાજનથી Non-NFSA થયેલા કાર્ડ ધારકોની પૂન: ચકાસણી કરીને પાત્રતા ધરાવતા લાભાર્થીઓને પૂન: NFSA હેઠળ સમાવવામાં આવશે. રાજ્ય સરકાર દ્વારા સામાજિક સુરક્ષા ખાતા હેઠળ નોંધાયેલા તમામ દિવ્યાંગ લાભાર્થીઓને આપણી સરકાર કેટલી સંવેદનશીલ છે આના અનેક પુરાવાઓ આપણને દરેક વખતે મળે છે. દિવ્યાંગ લોકોને પણ NFSA સમાવવાનો નિર્ણય સરકારે કરેલ છે. રાજયના મહિલા અને બાળ વિકાસ હેઠળ નોંધાયેલ પેન્શન ધરાવતી આપણી ગંગાસ્વરૂપા બહેનોને પણ આ NFSAમાં સમાવેશ કરવાનો સરકારે નિર્ણય કરેલ છે. રાજ્ય સરકાર દ્વારા NFSA હેઠળ પાત્રતા ધરાવતા વૃદ્ધો માટે ૬૫ વર્ષની વય મર્યાદા હતી એને ઘટાડીને ૬૦ વર્ષની કરી વધુ વૃદ્ધોને આનો લાભ મળી શકે એ માટે પણ સુધારો કરવામાં આવેલ છે અને રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ નોંધાયેલા જે કોઇ પરપ્રાંતિય શ્રમજીવીઓ છે એમને પણ NFSA હેઠળ આવરી લેવાનો સરકારે નિર્ણય કરેલ છે એ બદલ સરકારને અભિનંદન આપું છું અને આ રીતે રાજ્ય સરકાર દ્વારા ત્રણ પૈંડાના વ્હીકલો જેમાં રિક્ષા અને નાના ટેમ્પો ચલાવે છે એવા શ્રમજીવીઓ અથવા ધંધાદારીઓને પણ NFSA હેઠળ આવરીને સરકારે એક ઉમદા સેવાનું કામ કર્યુ છે. આવા બધા નાના નાના અનેકવિધ સંવેદનશીલ પગલા સરકારે લીધા છે એના લીધે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી છે. લોકોને બે ટંકનું અનાજ ખાવા માટે મળી રહે છે અને જે રીતે રાજ્ય પ્રગતિ કરી રહ્યું છે એને જોતા હું સરકારની બધી નીતિઓને સમર્થન આપું છું અને મારી વાત પૂરી કરું છું.

અધ્યક્ષશ્રી:ધન્યવાદ. માનનીય કીરીટભાઇ પટેલ હાજર નથી તો માનનીય શૈલેષભાઇ, તમારામાંથી કોઇને બોલવું હોય તો ૭ મિનિટ છે. માનનીય મંત્રીશ્રી જયેશભાઇ.

શ્રી જયેશભાઇ વિ. રાદડીયા(અન્ન અને નાગરિક પુરવઠા અને ગ્રા.બા.ના. મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્ય સંજયભાઇ સોલંકી બિન-સરકારી સંકલ્પ લઇને આવ્યા છે. આ બિન-સરકારી સંકલ્પની અંદર જીવન જરૂરિયાતની

વસ્તુના ભાવની વાત થઇ છે. રાજ્ય સરકાર રાજ્યના ગરીબ, નાના અને મધ્યમ વર્ગના નાગરિકો, નાના વ્યવસાયકારો, નાના વેપારીઓ મુશ્કેલીમાં હોય ત્યારે હરહંમેશા રાજ્ય સરકાર એમની મદદે ઊભી રહી છે અને ખાસ કરીને કોરોનાની પરિસ્થિતિની અંદર આપણા રાજ્યમાં અને સમગ્ર વિશ્વની અંદર કોરોનાની પરિસ્થિતિની અંદર જે અસરો ઊભી થઇ અને આ પરિસ્થિતિમાં રાજ્ય સરકારે જે મહત્ત્વપૂર્ણ નિર્ણયો કર્યા પછી જીવન જરૂરિયાતની વસ્તુ પહોંચાડવાની હોય, આત્મનિર્ભર પેકેજ જાહેર કરીને નાના મધ્યમ વર્ગના પરિવારોને જે મદદ કરી છે એની વાત હું અહીંયા કરવા માગુ છું. લોકડાઉન અને કોરોનાની પરિસ્થિતિમાં સૌથી પહેલો પ્રશ્ન આવ્યો કે ગરીબ લોકો સુધી અનાજ કેવી રીતે પહોંચાડવું? અને ત્યારે આની પહેલા પણ કીધું હતું અને આજે પણ ફરીવાર પાછા માનનીય મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીને અભિનંદન આપું છું કે પરિસ્થિતિની અંદર એપ્રિલ, મે અને જૂન ૨૦૨૦માં આ ત્રણ મહિના માટે રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળના ૬૮ લાખ ૮૦ હજાર પરિવારો કે જેની સંખ્યા ૩ કરોડ ૩૬ લાખ થાય છે. એ જનસંખ્યાને જીવન જરૂરિયાતની વસ્તુઓ ઘઉં, ચોખા, ખાંડ, દાળ, મીઠાથી આખું એક ફૂડ બાસ્કેટ બનાવ્યું અને રાજ્યની ૧૭૦૦૦ જેટલી દુકાનો ઉપરથી એનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. એની બજાર કિંમત આપણે જોઇએ તો રૂપિયા ૧૪૫૬ કરોડનું આ પેકેજ ૩ મહિના માટે આ રાજ્યના એન.એફ.એસ.એ.ના કાર્ડધારકોને આપવામાં આવ્યું. સાથેસાથે જે ધારાસભ્યશ્રીઓની રજૂઆત આવી અને એન.એફ.એસ.એ. સિવાયના લાભાર્થીઓ, એ.પી.એલ.–૧ના લાભાર્થીઓ આ રાજ્યની અંદર ૬૧ લાખ પરિવારો હતા. એમને પણ કુટુંબદીઠ ૧૦ કિલોગ્રામ ઘઉં, ૩ કિલોગ્રામ ચોખા, ૧ કિલોગ્રામ ખાંડ, ૧ કિલોગ્રામ ચણાદાળ અથવા ચણા એ રાજ્યની ૧૭૦૦૦ થી વધારે દુકાનો ઉપરથી વિતરણ કરીને એ.પી.એલ.–૧ના લાભાર્થીઓ એવા ૬૧ લાખ લાભાર્થી પરિવારને બે માસ માટે અને એની બજાર કિંમત ૫૩૦ કરોડ રૂપિયાના ખર્ચે આ વિતરણ કરવામાં આવ્યું.

માનનીય અધ્યક્ષશ્રી, કોરોનાની પરિસ્થિતિને ધ્યાને લઇ અને રાજ્ય સરકાર દ્વારા અન્ન, બ્રહ્મ યોજનાનો વ્યાપ વધારવામાં આવ્યો. અહીંના રાજ્યની અંદર જે પરપ્રાંતિય કારીગરો, મજૂરો હતા, ઘર વિહોણા પરિવારો હતા અને રેશન કાર્ડ જેમની પાસે નહોતું એવા ૬,૩૬,૦૦૦ જેટલા લાભાર્થીઓને આ યોજનામાં ફૂડબાસ્કેટનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. ભારત સરકાર દ્વારા આત્મનિર્ભર ભારત યોજના જાહેર થઇ અને રાજ્યની આપણી અન્ન બ્રહ્મ યોજના સાથે એને સંકલિત કરી રાજ્યના નિરાધાર, જરૂરિયાતમંદ, પરપ્રાંતિય મજૂરો કે જેમની પાસે રેશન કાર્ડ નહોતા એવા લોકોને અન્ન બ્રહ્મ આત્મનિર્ભર ભારત યોજના હેઠળ સમાવેશ કરીને મે મહિનાથી લઇને ઓગષ્ટ મહિના સુધી વિનામૂલ્યે વિતરણ કરવામાં આવ્યું. સાથેસાથે એન.એફએસ.એ.ના ૬૮૮૦,૦૦૦ લાભાર્થી પરિવારો કે જેને ત્રણ મહિના માટે વિનામૂલ્યે અનાજ તો આપણે પૂરું પાડયું. ત્યારે પણ માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય લીધો કે આવી કોરોનાની પરિસ્થિતિની અંદર આવા ૬૮૮૦,૦૦૦ પરિવારોને ૧૦૦૦ રૂપિયા એના ખાતામાં ડી.બી.ટી.થી જમા કરવામાં આવ્યા. જેની રકમ ૬૫૧.૪૭ કરોડ રૂપિયા હતી. આ સમય દરમિયાન વિનામૂલ્યે અનાજ તો વિતરણ કર્યું સાથેસાથે એક એક હજાર રૂપિયા એના ખાતાની અંદર જમા કરાવીને રાજ્ય સરકારે આવા લાભાર્થી પરિવારોને આપ્યા. એ સમય દરમિયાન દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઇ મોદીએ પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ યોજના આ કોરોના મહામારીની અંદર અમલમાં મૂકી અને આપણા એન.એફ.એસ.એ. હેઠળ સમાવિષ્ટ લાભાર્થી પરિવારોને ૩,૩૬,૦૦,૦૦૦ ની જનસંખ્યાને ૮ મહિના સુધી સતત ૩.૫ કિલોગ્રામ ઘઉં, ૧.૫ કિલોગ્રામ ચોખા મળી ૫ કિલગ્રામ અનાજ અને પ્રતિ કુટુંબ દીઠ એક કિલોગ્રામ ચણાના જથ્થાનું સતત આઠ મહિના સુધી આવા ૬૮૮૦,૦૦૦ પરિવારની ૩,૩૬,૦૦,૦૦૦ જનસંખ્યાને વિનામૂલ્યે વિતરણ કરવાનો પણ ભારત સરકારે નિર્ણય લીધો હતો. સાથેસાથે ઉજવલા યોજનાની અંદર રાજ્યની અંદર ગેસ સિલિન્ડર આપવામાં આવ્યા હતા. આ પરિસ્થિતિમાં પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના હેઠળ ઉજવલા યોજનાના જે લાભાર્થીઓ હતા એમને પણ એપ્રિલ માસથી વિનામૂલ્યે ૩ સિલિન્ડર રીફીલ કરી દેવામાં આવ્યા વિનામૂલ્યે અને રાજ્યની અંદર ૪૯,૩૬,૧૨૬ એલ.પી.જી.ની ગેસ બોટલો આ સમય દરમિયાન વિનામૂલ્યે રીફીલ કરવામાં આવી. કોરોનાની મહામારીની અંદર રાજ્ય સરકારે ભારત સરકારના પેકેજ અંતર્ગત વિનામૂલ્યે જે વિતરણ કર્યું એના આંકડા હતા. એ સિવાયના રેગ્યુલર વિતરણ પુરવઠા વિભાગ દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત અમારું જે રેગ્યુલર વિતરણ રાહત ભાવે રાજ્યના ગરીબ પરિવારો માટે થઇ રહ્યું છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા હેઠળ ૭૧,૪૪,૦૦૦ પરિવારો આજની તારીખે નોંધાયેલા છે અને જેનો જાહેર વિતરણ વ્યવસ્થાનો અત્યારે લાભ લે છે. ભાવની વાત આવતી. એમાં અંત્યોદય અન્ન યોજનાના જે ૮ લાખ ૧૩ હજાર કુટુંબો અગ્રતા ધરાવતા ૬૩ લાખ ૩૪ હજાર પરિવાર એટલે ૭૧ લાખ ઉપરની જનસંખ્યાને દર મહિને ૨ કિલો ઘઉં અને ૩ રૂપિયે કિલો ચોખા સરકાર દ્વારા જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ કરવામાં આવે છે. સાથે સાથે રેગ્યુલર ખાંડનું વિતરણ અંત્યોદય અને બી.પી.એલ. ના ૩૩ લાખ ૫૨ હજાર પરિવારોને જેમની જનસંખ્યા ૧ કરોડ ૭૨ લાખની છે. એમને દર મહિને રાહત ભાવે ખાંડ ઉપલબ્ધ થાય તે માટે રાજ્ય સરકાર સબસિડી આપે છે અને ૧૩૪ કરોડ રૂપિયા એમાં સબસિડીના ભાગરૂપે આપીને આવા ૩૩ લાખ ૫૨ હજાર પરિવારોને ખાંડ આપી રહ્યા છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, અહીંયા હંમેશા કપાસિયા તેલની અને સિંગતેલની વારંવાર રજૂઆતો થાય છે. આ રાજ્યની અંદર સિંગતેલ ખાવાવાળો એક વર્ગ હું માનું છું ત્યાં સુધી ૧૦ થી ૧૫ ટકા સિંગતેલ વપરાશ ખાવામાં થાય છે. બાકી ૮૦ થી ૮૫ ટકા વર્ગ કપાસિયા કે અન્ય તેલ ઉપર ડિપેન્ડ હોય છે. તેલના બજાર ભાવના જે આંકડા છે. જાન્યુઆરી ૨૦૧૯થી ડિસેમ્બર ૨૦૧૯ એક વર્ષ અને જાન્યુઆરી ૨૦૨૦થી ડિસેમ્બર ૨૦૨૦ સુધી કપાસિયા તેલની અંદર જે વધારો થયો. કારણ કે

ભાવ વધારો બજારમાં પ્લસ, માઇનસ થતો રહેતો હોય છે. જાન્યુઆરી ૨૦૧૯માં મામૂલી કહી શકાય તેવો ૮૪ રૂપિયા છૂટક ભાવ હતો. ડિસેમ્બર ૨૦૨૦ સુધીમાં ૧૦૦ રૂપિયા આસપાસ એટલે ૨ વર્ષની અંદર ૧૪–૧૫ રૂપિયાનો એટલે મહિને ગણો તો ૮૪ રૂપિયા થયો, કયાંક ૮૩ રૂપિયા તો કયાંક ૮૮ રૂપિયે થયો. કોરોનાનું એક વર્ષ થયું. એમાં નજીવો ભાવ વધારો થયો છે. ત્યારે પણ રાજ્ય સરકારે નક્કી કર્યું હતું કે ૩૫ લાખ એવા પરિવારોને જેને વર્ષમાં બે વખત કપાસિયા તેલ કાર્ડ દીઠ ૧ લિટર બે વખત આપીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, ચાલુ વર્ષે નાયબ મુખ્યમંત્રીશ્રીએ બજેટ રજૂ કર્યું એમાં એન.એફ.એસ.એ. ના ૭૧ લાખ પરિવાર લાભાર્થીઓનો આ બજેટની અંદર સમાવેશ કર્યો છે. તમામ ૭૧ લાખ પરિવારોને વર્ષમાં બે વખત કપાસિયા તેલનું રાહત ભાવે વિતરણ થાય તે માટે ૭૦ કરોડ રૂપિયાની આ બજેટની અંદર જોગવાઇ કરવામાં આવી છે. જે સભ્યશ્રી સંજયભાઇ સંકલ્પ લઇને આવ્યા છે. એમાં દાળની ફરી વાત થઇ કે સરકાર ઊંચા ભાવે ખરીદી કરે છે. ચાલુ વર્ષે ૯૧ રૂપિયા પ્રતિ કિલોના ભાવે રાજ્ય સરકારે તુવેરદાળની ખરીદી કરી હતી. એ દાળ ગરીબ પરિવારોને મળે તે માટે ૩૦ રૂપિયા સબસિડી આપીને ૬૧ રૂપિયે આજે ગરીબ પરિવારોને એન.એફ.એસ.એ. ના ૭૧ લાખ ૪૪ હજાર લાભાર્થીઓને ૧ કિ.ગ્રામે ૩૦ રૂપિયા સબસિડીવાળી દાળ આપીને ૨૫૭ કરોડ રૂપિયાની એમાં સબસિડી આપવા જઇ રહ્યા છીએ. સભ્યશ્રીએ વાત કરી કે ઊંચા ભાવે દાળની ખરીદી થાય છે. તો આજે પણ બજારની અંદર દાળનો ભાવ ૯૮૦૦ રૂપિયાની અંદર છે. દાળનો પ્રશ્ન બે વખત આવ્યો છે, પણ ૯૧ રૂપિયાની ખરીદીને ૨૫૭ કરોડ રૂપિયાની રાજ્ય સરકાર એમાં સબસિડી આપે છે. રાજ્યના મુખ્યમંત્રીશ્રીએ વધારાનો નિર્ણય લીધો. એન.એફ.એસ.એ. ૭૧ લાખ પરિવારો આનો લાભ લેતા હતા. માનનીય મુખ્યમંત્રીશ્રીએ નિર્ણય કર્યો કે જરૂરિયાત મંદ એવા ૧૦ લાખ લાભાર્થી પરિવારોને ૫૦ લાખની જનસંખ્યાને આમાં ઉમેરવાનું નક્કી કર્યુ. આ રાજ્યના જે દિવ્યાંગ લાભાર્થીઓ છે તે તમામને એન.એફ.એસ.એ. હેઠળ સમાવેશ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો. રાજ્યના મહિલા અને બાળ કલ્યાણ વિભાગ હેઠળ નોંધાયેલ ગંગા સ્વરૂપ બહેનો કે જેમને પેન્શન મળે છે તેવી તમામ બહેનોને એન.એફ.એસ.એ.માં સમાવવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. વૃદ્ધ વ્યક્તિની પાત્રતાની ઉંમર ૬૫ વર્ષ હતી તે ઘટાડીને ૬૦ વર્ષ કરી છે. લાભ લેતા આ ૬૦ વર્ષની ઉંમરના તમામ વૃધ્ધોને આ યોજનામાં સમાવવાનો નિર્ણય કર્યો છે. રાજ્યના શ્રમ અને રોજગાર વિભાગ હેઠળ શ્રમિક કલ્યાણ બોર્ડ હેઠળ નોંધાયેલા શ્રમિકો છે તે તમામ શ્રમિકોને એન.એફ.એસ.એ. હેઠળ સમાવવાનો નિર્ણય કર્યો છે. જે પરિવારનું એન.એફ.એસ.એ.નું રેશનકાર્ડ હોય અને પરિવારનું વિભાજન થઇ અલગ પરિવાર થતો હોય તો નવું જે રેશનકાર્ડ કાઢવામાં આવે તેનો હવે કાયમ માટે એન.એફ.એસ.એ.માં સમાવેશ થશે તેવો મહત્ત્વપૂર્ણ નિર્ણય કર્યો છે. સાથે સાથે રાજ્ય સરકાર દ્વારા એનેમિયા અને કુપોષણની ખામીના નિવારણ માટે ભારત સરકારની પ્રાયોગિક ધોરણની યોજના હેઠળ રાજયની અંદર ફોર્ટિફિકેશનવાળા ચોખાનું વિતરણ કરવાની યોજનાને મંજૂરી આપેલ છે. જેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો ૭૫:૨૫ ટકા ફાળો છે. તેમાં આપણા રાજ્યની અંદર નર્મદા જિલ્લાની પસંદગી કરી ફેબ્રુઆરી ૨૦૨૦થી જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આ ફોર્ટિફિકેશનવાળા ચોખાનું વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. આ બધી કામગીરી કરવાની સાથે સાથે રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારોને રાહત ભાવે આવશ્યક ચીજવસ્તુઓ મળી રહે તથા કોરોનાની પરિસ્થિતિમાં જે મુશ્કેલીઓ ઉભી થઇ હતી તેમાં રાજ્ય સરકારે હરહંમેશ નાના એવા પરિવારોની, કારીગરોની અને વ્યવસાયકારોની મદદ કરી છે. સરકારે જે ગરીબ કલ્યાણ મેળા કર્યા હતા તેમાં છેલ્લા ત્રણ વર્ષની અંદર આવા ગરીબ કલ્યાણ મેળા થકી રૂપિયા ૧૧૦૦૦ કરોડથી વધારે રકમની સહાય, સાધન સામગ્રી ગરીબોને આપેલ હતી. રાજ્યની અંદર છેવાડાના ગરીબો, વંચિતો, પીડિતો માટે રાજ્ય સરકારે આત્મનિર્ભર પેકેજ જાહેર કરેલ હતું. અહીંથી વાત થઇ કે, અનાજની સાથે સાથે આ રાજ્ય સરકારે આત્મનિર્ભર પેકેજ માટે કામગીરી કરી છે. રાજ્યમાં માસિક ૨૦૦ યુનિટ કરતાં ઓછો વીજ વપરાશ કરનાર આશરે ૯૨ લાખ જેટલા લાભાર્થીઓને ૧૦૦ યુનિટ રાહત આપવાની જાહેરાત કરી હતી. વેરા સમાધાન ૨૦૧૯ હેઠળ ૧૫ માર્ચ ૨૦૨૦ સુધી પ્રથમ હપ્તો ભર્યો છે તેની મુદત ત્રણ માસ સુધી વધારવામાં આવી છે. આનાથી નાના વેપારીઓને લાભ મળ્યો છે. રહેણાંકના મિલકતોના પ્રોપર્ટી ટેક્સમાં ૧૦ ટકા ની રાહત આપી તેમાં આશરે ૭૨ લાખ પ્રોપર્ટી કાર્ડધારકોને તેનો લાભ મળ્યો છે. રાજ્યના નાના વેપારીઓ, મધ્યમવર્ગીય વેપારીઓ, કારીગરોને આત્મનિર્ભર પેકેજ અંતર્ગત રાજ્ય સહકારી બેન્ક, જિલ્લા સહકારી બેન્કો, મલ્ટી સ્ટેટ કો.ઓપરેટીવ બેન્કો, નાગરિક બેન્કો દ્વારા એક લાખ રૂપિયાની લોન માત્ર બે ટકાના વ્યાજના દરે ત્રણ વર્ષની મુદત માટે આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો હતો. તે અંતર્ગત રૂપિયા ૧૫૬૩ કરોડનું ધિરાણ આ ચાલુ વર્ષ દરમ્યાન કરવામાં આવ્યું છે. સાથે સાથે આત્મનિર્ભર–૨ પેકેજ અંતર્ગત એક લાખ રૂપિયાથી અઢી લાખ રૂપિયા સુધીની લોન ચાર ટકા વ્યાજના દરે આપવા માટે રૂપિયા ૧૦૦૦ કરોડની જોગવાઇ કરવામાં આવી છે. આમ નાના ઉદ્યોગકારો અને વેપારીઓની રાજ્ય સરકારે મદદ કરી છે. આવશ્યક ચીજ–વસ્તુઓના કાળાં બજાર નિવારવા માટે અત્યાર સુધીમાં કાળાં બજાર કરતા અલગ અલગ ઇસમો સામે કાર્યવાહી કરી છે. કોઇ સંગ્રહખોરી કરતું હોય તો તેની સામે પુરવઠા વિભાગે કાર્યવાહી કરી છે. જરૂર પડ્યે ત્યાં પી.બી.એમ. કરીને આવશ્યક ચીજ–વસ્તુઓના ભાવ જળવાઇ રહે તે માટે રાજ્ય સરકારે હરહંમેશ પ્રયત્નો કર્યા છે. આ કામગીરીમાં રાજ્યની ૧૭ હજાર દુકાનો ઉપરથી અત્યાર સુધીનું મહા કઇ શકાય તેવું પેકેજ જાહેર કરીને ગરીબ લોકો સુધી અનાજ પહોંચાડવાના રાજ્ય સરકારે પ્રયત્નો કર્યા છે. માનનીય અધ્યક્ષશ્રી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોના વિભાગ દ્વારા રાજ્યના તમામ લોકોના હિતના રક્ષણ કરવાના દષ્ટિકોણથી ભાવો યોગ્ય નિયંત્રણ શક્ય બને તે માટે રાજ્યના તમામ જિલ્લાઓમાં જુદી જુદી નિયત કરેલી ૩૫

આવશ્યક ચીજ–વસ્તુઓના દૈનિક ધોરણે ભાવો મેળવી સમીક્ષા કરવામાં આવે છે. આ ભાવો ભારત સરકારને પણ મોકલવામાં આવે છે. રાજ્યની અંદર આ પરિસ્થિતિમાં ગરીબ અને મધ્યમ વર્ગને અનાજ આપવાની વાત હોય, એક–એક હજાર રોકડા આપીને રાજ્ય સરકારે મદદ કરી છે. ભારત સરકારના પ્રયત્નોથી પણ મદદ કરવામાં આવી છે અને જરૂર જણાય ત્યાં સિંગતેલના બજારભાવ પણ અંકુશમાં રાખવાના પ્રયત્નો કરવામાં આવ્યા છે. સામે ટેકાના ભાવે ખરીદી કરી ખેડૂતોને મજબૂત ટેકો આપવાના રાજ્ય સરકારે પ્રયત્નો કર્યા છે. આથી રાજ્ય સરકાર દ્વારા અસરકારક રીતે કામગીરી થઇ હોય તો આ સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવે તેવી હું ગૃહને ભલામણ કરું છું.

અધ્યક્ષશ્રી : માનનીય સભ્યશ્રી આપ સંકલ્પ પાછો ખેંચો છો? માનનીય મંત્રીશ્રીએ વિનંતી કરી. (સભ્યશ્રીએ બેઠાંબેઠાં ઇશારો કરતાં) આપ ઉભા થઇને કહો.

શ્રી સંજયભાઇ જે. સોલંકી : માનનીય અધ્યક્ષશ્રી, હું મારો સંકલ્પ પાછો ખેંચતો નથી.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

**અધ્યક્ષશ્રી : સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવે છે.**

## શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો અને રોજગાર વાંચ્છુઓને રોજગારી મળવા અંગે

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા(ચોટીલા) : : માનનીય અધ્યક્ષશ્રી, હું આ મારો નીચે મુજબનો સંકલ્પ રજૂ કરું છું.

રાજ્યમાં ૩,૯૨,૪૧૮ શિક્ષિત અને ૨૦,૫૬૬ અર્ધશિક્ષિત એમ મળીને કુલ ૪,૧૨,૯૮૪ બેરોજગારો નોંધાયેલા છે. જે પૈકી બે વર્ષમાં ૧,૭૭૭ બેરોજગારોને જ સરકારી નોકરી આપવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં મહીસાગર, ખેડા, મોરબી, નર્મદા, નવસારી, ભરૂચ, જૂનાગઢ, અમદાવાદ, સુરત, વડોદરા, કચ્છ, દાહોદ, વલસાડ, તાપી અને ડાંગ મળીને કુલ ૧૫ જિલ્લાઓમાં એકપણ બેરોજગારને સરકારી નોકરી આપવામાં આવી નથી. રાજ્ય સરકારના લાખોને નોકરી આપવાના અને ૧૦ વર્ષીય ભરતી કેલેન્ડર મુજબ ભરતીના દાવાઓ સામે વાસ્તવિકતા કંઇક અલગ જ છે. આમ, રાજ્યમાં નોંધાયેલા શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો અને રોજગાર વાંચ્છુઓને રોજગારી મળી રહે તે માટે આ સભાગૃહ રાજ્ય સરકારને અનુરોધ કરે છે.

**સંકલ્પ રજૂ કરવામાં આવ્યો.**

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, રાજયની અંદર બેરોજગારીનો દર અતિશય વધતો જાય છે. વાયબ્રન્ટ ગુજરાતના નામે ઉદ્યોગોને આકર્ષવા માટે કરોડો રૂપિયાના મૂડી–રોકાણની જાહેરાત કરવામાં આવે છે અને રોજગારી મળશે એવી જાહેરાતો કરવામાં આવે છે પરંતુ ખરેખર કેટલા લોકોને ખાનગી અને કેટલા લોકોને સરકારી નોકરી મળી એ અંગેનું શ્વેતપત્ર વિધાનસભામાં મૂકવું જોઇએ એવું લાગે છે. સ્ટેટેસ્ટીક ડિપાર્ટમેન્ટ દ્વારા પ્રસિદ્ધ થયેલા એક અહેવાલ અનુસાર ૨૯ વર્ષ સુધીના યુવાનોનો બેરોજગારીનો દર છે એ વર્ષ ૨૦૧૧માં ગ્રામ્ય વિસ્તારોમાં ૫ ટકા હતો અને શહેરી વિસ્તારોમાં ૮ ટકા હતો જે વર્ષ ૨૦૧૭–૧૮માં વધીને અનુક્રમે ૧૭ ટકા અને ૧૨ ટકા થયો છે.

માનનીય અધ્યક્ષશ્રી, એસ્પાઈરીંગ માઇન્ડ્સ દ્વારા દેશભરની ૭૫૦ જેટલી કોલેજોમાં ૧.૭૦ લાખ વિદ્યાર્થીઓનો સર્વે કરવામાં આવ્યો હતો અને એ સર્વે મુજબ દેશના ૯૨ ટકા એન્જિનિયરીંગ વિદ્યાર્થીઓ પાસે બૈઝિક એન્જિનિયરીંગનું જે જ્ઞાન હોવું જોઇએ એ નથી અને મેનેજમેન્ટના ૬૦ ટકા સ્નાતકોને નોકરી એટલા માટે નથી મળતી કે, અંગ્રેજીમાં સારી રીતે વાતચિત કરી શકતા નથી. જો આ ક્ષેત્રોની પરિસ્થિતિ હોય તો આર્ટ્સ અને કોમર્સ જેવા સામાન્ય વિભાગોની તો ચર્ચા જ થઇ શકે એમ નથી. નેશનલ ક્રાઇમ બ્યુરોએ જે આંકડાઓ જાહેર કર્યા છે એ મુજબ વર્ષવાર ૧૨૯૩૬ લોકોએ બેરોજગારીથી કંટાળીને આપઘાત કર્યો છે, એટલે કે લગભગ દર ૪૦ મિનિટે એક બેરોજગાર આત્મહત્યા કરી રહ્યો છે. માનનીય અધ્યક્ષશ્રી, અજીમ પ્રેમજી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ દ્વારા એક અભ્યાસ અહેવાલ તૈયાર કરવામાં આવ્યો છે અને એ અભ્યાસ અહેવાલમાં એમ્પ્લોઇમેન્ટ ઇલાસ્ટીલીટી ઇન્ડેક્ષ એટલે કે રોજગારીની સ્થિતિસ્થાપકતાનો ઇન્ડેક્ષ એ લગભગ ઝીરો કક્ષાએ પહોંચ્યો છે. બીજા અર્થમાં એવું કહી શકાય કે જી.ડી.પી.નો વૃદ્ધિદર વધે કે ઘટે પરંતુ રોજગારીની સ્થિતિસ્થાપકતામાં કોઇ લાંબો ફેરફાર થઇ શકે એવી સ્થિતિ નથી. જેને સારું પ્રાથમિક શિક્ષણ નથી મળતું, જેને સારું વ્યવસાયીક કૌશલ્ય નથી મળતું એવા અનેક યુવાનો બેકારી, ગરીબી, શોષણ અને ભ્રષ્ટાચારનો ભોગ બને છે, પરિણામે ઘણી વખત આવા યુવાનો ગુનાઇત કૃત્યો તરફ વળે છે. માત્ર સરકારી નોકરીની જ ઘેલછામાં અનેક યુવાનોની કાર્યક્ષમતા વેડફાઇ છે. આ સમગ્ર બિમારીને જો આપણે કોઇ નામ આપવું હોય તો એ સ્કીલગેપ કહી શકાય. એ લોકોને જે સ્કીલ મળવાપાત્ર છે એ સ્કીલ આપણે એમને ઉપલબ્ધ કરાવી શકતા નથી. એના કારણે ઉભો થયેલો આ સ્કીમ ગેપ જે છે એ બેરોજગારી માટે ક્યાંકને ક્યાંક જવાબદાર છે, વ્યવસાયિક કૌશલ્યોની આ સમાજને ખૂબજ જરૂર છે, આ ગૃહમાં મોટાભાગે કોણે શું કર્યું હતું?, કોણે શું નહોતું કર્યું?, કોણ શું કરે છે? અને કોણ શું નથી કરતું? એની જ ચર્ચાઓ કરવામાં આવે છે. રાજ્યના અને રાષ્ટ્રના હિતમાં વિચારવાનું અને પહેલ કરવાનું ઝમીર અને ખમીર દરેક પક્ષોના નેતૃત્વએ બતાવવું પડશે અને હવે પછી શું થઇ શકે તેમ છે તેની ચર્ચા પણ ગૃહની અંદર કરવી જોઇએ. બેરોજગારીની સમસ્યાઓનો જો સામનો કરવો હોય તો એની પહેલ વર્તમાન પરિસ્થિતિનો સ્વીકાર અને એના સંદર્ભે લડવાની કે કંઇક કરી છૂટવાની પ્રતિબદ્ધતાથી કરવો પડશે. આઇ.આઇ.ટી. ની એક કોન્ફરન્સમાં ટાટા સ્ટીલના એક ઉચ્ચ અધિકારીએ ખૂબ જ સરસ વાત કરી હતી. એમણે કહ્યું હતું કે મને જો પસંદગી મળે તો ઓગણીસમી સદીમાં હું અંગ્રેજ તરીકે, વીસમી સદીમાં હું અમેરીકન

તરીકે અને એકવીસમી સદીમાં જો મને પસંદગી મળે તો હું ભારતીય તરીકે જન્મ લેવાનું પસંદ કરીશ. આ ખૂબ જ આશાસ્પદ કહી શકાય એવા પ્રકારનું સૂચક નિવેદન છે.

માનનીય અધ્યક્ષશ્રી, નિષ્ણાતો આવનારા સમયને ભારતીય યુવાનો માટે ખૂબજ ઉત્તમ તક તરીકે જોઇ રહેલા છે. આવું શા માટે? એટલા માટે કે દુનિયાને જ્યારે સૌથી વધારે યુવાનોની જરૂર પડવાની છે ત્યારે સૌથી વધારે યુવાનો ઉપલબ્ધ ભારતમાંથી થવાના છે આ એક કુદરતી સંયોગ છે. બોસ્ટન કન્સલ્ટન્સી ગ્રૃપ, એણે એક અહેવાલ તૈયાર કર્યો છે એમાં લખ્યું છે કે વર્ષ ૨૦૩૦ સુધીમાં ભારતમાં લગભગ ૫ કરોડ અને ૬૦ લાખ જેટલા યુવાનો સરપ્લસ થવાના છે તેની સામે દુનિયાના વિવિધ ક્ષેત્રોમાં ૪ કરોડ ૭૦ લાખ યુવાનોની ઘટ પડવાની છે. એનો અર્થ એવો થાય કે જો આવા સમયે આપણે યુવાનોને યોગ્ય કૌશલ્ય ઉપલબ્ધ કરાવ્યા હશે તો એ લોકો પાસે રોજગારીની અનેક તકો હશે. સ્ટ્રેટેજીક એન્ડ ઇમ્પ્લીમેન્ટેશન ફ્રેમ વર્ક ફોર સ્કીલ ડેવલપમેન્ટ એ પણ આ વાતને સમર્થન આપે છે અને એમના કહેવા અનુસાર આવનારા સમયમાં ૭૫ ટકા નોકરીઓ છે એ માત્ર કૌશલ્ય આધારિત જ હશે.

હાલમાં આપણી સરેરાશ ઉંમર ૨૯ વરસની છે જ્યારે ચાઇનાની સરેરાશ ઉંમર ૩૫ વરસની છે. બીજા શબ્દોમાં કહેવું હોય તો કહી શકાય કે વસતિના ૬૨ ટકા લોકો ૩૫ વરસથી નાની ઉંમરના છે. જો આપણી રાજ્ય સરકારે ૨૦૪૦ સુધીમાં ડેમોગ્રાફિક ડિવિડન્ડ મેળવવા માટે પ્રયત્ન કરવો હોય તો એનું પણ આગોતરું આયોજન કરવું પડશે. ડેમોગ્રાફિક ડિવિડન્ડ એટલે આ જે યુવાધન છે એની પાસેથી થનારી આવક. સન્માનનીય ગૃહના પૂર્વ સદસ્ય અને ખૂબજ જાણીતા માનનીય જયનારાયણભાઇ વ્યાસે એક જગ્યાએ નોંધ્યું છે કે સત્તાની સંકૂચિત રાજનીતિ કદાચ હજી દસ–પંદર વરસ તમને અહોરૂપમ, અહોધ્વનિમાં રાચવા દેશે, પરંતુ આપણે ખૂબજ ઝડપથી વિસ્ફોટક અને વિનાશક સ્થિતિ તરફ આગળ વધી રહ્યા છીએ.

એક અભ્યાસ અનુસાર વર્ષ ૨૦૩૦ સુધીમાં આપણા ૫૦ ટકા યુવાનો પાસે એકવીસમી સદી માટે જરૂર હોય એ પ્રકારનું કૌશલ્ય લગભગ નહિ હોય. એન્યુઅલ સ્ટેટસ ઓફ એજ્યુકેશન રિપોર્ટ, એના મુજબ પણ ૫૦ ટકાથી વધુ પ્રાથમિક શાળાના બાળકોનું આવડતનું સ્તર એ જે ધોરણમાં ભણે છે એના કરતા બે વરસ પાછળ એટલે કે સાતમાં ધોરણમાં ભણતા બાળકનું સ્તર પાંચમા ધોરણ જેટલું પણ નથી. શું આ વિરોધાભાસ આપણે બધા અહીંયા બેઠાં બેઠાં જોઇ શકીએ છીએ? એને સ્વીકારવા માટે આપણે તૈયાર છીએ?

આવનારા સમયમાં વિશ્વભરની જે નવી ટેકનોલોજીઓ આવવાની છે ત્યારે આ ચીલાચાલુ માનવબળ ચાલવાનું નથી. આપણી શિક્ષણ, રોજગાર અને તાલીમ વ્યવસ્થાના આરોગ્ય તંત્ર ઉપર આ દરેક બાબતનો આધાર રહેશે. આ ઉભી થનાર નવી તકો માટે તદન અલગ જ પ્રકારની તાલીમ અને શિક્ષણ વ્યવસ્થાની જરૂર પડવાની છે ત્યારે માત્ર સ્કીલ યુનિવર્સિટી નામ આપી દેવાથી કશું ચાલવાનું નથી પરંતુ એને રીફોર્મ કરવાની તૈયારી પણ આપણે દાખવવી પડશે ત્યારે આપશ્રીના માધ્યમથી સભાગૃહને હું નમ્ર વિનંતી કરું છું કે સરકારશ્રીને નમ્ર અનુરોધ કરે.

શ્રી પિયુષભાઇ દિ. દેસાઇ(નવસારી) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના સભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણા જે સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું.

માનનીય અધ્યક્ષશ્રી, તેમણે એમ કહ્યું છે કે રોજગાર કચેરીમાં જ ૧૭૭૭ નોકરી મળી છે. રોજગાર કચેરી તે નોકરી નથી આપતી પણ મદદરૂપ થાય છે પરંતુ એકલી રોજગાર કચેરી મારફત જ હવે ભરતીઓ નથી થતી. આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં એ જી.પી.એસ.સી.હોય, ગૌણ સેવા પસંદગી હોય, પંચાયત પસંદગી મંડળ હોય કે પોલિસ ભરતી બોર્ડ હોય તેમાંથી આપણે સરકારી ભરતીઓ કરીએ છીએ.

માનનીય અધ્યક્ષશ્રી, વાત સાચી છે એકવીસમી સદીમાં ઇન જનરલ અને કોરોના કાળની ઇન પર્ટીકયુલર દેશ સામે સૌથી મોટી સમસ્યા હોય તો એ ડેમોગ્રાફીક ડિવિડન્ડને એંગેજ રાખવાની પ્રક્રિયા છે. આ વિશ્વના સંદર્ભમાં હું વાત કરું તો ૧૩મી મે, ૨૦૨૦ના રોજ વર્લ્ડ ઇકોનોમિક ફોરમે એમ કહ્યું છે કે આ દુનિયામાં જે વિકસિત દેશો છે તેમાં લગભગ ૩૦૫ મિલિયન લોકો તે પોતાની નોકરી ગુમાવી શકે તેમ છે. દુનિયાની એમ્પ્લોયમેન્ટની ક્રાઇસીસ છે દેશના અન્ય રાજયોની ભરતી પ્રક્રિયા પણ અમુક રીતે ઠપ્પ છે પરંતુ મને કહેતા ગૌરવ અને આનંદ એ વાતનો છે કે, મારી પાસે જે આંકડાઓ છે મારે જી.પી.એસ.સી.ને અભિનંદન આપવા પડે કે નવેમ્બર, ૨૦૨૦થી માર્ચ,૨૦૨૧ સુધીમાં માત્ર અધિકારી વર્ગ માટે આ ભારતીય જનતા પાર્ટીની ગુજરાત સરકારે જી.પી.એસ.સી. માટે ૨૬૦૦ અધિકારીઓની જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવી છે. તદ્ઉપરાંત જી.પી.એસ.સી. દ્વારા આ કોવિડ કાળમાં ૧૦૦ દિવસમાં ૧૦૦ પરીક્ષાઓ લેવામાં આવી છે આ જેવી તેવી વાત છે. જયારે બીજા બધા રાજયો ૨૫થી ૩૦ જેટલી પરીક્ષાઓ લે છે જયારે અહીંયા તો ૧૦૦ જેવી પરીક્ષાઓ લેવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, મારા ગૃહના મિત્રો કહેતા હતા કે ડોકટર નથી, સીટી સ્કેન હોય તો તેના ટેકનિશ્યનો નથી લગભગ ૬૦ જેટલી પરીક્ષાઓ તો ઓ હેલ્થ ડિપાર્ટમેન્ટ અને મેડિકલ કોલેજને લગતી પરીક્ષાઓ લેવામાં આવી છે અને એક અભિનંદન પણ હું આ ગૃહ મારફત આપવા માગું છું કે, ઓલ ઇન્ડિયા સ્ટેટ પબ્લિક સર્વિસીસના જે જી.પી.એસ.સી.ના ટોટલ કમિશન છે તે લગભગ ૨૯ જેટલા પબ્લિક કમિશન છે એના ચેરપર્સન તરીકે આપણાં જી.પી.એસ.સી.ના ચેરમેનની નિમણૂક થઇ છે તે પણ આપણા માટે અભિનંદનને પાત્ર છે તેમ કહું તો ખોટું નથી.

તા. ૨૫મી માર્ચ ૨૦૨૧

બિન–સરકારી સંકલ્પો

માનનીય અધ્યક્ષશ્રી, રોજગાર કચેરી મારફત નામ જાય એક જમાનો એવો હતો હું જો ૨૫–૩૦ વર્ષ પહેલાંની વાત કરું તો રોજગાર કચેરીમાં જે નામ નોંધાય તેમાંથી ઓ.એન.જી.સી.ને ૨૫ શિક્ષિત લોકો જોઇતા હોય, પોસ્ટને જોઇતા હોય તો એ વખતે ડાયરેક્ટ ભરતી નહોતી એટલે એવી પરિસ્થિતિ હતી કે તેમાં ક્રમ વાઇઝ ૨૫ આવે તો મારે તેમાં પડવું નથી પણ કોઇ ૪૦ કે ૪૫ નંબરને પહેલા નંબર પર લઈ લેતા એ રીતની પારદર્શકતાનો હું નજીકથી સાક્ષી રહ્યો છું. હવે તે ભૂતકાળ બની ગયો છે. સરકારી નોકરીનો પણ વિશાળ વર્ગ છે. સરકારી નોકરી એ પ્રત્યક્ષ કે અપ્રત્યક્ષ તરીકે સરકારી હોય કે અર્ધસરકારી હોય. આ સરકારમાં આજે સ્ટાર્ટઅપની યોજના આવી છે. યુવાનો પોતાની એપ બનાવે છે એને લીધે રોજીરોટી મળે છે. ઈકોનોમિક ટાઇમ્સમાં એક લેખ આવેલો કે ટોટલ નોંધાયેલી કંપનીનો ટોટલ જીડીપી અને ટોટલ માર્કેટ કેપિટલાઈઝેશન કરતાં નહિ નોંધાયેલ કંપનીઓના માર્કેટ કેપિટલાઈઝેશન ભવિષ્યમાં એનાથી પણ વિશેષ થશે. કારણ કે આપણી પાસે નોંધાયેલા જ દાખલા આવે છે પરંતુ આ ભારતીય જનતા પાર્ટીની સરકારમાં આદરણીય નરેન્દ્રભાઈની કેન્દ્રની સરકારમાં સ્ટાર્ટ અપ યોજના બની છે. યુવાનો પોતાની રીતે એપ બનાવતાં થયા છે, પોતાની રીતે રોજગારી મેળવે છે. મુદ્રા યોજના મારફત અનેક શિક્ષિત રોજગારો પોતાના ધંધા ચાલુ કરીને આજે અન્યોને પણ રોજીરોટી આપી રહ્યાં છે. રોજગાર કચેરીમાં એ પણ નોંધાયા નથી. સ્કિલ ડેવલપમેન્ટ ગેપની જે વાત કરી તેમાં હું મારા નવસારીનો દાખલો આપવા માગું છું. સ્કિલ ડેવલપમેન્ટ પોલિસીમાં પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશીપની વાત કરવામાં આવે છે. આદરણીય નરેશભાઈ અને આદરણીય આર.સી. પટેલ અહીંયા બેઠા છે. મારા ખારેલ મુકામે લાર્સન ટર્બોએ વોકેશનલ ટ્રેનિંગના પ્રોગ્રામ કરીને શિક્ષિત યુવાનોને એ રીતની ટ્રેનિંગ આપે છે કે એના પોતાના ઈન્ડસ્ટ્રીઝમાં એને જે રીતના યુવાનો જોઈતા હોય તે રીતની ટ્રેનિંગ આપે છે. લગભગ ૧૫૦૦થી વધારે યુવાનોને આ બે વર્ષ દરમિયાન નોકરી આપી છે. હું આ વાત એટલા માટે કરી રહ્યો છું કે એમ કહેવામાં આવે છે કે નવસારીમાં રોજગારી નથી મળી. એમાં ઓટો મિકેનિકલ હોય, ઈલેક્ટ્રિશિયન હોય, સોલર પેનલના એન્જિનિયરો હોય એ તમામને નોકરી આપવામાં આવી છે. છેલ્લે સંરક્ષણ ભરતીની જે વાત કરી છે તેમાં મને જણાવતાં આનંદ થાય છે કે રાજ્યમાં છેલ્લાં બે વર્ષમાં આ ભરતી મેળામાં રાજ્યની રોજગાર કચેરીના પ્રયત્ન મારફત લગભગ ૩૧૪૧ ઉમેદવારો પસંદગી પામ્યા છે. આ ગુજરાત સરકારને જેટલા અભિનંદન આપવા હોય એટલાં ઓછા છે. શ્રી ઋત્વિકભાઈને કહેવાનું મન થાય કે,

તમે મન મૂકીને વરસો, ઝાપટું આપણને નહિ ફાવે.
અમે હેલીના માણસ, માવઠું અમને નહિ ફાવે.

માનનીય અધ્યક્ષશ્રી, સાથે સાથે મારે આપને પણ અભિનંદન આપવા છે કે, આ સંચિતનું સ્પેશિયલ એડિશન કોન્ફરન્સનો સ્ટેચ્યુ ઓફ યુનિટીનો અંક ખરેખર ખૂબ સરસ છે અને સાથે આ કોવિડ–19ની મહામારી પૂરી થયા પછી તમામ સભ્યોને આપના નેતૃત્વમાં કેવડિયા કોલોની લઈ જઈએ એવી આશા રાખીએ છીએ.

ડો. અનિલ જોષિયારા(ભીલોડા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રી ઋત્વિકભાઈ મકવાણા શિક્ષિત યુવાનોની ખૂબ સારી ચિંતા કરીને જે સંકલ્પ લઈને આવ્યા છે તેમાં મારો સૂર પૂરાવું છું. આજે ફક્ત ગુજરાતના જ નહિ પરંતુ આખા દેશના યુવાનોની પરિસ્થિતિ એવી છે કે તે રોજગારી માટે ભટકી રહ્યો છે. રોજગાર કચેરી જરૂર રોજગારી નથી આપતી એ ફક્ત નામ નોંધવાનું કામ કરે છે પણ જે વિભાગમાં જ્યાં નોકરીની જરૂર પડે ત્યાં નામ મોકલતા હોય છે. જે નામ નોંધાવાનું છેલ્લાં ઘણા સમયથી ઓછું થઈ ગયું છે કારણ કે શિક્ષિત લોકોને હવે વિશ્વાસ રહ્યો નથી કે અહીં નામ નોંધાવવાથી આપણું નામ આગળ જશે. કારણ કે જાતે જાગતાં નહિ હોય ત્યાં સુધી નામ જતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, તમે એન્જિનિયરોનું જોયું હશે, આપણો જે સોશ્યલ ઈકોનોમિક સરવે છે, એમાં સિવીલ મિકેનીકલ એન્જિનિયર અને ઈલેકટ્રીકલ એન્જિનિયર આટલા જ નોંધાવે છે. કોમ્પ્યુટર અને આઇ.ટી. એ તો કોઇ નામ નોંધાવતા જ નથી. કારણ કે એમને એમ છે કે, આ નામ નોંધાવવાથી અહીંયાથી કોઇ ફરક પડવાનો નથી. એટલે મોટાભાગે જે આવા ટેકનીકલ કક્ષાના જે એન્જિનિયરો છે, નોકરી ન મળવાથી એ નિરાશ થાય છે અને એમેને નામ નોંધાવવાનું પણ છોડી દીધું છે.

માનનીય અધ્યક્ષશ્રી, આપણે ભરતી માટે પહેલા તો એ કહું કે ગુજરાતમાં આપણી જે જગ્યાઓ છે, જે સરકારી જગ્યાઓ છે, એ જગ્યાઓ દિવસે દિવસે ભરાતી નથી. એ જગ્યાઓ ખાલી થતી જાય છે. વર્ષ ૨૦૧૯માં પાંચ લાખ ચાર હજાર ચાર સો બાર સરકારી જગ્યાઓ હતી એ ભરાઇ નહીં, એક વર્ષમાં ઘટી ગઇ ચાર લાખ એકાણું હજાર સાત સો એક થઇ અને ફરી પાછી આ વર્ષે એ સરકારી કર્મચારીઓની જગ્યા ત્રણ લાખ અને એકાણું હજાર થઇ. એનો મતલબ એ થયો કે ગુજરાતમાં ઘણી બધી જગ્યાઓ ખાલી છે. આજે દરેક ડિપાર્ટમેન્ટમાં તપાસ કરીએ તો ૩૦ થી ૪૦ ટકા જગ્યાઓ ખાલી છે. આ જગ્યાઓ ભરવામાં આવતી નથી. સરકાર દસ વર્ષનું કેલેન્ડર બહાર પાડીને સંતોષ માને છે, પણ સરકારે એ નથી જોતી કે દર વર્ષે કેટલા કર્મચારીઓ રીટાયર્ડ થવાના છે. એનું શું માપ છે કે ભાઇ આટલા રિટાયર્ડ થશે તો એના બે વર્ષ પહેલા એનું પ્લાનિંગ હોવું જોઇએ કે હવે બે વર્ષ પછી રિટાયર્ડ થશે તો એના માટે ભરતીની શું જોગવાઇ એ પણ પ્લાનિંગ સરકાર કરતી નથી, એટલે જગ્યાઓ ખેંચાતી જાય છે. ભલે આપણે દસ વર્ષ કહીએ પણ આ દસ વર્ષ કયારેય પૂરા થવાના નથી અને એના લીધે આજે પરિસ્થિતિ એ છે કે, કોઇપણ ખાતામાં જાઓ, લગભગ બધા ચાર્જમાં ચાલતા હોય છે. એક કર્મચારી, એક અધિકારી હોય તો એને ત્રણથી ચાર જગ્યાઓનો ચાર્જ હોય છે, છેક ગામડાથી માંડીને, તલાટીથી માંડીને છેક ઉપર સુધી સચિવાલય સુધી અમે

અહીંયા ગાંધીનગર આવીએ તો કોઇ સેક્રેટરીને મળવાનું હોય તો એની પાસે બીજો ચાર્જ હોય એટલે ત્યાં હોય છે એ ઓફિસમાં, એટલે મળી શકાતું નથી. એટલે આઇ.એ.એસ. જેવી જગ્યાઓ પણ ખાલી રહે છે. અમારે તો હિંમતનગરમાં સાબરકાંઠામાં કલેકટર જેવી જગ્યા ખાલી છે, ત્રણ ત્રણ ચાર ચાર મહિના થઇ ગયા. આવું તો કદાચ ભૂતકાળમાં કયારેય નહીં બન્યું હોય, આવું આ સરકારમાં બને છે. આવી જગ્યાઓ ચીફ પોસ્ટ હોય છે, એ જગ્યાઓ કયારેય ખાલી રહેતી ન હતી. હવે આ સરકારમાં કેમ ખાલી રહે છે? સમજાતું નથી.

માનનીય અધ્યક્ષશ્રી, મારે બીજી વાત કરવી છે કે આપણે જે અત્યારે હયાત જે સરકારી કર્મચારીઓ છે એમને એક તો પ્રમોશન ટાઇમસર આપતા નથી, એમને જી.પી.એસ.સી.માં મોકલવામાં આવે, એના માટે પણ મોકલતા નથી. એટલે પ્રમોશન મળી શકતું નથી અને એના લીધે જે પાછળનો કર્મચારી હોય છે એ રાહ જોઇને બેઠો હોય છે કે મારો હવે કયાંક મેળ પડશે પણ મેળ પડતો નથી અને બીજી એક મુશ્કેલી છે કે, જે કર્મચારી રિટાયર્ડ થયેલા હોય છે, આ કર્મચારીઓને રિટાયર્ડ થયા પછી પણ એની એ જ પોસ્ટ ઉપર મુકેલા રાખે છે. કદાચ કોઇ અધિકારી સારો રાખો, એમાં વાંધો નથી પણ જે નીચેનો કર્મચારી છે એના માટે તમારે એક પોસ્ટ આપવી જોઇએ, એને પ્રમોશન આપવા જોઇએ અને પછી એને જોડે ભલે રાખો પણ તમે એની એ પોસ્ટ ઉપર રાખો છો એટલે બિચારા જે અધિકારીઓ રાહ જોઇને બેઠા હોય છે એને એની એ પોસ્ટ ઉપર રિટાયર્ડ થઇ જવું પડે છે, એ જ પોસ્ટ ઉપર સંતોષ માનવો પડે છે આ પરિસ્થિતિ છે. એટલે મારી તો વિનંતી છે કે, જે એવા કર્મચારીઓ હોય જે એવા અધિકારીઓ છે એને તમે સમયસર રિટાયર્ડ કરો, ન કરી શકતા હોય તો તમે બીજી જગ્યાએ યોગ્ય સાઇડ પોસ્ટ ઉભી કરીને એમને આપો એવી મારી વિનંતી છે સાથે બીજી એક મુશ્કેલી એ છે કે, પહેલા સરકારની કોઇપણ ભરતી હોય તો સરકાર જ કરતી હતી, છેલ્લા ઘણા સમયથી આઉટસોર્સિંગ ચાલુ થઇ ગયું છે અને આઉટ સોર્સિંગમાં કંપનીવાળા ભરતી કરે અને એ કાયમી તો કરતા નથી એટલે આમાં બે મુશ્કેલી થાય છે, મંત્રીશ્રી, ખાસ ધ્યાન રાખો કે એમાં બે તકલીફ થાય છે.

અધ્યક્ષશ્રી : આપનું વકતવ્ય પૂરૂ થાય છે.

ડો. અનિલ જોષિયારા : એક જ મિનિટ સાહેબ, એક જ મિનિટ, એક મુશ્કેલી એ થાય છે કે એમને કરાર આધારિત, ફિકસ પગાર અને આઉટસોર્સિંગથી રાખવાથી એમનું કાયમી ધોરણ જળવાતું નથી. મારી વિનંતી છે કે, સરકાર દ્વારા પગાર અપાતો હોય ત્યારે એમની કાયમી ભરતી કરો અને વર્ગ–૪ માં તો એમનું સ્વપ્ન જ રોળાઇ ગયું કે અમને કયારેય સરકારી નોકરી મળવાની નથી. આ પરિસ્થિતિ પેદા થઇ ગઇ છે. ત્યારે મંત્રીશ્રીને વિનંતી છે કે, વર્ગ–૪ માટે કયારેક એવું થશે કે ભાઇ વર્ગ–૪ નો કર્મચારી કોઇ નોકરી કરતો હતો, હવે નહીં કરવા મળે. ઓ.કે. સાહેબ, થેંક્યું

અધ્યક્ષશ્રી : ધન્યવાદ, માનનીય વિવેકભાઇ.

શ્રી વિવેક ન. પટેલ(ઉધના) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ધારાસભ્યશ્રી ઋત્વિકભાઇ મકવાણા બિન– સરકારી સંકલ્પ લઇને આવ્યા છે, તેના પર મારા વિચારો વ્યકત કરું છું.

માનનીય ધારાસભ્યશ્રી દ્વારા રોજગાર કચેરીમાં નોંધયેલા વ્યકતિઓ પૈકી કેટલાને સરકારી નોકરી મળી તે સંદર્ભે તેવો પ્રશ્ન પૂછવામાં આવે છે. અત્રેથી જે માહિતી આપવામાં આવે છે તે ફકત રોજગાર કચેરી મારફત જેઓને સરકારી નોકરી મળતી હોય છે, તેની માહિતી આપવામાં આવે છે.

ગુજરાતમાં ઔદ્યોગિક વિકાસની હરણફાળના કારણે રોજગારીની વિપુલ તકોનું નિર્માણ થતું હોય છે. રોજગાર વિનિમય કચેરીઓ, રોજગાર કચેરીઓ રાજયના યુવાનોને રોજગારીની યોગ્ય તકો મળે તે માટે સતત પ્રયત્નશીલ હોય છે. રોજગાર દાતા અને રોજગાર વાંછુંઓને એક છત નીચે લાવીને રોજગાર ભરતી મેળાઓ પણ કરવામાં આવે છે. રોજગાર ભરતી મેળવા દ્વારા મોટી સંખ્યામાં ઉમેદવારોને ખાનગી ક્ષેત્રમાં રોજગારી પૂરી પાડવામાં આવતી હોય છે. રાજયની રોજગાર કચેરી દ્વારા છેલ્લા બે વર્ષની વાત કરું તો વર્ષ ૨૦૧૯ અને વર્ષ ૨૦૨૦ની અંદર ખાનગી ક્ષેત્રમાં ૫,૮૬,૨૭૦ ઉમેદવારોને રોજગારી આપવામાં આવી છે. માનનીય ધારાસભ્યશ્રીએ દર્શાવેલ ૧૫ જિલ્લા મહીસાગર, ખેડા, મોરબી, નર્મદા, નવસારી, ભરૂચ, જૂનાગઢ, અમદાવાદ, સુરત, વડોદરા, કચ્છ, દાહોદ, વલસાડ, તાપી અને ડાંગમાં છેલ્લા બે વર્ષમાં રોજગાર કચેરીઓના પ્રયત્નોના કારણે ખાનગી ક્ષેત્રની અંદર ૩,૭૦, ૨૩૩ યુવાનોને રોજગારી આપવામાં આવેલી છે. અમદાવાદ અને જામનગરમાં મહિલા રોજગાર કચેરીઓ કાર્યરત કરીને જે ભરતી મેળા કરવામાં આવ્યા અને જે આયોજન કરવામાં આવ્યું તેના દ્વારા મને કહેતાં આનંદ થાય છે કે ૪૩ હજારથી પણ વધારે મહિલાઓને રોજગારી આપવામાં આવી. કોરાના કાળ એટલે કે વર્ષ ૨૦૨૦ અને વર્ષ ૨૦૨૧ની અંદર સ્થળ પર રોજગાર મેળા કરવા સંભવિત ન હતા એને ધ્યાનમાં રાખીને ૧૪૯૭ જેટલા ઓન લાઇન ભરતી મેળા કર્યા અને ૨૯૪૪ નોકરી દાતાઓ દ્વારા ૭૬૩૨૬ ઉમેદવારોને પસંદ કરવામાં આવ્યા. રાજય સરકાર દ્વારા દશ વર્ષીય કેલેન્ડર જે આપણું ભરતી કેલેન્ડર હોય છે એ બહાર પાડીને તે મુજબ સરકારશ્રીના વિવિધ વિભાગો હેઠળની સરકારી ખાલી જગ્યાઓ ભરવા માટે જે તે જગ્યાના ભરતી નિયમોનુસાર ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવતી હોય છે. ગુજરાત જાહેર સેવા આયોગ, ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત સેવા પસંદગી મંડળ, સ્ટાફ સિલેકશન કમિશન, પોલીસ ભરતી બોર્ડ વગેરે દ્વારા જાહેરાત મારફતે અરજીઓ મંગાવી ભરતીની પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે. આ ભરતી સંસ્થાઓ દ્વારા કરવામાં આવતી ભરતી અને નિમણૂક અંગેની વિગતોનો સમાવેશ રોજગાર કચેરી દ્વારા આપવામાં આવતી રોજગારી થતો નથી. જેથી રોજગાર કચેરીઓના પ્રયત્નો કારણે છેલ્લા બે વર્ષની અંદર ૧૭૭૭ ઉમેદવારો સરકારી રોજગારી મળેલ છે.

તા. ૨૫મી માર્ચ ૨૦૨૧

બિન–સરકારી સંકલ્પો

રોજગારવાંચ્છુંઓના જુદા જુદા અભ્યાસ ગૃપ બનાવીને રોજગારી માટે ગૃપ તેમજ વ્યકિતગત ગાઇડન્સ પણ આપવામાં આવે છે. કેરિયર કોર્નર દ્વારા પણ શાળા કોલેજોની અંદર પ્રદર્શન અને માર્ગદર્શન આપવામાં આવે છે. સ્વરોજગારી ઇચ્છતા રોજગારવાંચ્છુંઓને સરકારશ્રીની સ્વરોજગારીની યોજનાઓને પણ સાંકળવામાં આવે છે. વિદેશમાં રોજગારી ઇચ્છતા અને અભ્યાસ માટે જતા યુવાનોને રોજગાર માહિતી કેન્દ્રો તરફથી માર્ગદર્શન આપવામાં આવે છે. ભારત સરકારના લેબર બ્યુરો ચંદીગઢ મિનિસ્ટરી ઓફ લેબર એન્ડ એમ્પ્લોયમેન્ટ દ્વારા તા.૧૫.૯.૨૦૧૬ ના રોજ પ્રસિદ્ધ થયેલ રિપોર્ટ ઓન ફિફથ એન્યુઅલ એમ્પલોયમેન્ટ અને અન એમ્પ્લોયમેન્ટ સરવે ૨૦૧૫–૧૬ મુજબ સમગ્ર ભારતમાં બેરોજગારીનો દર ૫૦ અંદાજાયેલ છે, એટલે કે દર હજાર વ્યકતિએ જેની સામે ગુજરાતનો બેરોજગારીનો દર ૯ અંદાજાયેલ છે. જે સમગ્ર દેશમાં આપણા રાજયમાં સૌથી નીચો છે. મિનિસ્ટ્રી ઓફ સ્ટેસ્ટીક એન્ડ પોગ્રામ ઇમ્પ્લિમેન્ટેશન, ભારત સરકાર દ્વારા જૂન, ૨૦૨૦માં બહાર પાડવામાં આવેલ પિરિયોડીક લેબર ફોર્સના સરવે અનુસાર ૧૫ થી ૨૯ વર્ષની વયમર્યાદામાં દેશના તમામ રાજયો કરતાં ગુજરાતનો બેરોજગારીનો દર સૌથી નીચો છે. આમ રોજગાર કચેરીઓના માધ્યમથી પૂરી પાડવામાં આવતી રોજગારી તથા રાજયની આઇ.ટી.આઇ. દ્વારા આપવામાં આવતી તાલીમ સુવિધાઓ થકી દરેક વર્ગના યુવાનોને રોજગારીની વિશાળ તકો પ્રાપ્ત થઇ છે. આ કામ અમારી ગુજરાત સરકાર નિયમિત ધોરણે કરતી હોય છે અને અમારી સરકાર આ માટે કટિબદ્ધ છે. માનનીય ધારાસભ્યશ્રીએ કરેલી ચિંતાના મુદ્દા પર રાજય સરકાર અમલ કરી જ રહી છે અને સમગ્ર દેશમાં રોજગારીના વિવિધ ક્ષેત્રોમાં ગુજરાત ચોક્કસપણે અગ્રેસર છે. એટલે જ હું આપના માધ્યમથી માનનીય ધારાસભ્ય શ્રી ઋત્વિકભાઇને જણાવવા માગું છું કે તેમના દ્વારા રજૂ કરાયેલ બિન સરકારી સંકલ્પ યોગ્ય જણાતો નથી.

શ્રી ભગાભાઇ ધા. બારડ(તાલાલા) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઋત્વિકભાઇ જે સંકલ્પ લઇને આવ્યા છે એને મારા સમર્થન સાથે કેટલાક વિચારો રજૂ કરું છું. મારે કોઇ ટીકા ટિપ્પણ કે આંકડાની માયાજાળમાં પડવું નથી.

બેરોજગારની સંખ્યા એ વાસ્તવિક પરિસ્થિતિ છે એ આપણે સ્વીકારવી પડે. અમારી ગામડાંની એક કહેવત છે કે પેટે પાટા બાંધીને દીકરા દીકરીને મહેનત કરીને ભણાવ્યા પછી પણ નોકરી મળતી નથી. આવા મા–બાપની ચિંતા આપણી હોય અને કરતાં હોય તો આમાં ગંભીરતાથી સરકારે અને અહીંયા બેઠેલા તમામ લોકોએ વિચારવું જોઇએ. વાસ્તવિક પરિસ્થિતિ છે કે બેરોજગારી છે નથી એવું નથી બેરોજગારની સંખ્યા પણ છે. મારે આપના મારફત સરકારશ્રીનું પણ ધ્યાન દોરવું છે કે એક બાજુ બેરોજગારી વધે છે ભણેલા યુવાનો પણ વધે છે અને એકબાજુ આપણે રોજગારી આપનારા યુનિટો આપણી પાસે છે એ સરકાર હસ્તકના છે અર્ધ સરકાર હસ્તકના પણ છે. આવા યુનિટો દિવસે ને દિવસે બંધ થતા જાય છે. બંધ થતા જાય છે તો એમાંથી પણ બેરોજગારો પાછા બહાર આવે છે.આપણી પાસે જે વસ્તુ છે એ બંધ થાય છે બીજી બાજુ નવી વસ્તુ કરવાની વાત કરીએ છીએ પરંતુ મારી સરકારશ્રીને વિનંતી છે કે જે આપણી પાસે સહકારી ક્ષેત્રના યુનિટો છે અને રોજગારી આપે છે એવા યુનિટોની પણ જાળવણી કરીને ચાલુ રહેવા જોઇએ જેનાથી બેરોજગારી વધે નહિ.

માનનીય અધ્યક્ષશ્રી, મારા દરિયાકાંઠાના વિસ્તારમાં મોટે પાયે બહું મોટા ઉદ્યોગો આવેલા છે. મેં ઘણી વખત આ હાઉસની અંદર પણ વાત કરી છે કે એની અંદર એક નિયમ છે કે ૮૦ ટકા ત્યાંના લોકલ માણસોને રોજગારી આપવી. આપના મારફત સરકારશ્રીને વિનંતી કરું છું કે આવા ઉદ્યોગોની અંદર તમે તપાસ કરો કે એની અંદર એ વિસ્તારના લોકલ માણસોને ૮૦ ટકા રોજગારી મળે છે કે નહિ? કમસેકમ એવા ઉદ્યોગોમાં જે તે જિલ્લા, તાલુકા કે એ વિસ્તારના લોકોને એવા ઉદ્યોગોમાં રોજગારી મળે તો એવા લોકો એવા યુવાનો બહાર બીજા જિલ્લામાં નહિ જાય પોતાના તાલુકામાં અને જિલ્લામાં મળતી હશે તો ત્યાંને ત્યાં નોકરી કરી શકે અથવા તો રોજગારી મેળવી શકશે. આવી કંપનીઓ છે એ મોટે ભાગે લોકલને પ્રાયોરિટી આપતી નથી. પોતે બીજા રાજયના લોકોને ત્યાં લઇ આવે અને એમની પાસેથી કામ લે છે.

આજે બેરોજગારો વધે છે એટલે આપણે ચિંતા તો એ કરવાની રહે કે આપણે છાપું ઉઘાડીએ ત્યારે કોઇ યુવાને સુસાઇડ કર્યું છે કોઇ દીકરીએ સુસાઇડ કર્યું છે. જયારે સુસાઇડ કર્યું હોય અને એના ઘરે બેસવા જઇએ ત્યારે એમની વાત સાંભળીએ કે ભાઇ દીકરાએ શા માટે સુસાઇડ કર્યું છે? ત્યારે એના મા–બાપ કહે છે કે અમે એને ઉછીના ઉધારા કરીને ભણાવ્યા હતા પરંતુ એને નોકરી ન મળી એટલે હતાશ થઇ ગયો અને સુસાઇડ કર્યું છે.

માનનીય અધ્યક્ષશ્રી, બીજો મુદ્દો એ છે કે મોટા શહેરની અંદર અમારા ગામડાંના લોકો પણ શિક્ષણની ભૂખ જાગી છે એટલે મા–બાપ ઉછીના પૈસા લઇને એમના બાળકોને અમદાવાદ, રાજકોટ જેવા શહેરમાં ભણાવા માટે મોકલે છે. ઉચ્ચ અભ્યાસ અર્થે મોકલે છે અને જયારે ભણી ગણીને બહાર આવે પછી એને રોજગારી ન મળે નોકરી ન મળે તો એ બીજા રસ્તા ઉપર કામ કરવા નીકળે છે. અને જે કામ કરે છે, ક્યાંય ડ્રગ્ઝ વેચવાનું, દારૂ વેચવાનો, ક્યાંય એવી કોઇ પ્રવૃત્તિ કરવાની આ રીતે યુવાધન છે એ બીજા રસ્તે જઇને પણ કુટુંબનું ભરણ–પોષણ ન કરી શકે ત્યારે છેલ્લે પાછા એ પણ આપઘાત કરતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, હું આપના મારફત વિનંતી કરું છું. આમાં ટીકા–ટિપ્પણ કરવાની વાત નથી કરતો પણ આપણી પાસે એક વાસ્તવિક પરિસ્થિતિ ઉભી જ છે કે બેરોજગારી છે. સરકારે સહર્ષ સ્વીકારવું જોઇએ. કોઇ સરકાર કામગીરી કરીને તેમાં ૧૦૦ ટકા રોજગારી આપી શકવાની નથી. આવનારા સમયમાં પણ આપી શકવાની નથી પણ તેમાં ગંભીરતાથી વિચારવું જોઇએ અને વાસ્તવિક પરિસ્થિતિ છે તે કોઇ પણ સરકાર હોય તેમણે સ્વીકારવી જોઇએ. અહીં મારા સાથી સભ્યો બેઠાં છે એમને હું વિનંતી કરું છું અને પૂછું છું કે આપણાં પરિવારમાં પણ કોઇ બેરોજગાર હોય તો આપણે કેટલી ચિંતા કરીએ

છીએ? આપણાં દીકરા–દીકરી ભણેલા હોય અને તેને નોકરી ન મળતી હોય તો આપણે કેટલી ચિંતા કરીએ છીએ? તો ગરીબ પરિવારો હોય અને દીકરા દીકરીને ઉછીના–ઉધાર પૈસા લઇને ભણાવ્યા હોય અને તેમને નોકરી ન મળતી હોય, તેમને રોજગાર ન મળતો હોય ત્યારે પરિવારની પરિસ્થિતિ આપણે જોઇએ ત્યારે એમ લાગે કે આના માટે આપણે કંઇક પ્રયત્ન કરવા જોઇએ. મારી વિનંતી છે કે આના માટે સહિયારો પુરુષાર્થ આપણે બધા કરીએ. અહીં બેઠેલાં છે એ લોકો નીતિ ઘડનારા છે. આપણે એવી નીતિ બનાવીએ કે આવનારા સમયની અંદર ગુજરાતમાં બેરોજગારોની સંખ્યા ઘટે, તેમને નોકરી મળે, કામ મળે અને કામ થકી ગુજરાતનું ભવિષ્ય ઉજળું કરીએ એવી સરકારશ્રીને આપના મારફત વિનંતી કરું છું. સભાગૃહના તમામ સભ્યશ્રીઓને પણ વિનંતી કરું છું કે ગુજરાતમાં બેરોજગારીની સમસ્યા છે તેમાં ઉકેલ લાવવાના પ્રયત્ન કરીએ એવી વિનંતી સાથે આભાર.

અધ્યક્ષશ્રી : માનનીય ભગાભાઇ, એક વાતની નોંધ લઉં છું કે માનનીય ઋત્વિકભાઇએ અને આપે બહુ સહજ રીતે વાતને મૂકી. સભાગૃહ તમને શાંતિથી સાંભળતું હતું. માનનીય પિયુષભાઇએ પણ એ વાતને સારી રીતે મૂકી. પ્રો. ડીંડોર સાહેબ પાસેથી પણ શાંતિથી સાંભળીશું. ઉશ્કેરાટ વગર.

શ્રી કુબેરભાઇ મ. ડીંડોર(સંતરામપુર) : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ઋત્વિકભાઇ મકવાણા બિન સરકારી સંકલ્પ લઇને આવ્યા છે તેમાં મારા વિચારો રજૂ કરું છું. ગુજરાત રાજ્ય એ દેશમાં રોજગારી આપનારું પ્રથમ રાજ્ય છે. આ કોરોના કાળમાં આપણે બધાએ જોયું, ૧૫ લાખ જેટલા પરપ્રાંતિયો રોજગારી મેળવવા માટે આપણાં ગુજરાતમાં આવે છે. આપણાં રાજ્યના યુવાનોને વિવિધ પ્રકારના કૌશલ્ય સાથે સમયની માંગને અનુરૂપ ટેક્નોલોજીની તાલીમ મેળવી ગુજરાતનો યુવાન રોજગારી મેળવે તે માટે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવેલ છે. રાજ્ય સરકારે યુવાનોની ચિંતા કરીને તમામ તાલુકા કક્ષાએ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ ખોલીને સ્કીલ, તેમનામાં રહેલી સુષુપ્ત શક્તિઓ જગાડવાનું કામ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓ કરે છે. એન.સી.વી.ટી. સંલગ્ન રાષ્ટ્રીય કક્ષાના ૭૬ અને જી.સી.વી.ટી. સંલગ્ન રાજ્ય કક્ષાના ૫૫ એમ કુલ મળીને ૧૩૧ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમોની તાલીમ આ સેન્ટરો પરથી આપવામાં આવે છે. રાજ્યભરમાં કુલ ૨૮૮ સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના માધ્યમથી ૧,૭૮,૩૦૮ બેઠકો તેમજ ૧૧૧ ગ્રાન્ટ ઇન એઇડ ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓના માધ્યમથી ૧૭,૦૭૬ બેઠકો, ૧૯૮ સ્વનિર્ભર સંસ્થાઓના માધ્યમથી ૨૨,૯૧૬ બેઠકો મળી કુલ ૫૯૭ તાલીમ સંસ્થાઓના માધ્યમથી આખા ગુજરાતમાં ૨,૧૮,૩૦૦ બેઠકોમાં વ્યવસાયિક તાલીમ સુવિધા ગુજરાતના સાહસિક યુવાનોને તાલીમ આપીને રોજગારી પૂરી પાડવાનું ભગીરથ કાર્ય આપણી રાજ્ય સરકાર કરી રહી છે. આ તમામ તાલીમ સંસ્થાઓ ખાતે એડમિશનની પ્રક્રિયા છે એન.આઇ.સી. પોર્ટલ પર ઓનલાઇન કરવામાં આવે છે. એમાં પણ મેરિટ જાળવવામાં આવે છે. એ કોંગ્રેસ સરકારમાં ચાલતું હતું, અપને વાલે કો સેટ કરો ઔર દૂસરે કો ફીટ કરો. મેરિટ સિસ્ટમની વ્યવસ્થા નહોતી. આમાં મેરિટ સિસ્ટમથી એની નોંધણી કરવામાં આવે છે. અને એમાં પણ એસ.ટી., એસ.સી. વિદ્યાર્થીઓ છે એમને ટ્યુશન ફીમાંથી મુક્તિ આપવામાં આવી છે. વિદ્યાર્થીઓને અવર–જવર માટે એક સ્થળેથી સેન્ટર સુધીની વ્યવસ્થા રેલવે પાસ, બસનો પાસ વગેરેની વ્યવસ્થા કરવામાં આવી છે. સાથે સાથે કોઇ આકસ્મિક ઘટના બને અને એમાં મૃત્યુ થાય તો આકસ્મિક મૃત્યુ યોજનામાં એમને આવરી લેવામાં આવ્યા છે અને ૧ લાખ અકસ્માત વીમાનું કવચ આપવામાં આવ્યું છે. તાલીમ પૂરી કર્યા પછી વ્યવસાય કરવા માટે બેન્કેબલ લોન, સબસિડી સહાય, પ્રાયોગિક તાલીમ માટે વિનામૂલ્યે રો–મટિરિયલ પૂરું પાડવામાં આવે છે. ગુજરાતની સ્કીલ ડેવલપમેન્ટ મિશન હેઠળની યોજના અંતર્ગત પ્રધાનમંત્રી કૌશલ વર્ધન યોજના હેઠળ છેલ્લા ત્રણ વર્ષમાં ૩૭,૫૭૧ ઉમેદવારોને તાલીમ આપવામાં આવેલ છે. હાલમાં કૌશલ વર્ધન યોજનાનું રિફોર્મિંગ કરીને નવું નામ સસક્ષમ યોજના અંતર્ગત સાહસિક અને ઉદ્યમી વૃત્તિ ધરાવતા યુવાનોને સરકારશ્રી દ્વારા મુદ્રા લોન, કેપિટલ સબસિડી, બેન્કેબલ યોજના, ક્રેડિટ લીન્કેજ ઉદ્યોગ વ્યવસ્થા સાથે જોડીને ઉદ્યોગ અને વ્યવસાય સ્થાપવા માટે છેલ્લા ત્રણ વર્ષમાં ગુજરાતમાં ૧ લાખ ૫૪ હજાર ૪૪૪ તાલીમાર્થીઓને તાલીમ આપવામાં આવેલ છે. ગુજરાતના ઉદ્યોગોને તેમની કુશળ કારીગરોની માગને ધ્યાનમાં રાખીને રાજ્યના યુવાનોને ઔદ્યોગિક આપી રોજગારક્ષમ બનાવતી નેશનલ એપ્રેન્ટિસ પ્રમોશન સ્કીમ અંતર્ગત ભારત સરકારની ૧૦૦ ટકા કેન્દ્ર પુરસ્કૃત યોજના ૧૯મી ઓગસ્ટ, ૨૦૧૬માં સમગ્ર દેશમાં લોન્ચ કરવામાં આવી. જેમાં એપ્રેન્ટિસ કરનારને રૂપિયા ૧૫૦૦નું માસિક વળતર આપવામાં આવે છે. એના અનુસંધાનમાં રૂપિયા ૨૦ કરોડની ચૂકવણી આપણી ગુજરાત સરકારે કરી છે. રાજ્ય સરકાર દ્વારા આપણી મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત આપણા યુવાનો જે તાલીમ કરે છે એમાં સ્નાતક યુવાનો છે એમને ૩ હજાર રૂપિયા સ્ટાઇપેન્ડ, ડિપ્લોમા વિદ્યાર્થીઓને ૨ હજારનું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે અને ૧૨ પાસ વિદ્યાર્થીઓને ૧૨૦૦ રૂપિયાનું સ્ટાઇપેન્ડ આપવામાં આવે છે. આમ, કુલ મળીને આપણા ગુજરાતના યુવાનોને રોજગારલક્ષી તાલીમ આપીને ગુજરાતના યુવાનોને રોજગારી મળે એ દિશામાં સરકારનું સ્તુત્ય પગલું છે. અમારા વી.આર., સી.આર. અને એન.આર.ની ત્રિપુટી છે એમણે ગુજરાતના યુવાનોને તાલીમ આપી. પેઇજ કમિટી અને પેઇજ પ્રમુખની તાલીમ આપીને ગામડે ગામડે અને ઘરે ઘરે મોકલ્યા. એનું પરિણામ આવ્યું કે તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગરપાલિકાઓ અને મહાનગરપાલિકાઓમાં કોંગ્રેસની જે થોડીઘણી રોજગારી હતી એમાંથી એમને બેરોજગાર કર્યા છે. એનું આ દુઃખ છે. કોંગ્રેસના મિત્રોને મારી વિનંતી છે, ઘણીવાર એ બેરોજગારી ભથ્થું આપવાની વાત કરે છે. યુવાનોને બેરોજગારી ભથ્થું આપવાની વાત અમારી સરકાર નથી કરતી, ગુજરાતનો યુવાન પાંગળો બને એવું કામ અમે કરવા માગતા નથી. અમારો ગુજરાતનો યુવાન સાહસિક છે, ઉદ્યમી છે. એને મદદ કરીને અને આગળ વધારવાનું કામ ગુજરાત સરકાર કરી રહી છે. શ્રી

રાહુલ ગાંધીને પણ તમે મેસેજ પહોંચાડજો. જે રૂપિયા ૭૨ હજારની યોજના તમે મૂકી હતી અને પ્રલોભનો આપો છો અને યુવાનોને બેરોજગારી ભથ્થું આપીને તમે પાંગળો બનાવવાનું કામ બંધ કરો. એમને મદદ કરીને સાચા રસ્તે લઇ જવાનું કામ કરીએ એના ભાગરૂપે આપણા પરેશભાઇની પરેશાની વધી. *(XXX )શ્રી ઋત્વિકભાઇ મકવાણા જે સંકલ્પ લઇને આવ્યા છે એ પાછો ખેંચવામાં આવે એવી એમને વિનંતી કરું છું.

અધ્યક્ષશ્રી : એ શબ્દો કાઢી નાખીએ છીએ. પ્રૉફેસર ડિંડોર, તમારી પાસેથી જે અપેક્ષા હતી એ પ્રમાણે બોલ્યા છો. છેલ્લે છેલ્લે તમે....

શ્રી દિલીપકુમાર વિ. ઠાકોર( શ્રમ અને રોજગાર મંત્રીશ્રી ) : માનનીય અધ્યક્ષશ્રી, આ સભાગૃહના સન્માનનીય ધારાસભ્ય આદરણીય શ્રી ઋત્વિકભાઇ મકવાણા બેરોજગારોને રોજગારી આપવા અંગેનો સંકલ્પ જે લઇને આવ્યા છે અને એમણે રોજગારી અપવા માટેની જે ચિંતા વ્યક્ત કરી છે એ આપણા સૌની ચિંતા હોઇ શકે છે. એમના સંકલ્પમાં આ સન્માનનીય સભાગૃહના માનનીય ધારાસભ્યશ્રી પિયુષભાઇ, માનનીય ધારાસભ્યશ્રી વિવેકભાઇ, માનનીય ધારાસભ્યશ્રી કુબેરભાઇ, માનનીય ધારાસભ્યશ્રી ડો. જોષિયારાજી અને માનનીય ધારાસભ્યશ્રી ભગાભાઇએ કેટલાક રચનાત્મક અને ખૂબ સરસ સૂચનો પણ કર્યા છે. આ ઉપરાંત શ્રી ઋત્વિકભાઇએ જે વિચારો મૂક્યા છે અને જે વાત સન્માનનીય સભાગૃહ સમક્ષ રજૂ કરી છે. કે છેલ્લા બે વર્ષની અંદર આ રાજ્યના રોજગાર વિભાગે સરકારી નોકરીઓ માત્ર ૧૭૭૭ ઉમેદવારોને જ સરકારી નોકરીઓ આપી છે. પહેલા તો આ રોજગાર કચેરીઓની કેટલીક કામગીરીથી પણ સન્માનીય સભ્યોએ વાકેફ થવાની પણ જરૂર છે. અમારી રોજગાર કચેરીઓનું કામ આ રાજ્યની અંદર ભણી–ગણીને તૈયાર થયેલા અમારા યુવાનો હોય, કૌશલ્યની તાલીમ મેળવેલી હોય અને જે લોકો રોજગારી મેળવવા માગતા હોય એણે અમારી રોજગાર કચેરીની અંદર પોતાનું નામ નોંધણી કરાવી શકતા હોય છે અને રોજગાર કચેરીઓમાં પોતાનું નામ નોંધાવ્યા પછી ક્યાંક સરકારી નોકરીઓની જાહેરાત પડતી હોય, ક્યાંક રાજ્યમાં વિવિધ એકમોમાં પણ કેટલાક યુવાનોની જરૂરિયાત ઊભી થાય એ પ્રમાણે અમારો રોજગાર વિભાગ ક્યાંક સરકારી નોકરીઓની જાહેરાત થાય તો એમની લાયકાત મુજબ એમને જાણ કરવા માટે અમારી રોજગારી કચેરીઓ કરતી હોય છે અને ક્યાંક આ રાજ્યની અંદર ઉદ્યોગોમાં કે બીજી સંસ્થાઓમાં એમને જોઇતું માનવબળ મેળવવા માગતા હોય તો એની માહિતી એકત્ર કરીને આ રોજગાર મેળાવડાની માહિતી આપવામાં આવતી હોય છે. માનનીય ધારાસભ્યશ્રીએ બિન–સરકારી સંકલ્પમાં એવું જણાવ્યું છે કે છેલ્લા બે વર્ષમાં રોજગાર વિભાગ મારફત ૧૭૭૭ ઉમેદવારોને જ સરકારી નોકરી આપવમાં આવી છે આ વાત બિલકુલ સાચી પણ છે. અત્યારે રાજ્યની અંદર અનેક વિવિધ પ્રકારના વિભાગોમાં સરકારી ભરતી કરવામાં આવી રહી છે અને રાજ્ય સરકાર દ્વારા ૧૦ વર્ષિય ભરતી કેલેન્ડર બહાર પાડવામાં આવેલ છે અને તે મુજબ સરકારશ્રીના વિવિધ વિભાગો દ્વારા જે તે જગ્યાના ભરતી નિયમો અને સ્પર્ધાત્મક પરીક્ષાના નિયમોનુસાર ભરતીની કાર્યવાહી હાથ ધરવામાં આવે છે જેમાં ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ અને પોલીસ ભરતી બોર્ડ વિગેરે દ્વારા પણ અરજીઓ મેળવીને એમની સધી ભરતી કરવામાં આવતી હોય છે અને આ ભરતી સંસ્થાઓ મારફત કરવામાં આવતી ભરતી અંગેની વિગતો અને એનો સમાવેશ અમારી રોજગાર કચેરી મારફત આપવામાં આવતી રોજગારીમાં થતો નથી.

માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાતના યુવાનો ભારતીય લશ્કરમાં જોડાય અને આપણા ગુજરાતનો યુવાન રાષ્ટ્રની રક્ષા સાથે ગૌરવપૂર્વક રોજગારી મેળવી શકે તે માટે આર્મી ભરતી કાર્યાલયના સહયોગથી રાજ્યના વિવિધ સ્થળોએ સંરક્ષણ ભરતી મેળાઓનું પણ આયોજન કરવામાં આવતું હોય છે. આ રાજ્યનો યુવાન લશ્કરમાં પણ જોડાઇ શકે અને આ દેશની રક્ષા કરી શકે એના માટે એની કેટલીક પરીક્ષાઓ આપવાની થતી હોય છે આવા યુવાનોને અમારા વિભાગ મારફત ૩૦ દિવસની અમે નિવાસી તાલીમ આપીએ છીએ. એમાં એને રહેવાની અને જમવાની વ્યવસ્થા કરીએ છીએ. સંરક્ષણની ભરતીની અંદર કેવા પ્રકારની તાલીમ જોઇએ એવી તાલીમ પણ અમે આપીએ છીએ. લેખિત પરીક્ષા પણ એમની પાસે લેવડાવીએ અને એટલા માટે સંરક્ષણ દળની અંદર પણ આપણા યુવાનો દાખલ થાય એના માટેના પ્રયાસ આ વિભાગ મારફત કરવામાં આવતા હોય છે.

માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઋત્વિકભાઇએ જે ચિંતા કરી છે એમાં ૧૪૩૪ યુવાનોની અમે લશ્કરમાં ભરતી કરાવી શક્યા છીએ. જાહેર સાહસોમાં ૧૪૦ ઉમેદવારોને આપણે રોજગારી અપાવી શક્યા છીએ અને ૨૦૩ ઉમેદવારોને સરકારની વીજ કંપનીઓમાં રોજગારી અપાવી શક્યા છીએ. આ સિવાય એમણે ચિંતા વ્યક્ત કરી કે બાકીના જિલ્લાઓમાં સરકાર કોઇ રોજગારી અપાવી શક્યો નથી. માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલા પણ કહ્યું કે અમારા રોજગાર વિભાગમાંથી એમની લાયકાત મુજબ એમનું નામ એની જાહેરાત પડે તો એની જાણ કરવામાં આવે છે. અને પરીક્ષા પાસ થાય તો જ એ નોકરી મેળવી શકે અને તો જ અમારા રોજગાર વિભાગના આંકડાની અંદર અમારો મૂકેલો ઉમેદવાર થાય તો નોંધણી કરવામાં આવે છે એટલા માટે રાજ્યની અંદર રોજગારીની તકો વધારે પેદા થાય, અમારા રોજગાર વિભાગનું કામ વધુમાં વધુ ગુજરાતના નવયુવાનોને રોજગારી મળી શકે એ માટેના પ્રયાસ કરવાનું છે અને એટલા માટે આ રાજ્યની અંદર અમે રોજગાર મેળાઓ કરીએ છીએ અને રોજગાર મેળાઓ મારફત ભરતી કરી રોજગારી અપાવવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ગુજરાતને જયાં સુધી સબંધ છે ત્યાં સુધી રાજ્ય સરકાર દ્વારા રોજગારી ઉભી કરવા માટે દરેક યોજનાનો ઉદ્દેશ રહેલો હોય છે અને તે માટે વિવિધ વિભાગોમાંથી જરૂરી નાણાકીય

---

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

જોગવાઇઓ પણ કરવામાં આવી છે. જુદીજુદી યોજનાઓમાંથી રોજગારીની તકો ઉભી થાય તે માટે ઉત્કૃષ્ટ પ્રયત્નો પણ કરવામાં આવે છે. રાજયમાં નોકરી મેળવનારને રોજગારી, સ્વરોજગારી આપવા માટે સરકારશ્રીની વિવિધ યોજનાઓ મારફત એમને માહિતગાર પણ કરવામાં આવે છે. રાજયના યુવાનો વિવિધ પ્રકારના કૌશલ્ય સાથે સમયની માંગને અનુરૂપ ટેકનોલોજીની તાલીમ મેળવી રોજગાર મેળવવા સક્ષમ બને તે માટે રોજગાર અને તાલીમ ખાતા દ્વારા સ્કીલ ડેવલપમેન્ટ અન્વયે સઘન પ્રયત્નો હાથ ધર્યા છે તેમજ રાજયમાં ૨૫૦ જેટલા તાલુકાઓની અંદર ૨૮૮ જેટલી અમારી સરકારી આઇ.ટી.આઇ. ચલાવીએ છીએ અને એના મારફત આ રાજયના નવયુવાનોને કૌશલ્ય પ્રાપ્ત કરાવવાના પ્રયત્નો કરીએ છીએ. એવી જ રીતે ૧૧૨ ગ્રાન્ટ ઇન એઇડ સંસ્થાઓ ચાલી રહી છે, ૨૦૦ જેટલી સ્વનિર્ભર આઇ.ટી.આઇ. કામ કરે છે. આમ નવયુવાનોને કૌશલ્ય પ્રાપ્ત થાય એના માટે ૬૦૦ જેટલી આઇ.ટી.આઇ. ગુજરાતમાં કામ કરી રહી છે. સાથેસાથે ૧૧૪ જેટલા કૌશલ્ય વર્ધન કેન્દ્રોના માધ્યમથી સ્થાનિક કક્ષાએ પણ રોજગારી મળી શકે, સ્વરોજગારી પણ મળી શકે એવા પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. રોજગાર અને તાલીમ નિયામક કચેરી હેઠળ કારીગર તાલીમ યોજના અમલમાં મૂકેલી છે. જેનો ઉદ્દેશ વિવિધ ઉદ્યોગો અને સેવાક્ષેત્રે કુશળ માનવબળ ઉપલબ્ધ કરવાનો તેમજ જુદાજુદા ક્ષેત્રે વિકસતી જતી ટેકનોલોજી અંગે ઉમેદવારોને તાલીમ આપી રોજગારી, સ્વરોજગારી મેળવવામાં સહાયભૂત થવાનો છે અને આ ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિવિધ પ્રકારના રાષ્ટ્રીય કક્ષાના ૭૬ અને રાજયકક્ષાના ૫૫ અભ્યાસક્રમો સાથે ૧૩૧ જેટલા અભ્યાસક્રમો ચલાવીને આ રાજયના યુવાનોને કૌશલ્ય પૂરું પાડવા માટે કામ કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ઘણા સભ્યશ્રીઓએ સારા સૂચનો પણ કર્યા કે આવતીકાલે આપણા નવયુવાનોનું ભવિષ્ય સુધરે એના માટે કેવા પ્રકારની ટેકનોલોજી આવી રહી છે અને આ બધી જ તમામ બાબતોને ધ્યાનમાં રાખીને આપણે આ રાજયમાં એવી એક સંસ્થા ઉભી કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. ટાટાના સહયોગથી નાસ્ફેડ ખાતે આ દેશના ગૃહમંત્રી આદરણીયશ્રી અમિતભાઇ શાહના હસ્તે આપણે એક સંસ્થા ઉભી કરવાની દિશામાં આગળ વધી રહ્યા છીએ. આ સંસ્થાની અંદર દર વર્ષે ૫૦૦૦ કરતા પણ વધારે યુવાનો રાષ્ટ્રકક્ષાએ નહીં પણ નેશનલ કક્ષાએ રોજગારી મેળવી શકે એ પ્રકારનું નવું કૌશલ્ય કરવાની દિશામાં ગુજરાતે પહેલ કરીને ગુજરાત એ દિશામાં આગળ વધી રહ્યું છે. આવા અનેક પ્રયાસોના માધ્યમથી આ રાજયના યુવાનોને રોજગારી મળે એના માટેની ચિંતા કરવાની જરૂરિયાત છે. મારી પાસે વર્ષ ૨૦૧૬ થી વર્ષ ૨૦૨૧ સુધીની મતદાર યાદીની અંદર જે મતદારો નોંધાયા છે, ૧૮ વર્ષની ઉંમર પૂરી થાય ત્યારે મતદાર યાદીની અંદર નામ દાખલ થાય. ૨૦૧૬ થી ૨૦૨૧ સુધીની મારી માહિતી મુજબ બાવન લાખ કરતા પણ વધારે મતદારો દાખલ થયા. નવયુવાનો હોવાના, એ રોજગારી માટે આપણી પાસે આવવાના. એના માટે રાજય સરકાર અનેક પ્રકારની ચિંતા કરીને રોજગારી આપવા માટે આગળ વધી રહી છે ત્યારે માનનીય સભ્યશ્રીઓએ પણ ઘણીબધી બાબતો સભાગૃહના ધ્યાન ઉપર મૂકી છે એટલે વધારાની બીજી બાબત નહીં કહેતા આપણા સૌની એક નૈતિક જવાબદારી છે, રોજગાર વિભાગની જે કામ કરવાની જોગવાઇ કરેલી છે એ જોગવાઇઓ સન્માનનીય સભાગૃહ સમક્ષ છે. મને લાગે છે કે માનનીય ઋત્વિકભાઇને આ બાબતથી પૂરેપૂરો સંતોષ થશે અને એમને પણ હું વિનંતી કરું છું કે આપ જે સંકલ્પ લઇને આવ્યા છો એ સંકલ્પ પાછો ખેંચવા માટે હું એમને વિનંતી કરું છું.

શ્રી ઋત્વિકભાઇ લ. મકવાણા : માનનીય અધ્યક્ષશ્રી, મારો આજનો આ સંકલ્પ ભાજપ, કોંગ્રેસ તરીકે માત્ર આપણી રાજકીય રોજગારી માટે નહોતો. સન્માનનીય ડીંડોર સાહેબને હું વિનંતી કરું કે રાજકીય રોજગારી આપણા રાજયના યુવાનોને કયા રસ્તે લઇ જઇ રહી છે. એના અંગે થોડો અભ્યાસ કરવો હોય તો બ્લડ અન્ડર સેફ્રોન નામનું પુસ્તક એ વાંચશો તો આપને થોડો ક ખ્યાલ આવશે. મારો સંકલ્પ રોજગારી અંગેની વર્તમાન સ્થિતિ આવનારા સમયમાં ઊભી થનાર સંભવિત જરૂરિયાત અને ગુણવત્તાસભર યુવાનોની ઉપલબ્ધતા આપણે કઇ રીતે કરાવી શકીએ, એના સંદર્ભે હતો. વિભાગ લાયકાત અનુસાર જરૂરિયાતની જગ્યાની જાણ કરે છે એવા છૂટાછવાયા પ્રયત્નો અપૂરતા ગણાશે. આવનારી તકને યોગ્ય રીતે ઓળખી નહિ શકીએ તો માનનીય જય નારાયણ વ્યાસે આપણને ચેતવ્યા છે. ઊભી થનારી પરિસ્થિતિ માટે આપણે સૌ જવાબદાર હોઇશું. મારી દ્રષ્ટીએ આપણી આ ઉદાસીનતા *(xxx) એટલે માનનીય સભાગૃહને હું વિનંતી કરું છું કે મારા સંકલ્પનો સ્વીકાર કરવાની સરકારશ્રીને વિનંતી કરે.

અધ્યક્ષશ્રી : *(xxx) એ શબ્દ કાઢી નાખવામાં આવે છે.

**પ્રશ્ન મત માટે મૂકવામાં આવ્યો અને નામંજૂર કરવામાં આવ્યો.**

અધ્યક્ષશ્રી : સંકલ્પનો અસ્વીકાર કરવામાં આવે છે.

**સભાગૃહનું કામકાજ સાંજના ૫–૧૭ વાગ્યે પૂરું થતાં સભાગૃહ અધ્યક્ષશ્રીના આદેશાનુસાર શુક્રવાર, તા. ૨૬મી માર્ચ, ૨૦૨૧ના રોજ સવારના ૧૦–૦૦ વાગ્યે ફરી મળવા મુલતવી રહ્યું.**

* માનનીય અધ્યક્ષશ્રીના આદેશાનુસાર આ શબ્દો અહેવાલમાંથી દૂર કરવામાં આવ્યા.

| **પુસ્તક ૮૧** | **વિષય સૂચિ** | ચોથી શ્રેણી |
|---|---|---|
| **સભ્યનું નામ** | **વિષય** | પેજ નં. |
| અક્ષયકુમાર પટેલ | વડોદરા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૨૯ |
| | વડોદરા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત | ૨૨૧ |
| અજમલજી ઠાકોર | કચ્છ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૨૨૯ |
| | પાટણ જિલ્લામાં પાલક માતા–પિતા યોજના | ૨૬૨ |
| | મહેસાણા જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે હાથ ધરેલા કામો | ૪૫૬ |
| | રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ | ૯૬ |
| | રાધનપુર તાલુકાના રોડને રીસરફેસ કરવાનું આયોજન | ૧૯૧ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. | ૨૭ |
| અજીતસિંહ ચૌહાણ | મહિસાગર તથા ખેડા જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકો | ૪૪૦ |
| | મહીસાગર અને અમરેલી જિલ્લામાં ઈ–મેમો ઈસ્યુ કરવા બાબત | ૧૧૯ |
| | મહીસાગર અને ડાંગ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ | ૮૦ |
| | એમઆરઆઈ મશીનો | ૨૧૧ |
| | મહીસાગર જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો | ૩૦૨ |
| | મહીસાગર તથા ખેડા જિલ્લામાં ડમ્પરો પકડવા બાબત | ૪૮૯ |
| | રાજ્યમાં વાહનોમાં ગેરકાયદેસર એર હોર્ન મૂકવા પર પ્રતિબંધ | ૩૭૫ |
| અનંતકુમાર પટેલ | નવસારી અને વલસાડ જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૫૨૬ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં જર્જરિત/જોખમી થાંભલા અને વીજ વાયરો બદલવા બાબત | ૨૧૪ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ | ૧૧૧ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઈ મશીનો | ૨૫૨ |
| | નવસારી અને વલસાડ જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો | ૨૭૪ |
| | નવસારી અને સુરત જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ | ૩૭૨ |
| | નવસારી તથા વલસાડ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકો | ૪૯૬ |
| | નવસારી તથા વલસાડ જિલ્લામાં ડમ્પરો પકડવા બાબત | ૪૪૯ |
| | મે. એસ્સાર બલ્ક ટર્મીનલ લી. સુરતને દરિયામાં પુરાણ કરવા આપેલ પરવાનગી બાબત | ૭૧ |
| અનિલ જોષિયારા | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં પ્રધાનમંત્રી કિસાન ઊર્જા સુરક્ષા એવમ ઉત્થાન મહાભિયાન યોજના | ૧૯૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ફાર્મ પાસે અનાજ સંગ્રહના ગોડાઉન બનાવવા મળેલ અરજીઓ | ૪૮૭ |
| | અરવલ્લી જિલ્લામાં ગૌચરની જમીન પર દબાણો | ૩૦૨ |
| | કોરોના સંક્રમણ અટકાવવા માટે વિધાનસભા સંકુલમાં પ્રવેશ નિયંત્રણ લાદવા અંગે | **૧૬૭** |
| | ભિલોડા તાલુકામાં સિંચાઈ પ્રભાગ હેઠળનો બિસ્માર રસ્તો | ૧૩૨ |
| | મેઘરજ અને ભિલોડા તાલુકામાં ડ્રીપ ઈરીગેશન માટેની અરજીઓ | ૨૬૩ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઇમેન્ટ ચેઇન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૮૫ |
| | રાજ્ય સરકાર દ્વારા ખેત ઉત્પાદનોની ટેકાના ભાવે ખરીદી | ૪૩૬ |

| | | |
|---|---|---|
| | વાહન વ્યવહાર પ્રભાગ દ્વારા ખરીદવામાં આવેલ નવી બસો | ૫૨૦ |
| | શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો અને રોજગાર વાંચ્છુઓને રોજગારી મળવા અંગે | ૫૬૪ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં આવેલ ખાણો | ૫૭ |
| | અરવલ્લી જિલ્લામાં તળાવો ઉંડા કરવા બાબત | ૧૦૦ |
| | રાજ્યમાં વેટ અને જીએસટીની આવક | ૨૩૧ |
| અંબરીષભાઇ ડેર | અમરેલી અને રાજકોટ જિલ્લામાં બોગસ ફિંગર પ્રિન્ટ બનાવી અનાજનું વેચાણ | ૫૨૯ |
| | દુલાભાયા કાગનું નિવાસસ્થાન જર્જરિત હાલતમાં હોવા બાબત | ૪૬૪ |
| | પાકિસ્તાન જેલમાં બંદી બનેલા રાજ્યના માછીમારો | ૫૦૭ |
| | રાજ્યમાં ચાલતા પક્ષીઓના વેચાણના માર્કેટ | ૨૯૦ |
| | અમરેલી જિલ્લામાં જર્જરિત વીજ વાયરો બદલવા બાબત | ૨૨૭ |
| | અમરેલી જિલ્લામાં નાની સિંચાઇ યોજના | ૯૭ |
| | માર્ગ અને મકાન વિભાગ હેઠળ એસ.ઓ.આર. નો અમલ | ૧૮૯ |
| | રાજ્યમાં ઓર્ગેનિક ખેતીનો વ્યાપ વધારવા બાબત | ૩૪૯ |
| | રાજ્યમાં દરિયાથી જમીનનું ધોવાણ અટકાવવા સંરક્ષણ દિવાલથી કામગીરી | ૧૩૦ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. | ૨૩ |
| | રાજ્યમાં બોગસ ડોકટરો સામે પગલાં | ૩૫૯ |
| | રાજ્યમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાથી દર્દીના મૃત્યુ બાબત | ૩૫૭ |
| | રાજુલા અને જાફરાબાદ શહેરની ગટર યોજના | ૪૭ |
| | રાજુલા તાલુકાના વિકટર ગામથી ચાંચ બંદર વચ્ચે બ્રિજ બનાવવા બાબત | ૨૬૧ |
| અભેસિંહ તડવી | છોટા ઉદેપુર જિલ્લામાં પાલક માતા–પિતા યોજના | ૨૦૯ |
| | વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો | ૯૪ |
| | સ્વદેશ દર્શન યોજના અંતર્ગત બુદ્ધિસ્ટ સર્કીટ માટે ફાળવેલ ગ્રાન્ટ | ૪૩૩ |
| અર્જુનસિંહ ચૌહાણ | ખેડા જિલ્લામાં ટ્રેલીઝ મંડપ માટે અરજીઓ | ૪૮૪ |
| | ખેડા જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના | ૨૭૯ |
| | ખેડા જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૨૫૭ |
| | ખેડા જિલ્લામાં રમતગમતના સંકુલના બાંધકામનો થયેલ ખર્ચ | ૪૩૧ |
| | ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત | ૨૨૧ |
| | વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો | ૬૪ |
| અરૂણસિંહ અ. રણા | કોરોના સંક્રમણ અટકાવવા માટે વિધાનસભા સંકુલમાં પ્રવેશ નિયંત્રણ લાદવા અંગે | ૧૬૭ |
| | નર્મદા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૨૮ |
| | ભરૂચ જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૪૧ |
| | ભરૂચ જિલ્લામાં ડો. સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના | ૨૬૯ |
| | ભરૂચ જિલ્લામાં પપૈયાના પાક માટે મળેલ અરજીઓ | ૪૮૨ |
| | ભરૂચ જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૨૦૪ |
| | વડોદરા શહેરમાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો | ૬૦ |
| અરવિંદ છો. પટેલ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. | ૨૫ |
| | નવસારી જિલ્લામાં ડો.સવિતાબેન આંબેડકર આંતરજ્ઞાતિય લગ્નસહાય યોજના | ૨૩૩ |
| | નવસારી જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૧૯૫ |

| | | |
|---|---|---|
| | રાજ્યની જેલોના અધિકારી/કર્મચારીઓ માટે રહેણાકની સુવિધામાં વધારો કરવા બાબત | ૭૦ |
| | વલસાડ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૩૨ |
| | વલસાડ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ | ૪૮૪ |
| અરવિંદ રૈયાણી | ભાવનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૨૧૨ |
| | રાજકોટ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૨૪૯ |
| અરવિંદ રાણા | અમરેલી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૧૮૬ |
| | ગીર સોમનાથ જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના | ૨૬૧ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૨૭ |
| | બરડોલી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ | ૪૫૩ |
| | વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ | ૪૮ |
| અરવિંદકુમાર પટેલ | અમદાવાદ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ | ૬૬ |
| | અમદાવાદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૨૩૬ |
| | અમદાવાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના | ૨૬૬ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના | ૧૯૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૫૯ |
| અશ્વિનભાઈ કોટવાલ | સાબરકાંઠા અને મહેસાણા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઈ મશીનો | ૨૨૮ |
| | સાબરકાંઠા તથા અમરેલી જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકો | ૪૮૦ |
| | ડીગ્રી સર્ટિફિકેટ આપવા બાબત | ૧૯૦ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૪૨૬ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો | ૧૦૮ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઇમેન્ટ ચેઇન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૯૦ |
| | સાબરકાંઠા જિલ્લામાં કોબીજના ભેળસેળયુક્ત બિયારણથી થયેલ નુકસાન | ૪૧૬ |
| | મહાત્મા મંદિરમાં થયેલા કાર્યક્રમોથી થયેલ આવક | ૬૭ |
| | વિજયનગર તાલુકામાં રસ્તો પહોળો કરવા બાબત | ૩૬૯ |
| | સાબરકાંઠા જિલ્લામાં ઔદ્યોગિક હેતુ માટે બિનખેતી કરાવેલ જમીન અન્વયે મહેસૂલ | ૩૬૮ |
| | હોટલ અને રેસ્ટોરન્ટમાં શાકાહારી તથા માંસાહારીના લેબલ બાબત | ૨૯૩ |
| આત્મારામ પરમાર | બોટાદ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય | ૫૨૪ |
| | બોટાદ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય | ૪૯૩ |
| | ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના | ૨૨૫ |
| | ભાવનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૧૭૮ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઇમેન્ટ ચેઇન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૯૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં રમતગમતના સંકુલના બાંધકામનો થયેલ ખર્ચ | ૪૪૬ |

| | | |
|---|---|---|
| આનંદભાઈ ચૌધરી | સુરત અને રાજકોટ જિલ્લામાં રાશનના જથ્થાનું બારોબાર વેચાણ | ૪૪૩ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં ઇ–મેમો ઇસ્યુ કરવા બાબત | ૮૫ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો | ૧૨૩ |
| | અમદાવાદમાં પક્ષીઓનું ગેરકાયદે વેચાણ | ૨૯૩ |
| | સુરત અને ડાંગ જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ | ૪૯૧ |
| | સુરત અને દાહોદ જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો | ૧૯૩ |
| | સુરત અને વલસાડ જિલ્લામાં ગેરકાયદે ખનન અન્વયે કાર્યવાહી | ૧૪૪ |
| આર. સી. મકવાણા | ભાવનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૪૬ |
| | અમરેલી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ | ૨૦૯ |
| | ભાવનગર જિલ્લામાં રમતગમતના સંકુલના બાંધકામનો થયેલ ખર્ચ | ૪૫૮ |
| | ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના | ૨૭૧ |
| આર.સી.ફળદુ | અને કલ્પસર વિભાગ. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ. | ૩૪ |
| | સાબરકાંઠા જિલ્લામાં કોબીજના ભેળસેળયુક્ત બિયારણથી થયેલ નુકસાન | ૪૧૬ |
| આશાબેન પટેલ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. | ૧૫ |
| | બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ | ૨૩૨ |
| | મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના | ૧૯૪ |
| | મહેસાણા જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે હાથ ધરેલા કામો | ૪૭૩ |
| | મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજના | ૨૬૪ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઇમેન્ટ ચેઇન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૯૮ |
| | બાબત | ૮૨ |
| ઈન્દ્રજીતસિંહ ન. પરમાર | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. | ૨૭ |
| | નાણા વિભાગમાં ૭માં પગારપંચની પડતર માંગણીઓ | ૨૫૨ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં કેનાલોનું રીપેરીંગ કરવા બાબત | ૫૮ |
| | ગુજરાત ઈલેક્ટ્રીસીટીમાં ડ્યુટી ડ્રો બેકના નાણા | ૨૧૫ |
| | રાજ્યમાં પાસા હેઠળના કેસો બાબત | ૩૬૬ |
| | સચિવાલય સંકુલમાં સૌર ઊર્જા આધારીત પરિવહન વ્યવસ્થા | ૨૭૫ |
| | સુરત શહેર અને જિલ્લામાં ગરીબ કલ્યાણ મેળામાં ફરિયાદો | ૪૪૯ |
| ઈમરાન ખેડાવાલા | અમદાવાદ સિવિલમાં દર્દીઓના મૃત્યુ | ૨૧૯ |
| | કોવિડ–૧૯ના ઇન્જેક્શનો અને નકલી દવાઓ ખરીદવા બાબત | ૨૫૫ |
| | રાજ્યમાં નકલી નોટો છાપવાના બનાવો | ૫૮ |
| | ૧૦૮ એમ્બ્યુલન્સો ખરીદવા બાબત | ૨૭૮ |
| | દ્વારકાધીશ મંદિરની આવકનો હિસ્સો પૂજારીઓને ચૂકવવા બાબત | ૨૯૯ |
| | રાજ્ય સરકારના અધિકારી/કર્મચારીઓના અપ્રમાણસર મિલકતના કેસો | ૧૦૨ |
| | રાજ્યમાં નવા પશુ દવાખાના | ૩૪૭ |
| | રાજ્યમાં મેજર થેલેસેમીયાથી પીડાતા બાળકો માટે લોહીની વ્યવસ્થા | ૩૫૯ |
| ઋત્વિકભાઈ મકવાણા | રાજ્યમાં વર્કચાર્જ કારકુનોને ઉચ્ચતર પગાર ધોરણનો લાભ | ૨૪૯ |
| | સુરેન્દ્રનગર અને રાજકોટ જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ | ૪૪૨ |
| | સુરેન્દ્રનગર તથા મોરબી જિલ્લામાં ડમ્પરો પકડવા બાબત | ૫૨૧ |
| | શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો અને રોજગાર વાંચ્છુઓને રોજગારી મળવા અંગે | ૫૬૨ |

| | | |
|---|---|---|
| | પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ. માં. આઉટ સોર્સીંગ સ્ટાફનો પગાર | ૨૧૨ |
| | રાજ્યમાં ગ્રામરક્ષક દળના કર્મચારીઓને વેતન | ૯૨ |
| | રાજ્યમાં ટેન્કરથી પાણી પૂરું પાડવા બાબત | ૩૦૦ |
| | રાજ્યમાં મેજર થેલેસેમીયાથી પીડાતા બાળકોની સંખ્યા | ૩૬૦ |
| | રાજ્યમાં વર્કચાર્જ કારકુન અને રોજમદારોને એરિયર્સ આપવા બાબત | ૨૭૨ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં રેશનકાર્ડ ધારકોના પ્રકાર | ૪૯૦ |
| ઋષિકેશ પટેલ | પાટણ જિલ્લામાં કિસાન સર્વોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઈન | ૨૪૧ |
| | મહેસાણા જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના | ૨૦૪ |
| | મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજના | ૨૬૯ |
| કેતનભાઇ ઇનામદાર | સાવલી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ | ૫૦૩ |
| | વડોદરા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૫૯ |
| | વડોદરા જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ | ૫૫ |
| કનુભાઇ પટેલ | અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના | ૨૦૦ |
| | અમદાવાદ જિલ્લાની ફતેવાડી નહેર યોજનામાં સિંચાઈનું પાણી | ૬૫ |
| | પાટણ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૨૮ |
| કનુભાઇ બારૈયા | ભાવનગર અને અમરેલી જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો | ૨૦૭ |
| | ભાવનગર અને પોરબંદર જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ | ૪૮૮ |
| | ભાવનગર બોટાદ જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો | ૨૪૫ |
| | ભાવનગર અને બોટાદ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ | ૪૨ |
| | સરતાનપર બંદર પર જેટીની સુવિધા માટે કરેલ ખર્ચ | ૪૩૮ |
| કનુભાઇ મો. દેસાઇ | જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવોને અંકુશમાં લાવવા અંગે | ૫૫૯ |
| | વલસાડ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૪૫ |
| | રાજ્યમાં એસીબી તંત્રને વધુ સુદ્રઢ બનાવવા વિશેષ સુવિધા પૂરી પાડવા બાબત | ૫૯ |
| | વલસાડ જિલ્લામાં પેટા આરોગ્ય કેન્દ્રોના કામો | ૨૨૮ |
| | વલસાડ જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૧૯૦ |
| | વલસાડ જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃદ્ધિ સહાય | ૪૯૧ |
| કુબેરભાઇ ડીંડોર | પંચમહાલ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૬૫ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઈમેન્ટ ચેઈન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૯૦ |
| | શિક્ષિત અને અર્ધશિક્ષિત બેરોજગારો અને રોજગાર વાંચ્છુઓને રોજગારી મળવા અંગે | ૫૬૭ |
| | ભાવનગર જિલ્લામાં ગણવેશ સહાય યોજના | ૨૪૨ |
| | મહીસાગર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૫૦૮ |
| | મોરવા(હ) તાલુકામાં રસ્તાને પાકો કરવા બાબત | ૨૦૫ |
| કરશનભાઇ સોલંકી | પાટણ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૨૦૦ |
| | ગાંધીનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના | ૨૩૮ |
| | પાટણ જિલ્લામાં વ્યાયામ શાળાઓને આર્થિક સહાય આપવાની યોજના | ૪૫૨ |

| | | |
|---|---|---|
| | મહેસાણા જિલ્લામાં મનરેગા યોજના | ૪૯૮ |
| | મહેસાણા જિલ્લામાં સંત સુરદાસ યોજના | ૨૬૭ |
| કુંવરજીભાઇ મો. બાવળિયા | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. | ૨૯ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. | ૩૪ |
| | જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. | ૩૯ |
| કેશુભાઇ નાકરાણી | ભાવનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૦૮ |
| | ભાવનગર જિલ્લામાં રમતગમતના સંકુલના બાંધકામનો થયેલ ખર્ચ | ૪૭૨ |
| | ભાવનગર જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના | ૨૪૫ |
| કેસરીસિંહ સોલંકી | ખેડા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૭૭ |
| | ખેડા જિલ્લામાં પ્રિ–મેટ્રીક શિષ્યવૃત્તિ યોજના | ૨૬૮ |
| | ખેડા જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૨૪૦ |
| | ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત | ૨૦૨ |
| | નડીયાદ બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ | ૫૧૭ |
| કાંતિભાઇ સોઢાપરમાર | આણંદ અને ખેડા જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો | ૨૫૧ |
| | આણંદ અને સુરત જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૫૧૬ |
| | ડીપ–સી ડીસ્ચાર્જ પાઇપલાઇનની કામગીરી | ૮૭ |
| | અમદાવાદ અને આણંદ જિલ્લામાં રાશનકાર્ડ વગરના કુટુંબોને રાશન પુરવઠો | ૪૭૫ |
| | આણંદ અને ખેડા જિલ્લામાં ઈ–મેમો ઈસ્યુ કરવા બાબત | ૧૨૪ |
| | આણંદ તથા ભાવનગર જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકો | ૫૩૪ |
| | અમદાવાદ અને ગાંધીનગર જિલ્લામાં ટેક્સી વાહનોમાં 'ગર્વમેન્ટ ઓફ ગુજરાત' લખવાની ફરિયાદ | ૩૭૬ |
| | ભાડભૂત વિયર પ્રોજેક્ટ માટે ખર્ચ | ૨૧૩ |
| | રાજ્યમાં 'ઓક્સીટોસીન' ઈન્જેક્શનોનો જથ્થો પકડવા બાબત | ૨૯૪ |
| | સરકારી હોસ્પિટલોમાં હીમોડાયાલીસીસ યુનિટો | ૨૯૪ |
| કાંતીભાઇ બલર | અમરેલી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના | ૨૬૯ |
| | સુરત શહેરમાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો | ૯૨ |
| | તાપી જિલ્લામાં સેવા સહકારી મંડળીઓને ધિરાણ અને વસૂલાત વૃધ્ધિ સહાય | ૪૧૯ |
| | અમરેલી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૨૦૫ |
| | દેવભૂમિ દ્વારકા જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૪૨ |
| કાન્તિભાઇ પરમાર | ખેડા અને આણંદ જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો | ૨૦૧ |
| | ખેડા અને મહિસાગર જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૫૧૦ |
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ | ૪૬૭ |
| | અમદાવાદ શહેરમાં 'રેવ પાર્ટી' પર રેડ પાડવા બાબત | ૨૯૬ |
| | ખેડા અને ડાંગ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો | ૯૯ |
| | ખેડા અને બોટાદ જિલ્લામાં ઈ–મેમો ઈસ્યુ કરવા બાબત | ૧૩૦ |

| | | |
|---|---|---|
| | ખેડા અને મહીસાગર જિલ્લામાં ગેરકાયદેસર ખનન અન્વયે કાર્યવાહી | ૫૪ |
| | રાજ્યમાં ટ્રસ્ટ સંચાલિત નોન ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને ગ્રાન્ટેડ કરવાની માંગણી | ૩૪૯ |
| | રાજ્યમાં હાથીપગા રોગના દર્દીઓ | ૩૬૩ |
| કાન્તીભાઇ ખરાડી | દાંતા અને અમીરગઢ તાલુકામાં રેશનીંગની દુકાનોનું ચેકીંગ | ૫૦૦ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ | ૧૦૮ |
| | દાંતા અને અમીરગઢ તાલુકાના ગામોને દિવસે વીજળી આપવા બાબત | ૨૧૧ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં તોલમાપ તંત્ર દ્વારા પેટ્રોલ/ડીઝલ પંપોની ચકાસણી | ૪૫૪ |
| | દાંતા અને અમીરગઢ તાલુકામાં વીજજોડાણો | ૨૪૭ |
| | ગાંધીનગર શહેરમાં સરકારી કર્મચારી/અધિકારીઓને મળવાપાત્ર આવાસો | ૨૭૧ |
| | બનાસકાંઠા જિલ્લામાં ડેમ–તળાવમાં માછીમારી | ૫૨૬ |
| | બનાસકાંઠા જિલ્લામાં મલ્ટીસ્ટેટ કો.ઓ.બેંક સામે છેતરપિંડીની ફરિયાદ | ૬૭ |
| કાળાભાઇ ડાભી | કપડવંજ અને કઠલાલ તાલુકામાં નવા સરકારી મકાનો | ૨૫૫ |
| | ખેડા અને અમદાવાદ જિલ્લામાં લોકડાઉન ભંગના કેસો | ૭૭ |
| | ખેડા અને આણંદ જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ | ૧૧૬ |
| | ખેડા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં ફાયર સેફટીની સુવિધા | ૨૧૯ |
| | રાજ્ય સરકારે એસ.ટી.નિગમ પાસેથી લેવાની થતી રકમ | ૪૩૮ |
| | રાજ્ય સરકાર દ્વારા લોન લેવા બાબત | ૨૭૭ |
| કિર્તીસિંહ પ્ર. વાઘેલા | પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૧૯ |
| | જૂનાગઢ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૨૪૩ |
| | બનાસકાંઠા જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના | ૨૬૯ |
| | બનાસકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ | ૨૦૫ |
| | રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ | ૫૬ |
| | રાજ્યમાં એસીબી તંત્રને વધુ સુદ્રઢ બનાવવા વિશેષ સુવિધા પૂરી પાડવા બાબત | ૧૦૦ |
| કિરીટસિંહ રાણા | સુરેન્દ્રનગર જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૨૨૯ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના | ૧૯૦ |
| | સુરેન્દ્રનગર જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૪૬૫ |
| કિશોર ચૌહાણ | અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના માછીમારોને તાલીમ | ૪૪૨ |
| | અમદાવાદ જિલ્લામાં ઝૂંપડા વીજળીકરણ યોજના | ૨૦૩ |
| | અરવલ્લી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ | ૨૪૦ |
| | કોરોના સંક્રમણ અટકાવવા માટે વિધાનસભા સંકુલમાં પ્રવેશ નિયંત્રણ લાદવા | ૧૬૨ |
| કીટીટકુમાર પટેલ | પાટણ જિલ્લામાં લીઝ ધારકો દ્વારા ગેરકાયદે ખનન | ૯૦ |
| | કોરોના સંક્રમણ અટકાવવા માટે વિધાનસભા સંકુલમાં પ્રવેશ નિયંત્રણ લાદવા અંગે | ૧૬૩ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઇમેન્ટ ચેઇન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૯૧ |

| | | |
|---|---|---|
| | પશ્ચિમ રેલ્વે વડુ મથક અમદાવાદ ખાતે ખસેડવા કેન્દ્ર સરકાર સમક્ષ રજૂઆત | ૧૯૯ |
| | પાટણ અને અમદાવાદ જિલ્લાની નોન ગ્રાન્ટેડ પ્રાથમિક શાળાઓમાં લાયકાત વગરના શિક્ષકો | ૨૮૫ |
| | પાટણ અને અમદાવાદ જિલ્લામાં ખાનગી શાળા સંચાલકો દ્વારા ફી ઉઘરાવવા બાબત | ૨૮૭ |
| | પાટણ અને જામનગર જિલ્લામાં બિનવારસી આખલાઓનું ખસીકરણ | ૩૪૬ |
| | પાટણ અને બનાસકાંઠા જિલ્લામાં ડમ્પર પાર્સીંગમા ગેરરીતિ | ૫૦૬ |
| | પાટણ જિલ્લાના રોડ પર ગેરકાયદે બમ્પ મૂકવા બાબત | ૨૩૮ |
| | પાટણ જિલ્લામાં ઈન્દીરા ગાંધી રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના | ૨૬૬ |
| | પાટણ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ | ૧૨૬ |
| | પાટણ જિલ્લામાં મુખ્યમંત્રી કિસાન સહાય યોજના | ૪૬૨ |
| ગજેન્દ્રસિંહ પરમાર | અરવલ્લી જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઈન | ૧૯૮ |
| | અરવલ્લી જિલ્લામાં સામૂહિક આરોગ્ય કેન્દ્રોના કામો | ૨૩૬ |
| | રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ | ૪૧ |
| | સાબરકાંઠા જિલ્લામાં રમતગમતના સંકુલના બાંધકામનો થયેલ ખર્ચ | ૪૭૭ |
| | સાબરકાંઠા જિલ્લામાં લેફ્ટ આઉટ બેનિફિશરીઝ કુટુંબો માટે વ્યક્તિગત શૌચાલય | ૫૧૭ |
| ગેનીબેન ઠાકોર | કચ્છ અને બનાસકાંઠા જિલ્લામાં સરહદી વિસ્તાર વિકાસ કાર્યક્રમ માટેની સમિતિ | ૫૫ |
| | ગાંધીનગર શહેરમાં નિવૃત્ત સરકારી કર્મચારીઓ દ્વારા આવાસો પરત સોંપવા બાબત | ૨૬૨ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ | ૪૯૫ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં ગેરકાયદેસર ખનન અન્વયે કાર્યવાહી | ૯૯ |
| | બનાસકાંઠા અને કચ્છ જિલ્લામાં જર્જરિત જોખમી થાંભલા અને વીજ વાયરો બદલવા બાબત | ૨૨૯ |
| | બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો | ૧૩૧ |
| | બનાસકાંઠા અને મહેસાણા જિલ્લામાં ખેત ઉત્પાદન પ્રોસેસ માટે ફાળવેલ રકમ | ૫૨૪ |
| | બનાસકાંઠા જિલ્લામાં વન નેશન, વન રાશન યોજના | ૪૪૮ |
| | રાજ્યમાં રાંધણ ગેસના બાટલા ઉપર વેરો | ૧૯૧ |
| | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ | ૨૮ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઈમેન્ટ ચેઈન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૪૦૨ |
| ગ્યાસુદ્દીન શેખ | અમદાવાદ મહાનગરપાલિકામાં ટી.પી. સ્કીમ | ૧૩૪ |
| | કોવિડ-૧૯ મહામારી અન્વયે રાજ્ય સરકારને ગ્રાન્ટ | ૨૩૨ |
| | ટોસીલીઝુમેબ ઈન્જેક્શનનો જથ્થો ખરીદવા બાબત | ૧૯૪ |
| | રાજ્યમાં ગૌચર દબાણોની માપણી | ૩૦૪ |
| | રાજ્યમાં પશુઓમાં બ્રુસેલોસીસ રોગ | ૩૪૫ |
| | રાજ્યમાં મહિલા ઉદ્યોગ સાહસિકોને પ્લોટ ફાળવવા બાબત | ૬૪ |
| | રાજ્યમાં સરકારી અને ખાનગી હોસ્પિટલોમાં કોરોનાથી દર્દીના મૃત્યુ બાબત | ૩૫૩ |

| | | |
|---|---|---|
| | રો–રો ફેરી સર્વિસ માટે ડ્રેજીંગનો કરેલ ખર્ચ | ૧૦૪ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઇમેન્ટ ચેઇન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૯૫ |
| ગુલાબસિંહ પી. રાજપૂત | કોરોના સંક્રમણ અટકાવવા માટે વિધાનસભા સંકુલમાં પ્રવેશ નિયંત્રણ લાદવા અંગે | ૧૬૫ |
| | માહિતી અને પ્રસારણ વિભાગ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઇમેન્ટ ચેઇન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૯૩ |
| | થરાદ તાલુકામાં સરકારી હોસ્પિટલનું મંજૂર મહેકમ | ૨૧૯ |
| | થરાદ તાલુકાના ગામોને જ્યોતિગ્રામ યોજના અંતર્ગત વીજળી આપવા બાબત | ૨૭૮ |
| | થરાદ તાલુકામાં બીપીએલ યાદીમાં સમાવેશ કરવા મળેલ અરજીઓ | ૫૨૩ |
| | થરાદ તાલુકામાં સિંચાઇનું પાણી ઉપલબ્ધ કરાવવા બાબત | ૯૭ |
| | બનાસકાંઠા જિલ્લામાં ખેતીના પાકોને નુકસાન | ૪૯૨ |
| | બનાસકાંઠા જિલ્લામાં નવા રોડ બનાવવા બાબત | ૨૫૬ |
| | રાજ્યમાં જીરાની ટેકાના ભાવે ખરીદી | ૪૪૬ |
| ગીતાબા જાડેજા | જૂનાગઢ જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૧૮ |
| | જૂનાગઢ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજના | ૨૭૭ |
| | જામનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૫૫ |
| | રાજકોટ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૪૪ |
| | રાજકોટ જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ | ૭૬ |
| ગોવિંદભાઇ પરમાર | આણંદ જિલ્લામાં ૨૫% કેપીટલ ગોડાઉન સહાય | ૪૮૯ |
| | આણંદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૨૦૯ |
| | આણંદ જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત | ૨૪૬ |
| | આણંદ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજના | ૨૭૧ |
| | ખેડા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૪૦ |
| | નર્મદા જિલ્લામાં અનુસૂચિત જાતિના માછીમારોને તાલીમ | ૫૨૧ |
| ગોવિંદભાઇ પટેલ | જૂનાગઢ શહેરના પુરાતત્વ સ્થળોના વિકાસ માટે ફાળવેલ રકમ | ૪૫૧ |
| | જામનગર જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૩૩ |
| | જામનગર જિલ્લામાં ફીડરોનું વિભાજન | **૧૯૫** |
| | ચેઇન્જ વિભાગ, શિક્ષણ વિભાગ, કાયદા વિભાગ | ૩૯૪ |
| | જામનગર જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૨૬૫ |
| | સૌની યોજના દ્વારા રાજકોટ જિલ્લાના જળાશયો ભરવાનું આયોજન | ૬૩ |
| ચંદનજી ઠાકોર | ટુરિઝમ સપોર્ટ ડેવલપમેન્ટ હેઠળ કેન્દ્ર તરફથી મળેલ રકમ | ૪૬૬ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૫૩૦ |
| | પાટણ અને મહેસાણા જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો | ૯૮ |
| | પાટણ અને સિધ્ધપુર તાલુકાના તળાવોને પાઇપલાઇનથી ભરવા બાબત | ૫૧ |
| | બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં રાશનકાર્ડ વગરના કુટુંબોને રાશન પુરવઠો | ૫૦૮ |
| | રાજ્ય હસ્તકના ઊર્જા એકમોમાં વીજળીનું ઉત્પાદન | ૨૭૦ |
| | રાજ્યમાં જિલ્લાવાર આપઘાતના કેસો | ૩૬૫ |
| | વડગામ ખાતેના ઉમરેચા ડેમમાં નર્મદાનું પાણી | ૨૪૫ |
| | સિધ્ધપુર શહેરમાં રેલ્વે ઓવરબ્રિજની કામગીરી | ૨૦૭ |

| | | |
|---|---|---|
| ચંદ્રિકાબેન બારિયા | દાહોદ અને મહીસાગર જિલ્લામાં ભૂદાન સમિતિની રચના | ૩૦૪ |
| | કલ્પસર યોજનાની કામગીરી | ૨૦૧ |
| | દાહોદ અને વલસાડ જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ | ૩૭૩ |
| | ઉદ્યોગોને પ્રોત્સાહન માટે ટાટા મોટર્સ લી. સાથે કરારો | ૮૩ |
| | દાહોદ અને અમદાવાદ જિલ્લામાં ઇ–મેમો ઇસ્યુ કરવા બાબત | ૧૪૩ |
| | દાહોદ અને પંચમહાલ જિલ્લામાં મધ્યમ અને મોટા ડેમો | ૧૨૧ |
| | એમઆરઆઇ મશીનો | ૨૩૯ |
| | પંચમહાલ અને મહીસાગર જિલ્લામાં જર્જરિત/જોખમી થાંભલા અને વીજ વાયરો બદલવા બાબત | ૨૬૭ |
| | રાજ્યમાં બિનવારસી આખલાઓનું ખસીકરણ | ૩૪૬ |
| ચિરાગભાઇ કાલરીયા | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ | ૯૫ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો | ૧૮૦ |
| | રાજ્યમાં પ્રધાનમંત્રી કૃષિ સિંચાઇ યોજના | ૪૨૦ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ડમ્પરો પકડવા બાબત | ૪૭૯ |
| | જામનગર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો | ૨૨૫ |
| | જામનગર અને પોરબંદર જિલ્લાની બજાર સમિતિને આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૫૧૮ |
| જે. વી. કાકડિયા | અમરેલી જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ | ૧૯૨ |
| | આંબરડી સફારી પાર્ક ખાતે પ્રવાસી સુવિધાઓ | ૫૧૦ |
| | ગીર સોમનાથ જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૩૧ |
| | જામનગર જિલ્લામાં એમ.એસ.એમ.ઈ. એકમોની મંજૂર અરજીઓ | ૬૯ |
| | અમરેલી જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂં યોજના | ૨૬૩ |
| | જૂનાગઢ જિલ્લાના માછીમારોને જી.પી.એસ. સાધનોની ખરીદી પર સહાય | ૪૬૭ |
| જગદીશ ઇ. પટેલ | બિન સરકારી સભ્યોના કામકાજ માટેની સમિતિના પ્રમુખશ્રી/ સભ્યશ્રીનો પ્રસ્તાવ | ૩૭૬ |
| | આણંદ જિલ્લામાં કિસાન સૂર્યોદય યોજના હેઠળ નવા સબસ્ટેશન/વીજ લાઇન | ૨૦૦ |
| | અમદાવાદ જિલ્લામાં દિવ્યાંગ લગ્ન સહાય યોજના | ૨૩૮ |
| | આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના | ૨૬૭ |
| | વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, કલાયઇમેન્ટ ચેઇન્જ વિભાગ, | ૪૦૦ |
| | બિન સરકારી સભ્યોનાં કામકાજ માટેની સમિતિના તેરમા અહેવાલની રજૂઆત | ૩૭૬ |
| જગદીશ વિશ્વકર્મા | આણંદ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોત્તર સહાય યોજના | ૨૭૮ |
| | સાબરકાંઠા જિલ્લામાં સામાન્ય યોજના હેઠળ કૃષિ વિષયક વીજ જોડાણ | ૨૧૯ |
| | અમદાવાદ જિલ્લામાં અનુસૂચિત જાતિના માછીમારોને તાલીમ | ૪૬૩ |
| | અમદાવાદ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજના | ૨૫૫ |
| | અમદાવાદ જિલ્લામાં ઈન્સેટિવ ટુ ઈન્ડસ્ટ્રીઝ યોજના હેઠળ મળેલ અરજીઓ | ૮૮ |
| જેઠાભાઇ ભરવાડ | પંચમહાલ જિલ્લામાં પ્રધાનમંત્રી આવાસ યોજના | ૪૯૦ |

| | | |
|---|---|---|
| | પંચમહાલ જિલ્લામાં અન્ન અને નાગરિક પુરવઠાના ગોડાઉનમાંથી અનાજ સગેવગે કરવા બાબત | ૪૪૧ |
| જયદ્રથસિંહજી ચં. પરમાર | વન અને પર્યાવરણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૪૦ |
| | વન અને પર્યાવરણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૪૮ |
| જયેશભાઇ વિ. રાદડીયા | સહકાર વિભાગ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ અને અન્ન અને નાગરિક પુરવઠા વિભાગ | ૧૭૧ |
| | જીવન જરૂરિયાતની વસ્તુઓના ભાવોને અંકુશમાં લાવવા અંગે | ૫૫૯ |
| જશપાલસિંહ પઢિયાર | પાદરા શહેરમાં રાંધણ ગેસની પાઈપલાઈન નાખવા બાબત | ૧૦૬ |
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં આધુનિક બજારો સ્થાપવાની યોજના હેઠળ મંજૂર રકમ | ૫૨૬ |
| | વડોદરા અને છોટાઉદેપુર જિલ્લામાં વાહન અકસ્માતથી થયેલ મૃત્યુ | ૧૩૫ |
| | વડોદરા અને ડાંગ જિલ્લામાં જર્જરિત/જોખમી થાંભલા અને વીજ વાયરો બદલવા | ૨૭૩ |
| | વડોદરા અને તાપી જિલ્લામાં સરકારી હોસ્પિટલોમાં સીટી સ્કેન અને એમઆરઆઇ મશીનો | ૨૫૦ |
| | વડોદરા જિલ્લાના રસ્તાના ફોરલેનની કામગીરી | ૨૧૩ |
| | વડોદરા જિલ્લામાં પાકા રસ્તા વિહોણા ગામો અને પરાઓ | ૩૭૨ |
| | વડોદરા તથા દાહોદ જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકો | ૫૦૧ |
| | વડોદરા તથા સુરત જિલ્લામાં ડમ્પરો પકડવા બાબત | ૪૫૫ |
| | સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ટીકીટ, પાર્કિંગ અને અન્ય આવકની રકમ ગુમ થવા બાબત | ૩૬૬ |
| જશુભાઇ પટેલ | બિન બદલીપાત્ર સરકારી કર્મચારીઓને રાહત દરે પ્લોટ ફાળવવા બાબત | ૨૨૩ |
| | કોરોના સંક્રમણ અટકાવવા માટે વિધાનસભા સંકુલમાં પ્રવેશ નિયંત્રણ લાદવા અંગે | ૧૭૦ |
| | વન અને પર્યાવરણ વિભાગ, પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ | ૫૪૮ |
| | અરવલ્લી અને કચ્છ જિલ્લામાં કસ્ટોડીયલ ડેથના બનાવો | ૬૩ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં ગેરકાયદે ખનન અન્વયે કાર્યવાહી | ૧૩૪ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં જર્જરિત/જોખમી થાંભલા અને વીજ વાયરો બદલવા બાબત | ૨૮૧ |
| | અરવલ્લી અને સાબરકાંઠા જિલ્લામાં સીક ન્યૂબોર્ન કેર યુનિટમાં દાખલ બાળકો | ૨૫૮ |
| | અરવલ્લી તથા ગાંધીનગર જિલ્લામાં ગ્રામ વિકાસ એજન્સીની બેઠકો | ૪૮૩ |
| | સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં પ્રવાસન સ્થળોનો વિકાસ | ૪૩૦ |
| | હિંમતનગર તાલુકાના ઈલોલ ગામનું તળાવ ખાલી કરવા બાબત | ૧૦૪ |
| જિગ્નેશકુમાર મેવાણી | અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ માટે લોન | ૧૯૪ |
| | અમદાવાદ અને સુરત જિલ્લામાં આરોગ્ય કેન્દ્રમાં ડોકટરોની ખાલી જગ્યા | ૨૩૨ |
| | પેટ્રોલ–ડીઝલ પર વેરાની આવક | ૨૬૪ |
| જીગ્નેશકુમાર સેવક | આણંદ જિલ્લામાં રાષ્ટ્રીય કુટુંબ સહાય યોજના | ૨૩૮ |
| | ખેડા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૫૮ |
| | ખેડા જિલ્લામાં વીજ ગ્રાહકોને વીજ બિલમાં રાહત | ૨૦૦ |

| | | |
|---|---|---|
| | મહીસાગર જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૫૦૨ |
| જીતેન્દ્ર ર. સુખડિયા | રમત–ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | ૧૫૯ |
| | રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી/ડેડ રેન્ટ | ૬૯ |
| | વડોદરા મહાનગરપાલિકાને શિક્ષણ ઉપકર યોજના હેઠળ ગ્રાન્ટ | ૧૧૦ |
| જીતુભાઇ ચૌધરી | વલસાડ જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૨૮ |
| | તાપી જિલ્લામાં અનુસૂચિત જનજાતિના માછીમારો માટે સહાય | ૪૮૧ |
| | રાજ્યની જેલોના અધિકારી/કર્મચારીઓ માટે રહેણાકની સુવિધામાં વધારો કરવા બાબત | ૯૩ |
| | વલસાડ જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૨૧૩ |
| ઝંખના પટેલ | તાપી જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૧૯૭ |
| | પોરબંદર જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૩૬ |
| | બારડોલી બજાર સમિતિને કિસાન કલ્પવૃક્ષ યોજના હેઠળ મંજૂર રકમ | ૪૮૮ |
| | રેતી અને કંકર પેટે મળેલ રોયલ્ટી / ડેડ રેન્ટ | ૯૨ |
| | સુરત જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૩૯ |
| | સુરત જિલ્લામાં કુંવરબાઈનું મામેરૂ યોજના | ૨૬૬ |
| | કોરોના સંક્રમણ અટકાવવા માટે વિધાનસભા સંકુલમાં પ્રવેશ નિયંત્રણ લાદવા અંગે | ૧૬૯ |
| દેવાભાઇ પું. માલમ | કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ. | ૨૨ |
| | કેશોદ–માંગરોળ રસ્તાને રીસરફેસ કરવાનું આયોજન | ૨૧૮ |
| | જૂનાગઢ જિલ્લામાં ફીશીંગ બોટમાં ફાઇબર રોપ ખરીદીમાં સહાય | ૪૨૯ |
| | ગીર સોમનાથ જિલ્લામાં જર્જરિત વીજ વાયર અને વીજ થાંભલા બદલવા બાબત | ૨૫૪ |
| | જૂનાગઢ જિલ્લામાં કોલ્ડ સ્ટોરેજમાં સોલર પેનલ સ્થાપવા માટે મળેલ અરજીઓ | ૫૧૯ |
| | જૂનાગઢ જિલ્લામાં પ્રવાસનના વિકાસ માટે હાથ ધરેલા કામો | ૪૮૨ |
| | જૂનાગઢ જિલ્લામાં પોલીસ વિભાગ માટે બિન–રહેણાકના મકાનો | ૯૨ |
| | જૂનાગઢ જિલ્લામાં સત્યવાદી રાજા હરીશચંદ્ર મરણોતર સહાય યોજના | ૨૭૭ |
| દુષ્યંતભાઇ પટેલ | નર્મદા જિલ્લામાં અનાજના જથ્થાનું વિતરણ | ૪૩૨ |
| | ભરૂચ જિલ્લામાં ફીડરોનું વિભાજન | ૧૮૯ |
